ॐ

श्रीमद्‌भगवत्कुंदकुंदाचार्यदेवप्रणीत

# श्री प्रवचनसार : गाथा - १७२

## श्री अमृतचंद्र आचार्यदेव विरचित संस्कृत टीका

(ज्ञेयतत्त्व-प्रज्ञापन)

अथ किं तर्हि जीवस्य शरीरादिसर्वपरद्रव्यविभागसाधनमसाधारणं स्वलक्षणमित्यावेदयति -

**अरसमरूवमगंधं अव्वतं चेदणागुणमसद्दं।**
**जाण अलिंगग्गहणं जीवमणिद्दिट्ठसंठाणं।।१७२।।**
**अरसमरूपमगन्धमव्यक्तं चेतनागुणमशब्दम्।**
**जानीह्यलिङ्गग्रहणं जीवमनिर्दिष्टसंस्थाम्।।१७२।।**

आत्मनो हि रसरूपगन्धगुणाभावस्वभावत्वात्स्पर्शगुणव्यक्त्यभावस्वभावत्वात् शब्दपर्यायाभाव-स्वभावत्वात्तथा तन्मूलादलिङ्गग्राह्यत्वात्सर्वसंस्थानाभावस्वभावत्वाच्च पुद्‌गलद्रव्यविभागसाधनमरसत्वमरूपत्वमगन्धत्वम-व्यक्तत्वमशब्दत्वमलिङ्गग्राह्यत्वमसंस्थानत्वं चास्ति। सकलपुद्‌गलापुद्‌गलाजीवद्रव्यविभावगसाधनं तु चेतनागुणत्वमस्ति। तदेव च तस्य स्वजीवद्रव्यमात्राश्रितत्वेन स्वलक्षणतां बिभ्राणं शेषद्रव्यान्तरविभागं साधयति। अलिङ्ग्राह्य इति वक्तव्ये यदलिङ्गग्रहणमित्युक्तं तद्बहुतरार्थप्रतिपत्तये। तथाहि-न लिंगैरिन्द्रियैर्ग्राहकतामापन्नस्य ग्रहणं यस्येत्यतीन्द्रियज्ञानमयत्वस्य प्रतिपत्तिः। न लिंगैरिन्द्रियैर्ग्राह्यतामापन्नस्य ग्रहणं यस्येतीन्द्रियप्रत्यक्षाविषयत्वस्य। न लिंगादिन्द्रियगम्याद्धर्मादग्नेरिव ग्रहणं यस्येतीन्द्रियप्रत्यक्षपूर्वकानुमानाविषयत्वस्य। न लिंगादेव परैः ग्रहणं यस्येत्वनुमेयमात्रत्वाभावस्य। न लिंगादेव परेषां ग्रहणं यस्येत्यनुमातृमात्रत्वाभावस्य। न लिंगात्स्वभावेन ग्रहणं यस्येति प्रत्यक्षज्ञातृत्वस्य। न लिंगेनोपयोगाख्यलक्षणेन ग्रहणं ज्ञेयार्थालम्बनं यस्येति बहिरर्थालम्बनज्ञानाभावस्य। न लिंगस्योपयोगाख्यलक्षणस्य ग्रहणं स्वयमाहरणं यस्येत्यनाहार्यज्ञानत्वस्य। न लिंगस्योपयोगाख्यलक्षणस्य ग्रहणं परेण हरणं * यस्येत्याहार्यज्ञानत्वस्य। न लिंगे उपयोगाख्यलक्षणे ग्रहणं सूर्य इवोपरागो यस्येति शुद्धोपयोगस्वभास्य। न लिंगादुपयोगाख्यलक्षणाद्ग्रहणं पौद्‌गलिककर्मादानं यस्येति द्रव्यकर्मासंपृक्तत्वस्य। न लिंगेभ्य इन्द्रियेभ्यो ग्रहणं विषयाणामुपभोगो यस्येति विषयोपभोक्तृत्वाभावस्य। न लिंगात् मनो वेन्द्रियादिलक्षणाद्ग्रहणं जीवस्य धारणं यस्येति शुक्रार्तवानुविधायित्वाभावस्य। न लिंगस्य मेहनाकारस्य ग्रहणं यस्येति लौकिकसाधनमात्रत्वाभावस्य। न लिंगेनामेहनाकारेण ग्रहणं लोकव्याप्तिर्यस्येति कुहुकप्रसिद्धसाधनाकार-लोकव्याप्तित्वाभावस्य। न लिंगानां स्त्रीपुन्नपुंसकवेदानां ग्रहणं यस्येति स्त्रीपुन्नपुंसकद्रव्यभावाभावस्य। न लिंगानां धर्मध्वजानां ग्रहणं यस्येति बहिरङ्गयतिलिंगाभावस्य। न लिंगं गुणो ग्रहणमर्थावबोधो यस्येति गुणविशेषानालीढशुद्धद्रव्यत्वस्य। न लिंगं पर्यायो ग्रहणमर्थावबोधविशेषो यस्येति पर्यायविशेषानालीढशुद्धद्रव्यत्वस्य। न लिंगं प्रत्यभिज्ञानहेतुर्ग्रहणमर्थावबोध - सामान्यं यस्येति द्रव्यानालीढशुद्धपर्यायत्वस्य।। १७२ ।।

ગુજરાતી અનુવાદ :

હવે ત્યારે જીવનું, શરીરાદિ સર્વ પરદ્રવ્યોથી વિભાગના સાધનભૂત, અસાધારણ સ્વલક્ષણ શું છે તે કહે છે :

**છે ચેતનાગુણ, ગંધ-રૂપ-રસ–શબ્દ-વ્યક્તિ ન જીવને**
**વળી લિંગગ્રહણ નથી અને સંસ્થાન ભાખ્યું ન તેહને. ૧૭૨.**

**અન્વયાર્થ** :- **[जीवम्]** જીવને **[अरसम्]** અરસ, **[अरूपम्]** અરૂપ, **[अगन्धम्]** અગંધ, **[अव्यक्तं]** અવ્યક્ત, **[चेतनागुणम्]** ચેતનાગુણવાળો, **[अशब्दम्]** અશબ્દ, **[अलिंगग्रहणम्]** અલિંગગ્રહણ લિંગથી અગ્રાહ્ય અને **[अनिर्दिष्टसंस्थाम्]** જેને કોઈ સંસ્થાન કહ્યું નથી એવો **[जानीहि]** જાણ.

* અહીં **यस्येत्याहार्यज्ञानत्वस्य** ને બદલે **यस्येत्यहार्यज्ञानत्वस्य** પાઠ જોઈએ એમ લાગે છે.

ટીકા :-- આત્મા (૧) રસગુણના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી, (૨) રૂપગુણના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી, (૩) ગંધગુણના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી, (૪) સ્પર્શગુણરૂપ વ્યક્તતાના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી, (૫) શબ્દપર્યાયના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી, તથા (૬) તે બધાંને કારણે (અર્થાત્ રસ-રૂપ-ગંધ વગેરેના અભાવરૂપ સ્વભાવને કારણે) લિંગ વડે અગ્રાહ્ય હોવાથી અને (૭) સર્વ સંસ્થાનોના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી, આત્માને પુદ્‌ગલદ્રવ્યથી વિભાગના સાધનભૂત (૧) અરસપણું, (૨) અરૂપપણું, (૩) અગંધપણું, (૪) અવ્યક્તપણું, (૫) અશબ્દપણું, (૬) અલિંગગ્રાહ્યપણું અને (૭) અસંસ્થાનપણું છે. પુદ્‌ગલ તેમ જ અપુદ્‌ગલ એવાં સમસ્ત અજીવદ્રવ્યોથી વિભાગનું સાધન તો ચેતનાગુણમયપણું છે; અને તે જ, માત્ર સ્વજીવદ્રવ્યાશ્રિત હોવાથી સ્વલક્ષણપણું ધરતું થકું, આત્માનો શેષ અન્યદ્રવ્યોથી વિભાગ સાધે છે.

'અલિંગગ્રાહ્ય' એમ કહેવાનું છે ત્યાં જે 'અલિંગગ્રહણ' એમ કહ્યું છે તે ઘણા અર્થોની પ્રતિપત્તિ (પ્રાપ્તિ, પ્રતિપાદન) કરવા માટે છે. તે આ પ્રમાણે :

(૧) ગ્રાહક (જ્ઞાયક) એવા જેને લિંગો વડે એટલે કે ઇંદ્રિયો વડે ગ્રહણ (જાણવું) થતું નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા અતીન્દ્રિયજ્ઞાનમય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૨) ગ્રાહ્ય (જણાવા યોગ્ય) એવા જેનું, લિંગ વડે એટલે કે ઇન્દ્રિયો વડે ગ્રહણ (જાણવું) થતું નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા ઇંદ્રિયપ્રત્યક્ષનો વિષય નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૩) જેમ ધુમાડા દ્વારા અગ્નિનું ગ્રહણ થાય છે તેમ લિંગ દ્વારા એટલે કે ઇંદ્રિયગમ્ય દ્વારા (- ઇન્દ્રિયોથી જાણવાયોગ્ય ચિહ્ન દ્વારા) જેનું ગ્રહણ (જાણવું) થતું નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા ઇન્દ્રિયપ્રત્યક્ષપૂર્વક અનુમાનનો વિષય નથી એના અર્થની પ્રાપ્તિ થાય છે. (૪) બીજાઓ વડે માત્ર લિંગ દ્વારા જ જેનું ગ્રહણ થતું નથી તે અલિંગગ્રહણ છે; એવી રીતે આત્મા અનુમેયમાત્ર (કેવળ અનુમાનથી જ જણાવા યોગ્ય) નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૫) જેને લિંગથી જ પરનું ગ્રહણ થતું નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા અનુમાતામાત્ર (કેવળ અનુમાન

કરનારો જ) નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૬) લિંગ દ્વારા નહિ પણ સ્વભાવ વડે જેનું ગ્રહણ થાય છે તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૭) જેને લિંગ વડે એટલે કે ઉપયોગ નામના લક્ષણ વડે ગ્રહણ એટલે કે જ્ઞેય પદાર્થોનું આલંબન નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્માને બાહ્ય પદાર્થોના આલંબનવાળું જ્ઞાન નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૮) જે લિંગને એટલે કે ઉપયોગ નામના લક્ષણને ગ્રહણ કરતો નથી એટલે કે પોતે (ક્યાંય બહારથી) લાવતો નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા જે ક્યાંયથી લવાતું નથી એવા જ્ઞાનવાળો છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૯) લિંગનું એટલે કે ઉપયોગ નામના લક્ષણનું ગ્રહણ એટલે કે પરથી હરણ થઈ શકતું નથી (–બીજાથી લઈ જઈ શકાતું નથી) તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્માનું જ્ઞાન હરી જઈ શકાતું નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૧૦) જેને લિંગમાં એટલે કે ઉપયોગ નામના લક્ષણમાં ગ્રહણ એટલે કે સૂર્યની માફક ઉપરામ (મલિનતા, વિકાર) નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા શુદ્ધોપયોગસ્વભાવી છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૧૧) લિંગ દ્વારા એટલે કે ઉપયોગ નામના લક્ષણ દ્વારા ગ્રહણ એટલે કે પૌદ્‌ગલિક કર્મનું ગ્રહવું જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા દ્રવ્યકર્મથી અસંયુક્ત (અસંબદ્ધ) છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૧૨) જેને લિંગો દ્વારા એટલે કે ઇન્દ્રિયો દ્વારા ગ્રહણ એટલે કે વિષયોનો ઉપભોગ નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા વિષયોનો ઉપભોક્તા નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૧૩) લિંગ દ્વારા એટલે કે મન અથવા ઇન્દ્રિય વગેરે લક્ષણ દ્વારા ગ્રહણ એટલે જીવત્વને ધારણ કરી રાખવું જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા શુક્ર અને આર્તવને અનુવિધાયી (– અનુસરીને થનારો) નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૧૪) લિંગનું એટલે કે મેહનાકારનું (પુરુષાદિની ઇન્દ્રિયના આકારનું) ગ્રહણ જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા લૌકિકસાધનમાત્ર નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૧૫) લિંગ વડે એટલે કે અમેહનાકાર વડે જેનું ગ્રહણ એટલે કે લોકોમાં વ્યાપવાપણું નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા પાખંડીઓને પ્રસિદ્ધ સાધનરૂપ આકારવાળો –લોક વ્યાપ્તિવાળો નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૧૬) જેને લિંગોનું એટલે કે સ્ત્રી, પુરુષ અને નપુંસક વેદોનું ગ્રહણ નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા દ્રવ્યે તેમ જ ભાવે સ્ત્રી, પુરુષ અને નપુંસક નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૧૭) લિંગોનું એટલે કે ધર્મચિહ્નોનું ગ્રહણ જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્માને બહિરંગ (બાહ્ય) યતિલિંગોનો અભાવ છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૧૮) લિંગ એટલે કે ગુણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ (પદાર્થજ્ઞાન) તે જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા ગુણવિશેષથી નહિ આલિંગિત એવું શુદ્ધ દ્રવ્ય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૧૯) લિંગ એટલે કે પર્યાય એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધવિશેષ તે જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા પર્યાયવિશેષથી નહિ આલિંગિત એવું શુદ્ધ દ્રવ્ય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૨૦) લિંગ એટલે કે પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધસામાન્ય તે જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા દ્રવ્યથી નહિ આલિંગિત એવો શુદ્ધ પર્યાય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે. ૧૭૨.

**પ્રવચન : ૭-૧૨-૧૯૭૭**

'પ્રવચનસાર' ગાથા–૧૭૨ ઉપરનું મથાળું : **'હવે ત્યારે જીવનું, શરીરાદિ સર્વ પરદ્રવ્યોથી વિભાગના સાધનભૂત, અસાધારણ સ્વલક્ષણ શું છે ?'** કેવો છે આત્મા ? કે : શરીરાદિથી જુદી ચીજ છે. શરીર, વાણી, મન, રાગ, દ્વેષ, ઇન્દ્રિયો એ બધાં પરદ્રવ્ય છે; એનાથી વિભાગ એટલે ભેદ પાડવાનું, વિભાગ કરવાનું સાધનભૂત, અસાધારણ સ્વલક્ષણ શું ? એને જુદું જાણવાનું લક્ષણ શું ? પરથી જુદું જાણવાનું એનું (સ્વ) લક્ષણ શું ? – આ શિષ્યનો પ્રશ્ન છે. આ બહુ ઝીણી વાત છે. શિષ્યનો આ પ્રશ્ન છે કે : આ શરીર, વાણી, મન, પરથી આત્મા જુદો છે તો એને જાણવાનું અસાધારણ લક્ષણ કે જે એમાં જ હોય, બીજામાં ન હોય એવું લક્ષણ શું ? આહા...હા ! સમજાણું કાંઈ ? એ આત્માને જાણ્યા વિના જે કાંઈ કરવામાં આવે તે બધો સંસાર છે. આખો દી' પુણ્ય–પાપનાં પરિણામ તો કરે જ છે. રળવા, ખાવાપીવા, ધંધા એ તો પાપનાં જ (પરિણામ) છે, અને આ દયા, દાન, વ્રત, ભક્તિ, સાંભળવાનો જોગ આદિ આવ્યો હોય તો એ પરિણામ પુણ્ય છે, પણ એ બેય પરિણામથી જુદો (જાણવાનું) લક્ષણ શું ? કારણ એ બેય ચીજ (પુણ્ય અને પાપ) એનામાં નથી કે જેથી આત્મા જણાય, આત્મજ્ઞાન થાય અને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે, ત્યારે તેને ધર્મ થાય; (તો) એ શું ચીજ છે ? '**(તે કહે છે :-)**' આહા...હા ! આચાર્ય પોતે કહે છે કે, આ પ્રમાણે તું જાણ ! હું કહું છું એ રીતે આત્માને જાણ !

હવે, અહીંયાં આપણે 'અલિંગગ્રહણ' લેવું છે. હેઠે છે ને...! **'અલિંગગ્રાહ્ય' એમ કહેવાનું છે ત્યાં જે 'અલિંગગ્રહણ' એમ કહ્યું છે.'** 'અલિંગગ્રાહ્ય' એટલે કે આત્મા લિંગથી–ચિહ્નથી જણાય નહીં, એમ આમાં કહેવું છે. એ (આત્મા) લિંગ દ્વારા જણાય નહીં, લિંગ દ્વારા એ જાણે નહીં, એમ આમાં કહેવું છે. છતાં શબ્દ 'અલિંગગ્રહણ' કેમ વાપર્યો ? કે : '**તે ઘણા અર્થોની પ્રતિપત્તિ (પ્રાપ્તિ, પ્રતિપાદન) કરવા માટે છે.**' 'અલિંગગ્રહણ' શબ્દનો એક જ અર્થ છે એમ નથી. 'અલિંગગ્રહણ' માંથી ઘણા અર્થો ઉત્પન્ન થાય છે. (અહીંયાં) વીસ તો કહેશે. 'અલિંગ' કહેવું છે (એટલે કે) લિંગ દ્વારા, મન દ્વારા, ઇન્દ્રિયો આદિ દ્વારા જાણે નહીં અને જણાય નહીં, એમ કહેવું છે. છતાં 'અલિંગગ્રાહ્ય' શબ્દ ન કહેતાં 'અલિંગગ્રહણ' શબ્દ આપે કહ્યો, એનો હેતુ શો ? મૂળપાઠમાં કુંદકુંદાચાર્યનો શબ્દ '**अलिंगग्गहणं**' છે. (ટીકાકાર) અમૃતચંદ્ર આચાર્યે એમ કહ્યું કે, 'તે ઘણા અર્થોની પ્રતિપત્તિ' (માટે છે). એ 'અલિંગગ્રહણ'માં ઘણા અર્થોનું કહેવું છે. એમાં ઘણા અર્થોની પ્રાપ્તિ છે. એમાંથી ઘણા અર્થોનો ભાવ નીકળે છે. એક 'અલિંગ ગ્રહણ' ઘણા અર્થોની પ્રાપ્તિ, પ્રતિપાદન કરવા માટે છે. '**તે આ પ્રમાણે :-**' એ તો એનો ઉપોદ્‌ઘાત કર્યો. હવે, એનો અર્થ. પહેલો બોલ :

**'ગ્રાહક (જ્ઞાયક) એવા જેને લિંગો વડે એટલે કે ઇન્દ્રિયો વડે ગ્રહણ (જાણવું) થતું નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા અતીન્દ્રિયજ્ઞાનમય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.' ૧.**

**'ગ્રાહક એટલે જ્ઞાયક.'** આ 'અલિંગગ્રહણ'નો વિષય, બહુ ઝીણી વાત છે. 'જ્ઞેયતત્ત્વ–પ્રજ્ઞાપન' છે ને...! જ્ઞેય એટલે આત્મા જ્ઞેય છે, એ કઈ રીતે જાણે અને કઈ રીતે જણાય ? એમ કહેવામાં

અહીં 'અલિંગગ્રહણ' શબ્દ વાપર્યો. એ (આત્મા) જ્ઞેય વસ્તુ છે તે કઈ રીતે જણાય અને કઈ રીતે જાણે ? એવું જે આ જ્ઞેય – 'ભગવાનઆત્મા' એને 'અલિંગગ્રહણ' કહેવું છે (છતાં) 'અલિગગ્રહણ'માંથી ઘણા અર્થો, એક જ અર્થ નહીં (પણ) ઘણા અર્થો, ઉત્પન્ન થાય છે માટે આપે અહીંયાં 'અલિંગગ્રહણ' શબ્દ કહ્યો. લિંગ દ્વારા જણાય નહીં, જાણે નહીં એમ કહેવું છે. છતાં કુંદકુંદ આચાર્ય ભગવાન એમણે જે '**अलिंगग्गहणं**' શબ્દ વાપર્યો તો અમૃતચંદ્ર આચાર્ય કહે છે કે : (એને) ઘણા અર્થોમાં કહેવું છે માટે 'અલિંગગ્રહણ' શબ્દ વાપર્યો છે.

આ તો જો ધ્યાન રાખે તો સમજાય એવું છે... હોં ! નહીં તો એમ ને એમ એક શબ્દ પણ વહ્યો જાય તો વાત પકડાશે નહીં. આ તો તદ્દન અપૂર્વ, અતીન્દ્રિયગ્રાહ્ય અને અતિન્દ્રિયથી જાણનારો એની, અહીં વ્યાખ્યા કરવી છે. આહા...હા ! મુદ્દાની રકમની વાત છે ! આત્મા કેમ જણાય અને આત્મા કેમ જાણે ? – એ વાત, એણે અનંતકાળથી જાણી જ નથી જગતનાં બધાં ડહાપણ કર્યાં પણ અંદર વસ્તુ આ આત્મા ભગવાન સર્વજ્ઞ જિનેન્દ્રદેવે (જોયો છે તેવો ઓળખ્યો નથી.)

(આ) જ્ઞેય અધિકાર છે ને...! જ્ઞેય અધિકાર છે એ દર્શન–સમકિતનો અધિકાર છે. પહેલો જ્ઞાન અધિકાર એ જાણવાનો – જ્ઞાનનો અધિકાર, અને પછી ચરણાનુયોગનો અધિકાર એ ચારિત્ર–ચરણાનુયોગની ક્રિયાનો અધિકાર, અને આ જ્ઞેય અધિકાર એ સમ્યગ્દર્શનનો અધિકાર છે. તો સમ્યગ્દર્શનમાં આત્મા કેમ જણાય અને સમ્યગ્દૃષ્ટિ આત્મા કેમ જાણે ? આવી ઝીણી વાતો છે ! સમજાણું કાંઈ ?

ગ્રાહક (એટલે) જ્ઞાયક, એ જાણનાર ભગવાન, જાણનાર...જાણનાર...જાણનાર એવો જેનો ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ–એ આત્મા, '**એવા જેને**'; જ્ઞાયક જાણનાર...જાણનાર...જાણનાર જ્ઞાયક, એવા જેને; ભગવાન જ્ઞાયકસ્વરૂપ જેને; '**લિંગો વડે એટલે કે ઇન્દ્રિયો વડે જાણવું થતું નથી.**' આહા...હા ! એ જ્ઞાયક એવો ભગવાનઆત્મા, એને ઇન્દ્રિયો વડે, એ ઇન્દ્રિયો વડે જાણવું કરતો નથી, જાણવું થતું નથી. આવી વાતો છે !

બહારની દયા પાળો ને વ્રત કરો... એમાં બીચારાં ગૂંચાઈ ગયા ને મરી ગયા ! (એ બધી) રાગની ક્રિયા (આસ્રવતત્ત્વ) છે. આ (આત્મા) શું તત્ત્વ છે અને એ તત્ત્વ જેને જાણવું કઈ રીતે થાય છે ? 'જેનું જાણવું કઈ રીતે થાય ?' – એ બીજા બોલમાં આવશે. સમજાણું કાંઈ ? આ તો ભગવાનના કાયદા છે, ઝીણા છે. બાપુ ! એ અતીન્દ્રિયજ્ઞાનનો પુંજ પ્રભુ, એને જાણવાનું કાર્ય કેમ થાય; અને એ અતીન્દ્રિયજ્ઞાનમય પ્રભુ જ્ઞાયક, જેનું જ્ઞાન કેમ થાય ? – એ અનંતકાળમાં એણે કોઈ દી' અંતરથી નિર્ણય કર્યો નથી. (અને) એ વિના બધાં વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા કરી કરીને રખડી મર્યો છે !

'પ્રવચનસાર' ગાથા–૭૭માં કહ્યું ને...! કે : પુણ્યના ભાવ અને પાપના ભાવ – બેમાં જે કોઈ તફાવત માને તે ઘોર સંસારમાં રખડવાનાં છે. દયા, દાન, વ્રત, ભક્તિ, તપનાં પરિણામ એ પુણ્ય, એ ઠીક છે; અને હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગવાસના એ પાપ, એ અઠીક છે; એમ કોઈ માને તો તે ઘોર સંસારમાં રખડવાનાં છે, નિગોદ ને નરકમાં એ જવાનાં છે. સમજાણું

કાંઈ ?

(વળી) એ જ (ઉક્ત) ગાથાનો સાર 'પરમાત્મપ્રકાશ' બીજા (અધિ.)ની ગાથા–૫૫માં છે. એ જ વાત છે. જુઓ ! '**जो णवि मण्णइ जीउ समु पुण्णु वि पाउ वि दोई। सो चिरु दुक्खु सहंतु जिय मोहिँ हिंडइ लोई।।**' – શું કહે છે ? કે : 'જે જીવ પુણ્ય અને પાપ એ બંનેને સમાન (– બેય સરખા છે એમ –) માનતો નથી' (–અર્થાત્) ચાહે કોઈ દયા, દાન, વ્રત, તપ, ભક્તિના ભાવ કરે, ચાહે તો હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગના ભાવ કરે, પણ બેય ભાવ એકસરખા બંધનાં કારણ અને રખડવાનાં કારણ છે, (એમ) સમાન માનતો નથી – 'તે જીવ મોહથી મોહિત થયો થકો' – (એટલે કે) મિથ્યાદૃષ્ટિ મિથ્યાત્વથી મૂંઝાઈ ગયો છે, એ ભ્રમણામાં પેસી ગયો (છે.) આ શુભભાવ દયા, દાન, વ્રત, તપ એ ઠીક છે; અને હિંસા, જૂઠું (આદિ) એ અઠીક છે; (એમ માનનાર) ભ્રમણામાં ને ભ્રમણામાં ભૂલી (ખૂંચી) ગયો (છે, તે જીવ) – 'ઘણા કાળ સુધી દુઃખને સહતો થકો' – પુણ્ય અને પાપ બેય એકસરખા બંધનનાં કારણ છે, દુઃખરૂપ છે એમ ન માનતાં, બેમાં ફેર માને (તો) એ ચાર ગતિનાં દુઃખો સહન કરીને પરિભ્રમણ કરશે; એને ધર્મ થાય નહીં એટલે એની મુક્તિ થાય નહીં. દુઃખને સહતો થકો – 'સંસારમાં ભટકે છે.' સંસારમાં 'દુઃખને સહતો થકો' એનો અર્થ : એ પુણ્યભાવથી, ઘણા પુણ્ય હોય (તો), સ્વર્ગમાં જાય પણ ત્યાંય દુઃખ છે. 'દુઃખને સહતો થકો' એમ કહ્યું ને ? એકલા પાપના પરિણામથી નરક ને તિર્યંચમાં જાય, તો 'દુઃખને સહતો થકો' એમ કહ્યું નથી. અહીં તો (કહ્યું :) પુણ્ય ને પાપના ફળરૂપે ચાર ગતિમાં – પાપને કારણે નરક ને પશુ આદિ (ગતિ) મળે; પુણ્યને કારણે કોઈ ઊંચું મનુષ્યપણું અને દેવાદિ થાય; પણ એ બધાં દુઃખને સહન કરનારા છે, ભટકે છે. આહા...હા ! આવી વાતું !! આપણે એ જ ('પ્રવચનસાર') ગાથા–૭૭માં આવ્યું છે : '**ण हि मण्णदि जो एवं णत्थि विसेसो त्ति पुण्णपावाणं। हिंडदि घोरमपारं संसारं मोहसंछण्णो।।**' – બંને ગાથાઓનો એક જ સાર છે.

(છતાં) શુભજોગ અને અશુભજોગ (વિષે) અત્યારે એ જ તકરાર છે ને...! મોટા વાંધા. એક પંડિતજીએ કાઢ્યું છે કે : શુભયોગ છે એ મોક્ષનો માર્ગ છે. ત્યારે બીજા પંડિતજી કહે છે કે : શુભયોગને મોક્ષનું કારણ ન માને તો મિથ્યાદૃષ્ટિ છે ત્યારે કુંદકુંદ આચાર્યે શુભભાવને મોક્ષનું કારણ માન્યું નથી, હેય માન્યું છે તો એ મિથ્યાદૃષ્ટિ ? એ બેય પંડિતોમાં વાંધા ઊઠ્યા.

આહા...હા ! અહીં કહે છે : બેમાં જે તફાવત માને તે ઘોર સંસારમાં (ભટકે છે). ભાષા તો જુઓ ! બેય–પુણ્ય અને પાપનાં – ભાવ બંધનનાં કારણ એકરૂપે છે. પાપ (અને) પુણ્ય (વચ્ચે) ફેર એ તો વ્યવહારની અપેક્ષાએ છે. પરમાર્થ અપેક્ષાએ તો બેય બંધનનાં કારણ એકરૂપે છે. એમાં જે કોઈ ફેર માને (તે ઘોર સંસારમાં ભટકશે.) હવે, અત્યારે આ મોટી તકરાર પંડિતોમાં છે. પહેલાં (તકરાર) સોનગઢને નામે હતી, હવે માંહોમાંહે હાલે છે. અને સ્થાનકવાસી કે શ્વેતાંબર સાધુઓ બધા એ જ પ્રરૂપણા કરે છે ને... આ વ્રત કરો, ઉપવાસ કરો, આ કરો... આ કરો, એમાં તમને ધર્મ થાય ! (પરંતુ) એ બધી ક્રિયા તો રાગની ને પુણ્યની છે. સમજાણું કાંઈ ?

અહીં કહે છે : આવો જે ભગવાનઆત્મા, જે પુણ્ય–પાપ વિનાનો આત્મા; જેને લિંગો

વડે – ઇન્દ્રિયો વડે – જાણવું થતું નથી. ભગવાનઆત્મા જ્ઞાયકસ્વરૂપે બિરાજમાન; એને અતીન્દ્રિયજ્ઞાન દ્વારા જાણવું થાય. પણ એને ઇન્દ્રિયો દ્વારા જાણવું થાય તે આત્મા નહીં. નવતત્ત્વમાં આત્મતત્ત્વને (જેમ છે) એમ માનવો તેને સમ્યગ્દર્શન કહે છે. તો એ આત્મા કેવો છે ? કે : એ ઇન્દ્રિયો વડે જાણવાનું કામ કરતો નથી.

અહીંના વિરોધનું એક પત્રમાં (લખાણ) આવ્યું છે કે, સોનગઢવાળા અકાળમૃત્યુ માનતા નથી. પણ 'અકાળ'નો અર્થ શું ? જે સમયે જે દેહ છૂટવાનો કાળ છે ત્યારે દેહ છૂટશે; 'અકાળ' કહ્યું છે એ તો (કર્મ)પ્રકૃતિની સ્થિતિ પૂર્વે એ પ્રકારની બાંધી હતી અને તે પ્રકારે (પ્રકૃતિનાં રજકણો) તે ક્ષણે છૂટી જાય છે, એ અપેક્ષા ગણીને 'અકાળ' કહ્યું છે; પણ સમય તો તે જ છે. જે સમયે દેહ છૂટવાનો કાળ છે તે કાળે જ છૂટશે. (પણ) લોકો એવું નાખે (લખે)...બસ !

'પદ્મનંદિપંચવિંશતિકા'માં અનિત્ય અધિકારમાં નાખ્યું છે, એ તો કહ્યું નથી ? (જેમ) અન્યમતિમાં એક 'ગરુડપુરાણ' છે ને...! મરી જાય પછી એ વાંચે. (પંડિતને) વાંચવા બેસાડે છે. એમ આપણે આ 'ગરુડપુરાણ' જેવું 'પદ્મનંદિપંચવિંશતિકા'માં એક અનિત્ય પંચાશત્ અધિકાર છે, ત્યાં એવું જ જોર આપ્યું છે કે જે સમયે, જે પ્રકારે દેહ છૂટવાનો તે છૂટ્યે જ છૂટકો. એનો સમય આઘોપાછો નથી. હવે એ તો હજી બહાર વાત રહી ગઈ.

અહીંયાં તો કહે છે કે : 'જેને, એટલે જ્ઞાયક આત્માને લિંગો વડે એટલે ઇન્દ્રિયો વડે' – આ પાંચ ઇન્દ્રિયો છે : કાન, આંખ, નાક, જીભ અને સ્પર્શ, એ વડે – 'જાણવું થતું નથી.'

હવે, એ વાંધા છે લોકોને કે : 'ઇન્દ્રિય વડે જાણવું થતું નથી,' એમ માનનારા એકાંત(વાદી) છે. અરે ! અહીં કહે છે કે 'એકાંત જ છે' – ઇન્દ્રિય વડે જાણતો નથી અને ઇન્દ્રિય વડે જાણવાનું કામ કરે છે તે આત્મા નહીં. જે આ ઇન્દ્રિયો છે એ અનાત્મા–જડ છે, એ દ્વારા જે જાણવાનું કામ કરે છે એ જ્ઞાન જ અનાત્મા છે. આહા...હા ! બહુ ઝીણી વાતું, ભાઈ ! ઇન્દ્રિય દ્વારા શાસ્ત્ર સાંભળે અને એને જ્ઞાન થાય એ પણ ઇન્દ્રિયથી થયેલું જ્ઞાન, એને આત્માનું જાણવું કહેતા નથી. એ દ્વારા આત્મા જાણે છે એમ કહેતા નથી. ભારે ! ઊંડી ગઈ વાત બધી. આ સાંભળવાથી (જાણવું) થાય, ઇન્દ્રિયથી થાય; (તો) કહે છે (કે :) એ જાણવું, આત્માનું સ્વરૂપ જ નથી. આવી વાત છે ! શાસ્ત્ર કાને પડે અને એના ખ્યાલમાં આવે કે 'આમ કહે છે' એવી જે જ્ઞાનની પર્યાય, એ ઇન્દ્રિય દ્વારા જણાણું છે. એ ઇન્દ્રિય દ્વારા જાણવું એ આત્માનું કાર્ય જ નથી. કેમકે જ્ઞાયક અણઇન્દ્રિયસ્વરૂપ છે. તે અણઇન્દ્રિયથી જાણવાનું કાર્ય કરી શકે.

'જેને' એમ છે ને...! પહેલો બોલ. અણઇન્દ્રિયસ્વરૂપ પોતે ભગવાનઆત્મા છે. જ્ઞાયક ચૈતન્ય... ચૈતન્ય પ્રકાશનો પૂર જ્ઞાયકસ્વરૂપ છે. (એ) ભગવાન, ઇન્દ્રિયો દ્વારા જાણનારો છે જ નહીં. આહા..હા ! આવી વાત છે ! ભગવાન પરમાત્મા જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ એમ ફરમાવે છે કે : જેને ઇન્દ્રિયો દ્વારા જાણવું થાય તે આત્મા નહીં.

શાસ્ત્ર કાને સાંભળીને જ્ઞાન થાય એ (જ્ઞાન) થયું છે એની (આત્માની) પર્યાયના ઉપાદાનથી, એ શ્રવણથી થયું છે એમ નથી. છતાં ઇન્દ્રિય દ્વારા જે જાણવાનું કાર્ય થયું એ આત્માનું (સ્વાભાવિક) કાર્ય નથી. આવી વાત છે !

અરે ! વીતરાગ ત્રિલોકનાથ શું કહે છે એની ખબરું ય ન મળે અને એમ ને એમ વાડા બાંધીને હાંક્યે રાખે. આહા...હા ! જે જ્ઞાયક વસ્તુ છે, પ્રભુ જાણનારો છે; એ જાણનારો લિંગ વડે જાણવું કરે એ આત્મા નહીં. આવી વાતો છે !

આ તો થોડું... એમાં શક્તિની બહુ સરસ વ્યાખ્યા આવી ગઈ છે ને...! એ છાપવાના છે. ૩૨૦–ગાથા છાપવાના છે. બહુ સરસ છે. ભેગું આ હારેહારે આવી જાય (છાપવામાં) એટલે આ અલિંગગ્રહણ લીધું. પછી ૪૭ નય લેવાના છે.

આહા...હા ! ભાઈ ! ત્રણ લોકના નાથ, પરમેશ્વર, જિનેન્દ્રદેવ, એના જ્ઞાનમાં આવ્યું એવું એણે કહ્યું. એમાં આ કહ્યું કે : જે કોઈ જાણનારો છે ભગવાન અંદર, એ જાણનારો, અણઆત્મસ્વરૂપ એવી ઇન્દ્રિયો વડે જાણવાનું કાર્ય કરે તે આત્મા નહીં. આહા...હા ! લોકોને અભ્યાસ નથી (માટે) આ બધું આકરું પડે. તેથી એ શબ્દ વાપર્યો છે ને...! કે : 'ગ્રાહક' (એટલે) જાણનારો 'જ્ઞાયક'. ગ્રહનારો એટલે કે ગ્રાહક, ગ્રહનારો એટલે જાણનારો એટલે જ્ઞાયક. આહા...હા !

હમણાં ટાઢી મોસમ છે ને...! એમાં આવું બધું મળે છે, લખાય છે. ઝાઝા માણસો હોય ત્યારે અમુક ઝીણું પડે. પણ એને એકવાર આ જાણવું પડશે કે નહીં ? અરેરે...! આવું મનુષ્યપણું મળ્યું એમાં વીતરાગ શું કહે છે અને કોને આત્મા જાણે અને કઈ રીતે જાણે ? એની પણ જેને ખબરું ય નથી, એને ધર્મ નથી, એ ચાર ગતિમાં રખડવાનાં છે. એ મરીને ઢોર-પશુ થઈને ચાર ગતિમાં રખડશે. અહીં ભલે અબજોપતિ હો, કરોડો કરોડોના બંગલા હો પણ એ મરીને પશુ થાશે, ઢોર થાશે, બાપા ! આહા...હા ! કહે છે ને કે, પુણ્ય–પાપમાં ફેર નથી માટે ભલે પુણ્યથી કોઈ સ્વર્ગમાં જાય, અને પાપના–માયા–કપટ આદિના ભાવથી કોઈ તિર્યંચમાં જાય પણ બધે દુઃખ છે. ચારે ગતિ દુઃખ છે. એ શેઠિયાઓ દુઃખી. રાંકા દુઃખી. નારકી દુઃખી. તિર્યંચ દુઃખી. દેવ દુઃખી. આહા...હા ! એ બધા દુઃખની શ્રેણિમાં પડ્યા છે. કેમકે એ 'લિંગો વડે કરીને જાણવું આત્માનું કાર્ય છે' એમ માને છે, એ દૃષ્ટિ મિથ્યાત્વ છે, અને એ મિથ્યાત્વનું ફળ અનંતભવની ડાંગ માથે છે. સમજાણું કાંઈ ? આવી વાતો !

**જિજ્ઞાસા** : જ્ઞાનીને ઇન્દ્રિયજ્ઞાન હોય તે અનાત્મા છે ?

**સમાધાન** : ઇન્દ્રિયજ્ઞાન એટલું એ આત્માનું જ્ઞાન નથી. એ 'પરમાર્થવચનિકા'માં આવ્યું (કે :) પરસત્તાવગ્રાહી જ્ઞાન તે બંધનું કારણ છે. જ્ઞાનીને એટલું પરસત્તાવલંબી જ્ઞાન બંધનનું કારણ છે.

આમાં 'સમયસાર' ગાથા–૩૧ જુઓ : '**जे इन्दिये जिणित्ता**' – જેણે ઇન્દ્રિય જીતી છે એટલે કે જે આ દ્રવ્યઇન્દ્રિયથી જાણતો નથી, ભાવઇન્દ્રિયથી જાણતો નથી, તેમ ભગવાનની વાણી સાંભળે છે, ભગવાનને દેખે છે એ બધી ઇન્દ્રિયો છે. જેમ આ જડઇન્દ્રિયો છે, ભાવઇન્દ્રિય છે તેમ ભગવાનની વાણી અને ભગવાન તથા સ્ત્રી, કુટુંબ, પરિવાર એ બધાં ઇન્દ્રિયનાં વિષય (તે પણ) ઇન્દ્રિય છે, એમ કહે છે. આહા...હા ! '**जे इन्दिये जिणित्ता**' – જડઇન્દ્રિય એટલે આ કાન આદિ; ભાવેન્દ્રિય એટલે જે જ્ઞાનનો અંશ એક એક વિષયને જાણે તે ભાવઇન્દ્રિય; અને (ઇન્દ્રિયોનાં વિષયભૂત પદાર્થો એટલે કે) ભગવાન અને સ્ત્રી–કુટુંબ ને દેશ આદિ જણાય

એ (પણ) ઇન્દ્રિય છે – એને ઇન્દ્રિયો કીધી છે. એ ત્રણને જે જીતે, ત્રણનું લક્ષ છોડી દે. ભગવાનની વાણી સાંભળવાનું લક્ષ છોડી દે. ભગવાનના દર્શન કરવાનું લક્ષ છોડી દે. આહા...હા ! આવી વાતો છે, બાપુ ! એ ત્રણેનું લક્ષ છોડી અને જે એનાથી ભિન્ન ભગવાન જ્ઞાયક છે જે અહીં 'ગ્રાહક' કીધો ને ! 'ગ્રાહક' જાણનારો...જાણનારો જે ત્રિકાળી જ્ઞાતા–દૃષ્ટા છે, એને જે પકડે છે એ જ્ઞાનસ્વભાવ '**अधिकं**' – જડ અને ભાવ ઇન્દ્રિયો, ભગવાનની વાણી ને ભગવાન અને સ્ત્રી–કુટુંબ–દેશ, એ બધાથી ભિન્ન, એવો ભગવાનઆત્મા અધિક થઈને જુદો છે, એને જે અનુભવે એને ઇન્દ્રિયને જીતવું કહીને તેને સમકિતી–જિન કહે છે. કેમકે એનું સ્વરૂપ જિનસ્વરૂપ છે.

ઘણીવાર કહ્યું હતું ને...! '**घट घट अंतर जिन बसै, घट घट अंतर जैन** ! **मति-मदिराके पानसौं, मतवाला समुझै न।।**' 'ઘટ ઘટ અંતર જિન બસૈ' ...ભગવાનઆત્મા જિનસ્વરૂપી વીતરાગમૂર્તિ અંદર છે એને અહીં આત્મા કહીએ. આ (લોકો) તો દયા પાળે તે આત્મા, ને હાલેચાલે તે ત્રસ, ને સ્થિર રહે તે સ્થાવર (માને. પરંતુ) અહીં તો કહે છે કે 'ઘટ ઘટ અંતર જિન બસૈ' .... એ જિનને જેણે દ્રવ્યઇન્દ્રિય, ભાવઇન્દ્રિય અને એનો વિષય – એ (ત્રણેય)નું લક્ષ છોડી દઈ, અને એનાથી ભિન્ન ભગવાન જ્ઞાયકસ્વરૂપ છે, જિનસ્વરૂપ છે, તેમાં જે એકાગ્ર થાય છે તેણે ઇન્દ્રિયોને જીતી, તેને સમકિતી–જિન કહેવામાં આવે છે. આ આવી વાતું ! હવે કહો ભાઈ ! શું આ બધું એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રિઇન્દ્રિય, ચૌરેન્દ્રિય પંચેન્દ્રિય કરતાં કરતાં જિંદગી વહી ગઈ, શું તત્ત્વ છે ? એની ખબરું ય ન મળે !

એ અહીંયાં કહે છે : લિંગો (ઇન્દ્રિયો) જેને જીતવું છે, એ દ્વારા જાણે, એ જાણવું જ આત્માનું નથી, એમ કહે છે. શું કહ્યું એ ? જેનાથી ભિન્ન પડવું છે, જેને જીતવી છે, 'જેને જીતવી' એટલે જેના આશ્રયનું લક્ષ છોડવું છે તે વડે જાણવાનું કાર્ય કરે એ આત્મા નહીં. (આત્મા તો) જિનસ્વરૂપી ભગવાન (છે). આહા...હા ! સમજાય એટલું સમજવું, બાપુ ! આ તો કેવળજ્ઞાની ત્રિલોકનાથ તીર્થંકરના પેટની વાતું છે !

આહા...હા ! જાણનારો એવો જે ભગવાન, ઇન્દ્રિયો વડે જાણવાનું કામ કરતો જ નથી. (એ તો) વીતરાગનું જ્ઞાન, વીતરાગી વિજ્ઞાનનું વિજ્ઞાન છે ! અહીં તો શાસ્ત્રનું જ્ઞાન ઇન્દ્રિયથી સાંભળીને, વાંચીને થયું... (તો) કહે છે કે : એ જાણવું, એ આત્માનું નથી. આહા...હા ! ગજબ વાતું છે !! ઇન્દ્રિયો વડે જાણે તે આત્મા નહીં, જ્ઞાયક નહીં. કારણ કે જ્ઞાયકસ્વરૂપ તો પોતે છે અને એને જાણવાનું ઇન્દ્રિય દ્વારા થાય (તો) જ્ઞાયક રહ્યો ક્યાં ? અહીં તો 'જાણનારો' એમ કહ્યો ને...? એ જાણનારો 'નહીં જાણનારાને આશ્રયે' કામ લે ? (– એમ ન હોય). ઝીણી વાતો છે, બાપા !

અરે ! વીતરાગ ત્રિલોકનાથ શું કહે છે ? એની ખબરું ય ન મળે અને (માને કે) અમે ધર્મ કર્યો, સામાયિક કરી ને પોષા કર્યા ને પડિક્રમણ કર્યા ! – ધૂળમાંય નથી.

અહીં તો પરમાત્મા જિનેન્દ્રદેવ પરમાત્માની દિવ્યધ્વનિમાં ઇન્દ્રો અને ગણધરોની સમક્ષમાં આ અવાજ આવ્યો કે : તું જાણનારો પ્રભુ છો કે નહીં ? જાણવાના સ્વભાવવાળો છો કે નહીં ? તો જાણવાના સ્વભાવવાળો જાણનાર, 'જે એનામાં નથી.' એવા નહીં જાણનારા (અર્થાત્) 'આને

નહીં જાણનારા' એવા નહીં જાણનારા, એના વડે આત્મા જાણવાનું કામ કરે, એ આત્મા નહીં ! આહા...હા ! આવું કામ છે. !

લોકો એમ જ કહે છે : આ તો શાસ્ત્રમાં આવે છે ને...! 'મતિજ્ઞાન' ઇન્દ્રિય અને મનથી થાય. એમ નથી આવતું. 'તત્ત્વાર્થસૂત્ર'માં ? હવે અહીં તમે ના પાડો છો ! ત્યાં કહ્યું છે ને...! એ તો જ્ઞેય અહીં હતું એનાથી (મતિજ્ઞાન) થયું, એવી એક પરોક્ષ વાત એણે જણાવી છે, એનું જ્ઞાન કરાવ્યું છે. પણ વાસ્તવિક તત્ત્વ છે તે મન અને ઇન્દ્રિયથી જાણનારો નથી. આહા...હા ! હવે આ એને વિરોધ લાગે છે કે, 'તત્ત્વાર્થ સૂત્ર'માં મતિજ્ઞાનને મન અને ઇન્દ્રિય દ્વારા કહ્યું. શ્રુતજ્ઞાનને મન દ્વારા કહ્યું. (પણ) એ તો બાહ્યની વાત છે. (**શ્રોતા** :) નિમિત્ત છે ? (**ઉત્તર** :) નિમિત્ત છે ને...! એ ઇન્દ્રિય દ્વારા જાણે છે ને... એમ. પણ એ ત્યાં વ્યવહારની વાત કરી છે. આત્મા પોતે પોતાના અતીન્દ્રિય (સ્વભાવ)થી જાણે એ વાતને ત્યાં ગૌણ કરીને (ઉક્ત) વાત કરી છે. સમજાણું કાંઈ ? આ (લોકો) તો બીજા શાસ્ત્રની અપેક્ષાએ એમાં બધા તકરાર ઉઠાવે ! ભાઈ ! ત્યાં એમ કહે છે કે ઇન્દ્રિયથી મતિજ્ઞાન અને મનથી શ્રુતજ્ઞાન થાય. (અને) અહીંયાં કહે કે ઇન્દ્રિયથી જાણવું આત્માને થતું જ નથી. (ત્યાં) તો એનું જ્ઞાન જણાવતાં એક વ્યવહાર કહ્યો છે. આહા...હા ! આવું ઝીણું (કથન) ! વાણિયાને ધંધા આડે નવરાશ ન મળે... એક કલાક જાય (સાંભળવા, તો સાચી વાત જ સાંભળવા ન મળે).

બાપુ ! તું જાણનારો કઈ રીતે (અને) કેમ છો ? 'તું કેમ જણાય', એ પછી આવશે. (અહીં) તું જાણનારો કઈ રીતે જાણે છો ? કેમકે પહેલો શબ્દ જ ઉપાડ્યો છે કે : 'ગ્રાહક' (એટલે) જાણનારો, ગ્રહનારો એટલે જાણનારો.

'મોક્ષમાર્ગપ્રકાશક' સાતમા (અધ્યાય)માં આવ્યું છે ને...! એમકે વ્યવહારનય 'ગ્રાહક' કહ્યું છે ને...! 'ગ્રાહક'નો અર્થ જ ત્યાં 'જાણવું' છે. વ્યવહાર ગ્રહવા લાયક છે એટલે જાણવા લાયક છે, એમ એનો અર્થ ત્યાં કર્યો છે. જાણવા લાયક છે, એમ કીધું છે. વ્યવહારનય ગ્રહવા લાયક છે એમ કીધું છે ને...? શિષ્યનો પ્રશ્ન છે. એનો અર્થ, બાપુ ! ભાઈ ! શાંત થા, ગ્રહવાનો અર્થ એ જાણવા લાયક છે. વ્યહારનય આદરવા લાયક છે, એમ નથી.

હવે, શાસ્ત્રમાં પડેલા અર્થ અને શાસ્ત્રની શૈલીને જ હજુ જાણતા ન હોય, ક્યા નયનું, કઈ અપેક્ષાનું આ કથન છે ? અને માની બેસે કે જુઓ ! 'આમાં એમ કહ્યું છે', (પણ) એ લોકો (સોનગઢવાળા) એ માનતા નથી ! પણ આ તું ભગવાનને કહે ને...!

આ શું કહે છે ભગવાન ! 'જેને' એટલે જાણનારને, જે ચીજ જાણનારમાં નથી તે દ્વારા, (જાણવું થતું નથી). સમજાણું કાંઈ ?

આહા...હા ! આવી વાતું છે !! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથનો માર્ગ કોઈ અપૂર્વ, અલૌકિક છે.

'જેને લિંગો વડે એટલે કે ઇન્દ્રિયો વડે (ગ્રહણ) (જાણવું થતું નથી.)' ત્યાં ('તત્ત્વાર્થસૂત્ર'માં) કહે કે : ઇન્દ્રિયથી મતિજ્ઞાન થાય. એ તો પરનું જ્ઞાન (અર્થાત્) વ્યવહાર બતાવ્યો છે. સમજાણું કાંઈ ? 'મોક્ષમાર્ગપ્રકાશક'માં કહ્યું છે કે, જેમ જેમ શાસ્ત્રનું જ્ઞાન વધે તેમ તેમ જ્ઞાન વિશેષ

થાય છે. પણ એ પરસંબંધીની અપેક્ષાએ વાત છે. ત્યાં છે એમકે, સામાન્યથી વિશેષ બળવાન છે. એમ કહીને કહ્યું કે, જેમ જેમ શાસ્ત્રનું જ્ઞાન વિશેષ થાય તે જ્ઞાન બળવાન છે. એ વાત ત્યાં પરની અપેક્ષાની છે. સમ્યગ્દર્શનમાં એ જ્ઞાન બળવાન થાય ને જોરદાર થાય, એમ નથી. (**શ્રોતા :**) બધો ખુલાસો કરી દીધો છે. (**ઉત્તર :**) આ તો વિષય આવ્યો હોય ત્યારે આ અંદરમાં આવે છે ત્યારે એની મેળે કહીએ છીએ, આ કાંઈ ગોખી રાખ્યું છે ? (– એમ નથી.) વીતરાગની વાણીની શું શૈલી ! શું એની પૂર્વાપરવિરોધરહિત કથની ! ક્યાંય વિરોધ ન આવે એવી એની શૈલી છે. આહા...હા ! કહે છે કે : કાન વડે આ સાંભળવાનું થાય છે અને આંખ વડે ભગવાનનાં દર્શન થાય છે કે સાક્ષાત્ ત્રણલોકના નાથ સમવસરણમાં બિરાજતા હોય ત્યાં પણ અનંતવાર ગયો છે, એનાં દર્શન થાય એ બધું ઇન્દ્રિયનું જ્ઞાન છે, એ જ્ઞાયકનું જ્ઞાન નથી. આહા...હ ! જેને (એટલે) જ્ઞાયકને જ્ઞાયકનું જ્ઞાન નથી (તે મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે). આવી ગંભીર વાતું છે ! તેથી તો પહેલો (બોલ :) ગ્રાહક (અર્થાત્) જાણનારો, જાણનારો જ્ઞાયક એવો જે ભગવાનઆત્મા, એ લિંગ અર્થાત્ બીજી ચીજ જે છે તેના વડે તેને જાણવું થતું નથી. આહા...હા..હા...!

આ વીતરાગની વાત ઝીણી પડે પણ પ્રભુ ! માર્ગ તો આ છે. આહા...હા ! અંદર ભગવાનઆત્મા જાણનારના સ્વભાવથી ભરેલો પરિપૂર્ણ પ્રભુ છે. ભાઈ ! તને ખબર નથી. વર્તમાન જ્ઞાનની અલ્પજ્ઞદશામાં જે અવસ્થા વર્તે છે તેમાં તારી દૃષ્ટિ અને (તેમાં) તેં અનાદિથી રમતું માંડી (છે). પણ એ (એક) સમયની પર્યાય જે છે એની સમીપમાં આખું તત્ત્વ, દ્રવ્ય, ભગવાનઆત્મા પડ્યો છે (ત્યાં કદી દૃષ્ટિ દીધી નથી.) પર્યાય અને દ્રવ્ય બે ચીજ છે. અરે ! આ શું હશે આવી વાતો ? ભગવાન ! એકવાર સાંભળ, પ્રભુ ! તારી પ્રભુતા એટલી ને એવડી છે કે ઇન્દ્રિયથી જાણવું તું કર નહીં, એવી તારી પ્રભુતા છે. આહા...હા ! સમજાણું કાંઈ ?

ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર જિનેન્દ્રદેવનો સમવસરણમાં ઇન્દ્રોની સમક્ષમાં આ ધ્વનિ છે. અરેરે ! એને કાને ન પડે. અને પડે તો ઇન્દ્રિયથી જ્ઞાન થાય તે જ્ઞાન આત્માનું નહીં એટલે તેને આત્માનું જ્ઞાન કહીએ નહીં. આહા...હા ! આવી વાતું !! હવે ક્યાંય મોં–માથું હાથ ન આવે એવું લાગે એને. ભગવાન ! શું કહીએ ? તારી ચીજ અંદર એવી છે ! અંદર એ સહજાત્મસ્વરૂપ જ્ઞાનાનંદનો દરિયો છે ! એ અંદર જ્ઞાનનો સાગર છે ! એ જ્ઞાનના સાગરથી લબાલબ ભરેલો ભગવાન છે ! એને પરના કારણે જ્ઞાન થાય તેવું એનું સ્વરૂપ નથી. અરે ! આવી વાતું !! (**શ્રોતા :**) જડથી માપ ન થાય ? (**ઉત્તર :**) જડથી માપ નહીં, એમ નહીં; જ્ઞાન જ ન થાય. આ તો બહુ ઝીણી વાતો, બાપુ ! આ કાંઈ (સામાન્ય વાત નથી.) આ પાંચ જડઇન્દ્રિયો છે, આ તો માટી–ધૂળ છે; એ દ્વારા જાણનારને જ્ઞાન–જાણવું થાય ? (– ન જ થાય.)

આહા...હા ! જાણનારો જે અંદર ભગવાનઆત્મા, ચૈતન્યમૂર્તિ પ્રભુ, ચૈતન્યના સ્વભાવથી ભરચક ભરેલો ભગવાન (છે.) બધા આત્માઓ એવા ભગવાન છે. 'ભગ' અર્થાત્ જ્ઞાનલક્ષ્મી+'વાન'. જેનું જ્ઞાનલક્ષ્મી સ્વરૂપ છે, એને ભગવાનઆત્મા કહેવામાં આવે છે. આહા..હા ! 'ભગ' એટલે જ્ઞાન અને આનંદની લક્ષ્મી+'વાન' અર્થાત્ જેનું સ્વરૂપ અર્થાત્ રૂપ છે, એવો જે અંદર ભગવાનઆત્મા જેને અહીંયાં જ્ઞાયક તરીકે કહ્યો. જેને ગ્રાહક એટલે પરને જાણનારો કહ્યો (પાછળ નિમિત્તથી

જાણે એમ કીધું છે તે પૂરતું જાણવું જ હોય) પરને જાણવું, લિંગો–ઇન્દ્રિયો વડે થાય, એ આત્માનું જાણવું નથી. એને આત્મા કહીએ નહીં. આહા...હા ! જેનામાં જ્ઞાન ભરેલું છે, એ જ્ઞાન દ્વારા (એટલે કે) અતીન્દ્રિયજ્ઞાન દ્વારા જાણે, એ અતીન્દ્રિયજ્ઞાનમય ભગવાનઆત્મા (છે).

પ્રભુ ! આ તો આકરી વાતું, ભાઈ ! એના નિજઘરની વાતો, નાથ ! બહુ આકરી છે, ભાઈ ! શૈલી સરળ છે પણ એ એણે જાણ્યું નથી ને...! અભ્યાસ નથી ને...! '**हम तो कबहुं न निज घर आये... पर घर फिरत बहुत दिन बीते, नाम अनेक धराये।**' – આ પંચેન્દ્રિય, એકેન્દ્રિય ને બે ઇન્દ્રિય ને ત્રણઇન્દ્રિય ને મૂર્ખ ને પંડિત ને દેવ ને માણસ ને – ભગવાન જ્ઞાયકસ્વરૂપ હોવા છતાં - એવાં નામ ધરાવ્યાં, એ કલંક છે. એ પરઘરનાં નામ એણે એના (પોતાના) ઘરમાં ચલાવ્યા.

ભગવાન ! અહીંયાં તો કહે છે કે : જ્ઞાયક એટલે કે ભગવાનઆત્મા. આ આત્મા...હોં ! બીજા ભગવાન થઈ ગયા તે તો થઈ ગયા, પરમેશ્વર થઈ ગયા, તે તો પર્યાયમાં પરમેશ્વર થઈ ગયા. આ તો વસ્તુ તરીકે ભગવાન છે. શક્તિ તરીકે ભગવાન–ગ્રાહક–જ્ઞાયક છે. એનો અનલાર્જ (વિકાસ) થાય ત્યારે પર્યાયમાં કેવળજ્ઞાન અને અરિહંત થાય છે.

આહા...હા ! ભારે વાતું, ભાઈ ! ભારે એટલે અતિશય; વાસ્તવિક વાત છે, બાપુ ! ભગવાન ! તું કેવડો–કેવડો છો કે જ્ઞાનના સ્વભાવથી ભરેલો જ્ઞાયક (છો.) એ ઇન્દ્રિયો જે છે તે વડે કામ લે એ આત્મા નહીં. આવી વાત છે, પ્રભુ !

(આચાર્યોએ) ગજબ કામ કર્યું છે. ગર્જના કરીને સંતોએ જગતને જગાડ્યા છે. જાગ રે જાગ, નાથ ! હવે તને સૂવું ન પાલવે, પ્રભુ ! એ 'ઇન્દ્રિયોથી જાણવું' એ તું સૂઈ ગયો છે, તું જાગ્યો નથી.

કહ્યું હતું ને...! બાળકને ઘોડિયામાં સૂવાડે છે ને...! તો એની મા ગાણાં ગાય : 'મારો દીકરો ડાહ્યો ને પાટલે બેસીને નાહ્યો' ...એના વખાણ કરે તો તે સૂઈ જાય, તેને અવ્યક્તપણે (ગમે તેથી) તે સૂઈ જાય. પણ – ગાળો દેશે તો તે સૂવે નહીં. કોઈ દી' જોઈ લેજો : 'મારા રોયા સૂઈ જા' (એમ ચિડાય તો) નહીં સૂવે. તેને સૂવાડવા માટે પણ એના ગાણાં ગાય, અહીં ત્રણલોકના નાથ પરમાત્મા–સંતો જગાડવા માટે ગાણાં ગાય છે : 'અરે ! જાગ રે જાગ, નાથ !' તું ઇન્દ્રિયો દ્વારા કામ કરે ત્યાં સૂઈ ગયો છે. તારી જ્ઞાનજ્યોતિને જગાડ. તું અતીન્દ્રિયજ્ઞાનથી કામ લે. આહા...હા ! આવી ભારે વાતું, ભાઈ ! સાધારણ (લોકો)ને પાગલ જેવું લાગે એવું છે...હોં ! બધી જગતની ખબર છે ને ! એકેક શ્લોકે (ગજબ) કામ કરી નાખ્યાં છે !

જેને એટલે ભગવાનઆત્માને – જાણનારો પ્રભુ, જ્ઞાયક ચૈતન્યસૂર્ય, અંદર ચૈતન્ય જિનચંદ્ર પ્રભુ છે એવો જે જ્ઞાયકભાવ ભગવાનઆત્મા જેને – લિંગો વડે એટલે (ઇન્દ્રિયો વડે જાણવું થતું નથી.)

બાપુ ! આ તો અધ્યાત્મની વાત છે, નાથ ! આ કાંઈ કથા નથી, વાર્તા નથી. આહા...હા ! પ્રભુ ! તું કેવડો ને કેવડો ને કેમ કરનારો છો ? તું કંઈ રીતે કામ લેનારો છે ? એવા પ્રભુની (આ) વાત છે. એ અતીન્દ્રિયજ્ઞાનથી કામ લેનારો છે. આહા...હા ! સમજાણું કાંઈ ? અરે ! પ્રભુ

ક્યારે મળે, બાપા ? આવા મનુષ્યપણામાં પણ એની (મૂળ) ચીજ શું છે ? ભગવાન ત્રિલોકનાથ શું કહે છે ? – એ એને સાંભળવા ન મળે (તો) સમજે કે'દી ? અરે...રે ! એના પરિભ્રમણ–ચોર્યાશીના ભવભ્રમણ કે'દી ટળે, ભાઈ ?

આહા...હા ! ગજબ કામ કરે છે ને...! ઇન્દ્રિયો નિમિત્ત છે ને...? નિમિત્ત વડે જાણવાનું કામ કરે તે આત્મા નહીં. જ્ઞાયકસ્વભાવથી ભરેલો ભગવાન, એ અતીન્દ્રિયજ્ઞાનથી જાણવાનું કામ કરે તે આત્મા છે.

હવે, આ ક્યારે વાત બેસાડવી ને ક્યારે કરવી, ભાઈ ? આહા...હા ! તારી મહિમા અને મોટપની પ્રભુ ! તને ખબર નથી. તું મહંત પ્રભુ, પ્રભુની શક્તિથી ભરેલો તું ભગવાન છો, ભાઈ ! સર્વજ્ઞસ્વભાવી છો. સર્વદર્શીસ્વભાવી છો. સ્વચ્છશક્તિનો ભંડાર છો. સ્વસંવેદન પ્રકાશમાં આવી શકે એવો તું છો.

આ તો હજી આત્મા શું છે જેને લિંગ (એટલે) ઇન્દ્રિયો વડે (જાણવું થતું નથી) ? આ તો હજી શરૂઆત છે ને...! એટલે હજી પહેલો બોલ શરૂ થાય છે. ઓલું શક્તિનું વર્ણન આદિ (ખાસ પ્રવચનનું પુસ્તક) છપાય છે ને...(તેમાં) ભેગાભેગું આ આવી જાય. આ તો ત્રણલોકના નાથ તીર્થંકરદેવના કહેણ અંદર આવ્યાં છે. એ કહેણને સ્વીકાર, પ્રભુ ! તું સ્વીકાર. પ્રભુના કહેણ એમ છે કે 'લિંગ વડે જાણે તે આત્મા નહીં' કેમકે એ જ્ઞાયકથી ભરેલો ભગવાન પોતાના અતીન્દ્રિયજ્ઞાનથી જાણવાનું કામ કરે એને આત્મા કહીએ.

સમ્યગ્દૃષ્ટિ ચોથે ગુણસ્થાને, હજી ચોથે ગુણસ્થાને (– પાંચમું અને છઠ્ઠું એ તો બાપુ ! કોઈ અલૌકિક વાતું છે ! વાડામાં નામ ધરાવે, ગમે તે નામ ધરાવે.) – સમ્યગ્દૃષ્ટિજીવને અતીન્દ્રિયજ્ઞાનથી જાણવું થાય છે. સમજાણું કાંઈ ? કેમકે ભગવાન અણઇન્દ્રિયજ્ઞાનથી ભરચક–લબાલબ ભરેલો છે, એ જ્યારે પર્યાયમાં અણઇન્દ્રિયજ્ઞાન દ્વારા જાણવાનું કામ કરે છે, '**તે અલિંગગ્રહણ છે,**' માટે એને અલિંગગ્રહણ કહેવામાં (આવે છે) '**આ રીતે આત્મા અતીન્દ્રિયજ્ઞાનમય છે.**'

'અલિંગગ્રહણ'નો આ એક અર્થ નીકળ્યો. એવા વીશ અર્થ છે. 'અ લિં ગ ગ્ર હ ણ' – છ અક્ષર છે, એના અર્થ વીસ છે. એમાં આજ હજી એક અર્થ આવ્યો. આહા...હા ! આ તો બોણી પહેલી થાય છે ને...! એ (આત્મા) અતીન્દ્રિયજ્ઞાનમય છે. (જેને) ઇન્દ્રિયથી જાણવું થતું નથી, એમ કહેવાનો અર્થ : 'એ અતીન્દ્રિયજ્ઞાનમય છે,' 'તે અતીન્દ્રિયજ્ઞાનથી જાણે છે.' એ પહેલો બોલ છે......

બીજો કહેશે.

❀ ❀ ❀

**પ્રવચન : ૮-૧૨-૧૯૭૭**

'પ્રવચનસાર' ૧૭૨ ગાથા. 'અલિંગગ્રહણ' પહેલો બોલ ચાલ્યો. ફરી થોડોક લઈએ. ઝીણી વાત છે, ભાઈ ! આ તો અલૌકિક, અપૂર્વ–પૂર્વે નહીં કહેલી, નહીં કરેલી, નહીં જાણેલી – (વાતો છે). કહે છે કે : આ આત્મા ગ્રાહક અર્થાત્ જાણનાર છે. (એવા) જેને એટલે આ આત્માને–જાણનારને લિંગો વડે એટલે કે દ્રવ્યઇન્દ્રિય અને ભાવઇન્દ્રિય દ્વારા જાણવું થતું નથી. કેમકે ભાવ અને દ્રવ્ય ઇન્દ્રિય દ્વારા જે જાણે તે ખંડખંડ જ્ઞાન છે; તે આત્મ–જ્ઞાન નથી. આહા...હા ! આવી વાત છે !! એટલે એમ કહ્યું : (જ્ઞાયકને) ઇન્દ્રિયો વડે જાણવું થતું નથી તે અલિંગગ્રહણ છે. આ રીતે આત્મા અતીન્દ્રિયજ્ઞાનમય છે. વજન અહીં છે. એ તો અખંડ જ્ઞાનમય છે. એટલે કે એને પર દ્વારા (લિંગો દ્વારા) જાણવું છે જ નહીં. આહા...હા ! એ તો અખંડ જ્ઞાનમય, અતીન્દ્રિય જ્ઞાનમય અખંડ હોવાથી તેને અતીન્દ્રિયજ્ઞાનથી જાણવું થાય છે. લ્યો ! આ આવી ભાષા !!

આમ કહ્યું હતું ને...! 'તત્ત્વાર્થસૂત્ર' શાસ્ત્રમાં તો એવું (કથન) આવે : મતિજ્ઞાન ઇન્દ્રિય અને અણઇન્દ્રિયના નિમિત્તે થાય તેમ શ્રુતજ્ઞાન અણઇન્દ્રિયથી થાય. '**अनीन्द्रियम्**' એવો પાઠ છે. શ્રુતજ્ઞાન છે એ મનથી થાય, અને મતિજ્ઞાન છે એ મન અને ઇન્દ્રિયથી થાય. એ વ્યવહારથી અર્થાત્ પરને જાણવાની અપેક્ષાએ વાત કરી છે.

(અહીંયાં) જાણનારો અખંડજ્ઞાનની પર્યાય દ્વારા – અખંડ વસ્તુ છે એને, એની જ અખંડ પર્યાય દ્વારા – એ જ્ઞાન જ્ઞાનને જાણવાનું કામ કરે (છે) ત્યારે તેને સમ્યગ્જ્ઞાન કહેવાય. આ જ્ઞાનપ્રધાન કથન છે ને...! અતીન્દ્રિયજ્ઞાન દ્વારા, અખંડ જ્ઞાન દ્વારા પોતે જાણવાનું કામ કરે તેને જ્ઞાન કહીએ. અને તેની પ્રતીતિને સમ્યગ્દર્શન કહીએ. આ સમ્યગ્દર્શનનો અધિકાર છે ને...! શું કહ્યું એ ? આ 'જ્ઞેય અધિકાર' છે એ 'સમ્યગ્દર્શન'નો અધિકાર છે. અહીં જાણવાની વાત તો આમ આવી, ત્યાં દર્શન–પ્રતીતિની (વાત) ન આવી ? પણ એનો અર્થ એ થયો – (એમાં પ્રતીતિ આવી ગઈ). એણે પરનું લક્ષ છોડી દઈ અને સ્વને લક્ષે જે જાણવું થાય એ અખંડ જ્ઞાનમય (છે). જ્ઞાનવાળો અને અખંડ જ્ઞાનવાળો એમ નહીં (તેમજ) અતીન્દ્રિયજ્ઞાનવાળો એમે ય નહીં (પણ) અતીન્દ્રિયજ્ઞાનમય છે !

ઝીણી વાતું, બાપા ! બહુ ધીરે ધીરે (સમજવું). આહા...હા ! આવી વાત સાંભળવી ય કઠણ પડે (પણ) માર્ગ તો આ છે, ભાઈ ! અતીન્દ્રિયજ્ઞાનમય છે ; ઇન્દ્રિયજ્ઞાનમય નથી. આ તો જરી અસ્તિ–નાસ્તિની (અપેક્ષાએ કીધું). સમજાણું કાંઈ ? એ પાંચ ઇન્દ્રિયો અને મન દ્વારા જાણવું એ ખંડખંડ જ્ઞાન છે. એ ખંડખંડ જ્ઞાનમય આત્મા નથી. ખંડખંડ જ્ઞાન દ્વારા જાણે એ આત્મા નહીં; તે તો અણાત્મા છે. આહા...હા ! આવી વાતો છે !! એ તો 'અતીન્દ્રિયજ્ઞાનમય' છે, એમ કીધું, મન અને ઇન્દ્રિયોનો પણ સંબંધ છોડી દઈ, પોતે પોતાના લક્ષે પોતાનું જાણવું

કરે. આહા...હા ! 'જાણવું કરે' (અર્થાત્ 'જાણવારૂપે પરિણમે')...હોં ! 'પોતે જણાય' એ (પ્રશ્ન) પછી લેશે. સમજાણું કાંઈ ?

(અહીં કહે છે કે :) અતીન્દ્રિયજ્ઞાન(મય) અખંડસ્વરૂપપ્રભુ; એ અતીન્દ્રિયજ્ઞાન દ્વારા, અતીન્દ્રિયજ્ઞાનથી જાણવું કરે. એ વસ્તુ અતીન્દ્રિયજ્ઞાનમય છે. તે પર્યાય દ્રવ્યની સાથે અભેદ છે. આહા...હા ! આ આવો ઝીણો અધિકાર છે ! અતીન્દ્રિયજ્ઞાન દ્વારા જાણવું કરે ત્યારે તેને સમ્યગ્જ્ઞાન કહેવાય. (અને) ત્યારે તેના જન્મ–મરણનો અંત આવે. સમજાય છે કાંઈ ? આ દેહમાં ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ (છે), એ અખંડજ્ઞાનમય છે, એમ કહે છે.

'અતીન્દ્રિયજ્ઞાનમય' કહ્યું ને...! ઇન્દ્રિયથી અને મનથી જાણવું એ કાર્ય તે ખંડખંડ છે; તે આત્મામય નથી, મન અને ઇન્દ્રિયો દ્વારા શાસ્ત્રને જાણે, (એ) જાણવાનું કાર્ય છે તો એની પર્યાયનું; પણ એ જે શાસ્ત્રજ્ઞાનને નિમિત્ત – ઇન્દ્રિય અને મન–થી જાણીને જાણે, તે જ્ઞાન, આત્મ–અતીન્દ્રિયજ્ઞાનમય નથી. અગિયાર અંગ ભણે ને નવપૂર્વની લબ્ધિ થાય તે પણ ખંડખંડજ્ઞાન છે, એમ કહે છે.

આ તો કાલે જરીક મતિજ્ઞાનનું 'તત્ત્વાર્થસૂત્ર'નું યાદ આવી ગયું એટલે કીધું કે આ રીતે એમાં પાઠ કઈ કઈ જાતના છે ! વ્યવહારના ઘણા અર્થ લીધા છે; આને આધારે આ થાય અને આને આધારે આ છે. જીવ–અજીવ અધિકાર છે. એવા ઘણાય બોલ આવે છે. એ વ્યવહારના કથનની શૈલી છે.

અહીંયાં તો કહે છે કે : અતીન્દ્રિયજ્ઞાનમય આત્મા છે. આત્મા ઇન્દ્રિયજ્ઞાનમય નથી. આહા..હા ! – શું કહે છે ? – ઇન્દ્રિયથી શાસ્ત્ર સાંભળ્યાં, આંખે વાંચ્યાં, કાને સાંભળ્યાં, તે જ્ઞાન, અતીન્દ્રિયજ્ઞાન નહીં; તે આત્મજ્ઞાન નહીં. આવી વાતું !! એ તો ખંડખંડ જ્ઞાન છે. એ અગિયાર અંગ ને નવપૂર્વનું જ્ઞાન, તે પણ પરસત્તાવલંબી જ્ઞાન છે; તે ખરેખર તો બંધનું કારણ છે. એટલે અહીંયાં પરમાત્મા એમ ફરમાવે છે કે પ્રભુ ! તું એક વાર તારી ચીજને સાંભળ. એ તો અતીન્દ્રિયજ્ઞાન દ્વારા જાણવાનું કામ કરે છે. 'જણાય છે' એ પ્રશ્ન પછી (લેશે).

આહા...હા ! ઝીણું તો છે, ભાઈ ! પણ શું થાય ? માર્ગ તો આ છે ! સુખી થવાનો (આ માર્ગ છે). બાકી બધાં દુઃખી થવાના પંથ છે. અરે...રે ! 'ઇન્દ્રિયથી એ જાણે' તો કહે છે કે એ દુઃખનો પંથ છે. કેમકે એને ઇન્દ્રિયથી જાણે એમાં, આત્માના જ્ઞાનનો સ્વાદ જે આવવો જોઈએ તે ન આવે ! આવી વાત છે, બાપુ ! ત્રણ લોકના નાથ કેવળજ્ઞાની જિનેન્દ્ર પરમાત્માની આવી વાત (બીજે) ક્યાં છે, બાપુ ? અહીં જરા વજન '(આત્મા) અતીન્દ્રિયજ્ઞાનમય છે' એ તરફ (છે). એનો સરવાળો તો આ લીધો ને કે 'લિંગથી જાણતો નથી' એટલે કે તે 'અતીન્દ્રિયજ્ઞાનમય' છે, તે અતીન્દ્રિયજ્ઞાનથી જાણવાનું કામ કરે છે. આવું (તત્ત્વ) ક્યાંય આફ્રિકામાંય નથી ને મુંબઈમાંય ક્યાંય નથી. બધે રખડી મરવાનું છે. પ્રભુ છે તે અતીન્દ્રિયજ્ઞાનમય છે. એ તો પ્રભુ કહે છે : આંખોથી વાંચે ને કાનથી સાંભળે; એ જ્ઞાન, અતીન્દ્રિયજ્ઞાનમય નથી, તેથી તે જ્ઞાન ખંડખંડમય છે, તે આત્મજ્ઞાન નહીં; તેથી એમાં તેને આત્માની શાંતિ ન આવે. સમજાય છે કાંઈ ?

હવે આ બધી તકરાર લ્યે કે આમાં આમ કહ્યું છે ને...? 'તત્ત્વાર્થસૂત્ર'માં એવા ઘણા અધિકાર

છે – આને આધારે આ છે ને આને આધારે આ. અવગાહન છે ને; આકાશને આધારે આ બધાં દ્રવ્ય રહ્યાં છે ને...? એ બધાં નિમિત્તનાં જ્ઞાન કરાવવાની વાતું છે.

અહીં તો ઇન્દ્રિયને આધારે–અવલંબને જ્ઞાન થાય, તે જ્ઞાન નહીં (એમ કહે છે). આહા..હા ! ભગવાનની વાણી સીધી કાન દ્વારા સાંભળે અને જે આ જ્ઞાન થાય એ ભલે શબ્દોથી ન થાય, થાય છે એની પર્યાયમાં; એના જ્ઞાનની પર્યાયની યોગ્યતાથી થાય; છતાં તે જ્ઞાન, ખંડખંડ જ્ઞાન છે. પ્રભુ ! આત્મા એ તો અતીન્દ્રિયજ્ઞાનમય છે; એ ઇન્દ્રિયજ્ઞાનમય નથી. (એ) ઇન્દ્રિયજ્ઞાનથી ભગવાનઆત્મા ભિન્ન છે. આહા...હા ! આવી વાત છે ! એને અહીંયાં સમ્યગ્જ્ઞાન કહે અને એમાં પ્રતીતિ તેને સમ્યગ્દર્શન કહે (છે). જ્ઞેય અધિકાર એ સમ્યક્નો અધિકાર છે ને...!

અહીં તો 'જાણવું....જાણવું' એની વાત છે. આત્મા એવી ચીજ છે કે પોતે તે અતીન્દ્રિયજ્ઞાનથી જાણવાનું કાર્ય કરે છે, તેથી તે ભગવાનઆત્મા અંદર (અતીન્દ્રિયજ્ઞાનમય છે).

આહા...હા ! એને કેમ ભગવાન બેસે ? અહીં ભગવાનઆત્મા કીધો છે ને...! ત્યાં કોકે વાત કરી કે આ (સોનગઢ) તો ભગવાનઆત્મા કહે છે, (પણ) અરે ! ભગવાન હોય અત્યારે ? બાપુ ! તારો 'સ્વભાવ' ભગવાન જ છે, ભાઈ ! 'સ્વભાવ' ભગવાન ન હોય તો પર્યાયમાં ભગવાનપણું ક્યાંથી આવશે ? અતીન્દ્રિયજ્ઞાનની – કેવળજ્ઞાનની પર્યાય ક્યાંથી આવશે ? એ અતીન્દ્રિયજ્ઞાનનું કાર્ય કરે તેનાથી અતીન્દ્રિયજ્ઞાનની પર્યાય, સાધન થઈને, થાય (છે). એને ઇન્દ્રિયજ્ઞાનનું સાધન થાય અને કેવળજ્ઞાન પ્રગટે એમ નથી. આહા...હા ! હજી તો (લોકો માને કે :) શુભરાગની ક્રિયાથી મોક્ષમાર્ગ થાય ! (પણ એમ નથી). અરે પ્રભુ ! તું ક્યાં અટક્યો ભાઈ ? તારી ચીજની મહત્તા ને મહિમા તને આવી નહીં, ભાઈ ! એ રાગ એ ખરેખર પરદ્રવ્ય–વિભાવ–વિકાર છે. શુભરાગ હોં ! દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રતાદિ, એ તો આસ્ત્રવ છે. (તો એ) આસ્ત્રવથી કેવળજ્ઞાન થાય ? આસ્ત્રવ નિરોધ તે સંવર છે – એ 'તત્ત્વાર્થસૂત્ર'માં આવે છે કે નહીં – '**आस्त्रवनिरोधः संवरः।**' 'નિરોધ' ક્યારે થાય ? એ અતીન્દ્રિયજ્ઞાનથી જાણવું કરે ત્યારે નિરોધ થાય.

દુનિયાના રસવાળાને આ રસ બેસવો કઠણ પડે. એક બાવો હતો. પછી (તે) વ્યભિચારે ચડી ગયેલો. એમાં (તે) સ્ત્રીએ એને છોડી દીધો. એમાં તેના મગજનો પાવર ફાટી ગયો. બજારમાં નીકળે, આખોકોટ પહેરે, તેના ઉપર સેંકડો જગ્યાએ તે બાઈનું નામ, તેનું અપમાન કરવા, લખેલું હોય, કોઈ એમ કહે તમે બાવા થઈને આ શું કર્યું ? શોભે છે આ તે કાંઈ ? ત્યારે તે બોલે કે 'રસ ચડ્યો છે તે હવે ઊતરતો નથી.' એમ અનાદિ ઇન્દ્રિયજ્ઞાનથી જેને રસ ચડ્યો તેને અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થતું નથી. ઇન્દ્રિયથી જ્ઞાન, એ પણ વ્યભિચાર છે. કહે છે, પ્રભુ ! તને શું કહેવું ? જેમ રાગ વ્યભિચાર છે તેમ 'ઇન્દ્રિયથી જ્ઞાન' એ સ્વરૂપનું જ્ઞાન નથી, એ વ્યભિચાર છે. આવી વાત છે, બાપા !

આહા...હા ! એ પ્રભુ (આત્મા) તો અતીન્દ્રિયજ્ઞાનથી જાણવાનું કામ કરે ! ઇન્દ્રિયનું લક્ષ છોડીને, ભાવેંદ્રિયનું લક્ષ છોડી દઈને એ અંદર અણઇન્દ્રિયથી કામ લ્યે, એને અહીંયાં જાણનારો અલિંગગ્રહણ કહેવામાં આવે છે. આહા...હા ! આ વાત સાંભળવી પણ કઠણ, બાપુ ! વસ્તુસ્થિતિ એવી છે ! 'આત્મા' એમ શબ્દ લીધો છે ને...! 'આ રીતે આત્મા અતીન્દ્રિયજ્ઞાનમય છે.'

આહા...હા ! શું પણ ટીકા !! અને શું વસ્તુ !! સંતોએ જગતને આત્મા પ્રસિદ્ધ કર્યો. ઓલા 'શ્રી અમૃતચંદ્રાચાર્ય' વિરચિત 'શ્રી સમયસાર' ટીકાનું નામ 'આત્મખ્યાતિ' છે. આ ('પ્રવચનસાર'ની ટીકા)નું નામ 'તત્ત્વપ્રદીપિકા' છે. અને 'શ્રી જયેસનાચાર્ય'ની ટીકાનું નામ 'તાત્પર્યવૃત્તિ' છે. 'તત્ત્વપ્રદીપિકા'= તત્ત્વને દીવો બતાવ્યો. આ તત્ત્વ છે. ભલે થોડું (સમજાય) પણ એને યથાર્થ હોવું જોઈએ.

કહે છે : 'આ રીતે આત્મા અતીન્દ્રિયજ્ઞાનમય છે.' એ તો અતીન્દ્રિયજ્ઞાનથી જ જાણવું કરે છે. આહા...હા ! એ (આત્મા) ઇન્દ્રિયને અડતોય નથી. આ જડ ઇન્દ્રિયો છે એને એ અડતોય નથી. એમ કહે છે. આ તો માટી–જડ (છે). એક દ્રવ્ય બીજા દ્રવ્યને ચુંબતોય નથી. આહા..હા ! અડીને નહિ – એ ભલે અડ્યા વિના પણ નિમિત્તથી જ્ઞાન કરે તો (તે) જ્ઞાન નથી. એનું ઇન્દ્રિયજ્ઞાન દ્વારા જ્ઞાન અને એની પ્રતીતિ તે મિથ્યાપ્રતીતિ છે. અતીન્દ્રિયજ્ઞાનથી જાણવું કરે, એ જ્ઞાનમાં પ્રતીતિ કરે તેને સમ્યગ્દર્શન કહીએ. અહીં તો હજી શરૂઆતમાં પહેલા (બોલ)ની વાત છે. આ (આત્મા) તો અતીન્દ્રિયજ્ઞાનમય (છે). આહા...હા ! શું સંતોની કહેવાની પદ્ધતિ ને રીત !! આહા..હા ! થોડા (શબ્દો)માં મોટો સમુદ્ર સમાવી દીધો છે. આહા...હા ! 'તત્ત્વાર્થસૂત્ર'માં એમ કહે : '**तदिन्द्रियानिन्द्रियनिमित्तम्**' '**श्रुतं मतिपूर्वं**' પછી બીજા અધ્યાયમાં છે : '**श्रुतमनिन्द्रियस्य.**' એક બોલ. હવે બીજો બોલ :--

**'ગ્રાહ્ય (જણાવાયોગ્ય) એવા જેનું, લિંગો વડે એટલે કે ઇન્દ્રિયો વડે ગ્રહણ (જાણવું) થતું નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.' ૨.**

'**જાણવા યોગ્ય એવા જેનું**' – જાણવા યોગ્ય એવો ભગવાનઆત્મા; જેનું (અર્થાત્) જાણવા યોગ્ય આત્માનું '**લિંગો વડે એટલે કે ઇન્દ્રિયો વડે જાણવું થતું નથી.**' ઇન્દ્રિયો વડે જેનું જાણવું થતું નથી. 'ઇન્દ્રિયો વડે જાણતો નથી' એ પહેલા (બોલ)માં ગયું. હવે (કહે છે :) જે ઇન્દ્રિયો વડે જણાતું નથી. પહેલામાં 'જેને' હતું. અહીંયાં 'જેનું' ઇન્દ્રિયો વડે જાણવું થતું નથી. એટલે આત્માનું ઇન્દ્રિયો વડે જાણવું થતું નથી. આહા...હા ! સમજાણું કાંઈ ?

બીજી રીતે કહીએ કે : ઇન્દ્રિયથી જે જ્ઞાન થાય તેનાથી જેનું જ્ઞાન થતું નથી. શું કહ્યું એ ? જાણવાયોગ્ય એવો ભગવાનઆત્મા; અને જણવાયોગ્ય એવો આત્મા; તેને ઇન્દ્રિયજ્ઞાનથી તે પોતે જાણી શકે નહીં. એ પોતાને ઇન્દ્રિયજ્ઞાનથી જાણી શકતો નથી. ઓલા (પહેલા બોલ)માં 'ગ્રાહક' હતો અહીંયાં 'ગ્રાહ્ય' (છે). 'ગ્રાહક' એટલે જાણનારો 'ગ્રાહ્ય' એટલે જણાવાયોગ્ય. સમ્યગ્જ્ઞાનમાં જણાવાયોગ્ય એવો ભગવાનઆત્મા; તે એ ઇન્દ્રિયો દ્વારા જણાય એવો નથી. ઇન્દ્રિયો દ્વારા એ જ જ્ઞાન થયું એનાથી પણ તે (આત્મા) જણાવા યોગ્ય નથી.

આહા...હા ! છે...! '**ગ્રાહ્ય (જણાવાયોગ્ય)**' એવો ભગવાનઆત્મા; '**એવા જેનું**' જણાવા લાયક એવા આત્માનું '**લિંગો વડે એટલે કે ઇન્દ્રિયો વડે જાણવું થતું નથી.**' ઇન્દ્રિયો વડે તે આત્મા જણાય એવો આત્મા નથી. આહા...હા ! બીજી રીતે કહીએ તો ઇન્દ્રિયથી જે જાણવું થયું છે એના વડે (આત્મા) જણવા લાયક નથી. જેનું (આત્માનું), એનાથી (ઇન્દ્રિયોથી) જણાય, એવું (સ્વરૂપ)

નથી.

આહા...હા ! દિગંબર સંતોએ જંગલમાં રહીને કામ કર્યાં છે કાંઈ !! કહે છે : આત્મા એ જણાવાયોગ્ય છે (છતાં તે) ઇન્દ્રિયથી જણાવા યોગ્ય નથી. આહા...હા ! ઇન્દ્રિયથી જણાવા લાયક એ આત્મા છે જ નહીં. પહેલા (બોલ)માં ઇન્દ્રિયથી જાણવાનું કામ કરતો નથી, એમ હતું. હવે અહીં ઇન્દ્રિયથી જેનું જ્ઞાન થતું નથી (અર્થાત્) ઇન્દ્રિયથી તે જણાવા યોગ્ય નથી. બીજી રીતે કહીએ કે : ઇન્દ્રિયોથી જે જાણવું થાય તેનાથી (આત્મા) જણાવા યોગ્ય નથી.

આવી વાતું !! સમજાણું કાંઈ ? માર્ગ જ એવો છે, ભાઈ ! ભગવાન અંદર (છે). એ જણાવા યોગ્ય છે. એને જાણ્યા વિના બધું થોથાં છે. જે કાંઈ વ્રત, તપ, ભક્તિ–પૂજા કરે એ બધો સંસાર છે, રખડવાના (પંથ) છે. એ અગિયાર અંગ અને નવપૂર્વનું જ્ઞાન પણ ઇન્દ્રિયજ્ઞાન છે. એ (જ્ઞાન) અનંતવાર થયું છે. સમજાણું કાંઈ ? અગિયાર અંગ(માં એક) આચારાંગ. (એના) એક સૂત્રના ૧૮ હજાર પદ, અને એક પદના ૫૧ કરોડ ઝાઝેરા શ્લોક. એથી બમણા (બીજા અંગમાં) અને તેથી ડબલ અને તેથી ડબલ એમ ઠેઠ (૧૧ અંગમાં પદ અને શ્લોક). એનું જ્ઞાન, એ પણ ઇન્દ્રિથી જાણવું (અર્થાત્) ઇન્દ્રિયજ્ઞાન હતું. ઇન્દ્રિય જેમાં નિમિત્ત હતી. એ જે જ્ઞાન થાય, એ જ્ઞાનથી ભગવાન(આત્મા) જણાવાયોગ્ય નથી. જો એ જ્ઞાનથી જણાવાયોગ્ય હોય તો અનંતવાર અગિયાર અંગ અને નવ પૂર્વ થયાં, એનાથી (આત્મા) જણાવો જોઈએ; (પણ એવી વસ્તુ સ્થિતિ નથી.) આવી ઝીણી વાતું છે, બાપુ ! આવું સાંભળવા પણ મળે નહીં અને જિંદગી ચાલી જાય !

અહીં કહે છે : જણાવા લાયક એવો ભગવાન, જ્ઞેય થવા લાયક, જ્ઞાનમાં જ્ઞેય થવાને લાયક, એવા જેનું, લિંગો વડે એટલે કે ઇન્દ્રિયો વડે જાણવું થતું નથી. આહા...હા ! ઇન્દ્રિયો દ્વારા શાસ્ત્રો સાંભળ્યાં અને એનું જ્ઞાન થયું, એ દ્વારા પણ આત્મા જણાવા લાયક નથી.

આહા...હા ! શું શૈલી છે !! ભાઈ ! જન્મ–મરણના અંત લાવવાનું (કારણ) સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન, એ કોઈ અપૂર્વ વાત છે. પૂર્વે કદી એક સેકંડ પણ એ કર્યું નથી.

અહીંયાં કહે છે કે : જેટલું ઇન્દ્રિયથી જ્ઞાન થાય, તેનાથી ભગવાન(આત્મા) જણાવાલાયક નથી. એનો સ્વભાવ જ એવો છે કે ઇન્દ્રિયજ્ઞાનથી જણાવાલાયક એ આત્મા નથી.

અહીં તો થોડાં ઘણાં શાસ્ત્રો જ્યાં આવડ્યાં ત્યાં એને એમ થઈ જાય અંદરથી (કે અમે પણ કાંઈક છીએ) ! બે ઠેકાણે બેને ('બહેનશ્રીનાં વચનામૃત' બોલ–૩૩૩ અને ૪૫માં) લખ્યું છે ને...! 'ચેતીને રહેવું.' 'મને આવડે છે' એમ આવડતની હૂંફના રસ્તે ચડવું નહિ. વિભાવના રસ્તે તો અનાદિથી ચડેલો જ છે. ત્યાંથી રોકવા માથે ગુરુ જોઈએ. એક પોતાની લગામ અને બીજી ગુરુની લગામ હોય તો જીવ પાછો વળે. આવડતના માનથી દૂર રહેવું સારું છે. બહાર પડવાના પ્રસંગોથી દૂર ભાગવામાં લાભ છે.' જુઓ ભાષા જુઓ ! બહાર કંઈક પડવું – લોકો ગણે ને કાંઈક બીજા કરતાં નામ (થાય), કંઈક મને આવડે છે ને ! એ બહાર પડવાના પ્રસંગોથી દૂર ભાગવામાં લાભ છે. 'મને આવડે છે' એમાં તણાઈ ન જઈશ. 'અજ્ઞાનીને જરાક કાંઈક આવડે, ધારણાથી યાદ રહે, ત્યાં તેને અભિમાન થઈ જાય છે; કારણ કે વસ્તુના અગાધ સ્વરૂપનો તેને ખ્યાલ જ નથી; તેથી તે બુદ્ધિના ઉઘાડ આદિમાં સંતોષાઈ, અટકી જાય છે. જ્ઞાનીને પૂર્ણતાનું

લક્ષ હોવાથી તે અંશમાં અટકતો નથી.' એ ઇન્દ્રિયજ્ઞાન છે ને...! આહા...હા ! 'મને કંઈક આવડે છે' એ ત્યાં રોકાઈ ગયો. આહા...હા ! **'બેનનું પુસ્તક ! જગતને ઉપકાર માટે બહુ આવ્યું. લાખો શાસ્ત્રોનું રહસ્ય છે. દિવ્યધ્વનિ દ્વારા જે આવ્યું છે એ બેને કહ્યું છે. છૂટું છૂટું કહેવાયું અને આ બધું સરખું ગોઠવાઈ ગયું !**

અહીં કહે છે : એ ઇન્દ્રિયોથી જે જ્ઞાન થયું એ આવડતના ભાવથી આત્મા જણાય એમ નથી. ઇન્દ્રિયથી શાસ્ત્રજ્ઞાન થયું એ આવડતથી આત્મા જણાય એમ નથી. (**શ્રોતા** :) પોતાનો આત્મા કે બીજાનો આત્મા ? (**ઉત્તર** :) પોતાનો આત્મા. બીજાનું શું ? બીજાના આત્માનું જાણવું એતો પહેલા (બોલમાં) આવી ગયું. એ તો પોતે ઇન્દ્રિયથી પરનું જાણવું કરતો નથી. પરને જાણવું પણ અતીન્દ્રિયજ્ઞાનથી કરે છે. આહા...હા ! હજી તો ઘણા બોલ આવશે. આ તો શરૂઆત કરી છે ને...! કહે છે : જણાવા યોગ્ય એવા જેનું (જાણવું ઇન્દ્રિયો વડે થતું નથી). આહા..હા ! પાણી ઉતરી જાય એવા (બોલ) છે !

આ મોટાં અબજો–કરોડો શ્લોકો જેને કંઠસ્થ હોય, અગિયાર અંગના તો અબજો શ્લોકો જેનો સ્વાધ્યાય પાણીના પૂરની પેઠે કરે, અબજો અબજો શ્લોકો કંઠસ્થ (હોય), એ દ્વારા આત્મા જણાય એવો નથી. કહો ! આવું ક્યાંય સાંભળ્યું છે ? (**શ્રોતા** :) આપથી મળે છે. (**ઉત્તર** :) ભગવાન ! આ તો અંદરથી ભગવાનનું આવેલું છે. (**શ્રોતા** :) (આ સાંભળવાથી) સંસ્કાર તો પડે ને ? (**ઉત્તર** :) એ સંસ્કાર તો અંદર અતીન્દ્રિજ્ઞાનમાં નાખે ત્યારે સંસ્કાર પડે. એ સંસ્કાર એને કહીએ. એવી વાત છે.

આહા...હા ! આ જુઓ તો દિગંબર સંતો ! અમૃતચંદ્ર આચાર્ય રચિત ટીકા અને ગાથા કુંદકુંદ આચાર્યની (છે) ! એ પોતે કહે છે કે : આમાં 'અલિંગગ્રાહ્ય' કહેવું છે. 'અલિંગગ્રાહ્ય' એટલે લિંગ દ્વારા જણાય એવો આત્મા નથી, એમ કહેવું છે. છતાં 'અલિંગગ્રહણ' શબ્દ કેમ વાપર્યો ? આહા...હા ! એ શબ્દની અંદર પણ જુઓ કહેવું છે : 'અલિંગગ્રાહ્ય' – તે લિંગ દ્વારા જણાવાયોગ્ય આત્મા નથી. (લિંગ) દ્વારા જાણવાયોગ્ય આત્મા નથી. એ (લિંગ) દ્વારા જાણવું કરતો નથી. એકલું જ કહેવું છે, એમ કહે છે. છતાં 'અલિંગગ્રહણ' શબ્દ વાપર્યો, કેમ 'ગ્રાહ્ય' ન વાપર્યો ? જુઓ તો ખરા ! 'અલિંગગ્રહણ' શબ્દ વાપરવામાં 'અલિંગગ્રહણ'ના ઘણા અર્થો ઉત્પન્ન થાય છે માટે 'અલિંગગ્રહણ' શબ્દ વાપર્યો છે. એક જ અર્થ નહીં પણ એવા એવા વીશ અર્થ તો અહીં કહ્યાં છે. બાકી તો અપાર વાત છે. આહા...હા ! સમજાણું કાંઈ ?

(કહે છે :) **'જેનું લિંગો વડે એટલે કે ઇન્દ્રિયો વડે જાણવું થતું નથી.'** આહા...હા ! મુનિરાજ જગતને જાહેર કરે છે; પ્રભુ ! તું જણાવા યોગ્ય (છો; પણ) ઇન્દ્રિયો દ્વારા જણાય એવો તું નથી. તારું સ્વરૂપ એવું નથી. ઇન્દ્રિયોથી જાણેલું જે જ્ઞાન, એ વડે પણ તું જણાવાયોગ્ય નથી. ભાઈ ! તારે દૃષ્ટિ ફેરવવી પડશે, એમ કહે છે. આહા...હા ! કેટલું સમાડ્યું છે !! અગાધ વાત છે. આવી વાત દિગંબર સંતો સિવાય (કોઈએ કરી નથી). એણે અંદરના પેટ ખોલ્યાં છે. આહા...હા ! ભણેલો ને આવડત (હોય એનાં) એકવાર તો અંદર અભિમાન ગળી જાય એવું છે.

એ બોલમાં જણાવા યોગ્ય એવા (જેનું) જાણવું થતું નથી. ઓલા (પહેલા બોલ)માં 'જેને'

જાણવું થતું નથી. આમાં એટલો બધો ફેર પડ્યો. એ 'ગ્રાહ્ય' અને 'ગ્રહણ'માં એટલો અર્થ ફેરવી નાખ્યો. એક અક્ષર 'ગ્રાહ્ય', કહેવું છે એ; કહેવાઈ ગયું 'અલિંગગ્રહણ'. અલિંગગ્રહણમાં ઘણા અર્થો સમાવ્યા છે. એ કહેવું છે ત્યાં. આ બીજો અર્થ આ સમાય છે એમાં. સમજાણું કાંઈ ?

'મોક્ષમાર્ગપ્રકાશક' સાતમા અધ્યાયમાં આવે છે ને...! સંસ્કૃત ને વ્યાકરણ જાણ્યું હોય તો શાસ્ત્રના અર્થ એને વધારે સૂઝે. એ 'શાસ્ત્રના અર્થ' વધારે સૂઝે, 'આત્મા' સૂઝે એમ નહીં.

અરેરે ! એને ક્યાં પડી છે મારું શું થશે ? હું ક્યાં જઈશ ને શું થશે ? આહા...હા ! એકલો આવ્યો અને એકલો જશે અને એકલો ત્યાં રહેશે. પણ એકલો રહેશે ક્યાં ? જે આ ઇન્દ્રિયજ્ઞાન દ્વારા આત્મા જણાય, એમાં રહ્યો હશે તે ચાર ગતિમાં રખડશે. આહા...હા ! વધારે બોલતા આવડે અને વધારે આમ જાણવાની વાતું કરતા આવડે એટલે કે જાણે કે મને જ્ઞાન વધારે છે, અને સાંભળનારાને પણ એમ લાગે કે આને જ્ઞાન વધારે છે; એ બધાં ભ્રમણામાં પડ્યા છે. સમજાણું કાંઈ ? એ આવડત (વિષે) બેને (બહેનશ્રી ચંપાબેને) બે ઠેકાણે નાખ્યું છે ને...?

(અહીં કહે છે :) ઇન્દ્રિયો વડે જાણવું (થતું નથી). '**તે અલિંગગ્રહણ છે.**' હવે એનો સાર કહે છે : '**આ રીતે આત્મા**' – આ પ્રકારે આત્મા '**ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય નથી (એવા અર્થની પ્રાપ્તિ થાય છે.)**' આહા...હા ! ઇન્દ્રિયથી જે જ્ઞાન થાય એવો પ્રત્યક્ષ એનો વિષય આત્મા નથી. ઇન્દ્રિયપ્રત્યક્ષથી જે જ્ઞાન થયું તે જ્ઞાનનો એ વિષય નથી. આહા..હા..હા !

ભાઈ ! (વાત) થોડી, પણ વાત તો સત્ય હોવી જોઈએ. ભલે બોલતાંય ન આવડે ને કહેતાંય ન આવડે તેથી કરીને કંઈ (જે) જ્ઞાનથી જ્ઞાન જણાણું તે કાંઈ ખોટું ન થાય. બોલતાં ન આવડે, સમજાવતાં ન આવડે માટે, અતીન્દ્રિયજ્ઞાનથી આત્મા જણાય, એ કાંઈ ખોટું ન થાય. સમજાણું કાંઈ ?

ઓલા સાધારણ માણસને તો (એમ લાગે ને કે) આ (કાનજીસ્વામી) તો એકલી નિશ્ચયની જ વાત કરે છે ! (પણ ભાઈ !) નિશ્ચય એટલે સત્યાર્થ. સત્યસ્વરૂપ એવું ભગવાન(આત્મા)નું છે; એ અતીન્દ્રિયજ્ઞાન દ્વારા પોતે જણાય એવો છે; ઇન્દ્રિયજ્ઞાન દ્વારા એ જણાય એવો આત્મા નથી, એનો સ્વભાવ જ એવો નથી. અતીન્દ્રિય જ્ઞાનમય ભગવાન; એ ઇન્દ્રિયજ્ઞાન દ્વારા જણાય, એવો આત્મા નથી; એવો એનો સ્વભાવ નથી, એમ કહે છે. એ આવે છે ને...! ચિંતા–વિકલ્પ–ભ્રમ વિનાના, નિભૃત મહાપુરુષોથી એ (આત્મા) જણાય એવો છે.

'આ રીતે આત્મા', આ પદ્ધતિથી કહ્યું તે રીતે આત્મા 'ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય નથી.' એ ઇન્દ્રિયપ્રત્યક્ષથી જે જ્ઞાન થયું (એનો વિષય આત્મા નથી). આ અમે ભગવાનને જોયા, આ અમે સમવસરણ જોયુ, મેં ઇન્દ્રિયથી ભગવાનની વાણી પ્રત્યક્ષ (સાંભળી, પરંતુ) એ ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય જ નથી; ઇન્દ્રિયથી પ્રત્યક્ષ થાય એવું જે જ્ઞાન, એનો એ વિષય નથી.

આહા...હા...હા ! દિગંબર સંતોએ જગતને ન્યાલ કરવાની વાત કરી છે. આવી વાતો, બાપા ! ક્યાંય (બીજે) છે જ નહીં. બાકી તો એ બધી લૌકિક વાતો.

આહા...હા ! 'જેનું ઇન્દ્રિયો વડે ગ્રહણ થતું નથી.' 'તે ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય નથી.' કાલે

કહ્યું હતું ને...! ભાવેન્દ્રિય, જડેન્દ્રિય અને (તેનો વિષય –) ભગવાનની વાણી ને ભગવાન અને સ્ત્રી, કુટુંબ ને દેશ આખો – એ બધા ઇન્દ્રિયો, એને જીતવી એટલે કે તેનો આશ્રય છોડી અને અણઇન્દ્રિય એવા ભગવાન(આત્મા)નો આશ્રય લેવો, ત્યારે તેને સમ્યગ્જ્ઞાન ને સમ્યગ્દર્શન થાય. સમજાણું કાંઈ ? આ સમ્યગ્દર્શનનો અધિકાર છે ને...! અહીંયાં જાણવાની અપેક્ષાએ વાત લીધી, પણ એ જાણવામાં જ્ઞાનની પર્યાય અતીન્દ્રિય છે, તેનાથી જણાય; ઇન્દ્રિયજ્ઞાનથી ન જણાય. જ્ઞાનથી જણાણું તેમાં એવી પ્રતીત કરવી કે આ તો અતીન્દ્રિયજ્ઞાનથી જ જણાણું. એવી પ્રતીત કરવી તેનું નામ સમ્યગ્દર્શન છે.

અહીં (સંપ્રદાયમાં) તો સમ્યગ્દર્શન સાધારણ વાતો થઈ ગઈ કે જાઓ ! શ્વેતાંબરમાં આવે છે ને...! 'અરિહંત મહાદેવો શ્રી સાહુ ગુરુઓ.' (પણ) એમ નથી, ભાઈ ! અહીં ('પ્રવચનસાર' ગાથા–૮૦માં) આવે છે ને... '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं।**' જેણે અરિહંતના દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણ્યાં; એ તો મન દ્વારા અને ઇન્દ્રિય દ્વારા જાણ્યાં છે. એ આવે, હોય; પણ એનાથી પાછો આમ અંદર ઊતરે ત્યારે તેને સમ્યગ્જ્ઞાન થાય. તે માત્ર નિમિત્તની વાત છે. નિમિત્તની વ્યાખ્યા છે – અરિહંતના દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણે એ આત્માને જાણે. એ તો આત્મા એવો લીધો છે કે જે અરિહંતના દ્રવ્ય–ગુણ–પર્યાય ઇન્દ્રિય દ્વારા સાંભળીને જાણ્યાં, એનું લક્ષ પછી છોડી દીધું અને આત્માની સન્મુખ (થઈ) અને આત્માનો આશ્રય લીધો. (**શ્રોતા** :) થોડી મદદ તો કરે કે નહીં ? (**ઉત્તર** :) જરીયે મદદ કરે નહીં. નિમિત્ત માત્ર છે. એ તો નિમિત્તનાં કથન છે. આહા...હા ! બહુ ઝીણી વાતો, ભાઈ ! વ્યવહારના પક્ષવાળાને આકરું લાગે. એ તો સોગાનીએ લખ્યું છે ને...! એમાં ('દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'માં) એમ કે : અરિહંતના દ્રવ્ય–ગુણ–પર્યાયથી જાણે એમ વળી કહેવું અને બીજે કહેવું કે નિમિત્તથી ન જાણે; તો આ શું છે ? કે : એ તો એ ચીજ (અરહંતના દ્રવ્ય–ગુણ–પર્યાય)ને જાણી, પછી એનું લક્ષ છોડી દઈને આત્મા અંદર ગયો ત્યારે તે આત્માને જાણી શકે છે. આમ તો ત્યાંય પાઠ તો એવો છે કે : '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं। सो जाणदि अप्पाणं...।।**' એ અરિહંતના દ્રવ્ય–ગુણ–પર્યાય કર્ણેન્દ્રિયથી સાંભળ્યા ને જાણ્યા પછી એને છોડી દે છે. સોગાનીએ લખ્યું છે, ભાઈ ! આ વાત એ નિમિત્તનું કથન છે : પરદ્રવ્યના દ્રવ્ય–ગુણ–પર્યાયથી આત્મા જણાય. આ 'પ્રવચનસાર'ની ગાથા અને આય 'પ્રવચનસાર'. બાપુ ! કઈ અપેક્ષા છે ? ભાઈ ! એને જાણવું જોઈએ. ત્યાં (ગાથા–૮૦માં) એ વિષય લીધો છે કે : મન દ્વારા પહેલાં અરિહંતના દ્રવ્ય–ગુણ–પર્યાય જાણ્યા પછી એને છોડી દીધું છે. છોડે છે ત્યારે અંદર આત્માનું જ્ઞાન થાય. એટલે ઇન્દ્રિયો વડે, (આત્મા) 'ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય નથી.' એવા અર્થની (અર્થાત્) 'અલિંગગ્રહણ' શબ્દમાંથી આ અર્થની પ્રાપ્તિ થાય છે. બીજો બોલ થયો.

વિશેષ કહેશે.....

❀ ❀ ❀

**પ્રવચન : ૯-૧૨-૧૯૭૭**

૧૭૨ ગાથા ('પ્રવચનસાર'). આત્માને અલિંગગ્રહણ કહ્યો છે. આ ભગવાન જે આત્મા છે એ અલિંગગ્રહણ છે. પહેલો બોલ આવ્યો : 'જેને ઇન્દ્રિયો વડે જાણવું થતું નથી.' આ પાંચ ઇન્દ્રિયો જડ, ભાવ ઇન્દ્રિય (અને) એ ઇન્દ્રિયના વિષયો; એ દ્વારા જેને જાણવું થતું નથી. આહા...હા ! વાત બહુ ઝીણી, બાપુ ! ઝીણો એવો માર્ગ. એ વાત આવી ગઈ છે. બીજો બોલ : એ ઇન્દ્રિયો વડે જાણી શકતો નથી. 'ઇન્દ્રિયો વડે જેનું જ્ઞાન થતું નથી.' જેને ઇન્દ્રિયો વડે જાણવું થતું નથી. જેનું ઇન્દ્રિયો વડે જ્ઞાન થતું નથી. આહા...હા ! આવો આત્મા !! એમાં તો એમેય કહ્યું : આ પાંચ ઇન્દ્રિયો છે, એ દ્વારા સાંભળીને–વાંચીને જે જ્ઞાન થાય, એ જ્ઞાન દ્વારા પણ જેને જાણી શકાતો નથી, એવો જે આત્મા તે અલિંગગ્રહણ છે. એ બાહ્યમાં ઇન્દ્રિયો દ્વારા જણાય એવો નથી અને ઇન્દ્રિયો દ્વારા જાણે એવોય નથી. આહા...હા...હા ! આ વાત છે !

અહીં તો (લોકો) એમ કહે કે : વ્રત ને તપ ને દયા ને દાન ને ભક્તિ ને કરો ને પૂજા, તો એનાથી આત્માનું જ્ઞાન થાય. એમ અજ્ઞાની કહે છે. અહીંયાં ભગવાન તો કહે છે કે : એ વડે આત્મા જણાય જ નહીં. આહા...હા ! (તત્ત્વ સમજવા માટે) ઘણો પ્રયત્ન જોઈએ.

સમ્યગ્દર્શન થવા માટે કહે છે કે : ઇન્દ્રિયો થીથયેલા જ્ઞાન દ્વારા એ આત્મા પ્રતીતમાં આવે એવો એ નથી. એમાં તો વાત આટલી રાત્રે કહી હતી કે : 'નિયમસાર'માં એમ કહ્યું છે કે – આ આત્મા જે વસ્તુ છે આનંદ અને જ્ઞાનની મૂર્તિ પ્રભુ; એની પ્રતીતિ (સમ્યગ્દર્શન), એનું જ્ઞાન, અને એમાં રમણતા – એવું દર્શન, જ્ઞાન અને ચારિત્ર; (એ) પરની અપેક્ષા વિના છે. આહા...હા ! એ (જે) ઇન્દ્રિયથી જાણવામાં આવે (છે) એની અપેક્ષા વિના 'આ' વસ્તુ છે. એ જ ત્યાં કહ્યું. અને અહીંયાં એ જ કહ્યું. આત્મા અંદર શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ; એનું જ્ઞાન થવા માટે, વ્યવહારનું જ્ઞાન, ઇન્દ્રિયથી થતું શાસ્ત્રનું જ્ઞાન, (એની કાંઈ અપેક્ષા નથી. કેમ કે) એનાથી એ (આત્મા) જણાય એવો નથી. આહા...હા ! આવી વાતું છે ! એ તો અતીન્દ્રિયજ્ઞાનમય વસ્તુ છે. અતીન્દ્રિયજ્ઞાન, એ જ્ઞાનની અતીન્દ્રિયપર્યાય દ્વારા જ જણાય એવો છે. અને એ અતીન્દ્રિયજ્ઞાનથી જ જાણનારો છે. આવી વસ્તુ છે ! એની (અજ્ઞાનીને) ખબરેય ન મળે... શું થાય ?

'આત્મધર્મ'માં થોડું નારકીના દુઃખનું વર્ણન બહાર નાખ્યું છે. જીવ અનંતવાર નરકમાં રહ્યો છે. ભૂલી ગયો ! 'રત્નકરંડશ્રાવકાચાર'માંથી લીધું છે. એમાં એમ કહ્યું છે : ત્યાં (નરકમાં) સાગરોપમ તેત્રીસ સાગર (સુધી) રહ્યો. નારકીના જીવનું એકક્ષણમાત્રનું દુઃખ ! ક્રોડો જીભેથી, ક્રોડો ભવથી વર્ણન ન થઈ શકે, એવા દુઃખો ! એણે મિથ્યાત્વની શ્રદ્ધાથી સહન કર્યાં છે. આહા...હા ! સમજાણું કાંઈ ? ત્યાં તો એમ લખ્યું છે કે : નારકીના જીવો એટલા દુઃખી ! એને દુઃખ (એટલું) છે કે એની રાડ દુઃખમાં એટલી પડે છે કે જે રાડ સાંભળીને સિંહ, કે જેની ત્રાડથી હાથી ભાગે,

એવા સિંહ અને હાથીનાં કાળજાં ફાટી જાય ! દુઃખની રાડ સાંભળીને હાથી અને સિંહનાં કાળજાં ફાટી જાય... અરે પ્રભુ ! આ મિથ્યાત્વ એટલે શું ? ભાઈ ! એની તને ખબર નથી. અને આત્મા સમ્યગ્દર્શનમાં કેમ જણાય એની તને ખબર નથી. મૂળની ખબર નથી ! એ તો વ્રત કરો ને ઉપવાસ કરો ને ભક્તિ કરો ને પૂજા કરો ને દાન કરો ને મંદિર કરો ને... એમાંથી કલ્યાણ થશે; (એવી માન્યતા) એ મિથ્યાત્વભાવ છે, મિથ્યાશ્રદ્ધા છે.

એ અહીં કહે છે. એવી રાગની મંદતાની ક્રિયાથી આત્મા જણાય એવો નથી. એવી રાગની મંદતાની ક્રિયાથી આત્માનું જ્ઞાન થાય એવો આત્મા નથી. આહા...હા ! આવી વાતો છે, બાપુ ! શું થાય ?

અરે ! જગત આખું હણાઈ ગયું. 'આત્મધર્મ'માં નરકનું વર્ણન થોડું નાખ્યું છે. 'રત્નકરંડશ્રાવકાચાર'માં ૩૨૯મા પાને છે. એના (નારકીના) દેહની ગંધનો કણ જો અહીંયાં લાવે, નારકીના દેહની એવી ગંધ છે કે એનો કણ જો અહીં લાવે તો એ ગંધને લીધે અહીં ૪૦૦–૫૦૦ યોજન સુધીના માણસો મરી જાય. એવી તો નારકીના દેહની ગંધ છે ! આહા...હા ! અરે...રે ! પરમાધામી આદિ નારકીઓ એના દેહના કટકા કરે, એ ઊછળી ઊછળીને પાછા ભેગા થઈ જાય. ભાઈ ! આવા ભવો તેં અનંતા કર્યાં છે, પ્રભુ ! તને ખબર નથી. (શ્રોતા :) આ બીવડાવવા માટે કહેવામાં આવે છે ? (ઉત્તર :) બીવડાવવા (માટે) નહીં. આનંદના ભાન વિના તેં (એવાં) દુઃખ સહન કર્યાં છે એ માટે કહે છે. એ નારકીને દુઃખ (નરકના સંયોગને કારણે) નથી (પણ) સ્વર્ગમાંય દુઃખ છે; (કારણ કે) અનુકૂળસામગ્રી ઉપર એનું લક્ષ જાય છે એ રાગ છે અને (તે) દુઃખ છે. આહા...હા ! ભગવાન(આત્મા) આનંદનો નાથ પ્રભુ, અતીન્દ્રિયઆનંદસ્વરૂપ; એને જાણ્યા વિના, માન્યા વિના, ઓળખ્યા વિના, આદર કર્યા વિના, બહારની સામગ્રી અને બહારની રમણીક દેખાતી ચીજો, એમાં એ લલચાણો. સમજાણું કાંઈ ? શરીર સુંદર રૂપાળું લાગે... આ તો માટી–ધૂળ છે, પ્રભુ ! આહા...હા ! એ ૫૦--૫૦ લાખનાં મોટાં મકાનો હોય, દશ–દશ લાખનું ફર્નિચર હોય, એ હીરાના ખાટલે (પલંગમાં) મલમલનાં કપડાં આમ ઓઢીને સૂતો હોય... અરે પ્રભુ ! એ બધું દુઃખ છે; ભાઈ ! તને ખબર નથી. એ પરદ્રવ્ય ઉપર જેટલું લક્ષ જાય છે તે બધું દુઃખ છે. માટે સ્વદ્રવ્યનું જ્ઞાન કર, એમ અહીં બતાવે છે. સમજાણું કાંઈ ? આવી વાતો છે !

મહાવ્રત અનંતવાર ધારણ કર્યાં. 'મુનિવ્રત ધાર અનંતબાર ગ્રીવક ઉપજાયો;' પણ એ મહાવ્રતનાં પરિણામ પણ આસ્રવ અને દુઃખ છે; ભાઈ ! તને ખબર નથી. એનાથી તો દુઃખ ઉત્પન્ન થશે. આહા...હા ! આવી વાત કોણ સાંભળે ?

અહીંયાં તો કહે છે કે : ભગવાનઆત્માનું જ્ઞાન એટલે કે સમકિત; એ ઇન્દ્રિયજ્ઞાન દ્વારા પણ ન થાય. બહુ ભણ્યો હોય શાસ્ત્રોને, કરોડો–અબજો શ્લોકો કંઠસ્થ કર્યાં હોય, એ જ્ઞાન દ્વારા આત્મા જણાય એવો નથી. આહા...હા ! એણે ઘણું પાછું વળવું પડશે. બહારના વેગે ચડી ગયો છે ને...!

અહીંયાં તો કહે છે કે : વ્યવહારરૂપ શાસ્ત્રજ્ઞાન, વ્યવહારરૂપ પંચમહાવ્રતનાં પરિણામ,

અને વ્યવહારરૂપ દેવ–ગુરુ–શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એ વડે આત્મા જણાય એવો નથી. એ વડે આત્માને સમકિત થતું નથી. એમ કહે છે. આવી વાતો છે... શું થાય ? જગત લૂંટાય છે. હોંશથી અને હરખથી લૂંટાય છે!

આહા...હા ! બે બોલ થયા : 'આત્મા ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય નથી.' ઇન્દ્રિયોથી પ્રત્યક્ષ એટલે જે અહીં જ્ઞાન થાય અંદર, એનો પણ એ આત્મા વિષય નથી. આહા...હા ! – શું કહ્યું ? (કે :) હજારો શાસ્ત્રો વાંચ્યાં, ભણ્યાં, ધાર્યાં, સાંભળ્યાં... પણ એ તો ઇન્દ્રિયપ્રત્યક્ષનું જ્ઞાન છે; એ દ્વારા ભગવાનઆત્મા જણાય એવો નથી. અરે...રે ! સંતોએ તો જગતને જગાડ્યા છે, ભાઈ ! તું અતીન્દ્રિયજ્ઞાનમય છો. એ અતીન્દ્રિયજ્ઞાન દ્વારા તું જણાય એવો છો. એ ઇન્દ્રિયજ્ઞાનથી જે જાણવું છે એનાથી તું જણાય એવો તું છે જ નહીં.

શાસ્ત્રના કંઈક બોલ આવડ્યા... પાંચપચાસ હજાર, લાખબેલાખ મોઢે કર્યા ત્યાં એને (અજ્ઞાનીને) એમ થઈ જાય કે, (જાણે) આપણને જ્ઞાન થઈ ગયું ! અહીં પરમાત્મા એમ કહે છે, જિનેન્દ્રદેવ કહે છે કે દિગંબર સંતો–મુનિઓ કહે છે : પ્રભુ ! તું ઇન્દ્રિયજ્ઞાનથી જણાય એવો તું છો જ નહીં. કેમ કે એ તો ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય (છે. અને) ભગવાનઆત્મા તો મતિશ્રુતજ્ઞાનપ્રત્યક્ષનો વિષય છે. અરે ! આવી વાત છે. આજ તો ત્રીજો બોલ છે. બે બોલ થઈ ગયા છે. 'આત્મા અલિંગગ્રહણ છે', એ વાત થઈ છે. કહેવું છે : 'લિંગ દ્વારા જણાય એવો આત્મા નથી.' કહેવું છે 'આ'. છતાં કુંદકુંદ આચાર્યે જે 'અલિંગગ્રહણ' શબ્દ વાપર્યો, એનો અર્થ એ કે એનો એક અર્થ નથી. 'અ લિં ગ ગ્ર હ ણ'ના વીસ અર્થ તો અહીં કહેશું. 'અલિંગગ્રહણ' એટલે આ 'છ' શબ્દોનાં વીસ અર્થ કહીશું. બીજા ઘણાં છે. પણ વીસ તો એના અર્થ થાય છે. આહા...હા ! એક 'અલિંગગ્રહણ'... બસ ! એટલું. આમાં (પહેલા અને બીજામાં) આવી ગયું ને...! 'ગ્રાહ્ય' અને 'ગ્રાહક' ...એટલા શબ્દમાં મોટો ફેર ! ઇન્દ્રિયદ્વારા જેને જ્ઞાન થતું નથી, એ 'ગ્રાહક'. અને જેનું (જ્ઞાયક–ગ્રાહકનું) ઇન્દ્રિય દ્વારા જ્ઞાન થતું નથી, એ 'ગ્રાહ્ય'. 'ગ્રાહક' એટલે જ્ઞાયક જાણનારો છે. અને 'ગ્રાહ્ય'માં જણાવા યોગ્ય, પોતે છે. એટલા શબ્દમાં મોટો ફેર છે. (પહેલો બોલ :) 'ગ્રાહક (– જ્ઞાયક) જેને ઇન્દ્રિયો વડે જાણવું થતું નથી.' (બીજો બોલ :) 'ગ્રાહ્ય (– જણાવા યોગ્ય) (એવા) જેનું ઇન્દ્રિયો વડે (ગ્રહણ) જાણવું થતું નથી.' સમજાણું કાંઈ ? 'ગ્રાહક' અને 'ગ્રાહ્ય'માં આટલો ફેર પડ્યો. હવે ત્રીજો બોલ :–

**'જેમ ધુમાડા દ્વારા અગ્નિનું ગ્રહણ થાય છે'** (અર્થાત્) જ્યાં ધુમાડો હોય ત્યાં અગ્નિ હોય, એમ અનુમાનથી જ્ઞાન થાય છે : આ ધુમાડો છે માટે ત્યાં અગ્નિ છે, એમ ધુમાડા દ્વારા અગ્નિનું જ્ઞાન થાય છે. ગ્રહણ એટલે જ્ઞાન. **'તેમ લિંગ દ્વારા એટલે કે ઇન્દ્રિયગમ્ય દ્વારા (– ઇન્દ્રિયોથી જણાવાયોગ્ય ચિહ્ન દ્વારા) જેનું ગ્રહણ (જાણવું) થતું નથી.'** કે આહીં બહુ ઉપવાસ કર્યા ને શરીર જીર્ણ થઈ ગયું. એટલે ઇન્દ્રિય જેને જાણે કે આ ચિહ્ન છે. એ દ્વારા આત્માનું જ્ઞાન ન થાય ! આહા...હા ! સમજાણું કાંઈ ?

'જેમ ધુમાડા દ્વારા અગ્નિનું ગ્રહણ થાય છે તેમ લિંગ દ્વારા એટલે કે ઇન્દ્રિયગમ્ય દ્વારા – ઇન્દ્રિયોથી જણાવાયોગ્ય ચિહ્ન દ્વારા' કે બહુ આવડે છે અને બહુ બોલે છે, એ ઇન્દ્રિયથી

કહે છે; એ દ્વારા, એ (આત્મા) જણાવા લાયક નથી, (જણાય એવો નથી).

સમજાણું કાંઈ ? આવો વિષય છે ! આચાર્યોએ તો કમાલનું કામ કરી નાખ્યું છે ને...! એની (પોતા પ્રત્યેની) દૃષ્ટિ, એણે (જીવે) અનંતકાળમાં કરી જ નથી. બસ...! બહારમાં ને બહારમાં શાસ્ત્ર વાંચ્યાં ને ભણ્યાં, મહાવ્રત પાળ્યાં, ભક્તિઓ કરી, લાખો ક્રોડો દાનમાં ખરચ્યાં – એ બધી ક્રિયાઓ તો બહારની છે; એ દ્વારા આત્માનું જ્ઞાન થાય એવો આત્મા નથી. એ દ્વારા આત્મા જણાય એવો આત્મા નથી. એ દ્વારા આત્માનું સમ્યગ્દર્શન થાય એવો આત્મા નથી !

આહા...હા ! 'ઇન્દ્રિયોથી જણાવાયોગ્ય ચિહ્ન' – એમ કે : આ શરીર નબળું પડી ગયું ને...! પેટમાં આમ થઈ ગયું ને...! જીભથી બોલતાં બહુ આવડે છે ! – એવા ઇન્દ્રિયના ચિહ્ન દ્વારા, એ (આત્મા) જણાવા લાયક નથી ! (જણાય એમ નથી.)

સમજાણું કાંઈ ? ઝીણી વાત છે, બાપુ ! અપૂર્વ વાત છે એવા શાસ્ત્રના ભણતર પણ અનંતવાર કર્યાં, અગિયાર અંગ ભણ્યો, નવ પૂર્વની લબ્ધિ થઈ; એવા જ્ઞાનથી પણ એ આત્મા જણાય એવો નથી; એમ કહે છે. ભગવાન(આત્મા) જ્ઞાનની મૂર્તિ પ્રભુ છે એટલે કે જ્ઞાનસ્વરૂપી છે, જ્ઞાનનો પુંજ પ્રભુ છે, એ અતીન્દ્રિયજ્ઞાન(મય) છે; એથી (એ) અતીન્દ્રિયજ્ઞાન દ્વારા જણાય એવો છે.

આહા...હા ! (લોકોને) આવી વાતો કઠણ પડે. (સોનગઢ) નિશ્ચય...નિશ્ચય...નિશ્ચય કર્યાં કરે, વ્યવહારને તો કાંઈ (મહત્ત્વ આપતા નથી), એમ કહે છે ને...? (પણ) બાપુ ! નિશ્ચય તો આ છે. સત્ય તો આ છે; જેને વ્યવહારની અપેક્ષા નથી. નિશ્ચયસમ્યગ્દર્શન થવામાં, ભગવાનઆત્માનો અંદર અનુભવ કરીને પ્રતીત થવામાં જેને વ્યવહારજ્ઞાન અને વ્યવહારશ્રદ્ધાની પણ અપેક્ષા નથી; એ કોઈ આત્મા જ એવો છે; એમ કહે છે. વ્યવહાર હો. આત્માનું જ્ઞાન અતીન્દ્રિયથી થાય પછી પણ ઇન્દ્રિયથી સાંભળવું હોય, ઇન્દ્રિયથી જ્ઞાન થાય, મહાવ્રતનાં પરિણામ હોય, છતાં એ રાગ છે; એનાથી આત્માની શુદ્ધિની વૃદ્ધિ થાય એમ ત્રણકાળમાં નથી. સમજાણું કાંઈ ? આવી વાતું છે !

'જેમ ધુમાડા દ્વારા અગ્નિનું જ્ઞાન થાય; ગ્રહણ એટલે જ્ઞાન; તેમ લિંગ દ્વારા એટલે કે ઇન્દ્રિયગમ્ય દ્વારા અર્થાત્ ઇન્દ્રિયોથી જણાવાયોગ્ય ચિહ્ન દ્વારા' – જાણે કે આને બહુ આવડે છે ને, આ બોલે છે ને, હજારોમાં ભાષણ આપે છે; એવા ઇન્દ્રિયોના ચિહ્નથી, એ આત્મા, એને જાણવામાં આવે એવી ચીજ નથી. આહા...હા ! જેને ઇન્દ્રિયજ્ઞાન જે સાંભળવું–વાંચવું થયું; એ જ્ઞાનથી તે આત્મા જણાય એવો એ આત્મા નથી.

આ...હા ! આવી વાત આકરી પડે, ભાઈ ! એમાંય ભગવાન ! (આ) તો ભગવાનનો માલ છે; મુનિઓ તો આડતિયા તરીકે આપે છે. પોતે ભગવાનઆત્મા છે !

આહા...હા ! આત્મામાં પ્રભુત્વ નામનો એક ગુણ છે. જેમ જ્ઞાનગુણ છે (તેમ) અનંતગુણ–શક્તિ છે. તેમાં એક પ્રભુત્વ નામનો ગુણ છે. ૪૭ શક્તિનું વર્ણન આવી ગયું છે. એવો જે ભગવાનઆત્મા, પ્રભુત્વશક્તિવાળો ભગવાન; એ પોતાની જે પ્રભુત્વશક્તિ જે દ્રવ્ય–ગુણમાં છે; એ શક્તિ જ્યારે પર્યાયમાં વ્યાપે ત્યારે એ પ્રભુત્વનો – આત્માનો અતીન્દ્રિયજ્ઞાન દ્વારા અનુભવ

થાય; એવી ઈશ્વરશક્તિના પરિણમન દ્વારા આત્માનું ભાન થાય. પામરતા (એટલે કે) જે રાગની મંદતા, શુભ ઉપયોગ અને ક્રિયાકાંડ, એનાથી ભગવાન જણાય અને સમકિત થાય (એવું નથી). આત્માય એવો નથી. આહા...હા ! આકરું કામ છે.

'ઇન્દ્રિયોથી જણાવાયોગ્ય ચિહ્ન દ્વારા' જેનું ગ્રહણ–જાણવું થતું નથી '**તે અલિંગગ્રહણ છે.**' ઇન્દ્રિયો દ્વારા તો જાણે... મોટા ભાષણ કરતાં આવડે એ જાણે... મોટા ડૉક્ટર નાડ ઉપરથી જાણે... ધૂળેય નથી કાંઈ. એ આત્મા ન જણાય. એ તો એના (સાધન) દ્વારા ધબકારા કેટલા વાગે, એ જડને જાણે. એ દ્વારા આત્મા અંદર કોણ છે, એ (દાક્તરી સાધન) દ્વારા, એ (આત્મા) જણાય એવો નથી. જીવ એમાં (શરીરમાં) છે, એમાંથી નીકળ્યો નથી (એમ જાણે, પણ) 'જીવ કેવો છે' એવું ક્યાં જાણ્યું છે ? પલ્સ (નાડ) હાથ ન આવે તો કહે કે ભાઈ ! આ જીવ નીકળી ગયો લાગે છે; પણ 'જીવ કોને કહેવો ?' એ ક્યાં એને (ડૉક્ટરને) ખબર છે ? એ તો અહીં પલ્સ–નાડી હાથ આવતી નથી તો કહે કે અહીંથી (જીવ) નીકળી ગયો છે; પણ 'જીવ શું છે ?' એ એના દ્વારા જણાય એવો નથી.

'કરમસદ'ના એક પટેલ હતા. સંવત ૧૯૬૫--૬૬ની વાત છે. શીંગોના ઓળા ખાધા. રસોઈ ખાધી. આવીને બેઠા. હું આહાર કરીને ફરવા નીકળ્યો. પૂછ્યું : કેમ છો પટેલ ? (બોલ્યા :) અંતિમ તૈયારી છે. આ અંતકાળ છે. મેં કહ્યું : કંઈ નથી ને શું ? જમીને આવ્યા ને અહીં બેઠા છો ને ? તે બોલ્યો : શ્વાસ અહીં નાભિથી ઊઠી ગયો છે, હેઠે બેસતો નથી. આ છેલ્લી સ્થિતિ લાગે છે. ઇન્જેકશન આપ્યું એટલે શ્વાસ બેસી ગયો. આહા...હા ! એ જડની દશા જડને કારણે, જેટલું રહેવું હોય તેટલું રહે. ભગવાનઆત્મા પણ જેટલો કાળ ત્યાં રહેવાની યોગ્યતા હોય એટલો રહે. એ આયુષ્યને લઈને નહીં અને શરીરમાં નહીં. એ પર્યાયની જેટલી યોગ્યતા એટલો કાળ ત્યાં રહે. પણ એ પર્યાય દ્વારા આત્મા જણાય... એમ કે : મનુષ્યપણું મળ્યું છે, મનુષ્યદેહથી આત્માનું જ્ઞાન થાય, એ વાત ખોટી છે. મનુષ્યપણાની ગતિ છે, એને લઈને સમ્યગ્દર્શન થાય, એ વાત જૂઠી છે.

એ સંસ્કૃતના મોટા પ્રોફેસર, વકીલનું જ્ઞાન, એ તો કુજ્ઞાન છે. (શ્રોતા :) શાસ્ત્રના અર્થ કરી શકે ? (**ઉત્તર :**) અર્થ કરે તો પણ એ સમ્યગ્જ્ઞાન નથી. એ ઇન્દ્રિયથી કરેલા અર્થ છે. અંદર આત્મા આનંદનો નાથ છે. તેમાં જ્ઞાન છે. એ જ્ઞાનથી (એણે) જાણ્યું નથી. ઝીણી વાતો છે, બાપુ !

અમૃતચંદ્ર આચાર્ય મહારાજ ટીકા કરે છે ! એક 'અલિંગગ્રહણ'નાં વીસ અર્થ કરે છે. અક્ષરો 'છ'ને અર્થ વીસ ! દિગંબર સંતો કહે છે કે : ઇન્દ્રિયના ચિહ્ન દ્વારા કે આ આમ... થઈ ગયું ને માટે આ આત્મા છે, એમ જણાય એવું નથી. આહા...હા ! બીજી રીતે કહીએ કે : ઇન્દ્રિયનું જે જ્ઞાન છે, એ ઇન્દ્રિયના ચિહ્નથી જણાય... આમ આને ઉઘાડ છે... પણ એનાથી આત્મા જણાય એવું નથી. આહા...હા...હા !

પહેલાં ન જણાય... ન જણાય એમ આવે. પછી કેમ જણાય, એ આવશે. પહેલાં નાસ્તિથી વીસ બોલ છે. એના અર્થ વીસ છે. આ તો ઘણીવાર (વ્યાખ્યાન) થઈ ગયાં છે. છપાઈ ગયાં

છે. આ તો નવાં છાપવાનાં છે ને...!

આહા...હા ! ઇન્દ્રિયથી આમ જણાય છે ને...? ઓહોહો ! આને બોલતાં બહુ આવડે છે ને ધારાપ્રવાહ વાત કરે છે. અને શાસ્ત્રની વાત આમ કરે ત્યાં લોકોને શું આમ... શું આમ થઈ જાય છે. (પણ) એ ઇન્દ્રિયના ચિહ્ન દ્વારા 'આત્મા આવો છે' એમ ન જણાય. (**શ્રોતા** :) શાસ્ત્ર સાંભળવું કે ન સાંભળવું ? (**ઉત્તર** :) સાંભળવામાં વિકલ્પ હોય છે. પણ એ વિકલ્પ ને સાંભળવાથી થતા જ્ઞાન દ્વારા આત્મા જણાય એવો નથી. એવી વાતો છે, બાપુ ! (**શ્રોતા** :) જવાબ ન સમજાયો. (**ઉત્તર** :) કહ્યું ને...! સાંભળે એમાં વિકલ્પ–શુભરાગ છે. અને તે વખતે જે જ્ઞાનની પર્યાય થાય (તેમાં) એ શબ્દો નિમિત્ત છે. અને જ્ઞાન થાય છે તે શબ્દોનું જ્ઞાન છે; આત્માનું નહીં. એ 'સમયસાર' બંધ અધિકારમાં કહ્યું છે ને...! કે – જે કંઈ શાસ્ત્રજ્ઞાન છે એ શબ્દનું જ્ઞાન છે. શબ્દશ્રુત – સાંભળેલું–વાંચેલું જે કાંઈ જ્ઞાન – એ તો શબ્દનું જ્ઞાન છે. કેમકે જે જ્ઞાનમાં શબ્દનો આશ્રય છે, જે જાણવામાં શબ્દનો આશ્રય છે તેથી તે જ્ઞાનને શબ્દશ્રુત કહ્યું છે; આત્મજ્ઞાન નહીં. આહા...હા ! આવી વાતો ! – આને સાંભળનારા થોડા જ હોય.

આહા...હા ! આ શાસ્ત્ર તો ત્રણલોકના નાથ જિનેન્દ્રદેવ પરમાત્માની દિવ્યધ્વનિમાં આવેલા શાસ્ત્રોમાંહેની રચના છે. 'મુખ ૐકાર ધ્વનિ સુનિ અર્થ ગણધર વિચારે' – 'મુખ ૐકાર ધ્વનિ' ભગવાનને આવી (છદ્મસ્થ જેવી) વાણી ન હોય. કંઠ હાલે નહીં, જીભ હાલે નહીં, અંદરથી 'ૐ'... ધ્વનિ ઊઠે ! એ 'મુખ ૐકાર ધ્વનિ સુનિ' ગણધર (એટલે) સંતોનાં ટોળાંના ગણધર, ચાર જ્ઞાનના ધણી (એને) ચૌદ પૂર્વની લબ્ધિ; એ શાસ્ત્ર રચે; એ રચી, આગમ ઉપદેશે; ભવિકજીવ સંશય નિવારે. લાયક પ્રાણી હોય તે સંશય નિવારે, મિથ્યાત્વ નિવારે. 'બનારસીવિલાસ' નામનું પુસ્તક છે. એમાં આ શબ્દ–સ્તવન છે. આહા...હા ! ભગવાનને જાણવામાં જે આવ્યું, એ વાણી (દિવ્યધ્વનિ)માં પણ અનંતમા ભાગે આવે. અને વાણીમાં જે આવ્યું, તે સમજનાર (ગણધર)ને પણ અનંતમા ભાગે જણાય ! આહા...હા ! એવો જે આ ભગવાનઆત્મા એ જ્ઞાનનો દરિયો છે. જેમાં જ્ઞાનસાગર ઊછળે છે. 'જાણવું' જેનું સ્વરૂપ (છે). જેમાં અપરિમિત સ્વભાવ ભરેલો છે. એવો જે જ્ઞાનસ્વભાવી ભગવાન; એ ઇન્દ્રિયના ચિહ્નથી જણાય કે એના દ્વારા આત્મા જણાય, એવો આત્મા નથી. એટલે એમ કહે છે કે : ભાઈ સમવસરણમાં ભગવાનની વાણી સાંભળે છે; તો ઇન્દ્રિયના ચિહ્નથી એમ જણાણું કે, આ તો ભગવાનની વાણી સાંભળે છે. જેમ ધુમાડાથી અગ્નિ જણાણો તેમ આનાથી એ સાંભળે છે (તેનાથી જે જ્ઞાન થાય; પણ) તે કાંઈ (આત્મ)જ્ઞાન નથી. એવા સમવસરણમાં તો અનંતવાર ગયો. મહાવિદેહક્ષેત્રમાં અનંતવાર જન્મ્યો છે. ત્યાં ભગવાન તીર્થંકર તો કાયમ બિરાજે જ છે. (અરે ! એણે) કણેકણમાં મનુષ્યના અનંત ભવ કર્યા છે. સમવસરણમાં પણ અનંતવાર ગયો અને વાણી સાંભળી; પણ એ કંઈ (આત્મ)જ્ઞાન નથી. (**શ્રોતા** :) જ્ઞાનનું કારણ તો થાય ને...? (**ઉત્તર** :) બિલકુલ કારણ નથી. એ અહીંયાં કહે છે.

એ કહ્યું ને...! કુંદકુંદ આચાર્ય જેવા (કે જે) 'मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी; मंगलं कुंदकुंदार्यो जैनधर्मोऽस्तु मंगलम्।' ત્રીજે નંબરે (આવે છે,) કહે છે કે : આ 'નિયમસાર'મેં મારી ભાવના માટે બનાવ્યું છે. એ 'નિયમસાર'ની બીજી ગાથામાં એમ કહે છે કે : આત્માને

જે સમ્યગ્જ્ઞાન થાય કે આ સમ્યગ્દર્શન થાય કે સમ્યક્ચારિત્ર–નિર્મળ વીતરાગીદશા થાય તે પરમનિરપેક્ષ છે. પરની – વ્યવહારની કોઈ અપેક્ષા છે જ નહીં. તેથી (આ શાસ્ત્ર માટે) 'નિયમસાર' શબ્દ વાપર્યો છે. 'નિયમ' અર્થાત્ મોક્ષનો માર્ગ+ 'સાર' અર્થાત્ જેને ભેદ અને નિમિત્તની પણ અપેક્ષા નથી. (એટલે કે :) 'વિપરીતના પરિહાર અર્થે 'સાર' પદ યોજેલ છે.' – આ પાઠ કુંદકુંદાચાર્યનો છે. નિયમ એટલે મોક્ષનો માર્ગ. ભગવાનઆત્મા અંતર્ચિદાનંદ પ્રભુ; એ સ્વના આશ્રયે દર્શન, જ્ઞાન અને ચારિત્ર કરે; – એને 'સાર' કેમ કહ્યો કે : એને વ્યવહારરત્નત્રયના ભેદની પણ અપેક્ષા નથી. આહા...હા ! સમજાણું કાંઈ ? આવી વાતું !!

એ અહીંયાં કહ્યું : ઇન્દ્રિયોના ચિહ્નથી જણાય, એ દ્વારા, એને એ આત્મા ન જણાય; અને સાંભળનારને પણ એના દ્વારા ન જણાય; (કેમ કે : '**તે અલિંગગ્રહણ છે.**') સમજાણું કાંઈ ?

'**આ રીતે `આત્મા ઇન્દ્રિયપ્રત્યક્ષપૂર્વક અનુમાનનો વિષય નથી' એવા અર્થની પ્રાપ્તિ થાય છે.**' – 'અલિંગગ્રહણ'માંથી આવો અર્થ નીકળે છે. 'અલિંગગ્રહણ'નો એક એ અર્થ નીકળ્યો પહેલો કે : 'જેને ઇન્દ્રિયો દ્વારા જાણવું થતું નથી.' બીજો અર્થ : 'જેનું ઇન્દ્રિયો દ્વારા જ્ઞાન થતું નથી.' ત્રીજો : 'ઇન્દ્રિયપ્રત્યક્ષના વિષયથી તે જણાય એવો એ (આત્મા) નથી.' આવો ત્રીજો અર્થ 'અલિંગગ્રહણ'માંથી નીકળે છે.

એ ગાથા કુંદકુંદઆચાર્યની છે. અને ટીકા અમૃતચંદ્ર આચાર્યની છે. દિગંબર સંતો જંગલમાં વસતા. આનંદકંદમાં ઝૂલતા હતા. એને વિકલ્પ આવ્યો કે આ શાસ્ત્રના આવા અર્થ થાય તો ઠીક... એવો એને વિકલ્પ આવ્યા કરતો. એ કારણથી 'આ ટીકા' થઈ ગઈ છે. આહા...હા ! સમજાણું કાંઈ ?

એ અર્થ થયો ને...! ઇન્દ્રિયજ્ઞાન દ્વારા જેનું ગ્રહણ થતું નથી તે અલિંગગ્રહણ છે. આ રીતે આત્મા ઇન્દ્રિયપ્રત્યક્ષપૂર્વક – પણ મેં નજરે જોયું છે ને...? કાને સાંભળ્યું છે ને...? (પણ) ઇન્દ્રિયપ્રત્યક્ષપૂર્વક અનુમાનનો વિષય ભગવાનઆત્મા નથી. આ (માનવું) આકરું પડે. (પણ) શું થાય ? વ્યવહારની રુચિવાળાને તો બહુ આકરું પડે. (એ) એમ કહે છે કે : વ્યવહારથી ન થાય ? નિશ્ચયથી જ થાય અને વ્યવહારથી ન થાય (એમાં તો) 'એકાંત' થઈ જાય છે. અહીં તો કહે છે કે નિશ્ચયથી જ થાય અને વ્યવહારથી ન થાય એનું નામ 'અનેકાંત' છે. તું જે અનેકાંત કહે છે તે તો ફુદડીવાદ છે, એકાંતવાદ છે. સમજાણું કાંઈ ?

અર...ર ! હજુ તો પકડવું (જ કઠણ કે આ) શું શૈલી છે ? કઈ પદ્ધતિએ (આ) કહે છે એ જાણવું એને કઠણ પડે ! અંતરમાં અનુભવ કરવો એ તો મહા–અનંત પુરુષાર્થ છે, ભાઈ ! અનંતકાળમાં અનંતવાર દિગંબર સાધુ થયો, પંચમહાવ્રત પાળ્યાં, અગિયાર અંગનાં જ્ઞાન કર્યાં; પણ એનાથી આત્મા ન જણાણો. 'છહઢાલા'માં તો એમેય કહ્યું ને...! 'મુનિવ્રત ધાર અનંતબાર ગ્રીવક ઉપજાયો; પૈ નિજ આતમજ્ઞાન બિના, સુખ લેશ ન પાયૌ.' એ પંચમહાવ્રતનાં પરિણામ, વ્યવહાર સમિતિ–ગુપ્તિના ભાવ, એ બધું દુઃખ છે. આસ્ત્રવ છે, રાગ છે, દુઃખ છે. અરે ! આ વાત એમાં આવી કે નહીં ? 'મુનિવ્રત ધાર અનંતબાર ગ્રીવક ઉપજાયો.' નવમી ગ્રૈવેયક. એવો ભાવ તો અત્યારે હોય નહીં. (એવી) શુક્લ લેશ્યા ! શુક્લ ધ્યાન જુદું હોં ! શુક્લ લેશ્યા; આ

તો અભવિને પણ હોય. એવી શુક્લ લેશ્યા–ઊજળા ભાવ. પણ એ શુભભાવ છે, બંધનું કારણ છે. એવું અનંતવાર કર્યું. 'પૈ નિજ આતમજ્ઞાન બિના, સુખ લેશ ન પાયૌ.' એ પંચમહાવ્રતનાં પરિણામ, વ્યવહાર સમિતિ–ગુપ્તિનાં પરિણામ, એ બધા પરિણામ દુઃખરૂપ છે. 'આતમજ્ઞાન' અંદર આત્માનું સીધું–પરની અપેક્ષાવિના, અતીન્દ્રિયજ્ઞાન દ્વારા અંદર જ્ઞાન કરે તેને આનંદ થાય. 'જ્ઞાન' એને કહીએ કે જે આત્માના અવલંબને થાય. અને 'જ્ઞાન' એને કહીએ કે જેની સાથે અતીન્દ્રિયઆનંદનો આસ્વાદ આવે. – એ 'જ્ઞાન' છે ! ભાઈ ! પંચમહાવ્રત ને અગિયાર અંગ ભણ્યો તો ય, એ તો દુઃખ હતું. પરાવલંબીજ્ઞાન એ તો દુઃખ હતું. અને સ્વાવલંબીજ્ઞાનમાં પરાવલંબીજ્ઞાનની કોઈ અપેક્ષા નથી. એવો ભગવાન(આત્મા) નિરપેક્ષ વસ્તુ ! અને એનું દર્શન, જ્ઞાન ને ચારિત્ર પણ એ પરની અપેક્ષાવિનાની ચીજ છે ! સમજાણું કાંઈ ?

આત્મદર્શન–જ્ઞાન–અનુભવ થાય છતાં એ વસ્તુમાં (નિરવશેષ) ઠરી શકે નહીં તો એને દયા, દાન, વ્રત, ભક્તિ(રૂપ) શુભભાવ આવે, પણ તે બંધનું કારણ છે. (શુભભાવ) આવે ખરો. પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી એ ભાવ આવે, પણ એ ભાવથી કલ્યાણ થાય, એ ભાવથી આત્માની શુદ્ધિ વધે એમ નથી. આહા...હા ! આવું (વસ્તુ) સ્વરૂપ છે !

ભગવાન(આત્મા) અતીન્દ્રિયઆનંદનો ડુંગર છે. એ ડુંગરમાં નજર પડતાં જેમ પાણી ઝરે તેમ અતીન્દ્રિયજ્ઞાન અને અતીન્દ્રિયઆનંદ ઝરે; એને જ્ઞાન ને સમકિત ને ચારિત્ર કહીએ. આહા...હા ! સમજાણું કાંઈ ? 'સમજાણું કાંઈ'નો અર્થ : સમજાય એ તો સમજાય... પણ કઈ પદ્ધતિથી કહેવાય છે એની ગંધ આવે છે ?

અરે...રે ! 'રત્નકરંડશ્રાવકાચાર'માં નરકનાં (દુઃખની) વ્યાખ્યા આવી છે ને...! પ્રભુ ! એક વાર સાંભળ. નરકના દેહ છે. એવા નરકના દેહ અનંતવાર મળ્યા. નરકના અનંત ભવ કર્યાં. આ ભવ પહેલાં, ભવ...ભવ...ભવ...ભવ...ભવ...ભવ...ભવ... એમ, અનંત ભવ. કોઈ દી' ભવ વિનાનો રહ્યો નથી. એવા ભવમાં નરકના પણ તેં અનંતા ભવ કર્યાં છે. નરકમાં જઘન્ય દશ હજાર (વર્ષ)ની સ્થિતિ, એવા એ અનંતા ભવ. દશ હજાર ને એક સમયની સ્થિતિના અનંતા ભવ. દશ હજાર ને બે સમયના અનંતા ભવ. એમ સમય વધારતાં વધારતાં મિનિટ ને જતાં જતાં પલ્યોપમ લઈ જવું. એ દરેક સમય સમયના અનંતા ભવ કર્યાં છે, ભાઈ ! એમ ત્રિલોકનાથ સર્વજ્ઞ વીતરાગ જણાવે છે. ભાઈ ! એવા એક સાગર સુધી તો પહેલી નરક. પછી એક સાગરથી ત્રણ સાગર બીજી નરક. એક સાગર ને એક સમયના પાછા અનંતા ભવ. એક સાગર ને બે સમયના અનંતા ભવ. (એમ દરેક નરકની દરેક સ્થિતિના અનંતા ભવ કર્યાં.) એની આદિ ક્યાં છે ? બાપા ! આદિ ક્યાં છે ? કાળની આદિ ક્યાં છે ? ભાઈ ! તારા કાળની કોઈ આદિ છે ? એવો અનાદિ...અનાદિ...અનાદિ...અનાદિ...અનાદિ...અનાદિ – અનંત...અનંત... અનંત...અનંત...અનંત...અનંત (તું છો). (અને) પ્રભુ ! તેં નરકના એવા અનંતા ભવ કર્યાં છે, ભાઈ ! અને પશુના પણ અનંતા ભવ કર્યાં છે. મનુષ્યનાય અનંત અને સ્વર્ગના પણ અનંત. નવમી ગ્રૈવેયકના પણ અનંત ભવ કર્યાં છે. આહા...હા ! એમાં ('આત્મધર્મ'માં) લખ્યું છે. એ આજે આવ્યું છે કે : નારકીના ક્ષણનાં દુઃખને ક્રોડો જીવ, ક્રોડો ભવથી, ક્રોડો જીભથી ન કહી

શકાય; પ્રભુ ! એવું દુઃખ છે. આહા...હા ! નરકભૂમિની સામગ્રી અને નારકીઓનું વિકરાળરૂપ જેવું છે તેવું જો કોઈને એકક્ષણ પણ સ્વપ્નમાં દેખાડે તો તે ભયથી પ્રાણરહિત થઈ જાય. અહીં તો દુઃખ છે જ ક્યાં ?? અબજોપતિનો પચીસ વર્ષનો રાજકુમાર અને તે દિવસના એના લગ્ન હોય, ક્રોડ રૂપિયા ખરચ્યા હોય, એને સાંજના પહેલી રાત ભોગ પહેલાં તાતાની ભઠ્ઠીમાં જીવતો નાખે અને જે પીડા થાય, એનાથી અનંતગણી પીડા પહેલી નરકમાં દશ હજાર (વર્ષ)ની સ્થિતિએ છે. અરે પ્રભુ ! તું ક્યાં રહ્યો એ તને ખબર નથી ! એ કહે છે જુઓ : જો એ દુઃખનો ખ્યાલ સ્વપ્નમાં પણ આવી જાય તો તે ભયથી પ્રાણરહિત થઈ જાય ! નારકીઓના દેહનો એક કણ પણ જો અહીં આવે તો એની દુર્ગંધથી હજારો પંચેન્દ્રિય જીવો મરણ પામે ! પ્રભુ ! તેં આવા ભવ, મિથ્યાશ્રદ્ધાને લઈને કર્યાં છે. મિથ્યાદૃષ્ટિ(પણા)માં અશુભભાવ આકરા થયા તો આ નરકમાં ગયો. મિથ્યાદૃષ્ટિમાં કંઈક રાગની મંદતા–શુભ કરી તો સ્વર્ગમાં ગયો. બધી ગતિ દુઃખ(રૂપ) છે. નારકીઓના શબ્દ એવા ભયંકર અને કઠોર છે કે જો અહીં સાંભળવામાં આવે તો હાથીઓના અને સિંહોના હૃદય ફાટી જાય. સિંહની ગર્જનાથી હાથીનાં કાળજાં ફાટે. એ નારકી દુઃખથી રાડ નાખીને રોવે... એની એ રાડ સાંભળીને હાથીનાં કાળજાં અને સિંહના કાળજાં ફાટી જાય ! બાપુ ! ત્યાં અનંતીવાર ગયો. ભાઈ ! તું ભૂલી ગયો. આહા...હા ! જન્મ્યા પછી છ મહિના–બાર મહિના પછી (તને) શું થયું... ખબર છે ? (– નથી. તો) તેથી (તે) નહોતું ? ખબર નથી માટે નહોતું... એમ કોણ કહે, પ્રભુ ? આહા...હા ! જન્મ્યા પછી છ મહિના–બાર મહિના માએ ક્યાં ધવરાવ્યો–સુવરાવ્યો ક્યાં ખબર છે ? – ખબર નથી એટલે નહોતું ? એમ અનંતા ભવ કર્યાં, એની ખબર નથી, માટે નહોતા ? ભાઈ ! એમ કોણ કહે ? સમજાણું કાંઈ ? નરકમાં જે દુઃખદાયક સામગ્રી છે એનો સ્વભાવ દેખાડવા કે અનુભવ કરાવવા, સમસ્ત મધ્યલોકમાં કોઈ વસ્તુ નથી. એને કોઈ ઉપમા – કોની દેવી ? – એટલું દુઃખ છે, બાપુ ! કહે છે કે : મધ્યલોકમાં કોઈ એવી દુઃખની દશા નથી કે જેની ઉપમા આપીને નરકના દુઃખનું વર્ણન કરીએ. બાપુ ! ભૂલી ગયો તું ભાઈ ! આ બધા ભવ, એ મિથ્યાદૃષ્ટિને લઈને થાય છે. ઇરાકમાં મોટો રાજા છે ને...? એને એક કલાકની દોઢ કરોડની પેદાશ છે. તે પરણ્યો. પહેલી રાતે કરોડ રૂપિયા ખર્ચ્યા. એ બધા હેઠે–નરકે જવાના. અને એક બીજો મોટો દેશ છે; એને તો વળી એક દિવસની અબજોની પેદાશ છે. (પણ તેથી શું ?) એવું તો અનંતવાર થયું, પ્રભુ ! આહા...હા ! નરકમાં જે દુઃખ છે. તે કોઈ કરોડો જીભ વડે, કરોડો વર્ષ સુધી કહે તોપણ એકક્ષણમાત્રના દુઃખને કહેવા સમર્થ નથી. એમ કહીને (કરુણાથી કહે છે :) હવે, ભવના દુઃખથી ખસી જા પ્રભુ !

આહા...હા ! બાપુ ! એ ભવના જાણપણાથી પણ તને જ્ઞાન ન થાય. એવા દુઃખો સાંભળીને જ્ઞાન થાય એ જ્ઞાન નહીં. આ તો પરમાત્મા ભગવાન એવો છે ! પરમાત્મા જિનેદ્રદેવની વાણીમાં કથન આવ્યું કે : જે રાગ અને ઇન્દ્રિયજ્ઞાન વિનાનું, અંતરમાં સ્વને પકડવાનું જે અતીન્દ્રિયજ્ઞાન; એના દ્વારા (ભગવાનઆત્મા) જણાય છે; એના દ્વારા એને સમકિત થાય એવું છે. અને એના દ્વારા એનું જ્ઞાન થાય એવું છે. આ રીત અને પદ્ધતિ છે, પ્રભુ !

લોકો ગમે તે કહે ! અનેક વાતો બધી કાને સાંભળી છે ને...! કહે કે એ સોનગઢનું બધું

એકાંત છે. કહે, બાપુ ! કહો ભાઈ ! આહા...હા ! ભાઈ ! અહીં તો તારા ભવના ત્રાસને છોડાવવાની વાતું છે. સ્વર્ગમાં જશે તો વળી પાછો ત્યાંથી મરીને તિર્યંચમાં – નરકમાં જશે. બાપુ ! ભવભ્રમણ ઊભાં છે બાપા !

એ તો અતીન્દ્રિયજ્ઞાનની વર્તમાન દશા, એ વ્યવહાર–નિમિત્તની અપેક્ષા વિનાનું જે જ્ઞાન, નિર્મળ થઈને અંતરમાં જાય (અર્થાત્) આત્મામાંથી જ્ઞાનની દશા આવે તે જ્ઞાન; એને અહીંયાં સમ્યગ્જ્ઞાન અને મોક્ષના માર્ગનું જ્ઞાન કહેવામાં આવે છે. આહા...હા ! આટલી શરતો.

– એ ત્રીજો બોલ થયો. (હવે,) ચોથો આવશે.

❀ ❀ ❀

ઇન્દ્રિયજ્ઞાનના જેને રસ ચઢ્યા છે તેને અતીન્દ્રિયજ્ઞાન થતું નથી.

❀

દુનિયાની વાતનો રસ જેને હોય તેને આ વાત બેસવી કઠણ લાગે છે અને જેને આ વાતનો રસ લાગી જાય છે તેને બીજામાં રસ લાગતો જ નથી. એમ જેને ઇન્દ્રિયજ્ઞાનથી રસ ચડ્યો છે તેને અતીન્દ્રિય જ્ઞાન પ્રગટ થતું નથી. જેમ રાગ એ વ્યભિચાર છે તેમ ઇન્દ્રિય જ્ઞાનનો રસ એ વ્યભિચાર છે.

**પ્રવચન : ૧૦-૧૨-૧૯૭૭**

('પ્રવચનસાર' ગાથા – ૧૭૨ની ટીકા.) સૂક્ષ્મ વિષય છે સરસ ! ત્રણ બોલ તો ચાલ્યા ને...! પહેલામાં એમ કહ્યું કે : પ્રભુ ! આ આત્મા છે, એ જ્ઞાયક.... જ્ઞાયક છે, એ ઇન્દ્રિયો વડે જાણનારો નથી. જ્ઞાયક ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ છે. જેને ઇન્દ્રિયો વડે જાણવું થતું નથી. અતીન્દ્રિયજ્ઞાનથી જાણવું થાય છે. એમ અહીં આવ્યું. (આજે) ચોથો બોલ છે ને...!

શું કહે છે ? કે : '**બીજાઓ વડે માત્ર લિંગ દ્વારા જ જેનું ગ્રહણ થતું નથી.**' પોતાથી (એટલે કે) અનુમાનથી (પોતે) જાણવાલાયક નથી એમ એમાં નથી કહ્યું. (જેણે) આત્મા પ્રત્યક્ષ (થયેલ) હોય (એવા) બીજાઓ વડે પણ અનુમાન દ્વારા જાણવામાં આવી શકે છે; કેવળ અનુમાનથી નહીં. (આત્મા) પ્રત્યક્ષ થયો હોય (ત્યારે તે) બીજાને પણ અનુમાનથી જાણે. (પરંતુ) બીજાઓ વડે કેવળ અનુમાનથી જ જણાય એવો આત્મા નથી. ઝીણી વાતું છે !

પહેલામાં તો એમ કહ્યું કે : જે જ્ઞાયક છે ચૈતન્યસ્વરૂપી ભગવાનઆત્મા; એ ઇન્દ્રિય દ્વારા જાણનારોય નથી. એ તો અતીન્દ્રિયજ્ઞાનથી જાણી શકાય એવો છે. અતીન્દ્રિયજ્ઞાનથી જાણવું કરી શકે એવો છે. પોતાને જાણી શકે છે, એ પછી. આવી વાત છે !

જેને સમ્યગ્દર્શન થાય છે, એ આત્માને અંદર પ્રત્યક્ષ (અનુભવે છે). 'જ્ઞાનની અપેક્ષાએ પ્રત્યક્ષ' એક અપેક્ષાએ કહેવાય છે. – એક અપેક્ષાએ (એટલે કે) આનંદની અપેક્ષાએ. (પરંતુ) અનુભવજ્ઞાનની અપેક્ષાએ, આનંદની અપેક્ષાએ તેને પ્રત્યક્ષ કહેવામાં આવે છે. (મતિ–શ્રુત) જ્ઞાન છે એ તો પરોક્ષ છે. છતાં, એને જ્ઞાનમાં જે આનંદ–આત્માને સમ્યગ્દર્શન થતાં જે આત્માના અતીન્દ્રિયઆનંદ–નો સ્વાદ આવે, તે કંઈ પરોક્ષ નથી. એ અપેક્ષાએ (આત્મા) જ્ઞાનથી પણ પ્રત્યક્ષ થઈ શકે; એ આનંદની અપેક્ષાએ કહેવામાં આવે છે. એ ટોડરમલજીએ 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં નાખ્યું છે, ભાઈ ! ત્યાં એમ કહ્યું : અનુમાનથી જણાવાલાયક છે. ત્યારે શિષ્યે પ્રશ્ન કર્યો કે : અનુભવ પ્રત્યક્ષ છે, એમ કીધું છે ને...? અનુભવ એ આનંદની અપેક્ષાએ; અનુમાનથી નથી. આનંદ પોતે પોતાને વેદે છે. આહા...હા ! અથવા જે આગમથી–અનુમાનથી જાણ્યું એ પોતાના વર્તમાન પરિણામને આત્મામાં મગ્ન કરે છે. ત્યાં એમ છે. ઝીણી વાત બહુ, બાપુ ! જે પરિણામ પર તરફ વળેલ છે; તે પરિણામને–સમ્યગ્દર્શન થવામાં – અંદરમાં – આત્મામાં મગ્ન કરે છે. વસ્તુ તરફ મગ્ન કરે છે. એ જે પરિણામ છે તે નિર્મળ છે. ત્યારે આત્મા જાણવામાં આવે છે. આવી વાત છે !

અત્યારે લોકોને આકરું પડે છે. લોકોએ (સોનગઢનો) બહિષ્કાર કર્યો છે ને....? એના વિરોધનો એક મોટા વિદ્વાનનો મોટો લેખ છે. ખૂબ લખ્યું છે : તમે આ શું કરો છો ? કોને કોને (બહિષ્કાર) કરશો ? તમને (સાચા ત્યાગી) માને અને આહારપાણી (આપે) એને જ (સાચા) દિગંબર જૈન કહેશો ? આહા...હા ! બાપુ ! મારગડા જુદા (છે). અત્યારે ચાલતો પ્રવાહ (જુદો છે). અત્યારે

તો એમ કે : વ્રત કરો ને ઉપવાસ કરો ને તપસ્યા કરો ને; એનાથી આત્મા જણાય. (પણ) એ દૃષ્ટિ જ તદ્દન વિપરીત છે. શ્રદ્ધા જ વિપરીત છે. ઝીણી વાત પડે... (પણ) શું થાય ?

અહીં પહેલાંમાં તો એ કહ્યું કે : ભગવાન જ્ઞાયક–જાણનારો છે ને...! એ જાણનારો પરને લિંગ–ઇન્દ્રિયો દ્વારા જાણે, એમ નથી; એ તો અતીન્દ્રિયજ્ઞાનમય છે; અતીન્દ્રિયજ્ઞાનથી પરને જાણે સ્વને જાણવું (એમાં) આવી જાય છે.

'પોતે પોતાને અનુમાનથી ન જાણે' એ ચોથા બોલમાં આવતું નથી એ બોલમાં : 'બીજાઓ વડે કેવળ અનુમાનથી જ જેનું જાણવું થતું નથી' એવું આવ્યું. પણ 'પોતાને અનુમાનથી જાણી શકે નહીં' એવું એમાં ન આવ્યું. એટલે એ (આત્મા)નું જ્ઞાન અનુમાનથી થતું નથી. જેને બીજાનું જ્ઞાન ઇન્દ્રિયો દ્વારા થાય, એવો આત્મા નથી. અરે ! આવી વાતો છે.

એ જ્ઞાનસ્વરૂપી ભગવાન, એ જ્ઞાનની વર્તમાન પર્યાયમાં ઇન્દ્રિય દ્વારા પરને જાણે એવો એ આત્મા નથી. એ તો અતીન્દ્રિયજ્ઞાનમય હોવાથી બીજાને પણ અતીન્દ્રિયજ્ઞાનથી જાણે. 'અતીન્દ્રિયજ્ઞાનથી જાણે' તો એમાં આવી ગયું કે પોતે પણ અતીન્દ્રિયજ્ઞાનથી જણાય. સમજાણું કાંઈ ?

એ બીજા બોલમાં આવ્યું કે : 'જણાવાયોગ્ય એવા જેનું લિંગ વડે એટલે કે ઇન્દ્રિયો વડે ગ્રહણ થતું નથી.' એનો અર્થ એ એમાં આવી ગયો : 'એકલા અનુમાનથી આત્મા જાણી શકાય એવો આત્મા નથી.' એ તો, જ્ઞાનની વર્તમાન પર્યાયને અંદર લીન કરે એટલે (આત્મા) પ્રત્યક્ષ થાય ત્યારે તે જાણી શકાય એવો છે. અરે ! આવી વાતું છે. બાપુ ! મારગ 'આ' છે ! ઝીણી વાત છે ને બાપુ !

ભગવાન(આત્મા) જ્ઞાનનો સાગર, એ અતીન્દ્રિયજ્ઞાનસ્વરૂપ છે અને અતીન્દ્રિયજ્ઞાનસ્વરૂપ હોવાથી, પરને ઇન્દ્રિય દ્વારા જાણે એવો એ નથી. એ તો એને અતીન્દ્રિયજ્ઞાનથી જાણવું થાય છે. જાણવું થાય છે એને. જણાય છે, એ બીજા પક્ષમાં.

આ તો પ્રશ્ન કેમ ઊઠ્યો હતો : ચોથામાં એમ આવ્યું છે ને કે : 'બીજાઓ વડે માત્ર લિંગ દ્વારા જેનું ગ્રહણ થતું નથી' તો પછી 'પોતે પણ લિંગ દ્વારા, અનુમાન દ્વારા ગ્રહણ થતું (પોતાને જાણતો) નથી' એ એમાં કેમ ન આવ્યું ? એ બીજામાં આવી જાય છે. બીજી રીતે કોઈ ન્યાય હોવો જોઈએ ને...? પાછો ન્યાય નીકળવો જોઈએ ને...? આ તો ઝીણી વાતો બહુ, ભાઈ !

આહા...હા ! બીજામાં એમ કહ્યું કે : 'જાણવાયોગ્ય એવા જેનું લિંગો વડે એટલે કે ઇન્દ્રિયો વડે ગ્રહણ થતું નથી.' (એ) એમાં આવી જાય છે. એટલે પોતે ઇન્દ્રિયો વડે જણાવાયોગ્ય નથી. પહેલામાં : ઇન્દ્રિયો દ્વારા પરને જાણનારો નથી. હવે, આ તો ઇન્દ્રિય દ્વારા પોતે જણાવાલાયક નથી. આ જરી એક અક્ષરના ફેરમાં આટલો બધો ફેર છે.

અહીં તો મારે ચોથા બોલમાં એમ કહેવું હતું : બીજાઓ વડે 'કેવળ અનુમાનથી જ જણાવાયોગ્ય નથી' એમ શબ્દ છે. – બીજાઓ માત્ર અનુમાનથી જ આત્માને જાણે એવો આત્મા નથી. બીજાઓ...હોં ! પણ પોતે કેવળ અનુમાનથી જાણે... એવું પછી એમાં ક્યાં આવ્યું ? (**શ્રોતા** :) પ્રત્યક્ષ હોય એને જણાય ? (**ઉત્તર** :) એ આમાં આવી ગયું. એ બીજામાં કે : કેવળ ઇન્દ્રિયથી

જણાવાલાયક આત્મા નથી. એમ તદ્દન અનુમાનથી પણ જણાવાલાયક આત્મા નથી.

ત્યાં 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં એમ કીધું છે : જ્ઞાન છે તે આત્મા. અને આત્મા છે તે જ્ઞાન. **જ્યાં જ્યાં જ્ઞાન ત્યાં ત્યાં આત્મા. અને જ્યાં જ્યાં આત્મા ત્યાં ત્યાં જ્ઞાન.** એમ અનુમાન કરીને પર્યાયને સ્વરૂપમાં લીન કરવી ! અરે...રે ! આવી વાતો છે, બાપુ ! ઝીણું બહુ, ભાઈ !

આહા...હા ! 'જણાવાયોગ્ય એવા જેનું લિંગો વડે એટલે કે ઇન્દ્રિયો વડે જાણવું થતું નથી...' આ રીતે આત્મા ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય નથી.' (બીજો બોલ.) એમાં પેટામાં એક ન્યાયે આમ આવી જાય છે કે : તે કેવળ અનુમાનનો પણ વિષય નથી. સમજાણું કાંઈ ? હવે, આપણે આજ ચોથો બોલ છે :–

**બીજાઓ વડે –** બીજાઓ પ્રત્યક્ષ થઈને અનુમાનથી જાણે; પણ જેને પ્રત્યક્ષ થયો જ નથી એવા '**બીજાઓ વડે કેવળ અનુમાનથી આત્મા જણાવાલાયક નથી.**'

આહા...હા ! ધીમેથી સાંભળવું. આ તો, બાપુ ! અંદરની વાતો ઘણી ઝીણી. મૂળ – પ્રથમ સમ્યગ્દર્શનનો વિષય જ સૂક્ષ્મ. સમ્યગ્દર્શન નિર્વિકલ્પ. એનો વિષય નિર્વિકલ્પ, પૂર્ણ, અભેદ, અખંડ. એનો વિષય પર્યાય ય નહીં, ગુણભેદે ય નહીં.

અહીંયાં એમ કહે છે કે : આત્મા કેવળ અનુમાનથી જાણી શકાય નહીં... એવું આમાં ક્યાં આવ્યું ? એમાં તો 'બીજાઓ વડે' એમ આવ્યું. ચોથા બોલમાં છે ને...! તે પણ 'બીજાઓ વડે માત્ર લિંગ દ્વારા' ...એમ, બીજાઓ વડે એકલા અનુમાન દ્વારા (જેનું ગ્રહણ થાય) એવો એ આત્મા નથી. આ...રે ! આવી વાતું... હવે ક્યાં... નવરાશ ન મળે ને ! આહા...હા ! સમજાણું કાંઈ ?

'બીજાઓ વડે' એમ છે ને...! પોતા વડે પોતાને અનુમાનથી જણાવાયોગ્ય નથી, એમ આમાં ન આવ્યું. ચોથા બોલમાં. અનુમાન છે કે, આ જ્ઞાન તે આત્મા. અને આ આત્મા તે જ્ઞાન. – એને અનુમાન કહે છે ને...! પણ એ અનુમાન કરીને પછી પરિણામ અંતર્લીન થાય ત્યારે તે જાણવામાં આવે.

આહા...હા ! આવી વાતો ઝીણી. પ્રથમ સમ્યગ્દર્શનની વાત જ બહુ ઝીણી છે, બાપુ ! એમાં જ આખા વાંધા અત્યારે ઊઠયા છે ને...!

અહીંયાં તો આત્મા વસ્તુ છે. એને જ્યાં સુધી પ્રત્યક્ષ કરીને જાણે નહીં ત્યાં સુધી તે સમ્યગ્દૃષ્ટિ નથી. અને તે સમ્યગ્દૃષ્ટિ નથી તો પછી તે ગમે તેટલા વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા(ના) ભાવ કરે (તોપણ) તેને ધર્મ નથી. એવી વાત છે !

આ તો પ્રશ્ન મગજમાં શું ઊઠ્યો હતો કે : 'બીજાઓ વડે માત્ર લિંગ દ્વારા જ' ... પણ 'પોતા વડે માત્ર લિંગ દ્વારા જ'... જણાવાયોગ્ય નથી... એમ આમાં ન આવ્યું ? એ પ્રશ્ન પહેલે હમણાં મૂક્યો હતો.

આહા...હા ! પોતે પણ એકલો અનુમાન – રાગથી તો જણાવાયોગ્ય નથી; ઇન્દ્રિયથી જણાવાયોગ્ય નથી; તેમ ઇન્દ્રિયથી, આ સાંભળવું આદિ એનાથી, થતું જ્ઞાન (અર્થાત્) જ્ઞાન તો પર્યાયમાં પોતાથી થાય છે પણ સાંભળવું આદિ જે આ નિમિત્ત છે (એને લક્ષે) થતું જ્ઞાન, ભલે એ પોતાથી થયું પણ એ જ્ઞાન – દ્વારા પણ (આત્મા) જણાવાલાયક નથી. ભાઈ ! અહીંયાં બધું

આકરું કામ છે. (**શ્રોતા** :) સહેલામાં મળી જાય એવો કોઈ રસ્તો ? (**ઉત્તર** :) આ સહેલામાં સહેલો જ રસ્તો છે ! (માત્ર) અનુમાનથી નહીં (પણ) અનુમાન થઈને પછી પરિણામને અંદર લીન કરે. જ્ઞાની બીજાને પ્રત્યક્ષવિના ઓળખાય નહીં, એમ કહે છે. (**શ્રોતા** :) પોતે પોતાને પ્રત્યક્ષ જાણે છે ? (**ઉત્તર** :) એકલો અનુમાન કરીને નહીં; એકલા અનુમાનથી બીજાને ઓળખે નહીં; એમ કહે છે. આહા...હા !

પાંચ વર્ષનો છોકરો. ઘોડે બેસી પહાડ ઉપર જતો હતો. ઘોડો લપસ્યો. નીચે મોટી ખીણ ઊંડી. ઘોડો અને છોકરો ખીણમાં ખલાસ. કોઈ પહોંચે નહીં ત્યાં. સુકાઈને બેય મરી ગયા હશે. આહા...હા ! આવી રીતે એનાં મરણ અનંતવાર થયાં. એણે મિથ્યાત્વને ટાળવા પ્રયત્ન કર્યો નહીં. બીજા બધા પ્રયત્ન કર્યાં : વ્રતના ને તપના ને ભક્તિના ને પૂજાના – એ ભાવ તો બધો સંસાર છે ! આહા...હા...હા...!

અહીંયાં કહે છે કે : બીજાઓ વડે માત્ર અનુમાન દ્વારા... હોં ! જેને આત્મા પ્રત્યક્ષ થયેલો છે, એવા બીજાઓ વડે અનુમાનથી – આત્મા છે, આ ભવી છે, આ સમકિતી છે એમ – જાણવામાં આવી શકે, એ 'ધવલ'માં આવ્યું છે. 'સર્વાર્થસિદ્ધિ'માં (પણ) એમ આવ્યું છે કે : આ જીવ કાઠિયાવાડી છે કે દક્ષિણી છે, એમ પહેલો અવગ્રહ કરે, પછી વિચાર કરે, પછી નિર્ણય કરે, અને પછી ધારણા રાખે. પણ 'ધવલ'માં તો એવું આવ્યું છે કે : આ જીવ ભવી છે કે અભવી ? – એને મતિજ્ઞાન દ્વારા પકડતાં... એને સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર છે. અહીંયાં તો આપણે 'બીજા વડે'ની વાત છે ને...? તો ત્યાં ('ધવલ'માં) એમ કહે છે કે : એને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર છે એવું બીજાઓ જાણી શકે છે. અને એના દ્વારા 'આ ભવી છે' એમ નક્કી થઈ શકે છે. આહા...હા ! શું કહ્યું ? કે : 'ધવલ'માં એમ કહ્યું કે : બીજાઓ વડે એ જાણી શકાય છે. પણ કેવી રીતે ? 'ધવલ'માં એમ આવ્યું છે કે : મતિજ્ઞાનમાં બીજાનો વિચાર કરતાં 'આ જીવ ભવી છે કે અભવી' – એનો નિર્ણય કરતાં : એ જીવ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની છે, એવું એને મતિજ્ઞાનમાં જણાઈ જાય છે અને તેથી તે જીવ ભવી છે, એમ એનો નિર્ણય થઈ જાય છે. એમ અનુમાનથી નિર્ણય કરે છે. પણ પ્રત્યક્ષ થયેલો છે એને. આહા...હા...હા...! ઝીણી વાતું બહુ, બાપુ !

અરે ! લોકોને તત્ત્વની ખબર ન મળે અને એમ ને એમ (માને કે અમે) આ ધર્મ કરીએ... ધર્મ કરીએ ! (પણ) ક્યાં ધર્મ, બાપા ? શુભભાવ – દયા, દાન, વ્રત, ભક્તિ – એ બધો રાગ છે. પરસન્મુખની એની દિશા જ પર ઉપર છે.

અહીં જ્યાં ચૈતન્ય ભગવાન અસ્તિપણે મોજૂદ ચીજ, પૂર્ણાનંદ પ્રભુ; ત્યાં પર્યાયને લીન કરીને, (અર્થાત્) (જે) પરતરફ દિશા હતી તેને – સ્વતરફ–સ્વદશાવાનમાં લીન કરીને, (એટલે કે) જે પર્યાય પરતરફની દિશાના વલણવાળી હતી એ તો ગઈ (વ્યય થઈ), હવે, એની પર્યાય જે નવી (ઉત્પાદ) થઈ (અને) અંતરમાં વળી, એને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર થાય. – એવા સમ્યગ્દૃષ્ટિ–જ્ઞાન–ચારિત્રવંત, બીજાઓ વડે, એકલા અનુમાનથી જણાય નહીં. સમજાણું કાંઈ ? એ તો પોતપોતાને આત્મા જ્ઞાનપ્રત્યક્ષ થયો હોય (અર્થાત્) રાગથી ભિન્ન પડી અને જ્ઞાનસ્વરૂપી ભગવાનનું જ્યાં વેદન, આનંદનું વેદન થયું છે અને જ્ઞાનમાં આત્મા પ્રત્યક્ષ – પરની અપેક્ષાવિના –

જેને જણાણો છે, એને (જાણનારને), પોતાનો આત્મા પ્રત્યક્ષ થયો, વેદનમાં આવ્યો હોય એને – જણાયો, તે પ્રત્યક્ષસહિત, અનુમાનથી બીજાને જાણી શકે. ઝીણું (કથન) બહુ, બાપુ ! આવી વાતો છે !! (**શ્રોતા** :) સ્વાનુભવપ્રત્યક્ષ થઈ ગયા (પછી) ? (**ઉત્તર** :) હા. એ અનુમાનથી પછી પરને જાણે. પરનું (જ્ઞાન) પ્રયત્યક્ષ કહ્યું નથી. આહા...હા ! સમજાણું કાંઈ ? સૂક્ષ્મ વિષય છે, ભાઈ ! થોડો આવી ગયો અંદર. 'ધવલ'નું આવી ગયું મગજમાં. આમ તો 'સર્વાર્થસિદ્ધિ'માં અને 'તત્ત્વાર્થરાજવાર્તિક'માં અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા (વિષે આવે છે ત્યાં કહે છે કે :) આ પુરુષ દક્ષિણી છે કે કાઠિયાવાડી ? પછી વિચાર કરે કે : ના... આ તો દક્ષિણી છે એ વિચાર. પછી નિર્ણય. અને પછી ધારણા. ત્યાં સુધી આવ્યું. છે. અહીંયાં તો એ લીધું છે કે : આ જીવ ભવી છે કે અભવી ? તે ભવી જીવને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રનું પરિણમન છે, એને લઈને 'એ ભવી છે' એમ બીજો પણ મતિજ્ઞાન દ્વારા નિર્ણય કરી શકે છે. આહા...હા ! આવી વાતું !!

(અહીંયાં) કહે છે : બીજાઓ વડે માત્ર અનુમાનથી – બીજાઓ વડે માત્ર લિંગ દ્વારા જ– જેનું ગ્રહણ થતું નથી '**તે અલિંગગ્રહણ છે.**' એમ છે ને...! તે આત્મા; એને અલિંગગ્રહણ કહેવામાં આવે છે.

'**આ રીતે આત્મા અનુમેયમાત્ર (કેવળ અનુમાનથી જ જણાવાયોગ્ય) નથી.**' આ તો 'બીજાઓ વડે' શબ્દ નાખ્યો છે ને અહીંયાં ! એટલે બીજાઓ વડે કેવળ અનુમાનથી જ જણાવાયોગ્ય નથી. નહીંતર તો કેવળ અનુમાનથી જ પોતાનો આત્મા પણ જણાવાયોગ્ય નથી, એ આમાંથી નથી નીકળતું; એ નીકળે છે બીજા (બોલ)માંથી સમજાણું કાંઈ ? આવી વાતો ઝીણી ! આ તો ભેદજ્ઞાનની વાતો છે, બાપુ !

'બીજાઓ વડે માત્ર લિંગ દ્વારા જ જેનું ગ્રહણ અર્થાત્ જાણવું થતું નથી.' એટલે કે કેવળ અનુમાનથી જ (આત્મા) જણાવાયોગ્ય નથી. તો પણ જેને આત્મા પ્રત્યક્ષ થયો છે, અને બીજાને પ્રત્યક્ષ થયેલ આત્માનું જ્ઞાન, (જો) બીજાને પણ (તે) પ્રત્યક્ષ (હોય તો, તે તેને જાણી શકે છે. જો કે) બીજાનું (જાણવું) કાંઈ પ્રત્યક્ષ થતું નથી, બીજાનું તો અનુમાનથી થાય છે; પણ (એને) એ પ્રત્યક્ષ થયેલું છે જ જ્ઞાનનું ભાન, (તેથી) તે, તેનો નિર્ણય – પોતાના પ્રત્યક્ષસહિત–અનુમાનથી કરે છે. આ હા...હા ! આવી વાતો !! (**શ્રોતા** :) એ અનુમાન યથાર્થ હોય ? (**ઉત્તર** :) યથાર્થ હોય ! **નિશ્ચયસહિતનો વ્યવહાર યથાર્થ હોય,** એમ કહે છે. ઝીણું છે, ભાઈ ! આ તો, ટાઢા દિવસ છે હમણાં, ઝાઝા માણસ અત્યારે નથી એટલે આવી ઝીણી વાતો હાલે.

'બીજાઓ વડે' એમ 'પોતા વડે માત્ર લિંગ દ્વારા જ જાણવું થતું નથી' એવો અહીં શબ્દ નથી. આ તો 'બીજાઓ વડે', પોતા સિવાય બીજા આત્મા દ્વારા, આ આત્મા અર્થાત્ પર, કેવળ અનુમાનથી જણાય એવો (આ) આત્મા નથી. આહા...હા ! આવી વાતો છે ! ભાઈ ! આવું ઝીણું આ. એનો તરવાનો ઉપાય બહુ ઝીણો છે. વજન અહીં છે : 'બીજાઓ વડે,' અને 'માત્ર લિંગ'. 'પોતા વડે' અને 'માત્ર લિંગ' એવો શબ્દ નથી. સમજાણું કાંઈ ?

આહા...હા ! આ તો અધ્યાત્મ–શબ્દો છે, ભાઈ ! એક એક અક્ષરની કિંમત છે ! આ

કાંઈ વાર્તા–કથા નથી. આ તો ભગવાનસ્વરૂપને પામવાની કથા છે. અને પામ્યો એને ભવના અંત આવી ગયા. સમજાણું કાંઈ ?

રાત્રે જરી દાખલો નહોતો આપ્યો...! કે : જેમ મનુષ્યભવ અનંત કર્યા તો, એથી અસંખ્ય ગણા અનંતા (ભવ) નરકના કર્યાં; એથી અસંખ્ય ગણા અનંતા (ભવ) સ્વર્ગના કર્યાં અને એથી અનંતગણા–અનંતગણા નિગોદના (ભવ) કર્યાં. હવે પાછા વળીને આમ ભાગ પાડીએ તો અનંતો કાળ નિગોદમાં ગયો, એનાથી અનંતમો ભાગ સ્વર્ગમાં ગયો, એનાથી અસંખ્યમો ભાગ નરકમાં ગયો, અને એનાથી અસંખ્યમો ભાગ મનુષ્યમાં ગયો. અહીં સિદ્ધ તો એ કરવું હતું કે : અનંતકાળ જે નિગોદમાં ગયો એનાથી અનંતમે ભાગે કાળ સ્વર્ગમાં ગયો છે; છે ત્યાં અનંતો. પણ ઓલો (નિગોદનો કાળ) અનંત છે અને એના અનંતમા ભાગે આ સ્વર્ગનો કાળ છે. અને એનાથી અસંખ્યમે ભાગે નરકનો કાળ છે. છે અનંત ! પણ સ્વર્ગના અનંતભવનો કાળ કરતાં (નરકનો કાળ) અસંખ્યમે ભાગે અનંતો છે; અનંતમે ભાગે નહીં. એક તો અહીં એ સિદ્ધ કરવું હતું કે : નરકના 'એક ક્ષણ'નાં દુઃખો... કરોડો જીભેથી, કરોડો ભવથી ન કહી શકાય... બાપુ ! એ દુઃખ કેવું હશે ? અરે ! એને આત્મા તો જાણવામાં ન આવ્યો પણ એ (નરકમાં) દુઃખ કેટલું અનુભવ્યું... એ ય જાણવામાં ન આવ્યું ! આહા...હા ! જેની એક ક્ષણનાં દુઃખનું વર્ણન કરોડો જીભથી, કરોડો ભવથી ન કહી શકાય... અરેરે ! એવી ક્ષણો... અનંતી–અનંતી ક્ષણો ત્યાં રહ્યો ! આમ તો બધા ભવમાં અનંતકાળ, પણ એક ભવમાં અસંખ્ય સમય છે. એક ભવમાં તો અસંખ્ય ક્ષણ છે. નરકના એક ભવમાં અનંત ક્ષણ નથી. સાગરોપમ છે ને...! પણ સ્વર્ગ કરતાં અસંખ્યમો ભાગ. આમ સામાન્ય જે અનંત છે, એમાં એ અનંત ક્ષણો (નરકમાં) રહ્યો છે. સમજાણું કાંઈ ?

અરે...રે ! સવારમાં આવ્યું હતું ને 'ભાવપાહુડ'માં : મનુષ્યપણે તું જન્મ્યો અને જ્યારે મરી ગયો... પ્રભુ ! તારા દુઃખને દેખી, તારી જનની / તારી મા એટલી રોઈ છે જેના આંસુના દરિયા ભરાય... એવી અનંત જનનીઓ (તેં) કરી (છે). અને એ જનનીના આંસુડા... તું મરી ગયો અને (માએ) આંસુ પાડ્યાં – એ દુઃખ તો નરકના હિસાબે અનંતમા ભાગે (છે). નરકમાં દુઃખ તો અનંતગણુ... ભાઈ !

અરે ! મારો ભૂતકાળ ક્યા દુઃખમાં.... કેટલો ગયો, એનીય ખબર ન મળે... એણે કોઈ દી' (વિચાર પણ કર્યો નહીં). અને અહીં પાંચપચીસ વરસ જ્યાં બેપાંચદશ કરોડ–ધૂળ મળે, કાંઈક સગવડતા (મળે), બાયડી–છોકરાં કાંઈક (અનુકૂળ) થાય ત્યાં... થઈ રહ્યું (પ્યાલો ફાટી જાય !)

એક ફેરે ચોરાશીની સાલમાં રાણપુર ચોમાસું હતું. અપાસરા પાસે એક હરિજન કાથીથી ખાટલા વણે. જ્યાં સાડા અગિયાર–બાર થાય ત્યાં એની બાયડી ને છોકરો છાશ રોટલો લઈને આવે... (સાથે) ખાવા બેસે... ત્યાં જાણે મજા (માણતો) બેઠો હોય ! અરે...રે ! શું કરે છે આ તું... આ કરે છે શું તું ? એ રાગના વેદનને–દુઃખને વેદે ત્યાં હરખ કરે છે ! આહા...હા ! એના દુઃખ કરતાં પણ નરકના એક ક્ષણનાં દુઃખો, પ્રભુ ! અનંતગણા છે.

પચીસ વર્ષનો ચક્રવર્તીનો પુત્ર હોય. જેને ઘેરે એક ક્ષણની – એક મિનિટની અબજોની પેદાશ હોય. જેના લગ્નમાં અબજો રૂપિયા ખર્ચ્યા હોય. અને એની પહેલી રાત (સુહાગરાત)

હોય, એ રાત પહેલાં એને જીવતો કોઈ તાતાની ભઠ્ઠીમાં નાખે... એના હરખની અંદરમાં આ (ઘટના) થઈ જાય... (તો) એને જે (દુઃખનું) વેદન છે એથી અનંતગણુ વેદન તો પહેલી નરકે (દશ હજારવર્ષની સ્થિતિમાં) છે. – એ વિકારનું દુઃખ છે. એ વિકારનાં દુઃખ... તારે ટાળવાં હોય તો નિર્વિકારી ભગવાનનો અનુભવ કર !

એકલા નરકની પ્રતિકૂળતાની – દુઃખની વાત નથી; (પણ) ચારેય ગતિમાં દુઃખ છે. 'પંચાસ્તિકાય' તો એમ કહે છે : ચારે ગતિ દુઃખ છે. પુણ્યના ફળ તરીકે સ્વર્ગમાં ગયો (તોપણ) એ દુઃખી છે. ત્યાં વિષયવાસનાને કારણે દુઃખને વેદે છે. તેથી પુણ્ય અને પાપમાં (જો) તું ફેર માન કે પુણ્ય એ ઠીક છે અને પાપ એ અઠીક છે (તો) બાપુ ! તારે એ ઘોર સંસારમાં રખડવાનું છે. બહુ આકરી વાતું ! સમજાણું કાંઈ ?

એમાં (કોઈને) બે હજારનો પગાર હોય અને એમાં વળી એકદમ પાંચ હજારનો મહિને પગાર થઈ જાય... તો જાણે અંદરથી કૂદકા મારે... ઓહો... હો ! આહા ! જીવને મારી નાખ્યો.

અહીંયાં તો પ્રભુ એમ કહે છે : પ્રભુ ! તને બીજાઓ અનુમાન દ્વારા ઓળખે (એવો તું નથી). અનુમાન દ્વારા બીજા તને ઓળખી શકે (જ) નહીં. (**શ્રોતા :**) ડૉક્ટરને નાડ પકડીને ખબર પડી જાય છે ને ? (**ઉત્તર** :) ડૉક્ટરને ભાન કેવાં ? બધા મરી જાય છે. ક્ષણમાં ચાલ્યાં જાય છે. ડૉક્ટર કોને કહેવાય ? – ત્રણલોકનો નાથ તીર્થંકર પરમ વૈદ્ય છે. આવે છે ને... 'પ્રશ્નવ્યાકરણ'માં : ત્રણલોકનો નાથ તીર્થંકર પરમ વૈદ્ય છે. એણે નાડી ઝાલીને કહ્યું છે, બાપુ ! તારો આત્મા આ પ્રમાણે મિથ્યાત્વથી દુઃખી છે. અને સમકિત થયેથી સુખી થશે. એમ નાડી ઝાલીને વાત કરી છે. શબ્દ છે ને...! વિષયની વાસનાનું–રાગનું–વિકારનું વિરેચન કરાવનારી ભગવાનની વાણી છે. એમાં વીતરાગી ભાવ ભર્યાં છે. સમજાણું કાંઈ ?

(અહીંયાં કહે છે :) માત્ર લિંગ દ્વારા જ જેનું ગ્રહણ થતું નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા અનુમેયમાત્ર – કેવળ અનુમાનથી જ જણાવાયોગ્ય નથી '**એવા અર્થની પ્રાપ્તિ થાય છે.**' આવો એક અર્થ 'અલિંગગ્રહણ'માંથી નીકળે છે. કહે છે : લિંગ દ્વારા, કેવળ અનુમાન દ્વારા બીજાના આત્માને જાણી શકાય એવો આત્મા નથી. એ ચોથો બોલ થયો. પાંચમો :

**'જેને લિંગથી જ પરનું ગ્રહણ થતું નથી તે અલિંગગ્રહણ છે, આ રીતે આત્મા અનુમાતામાત્ર – કેવળ અનુમાન કરનારો જ નથી.'** બીજાને કેવળ અનુમાનથી જાણે એવો એ નથી. પહેલાં (ચોથા)માં તો (કહ્યું :) બીજાઓ વડે અનુમાનથી જાણવાયોગ્ય નથી. હવે પોતે પણ બીજાને – પરને કેવળ અનુમાનથી જાણે એવો આત્મા નથી. સમજાણું કાંઈ ?

આ તો ભગવાનઆત્માની વાત (જે) ત્રિલોકનાથ કહે છે એ સંતો કહે છે, જાહેર કરે છે, ભાઈ ! આત્માને લિંગથી જ એટલે અનુમાનથી જ – 'જેને લિંગથી જ', પરનું ગ્રહણ થતું નથી. 'પરનું ગ્રહણ' ...હોં ! ઓલા (ચોથા)માં 'બીજાઓ વડે બીજાનું ગ્રહણ.' હવે 'આ આત્માને પરનું ગ્રહણ.' અલૌકિક વાતો છે !! છે ને...! 'જેને લિંગથી જ પરનું જાણવું થતું નથી.' ગ્રહણ એટલે જાણવું. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે ને...! નિશ્ચયા–વ્યવહારાભાસના પ્રકરણમાં. ત્યાં વ્યવહારનય ગ્રહવા યોગ્ય છે, એમ આવે છે ને...! ત્યાં ગ્રહણ એટલે જાણવું. એવો અર્થ લીધો

છે, ગ્રહણનો અર્થ જાણવું. (અહીં છે :) કોઈને જોગું પકડવું એમ નથી. 'જેને લિંગથી જ પરનું ગ્રહણ અર્થાત્ જાણવું થતું નથી તે અલિંગગ્રહણ છે. આ રીતે આત્મા અનુમાતામાત્ર (નથી).'

આહા...હા ! શું અલિંગગ્રહણની વ્યાખ્યા ! 'અનુમાતામાત્ર' અર્થાત્ કેવળ અનુમાન કરનારો જ નથી. પરને જાણવામાં કેવળ અનુમાન કરનારો જ આત્મા નથી. ચોથામાં – બીજાઓ વડે કેવળ અનુમાનથી જણાવાલાયક નથી. હવે (અહીં) પોતે આત્મા બીજાને, કેવળ અનુમાનથી, જાણવા લાયક નથી. પરને એકલા અનુમાનથી જાણે એ આત્મા નહીં ! આહા...હા ! આવી વાત સાંભળવીય મુશ્કેલ પડે.

**એના (નરકનાં) દુઃખોનું વર્ણન, એ દુઃખને ટાળવા માટે છે.** એવું દુઃખનું વર્ણન કર્યું એ દુઃખથી ડરવા માટે નથી, (પણ) એ દુઃખ આવું હતું તેને, બાપુ ! ટાળવા માટે તું તૈયાર છો ? **એને ટાળવાની શક્તિવાળો (તું છો, એવી) તારી શક્તિ (છે).** એ આનું પ્રયોજન છે. એટલાં એટલાં દુઃખો સહન કર્યાં (પણ) ભાઈ ! તું ભૂલી ગયો. (હવે) એ દુઃખને સાંભળીને, **હે આત્મા ! સ્વનો આશ્રય કર. –** એવું પ્રયોજન છે. **સ્વના આશ્રયવિના, અનુભૂતિ નહિ થાય. અને અનુભૂતિવિના, ધર્મ પ્રગટ ન થાય.** આહા...હા ! આવું છે ! સાધારણ વ્યવહારના રસીલાને તો પાગલ જેવું (કથન) લાગે.

અહીં કહે છે : ભગવાનઆત્મા કેવળ અનુમાનથી જાણનારો નથી. આહા...હા...હા ! અનુમાન છે તે તો વ્યવહાર છે, અને પ્રત્યક્ષ છે તે નિશ્ચય છે. એટલે પ્રત્યક્ષ થયું હોય તે નિશ્ચયવાળો પરને અનુમાનથી જાણે એ વ્યવહાર થયો. (અર્થાત્) પરને જાણવું તે વ્યવહાર છે. – એ શું કહ્યું ? પરનું જાણવું કહેવું એ વ્યવહાર છે. ખરેખર તો પરને જાણવું તે પોતાને જાણવું છે. પણ અહીંયાં કહે છે કે : પરને જાણવા માટે આત્મા અનુમાતામાત્ર નથી. (અર્થાત્) કેવળ અનુમાન કરનારો જ નથી. એ 'અલિંગગ્રહણ'માં **'એવા અર્થની પ્રાપ્તિ થાય છે.'** આહા...હા ! શું જોર !!

સ્વનો આશ્રય લઈને જેને જ્ઞાન થયું તે જ્ઞાનીજીવ નિશ્ચયસહિતના અનુમાનથી પરને જાણવાનું કાર્ય કરે છે. આહા...હા ! બહુ સમાડ્યું છે !! એક 'અલિંગગ્રહણ'માંથી આવા વીસ અર્થ કાઢ્યા !! (એ તો) **દિગંબર સંતોની બલિહારી છે !! જેવો (આત્મા છે) તેવો જાણ્યો અને તેવો ખુલ્લો મૂક્યો.**

કહે છે કે : બીજાઓ દ્વારા તું કેવળ અનુમાનથી જણાવાલાયક નથી. અને તું પણ પરને કેવળ અનુમાનથી જાણવાવાળો નથી ! બહારમાં આવી બધી (વાતો) ઝીણી પડે. આહા...હા ! બીજાઓ–આત્માના જાણનારાઓ પણ (કે જેને આત્મા) પ્રત્યક્ષ છે તે દ્વારા (તેઓ) અનુમાનથી પરને જાણે (ચોથો બોલ). હવે (પાંચમો) પોતા ઉપર આવ્યો : પોતે પણ કેવળ અનુમાનથી પરને જાણે એવો નથી. આહા...હા ! જેને સ્વાશ્રય જ્ઞાન પ્રત્યક્ષ થયું છે તે બીજાને અનુમાનથી વ્યવહારે જાણે. પોતે ત્રિકાળી દ્રવ્યને જાણે તે નિશ્ચય છે. અને પોતાની નિર્મળપર્યાયને જાણે, કેવળજ્ઞાનને જાણે (તે વ્યવહાર છે). કેવળજ્ઞાનીને કાંઈ શુદ્ધનય નથી પણ નીચલા દરજ્જાવાળો શ્રુતજ્ઞાની કેવળજ્ઞાનીને જાણે એ પણ વ્યવહાર છે. પણ એ કેવળજ્ઞાનીને જાણે ક્યારે ? કે : પ્રત્યક્ષ આત્મા થયો હોય તે અનુમાનથી 'આ કેવળી છે' એમ જાણે, આહા...હા ! એનો વ્યવહાર ય સાચો હોય અને નિશ્ચય ય સાચો હોય, એમ કહે છે. સમજાણું કાંઈ ?

અરે...રે ! જુઓ ને... ક્યાં (પોતાના હિતની) પડી છે ?! ક્યાંય મરી ને ક્યાંય ચાલ્યો જશે. **કોઈ બહારના –મોટપના દેખાવ કર્યા હશે... ભાઈ ! મરી જશે.** એક ગૃહસ્થમાણસ, પૈસાવાળો શેઠ, જરી બુદ્ધિનું ઓલું, (એમ) કહેતો હતો કે એવું લાગે છે કે : અરેરે ! અહીંથી ક્યાંક નાના ઘરમાં–ઝૂંપડી આદિમાં જન્મીશ. વાત તો સાચી... અહીંથી જઈને ક્યાં જવાનો હતો એ તો સમજવા જેવું છે. આકરી વાતો છે... હોં !

આહા...હા ! અહીં પાંચ બોલ નાસ્તિના આવ્યા ને...! પહેલામાં એમ કહ્યું : લિંગ દ્વારા જેને જણાતું નથી. જાણનાર અતીન્દ્રિયજ્ઞાન દ્વારા જાણે છે. બીજામાં : જેનું લિંગ દ્વારા ગ્રહણ થતું નથી. (પછી) એ બધા અનુમાનના ઓલા નાસ્તિના બોલ આવ્યા : આનાથી થતું નથી, આનાથી થતું નથી, આનાથી થતું નથી. સમજાણું ? ત્રીજામાં એ આવ્યું : ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય નથી. એ પણ નાસ્તિથી આવ્યું. ચોથામાં : બીજાઓ વડે માત્ર લિંગ દ્વારા જ જેનું ગ્રહણ થતું નથી. એ પણ હજી નાસ્તિથી આવ્યું. (પાંચમામાં :) જેને લિંગથી જ પરનું ગ્રહણ થતું નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા અનુમાતામાત્ર (કેવળ અનુમાન કરનારો જ) નથી. આહા...હા ! કેવળ અનુમાન કરનારો નથી; એનું સ્વરૂપ જેને પ્રત્યક્ષ થાય છે તે અનુમાન કરવાને લાયક છે. સમજાણું કાંઈ ? જેને સ્વનો આશ્રય થયો છે એને પ્રત્યક્ષ થયો છે એ પછી બીજાને અનુમાન દ્વારા જાણે. આ સાંભળવા ત્યાં (બીજે) મળે (એમ) નથી.

આહા...હા ! છોકરાં ને બાયડીને દુકાન(ને) સાચવવાં(ના ભાવમાં પોતાને) મારી નાખ્યો, (**શ્રોતા** :) હવે કરવું શું ? (**ઉત્તર** :) આ કરવું. અંદર ઉતરવું. બહારની પ્રવૃત્તિ છોડીને (ઉપયોગની) નિવૃત્તિ (કરવી). (**શ્રોતા** :) દુકાનનું શું કરવું ? (**ઉત્તર** :) દુકાન દુકાનની રહી ગઈ. (એ) ક્યાં અંદર (આત્મામાં) ગરી ગઈ છે ? અહીં તો રાગ રાગમાં રહ્યો. એમાં આત્માને શું ? દુકાન તો ક્યાંય રહી ગઈ. રાગ રાગમાં રહ્યો, એ આત્મામાં નથી. એને (આત્માને) જાણવા માટે રાગની અપેક્ષા નથી. બીજી ભાષાએ કહીએ તો વ્યવહારરત્નત્રયનો જે રાગ છે તેની કોઈ અપેક્ષા, આત્માને જાણવા માટે છે જ નહીં. એવો ભગવાનઆત્મા, નિરપેક્ષ–પરની અપેક્ષા વિના, સ્વનો અનુભવ–દૃષ્ટિ–જ્ઞાન–ચારિત્ર કરે એવો એ આત્મા છે. આહા...હા ! આ સિવાય બીજી રીતે માને તો 'એ આત્મા છે' એવો એણે માન્યો જ નથી. પાંચ (બોલ) નાસ્તિના થયા.

વિશેષ કહેશે.......

❀ ❀ ❀

## પ્રવચન : ૧૧-૧૨-૧૯૭૭

'પ્રવચનસાર' ૧૭૨–ગાથા. 'અલિંગગ્રહણ'માં પાંચ અર્થ થયા. આજ છઠ્ઠો છે ને...? પહેલામાં એમ કહ્યું કે : જાણનારો ઇન્દ્રિયો દ્વારા પરનું જાણવું કરતો નથી. બીજો : જેનું ઇન્દ્રિય દ્વારા જ્ઞાન થતું નથી. ત્રીજો : ઇન્દ્રિયોથી (જણાવાયોગ્ય) ચિહ્નથી જણાય એવો એ નથી. અર્થાત્ ઇન્દ્રિયના ચિહ્નથી કે આ જીર્ણ થઈ ગયું ને... ફલાણું આવું થઈ ગયું ને... માટે તે જણાય, એવો એ નથી. ચોથો : બીજાઓ વડે કેવળ અનુમાનથી જ જણાવાયોગ્ય નથી. પાંચમો : પોતે એકલો અનુમાન કરીને જાણે એવો નથી. – એ પાંચ નાસ્તિથી વાત હતી. હવે છઠ્ઠો, એ અસ્તિથી વાત કહે છે :

'**લિંગ દ્વારા નહિ પણ સ્વભાવ વડે જેને ગ્રહણ થાય છે.**' ભાષા એવી છે કે, 'જેને ગ્રહણ થાય છે' એટલે કે જેને (અર્થાત્) આત્માને સ્વભાવ વડે જણાય છે. આહા...હા ! આ ઇન્દ્રિયજ્ઞાનથી નહીં (અને) રાગથી નહીં. આવી વાત છે !! વર્તમાનમાં તો ભાઈ ! (ધર્મને નામે) ધામાધૂમ (વર્તે છે.)

વર્તમાન આત્મા જે છે એ એના નિર્મળ–રાગરહિત સ્વભાવ દ્વારા જણાયો છે. શબ્દ તો એમ છે – 'લિંગ દ્વારા નહિ પણ સ્વભાવ વડે જેને ગ્રહણ થાય છે.' શબ્દ છે ને...! જેને એટલે કે આત્માને... સ્વભાવ વડે જાણવું થાય છે. સમ્યગ્દર્શન થવામાં એને વ્યવહારના વિકલ્પની અપેક્ષા નથી, નિમિત્તની અપેક્ષા નથી. તેમ ઇન્દ્રિયના નિમિત્તથી પોતાની પર્યાયમાં થયેલું જ્ઞાન – ઇન્દ્રિય નિમિત્ત છે, શ્રવણ નિમિત્ત છે અહીં જ્ઞાન પોતાથી થયેલું છે – એ દ્વારા પણ, એ (આત્મા) જણાય એવો નથી. આવી વાત !!

આહા...હા ! ત્યારે કેવી રીતે જણાય... એનું કોઈ કારણ (એમકે) કાંઈ વ્યવહાર સાધન હશે કે નહિ ? (**શ્રોતા** :) પોતાની પર્યાય પોતાનું સાધન ? (**ઉત્તર** :) એ સાધન છે. રાગ એ વસ્તુમાં, દ્રવ્ય–ગુણમાં છે જ નહીં તેથી (તે) પર્યાયમાં પણ નથી. એ પર્યાય જે છે એ નિર્મળપર્યાય દ્વારા જેનું જ્ઞાન થાય છે. જેને નિર્મળતા દ્વારા જ્ઞાન થાય છે.

આહા...હા ! આવી વાત છે !! આવો ધર્મ !! (પણ) માણસને કંઈક કંઈક (શલ્ય રહી જાય છે). બહારમાં ધર્મ મનાવે... અરે...રે ! શું થાય, બાપુ ! આ ભગવાન ક્યાંય રહી ગયો ! અરે...ભગવાન ! શું કહે છે, ભાઈ ?

(અહીંયાં) ભગવાન તીર્થંકર દેવ, સર્વજ્ઞ, પરમેશ્વર એમ કહે છે કે : સ્વભાવની નિર્મળપર્યાય દ્વારા જ જેને જણાય છે. જેને (અર્થાત્) આત્માને સ્વભાવ વડે જ્ઞાન થાય છે !

આવી બહુ ઝીણી વાતો ! લોક સાથે અથડાય એવી છે. હવે આવી પ્રરૂપણા કરે કે ઉપવાસ કરવા ને દયા, દાન, વ્રત પાળવા – એનાથી તમને ધર્મ થશે; એ પોતે ધર્મ છે, નહીંતર ધર્મનું

કારણ છે, એમ કહે. (પણ) અરે પ્રભુ ! એ વીતરાગનો માર્ગ નથી. રાગથી ધર્મ થાય એ (કંઈ) વીતરાગનો માર્ગ છે ? – અજ્ઞાનીનો માર્ગ છે.

આહા...હા ! વીતરાગ પરમેશ્વર, પૂર્ણ વીતરાગતાને પ્રાપ્ત થયા, (એ) પરમેશ્વરની વાણી આવી, એમાં એમ કહેવામાં આવ્યું કે : પ્રભુ ! તને તારું ભાન, તારા સ્વભાવ દ્વારા થાય છે; તને અમારાય દ્વારા ન થાય, એમ કહે છે. એ તો તીર્થંકર ને વીતરાગ ને વીતરાગના સંતો કહે : અમારી ભક્તિ દ્વારા પણ તારું જ્ઞાન તને થાય, એમ નથી. એ (વાત) વસ્તુસ્વરૂપમાં જ નથી. ઇન્દ્રિયના નિમિત્તે, મનના નિમિત્તે શાસ્ત્રનાં જ્ઞાન કર્યાં; (જોકે) જ્ઞાનની પર્યાય પોતાની પોતાથી થઈ છે; પણ તે જ્ઞાનની પર્યાયથી આત્મા જણાય (એમ નથી). આહા...હા ! પ્રભુ ! તારા સ્વભાવની બલિહારી !! એમ કહે છે. તું ચૈતન્યસ્વરૂપી ભગવાન આનંદસ્વરૂપી; આનંદનો નાથ; તે આનંદની પર્યાયથી જ જણાય એવો છે; લિંગ દ્વારા નહીં. પહેલા પાંચ બોલમાં કહ્યું : લિંગ દ્વારા નહીં... લિંગ દ્વારા નહીં. (હવે અહીં કહ્યું) લિંગ દ્વારા નહીં પણ જેને સ્વભાવ વડે ગ્રહણ થાય છે. જેને એટલે ભગવાનઆત્માને સ્વભાવ વડે જ જ્ઞાન થાય છે. આહા...હા ! ગજબ વાતું છે ને !! અંતર્‌નિર્મળપર્યાય (જ્યારે) અંતર્‌ત્રિકાળી સ્વભાવને પકડે ત્યારે તેને આત્માનું જ્ઞાન થાય. એ જ્ઞાન કહેવાય. અગિયાર અગિયાર અંગને કંઠસ્થ કર્યા... વિભંગ જ્ઞાન પ્રગટ થયું જેનાથી સાત દ્વીપ અને સાત સમુદ્ર જણાય – એ જ્ઞાનથી આત્મા જણાય એવો નથી. જે જ્ઞાનની પર્યાયમાં – વિભંગજ્ઞાનમાં સાત દ્વીપ, સાત સમુદ્ર જણાય... પણ છે (એ) પર ને...! એ દ્વારા આત્મા ન જણાય. નિજ નિર્મળ–વીતરાગી પર્યાય દ્વારા જીવનું (પોતાનું) જ્ઞાન થાય. આત્મા તો પોતાની નિર્મળ–શુદ્ધપર્યાય દ્વારા જણાય; એનું જ્ઞાન થાય. હવે, આ દાનથી કે દયાથી ને વ્રતથી ને તપથી તો કાંઈ એમાં તો થાય નહીં. (**પ્રશ્ન** :) પણ સાધન છે કે નહીં ? વ્યવહાર સાધન છે કે નહિ ? (**ઉત્તર** :) અરે બાપુ ! એ તો જેને નિશ્ચય સ્વભાવનું જ્ઞાન સ્વભાવથી થયું તેને વ્યવહારના સાધનમાં આરોપ અપાણો (છે) એ (ખરેખર) સાધન છે જ નહીં. (**શ્રોતા** :) વ્યવહારે સાધન ? (**ઉત્તર** :) પણ એ તો નિશ્ચયવાળાને તે આરોપ છે. જેને સ્વભાવના આશ્રયે દૃષ્ટિ–જ્ઞાન જ થયું નથી તેને તો એ આરોપિતસાધન પણ નથી. જેને અંદર (આત્મજ્ઞાન) પ્રગટ્યું છે (તેને વ્યવહાર) હોય. આવો વીતરાગનો માર્ગ !! ચાલતા સંપ્રદાયથી બહુ જુદી જાત એટલે બિચારા ભડકી ઊઠ્યા છે. (બોલે કે :) આ નવું કાઢ્યું. (પણ) કાંઈ (નવું નથી), બાપા ! અનાદિના માર્ગ 'આ' છે, ભાઈ !

મીંદડીને બચ્ચાં થાય. એ સાત દી' એક ઠેકાણે રાખે. પછી છોકરાં બહુ હળીમળી જાય ને કનડે એટલે સાત દી' એ મીંદડી બીજે બદલાવે. એમ કરતાં સાત સાત વાર ફેરવે. ત્યારે એ (બચ્ચાં)ને આંખો આવે. ત્યારે એને એમ જણાય કે અહોહો ! આ પૃથ્વી છે... આ વસ્તુ છે ? પણ તેને (અત્યારે) જણાય માટે તે આંખો આવી તે પહેલાં એમ નહોતું ? – પહેલેથી જ હતું. સૃષ્ટિ એ તો પહેલેથી જ હતી. એમ જ્યાં સુધી આત્માના જ્ઞાનમાં–ભાનમાં ન આવે ત્યાં સુધી 'આ આત્મા છે આવો ?' એટલે જ્યારે જાણવામાં આવ્યો ત્યારે 'આત્મા છે આવો' એમ થયું. એ કાંઈ નવું છે ? આહા...હા ! પગ મારતાં જરી કઠણ પથરો (ખસે) અને આમ ત્યાં હેઠે

જુએ તો અહોહો ! એક મોટો ચરુ... અબજો અબજો રૂપિયાના હીરા... કરોડો કરોડોની કિંમતના હીરાનો મળે.... ત્યાં એને આમ થાય કે આહા...હા !! (પણ) અરે ! એ તો જડ છે, એમાં તને શું ? (તું તો પોતે જ) અનંત અનંત ગુણ ચૈતન્યરત્નાકરનો નાથ પ્રભુ (છો !) અહીં કહે છે કે : એકવાર એણે રાગને ઠેબું માર્યું અને અંદર વીતરાગપર્યાયથી આત્મા જાણ્યો : આહા...હા ! આવો આત્મા !! (એ) હતો, કે અત્યારે જણાણો ત્યારે છે ? એ તો એમ ને એમ છે. એ પોતાના સ્વભાવની પર્યાય દ્વારા, તે વીતરાગીપર્યાય દ્વારા જણાયો કેમકે એ પોતે જિનસ્વરૂપ છે : ભગવાન(આત્મા) જિનસ્વરૂપ–વીતરાગસ્વભાવી છે.

(અહીંયાં) એમ કહ્યું ને...! 'સ્વભાવ વડે' – '(લિંગ દ્વારા) નહિ પણ સ્વભાવ વડે' – તો એનો સ્વભાવ વીતરાગ છે, જિનસ્વરૂપી પ્રભુ છે. એ જિનસ્વરૂપી (ભગવાનઆત્માને) વીતરાગપર્યાય દ્વારા વીતરાગતા જણાય. વીતરાગતાથી ભરેલો ભગવાન; એનાથી તેને સમ્યગ્દર્શન થાય છે.

એ (અજ્ઞાની) લાખ–ક્રોડ વ્રત કરે ને તપ કરે ને ભક્તિ કરે ને અબજો રૂપિયાનાં દાન કરે ને... (પણ) એથી કોઈ એને આત્મકલ્યાણ થઈ જાય, આત્માનું જ્ઞાન થાય – એ પંથની રીત નથી ! આ તો ભગવાન પરમાત્માનો હુકમ છે ! આ ત્રણલોકના નાથ ઇન્દ્રોની સમક્ષ આમ કહેતા હતા. તે વાત અહીં આવી છે. ભાઈ ! આઠ વર્ષનું બાળક હોય, નાની કન્યા હોય; પણ એનો આત્મા કન્યા ક્યાં છે ? બાળક ક્યાં છે ? નાનો ક્યાં છે ? ત્યાં (આત્મા) તો ભગવાન વીતરાગમૂર્તિ, અનંતગુણનો ચરુ ભર્યો હોય એવો પોતે ભગવાન છે. એ અનંતગુણના વર્તમાન સર્વ પરિણામને અંતર્લીન કરતાં, એને (આત્મા જણાય છે). ભાષા એવી આવે કે 'શ્રદ્ધાને અંતરમાં વાળતાં' ...પણ એની (શ્રદ્ધાની) સાથે બધી – અનંતી પર્યાયો અંતરમાં જતાં... અનંતગુણની એની નિર્મળ અનંતી પર્યાય દ્વારા અંદરમાં જતાં એટલે દ્રવ્યને પકડતાં (ગ્રહણ કરતાં)... તેનાથી આત્મા જણાય એવો છે. આહા...હા ! આવી આ વાતો !!

(અજ્ઞાની) એક તો ગૃહસ્થાશ્રમના ધંધા આડે નવરો ન થાય... એકલાં પાપનાં પોટલાં બાંધી બાંધીને... વીસ વરસ, પચીસ વરસ, ત્રીસ વરસ, ચાલીસ વરસ... અત્યારે તો સિત્તેર–સિત્તેર–એંસી થાય તો માળો ! મૂકતો નથી ! (**શ્રોતા** :) વધારે અનુભવી થાય ને ? (**ઉત્તર** :) વધારે અનુભવી થયો ખરો... એટલે વધારે (અહિત) કરે, એમ કહે છે ? પ્રભુ ! તારા આત્માને માટે એક ક્ષણ તો આપ ને ! આહા...હા ! એક ક્ષણ જે આત્મા વીતરાગીપર્યાય (વડે સ્થિરતા પામે તો) એવી ક્ષણ – વીતરાગની પર્યાય દ્વારા ભગવાન(આત્મા)નું જ્ઞાન, સ્વભાવ વડે, થાય (તેમ) છે. – આ સિદ્ધાંત રાખીને બીજી બધી વાત.

પછી એને (આત્મજ્ઞાનીને) વ્યવહાર આવે... પણ એ કંઈ સાધન છે એમ નથી. વ્યવહાર આવે... એ બંધનું કારણ છે. અબંધના પરિણામ તો સ્વભાવના અબંધપરિણામથી જ પ્રગટ થાય છે; કેમકે ભગવાન પોતે અબંધસ્વરૂપી છે. અહીંયાં 'સ્વભાવ' લીધો ને...! એ (સ્વભાવ) અબંધસ્વરૂપી છે. (જે) અબંધપરિણામ દ્વારા તેને જાણવામાં આવે છે.

અરે ! આ ક્યારે નવરો થાય ને 'આ' કરે ? એના વસ્તુના સ્વભાવમાં અનંત ચૈતન્યરત્ન ભર્યાં છે એનું માહાત્મ્ય એને આવતું નથી ! બહારનું માહાત્મ્ય છૂટતું નથી અને અંદરનું માહાત્મ્ય

આવતું નથી ! બહુ તો કષાય મંદ કરીને કોઈ વ્રત પાળ્યાં ને ભક્તિઓ કરી ને જાવ જીવ શરીરનું બ્રહ્મચર્ય પાળ્યું, બાળ બ્રહ્મચારી થયો... પણ એ તો શુભરાગ છે ને ભાઈ ! કાયા દ્વારા બ્રહ્મચર્ય એ તો શુભરાગ છે. આત્મા દ્વારા બ્રહ્મચર્ય (એટલે કે) આત્મા પોતે બ્રહ્મસ્વરૂપ છે, તે બ્રહ્મ–આત્માને એની નિર્મળપર્યાય દ્વારા જાણે ત્યારે તેનું નામ બ્રહ્મચર્ય કહેવાય છે. આહા...હા ! આવી વાતું !! (મનાય નહીં તો) પછી અથડાય ને...? અરે ! આ (સત્યની) ખબર ન મળે ત્યાં શું થાય ? (માને કે : ધર્માત્મા) તો ઉઘાડે પગે ચાલે, ઊનાં પાણી પીએ, લોચ કરે, સ્ત્રીનું સેવન ન કરે, ઘરે રાંધે નહીં. અને આ (સોનગઢ) આવું કહે : સમકિતી છ ખંડના રાજ્યમાં પડ્યો દેખાતો હોય; એના માટે ભોજનમાં બત્રીસ કવળ, કે જેનો એક કવળ છન્નું કરોડ પાયદળ પચાવી ન શકે એવું એને માટે ભસ્મનું ભોજન થાય; કરોડો રૂપિયાના હીરાઓની આટલી (જરી) ભસ્મ થાય, એના બત્રીસ કવળ કરે, એવું ભોજન; છતાંય એ કહે છે કે : એ સમકિતી ! એ આનંદના ભોજન કરે છે ! એ આનંદામૃત નિત્ય ભોજી (છે) ! આહા...હા ! આવી વાતો !! એ શું હશે ? અરે ! એને પોતાના સ્વરૂપનું માહાત્મ્ય આવતું નથી ! આવો (સામાન્ય) એક માણસ... રોટલા વિના હાલે નહીં... મારે આ વિના હાલે નહીં... અને આવો ભગવાનઆત્મા.... તો તે ગયો ક્યાં ? એમ કહે. એક વકીલ કહેતા : બહુ વખાણ કરો છો પણ, ધોયેલ મૂળા જેવો એ (આત્મા) ગયો ક્યાં ? અરે ભગવાન ! એ જ્યાં છે ત્યાં છે. પણ તારી નજરું ત્યાં નથી એટલે 'ક્યાં ગયો' એમ તને (લાગે છે).

આહા...હા ! અહીંયાં કહે છે : 'લિંગ દ્વારા નહિ...પણ' – એનાથી નહિ ત્યારે, એમ. 'સ્વભાવ વડે' – એનો વીતરાગસ્વભાવ છે, અબંધસ્વરૂપ છે; એ અબંધપરિણામ દ્વારા, તે જણાય એવો છે. સમજાણું કાંઈ ? આવી વાતું છે !! જે વીતરાગી આંખો દ્વારા જણાય એવો છે. એમ કહે છે. આ (ઇન્દ્રિય) તો જડ આંખો છે, માટી છે; અહીં 'આ' જાણે છે; એ કાંઈ આનાથી જાણતો નથી. જાણે છે તો જ્ઞાનની પર્યાય. પણ એમાં (ઇન્દ્રિય) નિમિત્ત છે ને...! એથી એ નિમિત્તના વલણવાળું જ્ઞાન, તે આત્માનું જ્ઞાન નહીં. પણ એ પર અપેક્ષિત જ્ઞાન છે. એવા તો અનંતવાર કર્યાં. એનું નામ જ્ઞાન જ નથી. ઝીણું બહુ, ભાઈ ! અરે ! આ જન્મ–મરણના (અંતને માટે) તો એને આ (આત્મજ્ઞાન) કર્યે જ છૂટકો, બાપુ !

ન આવ્યું એ....? 'રત્નકરંડશ્રાવકાચાર' : પ્રભુ ! તારા એક ક્ષણનાં દુઃખ (જે તેં) નરકમાં એક ક્ષણમાં વેદ્યાં તે એકક્ષણનાં દુઃખોને કહેવાને કરોડો ભવ અને કરોડો જીભ (સમર્થ નથી) એટલું દુઃખ !! કેમકે અનંત અનંત અનંત અનંત – અપરિમિત આનંદસ્વરૂપ પ્રભુ; એનાથી ઊંધો વિકારનો ભાવ; તેથી એટલું દુઃખ. પ્રભુ ! તને શેનો હરખ આવે છે પરનો ?! હોંશીડા હોંશ મત કીજે. તને પ્રભુ ! પરમાં ઉલ્લસિત વીર્યથી હોંશ આવે છે, એમાં તારો આત્મા હણાઈ જાય છે. આહા...હા ! આવી વાતો છે ! અત્યારે આવી વાતો સાંભળવા મળવી મુશ્કેલ છે. અરે! ક્યાંથી ક્યાં (ચાલ્યો જશે). અને પાછો ક્યારે માણસ થાશે ?? અહીંથી ભૂલ્યો અને (આત્મ) ભાન ન કર્યું, સમ્યગ્જ્ઞાનરૂપી દોરો ન પરોવ્યો એ સોય ખોવાઈ જશે, હાથ નહીં આવે. આહા...હા ! ક્યાં કીડા, કાગડા, કૂતરા... આહા...હા !

એક ફેર સડક ઉપર ત્રણ હાથનો લાંબો સર્પ નીકળ્યો. મોટર આડી હાલે તો કચડી નાખે. એવા એવા (ભવ !) અરે ! લ્યો ને... અજગરના ભવ મોટા પચીસ–પચીસ–પચાસ હાથના લાંબા. હજારો યોજનના એકલા ઊંડા જંગલ... માણસની વસ્તી ન હોય... વાઘ ને દીપડા ને સર્પો... એમાં (એવા) અજગર. અજગર કહેવાય છે ને....? 'અજ' અર્થાત્ બોકડા આખાને 'ગર' (અર્થાત્) ગળવું. એ દરેક નામ પડ્યાં છે એ હેતુથી છે, એ કંઈ મફતના નથી. કેવા ભવ, ભગવાન ! એ જીવતો પેટમાં નાખે... (ત્યાં) એને શ્વાસ લેવાનું ક્યાં ? – મૂંઝવણનો પાર નહીં, ભાઈ ! એ બધાં દુઃખો; એને ટાળવાનો ઉપાય તો 'આ' એક છે.

(એ અહીંયાં કહે છે કે :) જે આનંદનો સાગર ભગવાન; જેનો અતીન્દ્રિયઆનંસ્વભાવ; એ અતીન્દ્રિયઆનંદના સ્વભાવ વડે તેને જણાય એવો છે. વ્યવહાર રત્નત્રય કહો (પણ) એ તો રાગ છે અને દુઃખ છે. (તો) દુઃખ વડે આનંદ જણાય ?? (એમ ન હોય. પણ) એનો (આનંદનો) નમૂનો હોય એના દ્વારા એ (આનંદ) જણાય (**શ્રોતા** :) જયસેનાચાર્યે કહ્યું કે વ્યવહાર એ સાધન છે. (**ઉત્તર** :) એ આવે છે. એ નિમિત્તનું કથન છે. જયેસનાચાર્યની ટીકામાં બહુ આવે છે. એ (વ્યવહાર) તો નિમિત્ત હતું, એનો અભાવ કરીને અંદર જાય છે. એને નિમિત્તથી થાય છે, એમ કહ્યું છે. શું થાય ? આહા...હા ! એવા વ્યવહાર તો અનંતવાર કર્યાં છે. નવમી ગ્રૈવેયકે ગયો; ત્યારે (અહીં) એનો વ્યવહાર જુઓ ! આહા...હા ! નગ્ન મુનિ. હજારો રાણીઓનો ત્યાગ. અબજો રૂપિયાની પેદાશનો ત્યાગ. અને અંદર રાગની મંદતા એવી કે શુક્લ લેશ્યા. પણ એ બધી (ક્રિયાઓ) તો જન્મ–મરણનાં બીજડાં છે. એવા વ્યવહારને તો અનંતવાર કર્યો, પ્રભુ ! અહીં તો કહે છે કે : વ્યવહાર દ્વારા (આત્મા) જણાય નહીં. એમ કીધું, તો વ્યવહાર 'સાધન' અને નિશ્ચય 'સાધ્ય' રહ્યું નહીં. ત્યારે બીજે ઠેકાણે કહ્યું છે ને... 'ભિન્ન સાધ્ય–સાધન' ભાઈ ! આનાથી એનો અર્થ વિરોધ થાય તો (તે) વીતરાગની વાણી નહીં. 'પૂર્વાપર વિરોધ' એ વાણી વીતરાગની નહીં. એને (બંને કથનને) અવિરોધ રીતે જાણવા માટે : જ્યાં 'ભિન્ન સાધ્ય–સાધન' કહ્યું છે તો વીતરાગસ્વભાવ વડે જણાણો છે, એને જે રાગ આવે છે તેને સાધનનો વ્યવહારનો આરોપ આપ્યો છે. આહા...હા ! આ મોટી તકરાર મોટા પંડિતોમાં આ હાલે ! શું થાય, ભાઈ ? આ કોઈ પંડિતાઈની ચીજ નથી.

આહા...હા ! શિવભૂતિમુનિ. જેને 'મા રુષ કે મા તુષ' યાદ ન રહે. ગુરુએ કહ્યું કે : 'મા રુષ – કોઈથી દ્વેષ કરીશ નહીં. કોઈથી રાગ કરીશ નહીં.' (પણ તેને) શબ્દો એ યાદે ય રહ્યા નહીં. એક બાઈ અડદની દાળ પલળેલી હતી... ફોતરાં અને ધોળો દાણો ભિન્ન કરતી હતી. એટલે એક બાઈએ પૂછ્યું : બેન ! શું કરો છો ? – તુષ માષ : ફોતરાંથી અડદની દાળને જુદી કરું છું. (શિવભૂતિમુનિએ) જ્યાં એટલું સાંભળ્યું ત્યાં એ રાગના વિકલ્પ એ ફોતરાં છે. એમાં મારો નાથ ઊજળો અડદની દાળ જેવો ચોખ્ખો પડ્યો છે ! એનામાં ધ્યાન લાગ્યું ત્યાં અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન થઈ ગયું. આહા...હા ! જેને 'મા રુષ' એ બે શબ્દો યાદ ન રહે ! (પણ) યાદ રહે માટે જ્ઞાની છે (એમ નથી). આહા...હા ! ગજબ વાત છે ને...!

**જિજ્ઞાસા** : પૂર્વના સંસ્કાર તો હતા ને...?

**સમાધાન** : પૂર્વના સંસ્કાર પણ કરેલા પહેલાં કે નહિ ? એ કર્યા હશે ત્યારે પહેલા કે એમ ને એમ ? એણે તો અહીં ને અહીં પૂર્ણ કર્યું છે. અહીં તો બે શબ્દો ય યાદ ન રહ્યા. પણ અંદર વ્યવહારનો જે વિકલ્પ છે તે ફોતરું... તુષ છે તુષ. અને ભગવાન અંદર નિર્મળ તે નાથ છે. ધોળી અડદની દાળ જેવો ધોળો સફેદ છે. સફેદ એટલે શુદ્ધ. મીઠો એટલે આનંદ. આહા...હા ! એની પર્યાય જ્યાં સ્વાભાવિક અંદરમાં જાય છે ત્યારે તેને આત્માનું જ્ઞાન થાય છે, એમ કહે છે. આવી વાત છે ! કઠણ પડે પણ માર્ગ તો 'આ' છે, ભાઈ ! એનો નિર્ધાર તો એને આ રીતે જ કરવો પડશે. સમજાણું કાંઈ ?

(અહીંયાં કહે છે :) સ્વભાવ જેને, જેને એટલે આત્માને એમ. લિંગ દ્વારા નહિ પણ સ્વભાવ વડે જેને... જેને એટલે આત્માને... ગ્રહણ એટલે જ્ઞાન થાય છે – સ્વભાવ વડે જેને જ્ઞાન થાય છે, એમ. સ્વભાવ વડે જેને જ્ઞાન થાય છે. એટલા શબ્દોમાં કેટલું ભર્યું છે અંદર !! '**તે અલિંગગ્રહણ છે.**' લ્યો ઠીક. '**આ રીતે આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે.**' જેને સ્વને જાણવામાં મન અને રાગના અવલંબનની જરૂર નથી ! આકરું કામ. એ મતિ અને શ્રુતજ્ઞાનથી સીધો આત્મા જણાય એવો એનો પ્રત્યક્ષ થવાનો સ્વભાવ છે. પરોક્ષ રહેવું (એ) એનું સ્વરૂપ–સ્વભાવ નથી. એ રાગનો પડદો તોડીને પ્રત્યક્ષ થાય એવો એનો સ્વભાવ છે. આહા...હા ! આવી વાતો છે !!

(સોનગઢનું કથન એકાંત છે) કહે બાપુ ! શું થાય ? ભાઈ ! માર્ગ તો આ છે. એનું કંઈ સાધન ? એમ માણસ પૂછે છે. શ્રીમદ્‌માં ય એમ કહેતા હતા. ત્યાં અગાસમાં બધાએ કલાક વ્યાખ્યાન સાંભળ્યું. પછી રાતે તો કોઈ ન આવ્યું. એક બ્રહ્મચારી આવ્યો. બધી વાત થઈ. પણ – એનું સાધન ? સાધન તે આ : ભક્તિ કરવી ને વાંચવું ને ગુરુને અર્પણ કરી દેવું ! – શું પણ અર્પણ કરી દેવું ?

આહા...હા ! અહીંયાં કહે છે કે : એ આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે. '**એવા અર્થની પ્રાપ્તિ થાય છે.**' 'અલિંગગ્રહણ'માંથી આવો એક અર્થ–ભાવ નીકળે છે. સમજાણું કાંઈ ? એટલે કે : (આત્મા) રાગથી અને મનથી જણાય નહીં, સ્વભાવથી જણાય, એટલે પ્રત્યક્ષ જ્ઞાતા છે.

આહા...હા ! એકકોર મતિ અને શ્રુતજ્ઞાનને પરોક્ષ કહી અને મન અને ઇન્દ્રિયથી ઉત્પન્ન થાય એમ 'તત્ત્વાર્થસૂત્ર'માં ઉમાસ્વામી કહે. અને (અહીંયાં) એ કુંદકુંદઆચાર્ય આમ કહે. (પણ) વિરોધ નથી. ત્યાં આગળ, પરવસ્તુને મન અને ઇન્દ્રિયના નિમિત્તથી જાણતાં (જ્ઞાન) થાય. બીજી રીતે કહીએ તો જે મનના પરિણામ હતા, એ પરિણામને આમ વાળ્યા, તેને મનના પરિણામ કહેવાય. મનના પરિણામમાં પરતરફનો રાગ હતો એને છોડીને, એ પરિણામને અંતર્મગ્ન કર્યા ત્યારે (તેને) મનજનિત પણ આ અપેક્ષાએ કહેવામાં આવે. આવું છે ! હવે એમાં વાદવિવાદ કરે ક્યાંય થી ક્યાંય... બસ ! તો ઉમાસ્વામીનું ખોટું ? બાપુ ! ખોટું નથી. એ કઈ અપેક્ષાએ કીધું છે, એનું જ્ઞાન કરવું જોઈએ. દિગંબરના એક મોટા પંડિતજી કહેતા હતા ને કે : કુંદકુંદઆચાર્ય એકલાને માનવા જશો તો બીજા આચાર્યનું બલિદાન થશે ! ભાઈ ! બીજા આચાર્યોએ પણ એ જ પદ્ધતિએ કીધું છે. કુંદકુંદઆચાર્યની કોઈ બીજી પદ્ધતિ છે જ નહીં. કોઈએ નિશ્ચયથી કહ્યું. કોઈએ વ્યવહારથી કહ્યું જણાવા માટે. દિગંબર કોઈ સંતોની વાણી, કુંદકુંદઆચાર્યથી વિરોધી છે

જ નહીં. આહા...હા ! આવું છે ! આ ફેર બહુ સારું લખ્યું છે, કાલે લખાણ આવ્યું છે. સામે (બીજાને) જવાબ આપ્યો છે : આટલા સમયથી મેં (સોનગઢ વિરુદ્ધ ઘણું) વાંચ્યું ત્યારે મને એમ થયું કે : અરેરે ! શું કરે છે આ (લોકો) ? એમણે (કાનજીસ્વામીએ) દિગંબરધર્મ સ્વીકાર્યો. દિગંબરનાં મંદિરો કર્યાં. પરમાગમ મંદિર બનાવ્યું. એમાં સાડાત્રણ–પોણાચાર લાખ અક્ષર (જે) દિગંબર શાસ્ત્રો છે. – કોના છે આ ? આવું હિંદુસ્તાનમાં ક્યાં છે ?

અહીંયાં તો કહે છે કે : આત્માને કોતરવો હોય તો એ સ્વભાવથી કોતરાય એવો છે. પરમ આગમસ્વરૂપ ભગવાન છે. પરમ જ્ઞાનસ્વરૂપ કહો કે પરમ આગમ–પરમ જ્ઞાનસ્વરૂપ ભગવાન છે. એને જાણવો હોય તો તેની જાતની જે પર્યાય છે, સ્વભાવ છે તેનાથી જણાય એવો છે. જાતથી જાત જણાય એવી છે. કજાતથી તે જાત જણાય એવી નથી. આહા...હા ! સમજાણું કાંઈ ?

આવું ક્યાં હીરા–માણેકમાં હતું ? ધૂળમાં હેરાન–હેરાન થઈ ગયો. હીરો અંદરમાં; જેની કિંમત નહીં ? અમૂલ્ય જે ચીજ છે. એને જાણવાને માટે અમૂલ્યસ્વભાવની પર્યાયની જરૂર છે; શાસ્ત્રજ્ઞાનની (નહીં).

શ્રીમદ્‌માં આવે છે ને...! શાસ્ત્ર તો દિશા દેખાડી અળગા રહે. હાલવું તો તારે છે કે જો ભાઈ ! અંદર આત્મા છે, એમ કહે. પણ એનું લક્ષ કરવું છે કોને ? ગુરુ કરી દે એને ? એ (અહીં) કહે છે કે, (એ આત્મા) તો ગુરુથી તો જણાય એવો નથી; તીર્થંકરથી જણાય (ગ્રહણ થાય) એવો નથી; ગુરુ તરફના વલણના જ્ઞાનથી જણાય એવો પણ નથી. એ તો પોતાનો નિર્મળસ્વભાવ જે જાત છે તે જાતના સ્વભાવની પર્યાયથી જેને જાણવું થાય છે.

આહા...હા ! કહો...સમજાણું કાંઈ ? આમાં તો નિવૃત્તિ જોઈએ, બાપુ ! માથે મોટા બોજા હોય (તો) એમાં અંદર જઈ શકાય નહીં. ભાઈ ! હાથ (જેટલા મોઢાવાળી) ગુફા હોય. એ ગુફામાં જવું હોય. માથે મોટું બેડું સોનાનું, ભલે હીરાનું હોય તોપણ એને બહાર મૂકીને (જ) અંદર ગુફામાં જવાય. તેમ ચૈતન્યગુફા, અનંત આનંદની ગુફા જ્યાં છે (ત્યાં સંસારનું બેડું માથે લઈને જવાય તેમ નથી.

(અહીંયાં કહ્યું :) સ્વભાવ વડે જેને, વીતરાગીપર્યાય દ્વારા જેને – સમજાવવામાં શું કહેવું ? એનો અર્થ એ કે : વીતરાગીપર્યાય એ તરફ ઝૂકે ત્યારે તેને તેનું (આત્માનું) જ્ઞાન થાય છે. એણે જ્ઞાન અને આત્મા જાણ્યો, એમ કહેવામાં આવે છે. આહા....હા ! કહો... આવી વાતો !! એ છઠ્ઠો બોલ થયો – આત્મા લિંગ દ્વારા જણાય નહીં; આત્મા સ્વભાવ દ્વારા જણાય. એમ કહીને અહીં સુધી તો આત્માની વાત હતી. હવે એના ઉપયોગની વાતો. આહા...હા ! આ તો ટાઢા પહોરે ધીમેથી (સમજવાની) વાત છે, બાપા ! આ કાંઈ કોઈ ઝપાટા મારે ને આમ છે ને, તેમ છે ને, ફલાણું છે ને... (એમ નથી). ભગવાન ! તારી વાતો જુદી છે, નાથ !

ત્રિલોકનાથ જિનેશ્વરદેવે જે આત્મા જોયો.... પોતાનો તો ઠીક... બીજાનો ય હોં...પણ તે શુદ્ધ ચૈતન્ય ઘન છે; જોડે રાગાદિ છે તેને પ્રભુએ આત્મા જોયો નહીં; તેણે તો પુણ્યતત્ત્વ અને આસ્ત્રવતત્ત્વ જ જોયું. તો પુણ્યતત્ત્વ (છે) તે આસ્ત્રવતત્ત્વ(ના પેટામાં) છે; એ આસ્ત્રવતત્ત્વથી સ્વભાવ ભાવ જણાય ? (એમ ન હોય). '**आस्त्रवनिरोधः संवरः**' – એમ 'તત્ત્વાર્થસૂત્ર'માં છે.

અહીં (લોકો) કહે છે કે : એ પુણ્ય–શુભભાવ (એટલે) આસ્રવથી આત્મા જણાય ! ત્યારે ભગવાન ઉમાસ્વામી(કૃત આ 'તત્ત્વાર્થસૂત્ર') વ્યવહારનયનું–નિશ્ચયપર્યાયનું શાસ્ત્ર છે તેમ છતાં એ એમ કહે છે !

એને પોતાને પોતાનું અવલંબન છે. અહીંયાં હવે (સાતમા બોલમાં) ઉપયોગની વાત કરે છે. આત્માને આત્માના અવલંબને આત્મા જણાય એટલી વાત (પહેલાં) સિદ્ધ કરી. હવે એનો ઉપયોગ. (એટલે કે) જાણવું–દેખવું એનો જે ઉપયોગ. હવે ઉપયોગની વાત લીધી :

**'જેને લિંગ વડે એટલે કે ઉપયોગ નામના લક્ષણ વડે ગ્રહણ એટલે કે જ્ઞેય પદાર્થોનુ આલંબન નથી'** – આહા...હા ! જેને જ્ઞેય પદાર્થનું આલંબન નથી. ઉપયોગ જે છે જાણનારો, એને (અર્થાત્) જણાવાયોગ્ય જ્ઞેયના ઉપયોગને આલંબન નથી. – એ શું કીધું ? વસ્તુ તો (પહેલાં) કીધી (કે જે) લિંગથી ન જણાય; સ્વભાવથી જણાય. હવે એના ઉપયોગની વાત લે છે : એને જાણવા–દેખવાનો જે ઉપયોગ છે (તેને અન્યનું આલંબન નથી). (એ કહે છે :) 'જેને લિંગ વડે એટલે કે ઉપયોગ નામના લક્ષણ વડે ગ્રહણ એટલે કે પદાર્થોનું આલંબન નથી.' આહા...હા ! જાણવા–દેખવાના ઉપયોગને જણાય એવા જ્ઞેયનું આલંબન નથી. આહા...હા ! આવી વાત !!

દેવ, ગુરુ, શાસ્ત્ર અને વાણી એ જ્ઞેય છે; એના આલંબને જ્ઞાન થાય, એવો ઉપયોગ નથી. આહા...હા ! જાણવા–દેખવાનો જે શુદ્ધ ઉપયોગ છે, એ ઉપયોગને બાહ્યપદાર્થ–જ્ઞેયનું આલંબન–નિમિત્ત નથી.

આવું છે ! ઓલું પાલીતાણામાં (ઉપધાન) તો કેવું સહેલુંસટ ! એવું સહેલું : એ મોટા વરઘોડા ને માણસ–પૈસા ને જાણે આ શું ય... જાણે ધર્મ થઈ ગયો ! અરે પ્રભુ–બાપા ! અરે, તારી નજરો ક્યાં છે ?

અહીં તો, પ્રભુનો એટલે આત્માનો જે ઉપયોગ છે, જાણવા–દેખવાનો ઉપયોગ (પરજ્ઞેયના આલંબનવિનાનો છે. એને ઉપયોગ કહીએ. જેને (એટલે કે) જાણવા–દેખવાના ઉપયોગને (કોઈ અન્ય આલંબન નથી). વાત ક્યાં લઈ ગયા જુઓ ! 'અલિંગગ્રહણ'ના વીસ અર્થ કાઢ્યા છે ને...!

એક ભાઈ નરમ માણસ, શાસ્ત્ર વાંચનારા છે. એ અંદર આવી બચારા રોઈ પડ્યા હતા... એમ કહેતા હતા : અરેરે ! આવું અમને ક્યાં મળે સાંભળવા ? આ દુનિયાનાં ભારે કામ... આમાં બરાબર આ અલિંગગ્રહણ ચાલે છે ને...! એને જવું પડ્યું.

(અહીં કહે છે :) એ જાણવા–દેખવાનો ઉપયોગ, ચૈતન્યસ્વભાવના આલંબને થાય છે; એવા ઉપયોગને બાહ્ય જ્ઞેયો – ચાહે તો તીર્થંકર હોય કે વાણી હોય કે શાસ્ત્ર હોય, એ બાહ્ય જ્ઞેયો–(ની કાંઈ અપેક્ષા નથી). જાણવાયોગ્ય પદાર્થના આલંબનથી ઉપયોગ થાય એવો આત્મા નથી. આહા...હા ! એનો જે વેપાર જાણવા–દેખવાનો છે; એને પરજ્ઞેયો છે એનું આલંબન છે (એથી) સ્વજ્ઞાન છે (એમ નથી). એ આત્મા નહીં. (અર્થાત્) જાણવા–દેખવાના ઉપયોગને પરજ્ઞેયનું આલંબન નથી. (**શ્રોતા** :) છતાં ઉપયોગ સ્વપરપ્રકાશક છે ? (**ઉત્તર** :) 'સ્વપરપ્રકાશક' સ્વને આલંબને છે. આહા...હા ! જે પરજ્ઞેય છે એના આલંબને ઉપયોગ થયો છે, એમ નથી. તેને ઉપયોગ જ કહેતા નથી. આહા...હા ! ગજબ વાત છે ને !!

ભગવાન ચિદાનંદ પ્રભુના આલંબને જેને જાણવા–દેખવાનો ઉપયોગ–વેપાર પ્રગટ્યો છે તેને એ જ્ઞેય – દેવ, ગુરુ, શાસ્ત્ર–ના આલંબને ઉપયોગ થતો નથી.

હવે, માણસ કહે કે : અમને પહેલાં જ્ઞાન નહોતું હવે એવું સાંભળીને જ્ઞાનની નવીનતા પ્રત્યક્ષ દેખાય છે, નવીનતા જ્ઞાનમાં આવે છે, છતાં તમે કહો કે 'પરજ્ઞેયના આલંબને જ્ઞાન નથી.' (તો અહીં કહે છે કે :) એ નવીનતા સાંભળીને જે દેખાય છે એ ઉપયોગ જ નથી. આહા...હા ! આવી વાત છે !!

એક 'અ લિં ગ ગ્ર હ ણ'. – છ અક્ષર. એમાં આ સાતમો અર્થ ચાલે છે ! આહા...હા ! ભાઈ ! તારી ઋદ્ધિ !! એ ઉપયોગની ઋદ્ધિ જે છે તેને જ્ઞેયના આલંબનની જરૂર નથી. કેમકે ઉપયોગ સ્વના આશ્રયે થાય. એને પરના આલંબનની જરૂર નથી !

આહા...હા ! આવી વાતું છે !! એની મેળે વાંચે તો આ (મર્મ) પકડાય એવો નથી. 'સમયસાર' વાંચી જાય... બાપા ! 'સમયસાર'ની એક કડી, એક શબ્દ... (ભવચ્છેદક છે). આહા...હા ! પ્રભુ ! તું ધીરો થા... ધીરો થા !

તારા જાણવાના ઉપયોગમાં તને એ ચીજ જણાય છે છતાં તને જ્ઞાન થયું એમ લાગે છે (પણ) એ ઉપયોગ જ નહીં. આહા...હા ! પ્રત્યક્ષ અમને જણાય છે ને...? એક પંડિત કહેતો હતો : પ્રત્યક્ષ... દૃષ્ટ–ઇષ્ટ... દેખાય છે : અગ્નિ હોય તો પાણી ઊનું થાય; અને તમે ના પાડો છો ! એમ જ્ઞેય (વાણી)ને સાંભળવામાં આવે અને જે જ્ઞાન નવું થાય છે એમ પ્રત્યક્ષ છે ને ? એની તમે ના કહો કે એ ઉપયોગ નહીં ! (પણ) બાપુ ! તું પ્રત્યક્ષ કોને કહે છે ? 'આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે' (છઠ્ઠો બોલ). પછી આ બોલ આવ્યો છે ને...? જે જાણવા–દેખવાનો ઉપયોગ, સ્વને પ્રત્યક્ષ કરીને જાણે છે એ ઉપયોગ (છે). (પણ જે ઉપયોગ) પરના–જ્ઞેયના આલંબનથી થાય તે ઉપયોગ નહીં. ગજબ વાતો છે, બાપા ! સાંભળીને, વાંચીને, વિકલ્પ–વિચારો કરીને જે જ્ઞાન ખીલે છે તે ઉપયોગ નહીં. આહા...હા ! પ્રત્યક્ષ છે કે અમને ઉપયોગમાં જે જાણવું નહોતું તે જાણવું, સાંભળવાથી – જ્ઞેયથી કે વાંચીને (થયું; એ) અમને અંદર નવું જ્ઞાન લાગે છે. અને લીનતા ત્યારે અમને થાય છે કે જ્ઞેયનું જ્ઞાન કરીએ ત્યારે. અને અહીં ના પાડે છે ! (ભાઈ !) એ જ્ઞેયના આલંબને જે તને જ્ઞાન થયું તે જીવનો ઉપયોગ જ નહીં. આહા...હા ! આવી વાતો છે !!

આહા...હા ! ભગવાન અમૃતચંદ્ર આચાર્ય કહે છે કે : કુંદકુંદઆચાર્યના 'અલિંગગ્રહણ' શબ્દમાંથી આટલા (વીસ) અર્થો નીકળે છે. અને એ કુંદકુંદઆચાર્યને કહેવું છે. હું તો એને ટીકા કરીને ખોલું છું. ખુલ્લો કરું છું. કુંદકુંદઆચાર્ય બે હજાર વર્ષ પહેલાં સંવત ૪૯માં થયા. હજાર વર્ષ પછી અમૃતચંદ્રઆચાર્ય થયા. એ કહે છે : તારા જાણવા–દેખવાના ઉપયોગમાં, પરજ્ઞેયના આલંબને, જે જ્ઞાન દેખાય છે, તને પ્રત્યક્ષ લાગે છે તે ઉપયોગ જ નહીં. ઉપયોગ તો એને કહીએ, પ્રભુ ! જેનો વેપાર સ્વના આશ્રયે થાય. એના જ્ઞાન અને દર્શનના પરિણામને ઉપયોગ કહેવામાં આવે છે. આહા...હા ! થોડું સાંભળીને હળદરના ગાંઠીએ ગાંધી થવાય; એવું 'આ' (વસ્તુ સ્વરૂપ) નથી... વિશેષ કહેશે........

❀ ❀ ❀

**પ્રવચન : ૧૨-૧૨-૧૯૭૭**

('અલિંગગ્રહણ') પહેલાં પાંચ (બોલ) નાસ્તિથી અને એક અસ્તિથી. હવે (સાતમા બોલમાં) ઉપયોગની વાત છે : '**જેને લિંગ વડે એટલે કે ઉપયોગ નામના લક્ષણ વડે ગ્રહણ એટલે કે જ્ઞેય પદાર્થોનું આલંબન નથી**' આહા...હા ! ઉપયોગ જે જાણવા–દેખવાનો છે તેને આલંબન આત્માનું છે. આત્માના આલંબને જે કાંઈ ઉપયોગ થાય તેને ઉપયોગ કહેવામાં આવે છે; એ ઉપયોગને જ્ઞેય પદાર્થનું આલંબન નથી. એટલે કે જે ઉપયોગમાં જ્ઞેય પદાર્થ (આલંબન સહિત) નિમિત્ત પડે અને ઉપયોગ થાય તે આત્માનો ઉપયોગ નહીં. આહા...હા ! આવી વાતો !! (**શ્રોતા** :) એ આત્માનો ઉપયોગ નહીં તો પછી કોનો છે ? (**ઉત્તર** :) પર તરફના વલણવાળી દશા, એ ઉપયોગ આત્માનો નહીં. પરસત્તાના આલંબનવાળું જ્ઞાન તે આત્માનો ઉપયોગ નહીં. આહા...હા ! આવી વાતો !!

આજ એક લખાણ, જૈનપત્રિકામાં, દ્રવ્યાનુયોગનું આવ્યું છે : કોઈ એકાંત કહે છે કે – પરદ્રવ્ય કાંઈ કોઈનું કરે જ નહીં. એકાંત છે ! અરે ! આવી (તત્ત્વવિરુદ્ધ) વાત. અહીં તો પરદ્રવ્યના આલંબનવાળું જ્ઞાનેય જ્ઞાન નહીં – આવી વાત (છે). અહીં (સોનગઢ)ના વિરોધનું ઘણું લખ્યું છે... એકાંત છે ! '**पुण्यफला अरहंता**' એ એ ગાથા નાખે : પુણ્યના ફળથી અરહંતપદ મળે છે. (પણ) ત્યાં એવું (તાત્પર્ય) છે જ નહીં. એને (તીર્થંકરને) જે હાલવા–ચાલવા–બોલવાની ઉદયની ક્રિયા છે તે બધી પુણ્યના ફળની છે – એમ (ત્યાં) કહેવું છે. (ગાથાનું) મથાળું છે : 'પુણ્યફળ આત્માને અકિંચિત્કર છે' (વળી) એ ગાથા નાખીને ઘણું બધું લખ્યું છે : કર્મોદય વિના વિકાર થાય જ નહીં. કેમકે આચાર્ય એમ કહે છે : શુભાશુભ(રૂપ) પરિણમે છે અને શુભાશુભ(રૂપ) ન પરિણમતો હોય તો સંસાર નહીં. માટે શુભાશુભભાવ કર્મના કારણે થાય છે. અરે ભગાવન ! (એમ પણ) પાઠ છે ને... 'સ્વયં પોતે પરિણમે છે.' અરેરે ! આવી વાતો... શું થાય ? ભાઈ ! અત્યારે બધું ફેરફાર... મૂળમાંથી વહી ગયો આખો. (વળી) એમ કહે : '(શું) કિંચિત્ માત્ર પરદ્રવ્ય ન કરે ? નહીં એ ઉપાદાનથી ન કરે પણ નિમિત્તથી કરે !' આહા...હા ! શું કરે ? કરે કોણ ? 'કુંભાર વિના ઘડો થાય જ નહીં... ઉપાદાન વિના ન થાય તેમ નિમિત્ત વિના પણ ન થાય', એમ લખ્યું છે. (પણ, ભાઈ !) નિમિત્ત તો એને કહીએ કે પરને કરે નહીં અને હોય; એને નિમિત્ત કહીએ. મોટો ફેરફાર... અત્યારે સંપ્રદાયની દૃષ્ટિ અને (મૂળમાર્ગની દૃષ્ટિ વચ્ચે). અહીં ('પ્રવચનસાર') ગાથા–૪૫માં જયસેનાચાર્યે એ કહ્યું છે કે નહિ ? કે : કર્મોદયમાત્રથી બંધ થતો હોય તો (સંસારી) જીવને કર્મનો ઉદય તો સદાય છે. (પણ) પોતે પોતામાં વિકાર કરે તો કર્મને નિમિત્ત કહેવાય – એટલું છે. આહા...હા ! એને એના પોતાના પરિણમનનો–વિકારનો પર્યાય–કાળ છે ને...! એ કાંઈ કર્મને લઈને નથી. કર્મોદય અહીં રાગને અડતોય નથી; અને રાગ કર્મના

ઉદયને અડતો નથી. આ વાત રાખીને (બધી) વાત છે. એક (લખનારે) વાંચ્યું છે ઘણું. (પણ જેની) દૃષ્ટિ ઊંધી, વ્યવહારશ્રદ્ધામાં ય શ્રદ્ધા ખોટી. (તેથી) ઘણું (વિરુદ્ધ) લખ્યું છે : 'કર્મ વિના વિકાર થાય તો કોઈને સંસાર રહે જ નહીં; કર્મ વિના વિકાર થાય જ નહીં; એટલે શુભાશુભભાવે પરિણમે છે એ કર્મને લઈને છે.' (પણ આચાર્ય) આ પણ કહે છે કે : શુભાશુભરૂપે સ્વયં ન પરિણમતો હોય તો સંસાર પણ સિદ્ધ થતો નથી. ત્યાં તો એમ કહ્યું છે : શુભાશુભભાવે પોતે પોતાથી ન પરિણમે તો સંસાર પણ સિદ્ધ થતો નથી. એટલે જેમ એનું શુદ્ધપરિણમન છે તેમ શુભાશુભપરિણમન પણ એનું જ, એની પર્યાયમાં એનાથી છે. (એ વાતનો સુમેળ હોવો જોઈએ). અને એ વાત તો સંવત ૨૦૧૩માં વર્ણીજી સાથે ઘણી થઈ કે : વિકારના પરિણમનમાં–પર્યાયમાં ષટ્કારક પરિણમન પોતાનું છે (એને) પરના કારકની અપેક્ષા નથી. એ વાત તો બહાર આવી છે. શું થાય પણ ? આખી વાત જ (ફરી ગઈ). (મૂળમાર્ગમાં) ફેરફાર આખો. સંપ્રદાયની દૃષ્ટિ જ આખી ઊંધી. આહા...હા ! એમકે અહીં તો એમ લખ્યું કે ઉદયમાત્રથી (બંધ) થાય... તો તો ઉદય તો સદાય છે, તો બંધરહિત થવાનો પ્રસંગ જ આત્માને રહે જ નહીં. આવી વાત છે ! ઘણું લખ્યું છે : 'ઉપાદાનથી જ ન થાય; (પણ) ઉપાદાન વિના પણ ઘડો ન થાય અને નિમિત્ત વિના પણ ન થાય.' (પરંતુ) અહીં ('સમયસાર') ગાથા–૩૭૨માં કહે છે કે : ઘડો કુંભારથી થાય, એ અમે જોતા નથી. માટીથી જ ઘડો થાય છે. હવે, તોય નાખે કે : 'ના. ઉપાદાન વિના પણ ન થાય અને કુંભાર વિના પણ ન થાય.' અરે બાપુ ! શુ કહે છે આ ? (**શ્રોતા** :) નિમિત્ત કારણ છે ને ? (**ઉત્તર** :) પણ (નિમિત્ત) એ બીજી ચીજ છે. કારણ જે છે તે તો આરોપિત છે. કારણ–ફારણ કેવાં ? કારણ તો એનું સ્વતંત્ર જે પર્યાયનો કાળ છે તે છે. કાર્ય–કારણ તો વિકારમાં પોતે પોતાથી ષટ્કારક છે. એ 'પંચાસ્તિકાય'ની ૬૨મી ગાથામાં આપેલું છે : કર્તા આત્મા. એ જ કરણ. એ જ કર્મ. એ જ અપાદાન. એ જ સંપ્રદાન. અને એ જ અધિકરણ (છે). એક સમયની વિકૃતપર્યાયમાં ષટ્કારકનું પરિણમન, પરના કારકની અપેક્ષા વિના, પોતાથી થાય છે. આવી વાત છે ! મૂળમાં ભૂલ પહેલેથી જ હાલી આવી છે. – જૈન (સંપ્રદાય)માં 'કર્મને લઈને થાય.' (**શ્રોતા** :) '**धर्मास्तिकाय अभावात्**' (**ઉત્તર** :) પણ એ કઈ અપેક્ષાએ ? એ તો પરિણમનની યોગ્યતા જ એટલી છે કે ત્યાં છે તેટલો ત્યાં રહે છે. ત્યાં ધર્માસ્તિકાયનું નિમિત્ત નથી, એટલું સિદ્ધ કરવું છે. ત્યાં તો એમેય કહ્યું છે : કાળદ્રવ્ય વિના પરિણમન થાય નહીં... લ્યો ! એ તો નિમિત્તને સિદ્ધ કરવું છે. પરિણમન તો દરેક દ્રવ્યનો સ્વતઃ સ્વયં સ્વભાવ છે. એ પરિણમન વિનાનો કાળ કોઈ એને હોય ? કે કાળદ્રવ્ય હોય તો પરિણમે ? લેખ તો આવો છે કે : કોઈને કાળદ્રવ્ય વિના પરિણમન થાય નહીં. એ તો નિમિત્ત છે, એ લીધું. પરિણમન કરે છે ઉપાદાન પોતાથી. એ નિમિત્ત કાળદ્રવ્ય છે એટલું સિદ્ધ કરવું છે. પણ એને (કાળદ્રવ્યને) લઈને એ (બીજું દ્રવ્ય) પરિણમે છે, (એમ નથી.) આવી વાતો મોટી. મોટો ઘણો મોટો. આ બધું માસિક પત્રિકામાં ઘણું આવ્યું છે. બે પંડિતોએ એનાં વખાણ કર્યાં છે : બહુ જ્ઞાન આ તો... અહોહો ! મહા પ્રખર વિદ્વાન. ચારે અનુયોગનું યથાર્થ જ્ઞાન કરવા માટે આ વસ્તુ છે ! હવે ઇ પોતે જ શુભભાવ એ મોક્ષમાર્ગ છે (એમ મૂળમાર્ગથી વિરુદ્ધ માને) ! આહા...હા ! પ્રભુ !

તારે શું કરવું છે ? અહીંનું (સોનગઢનું) એકાંત કહીને પોતાની વાત અનેકાંત છે એમ સિદ્ધ કરે છે !

અહીંયાં તો કહે છે કે : 'જેને લિંગ વડે એટલે કે ઉપયોગ નામના લક્ષણ વડે' – ઉપયોગ લક્ષણ પોતાનું છે. એનાથી આત્મા લક્ષ્ય થાય. અને આત્માના આશ્રયે ઉપયોગ થાય, એ તો એનું સ્વરૂપ છે. એ ઉપયોગ નામના લક્ષણ વડે 'ગ્રહણ એટલે કે' (ગ્રહણની વ્યાખ્યા :) 'જ્ઞેય પદાર્થોનું આલંબન નથી.' – ભાષા જુઓ ! બીજાના આલંબને ઉપયોગ પ્રગટે એવું એ નથી. માટે '**તે અલિંગગ્રહણ છે.**'

'કર્મના નિમિત્તથી વિકાર થાય નહીં' એમ વિકારનું જે જ્ઞાન થાય, એ જ્ઞાનમાં વિકારનું જ્ઞાન છે અને એ જ્ઞાનના વેપારમાં નિમિત્તનું આલંબન છે; એ જ્ઞાન–ઉપયોગ આત્માનો નહીં.

રાગ થયો એ પોતાથી થયો... હવે, જ્ઞાનનો જે ઉપયોગ છે તે રાગને જાણે છે અને રાગ જેમાં નિમિત્ત છે એવું જે જ્ઞાન, તે આત્માનો ઉપયોગ નહીં.

આહા...હા ! આવી લાંબી વાત ક્યાં (સમજાય) ? મૂળ પહેલી શ્રદ્ધા, એ તો વ્યવહાર શ્રદ્ધા, (એનાય હજી ઠેકાણાં નથી). નિશ્ચયશ્રદ્ધા તો અંદરમાં આનંદનું વેદન કરવું, એનું નામ નિશ્ચયશ્રદ્ધા છે. નિશ્ચય એટલે વસ્તુ જેવી છે તેવી પ્રતીતમાં આવતાં, તેનામાં આનંદ છે તે આનંદ પણ વેદનમાં આવવો જોઈએ; ત્યારે એને નિશ્ચયસમ્યગ્દર્શન, સાચી શ્રદ્ધા કહેવામાં આવે છે. સત્યની સત્‌શ્રદ્ધા, (એટલે કે) આનંદનો સાગર ભગવાન અતીન્દ્રિયમૂર્તિ પ્રભુની શ્રદ્ધા ક્યારે કહેવાય ? કે : અતીન્દ્રિયને સ્પર્શીને જે ઉપયોગ –પર્યાય થાય, એને આત્માનો ઉપયોગ કહે છે કે જેમાં આનંદનો સ્વાદ સાથે હોય. પરદ્રવ્યના આલંબનવાળો જ્ઞાનનો ઉપયોગ તે જીવનો નહીં. કેમકે ઉપયોગમાં પરદ્રવ્ય (પ્રત્યે) લક્ષ જતાં ત્યાં આનંદ આવતો નથી. ત્યાં તો આકુળતા છે. પરસન્મુખ જ્ઞાન થાય છે, એ થાય છે પોતાથી; એ કાંઈ નિમિત્તથી નથી થતું; પણ જે (જ્ઞાન)ને નિમિત્તનું આલંબન છે, તે ઉપયોગ જીવનો નહીં.

(અહીંયાં કહ્યું :) 'જેને લિંગ વડે એટલે કે ઉપયોગ નામના લક્ષણ વડે' – ઉપયોગ નામનું લક્ષણ કીધું – કોનું ? કે : આત્માનું. હવે આત્માનું જે લક્ષણ છે એ (જો) નિમિત્તને આલંબને થાય (તો) એ લક્ષણ જ નથી. આહા...હા ! ભારે વાત કરી. સમજાણું કાંઈ ? આ તો ધીરા થઈને સમજવાની વાતો છે, બાપુ !

આહા...હા ! આત્મા ઉપયોગ નામના લક્ષણ વડે; ભાષા પહેલી લીધી કે : આત્માનું 'લક્ષણ' ઉપયોગ છે. 'લક્ષ્ય' દ્રવ્ય છે. હવે 'ઉપયોગ નામના લક્ષણ વડે', જે લક્ષણ લક્ષ્યને જાણે એવા લક્ષણમાં (જો) પરજ્ઞેયને જાણવામાં પરનું આલંબન થાય તો તે ઉપયોગ જીવનો નહીં. આ ગજબ વાતો કરી છે ને....!

આહા...હા ! પરસત્તાવલંબી જ્ઞાન સમકિતીને પણ હોય. પણ તે સ્વ ઉપયોગ નહીં. તે જ્ઞાનનો – આત્માનો ઉપયોગ નહીં. જે ઉપયોગમાં નિમિત્તનું અવલંબન અને આશ્રય આવે તે ઉપયોગ આત્માનો નહીં.

આહા...હા ! આ બધું છોડે ને થોડું સાંભળે, તો જાણે કે સમજાઈ ગયું... એમ માણસને

થઈ જાય છે ! આવી વાતું !! આવું છે બાપુ ! બહુ ઝીણી વાતો, બાપુ ! અને તે ક્યારે – સામે પ્રસંગ હોય ત્યારે એ નીકળે ને...?

આહા...હા ! ભગવાન ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ એમ કહે છે કે : ઉપયોગ એ જ્ઞાન–દર્શનનો છે; એ આત્માનું લક્ષણ છે; એટલે કે એ તો આત્માને જાણે. (પણ) એ લક્ષણ પરને જાણવા તરફ વળ્યું હોય (તો) એ લક્ષણ આત્માનું નહીં. (એ) આત્માનો ઉપયોગ નહીં. (**શ્રોતા** :) બાર અંગનું જ્ઞાન આત્માનું નથી ? (**ઉત્તર** :) (એ) નહીં. બાર અંગનું પરતરફનું વલણવાળું જ્ઞાન એ (આત્માનું નહીં) (**શ્રોતા** :) ભાવશ્રુત ? (**ઉત્તર** :) ભાવશ્રુત આત્માનું એ સ્વના આશ્રયે થાય. દ્રવ્યશ્રુતનું જે જ્ઞાન છે તે તો શબ્દજ્ઞાન છે. કીધું નહિ બંધ અધિકારમાં ? જ્ઞાન આનું (આત્માનું) લક્ષણ. અને એ જ્ઞાન પરને જાણવા તરફ વળે – જેનું લક્ષણ છે તેને જાણવા ન વળે અને જેનું લક્ષણ નથી તેના તરફ વળે – એ આત્માનો ઉપયોગ નહીં.

આહા...હા ! ગજબ વાત છે !! એ દિગંબર સંતો સિવાય (અન્યત્ર નથી). સત્યધર્મને – ચારિત્રને પ્રગટ કરીને બોલે છે. (જેની) પર્યાયમાં ચારિત્રપણું છે તે કહે છે કે : અમને જે જ્ઞાનનો ઉપયોગ, – પર જેનું લક્ષણ નથી અને પર જેનું લક્ષ્ય નથી – જાણવાનો ઉપયોગ, તે તો જીવનું લક્ષણ છે; તેનું લક્ષ્ય જીવ છે; એને ઠેકાણે પરના લક્ષ્યમાં તે ઉપયોગ વળે (તો) તે ઉપયોગને આત્માનો ઉપયોગ કહેતા નથી. ગજબ વાત કરે છે ! આવી વાતો !! આહા...હા ! આ તો અંતરની વાતો છે, બાપા ! ...શું થાય ?

કહે છે કે : પ્રભુ ! તું કોણ છો ? કે : જ્ઞાન–જાણવું (એ) લક્ષણ વડે લક્ષ્ય થાય એવો તું છો. અથવા લક્ષ્યથી જે ઉપયોગ થાય, તે ઉપયોગ તારો છે. આહા...હા ! જે લક્ષ્ય વસ્તુ છે ભગવાન–આત્મા; એના લક્ષે જે ઉપયોગ થાય, તે ઉપયોગ જીવનો છે. અને તે ઉપયોગ મોક્ષનું સાધન છે. આહા...હા ! ગજબ વાત છે !! એણે ધીરે... ધીરે સમજવું જોઈએ, ભાઈ ! આ તો અધ્યાત્મની – અંતરની વાતો છે !! જેને જાણવાના ઉપયોગમાં પરનું આલંબન હોય, એ ઉપયોગ નહીં. ગજબ વાતું છે !! (**શ્રોતા** :) પરાધીન છે ને ? (**ઉત્તર** :) પરાધીન–પરને અવલંબે છે ને...! અને જેનું – લક્ષણનું એ લક્ષ્ય જ નથી. લક્ષણનું લક્ષ્ય તો ભગવાન અંદર ચિદાનંદ પ્રભુ પૂર્ણ છે. એને લક્ષે થયેલો ઉપયોગ, તે આત્માનો છે. અને જેનું લક્ષણ નથી એવા નિમિત્તને આલંબને જે ઉપયોગ થાય, તે ઉપયોગ જેને (આત્માને) નથી. આહા...હા ! આવી વાતો છે !! અરે ! અહીં તો જન્મ–મરણને ઉથાપી નાખવાની વાતો છે. ચોર્યાશીના અવતાર થાય – એ ભાવ જેનો નથી; પણ એ પરના લક્ષે થયેલો જ્ઞાનનો ઉપયોગ – એ ય એનો નથી. જે સ્વના લક્ષથી ઉપયોગ પ્રગટ થાય તે ઉપયોગ મોક્ષનું કારણ છે. પરના લક્ષે જે ઉપયોગ થાય તે (તો) બંધનું કારણ છે (અર્થાત્) પરસત્તાવલંબી ઉપયોગ તે બંધનું કારણ છે. આહા...હા ! તેથી કહ્યું કે : આ તો, બાપુ ! અંતર્‌ની વાતો છે. આ કોઈ વાદવિવાદે બેસે એવું નથી. આમાં કાંઈ પંડિતાઈનું કામ નથી !

વળી, ત્યાં સુધી લખે છે કે : 'અશુભ છોડવા માટે બહુ રુચિપૂર્વક શુભ કરવું.' – કહો ભાઈ ! આવું. અરરર... આ તું શું કરે છે, પ્રભુ ? એવું લખે છે : 'રુચિપૂર્વક શુભ. અને તે

સાધન છે. નિર્વિકલ્પ સમાધિ–શાંતિ થવાનું એ (શુભભાવ) સાધન છે.' અરે ભગવાન... પ્રભુ ! તું શું કહે છે, કરે છે ? આહા...હા ! (લખે છે :) 'અશુભ ટાળીને બહુ રુચિપૂર્વક શુભ કરવું કે જે શુભ કરતાં કરતાં એને નિર્વિકલ્પસમ્યગ્દર્શન અને શાંતિ મળે.' આહા...હા ! પ્રભુ ! શું કરે છે તું આ ? વળી, ત્યાં એ નાખ્યું છે : 'જો એમ ન હોય તો અમને સમકિત અને સુખને આવરણ છે.' એમ કહે : 'જુઓ ! પરથી કાંઈ ન થાતું હોય તો અમને સુખ અને સમકિતને આવરણ છે !' (પરંતુ) ભાઈ ! તારા અશુદ્ધ ઉપાદાનનું આવરણ છે તેને લઈને સમકિત અને સુખ નથી. – આવું છે. અરે...રે ! એમાં લખ્યું છે : 'અશુભને રુચિપૂર્વક છોડવું અને રુચિપૂર્વક શુભ કરવું; (કેમકે) નિર્વિકલ્પસ્વરૂપનું એ સાધન છે. જો એમ ન હોય તો અમને સમકિત અને સુખ કેમ નથી ? – એ સમકિત અને સુખને કર્મનું આવરણ છે. અરે પ્રભુ ! શું કરે છે તું આ ? સમકિતને ભાવઆવરણ તો 'વિપરીત માન્યતા' એ એને આવરણ છે.' (અર્થાત્) વિપરીતશ્રદ્ધા એ સમકિતને 'આવરણ' છે. અને 'વિપરીત પરિણામ– દુઃખ' તે એ સુખને આવરણ છે. કર્મ–ફર્મની વાત... પરદ્રવ્યની હારે શું સંબંધ છે કાંઈ : (પણ) કહે નહીં : 'કોઈ એમ કહે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ ન કરે, કિંચિત્ પણ ન કરી શકે' – બિલકુલ એકાંત છે ! એમ કહે. (**શ્રોતા** :) 'કષાય' આવરણ નથી 'કર્મ' આવરણ છે ? (**ઉત્તર** :) એ કર્મ આવરણ છે, એમ કહે. (અરે !) પોતાની મિથ્યાશ્રદ્ધા એ આવરણ છે ભાવઘાતિ. 'પ્રવચનસાર' ૧૬મી ગાથામાં આવે છે ને...! દ્રવ્ય–ભાવઘાતિકર્મ. ભાવઘાતિ મૂળ કારણ છે. દ્રવ્યઘાતિ તો નિમિત્ત છે. અરેરે ! અહીં... ક્યાં પણ એટલી નવરાશે ય ક્યાં ? અને ભણ્યાં તો આવું ઊંધું ભણ્યાં ! અને 'પ્રવચનસાર' ૪૩મી ગાથામાં તો એમેય કહ્યું : જ્ઞાનથી બંધ નથી અને કર્મના ઉદયથી પણ બંધ નથી. બેય વાત લીધી છે. રાગ–દ્વેષના પરિણામ કરે તે બંધનું કારણ છે, ઉદય બંધનું કારણ નથી. અહીં જ્ઞાન બંધનું કારણ નથી.

અહીંયાં કહે છે કે : આત્માનો પર(સન્મુખ) ઉપયોગ (તે) પણ બંધના કારણને છેદે એમ નથી. એ આવે છે ને... 'પરમાર્થવચનિકા'માં : પરસત્તાવલંબી જ્ઞાનને ધર્મી મોક્ષનું કારણ કહેતા નથી. આહા...હા ! ગૃહસ્થ સમકિતી જીવોએ પણ (ગજબ) કામ કર્યાં છે ને...! ભાગ્યના ઉદયે દિગંબરમાં જન્મ થયો અને જન્મ થયા પછી વસ્તુની પ્રાપ્તિ ! આહા...હા ! એમાં છે બીજે છે નહીં ક્યાંય. એણે એમ અંદરથી કહ્યું કે : જ્ઞાનમાત્ર–જ્ઞાનસ્વભાવ એ તો કોઈ બંધનું કારણ નથી. તેમ કર્મનો ઉદય છે તે, તો પરવસ્તુ છે તેને લઈને (તે) બંધનું કારણ નથી. બેય બંધના કારણ નથી, ત્યારે બંધનું કારણ છે કોણ ? કે : રાગ અને દ્વેષના પરિણામ, તે બંધનું કારણ છે. સવારમાં આપણે 'બંધ અધિકાર'માં આવ્યું ને કે : ઉપયોગની ભૂમિકામાં રાગ–દ્વેષને કરે તે બંધનું કારણ છે. ચારેકોરની વાત જુઓ તો એકધારા નીકળે છે. આહા...હા ! ઉદયથી બંધ થતો હોય તો પછી કોઈ દી' બંધરહિત થઈ શકે જ નહીં. પોતે અંદર રાગ–દ્વેષનો ભાવ કરે તો તે બંધનું કારણ છે. એ રાગ–દ્વેષ કાંઈ કર્મથી થયા નથી કે આત્માનો સ્વભાવ નથી; ઉપાધિભાવ છે.

આહા...હા ! આત્મા શું છે ? – એ તો જ્ઞાનસ્વરૂપી પ્રભુ; જ્ઞાનનો સ્વને લક્ષે વેપાર કરે,

તે ઉપયોગ; તે મોક્ષના કારણમાં આવે છે. તેને જ ઉપયોગ જીવનો કહીએ; આત્માનો જ ઉપયોગ કહીએ. તે આત્મા જ્યાં મોક્ષના કારણમાં છે (ત્યાં) એને એનો ઉપયોગ પણ મોક્ષના કારણમાં છે.

આહા...હા ! આવી વાતો છે !! વિરલ વિરલ વિરલ જીવને બેસે એવી વાત છે. 'યોગસાર'માં આવે છે : 'વિરલા જાણે તત્ત્વને, વળી સાંભળે કોઈ; વિરલા ધ્યાવે તત્ત્વને, વિરલા ધારે કોઈ.' ...ઓહો ! દિગંબર સંતો અને દિગંબરના ગૃહસ્થો પણ અલૌકિક વાતો કરી ગયા છે. (ખાનિયા) તત્ત્વચર્યામાં (સામે) એમ કહે : જેટલું આચાર્યનું કથન છે એટલું બરાબર છે, ગૃહસ્થોનું નહીં. (પણ) ફૂલચંદજી કહે : ગૃહસ્થપંડિતોનું પણ અમારે માન્ય છે. એ લોકોને ટોડરમલજી અને બનારસીદાસજીનું કહેવું માન્ય નથી. એને માનવા જાય તો જે શાસ્ત્રનાં રહસ્યને ખુલ્લાં કરી નાખ્યાં છે (તે માન્ય રાખવા પડે).

(અહીંયાં કહે છે :) 'ઉપયોગ નામના લક્ષણ વડે' – કોનું લક્ષણ છે ? એ તો આત્માનું લક્ષણ છે. એ વડે 'ગ્રહણ એટલે કે જ્ઞેય પદાર્થોનું આલંબન જેને નથી.' આહા...હા ! ઉપયોગ નામના લક્ષણને જે જ્ઞેયરૂપ પરપદાર્થ છે (તે) ચાહે તો તીર્થંકર હોય, તીર્થંકરની વાણી હોય, કે આ શાસ્ત્રનાં પાનાં હોય, એ પરજ્ઞેય; – તેનું આલંબન નથી. (એટલે કે :) ઉપયોગ નામના લક્ષણ વડે, પરજ્ઞેયના ઉપયોગમાં જેને (પરનું) આલંબન નથી તેને અલિંગગ્રહણ કહેવામાં આવે છે. જ્ઞેયના આલંબને થતું (જ્ઞાન) તે લિંગ છે. આત્મા એ અલિંગગ્રહણ છે. તેનાથી (લિંગથી) આત્મા ગ્રહણ થઈ શકે નહીં.

આહા...હા ! આ તો ચમત્કારિક અધ્યાત્મગ્રંથ છે. એની (આચાર્યદેવની) વાણીમાં ચમત્કૃતિ છે. એની વસ્તુમાં ચમત્કૃતિ છે, તે ચમત્કૃતિ વાણી દ્વારા ખુલ્લી કરી છે !

ઘણી વાર કહીએ છીએ ને...! આકાશનો ક્યાં અંત ? તું કોઈપણ વિચાર નાસ્તિકપણે (પણ) કર ને...! આ...આ...આ આકાશ આમ... આમ છે એનો અંત આવે ? પછી... પછી...પછી...પછી...પછી... પછી... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંતને અનંતગણા કરો એવું અનંત ચાલ્યું જાય આઘું... તોય ક્યાંય આકાશનો અંત નથી. – શું ચીજ છે આ ? જેના ક્ષેત્રની પણ ચમત્કૃતિ જ્યાં અનંત છે ! જેના કાળની ચમત્કૃતિ... આદિ નહીં ! આદિ નહીં તો પણ પહેલો ક્યારે ? અરે ! પર્યાય પહેલી ક્યારે ? – લ્યો એમ લ્યો ચાલો. પર્યાય તો નવી પરિણમે છે – તો પર્યાય પહેલી ક્યારે ? – શું છે એ વસ્તુ. બાપુ ! એ ચમત્કૃતિ છે : પર્યાય પહેલી કેવી ? દ્રવ્ય જેમ અનાદિ છે તેમ સાથે પર્યાય અનાદિ જ છે ! આહા...હા...હા ! આ તો અંદર જરી વિચારમાં ગોઠવે તો બેસે એવું છે, બાપુ ! એમ ને એમ (કાંઈ બેસે નહીં).

સંવત ૧૯૯૧ની વાત છે. એક નાસ્તિક હતો. એને ત્યાં કહ્યું ભાઈ ! જાણનારો તો આત્મા છે ને...? એ જાણનાર, આ આકાશ ક્યાં પૂરું થાય... એમ નક્કી કરશે ? તો પૂરું થાય, તો પછી શું ? પછી શું.... તો શું છે આ ? જેના ક્ષેત્રની પણ અદ્‌ભુતતા–અચિંત્યતા ! એના જાણનાર ભગવાનની અચિંત્યતાની તો શું વાત કરવી ?? એ (આત્મા) તો અંદર ચૈતન્ય–ચમત્કારિક પ્રભુ કોઈ ચિંતામણિરતન છે !! આહા...હા...હા ! જેના કાળની આદિનો વિચાર કરતાં પણ (અચિંત્યતા

ભાસે ત્યાં દ્રવ્યની તો શી વાત કરવી ?!)

ઓલા (વેદાંતી) કહે : ઈશ્વરે કર્યું. પણ ઈશ્વરે કર્યાં પહેલાં શું હતું ? પહેલાં ખાલી હતું ? તો ઈશ્વર પોતે ક્યાંથી થયો ? તેઓ અનાદિ હતા; તો પછી આ વસ્તુ ય અનાદિ છે. અને તે અનંતકાળ રહ્યા પછી વિચાર આવ્યો ત્યારે કર્યું ? અનંત અનંત કાળ વીતી ગયો પછી કહે 'હવે કરું' તો એનો અર્થ શું થયો ? બાપુ ! તને વસ્તુની ખબર નથી : દરેક વસ્તુ ચમત્કૃતિક છે !

આહા...હા ! જેને કાળની આદિ નહીં... અરે ! જેની પર્યાયની આદિ નહીં. ભલે દ્રવ્યની આદિ તો નહીં; પણ પહેલી પર્યાય–દ્રવ્યની અવસ્થા–હાલત–સંસારની હાલત જે અનાદિની છે એ અનાદિમાં આદિ – કઈ પહેલી એની અવસ્થા છે ? એમ જે સિદ્ધભગવાન છે એમાં પહેલા સિદ્ધ ક્યા ? આહા...હા ! એ સિદ્ધપરમાત્મદશા પણ અનાદિની છે. અનંત સિદ્ધો (છે). અહીં સંસારદશા–વિકૃત અવસ્થા પણ અનાદિની છે. કાળ પણ આદિ વિનાનો. ક્ષેત્ર પણ આદિ વિનાનું. અને એક એક દ્રવ્યના ભાવ અંત વિનાના, અમાપ શક્તિવાળા. જેના ક્ષેત્રનું માપ નહીં, કાળનું માપ નહીં, પર્યાયની આદિ નહીં – એવો જે ચૈતન્યભગવાન; એના જે ગુણો; એ ગુણનું માપ નહીં, અંત નહીં. અહીં (શરીરાકાર) ક્ષેત્ર; એ અંત આવી ગયો એ જુદું; પણ ભાવની સંખ્યાનો અંત નહીં. – આ શું કહે આ ? એવા અમાપ... અમાપ... જેના માપ ન મળે ! અનંતનું માપ (જ્ઞાન) પર્યાયમાં આવી જાય, પણ એ અનંતનું અનંતપણે જ્ઞાન આવી જાય. ગુણ અનંત છે, એનું (અનંતનું) માપ જ્ઞાનમાં આવ્યું, તેથી તે ગુણ અનંતનું અમાપપણું છે તે માપમાં આવ્યું માટે ત્યાં માપ છે (અંત છે, એમ નથી). આહા...હા ! આ તો ગજબ વાતો છે, બાપુ ! જૈનદર્શન એ વસ્તુનું સ્વરૂપ છે. એ કોઈ વાડો–સંપ્રદાય નથી. એણે આવી વાતો કરી છે ! બીજો કાંઈ (આવી વાત કહેનારો) લાવો તો ખરા ? પરમેશ્વર ત્રિલોકનાથ, એ પણ સર્વજ્ઞપણે અનાદિના છે. ત્રણકાળના જાણનારનો ત્રણકાળમાં કોઈ દી વિરહ ન હોય ! – શું કહે છે, બાપુ ! આ શું છે ?

આ લોકો કહે કે – જૈનધર્મ તો વાણિયાનો છે; 'એ તો વાણિયાનો' એમ કહીને માળા ! કાઢી નાખે. અરે પ્રભુ ! તું શું કરે છે ? આહા...હા ! એ વસ્તુનો સ્વભાવ જ અનાદિનો છે. દ્રવ્ય–ગુણ અને પર્યાય, એ અનાદિનાં છે. વસ્તુમાં શુદ્ધતા પણ અનાદિની છે. એમાં જરીયે અશુદ્ધતા થઈ નથી. પર્યાયમાં ગમે તેવી અશુદ્ધતા વીતી હોય, (એટલે કે) અનંતા અનંતા દુઃખો નરકમાં સહ્યાં, છતાં, દ્રવ્યમાં કોઈ દી' ઘસારો થયો છે (એમ નથી). – શું કહે છે આ ? ભાઈ ! તેં એના અસ્તિત્વનો વિચાર કર્યો નથી ! આહા...હા ! આવા વિચારથી અસ્તિત્વની પ્રતીતિ કરે (તો) નિર્વિકલ્પદૃષ્ટિ થઈ જાય ! સમજાણું કાંઈ ? નિર્વિકલ્પદૃષ્ટિ વિના, અચિંત્ય એવા સ્વભાવની પ્રતીતિ કોઈ દી ન આવે. જે અચિંત્યસ્વરૂપ છે; જેના ગુણોની સંખ્યાનો ક્યાંય અંત નહીં... ક્યાંય અંત નહીં. ગણતરીમાં હોં ! કે અહીં અનંતગુણ પૂરા થયા, લ્યો. – શું છે આ ? બાપુ ! વસ્તુની અસ્તિત્વશક્તિનું વર્ણન (જે) સર્વજ્ઞે કહ્યું, એવું બીજે ક્યાંય નથી. – એ એનો આત્મા પણ અંદરથી પોકારીને (કહે).

એવાં અમાપ... અમાપ... જે (ગુણો)ની સંખ્યાનું માપ નહીં; પણ 'માપ નહીં' પણ કહ્યાં ત્યારે ? 'માપ નથી' તો એને જ્ઞાનમાં આવ્યું કેમ ? આહા...હા ! એ (ઉપયોગ) લક્ષણ દ્વારા, દ્રવ્યના અમાપ ગુણનું માપ શી રીતે આવ્યું ? બાપુ ! એ અમાપ છે એનું અમાપ રીતે માપ આવ્યું. આવી વાત છે !! (અમાપ છે) છતાં માપની (માપ કરનાર) પર્યાયમાં એનું માપ આવ્યું. જેમ આકાશ અનંત છે, તો જ્ઞાનમાં અનંતને અનંતપણે જાણ્યું. કાંઈ જ્ઞાનમાં અનંતપણે જાણ્યું તો અનંતનો અંત આવી ગયો ? (એમ નથી). અરે ! કે'દી એણે અંદર વિચાર કરીને વસ્તુને અસ્તિપણે માની છે ? એમ ને એમ ઓઘે ઓઘે અનાદિથી હાલ્યો જાય છે !

અહીંયાં તો પરમાત્મા એમ કહે છે : ઉપયોગ જે છે તે લક્ષણ તો જીવનું છે, પ્રભુ ! એમ કહ્યું ને...! 'ઉપયોગ નામના લક્ષણ વડે' – એ લક્ષણ કોનું ? આત્માના ઉપયોગ નામના લક્ષણ વડે – આત્મા તેના લક્ષ્યથી લક્ષણ (રૂપ) થાય અને ઉપયોગ તેના (આત્માના) લક્ષ્યથી આવે (તે આત્માનો ઉપયોગ છે.) તે સિવાય, એ લક્ષણમાં પરજ્ઞેયનું આલંબન આવીને (લક્ષણ) ઉત્પન્ન થાય તો એ ઉપયોગ, જીવનો નહીં. કેમકે જેનું એ લક્ષણ નથી, એનું અહીં જ્ઞાન થયું (માટે એ લક્ષ્ય (આત્મા)નું લક્ષણ નથી). આહા...હા ! ગજબ વાત કરે છે ને...! એ જ્ઞાન લક્ષણ જેનું છે એનું લક્ષ્ય–જ્ઞાન ન કરતાં, જે લક્ષણ એનું નથી તેના આલંબનથી અહીં જ્ઞાન થાય, તે 'લિંગ' (છે, કે જે) સ્વરૂપમાં નથી. આહા...હા ! ભાષા તો સાદી છે. થોડી થોડી પકડાય એમ છે. આહા...હા ! બાપા ! આ તો એવી વસ્તુ છે, ભાઈ ! જેનું લક્ષણ છે તે લક્ષણમાં પરનું જ્ઞાન થાય (તો તે લિંગ–જ્ઞાન છે, આત્મજ્ઞાન નહીં).

સ્વના લક્ષે ઉપયોગમાં 'સ્વપરપ્રકાશક' આવે તે તો 'સ્વ'ના લક્ષે આવેલું (જ્ઞાન) છે. એ લક્ષણનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે. અને સ્વરૂપનો – જ્ઞાનદર્શનનો સ્વભાવ પણ સ્વપરપ્રકાશક છે. તો સ્વપરપ્રકાશકને લક્ષે જ્ઞાનની પર્યાય પ્રગટી તે જીવનો ઉપયોગ છે. પણ જેને સ્વના લક્ષ વિના, જેટલો પરના લક્ષે જ્ઞાનનો ઉપયોગ થાય (તેટલો ઉપયોગ જીવનો નહીં). – આ 'ગ્રહણ'નો અર્થ કર્યો ! પ્રભુ ! ગજબ કરે છે ને !

'જેને ઉપયોગ નામના લક્ષણ વડે' – 'જેને' કીધું ને ? જેને એટલે આત્માને. પહેલો શબ્દ છે ને...! 'જેને લિંગ વડે' એટલે કે, જેને ઉપયોગ નામના લક્ષણ વડે, જેને ગ્રહણ એટલે કે, જેને જ્ઞેય પદાર્થોનું આલંબન, જેને નથી.

આહા...હા ! આ તો, બાપુ ! વીતરાગની વાણી, સંતોની વાણી એ તો ચમત્કારિક વાણી છે. આ કાંઈ વાર્તા–કથા નથી. (અહીં તો) ભગવત્ – સ્વરૂપ પ્રભુને વર્ણવ્યો છે ! આહા..હા ! પર્યાયની આદિ નથી એને પણ જ્ઞાને સ્વના લક્ષે જાણી લીધું. કેમકે સ્વને જાણ્યો ત્યારે અનાદિ–અનંત, સ્વની પર્યાય જણાણી ને ! સ્વને જાણતાં અનાદિ–અનંત પર્યાય સ્વને લક્ષે જણાણી; એ ઉપયોગ એનો (સ્વનો છે). પણ એને પરના લક્ષે–આલંબને–નિમિત્તે જેટલું જ્ઞાન છે, એ લક્ષણ, એ એનું (પોતાનું) નથી; એ લક્ષણ તો આનું (પરનું) છે. એ લક્ષણ કામ કરે છે એને (પરને) જાણવાનું.

આહા...હા ! આવી વાતો છે, બાપુ ! ભાગ્યવાનને કાને પડે એવી આ વાતો છે, ! અરે !

શું કહીએ ? ભગવાનના શ્રીમુખે નીકળેલું તત્ત્વ છે ! સમવસરણમાં–દિવ્યધ્વનિમાં આ વાત આવી છે; એ વાત આ છે.

અહીં તો હજી (લોકો માને કે :) શુભરાગ એ મોક્ષનો માર્ગ (છે) ! અરે, પ્રભુ ! તું ક્યાં ગયો ? આ શું કરે છે તું ? અહીંયાં તો (કહ્યું :) પરલક્ષવાળું જ્ઞાન એ જીવનું નહીં. તો પરલક્ષવાળો જે રાગ છે તે જીવને લાભ કરે ?? અરે...પ્રભુ ! તું શું કરે છે આ ? મળ્યું નથી ને... એને આ (તત્ત્વ) મળ્યું નથી. અરે ! એની પ્રભુતા, એની ચમત્કૃતિ શક્તિઓ, અને એની ચમત્કૃતિ પર્યાયોની એને ખબર નથી, પ્રભુ ! આહા...હા ! આવો જે ભગવાનઆત્મા (તે પોતે જ છે).

આહા...હા ! ભાષા તો સાદી છે, પ્રભુ... હોં ! ભાષા બહુ એવી કઠણ નથી. ધ્યાન રાખે તો એ પકડાય એવી (વાત) છે. ભાવ ઊંડા છે, પ્રભુ ! આહા...હા ! તારી ઊંડપની શી વાત કરીએ ! પાતાળ કૂવામાં જેમ પાણી ઊંડેથી ફાટીને બહાર આવે. શેડ ઊડે. તેમ લક્ષ્યને કારણે જે લક્ષણ ઉત્પન્ન થાય (તે જો અંતર્મુહૂર્ત લક્ષ્યમાં સ્થિર થાય તો કેવળજ્ઞાન ફાટે) ! આહા...હા ! આવું કોઈ દી સાંભળ્યું નથી.

આહા...હા ! કહે છે કે : જેનું લક્ષણ નથી તેને લક્ષણ જાણે તે તે ઉપયોગને આત્માનો ઉપયોગ ન કહીએ. જેનું લક્ષણ છે તેને તે જાણે તેને અહીંયાં જીવનો–આત્માનો ઉપયોગ કહેવામાં આવે છે કે જે ઉપયોગ વડે શરણભૂત કેવળજ્ઞાન પ્રાપ્ત થાય; એ ઉપયોગને ઉપયોગ કહે છે. પૂર્ણના લક્ષે થયેલો જે ઉપયોગ તે પૂર્ણ પર્યાયની પ્રાપ્તિના કારણરૂપ થાય તેને અહીંયાં ઉપયોગ કહેવામાં આવે છે. આહા..હા ! – પાર નથી, બાપુ ! શું કહીએ ? એની જે અચિંત્યતા દેખાય છે એટલી ભાષામાં આવી શકે નહીં. સમજાણું કાંઈ ?

(કહે છે :) 'ગ્રહણ એટલે કે જ્ઞેય પદાર્થોનું આલંબન નથી તે અલિંગગ્રહણ છે;' '**આ રીતે આત્માને બાહ્ય પદાર્થોના આલંબનવાળું જ્ઞાન નથી.**'

આહા...હા ! ધીમે ધીમેથી કહેવાય છે... વિચાર કરવો હોય તો હારે હારે વિચાર કરી શકાય. બાપુ ! આ તો ચૈતન્ય ચક્રવર્તીને પામવાની વાત છે. ઓલા ચક્રવર્તીના રાજય તો પામ્યો... ભલે ! સમ્યક્ત્વ પામ્યા પછી... હોં ! મિથ્યાદૃષ્ટિને હોય નહીં; સમ્યક્ત્વ પામ્યા પછી પુણ્ય હોય તેને ચક્રવર્તીપદ હોય. મિથ્યાદૃષ્ટિના પુણ્યમાં ચક્રવર્તીપદ હોઈ શકે નહીં. એમ આત્માને પરના ઉપયોગે આત્માનું ચક્રવર્તી(પણું) (એટલે કે) પૂર્ણદશા પ્રાપ્ત ન થાય. સમજાણું કાંઈ ?

**જિજ્ઞાસા** : 'સમયસાર' વાંચવું હોય તો સ્વનું આલંબન કેવી રીતે કરવું ?

**સમાધાન** : આલંબન સીધું આત્માનું (લેવું) – એક જ વાત ! એ ('સમયસાર')માંથી કાઢવાનું એ. શાસ્ત્ર વાંચીને આ કાઢવાનું કે : સ્વનું લક્ષ કરવું તે ઉપયોગ લક્ષણ; તેનાથી આત્માનું કલ્યાણ છે. રાગથી તો કલ્યાણ નથી; શુભયોગથી તો મોક્ષમાર્ગ નથી; પણ પરાવલંબીજ્ઞાનથી પણ મોક્ષમાર્ગ નહીં. કેમકે મુક્તસ્વરૂપ ભગવાન આત્મા – અબંધસ્વરૂપ કહો કે મુક્તસ્વરૂપ કહો (એકાર્થ છે)। (એ) મુક્તસ્વરૂપના આશ્રયે–લક્ષે જે ઉપયોગ થયો તે મુક્તિનું કારણ છે. (અર્થાત્) પર્યાયમાં મુક્તિનું તે કારણ છે. (**શ્રોતા** :) પરાવલંબીજ્ઞાન ? (**ઉત્તર** :) પરાવલંબી એ બધું પરનું જ્ઞાન (છે). એ તો આવ્યું હતું ને...! સમકિતીને સ્વના ઉપયોગ સિવાય, જેટલો (ઉપયોગ) પર ઉપર જાય તે

પરાવલંબી (ઉપયોગ) છે; તેને મોક્ષમાર્ગ કહેતા નથી.

ચિંતામણિ (રત્ન) દેવઅધિષ્ઠિત પથરો હોય છે. (માણસ) અંદર વિકલ્પમાં ચિંતવે 'બંગલો જોઈએ છીએ' ત્યાં બંગલો તૈયાર. 'અબજ રૂપિયા જોઈએ' ત્યાં અબજનો ઢગલો થાય. એવો એ ચિંતામણિ પથ્થર છે. આહા...હા ! આત્મા ચિંતામણિરત્ન (છે); એના તરફનું ધ્યાન થતાં શાંતિ અને આનંદના ઢગલા આવે છે. બેનમાં ('બહેનશ્રીનાં વચનામૃત'માં એક બોલમાં) આવે છે. વાત સાચી છે.

આત્માને બાહ્ય પદાર્થોના આલંબનવાળું જ્ઞાન નથી. જે સ્વના લક્ષવિનાનો, પરના લક્ષવાળો જેટલો ઉપયોગ છે તે જ્ઞાનને જ્ઞાન કહેતા નથી. તો પછી દયા, દાન, વ્રત ને ભક્તિના પરિણામ (એ તો) રાગ (છે); આ રાગ, મુક્તસ્વરૂપ ભગવાન આત્માને મોક્ષનું (એટલે કે) એના પરિણામની પૂર્ણ પ્રાપ્તિ માટેનું કામ કરે (એમ નથી). ભાઈ ! બહુ ફેરફાર (માન્યતામાં છે). (લોકોને) ભલે આકરું પડે પણ માર્ગ તો 'આ' છે !

ઓલા લખે છે કે : 'રુચિપૂર્વક શુભઉપયોગ કરવો. કેમકે એનાથી શુદ્ધતા–નિર્વિકલ્પતા પ્રાપ્ત થશે. કેમકે જો આત્માને સમકિત અને સુખ ન હોય તો તેને આવરણ છે. અને અત્યારે (સમકિત અને સુખ) નથી તો તેને કર્મનું આવરણ છે. તેને એ (કર્મનું) આવરણ ન માને (તો) તેઓ એકાંત માનવાવાળા છે' ...અરે, પ્રભુ ! શું કહે છે તું ? અરેરે....! પરમાત્માના વિરહ પડ્યા. પરમાત્મપદ પ્રગટ થવાના વિરહ પડ્યા... (શું થાય) ?

(અહીં તો) એનો જે મતિ–શ્રુતનો ઉપયોગ, જે સ્વના આશ્રયે–સ્વના લક્ષે પ્રત્યક્ષ થાય (તો) તે ઉપયોગને વાસ્તવિક ઉપયોગ કહેવામાં આવે છે. પરલક્ષીજ્ઞાન તો પરોક્ષ છે. તેમાં સ્વ ન આવે. સમજાણું કાંઈ ? આહા...હા ! આત્માને બાહ્ય – પદાર્થોના આલંબનવાળું જ્ઞાન નથી. **'એવા અર્થની પ્રાપ્તિ થાય છે.'** – 'અલિંગગ્રહણ'માંથી આવા ભાવની પ્રાપ્તિ થાય છે. એમાંથી આવો ભાવ નીકળે છે. એ સાત બોલ થયા. આઠમો બોલ :–

**'જે લિંગને એટલે કે ઉપયોગ નામના લક્ષણને ગ્રહણ કરતો નથી એટલે કે પોતે (ક્યાંય બહારથી) લાવતો નથી.'** આહા...હા ! એ જ્ઞાનસ્વરૂપી ભગવાન; એનું જે લક્ષણ છે, એ લક્ષણ કોઈ બહારથી આવતું નથી. પહેલો નકાર કર્યો કે : એ ઉપયોગને આલંબન નથી. હવે, જે ઉપયોગ થયો, એ બહારથી લાવતો નથી. (અર્થાત્) અંતર્‌ના લક્ષે લક્ષણ થાય, તે લક્ષણ, બહારથી આવતું નથી. આહા..હા..હા... ! છે...! 'જે લિંગને એટલે કે ઉપયોગ નામના લક્ષણને ગ્રહણ કરતો નથી.'

આહા...હા ! આવો ઉપદેશ !! ઝીણો પડે માણસને...હોં ! એટલે લોકો બિચારા બહાર વ્રત ને તપ ને ભક્તિમાં વળી ગયા. અરેરે...અહા ! રખડપટ્ટીના રસ્તે. ભગવાન આત્માને રખડપટ્ટી બંધ થવાનું કારણ, એવો જે વેપાર, એ એને હાથ ન આવ્યો; અને હાથ આવવાની વાત (પણ) એને સાંભળવામાં ન આવી; અને વ્યવહારે શ્રદ્ધામાં (ય) આવી નહીં. (તો) એનું વીર્ય ક્યાં કામ કરે ?

આહા...હા ! 'ઉપયોગ નામના લક્ષણને ગ્રહણ કરતો નથી.' એટલે 'જે લિંગને' કીધું ને ?

(અર્થાત્) 'ઉપયોગ નામના લક્ષણને ગ્રહણ કરતો નથી એટલે કે પોતે (ક્યાંય બહારથી) લાવતો નથી.' એ ઉપયોગ તો અંતર્ના લક્ષે જ પ્રગટ થાય છે. એ ઉપયોગ અંદરમાંથી આવે છે. આહા...હા..હા ! જે આત્માનું સ્વરૂપ, અંદર આનંદકંદ પ્રભુ ! એનું (જે) લક્ષણ છે, તે એના લક્ષથી બહાર આવે છે, પ્રગટ થાય છે. આહા...હા !! એ ઉપયોગ કોઈ બહારથી આવી શકતો નતી. અને બહારથી જે કોઈ આવે તે ઉપયોગ જીવનો નહીં.

વિશેષ કહેશે......

❀ ❀ ❀

આત્માનો વિકલ્પ સહિત સાધારણ મહિમા આવે તે મહિમા ન કહેવાય. અંદરથી રુચે તો વીર્ય ઊછળે, એ ક્યાં ઊછળે છે ? સાધારણ ધારણા અને માહાત્મ્ય તો અનંતી વાર આવ્યા. પણ ખરેખર માહાત્મ્ય અંદરથી આવવું જોઈએ. બાકી એ જ રહી ગયું છે ને ! પહેલાં માહાત્મ્ય આવે છે અને પછી માહાત્મ્યની ઉગ્રતા થતાં એકાગ્રતા થાય છે.

❀

પાત્ર થવું કઠણ છે વાતુ કરતાં શીખી ગયો એટલે હું સમજી ગયો એમ માને તો એમ નથી. આ તો બાપુ સમજવું બહુ દુષ્કર છે, કેટલી પાત્રતા, કેટલી સજ્જનતા, કેટલી લાયકાત હોય ત્યારે ઈ સમજવાને લાયક થાય.

❀

ભગવાનઆત્મા પૂર્ણાનંદથી ભરેલો સ્વભાવ છે, એ સ્વભાવના સાધન વડે કરીને એને મુક્તિ થાય છે. સ્વભાવના સાધન વડે તે સ્વભાવ જણાય છે. રાગથી ભેદ પાડતાં સ્વભાવનો આશ્રય લેતાં સમ્યક્ થાય છે.

❀

જિનસ્વરૂપી ભગવાનઆત્મા વીતરાગમૂર્તિ અંદર છે. બધા જીવો જિનસ્વરૂપે અંદર છે, પર્યાયમાં ફેર છે પણ વસ્તુમાં ફેર નથી. રાગની એકતા તોડીને જિનસ્વરૂપને જે દૃષ્ટિમાં લ્યે અને અનુભવે તે અંતરના જૈન છે, વેશમાં જૈનપણું નથી. બહારમાં કપડાં કાઢીને નગ્ન થઈને બેઠા માટે તે જૈનપણું છે, પંચમહાવ્રત પાળે છે માટે તે જૈનપણું છે, એમ નથી. જૈનપણું તો પરમાત્મા એને કહે છે કે વસ્તુ પોતે જિનસ્વરૂપે છે, વીતરાગમૂર્તિ અખંડાનંદ નાથ પ્રભુ છે એની જેને દૃષ્ટિ થઈ અને રાગની–વિકલ્પની દૃષ્ટિ છૂટી ગઈ એને જૈન કહે છે.

**પ્રવચન : ૧૩-૧૨-૧૯૭૭**

૧૭૨ ગાથા. આ ગાથા દરેક શાસ્ત્રમાં છે : 'સમયસાર'માં છે, 'પ્રવચનસાર'માં ચાલે જ છે, 'પંચાસ્તિકાય'માં છે, 'નિયમસાર'માં છે, 'અષ્ટપાહુડ'માં છે અને 'ધવળ'ના બીજા ભાગમાં પણ છે. જૂની એવી આ ગાથા, આખા રહસ્યને બતાવનારી છે ! પ્રાચીન ગાથા છે.

(અહીં) આપણે તો 'અલિંગગ્રહણ' વાંચીએ છીએ. પણ પહેલાં એમ આવ્યું છે કે : આ આત્મા જે છે તે રસ વિનાનો, (રૂપ વિનાનો), ગંધ વિનાનો, સ્પર્શ વિનાનો, શબ્દ વિનાનો, સંસ્થાન (આકાર) વિનાનો (છે) ! એ તો પુદ્‌ગલ (ને ભિન્ન) કહ્યા. (તે) અને અજીવ બીજા જે ચાર દ્રવ્ય, એનાથી ભિન્ન પાડવાનું 'સાધન' આત્મા ચેતનામય છે. જુઓ ! અંદર (પાઠમાં) : **'ચેતનાગુણમયપણું છે' – 'પુદ્‌ગલ તેમજ અપુદ્‌ગલ એવાં સમસ્ત અજીવ દ્રવ્યોથી વિભાગનું (જુદા પાડવાનું) સાધન તો ચેતનાગુણમયપણું છે.'** આહા...હા ! 'ચેતના ગુણવાળો' એમે ય ન લીધો. આમ 'ચેતનાગુણ' જે છે તે જ બીજા દ્રવ્યોથી અને પુદ્‌ગલ–અજીવથી ભિન્ન પાડવાનું 'સાધન' છે. આહા...હા ! અહીં તો, (જે) રાગ અને વિકલ્પ છે તેનાથી પણ ભિન્ન પાડવાનું સાધન ચેતનાગુણમય(પણું) છે. – એ 'સાધન' છે !

અહીં (એક આર્યિકા) કહે છે કે : 'આ રાગની ક્રિયા બહુ રુચિપૂર્વક કરવી; એ નિર્વિકલ્પ આત્મજ્ઞાન પામવાનું સાધન છે!' હવે આ તે... શું થાય ? (તત્ત્વ) મળ્યું નથી ! અરે ! એને હિત તો કરવું છે ને ? (પણ) હિત શું કરવાથી થાય ? (એને ત્યાં) વસ્તુ મળી નથી !

અંદર ચેતનાગુણ, જાણનસ્વરૂપ; જાણનસ્વરૂપથી ભરેલો ભગવાન; એ ચેતનાગુણમય આત્મા; એ બીજાથી ભિન્ન પાડવાનું 'સાધન' છે ! બીજાથી ભિન્ન પાડીને ચેતનાગુણમયને પકડવો, એને અનુભવવો, એ 'સાધન' છે ! આહા...હા ! સમજાણું કાંઈ ? વાત તો આવી છે, ભાઈ ! એ પહેલી વાત. અલિંગગ્રહણ કીધા પહેલાં શબ્દો છે એનો આ અર્થ છે.

આહા...હા ! એ રસગુણના સ્વભાવવાળો ભગવાન(આત્મા) નથી. એટલે રસથી ભિન્ન પાડવાનું 'સાધન' ચેતનાગુણમય ભગવાનઆત્મા... ચેતના...ચેતના...જાણક... જાણક સ્વભાવમય આત્મા; તેને પરથી ભિન્ન પાડવાનું સાધન તે (ચેતનાગુણમયપણું) છે. જેમ ('સમયસાર' ગાથા : ૨૯૪માં) 'પ્રજ્ઞા(રૂપી) છીણી' કીધી. રાગથી ભગવાનઆત્માને પ્રજ્ઞા અર્થાત્ જ્ઞાન(રૂપી) છીણી મારીને એને ભેદ કરવો.

આહા...હા ! આવી વાત છે !! ભાઈ ! આકરું લાગે... પણ શું થાય ? પ્રભુ ! માર્ગ તો આ છે. એણે (અંતર વિવેક) કદી કર્યો નથી. એમ ને એમ જગતના બફમમાં ને બફમમાં જિંદગી ઢોરની જેમ ગાળી ! દાખલો નથી આપ્યો કે – જેમ હાથીને ચૂરમું અને ઘાસ ભેગા આપે તો 'એ ચૂરમું અને ઘાસ જુદાં છે' એનો વિવેક કરતો નથી. ચૂરમાના લાડવા ને શેરડીના પડછા ભેગા આપો, તો એ પડછા અને ચૂરમાને ભેગું કરીને ખાય. પણ ચૂરમું જુદી ચીજ છે અને

પડછું જુદી ચીજ છે, એમ તો તે જાણતો નથી. તેમ અજ્ઞાની, પુણ્ય અને પાપના ભાવ એ પડછા જેવા વિકાર છે. અને ભગવાન(આત્મા) અંદર શેરડીના રસ જેવો મીઠો આનંદકંદ છે. એ આનંદકંદનો સીધો અનુભવ ન કરતાં એ રાગના મિશ્ર પડછામાં આત્માને વેદે છે તેથી એ રાગી અને દુઃખી છે. આહા...હા ! સમજાણું કાંઈ ? એ દાખલો આપ્યો છે ને...હાથીનો. તેમ આ અનાદિનો આત્મા ચૂરમાની જેમ અતીન્દ્રિયઆનંદની મીઠાશથી ભરેલો ભગવાનઆત્મા, અતીન્દ્રિય – આનંદનું દળ–પિંડ–ધ્રુવ; એને રાગથી ભિન્ન પાડીને અનુભવવો જોઈએ : તો એનું નામ 'ધર્મ', અને એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન કહેવાય; એને (આત્માને) ન જાણતાં, રાગ અને દયા, દાન, વ્રત, ભક્તિના કામે ચડી ગયો ! શુભ અને અશુભ. હિંસા–જૂઠું... આ રળવું ને દુકાનની વ્યવસ્થા રાખવી, એ બધું એકલું પાપ. પૈસાના વ્યાજ ઉપજાવવા અને પૈસાને ઠેકાણે નાખવા. ઠેકાણે એટલે બે પાંચ કરોડ હોય તો એકલો બહુ વેપાર કરી શકે નહીં, તો કોઈને દસ લાખ, પંદર લાખ આપે... મારું વ્યાજ ટકાનું ચડે... અને વ્યાજ મહિને આપજો. મહિને મહિને તપાસ કરવા આવીશ. કોઈ ખાઈ ન જાય. છે ને આમ; થાય છે ને...! બધું જોયું છે. એ બધાં એકલા પાપના પરિણામ છે. એનાથી તો જુદો; પણ અહીંયાં દયા, દાન, વ્રત, ભક્તિનાં શુભ પરિણામ થાય એ પડછું છે, ઘાસ છે; એનાથી ભગવાન(આત્મા) અંદર જુદો છે. એની અનુભવદશા, પરથી જુદી, પ્રગટ ન કરે ત્યાં સુધી એના જન્મ–મરણ (ટળે નહીં). ચોર્યાશીના–કાગડાના, કૂતરાના, હાથીના, કીડીના – ભવ કરી કરીને એ મરી ગયો છે. આહા...હા ! સમજાણું કાંઈ ?

'ભવનો છેદ' શબ્દ 'ભાવપાહુડ'માં આવે છે. ભવનો છેદ એને કહીએ કે, રાગ જે પુણ્ય દયા–દાન, કામ–ક્રોધ, અને રળવું, કરવું આદિ ભાવ, એનાથી ભગવાન ચૈતન્યને ભિન્ન કરવો. એ ભેદ, ભવના છેદનો ઉપાય છે. ભવનો છેદ એટલે નરકાદિ ગતિનો છેદ, એમ નહીં. સ્વર્ગનો–પુણ્યના ફળરૂપ– (ભવ) દુઃખદાયક છે, દુઃખરૂપ છે. આહા...હા ! આ પૈસા... બેપાંચ અબજવાળા, એ પૈસાવાળા દુઃખી છે. કારણ કે એનું લક્ષ જ્યાં (ધનાદિમાં) જાય છે એ રાગ છે, વિકાર છે અને દુઃખ છે. એ દુઃખના ભાવથી, આનંદનો નાથ પ્રભુ અતીન્દ્રિય ચૈતન્યમય (ભિન્ન છે).

'ચૈતન્યમય' લીધો છે ને...! કેમકે જ્ઞાનની પર્યાય જે પ્રગટ અંશ છે, તેથી ચેતનામય ત્રિકાળ છે, એમ લીધું. આનંદનો અંશ તો જ્યારે સ્વભાવનો આશ્રય લે તો પ્રગટે. પણ આ ચેતનનો પર્યાય જે છે તે તો અજ્ઞાનીને પણ (એટલો) વિકાસનો અંશ છે ને... એટલે ત્યાંથી લઈને એમ કહ્યું કે, આ ચેતનામય ભગવાન આખો આત્મા છે. અંતર નજર કરતાં ચેતના... ચેતના... ચેતના જેનો અનંત અને અપરિમિત સ્વભાવ છે. એ ચેતનાગુણ ઉપર દૃષ્ટિ આપતાં રાગથી ભિન્ન પડે તે એનું સાધન છે.

હવે આ (આર્યિકા) કહે છે કે – 'રાગ એનું સાધન છે. અશુભને છોડીને બળજોરીથી રુચિપૂર્વક શુભભાવ કરો તો તે નિર્વિકલ્પ સમ્યગ્દર્શન પામવાનું સાધન છે !' અરે...રે ! શું થાય ? એમ ને એમ મરી ગયો છે. આ તો વ્રતેય ક્યાં છે ? પણ સારાં વ્રત પાળ્યાં હતાં તે દી' પણ એ રાગની ક્રિયામાં રાચીને (અટક્યો). અર્થાત્ રાગથી ભિન્ન મારું ચૈતન્યસ્વરૂપ છે, ચેતના જ્ઞાનમય આખો આમ... દળ પડ્યું છે, એવા ચૈતન્યમય આત્માને પરથી ભિન્ન પાડવાનું સાધન

તો આ (ચૈતન્યમયપણું) છે; રાગ વડે, શુભભાવ વડે ચેતનમય આત્મા જણાય એ ત્રણકાળમાં નહીં (બને) – (એ નિર્ધાર કર્યો નથી.)

એ પહેલી વાત કરી. પછી અલિંગગ્રહણની વાત કરી છે. આપણે આઠમો બોલ ચાલે છે. ઝીણી વાત છે, ભાઈ ! આ તો જન્મ–મરણરહિત (થવાની) વાતો છે, બાપા ! એ કોઈ બહારના પૈસા ને (ક્રિયાના) ધૂળ ધુમાડા (વડે મળી જાય તેમ નથી). એ કરી કરીને એમાં મરી ગયો, મારી નાખ્યો જીવને ! આહા...હા ! ચેતનામય ભગવાન, આનંદનો નાથ, એનું જીવન આનંદ અને જ્ઞાન. એનાથી જે ટકી રહે એ જેનું જીવન છે. એવા જીવનને નહીં સ્વીકારતાં, પુણ્ય અને પાપના ભાવ અને તેના ફળનો સ્વીકાર કરી, એણે ચેતન ભગવાનની હિંસા કરી છે. સમજાણું કાંઈ ? એ અહીંયાં કહે છે –

**'જે લિંગને એટલે કે ઉપયોગ નામના લક્ષણને ગ્રહણ કરતો નથી.'** – ઉપયોગ એટલે જાણવું–દેખવું, એ લક્ષણ. લક્ષ્ય આત્મા. એનું એ (ઉપયોગ) લક્ષણ. એ લક્ષણને ગ્રહણ કરતો નથી. **'એટલે કે પોતે (ક્યાંય બહારથી) લાવતો નથી.'** – ઉપયોગ નામના લક્ષણને ક્યાંય બહારથી લાવતો નથી.

કાંઈ સાંભળ્યું, રાગ કર્યો ને વાંચ્યું... એનાથી બહાર(ની ક્રિયા)થી જ્ઞાનનો ભાવ આવ્યો, એમ નથી. ઇન્દ્રિયના નિમિત્તે (થતો) ઉપયોગ, એ પણ આત્માને જાણવામાં કાર્યગત નથી. આહા...હા ! સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવામાં એટલે કે સમ્યગ્દર્શન–પૂર્ણ પ્રભુ જેવો છે તેવો, તેવડો, તેટલો અનુભવમાં – લાવવા માટે, એ ઉપયોગ બહારથી આવતો નથી. એનો ઉપયોગ તો અંતરમાંથી આવે છે. આહા...હા ! આવી વાત !! પકડાય નહીં પછી બીજે રસ્તે ચડી જગતની જિંદગીઓ જાય છે !

કહે છે કે : પ્રભુ ! તું કોણ છો ? કે જેને આ ઉપયોગ બહારથી આવે, એવો તું છો ? વાંચનથી, શ્રવણથી તારો જ્ઞાન–ઉપયોગ આવે ? એ તો પરલક્ષી–બહિર્લક્ષી જ્ઞાન છે, એનાથી પણ (તું) ગ્રહણ થઈ શકતો (નથી) એટલે કે ઉપયોગ બહારથી લાવી શકાતો નથી. ઇન્દ્રિયો અને મનથી જે જાણવું થયું એનાથી આત્મા જણાય એવો એ નથી. બહારના સાધનથી એ આત્માનો ઉપયોગ થાય એવો એ નથી. અરે ! આવી વાતો !!

'લિંગને એટલે કે ઉપયોગ નામના લક્ષણને' – જેનું લક્ષણ છે તેના (લક્ષ) વિના તેને બહારથી 'ગ્રહણ કરતો નથી.' આહા...હા ! એકલી મૂળ રકમની વાત કરી છે.

જેમાં નજર નાખતાં અપરિમિત દ્રવ્ય પ્રગટ થાય. અને અપરિમિત દ્રવ્ય અને ગુણનો સ્વભાવ, તેના આશ્રયે જે ઉપયોગ થાય તે ઉપયોગને આત્માનો ઉપયોગ કહેવામાં આવે છે. આહા...હા ! રાગ, દયા–દાન, અને કામ–ક્રોધના ભાવ તો વિકાર અને દુઃખદાયક (છે), એનાથી તો આત્મા જણાય નહીં, એ તો વાત દૂર રહી. પણ બહારથી – ઇન્દ્રિયોથી સાંભળવું અને મનથી વિચારીને જે જ્ઞાન થાય એ ઉપયોગ બહારથી આવ્યો છે, એ ઉપયોગ આત્માનો છે એમ નથી. (**શ્રોતા** :) પૂર્વ સંસ્કાર કાંઈ કામ કરતા હશે ? (**ઉત્તર** :) સંસ્કાર કાંઈ કામ કરતા નથી. અંદર જોડાય ત્યારે એ કહેવાય કે પૂર્વના સંસ્કાર હતા. અત્યારે પણ એ સ્વના લક્ષે જાય ત્યારે પ્રાપ્ત થાય,

ત્યારે એમ કહેવાય કે એને એકદમ મળ્યું (એટલે) કાંઈક સંસ્કાર હશે. આહા...હા ! ઝીણી વાત છે. સંસ્કાર તો પર્યાયમાં છે... એને આશ્રયે ઉપયોગ થાય ? (ન થાય). એવો માર્ગ છે, પ્રભુ ! (**શ્રોતા** :) અધિગમજ અને નિસર્ગજ એમ બે ભેદ છે ને...? (**ઉત્તર** :) એ તો નિમિત્તનું કથન કર્યું છે. નિમિત્તથી થાય ? એને થાય છે તો નિસર્ગજથી, પણ નિમિત્ત પહેલું સાંભળ્યું એની અપેક્ષા લઈને વાત કરી છે. એણે સાંભળ્યું, એનાથી થતું નથી. એને થાય છે નિસર્ગજ. પણ સાંભળ્યું એ નિમિત્ત હતું, ત્યાંથી ખસી ગયો, માટે તેને નિમિત્તથી થયું એમ કહેવામાં આવ્યું. આહા...હા ! ઝીણી વાતું છે.

અરે...રે ! ચાર ગતિમાં રખડતો મુસાફર... એની એને કાંઈ દયા નથી. એને પોતાની દયા નથી. અરર...ર ! (**શ્રોતા** :) બીજાની દયા પાળે છે ! (**ઉત્તર** :) બીજાની દયા પાળી શકતો નથી. (**શ્રોતા** :) માને છે ? (**ઉત્તર** :) માને છે મિથ્યાત્વથી. અને પરની દયા માટેનો ભાવ – રાગ થાય, એ પણ સ્વરૂપની હિંસા છે. આહા...હા ! આવી વાતો છે ! અરે...રે ! એને ક્યાં કંઈ ખબર છે ?!

આહા...હા ! જ્યાં ચૈતન્યમય પ્રભુ પડ્યો છે, ચેતનાના સાગરના સ્વભાવથી ભરેલો ચેતનમય પ્રભુ છે ને...! એને બહારના ઉપયોગથી (ગ્રહણ કરી શકાય એમ નથી). એનો (આત્માનો) ઉપયોગ બહારથી લાવી શકાય એવી એ ચીજ નથી.

હજી એ બહારમાં ભટક ભટક કરે છે ! એક તો આખો દી' અશુભ ઉપયોગમાં ભટકે... કમાવું ને રળવું. પૈસાની સરખી વ્યવસ્થા કરવી. દુકાન સાચવવી. નોકરોને રાખવા. – એ એકલું પાપ. એમાંથી કદાચિત્ રાગ મંદ કરીને કોઈ શુભભાવ કરે તોપણ, તેનાથી આત્માને જ્ઞાન થાય એમ નથી. અરે ! એ શુભરાગ થયો અને એનું લક્ષ કરીને કંઈ ઉપયોગ થયો, એ ઉપયોગ આત્માનો નહીં. આવી વાત છે ! આ તો લોકો ક્યાંના ક્યાંય સલવાઈ ગયા છે ! એક તો સંસારમાં–પાપમાં ફસાઈ ગયા છે. એમાંથી ખસીને દુકાન છોડી હોય, ધંધા બહારના છોડ્યા તે પુણ્ય–પરિણામમાં ઘુસી ગયા પાછા; એ તો ત્યાં ને ત્યાં ઊભો છે, જ્યાં ઊભો છે ત્યાં !

અહીંયાં કહે છે કે : એ પોતે ક્યાંય બહારથી લાવતો નથી – કોને ? કે : ઉપયોગ નામના લક્ષણને. '**આ રીતે આત્મા જે ક્યાંયથી લવાતું નથી.**' આહા...હા ! 'ક્યાંયથી લવાતું નથી.' એ શુદ્ધોપયોગ ભગવાન પાસેથી મળતો નથી. (**શ્રોતા** :) આપ તો વારંવાર ફરમાવો છો કે 'દિવ્યધ્વનિ સુનિ અર્થ ગણધર વિચારે.' (**ઉત્તર** :) 'વિચારે', પણ એથી શું થઈ ગયું ? વિચારે છે, એમ તો પોતે પોતાનાથી વિચારે છે. અને વિચારે છે, એમાંયે વિકલ્પ છે એ જુદી વસ્તુ છે; અને પામે છે એ અંતરના આશ્રયથી પામે છે. આહા...હા ! એ તો આવ્યું નથી... 'સમયસાર' ૮મી ગાથામાં કે : વસ્તુસ્વરૂપ જાણ્યું છે, અનુભવ્યું છે એ નિશ્ચય છે. અને જ્યારે સમજાવે છે ત્યારે વિકલ્પ ઊઠે છે, ત્યારે એ વ્યવહારમાં આવ્યો છે. એ વ્યવહારમાં આવેલો બીજાને એમ કહે છે કે : એ આત્મા આ છે. છે ને...! નિશ્ચય અને વ્યવહારના બે પૈડે ચડ્યો છે. છતાંયે એ વિકલ્પથી આત્માની શુદ્ધિ વધે કે શુદ્ધિ પ્રગટ થાય એમ નથી. અરે ! રાગને મંદ કરતાં જે કંઈ જ્ઞાનનો ઉઘાડ વિશેષ દેખાય, એ પણ આત્માનો ઉપયોગ નથી. અરે...રે ! એને ક્યાં જાવું છે અને ક્યાં

કરવું છે, એ કાંઈ ખબર નથી બિચારાને.

આ રીતે આત્મા (જે) ક્યાંયથી લવાતું નથી. **'એવા જ્ઞાનવાળો છે.'** જોયું ! 'એવા જ્ઞાનવાળો !' એ તો અંદરમાં લક્ષ કરે, અંદરનું ધ્યાન કરે ત્યારે ઉપયોગ આવે તે ઉપયોગ (જ્ઞાનનો) છે. આહા..હા ! ૧૧ અંગનો ઉપયોગ કર્યો... આવ્યું છે જ્ઞાન, પણ એ બહારથી આવ્યું છે, અંદરથી આવ્યું નથી. 'ક્યાંયથી લવાતું નથી એવા જ્ઞાનવાળો છે.' એ તો એવા જ્ઞાનવાળો છે. જ્ઞાનસ્વભાવી ભગવાન(આત્મા), એના આશ્રયે જે ઉપયોગ થાય તે ઉપયોગ આત્માનો કહેવાય. અને તે જ્ઞાનને જ્ઞાન કહેવાય. જીવ જ્ઞાનમય પ્રભુ, એના આશ્રયે જે જ્ઞાન થાય તે જ્ઞાનને જ્ઞાન કહેવાય. તેના આશ્રયે જે ઉપયોગ થાય, તેને જ્ઞાનનો ઉપયોગ કહેવાય.

અરે ! (સાચું સમજવાની) ક્યાં દરકાર પડી છે ! મરીને ક્યાંય ચાલ્યા જશે... ઢોર કે કીડા અને કાગડા (આદિમાં). અહીં અબજોપતિ હોય અને માંસ આદિ ખાતા ન હોય, દારૂ આદિ પીતા ન હોય – એવી ક્રિયા ન હોય તે મરીને, આંખ્યો મીચીને હાલ્યા જશે ક્યાંય. બકરાંના બચ્ચાં નીકળે છે ને દરપંદર વીસ... બેં બેં કરીને, પણ એ બધા આવ્યા છે ક્યાંથી ? એક ભરવાડ, એકલા નાના નાના બચ્ચાં ચરવા હાટું લઈને નીકળે છે. અરે ! બે કૂતરી એને આઠ નાના નાના ગલૂડિયા છે; અરે ! એ ક્યાંથી આવ્યાં હશે, બાપા ? – એ બધાએ પૂર્વે આડા ભાવ સેવેલાં હોય છે ને...! ભગવાન ! સ્વભાવથી બહુ આડોડાઈ કરેલી, એ બધા આડા–તિર્યંચમાં જાય. ઇ ગલૂડિયા થાય. આહા...હા ! આવું છે !

આહા...હા ! બ્રહ્મદત્ત ચક્રવર્તી, હીરાના ઢોલિયે... એક એક હીરો અબજો રૂપિયાનો, એવા હીરાના પલંગમાં સૂતો હતો. છનું હજાર તો જેને સ્ત્રી હતી. એક સ્ત્રી મોટી, સ્ત્રીરતન (પટરાણી), તેની તો હજાર દેવો સેવા કરતા. (એ) મરી ગયો. કુરુમતિ... રાણી કુરુમતિ... એમ (વિલાપ) કરીને સાતમી નરકે ગયો. આહા...હા ! પડદા પડ્યા. સાતમી નરકે... તેત્રીસ સાગર. જેના ક્ષણનાં દુઃખોની વ્યાખ્યા કરોડો જીભોથી અને કરોડો ભવથી ન થાય. (એવાં) ક્ષણનાં દુઃખ ! બાપુ ! એ તો એણે વિચાર્યું છે કે દી' ? એ નરકના એક ક્ષણનું દુઃખ ભોગવે ! એ દુઃખની વ્યાખ્યા કરોડો જીભે અને કરોડો ભવે કરી ન શકાય એવી વેદના છે, બાપા ! આહા...હા ! ત્યાં અસંખ્ય અબજ વર્ષ પડ્યો છે, એમ કેમ જીવ્યો હશે ? અહીં મહારાજા ખમા...ખમા ! મરી ગયા પછી પાછળ સોનાના ઢોલિયામાં કાઢે, માથે છત્ર રાખે... મહારાજાસાહેબ પોઢ્યા છે, મરી ગયા છે એમ ન કહેવાય. આહા...હા ! લખતરમાં દરબાર હતા, મહારાજા પોઢયા, એમ કહે. મરી ગયા છે એમ ન કહે. આહા...હા ! એટલા તો માનમાં ચડી ગયેલા બિચારા ! રતલામનો એક પંડિત તો એમ કહેતો હતો કે દરબારને એમ ન કહેવાય કે સાહેબ આપને રોગ થયો છે. (પણ) સાહેબ આપના વૈરીને રોગ થયો છે. આપણે દવા લાવશું ? એમ કહેવાય. એને કરોડો ને અબજોની પેદાશ... ફાટી ગયેલા પ્યાલા. અરરર ! એટલા માનમાં ફસાઈ ગયેલા હોય બિચારા ! મરીને નરકે જવાના હોય. આહા...હા ! અરે બાપુ ! એને ખબર ન મળે.

અહીંયાં કહે છે : નવમો બોલ – '**લિંગનું એટલે કે ઉપયોગ નામના લક્ષણનું ગ્રહણ એટલે કે પરથી હરણ થઈ શકતું નથી (– બીજાથી લઈ જઈ શકાતું નથી)**' આહા...હા ! જે આત્મા

આનંદનો નાથ પ્રભુ, જ્ઞાનનો સાગર; એના આશ્રયે જે ઉપયોગ પ્રગટ્યો તે કોઈ હરી શકે (એવી) દુનિયામાં તાકાત નથી. આહા...હા ! સમજાણું કાંઈ ? ધ્રુવ ભગવાન ચૈતન્યમય પ્રભુ, એના અવલંબે ઉપયોગ જે પ્રગટ્યો, એ ઉપયોગને કોઈ હરી શકે, નાશ કરી શકે, લૂંટી જાય, ચોર લઈ જાય, (એવી) એ ચીજ નથી !

આહા...હા ! (એક) બુદ્ધિવાળો માણસ, જેની પાસે મોટા કારકુનો અને અમલદારો–પૈસાવાળા આવતા, એ મરતાં એમ બોલ્યો 'મને કોઈ ખેંચે છે' અને દેહ છૂટી ગયો. એને જાવું છે નિગોદમાં, એકેન્દ્રિયમાં ક્યાંય. એટલે એ જે બહારના ડહાપણનો–અજ્ઞાનનો ઊઘડેલો ઉપયોગ તે મરવા ટાણે હવે ઘસાવા માંડ્યો. મૂળ તો પર્યાય હીણી થવા માંડી હોય ને...! એ પર તરફનો ઉઘાડ તે કાંઈ આત્માનો ઉપયોગ નથી. તે તો નાશવાન છે. એ જે ઇન્દ્રિયજ્ઞાન હતું (તે) આમ ઘસાવા માંડ્યું. કેમ કે નાશવાન હતું. એ કાંઈ આત્માનો ઉપયોગ નહોતો. એ બધી સામગ્રી તો અહીં (પડી) રહી !

આહા...હા ! સવારમાં આવ્યું. નહોતું....! કે : સમકિતીને બાહ્ય સામગ્રી હોય કે ન હોય પણ તેને બંધ–પરિણામ થતા નથી. કેમકે રાગની એકતા તોડી છે. પુણ્યને લઈને બાહ્ય સામગ્રીના ગંજ હોય, ચક્રવર્તીનું મોટું રાજ્ય (હોય) તોપણ તેને બંધન થતું નથી કેમકે અંદર રાગની એકતા તોડી છે. અને બાહ્યમાં સામગ્રી ન હોય, પાપનો ઉદય હોય, સામગ્રી કાંઈ ન હોય, ગરીબ (હોય), લ્યો ને ! નારકીનો જીવ હોય પણ અંદરમાં રાગથી ભિન્ન ચૈતન્યમયનું જ્ઞાન–અનુભવ કર્યો છે તો એ સામગ્રી ન હોય તો એને લઈને (તે) દુઃખી છે અને બંધ થાય એમ નથી. એમ બેય (બાહ્ય પરિસ્થિતિ વિષે) આવ્યું હતું.

(અહીંયાં કહે છે :) 'લિંગ એટલે ઉપયોગ નામના લક્ષણનું' – શું કહે છે ? કે : જાણવું એ લક્ષણ આત્માનું છે. જાણવું એ લક્ષણ (છે તે) આત્માનું લક્ષ કરાવે છે. એ લક્ષણ, આત્માનું લક્ષ્ય કરાવે. એ લક્ષ્ય (આત્મા)થી ઉત્પન્ન થયેલો જે ઉપયોગ ('પરથી હરણ થઈ શકતું નથી' અર્થાત્) તેને કોઈ હરી જાય (એમ નથી). લક્ષ્યનો જેમ નાશ ન થાય તેમ લક્ષ્યના આશ્રયે જે ઉપયોગ થયો તે કોઈ હણી શકે નહીં. ભલે થોડું હોય પણ એ લક્ષ્યને આશ્રયે જે લક્ષણ ઉત્પન્ન થયું (એટલે કે) ઉપયોગ ઉત્પન્ન થયો તે હણાય–ઘટે એમ નથી. (**શ્રોતા** :) ૧૧મા ગુણસ્થાને ચઢે છે તે પડે છે ? (**ઉત્તર** :) એ તો રાગ ઉત્પન્ન થાય છે તે પડે છે. રાગ ઉત્પન્ન થયો માટે પડે છે. ઉપયોગ કંઈ ઘટે છે એવું કાંઈ નથી. ઉપયોગ આ જાતનો થયો. જ્ઞાન ઘટી જાય છે કાંઈ ? – એમ નથી. અંદર ઉપયોગ તો જ્ઞાનસ્વરૂપ છે. અંદર ઉપયોગમાં તો જ્ઞાનસ્વરૂપ જ રમે છે. એ તો પર્યાયમાં આગળ વધ્યો હતો એ પર્યાય ઘટી; ઓલો રાગ આવ્યો એટલે. પણ આનો ઉપયોગ (જે) અંદરમાં સ્વના લક્ષે થયો તેમાં ઘટાડો થયો નથી. આહા...હા ! બીજી વાત લઈએ કે અંદરમાં ચારિત્રની પર્યાય થઈ અને જ્ઞાનનો પર્યાય ઉઘડ્યો; હવે મરે ત્યારે ચારિત્રની પર્યાય તો રહેતી નથી. પણ ઉપયોગ નથી રહેતો એમ નહીં. સ્વને લક્ષે પ્રગટેલો ઉપયોગ તો સાથે લઈને જાય છે. કારણ કે પંચમઆરામાં ગમે તેવો ચારિત્રવંત હોય તો (પણ) એને સ્વર્ગમાં જાવું છે તો ત્યાં ચારિત્ર તો રહેતું નથી. ચારિત્ર તો પડી જશે. પણ એ ચૈતન્યના ઉપયોગમાંથી,

લક્ષ્યમાંથી ઉપયોગ આવ્યો છે તે ઉપયોગ તો ત્યાં કાયમ રહેશે. આહા...હા ! એવી વાતું છે !! ચારિત્રથી તો અચારિત્ર થઈ ગયું પણ જે ઉપયોગ લક્ષ્યથી ઉત્પન્ન થયેલો, તે ઉપયોગને જરી હાનિ નથી. આહા...હા ! એક ગુણની પર્યાય હીણી થઈ તો એથી સમ્યગ્દર્શનની પર્યાય અને જ્ઞાનના ઉપયોગની પર્યાય હીણી થાય એવું નથી. સર્વે ગુણ અસહાય–સ્વાધીન છે !

આવે છે ને...! શુભભાવથી નરક – એકેન્દ્રિયમાંથી બહાર આવે છે. દરેક ગુણ અસહાય છે. કોઈ ગુણની પર્યાય કોઈ ગુણની પર્યાયને મદદ કરે એમ નથી. અને કોઈ ગુણની પર્યાય હીણી થઈ તો એને લઈને બીજા ગુણની પર્યાય હીણી થાય એમ નથી. આવી વાતો છે !!

અહીંયાં તો (કહે છે :) ઉપયોગને કોઈ હરી શકતું નથી. તો (ચારિત્રવંતને) મરતાં તો ચારિત્ર રહેતું નથી. (સ્વર્ગમાં) ચારિત્ર રહેતું નથી. એટલે એને (લક્ષ્યના) લક્ષે જે જ્ઞાન થયું તે કાંઈ ચાલ્યું જાય છે ? અને ચારિત્રની પર્યાય ગઈ તેથી જે લક્ષે જ્ઞાનના ઉપયોગની પર્યાય થઈ તે કંઈ (ચાલી) જાય ? – એમ નથી.

છે ને...! 'લિંગનું એટલે ઉપયોગ નામના લક્ષણનું ગ્રહણ એટલે કે પરથી હરણ થઈ શકતું નથી.' આહા...હા ! એના ઉપયોગને કોઈ આવરણ કરી શકતું નથી. તેમ એના લક્ષ્યથી જે ઉપયોગ થયો તેને, ચારિત્રગુણની પર્યાય હીણી થઈ ગઈ છતાં તેના ઉપયોગને, હરી શકતો નથી. આહા...હા ! આવો માર્ગ વીતરાગનો !! લોકો બિચારા ક્યાં અટક્યા ને ભટક્યા છે !

આહા...હા ! ચારિત્રની પર્યાય પડી જાય છે અને અહીં તો ના પાડે છે. પણ કોને ? જે આત્માના લક્ષે ઉપયોગ થયો એ તો પડતો ય નથી. ચારિત્રની પર્યાય ભલે હીણી થઈ ગઈ, અવ્રતી થઈ ગયો, પણ તે (ચારિત્ર)ગુણની પર્યાય જતાં, લક્ષ્યથી જે ઉપયોગ થયો તે ઘટી જાય કે હરી લે, એવી (વસ્તુસ્થિતિ) અંદર છે જ નહીં. આહા...હા ! આવું છે ! આ વળી ભેગું આવ્યું. કેમકે 'હરી લેતો નથી' તો ચારિત્રની પર્યાય ઘટી જાય ત્યારે અવ્રતી થઈ જાય છે ને...? ભલે થાઓ. ત્યાં (ચારિત્રવંતને) જે સ્થિરતા હતી તે અહીં (સ્વર્ગમાં) પછી સ્થિરતા ન રહે, પણ જે સ્વને લક્ષે ઉપયોગ પ્રગટ્યો તેમાં જરીયે હાનિ થાય એવું નથી. આહા...હા ! 'બીજાથી હરી શકાતું નથી.' કોઈ (ઉપયોગને) આવરણ કરી શકે એ તો નહીં પણ બીજા ગુણની પર્યાય હીણી થઈ જાય તો આ (ઉપયોગની પર્યાય) ઘટી જાય (એવી વસ્તુસ્થિતિ નથી). આહા...હા ! ગજબ વાતો કરી છે ને...!

આહા...હા ! નિત્યાનંદનો નાથ પ્રભુ પોતે સચ્ચિદાનંદ આત્મા (છે) ! એ આવ્યું છે ને...! 'માત્ર સ્વજીવદ્રવ્યાશ્રિત હોવાથી સ્વલક્ષણપણું (એટલે જ્ઞાન–ઉપયોગ) ધરતું થકું, આત્માને શેષ અન્યદ્રવ્યોથી વિભાગ સાધે છે.' આહા...હા ! ચારિત્રની પર્યાય ભલે હીણી થઈ ગઈ છતાં ત્યાં રાગથી ભિન્નપણારૂપ જે ઉપયોગ, જ્ઞાનના લક્ષે થયો, તે ઉપયોગમાં હીણાપણું થતું નથી. એ ઉપયોગ તો સ્વર્ગના સર્વાર્થસિદ્ધિમાં જાય તો સાથે જાય, એમ કહે છે. સ્વને આશ્રયે, સ્વને લક્ષે પ્રગટેલા ઉપયોગને – ચારિત્રવંત હોય સર્વાર્થ–સિદ્ધિમાં ઊપજે ત્યાં ચારિત્ર ખલાસ થઈ ગયું છતાં તેને – કાંઈ હાનિ થઈ નથી. આહા...હા ! તેને (ઉપયોગને) કર્મ ઢાંકી દે એ તો નહીં પણ બીજા ગુણની પર્યાય હીણી થઈ માટે આ ઉપયોગ હણાઈ જાય (એમ પણ નથી) ! આહા...હા ! એ ગજબ

વાતો છે ને !!

ત્યાં ('ઉપાદાન–નિમિત્તની ચિઠ્ઠી'માં) કહ્યું છે. સ્વના લક્ષે ઉપયોગ છે તે ઉપયોગ કાયમ રહે છે. કેમકે જેનું લક્ષણ છે તેના લક્ષે જે ઉપયોગ થયો એ ઉપયોગને કોઈ બીજા ગુણની પર્યાય (હાનિ–વૃદ્ધિ કરી શકે તેવી વસ્તુસ્થિતિ જ નથી). સર્વે ગુણ અસહાય અને સ્વાધીન છે. એમ ત્યાં કીધું છે. દરેક ગુણ અસહાય ! બીજા ગુણની પર્યાયની પણ સહાય નહીં. બીજા ગુણની સહાય નહીં અને સ્વાધીન છે. એમ બે શબ્દ પડ્યા છે.

અહીંયાં ફક્ત એટલી વાત લેવી છે કે – ચૈતન્ય–ધ્રુવ–લક્ષ્યના આશ્રયે જે ઉપયોગ પ્રગટ્યો તે તેનું લક્ષણ છે. લક્ષ્યને લક્ષે તેનું (લક્ષ્યનું) જ્ઞાન થાય છે. એ લક્ષણ જે ઉપયોગ છે તે લક્ષ્યને જાણતું જ્ઞાન થાય છે. માટે એ લક્ષણ કહેવાય છે.

આહા...હા ! 'સ્વજીવદ્રવ્યાશ્રિત હોવાથી સ્વલક્ષણપણું ધરતું થકું' – છે ને....! (ટીકાના પ્રથમ પારિગ્રાફમાં છેલ્લે). એ જ્ઞાન––ઉપયોગ સ્વલક્ષણ છે તેને ધરતું થકું, સ્વદ્રવ્યને આશ્રયે પ્રગટ્યું થકું, પરથી હણાય એવો એ ઉપયોગ નથી. આહા...હા ! ધ્રુવ જેમ હણાતું નથી તેમ ધ્રુવના લક્ષે થયેલો જ્ઞાન અને દર્શનનો ઉપયોગ હણાતો નથી, ઘટતો નથી. આહા...હા ! આમાં તો ઘણું ભર્યું છે ! અહોહો ! આચાર્યોના હૃદય ! ગજબ (કામ) કર્યાં છે. જ્યારે આ લખાતું હશે ત્યારે શું હૃદય કામ કરતું હશે !

આહા...હા ! (આઠમા બોલમાં કહ્યું ને...!) 'ક્યાંયથી લવાતું નથી એવા જ્ઞાનવાળો છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.' **અને અહીંયાં (નવમામાં કહે છે** :) 'ઉપયોગ નામના લક્ષણનું ગ્રહણ એટલે કે પરથી હરણ થઈ શકતું નથી. (– બીજાથી લઈ જઈ શકાતું નથી.' આહા...હા ! એને કોઈ ચોરી જાય, એને હણી જાય, એ લક્ષ્યથી ઉત્પન્ન થયેલા ઉપયોગને પરથી કાંઈક ઘસારો થાય (એમ નથી) !

આહા...હા ! આવી વાતો છે ! જિનેન્દ્રદેવ, ત્રિલોકનાથ, પરમાત્માનો માર્ગ કોઈ અપૂર્વ છે ! એ માર્ગ ચૈતન્યમય ભગવાન–આત્માને લક્ષે ઉત્પન્ન થાય છે; નિમિત્તને આશ્રયે નહીં, રાગને આશ્રયે નહીં, અને પર્યાયના આશ્રયે નહીં.

(કહે છે કે :) '**તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્માનું જ્ઞાન હરી જઈ શકાતું નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.**' એ આત્માનું જ્ઞાન એટલે ઉપયોગ હોં ! ત્રિકાળી જ્ઞાન નહીં. વર્તમાન જે આત્માનું લક્ષણ જે જ્ઞાન, કે જે લક્ષ્યને પકડીને ઉપયોગ થયો તે જ્ઞાન. ત્રિકાળી જ્ઞાન નહીં. એ પ્રશ્ન અહીં નથી. આહા...હા ! 'આ રીતે આત્માનું જ્ઞાન હરી જઈ શકાતું નથી એવા અર્થની' – અલિંગગ્રહણમાં એવો ભાવ નીકળે છે. આહા...હા ! જેના ઉપયોગને બીજો કોઈ હરી શકે એવું અલિંગગ્રહણમાંથી નીકળતું નથી.

આહા...હા ! ભારે વાત, ભાઈ ! બાપુ ! આ તો વીતરાગમાર્ગ છે, ભાઈ ! એણે કોઈ દી' યથાર્થ રુચિથી સાંભળ્યો નથી. '**तत्प्रति प्रीतिचित्तेन येन वार्तापि न श्रुता**' – આવ્યું છે ને... ('પદ્મનંદિપંચવિંશતિકા'માં). આહા...હા ! આવો સ્વભાવ છે એ એણે પ્રેમથી–રુચિથી સાંભળ્યું નથી. આહા...હા ! જેના એક એક ગુણની અચિંત્યતા અને એક ગુણની પર્યાયની પણ અચિંત્યતાા !

સ્વાધીન અને અસહાય – એવો જે સ્વભાવ, તેને કોઈ લઈ શકે, હરી શકે એમ નથી. સમજાણું કાંઈ ?

**જિજ્ઞાસા** : તેના ઇન્દ્રિય જ્ઞાનમાં ભૂલ પડે ?

**સમાધાન** : એ તો પરાશ્રિતની વાત થઈ. એ કાંઈ ઉપયોગ (નથી). સ્વનો ઉપયોગ જરીય હણાય નહીં. તે પરાશ્રયની વાત છે. પરાશ્રિતમાં તો કોઈક પદાર્થના જ્ઞાનની ભૂલ પડે. હોય કંઈક ને જણાય કંઈક. હોય દોરડી અને જણાઈ જાય એને સર્પ. (પણ તેથી) સ્વસમ્યક્જ્ઞાનનો વાંધો નથી. આવ્યું છે ને એવું ? સામે દરિયામાં માણસ તણાતો હોય અને ખ્યાલમાં આવે કે લાકડું તણાય છે. એમેય ખ્યાલમાં આવે તેથી તેના જ્ઞાનને વાંધો નથી. સ્વને સાધેલું જ્ઞાન છે એને કાંઈ વાંધો નથી. એ આવે છે એમાં. જ્ઞાનીને પણ ઇન્દ્રિયજ્ઞાનમાં ભૂલેય પડે પણ એ ભૂલવાળું જ્ઞાન, (એથી) સમ્યક્જ્ઞાન ચાલ્યું જાય છે એમ નથી.

આહા...હા ! બહુ ઘણું જ નાખ્યું છે ! આચાર્ય સંતોએ તો દરિયા ઊછાળ્યા છે ! એકેક શબ્દમાં, એકેક 'અલિંગગ્રહણ'ના અર્થમાં અંદર આખો ભગવાનને ઉછાળ્યો છે !

જેનું સ્વરૂપ જ શુદ્ધ ચૈતન્યમય છે; એના આશ્રયે જે ઉપયોગ થયો, જેમ ધ્રુવ ક્યાંય ન જાય તેમ એનો ઉપયોગ પણ કોઈ હરી શકે નહીં. આહા...હા ! એ દેહ છૂટીને સ્વર્ગમાં જાય તો ય ઉપયોગ સાથે લઈને જાય. એ ઉપયોગ રસ્તામાં કામ ન કરી શકે તોપણ તે લબ્ધરૂપ છે. તેને કોઈ હણી શકે નહીં. એ આવે છે ને...! 'તત્ત્વાર્થસૂત્ર'માં – ઇન્દ્રિય બે પ્રકારની : દ્રવ્યઇન્દ્રિય અને ભાવન્દ્રિય. ઉપયોગ બે પ્રકારનો : લબ્ધ અને ઉપયોગ. એવું સૂત્ર છે. એ વખતે (રસ્તામાં) ભલે કામ ન કરે પણ સ્વના કામનો ઉપયોગ છે. તેમાં કંઈ હીણો નથી. આહા...હા ! સમજાણું કાંઈ ?

આવું સ્વરૂપ છે !! અરે...રે ! સાંભળવા મળે નહીં ! આખી દુનિયાના પાપમાં–પ્રપંચમાં પડ્યા. અહીં તો કહે છે કે પુણ્યમાં પડ્યા એ ય પ્રપંચમાં પડ્યા છે.

આહા....હા ! ભગવાનનો જ્ઞાનવિસ્તાર મોટો અંદર પડ્યો છે. વિશાળ.... વિશાળ...વિશાળ... જ્ઞાન વિશાળ ! જેની પર્યાય એટલે લક્ષણ અર્થાત્ લક્ષ્યની છે જે વિશાળ જ્ઞાનના લક્ષે અંદર થાય એને હણી કોણ શકે ? અહીંયાં તો અપ્રતિહત ઉપયોગની વાત લીધી છે, ભાઈ ! પડી જાય, મિથ્યાદૃષ્ટિ (થઈ જાય) એ અહીં વાત જ નથી. આહા...હા ! સંતોએ તો (ગજબ) કામ કર્યાં છે ! અમને એ સ્વના લક્ષે ઉપયોગ પ્રગટ્યો એ ઉપયોગ હવે કંઈ નાશ થાય એવો નથી ! આહા...હા ! અમે એ ઉપયોગે કેવળજ્ઞાન લેવાના છીએ ! મિથ્યા પરિણામ થઈ જાય તો ? ...અરે ! તેં આ મોકાણ ક્યાં માંડી ? પરણવા વખતે મરી જઈશ, એમ વિચાર કરે ? આ વર પરણે છે અને કાલ મરી જાય તો... એવો વિચાર કરે ? એ તો જાણે સદા જીવતા રહીશું... ભલે પછી કાલ મરી જાય. અહીં તો ત્રણ લોકનો નાથ જ્યાં સ્વલક્ષે ઉપયોગ કર્યો એ ઉપયોગ કોઈ હરી જાય, હણાઈ જાય, પરને લઈને ઘટી જાય, એવું એ ઉપયોગનું સ્વરૂપ નથી. આહા...હા ! આચાર્ય પોતાના ઉપયોગને અપ્રતિહત તરીકે જાહેર કરે છે.

વિશેષ કહેશે.......

❀ ❀ ❀

**પ્રવચન : ૧૪-૧૨-૧૯૭૭**

'પ્રવચનસાર' ૧૭૨ ગાથા. અલિંગગ્રહણનો ૧૦મો બોલ. ૯ બોલ ચાલ્યા. **'જેને લિંગમાં એટલે કે ઉપયોગ નામના લક્ષણમાં ગ્રહણ એટલે કે સૂર્યની માફક ઉપરાગ (– મલિનતા, વિકાર) નથી, તે અલિંગગ્રહણ છે.'** (કહે છે કે :) સૂર્યના તેજ એટલાં છે કે ચંદ્રના તેજથી પણ અધિક છે. ચંદ્રનું તેજ આવું પ્રકાશ ન કરે. સૂર્યનું તેજ પ્રકાશમય છે. તેથી એને હજાર કિરણ કહે છે, અને ચંદ્રને તો સોળ કળા. સૂર્યના પ્રકાશના તેજને કોઈ અંધકાર–મેલપ નથી. આહા...હા ! પર્યાયમાં હોં ! એની વાત છે. એમ ભગવાન આત્માના ઉપયોગમાં પુણ્ય અને પાપની મલિનતા છે જ નહીં. એ (અશુદ્ધ) ઉપયોગ, એનો કહેવાય નહીં; એમ કહે છે. આહા...હા ! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કામ–ક્રોધનો ભાવ, એ અશુદ્ધ ઉપયોગ છે; એ આત્માનો ઉપયોગ નહીં; એમ અહીંયાં સિદ્ધ કરવું છે.

**'(જેને) લિંગમાં એટલે ઉપયોગ નામના લક્ષણમાં;'** 'આત્મામાં' એમ ન કહ્યું; આત્માના ઉપયોગ નામના લક્ષણમાં. ઝીણી વાત છે ને...! આ કાંઈ (સાધારણ વાત નથી). આ તો આચાર્યોની ગંભીર વાણી છે !

અંદર ભગવાન આત્મા છે, એના પરિણામનો ઉપયોગ, એ ઉપયોગમાં – જેમ સૂર્યને મલિનતા નથી તેમ એના ઉપયોગમાં – શુભ આદિ વિકાર નથી. એને અહીં આત્માનો ઉપયોગ કહેવામાં આવે છે.

આવી વાત તો ચોખ્ખી છે છતાં (લોકો માને કે) 'શુભરાગ એ આત્માનો ઉપયોગ છે અને એનાથી મોક્ષનો માર્ગ છે' પ્રભુ ! ઘણું આકરું...

અહીંયાં તો પ્રભુ ! આત્મા જે ચૈતન્યસૂર્ય, (સૂર્યને તો હજાર કિરણ છે.) તેના જ્ઞાનના ઉપયોગની શુદ્ધતા તો (અપરિમિત છે). એકલો ઉપયોગ નહીં. એટલે જેમ કે જાણવું દેખવું. એ જાણવાના ઉપયોગના આઠ પ્રકાર અને દેખવાના ચાર – એ તો ઉપયોગ, સાધારણ જાણવા દેખવાની અપેક્ષાએ. અહીં તો શુદ્ધતાના ઉપયોગની વાત છે. શું કહ્યું એ ? આત્મા જે વસ્તુ છે એના જાણવાના જ્ઞાનના પાંચ અને અજ્ઞાનના ત્રણ એમ આઠ; અને દર્શનના ચાર; એ ઉપયોગની (વાત) અહીં નથી. અહીંયાં તો શુદ્ધ ઉપયોગ લેવો છે. કેમ કે પોતે ચૈતન્યસૂર્ય–તેજ છે એના પરિણામ જે છે એ ઉપયોગ શુદ્ધ છે. એને લિંગથી એટલે પરથી ગ્રહણ નથી.

છે ને...! ઉપયોગ નામના લક્ષણમાં **'ગ્રહણ'** – ઉપયોગ નામના લક્ષણમાં. દ્રવ્યના લક્ષણની, અત્યારે વાત નથી. આ તો ઉપયોગની વાત ચાલે છે. દ્રવ્યની વ્યાખ્યા તો પાંચમામાં અને છઠ્ઠામાં આવી ગઈ. પછી તો આ ઉપયોગની વ્યાખ્યા ચાલે છે. આહા...હા ! જે પ્રભુ ચૈતન્યસૂર્ય, તેનો વર્તમાનમાં ઉપયોગ અર્થાત્ શુદ્ધ આચરણરૂપ ઉપયોગ, એમાં, (એટલે) એ લક્ષણમાં એટલે ઉપયોગમાં એને મલિનતા નથી.

આહા...હા ! દયા, દાન, વ્રત, ભક્તિ આદિનાં પરિણામ પણ મલિન છે. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગવાસના, એ પરિણામ તો મલિન–અશુભ છે એ તો એના (આત્માના) ઉપયોગમાં નથી. જેના ઉપયોગમાં શુભભાવનો વિકાર પણ નથી. આવી વાત છે !

જેને એટલે આત્માને એટલે કે એના ઉપયોગને, લિંગમાં એટલે કે ઉપયોગ નામના લક્ષણમાં, ગ્રહણ '**એટલે કે સૂર્યની માફક (ઉપરાગ નથી.)**' આહા...હા ! મૂળ તો આત્મા લેવો છે. અહીં આત્માના ઉપયોગને જેમ સૂર્યના પ્રકાશને મલિનતા નથી તેમ ભગવાન આત્માના ઉપયોગમાં શુભરાગ આદિ મલિનતા નથી. હવે જે એનામાં નથી તેનાથી તે જણાય એમ નથી. એ આત્મા શુદ્ધ ઉપયોગથી જણાય એવી એ ચીજ છે. આહા...હા ! આવી વાત ! સમજાણું કાંઈ ?

જેના ઉપયોગમાં ઉપરાગ એટલે મલિનતા નથી ! આત્મામાં મલિનતા નથી, એ તો વાત એકકોર રહી. સમજાણું કાંઈ ? આહા...હા ! જેનો ઉપયોગ આત્માને અવલંબીને થાય તે એનું લક્ષણ છે અને તે લક્ષણમાં મલિનતા નથી. આહા...હા ! જે લક્ષણથી આત્મા જણાય તે લક્ષણ શું છે ? કે : જે ઉપયોગ છે તેમાં રાગનું વિકારપણું નથી. એવા શુદ્ધ ઉપયોગથી તે જણાય એવો આત્મા છે અને એ શુદ્ધ ઉપયોગને જ આત્માનું લક્ષણ કહેવામાં આવે છે.

આહા...હા ! એ ચૈતન્ય હીરો જેને અનંતગુણના અંદર પાસા પડ્યા છે. જેમ હીરાને પાસા હોય ને...! પહેલ કહે છે ને...! તે તો ભિન્ન ભિન્ન હોય છે અને બહાર હોય છે. આ ભગવાનઆત્મામાં અનંત ગુણ અભ્યંતર હોય છે અને ભિન્ન ભિન્ન નહીં, જે સ્થાનમાં એક છે ત્યાં અનંત ગુણો છે. સમજાણું કાંઈ ? એવા આત્માના વર્તમાન પરિણામ જે ઉપયોગ છે એમાં પુણ્ય અને પાપની મલિનતાનો વિકાર નથી. તેને અહીંયાં આત્માનો ઉપયોગ અને લક્ષણ કહેવામાં આવે છે. (**શ્રોતા** :) એ ઉપયોગ ચારિત્રગુણની પર્યાય છે કે જ્ઞાનગુણની ? (**ઉત્તર** :) શુદ્ધજ્ઞાન સાથે ચારિત્રની પર્યાય શુદ્ધ છે. અશુદ્ધ ઉપયોગમાં અચારિત્રની પર્યાય સાથે (છે). આમાં (શુદ્ધોપયોગમાં) ચારિત્રની પર્યાય શુદ્ધ છે. એ 'દ્રવ્યસંગ્રહ'માં લીધું છે કે ભાઈ ! બાર પ્રકારનો જે ઉપયોગ છે તે જુદી ચીજ છે; તે તો ફક્ત જાણવું–દેખવું... બસ એટલું. અને આ ઉપયોગ છે તે તો શુદ્ધતા અને અશુદ્ધતા આચરણની સાથેનો ઉપયોગ છે. આહા...હા ! આ આત્માનું આચરણ કેમ થાય ? અને ક્યા ઉપયોગને આચરણ કહેવાય ? કે : શુદ્ધ ઉપયોગને આચરણ અને શુદ્ધ ઉપયોગ તેનું લક્ષણ, અને તે શુદ્ધ ઉપયોગથી (આત્મા) જણાય એવી ચીજ છે.

આહા...હા ! ઝીણી વાત બહુ. લોકોને કઠણ પડે છે. અત્યારે ચારે કોર ખળભળાટ થઈ ગયો છે ને...! 'એ સોનગઢવાળા વ્યવહારને માનતા નથી !' વ્યવહારને માનતા નથી (એમ નથી, પણ) વ્યવહારથી નિશ્ચય થાય, એમ માનતા નથી, એમ કહો. ભાઈ ! વ્યવહાર તો રાગ છે ને...! 'દ્રવ્યસંગ્રહ'માં આવે છે – વ્યવહારરત્નત્રય તે રાગ છે. શુભોપયોગ તે રાગ છે. વ્યવહારમોક્ષમાર્ગ તે રાગ છે.

(અહીંયાં) સૂર્યની ઉપમા કેમ આપી ? કે : ચંદ્રનો પ્રકાશ એટલો તેજવાળો નથી. ત્યાં તો સૂર્ય તો જ્યાં હજી બહાર આવે નહિ ત્યાં પ્રકાશ... પ્રકાશ થઈ પડે. અને ચંદ્ર તો સૂર્યના પ્રકાશ (સામે) ખાખરાના પાંદડાં જેવું લાગે.

લોકમાં (કહેવત છે) : 'ખાખરાની ખિસકોલી સાકરના સ્વાદને શું જાણે ?' તેમ ભગવાનઆત્માનો ઉપયોગ તો આનંદ... આનંદનો ઉપયોગ, શુદ્ધોપયોગ છે; (તેની) એ શુભોપયોગવાળાને શી ખબર પડે કે આનો (શુદ્ધોપયોગનો) સ્વાદ શું છે ? સમજાણું કાંઈ ?

આહા...હા ! ગજબ વાત કરે છે ! એક એક શબ્દમાં, એક એક 'અલિંગગ્રહણ'માં એકલો સાર ભર્યો છે ! એમાં (શબ્દોમાં) અંદરથી આવે એટલું આવે છે બાકી એટલું ગંભીર લાગે છે, એટલું ઊંડું લાગે છે !

આહા...હા ! ચૈતન્યસૂર્ય ભગવાન અંદર (પ્રગટ છે). સૂર્યના તો હજાર કિરણો હોય અને આને તો અનંત કિરણો – અનંત ગુણના પર્યાયો – પ્રગટ છે. એમાં પણ કહે છે કે એનો જે ઉપયોગ છે, વેપાર છે જાણવા–દેખવાનો, તે શુદ્ધ ઉપયોગ છે. તેને અહીં ઉપયોગ કહેવામાં આવે છે. એકલું જાણવા–દેખવાનું નહીં. આહા...હા ! શુદ્ધ–નિર્મળ (ઉપયોગ) ! રાગના વિકાર રહિત ! શુભરાગ જેને લોકો મોક્ષનો માર્ગ કહે, અને મોક્ષના માર્ગમાં કારણ કહે – એ રાગ, એના (ચૈતન્યસૂર્યના) શુદ્ધ ઉપયોગમાં છે જ નહીં. આત્મામાં તો છે જ નહીં. ...છે ! જુઓ – 'લિંગમાં એટલે કે ઉપયોગ નામના લક્ષણમાં' એમ છે ને...! 'આત્મામાં' એમ નહીં.

આહા...હા ! ગજબ વાતો છે ! દિગંબર સંતોએ તો જગતને ન્યાલ કરી નાખ્યા છે. પણ લોકોને એનું વાંચન નહીં, શ્રવણ નહીં, અંદરની દરકાર નહીં ! આ શાસ્ત્ર–અભ્યાસ જોઈએ. એને વારંવાર આ અભ્યાસ જોઈએ, ભાઈ ! જીવના અંદરમાં (મૂળ તત્ત્વ) શું (છે ? તેને સંતો) કઈ રીતે કહે છે ? – એ વાત (અંતરની ઊંડી જિજ્ઞાસા, ભાવના વગર) એને નહીં બેસે ! (**શ્રોતા** :) ખાસ ગુરુગમ જોઈએ. ગુરુગમ વગર એને બેસે નહીં. (**ઉત્તર** :) વસ્તુસ્થિતિ એવી છે ! પરંતુ કરવાનું તો એને છે ને...! એ (ગુરુ) તો (ઉપાય) બતાવે.

આહા...હા ! (અહીંયાં કહે છે :) 'જેને લિંગમાં એટલે કે ઉપયોગ નામના લક્ષણમાં' – ભગવાનઆત્માને એના ઉપયોગ નામના લક્ષણમાં 'ગ્રહણ એટલે કે સૂર્યની માફક' – સૂર્યના કોઈ કિરણમાં – 'મલિનતા નથી.' આહા...હા ! એમ ભગવાન (આત્મા)નો ઉપયોગ, (જે) શુદ્ધ ઉપયોગ, તેમાં શુભરાગની ક્રિયાની મલિનતા નથી. એ શુદ્ધ ઉપયોગથી આત્મા જણાય એવો છે. એમ કહે છે.

હવે લોકો કહે છે કે 'અત્યારે શુદ્ધ ઉપયોગ નથી !' ત્યારે પછી એનો અર્થ કે – શુદ્ધ ઉપયોગથી સમ્યગ્દર્શન થાય છે તો શુદ્ધ સમ્યગ્દર્શન જ (અત્યારે) નથી, ધર્મ જ નથી, જૈનધર્મ જ નથી, ...તો થઈ રહ્યું, બાપુ ! અરે ! વસ્તુ છે, ભાઈ !

આહા...હા ! ચૈતન્યસૂર્ય અંદર ભગવાન, જેમાં અનંત... અનંત ગુણના ઢગલા પડ્યા છે, જેમાં રતનના ઢગલા પડ્યા છે. એ રતનની રાશિ–ઢગલો છે પોતે ભગવાન ! એનું જે લક્ષણ એટલે ઉપયોગ (અર્થાત્) એવા આત્માનું લક્ષણ કે જેનાથી એ (આત્મા) લક્ષ થઈ શકે એવું એ લક્ષણ, એવો જે ઉપયોગ, (એમાં મલિનતાનો કણ નથી). જેમ સૂર્યમાં જરીયે મલિનતા નથી. (શું) એના કિરણમાં કોલસાનો કણ છે ? સૂર્યના કોઈ કિરણમાં કોલસાનો કણ છે ? તેમ ભગવાનઆત્માનું લક્ષણ એવો જે ઉપયોગ એમાં મલિનતાનો કણ નથી. આહા...હા ! એ તો શુદ્ધ ઉપયોગ છે.

તેને અહીંયાં આત્માનું લક્ષણ કહેવામાં આવે છે.

આવી વાત, બાપુ ! શું થાય ? પરમાત્માના વિરહ પડ્યા તેમજ કેવળજ્ઞાન થવાની શક્તિ રહી નહીં. એટલે લોકોને (બેસવું કઠણ પડે).

(અહીંયાં કહે છે : '**આ રીતે આત્મા શુદ્ધોપયોગસ્વભાવી છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.**' એમાંથી એવો એક અર્થ નીકળે છે. એમ કહેવું છે ને...! ચૈતન્યસૂર્ય ભગવાન, એના કિરણમાં – જેમ સૂર્યના કિરણમાં મલિનતાનો વિકાર નથી તેમ ભગવાનઆત્માના ઉપયોગરૂપી લક્ષણમાં – શુભરાગની પણ મલિનતા નથી. એને આત્માનો શુદ્ધ ઉપયોગ કહેવામાં આવે છે.

આચાર્યોએ તો કહ્યું છે, ઘણું કહ્યું. એકેક અર્થમાં ઘણું ઘણું સમાડી દીધું ! આહા...હા ! શ્રીમદ્‌જી (પત્રાંક : ૧૬૬માં) કહે છે ને...! 'સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં, અનંત આગમ રહ્યા છે.' એક વાક્યમાં (એક શબ્દમાં) અનંત આગમ !! આહા...હા ! એ આ શું છે, બાપુ !?

એ ચૈતન્યસૂર્ય પ્રભુ ! એનો જે ઉપયોગ એટલે જાણવા–દેખવાનો જે વેપાર, એ એના જાણવા–દેખવાના વેપારમાં શુભરાગ – વિકૃતભાવરૂપ ગ્રહણ (વિકાર) નથી. સૂર્યને ગ્રહણ છે તો એથી કંઈ એનું કિરણ મલિન થયું નથી, ગ્રહણ દૂર રહી જાય છે. સમજાણું કાંઈ ? એમ અહીંયાં આવરણ છે તે દૂર રહી જાય છે. સમજાણું કાંઈ ? સૂર્યને ગ્રહણ તો થાય છે પણ એ અપેક્ષાએ મલિનતા એની પર્યાયમાં ક્યાં છે ? બીજાને દેખાય છે કે આ ગ્રહણ છે. અહીં (આ ચૈતન્યસૂર્ય) તો છે એ છે – નિર્મળાનંદ ! એ તો કાયમ ત્રિકાળી જ્યાં છે ત્યાં નિર્મળાનંદ.... નિર્મળસ્વરૂપે પ્રકાશમાન છે. એટલે અહીં ગ્રહણ લેવું નથી. નહીંતર ગ્રહણ તો ચંદ્ર–સૂર્ય બેઉને છે. છે એ તો દૂર રહેલું છે. એમ આત્મામાં આવરણ કહેવાય છે પણ એ કર્મના રજકણો તો દૂર રહ્યા છે. એનામાં (આત્મામાં) એની ઊલટી દશાથી જે મલિનતાના પરિણામ થાય છે એ તો એના અસ્તિત્વમાં થાય છે છતાંય એ અસ્તિત્વ શુદ્ધ ઉપયોગમાં નથી. આહા...હા..હા ! સમજાણું કાંઈ ? (**શ્રોતા** :) જીવમાં ક્ષયોપશમ કે ક્ષાયિકની અપેક્ષાએ ? (**ઉત્તર** :) નહીં, નહીં. એ ક્ષયોપશમ હોય તોય એ શુદ્ધ ઉપયોગ જ છે. એ શુદ્ધ ઉપયોગ જ કેવળજ્ઞાનનું સાધન છે. અને શુદ્ધ ઉપયોગ જ દ્રવ્યને જાણી શકે છે. સમજાણું કાંઈ ?

આહા...હા ! સૂર્યની માફક લક્ષણમાં મલિનતા નથી. આત્માનું લક્ષણ જે જાણવું–દેખવું, એવા લક્ષણમાં – સૂર્યમાં જેમ મલિનતા નથી તેમ ભગવાનઆત્માના જાણવા–દેખવાના પરિણામમાં – શુભરાગની મલિનતા નથી. તે તો શુદ્ધ ઉપયોગ લક્ષણ છે. એ શુદ્ધ ઉપયોગ લક્ષણથી તે દ્રવ્ય જણાય છે, અને શુદ્ધ ઉપયોગ તે આત્માનો ઉપયોગ છે. અશુદ્ધ ઉપયોગ તે આત્માનો ઉપયોગ નહીં. કારણ કે અશુદ્ધ ઉપયોગ છે તે તો પુણ્યતત્ત્વ, પાપતત્ત્વ અને આસ્ત્રવતત્ત્વમાં જાય છે. તે આત્માના ભાવમાં તો નથી પણ એના ઉપયોગ લક્ષણમાં ય નથી. – શું કહ્યું સમજાણું ? દયા, દાન, વ્રત, ભક્તિનાં પરિણામ જે છે તે તો પુણ્યતત્ત્વમાં જાય છે. એ આત્મામાં નથી અને આત્માના શુદ્ધ ઉપયોગમાં ય નથી. શુદ્ધ ઉપયોગ એ સંવર અને નિર્જરા છે. અને શુદ્ધ ઉપયોગ એ દ્રવ્યનું લક્ષણ છે. એથી દ્રવ્યમાં તો પુણ્ય–પાપતત્ત્વ નથી, આસ્ત્રવતત્ત્વ નથી; ભાવબંધ પણ

તેના ઉપયોગમાં નથી. એના (આત્માના) ઉપયોગમાં તો સંવર–નિર્જરાનો શુદ્ધ ઉપયોગ છે.

બાપુ ! ભાઈ ! એ ('જિનવાણી'ને) સમજવું... ભાઈ ! અલૌકિક વાતું છે. સ્થાનકવાસીમાં એ કહેવાય છે કે એક સાધુએ એકવીસ વાર 'ભગવતી' વાંચી. શ્વેતાંબરનું 'ભગવતીસૂત્ર' છે. છેવટે એ કહે કે હે ભગવતી માતા ! આટલી વાર વાંચ્યું પણ તારો પાર કંઈ આવતો નથી. એ તો સાધારણ વાત શ્વેતાંબરમાં આવે છે, અહીં કહે છે કે : હે (જિનવાણી) માતા ! તને લાખ વાર વાંચે તો કહે કે પાર આવે એમ નથી એવી ચીજ છે.

'મોક્ષમાર્ગ પ્રકાશક'માં શાસ્ત્રાભ્યાસનું આવે છે ને...! (આ વિષે) 'આત્મધર્મ' હિંદીમાં આવ્યું છે : ઇન્દ્રિયની વ્યાખ્યા કરી છે – ભાઈ ! તેં ઇન્દ્રિયથી ખાવાના પેટ ભર્યાં તોપણ હજી કાંઈ મોઢામાં લવીંગ ને એલચીને... નાખ્યા કરે છે, તે શું છે આ તને ? પેટ ભરીને ખાધા પછી પણ ઘાસની જેમ તું નાગરવેલનાં પાંદડાં મોઢામાં રાખે છે, અરે ! તિર્યંચની પેઠે એને કલાક બે કલાક વાગોળે છે, તું તિર્યંચમાંથી આવ્યો છો ? શું છે આ તને ? જેમ તિર્યંચ ઘાસ ખાધા કરે આખો દી'.. અરે ! એય ખાધા પછી બે–ચાર કલાક બેસી રહે, નિવૃત્તિથી વાગોળે. અને તારે મોઢામાં કંઈક ભરેલું હોય કાં તો લવીંગ પડ્યું હોય કાં તો નાગરવેલનું પાંદડું ! એમ લખ્યું છે. સારું લખ્યું છે. ભાઈ ! તું ત્યાંથી આવ્યો લાગે છે. તિર્યંચના ખોરાકની પેઠે ઘાસ ખાય છે. કાં ત્યાંથી આવ્યો છો ને કાં તારે ત્યાં જાવું છે ! અરે...રે ! તેં પેટ ભરીને લાડવા ખાધા, દાળભાત ખાધા છતાં હજી તારે આ ઘાસને ખાવાની ટેવ તને પડી ગઈ છે ! એ ઇન્દ્રિયના સ્વાદમાં રોકાયેલા, માટે પાંદડું ત્યાં ને ત્યાં પડ્યું રહે અને એ ચાવ્યા જ કરે... આ મોઢું જરી લાલ થાય, એમાં ભગવાન ભલે કાળો થાય !! રાગના મેલથી ત્યાં એકાકાર થઈને, ઇન્દ્રિયથી થતા જ્ઞાન અને ઇન્દ્રિયથી થતા સ્વાદમાં એકાકાર થાય છે તે તો મિથ્યાદૃષ્ટિ છે.

અહીંયાં તો કહે છે કે : આત્માના ઉપયોગમાં સૂર્યની માફક ઉપરાગ (અર્થાત્) જાણવા–દેખવાનો ઉપયોગ જે છે એમાં ઉપરાગ એટલે મલિનતા નથી '**તે અલિંગગ્રહણ છે.**' આનું નામ અલિંગગ્રહણ. આહા...હા ! એક (શબ્દમાંથી) આચાર્યો સંતોએ કમાલ કરી છે ને ! એવો એક અર્થ અલિંગગ્રહણમાંથી નીકળ્યો. અલિંગગ્રહણ એવા છ અક્ષરમાંથી આ ભાવ નીકળ્યો કે – આત્માનો ઉપયોગ (જે) એનું લક્ષણ છે એમાં મલિનતા નથી માટે તે અલિંગગ્રહણ છે. રાગની મલિનતાથી ગ્રહાય–પકડાય એવો એનો (આત્માનો) ઉપયોગ નથી. 'આ રીતે આત્મા શુદ્ધોપયોગ – સ્વભાવી છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.' રાગનો અભાવ કરી જેણે આત્માના અંતરમાં ઉપયોગ મૂક્યો તે શુદ્ધ ઉપયોગસ્વરૂપ છે તેનાથી તે આત્મા જણાય અને શુદ્ધ ઉપયોગ તે એનું લક્ષણ અને ઉપયોગ છે. બાકી રાગાદિ એનો ઉપયોગે ય નહીં અને એનું લક્ષણેય નહીં અને એથી આત્મા જણાય ને ઓળખાય એય નહીં. આહા...હા ! સમજાણું કાંઈ ?

**જિજ્ઞાસા** : કેવળજ્ઞાનીને શુદ્ધ ઉપયોગ કહેવાય ?

**સમાધાન** : ત્યાં તો પૂર્ણ શુદ્ધ થઈ ગયો છે. એકલો શુદ્ધ ઉપયોગ આખું જ્ઞાન–દર્શન પૂર્ણ થઈ ગયું ને ! આ તો સાધકદશાની અપેક્ષાએ વાત છે. ત્યાં તો શુદ્ધ તદ્દન એકલો પૂર્ણ થઈ ગયો ને એનું ફળ આવી ગયું.

અહીંયાં તો સાધકના આત્માનું લક્ષણ ઉપયોગ તેમાં – (જેમ) સૂર્યના કિરણની અંદર વિકારનો, મલિનતાનો અભાવ (છે) તેમ એના ઉપયોગમાં – મલિનતાનો અભાવ (છે), એવો શુદ્ધ ઉપયોગ છે.

આહા...હા ! ગજબ વાત કરી છે ! જુઓ ! કેટલું સમાડ્યું છે. એ દિગંબર સંતો કેવળીના કેડાયતો, કેવળજ્ઞાનને ઝડપથી લેવાના. આ પંચમકાળ... એટલે ઉપયોગે એટલું કામ ન કર્યું. પણ એ સ્વર્ગમાં ગયા ત્યાંથી મનુષ્ય થઈને કેવળજ્ઞાન પામીને મોક્ષ જવાના છે. આહા...હા ! આ સંતોની આ (ધન્ય) દશા ! સમજાણું કાંઈ ?

(**શ્રોતા** :) આ 'અલિંગગ્રહણ'ના વીશ બોલ સાધકની અપેક્ષાએ છે ? (**ઉત્તર** :) એની જ વાત છે ને અત્યારે. (**શ્રોતા** :) કેવળજ્ઞાનની નહિ ? (**ઉત્તર** :) એ તો પૂર્ણ (થઈ ગયું). એનું ફળ આવી ગયું. સમજાણું કાંઈ ?

(અહીંયાં કહે છે :) 'આ રીતે આત્મા શુદ્ધોપયોગસ્વભાવી છે.' એ તો શુદ્ધોપયોગ – સ્વભાવી જ આત્મા છે. આહા...હા ! એને જ એનો ઉપયોગ કહીએ. શુદ્ધતાનો ઉપયોગ તેને જ આત્માનો ઉપયોગ કહીએ. સમજાણું કાંઈ ? એ દશમો બોલ થયો : એવું 'અલિંગગ્રહણ' છે અને એવા અર્થની પ્રાપ્તિ થાય છે. અલિંગગ્રહણના અર્થમાંથી – આત્માનો શુદ્ધ ઉપયોગ (છે) તેમાં મલિનતા નથી એવા અર્થની તેમાંથી પ્રાપ્તિ થાય છે. એવો એમાં અર્થ કહેવા માગે છે. આહા...હા ! એકેક શબ્દોમાં આમ આગમના આગમ ભર્યાં છે ! નિમિત્તને આધીન જે વિકાર થાય તે શુદ્ધઉપયોગમાં નથી. સ્વભાવને આશ્રયે જે પર્યાય–ઉપયોગ થાય તે શુદ્ધઉપયોગ છે અને તેને તેનું લક્ષણ કહેવામાં આવે છે. આત્માના ઉપયોગનું લક્ષણ શુદ્ધ ઉપયોગ. એને લક્ષણ કહેવામાં આવે છે. (**શ્રોતા** :) અજ્ઞાની બધા અનાત્મા છે ? (**ઉત્તર** :) અનાત્મા છે. જે કોઈ રાગને પોતાનો માનીને, તે ઉપયોગ પોતાનો છે, એમ માને, તે બધા અનાત્મા છે. આવી વાતો છે ! હવે શું થાય ? વાંચવું નથી, વિચારવું નથી અને એમાંથી સ્વના આશ્રયની વાત કેવી રીતે નીકળે તે કાઢતા નથી ! આહા...હા ! સ્વના આશ્રય કરવાની આ વાત છે ! સમજાણું કાંઈ ? એ **૧૦મો બોલ થયો. ૧૧મો –**

**'લિંગ દ્વારા એટલે કે ઉપયોગ નામના લક્ષણ દ્વારા'** – જોયું ! ઉપયોગ નામના લક્ષણ દ્વારા '**ગ્રહણ એટલે કે પૌદ્‌ગલિક કર્મનું ગ્રહવું જેને નથી.**' – એના ઉપયોગથી પુદ્‌ગલનું ગ્રહણ થાય એવો એ આત્મા નથી. એવો એનો ઉપયોગ નથી પૌદ્‌ગલિક કર્મનું ગ્રહણ તો નિમિત્તપણે શુભરાગ–અશુભરાગ હોય તો (થાય). પણ આ તો ઉપયોગ નામના લક્ષણથી, ઉપયોગ નામના લક્ષણ દ્વારા ગ્રહણ એટલે પૌદ્‌ગલિકકર્મનું ગ્રહણ જેને નથી એને અહીંયાં ઉપયોગ કહીએ કે જે કર્મ ગ્રહવામાં નિમિત્ત ન થાય. આહા...હા ! સમજાણું કાંઈ ? ગ્રહણ (કર્મ આવવા)માં નિમિત્ત ન થાય તેને (અર્થાત્) આત્માના ઉપયોગને લક્ષણ કહેવામાં આવે છે.

આહા...હા ! સંતો જ્યારે એની વ્યાખ્યા કરતા હશે... આહા...હા ! કેવળીના મુખની (દિવ્યધ્વનિની) તો શી વાત કરવી ? પણ સંતો એની સભામાં જ્યારે આ (વ્યાખ્યા) કરતા હશે ત્યારે આનંદમાં ઝૂલતાં ઝૂલતાં આ વ્યાખ્યા થઈ ગઈ છે.

(અહીંયાં) શું કહ્યું ? કે : 'લિંગ દ્વારા એટલે કે ઉપયોગ નામના લક્ષણ દ્વારા'... ઉપયોગની

વ્યાખ્યા ચાલે છે ને આ બધી સાતમાથી ચાલે છે ને...! પાંચ સુધી નાસ્તિની વાત હતી. છઠ્ઠી અસ્તિની હતી દ્રવ્યની. અને સાતથી આ ઉપયોગની વ્યાખ્યા ચાલે છે.

આહા...હા ! આ તો ટાઢા પેટે શાંતિથી સાંભળે તો સમજે એવું છે. ટાઢું પેટ એટલે કે શાંતિ... શાંતિ... શાંતિ, શાંતિને પ્રગટ કરીને સાંભળે તો એને આ શાંતિથી આત્મા જણાય, અને શાંતિ તે ઉપયોગ અને લક્ષણ છે. અને તેનાથી કર્મનું ગ્રહણ નથી. એને જીવનો – આત્માનો ઉપયોગ કહેવામાં આવે છે. (**શ્રોતા** :) મૂળમાં તો એને કર્મનું ગ્રહણ નથી ને ? (**ઉત્તર** :) નિમિત્તની વાત છે ને ! આ શુદ્ધ ઉપયોગ છે તે કર્મનું ગ્રહણ (થવામાં) નિમિત્ત કારણ નથી. શુભઉપયોગ તે કર્મગ્રહણનું નિમિત્ત છે. એટલું સિદ્ધ કરવું છે. સમજાણું ? કર્મ આવે છે એને કારણે. પણ એનામાં નિમિત્ત કોણ છે ? કે – રાગ. અને શુદ્ધ ઉપયોગમાં રાગ છે નહીં માટે એ (કર્મ) ગ્રહણનું નિમિત્તેય નથી. સમજાણું કાંઈ ? આહા...હા ! નાને મોઢે મોટી વાતું કરી હશે એમ છે આ ? (એમ નથી).

વસ્તુ અંદર અનંતા ચૈતન્યરત્નો(થી) ખીચોખીચ ભરેલી છે. ભગવાન(આત્મા) અંદર અનંત ચૈતન્યરત્નોથી ખીચોખીચ ભરેલો છે આહા...હા ! અનંત અનંત સંખ્યાની અનંતતા એટલા રત્નથી ભરેલો ભગવાન ! એને પહોંચી વળવા માટે ઉપયોગ જે છે તે તો શુદ્ધ છે. તે તેનું લક્ષણ અને તેનાથી તે જણાય એવો છે.

આહા...હા ! એ વ્યવહાર દયા, દાન અને વ્રત, ભક્તિથી આત્મા જણાય એ એનું લક્ષણ જ નથી. જેમાં કર્મગ્રહણ થવાનું નિમિત્તપણું હોય તે એનો ઉપયોગ જ નથી. સમજાણું કાંઈ ?

આ તો અલૌકિક અગમનિગમની વાતો છે, બાપા ! અરે ! એણે કોઈ દી' અંતરનો અભ્યાસ કર્યો નથી કે આ અંદરમાં શું ચીજ છે !! આહા...હા ! આત્મા...આત્મા...આત્મા...આત્મા... આત્મા કહે છે પણ શું છે એ તે ? એ તો જ્યાં ને ત્યાં સત્... સત્ જ પોતે રહે છે. શ્રીમદ્જીએ (પત્રાંક : ૨૧૧માં) કહ્યું નથી – ''સત્' જે કંઈ છે, તે 'સત્' જ છે; સરળ છે; સુગમ છે; અને સર્વત્ર તેની પ્રાપ્તિ હોય છે.' – ગમે ત્યાં બજારમાં જાઓ, નરકમાં–સ્વર્ગમાં જાઓ, બહાર જાઓ પણ એ તો જે શુદ્ધ ઉપયોગવાળો છે તે તો શુદ્ધ ઉપયોગવાળો જ છે. પરંતુ 'સત્'ની પ્રાપ્તિ કરાવનાર ગુરુ (મળવા) મુશ્કેલ છે. એમ શ્રીમદ્માં આવે છે. એમ જરી એને ભાર ત્યાં આપવો છે ને ! આ 'સત્'ને બતાવનારા ગુરુ મળવા મુશ્કેલ છે. એમ બતાવ્યું છે ત્યાં.

(અહીંયા કહે છે :) ભગવાનઆત્માનો ઉપયોગ એને કહીએ કે જે ઉપયોગથી કર્મગ્રહણ થાય એવું જેનામાં નિમિત્તપણું ન હોય. નિમિત્તનો અર્થ 'એ ગ્રહે છે' માટે નિમિત્ત, એમ નહીં. એ કર્મ તો આવે છે એના કારણે. (છે) રજકણની પર્યાય. પણ એમાં શુભ અને શુભ ઉપયોગ તે નિમિત્ત છે. નિમિત્તનો અર્થ એણે પરમાણુ ગ્રહ્યા છે, એમ નથી. ભાષા એવી આવે – યોગને લઈને પ્રકૃતિ અને પ્રદેશ, અને કષાયને લઈને સ્થિતિ અને રસ. – આવે છે ! 'દ્રવ્યસંગ્રહ'માં આવે છે : યોગને લઈને પ્રકૃતિ અને પ્રદેશ ગ્રહાય છે, એમ આવે છે. એટલે શું ? એ યોગ–કંપન છે તે કર્મની પ્રકૃતિનો સ્વભાવ અને પરમાણુને ગ્રહે છે એવું છે ? શબ્દ તો એવો આવ્યો છે : યોગથી પ્રકૃતિ અને પ્રદેશ ગ્રહાય અને કષાયથી સ્થિતિ અને રસ એમાં પડે. એને (કષાયને)

લઈને સ્થિતિ અને રસ પડે ? એ તો નિમિત્તનું કથન છે. એવી વાત છે ? 'દ્રવ્યસંગ્રહ'માં છે : '**जोगा पयडिपदेसा ठिदिअणुभागा कसायदो हुंति।**' એને ને એને નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે એટલો અર્થ છે. નિમિત્ત પરનું કરે છે, લાવે છે, એમ નહીં. વાંધા એ જ છે ને ? પં. કૈલાશચંદ્રજીએ હમણાં સારો ખુલાસો કર્યો છે કે ભાઈ ! સોનગઢવાળા નિમિત્તને માનતા નથી એમ નહીં; માને છે; પણ નિમિત્તથી પરમાં કંઈ થાય એમ માનતા નથી. બે વ્યાખ્યા બહુ સારી હમણાં મૂકી : એક ક્રમબદ્ધની (અને બીજી નિમિત્ત વિષેની). ક્રમબદ્ધની (વાતમાં) તો વ્યવસ્થિત વસ્તુ(સ્થિતિ) છે. અને ક્રમબદ્ધનો નિર્ણય કરનારનો તો ઉપયોગ–દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે. સમજાણું કાંઈ ? 'ક્રમબદ્ધ'માં જે સમયે જે પર્યાય થવાની તે છયે દ્રવ્યની થાય પણ એનો નિર્ણય કરનારની દૃષ્ટિ પર્યાય ઉપર ન રહે. પર્યાયમાં ક્રમબદ્ધપણું છે અને એ ક્રમબદ્ધમાં કર્તાપણું ઊડી જાય છે. – એટલે શું કહ્યું ? રાગનો કર્તા, અને દયા–દાનના પરિણામનો કર્તા, એ ક્રમબદ્ધમાં કર્તાપણું ઊડી જાય છે એટલે શું કહ્યું ? રાગનો કર્તા, અને દયા–દાનના પરિણામનો કર્તા, એ ક્રમબદ્ધમાં ઊડી જાય છે ત્યારે એ જ્ઞાતા–દૃષ્ટા થાય છે. એ તેનો પુરુષાર્થ છે. કેટલાક કહે ને આ નિયતની વાત છે.... સોનગઢનો તો નિયતવાદ છે – જે સમયે જે થશે તે થશે ને નિયતવાદ. અરે ! સાંભળ તો ખરો, પ્રભુ ! જે સમયે જે થવાનું તે થવાનું એ વાદની સાથે એનો પુરુષાર્થ અને સ્વભાવ એમાં સાથે છે. એનો નિર્ણય કરવામાં સ્વભાવ (આશ્રયરૂપ) છે, નિર્ણય કરવામાં પુરુષાર્થ છે. અને (પર્યાયકાળે પર્યાય) થઈ ગઈ તે કાળલબ્ધિ છે. અને તે જ પ્રકારે તે ભાવ થવાનો તે સમય તે ભવિતવ્યતા છે. અને તે જ સમયે તે પ્રકારના કર્મના નિમિત્તપણાનો અભાવ તે સ્વતઃ છે. આહા...હા ! આવી વાતો છે ! શું થાય ?

(અહીંયાં કહે છે :) 'લિંગ દ્વારા એટલે કે ઉપયોગ નામના લક્ષણ દ્વારા ગ્રહણ એટલે કે પૌદ્ગલિક કર્મનું ગ્રહવું જેને નથી.' એટલે પુદ્ગલકર્મનો જેને સંબંધ નથી, એવા ઉપયોગને આત્માનો ઉપયોગ કહેવામાં આવે છે. શુભ–અશુભ (ઉપયોગ)ને કર્મ આવવાનો નિમિત્ત–નૈમિત્તતિક સંબંધ છે. એવો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ, શુદ્ધ ઉપયોગમાં છે જ નહીં. એ ઉપયોગ તેનો (નિર્જરાનો) જાણનાર છે. નિર્જરા અને ઉદયનો જાણનાર છે. આવ્યું નથી...! 'સમયસાર' ૩૨૦ ગાથા(માં) – એ તો ઉદયનો જાણનાર, બંધનો જાણનાર, નિર્જરાનો જાણનાર, આહા...હા ! બંધ અને મોક્ષ, ઉદય અને નિર્જરા(નો) જાણનાર છે. (**શ્રોતા** :) શુદ્ધોપયોગ સાથે કર્મની નિર્જરાનો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે ! (**ઉત્તર** :) નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે એટલું. 'સંબંધ છે' એટલે નિમિત્ત કાંઈ એને (કર્મને) નિર્જરાવે છે ? (જો નિર્જરાવે) તો તે નિમિત્ત કહેવાતું નથી. અહીં શુદ્ધોપયોગ થયો માટે કર્મને નિર્જરવું પડ્યું (એમ નથી, પરંતુ) ત્યાં તે સમયે કર્મ–પર્યાય છૂટવાનો કાળ હતો તેને આ (શુદ્ધોપયોગ) નિમિત્ત કહેવામાં આવ્યું. એટલે નિમિત્તથી (કર્મ) છૂટ્યું છે એમ નથી.

અરેરે ! આવી વાતો છે. પહેલેથી ભૂલ જેને હોય ને તે બધી ભૂલો પછી બધામાં આવે. એક ને બે ચાર થઈ જાય, પછી ચાર ચોકુ સોળ અને સોળ તેરી અડતાલીશ અને અડતાલીશ દૂ છનું – એમ બધી ભૂલ હારે ને હારે આવે. તેમ 'પરને હું પકડી શકું છું, અને રાગથી મારો આત્મા જણાય છે' એવી પહેલી ભૂલ જેની છે... તે (તત્ત્વને) સમજ્યો નથી. પણ એટલું

તો સમજ્યો છે ને – 'ઈ આમ છે ?' ના, એ ઊંધું સમજ્યો છે ! આહા...હા ! 'મેં રાગ કર્યો... એ મારું કર્તવ્ય છે' એમ અજ્ઞાનીએ માન્યું છે, અને 'રાગ મેં કર્યો માટે કર્મ આવ્યાં' એમ એણે માન્યું છે. (પરંતુ) એમ (વસ્તુસ્થિતિ) નથી. રાગ (પરિણામ) તો ફક્ત નિમિત્ત થયું !

આહા...હા ! અહીંયાં તો એમ કહેવું છે કે – રાગ છે અને રાગના નિમિત્તથી કર્મ ગ્રહણ થાય છે એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, એ ચીજ શુદ્ધ ઉપયોગમાં નથી. આવી વાત છે ! સમજાણું કાંઈ ? આહા...હા ! 'ઉપયોગ નામના લક્ષણ દ્વારા ગ્રહણ એટલે કે પૌદ્‌ગલિક કર્મનું ગ્રહવું જેને નથી.' એ ઉપયોગ લક્ષણ એને કહીએ કે જે કર્મ આવવામાં નિમિત્ત ન હોય. તેને શુદ્ધ ઉપયોગ કહીએ. કર્મ આવવાના (એના) ઉપાદાનથી; એના કારણે આવે; પણ એમાં શુભ–અશુભરાગનું નિમિત્તપણું છે; એ નિમિત્તથી ગ્રહાય એમ કહેવામાં આવે છે. પરંતુ શુદ્ધ ઉપયોગ છે તેમાં તો આ કર્મનું નિમિત્તપણું છે જ નહીં.!

ભાઈ ! આવી ઝીણી વાતો છે ! એક એક શબ્દના અર્થમાં કેટલા અર્થ અંદર ભર્યાં છે ! આચાર્યને કહેવાનો અભિપ્રાય શું છે એ શાંતિથી એણે જાણવું જોઈએ. એને (આચાર્યને) કહેવાનો કંઈ અભિપ્રાય, અને પોતે કાંઈનું કાંઈ અંદરથી (બીજું) કાઢે (તો તે યોગ્ય નથી).

અહીંયાં એમ કહે છે કે : શુદ્ધ ઉપયોગ છે તે એનું (આત્માનું) લક્ષણ છે. અને તેનામાં મલિનતા નથી. અને તેથી તે શુદ્ધ ઉપયોગમાં કર્મ–ગ્રહવાનું નિમિત્તપણું નથી. તેને અહીં શુદ્ધ ઉપયોગ કહેવામાં આવે છે. કર્મ–ગ્રહણ થવામાં (જેનું) નિમિત્તપણું છે તે ઉપયોગને આત્માનો ઉપયોગ કહેતા નથી. આહા...હા ! આવી વાતો છે !! (–**'તે અલિંગગ્રહણ છે.'**

**'આ રીતે આત્મા દ્રવ્યકર્મથી'** – એમ ભાષા છે ને...! ભાવકર્મ તો દયા, દાન, પુણ્ય-પાપના ભાવ; અને એમાં નિમિત્ત દ્રવ્યકર્મ. હવે એ કહે છે કે – એને (આત્માને) ભાવકર્મ છે જ નહીં. એને તો શુદ્ધઉપયોગ છે. તેને આત્મા કહેવામાં આવે છે. આહા...હા ! (આત્મા દ્રવ્યકર્મથી) **'અસંયુક્ત (અસંબદ્ધ) છે'** – જેથી એ કર્મ–ગ્રહવામાં નિમિત્ત નથી. ભાષા એમ લીધી છે ને... 'દ્રવ્યકર્મથી અસંબદ્ધ છે.' આહા...હા ! ઉપયોગમાં દ્રવ્યકર્મનો સંબંધ જ નથી. આહા...હા ! દ્રવ્યકર્મ તો ક્યાંય ભિન્ન રહી ગયું. એની પાસે આવતું ય નથી, (એમ) કહે છે. સમજાણું કાંઈ ?

આહા...હા ! આવી વાત, બાપા ! (સાંભળવાને મળે તે પણ) ભાગ્યશાળી છે, ભાઈ ! અરે ! આ તો ભગવાનના શ્રી મુખે નીકળેલું તત્ત્વ છે, બાપા ! વાદવિવાદ કરો... ગમે તે કરો... માર્ગ તો 'આ' છે ! એ માર્ગમાં કંઈ ફેરફાર કરે તો એના આત્માનો ફેરફાર થઈ જશે.

આહા...હા ! શું કહે છે ? – કર્મના ગ્રહવામાં શુદ્ધ ઉપયોગ નિમિત્ત નથી. તેથી તે શુદ્ધ ઉપયોગને જીવનું લક્ષણ કહેવામાં આવે છે કે જેને કર્મનો સંબંધ જ નથી. આહા...હા ! અને જેને કર્મના નિમિત્તરૂપે સંબંધ છે તે આત્માનો ઉપયોગ અને લક્ષણ જ નથી. આહા...હા ! (આ રીતે આત્મા દ્રવ્યકર્મથી) અસંબદ્ધ છે **'એવા અર્થની પ્રાપ્તિ થાય છે.'** અગિયાર થયા. બારમો આવશે હવે.

વિશેષ કહેવાશે.......

❀ ❀ ❀

**પ્રવચન : ૧૫-૧૨-૧૯૭૭**

'પ્રવચનસાર' ૧૭૨ ગાથા. ફરીને જરી. જુઓ (બોલ) ૧૧ – '**લિંગ દ્વારા એટલે કે ઉપયોગ નામના લક્ષણ દ્વારા ગ્રહણ એટલે કે પૌદ્‌ગલિક કર્મનું ગ્રહવું જેને નથી.**' અહીં તો આત્મા એને કહીએ કે : જેને પુણ્ય–પાપનું કર્તાપણું નથી. શુભાશુભભાવનું કર્તાપણું નથી. તેથી તેને દ્રવ્યકર્મનો સંબંધ નથી. એને આત્મા કહીએ. કારણ કે પુણ્ય–પાપના ભાવ છે, તે કંઈ આત્મા નથી અને એ આત્મામાં તેનું કરવાપણું નથી. એ (આત્મા)નો પુણ્ય–પાપના ભાવને જાણનારો એટલે કે એ તો પોતે અલિંગગ્રહણ જેને કર્મનો સંબંધ નથી અને જેના સ્વભાવમાં વિકારનું કર્તાપણું નથી એને અહીં આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? આહા...હા ! આવી ઝીણી વાતો ! એ 'કર્તાપણા'ની વ્યાખ્યા કાલે થઈ ગઈ. ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ છે ને...! એ જ્ઞાયક સ્વભાવમાં પુણ્ય અને પાપના ભાવ નથી, તેથી તે તેનો કર્તા નથી. તેથી તેને પુણ્ય–પાપના ભાવથી કર્મનો સંબંધ થાય એ આત્મામાં નથી. આહા...હા ! આવી વાત છે ! **એ અગિયારમો બોલ થયો. હવે આ બારમો બોલ –**

'**જેને લિંગો દ્વારા એટલે કે ઇન્દ્રિયો દ્વારા ગ્રહણ એટલે કે વિષયોનો ઉપભોગ નથી.**' આહા...હા ! એ તો અણઇન્દ્રિયનો ભોક્તા છે. વિષયનો ભોગ તે તો રાગ છે. ઇન્દ્રિય દ્વારા રાગ અને (એની વિષયભૂત) વસ્તુ એ એના (આત્માના) સ્વરૂપમાં નથી. આવી વાત છે !

**જિજ્ઞાસા** : (રાગ) દ્રવ્યસ્વભાવમાં નથી કે પર્યાયસ્વભાવમાં નથી ?

**સમાધાન** : અહીં તો પર્યાયમાં ય એમ નથી. અહીં તો નિર્મળપર્યાય છે તેનો એ કર્તા અને નિર્મળપર્યાય છે તેનો જ ભોક્તા ! ઝીણી વાતો બહુ, બાપા ! શરીરનો ભોક્તા તો નહીં, સ્ત્રી આદિના શરીરનો–લક્ષ્મી આદિનો ભોક્તા નહીં, પણ તેના તરફના વલણવાળો જરી રાગ છે એનો ય ભોક્તા આત્મા નહીં. કારણ કે રાગ છે એ પરતત્ત્વ (અર્થાત્) આત્મતત્ત્વથી ભિન્ન તત્ત્વ છે. એટલે કે જેની દૃષ્ટિ દ્રવ્ય સ્વભાવ ઉપર ગઈ અને સમ્યગ્દર્શન થયું એને ઇન્દ્રિય–વિષયોનો ભોગ એ આત્મામાં નથી. (**શ્રોતા** :) કોઈને નથી ! (**ઉત્તર** :) છે ! અજ્ઞાની માને છે ને... 'હું વિષય ભોગવું છું;' એવા ભાવને કરે છે અને ભોગવે છે ! (પરંતુ) જેને વસ્તુસ્વરૂપની દૃષ્ટિ છે તેને આ (વિષયોનો ઉપભોગ) નથી. આહા...હા ! સમજાણું કાંઈ ?

આવો આકરો માર્ગ છે. પહેલો સમ્યગ્દર્શનનો વિષય જે અરૂપી પ્રભુ, તેને દૃષ્ટિમાં ન લે અને તેનો સ્વીકાર ન થાય ત્યાં સુધી બધાં થોથાં છે !

એથી એમ કહી એ કે : અમે એને ભગવાનઆત્મા કહીએ કે (જે) લિંગ (એટલે) ઇન્દ્રિયના વિષયનો ભોક્તા નથી 'તે અલિંગગ્રહણ છે'

આહા...હા ! આચાર્યે એકેક બોલમાં ઘણું સૂક્ષ્મપણું નાખ્યું છે. જેને ધર્મ પામવો છે, જેને

ધર્મ કરવો છે તેની દૃષ્ટિ તો વસ્તુના સ્વભાવ ઉપર હોય છે. તેથી તેની પર્યાયમાં તો શાંતિ અને આનંદ અને વીતરાગતાની પર્યાયનું કરવાપણું અને ભોગવવાપણું છે. આહા...હા ! વીતરાગી પર્યાયનો કર્તા તે પણ ઉપચારથી છે. કેમકે દ્રવ્ય કર્તા નથી. પર્યાય પર્યાયનો કર્તા છે.

એ 'કળશ'માં આવી ગયું છે : નિર્મળપર્યાયનો 'કર્તા' આત્મા અને એનું એ 'કર્મ', એ તો ઉપચાર છે. ભેદ પડી ગયો (માટે) વ્યવહાર (છે). આહા...હા ! વસ્તુ જે છે તે તો ચિદ્દ્ઘન–આનંદઘન પ્રભુ એ ધ્રુવ છે; એ નિર્મળ (પર્યાય)ને કેમ કરે ? અને નિર્મળ (પર્યાય)ને કેમ ભોગવે ? એની (નિર્મળપર્યાયની) કર્તા નિર્મળપર્યાય અને તેનું કાર્ય નિર્મળપર્યાય. એ ષટ્કારકનું પરિણમન (પોતે) નિર્મળપર્યાયમાં (છે) !

આ તો ઝીણી વાત છે, પ્રભુ ! આ તો બીજી જાતની કેળવણી છે. જગતના અભ્યાસ બધા પાપના છે – ડૉક્ટરના ને વકિલાતના ને... આહા...હા ! ઇંગ્લેંડમાં ને લંડનમાં જાય ને ભણવા... બધા પાપના ભાવ છે. પાપનાં ભણતર છે !

અહીંયાં તો પ્રભુ ચૈતન્યસ્વભાવ, પૂર્ણાનંદનો નાથ પ્રભુ, ધ્રુવ; એ વિકારનો કર્તા નથી માટે તેને – દ્રવ્યને કર્મનો સંબંધ જ નથી. કેમકે ઇન્દ્રિયના વિષયને ભોગવવાનો ભાવ તે તો વિકાર છે. સ્વભાવ તો એનો ભોકતા છે નહીં. જેને ભગવાનના અતીન્દ્રિય આનંદસ્વરૂપનો જ્યાં દૃષ્ટિમાં અંતર સ્વીકાર અને અનુભવ થયો, ત્યાં તેને દૃષ્ટિના વિષયમાં અને દૃષ્ટિમાં – દૃષ્ટિની પર્યાયમાં ઇન્દ્રિય–વિષયનો ભોગ નથી.

આહા...હા ! ઝીણું બહુ, બાપુ ! માર્ગ ઝીણો, ભાઈ ! (**શ્રોતા** :) આપ સહેલો કરો છો. (**ઉત્તર** :) ભાષા તો સાદી આવે છે !...

(ભાઈ !) એ પોતાનું સ્વરૂપ અણઇન્દ્રિય છે. એ અણઇન્દ્રિય સ્વભાવી ભગવાનઆત્મા; એની પર્યાયમાં પણ ઇન્દ્રિયના વિષયને ભોગવે, એ એનું સ્વરૂપ ક્યાં છે ? અજ્ઞાની એની પર્યાયમાં પાંચ ઇન્દ્રિયના વિષયને (તત્સંબંધી રાગને) ભોગવે છે, એ પર્યાયબુદ્ધિવાળો છે એટલે કે એ તો મિથ્યાદૃષ્ટિ છે.

આહા...હા...હા...હા ! આવી વાતો છે !! ગજબ કામ કર્યું છે ને ! પરમાત્મા ત્રિલોકનાથની 'આ' વાણી છે. સંતો એ વાણી દ્વારા જગતને જાહેર કરે છે. સંતો તો વીતરાગતાના ભોક્તા છે. આહા....હા ! આ ટીકા કરવાનો જે વિકલ્પ આવ્યો છે તેના એ કર્તાય નથી અને તેના એ ભોક્તા ય નથી.

જેને વિકલ્પથી ભિન્ન પડેલો પ્રભુ – આખો દ્રવ્યસ્વભાવ જ્યાં દૃષ્ટિમાં આવ્યો (ત્યાં) એ ભગવાનઆત્મા અને એની દૃષ્ટિ અથવા પર્યાય, એ રાગની કર્તા નથી તેમ એ રાગના વિષયના ભોગની ભોક્તાય નથી.

ભાઈ ! આ તો જુદી જાતનો (અલૌકિક માર્ગ છે !) એને અનંતકાળમાં જાણ્યો નથી, અનુભવ્યો નથી તેથી એને આકરું લાગે, પણ વસ્તુ(સ્થિતિ) તો આ છે. અને જન્મ–મરણ ટાળવા હોય તો આ કર્યે છૂટકો છે, નહીંતર ચોર્યાશીના અવતારમાં મરી જશે.

કહ્યું નહોતું...! નિગોદમાં અનંતકાળ ગાળ્યો. અનાદિ–સાંતકાળમાં અનંતકાળ તો જેને નિગોદના

દુઃખ ભોગવવામાં ગયો !અહીં તો નારકોના એક ક્ષણનું દુઃખ... પ્રભુ ! તેને ક્રોડો જીભે અને ક્રોડો ભવે ન કહી શકાય તો નિગોદનું દુઃખ તો... બાપુ ! બહુ આકરું છે, ભાઈ ! સંયોગથી દેખે તો એને નરકનું દુઃખ વધારે લાગે છે. પણ વિપરીત દૃષ્ટિ અને વિપરીત પરિણમનની અપેક્ષાએ દેખે તો નિગોદમાં બહુ દુઃખ છે. આહા...હા ! શું કહેવું છે ? કે – વળી નરકના દુઃખની વ્યાખ્યા તો કીધી કે, જેના એક ક્ષણના દુઃખને ક્રોડો ભવ અને ક્રોડો જીભે ન કહેવાય એટલે દુઃખ છે, ભાઈ ! તેથી અનંતગણું દુઃખ તો નિગોદમાં (છે), કેમકે જ્યાં અક્ષરને અનંતને ભાગે જ્ઞાનની પર્યાય રહી ગઈ ! વસ્તુ ભલે વસ્તુપણે છે, પણ પર્યાયમાં અનંતમા ભાગે જ્ઞાનની પર્યાય રહી ગઈ. એ પર્યાયમાં (જેટલી) અલ્પજ્ઞતા એટલું એને દુઃખ છે ! કેમકે ત્યાં આનંદના અનુભવની પર્યાયનો અભાવ છે. નિગોદમાં એને એની પર્યાયમાં અલ્પજ્ઞપણું છે એ અનંત દુઃખ છે ! દુઃખની વ્યાખ્યા એવી નથી કે, આ માથે પ્રહાર પડે ને અગ્નિ–તાપ આવે માટે (દુઃખ છે). – એ દુઃખની વ્યાખ્યા નથી. એ તો નિમિત્ત–સંયોગની વ્યાખ્યા છે. દુઃખની વ્યાખ્યા તો આનંદસ્વરૂપ ભગવાન અંદર પર્યાયમાં જેટલો ઊંધો પડે એટલું દુઃખ છે. – એ (યથાર્થ) વ્યાખ્યા છે. તો નિગોદના જીવે... પ્રભુ ! એક શ્વાસમાં અઢાર ભવ કર્યા. એવા અનંત શ્વાસોના અનંતા અનંતા ભવ કર્યાં. તેના દુઃખની શું સ્થિતિ કહેવી ?? ત્યાં એ પર્યાય વિકારની કર્તા પણ છે અને પર્યાય વિકારની ભોક્તા પણ છે. આહા...હા ! સમજાય છે કાંઈ ?

તેમ અજ્ઞાની પણ ભલે પંચેન્દ્રિય થયો, ક્ષયોપશમ કંઈક વિશેષ થયો છતાં તેને અનંતાનુબંધીનો તીવ્ર કષાય અને તીવ્ર મિથ્યાત્વ છે. જ્યાં અનંત અનંત પવિત્ર પ્રભુ, પવિત્ર અનંતગુણનો પિંડ; તેનો અનાદર કરીને, એક રાગના વિકલ્પનો પણ સ્વીકાર અને આદર કરે છે (ત્યાં) તે અનંત અનંત અનંત પવિત્ર ગુણો અને આનંદનો અનાદર કરે છે. આહા...હા ! આ દુઃખનું માપ શી રીતે કરવું ???

એ દુઃખના–ઇન્દ્રિયના વિષયો તરફનું વલણ, સમ્યગ્દૃષ્ટિને ખસી ગયું છે, એમ કહે છે. વિભાગ પડી ગયો છે. જેના અતીઇન્દ્રિયઆનંદને ભોગવવામાં જેને ઇન્દ્રિય–વિષયના રાગનું ભોક્તાપણું નથી તેને અહીંયાં 'આત્મા' (અર્થાત્) 'અલિંગગ્રહણ' (કહે છે). એટલે (આત્મા) ભોક્તાની પર્યાય–લિંગ વિનાનો (છે) '**તે અલિંગગ્રહણ છે.**' આવી વાતો છે !

આહા...હા ! જેટલો એ મોટો છે, જેવડો એ મોટો છે એનો જે અનાદર છે ત્યાં એટલું જ મોટું દુઃખ છે ! અને એ મહાપ્રભુ મોટો છે એના અનુભવમાં એ આનંદની પર્યાય ભલે અલ્પ હો પણ છે ત્યાં અનંત અપરિમિત આનંદ ! આહા...હા ! એ તો આવતાં આવતાં વિચારમાં અક્ષય–અપરિમેય આવી ગયો. એને ક્યાં તૈયાર કર્યું હતું ? આવતાં આવતાં આવે એ ખરું !

જેણે ઇન્દ્રિયના ભોક્તાના ભાવથી ભિન્ન ભગવાનઆત્મા છે એમ જાણ્યું, તેને ઇન્દ્રિયના ભોક્તાનો ભાવ છે જ નહીં. તેનાથી ભિન્ન પડેલો પ્રભુ તે તો અણઇન્દ્રિયની પર્યાયનો ભોક્તા છે. આહા...હા ! ભાષા તો સાદી છે, બાપા ! ભાવ તો કોઈ અલૌકિક છે, બાપુ ! શું કહેવાય ?

(અહીંયાં તો કહે છે :) 'લિંગો દ્વારા એટલે કે ઇન્દ્રિયો દ્વારા ગ્રહણ એટલે કે વિષયોનો ઉપયોગ નથી' તેને અહીં આત્મા કહે છે. જેને ઇન્દ્રિયના વિષયમાં મજા–મીઠાશ લાગે છે તે

ઇન્દ્રિય–વિષયનો ભોક્તા છે, તે મિથ્યાદૃષ્ટિ છે. – શું કહ્યું ? જેને આ પાંચ ઇન્દ્રિય જડ–માટી, તેના તરફના વલણના–ભોગનો જે ભાવ થાય છે, તે ભોગનો ભાવ અનંત દુઃખરૂપ છે અને એમાં (જેને) મીઠાશ છે, 'મને મજા પડે છે' એવો ભાવ તો મિથ્યાદૃષ્ટિ છે.

અહીંયાં ઇન્દ્રિયના વિષયથી ભિન્ન બતાવીને 'આ' બતાવવું છે : જેને ઇન્દ્રિયોના વિષય તરફના ભાવમાં પ્રેમ છે, મીઠાશ છે, ઠીક લાગે છે તે ભોક્તા છે, મિથ્યાદૃષ્ટિ (છે). મિથ્યાદૃષ્ટિ ઇન્દ્રિયના વિષયનો ભોક્તા છે. આહા...હા ! એ આત્મા નહીં. સમજાણું કાંઈ ? અહીંયાં તો કહે છે કે : એની (ઇન્દ્રિય–વિષયોની) મીઠાશ જ્યાં ઊડી ગઈ છે; ઇન્દ્રિય તરફના વિષયની મજા, 'એ મજા ઠીક' એ દશા, એ ભાવ જેને ઊડી ગયો છે એની અહીં વાત લીધી છે.

૪૭ નયમાં લેશે. આગળ 'ચરણાનુયોગ (સૂચકચૂલિકા)'માં – ('આત્મા કર્તાનયે રાગાદિ પરિણામોનો કર્તા છે.' 'આત્મા ભોક્તાનયે સુખદુઃખાદિને ભોગવે છે.') – જ્ઞાનીને પણ જેટલે અંશે રાગ છે (એટલે કે) જેટલો રાગ આવે છે, તેટલું પરિણમન મારામાં છે, એ પરિણમવું તે કર્તા, એટલું જ્ઞાન જાણે, અને જેટલો રાગ (છે તે)નો ભોક્તા છે. તેટલો હું તેને ભોગવું છું, એવો મારામાં ધર્મ છે.

અહીંયાં (અલિંગગ્રહણ) 'જ્ઞેયતત્ત્વ–પ્રજ્ઞાપન' છે ને...! આ તો દૃષ્ટિપ્રધાન–સમ્યગ્દર્શનનો વિષય છે. પણ (સમ્યક્) દર્શન સાથે થયેલું જ્ઞાન, એ તો સમય સમયની વિકૃત અવસ્થાને (પણ) જાણે કે, એ વિકૃત અવસ્થા મારી છે, મારામાં છે (તેરૂપે) હું કર્તા થઈને પરિણમું છું, અને જેટલે અંશે રાગ થયો છે તેનો ભોક્તા પણ હું છું. પરની સાથે શું સંબંધ છે ? પર તો તદ્દન ભિન્ન છે. (પોતાની) પર્યાયમાં જેટલું હરખ–શોકનું વેદન છે તેનો હું ભોક્તા છું, એમ (સમ્યક્)જ્ઞાનથી જાણે છે. પણ અહીંયાં તો જ્ઞેય(તત્ત્વ) એટલે દૃષ્ટિનો વિષય(ભૂત) આત્મ–જ્ઞેય કેવું છે ? એ અહીં આવ્યું. ને ત્યાં ૧૦૨ ગાથા, 'સમ્યગ્દર્શનનો અધિકાર' છે છતાં (ત્યાં) લીધું કે, ભાઈ ! રાગની ઉત્પત્તિનો કાળ–ક્ષણ છે તેથી એનામાં થાય છે. દર્શનવિશુદ્ધિના કાળમાં જ્ઞાનીને પણ જે રાગ થાય છે તેનો તે જન્મક્ષણ–ઉત્પત્તિનો કાળ છે. કર્મને લઈને નહીં. દ્રવ્ય–ગુણને લઈને નહીં. પર્યાયમાં એવી ઉત્પત્તિનો તે કાળ છે તો એવી ઉત્પત્તિ થાય છે. એને ત્યાં એમ કીધું કે આ જન્મક્ષણ છે માટે ઉત્પન્ન થાય છે.

'નય'ના અધિકારમાં કહ્યું કે રાગનું એટલું એને વેદન છે, ભોક્તા છે. અહીંયાં કહે છે કે – ઇન્દ્રિય–વિષય તરફના રાગનો 'આત્મા' કર્તા ય નથી અને તેનો ભોક્તા ય નથી. અરે ! આવી વાતો !! આવો વિષય છે, બાપુ !

'શ્રીમદ્ રાજચંદ્ર'માં એ ('આત્મસિદ્ધિ' ગાથા–૮માં) આવે છે ને...! 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ : ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ.'

આહા...હા ! અમે 'આત્મા' એને કહીએ, 'જ્ઞેય' એને કહીએ, 'આત્મા' જ્ઞેય છે જ્ઞાનમાં જણાવા લાયક એને અમે 'આત્મા' કહીએ કે – જેને રાગનો કણ ઉત્પન્ન થાય નહીં. એને (આત્માને) રાગ છે જ નહીં. આહા...હા...હા ! આત્મા જેણે જાણ્યો અને આત્મા જેને કહીએ (કે) તેને તો આનંદ અને જ્ઞાનની પર્યાયનું પરિણમન (હોય) છે. અને તે ત્યાં રાગનો ભોક્તા પણ દેખાય

છે ? કે : ના. રાગને ભોગવવાનો ભાવ, તે આત્મા નહીં. આહા...હા ! એ આત્મા, 'જ્ઞેય' – જ્ઞાનમાં જણાવા લાયક એ 'જ્ઞેય' – એ 'આત્મા', ઇન્દ્રિયના વિષયનો ભોક્તા છે જ નહીં, ભાઈ ! આવી વાતું છે ! દુનિયાથી જુદી જાત છે. આ તો ધીરાનાં કામ છે !

(અહીંયાં કહે છે કે :) 'જેને લિંગો દ્વારા એટલે કે ઇન્દ્રિયો દ્વારા' – 'લિંગો'નો અર્થ ઇન્દ્રિયો થઈ ગયો. હવે 'ગ્રહણ એટલે કે વિષયોનો ઉપભોગ નથી.' આહા...હા ! એને આત્મા કહીએ. અને આત્મા જાણ્યો એને કહીએ કે જેને વિષયોનો ભોગ જ નથી. એ (ભોગ) બધું જ્ઞાનમાં પર તરીકે, જ્ઞેય તરીકે જાય છે. પોતામાં રાગનું ભોક્તા અને કર્તાપણું એ આત્માને નથી. 'ગ્રહણ' એટલે વિષયોનો ઉપભોગ નથી. (જેણે આત્મા જાણ્યો) એને વિષયોના ભોગના રાગનો પ્રેમ ઊડી ગયો પ્રેમ ઊડી ગયો તો એનો તે ભોક્તા છે જ નહીં. સમજાણું કાંઈ ?

આહા..હા ! આવી વાતો છે !! જિનવરનો માર્ગ કોઈ અલૌકિક છે, બાપુ ! એ સિવાય (એ વાત) ક્યાંય નથી. આહા...હા ! પોતે જિનસ્વરૂપ છે ને...! ભગવાન આત્મા પોતે જિનસ્વરૂપ છે. 'ઘટ ઘટ અંતર જિન બસૈ, ઘટ ઘટ અંતર જૈન; મતિ-મદિરાકે પાનસૌં, મતવાલા સમુઝૈ ન.' પોતાના ઘેનમાં ઘેલા થઈ ગયેલા પાગલ 'રાગને હું કરું છું, શરીરની ક્રિયા કરું છું, પરદ્રવ્યનું બિલકુલ કર્તાપણું નથી એમ નહીં' (એમ માને છે). લ્યો એ હમણાં આવ્યું હતું ને 'સમ્યગ્જ્ઞાન' (પત્રિકા)માં : 'એક દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઈ ન કરે, રંચમાત્ર ન કરે, બિલકુલ જૂઠી વાત છે.' (પરંતુ) અહીં તો કહે છે કે પરદ્રવ્યનો કર્તા–ભોક્તા તો નહીં (પણ રાગનો ય કર્તા–ભોક્તા નહીં).

આહા...હા ! ભગવાન ! તારી શક્તિમાં પ્રભુ ! સર્વજ્ઞસ્વભાવ પડ્યો છે ને...! એ સર્વજ્ઞસ્વભાવ પર્યાયમાં શું કરે ? રાગ થાય તે રાગનો ભોક્તા થાય ? એ તો તેને જાણે ! (પરંતુ) હું તેનો કર્તા અને હું તેનો ભોક્તા, એ આત્માના જ્ઞાનમાં અને પર્યાયમાં પણ નથી.

આવું ઝીણું પડે એટલે માણસને મેળ ન ખાય એટલે પછી એકાંત છે... એકાંત છે... એમ (વિરોધ કરે).

વળી, બીજે સ્થાને કહે કે : (આત્મા રાગનો) કર્તા–ભોક્તા છે ! અહીંયાં કહે કે : કર્તા–ભોક્તા નથી ! એ (પર્યાય), દૃષ્ટિના (વિષયમાં નથી). દૃષ્ટિનો વિષય છે તે તદ્દન નિર્વિકલ્પ છે. દૃષ્ટિ પોતે નિર્વિકલ્પ છે. અને એનો વિષય નિર્વિકલ્પ–અભેદ છે. એટલે દૃષ્ટિ અભેદ સિવાય બીજાને સ્વીકારતી નથી. જ્યાં ભેદને સ્વીકારતી નથી તો રાગના કરવા અને ભોગવવાપણાનો ત્યાં સ્વીકાર છે જ ક્યાં ?

આહા...હા ! સમ્યગ્દૃષ્ટિ... (તેને) છન્નુ હજાર સ્ત્રી ! એનાં પ્રત્યેનો રાગ પણ દેખાય. પણ કહે છે કે એ આત્મામાં નથી થાતું અને એ પર્યાયમાંય નથી થાતું. પરમાં થાય છે, તેને જાણે છે. આહા...હા ! એ પરતત્ત્વ છે ! એ ભોગવવાનું અને કરવાનું તત્ત્વ, પરતત્ત્વ છે; આત્મતત્ત્વ નહીં. તે (રાગ) નીકળી જાય છે. છે જ નહીં. તે એના વસ્તુના સ્વભાવમાં નથી અને એની સમ્યક્પર્યાયમાં પણ નથી ! (પરંતુ જે) પર્યાય રાગની કર્તા (છે) એની પર્યાયમાં (જોકે) ષટ્કારકનું પરિણમન છે; પણ (એનું કર્તાપણું) કોને ? કે – જેને તેની ઉપર (દૃષ્ટિ), પર્યાયદૃષ્ટિ છે તેને;

તે તો મિથ્યાદૃષ્ટિ છે ! આહા...હા ! અરે...રે ! અહીં તો હજી એ આવે છે લખાણમાં : વિકારની પર્યાય કર્મ કરાવે અને કર્મની પર્યાય વિકાર કરાવે. કર્મની પર્યાય ભોગવવાનું કાર્ય (કરાવે).

'સમયસાર' (ગાથા ૧૩૦–૩૧ના ભાવાર્થમાં આવે છે ને...!) (જ્ઞાની... ક્રોધાદિ ભાવરૂપે) 'જોકે ઉદયની બળજોરીથી પરિણમે છે.' (પણ) એનો અર્થ કે : પોતાને કરવાનો ભાવ–પ્રેમ નથી, રુચિમાં તે નથી, રુચિમાં તો પોષણ પ્રભુ – આત્માનું છે, માટે જે રાગ એને થાય છે તે કર્મની જોરાવરીથી થાય, એમ ત્યાં કહેવામાં આવ્યું; પણ (તે) કર્મથી થયો નથી; (પોતાના પુરુષાર્થની કમજોરીથી થયો છે).

અને 'ઇષ્ટોપદેશ'માં ત્યાં સુધી આવ્યું : '**कत्थवि बलिओ जीवो कत्थवि कम्माइं हुंति बलियाइं।**' એવું આવે છે લ્યો ! એ કઈ અપેક્ષાએ કહે છે ? વિકૃતભાવ છે એ ભાવકર્મ છે એનું જોર છે, એમ કહ્યું અને 'આત્મા તો અનાદિનો જોરવાળો છે' (એવો અંતર્‌સ્વીકાર થાય) ત્યાં આત્મા બલિઓ (– બળવાન થાય) છે. અજ્ઞાનીને પર્યાયના જોરવાળો ભાવ પણ છે ત્યારે તે વિકારનું જોરપણું છે એમ જણાવ્યું. પણ અહીંયાં તો એને કાઢી નાખ્યું. આ જ્ઞેય અધિકાર ને સમ્યગ્દર્શન અધિકાર (છે ને...!)

('પ્રવચનસાર'માં) પહેલો અધિકાર જ્ઞાન અધિકાર છે અને બીજો અધિકાર સમ્યગ્દર્શન અધિકાર અને ત્રીજો અધિકાર ચરણાનુયોગનો છે એમ જયસેન આચાર્યની ટીકામાં આવે છે.

અહો...હો ! ગજબ વાત છે ને !! એના એ સંતો અહીંયાં 'આ' કહે અને એના એ સંતો 'નય'માં પાછા (જ્ઞાનીને) કર્તા–ભોક્તા કહેશે. આવો અનેકાંત સ્યાદ્વાદ માર્ગ ! (ક્યાં) કઈ અપેક્ષાથી કહ્યું છે તેને ન સમજતાં એકાંત તાણી જાય તો એ વસ્તુ એમ નથી. સમજાણું કાંઈ ?

અહીંયાં તો કહે છે કે : આત્મા, એટલે કે જેને આત્મા દૃષ્ટિમાં આવ્યો છે તે, ઇન્દ્રિયવિષયોના રાગનો કર્તા અને ભોક્તા નથી. આહા...હા ! ત્યારે તો પછી એને (જ્ઞાનીને) રાગેય નથી અને ભોક્તાપણાનો ભાવેય નથી ! (એ) કઈ અપેક્ષાએ છે, ભાઈ ! અહીં તો દૃષ્ટિ અને દૃષ્ટિનો વિષય આત્મા–જ્ઞેય પરિપૂર્ણ પ્રભુ, એનો જ્યાં અંતરમાં સ્વીકાર અને પ્રેમ થયો તેને રાગના કરવાના અને ભોગવવાના પ્રેમ ઊડી ગયા – એ અપેક્ષાએ તે કર્તા અને ભોક્તા નથી, એમ કહ્યું છે. સમજાણું કાંઈ ?

('સમયસાર' નિર્જરા અધિકારમાં કળશ – ૧૬૦ના ભાવાર્થમાં) 'ભયપ્રકૃતિ'માં ય આવ્યું હતું ને કે : જ્ઞાનીને ભય નથી ! પણ ભાવાર્થમાં આવ્યું હતું કે ચારિત્રમોહના નિમિત્તથી તેને ભય થાય છતાં એ ભયને પોતાનો જાણતો નથી; પોતાને ભિન્ન જાણે છે. તેને એવો ભય હોતો નથી કે તે (નિજ) સ્વરૂપ અખંડાનંદ પ્રભુ છે તેમાંથી ચ્યુત થાય. કઈ અપેક્ષાએ કહ્યું કે ભય તો અસ્થિરતા (જન્ય) થાય છે ? કીધું ને...! ક્ષાયિકસમકિતી ...શ્રેણિકરાજા ! (જો) આત્મામાં કર્તા–ભોક્તા(પણું) નથી તો ઝેર કેમ પીધું ? કર્મે ઝેર પીવડાવ્યું છે ? આહા...હા ! એવો એને ભાવ આવ્યો... હીરો ચૂસ્યો... દેહ છૂટી ગયો. પણ તે ભાવને અહીંયાં ગૌણ કરીને, એ વિષય દૃષ્ટિના વિષયમાં અને દૃષ્ટિમાં નથી એમ કહીને, ભગવાન આત્મા તે રાગનો કર્તા અને ભોક્તા નથી (એમ કહ્યું). પણ જ્યારે એને, પર્યાય એની છે અને એનામાં થાય છે અને એના દોષથી થાય

છે, એમ જ્યારે સિદ્ધ કરવું હોય (તો કર્તાનયે અને ભોક્તાનયે તે તેનો કર્તા–ભોક્તા પણ છે). સમજાણું કાંઈ ?

આહા...હા ! પ્રભુની લીલા તો જુઓ ! ઈશ્વર એવો પ્રભુ... પોતે હોં ! આનંદઘનજીમાં આવે છે ને...! 'કોઈ કહે લીલા રે અલખ અલખ તણી રે, લખ પુરે મન આશ.' આહા...હા ! એ કોઈ ઇશ્વરની લીલા નથી; પ્રભુ તારી લીલા છે !

જ્યાં દૃષ્ટિના વિષયમાં ભગવાનને (નિજાત્માને) પ્રતીતમાં લીધો તે ધર્મીને રાગનું કરવું અને રાગનું ભોગવવું (છે જ નહીં). ઇન્દ્રિયના વિષયને કરે અને ઇન્દ્રિયના વિષયને ભોગવે, એ આત્મામાં નથી, માટે સમકિતીને નથી. (તે) અલિંગગ્રહણ છે. **'આ રીતે આત્મા વિષયોનો ઉપભોક્તા નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.'** અ લિં ગ ગ્ર હ ણ – છ અક્ષરમાંથી આવો એક ભાવ નીકળે છે. છ અક્ષરના ભાવના વીશ અર્થ તો કહેશું. કહે છે કે એમાંથી એક અર્થ આવો પણ નીકળે છે.

આહા...હા ! આવી વાતો છે, ભાઈ ! આ (સંપ્રદાયમાં) એકલી કથાઓ વાંચે ! (પણ) દ્રવ્યાનુયોગની દૃષ્ટિ વિના, કથાનુયોગ ને ચરણાનુયોગ (ને કરણાનુયોગ)માં કઈ અપેક્ષાએ કહ્યું છે એ એને ઘડ નહીં બેસે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં એમ કહ્યું છે ને...! દ્રવ્યાનુયોગ – તત્ત્વ–દ્રવ્ય એટલે વસ્તુ એનો અનુયોગ એનું જ્ઞાન, એના વાસ્તવિક જ્ઞાન – વિના, એ ચરણાનુયોગમાં આમ કહ્યું છે અને કરણાનુયોગમાં આમ કહ્યું છે અને કથાનુયોગમાં આમ કહ્યું છે એ બધાના ભાવોની અપેક્ષાઓ, દ્રવ્યના જ્ઞાન વિના, કોઈ બીજી અપેક્ષા એને સાચી લાગુ પડે નહીં, એને સમજાય નહીં. ચરણાનુયોગમાં તો એમ આવે – વ્રત કરવાં, વ્રતને નિરતિચાર પાળવાં. લ્યો ! વ્રત તો રાગ છે. (**શ્રોતા :**) રાગને પાળવો ? (**ઉત્તર :**) પણ એ તો જણાવ્યું છે કે એ વખતે રાગ છે અને રાગનો ભાવ એને (સાધકને) હોય છે એટલું જ્ઞાન કરાવ્યું છે. વ્યવહાર નયનો વિષય છે, એમ સિદ્ધ કર્યું છે. વ્રતના પરિણામ તો આસ્રવ છે. એ જીવતત્ત્વ આસ્રવને કરે એ તો બને નહીં. તેમ નિર્મળપર્યાય છે એ આસ્રવને કરે એમ બને નહીં. સંવર–નિર્જરાની જે શુદ્ધ પર્યાય, શુદ્રદ્રવ્યના આશ્રયે થયેલી એ પણ આસ્રવને કરે નહીં અને ભોગવે નહીં. પણ (તેવો રાગ) પર્યાયમાં થાય છે તેટલું જ્ઞાન કરાવવા વ્રતને પાળો અને અતિચાર ટાળો, એવી વાત કરી છે. આહા...હા ! હવે આટલી બધી કેટલી અપેક્ષાઓ ! **એ ૧૨મો બોલ થયો. તેરમો –**

**'લિંગ દ્વારા એટલે કે મન અથવા ઇન્દ્રિય વગેરે લક્ષણ દ્વારા ગ્રહણ એટલે જીવતત્ત્વને ધારણ કરી રાખવું (જેને નથી)'** આહા...હા !

આ લોકો કહે છે ને...! 'જીવો અને જીવવા દો' – ભગવાન મહાવીરનો સંદેશ. એ પોકારે અને બીજા કહે હા... હા...હા... 'જીવો અને જીવવા દો'. અરે ! મન અને ઇન્દ્રિયનું જીવન એ જીવનું જીવન જ નથી. સમજાણું કાંઈ ? એમાંય અહીં (સોનગઢ)ની ટીકા કરી છે – એ તો 'જીવો અને જીવવા દો'ને ખોટી વાત ઠરાવે છે.

અહીંયાં શું કહે છે ? જુઓ હવે – 'મન અથવા ઇન્દ્રિય વગેરે (પાંચ ઇન્દ્રિયો અને મન) લક્ષણ દ્વારા ગ્રહણ એટલે જીવત્વને ધારણ કરી રાખવું' – જીવને જીવપણું મન અને ઇન્દ્રિયથી

ધારણ કરવું ‘જેને નથી’ – એવું એમાં છે નહીં, આત્મામાં એ છે જ નહીં. મન અને ઇન્દ્રિય દ્વારા જીવ જીવે એટલે કે દશ ભાવપ્રાણથી – ભલે અશુદ્ધ ભાવપ્રાણ, દશ જડ (પ્રાણ)થી તો નહીં પણ અશુદ્ધ ભાવપ્રાણથી – જીવે, એ જીવત્વ એ વસ્તુમાં નથી. સમજાણું કાંઈ ? આ તો હળવે હળવે જણાય એવું છે, બાપુ ! આ કાંઈ (સાધારણ વાત નથી).

આહા...હા ! ‘લિંગ દ્વારા એટલે કે મન અથવા ઇન્દ્રિય વગેરે લક્ષણ દ્વારા (ગ્રહણ) એટલે જીવત્વને ધારણ કરી રાખવું (જેને નથી)’ – જીવને જીવપણું એના (મન આદિ) વડે ધારણ કરવું એ વસ્તુમાં નથી. આહા...હા ! આવી વાતું !! આ જડ પાંચ ઇન્દ્રિયો અને મન, વચન, કાયા અને આયુષ્ય અને શ્વાસ – એ દશ પ્રાણ, એ દશપ્રાણથી તો જીવ જીવે નહીં, એ એનું જીવન જ નહીં. પણ દશ ભાવપ્રાણથી જીવવું એ પણ એનું જીવન નહીં.

આહા...હા ! આ એની (પોતાની) મેળે વાંચે તો ત્યાં અંદર કાંઈ બેસે એવું નથી. હવે એણે સાંભળ્યું અને હવે (પોતાના ગામ) જઈ (શાંતિથી) બેસીને વાંચે તો... (અંતરમાં સમજાય), ભાઈ ! ઝીણી વાત બહુ.

કહે છે કે : ‘મન’ શબ્દમાં, મન, વચન અને કાયા બધું લઈ લ્યો. મૂળ તો જ્યાં ‘મન’ લીધું છે ત્યાં પછી વચન–કાયા તો સ્થૂળ નિમિત્ત (છે). અને પછી ઇન્દ્રિય લીધી ત્યાં આયુષ્ય અને શ્વાસ ભેગું આવી ગયું. એ ભાવની યોગ્યતા જે છે અંદર – પાંચ ઇન્દ્રિયની યોગ્યતા, મનની યોગ્યતા, શ્વાસ થવાની યોગ્યતા અને આયુષ્ય પ્રમાણે રહેવાની યોગ્યતા – એવું જીવન જીવમાં નથી.

‘લિંગ દ્વારા એટલે કે મન અથવા ઇન્દ્રિય વગેરે લક્ષણ દ્વારા ગ્રહણ એટલે જીવત્વને ધારણ કરી રાખવું ‘જેને’ નથી.’ ‘જેને’ એટલે આત્માને નથી. મન અને ઇન્દ્રિયથી જીવનું જીવન, એ આત્માને નથી.

ત્યાં લોકો અહીં (સોનગઢ)ની ખોટી ટીકા કરે છે – એની ‘જીવો અને જીવવા દો’ની. પણ ભાઈ ! તને ખબર નથી, બાપુ ! એ જીવન એ દશ પ્રાણ બહારની વાતું કરે છે; એ વસ્તુ છે જ નહીં. અહીં તો જીવનું જીવન, જીવત્વશક્તિ(થી છે). (૪૭ શક્તિમાં) જે પહેલી કીધી. આહા...હા ! જીવત્વ નામનો આત્મામાં એક ગુણ છે, શક્તિ છે. જેને કારણે જ્ઞાન, દર્શન, આનંદ અને વીર્ય એવા જે મુખ્ય ચાર પ્રાણ એનાથી એ જીવ જીવે છે. અંદર અંતર્જ્ઞાનપ્રાણ, આનંદપ્રાણ, દર્શનપ્રાણ, વીર્યપ્રાણ ત્રિકાળ. એની પર્યાયમાં તે પ્રાણથી તે જીવે છે. જીવનું જીવતર ટકવું તે ભાવપ્રાણની પરિણતિથી તેનું ટકવું છે. એ આ પાંચ ઇન્દ્રિય અને મન, એ તો જડ છે માટી છે, એના પ્રાણથી જીવ જીવી નથી રહ્યો. આહા...હા ! જેને અમે આત્મા કહીએ, જ્ઞેય કહીએ એ દશ ભાવપ્રાણ જે અશુદ્ધ છે તેનાથી પણ તે જીવી રહ્યો છે તેવો આત્મા નહીં ! આહા..હા ! પ્રભુ ! તારો આત્મા કેવડો છે એ તને ખબર નથી.

આહા...હા ! અનંત અનંત આનંદ સત્ચિદાનંદ પ્રભુ, સત્ શાશ્વત (છે); તેના ગુણો–ધર્મો શાશ્વત (છે); તેવા એના જીવનને જીવવા (માટે જ્યારે તે પોતાની) પર્યાયમાં જ્ઞાન, દર્શન અને આનંદની પર્યાય(રૂપ) પ્રાણ (પ્રગટ કરે ત્યારે) તેનું જીવતર છે ! ભક્તિ (સ્તવન)માં આવે છે :

'જીવી જાણ્યું નેમનાથે જીવન...' એ કેવું જીવન ? – અંદર આત્મા આનંદ અને જ્ઞાનનો દરિયો – સમુદ્ર, એના પર્યાયમાં એ જીવ ટકી રહ્યો છે. એના જીવે (નેમિનાથ ભગવાને) જીવનું જીવન ગાળ્યું. 'જીવી જાણ્યું નેમનાથે જીવન' – એ પ્રાણ (– દશ પ્રાણ)થી જીવી જાણ્યું એમ કહે છે ? (નહીં) અહીં તો આત્મા, (દશ પ્રાણથી જીવે) તે આત્મા જ નહીં, એમ કહે છે. ભગવાન પવિત્ર–નિર્વિકારી ગુણોનો સાગર–દરિયો અંદર છે ! 'સહેજે સમુદ્ર ઉલ્લસિયો જેમાં રતન તણાણા જાય, ભાગ્યવાન કર વાવરે એની મોતીએ મૂઠીયું ભરાય...' એમ અનંત રતન ભગવાન (આત્મા)માં ભર્યાં છે ! આહા...હા...હા ! દિવ્ય શક્તિનો ધરનાર ભગવાન, એ દિવ્યશક્તિના પરિણમનથી જીવે તેને જીવનું જીવન કહેવામાં આવે છે ! સમજાણું કાંઈ ? ઝીણો તો છે, ભાઈ ! એ માર્ગ જ એવો છે, બાપા ! એ નિર્વિકલ્પ માર્ગ છે, પ્રભુ ! પર્યાયમાં નિર્વિકલ્પ દર્શન–જ્ઞાન–ચારિત્ર (પ્રગટે) એ એની પર્યાય છે એના જીવનથી જીવે તે જીવ જીવ્યો ગણાય. શરીરના પ્રાણથી.. આયુષ્ય ૬૦, ૭૦, ૮૦ રહ્યું, એ જીવ્યો... એ તો દેહની સ્થિતિની વાત થઈ. અને એમાં અંદર પાંચ ઇન્દ્રિય અને મન–વચન–કાયાની યોગ્યતા જે પર્યાયમાં છે તે પણ પર્યાયદૃષ્ટિના વિષયમાં આવે છે. પર્યાયદૃષ્ટિ એટલે મિથ્યાદૃષ્ટિ. સમ્યગ્દર્શનના વિષયમાં તો તે (યોગ્યતાનો વિષય) આવતો નથી.

ભગવાન ! એ તો 'જ્ઞેયતત્ત્વ–પ્રજ્ઞાપન' – સમકિત અધિકાર છે ને...! આચાર્યોએ તો ગજબ કામ કર્યાં છે ને ! હવે તો બે હજાર વર્ષ પહેલાં તો એ કુંદકુંદ આચાર્ય થઈ ગયા. પણ હજાર વર્ષ પહેલાં અમૃતચંદ્ર આચાર્ય આ એની ટીકા કરે છે, એનાં પેટ ખોલે છે. હજાર વર્ષને આંતરે થયેલા સંતો સંતોના કહેવાના આશયના પેટ ખોલે છે કે કહેવું તો છે આચાર્ય ભગવંત કુંદકુંદાચાર્યને : 'અલિંગગ્રાહ્ય'; છતાં 'અલિંગગ્રહણ' કેમ કહ્યું ? કે : એમાંથી અનેક અર્થો નીકળે છે માટે 'અલિંગગ્રહણ' કહ્યું. પેટમાંથી કાઢ્યું છે. (જેમ) દૂધ ગાયો અને ભેંસોના આંચળમાં હોય તે આમ.... બળુકી બાઈ ખેંચીને બહાર કાઢે. અંદર હોય તેને કાઢે ને...! તેમ પાઠના ભાવમાં ઊંડપ અને ગંભીરતા ભરી છે એ તર્ક વડે કરીને કાઢીને – ખોલીને વાત કરે છે.

આહા...હા ! એક બાજુ કહે કે સમ્યગ્દૃષ્ટિ જિનપ્રતિમાને જિન સરખી માને. આવે છે ? – બનારસીદાસજી કૃત 'સમયસારનાટક'માં 'જિન–પ્રતિમા જિન સારખી...' એ જિન–પ્રતિમા નિક્ષેપ વસ્તુ છે ને...! એને નિમિત્ત તરીકે છે, સામે એ વસ્તુ અનાદિની છે, એમ સિદ્ધ કર્યું. પણ તેના તરફના વલણનો જે રાગ છે એ એનામાં છે એનું પર્યાયમાં કર્તૃત્વ છે, ભોક્તાપણું છે, એ પણ સિદ્ધ કર્યું. અહીંયાં તો આત્માનું જ્ઞેયપણું છે એમાં એ નથી, એમ સિદ્ધ કર્યું. સમજાણું કાંઈ ?

આહા...હા ! આવો ઉપદેશ !! શું કરે ? આખો દી' પૈસા રળવામાં પડ્યો હોય એને આ વાત (કેમ બેસે ?) (**શ્રોતા** :) છોડીને આવ્યા છીએ. (**ઉત્તર** :) અંદર મમતા તો પડી છે ને...! છોકરાં સાથે હોય તો તે ધ્યાન રાખે. છોકરાં અહીં સાથે ન હોય પણ તેનું ધ્યાન હોય, પડાઈ હાથમાં હોય. પડાઈ ભલે ઓલા પાસે હોય તો પણ દોરો હાથમાં હોય. શેઠીઆઓ બધું હાથમાં રાખે... ત્યાંથી કાગળ આવે, શું કરો છો તમે ? બધું ધ્યાન હોય ને...! (ઉપયોગની નિવૃત્તિ વગર નિવૃત્તિ ક્યાં ?)

અહીં કહે છે : 'લિંગ દ્વારા એટલે કે મન અથવા ઇન્દ્રિય વગેરે લક્ષણ દ્વારા.' એટલે બધું આવી ગયું – મન, વચન અને કાયા, શ્વાસ, આયુષ્ય અને પાંચ ઇન્દ્રિય, એ (દશ) જડપ્રાણ, અને દશ ભાવપ્રાણ, દ્વારા 'ગ્રહણ એટલે જીવત્વને ધારણ કરી રાખવું' – આત્માનું આત્માપણું એ ઇન્દ્રિય અને મન દ્વારા ધારી રાખવું 'જેને નથી.' આહા...હા !

અરે ! એ વાત સાંભળવા મળે નહીં. એ ક્યારે અંદરમાં ઊતરે અને ક્યારે તે એની રુચિ કરીને પરિણમે ? આવી મોંઘી રુચિ થઈ ગઈ. પૈસા અને બાયડી–છોકરાં મળવાં તો સોંઘાં છે. એ આવ્યું હતું અંદર ભેગું કે – આત્મા પ્રાપ્ત કરતો દુર્લભ છે અને (અન્ય) વસ્તુ મળવી તે તો સુલભ છે. કારણ કે (તે તો) પુણ્યને લઈને મળે છે. અને એક બાજુ કહે કે – વસ્તુ પ્રાપ્ત કરવી દુર્લભ છે. પૈસા પ્રાપ્ત કરવા એ દુર્લભ છે કેમ ? એ પુણ્ય વિના મળે નહીં માટે દુર્લભ છે. અને આત્મા પ્રાપ્ત કરવો સુલભ છે. કેમ ? કે – એ પોતાના પુરુષાર્થથી (પ્રાપ્ત) થાય છે, માટે સુલભ છે. સમજાણું કાંઈ ? અરે ! આવી વાતો !!

(અહીંયાં કહે છે :) 'જેને નથી તે **અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા શુક્ર અને આર્તવને અનુવિધાયી**' એટલે સ્ત્રીની ઋતુનું લોહી (રજ) અને પુરુષનું વીર્ય, એનાથી ઉત્પન્ન થાય એવો આત્મા નથી. તે તો જડને ઉત્પન્ન (કરનારા) છે. આહા...હા ! આ રીતે આત્મા શુક્ર એટલે વીર્ય અને આર્તવ એટલે (રજસ્રાવ) લોહીનું બિંદુ એના અનુવિધાયી '(અનુસરીને થનારો) નથી.' એ તો આનંદ અને જ્ઞાનાનંદને અનુસરીને થનારો છે.

વિશેષ કહેશે.

❀ ❀ ❀

**શુદ્ધ ચૈતન્યધ્રુવના ધ્યાને જેને સમ્યક્‌જ્ઞાન પ્રગટ્યું છે તેવા જીવને આવી પર્યાયની યોગ્યતાઓ હોય છે. (અનેક પ્રકારની) તેવું જ્ઞાન થાય છે. પણ તે તે ધર્મોના જ્ઞાનથી કે તેના અવલંબનથી સમ્યગ્દર્શન થાય છે એમ નથી. આવા વિવિધ ધર્મોનું જ્ઞાન કરીને સાધક જીવને સદૈવ ત્રિકાળ ચૈતન્યમૂર્તિ ધ્રુવનું જ દ્રવ્યસ્વભાવનું જ અવલંબન હોય છે.**

**પ્રવચન : ૧૬-૧૨-૧૯૭૭**

('પ્રવચનસાર' ગાથા ૧૭૨.) તેરમો બોલ ચાલ્યો. તેરમામાં શું ચાલ્યું કે – 'મન અથવા ઇન્દ્રિય વગેરે લક્ષણ દ્વારા ગ્રહણ એટલે જીવત્વને ધારણ કરી રાખવું જેને નથી.' એટલે વીર્ય અને લોહી (રજ)થી અનુસરીને (એ) થનારો નથી. 'વીર્ય અને લોહીમાંથી આ પુત્ર પ્રસવે છે ને' કહે છે કે તેનાથી શરીર ઉત્પન્ન થાય... પણ તેનાથી આત્મા ઉત્પન્ન થતો નથી. એમ માણસ કહે છે ને... ! કે – 'આ જન્મ્યો'. (પરંતુ) કહે છે કે : શુક્ર–વીર્ય અને લોહી... તેને અનુસરીને થનારું શરીર, તે જન્મ્યું; આત્મા જન્મતો ય નથી ને આત્મા તેને અનુસરતો ય નથી. (**શ્રોતા** :) ભેગું આવે છે શું કરવા ? (**ઉત્તર** :) ભેગું પોતાના કારણે આવે છે ત્યાં. ઝીણી વાતો ! એ તો ચાલ્યું છે ઘણું. **૧૪મો જરી –**

'લિંગનું એટલે કે મેહનાકારનું (– પુરુષાદિની ઇન્દ્રિયના આકારનું) ગ્રહણ જેને નથી.' – પુરુષની ઇન્દ્રિય અને સ્ત્રીની ઇન્દ્રિયને આત્મા ગ્રહતો નથી; કેમકે તે તો જડની પર્યાયો છે. લિંગનું એટલે મેહનાકાર પુરુષ અને સ્ત્રી આદિ ઇન્દ્રિયના આકાર – જે ઇન્દ્રિયોના પરમાણુઓનો આકાર – તેને ગ્રહણ અર્થાત્ જેને નથી. એ પુરુષની ઇન્દ્રિય અને સ્ત્રીની ઇન્દ્રિયને આત્માએ પકડી નથી, તેમ તે (આત્મા) ઇન્દ્રિયથી કામ લેતોય નથી. આહા...હા ! એ ઇન્દ્રિય જે પુરુષની અને સ્ત્રીની... એમાં જે ગતિ થાય તે આત્માને કારણે નહીં. ઇન્દ્રિય એ પરમાણુનો પિંડ છે તેને આત્મા ગ્રહતો નથી. આચાર્યે આવી વાત નાખી છે ! આમ તો તેનો ત્યાગ કરતોય નથી. ગ્રહતો નથી તેથી ત્યાગેય કરતો નથી. તે ટાણે થતી ક્રિયાને આત્મા – આત્માના સ્વભાવને અવલંબતો (થકો) – જાણે છે... બસ ! આવી વાત છે ! ઝીણી વાત બહુ, બાપુ !

આ તો એવો એક પ્રશ્ન સવારમાં આવ્યો હતો : પરદ્રવ્યને આપતો નથી ને ? દશ પ્રકારના ધર્મમાં ત્યાગ ધર્મ આવે છે ને...! આ કઈ અપેક્ષા છે (સમજવી જોઈએ, બાપા !) જ્યાં પોતાની ઇન્દ્રિય છે તેને પણ પકડતો નથી, ગ્રહતો નથી, તેને કઠણ કરતો નથી, પોચી કરતો નથી, તેને હલાવતો નથી, (ત્યાં પછી પુસ્તકાદિના ગ્રહણ–ત્યાગની વાત ક્યાં રહી ?). શાસ્ત્રમાં એવો લેખ આવે છે : ત્યાગ ધર્મ આવે છે ને... દશ પ્રકારના ધર્મમાં કે – સંતો પાસે કોઈ પુસ્તક આદિ હોય... તે બીજાને દે તો તે ત્યાગ છે. એનો અર્થ કે, તે દઈ શકે છે કે નહીં – એ પ્રશ્ન ત્યાં નથી. ફક્ત એની પાસે હતું, તેના ઉપર જરી વિકલ્પ હતો, તે વિકલ્પને ઘટાડે છે. 'ઘટાડે છે' એય તે આત્મા ઘટાડી શકતો નથી. તે વિકલ્પનો ત્યાગ કરે છે તે પણ (ઉપચાર માત્ર છે). 'પુસ્તકનો ત્યાગ કરે છે' એ તો નિમિત્તનું કથન છે. સમજાણું કાંઈ ? 'પદ્મનંદિપંચવિંશતિ'માં ત્યાગ ધર્મનો એવો અર્થ આવ્યો છે. એ સવારમાં યાદ આવ્યું હતું. પરદ્રવ્યનું કાંઈ કરી શકાતું નથી (તો) આ પુસ્તકને દઈ શકે કે નહીં ? પણ તે વખતે તો લાંબું ન કર્યું ટૂંકમાં (પૂરું કર્યું).

જરી વિચાર તો સવારમાં લાંબો આવ્યો હતો પણ ત્યારે નો મૂક્યો (કહ્યું નહિ). આમ પરદ્રવ્યને દઈ શકતો નથી તો મુનિને વાંચવા–સગવડતા માટે પુસ્તક પણ દઈ શકતો નથી. તે તો એના પુણ્યનો યોગ હોય તો ત્યાં આવે. પણ શાસ્ત્રમાં પાઠ એવો આવે.

અહીંયાં તો આજે શરીરની ઇન્દ્રિય જડ માટી... એનું જે કઠણપણું થવું તે આત્મા કરતો નથી. તેમ ઢીલું પડી જવું તેને (પણ) આત્મા કરતો નથી. આહા...હા ! શું કહે છે આ ?

જેમ પુરુષ પુસ્તકને આપે... તેને ત્યાગધર્મ કહ્યો; તે તો અપેક્ષિત વાત કરી. તેમાંથી કંઈક રાગ ઘટાડે છે; એ અપેક્ષાએ કહ્યું. પણ રાગ ઘટાડે અને રાગનો ત્યાગ... તેનો કર્તા પણ આત્મા નથી. – શું કહ્યું ? પરના ત્યાગ–ગ્રહણ તો આત્મામાં છે જ નહીં. તે તો ત્યાગ ઉપાદાનશૂન્યત્વ શક્તિ(વંત) છે. ઝીણી વાતો બહુ, ભાઈ ! વીતરાગમાર્ગ બહુ અલૌકિક છે ! કહે છે કે : પર વસ્તુનો ત્યાગ અને ગ્રહવું તો (આત્મામાં) છે જ નહીં. અહીંયાં આવ્યું ને ! શું આવ્યું ? 'ગ્રહણ જેને નથી.' ઇન્દ્રિયને જેણે પકડી જ નથી. તો ઇન્દ્રિયથી કામ લે, એ બને જ નહીં.

આહા...હા ! ભગવાન ! વીતરાગસ્વરૂપ તો જો, ભાઈ ! અને તું કોણ છો, પ્રભુ ? તું તો જ્ઞાનસ્વરૂપી આત્મા (છો) ! એ આત્મા પરમાણુને ગ્રહે કેવી રીતે ? તેને ખેંચે કેવી રીતે ? તેને હલાવે કઈ રીતે ? આહા...હા ! પ્રભુ ! તું તારી સ્થિતિ તો જો ! એમ જ્યારે નજીકની ઇન્દ્રિયોને પણ (આત્મા) પકડતો નથી, ગ્રહતો નથી. તેને કારણે તે ઇન્દ્રિય કામ કરે (છે. છતાં) તેમાં માને કે 'મારે કારણે આ થાય છે' (તો) તે મિથ્યાભાવ છે.

એમ અહીં તો મગજમાં ત્યાગધર્મનો વિચાર આવ્યો હતો કે ભાઈ ! ત્યાગધર્મમાં આમ આવ્યું છે ને ! એક મુનિ બીજાને પુસ્તક આપે તો તે ત્યાગ ધર્મ. તેમાંય બે પ્રકાર છે. 'સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા'માં દશ પ્રકારના ધર્મોને શુભભાવમાં લીધા છે. આ લ્યો, (પુસ્તક આપવાનો) વિકલ્પ ઊઠે છે ને...! તે અપેક્ષાએ (શુભભાવ) લીધો છે. બાકી છે તો ધર્મ. 'સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા'માં દશ પ્રકારના ધર્મને – આમ દઉં, એવો વિકલ્પ ઊઠે છે ને તેથી તેને – શુભભાવમાં ગણ્યો છે. પણ અહીં તો કહે છે કે, પરને–પુસ્તકને (આત્મા) ગ્રહતોય નથી, ઉપાડી શકતો નથી, તેમ કોઈને દઈ શકતો (પણ) નથી. આહા...હા ! આવી વાતો છે ! તો કહે છે કે, ત્યારે શાસ્ત્રમાં એમ કેમ આવ્યું ? કે – ભાઈ ! એને એક અપેક્ષાએ શુભભાવ છે, તેથી તેને વ્યવહારે ત્યાગ કહ્યો. અને બીજી અપેક્ષાએ જ્યાં સ્વભાવના આશ્રયે રાગની ઉત્પત્તિ ન થઈ તો એણે ત્યાગ કર્યો, એમ વ્યવહારથી કહેવામાં આવે છે. ખરેખર તો રાગના ત્યાગનું કર્તાપણું પણ આત્મામાં નથી. એ ૩૪મી ગાથા 'સમયસાર'માં (આવે છે). આહા...હા ! ગજબ જ કામ છે !! ભાઈ ! ક્યાં તું ને...? તારા નજીકમાં રહેલાં પરમાણુઓ ? તેને પણ તું કામમાં લઈ ન શકે. તેને ગ્રહતો નથી ને ! (આત્માએ) પરમાણુને પકડ્યા નથી ને...! આત્મા તો અરૂપી–ભિન્ન ચીજ છે. એટલે અહીંયાં કહે છે ('ગ્રહણ જેને નથી'.) ભેગા બધા વિચાર મગજમાં ચાલતા હતા. આ વિચાર મગજમાં વધારે આવ્યા હતા કે –

૪૭ શક્તિઓ વર્ણવી છે ને... ભાઈ ! જીવતરશક્તિ વર્ણવી છે. એમાં બધાય છયે બોલો આવી જાય છે. પહેલી છ શક્તિઓ એમાં આવી જાય છે. પછી તો વિસ્તાર કર્યો છે. જીવતરશક્તિમાં

જ્ઞાન, દર્શન, આનંદ અને વીર્ય, એનાથી તે જીવે છે. છતાં એનો બીજો વિસ્તાર કરતાં એમ કહે કે 'ચિતિશક્તિ' ...તો એ તો આમાં આવી ગઈ. પણ એને ભિન્ન પાડીને અસ્તિત્વ બતાવ્યું. 'ચિતિ(શક્તિ)' આવી છે ને... બીજી એ કીધું ને...! અને એમાંથી પાછો ભેદ પાડ્યો કે – દૃશિ(શક્તિ) અને જ્ઞાનશક્તિ. એ ઓલામાં (ચિતિશક્તિમાં) આવી હતી પણ જુદી પાડીને (દૃશિ અને જ્ઞાનશક્તિ) કહી (પહેલાં) એને જીવતરશક્તિ કીધી, પછી ચિતિશક્તિ કીધી. એમાં તો આવી ગઈ હતી. પણ એ જુદું પાડવા વળી એના બે ભેદ પાડ્યા : દૃશિ અને જ્ઞાન. એમાં જ્ઞાન, દર્શન આવ્યા. સુખ અને વીર્ય એ બે રહ્યા. જીવતરશક્તિ. એને અહીં નાખ્યું : સુખ અને વીર્ય. એની તાકાત તો જુઓ ! કે, રાગને ગ્રહવું કે રાગને મૂકવું. એ એની શક્તિમાં છે જ નહીં. એની શક્તિમાં તો (એ નથી). આહા...હા ! આ તો અંદર વિચાર ચાલતાં ચાલતાં કંઈક અંદર આવું કામ કરે ! આ (અમે) તો (જગતથી) નવરા. કાંઈ બીજું કાણ તો છે નહીં. ઊંડે ઊંડે જતાં અંદર એટલી ગંભીરતા લાગે કે આહા...હા ! કે આ તે શું કહે છે !!! વિચાર તો એમ આવ્યો હતો કે : એ આત્મા પિતા છે. એની પ્રજાનો એ ઉત્પાદક છે. પર્યાય પ્રજા છે અને એ પિતા છે. કઈ પ્રજા ? (નિર્મળ (પર્યાય). અહીં વિકારની વાત નથી, સમજાણું કાંઈ ? એ શક્તિઓ છે... એમાં ને એમાં પાછી એક સર્વદર્શિત્વશક્તિ અને બીજી સર્વજ્ઞત્વશક્તિ કાઢી. એ (દૃશિ અને જ્ઞાનમાં) આવી તો ગયું છે પણ પૂર્ણ સામર્થ્ય છે એ એવું ભિન્ન બતાવવા આ બે (શક્તિ) કાઢી. હવે એમાંથી પાછી એક સ્વચ્છત્વ અને પ્રકાશત્વ કાઢી. હવે સ્વચ્છત્વ આવી ગયું. નિર્મળ(ત્વ), પણ વિશેષ સ્પષ્ટ કરવા સ્વચ્છત્વ અને પ્રકાશત્વ કીધી, એને જ પાછો અસંકુચિતવિકાસત્વ કીધી. એ તો જ્ઞાન સંકુચિત ક્ષેત્ર–કાળને જાણે, એટલું જ (મર્યાદિત) જાણે, એમ એમાં છે જ નહીં. એને બીજી રીતે કહીને પણ કાઢ્યું તો જ્ઞાન–દર્શન, સાધારણ–અસાધારણ (ધર્મત્વશક્તિ) આવે છે ને...! એ અસંકુચિતવિકાસત્વમાં આવી ગયું. આહા...હા ! શું એનો વિસ્તાર ! શું એની – ભગવાન આત્માની ગંભીરતા ! એની પ્રજાને એના તરફ વાળને...! પિતા છે દ્રવ્ય; એમાં આવી શક્તિઓનો ભંડાર છે ભગવાન ! એમાં – સાધારણ–અસાધારણમાં અનંત ધર્મો આવી ગયા. જ્ઞાન–દર્શન બધા ધર્મો ભેગા એમાં આવી ગયા. ઘણી જાતની (શૈલીઓ) આખી (આવી જાય) એવી બધી ૪૭ શક્તિની શૈલી છે ! આહા...હા ! આ તો વિચાર આવ્યો જરી.

આજ ટેપરેકોર્ડર લઈને આવ્યા હતા. એમાં છ ગાથાઓ તો લખાવી. શક્તિ માટે કીધું તો પછી મેં કીધું અત્યારે વખત નથી. હું તો મારા વિચારમાં હોઉં ત્યાં આવો (બીજો) વિચાર ક્યાં લાવવો. ૪૭ શક્તિ તો મોઢે છે, કંઠસ્થ છે; વાંચીને લખાય એવું કાંઈ નથી.

અહીં કહે છે કે જ્યારે નજીકના પરમાણુઓ જે આ ઇન્દ્રિયોના છે તેને પણ આત્માએ પકડ્યા નથી, જેથી તેનું ગ્રહણ કર્યું નથી. તો ગ્રહણ (જ) કર્યું નથી તો, તેને હલાવવાની અને ચલાવવાની ક્રિયા આત્માની નથી. આહા...હા ! આવી સંતોની વાણી છે !

ભાઈ ! તેં એમ માન્યું છે કે 'મેં આ પુત્રને જન્મ આપ્યો, આ મારું વીર્ય પડ્યું એટલે પુત્ર થયો.' (પણ) બાપુ ! વીર્ય જ તારું નથી. તે તો જડ–પરમાણુ છે. સમજાણું કાંઈ ? અને જ્યારે જન્મે ત્યારે તરત તેને જોવે પહેલાં કે દીકરી છે કે દીકરો છે ? આહા...હા ! શું માણસને...?

અને જો દીકરો આવે તો એમ કહે કે પતિ ફાવ્યો. અને દીકરી આવી તો કહે કે તું ફાવી. આવા ને આવા ગપ્પા છે બધા. કોને દીકરા–દીકરી, બાપા ! ક્યાં હતા ત્યાં ? એ ઇન્દ્રિય જ તારી નથી. અને એ ઇન્દ્રિયથી તેં કામ લીધું જ નથી. એ વીર્ય જ તારે લઈને અંદરમાં પડ્યું નથી. એ વીર્યની–પરમાણુની પર્યાય સ્વતંત્ર છે. તો એને લઈને મેં દીકરો ઉત્પન્ન કર્યો અને દીકરી ઉત્પન્ન કરી... આમ કર્યું. આહા...હા ! આવી વાતું છે !

અહીં એક બાજુ એમ કહે કે : રાગના ત્યાગનું કર્તાપણું નામમાત્ર છે. એક બાજુ કહે કે : મુનિ પુસ્તક આપે તો તે ત્યાગધર્મમાં ગણાય. (બંને વાત) કઈ અપેક્ષાએ છે ? (ભાઈ ! સમજવી જોઈએ). અહીં તો કહે છે કે – ઇન્દ્રિય જ જ્યાં ગ્રહી નથી તો પુસ્તક ગ્રહ્યું જ નથી તો આપે ક્યાં ? કોને આપે ? સમજાણું કાંઈ ? આવી વાતો છે, બાપુ ! ભગવાન(આત્મા) તો જ્ઞાનસ્વરૂપી પ્રભુ છે; એ પરમાણુની ક્રિયાને શું કરે ?

અહીંયાં કહે છે : 'લિંગનું એટલે કે મેહનાકારનું (એટલે પુરુષાદિની ઇન્દ્રિયના આકારનું) ગ્રહણ જેને નથી.' જેને એટલે આત્માને. '**તે અલિંગગ્રહણ છે.**' દેહના ઇન્દ્રિયોના ચિહ્નોને જેણે ગ્રહ્યું નથી તેથી તે લિંગરહિત છે. તેથી તે લિંગને ગ્રહ્યું નથી.

આહા...હા ! ભાઈ ! મારગડા એવા ઝીણા છે, પ્રભુ ! અત્યારે જગતને બેસવું કઠણ પડે. સવારમાં આવ્યું હતું ને...! પરને જીવાડી શકતો નથી. અહીંયાં તો કહે છે કે : પરને – દીકરાને ઊપજાવી શકતો નથી. એ ઉપરાંત ઇન્દ્રિય જે કામ કરે છે તેને એ આત્મા કરી શકતો નથી.

અહીં કહે છે, પ્રભુ ! એક વાર સાંભળ... આવો મનુષ્યભવ મળ્યો. '**ज्ञायते इति मनुष्यः**' મનુષ્ય તેને કહીએ કે (જે) જ્ઞાયકને જાણવાનું કામ કરે. તેને મનુષ્ય કહીએ. એ 'ગોમ્મટસાર'માં આવે છે. '**ज्ञायते इति मनुष्यः**' એ વસ્તુ–આત્મા જ પોતે જ્ઞાયકસ્વરૂપ ભગવાન છે. તો એ જ્ઞાયક છે તે જાણવાનું કામ કરે. એ સિવાય કોઈ કામ એના હાથમાં છે જ નહીં. અહીં તો (લોકો) આખો દી' વેપાર ને ધંધામાં મશગૂલ... જાણે આખો દી' આ કરીએ ને આ કરીએ, અમે આ કર્યું ને આ દીધું અને આ લીધું...! તો કહે છે કે – એ પદાર્થની સત્ વ્યવસ્થાથી એની માન્યતા વિપરીત છે, પાંખડી માન્યતા છે. અરે ! એ વાત સાંભળવા મળે નહીં ! એને આ મનુષ્યપણું આવ્યું ન આવ્યું (થયું) ઢોર જેવો થાય છે.

('સમયસાર'માં) ૧૪ કાવ્યોમાં 'તિર્યંચ જેવા એકાંતવાદી' એમ આવે છે ને...! આહા...હા ! એ શરીરની ઇન્દ્રિયને હું હલાવી શકું છું (એમ માનનાર) પશુ જેવો મિથ્યાદૃષ્ટિ છે. કેમકે પશુ એટલે '**पश्यति इति बद्धति इति पशुः**' એને પશુ કેમ કહેવાય છે કે એ પોતે મિથ્યાત્વથી બંધાય છે. અને અભિપ્રાયમાં 'આ કરું છું' એમ બંધાય છે. અને એ નવા દર્શનમોહનીયકર્મને પણ બાંધે છે. આહા...હા ! કહો હવે, મોટો અબજોપતિ રાજા હોય (એ જો એમ માને કે) જે આ ઇન્દ્રિયથી કામ થાય છે તે મારાથી થાય છે અને હું ઇન્દ્રિયને જેમ હલાવું તેમ હલે, રોકું તો રોકાય. (તો) કહે છે કે : પ્રભુ ! તું તો પશુ છો, ભાઈ ! 'પશ્યતિ' તને મિથ્યાત્વના બંધન પડે છે, ભાઈ ! તને ખબર નથી.

આહા...હા ! આવી વાતો છે ! દુનિયામાં મળવી મુશ્કેલ પડે એવી છે. તેથી લોકો કહે

છે ને... જુઓ ! (આત્મા) પરદ્રવ્યનું કંઈ કરે નહીં – સોનગઢવાળા એકાંત કહે છે. હમણાં જ એક આર્યિકાનો લેખ આવ્યો છે : એકાંત છે ! નામ ભલે અહીં (સોનગઢ)નું આપતા નથી પણ 'એકાંત છે' એનો અર્થ જ સોનગઢના નામે છે બધું. કાંઈ વાંધો નહીં હોં બા ! તારી ચીજને તને બેઠું હોય તેમ તું કહે. એમકે 'પરદ્રવ્યનું રંચમાત્ર કરી શકે નહીં' એવો એક શબ્દ છે અંદર (પણ) એમ કહે છે કે – નહીં. અમારા સમકિત અને સુખ ઉપર કર્મનું આવરણછે. કર્મે એને ન કર્યું એને ન કર્યું ? અરે ભગવાન ! પરમેશ્વર ! તારું સ્વરૂપ ભગવત્સ્વરૂપ છે, પ્રભુ ! તું ક્યાં ગયો... આ ભ્રમણામાં તું ક્યાં ગયો ?! ભગવાન ! ભ્રમણામાં ભૂલી ગયો.

અહોહો ! અમૃતચંદ્ર આચાર્ય એક 'અલિંગગ્રહણ'માંથી આવા અર્થ કાઢ્યા ! એનો ક્ષયોપશમ કેટલો અને એની વીતરાગતા કેટલી !!

પુરુષાદિ નપુંસકેય હોય છે ને...! તેની ઇન્દ્રિય જાગ્રત ન થાય. પણ તે જાગ્રત ન થઈ, એ મેં કરી નથી; મારી તાકાત છે માટે કરતો નથી; બાકી જાગૃત કરવું એ પણ મારી તાકાત છે, માટે થાય છે. હીજડા–પાવૈયા હોય છે ને... તેને એ નપુંસકપણાની ઇન્દ્રિય તો હોય છે પણ તે પૂણી જેવી શિથિલ હોય છે. પણ તે શિથિલ જડને કારણે છે. આત્મા તેને શિથિલ કરે છે એમ નથી.

આ તે શું વાત હશે ? ક્યાંય મળે એવું નથી. આ છોકરો ભણવા જાય છે ત્યાં હશે આવું ? ધૂળ છે ત્યાં. પાપનાં પોટલાં છે ત્યાં તો.

(અહીંયાં કહે છે :) લિંગ એટલે મેહનાકાર–શરીરની ઇન્દ્રિયનો આકાર. લિંગ એટલે શરીરની આકૃતિ જે ઇન્દ્રિયાદિનો આકાર. તેને જેણે ગ્રહ્યો નથી. એ ઇન્દ્રિયના આકાર જેણે કર્યો નથી. ગ્રહ્યો નથી એટલે કે જેણે ઇન્દ્રિયનો આકાર કર્યો નથી. છે...! 'ગ્રહણ જેને નથી તે અલિંગગ્રહણ છે.' જેને નથી એટલે આત્માને નથી. તે અલિંગગ્રહણ છે.

'**આ રીતે આત્મા લૌકિકસાધનમાત્ર નથી.**' આહા...હા ! તે લૌકિક સાધન થયું. એ (આત્મા) લૌકિક સાધન નથી. તે તો લોકોત્તર સાધનવાળો છે. 'લૌકિક સાધનમાત્ર નથી' એટલું બીજું સાધન છે ! આત્માના આનંદને રાગથી ભિન્ન પાડીને, આત્માને કલ્યાણ કરે એવું સાધન એનામાં (આત્મામાં) છે ! આ જરીયે નથી, લૌકિક સાધનમાત્ર જરીયે નથી, એમ કહેવું છે. 'માત્ર'નો અર્થ બીજું સાધન આ જાતનું છે એમ નહીં. સમજાણું કાંઈ ?

આહા...હા ! આ પ્રવચનસાર... દિવ્યધ્વનિ. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ તીર્થંકર, જેની ૐધ્વનિ છૂટે છે; એ દિવ્યધ્વનિ કહો કે પ્રવચનસાર કહો. પ્ર + વચન = ઉગ્ર વચન, એનો = દિવ્યધ્વનિનો અંદરનો સાર.

એક પણ સત્ય છે તેને સત્ય રીતે સમજે, તો એક સત્યને સમજવામાં બધા ભાવો આવી જાય છે. એક ભાવ સમજે તો બધા ભાવો સમજાઈ જાય – એવું એમાં જયેસાનાચાર્યની ટીકામાં આવે છે.

અહીંયાં કહે છે : એ (આત્મા) લૌકિકસાધનમાત્ર નથી. ઇન્દ્રિય વડે ભોગ લેવો ને... ઇન્દ્રિય વડે પુત્રનો પ્રસવ કરવો ને... (એ આત્મામાં નથી). (**શ્રોતા** :) બેય ? (**ઉત્તર** :) બેય. પુરુષ અને

સ્ત્રી બેય. આમાં 'આદિ' ('પુરુષાદિ' શબ્દ છે ને...!) તો આવી ગયું ને કે – બેયને સાધન નથી. 'આદિ'માં સ્ત્રી, પુરુષ, નપુંસક ત્રણેય આવી ગયાં. તેનો આ આત્મા લૌકિક સાધન માત્ર નથી. તે તો જડના સાધન છે, ભગવાન ! તને ખબર નથી, ભાઈ !

અહોહો ! નજીકમાં એક ક્ષેત્રે રહેલાં શરીર અને એનાથી – પરમાણુથી બનેલી ઇન્દ્રિય, એના કામ પણ આત્મા કરી શકે નહીં કેમકે તે તો જડ છે. (છતાં) આ બધા બીજાનાં કામ કરી દઈએ ને, આ કરીએ ને આ કરીએ ને આ કરીએ – ભ્રમણામાં ભગવાન ભૂલી ગયો !

(આત્મા), લૌકિકસાધનમાત્ર નથી '**એવા અર્થની પ્રાપ્તિ થાય છે.**' અલિંગગ્રહણમાંથી આવો અર્થ પ્રાપ્ત થાય છે. એમ આચાર્ય કહે છે. અલિંગગ્રહણ છ અક્ષરમાંથી (એવો પણ એક અર્થ નીકળે છે).

સામાન્ય ગુણોમાં છનું વર્ણન કર્યું છે. પણ છે અનંત, શક્તિમાં ૪૭નું વર્ણન કર્યું છે, પણ છે અનંત, તેમ નય ૪૭નું વર્ણન કર્યું પણ છે નય અનંત. સમજાણું કાંઈ ?

(અહીંયાં કહે છે : એ લૌકિકસાધન–ઇન્દ્રિયનું સાધન એને (આત્માને) નથી કે જે સાધન વડે કરીને વિષય લે અને પુત્ર–પુત્રી જન્મે. એ નથી. એવા અર્થની પ્રાપ્તિ થાય છે.**એ ચૌદમો બોલ થયો. (પંદરમો –)**

'**લિંગ વડે એટલે કે અમેહનાકાર વડે**' એટલે ઇન્દ્રિયનો આકાર નહીં પણ લોકવ્યાપક થઈ શકે કે નહીં (એ વડે) '**જેનું ગ્રહણ એટલે કે લોકમાં વ્યાપવાપણું નથી.**' એ લોકમાં વ્યાપક થઈ જાય તો તે આત્મા એવો નથી. હા, એનામાં એક વિભુ નામનો ગુણ છે તેથી પોતે પોતાના અનંત ગુણમાં વ્યાપે છે. પણ લોકવ્યાપક થાય તો તે આત્મા, એમ નથી, એમ કહે છે. તેને લોકવ્યાપક કહ્યો છે ત્યાં સર્વગત કીધો છે ને...! વાહ રે ! કેટલી વાતો !

ત્યાં 'પંચાધ્યાયી'માં તો એકકોર એમ કહે કે, સર્વગત માને તે નયાભાસ છે. અને 'પ્રવચનસાર'માં કહ્યું કે સર્વગત છે – કંઈ અપેક્ષાએ કે, બધાને જાણવાનું કામ પોતાના ક્ષેત્રમાં રહીને કરે છે. એ અપેક્ષાએ તેને સર્વવ્યાપક કહેવામાં આવે. પણ આત્મા પવિત્ર થઈ ગયો એટલે આમ લોકમાં વ્યાપી ગયો એમ નથી. આ વેદાંતની સામે દલીલ છે. વેદાંત એમ કહે છે ને કે આત્મા સર્વવ્યાપક છે. તદ્દન પાખંડ છે, એમ કહે છે. આહા...હા ! અનંત આત્માઓ અનંત શક્તિ સંપન્ન ભિન્ન ભિન્ન છે. એમાં એક જ આત્મા વ્યાપક છે એમ માનનારાને અહીં પાખંડી–અજ્ઞાની કહે છે. એ દ્વેષ નથી. વસ્તુસ્થિતિનું વર્ણન છે. સમજાણું કાંઈ ?

'અમેહનાકાર – ઇન્દ્રિયનો આકાર નથી તો અમેહનાકાર છે. તો અમેહનાકાર વડે જેનું ગ્રહણ એટલે કે લોકમાં વ્યાપવાપણું (નથી).' – સર્વગત; સર્વગતશક્તિની અપેક્ષાએ બધાને જાણે; લોકમાં વ્યાપક થઈ જાય; એક અપેક્ષાએ પોતામાં સર્વવ્યાપક છે, એમ કહેવાય. કારણકે એનો વિભુ નામનો ગુણ છે તો જ્ઞાનાદિ અનંતગુણમાં એ જ્ઞાન સર્વમાં વ્યાપ્યું છે. વિભુ(ત્વ) શક્તિને લઈને જ્ઞાન પોતાના અનંતગુણમાં વ્યાપ્યું છે. કારણ કે જ્ઞાનગુણમાં પણ વિભુત્વનું રૂપ છે. તેથી જ્ઞાન અનંતગુણમાં, પોતાના અસંખ્યપ્રદેશમાં–ક્ષેત્રમાં વ્યાપ્યું છે. એ તો એનું વાસ્તવિક સ્વરૂપ છે. પણ એના સ્વરૂપને કોઈ એમ કહે (કે વેદાંતની જેમ તે સર્વવ્યાપક છે, તો તે પાખંડ છે,

અજ્ઞાન છે).

(તો કહે છે :) 'અમેહનાકાર વડે જેનું ગ્રહણ એટલે કે લોકમાં વ્યાપવાપણું નથી.' લોકપ્રમાણ એના પ્રદેશ અસંખ્ય છે. અને કેવળજ્ઞાન થતાં લોકાલોકને જાણવાનું જ્ઞાન પોતામાં વ્યાપે છે. પણ લોકમાં વ્યાપક થઈને આમ પ્રસરી જાય છે, એવું એનું સ્વરૂપ જ નથી. સમજાણું કાંઈ ?

આકરી વાત છે. વેદાંતવાળા એમ કહે છે ને કે : એક જ આત્મા સર્વવ્યાપક (છે). ૯૯ની સાલમાં કાંપમાં એક ધ્રાંગધ્રાનો ભાઈ વ્યાખ્યાનમાં આવે, સાંભળે ખરો, પણ એક... એક ! એમ કરે. શું કરે ? એણે બિચારાએ પકડ્યું છે ને...! કાંઈ વસ્તુની સ્થિતિની ખબર ન મળે. એક આત્મા છે, બસ ! એક આત્મા છે. પણ આ એકનો નિર્ણય કરનાર એ પર્યાય (છે), તો દ્રવ્ય અને પર્યાય – બે થઈ ગયા. સમજાણું કાંઈ ? અનેક છે એમ જે માન્યું હતું. એને એક સ્વરૂપે છે એમ માન્યું તો એ તો પર્યાય થઈ ગઈ, બીજી ચીજ થઈ ગઈ, ધ્રુવ અને પર્યાય બે ચીજ થઈ ગઈ, સમજાણું કાંઈ ? ઝીણી વાતો બહુ, બાપા !

અહીંયાં તો પહેલા (બોલ)માં ત્યાં સુધી કહ્યું કે જડ ઇન્દ્રિયને પકડી શકતો નથી, તો પછી આ ભગવાનની પૂજામાં 'સ્વાહા'... આ ચોખા વગેરે મૂકે. કહે છે કે એ આત્મા ગ્રહતો ય નથી. (પણ) આ તો અંદર રાજી રાજી થઈ જાય. આ મેં ભગવાનને અર્ઘ ચઢાવ્યો... ફલાણું કર્યું... આ માળા પહેરાવીને આ કર્યું ને... ભગવાન ઉપર પાણીની ધારા વહાવી ને...! સવારમાં ૧૦૮ ચાંદીની નાની લોટી કે ઘડાથી પાણીના સ્નાન કરાવ્યા, ભગવાનના અભિષેક મેં કર્યા, એ કામ મેં કર્યા...! (પણ) તું સાંભળને હવે, એ (કંઈ) તારા આત્માથી થાય જ નહીં, એ કાર્ય આત્માનું નહીં. કેમકે એ પરપદાર્થને પકડ્યો – ગ્રહ્યો નથી. તો પછી છોડે ને ગ્રહે ને આમ કરે... એ ક્યાંથી લાવે ? આહા...હા ! ભારે કામ, ભાઈ ! આ વાત આકરી લાગે. આ મકાન ફલાણાએ બનાવ્યું... એ વાતેય ખોટી છે. કહે છે કે આત્માએ ભગવાનને પધરાવ્યા... એ વાત ખોટી છે. કહે છે કે એ તો એના (પોતાના) કારણે ત્યાં આવવું થયું છે અને એને (પોતાને) કારણે ત્યાં રહેવું (થાય છે). એ વાતો છે બધી – અમે આમ કરાવ્યાં... અક્ષરો લખાવ્યા... અમે આ ફલાણું કર્યું... અમે આ કર્યું ! બાપુ ! તે પરવસ્તુમાં તું પેઠો છો ? શું થાય ? મારગ એવો છે ! કહો પંડિતજી આ તો પ્રોફેસર સંસ્કૃતના તમે બધા ભણ્યા હતાને...? (**શ્રોતા** :) આ નહોતું. (**ઉત્તર** :) આ નહોતું... વાત સાચી.

આહા...હા ! 'એટલે કે લોકમાં વ્યાપવાપણું નથી તે અલિંગગ્રહણ છે.' જુઓ હવે ! '**આ રીતે આત્મા પાખંડીઓને પ્રસિદ્ધ**' આહા...હા ! મુનિરાજ વીતરાગપણે બિરાજે છે. સંત છે. દિગંબર મુનિ. તે તો વીતરાગભાવે બિરાજે છે. એ સત્યને બહાર મૂકવા આ વાત કરે છે. એ કહેવાની વાણી પણ મારી નથી અને હું કાંઈ કહેતો નથી.

આહા...હા ! આ ટીકા મેં કરી નથી. મેં આ ટીકા બનાવી નથી. એ છેલ્લા શ્લોકમાં લખ્યું છે. મોટા પુરુષો એમ કહે. પણ કરી શકતો નથી. કરી શકાયું નથી, એમ કહ્યું છે – કરી શકતો નથી. ટીકાના અક્ષરોને લખવા... એ આત્મા કરી શકતો નથી. ટીકા તો પરમાણુના અક્ષરની ભાષા છે. પરમાણુને આત્મા કરે ? લખે ? અક્ષર બનાવે ? મોતી જેવા અક્ષર... એ જડને લઈને

થાય. અક્ષર અક્ષરને કારણે થયા. આત્મા અક્ષર લખી શકે છે ? ત્રણકાળમાં ત્રણલોકમાં એ વસ્તુ છે જ નહીં.

આવ્યું હતું ને...! સર્વને સદા. સર્વ જીવોની રાશિ તેને સદાય; પરજીવને જીવાડી શકે કે મારી શકે એવું ત્રણ કાળમાં છે નહીં. અરે ! આવી વાતું !! (કોઈ) કહે કે બાવો થઈ જાય તો એવું બેસે. પણ બાવો જ છે. પરચીજ કે દી' તારામાં છે ? બાવો જ છો. રજકણ કે દી' તારા છે. રજકણ અને કર્મ તારામાં નથી, તારા નથી, તારે લઈને નથી. પછી શું કહેવું છે તારે ? એ બાયડી–છોકરાં રહિત તારો આત્મા છે. એ બાયડી–છોકરાં રહિત તું છો. આહા...હા ! શરીરના રજકણોની–ઇન્દ્રિયની જાગૃતિ પણ જડને લઈને થાય. અરરર...! હું રાગ કરું તો થાય ને ? ના, રાગ ઇન્દ્રિયને અડતોય નથી. અને ઇન્દ્રિયની દશા, આત્માને અને રાગને અડતી નથી. આવી વાત, બાપુ ! જુદી વાત છે, ભાઈ ! શું થાય ? સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરને ઘરે આ વાત છે. બીજે ક્યાંય છે નહીં. આમ કહે કે 'અમે ભગવાનને માનનારા છીએ,' ને હવે જે કહે છે તે માનતો નથી તો એ ભગવાનને માનનારો ક્યાંથી રહ્યો ? સમજાણું કાંઈ ?

(અહીંયાં કહે છે :) 'આ રીતે આત્મા પાખંડીઓને પ્રસિદ્ધ' ...ભાષા જુઓ ! એક જ આત્મા (સર્વ) વ્યાપક છે, એમ માનનારાઓને (પાખંડી કહે છે).

મુનિરાજ વીતરાગી સંત, આનંદ અને વીતરાગપર્યાયમાં બિરાજેલા છે. વિકલ્પ ઊઠ્યો છે, તેના એ જાણનારા છે. અને ટીકા થાય છે... તેને તે સમયે તે જ જાણવાની પર્યાયનું તેવું જ કાર્ય હતું. તેને જાણવું, એવો પોતાની પર્યાયનો કાળ હતો. જે ટીકા રચાય છે, તેને જાણે, એ પણ પોતાની પર્યાયનો કાળ જ એવો હતો કે તે સ્વ અને પરને જાણવાની પર્યાય એવડી જ હતી. એ કહે છે કે જે કોઈ આત્માને સર્વવ્યાપક, લોકમાં વ્યાપક છે, એક અખંડ, એક જ આત્મા છે, એ પાખંડીઓને પ્રસિદ્ધ છે. ધર્મોને એ પ્રસિદ્ધ નથી. આ ટીકાનું નામ 'તત્ત્વપ્રદીપિકા' છે. દીવડો તત્ત્વને આમ બતાવે છે કે આ (તત્ત્વ) આવું છે !

અરેરે ! આત્માનું જ્ઞાન કરવું – એ મહા અપૂર્વ વાત ! એ અનંતકાળમાં કર્યું નથી. બાકીના બધા શાસ્ત્રજ્ઞાને ય કર્યા ને લૌકિક (સાધન) કર્યા ને... એમાં મરી ગયો. અમે ભણ્યા ને અમે જાણ્યું... આ તો બાપુ ! (સંસારવૃદ્ધિના કારણ છે). આહા...હા ! આવો આત્મા પાખંડીઓને પ્રસિદ્ધ છે.

આહા...હા ! અહીંની કેટલીક નિશ્ચયની વાત સાંભળીને કેટલાક એમ કહે છે કે એ તો વેદાંત જેવી વાત છે. કારણ કે વેદાંતને આ અનુકૂલ છે ને ? (તેમ ઉપર ટપકે જોનારને લાગે છે). 'બહેનશ્રીનાં વચનામૃત'ને હમણાં કોઈ વેદાંતીએ વાંચ્યું અને એવો ખુશી થયો કે આહા...હા ! આ તો અંતર્‌ની અનુભૂતિને શબ્દોના આકારમાં આ વાત આવી છે. આ વચનામૃત તો કોઈ અલૌકિક ચીજ છે. વેદાંતી માણસે એવું લખ્યું છે. તેને આ બધું સારું લાગ્યું. એક એક શબ્દ સારા છે, એમ લખ્યું છે. પણ તેમાં ('વચનામૃત'માં) તો બધું લખ્યું છે કે ભાઈ ! દિગંબરધર્મ એક સત્ય છે; એમેય લખ્યું છે. એક ભાઈનો (કાગળ) આવ્યો છે ને...! લખે છે કે : એકેક પેરાગ્રાફ નવીનતા ઊપજાવે છે. બહુ લખ્યું છે : આ તો બાર અંગની કૃતિમાંહેનું પુસ્તક છે.

ભગવાનની બાર અંગની વાણી છે, એ માંહેનું જ આ પુસ્તક છે. આપણે આવી ગયું ને... 'સમયસાર'ને શબ્દ બ્રહ્મ કીધો. કેમ ? કે – સર્વને જાણનારો ભગવાન; એને કહેનારું, જેમ સર્વ જાણનાર છે તેમ, શબ્દ છે તે શબ્દબ્રહ્મ છે. એમ શબ્દબ્રહ્મ જે ભગવાનની વાણી, એનો અંશ એ 'વચનામૃત' પણ શબ્દબ્રહ્મ છે. માનો ન માનો (પણ) વસ્તુ તો આવી છે. એવો કોઈ સંગ્રહ થઈ ગયો છે !

અહીં કહે છે કે : મેહનાકાર જે ઇન્દ્રિય તેને ગ્રહતો નથી તો પછી એ સર્વવ્યાપક અમેહનાકાર છે કે નહીં ? (– નથી). એની સામે મૂક્યું છે ને...! તારા ઇન્દ્રિયના પરમાણુને ગ્રહતો નથી, પકડતો નથી, તેનાથી કામ લઈ શકતો નથી (જો લઈ શકે) તો તો એ સર્વવ્યાપક ઠર્યો – અમેહનાકાર એટલે ? એટલામાં રહેલો નથી, એટલા ઇન્દ્રિયના આકારમાં એ રહેલો નથી, અમેહનાકાર છે, સર્વવ્યાપક છે ? – એમ નથી. આહા...હા ! સમજાણું કાંઈ ? આ આચાર્યે ક્યાંથી કાઢ્યું ? જુઓ –

જ્યાં એટલામાં ઇન્દ્રિય છે ત્યાં એને ગ્રહતો નથી. ત્યારે એનો અર્થ કે એ તો એટલામાં નથી. બાકી આખા લોકમાં વ્યાપક છે આત્મા ? કે એ વાત પાખંડીઓને માન્ય છે. જિનેશ્વરદેવ સર્વજ્ઞ પરમાત્મા, એની વાણીમાં 'એ સર્વ વ્યાપક'ને સ્વરૂપવિરુદ્ધ કહ્યું છે. અનંત આત્માઓ અને અનંત પરમાણુઓ, એમાં એક આત્માને પૂરો કહેવો, એ તો અનંતના અનંતમા ભાગમાં આત્મા એક આવ્યો, એને પૂરો કહેવો (સ્વરૂપવિરુદ્ધ છે). અહીં તો એક એક આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ અને સર્વવ્યાપક છે. 'સર્વવ્યાપક' એટલે પોતાના જ્ઞાન–દર્શનમાં વ્યાપક છે. એવા અનંત આત્માઓ ભગવત્‌સ્વરૂપે બિરાજે છે. પોતાના દ્રવ્ય–ગુણમાં, વ્યાપકપણાની દશામાં (બિરાજે છે). સમજાણું કાંઈ ? એને (એટલે કે) એક જ આત્માને સર્વવ્યાપક ઠરાવો તો તો અનંતમા અનંતમા અનંતમા અનંતમા ભાગવાળાને સર્વવ્યાપક મોટો ઠરાવ્યો. પણ ભગવાન (આત્મા) અહીં જ એટલામાં છે. અને એનું જ્ઞાન, અનંત અનંત અનંત અનંત જેના ક્ષેત્રનો અંત નહીં તેને જાણે; અનંતને અનંત તરીકે જાણે અને અનંતને અનંત તરીકે જાણતાં ત્યાં એ અનંતનો અંત આવી ગયો, એમ નથી.

આત્મામાં અનંત ધર્મ છે, શક્તિ–ગુણો. તેમાં દરેક ગુણ પોતે પરમાં – અનંત ગુણમાં વ્યાપેલો છે. એ કઈ અપેક્ષાએ ? કે : પરમાં તેનું રૂપ છે, એ અપેક્ષાએ. એક ગુણ બીજા ગુણમાં જાતો નથી. પણ એક ગુણમાં અનંતગુણનું રૂપ છે. એ અપેક્ષાએ એક ગુણ સર્વવ્યાપક છે. પણ એના (પોતાના) સ્વક્ષેત્રમાં રહીને સર્વવ્યાપક છે. (પણ) આમ લોકમાં પહોળો થાય તો સર્વવ્યાપક છે એમ નથી.

આહા...હા ! આચાર્યોની શૈલી કેટલા પ્રકારે સ્પષ્ટ કરી નાખે છે ! એને કંઈ સમાજની પડી નથી. નહીંતર વેદાંતને માનનારાઓ તો ઘણા છે. લૌકિક વાતો કરનારા. મુસલમાનોમાં પણ એવો એક સૂફી મત છે. એ મેં, બોટાદના દરવાજા બહાર નીકળ્યો ત્યારે, જોયો હતો; ત્યાં દરવાજા બહાર ઊભો હતો. ઉદાસ હતો. એ સર્વવ્યાપક માને. 'હમ હૈં ખુદ ખુદા યારો' હમ ખુદ ખુદા હૈં, એમ કહે. એક જ ખુદા છે. ખુદાને ભિન્ન માનનારાઓએ એને (એક સૂફીને) ફાંસી આપી. તો ફાંસી ચઢતાં તે બોલ્યો કે : 'હમ હૈં ખુદ ખુદા યારો.' હમ તો ખુદ ખુદા હૈં !

અહીંયાં કહે છે : પાખંડીઓને પ્રસિદ્ધ **'સાધનરૂપ આકારવાળો –** લોક વ્યાપ્તિવાળો નથી.' લોકપણે વ્યાપે તેવા આકારવાળો તે નથી. **'એવા અર્થની પ્રાપ્તિ થાય છે.'** અલિંગગ્રહણમાં આવો અર્થ નીકળે છે. આવો ભાવ નીકળે છે. દાખલો આપ્યો ને કે આ દીવો છે તેને ઢાંકણું હોય ત્યાં સુધી એટલામાં (પ્રકાશે) પણ પછી ઢાંકણું ખોલી દો તો તે સર્વ વ્યાપક છે. એમ આત્માને શરીરાદિ હોય ત્યાં સુધી એટલામાં હોય પણ છૂટી જાય ત્યારે સર્વવ્યાપક થઈ જાય (– એમ નથી). અહીંયાં તેને પાખંડી–અજ્ઞાની કહેવામાં આવે છે. એ (આત્મા) ક્ષેત્ર તરીકે સર્વવ્યાપક નથી.

વિશેષ કહેશે.....

❀ ❀ ❀

જ્ઞાનમાં જેમ જેમ સમજણ દ્વારા ભાવભાસન વધતું જાય છે તેમ તેમ જ્ઞાનનું સામર્થ્ય વધતું જાય છે અને એ વધતા જતા જ્ઞાન સામર્થ્ય વડે મોહ શિથિલ થતો જાય છે. જ્ઞાન જ્યાં સમ્યક્પણે પરિણમે છે, ત્યાં મોહનો સમૂહ નાશ પામે છે. માટે જ્ઞાનથી જ આત્માની સિદ્ધિ છે, જ્ઞાન સિવાય બીજું કોઈ આત્મસિદ્ધિનું સાધન નથી.

❀

અહો ! સંતો કેટલી કરુણાપૂર્વક આવા ગહન વિષયને સમજાવી રહ્યા છે. જ્ઞાનથી મુક્તિ થાય એ વાત સાચી છે પરંતુ તે પણ પર્યાય છે. માટે તે માત્ર જાણવા યોગ્ય છે. ધ્યાનના વિષયમાં વિવેકને–જ્ઞાનને (પર્યાયને) લેવાનો નથી. ધ્યાનનો વિષય તો અખંડ ચિદાનંદ સ્વરૂપ ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય છે. મોક્ષમાર્ગની નિર્મળ પર્યાયનો પણ જેમાં અભાવ છે એવું શુદ્ધ ચૈતન્યદ્રવ્ય જ સાધકનું ધ્યેય છે. તેના આશ્રયે જ મોક્ષમાર્ગની શુદ્ધ પર્યાય પ્રગટે છે. અને તેનાથી જ મુક્તિ પ્રાપ્ત થાય છે.

❀

ઈશ્વરનયનું તાત્પર્ય એમ છે કે, પરને વશ થવા રૂપ પરતંત્રતા તેં તારી સ્વતંત્રતા વડે ઊભી કરી છે, માટે તે પરવશતા પણ તું તારા સ્વતંત્ર સામર્થ્ય વડે તોડી શકીશ. તારી પરતંત્રતાના નાશ માટે તારે પર સામે જોઈને બેસી રહેવું પડે તેમ નથી.

**પ્રવચન : ૧૭-૧૨-૧૯૭૭**

'પ્રવચનસાર' જ્ઞેય અધિકાર છે. એટલે અલિંગગ્રહણના વીશ બોલ છે, એમાં જ્ઞેય એટલે આત્મા, (એ) જ્ઞેય, જાણવાલાયક કેવો છે ? અને જેને જાણ્યે સમ્યગ્દર્શન થાય; ધર્મની પહેલી સીઢી સમ્યગ્દર્શનનો એ (આ) અધિકાર છે. જ્ઞેય છે ને....! તો આત્મા જ્ઞેય કેવડો છે અને કેવો છે કે જેથી તેનું જ્ઞાન, જેવડો છે તેવું જ્ઞાન થાય અને જેવું જ્ઞેય છે તેની શ્રદ્ધા થાય ? શરૂઆતની વાત છે. પણ ઝીણી વાત છે. **પંદર બોલ તો આપણે ચાલ્યા છે. આજ સોળમાં બોલ છે –**

'**જેને**' એટલે આત્માને; ભગવાન આ અંદર આત્મા, શુદ્ધ ભગવત્ આનંદસ્વરૂપ છે (તેને); '**લિંગનું એટલે કે સ્ત્રી, પુરુષ અને નપુંસક વેદોનું ગ્રહણ નથી.**' આહા...હા ! અનાદિથી એને (આત્મસ્વરૂપ વિષે) કાંઈ ખબર નથી. આહા...હા ! અંદર જે આ આત્મા છે, ભગવાન જિનેન્દ્રદેવ સર્વજ્ઞ પરમેશ્વરે જે આત્મા કહ્યો એ આત્મા અંદર કેવો છે ? કે – જે દ્રવ્ય અને ભાવ(થી) વેદવાસના અને વેદરહિત છે. ઝીણી વાત છે, ભાઈ !

એ (આત્મા) આ શરીર–કર્મરહિત તો છે (જ), તેમ બીજી પરવસ્તુ – સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેશ આદિ–થી તો પ્રભુ રહિત જ છે; એ કાંઈ એની ચીજ નથી, એ એનામાં નથી. (**શ્રોતા :**) અમારો ઘર, અમારો દેશ ? (**ઉત્તર** :) ધૂળેય નથી. ઘર એનાં કેદી હતાં ? મારાં ઘર અને મારો ધંધો ને મારી દુકાન... (એમ માની) મરી ગયો, આત્માને મારી નાખ્યો છે ! અહીં તો એનાથી આગળની વાત છે. આ દુકાનના ધંધા ૨૨ કલાક ત્યાં રહેવું ૨૪ કલાક... આ કરું ને આ કરું – એ બધો મિથ્યાત્વભાવ–અસત્યભાવનું સેવન છે ! જેનાથી ચાર ગતિમાં રખડવાનું થાય (**શ્રોતા** :) રૂપિયા તો મળે ને ? (**ઉત્તર** :) ધૂળ... રૂપિયો ક્યાં મળતો'તો એને ? રૂપિયો તો રૂપિયામાં રહેતો'તો. એ માને છે કે મને મળ્યા... એ તો મમતા મળી એને... ધૂળ ક્યાં મળી ? ધૂળ તો ધૂળમાં રહી ગઈ. (તે) ધૂળ છે, માટી છે. ભાઈ એમ કહે છે કે, પૈસા મળે કે નહીં ? ધૂળેય મળતા નથી. પૈસા તો ધૂળ છે જડ. જડ અહીં આત્માને મળે ? આત્મા તો અરૂપી આનંદકંદ પ્રભુ છે ! (**શ્રોતા** :) આત્માને મળે નહીં પણ રાખે એને ? (**ઉત્તર** :) કોણ રાખે ? એને કોણ રાખે ? 'એ રાખું છું ને મેળવું છું... એ પૈસા પેદા કરું છું' – એ બધો મિથ્યાત્વભાવ–અસત્યભાવ-જૂઠો ભાવ; એ ચાર ગતિમાં રખડવાનો ભાવ છે. આ વાત જુદી, બાપુ ! વીતરાગમાર્ગ ઝીણો છે.

અહીંયાં તો પરમાત્મા જિનેન્દ્રદેવ સર્વજ્ઞ પરમેશ્વર એમ ફરમાવે છે તે સંતો જગતને જાહેર કરે છે કે – આ આત્મા એને કહીએ કે જેમાં દ્રવ્યવેદ – જે શરીર–દેહઆદિ પુરુષનો વેદ, સ્ત્રીનો વેદ, (નપુંસકનો વેદ), એ દ્રવ્યવેદ – નથી. કારણ કે તે તો જડ છે. એ સિવાય અંદર જે વેદની વાસના ઉત્પન્ન થાય – પુરુષને સ્ત્રીની અને સ્ત્રીને પુરુષની એ વાસના પણ – (તે) સ્વરૂપમાં નથી.

આહા...હા ! સમજાય છે કાંઈ ? એવી વાતો છે, ભાઈ ! ઝીણી, બાપુ ! વીતરાગ મારગ–ધર્મ (અલૌકિક છે). આ તો લોકો બહાર કંઈક દયા પાળવી ને જાત્રા કરી ને ભક્તિ કરી ને (માને) થઈ ગયો ધર્મ ! ધૂળેય ત્યાં ધર્મ નથી. તે તો રાગ છે. અને રાગથી ધર્મ માને તો મિથ્યાદૃષ્ટિ, અસત્યને સત્ય તરીકે સ્વીકારે છે !

અહીં તો પરમાત્મા–સંતો એમ કહે છે કે : પ્રભુ ! તું કોણ છો, ક્યાં છો, કેવો છો કે તને જાણ્યે સમ્યક્–સત્ય દર્શન થાય, સાચી શ્રદ્ધા થાય, સાચું જ્ઞાન થાય ? ક્યારે અને કેને અને કેવડાને જોતાં સાચું જ્ઞાન થાય ? આહા...હા ! કે એને દ્રવ્યવેદ જે શરીરાદિ તે તો એના સ્વરૂપમાં ય નથી. તે તો જડ–માટી છે. (એ) અજીવનો તો એમાં અભાવ છે. હવે રહી વેદની વાસના. વિષયની વાસના. તે તો વિકૃત–વિકાર છે. તે, આ જે ભગવાનસ્વરૂપ આત્મા છે તેમાં છે નહીં. આવી વાતું છે !

દુનિયાનાં ધંધા આડે નવરો ક્યાં છે ? પાપના ધંધા આખો દી’. એક ભાઈ કહેતો હતો ને કે સવારે પાંચ વાગે જઈએ, સાંજે આવીએ. આહા...હા !

પ્રભુ ! તું કોણ છે, ક્યાં છો, તને કેવડો અને કેટલો માન્યે તારું દર્શન થાય ? તો કહે છે કે : શરીર, વાણી, મન, આ બધી પરચીજો, ધંધા–પાણી, બાયડી–છોકરાં, એ તો તારામાં છે જ નહીં અને એ તારા છે જ નહીં. આ દ્રવ્યવેદ છે તે તારામાં નથી અને તારા નથી. હવે ભાવવેદ–વિષયની વાસના ઉત્પન્ન થાય એ વિકૃતદશા–વિકાર– (એ) ભગવાનઆત્મા(માં નથી). કારણ કે એ (વિકાર) તત્ત્વ તો પાપતત્ત્વ છે. આ દ્રવ્યવેદ છે તે અજીવતત્ત્વ છે. એ અજીવતત્ત્વનો ભગવાન આત્મતત્ત્વમાં અભાવ છે. એક વાત. હવે વેદની વાસના થાય તે તો પાપતત્ત્વ છે. એ પાપતત્ત્વનો તો આત્મતત્ત્વમાં અભાવ છે. ત્યારે તો તેને ભિન્ન તત્ત્વ કહેવામાં આવ્યું છે !

આવી વાતો ઝીણી પડે. શું થાય ? લોકો બિચારા આખો દી’ એક તો ધંધા આડે નવરા નથી.... પછી ભલે બેપાંચ કરોડ રૂપિયા–ધૂળ મળે. મળે તે તો પૂર્વના પુણ્યને લઈને મળે છે. એ કાંઈ પુરુષાર્થ કરે માટે મળે છે ? (એમ નથી). બુદ્ધિના બારદન – કોથળા જેવા ખાલી – ઘણા જોયા છે. અને મહિનાના દશદશ લાખ પેદા કરે, એવાય ઘણાય છે. એમાં એને લઈને શું છે ? એ પૈસા પેદા કરે માટે બુદ્ધિવાળો છે અને એને લઈને પૈસા પેદા થાય છે ? (ના) અને બુદ્ધિના ખાં હોય છે અને મહિને બે હજાર પેદા કરવા હોય તો પરસેવા ઊતરતા હોય છે. એ ક્યાં એના પુરુષાર્થથી મળે છે ?

અહીં તો કહે છે : પ્રભુ ! એક વાર સુન તો સહી, તને મનુષ્યપણું મળ્યું ! નિગોદ અને એકેન્દ્રિયમાં રખડતો હતો. ડુંગળી અને લસણમાં એક શરીરમાં અનંતા જીવોમાં રખડતો હતો, પ્રભુ ! તને ખબર નથી. અને નારકીના દુઃખની વેદના, પ્રભુ ! તેં સાંભળી નથી. એમાં તું અત્યાર સુધી ભૂતકાળમાં અનંતવાર રહ્યો છો. એ તો વાત નહોતી આવી... કે : એક ક્ષણની વેદના, પ્રભુ ! શું કહીએ ? કહે છે પરમાત્મા. તું નરકમાં અસંખ્ય વરસ રહ્યો અને અનંતવાર રહ્યો. એ તારા એક ક્ષણની વેદના, પ્રભુ કહે છે કે, કરોડો જીભથી અને કરોડો ભવે ન કહેવાય એટલી વેદના છે, એટલી પીડા... પીડા... પીડા.. પણ એ ભૂલી ગયો ! (એ (અહીં) જન્મે ત્યારે

ઊંઆં... ઊંઆં... કરેને, તે (દુ:ખી) ત્યાં અને અમે અહીંયાં, હવે અમારે કાંઈ નહીં જાઓ !

અહીંયાં કહે છે કે : એક વાર તારે આત્માની વસ્તુસ્થિતિને પ્રતીતમાં – જ્ઞાનમાં લેવી હોય તો એ આત્મા કેવો છે ? કે – જેમાં આ દ્રવ્યવેદ (જે) જડ છે, અજીવ છે તે તો એ ચીજમાં આત્મામાં છે જ નહીં. તે દ્રવ્યને–જડને આ આત્મા અડ્યો જ નથી. હવે રહ્યું ભાવવેદ– સ્ત્રીને પુરુષની, પુરુષને સ્ત્રીની અને નપુંસકને બેયની વિષયવાસના, એ પાપતત્ત્વ છે તે –(પણ) આત્મતત્ત્વમાં નથી. (**શ્રોતા** :) નવમે ગુણસ્થાને વેદની વાસના કહેવાય ? (**ઉત્તર :**) એને ક્યાં વાસના છે ? વેદનો ભાવ નથી. વેદનો ઉદય છે તે ખરી જાય છે. એ (વેદનો ભાવ) પાપ છે. વેદની વાસના છે એ પાપ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, એ પુણ્ય છે. – બેય વાસના અને વિકાર છે. નવ તત્ત્વ છે કે નહીં ? તો નવ તત્ત્વ ક્યારે સિદ્ધ થશે ? કે – અજીવતત્ત્વ ભિન્ન છે; દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રાદિનો ભાવ, એ પુણ્ય છે, એ પુણ્યતત્ત્વ જુદી ચીજ છે; અને હિંસા, જૂઠું, ચોરી, ધંધાદિના પરિણામ, એ પાપતત્ત્વ છે, એ તત્ત્વ જુદું છે. તો પુણ્ય, પાપ અને અજીવ; એ ત્રણ તત્ત્વથી રહિત, આત્મતત્ત્વ છે. નવતત્ત્વ છે કે નહીં ? ભગવાને નવતત્ત્વ કહ્યાં છે ને...! ક્યાં એની ખબરું છે ? (કંઈ ખબર નથી). જ્યાં જન્મ્યો ત્યાં એમ ને એમ મજૂરની પેઠે મજૂરી કરી. ભાઈ ! આવું હશે ? આ બધા દુકાનમાં મજૂરી કરતા હશે ? કરોડો રૂપિયા પેદા કરે તો ય મજૂર ? ઓલો જે મજૂર છે ને તે તો (માંડ આઠ કલાક મજૂરી કરે, પણ આ તો ચોવીશે કલાકનો મોટો મજૂર !) (**શ્રોતા** :) મજૂર ભલે કહો પણ પૈસા આવ્યા ને ? (**ઉત્તર** :) ક્યાં આવ્યા ? ધૂળમાં આવ્યા ! એની પાસે મમતા આવી. એ (પૈસા) મારાં છે એવી મમતા એની પાસે આવી છે. એ મમતા તો પાપતત્ત્વ છે. એનાથી ભગવાનઆત્મા અંદર જુદી ચીજ છે.

તો કહે છે કે : અજીવદ્રવ્ય–વેદ, તેનો તો એમાં (આત્મામાં) અભાવ છે; તે દ્વારા આત્માને જાણી શકાય નહીં; કારણ કે એમાં તે નથી. અને વેદ–વાસના, એ પાપતત્ત્વ છે; એ આત્મામાં નથી; માટે તે તત્ત્વ દ્વારા આત્મા જણાય એવો આત્મા નથી. સમજાણું કાંઈ ?

આહા...હા ! અંદર સત્‌ચિદાનંદ પ્રભુ, ધ્રુવ, નિત્ય, સામાન્ય, અખંડ, અભેદતત્ત્વ બિરાજે છે. આ અંદર વસ્તુ શું છે ? જેમાં આનંદ અનંત અનંત એટલે, એક જ આનંદગુણ લ્યો તો પણ અનંત એટલે, જેને હદ નથી, મર્યાદા નથી એવો અનંત અનંત એટલે આ – જે આનંદમય પ્રભુ છે અંદર આત્મા – એ આનંદને મર્યાદા–પરિમિતતા–હદ નથી. એવો અતીન્દ્રિયઆનંદનો સાગર પ્રભુ ! (જેમાં) જ્ઞાન અનંત છે. એ જ્ઞાન ધ્રુવ છે. એની હદ નથી ! (પણ) આ વિકાર તો એક ક્ષણનો (પૂરતો) ઉત્પન્ન થાય છે, એની હદ છે, મર્યાદા છે. (પરંતુ) અહીં અંતરમાં (જે) જ્ઞાનસ્વરૂપ છે તે તો અનંત છે, એનો અર્થ : એ જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન...જ્ઞાન, એની તાકાત, એનો અંત નથી ! અરે ! કે'દી એણે આત્મા સાંભળ્યો છે ?

ઓલો મજૂર હોય છે ને... તે તો ૮ થી ૧૨ કામ કરે પછી વયા જાય, બપોરે ૨ થી ૬ કામ કરે, ચાર કલાક પછી વયા જાય. (પણ) આ તો મોટો મજૂર. સવારે છથી ઊઠે તે... રાતના નવ વાગ્યા સુધી (કામ કરે) ! એ તો હું અમારી દુકાનમાં ત્યાં કુંવરજીભાઈને કહેતો :

તમે શું કરો છો આ ? આ તો બધી સં. ૧૯૬૫-૬૬ની વાતો છે. સાધુ ગામમાં આવે તો આખો દી' સામું જુએ નહીં. આપણે તો તે'દી પછી દુકાનનું કામ નહીં કીધું : આ (તમે) તો આખો દી' મોટા મજૂર, સવારથી તે... રાતના આઠ વાગ્યા સુધી... કરે તો દશ વાગ્યા સુધી; પણ ગામમાં સાધુ આવ્યા હોય તો આઠ વાગે નામું લખી એક કલાક સાંભળવા જાય. દુકાનના ધંધાના મોહ આડે (નવરા ન થાય). તે'દી જરી શરૂઆતમાં ગડાકુ–તમાકુનો ધંધો હતો. એ લોકો કરતા. પછી તો દુકાન જામી ગઈ. ગડાકુ પોતે ટીપે. મજૂર – આતો ૧૭–૧૮ વર્ષની ઉંમરની વાત છે. સિત્તેર વર્ષ પહેલાંની વાત છે. એ લોકો રાતે કર્યા જ કરે... કર્યા જ કરે – ટીપ્યાં જ કરેં ! (મેં) કીધું : શું છે પણ આ તમારે ? આખો દી' શું છે આ તમારે ? કાંઈ નિવૃત્તિ ને વાંચવું અને સત્સમાગમ કરવો ...(એ કશું નહીં ?!) સાધુ ગામમાં આવે તો રાતે આઠ વાગે જાય. નહીંતર દશ વાગે નામું લખીને નવરા થાય ! પણ સાધુ આવે તો વહેલા એક કલાક આઠથી નવ સાંભળવા જાય. ત્યાં સાધુ વૈરાગ્યની વાતો કરે. તત્ત્વની તો તેનેય ક્યાં (ખબર ?) તત્ત્વનું સાધુનેય ક્યાં ભાન ? આ વૈરાગ્ય : 'ભૂધરજી તમને ભૂલ્યો રે, ભટક્યો છું ભવવનમાં; કૂતરાના ભવમાં તેં વીણી ખાધા કટકા, ભૂખના વેઠ્યા ભડકા રે, ભૂધરજી તમને ભૂલ્યો રે...' આવું બોલતા. એવું સાંભળતા તે'દી તો. તત્ત્વ તો હતું નહીં. તેને બિચારાને ય તત્ત્વની ખબર નહોતી. સાધુ થઈને બેઠો (પણ) ભાન ક્યાં હતું ?

આહા...હા ! અહીંયાં કહે છે કે : દ્રવ્યવેદ અને ભાવવેદ (સ્ત્રી, પુરુષ અને નપુંસક ત્રણેય હોં) બેય આત્મામાં નથી. હીજડા–પાવૈયા થાય છે ને... તેને સ્ત્રી–પુરુષ બેયની ઇચ્છા થાય, એ દ્રવ્યવેદ અને ભાવવેદ (બેય આત્મામાં નથી). આહા...હા ! જેને ભગવાનઆત્માને જાણવો હોય, જાણીને પ્રતીતિ કરવી હોય, તો તે ભાવવેદ અને દ્રવ્યવેદથી રહિત અંદર છે એને એણે જાણવો અને પકડવો પડશે !

આહા...હા ! આવી વાતો છે !! (સંપ્રદાયમાં) તો દયા પાળવી, વ્રત કરવા ચોવિહાર કરવો, રાત્રે ખાવું નહીં.... હવે એ બધી ક્રિયા રાગની છે સાંભળને ! અહીં તો આત્મા અંદર સત્ચિદાનંદ પ્રભુ 'સિદ્ધ સમાન સદા પદે મેરો', એ ચીજ જે છે વસ્તુ છે, કારણપ્રભુ છે, કારણપરમાત્મા પોતે છે, કારણજીવ છે, ભૂતાર્થ છે, સત્યાર્થ છે, જ્ઞાયક છે ! એનો આશ્રય લેવા માટે, એને આ દ્રવ્ય અને ભાવવેદના ભાવથી (માન્યતામાં) રહિત થવું પડશે !

આહા...હા ! આવી વાતું છે !! તો આ સાધુ થઈ ગયા પછી તેને સ્ત્રી નથી તેથી તે દ્રવ્યવેદથી રહિત થઈ ગયા ને...? (ના). તેને પણ તે દયા, દાન અને વ્રતનો ભાવ છે તે રાગ છે. તે રાગને પોતાનો માને અને રાગથી લાભ માને તો તે પણ વેદની વાસનાવાળા છે. તે રાગરૂપી વેદ–વાસનાવાળા છે. તેને આત્માની ખબર નથી. સમજાણું કાંઈ ? આવી વાતું છે !!

જે ત્રણ લોકનો નાથ, આનંદથી ભરેલો પ્રભુ ; એમાં સુખનો સાગર છે. એમાં સુખ ન માનતાં, દ્રવ્યવેદ શરીરનો, ભાવવેદ, વાસના વિષયની વાસનામાં સુખ માનવું અને મજા છે એમ માનવું, તે મહામિથ્યાત્વ – અનંત સંસારનાં એમાં બીજડાં – છે. આહા...હા ! ઝીણી વાતો, બાપુ ! એને (સાંભળવાય) મળતી નથી. આ તો કંઈક જાત્રા કરી આવ્યા શેત્રુંજયની... ને થઈ

ગયો ધર્મ ! ધૂળેય નથી ધર્મ, સાંભળને ! ત્યાં ગયો... કદાચિત્ રાગ મંદ કર્યો હોય તો પુણ્ય છે; બંધન છે. એ વસ્તુસ્વરૂપ નથી; ધર્મ નથી.

આહા...હા ! અહીંયાં કહે છે કે : 'વેદોનું ગ્રહણ નથી.' એટલે કે જેણે વેદવાસના અને દ્રવ્યવેદને પકડ્યા જ નથી. સમજાણું કાંઈ ? આવી વાતો ! ચેતનસ્વરૂપ ભગવાન, અંદર જ્ઞાનનો સાગર, અતીન્દ્રિયઆનંદની મૂર્તિ–પ્રભુ–આત્મા અંદર છે ! એણે આ વેદવાસના અને જડવેદને ગ્રહ્યો નથી. પકડ્યો નથી. એના સ્વરૂપમાં એ દ્રવ્ય અને ભાવ (વેદ) નથી. અને (એ) દ્રવ્ય અને ભાવ વેદ દ્વારા આત્મા જણાય એવો નથી. એ (વેદ) તો દુઃખદાયક પરિણામ છે.

અન્યમતિમાં એવું માને છે. કહ્યું હતું ને...! ૧૯૬૪--૬૫ના સાલની વાત હશે. વડોદરા માલ લેવા ગયેલા. રાત્રે નાટક જોવા ગયા. 'અનસૂયા સતી'નું નાટક. એ બાઈ એમ ને એમ સ્વર્ગમાં જતી હતી. ત્યાં તે સ્વર્ગવાળાએ ના પાડી. અહીં નહીં અવાય. એ લોકોમાં એવું છે ને... '**अपुत्रस्य गतिर्नास्ति**' (તો પૂછ્યું) ત્યારે શું કરવું ? (કહ્યું :) હેઠે પડ. જે હોય તેને વર. હેઠે એક આંધળો બ્રાહ્મણ હતો. તેને વરી. તો પછી છોકરો થયો. હાલરડું (બોલતી :) બેટા ! 'તું નિર્વિકલ્પ છો.' આપણે 'સમયસાર'માં બંધ અધિકાર અને સર્વવિશુદ્ધ(જ્ઞાન) અધિકારમાં છેલ્લે બહુ આવે છે. 'તું નિર્વિકલ્પ છો.' વિકલ્પ અર્થાત્ રાગવિનાનો તું છો. અભેદ નિર્વિકલ્પ છો. 'ઉદાસીન છો.' ઉદાસ છો. આત્મા ! બેટા ! તું ઉદાસ છો. રાગની ક્રિયા અને બધી શરીરની ક્રિયાથી તારું આસન ભિન્ન–ઉદાસ છે. પ્રભુ ! 'શુદ્ધોસિ...' 'બુદ્ધોસિ' એમ કહેતી હતી. આત્મા ! બેટા ! તું શુદ્ધ છો, પવિત્ર છો. આ વાસના તારામાં નથી. '**शुद्धोसि... बुद्धोसि... उदासीनोसि... निर्विकल्पोसि.**' એ અહીં શ્રીમદ્‌માં ('આત્મસિદ્ધિ'માં) આવે છે ને...! 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુધધામ; બીજું કહીએ કેટલું ? કર વિચાર તો પામ.' (ત્યાં) તો કથનમાત્ર હતા. તેને તો ભાનેય ક્યાં હતું ? (પણ) તે વખતે નાટકેય જુદી જાતનાં. (અત્યારે) તો એ ફિલ્મે જગતને મારી નાખ્યા. કાળાકેર કરી નાખ્યા. નીતિનાં ય ઠેકાણાં ન મળે. અરરર ! (કેવા કેવા દૃશ્યો) !

(અહીં) તો પરમાત્મા જિનેશ્વરદેવ ત્રિલોકનાથ કેવળીના મુખથી નીકળેલો 'આ' સાર છે ! 'પ્રવચન સાર' છે ને આ. પ્રવચન = પ્ર = વિશેષ + વચન = દિવ્યધ્વનિનો આ સાર છે : ભાઈ ! તું કોણ છો અંદર ? કે – તારામાં એ જડના વેદનો–ભાવનો અભાવ છે. પ્રભુ ! આ તારા નહીં. આ તો જડ–માટીના છે. આ પુરુષનો વેદ અને ઇન્દ્રિય અને આ સ્ત્રીના વેદ અને ઇન્દ્રિય. (એ તારામાં નથી). એ તો આપણે પહેલાં આવી ગયું છે : મેહનાકાર. એ ઇન્દ્રિયને તેં ગ્રહી નથી, પકડી નથી. ઇન્દ્રિયથી તું કામ લેતો નથી. પ્રભુ ! તું મૂઢ થઈ ગયો.

અહીંયાં કહે છે કે : પ્રભુ ! તું દ્રવ્યવેદ અને ભાવવેદથી રહિત છો. (તને વેદનું ગ્રહણ નથી.) '**તે અલિંગગ્રહણ છે).**' '**આ રીતે આત્મા દ્રવ્યે તેમ જ ભાવે સ્ત્રી, પુરુષ અને નપુંસક નથી.**' દ્રવ્ય એટલે આ શરીરના ચિહ્નો બધા, એ દ્રવ્યવેદ કહેવાય, એ તો જડ છે. ભાવવેદ અંદર વિકારની વૃત્તિ ઉત્પન્ન થાય, એ ભાવવેદ. એ સ્ત્રી, પુરુષ અને નપુંસક નથી ! આહા...હા ! ભગવાનઆત્મા (બન્ને વેદરહિત છે). આહા...હા ! પણ એને કેમ બેસે ?

ભાઈ ! અમારે તો બધા ભગવાન છે ! બાપુ ! તને ખબર નથી. પ્રભુ ! તું અંદર કોણ

છો ? – તું ચૈતન્ય હીરલો ! અનંત અનંત જ્ઞાન–આનંદની લક્ષ્મીથી ભરેલો પ્રભુ, ચૈતન્યચિંતામણિ છો ! એને જાણવા માટે દ્રવ્ય અને ભાવવેદથી રહિત થઈને, એને ઓળંગી જઈને, ભગવાનને પકડ તો તને આત્માનું જ્ઞાન અને આત્મદર્શન થાય !

આહા...હા ! આવો માર્ગ છે, ભાઈ ! વીતરાગ જિનેન્દ્રનો માર્ગ... આખી જાત જુદી છે. અત્યારે તો બધો ફેરફાર... ફેરફાર ! એક આર્યિકાએ લખ્યું કે – શુભભાવને બળપૂર્વક કરવા અને રુચિપૂર્વક કરવા ! ગજબ છે, પ્રભુ ! આ શું થાય છે ? શુભભાવ જે દયા, દાન, વ્રત, ભક્તિ; એની રુચિ, એ તો મિથ્યાત્વ છે. એ આર્યિકા બહારમાં મોટી સભા ભરે, અને એ ચાર અનુયોગની વ્યાખ્યા કરે ! લોકો–સમાજને ખબર ક્યાં છે ? નવરા ક્યાં છે ? સત્ય શું છે ? (કંઈ ઊંડી જિજ્ઞાસા નહીં). દિગંબર સમાજ છે તોય હાએ હા કરે કે શુભભાવને રુચિપૂર્વક કરવા એ સાધન છે... અહીં પરમાત્મા ના પાડે છે કે એની રુચિ છે તે મિથ્યાત્વભાવ છે. જેમ અહીંયાં ભાવવેદની રુચિ તે મિથ્યાત્વ છે; તેમ ભાવ રાગ–દયા, દાન, વ્રતના પરિણામ – શુભ છે, તેની રુચિ છે તે મિથ્યાત્વ છે. આહા...હા ?! આવી વાતો છે ! તેની (શુભભાવની) રુચિ છોડીને, પ્રભુ અંદર ભગવાન છે, આનંદનો નાથ અંદર છે, (એની અનન્ય રુચિ કરવી, તે જ સાધન છે).

ભગવાન પરમેશ્વરને અનંત જ્ઞાન, અનંત આનંદ પ્રગટ્યાં તે ક્યાંથી આવ્યાં ? ક્યાંય બહારથી આવે છે ? એના સ્વભાવમાં (જે) શક્તિરૂપે હતું, સામર્થ્યરૂપે હતું, સત્ત્વરૂપે હતું, તે પર્યાયમાં તત્ત્વરૂપે બહાર આવે છે. તત્ત્વ થયું ને એ તો. સંવર–નિર્જરાનું ફળ કેવળ જ્ઞાન–મોક્ષ, એ તત્ત્વ છે કે નહીં ?

આહા...હા ! આત્મા અનંતજ્ઞાન, અનંતઆનંદ અને મુક્તસ્વરૂપ, બાપુ ! એ અબદ્ધસ્વરૂપ–મુક્તસ્વરૂપ છે ! ('સમયસાર') ૧૫મી ગાથામાં ન આવ્યું ? 'અબદ્ધ સ્પૃષ્ટ' એ મુક્તસ્વરૂપ શક્તિએ–સામર્થ્યે અને સ્વભાવે છે. એ મોક્ષરૂપી તત્ત્વની–શક્તિમાંથી વ્યક્તતા લાવવી, (એ વિધિ છે). એમ સવારમાં આવ્યું ને...! અંતરાત્માના સાધન દ્વારા પરમાત્મા થઈ શકે છે. બહિરાત્મ(તા) છોડી, અંતરા(તા) એટલે આનંદકંદ પ્રભુ છે એવા અંતરાત્માના ભાન દ્વારા, એ સાધન દ્વારા, એ ઉપાય દ્વારા પરમાત્મા થઈ શકે છે ! તમે સાધન કહો કે, ઉપાય કહો. 'અંતરાત્મા ઉપાય છે', બીજો ઉપાય આ દયા, દાન, વ્રત એ ઉપાય નથી. પણ પહેલો અંતરાત્મા થાય શી રીતે ? એ અંતરાત્મા આનંદનો નાથ, એને જાણી, શ્રદ્ધી અને ઠરવું, એ એનું સાધન છે. એ પરમાત્મા પમરેશ્વર થવાનું સાધન છે !

આહા...હા ! ભાઈ ! આવી વાતું, સાંભળી જાય નહીં. આ તો કોની – ભગવાન–જૈનની વાત હશે આવી ? જૈનમાં તો રાતે ચોવિહાર કરવો; કંદમૂળ ન ખાવું; છકાયની દયા પાળવી; એવી વાતો આવે ! (પણ ભાઈ !) એ તો રાગની વાતો છે – દાન કરવા એક ભાઈએ લાખ રૂપિયા આપ્યા. તેના મોટા ભાઈ પણ લાખ રૂપિયા ખરચવાના છે. પણ એ લાખ ખર્ચે કે પાંચ લાખ ખર્ચે... એમાં રાગની મંદતા હોય તો પુણ્ય છે; ધર્મ નહીં. (**શ્રોતા** :) પૈસા ય ગયા અને ધર્મેય નહીં ? (**ઉત્તર** :) ક્યાં એના હતા તે ગયા ? રાગની મંદતા કરે તો શુભભાવ છે. સંસારને માટે પૈસા રાખે છે તે પાપભાવ છે, પાપ છે. દેવ, શાસ્ત્ર, ગુરુને માને, ભક્તિ (અર્પણતા) આદિ

માટે ભાવ હોય તો તે પુણ્ય છે. પણ અહીં તો કહે છે કે – પુણ્યતત્ત્વથી પણ પ્રભુ (આત્મા) તો અંદર જુદો છે. આવી વાતું છે ! નહીં સમજેલા અજાણ્યા માણસને તો પાગલ જેવી વાતો લાગે. કે શું કહે છે આ ? (એમ લાગે).

અહીંયાં તો આ વસ્તુ એક ચિદાનંદ પ્રભુ ! વાસનાથી રહિત જેનો વાસ છે. વાસનાથી રહિત જેનો નિવાસ છે. વાસનાની દૃષ્ટિ છોડી એણે, નિવાસ(ને) (માટે) ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ ! બિરાજે છે, આ એને પકડવો અથવા એમાં એકાગ્ર થવું (એ જ એમાં વાસ છે).

સવારમાં આવ્યું હતું ને...! 'સ્વદ્રવ્યરત.' આ શબ્દ બહુ ટૂંકા, પણ ગજબ કામ છે ! મુનિયો અને ધર્મી કોને કહેવાય ? કે – (જે) સ્વદ્રવ્યમાં રત અને પરદ્રવ્યથી વિરક્ત (હોય). આહા...હા ! સ્વદ્રવ્ય ભગવાન આનંદનો નાથ, નિત્યાનંદ પ્રભુ, ધ્રુવ; એમાં રત, એ પર્યાય છે; એમાં રત, તે ધર્મ છે; એમાં લીનતા કરવી, તે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર છે. પરદ્રવ્યમાં રત, તે મિથ્યાદર્શન–મિથ્યાજ્ઞાન–મિથ્યાચારિત્ર છે. પરદ્રવ્યમાં રત અને સ્વદ્રવ્યથી વિરક્ત, તે મિથ્યાદૃષ્ટિ–અજ્ઞાની–સંસારી છે. સ્વદ્રવ્યમાં રત અને પરદ્રવ્યથી વિરક્ત, એ ધર્મીજીવની સાધકદશાની શરૂઆત છે.

આહા...હા ! આ તે આવી વાતો હવે ! આખો દી' અમારે બાયડી–છોકરાંને પાલવવા. એણે હાથ ઝાલ્યા હોય એને (નિભાવવા પડે કે નહીં ?) અરે ! બાયડી–છોકરાં (તારાં) ક્યાં હતા, ભાઈ ? આત્માને છે કાંઈ ? એ તો તેં મફતનું માન્યું છે. એ તો આત્મા ક્યાંકથી આવ્યો અને ક્યાંક ચાલ્યો જવાનો.

અહીંયાં કહે છે કે : 'આ રીતે આત્મા દ્રવ્યે તેમ જ ભાવે સ્ત્રી, પુરુષ અને નપુંસક નથી **એવા અર્થની પ્રાપ્તિ થાય છે.**' **એ ૧૬મો બોલ થયો. હવે ૧૭મો –**

'**લિંગોનું એટલે કે ધર્મચિહ્નોનું ગ્રહણ જેને નથી.**' જુઓ ! હવે આ શું કહે છે કે : જે સાચા સાધુ હોય છે ને... એને શરીર નગ્ન હોય છે અને એને પંચમહાવ્રતના વિકલ્પ હોય છે. જૈનના સાચા સાધુ એને કહીએ કે જેની નગ્નદશા હોય અને વ્યવહારે જેને પંચમહાવ્રતના પરિણામ હોય. (છતાં) એ ચીજ આત્મામાં નથી. સમજાણું ?

છે...! 'લિંગોનું એટલે કે ધર્મચિહ્નોનું' એ ધર્મ અર્થાત્ ચિહ્નો – નગ્નપણું, પંચમહાવ્રતના પરિણામ, સમિતિ, ગુપ્તિ (આદિ) – કહેવાય. (એ) વિકલ્પ શુભરાગ છે; એ બધા ધર્મનાં ચિહ્નો કહેવાય. એ ચિહ્નોનું ગ્રહણ જેને નથી. જેને એ આત્માએ પકડ્યો નથી. આહા...હા !

હવે, અહીં (કેટલાક) કહે છે કે : પંચમહાવ્રતના પરિણામ પાળવા–રાખવા એથી કલ્યાણ થશે ! (પણ એવી વસ્તુસ્થિતિ નથી). ઝીણી વાત, ભાઈ ! ભગવાનઆત્મા એની અંદર પૂર્ણ શાંતિ અને પૂર્ણ આનંદથી ભરેલો સ્વભાવ છે; એ અંદર સ્વભાવના સાધન વડે કરીને એને મુક્તિ થાય છે. અથવા સ્વભાવના સાધન વડે તે સ્વભાવ જણાય છે. રાગથી ભેદ પાડતાં અને સ્વભાવનો આશ્રય લેતાં ધર્મ થાય છે, સમ્યક્ત્વ થાય છે. ધર્મની પહેલી (સીડી) સમ્યગ્દર્શન, એ પણ રાગથી ભિન્ન પાડતાં (પ્રગટે છે).

મહાવ્રતના પરિણામ, એ વ્યવહાર ધર્મચિહ્નોનું ગ્રહણ જેને નથી. ભગવાનઆત્મામાં એ પંચમહાવ્રતના વિકલ્પ–પરિણામ, એ પુણ્ય; અને નગ્નપણું; એ અજીવ; (– એ બંનેનો અભાવ

છે). વેદમાં પાપ અને અજીવ એ બેય હતા : આ શરીરનો વેદ તે તો માટી–ધૂળ છે, જડ છે, એ અજીવનો અભાવ; અને વેદ વાસના એ પાપ છે, એનો અભાવ (કહ્યું). અહીંયાં હવે પુણ્યમાં લઈ ગયા – (કે) મેં પંચમહાવ્રત અંગીકાર કર્યાં, ગૃહસ્થાશ્રમ છોડ્યો, દીક્ષા લીધી, માટે અમારે ધર્મ છે કે : ના. ના. એ ધર્મચિહ્નો એટલે પુણ્યના પરિણામ, એ પુણ્યતત્ત્વ, અને નગ્નપણું, એ અજીવતત્ત્વ; – એ અજીવતત્ત્વનો અને પુણ્યતત્ત્વનો આત્માના સ્વભાવમાં અભાવ છે. એ પુણ્યતત્ત્વને આત્માએ ગ્રહ્યું નથી અને અજીવતત્ત્વને તો પકડેય શેનું ? એનો તો તદ્દન અભાવ છે. આહા...હા ! આવી વાતો !!

– શું કહ્યું ? 'લિંગોનું એટલે કે ધર્મચિહ્નોનું ગ્રહણ જેને નથી.' ધર્મના જે વ્યવહારુ લક્ષણ છે, એની વાત છે ને...? પંચમહાવ્રત ને વ્યવહારે સમિતિ–ગુપ્તિ આદિ, એ વિકલ્પ છે, એ તો રાગ છે, એ પુણ્યતત્ત્વ છે; આત્મતત્ત્વ નહીં. અને નગ્નપણાની દશા, વસ્ત્ર વિનાની હોય એવી ! નિમિત્ત હોય તો એવું હોય ! છતાં પણ, તેનો વસ્તુમાં અભાવ છે. આહા...હા ! શુદ્ધ ઉપાદાનની દૃષ્ટિ પ્રગટ થતાં, તેમાં એ પંચમહાવ્રતાદિની વિકલ્પ, અને અજીવના ચિહ્નો (– એ બાહ્ય નગ્નપણું)નો અભાવ છે. છતાં નિમિત્ત તરીકે હોય તો એવું જ અને એ જ નિમિત્ત હોય. સમજાણું કાંઈ ? એટલે શું કહ્યું એ ? કે : પંચમહાવ્રતના પરિણામ છે એ રાગ છે, પુણ્ય છે; ધર્મ નહીં. કારણ કે, તે પરલક્ષીભાવ છે. આને ન મારવું, આની દયા પાળવી જૂઠું ન બોલવું. શરીરથી બ્રહ્મચર્ય પાળવું – એ બધો પરલક્ષી ભાવ છે અને પુણ્ય છે. એ પુણ્યચિહ્નને વ્યવહારે ધર્મનું નિમિત્ત કીધું. ચિહ્નો કહો કે નિમિત્ત (એ એકાર્થ છે). એ વસ્તુમાં નથી !

આહા...હા ! શું કહે છે આ ? આવી કઈ જાત આ છે ? આખો દી' બિચારા પાપમાં–ધંધા આદિમાં (રચ્યા)પચ્યા હોય – એ છોકરાં ને બાયડી ને ધંધા...ધંધા...ધંધા – એમાં (કહે કે) પુણ્ય ય એનું (આત્માનું) નહીં, (તો એ વાત એને કેમ બેસે ?)

(અહીંયાં કહે છે :) મુનિ થઈને બેસે, પંચમહાવ્રત ધારણ કરે, નગ્નપણું હોય, છતાં એ યતિનું બાહ્યચિહ્ન એના સ્વરૂપમાં નથી. હવે સ્વરૂપમાં નથી તે સાધન થાય ? પંચમહાવ્રત પાળવાં, આમ તપસ્યાઓ કરવી, ઉપવાસ કરવા; – એ બધા અંતરમાં મોક્ષમાર્ગના સાધન છે તે બિલકુલ જૂઠી વાત છે. (યથાર્થ) સમજાણું હોય તો શુદ્ધાત્માના ગ્રહણમાં જે પવિત્રતા પ્રગટે તે નિશ્ચયધર્મ અને તે નિશ્ચયમુનિપણું અને એને હોય તો પંચમહાવ્રત અને નગ્નપણાની દશા હોય. એવું જ નિમિત્ત હોય, બીજું ન હોય; પણ એ નિમિત્ત ત્યાં એમાં (આત્મામાં સાધન) થાય એમ નથી. સમજાણું કાંઈ ?

આહા...હા ! માર્ગ તો આવો છે અનાદિનો. તીર્થંકર દેવ ત્રિલોકનાથ જિનેન્દ્રપ્રભુ (એ જ માર્ગે ચાલ્યા છે). જૈનવાડામાં (સંપ્રદાય)માં જન્મ્યા એનેય ખબરું ન મળે. નામ જૈન. અમે જૈન છીએ. શું જૈન છો ? કોથળા ઉપર લખે સાકર ને અંદર હોય કાળી જીરી ! કાંઈ ભાન વિનાના... અરેરે ! ક્યાંય ધંધા કરતા હોય તેમાં બેપાંચ લાખ પેદા થતા હોય, એમાં આવું આવે વળી (કેમ બેસે ?) પણ આ સાધુ નામ ધરાવે છે ને... એય સાધુ ક્યાં છે ? અરેરે ! શું કરે ? આકરી વાતો બહુ ! હજુ તો વ્રતનાય ઠેકાણાં નથી. પંચમહાવ્રત પાળવાં... એનાય ઠેકાણાં નથી.

એને માટે કરેલાં આહાર–પાણી લે તો એ પંચમહાવ્રતના પરિણામમાં અહિંસા ક્યાં રહી ત્યાં ? પણ સાચાં પંચમહાવ્રત હોય અને બરાબર નગ્નદશા સિવાય વસ્ત્રનો ટુકડો પણ ન રાખે, જૈનદર્શનની પદ્ધતિ પ્રમાણે; 'જન્મ્યા પ્રમાણે રૂપ ભાખ્યું' (અર્થાત્) ત્રિલોકનાથ એમ કહે છે કે મુનિનું રૂપ તો જન્મ્યા પ્રમાણે હોય, જેવો જન્મ્યો તેવું નગ્ન રૂપ હોય; છતાં તે નગ્નદશા અને પંચમહાવ્રતના પરિણામ, ભગવાનઆત્માએ ગ્રહ્યા નથી અને એનામાં તે છે નહીં, આવી વાત છે ! અવલદોમની વાતું છે; આખી દુનિયાથી (જુદો) ! આ તો ધર્મનો માર્ગ (જ અલૌકિક છે) ! મહાવિદેહમાં પરમાત્મા ત્રિલોકનાથ જૈન પરમેશ્વર ભગવાન સીમંધર પ્રભુ બિરાજે છે. એમની પાસે સં. ૪૯માં કુંદકુંદ આચાર્ય દિગંબર મુનિ ગયા હતા. આઠ દી' ત્યાં ભગવાન પાસે રહ્યા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યાં છે. ભગવાનનો સંદેશ 'આ' છે –

'લિંગોનું એટલે કે ધર્મચિહ્નોનું ગ્રહણ જેને નથી.' કહેવું 'ધર્મના ચિહ્નો !' (વળી કહેવું એ 'જેને નથી') પણ જીવને વ્યવહારથી સમજાવવો છે. આ બાહ્ય ચિહ્નો છે. ધર્મનું ચિહ્ન એટલે બાહ્ય ચિહ્ન છે. બાહ્ય લક્ષણ છે – પંચમહાવ્રત, નિર્દોષ આહાર–પાણી લેવા (એટલે કે) એને માટે કરેલાં આહાર–પાણી ન લે – એ પંચમહાવ્રતના બાહ્યચિહ્નો છે. પંચમહાવ્રતના પરિણામ અને દ્રવ્યલિંગ જે નગ્નપણું – તેનાથી રહિત, અંદર દૃષ્ટિ કરે ત્યારે તેને આત્માનું વેદન થાય, તેનું નામ ભાવધર્મ છે. સમજાણું કાંઈ ?

આહા...હા ! આવી વાતો !! ક્યાંય નવરાશ ન મળે. સંસારના પાપ આડે નવરાશ ન મળે. પુણ્યના ઠેકાણાં ન મળે. ધર્મ તો ક્યાં છે ? એમને એમ નરક ને નિગોદમાં અનાદિથી રખડે છે !

પ્રભુ ! તારામાં કેટલા ગુણ છે ? એની સંખ્યા કહેતાં અનંતકાળ જાય તો કહી ન શકાય એટલા તો ગુણ છે. એ ઉપરથી તે'દી વિચાર કર્યો હતો ને... કે : ક્ષણના દુઃખને કહેવા માટે (કોઈ સમર્થ નથી). નરકમાં દુઃખ, બાપુ ! તેં વેઠ્યાં છે, ભાઈ ! તે ક્રોડો જીભ અને ક્રોડો ભવે ન કહી શકાય ત્યાં એટલું એનું (દુઃખનું) વેદન; (એવા) નરકમાં તું અનંતવાર રહ્યો છે, ભાઈ ! અત્યાર સુધી અનંતકાળ કાઢ્યો તેના અનંતમા ભાગનો કાળ તો ત્યાં રહ્યો છે. સમજાણું કાંઈ ? અત્યારસુધી નિગોદના અનંત ભવ કર્યાં. તેના અનંતમા ભાગે સ્વર્ગના ભવ કર્યાં. તેના અસંખ્યમાં ભાગે નરકના ભવ કર્યાં. તેના અસંખ્યમા ભાગે મનુષ્યના ભવ કર્યાં. આહા...હા ! પણ એ કોને ખબર ? સાંજે નામું લખે તો ખાતાવહીમાં હોય તે સરખાવે. (પણ) આ ખાતાવહીની એને ખબરેય ક્યાં છે ? કોઈ દી' સાંભળ્યું ય છે ક્યાં ?

અહીં તો પરમાત્મા જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ વીતરાગ તીર્થંકરદેવની વાણીમાં (જે) આવ્યું તે સંતો આડતિયા થઈને જગતને એ માલ વેચે છે. પ્રભુનો માલ 'આ' છે. શું માલ છે ? કે –

પંચમહાવ્રતના પરિણામ રાગતત્ત્વ છે. એ કાંઈ આત્માનું લક્ષણ નથી. એ તો બાહ્યતત્ત્વનું લક્ષણ છે. અને નગ્નપણું એ આત્માનું લક્ષણ નથી. એ તો અજીવનું લક્ષણ છે. જડતા–તનતા–મનતા–તનપણું, મનપણું, વચનપણું – એ બધું જડ છે, એ તો માટી છે. અરેરે ! એ કેમ બેસે ?

આ સવારમાં આવ્યું હતું ને '**इन्द्रियधी**' પાંચ ઇન્દ્રિય ઉપર જેની બુદ્ધિ છે તે બહિરાત્મા

મૂઢ જીવ છે. ઘણું સરસ આવ્યું હતું. 'ઇન્દ્રિયધી'. આ પાંચ ભાવ ઇન્દ્રિય ખંડ ખંડ (જ્ઞાન), અને જડ (ઇન્દ્રિયો); એના ઉપર જેની બુદ્ધિ છે, તે 'ઇન્દ્રિયધી' – બહિરાત્મા, મૂઢ, મિથ્યાદૃષ્ટિ છે. કેમકે ઇન્દ્રિય દ્વારા કામ લે છે. એને એમ થાય છે કે આ ઇન્દ્રિય દ્વારા મને જાણવું થાય છે. ઇન્દ્રિય દ્વારા હું બધું કામ કરી શકું છું. – એવી માન્યતાવાળો મૂઢ જીવ, જેની ઇન્દ્રિયની બુદ્ધિ છે, તે બહિરાત્મા છે. એટલે કે એ ખંડ ઇન્દ્રિય અને જડઇન્દ્રિય, વસ્તુસ્વરૂપમાં નથી અને બાહ્ય છે; એની જેને બુદ્ધિ છે, તે બરિર્બુદ્ધિ છે; અંતર્બુદ્ધિ નથી; તે તો બહિર્બુદ્ધિ, બહિરાત્મા, મિથ્યાદૃષ્ટિ છે. આંખ વડે જોઈ શકાય, કાન વડે સાંભળી શકાય (એવી વસ્તુ સ્થિતિ નથી). (પણ) એ (અજ્ઞાની) કહે છે કે ઇન્દ્રિયથી કામ (લઈએ છીએ). તો કહે છે કે : તેથી (તેવી માન્યતાથી) તેની ઇન્દ્રિય જેવી (જડ) બુદ્ધિ થઈ ગઈ છે કે 'હું આજ છું', તેને ભગવાન બહિરાત્મા કહે છે. બહિર્ એટલે જે વસ્તુ પોતામાં નથી, તેને પોતાની માને છે તે મિથ્યાદૃષ્ટિ–અજ્ઞાની છે; તે જૈન નથી ! તેને જૈનની ખબર નથી.

કહ્યું હતું ને...! 'ઘટ ઘટ અંતર જિન બસૈ, ઘટ ઘટ અંતર જૈન' – (– 'નાટક સમયસાર'). એ જિનસ્વરૂપી ભગવાનઆત્મા, વીતરાગમૂર્તિ અંદર છે. એ જિનસ્વરૂપે બધા અંદર છે. પર્યાયમાં ફેર છે. વસ્તુમાં ફેર નથી. એ 'ઘટ ઘટ અંતર જિન બસૈ, ઘટ ઘટ અંતર જૈન.' રાગની એકતા તોડીને જે જિન સ્વરૂપની દૃષ્ટિ (કરે) અને અનુભવે તે અંતરમાં જૈન છે. જૈનપણું એ વેશમાં નથી. બહારમાં લૂગડાં ફેરવીને બેઠા ને નગ્ન (થયા) માટે તે જૈનપણું છે, પંચમહાવ્રત પાળે છે માટે જૈનપણું છે – એમ નથી. જૈનપણું તો પરમાત્મા એને કહે છે કે : એ વસ્તુ પોતે જિનસ્વરૂપે છે, વીતરાગમૂર્તિ, અખંડાનંદ નાથ, પ્રભુ; એની જેને દૃષ્ટિ થઈ અને રાગની–વિકલ્પની દૃષ્ટિ છૂટી ગઈ તેને જૈન કહે છે. જિનને જાણે તે જૈન. જિન એટલે અંદર આત્મા પોતે હોં ! વીતરાગ (કેવળી) નહીં. વીતરાગ પર છે.

(અહીંયાં કહે છે :) જુઓ ! '(લિંગોનું એટલે કે) ધર્મચિહ્નોનું ગ્રહણ જેને નથી તે **અલિંગગ્રહણ છે.**' ખુલાસો કર્યો : '**આ રીતે આત્માને બહિરંગ (બાહ્ય)**' – એ બહિરંગ (પંચમહાવ્રતાદિ) ધર્મચિહ્નો – '**યતિલિંગોનો અભાવ છે.**' એ બાહ્ય જે નગ્નપણું ને પંચમહાવ્રતના પરિણામ, એ બાહ્ય યતિપણું છે તેનો અંદરમાં અભાવ છે. આહા..હા ! આવી વાતો છે ! 'આ રીતે આત્માને' એટલે આ પ્રકારે આત્માને 'બહિરંગ' એટલે બાહ્ય – પંચમહાવ્રતના પરિણામ, બાહ્ય નગ્નદશા – એ બાહ્ય 'યતિલિંગોનો' ખુલાસો કર્યો 'ધર્મચિહ્નો'નો પાછો, કોઈ માની લે કે 'ધર્મચિન્હો' કીધા ને ! એ તો યતિલિંગોની વાત કરી છે – બાહ્ય યતિલિંગોનું ગ્રહણ જેને નથી. આહા...હા ! ભગવાન(આત્મા) આનંદનો નાથ પ્રભુ; એમાં આ બાહ્યલિંગ–મહાવ્રતના વિકલ્પ અને નગ્નપણું – નથી. '**એવા અર્થની પ્રાપ્તિ થાય છે.**' 'અલિંગગ્રહણ'માં આવો અર્થ નીકળે છે. બાહ્યલિંગ – પંચમહાવ્રતાદિ અને દ્રવ્યલિંગ જેમાં નથી. 'અલિંગ' (એટલે) લિંગરહિત છે, આવો અર્થ એમાંથી નીકળે છે. યતિ અર્થાત્ બાહ્યવેશ અને યતિ અર્થાત્ પંચમહાવ્રત(ના પરિણામ), જે અંતરના સ્વરૂપમાં નતી. એને અહીંયાં 'અલિંગગ્રહણ' કહેવામાં આવે છે.

વિશેષ કહેશે.....

❀ ❀ ❀

**પ્રવચન : ૧૮-૧૨-૧૯૭૭**

'પ્રવચનસાર'. જ્ઞેયતત્ત્વ અધિકાર 'અલિંગગ્રહણ'ના ૧૭ બોલ ચાલ્યા છે. ૧૮--૧૯-૨૦ બાકી છે. એકદમ માખણ છે. ત્રણ બોલ રહ્યા છે. (લોક કહે છે કે) શુભ કરતાં કરતાં સમ્યક્દર્શન–ધર્મ થાય; (અહીંયાં) તો કહે છે કે શુભ કરતાં કરતાં નહિ પણ શુભ છોડતાં ધર્મ થાય.

હવે અહીં તો ૧૮મા બોલમાં તો એમ કહે છે કે... ઝીણી વાત છે, એકદમ, એકદમ પરમ સત્ય છે. આહા...હા ! **૧૮મો બોલ 'લિંગ એટલે કે ગુણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ (પદાર્થજ્ઞાન) તે જેને નથી (તે અલિંગગ્રહણ છે).'** આહા...હા ! શું કહે છે ? કે ભગવાનઆત્મા અભેદ સ્વરૂપ છે. દ્રવ્ય જે દ્રવ્ય છે ને, વસ્તુ–એ અભેદ સ્વરૂપ છે. સમ્યક્દર્શનનો વિષય અભેદ છે.

લિંગ નામ ગુણ એનું જે ગ્રહણ છે ને. અર્થાવબોધ એટલે પદાર્થજ્ઞાન પણ ગુણની પ્રધાનતાથી કથન છે. બાકી તો વસ્તુ જે છે એનામાં જે જ્ઞાન–દર્શન આદિ ગુણભેદ છે, એ ગુણભેદ વસ્તુમાં નથી. આહા...હા ! ઝીણી વાત છે. આત્મા છે, એ સામાન્ય વસ્તુ છે. એમાં ગુણનો ભેદ એ વિશેષ છે. આહા...હા ! એ વિશેષ એનામાં નથી. આહા...હા !

આવી વાત છે. ઝીણી વાત છે ભાઈ ! સમ્યક્દર્શન, પ્રથમ ધર્મની દશા (અને) જન્મ–મરણના અંતને લાવવાની વિધિ આ છે. આહા...હા ! (પરથી) આત્માને લાભ થાય નહિ, સિદ્ધથી પણ આત્માને લાભ ન થાય, પણ એના ગુણના ભેદથી પણ આત્માને લાભ ન થાય.

આહા...હા ! હજી તો શુભભાવથી શુદ્ધ ઉપયોગ થાય (એમ કહે). એ શુદ્ધ ઉપોયગનો વિષય છે તે અભેદ છે. જે અંદર શુદ્ધ ઉપયોગ થયો તે અભેદ છે. આહા...હા ! એ શુભભાવથી પણ સમ્યક્દર્શન ન થાય. પણ ગુણ–ગુણીના ભેદથી પણ સમ્યક્દર્શન ન થાય. પરંતુ ગુણ અને ગુણીનો જે ભેદ પાડવા જાય, ત્યાં વિકલ્પ ઊઠશે... આહા...હા !

શશીભાઈ ! આવી વાત છે. આ ત્રણ બોલ એકદમ માખણ છે. દ્રવ્ય, ગુણ અને પર્યાય. આહા...હા ! એમાં પહેલો બોલ આ ગુણનો લીધો. ભગવાન આત્મા '**અર્થાવબોધ**' શબ્દ છે. અર્થનો અવબોધ – પદાર્થનો ગુણ એ જેમાં નથી. એ તો ગુણગુણીની વાત કરી છે. બાકી તો અર્થાવબોધ પદાર્થ એટલે જેટલા ગુણો છે, એ સામાન્યમાં ગુણની વિશેષતા નથી.

ગુણ અને ગુણી એટલે આત્મા, એમાં વસ્તુમાં વિશેષભાવ કરવા જાય તો એને સમ્યક્દર્શન ન થાય. આહા...હા ! આવી વાત છે. તો વળી શુભ ભાવથી સમ્યક્દર્શન થાય (એ વાત રહેતી નથી). ભગવાન ! બાપુ ! આ વાતો તો બહુ ઝીણી છે ભાઈ ! આહા...હા ! દેવ–ગુરુની સાથે એના નિમિત્તથી સમ્યક્દર્શન થાય એમ નથી.

એ વસ્તુ જે છે (તે) એક સેકંડના અસંખ્ય ભાગમાં ધ્રુવ સામાન્ય–નિત્ય–ધ્રુવ પદાર્થ છે. એ ધ્રુવ – ધ્રુવ...ધ્રુવ...ધ્રુવ એની દૃષ્ટિ છોડીને ધ્રુવની જે નજર છે, એને ભેદ પાડીને, (જે ભેદની નજરે જુએ છે) (તે) રાગી છે માટે રાગ થાય છે. ભેદ પાડતાં જ્ઞાન(નું) પરિણમન (થયું તે) રાગ નથી. પણ ભેદને તો કેવળી પણ જાણે છે. સમજાણું કાંઈ ! પણ રાગી પ્રાણી છે. (તેથી રાગ થાય છે). આહા...હા !

એથી એ ગુણ અને ગુણીના ભેદનો વિચાર કરતાં એને વિકલ્પ ઊઠે છે, રાગ ઊઠે છે. આહા...હા ! ('સમયસાર'ની) સાતમી ગાથામાં આવી ગયું છે ને ? એ પર્યાયની વાત છે. પણ પર્યાયનો અર્થભેદ છે. કારણ કે ભેદ પણ એની વસ્તુ છે ને. પર્યાય પણ એની ચીજ છે ને. તો પછી એની ચીજમાં વ્યવહાર કહેવો તે અવસ્તુ થઈ જાય છે. સમજાય છે કાંઈ ? આવી વાત છે.

વ્યવહાર તે વસ્તુમાં હોય; અવસ્તુમાં વ્યવહાર ન હોય. પોતાની અપેક્ષાએ પર વસ્તુ છે. એને અહીંયાં વ્યવહાર કહેવાય. પણ પોતામાં ગુણ છે, પોતામાં ને પોતામાં પોતાની પર્યાય (છે), તેને તમે વ્યવહાર કેમ કહો છો ! વ્યવહાર કહેતાં અવસ્તુ થઈ જાય છે.

પ્રભુ ! એક વાર સાંભળ ભાઈ, જે રાગી છે અને જ્યાં સુધી રાગ છે ત્યાં સુધી એનું ભેદ ઉપર લક્ષ જશે, પર્યાય પર લક્ષણ જશે (તો) એને રાગ જ થશે. પછી વાત આવશે. આહા...હા ! ભલે શુભરાગ છે. પણ એ શુભરાગ છે, એનાથી સમ્યક્દર્શન થાય (એમ નથી) અનંતકાળમાં એક સેકંડ પણ એણે સમ્યક્દર્શન કર્યું નથી. જે મૂળ વાત (છે) (તે) રહી ગઈ છે.

એ ચીજને પામવા માટે કહે છે કે, ગુણને (અર્થાત્) ગુણ જે લિંગ એવા ગુણ – એટલે અનંત ગુણો. ભાષા અર્થાવબોધ (લીધી છે). જ્ઞાનપ્રધાનથી કથન છે પાઠમાં એમ છે. જુઓ શું કીધું ! પદાર્થજ્ઞાન–અર્થાવબોધ છે ને ? અર્થ નામ પદાર્થનું જ્ઞાન જેને નથી. એટલે આત્માના પદાર્થના જ્ઞાન વડે (ભેદ વડે) જ્ઞાન નથી. એ જ્ઞાનથી (ગુણભેદની) વાત કરી છે. પણ લિંગ શું હશે આ ? (લિંગ એટલે ચિહ્ન, ગુણભેદનું ચિહ્ન અભેદમાં નથી).

અનંત અનંત ગુણનું એકરૂપ એવું લિંગ એટલે દ્રવ્ય. આહા...હા ! એવા દ્રવ્યમાં ગુણ એટલે લિંગ – એવા ભેદ – અનંત–ગુણ હો, (પણ જ્ઞાનની પ્રધાનતાથી કથન છે). પણ લિંગ નામ ગુણ એ જેનામાં નથી. આહા...હા ! એટલે અંદર સામાન્ય દ્રવ્યને જ્યાં લક્ષ કરવા જાય છે. ત્યાં ભેદ રહેતો નથી; કે આ ગુણ અને ગુણી – એવો ભેદ રહેતો નથી. આહા...હા ! સમજાય છે કાંઈ ? મુદ્દાની રકમની વાત છે આ તો.

ભાઈ ! મુદ્દાની રકમની વાત, પૈસાની છે એ વાત અહીં નથી. પ્રભુ કહે છે કે, ધર્મ પામવો હોય, સમ્યક્દર્શન (પામવું હોય), આહા...હા ! એને સમ્યક્દર્શન ધર્મની પહેલી સીઢી, મોક્ષમહેલની પહેલી શ્રેણી, (ચઢવી હોય એને માટે વાત છે). આહા...હા ! એ દેવ–ગુરુ–શાસ્ત્રના નિમિત્તથી સમ્યક્દર્શન ન થાય. આહા...હા ! તેમ એની ભક્તિ કરવાનો જે ભાવ, એનાથી પણ ન થાય. નિમિત્તથી તો નહિ પણ બીજા મહાવ્રત આદિ(ના વિકલ્પ) એનાથી પણ સમ્યક્દર્શન ન થાય. આહા...હા ! એનાથી તો ન થાય, પણ લિંગ આ વસ્તુ– અભેદ ચિદાનંદ સામાન્ય

એના ગુણ ભેદ વિશેષ જેમાં નથી. એ ગુણ ને ગુણીમાં ગુણનો ભેદ એમાં નથી. ઝીણી વાત છે ભાઈ, આ તો.

અત્યારે તો હજી શુભયોગમાં અટક્યા છે. હેં ! શું થાય ? અને લખાણ પણ એવું આવે – કોઈ સમજાવો. સમજાવો અમને, આપણો વાત્સલ્ય ધર્મ છે. પણ એ એકે વાત સમજશે નહીં. વ્યવહાર ને વ્રત–તપ–ભક્તિ–પૂજા એ કરો તો કંઈ ધર્મ છે. અને ધર્મનું કારણ છે. એ નથી માનતા એમને સમજાવો. આ તમે શું કરો છો ? ભાઈ !

આહા...હા ! અહીં તો વ્રત–તપ–ભક્તિ–પૂજાના ભાવ શુભભાવ છે. એ ધર્મીને પણ આવે. સ્વરૂપની દૃષ્ટિ અભેદની થઈ છતાં, જ્યાં સુધી પર્યાયમાં વીતરાગતા ન થાય ત્યારે અશુભથી બચવા અથવા તે તે ભૂમિકામાં તે તે કાળે એવો શુભભાવ આવે પણ એ ચાહે શુભભાવ (હો) તો (પણ) દોષ છે. દોષથી આત્માની પવિત્રતા પ્રગટે એમ તો નથી. આહા...હા !

પણ હવે ભગવાન અંદર, અંદરમાં રાગ આવી ગયો. કહે છે રાગ–દ્વેષ રહિત ભગવાન પૂર્ણાનંદનો નાથ ! પ્રભુ ! એક સમયમાં સામાન્ય જે અભેદ એકરૂપ દ્રવ્ય ધ્રુવ એની દૃષ્ટિ કરવા માટે ગુણ એટલે લિંગ એવું ગ્રહણ જેને નથી. આહા...હા !

હવે કહે છે કે, આ તો મારગ વીતરાગનો અને તે પણ જિન સ્વરૂપે જ છે પ્રભુ ! એ જિનસ્વરૂપની દૃષ્ટિ કરવા માટે ગુણ–ગુણીના ભેદની પણ ત્યાં આગળ આવશ્યકતા નથી. આવી વાતું છે આ. પ્રભુ એ આત્મા અંદર એક સમયમાં અનંત ગુણનો દરિયો છે.

આમાં ધ્યાન રાખો જરી પુસ્તકમાં. શેનો અર્થ થાય છે ? આહા...હા ! આવી વાત છે. પ્રભુ શું કરીએ ! અહીં કહે છે કે... લિંગ એટલે ગુણ. ગુણ એટલે એકલું જ્ઞાન ન લેવું. બધા ગુણ (લેવા) એમ, લિંગ એવું જે ગ્રહણ, એટલે કે અર્થાવબોધ, એટલે કે ગુણીનો ગુણ. જિનેન્દ્ર ભગવાનના ગુણ ચાહે તો જ્ઞાન–આનંદ–શાંતિ–શ્રદ્ધા આદિ જે ગુણ ભેદ, એ બધાએ જેનામાં નથી. અભેદની દૃષ્ટિ કરતાં ત્યાં ભેદ દેખાતો નથી. અને જ્યાં અભેદ દેખાય છે, ત્યાં ભેદદૃષ્ટિ થતી નથી. આહા...હા ! આવી વાત છે. પ્રભુ ! મારગડા જુદા છે, ભાઈ !

ત્રિલોકનાથ તીર્થંકરદેવ, સો ઇન્દ્રો ને ગણધરો ને સિંહ ને વાઘની સભામાં પરમાત્મા આમ કહેતા હતા. આહા...હા ! પ્રભુ ! એ શુભરાગથી સમ્યક્‌દર્શન ન થાય. પણ ગુણગુણીના ભેદથી પણ સમ્યક્‌દર્શન ન થાય. આહા...હા ! એ ભગવાન અંદર બિરાજે છે. પ્રભુ ! એકરૂપ સામાન્ય ધ્રુવ નિત્ય છે. આહા...હા ! એના જેટલા ગુણ (છે), એના ગુણ, જ્ઞાન–દર્શન એ પણ અંદર નિત્ય છે. છતાં એ ગુણ અને ગુણી ઉપર લક્ષ જતાં (વિકલ્પ ઊઠે છે). લિંગ એટલે કે ગુણ – એ લિંગ આત્મામાં છે નહિ. આહા...હા ! એ ગુણ નથી. જુઓ તો, એ જ આવ્યું ને ભાઈ ! ('સમયસાર') સાતમી ગાથામાં આવ્યું હતું. આહા...!

વિષય યાદ આવ્યો. વ્યવહારનય તે નિશ્ચયનય ને એ તો ભેદનું લક્ષ છે ને પ્રભુ ! લિંગ એટલે કે ગુણ એટલે કે ગુણીના અનંત ગુણ. નામ ભલે 'અર્થાવબોધ' શબ્દ વાપર્યો છે, પણ કહેવું છે આ. સમજાણું કાંઈ ? લિંગ એટલે ગુણ. અલિંગ એટલે એ લિંગ જેમાં નથી, તે અલિંગ. આહા...હા ! એને અલિંગગ્રહણ કહે છે. જેમાં ગુણ નથી.

આહા...હા ! એટલે કે સામાન્ય વસ્તુમાં વિશેષ નથી. આહા....હા ! શુભ રાગ તો નથી, નિમિત્ત તો નથી. આવી વાત. વીતરાગનો મારગ છે પ્રભુ ! અરેરે ! વીતરાગની સભામાં તો આમ ચાલે છે આહા...હા !

અત્યારે તો એને છોડીને બહુ (ચાલ્યું છે) વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ને દાન ને દયા ને મંદિરો બનાવવા ને એ બધા શુભભાવને એનાથી નિશ્ચય નિર્વિકલ્પ સમાધિ ને શાંતિ થશે. અરરર...! પ્રભુ તું શું કહે છે ? નિર્વિકલ્પ સમ્યક્દર્શન, સમાધિ નવ્ય શાંતિ, સમ્યક્દર્શનમાં સાથે આનંદ છે, સાથે અકષાયના પરિણમનનો અંશ છે. આહા...હા !

એ સમ્યક્દર્શન ને સમ્યક્શાંતિ, એ ગુણીના ગુણના ભેદના વિચારમાં જઈશ તો એ સમ્યક્દર્શન નહિ થાય. આહા...હા ! એટલે કે લિંગ જે ગુણ છે. એમ જે છે એ વિશેષ થયું છે ! ગુણ એવું જે ગ્રહણ એટલે કે 'અર્થાવબોધ' એટલે કે પદાર્થનું જ્ઞાન. અર્થ નામ પદાર્થ (અને) એના ગુણો.

આહા...હા ! 'અર્થાવબોધ' શબ્દ પડ્યો છે. છે ! અર્થ. પદાર્થ નામ ગુણો, અર્થ નામ પદાર્થના ગુણો – ગુણ. પદાર્થના ગુણ, લિંગ નામ ગુણ એમ લેવું. સમજાણું કાંઈ ? છેલ્લે એ શબ્દ લેશે. જ્ઞાનની પ્રધાનતાથી કથન કર્યું છે ને ! આ તો ધીરાના કામ છે, ભાઈ ! ઉતાવળે આંબો ન પાકે.

અહીંયાં તો, કેરી એટલે આંબો પાકે, ગુણોથી આંબો વાવ્યો હોય એટલે તરત કેરી; એમ આત્માનું જ્ઞાન થાય એટલે તરત કેવળજ્ઞાન થાય, એમ નથી. કહે છે કે, એ પૂર્ણ જ્ઞાન ને શ્રદ્ધા એટલે ત્રિકાળી જ્ઞાન સ્વરૂપ જે ભગવાન – અનંત ગુણનો ધણી. આહા...હા ! એની દૃષ્ટિમાં (એ) ભેદ ભાસે છે. સમ્યક્દૃષ્ટિની દૃષ્ટિમાં અભેદ ભાસે છે.

આ ગુણ છે ને ! આ આનંદ ગુણ છે, ગુણ છે ને. લિંગ ગુણ છે. શાંતિ ને ચારિત્ર ગુણ છે. એવો જેમાં ભેદ નથી એવું લિંગનું ગ્રહણ જેના સ્વરૂપમાં નથી. આહા...હા ! વ્યવહારથી એ તો ગુણભેદ છે સાતમી ગાથામાં આવે છે. દર્શન–જ્ઞાન–ચારિત્રના ભેદ પાડવા એ જ્ઞાનીને નથી. એમ ત્યાં કહ્યું. એક જણ કહે – ત્યારે જ્ઞાનીને દર્શન–જ્ઞાન–ચારિત્ર નથી. તો અજ્ઞાનીને છે ?! એમ કહેતો હતો.

અરે પ્રભુ ! શું કહે છે ? સ્થાનકવાસીએ વાંચ્યું. ખબર ન મળે લોકોને. જ્ઞાનીને દર્શન–જ્ઞાન–ચારિત્ર નથી. નથી આવતું એમાં ? આવે છે એમાં ! કઈ અપેક્ષાએ કહે છે ? સાંભળને ભાઈ. ધર્મીની દૃષ્ટિ ગુણ–ગુણીના ગુણ–ઉપર નથી. (અર્થાત્ ભેદ ઉપર નથી). આહા...હા ! આખો અભેદ (દૃષ્ટિમાં છે). અનંત ગુણો અભેદ રૂપે પડ્યા છે. એ ભેદ (દૃષ્ટિમાં) નથી. આહા...હા !

આ ગુણ છે ને આ ગુણી છે. એવા લિંગનો જેમાં અભાવ છે. ગુણીમાં ગુણ નામ લિંગનો જેમાં અભાવ છે. સાતમી ગાથામાં એમ આવ્યું છે. વ્યવહારથી જ્ઞાનીને જ્ઞાન, દર્શન, ચારિત્ર હોય છે. નિશ્ચયથી જ્ઞાનીને જ્ઞાન–દર્શન છે જ નહિ. એટલે પર્યાય ઉપર લક્ષ જાય ત્યારે જ્ઞાન–દર્શન–ચારિત્રને જાણે છે.

પણ વસ્તુની દૃષ્ટિએ જોતાં એવા ગુણભેદ દૃષ્ટિના વિષયમાં નથી. દૃષ્ટિના વિષયમાં, દૃષ્ટિના

જોરમાં સામાન્યમાં વિશેષ નથી. એટલે વિશેષ એવો જે ગુણ એટલે એનું જે ગ્રહણ – સામાન્યમાં તે ગ્રહણ નથી. આહા...હા ! આવી વાતો છે.

જેને સમ્યક્દર્શન, ધર્મની પહેલી સીઢી પ્રગટ કરવી હોય એને વિશેષ સામાન્યમાં નથી – એની દૃષ્ટિ કરતાં તેને સમ્યક્દર્શન થાય છે. કહો આવી વાત છે.

જુઓ આજ રવિવાર છે. શશીભાઈ ! ભાવનગરથી આવ્યા છે ને ! જયંતિભાઈ નથી આવ્યા આજ ? 'તાવ આવે છે.' નહિતર આવે બિચારા. આહા...હા ! આ ત્રણ બોલ તો અલૌકિક છે. ૧૮--૧૯--૨૦ (બોલ) ભાગ્યશાળી હોય તેને તો કાને પડે એવી વાત છે. આહા...હા ! દેવ–ગુરુ–શાસ્ત્રની ભક્તિ, એ ભક્તિ તો રાગ છે.

આહા...હા ! એની વાત તો અહીં છોડી દીધી. એ વાત તો તદ્દન દૂર રહી ગઈ. આહા...હા ! પણ ભગવાન આત્મા અનંત અનંત ગુણનો પિંડ પ્રભુ ! એના અભેદમાં ગુણ છે ખરા, પણ એ ગુણ અને ગુણી એવા બે વિચાર કરવા જાય તો તેને સમ્યક્દર્શન ન થાય. રાગ થશે, તને પુણ્યનો બંધ થશે. આહા...હા ! બંધના આશ્રયે સમ્યક્દર્શનના અબંધ પરિણામ થવા જોઈએ, એ નહિ થાય.

આહા...હા ! ગુણ–ગુણીનું જગતને કઠણ પડે. ને હજી તો ત્યાં અટક્યા. વ્યવહાર વ્રત ને તપને, આ મુનિપણું બધા પાળે છે, સમ્યક્દર્શન વિના માને કે એનાથી અમને ધર્મ થશે. નિશ્ચય થશે. પ્રભુ ! બહુ આકરી વાત ભાઈ ! આહા...હા !

ગુણ જે અનંત ગુણનો પિંડ પ્રભુ ! એના લિંગ વિશેષ (ઉપર) લક્ષ જતાં તને સમ્યક્દર્શન નહિ થાય. વિકલ્પ ઊઠશે. (અને તેનાથી) મને લાભ થશે (એમ માનીશ તો) મિથ્યાત્વ થશે. આહા...હા ! શું કીધું ? લિંગ નામ ગુણ છે, આનંદ છે. આનંદ નામનો ગુણ છે. આ આત્મા છે, (એમાં) આનંદ નામનો ગુણ છે. ભેદ ઉપરથી એવો વિકલ્પ ઊઠશે અને એમાંથી મને લાભ થશે. એમ માને તો તને મિથ્યાત્વ થશે.

આહા...હા ! અંદર ભગવાન જે બિરાજે છે. એના અંતરમાં રહેલા ગુણો છે. પણ લિંગ નામ ગુણ એવા બે ભેદ પાડીને ઊભો રહે છે. તું રાગમાં ઊભો છે. એ અભેદમાં નથી ગયો. આવી વાતો છે. કોઈને બેસે ન બેસે. આહા...હા !

ત્યારે કોઈ કહેતું હતું કે, શુભ ઉપયોગથી શુદ્ધ ઉપયોગ થાય. અહીં તો કહે છે કે, ભેદના લક્ષે રાગ થાય, ભેદના લક્ષે અભેદ ન થાય. છે એમાં ? લિંગ એટલે ગુણ. લિંગ નામ ગુણ, ગુણી આખો, એનું જે ગ્રહણ એટલે કે પદાર્થના ગુણો. પદાર્થ અને પદાર્થના ગુણો તે જેને નથી. પદાર્થમાં ગુણ નથી. આહા...હા !

સામાન્યમાં, ગુણભેદ – વિશેષ નથી એમ કહેવું છે. સમજાણું કાંઈ ? અર્થાવબોધ જેમાં નથી. ગુણ એવું જે લિંગ એવું જે અર્થાવબોધ. પદાર્થ નામ ગુણ એવું જેમાં નથી. એટલે કે આત્મામાં નથી. આહા...હા ! કેમકે ગુણ અનંતગુણનું એકરૂપ જ્યાં દૃષ્ટિ કરવા જાય છે ત્યાં લિંગ નામ ગુણનો ભેદ દૃષ્ટિમાં રહેતો નથી. આહા...હા !

ગુણ નામ લિંગ જ્ઞાન છે, દર્શન છે, એ તો અભેદ છે. પણ વસ્તુ તરીકે અંદર અભેદ

જોતાં તે ગુણ અને ગુણી એવા ભેદ રહેતા નથી. પર્યાયને અંતરમાં વાળતાં લિંગ નામ ગુણનો દૃષ્ટિમાં (ભેદ) રહેતો નથી. આહા...હા ! આમ છે. હજી અહીં તો ધર્મની પહેલી ભૂમિકાની વાત છે.

ચારિત્રમાં સ્થિરતા આદિની તો અલૌકિક વાતો (છે). વસ્તુ, અભેદ, એકાકાર છે. એની દૃષ્ટિમાં જ્યારે અભેદ આવે પછી એમાં સ્થિરતા થવી એ ચારિત્ર છે. ચારિત્ર એટલે આ વ્રત ને તપના વિકલ્પ છે, એ ચારિત્ર નથી. આહા...હા ! એતો આપણે ૧૭મા બોલમાં આવી ગયું. **'લિંગોનું એટલે કે ધર્મ ચિહ્નોનું ગ્રહણ જેને નથી તે અલિંગગ્રહણ છે. એ રીતે આત્માને બહિરંગ (બાહ્ય) યતિલિંગોનો અભાવ છે.'** મુનિપણામાં પંચમહાવ્રતાદિનો જે વિકલ્પ ઊઠ્યો, ૨૮ મૂળગુણ, દેવ–ગુરુ–શાસ્ત્રની ભક્તિ, વિનય (એ) યતિ લિંગોનો (અભાવ છે). બાહ્ય (આચરણ) એ સ્વરૂપમાં નથી, એ તો પહેલાં કહ્યું.

મુનિને વ્યવહાર ક્રિયાકાંડના (જે) ભાવ કહેવાય, એ બધા ભાવો જેમના સ્વરૂપમાં નથી. આહા...હા ! એ તો બધા વિકલ્પના ભાવ–ભેદના ભાવ છે. એ કાંઈ સ્વરૂપમાં નથી. અહીંયાં તો, ત્યાં સુધી વાત લઈ ગયા કે લિંગ એટલે ગુણ એ પણ સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ ?

અહીં તો હજી મુનિને પંચમહાવ્રત, સમિતિ, ગુપ્તિ, વ્યવહાર એ બધો ભાવ લીધો, એ ભાવ વસ્તુમાં નથી. વસ્તુ જે જ્ઞાયક જ્યોતિ પ્રભુ છે. એ (શુભભાવ) વડે એ પમાતો નથી. એ વસ્તુમાં એ નથી. આહા...હા ! સમજાણું કાંઈ ? ત્યાં તો હજી મહાવ્રતાદિના શુભભાવમાં રોકાઈ ગયો. એ વસ્તુમાં નથી. છતાં ત્યાંથી મને આનંદ પ્રાપ્ત થશે. (એમ માને છે એ મિથ્યાત્વ છે).

આહા...હા ! આકરું કામ છે. અહીંયાં તો હજી, તેથી આગળ કીધું કે, પ્રભુ વસ્તુ જે દ્રવ્ય છે, સામાન્ય છે, ધ્રુવ છે, નિત્ય છે, અભેદ છે, શુદ્ધરૂપે ત્રિકાળ છે. (એમાં ગુણભેદ નથી). શુદ્ધભાવ અધિકારમાં આવે છે. ને શુદ્ધભાવમાં પર્યાય નથી. ત્યાં નિયમસાર શુદ્ધભાવ અધિકાર(માં આવે છે). શુદ્ધભાવ ત્રિકાળ છે. પર્યાયની વાત ત્યાં નથી.

આહા...હા ! ત્રિકાળી શુદ્ધભાવ રૂપ વસ્તુ જે છે. એમાં ગુણો એટલે લિંગ છે. તે અલિંગગ્રહણ છે, ને ! લિંગ નામ ભેદ નામ ગુણ એ 'અ' (અર્થાત્) નથી. ગ્રહણ એટલે તેમાં એ નથી. લિંગ એટલે ગુણ એવું જે ગ્રહણ એટલે જેને નથી. 'અ' પછી આવ્યો. લિંગ એનું ગ્રહણ જેમાં નથી. આહા...હા !

સમજાણું કાંઈ ? આ તો હરખ જમણ છે. સમજો છો શેઠ ? પ્રીતિભોજન. લગ્ન કર્યા પછી પ્રીતિ ભોજન આપે છે. વધારે પૈસાવાળા હોય એ (આપે છે) અમારા વખતમાં પહેલાં નવ ટંક હતા. (જાન) ત્રણ દિવસ રોકાય. નવ ટંક (જમણ) તો માંડવાવાળા (કન્યાપક્ષવાળા) અને પછી એક દસમો ટંક (જમણ) વરરાજા તરફથી (હોય). અત્યારે તો સાંજે લગ્ન કરે ને તરત પાછા. વખત ક્યાં છે ? અમારા ગામમાં તો લગનમાં (મહેમાન) આવે તે મહિનો રોકાય.

અત્યારે મુંબઈમાં તો ચાર વાગે લગન કરીને, છ વાગે જમાડીને પછી રજા આપી દે. આહા...હા ! જમાડવાનું પાછું. વીશીમાં – હોટલમાં, ઘરે નહિ. મુંબઈમાં બધું જોયું છે, ને. અહીં તો કહે છે કે આ ચૈતન્યનો અનુભવ થવો તે ભોજન છે. એ હરખભોજન છે. આહા...હા !

એ કેમ થાય ? કે લિંગ ભગવાન અનંત ગુણનો પિંડ છે. એ ઉપર દૃષ્ટિ પડતાં અભેદમાં જે આનંદની દશાનું વેદન થાય (એ પ્રીતિ ભોજન છે). આહા...હા !

જેમાં અનંતકાળે નહિ કરેલી (અનુભવેલી) એવી શાંતિ એમાંથી આવે એ શાંતિ અને આનંદનું વેદન દ્રવ્યના આશ્રયે થાય. ગુણભેદના આશ્રયે આનંદનું વેદન આવે નહિ. રાગનું વેદન આવે. કહે છે... આહા...! સમકિત વિનાના, આતમજ્ઞાન વિનાના વ્રત (બધાં નકામાં છે). આનંદઘનજીમાં આવે છે ને સવારમાં જરી... 'આતમજ્ઞાની સ્વયં કહાવે બાકી તો દ્રવ્યલિંગી' આહા...હા !

એ શ્વેતાંબરમાં આનંદઘનજી એમ કહી ગયા. આત્મજ્ઞાન. એ આતમજ્ઞાન એટલે, અભેદ ઉપર દૃષ્ટિ કરતાં જે આત્માનું જ્ઞાન (થાય તે આતમ જ્ઞાન). તેમાં એમ નથી કહ્યું કે નિમિત્તનું જ્ઞાન, રાગનું જ્ઞાન, પર્યાયનું જ્ઞાન, લિંગ નામ ગુણ લિંગનું જ્ઞાન. સમજાણું કાંઈ ? છે ? આતમજ્ઞાન. આત્માનો ધ્રુવ વસ્તુ છે. આહા...હા ! આકરી વાતું છે. આકરું પડે એવું છે. એને ખબર બહાર (અજાણી) આ વાત છે.

આહા...હા ! આખો દિ' વ્રત–તપ ને ઉપધાન કરે છે ને સવારથી સાંજ સુધી ભગવાનને ખમાસણા દે. એક ટંક ખાય. પંદર પંદર જાતની મીઠાઈઓ કરે. ઢોકળાં ને ઢોકળી ને ફલાણું ને, એક ટંક ખાય એમાં કેટલું...! કાંઈ ભાન નથી. ભાન તો, વસ્તુના ભાન વિના (બધું નકામું છે). પ્રભુ ! એ તો બધી રાગની ક્રિયા છે. ભાઈ ! એ શુભરાગ છે. કરો તો કરો. માન માટે, બીજાને દેખાડવા માટે મેં ઉપધાન કર્યા ને મને લોકો તપસી માનશે. અમે કાંઈ કલ્યાણ કરીએ છીએ, એવા ભાવ તો મિથ્યાત્વના ભાવ છે. આહા...હા ! આકરું કામ બહુ ભાઈ ! એને તો અહીં સંભાર્યાય નથી.

અહીં તો ગુણ (લીધા છે). એમાં ગુણ છે. ભગવાન આત્મા એક વસ્તુ છે. એમાં અનંત ગુણ છે. ૪૭ શક્તિ નથી ? એમાં આવી ગઈ છે. એવી તો અનંત શક્તિઓ છે. શક્તિવાન ભગવાન તો એકરૂપે છે. પણ એમાં ગુણ તો અનંત શક્તિ છે. એટલે અનંત ગુણ છે એવા અનંત ગુણને લિંગ કહી, અનંત ગુણના ભેદને લિંગ કહી તે લિંગ જેમાં ભેદ–વિશેષ જેમાં નથી, એવો આત્મા તેને અહીંયાં અભેદ આત્મા સમ્યક્દર્શનનો વિષય કહે છે.

આહા...હા ! ક્યાં નવરાશ ન મળે... ભાઈ ! મારગ તો આ છે. નિજ સત્તા પૂરણ ધ્રુવ ત્યાં તે પંથે જા. આહા...હા ! અને એનો આશ્રય લે. ('સમયસાર') અગિયારમી ગાથામાં એ આવ્યું છે ને. '**भूदत्थमस्सिदो खलु**' ત્યાં એમ નથી કહ્યું કે, લિંગ ગુણનો આશ્રય કરો તો સમ્યક્દર્શન થાય, એમ નથી કહ્યું.

અગિયારમી ગાથા ('સમયસાર') '**भूदत्थमस्सिदो खलु**' ભૂતાર્થ, સત્યાર્થ, એકરૂપ વસ્તુ ત્રિકાળના આશ્રય, સમ્યક્દર્શન થાય. આ તો સંતોની વાણી છે. એનો આશ્રય કરે ત્યારે (થાય). ભેદનો આશ્રય (કરે) ત્યારે સમકિત થાય, (તેની) ના પાડે છે. તેમ વ્યવહાર દયા–દાન–વ્રતના પરિણામ ઊઠે તેનો આશ્રય કરે તો સમકિત થાય, એની પણ (ના પાડે છે). એને (પણ) છોડીને, સ્વની દૃષ્ટિ કરે તો શુદ્ધ ઉપયોગ થાય. એમ ભેદને પણ છોડીને અભેદ ઉપર દૃષ્ટિ કરે તો અંદર શુદ્ધ ઉપયોગથી સમ્યક્દર્શન થાય. આહા...હા ! સમજાણું કાંઈ ?

આકરી વાત ! છોકરાઓને બહારના ભણતર હોય. બચારાને. આ લંડન ગયા ને આ અમેરિકા ગયા. એવા ઘણાં અહીં આવે (છે). અમેરિકા–ઇંગ્લેંડવાળા (ઘણા આવે છે) ઓહોહો... શું હશે ? એવા બધા આવે ને કહે છે મહારાજ પાસે માંગલિક સાંભળીને જઈએ તો, પૈસા ખૂબ થાય. પચીસ–પચીસ હજાર મહિને પેદા થાય.

અરેરે ! આવા પાગલ જેવા માણસ છે. કોની સાથે (વાત) કરું છું ? અને કેવી રીતે કહું છું ? એની ખબર ન મળે. આહા...હા !

અહીં તો પરમાત્મા એમ કહે છે, પ્રભુ ! આહા...હા ! તારો નાથ જે વસ્તુ એમાં રહેલા ગુણ એ પણ વિશેષ કહેવામાં આવ્યા. લિંગ નામ ગુણ જે વિશેષ ભેદ પડ્યો. એ વિશેષ જે લિંગ એ જેનામાં નથી. આહા...હા ! આ તો મુદ્દાની રકમ છે ને ભાઈ ! આહા...હા ! એ અત્યારે જ એનું સ્વરૂપ એવું છે; ભેદ પણ એમાં નથી. આહા...હા ! એ તો છે પ્રભુ ! પૂર્ણાનંદનો નાથ ! એની દૃષ્ટિ કરવામાં ભેદનો આશ્રય કરવા જેવો નથી.

પછી ત્યાં, શુભભાવનો આશ્રય કરે ને એને સમ્યક્દર્શન થાય, નિર્વિકલ્પ સમાધિ થાય (એ મિથ્યાત્વ છે). અરે ! ભગવાન બાપુ ! અરેરે !!! બાહ્યમાં કેટલો કાળ ગાળ્યો ? બાપુ ! ભૂલી ગયો છે તું. આહા...હા ! એ નરકમાં અનંતકાળ ગાળ્યો ભાઈ ! કાલે પેલા બેન આવ્યા હતા ને, તેને દેખીને ઘણા વિચાર આવતા હતા. અરે ! બિચારી દીકરી નાની ઉંમરની – તેર વર્ષની, આહા...હા ! મેં તો કહ્યું, અરરર....! આવા આવા દુઃખ, એ પૂર્વે અનંતવાર ભોગવ્યા બાપુ ! એ નરકના (દુઃખ અનંતવાર ભોગવ્યા).

તું ભગવાન છો, તું ભગવાન છો ! એમ કહે હોં ! પણ તેં તને ભાવ્યો નહિ. આહા...હા ! એની વર્તમાન પર્યાયની સમીપમાં પડ્યો છે. પર્યાય એક સમયની છે. તે સમયને એક સમય કહેવાય છે. અને અહીં એ કાયમ રહેનારી (વસ્તુની) વાત છે. આહા...હા ! એવા ધ્રુવ તત્ત્વને સામાન્યનું લક્ષ કરાવવા અને સામાન્ય ઉપર લક્ષ જતાં તેને સમ્યક્દર્શન થાય. માટે તેને લિંગ–ભેદમાં ગણી એ લિંગ જેનામાં નથી – એ ભેદ જેનામાં નથી. આહા...હા ! આવો અર્થ કાઢ્યો છે.

વસ્તુ સ્વરૂપ ઘણું ઝીણું છે. આહા...હા ! પ્રભુ ! તને શું કહીએ ? તારી અભેદ ચીજને પ્રભુ, એ માન આપતો નથી. અને બીજી ચીજને માન આપીને તેં, ગુણ–ગુણીને પણ અધિક ગણ્યો. તો તને ગુણીનું અભેદનું માહાત્મ્ય નહિ આવે. સમજાણું કાંઈ ? આહા...હા ! કે પૈસાથી હું મોટો છું. બાયડી છોકરાથી મોટો છું. અમારી બાયડી તો દીવાનની દીકરી છે એના એને પહોરા ચડે. આહા...હા ! અમારા ઘરે બૈરા છે. તેના બાપ અબજોપતિ છે. શું પણ, તને એમાં શું છે ?

આહા...હા ! અહીં તો આત્મા અનંત ગુણવાળો છે. એ પણ કામ નહિ કરે (એમ) કહે છે. આહા...હા ! સમજાણું કાંઈ ? વખત તો થવા આવ્યો. લિંગ નામ ગ્રહણ એટલે અર્થાવબોધ પદાર્થનું – ગુણીનો ગુણ એ જેમાં નથી. ગુણીમાં ગુણ જેને નથી. આહા...હા ! જેને એટલે આત્માને, આત્મામાં ગુણભેદ નથી. આહા...હા ! એક શબ્દમાં સંતોએ કેટલું નાખ્યું છે !!

દિગંબર સંતો સિવાય આ વાત ક્યાંય છે નહિ. એમાં જન્મ્યા એને બિચારાને ખબર નહિ.

પચાસ, પચાસ, સાઠ સાઠ વર્ષ ગાળ્યા તોય (ખબર ન પડે)! આહા...હા ! તમે દિગંબર છો ને ! પહેલેથી... આહા...હા ! શું કહ્યું ? '**અર્થાવબોધ (પદાર્થ જ્ઞાન) જેને નથી (તે) અલિંગગ્રહણ છે.**'

આ રીતે, '**આત્મા ગુણ વિશેષથી...**' હવે એનો ખુલાસો (કરે છે). અર્થ પહેલાં કહ્યો. અર્થાવબોધ એમ લીધું હતું ને. એટલે ગુણ વિશેષ શબ્દમાં લઈ લીધું. અર્થાવબોધ જેને નથી. એમ કહ્યું. અર્થ–ગુણ જેમાં નથી. પદાર્થમાં, પદાર્થના ગુણ જે છે. એ પદાર્થમાં નથી. અર્થ છેલ્લે કરી નાખ્યો.

મારે એ કહેવું હતું, છેલ્લે. ગુણ એટલે '**ગુણવિશેષથી નહિ આલિંગિત એવું શુદ્ધ દ્રવ્ય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.**' આહા...હા ! સામાન્ય જે દ્રવ્ય છે. એ ગુણથી વિશેષ(થી) નહિ સ્પર્શેલું (એવું શુદ્ધ દ્રવ્ય છે). વળી ('સમયસાર') ત્રીજી ગાથામાં એમ કહે છે કે પોતાના ધર્મને ચુંબે છે. એ તો વસ્તુની સ્થિતિ બતાવે છે. ત્રીજી ગાથા ('સમયસાર') આત્મા પોતાના અનંત ગુણ અને પર્યાય, તેને ચુંબે છે. પણ પરને ચુંબતું નથી. એટલું સિદ્ધ કરવા એ વાત કરી.

સમજાણું કાંઈ ? અહીં તો એથી આગળ જરી લઈ દૃષ્ટિનો વિષય (બતાવવો છે) આહા...હા ! ગુણ–ગુણ વિશેષ છે ! '**આત્મા ગુણ વિશેષથી નહિ આલિંગિત...**' આત્મા ગુણોના વિશેષથી નહિ સ્પર્શાયેલો – એનું (ભેદનું) અવલંબન જેને નથી. આહા...હા !

હવે, અહીં તો હજી પરનું આલંબન ને પરનાં ચુંબનને એ તો અડ્યો'ય નથી. ને મફતનો માને છે. આ તો અંદર ગુણવિશેષને દ્રવ્ય સ્પર્શતું નથી. સમજાણું કાંઈ ?

'**નહિ આલિંગિત એવું શુદ્ધ દ્રવ્ય છે. એવા અર્થની પ્રાપ્તિ થાય છે.**' એ તો સિદ્ધ–ધ્રુવ–એકરૂપ વસ્તુ છે. એ સમ્યક્દર્શનનો વિષય (છે). તેને આત્મા કહેવામાં આવે છે.

વિશેષ કહેશે......

❀ ❀ ❀

અહો ! પરમ સત્યની આવી વાત કાને પડવી પણ ઘણી દુર્લભ છે. અનંતકાળે મનુષ્યપણામાં આવા મોંઘા ટાણાં મળ્યા છે ત્યારે પણ જો અપૂર્વ સત્ય સમજીને સ્વતંત્ર વસ્તુ સ્વભાવનું સામર્થ્ય ન સમજાય તો ચોરાશીના અવતારની રખડપટ્ટી ટળશે નહિ. માટે જે જીવ આ રખડપટ્ટીથી થાક્યો હોય તેને ધીરો થઈને અંતરમાં આ વાત સમજવા જેવી છે.

**પ્રવચન : ૧૯-૧૨-૧૯૭૭**

'પ્રવચનસાર' 'અલિંગગ્રહણ'(નો) ૧૮મો બોલ ચાલ્યો હતો. જ્યારે વસ્તુ છે. વસ્તુમાં ગુણ છે. વળી, વસ્તુ ત્રિકાળ છે. એના ગુણો પણ એમાં ત્રિકાળ છે. છતાં દ્રવ્યના ભેદની અપેક્ષાએ ગુણ વિશેષના પ્રકાર દ્રવ્યમાં નથી. આત્મામાં કર્મ નથી, શરીર નથી; અનંત પદાર્થો ભિન્ન ભિન્ન છે. દેવ–ગુરુ–શાસ્ત્ર (પણ) આત્મામાં નથી. બીજી જગ્યાએ કહે છે કે, આત્મામાં પાંચેય (પંચપરમેષ્ઠિ) પદ છે. પોતાના સ્વભાવની અપેક્ષા એ પાંચે પદ જે ભિન્ન છે એ આત્માના નથી.

પણ આત્માના સ્વભાવમાં અરિહંત પદનું સ્વરૂપ, સિદ્ધ આચાર્ય, ઉપાધ્યાય, સાધુ પાંચે પદનું સ્વરૂપ એનામાં છે. સમજાણું કાંઈ ! પણ અહીંયાં તો કહે છે કે પર, સ્ત્રી, કુટુંબ પરિવાર, આબરૂ તો નથી (ઉપરાંત) દેવ–ગુરુ–શાસ્ત્ર એમાં નથી. પણ જે વસ્તુ છે, એનો જે દૃષ્ટિનો (વિષય) – સમ્યક્‌દર્શનનો જે વિષય છે, એવું જે દ્રવ્ય એટલે પદાર્થ વસ્તુપણે છે; એ વસ્તુ ગુણના વિશેષના પ્રકારને સ્પર્શતી નથી. આહા...હા...!

અહીં તો હજી પરનું કરવું (અને) પરને સ્પર્શે છે એ વાત હજી ખસતી નથી. પરનું કરી શકાય છે, એક દ્રવ્ય બીજા દ્રવ્યને કરી શકે છે, એમાં મોટા વાંધા ઊઠ્યા છે. આહા...હા ! અહીં તો એમ કહે છે કે, પરદ્રવ્યને તો આત્મા કદી ચુંબતો નથી. શરીરને, કર્મને, સ્ત્રી–કુટુંબ પરિવારને (કે) જે બાહ્ય ચીજો છે, એને આત્મા કદી ચુંબતો નથી, અડતો નથી, સ્પર્શતો નથી. આહા...હા ! આ (એનામાં) ગુણ (ને) પર્યાય જે છે, એને ચુંબે છે એટલી વાત (છે). હવે ત્યાં તો વસ્તુની સ્થિતિ સિદ્ધ કરી ('સમયસાર' ૩જી ગાથામાં).

હવે વસ્તુ જે છે, ભગવાનઆત્મા, એવું જેનું એકરૂપ સામાન્ય સ્વરૂપ–અભેદ ધ્રુવ સ્વરૂપ છે; એ દ્રવ્ય સ્વભાવ ગુણભેદને સ્પર્શતો નથી. આહા...હા ! આવી વાતો છે. હવે આકરું પડે છે. હજી તકરાર (ચાલે છે). આ હમણાં જ આવ્યું હતું એક ઠેકાણે (કે) એકાંત છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ ન કરી શકે એ એકાંત છે. અરે પ્રભુ ! શું કહે છે ભાઈ ! એમ કહે (કે) અમારા સમકિતને – સુખને – ધર્મને આવરણ છે. તેથી અમને સમકિત, ને સુખ પ્રગટતું નથી. અરે ! પ્રભુ ! તું શું કહે છે આ ! આહા...હા ! એને કર્મના કારણે આત્મામાં સમકિતમાં ને સુખમાં આવરણ છે. ને વિપરીત દુઃખની દશા, એમાં અટક્યો છે, વિપરીત માન્યતાને (અને) માને છે, એ એને (કારણે) આવરણ છે). સમજાણું કાંઈ ? આહા...હા ! આવી વાત છે.

અહીંયાં તો વિશેષ વાત એ છે કે પ્રભુ ! જે આત્મા સામાન્ય છે, ધ્રુવ છે, નિત્ય છે, એકરૂપ જેનો સ્વભાવ છે. એના ગુણના ભેદને – વિશેષને તે દ્રવ્ય અડતું નથી. આહા...હા ! આલિંગન શબ્દ છે ને ? આલિંગન કરતું નથી. આહા...હા ! આ આંગળીને આ આંગળી અડતી નથી, એમ કહે છે. પહેલાં કહ્યું હતું સ્થૂળ વાત છે. એ તો સ્થૂળ રહ્યું. વીંછીનો ડંખ શરીરને

અડ્યો ય નથી.

કેમકે પરદ્રવ્ય છે. (શરીર છે) તે પરદ્રવ્યના (ડંખના) અભાવ સ્વરૂપ છે. માટે તેને અડતો નથી. આહા...હા ! એ તો એકબાજુ સ્થૂળ વાત રહી ગઈ. હવે અહીં તો સામાન્ય પ્રભુ, સદૃશતા એકરૂપે ધ્રુવ વસ્તુ જે છે, એના ગુણો છે. એમાં અભેદમાં ગુણ છે. પણ ભેદરૂપે એને સ્પર્શતો નથી. આહા...હા ! આવી વાત છે. પછી આ શરીર વિષય વખતે ઇન્દ્રિયને અડે છે, એ તો ક્યાંય રહી ગયું પ્રભુ ! એ વાત તો દૂર રહી ગઈ. મારગ (આવો છે).

ચમત્કારિક વસ્તુ છે. ચમત્કારિક પદાર્થ જ એવો છે. (કોઈ) કહે આમ કરે, (કોઈ) કહે કે આ (આને) અડ્યું છે (કોઈ) કહે પાણી અગ્નિને અડ્યું છે (તો) કહે ના. પણ (પાણી) ઊનું થયું છે ને ? ઊનું થયું છે (પણ) પાણી અડ્યું છે માટે ઊનું થયું નથી. આહા...હા ! એનો પોતાનો જ પર્યાય ઉષ્ણપણે થવાના કાળે પોતે ઉષ્ણ થાય છે. અગ્નિના કારણે નહિ. અગ્નિ તો તેને અડી (પણ) નથી. આહા...હા !

દુનિયામાં એટલે દ્વૈતપણામાં રહેવા જેવું નથી. દુનિયા એટલે દ્વૈત હોં ! આહા...હા ! એમાં છે ને ! ધર્મદાસના 'સમ્યક્‌જ્ઞાનદીપિકા'માં 'દુનિયામાં' શબ્દ છે દુનિયામાં બે ન્યાય છે. આમાં – પ્રભુના સ્વરૂપમાં એક જ ન્યાય છે. આવી વાતું છે. આહા...હા !

શું કહ્યું ? જુઓ. લિંગ એટલે ગુણ, આમાં ૧૮મા બોલમાં આવ્યું ને આપણે, એવું જે ગ્રહણ (તે જેને નથી). વીતરાગ સર્વજ્ઞ પરમાત્માની દિવ્યધ્વનિ ઇચ્છા વિના છૂટી. એ દિવ્યધ્વનિમાં એમ આવ્યું કે ભગવાન ! તું વસ્તુ છે ને પ્રભુ ! ભગવંત સ્વરૂપ તારું છે. આહા...હા ! એ એકરૂપે અભેદ છે. એ અભેદ (સ્વરૂપ) ભેદને સ્પર્શતું નથી. ગુણના ભેદને વિશેષને સ્પર્શતું નથી. આહા...હા ! આ તો વાત છે કંઈ હેં !

(દ્રવ્યને ગુણો સાથે) નિત્ય તાદાત્મ્ય સંબંધ છે. અને પર્યાય સાથે અનિત્ય તાદાત્મ્ય સંબંધ છે. છતાં દ્રવ્ય ને ગુણ એવો ભેદ પડ્યો એ વિશેષ છે. ભેદની અહીં વાત કરી. સમજાણું કાંઈ ? મારગ બાપા (આવો છે) ! ભગવાન તારું સ્વરૂપ જ અલૌકિક છે ! ચમત્કારિક વસ્તુ છે ! આહા...હા !

કહ્યું નહોતું તે દિ' ? પગ જમીનને અડતો નથી. એ પગ હાલે છે. અરે શું છે આ ?! જમીનને પગ અડતો જ નથી. કારણ કે પગનો આધાર તો એની પર્યાયના ગુણના આધારે એના પોતામાં છે. પોતાના આધારે એ હાલે છે ને ટકે છે. જમીનના આધારે પગ હાલતો જ નથી. આ તે કંઈ વાત છે ! એ દ્રવ્ય, ગુણ અને પર્યાય એવી જ કોઈ ચમત્કારિક ચીજ છે. એને એના જ્ઞાનમાં વાત બેસવી બહુ કઠણ (પડે તેમ છે) બાપુ !

આહા...હા ! કહે છે કે પરને અડતું નથી. એને તો એક કોર રાખો. આ તો એનામાં (વસ્તુમાં) દ્રવ્ય અને ગુણ એવા બે ભેદ છે. દ્રવ્યનું ના દ્રવ્ય. ગુણનું નામ ગુણ. દ્રવ્યનું લક્ષણ બીજું. ગુણનું લક્ષણ બીજું. દ્રવ્યનું પ્રયોજન બીજું. ગુણનું પ્રયોજન બીજું. આહા...હા ! સમજાણું કાંઈ ? આહા...હા ! ઝીણી વાત (છે) બાપા. એણે કોઈ દિ' (સાંભળવાની) દરકાર કરી નથી. હેરાન થઈને મરી ગયો છે.

અહીં તો પરમાત્મા એમ ફરમાવે છે કે, આત્મા વસ્તુ છે. એમાં અનંત ગુણો છે, પણ

તે વિશેષ છે. સામાન્ય છે તે એકરૂપ છે અને (ગુણોના) ભેદ પડ્યા વિશેષ, એ વિશેષ છે. એ વિશેષનું લક્ષ કરવા જશે તો એને રાગ ઉત્પન્ન થશે. આહા...હા ! પરનું લક્ષ કરવા જશે, ભગવાનનું લક્ષ કરવા જશે, તો એને રાગ જ થશે. ચાહે તો ત્રણ લોકના નાથ તીર્થંકર પરમાત્મા હો, પણ પરદ્રવ્ય ઉપર લક્ષ જશે તો એને રાગ જ થશે. શુભરાગ (થશે). એમ ભગવાન આત્મા અનંત ગુણનો પિંડ પ્રભુ ! (એમાં વિશેષનું લક્ષ કરશે તો રાગ થશે). આહા...હા ! એણે કે દિ' કાંઈ વિચાર્યું છે ? એને ગુણના ભેદનો, વિશેષનો (વિચાર કર્યો નથી). આહા...હા !

નયમાં લેશે. (ભેદને) જાણે, એમ નયમાં લેશે. ભેદરૂપ નય છે. વિકલ્પરૂપ નય છે. આવે છે. આના પછી આવશે. વિકલ્પરૂપ નય છે. અવિકલ્પરૂપ નય છે. એને જાણે. ભેદને (ભેદ જાણે) અભેદને અભેદ જાણે. એ જ્ઞાનના પ્રકારમાં એનું વર્ણન કરતાં ભેદનયનો પણ એક વિષય છે. અભેદનયનો વિષય છે અને ભેદ નયનો વિષય છે. આહા...હા ! નયમાં (આવશે). આ પૂરું થાય એટલે નય લેવાના છે.

'પ્રવચનસાર'માં ભગવાન પરમાત્મા એમ કહે છે કે આહા...હા ! અંદર તું શરીરને અડ્યો જ નથી. (અને) શરીર તને અડ્યું નથી. કર્મને તું અડ્યો નથી. કર્મ તને અડ્યાં નથી. આહા...હા ! ગજબ વાતો છે પ્રભુ આ તો ! પણ એ તો હજી (પરનું) આલિંગન નથી, એ તો એક કોર રહ્યું. પણ સામાન્ય જે ધ્રુવ છે (એ ગુણ ભેદને અડતું નથી). અરે ! સામાન્યની પણ ખબર ન મળે. દ્રવ્ય સ્વભાવ જે એકરૂપ અભેદ છે, એમાં ગુણનો ભેદ લક્ષમાં લેવો, એ ભેદ જેનામાં નથી. આહા...હા !

એ અખંડ દ્રવ્ય અભેદ, એ ભેદને અડતું પણ નથી. ભેદને ચુંબતું પણ નથી. ભેદને આલિંગન પણ કરતું નથી. ઝીણી વાતો બહુ બાપા ! દુનિયામાં ચોર્યાશીના અવતાર કરી કરીને બહારના ભાવમાં હેરાન થઈને મરી ગયો છે. અહીં જરી પ્રતિકૂળતા થોડી આવે (છે) ત્યાં રાડ નાખી જાય (છે) હેં ! અરે ! આંખે સૂઝતું નથી. કાને સંભળાતું નથી. પેટમાં ભાર લાગે છે. માથું ફરી જાય છે. ડાબા ને જમણા લમણામાં શૂળ આવે છે. શ્વાસ લેવાતો નથી. અરે ! એ પીડા તો બાપુ ! અનંતમા ભાગે છે ભાઈ ! એથી અનંતગુણી પીડા પ્રભુ ! તેં નરકમાં સહન કરી છે. પણ ભૂલી ગયો માણસ.

એ (પીડા) ક્યા કારણે (સહન કરી) (તો) કે મિથ્યાત્વના કારણે. ચારિત્રદોષના કારણે કોઈ ભવ પલટે. કોઈ સ્વર્ગ આદિમાં જવું પડે પણ આ મિથ્યાત્વના દોષને લઈને તો (પરિભ્રમણમાં રખડવું પડે છે). આહા...હા ! અનંત અનંત નરક અને નિગોદના ભવનું ગોદડું મિથ્યાત્વ છે. એને અહીંયાં પરમાત્મા એમ કહે છે કે, તું દ્રવ્ય છે ને પ્રભુ ! શુદ્ધ સ્વરૂપ વસ્તુ (છો). એમાં ગુણભેદની વિશેષતા (નથી). સામાન્ય દ્રવ્ય છે, આ સામાન્ય એટલે શું હશે ?

એકરૂપ ત્રિકાળી જે દ્રવ્ય છે. (એ સામાન્ય છે). એના જ્ઞેયમાં વિશેષમાં જે ભેદો છે. એ દ્રવ્ય ભેદને સ્પર્શતું નથી. અને ભેદને લક્ષ કરવા જાય તો રાગી પ્રાણી છે. માટે તેને રાગ થશે. આહા...હા ! ભગવાનનું લક્ષ કરવા જાય તોપણ રાગ જ થશે. આહા...હા ! દુઃખ થશે, એમ કહે છે. એમ પરમાત્મા (સ્વયં) એના ભેદનું લક્ષ કરવા જઈશ તો દુઃખ થશે તને. અરે !

આવી વાતું (છે).

જ્યાં વીંછી કરડે અને સર્પ કરડે અને દુઃખ છે ને, ત્યાં બાપુ ભેદનું લક્ષ (દુઃખદાયક છે). આહા...હા ! વસ્તુ અંદર ભગવાનઆત્મા એકરૂપ ચિદાનંદઘન એનામાં આ ગુણના ભેદનું આલિંગન નથી. અને વિશેષને ગુણ અને ગુણીના ભેદનું લક્ષ કરવા જઈશ (તો) પ્રભુ ! તું દુઃખી થઈશ. સમજાણું કાંઈ ? આવો મારગ છે. પણ એ અભેદમાં ભેદ નથી. એવા અભેદની દૃષ્ટિ કરવા જઈશ તો તને આનંદ આવશે.

ભાઈ ! આવી વાતું છે. મુંબઈમાં સાંભળ્યું પણ નથી. ધૂળ અને પૈસા કરી કરીને ક્યાંય મરી ગયો. આહા...હા ! જિનેન્દ્રદેવ, તેમનો પ્રરૂપેલો ધર્મ એ કોઈ અલૌકિક છે. કહે છે કે, વસ્તુ અનંતગુણનું એકરૂપ દ્રવ્ય (છે). અનંત ગુણનું દ્રવ્ય તો એકરૂપ છે. ગુણ અનેકરૂપ છે. એનું એકરૂપ દ્રવ્ય એ અનેકને સ્પર્શતું નથી. આહા...હા !

અનેક કહો કે વિશેષ કહો. ભગવાન ઝીણી વાત છે. પણ આ પરમ સત્ય છે. સુખના પંથે જવું હોય તો આ પંથ છે. આહા...હા ! નિમિત્તનું લક્ષ કરવા જઈશ, સ્ત્રી કુટુંબ ને પરિવારનું લક્ષ કરવા જઈશ તો તો પાપ થશે જ. આહા...હા ! પણ દેવ–ગુરુ–શાસ્ત્રનું લક્ષ કરવા જઈશ તો પુણ્ય ને રાગ ને દુઃખ થશે. એ તો ઠીક પણ ભગવાન સામાન્ય એકરૂપ છે. પ્રભુ ! એના ભેદનું લક્ષ કરવા જઈશ તો પ્રભુ દુઃખ થશે તને. આહા...હા !

આવી વાત છે. આહા...હા ! વીતરાગ પરમાત્મા જિનેશ્વદેવનો આ પોકાર છે. આહા...હા ! એટલું ભર્યું છે એમાં, કે પાર ન આવે. એક એક શબ્દની અંદર ગજબ કામ કર્યું છે. આહા...હા ! એકરૂપ અભેદ ચીજમાં ગુણના ભેદ (છે ખરા). અંદર ગુણ છે ખરા, પણ ભેદ કરવા જઈશ તો દુઃખી થઈશ. એ અભેદમાં દૃષ્ટિ કરીશ તો સુખી થઈશ. આહા...હા !

આમાં બહારના પૈસા, બે–પાંચ કરોડ ધૂળ ભેગી થઈને સુખી થયો. (એમ માને તે) મૂઢ છે. આહા...હા ! પદવી મોટી મળી હોય ને પચીસ–પચાસ હજારની મહિનાની. (આવક હોય અને માને કે અમે) મોટા થયા, ને મરી ગયા. મોટા ક્યાં થયા ? સાંભળને હવે. ભાઈ ! તને ખબર નથી. તારી ચીજ તો અંદર એકરૂપ ધ્રુવ... ધ્રુવ.... ધ્રુવ... ધ્રુવ સામાન્ય એકરૂપ ચાલી આવે છે.

ગમે તેટલી પર્યાય આવે પણ વસ્તુ તો સામાન્ય એકરૂપ ચાલી આવે છે. એ એકરૂપની દૃષ્ટિ કરતાં એનામાં ગુણ છે, તેના ભેદનું પણ લક્ષ છૂટી જાય છે. અને ભેદની ગુણની વિશેષતાનું લક્ષ છૂટતાં અભેદ ઉપર દૃષ્ટિ પડતાં તને આનંદનો સ્વાદ આવશે. ત્યારે તને ધર્મ થશે. એ અઢારમો બોલ તો થઈ ગયો છે. આજ થોડું વિશેષ કહેવાણું. એમાં નાખે એટલું નીકળે એટલી ચીજો ભરી છે.

આહા...હા ! ગુણ અનંત (પણ) વસ્તુ એક. એકમાં અનંતનું લક્ષ કરવા જઈશ (તો તને દુઃખ ઉત્પન્ન થશે). આહા...હા ! તારામાં પણ એકમાં અનેકનું લક્ષ કરવા જઈશ તો તને દુઃખ થશે, તને રાગ થશે. ભલે શુભરાગ હો.પણ એ શુભરાગ દુઃખ છે. આહા...હા ! સંતોએ ગજબ કામ કર્યાં છે !!

દિગંબર મુનિઓ એટલે આહા...હા ! પંચપરમેષ્ઠિમાં ભળેલા ભગવંતરૂપ (મુનિઓ). આહા...હા ! કુંદકુંદઆચાર્યે કહ્યું ને ? અરિહંતથી માંડીને અમારા ગુરુપર્યંત વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતા. આહા...હા ! એ (કાંઈ) રાગમાં ન હતા. નિમિત્તમાંય ન હતા. ભેદમાં ન હતા. ભાઈ ! ગજબ કામ કર્યાં છે ને !

ભગવાન અરિહંત પરમાત્મા તીર્થંકરદેવ એ અંદર વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતા. ત્યારથી માંડીને અમારા ગુરુ પર્યંત (બધા વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતા). આહા...હા ! પ્રભુ ! તમે બધું જાણી લીધું ? છદ્મસ્થ છે ને ! એ બધું ધારાવાહી (ચાલ્યું આવે છે). અમારા ગુરુ પર્યંત પણ (બધા) વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતા. એ મહાવ્રતમાં હતા ને, શરીરમાં હતા ને, પરની દયા પાળવામાં હતા એમ ના પાડી છે ત્યાં તો એ ગુણ ભેદમાં હતા એમે ય ના પાડી છે. હેં ! ગજબ કામ કર્યું છે ! પ્રભુ !

આહા...હા ! આ વાક્ય તો જુઓ ! ચારે કોરથી જુઓ તો સત્ય જ ઊભું થાય છે. એનું નામ સિદ્ધાંત કહેવાય. આહા...હા ! સમજાણું કાંઈ ? લ્યો. કેવળી ભગવાન ગુરુનો વિનય કરે તે તો પરદ્રવ્ય છે. વિનય કરે તો રાગ થાય. કેવળીને રાગ હોતો નથી. અહીં તો બીજું કહેવું છે. વિજ્ઞાનઘનમાં નિમગ્ન છે એમ કહેવું છે. કેવળજ્ઞાની પણ વિજ્ઞાનઘનમાં નિમગ્ન છે. ભાઈ ! તેથી ગુરુનો વિનય કરે એવું ત્યાં છે જ નહિ. આહા...હા ! વસ્તુ તો જુઓ વસ્તુ. ત્યારથી (અરિહંતથી) તે અમારા ગુરુ (પર્યંત) એ (બધા) વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતા. આહા...હા ! પર્યાય પણ ધ્રુવમાં–વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતી. આહા...હા !

જુઓ તો, સત્યના પ્રવાહ ! કોઈપણ ગાથાની કોઈપણ લીટી લ્યો તો યથાર્થ છે. આહા...હા ! સનાતન વસ્તુ જૈનદર્શન એની કોઈપણ કડીથી લ્યો. કોઈપણ શબ્દથી લ્યો (બધું યથાર્થ છે). આહા...હા ! જેમાં વીતરાગતા જ ઊભી થાય એવી એ ચીજ છે. અહીંયાં એ કહ્યું. આહા...હા !

અંદર ગુણી અને ગુણના ભેદમાં પણ આવવું જ્યાં રાગ છે. તો પછી કેવળી પોતાના છદ્મસ્થ ગુરુનો વિનય કરે અને પગે લાગે – આ ન્યાય આમાં મળતો નથી. આહા...હા ! અને અહીં તો કહ્યું છે કે, વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતા. કોણ ? કેવળી. એ વાણી બોલતા હતા ને ! એ નહિ. એ તો વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતા અને ત્યારથી અમારા ગુરુ પર્યંત(ની) પરંપરા ઠેઠથી હાલી આવે છે.

આહા...હા ! એ દિગંબર સંતો ભગવાનથી માંડીને અત્યાર સુધીના બધા વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતા. એણે અમને શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો. સમજાણું કાંઈ ? આ શુદ્ધની વાત ચાલે છે ને ! આમાં આવ્યું જુઓ. '**આત્મા ગુણવિશેષથી નહિ આલિંગિત એવું શુદ્ધ દ્રવ્ય છે.**' છેલ્લે શબ્દ એ આવ્યો. ગુણમાં લિંગ એટલે ગુણ. ગ્રહણ એટલે અર્થાવબોધ – એટલે પદાર્થનો ભાવ એ ગુણ ભાગ; એ જેને નથી. તે અલિંગગ્રહણ છે. એવી રીતે આત્મા ગુણવિશેષથી નહિ સ્પર્શેલું એવું શુદ્ધરૂપ છે. આહા...હા ! બે વાત થઈ.

હવે ઓગણીસ (લઈએ). અડધો કલાક થયો એમાં (૧૮માં) કાલે એક કલાક ચાલ્યું હતું. આ તો પાર નથી. ૧૮--૧૯--૨૦ આ ત્રણ બોલ એવા છે. આહા...હા ! ભાગ્યવાનને તો કાને

પડે એવી વાત છે. ત્રિલોકનાથ તીર્થંકર દેવનો પ્રવાહ જે છે એ આ વાણી(નો) પ્રવાહ છે. આહા...હા !

**'હવે ૧૯ લિંગ એટલે પર્યાય. તે જેને નથી તે અલિંગ ગ્રહણ છે.' એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ વિશેષ.'** વાત તો એ લેશે કે પદાર્થ નામ બોધવિશેષ; પણ આમાં પર્યાય વિશેષ (છે). જેટલો પદાર્થ–આત્મા છે તેટલી પર્યાય–વિશેષ આત્માની છે. એટલે અર્થાવબોધ એટલે જ્ઞાનની જ પર્યાય એમ નહિ. સમજાણું કાંઈ ? આહા...હા !

ભગવાનઆત્મા અંદર વસ્તુ જે છે. વસ્તુ જે સમ્યક્દર્શનનો વિષય (છે) (તેને પર્યાય વિશેષ નથી). આહા...હા ! એ 'પર્યાય એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધવિશેષ તે જેને નથી.' આ અનંત પર્યાયો દ્રવ્યમાં નથી. આહા...હા ! હજી તો પરદ્રવ્યનું કંઈક કરવું ને પરમાં પેસે તો કંઈક કરી શકે. હેં ! પર અને શરીરમાં એના પુણ્ય પ્રમાણે થઈ શકે. બાકી તો પરમાં થઈ શકે નહિ. આહા...હા ! (પર દ્રવ્યનું કંઈ ન કરી શકે) એના વાંધા ઊઠ્યા.

જુઓ ! સોનગઢની સામે (વાંધા ઊઠ્યા છે). સોનગઢની સામે છે કે, આ તો ભગવાનની સામે છે ? આહા...હા ! ભાઈ ! તને ખબર નથી, પ્રભુ ! તારું જે દ્રવ્ય છે ને વસ્તુ એનો નિર્ણય કરનાર પર્યાય છે. શું કીધું એ ? નિર્ણય કરનાર પર્યાય છે. એને જાણનારી પર્યાય છે. એમાં ઠરનારી પર્યાય છે. આહા...હા ! પણ એ અનંતી પર્યાયો જે વિશેષ છે. એને દ્રવ્ય આલિંગન કરતું નથી, દ્રવ્ય પર્યાયને અડતું નથી.

આહા...હા ! અહીં વર્તમાનની વાત છે ને, ક્યાં બીજાની વાત છે. આ તો જેની વર્તમાન નિર્મળ પર્યાય છે. આહા...હા ! સમ્યક્દર્શન, જ્ઞાનની નિર્મળ પર્યાય એને દ્રવ્ય સ્પર્શ (અર્થાત્) આલિંગન કરતું નથી. આહા...હા ! વિકારની પર્યાય તો ક્યાંય રહી ગઈ. એને તો (નિર્મળ) પર્યાય (પણ) અડતી નથી. એ તો પરદ્રવ્યમાં જાય છે.

આહા...હા ! 'નિયમસાર'માં (નિર્મળ પર્યાયને) પરદ્રવ્ય કીધી. અહીં બીજી અપેક્ષા છે. ત્યાં પરદ્રવ્ય કેમ કીધી ? કે જેમ પરદ્રવ્યમાંથી નવી પર્યાય પોતાને નથી આવતી, તેમ પોતાની નિર્મળ પર્યાયમાંથી નવી પર્યાય નથી આવતી. શાંતિની, આનંદની નવી પર્યાય એ તો દ્રવ્યમાંથી આવે છે.

અહીં તો એ કહે છે કે, એ શુદ્ધ આનંદની પર્યાય થઈ. આહા...હા ! એને દ્રવ્ય અડતું નથી. વસ્તુ જે ભગવાનઆત્મા ધ્રુવ છે, એ મોક્ષમાર્ગની પર્યાયને અડતું નથી. આહા...હા ! કહો ભાઈ ! આ બધું ક્યાંય સાંભળ્યું નથી. ક્યાં જાય છે ભાઈ તું ! આ તારો ભગવાન અંદર બિરાજે છે ને ! એ પ્રભુ ! તને ખબર નથી. આહા...હા ! અપરિમિત શક્તિનો સાગર, છતાંય શક્તિવાન એ શક્તિને સ્પર્શતો નથી.

આહા...હા ! એવો ભગવાનઆત્મા શુદ્ધ દ્રવ્ય એને કહીએ કે, જે દ્રવ્ય છે, એ પોતાની નિર્મળ પર્યાયને પણ અડતો નથી, ચુંબતો નતી, સ્પર્શતો નથી. આહા...હા ! કાલે એક સાધુ આવ્યા હતા તે કહેતા હતા કે, અહીંનું (સોનગઢનું સાહિત્ય) શ્વેતાંબરવાળા વાંચે છે. આપે તો ખુલ્લા પાડીને એક એક વાતના ખુલાસા કર્યા છે એમ કહેતા હતા.

આવી વાત ! ફોલવા પાડીને, આટલું સ્પષ્ટ કરીને વાત આવી નથી. એ કહે 'અમારામાં

છે. એ અધ્યાત્મસારમાં... એ તો હમણાં બનાવ્યું. અહીંથી જે ખુલ્લું પાડીને સ્પષ્ટીકરણ થયું છે, એવી ખુલવટ થઈ નથી.'

બાપુ ! આ તો ભગવાનના ઘરની વાતો છે. ભગવાનને તેનું સ્પષ્ટીકરણ કર્યું છે. આહા...હા ! સંતોએ તેને ફોલવા... ફોલવા... પાડીને.. ફોલવાનો સીધો અર્થ શું થાય છે ? ફોલવા... ફોલવા... એ દાળિયાને ફોલવા કહે છે. ફોતરાં (વગર) હોય ને ! અરે ! એને બિચારાને સાંભળવાય મળે નહિને. એ ક્યાં જાય અને શું કરે ? એમને એમ જિંદગી (ચાલી જાય). અરેરે...! સાધારણ માણસ વાણિયા તો માંસ, દારૂ ન ખાય, એથી નરકમાં તો ન જાય. પણ શ્રદ્ધાના ઠેકાણાં ન મળે, (જ્ઞાનનાં) ઠેકાણાં ન મળે, પુણ્યનાંય ઠેકાણાં ન મળે આહા...હા ! એ (વાણિયા) મરીને ઢોરમાં જવાના, પશુમાં (જવાના) અરરર...!

પશુ કેમ ? 'બધ્યતે ઇતિ પશુઃ'

અહીંયાં કહે છે કે, પર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી. એ પર્યાયનું લક્ષ કરે તો એને રાગ થશે; અને રાગ થશે ને લાભ માનશે તો મિથ્યાત્વ થશે. અને મિથ્યાત્વ થશે તો 'બધ્યતે ઇતિ પશુઃ' મિથ્યાત્વથી બંધાય છે. માટે તેને પશુ કહ્યો. ક્યાંનું ક્યાં ? ૧૪ બોલ આવે છે ને પશુ માટે. 'સમયસાર'માં (આવે છે).

આહા...હા ! અહીંયાં તો પ્રભુ ! એમ કહે છે કે, તું પ્રભુ સ્વરૂપે અંદર બિરાજે છે. આહા...હા ! એ કાલે વાત કરી હતીને કે તારી જે પર્યાય દ્રવ્યની જે પર્યાય છે. એનું (યુગપત્) જ્ઞાન પ્રમાણ છે; પણ નિશ્ચયનો વિષય પર્યાય વિનાનું એકલું દ્રવ્ય છે.

દિગંબરો એમ માને છે કે દ્રવ્ય પર્યાયને ન કરે એ પ્રશ્ન કર્યો હતો. દ્રવ્ય પર્યાયને ન કરે એમ પ્રશ્ન હતો. દિગંબર સાચા છે. એમ તો માન્યું. અત્યારે સંપ્રદાય છે એ ક્યાં દિગંબર છે ? એને એમ નહોતું કહ્યું, પણ આ તો આજ મને (વિચાર આવ્યો હતો કે), વસ્તુ છે, એ પર્યાયને કરતી નથી. આહા...હા ! અને પર્યાયને અડતી નથી તો કરે ક્યાંથી ?

આહા...હા ! સમ્યક્‌દર્શન જ્ઞાન ને ચારિત્ર જે ધર્મદશા એને પણ દ્રવ્ય અડતું નથી તો કહે ક્યાંથી ? આહા...હા ! આવી વાતું છે. લિંગ એટલે પર્યાય – વિશેષો. (એનાથી) ગ્રહણ એટલે કે અર્થાવબોધવિશેષ. (અર્થાત્) પદાર્થની વિશેષ અવસ્થાઓ, તે જેને નથી. ત્રિકાળી પદાર્થમાં – દ્રવ્ય–સ્વભાવમાં એની વિશેષ દશાઓ નથી.

આહા...હા ! એ દ્રવ્યમાં પર્યાય નથી. શું કહે છે ? અહીં તો હજી બાયડી, છોકરાં ને કુટુંબ મારાં નથી, એમ માનવા માટે એને પરસેવા ઊતરી જાય. એ તારા નહિ, નહિ. એ તારા ત્રણવાર નથી. મારા માનીશ તો મરી જઈશ. ચારગતિમાં રખડી મરીશ. એ અહીંયાં તો કહે છે કે, પર્યાયનો આશ્રય લેવા જઈશ તો મરી જઈશ. રાગ થશે ને દુઃખી થઈને (મરી જઈશ). આહા...હા ! સમજાણું કાંઈ ? આવી વાતો છે. આ તો દિગંબર સંતોની વાણી પૂર્વાપર અવિરોધવાણી (છે). આહા...હા !

ભગવાનઆત્મા એ વસ્તુ છે. વિકારને તો એ સ્પર્શતો નથી. દયા–દાન–વ્રતના વિકલ્પ એ તો વિકાર છે. વિકારને તો અડ્યો નથી. પણ આત્મામાં જેને દ્રવ્યને આશ્રયે સમ્યક્‌દર્શન,

જ્ઞાન થાય, ધર્મ (અર્થાત્) આનંદની દશા થાય, તેને તે દ્રવ્ય અડતું નથી. એ દશામાં (જે) દશા છે. તે દશા દ્રવ્યમાં નથી. આવી વાતું છે. પછી સોનગઢને નામે લોકો બોલે બિચારા. આહા...હા !

એ તો ઓલા દિગંબર સાધુ થઈને બોલે છે બિચારા. આવી વાત બસો વર્ષમો આવી નથી અને સ્વામીજી ! આ તમે કહો છો એ પ્રમાણે તો અમે સાધુ નથી. દિગંબર છીએ. (પરંતુ) અમે સાધુ નથી, એમ કહ્યું. હવે શ્વેતાંબરની તો વાત ક્યાં કરવી ? સમજાણું કાંઈ ? આવી વાતો, બાપા ! આકરી બહુ ! શું થાય ? આહા...હા ! અપૂર્વ છે. દ્રવ્ય પર્યાયને અડતું નથી. માણસને નથી કહેતા ? અતડો છે. કોઈની સાથે કાંઈ (બોલતો નથી). આહા...હા !

અહીં, પરમાત્મા જિનેન્દ્રદેવ, સંતો આડતિયા થઈને વીતરાગની વાત જગતને જાહેર કરે છે કે, તારી જે નિર્મળ પર્યાય સમ્યક્દર્શન આદિ થાય. આહા...હા ! એને જે દ્રવ્ય વસ્તુ સામાન્ય છે તે અડતી નથી. આહા...હા ! એ પર્યાય દ્રવ્ય(ની) ઉપર ઉપર તરે છે. આહા...હા !

જેમ પાણીમાં તેલનાં ટીપાં ઉપર ઉપર તરે અંદર ન પેસે, આહા...હા ! તેલનાં ટીપાં એ ઉપર ઉપર તરે અંદર પાણીમાં દળમાં ન પેસે. આહા...હા ! અરેરે...! એમ શરીર–વાણી–મન કર્મની શું વાત કરવી ? અહીં તો હજી કર્મને લઈને વિકાર થાય, કર્મને લઈને આમ થાય. હજી ક્યાં પડ્યા છે ? આહા...હા ! અહીં તો કહે છે કે, રાગને લઈને આત્મામાં કંઈ થાય ? રાગ આત્માને અડતોય નથી. તેમ રાગને જાણનારી જે સમ્યક્દર્શનની પર્યાય જે છે એને આત્મા અડતો નથી.

આહા...હા ! હેં ! અનિત્ય તાદાત્મ્ય (સંબંધ) છે. નિર્મળ પર્યાય સાથે એ અનિત્ય તાદાત્મ્ય (સંબંધ છે). અને વિકારની સાથે અનિત્ય તાદાત્મ્ય પણ એ સંયોગી ભાવ છે. આ નિર્મળ પર્યાય સંયોગીભાવ નથી. કર્તા–કર્મ અધિકારમાં ૬૯--૭૦ (ગાથા)માં આવી ગયું છે. પુણ્ય ને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિને તપના ભાવ એ સંયોગીભાવ છે. ઉપાધિભાવ છે. એના સ્વરૂપમાં નથી.

આહા...હા ! અહીંયાં તો નિર્મળ પર્યાય થાય... આહા...હા ! ગજબ કામ કરે છે ને સંતો !! સંતોને જગતની શું પડી છે ? સમાજને આ બેસશે કે નહિ ? સમાજ સમતોલ રહેશે કે નહિ ? આહા...હા ! ક્યાં છે એ ? અનિત્ય સંબંધ કીધો ને ! નિત્ય સંબંધ નથી. અનિત્ય સંબંધ કહેવાય, પણ ખરેખર તો એને અડતું નથી. દ્રવ્ય(ની) એ પર્યાય (એક) સમયની છે. તેને અનિત્ય કહેવાય. ખરેખર, દ્રવ્ય એને અડતુંય નથી. એ પર્યાયનું સ્વરૂપ અનિત્ય છે એટલું. સમજાણું કાંઈ ?

અનિત્ય સંબંધ છે એ કહેવું પણ વ્યવહાર છે. 'સર્વ સંબંધ નિષેધ' (કળશ) ૨૧૬. કળશ ટીકામાં આવે છે. આહા...હા ! ગજબ વાત (છે). તારે કાને પડવી પણ મુશ્કેલ પડે અને જિંદગી એમને એમ ઢોરની જેમ ગઈ. આહા...હા ! અહીં ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ તીર્થંકર પરમાત્માના (મુખથી ધ્વનિ ઊઠી). 'મુખ ૐકાર ધ્વનિ સુનિ, અર્થ ગણધર વિચારે.' ભગવાનના મુખથી ધ્વનિ ઊઠી. ૐ ધ્વનિ. એ ગણધર એની શાસ્ત્ર રચના કરે. આહા...હા ! 'રચિ આગમ ઉપદેશ, ભવિક જીવ સંશય નિવારે.' આહા...હા ! ભવ્ય પ્રાણી તે સંશયનું નિવારણ કરે.

ભગવાનની વાણીમાં એમ આવ્યું કે, દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી. એમ જાણીને દ્રવ્યદૃષ્ટિ

કરે અને પર્યાયદૃષ્ટિ છોડી દે. એનો સંશય ચાલ્યો જાય. આહા...હા ! સમજાણું કાંઈ ? આવી વાતો હવે. આવી વાત સાંભળનારને સંપ્રદાયમાં રહેવા ન દે. આ તો જંગલમાં છીએ. બહારમાં કોઈ વાડામાં નથી, બાપુ ! બેસે તો બેસાડો, નહિ તો રખડો. આહા...હા ! રખડો... આહા...હા ! પર્યાય વિશેષ છે !

એવું જે, 'અર્થાવબોધવિશેષ'. અર્થ નામ પદાર્થનું જ્ઞાન વિશેષ એટલું લીધું છે. પણ પદાર્થની પર્યાય વિશેષ એમ બધું લેવું, બધી પર્યાયો લેવી. અર્થાવબોધ અર્થ નામ પદાર્થ તેનો બોધ નામ જ્ઞાન તેની જે પર્યાય એ દ્રવ્યમાં નથી. પણ એની અંદર શબ્દાર્થ ટૂંકો કરવા જ્ઞાન ને આત્મા એમ બતાવવા આ શબ્દ લીધો. એમ જેટલી પર્યાય ગુણની છે તે બધી પર્યાયો – વિશેષ(ને) સામાન્ય દ્રવ્ય અડતું નથી, ચુંબતું નથી. અરરર....! એને ભાઈસાહેબને દાળ–ભાત ને લાડવા ખાયને રસ આવે રસ. ચૂરમાને આત્મા અડતોય નથી. શરીરને અડતોય નથી. તને ખબર નથી. આહા...હા !

એ (અજ્ઞાની) એનું લક્ષ કરીને ઠીક પડે છે. (એમ માનીને) રાગ ઉત્પન્ન કરે છે. રાગના રસને ખાય છે. આહા...હા ! અરેરે ! સત્ય વાત એના કાને પડે નહિ. સત્ય વિના શું કરે ? ક્યાં જાય ? આહા...હા ! 'વિશેષને નહિ આલિંગિત', એમ છે ને ? ગ્રહણ એટલે કે અર્થાવબોધ વિશેષ જેને નથી એટલું. વસ્તુ દ્રવ્ય જે ત્રિકાળી આનંદ પ્રભુ તેમાં વર્તમાનની પર્યાય પણ નથી. એ વર્તમાન પર્યાય (ત્રિકાળીમાં નથી). આહા...હા ! હજી શરીર મારામાં નથી, હું શરીરમાં નથી. બાયડી મારામાં નથી, હું બાયડીમાં નથી. એ બેસવું હજી કઠણ પડે; એને કહે છે કે, પર્યાય દ્રવ્યમાં નથી. સમજાણું કાંઈ ?

આહા...હા ! જુઓ ! '**અર્થાવબોધવિશેષ તે જેને નથી.**' તે અલિંગગ્રહણ શબ્દનો આ અર્થ છે. અલિંગ. લિંગ એટલે પર્યાય વિશેષ. ગ્રહણ એટલે જેને નથી. આહા...હા ! આત્મા પર્યાય વિશેષથી નહીં સ્પર્શિત એવું શુદ્ધ દ્રવ્ય છે. આ એનો સરવાળો લીધો. આહા...હા ! આ ત્રણ બોલ તો અલૌકિક છે. પર્યાય ગુણમાં નથી. દ્રવ્યસ્વભાવમાં પર્યાય નથી. જ્યારે નથી એટલે કે અલિંગગ્રહણ થયું. આ રીતે આત્મા પર્યાય વિશેષથી નહિ આલિંગિત એવું શુદ્ધ દ્રવ્ય છે.

ભગવાનઆત્મા...! આહા...હા ! એ કેવળજ્ઞાનની પર્યાયને સ્પર્શતું નથી. દ્રવ્ય ગજબ છે ને !! દ્રવ્યનું અસ્તિત્વ ક્યારે સિદ્ધ થાય ? પર્યાય છે અને દ્રવ્ય છે, એ અસ્તિત્વ–સત્તાને કોઈ પરનો હેતુ હોઈ શકે નહિ. પર્યાય દ્રવ્યને લઈને છે. એમ નથી. પર્યાય દ્રવ્યમાં નથી. આહા...હા ! મોટા શહેરમાં આવું વાંચવા જાય ત્યાં પકડી શકે નહિ.

આહા...હા ! પરમાત્મા જિનેન્દ્રદેવનું આ ફરમાન છે પ્રભુ ! તને એ ખબર નથી. અહીંયાં તો પ્રભુ ! એમ કહે છે કે, દ્રવ્યમાં જે અનંત ગુણો છે. એની જે અનંત પર્યાયો છે, નિર્મળ હોં ! એ નિર્મળ પર્યાયનું લક્ષ કરવા જઈશ તો તને રાગ થશે અને તને દુઃખ થશે. આહા...હા ! ૧૬મી ગાથામાં અષ્ટપાહુડમાં 'કુંદકુંદઆચાર્યે' કહ્યું ને, '**परदव्वाओ दुग्गई**' આહા...હા !

ત્રિલોકનાથ એમ કહે છે કે, અમે તારાથી પરદ્રવ્ય ભિન્ન છીએ. અમારું લક્ષ કરવા જઈશ તો તને તારી ચૈતન્યની ગતિ (નહિ થાય પરંતુ) દુર્ગતિ થશે. એટલે (કે) રાગ થશે રાગ. એટલે

ચૈતન્યની ગતિ નથી ને. આહા...હા ! આહા...હા ! વાદવિવાદ કરે ને ઝઘડા ઊભા કરે ને. બાપુ ! આ વાદવિવાદનો વિષય નથી. પ્રભુ ! આ તો અંતરનો વિષય છે.

અરે....! સાધુ નામ ધરાવનારને ખબર નથી. હજી સાધુ તો છે ક્યાં ? સમ્યક્દર્શન નથી ત્યાં સાધુપણું ક્યાં છે ? હજી તો વ્રત–તપ ને કરે ને મને એનાથી ધર્મ થશે, એમ માનનારા છે, એ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. અહીં તો, પર્યાયનું લક્ષ કરવા જઈશ તો રાગ અને દુઃખ થશે. એ નિર્મળ પર્યાયનું લક્ષ કરવા જઈશ તો પણ વિકલ્પ ઊઠશે. સમજાણું કાંઈ ? આહા...હા ! નિર્મળ પર્યાયનો આશ્રય કરવા જાય ત્યાં વિકલ્પ ઊઠશે, ભગવાન ત્રિકાળી વસ્તુ છે, એ પર્યાયને અડતી નથી ને ! અડતી નથી પછી તારે પર્યાયના લક્ષનું શું કામ છે ? આહા...હા !

ભગવાનઆત્મા પરિપૂર્ણ અંદર છે. આહા...હા ! તેને સ્પર્શ ને. એ સ્પર્શનારી પર્યાય તે પણ દ્રવ્યમાં નથી. આહા...હા ! આવું છે જૈનદર્શન. વીતરાગમાર્ગ બહુ ઝીણો છે. આહા...હા ! એ દિગંબર દર્શનમાં આ વાત છે. આવી વાત બીજે ક્યાંય છે નહિ. આહા...હા ! શું થાય ? વાડા બાંધીને બેઠા પોતાનો પંથ કરવાને. અહીં તો પરમાત્માનો એ પોકાર વાણીમાં આવ્યો.

સંતો આડતિયા થઈને જગતમાં જાહેર કરે પ્રભુ ! એક વાર સાંભળને ! તારી પર્યાય જે નિર્મળ થાય એને પણ દ્રવ્ય અડતું નથી. આવી દ્રવ્યની સ્થિતિ સ્વતંત્ર–ભિન્ન છે. આહા...હા ! જેનાથી ધર્મ પ્રગટ્યો. સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ પર્યાય પણ જેને નથી, એટલે કે દ્રવ્યમાં નથી. આહા...હા ! (દ્રવ્યમાં) નથી ને.... આવી ક્યાંથી ત્યારે (દ્રવ્યમાંથી) આવી એમ કહેવાય. પણ થઈ તો સ્વતંત્ર. આહા...હા ! ત્રણે સત્ સ્વતંત્ર છે. દ્રવ્ય સત્, ગુણ સત્, અને પર્યાય સત્ હવે આમાં શું સમજવું ?

કલાકમાં આવી વાતો બધી. ઘરેથી બાયડી નો આવી હોય અને પૂછે કે શું કહેતા હતા, મહારાજ ? કોણ જાણે ? એવું કહેતા'તા, આમ ને તમે ને કાંઈ પકડાતું નહોતું. આહા...હા ! અને બહારમાં બીજી વાતો કરવા બેસે તો ડાહીના દીકરા બેઠા બેઠા પાપની... એવી વાતો કરે. આહા...હા !

'કુંદકુંદઆચાર્યદેવ'ની ગાથાની આ ટીકા 'અમૃતચંદ્ર આચાર્યદેવે' કરી છે. વર્તમાનકાળમાં તીર્થંકર જેવું કામ તો 'કુંદકુંદઆચાર્યે' કર્યું અને 'અમૃતચંદ્રઆચાર્યે' તેમના ગણધર જેવું કામ કર્યું છે. આ શબ્દો તો જુઓ, બાપુ ! ક્યાંય સાંભળવા મળે એવું નથી. આવો સત્યનો પ્રવાહ (છે). ભગવાન સત્યનો પ્રવાહ ધ્રુવરૂપે છે. એને અનિત્ય જે ક્ષણિક પર્યાય છે. એ દ્રવ્યને અડતી (પણ) નથી. હજી તો દ્રવ્ય ને પર્યાય (પણ) ખબર ન મળે. કોને કહેવું દ્રવ્ય ? અને કોને (કહેવી પર્યાય) ?

દ્રવ્ય એટલે પૈસા ! અહીં (એક ભાઈ) ઘણાં વર્ષ પહેલાં આવ્યા હતાં. 'દ્રવ્યદૃષ્ટિ તે સમ્યક્દૃષ્ટિ' એમ ચાકળો લખેલો હતો. (તે વાંચીને કહે) 'મહારાજ ! આ દ્રવ્યદૃષ્ટિ તે કરોડોપતિ, અહીં બહુ આવે. કરોડપતિ એટલે દ્રવ્યદૃષ્ટિ. પૈસાની દૃષ્ટિ તે સમકિતદૃષ્ટિ.' અરે ! ભાઈ ! પૈસાનું અહીં ક્યાં કામ છે. બાપા !

આહા...હા ! દ્રવ્ય એટલે આત્મા. '**द्रवति इति द्रव्यम्**' (દ્રવ્ય કે) જે પર્યાયમાં દ્રવે. આહા...હા !

એ પણ હજી અપેક્ષાથી વાત છે. આહા....હા ! એ પર્યાય પરથી થતી નથી. એટલું બતાવવા દ્રવ્ય તે દ્રવે છે. અને પર્યાય થાય એટલું બતાવવું છે. હવે અહીં તો, એનાથી આગળ જઈને... આહા...હા ! જે નિર્મળ પર્યાય પ્રભુ, આનંદની દાતા પર્યાય છે, આહા...હા ! એનો દ્રવ્યદાતા નહિ. એને એમ કહ્યું હતું એક વાર, એ દ્રવ્ય પર્યાયનો દાતાર નહિ. આહા...હા !

અહીં કહે છે કે, દ્રવ્યમાં એ પર્યાય નહિ. એ રીતે આત્મા પર્યાય વિશેષથી, પર્યાયના ભેદના પ્રકારથી નહિ આલિંગિત – (ભેદને સ્પર્શતું નથી), એવું શુદ્ધ દ્રવ્ય છે. એવા અર્થની પ્રાપ્તિ થાય છે. અલિંગગ્રહણમાંથી એવો અર્થ નીકળે છે.

વિશેષ કહેવાશે......

❀ ❀ ❀

જ્યાં સુધી પૈસામાં સુખ નથી, પુણ્ય–પાપમાં સુખ નથી – એમ અંતરમાં ભાસે નહીં, ત્યાં સુધી ઈ આત્માના સુખમાં ઝંપલાવે નહીં.

❀

પ્રશ્ન : અમે અન્ય દેવાદિની ભક્તિ આદિ કરતા નથી તો અમને ગૃહીત મિથ્યાત્વ તો છૂટ્યું છે ને ? એટલો તો નફો થયો ને ?

સમાધાન : ના, તેમ નથી. કેમકે તમને ગૃહીત મિથ્યાત્વનું જ્ઞાન જ નથી. અઢાર દોષ રહિત સાચા સર્વજ્ઞદેવ, તેમની અનેકાંત લક્ષણ હિતકારી વાણી તથા સાચા નિર્ગ્રંથ ગુરુની તમને ઓળખાણ જ નથી. કોઈ મોટા પુરુષની દેખાદેખીથી કે કુળ પરંપરાથી તમે સાચા દેવાદિને માનો છો પણ તમને અંતરંગમાં તેમનું સ્વરૂપ તો ભાસ્યું નથી, તેથી તમને ગૃહીત મિથ્યાત્વ છૂટ્યું કહી શકાય નહિ.

અહીં તો કુદેવાદિનો સંબંધ તોડી સાચા દેવાદિમાં લગની લગાડી તત્ત્વનો નિર્ણય કરીને જે અંતરંગ શુદ્ધ તત્ત્વનું શ્રદ્ધાન આદિ કરશે તેનું કલ્યાણ થશે.

**પ્રવચન : ૨૦-૧૨-૧૯૭૭**

'પ્રવચનસાર' ૧૭૨ ગાથા. એનો (આલિંગગ્રહણનો) **૧૯મો બોલ ચાલ્યો.** અલિંગગ્રહણ. શું કહ્યું ? અલિંગગ્રહણમાં, ઝીણી વાત છે ભાઈ, સૂક્ષ્મ (વાત છે). વીતરાગનું કહેલું તત્ત્વ બહુ અલૌકિક છે.

અહીંયાં કહે છે કે, જે અહીં આત્મા છે, તે દેહથી તો ભિન્ન છે. દેહથી (અને) કર્મથી ભિન્ન છે. પણ અંદર પુણ્ય–પાપના વિકલ્પો–રાગ થાય, તેનાથી પણ પ્રભુ ! ભિન્ન છે. એ આત્મા પોતે દ્રવ્ય–વસ્તુ છે. એ પર્યાયને અડતો નથી. આહા...હા ! આ શું કહે છે ? આહા...હા ! એ વસ્તુ જે અંદર ચૈતન્યઘન દ્રવ્ય છે. (એ પર્યાયને અડતું નથી). દ્રવ્ય એટલે આ પૈસો નહિ હોં ! દ્રવ્ય એટલે આ વસ્તુ અંદર અનંત આનંદ ને અનંત જ્ઞાન ને શાંતિની જેને લહેર છે; એવો જે ભગવાન આત્મા–દ્રવ્ય એ શરીરને તો અડતો નથી, આહા...હા ! અંદર કર્મ છે એનેય અડતો નથી, આહા...હા ! પણ એ પર્યાયને અડતો નથી. (એમ) કહે છે. આવી વાત છે. બાપુ !

બહુ ઝીણી વાતો છે. આહા...હા ! તત્ત્વ–વસ્તુ જે છે, પોતાનું અસ્તિત્વ જે ધ્રુવ સામાન્યપણે એક સ્વરૂપે જે છે ભગવાનઆત્મા, એ એની વર્તમાન પર્યાય એને જાણનારી પર્યાય, સ્વને જાણનારી પર્યાય (એને દ્રવ્ય અડતું નથી). જગતને ક્યાં પડી છે ? ક્યાં વખત છે સમજવાનો ? આહા...હા ! એ પર્યાય જે જ્ઞાનની પર્યાય એટલે વર્તમાન અવસ્થા એ જ્ઞેયસ્વરૂપ ભગવાન આત્મા પૂર્ણ સ્વરૂપને જાણે અને શ્રદ્ધાની પર્યાય પૂર્ણસ્વરૂપને શ્રદ્ધે છતાં એ જ્ઞાનની પર્યાય અને શ્રદ્ધાની પર્યાયને દ્રવ્ય અડતું નથી. આહા...હા ! સમજાણું કાંઈ ?

શાક છે ને ? શાક દૂધી, કારેલાં (વગેરે) (અને) છરી છે ને ? છરી. એ છરી શાકને અડતી પણ નથી. અને શાકના કટકા થાય (છે) આ વાત કોને બેસે ? શાકના... આહા...હા ! કેમકે છરી પરદ્રવ્ય છે અને શાક, દૂધી, કારેલાં વગેરે પર છે. એ પરચીજને આ છરી અડતી પણ નથી અને છરી શાકને અડતી નથી. અરે ! આવી વાતો. હવે એ વાત તો એકકોર રહી. પણ આ આત્મા જે અસ્તિ છે. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ! એની ક્યાં ખબર છે એને ?

અને ખબરું વિના બેખબરો. બેખબરો એટલે ખબર બે હશે ? બેખબરો એટલે ખબર વિનાનો, ભાન વિનાનો. આહા...હા ! એ અંતરમાં ભગવાન અરૂપી આનંદઘન, સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો અને જોયો એ તો વિજ્ઞાનઘન છે, આહા...હા ! એ પરમાત્મા સ્વરૂપ, પરમસ્વરૂપ– ભગવાન સ્વરૂપ છે (સર્વજ્ઞ પરમેશ્વર તો) (એમ) કહે છે. એ સ્વરૂપ એની વર્તમાન પર્યાય (અર્થાત્) એને જાણનારી પર્યાયને અડતું નથી. આહા...હા ! ભેદજ્ઞાનનો મારગ અરૂપી (અને) અલૌકિક છે. બાપા ! આહા...હા ! શું થાય ? અત્યારે બધું વિંખાઈ ગયું છે. સંપ્રદાયમાં એ વાત છે જ નહિ. અરેરે ! સત્ય વાત

છે જ નહિ.

સંપ્રદાયના અમારા ગુરુ (હીરાજી મહારાજ) સંપ્રદાયની વાણી પ્રમાણે કહેતા કે, કોઈપણ પ્રાણીને હણવો નહિ. સ્થાનકવાસી સંપ્રદાયના હજારો માણસો તેમનું વ્યાખ્યાન સાંભળવા માટે આવતા. એ એમ કહેતા કે, ભગવાનની વાણીનો, જ્ઞાનીનો એ સાર છે કે કોઈ પ્રાણીને હણવો નહિ. ભગવાન એમ કહે છે કે, કોઈ પણ પ્રાણીને હણવો નહિ. એ અહિંસા છે. (હીરાજી મહારાજ) શાંત શાંત સ્વભાવના હતા.

આહા... ! એ (અહિંસાને) જેણે જાણી એણે બધું જાણ્યું એમ કહેતા. પર પ્રાણીને બિલકુલ ન મારવા એ અહિંસા. (બધા) સિદ્ધાંતનો સાર છે, એમ કહેતા. અહીં કહે છે કે, એ બધી વાત જૂઠી છે. આહા...હા ! અહીં તો કહે છે કે, પરને મારવાના કે જિવાડવામાં એ (પરને) અડતો પણ નથી. એ જીવ અને શરીર જ્યારે છૂટાં પડે એને મરણ કહે છે. પ્રાણનો વિયોગ થાય તેને મરણ કહે છે.

(મરણમાં) આત્માનો ક્યાં વિયોગ થાય છે ? આત્મા તો અંદર આત્મા છે. આ જડ મારી એનો વિયોગ થાય તેને મરણ કહે છે. અને પ્રાણની રક્ષા કરવી એનું નામ જીવોની દયા કહે છે. અહીં કહે છે કે, એ વાત જૂઠી છે. આત્મા પરની રક્ષા કરી શકતો નથી. પ્રભુ ! તને ખબર નથી. એ પરને અડી શકતો નથી. તો રક્ષા કરે શી રીતે ?

આહા...હા ! આવી વાતો છે. એ તો એકબાજુ રહ્યું. પણ અંદરમાં પુણ્ય અને પાપના ભાવ થાય, એ જીવ તત્ત્વ નથી. દયા–દાન–વ્રત, ભક્તિના ભાવ થાય, એ પુણ્ય તત્ત્વ છે. હિંસા, જૂઠ, ચોરી, વિષય, કામભોગ, કમાવું, રળવું, ધંધા આદિની જાળ એ બધું પાપ છે. એ નવ તત્ત્વમાં બે તત્ત્વ પુણ્ય ને પાપથી આત્મ તત્ત્વ જુદી ચીજ છે.

આહા...હા ! એ તો જુદું છે. પણ એ દ્રવ્ય જે છે એ એની પર્યાય જે છે, સમ્યક્ પર્યાય – દર્શન–જ્ઞાન ને આનંદની (એ પર્યાયથી પણ જુદું છે). આહા...હા ! આવી વાતું છે. બાપુ ! દુનિયા(માં) શું હાલે છે, એની ખબરું છે ને બધી. વીતરાગ માર્ગ કોઈ અલૌકિક છે. બિચારાને સાંભળવા ય મળે નહિ ને ! આહા...હા ! અરેરે...! એના કે દિ' જન્મ મરણના અંત આવે ?!

કહે છે કે, આત્મા, પોતાની જે નિર્મળ પર્યાય છે, સમ્યક્દર્શન (આદિની તેને અડતું નથી). વસ્તુ જે ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ ! દ્રવ્ય–શુદ્ધ ચૈતન્યઘન છે; એની સન્મુખ થઈને એનો આશ્રય કરીને જે સમ્યક્દર્શન થાય એ સમ્યક્દર્શનની પર્યાયને દ્રવ્ય અડતું નથી. આહા...હા ! ભાઈ ! જિંદગીમાં સાંભળ્યું નહિ. એમ ને એમ (જિંદગી કાઢી નાખી). બાપુ ! શું થયું ? અરેરે ! ભગવાન ત્રિલોકનાથ જેનેન્દ્રદેવ એમ ફરમાવે છે. પ્રભુ ! તું જે દ્રવ્ય છો વસ્તુ અને તારી પર્યાય છે – તેને એ દ્રવ્ય અડતું નથી. આહા...હા !

શું કહે છે ? એક બાજુ 'સમયસાર'ની ત્રીજી ગાથામાં એમ કહે છે કે, દરેક દ્રવ્ય પોતાના ધર્મ એટલે જે શક્તિની પર્યાય એને ચુંબે છે. ચુંબે છે એટલે એના અસ્તિત્વમાં છે. ('સમયસાર'ની) ત્રીજી ગાથામાં આવ્યું. આત્મા પોતાના ગુણો અને પોતાની પર્યાયને ચુંબે છે, પણ કર્મને અને શરીરને કદી અડ્યો પણ નથી. આત્મા ચુંબતો નથી. સ્પર્શતો નથી. છૂતો નથી. આત્મા કર્મને

શરીરને કભી (ક્યારેય) અડતો પણ નથી.

આહા...હા ! આ શરીર આદિ રજકણો છે, એને એ આત્મા અડતો પણ નથી. અંદરમાં કહે છે અડ્યો પણ નથી. આહા...હા ! અડે તો બે ચીજ એક થઈ જાય છે. સમજાણું કાંઈ ? અહીં તો એથી વધારે કહે છે. ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ એમ કહે છે કે લિંગ એવું જે પર્યાય – એ પર્યાય નિર્મળ લેવી. (તેને દ્રવ્ય અડતું નથી). સમજાણું કાંઈ ?

આહા...હા ! એ વસ્તુ ચીજ અખંડ છે. પ્રભુ ! એક સમયમાં ચિદાનંદ ભગવાન જ્ઞાનઘન–વિજ્ઞાનઘન આત્મા જે છે. દ્રવ્ય, એ વસ્તુ જે છે. એની શ્રદ્ધા કરનારી જે પર્યાય, એને જાણનારી જે જ્ઞાનની પર્યાય, એને એ દ્રવ્ય અડતું નથી. છૂતું નથી. આહા...હા ! અરરર...! કોઈ દિવસ સાંભળવા ન મળી હોય એવી વાત છે, આ તો. આહા...હા ! લિંગ એટલે કે પર્યાય – એનું ગ્રહણ એટલે (કે) અર્થાવબોધ – એટલે પર્યાયો – એવા વિશેષો તે જેને નથી (તે અલિંગ ગ્રહણ છે).

આહા...હા ! એ દ્રવ્યમાં એ નિર્મળ પર્યાય નથી. શું કહે છે આ ?! પર્યાય પણ છે. દ્રવ્ય પણ છે. બેયનું અસ્તિત્વ છે. પણ (આ) અસ્તિત્વમાં – દ્રવ્ય જે વસ્તુ ભગવાનઆત્મા એ પર્યાયને અડતું નથી. છૂતું નથી. એ પર્યાયને સ્પર્શતું નથી. શું છે આ ?! પાગલ જેવું લાગે એવું છે. આહા...હા ! આ ડૉક્ટર ઇન્જેકશન આપે છે ને ! એ ઇન્જેકશન શરીરને અડતું નથી. (એમ) કહે છે. એ તો બહુ સ્થૂળ વાત રહી ગઈ. પણ અહીંયાં અંદર આત્મા જે છે, આહા...હા ! અંદર વિજ્ઞાનઘન આત્મા સચ્ચિદાનંદ ઘન પ્રભુ ! 'સિદ્ધ સમાન સદા પદ મેરો' એવું જે સ્વરૂપ, સિદ્ધ સ્વરૂપ ધ્રુવ છે. એની શ્રદ્ધા કરનારી પર્યાય, એને માનનારી પર્યાય, એને જાણનારી પર્યાય, એવી વર્તમાન જે અવસ્થા એને દ્રવ્ય અડતું નથી. આહા...હા ! આ ૧૯મો બોલ થયો.

આ અલિંગગ્રહણનો ૧૯મો બોલ છે. આહા...હા ! છે ? '**પર્યાય વિશેષથી નહિ આલિંગિત...**' એટલો ભેદ પડ્યો. આહા...હા ! આત્મા અરૂપી ભગવાન, એ રૂપી શરીરને (અને) કર્મને કદી અડ્યો નથી. અજ્ઞાનભાવમાં પણ એ પરને અડ્યો નથી. સમજાણું કાંઈ ? આહા...હા ! અહીંયાં તો કહે છે કે, જ્ઞાનભાવમાં એ વસ્તુ ભગવાન પૂર્ણાનંદ અતીન્દ્રિય જ્ઞાન, આનંદ, અતીન્દ્રિય દર્શન, અનંત આનંદનો કંદ આત્મા છે. એને જાણે તે પર્યાય, એને જે પર્યાય શ્રદ્ધી એ પર્યાયને દ્રવ્ય અડતું નથી.

આહા...હા ! ભાઈ ! કે દિ' ક્યાંય સાંભળ્યું નથી. મજૂરી કરી કરીને મરી ગયા બધા. મજૂર બધા હોં ! આ બધા મોટા મોટા (શેઠ) મજૂર (છે). મને તો એમ લાગે (છે) વેઠ, વેઠ. (ઉતારે છે). વાત તો એમ છે. બાપા ! અરેરે ! મજૂર તો સારા. મજૂર તો ૮ થી ૧૨ ચાર કલાક કામ કરે અને બપોરે ૨ થી ૬ ચાર કલાક (કામ કરે). આ તો સવારના ૬ થી રાતે ૧૦ વાગ્યા સુધી (મજૂરી કરે છે). આને આ ગડમથલ – પાપની ગડમથલ (કરે). મોટો મજૂર છે.

અહીં તો, પરમાત્મા એમ ફરમાવે છે. ત્રિલોકનાથ જિનેન્દ્રદેવે દિવ્યધ્વનિ દ્વારા જે કહ્યું તેનો આ (સાર) – પ્રવચનસાર છે. પ્ર(અર્થાત્) વિશેષ વચનો – દિવ્યધ્વનિનો આ સાર છે.

આહા...હા ! ભગવાન એક વાર સાંભળ ! આહા...હા ! ભગવાન તરીકે બોલાવે છે. આત્માને ભગવાન કહીને બોલાવે છે. પ્રભુ કહીને બોલાવે છે. આહા...હા ! તારો ભગવાન દિવ્ય ગુણ સહિત (બિરાજે છે). શુદ્ધ ચિદ્દ્ઘન આનંદ એ દ્રવ્ય છે, વસ્તુ છે, તત્ત્વ છે, મહાસત્તા છે.

એની વર્મતાન એક સમયની પર્યાયની સત્તા એને કોઈ મહાસત્તા અડતી નથી. આવી વાત ક્યાંય સાંભળવા મળે તેમ નથી. ક્યાંય ન મળે ને ! આહા...હા ! અત્યારે તો ભાઈ વ્રત પાળો ને અપવાસ કરો ને ભક્તિ કરો. આહા...હા ! બાપુ ! એ મારગડા જુદા છે ભાઈ ! જનમ-મરણના – પરિભ્રમણના આંટા ટાળવાનો રસ્તો કોઈ અલૌકિક છે.

અહીં તો પ્રભુ કહે છે, આહા...હા ! જે પર્યાયે દ્રવ્ય તરફ ઢળીને દ્રવ્યની શ્રદ્ધા કરી (એ પર્યાય દ્રવ્યને અડતી નથી). આહા...હા ! પર્યાય સમજો છો ? વર્તમાન અવસ્થા – વર્તમાન હાલત – વર્તમાન દશા – એ આત્માની વર્તમાન પર્યાયરૂપી દશા. આહા...હા ! એ વસ્તુ જે ત્રિકાળી છે એનો આશ્રય કરીને, એની સન્મુખ થઈને સમ્યક્‌દર્શન કર્યું. એ ધર્મની પહેલી શ્રેણીએ સમ્યક્‌દર્શન થયું, તે પર્યાયને દ્રવ્ય અડતું નથી. આહા...હા ! કેમકે પર્યાયમાં દ્રવ્ય આવતું નથી.

શું કીધું એ ? આ તો ભગવાનનો લોજિકમાર્ગ – (ન્યાયમાર્ગ) જુદી જાતનો છે. સમ્યક્‌દર્શન એટલે સાચી સત્‌ દૃષ્ટિ. ત્રિકાળી ધ્રુવ આનંદનો નાથ પ્રભુ ! એની સન્મુખ થઈને જ્ઞાનના અનુભવમાં એની પ્રતીતિ કરવી. આહા...હા ! એનું નામ સમ્યક્‌દર્શન. ધર્મની પહેલી સીઢી. મોક્ષમહેલની પહેલી સીઢી છઢાળામાં આવે છે. એ સમ્યક્‌દર્શનની પર્યાય (કે) (જેણે) ભગવાનઆત્મા – નિર્વિકલ્પ સ્વરૂપ આત્મા, એની એણે પ્રતીતિ કરી. અનંતકાળમાં નહોતી થઈ એવી પ્રતીતિ કરી. અનંતકાળમાં એની જ્ઞાનની પર્યાયે પ્રતીતિ કરી (નહોતી) જ્ઞેય અધિકાર છે ને ? શું અધિકાર છે ?! જ્ઞેય અધિકાર. (એ પ્રતીતિ કરી).

જ્ઞાનની પર્યાયમાં, આખું જ્ઞેય તત્ત્વ ક્યારેય આવ્યું નહોતું. (અર્થાત્‌) જ્ઞાનમાં જણાણું નહોતું. **એને જેણે જ્ઞાનની પર્યાયમાં, જ્ઞેય વસ્તુ (જે) સમ્યક્‌દર્શનનો વિષય તેને જાણ્યું જ્ઞેય તત્ત્વ અધિકાર છે આ.** પ્રવચનસારનો બીજો ભાગ છે. આહા...હા ! એ વસ્તુ જે છે, અનંત ચૈતન્ય રત્નાકરનો દરિયો ભગવાન છે. આહા...હા ! એ જે ભગવાન આત્મા એનું જ્ઞાનની પર્યાયમાં જેણે જ્ઞાન કર્યું, એ પર્યાયમાં એનું જ્ઞાન થયું પણ એ પર્યાયમાં એ જ્ઞેય આવ્યું નહિ. આવી વાતું છે. એ પર્યાયમાં જ્ઞેય વસ્તુ – અખંડ પૂર્ણાનંદ સચ્ચિદાનંદ આત્મા છે, એનું જ્ઞાન કર્યું, નિર્વિકલ્પ જ્ઞાન કર્યું. રાગના અભાવ સ્વભાવરૂપે આખા ચૈતન્ય તત્ત્વને જેણે સમ્યક્‌દર્શન–જ્ઞાનમાં જાણ્યું છતાં, એ પર્યાયમાં તે દ્રવ્ય આવતું નથી. પર્યાય એ દ્રવ્યમાં આવતી નથી – એ પછી કહેશે.

આહા...હા ! આ શું ? કઈ જાતનો ઉપદેશ ? ઓલા તો કહે વ્રત પાળો ને વ્રત કરો ને ભક્તિ કરો ને ઉપવાસ કરો. અરે ભગવાન ! સાંભળને બાપુ ! એ તો બધી વિકલ્પ અને રાગની ક્રિયાની વાતો છે. આહા...હા ! અહીંયાં તો, પરમાત્માનું સ્વરૂપ જે અંદર અખંડ પૂર્ણ ઘન વસ્તુ – એની જે પ્રતીતિ ને જ્ઞાન (કર્યું), નિર્વિકલ્પપણે તેના આશ્રયે દૃષ્ટિ કરી, એ પર્યાયને પણ (દ્રવ્ય અડતું નથી). તે જ્ઞાનની પર્યાયમાં આખી જ્ઞેય વસ્તુને જાણે પણ એ જ્ઞાનની પર્યાયયાં

જ્ઞેય વસ્તુ–દ્રવ્ય છે, એ આવે નહિ. તેમ એ જ્ઞેય દ્રવ્ય છે, એ જ્ઞાનની પર્યાયને સ્પર્શે નહિ. આહા...હા ! આવી વાતો છે આ.

આ અજાણ્યા માણસને તો પાગલ જેવું લાગે એવું છે. શું વાત કહે છે આ ? શું છે આ ? ભગવાન ! એક વાર સાંભળ ! ભાઈ ! જિનેન્દ્રદેવ ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વરની વાણીમાં આ આવ્યું છે. આહા...હા ! એ આ પ્રવચનસાર છે. આહા...હા ! અહીંયાં કહે છે, લિંગ એવું જે પર્યાય, એનું જે ગ્રહણ એટલે અર્થાવબોધ, અર્થાવબોધ તો એક શબ્દ લીધો છે. **પદાર્થનો બોધવિશેષ (તેમાં) અનંતા ગુણો(નું પરિણમન લેવું) છે.**

આખા દ્રવ્યની અનંતગુણોની જે પર્યાય છે. એવી જે પર્યાય વિશેષ તે જેને નથી. આહા...હા ! આત્મામાં તે પર્યાય નથી. ધર્મી એવો ભગવાનઆત્મા તેને પર્યાયમાં અર્થાત્ ધર્મદશામાં પ્રગટ જાણ્યો. સમ્યક્દર્શન–જ્ઞાન–ચારિત્ર એ ધર્મ પર્યાય છે. એ નિર્વિકારી વીતરાગી પર્યાય છે. એ પર્યાયમાં દ્રવ્ય જણાણું, શ્રદ્ધાણું અને તેમાં ઠર્યો, પણ એ ત્રણે પર્યાયને, એ ત્રણ પર્યાય અવસ્થા છે, એને દ્રવ્ય અડતું નથી.

આહા...હા ! શું કહે છે આ ? આ તો ઊથલપાથલની વાતું છે, બાપુ ! આહા...હા ! ભગવાન ત્રિલોકનાથના દિવ્ય ધ્વનિનો આ અવાજ છે. આહા...હા ! સમજાય છે કાંઈ ? ભાઈ ! આ તો જેટલું નાખો એટલું નીકળે એવી બધી ચીજ છે. ૨૦ બોલ તો એવા છે કે, દિગંબર સંતોએ ભગવાન કેવળીના પેટ ખોલ્યાં છે. આહા...હા ! આવી વાત બીજે ક્યાંય, કોઈનામાંય નથી. એનામાં (દિગંબરમાં) જન્મ્યા છે એનેય ખબર નથી કે શું દ્રવ્ય અને શું પર્યાય અને શું આ ?

આહા...હા ! સમજાણું કાંઈ ? એ કહે છે કે, અર્થાવબોધ એટલે પદાર્થની વિશેષ દશા, એ આત્મામાં નથી. તે અલિંગગ્રહણ છે. **'આ રીતે આત્મા પર્યાય વિશેષથી નહિ આલિંગિત (એવું શુદ્ધ દ્રવ્ય છે).'** એની દશાઓ (જે) નિર્મળ છે તેને આત્મા સ્પર્શતો નથી, આલિંગન કરતો નથી, તેની પર્યાયને તે દ્રવ્ય અડતું નથી, તે પર્યાયને તે દ્રવ્ય ચુંબતું નથી. આહા...હા ! નિર્મળ પર્યાયને દ્રવ્ય છૂતું નથી. આહા...હા ! શું કહે છે આ ?! સમજાણું કાંઈ ?

આ તો ભગવાનની વાણી છે. એને દિગંબર સંતો – અંતર આનંદના અનુભવીઓ – આનંદના વેદનમાં પડ્યા છે (એ આડતિયા થઈને જગતને જાહેર કરે છે). એક વિકલ્પ ઊઠ્યો ને આ શાસ્ત્રો રચાઈ ગયાં છે. સમજાણું કાંઈ ? આહા...હા ! (પર્યાય વિશેષથી) નહિ આલિંગિત એવું શુદ્ધ દ્રવ્ય છે. એવો ભગવાન શુદ્ધ દ્રવ્ય છે. આહા...હા ! જે સમ્યક્દર્શનનો વિષય છે, જે સમ્યક્જ્ઞાન શુદ્ધ નિશ્ચય પર્યાયનો વિષય છે, એવો શુદ્ધ દ્રવ્ય છે; એ પર્યાયને અડતો નથી. આહા...હા ! એ વાત થઈ ગઈ છે. અડધો કલાક આજ (બોલ) ચાલ્યો. કાલ (અડધું) થઈ ગયું છે.

**હવે ૨૦મો બોલ.** છેલ્લો છે. એક અલિંગગ્રહણ (શબ્દના) ૬ અક્ષર છે. એના ૨૦ અર્થ કાઢ્યાં. 'અમૃતચંદ્ર આચાર્ય' દિગંબર સંત, હજાર વર્ષ પહેલાં થયા એના પહેલાં બે હજાર વર્ષ પહેલાં ભગવાન 'કુંદકુંદઆચાર્ય' થયા. એમનો શ્લોક છે અને એની ટીકા 'અમૃતચંદ્ર આચાર્યે'

કરી. તે અલિંગગ્રહણમાંથી ૨૦ અર્થ કાઢ્યા. **આપણે ૨૦મો બોલ હવે શરૂ કરીએ.** ૧૯ ચાલ્યા. આ ચૌદ દિવસથી ચાલે છે. ૨૦ બોલ ચૌદ દિવસથી ચાલે છે.

આહા...હા ! વચમાં તો ઘણો સૂક્ષ્મ અધિકાર આવી ગયો. ભાઈ ! મારગડા આવા ઝીણા બાપુ ! ૨૦મો બોલ અહીં કહે છે, '**લિંગ એટલે પ્રત્યભિજ્ઞાનનું કારણ...**' ભાષાય કોઈ દિ' કાને ન પડી હોય. સંસારના ડાહ્યા. સંસારના હોંશિયાર, સંસારમાં ઊંડા જવાના. ભાઈ ! અહીં તો આત્મામાં ડાહ્યા હોય એની વાત છે આ. આહા...હા ! શું થાય ?

કહે છે કે, 'લિંગ એટલે પ્રત્યભિજ્ઞાનનું કારણ' (પ્રત્યભિજ્ઞાન) એટલે આ કાલ હતો તે આજ છે. આજ હતો તે (આવતી) કાલ છે એમ. દા. ત. એક માણસને જોયો હોય. 'મેં કાલ જોયો હતો તે જ આ.' એ આ આત્મા (જે) કાલ હતો એ (આજે) અત્યારે છે. એ પ્રત્યભિજ્ઞાનનું કારણ. એટલે છે તે છે. જે કાલે (હતો) તે અત્યારે છે. ધ્રુવ (છે). આહા...હા ! સમજાણું કાંઈ ?

પ્રત્યભિજ્ઞાન એટલે 'લઘુજૈનસિદ્ધાંતપ્રવેશિકા'માં આવે છે. જૈન સિદ્ધાંતપ્રવેશિકા છે ને ગોપાળદાસ બરૈયા (એ રચેલી) એમાં એ ખુલાસો આવે છે. અહીં તો, અધ્યાત્મમાં પ્રત્યભિજ્ઞાન એટલે આ આત્મા કાલ હતો તે આજે છે ને આજ છે એ કાલે રહેશે. એમ અનંત કાલ રહેશે. આહા...હા ! '**લિંગ એટલે કે પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ સામાન્ય તે જેને નથી તે અલિંગગ્રહણ છે.**' ગજબ વાત છે !!

અર્થ એટલે પદાર્થ સામાન્ય. ત્રિકાળી દ્રવ્ય ભગવાન ત્રિકાળી દ્રવ્ય. આહા...હા ! છે ? તે જેને નથી. એ ત્રિકાળી દ્રવ્ય આત્મામાં નથી. શું કહે છે, આ ? સાંભળો એનું સ્પષ્ટીકરણ... હળવે હળવે હવે આવશે. આ કાંઈ કથા–વાર્તા નથી. આ તો ભાગવત કથા (છે). આત્માના ભગવત્ સ્વરૂપની કથા છે. આહા...હા ! કહે છે કે, '**લિંગ એટલે પ્રત્યભિજ્ઞાનનું કારણ...**' એટલે આ હતો તે આ છે. કાલે હતો તે આ છે એવો જે ત્રિકાળી ધ્રુવ, ત્રિકાળી સામાન્ય; એક સમયની પર્યાય વિનાનું ત્રિકાળી સામાન્ય – એક સમયની વર્તમાન દશા દશા વિનાનું ત્રિકાળી સામાન્ય આહા...હા ! '**એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધસામાન્ય તે જેને નથી. (તે અલિંગગ્રહણ છે).**' એ આત્મામાં એ દ્રવ્ય નથી. કઈ અપેક્ષાએ આ વાત છે તે ધ્યાન રાખજો. આહા...હા ! '**અર્થાવબોધસામાન્ય તે જેને નથી (તે અલિંગગ્રહણ છે).**'

અહીં શું કહેવું છે ? સામાન્ય જે ધ્રુવ છે. એનું ભાન થયું, સમ્યક્દર્શન–જ્ઞાન થયું, શાંતિ અને આનંદનું વેદન થયું. આહા...હા ! સમજાય છે કાંઈ ? સમ્યક્દર્શન થતાં અતીન્દ્રિય આનંદનું વેદન થયું. સમ્યક્દર્શન થતાં અનંતગુણો અંશે વ્યક્ત થયા, પ્રગટ થયા, જે 'સર્વ ગુણાંશ તે સમકિત.' એ સર્વ ગુણોનો અંશ પ્રગટ્યો. એને (ધ્રુવને) પ્રતીતમાં લીધો ને એને જ્ઞાનમાં લીધો એનું નામ સમ્યક્દર્શન. એવી જે સમ્યક્દર્શનની પર્યાયમાં આનંદનું વેદન આવ્યું એ આનંદનું વેદન આત્માને સ્પર્શતું નથી. પહેલાં એમ આવ્યું હતું ને કે, દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી. ત્યારે અહીં પર્યાય દ્રવ્યને સ્પર્શ કરતી નથી. ઝીણી વાત છે ભાઈ ! શું કહે છે ? આહા...હા !

ભગવાન શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે. 'જિન સોહિ હૈ આત્મા' એ આવી ગયું ને ? 'સમયસાર નાટક'માં આવે છે. 'ઘટ ઘટ અંતર જિન વસે ને ઘટ ઘટ અંતર જૈન, મત મદિરા કે પાનસો,

મતવાલા સમુઝે ન.' ઘટ ઘટ અંતર જિન વસે (એટલે) ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ ! જિન સ્વરૂપે જ એ બિરાજે છે. આહા...હા ! શક્તિએ હોં ! શક્તિએ – સ્વભાવે જિન સ્વરૂપ ભગવાનઆત્મા છે. આહા...હા ! 'ઘટ ઘટ અંતર જિન વસે ને ઘટ ઘટ અંતર જૈન.' જૈન (પણું) કોઈ બહારના ક્રિયાકાંડમાં નથી. આહા...હા ! એ રાગની એકતા તોડીને સ્વભાવની એકતા થવી, આનંદનો અનુભવ થવો એનું નામ જૈન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

હવે અહીંયાં એમ કહે છે કે, જે પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે ગ્રહણ એટલે ત્રિકાળી દ્રવ્ય તે જેને નથી. વેદનમાં નથી એમ કહે છે. વેદનમાં તો પર્યાય છે. આહા...હા ! ઝીણી વાત છે. ભાઈ ! ભગવાન તારી લીલા અલૌકિક છે. ઓલા લોકો કહે, ઈશ્વરની લીલા અલૌકિક છે. ઈશ્વર કે કોઈ કર્તાહર્તા છે નહિ. અહીં તો આત્માની લીલાની વાતું કરે છે. અહીં તો પ્રભુ કહે છે કે, આ આત્મા જે દ્રવ્ય શુદ્ધ ચૈતન્યઘન એની શ્રદ્ધા–જ્ઞાનને વેદન આવ્યું. ચારિત્રમાં આનંદનું વેદન છે. સમ્યક્દર્શનમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ છે. સમ્યક્દર્શન–જ્ઞાન–ચારિત્રમાં સ્વસંવેદનની ઉગ્ર દશા છે. આહા...હા ! એ પર્યાય છે. તો અહીં કહે છે કે, પર્યાયમાં જે વેદન છે, એ પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી. એ તો પહેલાં આવ્યું હતું. દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી, હવે એમ કહે છે. (પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી). આહા...હા ! શાંતિથી (સમજવું) બાપા ! આ તો વીતરાગમાર્ગ છે. ભાઈ ! ત્રણલોકના નાથ જિનેન્દ્રદેવ, એમણે કહેલું બીજે ક્યાંય છે નહિ. એના માર્ગ સિવાય બીજે ક્યાંય માર્ગ છે જ નહિ.

આહા...હા ! અને એનો માર્ગ શું છે ? એની એના વાડામાં જન્મ્યા એને ખબર ન મળે. આહા...હા ! અહીં કહે છે, લિંગ એટલે અર્થાવબોધ પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે દ્રવ્ય તે જેને નથી. એટલે વેદનમાં તો દ્રવ્ય નથી આવતું (એમ) કહે છે. વેદનમાં તો પર્યાય આવે છે. અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિયજ્ઞાન, અતીન્દ્રિય શાંતિ, સ્વચ્છતા, ઈશ્વરતા, પ્રભુતા, એવી અનંતગુણની વર્તમાન પ્રગટ પર્યાય તે પર્યાય વેદનમાં આવે છે. એ વેદનમાં આવે એ પર્યાય તે આત્મા.

પોતાની શુદ્ધ પર્યાયને વેદે છે. એ દ્રવ્યને અડતી નથી. આવું ઝીણું છે, ભાઈ ! મારગ (આવો છે). શું કરીએ ? આહા...હા ! શું કહ્યું સાંભળ્યું ? ફરીને. લિંગ એટલે પ્રત્યભિજ્ઞાનનું કારણ, ગ્રહણ એટલે ત્રિકાલી વસ્તુ – ત્રિકાળી ધ્રુવ સામાન્ય વસ્તુ. જે વર્તમાન પર્યાય સિવાયની વસ્તુ. આહા...હા ! હજી તો પર્યાય શું ? ને દ્રવ્ય શું ? આ બધાં થોથાં જેવાં સમજતા ન હોયને. ભાને ય ન મળે.

આ તો બાપુ બીજી વાતું છે. શું કરીએ ? ભગવાન થવાની વાતો છે ભગવાન ! એમાંય પણ અહીં તો કહે છે કે, ભગવાન પૂર્ણ સ્વરૂપ છે. એને જે વેદનમાં આવ્યું તે, સામાન્ય વેદનમાં આવતું નથી. આહા...હા ! ધ્રુવ જે ચીજ છે – નિત્યાનંદ પ્રભુ ! એ ધ્રુવ છે. તે વેદનમાં આવતું નથી. વેદનમાં તો પર્યાય આવે છે. આહા...હા ! શું કહે છે આ ? અહોહો...! સર્વજ્ઞ પરમેશ્વર એના કહેલા માર્ગને સંતો દિગંબર મુનિઓ આડતિયા થઈને જગતને માલ વેચે છે.

આહા...હા ! એકવાર સાંભળ તો ખરો પ્રભુ ! આ આત્મા જે છે એમાં દ્રવ્ય અને પર્યાય બે છે. દ્રવ્ય જે છે એ ત્રિકાળ છે. અને પર્યાય જે છે એ વર્તમાન છે. એ આત્મા વર્તમાન

પર્યાયને વેદે છે એ દ્રવ્યને અડતું નથી. આ બધી ભાષા જુદી જાતની. આ ચોપડામાં ક્યાંય આવે એવું નથી. આ તો ન્યાલ થવાની વાતો છે બાપુ હોં ! સાચા ન્યાલ હોં. આ ખોટા ન્યાલ નહીં. શું કહે છે ? ફરીને કહીએ. આપણે વાતને એકદમ છોડી દેતા નથી.

એ આત્મા છે. એના બે ભાગ. એક ત્રિકાળી દ્રવ્ય ધ્રુવ અને વર્તમાન પર્યાય. એ બે થઈને આખું દ્રવ્ય (જે) પ્રમાણનો વિષય (છે). પરની સાથે ક્યાંય સંબંધ નથી. પર તો પરમાં છે. હવે જે ત્રિકાળી દ્રવ્ય છે – જે વસ્તુ, એ એનું જે વેદન થયું, એને જાણતાં, એને શ્રદ્ધતાં, એમાં ઠરતાં, એમાં ચારિત્ર આદિથી વેદનમાં જે આનંદ આવ્યો એ આનંદનું વેદન પર્યાયમાં છે. એ આનંદના વેદનમાં દ્રવ્ય આવતું નથી. આહા...હા ! આવી ભાષા. એની સન્મુખ થનાર... જ્ઞાનની પર્યાયમાં, સમ્યક્દર્શનમાં હોં ! શાસ્ત્ર વગેરે ભણ્યા તે જ્ઞાન નથી.

જ્ઞાન તો (એને કહીએ કે જે) ભગવાન ચૈતન્યમૂર્તિનો પ્રકાશ, નિત્યજ્ઞાન, ધ્રુવ એનું જે અંતર્મુખ થઈને જ્ઞાન થયું તેને અહીં સમ્યક્જ્ઞાનની પર્યાય કહેવામાં આવે છે એ જ્ઞાનની પર્યાયમાં વેદન છે. એ આનંદનું અને શાંતિની પર્યાયનું વેદન છે. એ પર્યાયના વેદનમાં દ્રવ્ય આવતું નથી. ધ્રુવ તે વેદનમાં આવતું નથી. પર્યાયના વેદનમાં તે દ્રવ્ય આવતું નથી. પર્યાયનું વેદન તે દ્રવ્યને અડતું નથી. આહા...હા !

૧૯મા (બોલ)માં એમ હતું ને કે, દ્રવ્ય તે પર્યાયને અડતું નથી. નિર્મળ આનંદના વેદનની (પર્યાયને અડતું નથી) હોં ! સમ્યક્દર્શન, જ્ઞાન (સાથે) અતીન્દ્રિય આનંદનું વેદન છે. અતીન્દ્રિય આનંદના વેદનને ધર્મ કહીએ. આહા...હા ! એ ધર્મ એ પર્યાય, એ પર્યાયને દ્રવ્ય અડતું નથી. અહીં તો એમ કહે છે. પર્યાયના વેદનમાં દ્રવ્ય આવતું નથી. આહા...હા ! સમજાય એવું છે. ન સમજાય એવું નથી. ભાઈ ! ભગવાનનો મારગ ન્યાયથી છે. ન્યાય... ન્યાય... '**ની**' ધાતુ છે. જેનું વસ્તુ સ્વરૂપ છે, એની તરફ જ્ઞાનને દોરી જવું, એનું નામ ન્યાય. ભગવાન ન્યાયથી એમ કહે છે.

આહા...હા ! આહા...હા ! પ્રભુ ! જે આત્મા છે, આહા...હા ! એ (અનંત) ગુણોને સમ્યક્દર્શન જ્ઞાનમાં જાણે, શ્રદ્ધે, અને તેમાં જે અનંત ગુણની પ્રગટ અવસ્થા, વ્યક્ત અવસ્થાનું વેદન થયું એ વેદન તે આત્મા. એ વેદને દ્રવ્યન અડતું નથી, માટે તે વેદન તે આત્મા. આહા...હા ! આવી વાતો છે. આહા...હા ! આત્માને હરિ કહેવામાં આવે છે. સાંભળ્યું છે ? પંચાધ્યાયીમાં રાગ–દ્વેષને, અજ્ઞાનને હરે તે હરિ. પંચાધ્યાયીમાં છે. લોકો (જે) હરિ કહે છે એ નહિ, હોં ! આ તો અખંડ આનંદનો નાથ પ્રભુ ! ધ્રુવ, અનંતગુણનો પિંડ છે. આત્મા શુદ્ધ જ્ઞાનઘન અનંત આનંદનો કંદ (છે). આહા...હા ! એની દૃષ્ટિ થતાં એ આત્મા રાગ અને અજ્ઞાનનો નાશ કરે છે. માટે તે આત્માને હરિ કહેવામાં આવે છે.

હર તો શિવને પણ કહેવામાં આવે છે. પણ આ તો પ્રભુ અંદર (જે છે), આહા...હા ! જેમાં અનંત ગુણની રાશિનો ઢગલો પડ્યો છે. આકાશના (અનંત) પ્રદેશો છે. અનંત આકાશના પ્રદેશ અનંત છે ને ! આ લોક ને અલોક થઈને આકાશના પ્રદેશ (અનંત છે). અંત વિનાનો... અંત વિનાનું આકાશ છે. એના જેટલા પ્રદેશ છે, એમાં એક રજકણ (જેટલી જગ્યા) રોકે તેને

પ્રદેશ કહીએ. એના અનંત...અનંત..અનંત...અનંત... ચારે બાજુએ અનંત (પ્રદેશ) છે. એથી અનંત ગુણ એક જીવમાં ગુણ છે. આહા...હા ! એવડી મોટી સંખ્યા !! બાપુ શું થાય ?

પ્રભુ (એ) આત્મામાં તો એટલા અનંત ગુણ કીધા છે, પણ પ્રભુએ, પરમાણુમાં પણ અનંતગુણ (કહ્યા છે). આકાશના પ્રદેશથી અનંતગુણા ગુણ એક જડ પરમાણુમાં કહ્યા છે. જડના ગુણો હોં ! આહા...હા ! જેટલા ગુણો આકાશમાં તેટલી સંખ્યાયે ગુણ એક આત્મામાં છે. અને તેટલી જ સંખ્યાએ ગુણ એક પરમાણુમાં છે.

આહા...હા ! એવા જે ત્રિકાળી ગુણ ને (એવું) ત્રિકાળી દ્રવ્ય, એનો અનુભવ થતાં વેદનમાં શાંતિ અને આનંદનું વેદન આવે, એ પર્યાયનું વેદન તે આત્મા. મને તો વેદનમાં આવ્યો તે હું. ધ્રુવ તો વેદનમાં આવતો નથી. સમજાણું કાંઈ ? ઝીણી વાતો બાપા...! પ્રભુ ભગવાન ! તું આવડો મોટો છે, એની તને ખબર નથી.

આહા...હા ! આ ધૂળ (અર્થાત્) પાંચ–પચાસ લાખ, કરોડ, બે કરોડ મળે ત્યાં જાણે મોટો થઈ જાય છે. અને કંઈ પુણ્ય કરે દયા–દાન ને વ્રત ત્યાં મોટો થઈ ગયો. એ તો બધો વિકાર છે. આહા...હા ! અનંત ગુણનો નાથ પ્રભુ ! અંદર ચિદાનંદનો નાથ આત્મા, જિન સ્વરૂપે બિરાજમાન (છે) સમ્યક્દર્શનમાં... એના જિનસ્વરૂપનું જ્ઞાન ને વેદન ઠર્યું. આહા...હા !

મુનિને સ્વસંવેદન – અતીન્દ્રિય આનંદની ઉગ્ર દશા હોય છે. સાચા સંત જેને કહીએ (તેને પ્રચુર સ્વસંવેદન હોય છે). સમજાણું કાંઈ ? આવે છે ને ? ('સમયસાર') પાંચમી ગાથામાં. પ્રચુર સ્વસંવેદન. 'કુંદકુંદ આચાર્ય' કહે છે, મને પ્રચુર સ્વસંવેદન છે. એનાથી હું આ 'સમયસાર' કહીશ. આનંદની ઉગ્રતાનું મને વેદન છે. આહા...હા ! એ મારો વૈભવ છે. મારા વૈભવથી હું સમયસાર કહીશ. એ (બાહ્ય) વૈભવ આ. ધૂળનો, તમારે શું કહેવાય ? ઘરવખરી – ફર્નિચર – પાંચ પાંચ લાખના ને દસ દસ લાખના ફર્નિચર ને આમ (અંતરમાં) હોળી સળગતી હોય. ધૂળેય નથી તારું ફર્નિચર સાંભળને.

આને એમાંથી નીકળવું કઠણ પડશે. અહીં પ્રભુ કહે છે કે, રાગમાંથી નીકળવું એને અનંતકાળથી કઠણ પડે છે.

રાગ–દયા–દાન–વ્રત–ભક્તિનો વિકલ્પ પણ રાગ છે. એ રાગથી ભગવાન અંદર ભિન્ન છે. આહા...હા ! કેમકે રાગ એ પુણ્યતત્ત્વ છે. ભગવાનઆત્મા જ્ઞાયક તત્ત્વ છે. એ જ્ઞાયક તત્ત્વ છે એમાં પુણ્ય તત્ત્વનો અભાવ છે. એવા આત્માને જેણે જાણ્યો, એને જેણે અનુભવ્યો એને પર્યાયમાં અનંત આનંદ આદિ આવ્યો તો કહે છે કે, એ પર્યાય છે – તે આત્મા છે. કેમકે પર્યાય ધ્રુવને અડતી નથી. વેદન ધ્રુવને અડતું નથી. ધ્રુવમાં વેદન આવતું નથી.

શું છે આ તે વાત ? આવી કેવી વાત ? આ તો આખો દિ' બિચારા વ્રત કરોને, અપવાસ કરોને, મંદિર બનાવોને, ભક્તિ કરો. બધી વાતું, બાપા ! એ તો પરની ક્રિયા છે અને એમાં્ તને (શુભ) ભાવ આવે તો રાગ છે, વિકલ્પ છે, પુણ્ય છે; એ ધર્મ નહિ.

પણ અહીં તો કહે છે કે, આત્માનો – પૂર્ણાનંદનો નાથનો આશ્રય અને અવલંબન લઈને જેને સમ્યક્દર્શન–જ્ઞાન ને ધર્મની નિર્મળ વીતરાગી પર્યાય પ્રગટી એ પર્યાય દ્રવ્યને અડતી નથી.

૧૯મા (બોલમાં) એમ કહ્યું કે, દ્રવ્ય પર્યાયને અડતું નથી. આહા...હા ! હવે આ બધી ઉપાધિમાં આ વાત ક્યાં બેસે ? આહા...હા !

અહીંયાં તો, સાચા સંત જેને સાચી સમ્યક્દર્શન દશા (પ્રગટી) એ દશાને પણ દ્રવ્ય અડતું નથી. એ દશા દ્રવ્યને અડતી નથી. આવી બે ભિન્ન ભિન્ન સત્તાનો સ્વીકાર કરવાનો છે. સમજાણું કાંઈ ? અત્યારે... રાગના વેદનનો પ્રશ્ન નથી. સમજાણું કાંઈ ? રાગ તો એની પર્યાયમાંય નથી. ધર્મીને સમ્યક્દર્શનમાં શુદ્ધ ચૈતન્ય ભગવાનના આનંદનું વેદન છે. આહા...હા ! રાગ છે તે તો પૃથક્ રહે છે. પણ અહીં સમ્યક્દર્શનમાં પૂર્ણ પરમાત્મ જિનસ્વરૂપ પ્રભુ છે, એમ જાણવામાં આવ્યું, એનું વેદન આવ્યું. જેને જિનસ્વરૂપ વીતરાગ છે એથી જ પર્યાયમાં વીતરાગતાની પર્યાયનું વેદન આવ્યું. આહા...હા ! તે કહે છે.

એ વેદનમાં સામાન્ય જે તેને નથી. એ વેદનમાં સામાન્ય નથી. આહા...હા ! શું વાતો આવી ! અરેરે ! એણે અનંતકાળમાં દરકાર કરી નથી. બહારમાં ને બહારમાં નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો. દ્રવ્યલિંગ ધારણ કરી, પંચમહાવ્રત, પાંચ સમિતિ, ગુપ્તિ (પાળી). વ્યવહાર એવો ચોખ્ખો શુકલલેશ્યા (પર્યંતનો). એવા વ્યવહાર અનંતવાર કર્યાં. પણ બાપુ ! એનો ભવઅંત ન આવ્યો.

'મુનિવ્રત ધાર અનંતવાર ગ્રૈવેયક ઉપજાયો, પણ આત્મજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' જેણે આત્માનું જ્ઞાન (કર્યું). વસ્તુ જે છે, ચિદાનંદ પ્રભુ એનું જે જ્ઞાન, એની શ્રદ્ધા, એની સ્થિરતા, એના આનંદનું વેદન, એ પર્યાય દ્રવ્યને અડતી નથી. એ પર્યાયમાં દ્રવ્ય નથી. દ્રવ્યમાં પર્યાય નથી. હવે આવી વાતો એમ કહે છે. છે ? એ '**...અર્થાવબોધ સામાન્ય તે જેને નથી....**' વેદનમાં સામાન્ય નથી.

આહા...હા ! વેદનની પર્યાય દ્રવ્યને અડતી નથી. આહા...હા ! તેથી '**...આ રીતે આત્મા દ્રવ્યથી નહિ આલિંગિત**' આહા...હા ! ભગવાનઆત્મા દ્રવ્યને નહિ અડતો, નહિ સ્પર્શતો... વેદન સ્પર્શ્યા વિના વેદે છે. આવી વાતું છે. છે કે નહિ અંદર ? પાઠ છે કે નહિ ? અંદર જુઓને ! બાપુ ! ભાઈ ! ભગવાન તારી ઋદ્ધિ (ચમત્કારિક છે). આહા...હા ! વસ્તુ છે. એ તો દ્રવ્ય તરીકે કર્તા છે. એની પર્યાય, દ્રવ્ય છે એને અડતી નથી. એક સમયની દશામાં દ્રવ્ય આવતું નથી અને વેદનમાં પણ દ્રવ્ય આવતું નથી.

આત્મા (અર્થાત્) અહીં તો શુદ્ધ વેદનની પર્યાય તે આત્મા છે. હેં ! શું કહ્યું ? આ નિશ્ચય છે માટે ! છે આશ્રય દ્રવ્યનો, પણ પોતાનું વેદન થયું એ નિશ્ચય છે. આહા...હા ! પણ નિશ્ચય છે ને. ઝીણી વાત છે. ભાઈ ! 'કુંદકુંદઆચાર્યે', 'અમૃતચંદ્ર આચાર્યે' ગજબ કામ કર્યા છે. આહા...હા ! વીતરાગ સર્વજ્ઞનો મારગ ખુલ્લો કરી દીધો છે.

અરેરે... ! જેને સાંભળવાય ન મળે એ ક્યાં જાય ? શું કરશે ? અહીં તો પ્રભુ કહે છે. આહા...હા ! એ રીતે '**જેને નથી (અર્થાવબોધ સામાન્ય તે)**' કીધું. સમજાણું ? જેને નથી એટલે દ્રવ્યને નથી. દ્રવ્યમાં વેદન નથી. દ્રવ્યનું વેદન નથી. આહા...હા ! પણ દ્રવ્ય છે તે ધ્રુવ છે. એનું વેદન ન હોય. વેદન તો પર્યાયનું હોય. મોક્ષમાર્ગ એ પર્યાય છે. મોક્ષમાર્ગ એ દ્રવ્ય નથી.

આહા...હા ! '**सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः।**' એ પર્યાય છે. પણ કોની શ્રદ્ધા અને જ્ઞાન પર્યાય ? તો કહે કે, ત્રિકાળીની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા છતાં એ મોક્ષમાર્ગની પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. આહા....હા !

વિશેષ દશામાં સામાન્ય આવતું નથી. ૧૯મા (બોલમાં) સામાન્યમાં વિશેષ આવતું નથી. (એમ કહ્યું). આહા...હા ! સમજાણું કાંઈ ? આવી વાતું છે. નિશ્ચય... નિશ્ચય કરીને લોકો ઉડાવી દે છે. પણ નિશ્ચય આ વસ્તુ જ આમ છે. સમજાણું કાંઈ ? આહા...હા ! અહીં તો કહે છે કે, મને આનંદનું વેદન જે આવ્યું એને અમે આત્મા કહીએ છીએ – એ આત્મા. એ આત્માનું (અર્થાત્ પર્યાયનું) વેદન છે. દ્રવ્યનું વેદન નથી. વેદનમાં આત્મા અને દ્રવ્ય નથી. આહા...હા ! સમજાણું કાંઈ ? પર્યાય દ્રવ્યને અડતી નથી. પહેલાં એમ કીધું કે, દ્રવ્ય પર્યાયને અડતું નથી.

આહા...હા ! અહીં તો વેદનમાં જે પર્યાય આવી (અર્થાત્) સમ્યક્દર્શન – સમ્યક્જ્ઞાન થતાં જે આનંદનું વેદન આવ્યું તેમાં અનંત ગુણનું (અર્થાત્) શક્તિ જેટલી છે – સંખ્યાએ અનંત – તે બધાને એક એક અંશ સમ્યક્દર્શનમાં પ્રગટ થયો. જ્ઞાનાદિ જેટલા ગુણ છે તેનો એક એક અંશ સમ્યક્દર્શન થતાં પ્રગટ થયો. 'સર્વગુણાંશ તે સમકિત' આહા...હા !

'સર્વ ગુણાંશ છે તે સમકિત' એ દ્રવ્યને અડતું નથી. આવી વાતો છે. સમજાણું કાંઈ ? એવી લીલા છે એની શું થાય ? બાપુ ! મારગ તો આ છે. આ લોકોએ ગરબડ તો કરી નાખી. આમાં ગરબડ થાય તેવું છે જ નહિ. '**આત્મા દ્રવ્યથી નહિ આલિંગિત એવો શુદ્ધ પર્યાય છે.**' આત્મા દ્રવ્યને નથી સ્પર્શતો આહા...હા ! એવી શુદ્ધ પર્યાય છે. રાગની અહીં વાત જ નથી.

રાગ તો વિકૃત અવસ્થા (છે). વ્યવહાર રત્નત્રય છે તે તો વિકૃત અવસ્થા (છે). અહીં તો, ત્રિકાળી ભગવાનના આશ્રયે જે નિર્મળ પર્યાય પ્રગટ થઈ એવી શુદ્ધ પર્યાય તે આત્મા છે.

વિશેષ કહેશે.....

❀ ❀ ❀

પ્રમાણજ્ઞાન પણ સમ્યક્ એકાંતની અપેક્ષા રાખે છે. કઈ રીતે ? કે દ્રવ્ય અને પર્યાય બન્નેને અનેકાંતથી જાણીને અભેદ વસ્તુની મુખ્યતા તરફ ઢળીને સમ્યક્ એકાંત કરે તો જ પ્રમાણ જ્ઞાન થાય છે. એટલે અનેકાંત પણ સમ્યક્ એકાંતની અપેક્ષા રાખે છે. સમ્યક્ એકાંત એટલે શું ? કે અભેદ તરફ વળ્યો – ત્યારે જ સમ્યક્ એકાંત થયું, દ્રવ્ય પર્યાય બન્નેને જાણીને સામાન્ય તરફ વળીને વિશેષને અભેદ કરે તો પ્રમાણજ્ઞાન થાય. અભેદની મુખ્યતા હોવા છતાં તેમાં વળેલી પર્યાય પણ છે તો ખરી એટલે અભેદની મુખ્યતા અપેક્ષાએ તો સમ્યક્ એકાંત છે, ને દ્રવ્ય તરફ ઢળેલી પર્યાય પણ છે તે – દ્રવ્ય–પર્યાય બન્ને અપેક્ષાએ અનેકાંત પણ છે.

(હવે ટીકાકાર શ્રી અમૃતચંદ્રાઆચાર્યદેવ વડે પરિશિષ્ટરૂપે થોડું કહેવામાં આવે છે :)

'આ આત્મા કોણ છે (– કેવો છે) અને કઈ રીતે પ્રાપ્ત કરાય છે' એવો પ્રશ્ન કરવામાં આવે તો તેનો ઉત્તર (પૂર્વે) કહેવાઈ ગયો છે અને (અહીં) ફરીને પણ કહેવામાં આવે છે :–

પ્રથમ તો, આત્મા ખરેખર ચૈતન્યસામાન્ય વડે વ્યાપ્ત અનંત ધર્મોનું અધિષ્ઠાતા (સ્વામી) એક દ્રવ્ય છે, કારણ કે અનંત ધર્મોમાં વ્યાપનારા જે અનંત નયો તેમાં વ્યાપનારું જે એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ તે પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે (તે આત્મદ્રવ્ય) પ્રમેય થાય છે (– જણાય છે).

તે આત્મદ્રવ્ય દ્રવ્યનયે, પટમાત્રની માફક, ચિન્માત્ર છે (અર્થાત્ આત્મા દ્રવ્યનયે ચૈતન્યમાત્ર છે, જેમ વસ્ત્ર વસ્ત્રમાત્ર છે તેમ). ૧.

આત્મદ્રવ્ય પર્યાયનયે, તંતુમાત્રની માફક, દર્શનજ્ઞાનાદિમાત્ર છે (અર્થાત્ આત્મા પર્યાયનયે દર્શનજ્ઞાનચારિત્રાદિમાત્ર છે, જેમ વસ્ત્ર તંતુમાત્ર છે તેમ). ૨.

આત્મદ્રવ્ય અસ્તિત્વનયે સ્વદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી અસ્તિત્વવાળું છે; – લોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા અને લક્ષ્યોન્મુખ તીરની માફક. (જેમ કોઈ તીર સ્વદ્રવ્યથી લોહમય છે, સ્વક્ષેત્રથી દોરી ને કામઠાના વચગાળામાં રહેલું છે, સ્વકાળથી સંધાન–દશામાં છે અર્થાત્ ધનુષ્ય પર ચડાવીને ખેંચાયેલી સ્થિતિમાં છે અને સ્વભાવથી લક્ષ્યોન્મુખ છે અર્થાત્ નિશાનની સન્મુખ છે, તેમ આત્મ અસ્તિત્વનયે સ્વચતુષ્ટયથી અસ્તિત્વવાળો છે). ૩.

આત્મદ્રવ્ય નાસ્તિત્વનયે પરદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી નાસ્તિત્વવાળું છે; – અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક. (જેમ પહેલાંનું તીર અન્ય તીરના દ્રવ્યની અપેક્ષાથી અલોહમય છે, અન્ય તીરના ક્ષેત્રની અપેક્ષાથી દોરી ને કામઠાના વચગાળામાં નહિ રહેલું છે, અન્ય તીરના કાળની અપેક્ષાથી સંધાયેલી સ્થિતિમાં નહિ રહેલું છે અને અન્ય તીરના ભાવની અપેક્ષાથી અલક્ષ્યોન્મુખ છે, તેમ આત્મા નાસ્તિત્વનયે પરચતુષ્ટયથી નાસ્તિત્વવાળો છે). ૪.

આત્મદ્રવ્ય અસ્તિત્વનાસ્તિત્વનયે ક્રમશઃ સ્વપરદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી અસ્તિત્વનાસ્તિત્વવાળું છે; – લોહમય તેમજ અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા તેમજ દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમજ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને લક્ષ્યોન્મુખ તેમજ અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક. (જેમ પહેલાંનું તીર ક્રમશઃ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાથી

લોહમયાદિ અને અલોહમયાદિ છે, તેમ આત્મા અસ્તિત્વનાસ્તિત્વનયે ક્રમશઃ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાથી અસ્તિત્વવાળો અને નાસ્તિત્વવાળો છે). ૫.

આત્મદ્રવ્ય અવક્તવ્યનયે યુગપદ્ સ્વપરદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી અવકત્વય છે; – લોહમય તેમજ અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા તેમજ દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમજ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને લક્ષ્યોન્મુખ તેમજ અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક. (જેમ પહેલાંનું તીર યુગપદ્ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાથી યુગપદ્ લોહમયાદિ અને અલોહમયાદિ હોવાથી અવકતવ્ય છે, તેમ આત્મા અવકતવ્યનયે યુગપદ્ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાથી અવકતવ્ય છે). ૬.

આત્મદ્રવ્ય અસ્તિત્વ–અવકતવ્યનયે સ્વદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી તથા યુગપદ્ સ્વપરદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી અસ્તિત્વવાળું – અવક્તવ્ય છે; – (સ્વચતુષ્ટયથી) લોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા અને લક્ષ્યોન્મુખ એવા તથા (યુગપદ્ સ્વપરચતુષ્ટયથી) લોહમય તેમજ અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા તેમજ દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમજ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને લક્ષ્યોન્મુખ તેમજ અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક. (જેમ પહેલાંનું તીર (૧) સ્વચતુષ્ટયની તથા (૧) એકીસાથે સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) લોહમયાદિ તથા (૨) ન કહી શકાય એવું છે, તેમ આત્મા અસ્તિત્વ અવક્તવ્યનયે (૧) સ્વચતુષ્ટયની તથા (૨) યુગપદ્ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) અસ્તિત્વવાળો તથા (૨) અવક્તવ્ય છે). ૭.

આત્મદ્રવ્ય નાસ્તિત્વ–અવક્તવ્યનયે પરદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી તથા યુગપદ્ સ્વપરદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી નાસ્તિત્વવાળું અવક્તવ્ય છે; – (પરચતુષ્ટયથી) અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને અલક્ષ્યોન્મુખ એવા તથા (યુગપદ્ સ્વપરચતુષ્ટથી) લોહમય તેમજ અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા તેમજ દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમજ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને લક્ષ્યોન્મુખ તેમજ અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક. (જેમ પ્રથમનું તીર (૧) પરચતુષ્ટયની તથા (૨) એકીસાથે સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) અલોહમયાદિ તથા (૨) અવક્તવ્ય છે, તેમ આત્મા નાસ્તિત્વ–અવક્તવ્યનયે (૧) પરચતુષ્ટયની તથા (૨) યુગપદ્ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) નાસ્તિત્વવાળો તથા (૨) અવક્તવ્ય છે). ૮.

આત્મદ્રવ્ય અસ્તિત્વ–નાસ્તિત્વ–અવક્તવ્યનયે સ્વદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી, પરદ્રવ્યક્ષેત્ર–કાળ–ભાવથી તથા યુગપદ્ સ્વપર–દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી અસ્તિત્વવાળું–નાસ્તિત્વવાળું–

અવક્તવ્ય છે; – (સ્વચતુષ્ટયથી) લોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા અને લક્ષ્યોન્મુખ એવા, (પરચતુષ્ટયથી) અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને અલક્ષ્યોન્મુખ એવા તથા (યુગપદ્ સ્વપરચતુષ્ટયથી) લોહમય તેમજ અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા તેમજ દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમજ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને લક્ષ્યોન્મુખ તેમજ અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક. (જેમ પહેલાંનું તીર (૧) સ્વચતુષ્ટયની, (૨) પરચતુષ્ટયની તથા (૩) યુગપદ્ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) લોહમય, (૨) અલોહમય તથા (૩) અવકત્વય છે, તેમ આત્મા અસ્તિત્વ–નાસ્તિત્વ–અવક્તવ્યનયે (૧) સ્વચતુષ્ટયની (૨) પરચતુષ્ટયની તથા (૩) યુગપદ્ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) અસ્તિત્વવાળો, (૨) નાસ્તિત્વવાળો તથા (૩) અવક્તવ્ય છે). ૯.

આત્મદ્રવ્ય વિકલ્પનયે, બાળક, કુમાર ને વૃદ્ધ એવા એક પુરુષની માફક, સવિકલ્પ છે (અર્થાત્ આત્મા ભેદનયે, ભેદ સહિત છે, જેમ એક પુરુષ બાળક, કુમાર અને વૃદ્ધ એવા ભેદવાળો છે તેમ). ૧૦.

આત્મદ્રવ્ય અવિકલ્પનયે, એક પુરુષમાત્રની માફક, અવિકલ્પ છે (અર્થાત્ અભેદનયે આત્મા અભેદ છે, જેમ એક પુરુષ બાળક–કુમાર–વૃદ્ધ એવા ભેદો વિનાનો એક પુરુષમાત્ર છે તેમ). ૧૧.

આત્મદ્રવ્ય નામનયે, નામવાળાની માફક, શબ્દબ્રહ્મને સ્પર્શનારું છે (અર્થાત્ આત્મા નામનયે શબ્દબ્રહ્મથી કહેવાય છે, જેમ નામવાળો પદાર્થ તેના નામરૂપ શબ્દથી કહેવાય છે તેમ). ૧૨.

આત્મદ્રવ્ય સ્થાપનાનયે, મૂર્તિપણાની માફક, સર્વ પુદ્ગલોને અવલંબનારું છે (અર્થાત્ સ્થાપનાનયે આત્મદ્રવ્યની પૌદ્ગલિક સ્થાપના કરી શકાય છે, મૂર્તિની માફક). ૧૩.

આત્મદ્રવ્ય દ્રવ્યનયે, બાળક શેઠની માફક અને શ્રમણ રાજાની માફક, અનાગત અને અતીત પર્યાયે પ્રતિભાસે છે (અર્થાત્ આત્મા દ્રવ્યનયે ભાવી અને ભૂત પર્યાયરૂપે ખ્યાલમાં આવે છે, જેમ બાળક શેઠપણાસ્વરૂપ ભાવી પર્યાયરૂપે ખ્યાલમાં આવે છે અને મુનિ રાજસ્વરૂપ ભૂત પર્યાયરૂપે ખ્યાલમાં આવે છે તેમ). ૧૪.

આત્મદ્રવ્ય ભાવનયે, પુરુષ સમાન પ્રવર્તતી સ્ત્રીની માફક, તત્કાળના (વર્તમાન) પર્યાયરૂપે ઉલ્લસે–પ્રકાશે–પ્રતિભાસે છે (અર્થાત્ આત્મા ભાવનયે, વર્તમાન પર્યાયરૂપે પ્રકાશે છે, જેમ પુરુષ સમાન પ્રવર્તતી સ્ત્રી પુરુષત્વરૂપ પર્યાયરૂપે પ્રતિભાસે છે તેમ). ૧૫.

આત્મદ્રવ્ય સામાન્યનયે, હાર–માળા–કંઠીના દોરાની માફક, વ્યાપક છે (અર્થાત્ આત્મા સામાન્યનયે સર્વ પર્યાયોમાં વ્યાપે છે, જેમ મોતીની માળાનો દોરો સર્વ મોતીમાં વ્યાપે

છે તેમ). ૧૬.

આત્મદ્રવ્ય વિશેષનયે, તેના એક મોતીની માફક, અવ્યાપક છે (અર્થાત્ આત્મા વિશેષનયે અવ્યાપક છે, જેમ પૂર્વોક્ત માળાનું એક મોતી આખી માળામાં અવ્યાપક છે તેમ). ૧૭.

આત્મદ્રવ્ય નિત્યનયે, નટની માફક, અવસ્થાયી છે (અર્થાત્ આત્મા નિત્યનયે નિત્ય–ટકનારો છે, જેમ રામ–રાવણરૂપ અનેક અનિત્ય સ્વાંગ ધરતો હોવા છતાં પણ નટ તેનો તે જ નિત્ય છે તેમ). ૧૮.

આત્મદ્રવ્ય અનિત્યનયે, રામ–રાવણની માફક, અવસ્થાયી છે (અર્થાત્ આત્મા અનિત્યનયે અનિત્ય છે, જેમ નટે ધારણ કરેલા રામ–રાવણરૂપ સ્વાંગ અનિત્ય છે તેમ). ૧૯.

આત્મદ્રવ્ય સર્વગતનયે, ખુલી રાખેલી આંખની માફક, સર્વવર્તી (બધામાં વ્યાપનારું) છે. ૨૦.

આત્મદ્રવ્ય અસર્વગતનયે, મીંચેલી આંખની માફક, આત્મવર્તી (પોતામાં રહેનારું) છે. ૨૧.

આત્મદ્રવ્ય શૂન્યનયે, શૂન્ય (ખાલી) ઘરની માફક, એકલું (અમિલિત) ભાસે છે. ૨૨.

આત્મદ્રવ્ય અશૂન્યનયે, લોકોથી ભરેલા વહાણની માફક, મિલિત ભાસે છે. ૨૩.

આત્મદ્રવ્ય જ્ઞાનજ્ઞેય–અદ્વૈતનયે (જ્ઞાન અને જ્ઞેયના અદ્વૈતરૂપ નયે), મોટા ઇંધનસમૂહરૂપે પરિણત અગ્નિની માફક, એક છે. ૨૪.

આત્મદ્રવ્ય જ્ઞાનજ્ઞેયદ્વૈતનયે, પરનાં પ્રતિબિંબોથી સંપૃક્ત દર્પણની માફક, અનેક છે (અર્થાત્ આત્મા જ્ઞાન અને જ્ઞેયના દ્વૈતરૂપ નયે અનેક છે, જેમ પર–પ્રતિબિંબોના સંગવાળો અરીસો અનેકરૂપ છે તેમ). ૨૫.

આત્મદ્રવ્ય નિયતિનયે નિયત સ્વભાવે ભાસે છે, જેને ઉષ્ણતા નિયમિત (નિયત) હોય છે એવા અગ્નિની માફક. (આત્મા નિયતિનયે નિયતસ્વભાવવાળો ભાસે છે, જેમ અગ્નિને ઉષ્ણતાનો નિયમ હોવાથી અગ્નિ નિયતસ્વભાવાળો ભાસે છે તેમ). ૨૬.

આત્મદ્રવ્ય અનિયતિનયે અનિયત સ્વભાવે ભાસે છે, જેને ઉષ્ણતા નિયતિથી (–નિયત વડે) નિયમિત નથી એવા પાણીની માફક. (આત્મા અનિયતિનયે અનિયતસ્વભાવવાળો ભાસે છે. જેને પાણીને (અગ્નિના નિમિત્તે થતી) ઉષ્ણતા અનિયત હોવાથી પાણી અનિયતસ્વભાવવાળું ભાસે છે તેમ). ૨૭.

આત્મદ્રવ્ય સ્વભાવનયે સંસ્કારને નિરર્થક કરનારું છે (અર્થાત્ આત્માને સ્વભાવનયે સંસ્કાર નિરૂપયોગી છે), જેમ કોઈથી અણી કાઢવામાં આવતી નથી. (પણ જે સ્વભાવથી

જ અણીવાળો હોય છે) એવા તીક્ષ્ણ કાંટાની માફક. ૨૮.

આત્મદ્રવ્ય અસ્વભાવનયે સંસ્કારને સાર્થક કરનારું છે (અર્થાત્ આત્માને અસ્વભાવનયે સંસ્કાર ઉપયોગી છે), જેને (સ્વભાવથી અણી હોતી નથી પણ સંસ્કાર કરીને) લુહાર વડે અણી કાઢવામાં આવી હોય છે એવા તીક્ષ્ણ તીરની માફક. ૨૯.

આત્મદ્રવ્ય કાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખે છે એવું છે, ઉનાળાના દિવસ અનુસાર પાકતા આમ્રફળની માફક. (કાળનયે આત્મદ્રવ્યની સિદ્ધિ સમય પર આધાર રાખે છે, ઉનાળાના દિવસ અનુસાર પાકતી કેરીની માફક). ૩૦.

આત્મદ્રવ્ય અકાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખતી નથી એવું છે, કૃત્રિમ ગરમીથી પકવવામાં આવતા આમ્રફળની માફક. ૩૧.

આત્મદ્રવ્ય પુરુષકારનયે જેની સિદ્ધિ યત્નસાધ્ય છે એવું છે, જેને પુરુષકારથી * લીંબુનું ઝાડ પ્રાપ્ત થાય છે (– ઊગે છે) એવા પુરુષકારવાદીની માફક, (પુરુષાર્થનયે આત્માની સિદ્ધિ પ્રયત્નથી થાય છે, જેમ કોઈ પુરુષાર્થવાદી મનુષ્યને પુરુષાર્થથી લીંબુંનું ઝાડ પ્રાપ્ત થાય છે તેમ). ૩૨.

આત્મદ્રવ્ય દૈવનયે જેની સિદ્ધિ અયત્નસાધ્ય છે (– યત્ન વિના થાય છે) એવું છે, પુરુષકારવાદીએ દીધેલા *લીંબુના ઝાડની અંદરથી જેને (યત્ન વિના, દૈવથી) માણેક પ્રાપ્ત થાય છે એવા દૈવવાદીની માફક. ૩૩.

આત્મદ્રવ્ય ઈશ્વરનયે પરતંત્રતા ભોગવનાર છે, ધાવની દુકાને ધવડાવવામાં આવતા મુસાફરના બાળકની માફક. ૩૪.

આત્મદ્રવ્ય અનીશ્વરને સ્વતંત્રતા ભોગવનાર છે, હરણને સ્વચ્છંદે (સ્વતંત્રપણે, પોતાની મરજી અનુસાર) ફાડી ખાતા સિંહની માફક. ૩૫.

આત્મદ્રવ્ય ગુણીનયે ગુણગ્રાહી છે, શિક્ષક વડે જેને કેળવણી આપવામાં આવે છે એવા કુમારની માફક. ૩૬.

આત્મદ્રવ્ય અગુણીનયે કેવળ સાક્ષી જ છે (– ગુણગ્રાહી નથી). શિક્ષક વડે જેને કેળવણી આપવામાં આવે છે એવો જે કુમાર તેને જોનાર પુરુષની (–પ્રેક્ષકની) માફક. ૩૭.

આત્મદ્રવ્ય કર્તૃનયે, રંગરેજની માફક, રાગાદિપરિણામનું કરનાર છે (અર્થાત્ આત્મા કર્તાનયે રાગાદિ પરિણામોનો કર્તા છે, જેમ રંગારો રંગકામનો કરનાર છે તેમ). ૩૮.

આત્મદ્રવ્ય અકર્તૃનયે કેવળ સાક્ષી જ છે (– કર્તા નથી). પોતાના કાર્યમાં પ્રવૃત્ત

---

* અહીં 'મધુકુક્કુટી'નો અર્થ 'લીંબુનું ઝાડ' કર્યો છે. શ્રી પાંડે હેમરાજજીને હિંદી પ્રવચનસારમાં તેનો અર્થ 'મધુછત્તા (અર્થાત્ મધપૂડો)' કર્યો છે.

રંગરંજને જોનાર પુરુષની (– પ્રેક્ષકની) માફક. ૩૯.

આત્મદ્રવ્ય ભોક્તૃનયે સુખદુઃખાદિનું ભોગવનાર છે, હિતકારી–અહિતકારી અન્નને ખાનાર રોગીની માફક. (આત્મા ભોક્તાનયે સુખદુઃખાદિને ભોગવે છે, જેમ હિતકારી કે અહિતકારી અન્નને ખાનાર રોગી સુખ કે દુઃખને ભોગવે છે તેમ). ૪૦.

આત્મદ્રવ્ય અભોક્તૃનયે કેવળ સાક્ષી જ છે, હિતકારી–અહિતકારી અન્નને ખાનાર રોગીને જોનાર વૈદ્યની માફક. (આત્મા અભોક્તાનયે કેવળ સાક્ષી જ છે – ભોક્તા નથી, જેમ સુખદુઃખને ભોગવનાર રોગીને જોનાર જે વૈદ્ય તે તો કેવળ સાક્ષી જ – છે તેમ). ૪૧.

આત્મદ્રવ્ય ક્રિયાનયે અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ સધાય એવું છે. થાંભલા વડે માથું ભેદાતાં દૃષ્ટિ ઉત્પન્ન થઈને જેને નિધાન મળે છે એવા અંધની માફક (ક્રિયાનયે આત્મા અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ થાય એવો છે, જેમ કોઈ અંધ પુરુષને પથ્થરના થાંભલા સાથે માથું ફોડવાથી માથામાંના લોહીનો વિકાર દૂર થવાને લીધે આંખો ખૂલી જાય અને નિધાન પ્રાપ્ત થાય તેમ). ૪૨.

આત્મદ્રવ્ય જ્ઞાનનયે વિવેકની પ્રધાનતાથી સિદ્ધિ સધાય એવું છે, ચણાની મુઠ્ઠી દઈને ચિંતામણિ ખરીદનાર એવો જે ઘરના ખૂણામાં રહેલો વેપારી તેની માફક. (જ્ઞાનનયે આત્માને વિવેકની પ્રધાનતાથી સિદ્ધિ થાય છે, જેમ ઘરના ખૂણામાં બેઠેલા વેપારી ચણાની મુઠ્ઠી દઈને ચિંતામણિ ખરીદી લે તેમ). ૪૩.

આત્મદ્રવ્ય વ્યવહારનયે બંધ અને મોક્ષને વિષે *દ્વૈતને અનુસરનારું છે, બંધક (બંધ કરનાર) અને મોચક (મુક્ત કરનાર) એવા અન્ય પરમાણુ સાથે સંયુક્ત થતા અને તેનાથી વિરક્ત થતા એવા પરમાણુની માફક. (વ્યવહારનયે આત્મા બંધ અને મોક્ષમાં (પુદ્‌ગલ સાથે) દ્વૈતને પામે છે, જેમ પરમાણુના બંધને વિષે તે પરમાણુ અન્ય પરમાણુ સાથે સંયોગ પામવારૂપ દ્વૈતને પામે છે અને પરમાણુના મોક્ષને વિષે ને પરમાણુ અન્ય પરમાણુથી છૂટો થવારૂપ દ્વૈતને પામે છે તેમ). ૪૪.

આત્મદ્રવ્ય નિશ્ચયનયે બંધ અને મોક્ષને વિષે અદ્વૈતને અનુસરનારું છે, એકલો બંધાતો અને મુકાતો એવો જે બંધમોક્ષોચિત સ્નિગ્ધત્વરૂક્ષત્વગુણે પરિણત પરમાણુ તેની માફક. (નિશ્ચયનયે આત્મા એકલો જ બદ્ધ અને મુક્ત થાય છે, જેમ બંધ અને મોક્ષને ઉચિત એવા સ્નિગ્ધત્વગુણે કે રૂક્ષત્વગુણે પરિણમતો પરમાણુ એકલો જ બદ્ધ અને મુક્ત થાય છે તેમ). ૪૫.

---

* દ્વૈત; બે–પણું (વ્યવહારનયે આત્માના બંધને વિષે કર્મ સાથેના સંયોગની અપેક્ષા આવતી હોવાથી દ્વૈત છે અને આત્માના મોક્ષને વિષે કર્મના વિયોગની અપેક્ષા આવતી હોવાથી ત્યાં પણ દ્વૈત છે).

આત્મદ્રવ્ય અશુદ્ધનયે, ઘટ અને રામપાત્રથી વિશિષ્ટ માટીમાત્રની માફક, સોપાધિસ્વભાવવાળું છે. ૪૬.

આત્મદ્રવ્ય શુદ્ધનયે, કેવળ માટીમાત્રની માફક, નિરૂપાધિસ્વભાવવાળું છે. ૪૭.

તેથી કહ્યું છે કે –

**जावदिया वयणवहा तावदिया चेव हौंति णयवादा।**
**जावदिया णयवादा तावदिया चेव हौंति परसमया।।**
**परसमयाणं वयणं मिच्छं खलु होदि सव्वहा वयणा।**
**जइणाणं पुण वयणं सम्मं खु कहंचि वयणादो।।**

(અર્થ :– જેટલા [1]વચનપંથ છે તેટલા ખરેખર નયવાદ છે; અને જેટલા નયવાદ છે તેટલા જ પરસમય (પર મત) છે.

પરસમયોનું (મિત્યામતીઓનું) વચન સર્વથા (અર્થાત્ અપેક્ષા વિના) કહેવામાં આવતું હોવાથી ખરેખર મિથ્યા છે; અને જૈનોનું વચન કથંચિત્ (અર્થાત્ અપેક્ષા સહિત) કહેવામાં આવતું હોવાથી ખરેખર સમ્યક્ છે).

એ રીતે આ (ઉપરોક્ત) સૂચન પ્રમાણે (અર્થાત્ ૪૭ નયોમાં સમજાવ્યું તે વિધિથી) એક એક ધર્મમાં એક એક નય (વ્યાપે) એમ અનંત ધર્મોમાં વ્યાપક અનંત નયો વડે નિરૂપણ કરવામાં આવે તો, સમુદ્રની અંદર મળતા [2]શ્વેત–નીલ ગંગા–યમુનાના જળસમૂહની માફક, અનંત ધર્મોને પરસ્પર અતદ્ભાવમાત્ર વડે જુદા પાડવા અશક્ય હોવાથી, આત્મદ્રવ્ય [3]અમેચકસ્વભાવવાળું, એક ધર્મમાં વ્યાપનારું, એક ધર્મી હોવાને લીધે યથોક્ત એકાંતાત્મક (એકધર્મસ્વરૂપ) છે. પરંતુ યુગપદ્ અનંત ધર્મોમાં વ્યાપક એવા અનંત નયોમાં વ્યાપનારા એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ વડે નિરૂપણ કરવામાં આવે તો, બધી નદીઓના જળસમૂહના સમવાયાત્મક (સમુદાયસ્વરૂપ) એક સમુદ્રની માફક, અનંત ધર્મોને વસ્તુપણે જુદા પાડવા અશક્ય હોવાથી આત્મદ્રવ્ય *મેચકસ્વભાવવાળું, અનંત ધર્મોમાં વ્યાપનારું, એક ધર્મી હોવાને લીધે યથોક્ત અનેકાન્તાત્મક (અનેકધર્મ સ્વરૂપ) છે. (જેમ, એક વખતે એક નદીના જળને

---

૧. વચનપંથ = વચનના પ્રકાર. (જેટલા વચનના પ્રકારો છે તેટલા નયો છે. અપેક્ષા સહિત નય તે સમ્યક્ નય છે અને અપેક્ષા રહિત નય તે મિથ્યા નય છે; તેથી જેટલા સમ્યક્ નયો છે તેટલા જ મિથ્યા નયો છે).

૨. ગંગાનું પાણી શ્વેત હોય છે અને જમનાનું પાણી નીલ (વાદળી) હોય છે.

૩. અમેચક = અભેદ; વિવિધતા રહિત; એક.

* મેચક = જુદા જુદા; વિધવિધ; અનેક.

જાણનારા જ્ઞાનાંશ વડે જોવામાં આવે તો સમુદ્ર એક નદીના જળસ્વરૂપ જણાય છે, તેમ એક વખતે એક ધર્મને જાણનારા એક નયથી જોવામાં આવે તો આત્મા એક ધર્મસ્વરૂપ જણાય છે; પરંતુ જેમ એકીસાથે સર્વ નદીઓનાં જળને જાણનારા જ્ઞાન વડે જોવામાં આવે તો સમુદ્ર સર્વ નદીઓના જળસ્વરૂપ જણાય છે, તેમ એકીસાથે સર્વ ધર્મોને જાણનારા પ્રમાણ વડે જોવામાં આવે તો આત્મા અનેક ધર્મસ્વરૂપ જણાય છે. આ રીતે એક નયથી જોતાં આત્મા એકાંતાત્મક છે અને પ્રમાણથી જોતાં અનેકાંતામક છે).

(હવે એ જ આશયને કાવ્ય દ્વારા કહીને 'આત્મા કેવો છે' એ વિષેનું કથન પૂરું કરવામાં આવે છે :)

(અર્થ :–) આ રીતે સ્યાત્કારશ્રીના (સ્યાત્કારરૂપી લક્ષ્મીના) વસવાટને વશ વર્તતા નયસમૂહો વડે (જીવો) જુએ તોપણ અને પ્રમાણ વડે જુએ તોપણ સ્પષ્ટ અનંત ધર્મોવાળા નિજ આત્મદ્રવ્યને અંદરમાં શુદ્ધચૈતન્યમાત્ર દેખે છે જ.

એ રીતે આત્મદ્રવ્ય કહેવામાં આવ્યું, હવે તેની પ્રાપ્તિનો પ્રકાર (રીત) કહેવામાં આવે છે :

પ્રથમ તો, અનાદિ પૌદ્‌ગલિક કર્મ જેનું નિમિત્ત છે એવી મોહભાવનાના (મોહના અનુભવના) પ્રભાવ વડે આત્મપરિણતિ સદાય ઘૂમરી ખાતી હોવાથી આ આત્મા સમુદ્રની માફક પોતામાં જ ક્ષુબ્ધ થતો થકો ક્રમે પ્રવર્તતી અનંત જ્ઞપ્તિવ્યક્તિઓ વડે પરિવર્તન પામે છે, તેથી [1]જ્ઞપ્તિવ્યક્તિઓનાં નિમિત્તરૂપ હોવાથી જે જ્ઞેયભૂત છે એવી બાહ્યપદાર્થવ્યક્તિઓ પ્રત્યે તેને મૈત્રી પ્રવર્તે છે, તેથી આત્મવિવેક શિથિલ થયો હોવાને લીધે અત્યંત બહિર્મુખ એવો તે ફરીને પૌદ્‌ગલિક કર્મને રચનારા રાગદ્વેષદ્વૈતરૂપે પરિણમે છે અને તેથી તેને આત્મપ્રાપ્તિ દૂર જ છે. પરંતુ હવે જ્યારે આ જ આત્મા પ્રચંડ કર્મકાંડ વડે અખંડ જ્ઞાનકાંડને પ્રચંડ કરવાથી અનાદિ–પૌદ્‌ગલિક–કર્મરચિત મોહને [2]વધ્યઘાતકના વિભાગજ્ઞાનપૂર્વક વિભક્ત (જુદો) કરવાને લીધે (પોતે) કેવળ આત્મભાવનાના (આત્માના અનુભવના) પ્રભાવ વડે પરિણતિ નિશ્ચળ કરી હોવાથી સમુદ્રની માફક પોતામાં જ અતિ નિષ્કંપ રહેતો થકો એકીસાથે જ અનંત જ્ઞપ્તિવ્યક્તિઓમાં વ્યાપીને અવકાશના અભાવને લીધે બિલકુલ વિવર્તન (પરિવર્તન) પામતો નથી, ત્યારે જ્ઞપ્તિવ્યક્તિઓનાં નિમિત્તરૂપ હોવાથી જે જ્ઞેયભૂત છે એવી બાહ્યપદાર્થવ્યક્તિઓ પ્રત્યે તેને ખરેખર મૈત્રી પ્રવર્તતી નથી અને તેથી આત્મવિવેક સુપ્રતિષ્ઠિત (સુસ્થિત) થયો હોવાને લીધે અત્યંત અંતર્મુખ થયેલો એવો આ આત્મા પૌદ્‌ગલિક કર્મને રચનારા રાગદ્વેષદ્વૈતરૂપ પરિણતિથી દૂર થયો થકો પૂર્વે નહિ અનુભવેલા

---

૧. વ્યક્તિઓ = પ્રગટતાઓ; પર્યાયો; વિશેષો (બાહ્યપદાર્થવિશેષો જ્ઞપ્તિવિશેષોનાં નિમિત્ત હોવાથી જ્ઞેયભૂત છે).

૨. આત્મા વધ્ય અર્થાત્ હણાવાયોગ્ય છે અને મોહ ઘાતક અર્થાત્ હણનાર છે.

અપૂર્વ જ્ઞાનાનંદસ્વભાવી ભગવાનઆત્માને અત્યંતપણે જ પ્રાપ્ત કરે છે. જગત પણ જ્ઞાનાનંદાત્મક પરમાત્માને પ્રાપ્ત કરો જ.

અહીં શ્લોક પણ છે :–

(અર્થ :–) આનંદામૃતના પૂરથી ભરચક વહેતી કૈવલ્યસરિતામાં (મુક્તિરૂપી સરિતામાં) જે ડૂબેલું છે, જગતને જોવાને સમર્થ એવી મહાસંવેદનરૂપી શ્રી (મહાજ્ઞાનરૂપી લક્ષ્મી) જેમાં મુખ્ય છે, ઉત્તમ રત્નના કિરણ જેવું જે સ્પષ્ટ છે અને જે ઇષ્ટ છે એવા ઉલ્લસતા (પ્રકાશમાન, આનંદમય) સ્વતત્ત્વને જેનો સ્યાત્કારલક્ષણ જિનેશશાસનના વશે પામો (–'સ્યાત્કાર' જનું ચિહ્ન છે એવા જિનભગવાનના શાસનનો આશ્રય કરીને પામો).

(હવે, 'અમૃતચંદ્રસૂરિ આ ટીકાના રચનાર છે' એમ માનવું યોગ્ય નથી એવા અર્થના કાવ્ય દ્વારા યથાર્થ વસ્તુસ્વરૂપને દર્શાવી સ્વતત્ત્વપ્રાપ્તિની પ્રેરણા કરવામાં આવે છે :)

(અર્થ :–) (ખરેખર પુદ્‌ગલો જ સ્વયં શબ્દરૂપે પરિણમે છે, આત્મા તેમને પરિણમાવી શકતો નથી, તેમ જ ખરેખર સર્વ પદાર્થો જ સ્વયં જ્ઞેયપણે–પ્રમેયપણે પરિણમે છે; શબ્દો તેમને જ્ઞેય બનાવી–સમજાવી શકતા નથી માટે) 'આત્મા સહિત વિશ્વ તે વ્યાખ્યેય (સમજાવવાયોગ્ય) છે, વાણીની ગૂંથણી તે વ્યાખ્યા (સમજૂતી) છે અને અમૃતચંદ્રસૂરિ તે વ્યાખ્યતા (વ્યાખ્યા કરનાર, સમજાવનાર) છે' એમ મોહથી જનો ન નાચો (– ન ફુલાઓ). (પરંતુ) સ્યાદ્‌વાદવિદ્યાના બળથી વિશુદ્ધ જ્ઞાનની કળા વડે આ એક આખા શાશ્વત સ્વ તત્ત્વને પ્રાપ્ત કરીને આજે (જનો) અવ્યાકુળપણે નાચો (– પરમાનંદપરિણામે પરિણમો).

(હવે કાવ્ય દ્વારા ચૈતન્યનો મહિમા ગાઈને, તે જ એક અનુભવ યોગ્ય છે એમ પ્રેરણા કરીને, આ પરમ પવિત્ર પરમાગમની પૂર્ણાહુતિ કરવામાં આવે છે :)

(અર્થ :–) આ રીતે (આ પરમાગમમાં) અમંદપણે જોરથી, બળવાનપણે, મોટે અવાજે) જે થોડું ઘણું તત્ત્વ કહેવામાં આવ્યું, તે બધું ચૈતન્યને વિષે ખરેખર અગ્નિમાં હોમાયેલી વસ્તુ સમાન (સ્વાહા) થઈ ગયું. (અગ્નિને વિષે હોમવામાં આવતા ઘીને અગ્નિ ખાઈ જાય છે, જાણે કે કાંઈ હોમાયું જ ન હોય ! તેવી રીતે અનંત માહાત્મ્યવંત ચૈતન્યનું ગમે તેટલું વર્ણન કરવામાં આવે તોપણ જાણે કે એ સમસ્ત વર્ણનને અનંત મહિમાવંત ચૈતન્ય ખાઈ જાય છે; ચૈતન્યના અનંત મહિમા પાસે બધું જાણે કે વર્ણન જ ન થયું હોય એમ તુચ્છતાને પામે છે). તે ચૈતન્યને જ ચૈતન્ય આજે પ્રબળપણે–ઉગ્રપણે અનુભવો (અર્થાત્ તે ચિત્સ્વરૂપ આત્માને જ આત્મા આજે અત્યંત અનુભવો) કારણ કે આ લોકમાં બીજું કાંઈ જ (ઉત્તમ) નથી, ચૈતન્ય જ એક પરમ (ઉત્તમ) તત્ત્વ છે.

આમ (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી પ્રવચનસાર શાસ્ત્રની શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત) તત્ત્વદીપિકા નામની સંસ્કૃત ટીકાનો શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ કૃત ગુજરાતી અનુવાદ સમાપ્ત થયો.

**(હવે ટીકાકાર શ્રી અમૃતચંદ્રાઆચાર્યદેવ વડે પરિશિષ્ટરૂપે થોડું કહેવામાં આવે છે :)**

**'આ આત્મા કોણ છે (– કેવો છે) અને કઈ રીતે પ્રાપ્ત કરાય છે' એવો પ્રશ્ન કરવામાં આવે તો તેનો ઉત્તર (પૂર્વે) કહેવાઈ ગયો છે અને (અહીં) ફરીને પણ કહેવામાં આવે છે :–**

**પ્રથમ તો, આત્મા ખરેખર ચૈતન્ય સામાન્ય વડે અનંત ધર્મોનું અધિષ્ઠાતા (સ્વામી) એક દ્રવ્ય છે, કારણ કે અનંત ધર્મોમાં વ્યાપનારા જે અનંત નયો તેમાં વ્યાપનારું જે એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ તે પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે (તે આત્મદ્રવ્ય) પ્રમેય થાય છે (– જણાય છે).**

**પ્રવચન : ૨૧-૧૨-૧૯૭૭**

'પ્રવચનસાર'. નય અધિકાર છે. જરી સૂક્ષ્મ અધિકાર છે. આ (પ્રવચનસાર) અધિકાર ત્રણ અધિકારમાં થઈ ગયો છે. **'હવે ટીકાકાર શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ વડે (પરિશિષ્ટરૂપે થોડું કહેવામાં આવે છે).'** 'અમૃતચંદ્રાચાર્ય' મુનિ હતા. એક હજાર વર્ષ પહેલાં (થઈ ગયા). દિગંબર સંત, આત્માના આનંદના અનુભવી, અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ, સાચા મુનિ જેને કહીએ તે. અત્યંત સ્વસંવેદન, અતીન્દ્રિય આનંદનું વેદન હોય છે. અતીન્દ્રિય આનંદ(થી) ભરેલો પ્રભુ સાગર છે. આત્મા અતીન્દ્રિય આનંદનો સાગર છે. આહા...હા ! એનું જેણે ભાન કરી, સમ્યક્‌દર્શન કરી. એટલે કે સ્વરૂપ પૂર્ણાનંદ શુદ્ધ છે, તેની પ્રતીતિ અનુભવમાં કરી અને પછી સ્વરૂપમાં વિશેષ રમણતા કરે છે. એને (મુનિને) અતીન્દ્રિય આનંદનું ભોજન બહુ હોય છે. પ્રચુર... (અતીન્દ્રિય આનંદનું વેદન હોય છે).

આહા...હા ! સમ્યક્‌ધર્મ, પહેલો ધર્મ. સમ્યક્‌દર્શન છે. એમાં પણ (ચતુર્થ ગુણસ્થાનમાં) અતીન્દ્રિય આનંદના સ્વાદનું અંશે વેદન હોય છે. આહા...હા ! આ જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, યાત્રાનો ભાવ (છે), એ બધો રાગ છે. એ પુણ્ય છે, એ ધર્મ નહિ. ઝીણી વાત છે ભાઈ ! જગત તો એને (પુણ્યને) ધર્મ મનાવીને ચાલે છે. આહા...હા ! તેમ હિંસા, જૂઠું, ચોરી, વિષય–ભોગ, વાસના, પાપ આદિના ભાવ એ બધા પાપ (ભાવ છે). દુર્ગતિ (ના કારણરૂપ છે) ઝેર છે. આહા...હા ! ધર્મીને એની પર્યાયમાં જરી (રાગ) હોય છે. પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી એને (ચતુર્થ ગુણસ્થાનવર્તી ધર્મીને) (રાગ) હોય, પણ એની દૃષ્ટિ એના ઉપર નથી. એને, આનંદ સ્વરૂપ, શુદ્ધ ચૈતન્ય વસ્તુ–દ્રવ્ય જે છે (તેના ઉપર દૃષ્ટિ છે). આહા...હા ! એ, આત્મા પૂર્ણાનંદ સર્વજ્ઞ સ્વભાવી છે. કેમ ? (કે) જે સર્વજ્ઞ પરમેશ્વર અરિહંત થયા, એ ક્યાંથી થયા ? એ કાંઈ બહારથી આવે છે ? એ અંતરમાં – આત્મામાં સર્વજ્ઞ શક્તિ – સ્વભાવ – સામર્થ્ય પડ્યું છે. આહા...હા ! એનો (સ્વભાવનો) અંતરમાં અનુભવ કરી અને સ્થિરતા દ્વારા – રમણતા દ્વારા, એ સર્વજ્ઞ શક્તિને પર્યાયમાં સર્વજ્ઞપણે પ્રગટ કરી છે, એને અરિહંતને, જિનેશ્વરને પરમાત્મા કહેવામાં આવે છે.

એ પરમાત્માના શ્રીમુખે (જે) દિવ્યધ્વનિ આવી આહા...હા ! એનો આ સાર છે. આહા..હા ! ઝીણું તો છે ભાઈ ! દુનિયાની લાઈનથી આખો ફેર છે. આહા...હા ! સમજાણું કાંઈ ?

ટીકાકાર કહે છે કે, હું પરિશિષ્ટ રૂપે થોડું કહેવા માગું છું. ઘણું કહેવાઈ તો ગયું છે, પણ હજુ કંઈક થોડું કહેવા માગું છું. ત્યારે હવે પ્રશ્ન થાય છે કે, જે કોઈ આત્માનો એવો પ્રશ્ન હોય કે '**આત્મા છે કોણ ?**' તમે આવા આત્માની વ્યાખ્યા બહુ કરી. આત્મા આનંદ... આનંદ... ને આનંદ (સ્વરૂપી) ને... આત્મા જિન સ્વરૂપી, ને આત્મા વીતરાગ સ્વરૂપી, ને આત્મા જ્ઞાનાનંદ, સહજાત્મ સ્વરૂપ (છે) એવી જે આપ વ્યાખ્યા કરો છો. તો શિષ્યને પ્રશ્ન થયો કે 'મહારાજ, આ આત્મા છે કોણ ? એ કોણ છે ? કેવો છે ?' આહા...હા ! જુઓ પ્રશ્નકારનો આ પ્રશ્ન છે. આહા...હા ! અમે પૈસા કેમ રળીએ ? અને અમને અનુકૂળતા કેમ થાય ? એવો પ્રશ્ન નથી. તેમ અમને દયા, દાન, વ્રતના પરિણામ આવે એવોય પ્રશ્ન નથી.

મૂળ પ્રશ્ન એનો એ છે કે પ્રભુ ! આ આત્મા છે કોણ ? આપ આત્મા... આત્મા જે અંદર કરો છો (કહો છો) એ સર્વજ્ઞ વીતરાગ, જિનેશ્વરદેવ, પરમેશ્વરે જે આત્મા જોયો અને કહ્યો, એ છો કોણ ? આહા...હા ! પ્રશ્નકારની આત્મા જાણવાની આટલી તો જિજ્ઞાસા છે. એવા જીવને અહીં લીધો છે. આહા...હા ! દેહ દેવળમાં (બિરાજે છે). આ તો (દેહ તો) હાડકા, ચામડાં, માટી, ધૂળ છે. એની હાલવાની, ચાલવાની બધી ક્રિયાઓ થાય છે એ બધી ધૂળની, જડની ક્રિયાઓ છે. આત્મામાં જે કંઈ પુણ્ય–પાપના ભાવ, શુભ–અશુભ ભાવ થાય, એ બધો વિકાર છે. એ વિકાર એની પર્યાયમાં (છે) હોં...! પણ એ ત્રિકાળી વસ્તુ કેવી છે ? એની પર્યાયમાં વિકાર કઈ રીતે હોય છે ? આહા..હા ! ઝીણી વાત છે. ભાઈ ! આ તો જિનેન્દ્ર દેવ, સર્વજ્ઞ, વીતરાગ પરમેશ્વરનો કોઈ અલૌકિક માર્ગ છે. જગતની હારે, કોઈ મેળ ખાય એવો નથી.

કહે છે કે આ આત્મા કોણ છે ? શું છે આ ? કોઈ માણસ આવે તો નથી કહેતા કે 'આ કોણ છે ?' એટલે કહે છે કે 'હું (આ) ગામનો એક રાજા છું'. એમ અહીં પૂછે છે કે '**આત્મા છે કોણ ?**' અંદર આ વસ્તુ આ તે (છે કોણ) ? એક વાત. '**કઈ રીતે પ્રાપ્ત કરાય ?**' એ બીજો પ્રશ્ન. પ્રભુ ! અંદર એ આત્મા છે કોણ ? પ્રભુ ! એને પામવાની રીત કઈ છે ? આહા...હા ! આવો પ્રશ્ન કર્યો છે. આવા પ્રશ્નોની કોઈ દિવસ ખબર ન મળે. બધા રખડવાના પ્રશ્ન સંસારના (કરે). સાચી વાત છે ને ભાઈ ? આવા પ્રશ્ન થયા નથી એમ કહે છે. આહા...હા ! આ દેહમાં ભગવાનઆત્મા (બિરાજે છે). આહા...હા ! (આ) છે કોણ ? અને છે તો પ્રાપ્ત કેમ થાય ? એક જ વાત લીધી છે (કે) આત્મા પ્રાપ્ત કેમ થાય ? બીજી વાત નહિ. આહા...હા ! પ્રશ્ન કરનારની – શિષ્યની, પહેલી આવી ભૂમિકા હોય એમ સિદ્ધ કરે છે. શ્રોતાઓ આવા હોય. આહા...હા ! ધર્મના શ્રોતાઓ એવા હોય કે, એની જિજ્ઞાસામાં (એમ હોય કે) આત્મા કોણ છે ? અને કેમ પમાય ? એવા શ્રોતા હોય.

અહીં તો પ્રશ્ન કરનાર કેવો હોય ? જેને આત્મા જાણવો છે, અને જેને આત્મા સમજવો છે, એવી ધર્મની જિજ્ઞાસાવાળો કેવો હોય ? એની પહેલી ભૂમિકા બાંધી. આહા...હા ! છે ? આત્મા કોણ છે ? કેવો છે ? આ તે આત્મા અંદર છે કોણ ? આહા...હા ! આ હીરા અને

માણેક એ બધાની (લોકો) પરીક્ષાઓ કરવા માંડ્યાં. '**પરખ્યા માણેક મોતીડા, ને પરખ્યા હેમ–કપૂર, પણ એક ન પરખ્યો આત્મા.**' અંદર શું ચીજ છે તેને જાણવાની કોઈ દિ' દરકાર કરી નહિ. અને એના વિના આ બધા ક્રિયાકાંડ કરવા લાગ્યા. દયા, દાન, વ્રત, જાત્રા અને ભક્તિ એ બધી રાગની ક્રિયાઓ, પુણ્યબંધની ક્રિયાઓ, ચાર ગતિમાં રખડવાની (ક્રિયાઓ) છે. આહા...હા ! સમજાણું કાંઈ ? ઝીણી વાત બાપુ ! જગત શું કરે છે એની ખબર તો છે ને ! છતાં આચાર્ય મહારાજ આ પ્રશ્ન શિષ્યના મુખમાં મૂકે છે. આહા...હા ! આત્મા કેમ પમાય ? એમ કહે છે. પ્રભુ ! અંદર એ કોણ છે ? અને કેમ પ્રાપ્ત થાય ? છે ને ? કઈ રીતે પ્રાપ્ત થાય ? એને પ્રાપ્ત કરવાની વિધિ શું ? આહા...હા ! આ સમજવા જેવી વાત છે. આહા...હા ! આવો પ્રશ્ન તો કરવામાં આવે છે ! આવો પ્રશ્ન કરવામાં આવે તો એને ઉત્તર દઈએ છીએ. આહા...હા ! સમજાણું કાંઈ ?

આહા...હા ! સંતો અંતર આનંદના અનુભવીઓ (છે). મુનિ એને કહીએ કે જેને અતીન્દ્રિય આનંદના ઊભરા આવતા હોય. જેમ દરિયાને કાંઠે પાણીની ભરતી આવતી હોય, એમ જેને અતીન્દ્રિય આનંદનો સાગર ભગવાનઆત્મા (તેના આનંદની ભરતી આવે છે). સમ્યક્દૃષ્ટિ થતાં પણ આનંદની થોડી ભરતી આવે (છે) અને મુનિ થાય એટલે તો અતીન્દ્રિય આનંદની દશામાં ઝૂલા ઝૂલતો હોય છે. બાપુ, ઝીણી વાતો ! વીતરાગ માર્ગ(ની) (આ) કોઈ ઝીણી વાતો છે.

આત્મા કઈ રીતે પમાય ? આવો પ્રશ્ન કરવામાં આવે તો તેનો ઉત્તર કહેવાઈ ગયો છે. આખા 'સમયસાર', 'પ્રવચનસાર'માં (તેનો) ઉત્તર કહેવાઈ ગયો છે. અહીં ફરીને પ્રશ્ન કરવામાં આવે છે. આહા...હા ! પણ પહેલી વાત સમજાય છે ? એને (શિષ્યને) આ પૈસા કેમ મળે ? સ્વર્ગમાં કેમ જવાય ? પુણ્ય કેમ થાય ? એવો પ્રશ્ન જ નથી. એનો પ્રશ્ન તો (એ) (છે) પ્રભુ ! આ દેહ જ્યારે (એક) વસ્તુ છે, જડ, માટી, ધૂળ (છે) તો (આત્મા) વસ્તુ છે ને ! આત્મા, અંદર એક વસ્તુ (છે), તો એ છે કોણ ? અને કઈ રીતે પમાય ? આહા...હા ! એની પામવાની રીત કઈ ? પહેલો પ્રશ્ન જ આ છે. એવા શિષ્યને (પ્રશ્નનો) ઉત્તર આપું છું. વેઠની જેમ સાંભળવા આવ્યા હોય અને મૂળ આત્માને સમજવા માટે ન (આવ્યા) હોય, એને હું ઉત્તર આપતો નથી.

આહા...હા ! અંદર આત્મા સત્ ચિદાનંદ પ્રભુ ! સત્ – શાશ્વત અને અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનનો સાગર છે. એની પર્યાયમાં વિકાર છે. પણ વસ્તુ અને વસ્તુના ગુણ તો અનંત અને મહા પવિત્ર છે. એવા આત્માને મારે પામવો છે. પ્રભુ ! મારે (એવા) (આત્માને) જોવો છે. આહા...હા ! આહા...હા ! એવો જો પ્રશ્ન કરવામાં આવે તો... એમ છે ને...? તો એનો ઉત્તર તો પૂર્વે ઘણો કહેવાઈ ગયો છે અને અહીં ફરીને પણ કહેવામાં આવે છે. ઝીણી વાત છે પ્રભુ ! આ તો અપૂર્વ વાત છે. બાપા ! અનંતકાળમાં કોઈ દિ' એ સમ્યક્દર્શન પામ્યો નહિ. શરૂઆત કરી (નહિ). આહા...હા ! એમાં રાગની મંદતા કરતો હોય તો પુણ્ય છે, ધર્મ નહિ. આહા...હા ! આકરી વાતો. જગત અત્યારે (પુણ્યને) ધર્મ માનીને, મનાવી રહ્યું છે. આહા...હા ! તે વીતરાગ સર્વજ્ઞના માર્ગથી વિરુદ્ધ રીતે માનીને મનાવી રહ્યું છે. આહા...હા ! હવે, પ્રથમ તો મુદ્દાની રકમ કહેવાની છે. કહે છે કે મુદ્દાની રકમ, આ જિંદગીમાં સાંભળી નથી એવી

આ વાતો છે. દાખલો (પહેલાં) આપ્યો હતો કે, બળદ હોય (તે) ઉકરડો હોય ત્યાં માથું મારે. કેમકે ઉકરડો ઊંચો થાય. ભીંતને માથું મારે તો ભીંત ઊંચી ન થાય. એમ જગત જ્યાં ત્યાં માથા મારે કે આનું કરી દઉં, ને આનું કરી દઉં. (પણ) કોઈનું ત્રણ કાળમાં તલભાર માત્ર પણ કરી શકે નહિ. કરી દઉં... કરી દઉં... કરી દઉં... (એમાં) માથા ફોડે (છે).

આહા...હા ! દિગંબર સંત, વીતરાગી આનંદમાં ઝૂલનારા, જંગલમાં વસતા હોય છે. આહા...હા ! જે અતીન્દ્રિય આનંદના ઝૂલામાં ઝૂલતા હોય છે. એ (મુનિરાજ) એમ કહે છે કે, અમને આવો કોઈ પ્રશ્ન કરે તો, એને અમે ઉત્તર દઈશું. બાકી (નકામા) એવા પ્રશ્ન કરે તો એના ઉત્તર અહીં નથી.

આહા...હા ! હવે ઉત્તર આપે છે. પહેલાં અમારે મુદ્દાની રકમ એ કહેવી છે કે, ભગવાન આત્મા કોણ છે? અમારે એ બતાવવું છે. '**પ્રથમ તો, આત્મા ખરેખર ચૈતન્ય સામાન્ય વડે વ્યાપ્ત અનંત ધર્મોનું અધિષ્ઠાતા (સ્વામી) એક દ્રવ્ય છે...**' ઝીણી વાત છે. પ્રભુ ! ભગવંતસ્વરૂપ છે નાથ તારું. તું મોટો ભગવાન છો અંદર. આહા...હા ! જો ભગવાન સ્વરૂપે ન હોય તો, પર્યાયમાં પરમાત્મા – ભગવાન ક્યાંથી થશે ? (એ) (પરમાત્માપણું) ક્યાંય બહારથી આવવાનું છે ? આહા...હા ! અંદર એ ભગવંતસ્વરૂપ છે. એની પર્યાયમાં વિકૃતિ છે. એ (આગળ) કહેશે. પણ એનું સ્વરૂપ તો, (એના) દ્રવ્ય (અને) ગુણો તો ભગવત્ સ્વરૂપ, જિન સ્વરૂપ છે.

આહા...હા ! એ '**આત્મા ખરેખર ચૈતન્ય સામાન્ય વડે...**' આહા...હા ! ચેતન, ચૈતન્ય સામાન્ય વડે... આહા...હા ! ઝીણી વાત છે પ્રભુ ! સમ્યક્દર્શન ને સમ્યક્જ્ઞાન કેમ થાય ? એની વાતો છે. ભાઈ ! જે અનંતકાળમાં કર્યું નથી અને સમ્યક્દર્શન વિના એણે સાધુપણાં અનંતવાર લીધાં, વ્રત પાળ્યાં, બધા મફતમાં – નિરર્થક ગયાં. આહા...હા ! અહીં તો એકડો હોય તો મીંડુ ચડીને દસ થાય. અને એકડા વિનાનાં લાખ મીંડાં લખે તો એક સંખ્યામાં આવે નહિ. ન્યાય સમજાય છે ?

અહીં કહે છે... '**ખરેખર ચૈતન્ય સામાન્ય વડે વ્યાપ્ત...**' (અર્થાત્) ચૈતન્ય વસ્તુ અંદર ભગવાન છે, એનામાં 'વ્યાપ્ત' (અર્થાત્) રહેલા અનંતા ધર્મો. આહા...હા ! એનામાં અનંત ધર્મ છે, અનંત ગુણ છે, અનંતી પર્યાય છે, એ બધા એના અનંતા ધર્મો છે. અનંતા ધર્મો એટલે એને ધારી રાખેલા ગુણો અને પર્યાયો.

આહા...હા ! અહીં કહે છે, પ્રભુ ! એક વાર સાંભળ. અંદર એ વસ્તુ છે ને. એ અનંત ધર્મોથી વ્યાપ્ત આત્મ પદાર્થ છે. અનંત ધર્મો એટલે ? એ વસ્તુ છે, એમાં અનંત ગુણો છે. અને વર્તમાન(માં) એની અનંતી પર્યાય, પરિણતિરૂપ દશા છે. એ અનંત ધર્મોથી ધારી રાખેલું તત્ત્વ છે. આહા...હા ! આવી વ્યાખ્યા.

વ્રત પાળો, આ ભક્તિ કરવી, પૂજા કરવી, જાત્રા કાઢવી, લ્યો ! સહેલું સટ. કાંઈ એમાં સમજવાનું હતું ? અરે ! ભાઈ ! એવું તો અનંતવાર કર્યું, બાપુ ! સાંભળ, તને તત્ત્વની ખબર (નથી).

આહા...હા ! વસ્તુ એક, અને તેમાં ધારી રાખેલા અને ટકેલા ગુણો અને પર્યાયો (એવા)

અનંત ધર્મોથી વ્યાપ્ત આત્મા છે. ધર્મ એટલે અહીંયાં સમ્યક્‌દર્શન–જ્ઞાન–ચારિત્રની પર્યાય – એ ધર્મ (એમ) એકલાની અહીંયાં વાત નથી. અહીંયાં તો ત્રિકાળી ગુણો છે, તેને પણ ધર્મ કહીએ, અને તેની પર્યાયમાં વિકૃત અને અવિકૃત અવસ્થા છે તેને પણ ધર્મ (કહીએ). (ધર્મ) એટલે વસ્તુને ધારી રાખેલી ચીજ છે તે.

આહા...હા ! **'અનંત ધર્મોનું અધિષ્ઠાતા (સ્વામી) એક દ્રવ્ય છે.'** અંદર જે પુણ્ય–પાપના ભાવ થાય એનો પણ એ સ્વામી છે. એનામાં થાય છે. (સમયસાર) ૭૩ ગાથામાં એમ કહ્યું હતું, કે પુણ્ય–પાપના જે ભાવ થાય, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, યાત્રા, કરુણા, કોમળતા એ બધા શુભભાવ – વિકાર છે. એનો સ્વામી પુદ્‌ગલ કર્મ છે. ત્યાં તો એમ કહ્યું (છે). એ તો વસ્તુની દૃષ્ટિને – દૃષ્ટિના વિષયને સિદ્ધ કરવા, એ વિકૃત ભાવ તેનો નથી; તેનો સ્વામી કર્મ છે એમ સિદ્ધ કર્યું હતું. હવે અહીં તો જ્ઞાનપ્રધાન (કથન છે). એના દ્રવ્યમાં, ગુણમાં અને પર્યાયમાં જે છે (એ) એનામાં છે, એનું છે. એમ સિદ્ધ કરીને તે નિર્મળ–વિકારરહિત ધર્મની પર્યાય થાય, એ પણ એમાં રહેલી છે. અને એનામાં પુણ્ય અને પાપનો વિકલ્પ થાય, એ પણ એની પર્યાયમાં રહેલો (છે). એનો એ સ્વામી છે, એનો એ અધિષ્ઠાતા છે. આ તે વાત છે હોં !

કઈ રીતે કહ્યું ? એ શુભ–અશુભ ભાવ, એ (રૂપ) સ્વભાવ (તે) દ્રવ્ય, ગુણમાં નથી. એની (સ્વભાવની) દૃષ્ટિનો વિષય ચાલતો હોય ત્યારે (એ) (શુભ–અશુભ ભાવ) કર્મનો છે, આત્માનો નહિ, એમ કહે. પણ અહીંયાં જ્ઞાનનો (વિષય ચાલે છે). જે જ્ઞાન નિશ્ચયને પણ જાણે અને જે જ્ઞાન વર્તમાન પર્યાયને પણ જાણે, એવું શ્રુતજ્ઞાન જે પ્રમાણ (જ્ઞાન) તેમાં – એ બધા ગુણો અને પર્યાયનો સ્વામી આત્મા છે. એમ જાણે છે. અરે ! સમજાય એટલું સમજો બાપુ, આ તો વીતરાગ (નો) અલૌકિક માર્ગ છે.

અહીં, બેય વાત ખીલે બાંધી છે. કે વસ્તુ (જે) છે, ભગવાન આત્મા – એ શુદ્ધ છે, પવિત્ર છે, આનંદકંદ છે. જ્ઞાનની મૂર્તિ છે. અનંતગુણનું, પવિત્રતાનું એ ધામ છે. એ દૃષ્ટિ એ સમ્યક્‌દર્શન નિર્વિકલ્પ છે અને તેનો વિષય નિર્વિકલ્પ છે. એના (દૃષ્ટિના) વિષયમાં નિર્મળ પર્યાય પણ નથી આવતી, (તો) વિકારની પર્યાય એના વિષયમાં (ક્યાંથી આવે ?) અરે ! આવી વાતો. આ કઈ જાતની અને ક્યાંની વાતો ? એ ઝટ સમજાય એવી આ વાત છે.

દેહ તો માટી–ધૂળ છે. એ તો ક્યાંય જુદી ચીજ છે. આઠ કર્મ જે છે એ જડ, માટી, ધૂળ જુદી ચીજ છે. અંદરમાં, સર્વજ્ઞ જિનેન્દ્ર ભગવાન જેને આત્મા કહે છે – એ આત્મામાં અનંતા ધર્મ નામ ગુણ અને પર્યાયો વ્યાપ્ત છે. કર્મ અને કર્મની શક્તિઓ, અને શરીર એની કોઈ પર્યાય આત્મામાં વ્યાપ્ત નથી. આ શરીર છે એની આ પર્યાય છે. આ અવસ્થા આત્મામાં વ્યાપ્ત નથી. એ જડમાં વ્યાપ્ત છે. આહા...હા ! આ બોલવા – ચાલવાની જે ક્રિયા થાય છે, એ બધી જડમાં વ્યાપ્ત છે, જડમાં રહેલી છે. જડમાં પ્રસરેલી છે – આત્મામાં નહીં, આહા...હા ! આવી વાતો છે.

આત્મામાં તો આનંદ આદિ જે અનંતા શુદ્ધ ગુણો છે, એ આત્મામાં વ્યાપ્ત છે. અને એની પર્યાયમાં, અવસ્થામાં, સમ્યક્‌દર્શન, – જ્ઞાન–ચારિત્રની જે નિર્મળ – વીતરાગી ધર્મની પર્યાય,

એ આત્મામાં વ્યાપ્ત છે. તેમ એની સાથે થયેલો જરી રાગનો ભાવ, પુણ્ય–પાપના વિકલ્પનો ભાવ, એ પણ આત્મામાં વ્યાપ્ત છે. આત્માની, પર્યાયના અસ્તિત્વમાં એ છે. આવું છે. વીતરાગ જિનેન્દ્ર દેવ એનો માર્ગ કોઈ અલૌકિક છે. પણ એ માર્ગ બધો અત્યારે લોપ થઈ ગયો. બહારની કડાકૂટમાં એકલો ધર્મ... ધર્મ મનાઈ ગયો.

આહા...હા ! અહીંયાં પરમાત્મા એમ કહે છે... સંતો આડતિયા થઈને પરમાત્માની વાત કરે છે. સર્વજ્ઞ પરમેશ્વરે જે કહ્યું એ પોતે સંતો અનુભવીઓ (કહે છે). આહા...હા ! સંતો અતીન્દ્રિય આનંદના અનુભવી (છે). (એ એમ કહે છે કે) પર્યાય વિકૃત છે, અને પર્યાય નિર્વિકલ્પ છે – શુદ્ધ છે, ગુણો શુદ્ધ છે, એ બધું જીવમાં વ્યાપ્ત છે. **'ચૈતન્ય સામાન્ય વડે વ્યાપ્ત, અનંત ધર્મોનું અધિષ્ઠાતા (સ્વામી) એક દ્રવ્ય છે.'** જેમ દુનિયા કહે છે ને કે આ ઈશ્વર જગતનો અધિષ્ઠાતા છે. એ જૂઠી વાત છે. જગત સ્વતંત્ર ચીજ છે. એનો કોઈ ઈશ્વર – કર્તા, અધિષ્ઠાતા છે નહિ.

આહા...હા ! અહીંયાં કહે છે કે આ આત્મા એના જે અનંત ગુણો, જે અનંતી પર્યાયો, આહા...હા ! એમાં કેટલીક નિર્વિકલ્પ એટલે નિર્મળ, અને કેટલીક મલિન, એ બધા ધર્મ. એટલે ધારી રાખેલ (છે) એવો આત્મા છે. અહીં સાધકની વાત છે, કેવળીની વાત નથી. સમજાણું કાંઈ ? આહા...હા ! ભાષા. સમજવી કઠણ. ઓલો સહેલો સટ રસ્તો. બે–પાંચ લાખ ખર્ચો, બે હજાર – પાંચ હજાર માણસની જાત્રા કાઢો. તમારે ધર્મ થાય. ધૂળમાંય ધર્મ નથી સાંભળને ! એવી વેઠું તો અનંતીવાર કરી છે.

આહા...હા ! એ અંદર આત્મા કોણ છે ? એના ગુણ અને પર્યાયના જ્ઞાન વિના (બધું નકામું છે). અહીં, શ્રુતજ્ઞાન લીધું છે ને ? ઝીણી વાત છે. ધીમે ધીમે સમજવું. આહા...હા ! 'ચૈતન્ય સામાન્ય વડે વ્યાપ્ત અનંત ધર્મોનું સ્વામી એક દ્રવ્ય છે'. વસ્તુ–દ્રવ્ય, પોતે પ્રભુ, પરદ્રવ્યથી નિરાળો પણ પોતાના અનંત ગુણો અને અનંતી નિર્મળ (તથા) વિકારી પર્યાયથી વ્યાપ્ત છે. એનો સ્વામી આત્મા છે. આહા...હા ! ત્યારે, રાગનો સ્વામી કર્મ છે. એ ક્યાં ગયું ? ત્યાં દૃષ્ટિપ્રધાન કથનમાં, પર્યાય એનામાં, એની છે (તેમ છતાં) એને ગૌણ કરીને, કર્મની છે એમ કહેવામાં આવ્યું છે. અભાવ કરીને નહિ. આહા...હા ! સમજાણું કાંઈ ? અરે ! આવી વાતું, હવે ક્યાં નવરાશ (મળે) ?

આહા...હા ! સર્વજ્ઞ પરમેશ્વર જિનેન્દ્રદેવ તીર્થંકર ભગવાન એમ કહે છે કે આ આત્મા જે છે એ અનંત શક્તિ–ગુણરૂપી ધર્મ અને પર્યાયરૂપી ધર્મ(નો) (ધારક છે). ધર્મ એટલે ધારી રાખેલું તત્ત્વ. ધર્મ એટલે મોક્ષનો માર્ગ એમ નહિ. મોક્ષનો માર્ગ છે એને પણ અહીં ધર્મ કહેવાય અને રાગાદિ પર્યાય થાય એને પણ ધર્મ (કહેવાય). ધર્મ એટલે ધારી રાખેલી વાત કહેવાય. આહા...હા ! સમજાણું કાંઈ ? આહા...હા ! 'અનંત ધર્મોનો અધિષ્ઠાતા (સ્વામી) એક દ્રવ્ય છે'. અનંત ધર્મો હોવા છતાં વસ્તુ તો એક દ્રવ્ય છે. આહા...હા ! દ્રવ્ય એટલે પૈસા નહિ, હોં ! પૈસા એ ધૂળ છે. એ જડ દ્રવ્ય છે.

આહા...હા ! ભગવાન જિનેન્દ્ર દેવ ત્રિલોકનાથ પરમેશ્વર સાક્ષાત્ મહાવિદેહક્ષેત્રમાં સીમંધર પ્રભુ બિરાજે છે. આ ત્યાંથી આવેલી વાત છે. મહાવિદેહ ક્ષેત્રમાં, સમવસરણમાં ભગવાન બિરાજે

છે (ત્યાં) ઇન્દ્રો, નરેન્દ્રો, વાઘ અને સિંહ જેની સભામાં, સાંભળવા આવે છે. આહા...હા ! ભગવાન મહાવીર હતા ત્યારે પણ કેમ એમ (જ) હતું. પ્રભુ તો મોક્ષમાં પધાર્યા. મહાવીર આદિ તીર્થંકર તો... '**णमो सिद्धाणं**' માં ગયા. એ કંઈ હવે અરિહંતપદમાં નથી. અને આ (સીમંધર પ્રભુ) તો હજી અરિહંત પદમાં છે. '**णमो अरिहंताणं**' એ (પદમાં) છે. અને ૨૪ તીર્થંકરો '**णमो सिद्धाणं**' – સિદ્ધ (પદમાં) છે. અરિહંતને વાણી હોય. સિદ્ધને વાણી ન હોય. એ અરિહંત ભગવાન ત્રિલોકનાથની (આ) વાણી છે. સંતો એ વાણીનો સાર અહીં જગતને જાહેર કરે છે.

આહા...હા ! અરેરે... એક તો બહારના ધંધા આડે નવરો ન થાય. ભાઈ, એમ કહે કે (અમારે) આખો દિ' આ જડનું પોષણ કરવું. આ બાયડી, આ છોકરા, આ ધંધા, આ ધમાલ... એનું જાણે કરી લઈએ. ધૂળનુંય કરી શકતો નથી, સાંભળને ! પરદ્રવ્યને અડતો (પણ) નથી (તો) કરે ક્યાંથી ? સમજાણું કાંઈ ?

ગાથા ૨૬૮, પાનું ૪૮૧ ('પ્રવચનસાર') (ત્યાં એમ કહ્યું છે કે) '**વિશ્વનો વાચક 'સત્' લક્ષણવાળો એવો જે આખોય શબ્દબ્રહ્મ...**' અધિષ્ઠાતા વિશ્વ એટલે જગત. એનો વાચક સત્ લક્ષણવાળો આખોય શબ્દબ્રહ્મ. '**...અને તે શબ્દબ્રહ્મનું વાચ્ય 'સત્' લક્ષણવાળું એવું જે આખુંય વિશ્વ તે બન્નેના જ્ઞેયાકારો પોતાનામાં યુગપદ્ ગુંથાઈ જવાથી**' (– જ્ઞાતૃત્વમાં એકી સાથે જણાતા હોવાથી) તે બન્નેના અધિષ્ઠાન–ભૂત – એવા 'સત્' લક્ષણવાળા જ્ઞાતૃત્વનો નિશ્ચય કર્યો હોવાથી 'સૂત્રો અને અર્થોના પદને (અધિષ્ઠાનને) જેણે નિશ્ચિત કરેલ છે એવો' હોય'. શું કહે છે ? આ જગતમાં જેટલું સત્ છે, જગતના પદાર્થો, એનો પણ એના જ્ઞાનમાં આકાર આવે છે. અને (જે) શબ્દો છે એનું પણ અહીં જ્ઞાન થાય છે. શબ્દો અને સત્ આખી ચીજ – તેનો અધિષ્ઠાતા–ભગવાન આત્મા – જાણનારો છે.

આહા...હા ! '**જ્ઞેયાકારો પોતાનામાં યુગપદ્ ગુંથાઈ જવાથી...**' એ, શું કહે છે ? ઝીણી વાત છે. પ્રભુ ! (આ) આખું જગત છે. છ દ્રવ્યો, એના ગુણો અને એની અનંતી પર્યાયો – એને કહેનારા આ શબ્દો (છે કે) જે બાર અંગની વાણી છે - એ શબ્દ છે. અને આ તત્ત્વ છે, એ વસ્તુ છે. એ વસ્તુનું પણ અહીં જ્ઞાન છે અને એ શબ્દોનું પણ જ્ઞાન છે. એવો જ્ઞેયાકારે થનારો ભગવાન આત્મા, એ બધાનો અધિષ્ઠાતા છે. એ (આત્મા) જ્ઞાનની પર્યાય અને ગુણનો અધિષ્ઠાતા છે. શબ્દનો નહિ. આરે ! આવી વ્યાખ્યા.

૨૬૮ ગાથા છે ને ?

**'સૂત્રાર્થ પદ નિશ્ચય, કષાયપ્રશાંતિ,**
**તપ–અધિકત્વ છે,**
**તે પણ અસંયત થાય,**
**જો છોડે ન લૌકિક સંગને.'** ('પ્રવચનસાર')

આહા...! શું વાણી ! શું કહીએ ! આખું જગત છે ને ? ચૌદ બ્રહ્માંડ ! ભગવાને છ દ્રવ્ય જોયાં. એ છ દ્રવ્યોનો સમુદાય આખું જગતd અને અલોક. એ બધું 'સત્' છે અને એને કહેનારા – 'સત્' ને કહેનારા શબ્દો પણ 'સત્' છે. એ શબ્દો અને સત્ – આખી ચીજ – એના જ્ઞાનમાં

જાણવાનો – જ્ઞેયાકારે થનારો ભગવાનઆત્મા, એના જ્ઞાનની પર્યાયની અધિષ્ઠાતા – સ્વામી આત્મા છે. શબ્દોનો અને પરનો (અધિષ્ઠાતા) નહિ. આહા...હા ! આવી વ્યાખ્યા ! આ ભગવાનનો મારગ... બાપા... આ દુઃખથી મુક્ત થવાનો પંથ પ્રભુ ! બહુ ઝીણો !

શ્રોતા : પહેલાં ઝીણું કહેતા, આજે બહુ ઝીણું કહો છો.

પૂજ્ય ગુરુદેવશ્રી : અલિંગગ્રહણના ૨૦ અર્થ ગઈકાલે પૂરા થયા. છાપવા માટે આપ્યા છે. એ તો જે ક્રિયા થવાની હોય (તે થાય)... દેનારા દે... અને એ બધું આવે ને જાય. થયા જ કરે છે.

આહા...હા ! અહીં કહે છે પ્રભુ ! એક વાર સાંભળને. આ આખી દુનિયા જે છે – લોકાલોક – સત્ – એનું જ્ઞાન અહીં થાય છે. અને આખા બ્રહ્માંડને કહેનારા જે શબ્દો – બાર અંગની વાણી – એ શબ્દોનું પણ અહીં જ્ઞાન થાય છે. જ્ઞાનની પર્યાયમાં એ શબ્દોનું જ્ઞાન અને આખા લોકાલોકનું જ્ઞાન (થાય છે). એનો એ અધિષ્ઠાતા – સ્વામી છે. પોતાના જ્ઞાનની પર્યાય સિવાય બીજા અનંતા સત્ છે અને એને (કહેનારી) વાણી છે. આત્મા એનો અધિષ્ઠાતા – સ્વામી નથી. આ અધિકાર આવે (ત્યારે) સ્પષ્ટ થાય, એ વિના બેસે નહિ.

આહા...હા ! અહીં પ્રભુ એમ કહે છે ભાઈ ! તું જ્ઞાનસ્વરૂપી પ્રભુ છો ને ! તારા જ્ઞાનમાં લોકાલોકનું જ્ઞાન થાય અને શબ્દોનું પણ જ્ઞાન થાય. લોકાલોકમાં–લોકાલોક સત્ તરીકે કીધું અને એને કહેનારા શબ્દો – બે વાત થઈ. ઝીણી વાત છે પ્રભુ ! શું કરીએ ? આહા...હા ! ભગવાને–પરમાત્માએ આખું જગત – લોક અને અલોક જાણ્યું. એમ અહીં જ્ઞાનની પર્યાયમાં પણ લોકાલોક 'સત્' છે, એમ જાણવામાં આવે અને એ ઉપરાંત ચૌદ બ્રહ્માંડના સત્ત્વને કહેનારા એ શબ્દો છે, એ શબ્દોનું અહીં જ્ઞાન થાય. એ શબ્દો અને બીજા સત્ છે એનો એ (આત્મા) સ્વામી નથી. પણ તે સંબંધીનું અહીં જ્ઞાન થાય એનો એ સ્વામી છે. આહા...હા ! દુનિયાનું લોજીક કરી કરીને મરી ગયો. અરેરે...! આત્મા શું છે ? એને કેમ પમાય ? પ્રભુ ! અહીં ફરમાવે છે કે ભાઈ ! એક વાર સાંભળને ભાઈ ! અને તે પણ આવો પ્રશ્ન જેને ઊઠ્યો છે તેને અમે કહીએ છીએ હોં ! આહા...હા ! એ સાંભળવા ખાતર સાંભળવા આવ્યા છે, વેઠ ખાતર આવ્યા છે, એવા માટે આ નથી. આહા...હા ! કેટલી શરત છે. શ્રોતાને માટે પણ આ શરતો છે.

આહા...હા ! જેને ભગવાનઆત્મા કોણ છે ? એને કેમ પમાય ? એવી જેને ધગશ થઈ છે, જિજ્ઞાસા થઈ છે, એવા શિષ્યને માટે આ ઉત્તર અમે દઈએ છીએ. આહા...હા ! આવી વાત છે, બાપા ! શું કરીએ ? સોનગઢની વાત નિશ્ચયની છે, એમ કહીને માણસ કાઢી નાખે. અરે ! પ્રભુ ! સાંભળ તો ખરો.

ભાઈ ! અહીં તો કહે છે કે, વ્યવહારનો રાગ આદિ થાય – પણ ક્યારે રાગનું જ્ઞાન યથાર્થ થાય ? કે રાગથી ભિન્ન પડેલી ચૈતન્યની દૃષ્ટિ અને અનુભવ થાય ત્યારે, રાગ મારી પર્યાયમાં છે, એમ એને સાચું જ્ઞાન થાય. એ રાગ કર્મને લઈને છે એમ નહિ. આહા...હા !

બીજી રીતે, (કહીએ તો) આ શુદ્ધ જ્ઞાનસ્વરૂપી આત્મામાં, શુદ્ધ જ્ઞાનમાં પણ, આખું લોકાલોક – જેટલું 'સત્' છે, તેનું અહીં જ્ઞાન થાય. એનું નહિ પણ, એના સંબંધીનું પોતાનું જ્ઞાન અહીં

થાય. અને તેના કહેનારા શબ્દો છે, એ શબ્દોને લઈને નહિ પણ અહીં શબ્દોનું જ્ઞાન પોતાના સ્વ–પર પ્રકાશક સ્વભાવના કારણે જ્ઞાન થાય (છે) એવો જે ભગવાનઆત્મા – એ 'સત્'નું – પૂર્ણ 'સત્'નું – જ્ઞાન અને શબ્દોનું જ્ઞાન – એ જ્ઞાનનો એ (આત્મા) અધિષ્ઠાતા અને સ્વામી છે. પણ પરચીજનો, શરીરનો, બાયડીનો (કે) છોકરાનો એ સ્વામી નથી.

આહા...હા ! આત્મામાં અનંતા ગુણો છે. આકાશ છે તે સર્વ વ્યાપક છે. આ લોક–બ્રહ્માંડ તો અસંખ્ય યોજનમાં છે, અને પછી ખાલી... ખાલી... ખાલી... ભાગ... અનંત... અનંત... અનંત... એના જેટલા પ્રદેશો છે, એવા અનંતા પ્રદેશો (કરતાં) અનંતગુણા ગુણ, એક આત્મામાં છે. એક પરમાણુ જેટલી જગ્યાને રોકે તેને પ્રદેશ કહે છે. એ પણ એનો ધર્મ છે. તેનો તે (આત્મા) અધિષ્ઠાતા સ્વામી છે. આહા...હા ! એનો સ્વામી કોઈ ઈશ્વર છે એમ નથી. આહા...હા ! કઈ શૈલી ! આહા...હા ! જુઓ, તો ખરા !

એ જ્ઞાનની પર્યાયમાં લોકાલોક જણાયા અને શબ્દોનું જ્ઞાન થયું, આહા...હા ! એમ આ જ્ઞાનનો ગુણ અને જ્ઞાનની પર્યાયનો સ્વામી આત્મા છે. એ સ્વામીનો સ્વામી, કોઈ ઈશ્વર છે, એમ નથી.

આહા...હા ! એ ત્રણ લોકના નાથ વીતરાગ (પ્રભુ) ! ઇન્દ્રો અને ગણધરો વચ્ચે વાણી નીકળતી હશે, આહા...હા ! એ બાર સભામાં સેંકડો સિંહ, સેંકડો વાઘ, સેંકડો કાળા નાગ, પચાસ પચાસ હાથના, માથે લાંબા ફેણવાળા (નાગ) સાંભળવા આવતા હોય. (સાંભળીને) ઠરી જાય ! સમવસરણમાં ગલુડિયાની જેમ સાંભળવા બેઠા હોય. આહા...હા ! બાપુ ! એ વાણી કેવી હોય ? ભાઈ ! એ વીતરાગ ત્રિલોકના નાથની વાણી (અલૌકિક હોય).

આહા...હા ! અહીં તો કહે છે, એ વાણીમાં (એમ આવ્યું કે) આ આત્મા કોણ છે ? જો તું એમ પૂછવા માગતો હોય તો, અમે કહીએ છીએ કે, તું જ્ઞાનસ્વરૂપી, અનંત ગુણ સ્વરૂપી, અને પર્યાયમાં (જે) નિર્મળ અને વિકૃત અવસ્થા (છે) એનો તું સ્વામી છો. આહા...હા ! સમજાય છે કાંઈ ? '**ખરેખર ચૈતન્ય સામાન્ય વડે વ્યાપ્ત એટલે (એમાં) રહેલા અનંત ધર્મોનો સ્વામી, એક દ્રવ્ય છે.**' આહા...હા ! આ કથા નથી. પ્રભુ ! આ તો ભગવાન આત્માની ભાગવતકથા છે. જિનેન્દ્ર ભગવાનની ભાગવતકથા, આહા...હા ! આ બધા બહારમાં સપ્તાહ કરે છે એ નહિ. આ તો ભગવાનના ઘરની, તીર્થંકર ત્રિલોકનાથ આહા...હા ! એની કથા છે. સાંભળ નાથ ! (અહીંયાં એમ કહેવું છે) કે પુણ્યના પરિણામ જીવમાં થાય એનો એ સ્વામી છે. અહીં તો એમ સિદ્ધ કરવું છે. કેમ કે એની પર્યાયમાં થાય છે. એ કાંઈ કર્મને લઈને અને કર્મમાં થાય છે એમ નથી.

આહા...હા ! આહા...હા ! જ્ઞાનીને પર્યાયમાં કોઈ રૌદ્ર ધ્યાનનો પણ પર્યાય થાય. આહા...હા ! પણ એ એની પર્યાયમાં છે. પણ કોને ? કે જેને આત્માના આનંદ સ્વરૂપનું જ્ઞાન અને ભાન થયું (છે) તેને તેની પર્યાયમાં છે. એનો સ્વામી હું છું, એમ એ માને છે. અહીં તો, બધી – અનંતી પર્યાય નિર્મળ અને વિકૃત, અને અનંત ગુણ (એ) બધાનો સ્વામી આત્મા લેવો છે. આહા...હા ! સમજાણું કાંઈ ? અહીં એમ નથી લેવું કે એકલી વિકૃત અવસ્થા છે, અને તેનો એ જાણનારો

છે, એમ નથી લેવું. અહીંયાં તો સાધક જીવ છે, પૂર્ણ દશા નથી, તેથી તેને રાગની પર્યાય પણ થાય છે અને રાગની સાથે સમ્યક્‌દર્શન (અને) (સમ્યક્)જ્ઞાનની (પર્યાય પણ છે) શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે તેની પ્રતીતિ અને જ્ઞાનની પર્યાય પણ છે, એ બધી પર્યાય અને ગુણ તેનો સ્વામી આત્મા છે. આહા...હા ! અહીં ધ્યેય શું છે એ પ્રશ્ન નથી. આ તો જ્ઞાનમાં જ્ઞેય કેવડું છે ? (તેની વાત છે) ધ્યેય તો દ્રવ્ય છે. સમ્યક્‌દર્શનમાં ધ્યેય તો દ્રવ્ય છે. ધ્યેય એટલે આશ્રય કરવા લાયક તો દ્રવ્ય છે. પણ અહીં તો, જ્ઞાન પ્રધાન કથનમાં એની પર્યાયને – વિકૃત (અને) અવિકૃત – અવસ્થાને એનો સ્વામી કહીને તેનું ભાન કરાવ્યું છે.

આહા...હા ! આવી વાત છે. પણ આવો ધર્મ ક્યાંથી કાઢ્યો ? આવું તો અમે કોઈ દિ' સાંભળતા નહોતા. ઈચ્છામી, પડિકમયં... (ને) (એ બધું) કરતા હતા. પાલેજમાં હું દુકાને બેસતો હતો ત્યારે (એ) મિચ્છામી દુક્કડં કરતા હતા. હું તો ભગત કહેવાતો. અમે તો પ્રતિક્રમણ આદિ મોઢે કંઠસ્થ કરેલાં અને હું પ્રતિક્રમણ કરાવું. પર્યુષણમાં આઠ દિવસ (પ્રતિક્રમણ કરાવું). જેટલા આપણા સ્થાનકવાસી હોય (એ) બધા ભેગા થાય. પાલેજમાં એવું બધું હાલતું'તું. આહા...હા ! એ માર્ગ કોઈક બીજો જોયો, એ માર્ગ નહિ.

આહા...હા ! અહીં તો પ્રભુ ! પ્રશ્ન કરનારની લાયકાતવાળો જીવ કેવો ? અને એને ઉત્તર દેનારા ભગવાન, મુનિઓ, સંતો કેવા ? અને એમણે શું કહ્યું ? આહા...હા ! પ્રભુ ! તું એક આત્મા છો ને ! અહીં, (આત્માને) જાણ્યા પછીની વાતું છે. અત્યારે આત્મા જાણ્યો નથી, એની વાત નથી. આહા...હા ! કારણ કે શ્રુતજ્ઞાન પ્રમાણથી જ્ઞેય થાય છે. એમ કહે છે ને ? ભાવશ્રુત જ્ઞાન છે (એ પ્રમાણજ્ઞાન છે)... ઝીણું બહુ બાપુ !

શું કહે છે ? જુઓ ! કારણ કે અનંત ધર્મોમાં વ્યાપનારા અનંતા નયો (છે). અહીં તો ૪૭ નય કહેશે. પણ નય અનંત છે. આહા...હા ! ભાવશ્રુતજ્ઞાન, પ્રમાણ(જ્ઞાન) એ દ્રવ્યને જાણે, ગુણને જાણે, અને પર્યાયને જાણે. પણ એ પ્રમાણના ભેદ જે નય છે, એ અનંત છે. આવું પ્રમાણ(જ્ઞાન) છે તે અવયવી છે. એટલે કે આખા દ્રવ્યને અને પર્યાયને બેયને જાણવાનો એનો સ્વભાવ છે. (અહીંયાં) ભાવશ્રુત જ્ઞાનની વાત છે. આ શબ્દોની નહિ. આહા...હા ! અને તે ભાવશ્રુતજ્ઞાનનો જે ઉપયોગ છે, એમાં અનંતા નયો, એના અવયવો (છે) અનંત નયો છે. પણ અનંત શી રીતે કહેવું ? ૪૭ નય કહીને પછી, (નય) અનંત છે એમ કહી દે છે. (લૌકિકમાં પણ આવે છે ને) કે 'થોડું લખ્યું ઘણું કરીને વાંચજો'. એમ અહીં ભગવાન કહે છે (એમ) ૪૭ નય કહેશું (પણ) ઘણું કરીને જાણવું કે, નયો અનંત છે.

આહા...હા ! ધીમે ધીમે પકડવું, પ્રભુ ! શું થાય ? મારગ કેવળી પરમાત્માને (બહુ ઝીણો). '**केवलीपण्णत धम्मो**' એમ માંગલિકમાં બોલે બધું. પણ એ કાંઈ સમજે નહિ. કે 'કેવળી' શું ? અને 'ધમ્મો' શું ? અહીં કહે છે, કે '**અનંત ધર્મોમાં વ્યાપનારા જે અનંતા નયો...**' એકેક ધર્મને બતાવનારી એકેક નય (છે) એટલે અનંતા નયો (થયા) એટલે અનંતા નયો (છે તે) શ્રુતજ્ઞાન પ્રમાણનો અવયવ (છે), ભાગ (છે).

'એવા '**...અનંત નયો તેમાં વ્યાપનારું જે એક શ્રુતજ્ઞાન – સ્વરૂપ...**'' એ શ્રુતજ્ઞાન એક સ્વરૂપ

છે. તેના અનંત નયો છે. આહા...હા ! ઝીણી વાતો છે. આ બધું બહાર આવી જાય (તો) લોકોને કાને તો પડે. અલિંગગ્રહણ, ૩૨૦ ગાથા ('જયસેનાચાર્યદેવ'ની ટીકા), આ ૪૭ શક્તિ, ૪૭ નય... (આ બધા) જૈનદર્શનના પેટ (છે) માખણ (છે).

આહા...હા ! અરેરે ! આવું ટાણું આવ્યું, માણસપણું મળ્યું, એમાં ભગવાન શું કહે છે ? એનું જ્ઞાનેય સાચું ન કરું, અરે, ભાઈ ! તેં શું કર્યું ? આહા...હા !

**શ્રોતા** : સારમાં (પણ) સારભૂત આવી ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** : હા, સાર છે.

અનંત નયો (છે) તેમાં વ્યાપનારું કોણ ? (તો કહે છે કે) '**એક શ્રુત જ્ઞાનસ્વરૂપ પ્રમાણ...**' ભાવશ્રુત જ્ઞાન(ની) (વાત છે). ભાવશ્રુત દ્વારા દ્રવ્ય, ગુણ, અને પર્યાયનું જ્ઞાન થાય, તે જ્ઞાનને ભાવશ્રુત પ્રમાણ કહે છે. ભાવશ્રુત પ્રમાણ રહે છે, પર્યાયમાં. શું કીધું ? ભાવશ્રુત પ્રમાણ પર્યાયમાં છે, પણ એનો વિષય દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણે છે. હજી તો લાંબું છે... વિશેષ કહેવાશે.

❀ ❀ ❀

અભેદની મુખ્યતાની આવી કથનપદ્ધતિ સનાતન જૈન. દિગંબર ધર્મ સિવાય બીજે કોઈ ઠેકાણે નથી. આ કથની સર્વજ્ઞની પરંપરા સિવાય બીજા સ્થાનમાં છે જ નહિ. દિગંબર જૈનમાર્ગ કહો કે વીતરાગનો માર્ગ કહો તે એકાર્થ છે. વીતરાગતા કેમ પ્રગટે તેની આ વાત છે.

❀

અહો ! દિગંબર સંતોનો કોઈપણ ગ્રંથ લ્યો, તે આત્માને ચૈતન્ય સ્વભાવમાં થંભાવી દે છે.

## પ્રવચન : ૨૨-૧૨-૧૯૭૭

'પ્રવચનસાર' – નયનો અધિકાર છે. ફરીને, શિષ્યનો પ્રશ્ન છે કે આત્મા કોણ છે ? એણે એમ પ્રશ્ન નથી કર્યો કે આ છ દ્રવ્ય કેમ છે ? સમજાણું કાંઈ ? છ દ્રવ્ય કોણ છે ? એમ પ્રશ્ન નથી કર્યો. આહા...હા ! આત્મા કોણ છે ? એમ પ્રશ્ન કર્યો છે. મૂળ મુદ્દાની રકજદ્ધની વાત છે. આહા...હા ! એ આત્મા કેવો છે ? અને કઈ રીતે પ્રાપ્ત કરાય છે ? એ આત્મા કેવો છે ? અને કઈ વિધિએ તેને મેળવી શકાય, પ્રાપ્ત કરી શકાય ? આવો શિષ્યનો પ્રશ્ન છે. મુદ્દાની રકમનો (પ્રશ્ન) છે. બાકી બધું આ ભક્તિ ને પૂજા ને વ્રત તો વિકલ્પ–રાગ છે. અહીં તો આત્મા કોણ છે ? અને કેમ પ્રાપ્ત કરી શકાય ? કેમ વ્યવહાર રત્નત્રય પ્રાપ્ત કરી શકાય ? એવો પ્રશ્ન એનો છે જ નહિ.

આહા...હા ! કેવો છે અંદર ૐદ્ધ આત્મા ? કારણ કે એની પર્યાયમાં છ દ્રવ્યને જાણે, એવું તો એની પર્યાયનું સામર્થ્ય છે. એટલે છ દ્રવ્ય કેવાં છે ? એમ નહીં કહેતાં આત્મા કેવો છે ? એમ એની જ વાત કરી. આહા...હા ! અને તે કેવી રીતે પમાય ? આત્મા કેમ પ્રાપ્ત થાય કે જેથી કરીને જન્મ–મરણ મટે ? એટલે પ્રશ્નાકારની હદ કેટલી હોય, એ પણ જણાવ્યું છે. આહા...હા ! એનો પ્રશ્ન જ આ છે. પ્રભુ ! આ દેહમાં ભગવાનઆત્મા છે – એ છે કોણ પણ ? આહા...હા ! અને એને પ્રાપ્ત કેમ કરી શકાય ? સમજાણું કાંઈ ? અમે નિર્ધન છીએ માટે પૈસા કેમ પ્રાપ્ત થાય ? એમ નથી પૂછ્યું આહા...હા ! એ ધૂળ તો અનાદિ કાળની પુણ્યને લઈને મળે અને જાય. ચડતી પડતી છાયા છે, એમાં કંઈ આત્મા નથી. આહા...હા ! ચડતી–પડતી છાયા, સમજાય છે ? તડકો આવે ને ઘડીકમાં છાંયો થઈ જાય. એમ પૂર્વના પુણ્ય હોય તો ધૂળનો ઢગલો પાંચ–પચાસ લાખ, કરોડ–બે કરોડ ધૂળ દેખાય અને પાપનો ઉદય હોય તો નિર્ધનતા દેખાય. એ કંઈ આત્માની કોઈ ચીજ નથી. આહા...હા ! તેમ અમને પુણ્ય કેમ બંધાય ? અને અમે સ્વર્ગમાં જઈએ; પછી ભગવાન પાસે ધર્મ પામશું. એવુંય પૂછ્યું નથી. આહા...હા ! પંચમઆરાના શિષ્યને માટે આવી શરતું ! આવી જવાબદારી છે. બીજું કાંઈ નહીં. ધૂળ–બૂળ જે આ પાંચ, પચાસ, બે કરોડ ધૂળ મળે, એવી તો ધૂળ અનંતવાર મળી અને એમાં રખડી મર્યો.

આહા...હા ! અહીં તો આત્મા વસ્તુ કીધી છે હોં ! આહા...હા ! અને એને કેમ પ્રાપ્ત થાય ? કઈ વિધિએ એની પ્રાપ્તિ થાય ? કે જેથી અમને અનુભવ થાય, ને જેનાથી અમને મોક્ષનું કારણ થાય. એવો અહીંયાં પ્રશ્ન કર્યો છે. કેવી રીતે ? એવો પ્રશ્ન કરવામાં આવે છે. આહા...હા ! કહો, આવો પ્રશ્ન ક્યાં છે ? આમાં તો આત્મા મળે, એમાં તો બધું છે. બહારમાં ધૂળમાંય કાંઈ નથી. એ અનંતવાર સ્વર્ગનો મોટો દેવ થયો, રાજા, અબજોપતિ (થયો). અત્યારે

છે ને બે દેશ. એક દેશમાં એક રાજા. દેશ નાનો પણ એક કલાકના દોઢ કરોડની ઊપજ છે. અત્યારે અરબસ્તાનમાં એક દેશ છે અને એ સિવાય બીજો એક દેશ છે, ત્યાં એ દેશની એક અબજની પેદાશ છે. પેદાશ હોં ! મૂડી નહીં. અને મરીને પાછા જવાના નરકે. આહા...હા ! એ કંઈ ચીજો પ્રાપ્ત કેમ થાય એ અહીં નથી. બીજી રીતે આત્માની પર્યાય કેમ પ્રાપ્ત થાય ? એમ પણ કહ્યું નથી. સમજાણું ? આત્મા છે, એ કેમ પ્રાપ્ત થાય ? આખો આત્મા જે છે (તે) આહા...હા ! વસ્તુ અખંડ આત્મા દ્રવ્ય છે. આહા...હા ! એ કેમ પ્રાપ્ત થાય ? એવો પ્રશ્નકારનો પ્રશ્ન છે – અથવા આવો પ્રશ્ન જેનો હોય તેને ઉત્તર દેવામાં આવે છે. છે (પુસ્તકમાં) ? તેનો ઉત્તર કહેવાઈ ગયો, પણ અત્યારે એવા જીવને ઉત્તર દેવામાં આવે છે. સામાન્ય રીતે વેઠ તરીકે સાંભળવા આવ્યા હોય, અને આપણે સાંભળવું જોઈએ, ન સાંભળવા જાય તો બધા એમ કહે કે તમે જતા નથી, એવી વેઠ તરીકે સાંભળવા આવ્યા હોય, એને આ જવાબ નથી. આહા...હા ! જેને અંતરમાંથી ધગશ આવી છે કે આહા...હા ! અરેરે.. હું આત્મા કોણ છું ? એને મેં પ્રાપ્ત ન કર્યો, હું કોણ છું ? એને મેં પ્રાપ્ત ન કર્યો ? અને (જે) હું નથી એને પ્રાપ્ત કર્યો – એ બધા રખડવાના રસ્તા છે. સમજાણું કાંઈ ? એનો ઉત્તર દેવામાં આવે છે.

અહીં ફરીને પણ કહેવામાં આવે છે, હવે પ્રથમ તો મુદ્દાની વાત એ છે કે પ્રથમનો અર્થ એ છે. પહેલું એ કહેવાનું છે કે – બાપુ ! વીતરાગનો માર્ગ અનંતકાળથી એક સેકંડ પણ (જીવ) સમજ્યો નથી. આહા...હા ! શાસ્ત્ર ભણી ગયો, ક્રિયાકાંડ, દયા–દાન, વ્રત, ભક્તિના પણ અનંતવાર ભાવ કર્યાં, એ કોઈ ચીજ નથી. આહા...હા ! તો પહેલી વાત એ છે કે આ આત્મા ખરેખર યથાર્થથી, નિશ્ચયથી, ચૈતન્ય સામાન્ય વડે, એ ચૈતન્ય જે જાણનાર–દેખનાર એવો ભગવાન આત્મા, એની હારે વ્યાપ્ત એટલે અનંતી પર્યાયોથી વ્યાપ્ત છે. આહા...હા ! અહીં તો વ્યાપ્ત અનંત ધર્મનો અધિષ્ઠાતા આત્મા છે. આહા...હા ! શું આ શબ્દ છે ! ભગવાન આત્મા એના અનંતા ધર્મોનો એ સ્વામી છે.

આહા...હા ! અહીં એમ કહે છે કે શરીરનો, સ્ત્રીનો, કુટુંબનો, દેશનો, પૈસાનો એ સ્વામી નથી. એ તો પરચીજ છે. એનો સ્વામી તું ક્યાંથી (થયો) ? આહા...હા ! સમજાણું કાંઈ ? ત્યારે એ કોનો ધણી છે ? આ આત્મા કે એમાં અનંતા ધર્મો રહ્યા છે. એટલે એમાં અનંતા ગુણો રહ્યા છે. અને એની પર્યાયમાં, વિકારી કે અવિકારી બધી જે અનંતી પર્યાયો છે. એ વિકારી– અવિકારી પર્યાય અને અવિકારી ત્રિકાળી ગુણ એનો એ અધિષ્ઠાતા, સ્વામી છે. આહા...હા ! ભાઈ ! આ તમારી ધૂળનો સ્વામી નથી એમ કહે છે.

આહા...હા ! અહીં ભગવાન આત્મા કહે છે કે એ કોનો સ્વામી છે ? એ કોનો ધણી છે ? કોનો એ માલિક છે ? આ પત્નીનો હું પતિ છું. દીકરાનો હું બાપ છું, હું પૈસાવાળો છું, નૃપતિ ! મનુષ્યનો હું રાજા છું, નૃપતિ કહે છે ને ! નૃ એટલે મનુષ્ય તેનો પતિ, એ બધી જૂઠી વાત છે. કહે છે કે આહા...હા ! એ સ્વામી અને ધણી હોય તો એનામાં અનંત ગુણો જે ભર્યા છે, અને એની જ અવસ્થામાં જે નિર્મળ કે વિકારી પર્યાયો થાય છે, એનો એ સ્વામી છે. આહા...હા ! સમજાણું કાંઈ ? પહેલા બોલમાં તો, એ નિર્ણય કરાવ્યો. આહા...હા !

સમજાણું કાંઈ ? આહા...હા ! એ અનંત ધર્મો છે એનો અધિષ્ઠાતા છે.

આહા...હા ! જગતમાં ઈશ્વર અધિષ્ઠાતા છે એમ નથી. તેમ આત્માનો કોઈ અધિષ્ઠાતા–આધાર કોઈ બીજો છે એમ નથી. આહા...હા ! એ પોતે જ ઈશ્વર, અનંત ગુણ અને અનંતી પર્યાયોનો અધિષ્ઠાતા સ્વામી, પોતે પરમેશ્વર છે.

આહા...હા ! આ આખી દૃષ્ટિ ઉઠાવીને, ૫૦--૬૦--૭૦ વર્ષથી, અનંતકાળથી આ બાયડી મારી, ને છોકરાં મારાં, ને મકાન મારાં, કેટલાં 'મારાં' ઊભા કર્યા એણે ? હેં ! એક મારો આવ્યો હોય તો મુશ્કેલ પડે ! હાય હાય ! એ ડાકુ આવે અને મારશે.

અહીં, શિષ્ય પ્રભુને એમ પૂછે છે. પ્રભુ, મારો આત્મા છે. એ કોણ છે ? ને મને કેમ પ્રાપ્ત થાય ? મારે તો એ જોઈએ છે. આહા...હા ! એ અનંતકાળમાં કોઈ દી' કર્યું નથી, ધર્મનું સ્વરૂપ અને ધર્મી આત્મા કેવો અને કેવડો છે ! એને એણે જાણ્યો નથી. બાકી સંસારની બધી ધૂળ ઉથામી છે એણે રાગ–દ્વેષના ભાવ કરીને. આ મેં કર્યું, આ મેં કર્યું, આ મેં કર્યું, એવા રાગ–દ્વેષને કર્યા, પણ એ રાગ–દ્વેષની પર્યાય છે એટલો આત્મા નથી. આહા...હા ! આત્મા તો અનંત... અનંત... અનંત... અનંત... અનંત... ગુણનો ધણી. અનંત... અનંત.. અનંત... એવા અનંતને અનંતવાર કહો તો એટલા એટલા ગુણનો ધણી છે એ આહા...હા ! સમજાણું કાંઈ ? ચક્રવર્તીને ૯૬ કરોડ ગામ હોય છે. ૯૬ હજાર સ્ત્રી હોય છે. પણ અહીં તો કહે છે કે એક આત્મામાં અનંતા–અનંતા ક્રોડ ગુણો છે. ભાઈ ! તને ખબર નથી. આહા...હા ! એ આત્મામાં અનંતાનંત ક્રોડ ગુણો છે, અને એની પર્યાયો પણ અનંતી અનંતી ક્રોડ પર્યાયો છે.

અરે ! આ આવી વાતો ક્યાંય સાંભળવા મળે નહિ. આહા...હા ! અહીં પ્રભુ એમ કહે છે. અરે ! પૂછનાર એમ પૂછે છે. મારો દેશ કોણ છે ? અને હું કોણ છું ? ને ક્યાં છું ? અને મને મારી કેમ પ્રાપ્તિ થાય ? આહા...હા ! એમ પ્રશ્ન કરતાં એને કહે છે (કે) ભગવાન સાંભળ ! અનંત ધર્મોનો સ્વામી એક દ્રવ્ય છે. વસ્તુ પોતે એક દ્રવ્ય છે, પદાર્થ છે. પણ અનંત ગુણ અને અનંતી પર્યાયોનો સ્વામી એક દ્રવ્ય છે. આહા...હા ! ગુણો અનંત, પર્યાય–અવસ્થા અનંત અને એનો સ્વામી દ્રવ્ય એક જ છે. દ્રવ્ય બે, ત્રણ, ચાર, પાંચ નથી. દ્રવ્ય પોતે એક છે. આહા...હા ! સમજાણું કાંઈ ? કારણ કે એક દ્રવ્ય છે (તે) અનંતગુણ અને અનંતી પર્યાયોનો સ્વામી છે એક દ્રવ્ય છે. એનું કારણ કે અનંત ધર્મોમાં વ્યાપનારા સ્વામી એક દ્રવ્ય છે. એનું કારણ કે અનંત ધર્મોમાં વ્યાપનારા જેટલા આત્મામાં ગુણો–શક્તિ છે, જે આકાશના પ્રદેશની સંખ્યા કરતાં અનંતગુણા (સંખ્યાએ) ગુણ છે. આત્મામાં, આહા...હા ! એટલા અનંત ગુણો, એને જાણનારો નય, એકેક ગુણને, એકેક પર્યાયને જાણનારો જ્ઞાનનો અંશ, નય એટલે જ્ઞાનનો અંશ. આહા...હા ! તે અનંત અનંત નયો છે. આહા...હા ! એ જ્ઞાનનાં અંશોને નય કહે છે. એ નય અનંત છે. આ આવી બધી વાતો છે કેમકે અનંત ગુણો અને અનંતી પર્યાયો, અને એકેક ગુણ અને એક એક પર્યાયને જાણનારને નય કહેવામાં આવે છે. એવા અનંતા નયો તેમાં વ્યાપનારું (જ્ઞાન) ઝીણી વાત છે પ્રભુ ! આ તો સારમાં સાર માખણ કહ્યું છે. આખું પ્રવચનસાર કહેવાઈ ગયું. એને માથે કળશ ચઢાવ્યો છે. જેમ દેરું કરીને સોનાનો કળશ ચઢાવે ને ! આહા..હા !

તેમ આ અનંત ગયો તેમાં વ્યાપનારું (જ્ઞાન) રહેલું છે. એક શ્રુતજ્ઞાન–સ્વરૂપ, શ્રુતજ્ઞાન એ પ્રમાણજ્ઞાન છે. નય છે એ પ્રમાણનો – વિશેષે વસ્તુનું માપ કરનારું છે એવું જે પ્રમાણજ્ઞાન એના – અંશને નય કહે છે. એ અનંત નયમાં વ્યાપેલું શ્રુતપ્રમાણ (છે), આહા...હા !

અહીં કહે છે કે નયો અનંત છે, પણ અનંત નયોમાં વ્યાપનારું એક શ્રુતજ્ઞાન છે. જેમ પહેલાં (એમ) કહ્યું હતું કે અનંતધર્મોનું અધિષ્ઠાન એક દ્રવ્ય છે. શું કીધું ? અનંત ધર્મો એટલે જ્ઞાનગુણ, અનંતગુણો અને પર્યાય. એને અહીંયાં ધર્મ એટલે ધારી રાખેલી ચીજ, એ અનંત ધર્મોને ધારી રાખેલ અધિષ્ઠાન એક દ્રવ્ય છે. એમ અનંત નયોમાં વ્યાપેલું શ્રુતજ્ઞાન પ્રમાણ એક છે. આહા...હા ! ઝીણી વાતો બહુ ભાઈ ! વસ્તુ છે એ અનંત ધર્મ (ધારણ કરનાર), ધર્મ એટલે આ સમ્યક્દર્શન–જ્ઞાન–ચારિત્ર એવું કોઈ અહીં નથી; ધર્મ એટલે ગુણો ધાર્યા છે, પર્યાય ધારી છે, વિકારી પર્યાય- અવિકારી પર્યાય, (ધારી છે). સાધક જીવની વાત છે ને ! એણે ધારી રાખી છે એટલે એને ધર્મ કહેવામાં આવે છે. એવા અનંત ધર્મોનો સ્વામી એક દ્રવ્ય છે, વસ્તુ આત્મા (છે). હવે એને જાણનાર અનંત ગુણો અને અનંત પર્યાયને એક એક નય લાગુ પડે; એના અનંત નયોમાં વ્યાપનારું ભાવશ્રુતજ્ઞાન જે પર્યાયમાં થાય એ એક ભાવશ્રુત છે. નય અનંત છે એ એના અવયવ છે. અને શ્રુતપ્રમાણ છે એ અવયવી છે.

આહા...હા ! આ શરીર છે એ આખું અવયવી કહેવાય. અને આ હાથ, ને પગ ને આંગળા, ને મોઢું એના અવયવ કહેવાય. એ અવયવનું આખું રૂપ એ અવયવી કહેવાય. એમ એકેક ગુણ અને પર્યાયને જાણનારો નય તે અવયવ છે. નયો અનંત, એનો અવયવી એ ભાવશ્રુત એકરૂપ છે, તે અવયવી આખું અખંડ છે.

કેવી કથા–વાર્તા ! કોઈ દી' જૈનમાં જન્મ્યા પણ જૈનની શું ચીજ છે ? એની ખબરું ન મળે. આહા...હા ! બહારની આ મજૂરી કરી અને એમાં બે, પાંચ, દશ કરોડ રૂપિયા થયા હોય તો જુઓ તમારે હું પહોળો અને શેરી સાંકડી એને થઈ જાય.

અહીં તો મોટપ ભગવાનને આપવાની છે. કહે છે કે એ જે ભગવાનઆત્મા અંદર બિરાજે છે, એ અનંતગુણોના ધર્મોનું એકરૂપ દ્રવ્ય છે. સ્વામી છે, અને તેને જાણનારા એક એક ગુણને, પર્યાયને, જાણનારો જ્ઞાનનો અંશ એ અનંત છે. અને એ અનંત નયનું એકરૂપ તે શ્રુતજ્ઞાન છે. આ પાનાં નહીં હોં ! ભાવશ્રુત જ્ઞાન – અંદર જે ભાવશ્રુતજ્ઞાન દ્વારા આત્મા જણાય, ગુણ જણાય, અને એ વિકારી, અવિકારી પર્યાય જણાય. આહા...હા ! એવું છે. બાપુ ! વીતરાગનો મારગ ! એક શ્રુતજ્ઞાન એમ કીધું ને ! એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ અનેક નયોરૂપ વ્યાપનારું એમ કીધું ને ! એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ અનેક નયોરૂપ વ્યાપનારું એક શ્રુતપ્રમાણ એ પ્રમાણ છે, પર્યાયમાં ભાવશ્રુત એટલે જે જ્ઞાનમાં આત્મા જણાય, ગુણો જણાય, પર્યાય જણાય, વિકારી–અવિકારી દશા જણાય. એવું જે શ્રુતજ્ઞાન. આહા...હા ! તે પ્રમાણપૂર્વક, તે શ્રુતજ્ઞાનના પ્રમાણ સહિત – પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે, આહા...હા ! એ તો અંતરના અનુભવ વડે પ્રમાણ–શ્રુતજ્ઞાનના અનુભવ વડે (તે) સ્વાનુભવ વડે આત્મદ્રવ્ય પ્રમેય થાય છે.

શું કહે છે ? અનંત અનંત એના ગુણો. ધર્મ એટલે ગુણો અને પર્યાયરૂપી ધર્મ એટલે

વિકારી–અવિકારી (પર્યાયને) ધારી રાખી માટે ધર્મ એમ એનું ધરનારું એક દ્રવ્ય – એવા આત્માને જાણનારું અનંત નયોમાં વ્યાપનારું એવું એક શ્રુતજ્ઞાન. એ શ્રુતજ્ઞાન પ્રમાણ વર્તમાન પર્યાયમાં અખંડ શ્રુતજ્ઞાન પ્રમાણ વડે આત્મા પ્રમેય નામ જ્ઞાનમાં જણાય છે. આહા...હા ! અરેરે...! એને ક્યાં આમાં લઈ જવું ? માથું ફરી જાય ! (સમજે) ત્યારે થાય. ઝટ સમજાય એવું છે, પણ હવે એને જાણે, ધારે ત્યારે થાય ને ! આહા...હા ! અભ્યાસ કરે, થોડું ઘણું વાંચે, પછી એનો અર્થ શું થાય ? ત્યારે એને સમજાય. પણ અભ્યાસ જ ન મળે. ઓલા ધૂળના અભ્યાસ બધા. ભાવશ્રુતજ્ઞાન પર્યાય છે, પણ એ પર્યાય અનંત નય સ્વરૂપવાળી અખંડ પર્યાય છે.

ભાઈ ! આ તો વીતરાગ જિનેન્દ્ર દેવ તીર્થંકર પરમાત્માનો મારગ ! બાપુ ! બીજે ક્યાંય છે નહિ. આહા...હા ! એના વાડામાં ય અત્યારે ન મળે, ખબરું ન મળે. ભગવાન આત્મા અનંત ધર્મોનો અધિષ્ઠાન–સ્વામી. એક દ્રવ્ય–વસ્તુ છે. એના એક એક ગુણને – પર્યાયને જાણનાર શ્રુતજ્ઞાન પ્રમાણના અંશો (તે) નય. (તે) નય એકેક ગુણને અને એકેક પર્યાયને જાણે ને એવા અનંત નયમાં વ્યાપનારુ ભાવશ્રુતજ્ઞાન, જે જ્ઞાન દ્વારા આત્મા પ્રમેય થાય (છે). શ્રુતજ્ઞાન પ્રમાણ દ્વારા આત્મા પ્રમેય થાય. એટલે જ્ઞાનમાં જણાય, પર્યાય જ્ઞાનગુણની એક પર્યાય છે. આત્મા વસ્તુ છે, એમાં જ્ઞાન સ્વભાવ છે. એની પર્યાય જે અવસ્થા છે, એ નિર્મળ શ્રુતજ્ઞાન તે એની પર્યાય અવસ્થા અંશ છે. ત્રિકાળીની અપેક્ષાએ અંશ છે. પણ એના નયની અપેક્ષાએ એ અખંડ જ્ઞાન પ્રમાણ આખું છે. આ એની મેળે સમજે નહિ. વાંચે તો ખરા બિચારા...

અહીંયાં કહે છે કે પ્રભુ ! એક વાર સાંભળ તો ખરો ભાઈ ! આ તો ત્રણલોકના નાથ તીર્થંકર સર્વજ્ઞ પરમેશ્વરના પંથની વાતો છે. એ પરમાત્મા એમ ફરમાવે છે કે, જે તું પૂછે છે કોણ છે આત્મા ? તો હું કહું છું કે, એ આત્મા અનંત ગુણ અને પર્યાયોરૂપી ધર્મ નામ–ધારી રાખેલું તત્ત્વ છે. એક છે. હવે કેમ પમાય ? એમ બીજો પ્રશ્ન હતો, ને પહેલો પ્રશ્ન એમ હતો કે, આત્મા કોણ છે ? કે અનંત ધર્મોમાં વ્યાપક એક દ્રવ્ય છે એ આત્મા. હવે કેમ પમાય ? એનો ઉત્તર આ છે કે એક એક ગુણને, પર્યાયને જાણનારો જે નય, એનું એકરૂપ જે શ્રુતજ્ઞાન પ્રમાણ એ વડે જાણવા લાયક જાણી શકાય છે. ફરીને કહીએ. અહીંયાં આપણે ક્યાં ઉતાવળ છે ? હળવે–હળવે આહા...હા ! આ તો અનાદિ કાળે કોદી દી' કર્યું નથી. બહારના બધા ઉધામા કરી કરીને મરી ગયો.

આહા...હા ! એ શુભભાવ એ રાગની મંદતા, ઓલા પાપને માટે બાયડી, છોકરા હાટું સાચવે છે, એ પાપભાવ છે, એ કરતાં આ ધર્મને બહાને શોભા, પ્રભાવના આદિ જો રાગ મંદ હોય તો પુણ્ય છે. સંયોગી વિકારીભાવ એનાથી તો તને સંયોગ મળશે, ધર્મ નહિ. આહા...હા ! અહીંયાં કહે છે કે, આત્મા જે છે અંદર અનંત ગુણનો – ધર્મનો ધરનાર, જુઓ ! અહીં તો વિકારી–અવિકારી બધી પર્યાયો લેવી છે. આહા...હા ! એને અનંત નયો, જ્ઞાનના અંશો, એને ધરનારું જે શ્રુતજ્ઞાન અંશી પ્રમાણ છે, તો એ પર્યાય પણ અનંત નયની અપેક્ષાએ તેને અંશી પ્રમાણ અવયવી કહેવાય. અને ત્રિકાળી આત્માની અપેક્ષાએ શ્રુતજ્ઞાનની પર્યાયને અંશને અવયવ કહેવાય. ભાઈ ! એવા શ્રુતજ્ઞાન પ્રમાણ વડે આત્મા પ્રમેય થાય છે, પ્રમાણ વડે પ્રમેય થાય છે.

કોઈ અંદર દયા, દાન, વ્રતના વિકલ્પથી એ પ્રમેય થાય છે ? (એમ નથી) એ શ્રુતજ્ઞાન એને જાણે છે તે પ્રમાણ. સમજાણું કાંઈ ?

આહા...હા ! ભાવશ્રુત, ભાવ હોય છે, એને જ્ઞાન જાણે, નય જાણે અને પ્રમાણ પણ એને બધાને અને એને જાણે, પણ જાણવામાં જ્ઞાન તો રાગને જાણે, પણ એ રાગથી જ્ઞાન જણાય એમ નથી. આહા...હા ! જે રાગને જાણનારું અને દ્રવ્યને જાણનારું ગુણને જાણનારું, એવું શ્રુતજ્ઞાન પ્રમાણ – એ પર્યાય છે. એ દ્વારા આત્મા–પ્રમેય છે. પ્રમેય એટલે જ્ઞાનમાં જાણી શકાય એવી ચીજ છે. એ શ્રુતજ્ઞાન. પ્રમાણમાં પ્રમેય થઈ શકે છે. આહા...હા કહો ! સમજાય છે કે નહિ ? ભાઈ ભાષા તો સાદી છે, પ્રભુ ! ભાવ તો (જે) છે એ છે, બાપા શું થાય ?!

આહા...હા ! ત્રણલોકનો નાથ, અંદર સત્‌ચિદાનંદ પ્રભુ પડ્યો છે ને ! આહા...હા ! એને એની પર્યાયમાં – અહીંયાં તો સાધક પણ છે અને અનંત ગુણો અને દ્રવ્ય નિર્મળ છે. એ બધાને એ શ્રુતજ્ઞાનના પ્રમાણમાં એ દ્રવ્ય જણાય, ગુણ જણાય અને વિકારી–અવિકારી પર્યાય પ્રમેય થઈ શકે છે. શ્રુતજ્ઞાનમાં એ પ્રમેય એટલે જાણવામાં આવી શકે છે. સમજાણું કાંઈ ? પહેલું તો એમ કીધું હતું કે અનંત ગુણો, અને અનંતી પર્યાયો, વિકારી કે અવિકારી, એનો ધરનારો આત્મા સ્વામી છે – અધિષ્ઠાતા છે. હવે એ બધાને ધરનારો એવો આત્મા એને શ્રુતજ્ઞાન પ્રમાણ વડે તે પ્રમેય થઈ શકે છે. એકલાં પાનાં ને સાંભળવાનાં શબ્દોથી તે જાણી શકાય નહિ.

શું કહેવું, ભાઈ ! 'અમૃતચંદ્ર આચાર્ય' કોણ છે ? આહા...હા ! એ ચાલતા સિદ્ધ છે. આહા...હા ! એણે 'કુંદકુંદ આચાર્ય'ના એક શબ્દમાંથી જે એમાં ભાવ ભર્યો હતો, એ કાઢીને વાત કરી છે. એને ન સમજાય એ વાત હોઈ શકે નહિ. એક અલિંગગ્રહણમાંથી વીશ અર્થ કાઢ્યાં. ચૌદ દિવસ હાલ્યા. ચૌદ કલાક, અક્ષર છે એનું વ્યાખ્યાન ચૌદ કલાક ચાલ્યું. વીશ અર્થ આહા...હા ! વીતરાગ સંતોની બલિહારી છે બાપુ ! સંત કોને કહેવાય ! બાપુ એ તો નજરે પડવા મુશ્કેલ આહા...હા ! ચારિત્રવંત સંત કોને કહેવાય એ ! અરેરે ! ભાગ્ય ક્યાં છે જગતનાં આહા...હા ! ચારિત્રવંત સંતો એ તો અલૌકિક ચીજો છે બાપુ ! આહા...હા !

એ સંત વીતરાગી દશામાં રમનારા. એ આ અર્થ કરે છે, કે અનંતનયથી વ્યાપેલું એક શ્રુતજ્ઞાન, અનંતધર્મોથી ધારેલું એવું સ્વામીપણું જે દ્રવ્ય, એમાં ધારેલી પર્યાય વિકારી ને અવિકારી બધી આવી ગઈ હોં ! એને જાણનારું ભાવ શ્રુતજ્ઞાન એટલે નિર્મળ જે શ્રુતજ્ઞાન તેના વડે તે દ્રવ્ય–ગુણને પર્યાય પ્રમેય નામ જાણવામાં આવે છે. આહા...હા ! સમજાય છે કાંઈ ? આ તો અગમ–નિગમની વાતો છે પ્રભુ ! શું થાય ? આહા...હ ! આખો સંસાર ઉથલાવી નાખ્યો ને આહા...હા ! ત્રણલોકનો નાથ, આત્મા પ્રભુ, આત્માથી ઊંચી વસ્તુ કોઈ જગતમાં છે જ નહિ. સર્વોત્કૃષ્ટ પ્રભુ આત્મા એનામાં જે ગુણ અને એની પર્યાયો આહા...હા ! એને પ્રમાણ જ્ઞાન–પ્રમાણ થયું ને ? નિશ્ચયનયનો વિષય એક દ્રવ્ય એકલું. પર્યાયનયનો વિષય અવસ્થા, પણ પ્રમાણનો વિષય દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણેય. સમજાય એટલું સમજવું બાપુ !

આ તો આહા...હા ! તીર્થંકર સર્વજ્ઞદેવ પરમાત્મા આહા...હા ! જેની વાણી સાંભળવા એ જગતમાંથી નાગ મોટા પચાસ પચાસ હાથના, નાગ મોટા, લાંબા, ફુંફાડા મારતા શાંત (ચિત્તે)

હાલ્યા આવે સભામાં, અને કેસરી સિંહ જંગલમાંથી સેંકડો સિંહ કૂતરાર્ન બચ્ચાની જેમ હાલ્યા આવે – સમોસરણમાં સાંભળવા આહા...હા ! બાપુ ! એ વાણીને ઇ ભગવાન કેવા હશે ભાઈ ! આહા...હા ! તે સભામાં બેઠા હોય તો આમ ગલુડિયાંની જેમ સિંહ આમ તો હાથી જોડીને, નાગ આમ ઊભા થઈને આમ (બેસે છે) એ વાણી (કેવી) ? એ ભગવાન કોણ ? બાપુ, એ ચીજો કોઈ અલૌકિક છે. આહા...હા ! એના સમોસરણમાં એ અનંતવાર ગયો.

આહા...હા ! મહાવિદેહમાં ભગવાન તો ત્રિકાળ–ત્રણે કાળે બિરાજે છે. મહાવિદેહ ક્ષેત્રમાં કોઈ દિ' તીર્થંકરનો વિરહ ન હોય. અત્યારે પ્રભુ બિરાજે છે. સીમંધર ભગવાન પાંચ–સો ધનુષ્યનો દેહ છે. **ક્રોડ પૂર્વનું આયુષ્ય છે. લાખો કેવળીઓ છે. આહા...હા ! બાર સભામાં ભગવાનની વાણી આવે છે. અત્યારે છે. આહા...હા ! તો કોઈ કાળે મહાવિદેહમાં તીર્થંકર વિનાનો કાળ હોઈ શકે નહિ એવા તીર્થંકરના સમોસરણમાં - મહાવિદેહમાં જન્મીને, અનંતવાર ગયો, અનંતવાર ત્યાં જન્મ્યો, ને સમોસરણમાં અનંતવાર ત્યાં ગયો. પણ એમને શું કહેવું છે એ સમજ્યો નહિ.** આહા...હા ! કેવળી આગળ રહી ગયો કોરો. કહ્યું હતું ને એ દુકાન પર વાંચેલું. સજ્જાયમાળા એક છે એમાં ૨૦૦--૨૫૦ સજ્જાય છે. એવાં ચાર પુસ્તક છે. એ ચારેય લઈ આવ્યા દુકાન ઉપર. એ વાંચ્યું. એમાં આ એક હતું તે દિ' હોં ! અઢાર–ઓગણીશ–વીશ વર્ષની ઉંમરમાં કે કેવળી આગળ રહી ગયો (કોરો). કોરો ધાકોડ પાછો નીકળ્યો. કાંઈ અડવા ન દીધું અંદર. સમજાણું કાંઈ ?

સજ્જાયમાળામાં આવે છે. એની (જીવની) યોગ્યતા ન મળે. એની દરકાર ન મળે – દરકાર અરે ! હું કોણ છું અંદર આ ? એ જાણનારને જાણ્યો નહિ. પરને જાણવામાં રોકાઈ ગયો, તેને જાણનારો જણાયો નહિ. આહા...હા ! શું કહ્યું ? જાણનાર પર્યાય છે. એ જાણનાર પરને જાણવામાં રોકાયો નહિ. જાણનારો અંદર કોણ છે ? એને જાણવામાં રોકાયો નહિ.

એ આ દ્રવ્ય... આહા...હા ! આહા...હા ! પ્રમાણ તે પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે જોયું ! સ્વ–અનુભવ વડે. આહા...હા ! એ વ્યવહાર રત્નત્રયના રાગથી જણાય એવો નથી. એમ કહે છે ને એ વ્યવહાર રત્નત્રયનો રાગ, તેને જ્ઞાન જાણે, પણ તેના દ્વારા આત્મા જણાય એવો નથી. આહા...હા ! સમજાણું કાંઈ ? આહા...હા ! કેટલું ભર્યું છે ? સંતોના એક શબ્દમાં... આહા...હા !

શ્રીમદ્‌માં આવે છે કે જ્ઞાનીના એક વાક્યમાં અનંતા આગમ ભર્યાં છે. આહા...હા ! શ્રીમદ્ રાજચંદ્ર તો એકાવતારી થઈ ગયા. એક ભવ કરીને મોક્ષે જશે. આહા...હા ! પણ આ અંતરની વાતો સમજવી બાપા ! આ બહુ આકરી છે. છે તો અંતરની સત્ છે, સર્વત્ર છે, સરળ છે આહા...હા ! પણ બતાવનારા ગુરુ જોઈએ, એમ લખ્યું છે. આહા...હા ! પ્રભુ પૂર્ણાનંદનો નાથ બિરાજે છે ને પ્રભુ ! આહા...હા ! એને ભાવશ્રુત જ્ઞાન દ્વારા જણાય. એવો છે એ, દ્રવ્યશ્રુતથી નહિ, રાગથી નહિ કેમકે રાગ છે પણ એને શ્રુતજ્ઞાનનો નય જાણે છે. પણ એ રાગ, નિર્મળ પર્યાય, ગુણ ને, દ્રવ્ય, એને જાણનારુ શ્રુતજ્ઞાન પ્રમાણ છે. સમજાણું કાંઈ ?

પ્રભુ ! તું અનંતગુણ શું અને અનંત પર્યાયનો ધરનાર એવો ધર્મી દ્રવ્ય છે ને ! આહા...હા ! એને જાણનારું અનંત નયમાં વ્યાપેલું ભાવશ્રુત – અંતરની જ્ઞાનની પરિણતિ જે નિર્મળ ભાવશ્રુત છે. એ પર્યાય એ ભાવશ્રુત છે. ને એ પર્યાય પણ એ ભાવશ્રુતમાં પ્રમેય (થાય છે). દ્રવ્ય–ગુણ

ને એની વિકારી–અવિકારી પર્યાય એ ભાવશ્રુતમાં પ્રમેય થઈ શકે છે.

આહા...હા ! એ રાગ દ્વારા પ્રમેય થઈ શકે છે. એમ નહિ. વ્યવહાર, ક્રિયાકાંડના રાગ દ્વારા તે જણાય છે, એવો (છે) નહિ. કેમકે વ્યવહાર જે રાગ (તે) તો ધર્મીને હોય છે, પણ એ રાગને જાણનારો નય છે અને નયનું એકરૂપ શ્રુતજ્ઞાન છે. એ શ્રુતજ્ઞાન, દ્રવ્ય–ગુણ ને પર્યાય, ત્રણેયને પ્રમેય તરીકે જાણી શકે છે.

આ ભગવાન ! તારો આ દેશ છે એને તેં જોયો છે ? હેં ! અનંતવાર ત્યાં જન્મ્યો છે, કેનેડામાંય અનંતવાર જન્મ્યો છે, અમેરિકામાંય એકેક કણમાં અનંતવાર જન્મી ચૂક્યો છે આત્મા. આહા...હા ! દેશ તો હતો ને ! એ (અમેરિકા) તો પ્રસિદ્ધ ન હતું, ત્યાં તો પ્રસિદ્ધ હતો ને ! આફ્રિકામાં એક એક કણમાં અનંતવાર જન્મી ચૂક્યો છે આ જીવ. હવે એને ક્યાં (ખબર છે) પણ એના સ્વદેશ અંદર અસંખ્યપ્રદેશી સ્વદેશ છે. આહા...હા ! એમાં એ ગયો નથી. સમજાણું કાંઈ ?

એ (ધર્મી) પુણ્ય પાપમાં આવે તો એને એમ લાગે કે અરેરે... આ ક્યાં આ ક્યાં (આવી ચડ્યાં) ? ધર્મીને આત્માના આનંદને જ્ઞાયક સ્વભાવના આશ્રય (હોવા છતાં) પુણ્યના ભાવમાં આવવું પડે (તે પરદેશ જેવું લાગે છે). બેને લખ્યું છે. બેનનું વચનામૃત છપાણું છે. પુસ્તક ઊંચું બહુ છે. લાખો પુસ્તકનો સાર છે. વાંચે તો ખરા. શું બાપુ ! આ તો ! આહા...હા ! એમાં એક શબ્દ એવો આવ્યો છે, ધર્મી જ્યારે પુણ્યના ભાવમાં આવે છે, ત્યારે એને એમ લાગે છે કે, 'અરેરે...! અમે પરદેશમાં ક્યાં આવી ચડ્યાં ?' અમારું વતન તો અંદર આનંદ ધામ ! એમાંથી અમે ક્યાં ખસી ગયા ? સમજાણું કાંઈ ? એમ કોઈ કહેતું હતું. ચાર વાર બેનનું પુસ્તક વાંચ્યું. પણ મેં કીધું કે ચાર વાર નહિ પણ સો વાર વાંચવું પડશે. આહા...હા ! અરે ! આત્મા જેને અંદર આનંદનો નાથ, જેને અનુભવમાં આવ્યો. આહા...હા ! એને રાગમાં પુણ્ય–પાપનો વિકલ્પ તો આવે ખરો, પણ એને એમ થાય કે અરેરે...! આ દુઃખમાં હું ક્યાં આવ્યો ? એ મારા દેશની ચીજ નહિ, મારા ઘરની ચીજ નહિ. આહા...હા ! અહીં તો સ્વદેશ – આત્મા અંદર આનંદના દેશમાંથી નીકળીને ધર્મીને રાગમાં આવવું પડે તો એને બોજો લાગે છે.

આહા...હા ! એ દયા–દાનને નામસ્મરણ ભગવાનનું માળા ગણવાનો રાગ, એ ધર્મીને રાગ બોજો લાગે છે. આહા...હા ! પણ એને તે આત્મા શ્રુતજ્ઞાનપ્રમાણ વડે જાણે છે, એમ અહીં કહેવું છે. સમજાણું કાંઈ ? આહા...હા ! વખત થવા આવ્યો છે હો ! સ્વાનુભવ વડે આત્મદ્રવ્ય (પ્રમેય થાય છે). આત્મદ્રવ્ય પહેલું કીધું હતું ને ! અનંત ધર્મોનું અધિષ્ઠાન તે આત્મદ્રવ્ય તેમાં પર્યાય વિકારી–અવિકારી અને ગુણ બધું આવી ગયું. સાધક છે ને ! આહા...હા ! એ શ્રુતજ્ઞાન વડે આત્મદ્રવ્ય પ્રમેય થાય છે, જણાય છે. અંતરની દૃષ્ટિ આવતાં એ ભાવશ્રુત અંદર જણાય, આહા...હા ! એ સિવાય બીજો જાણવાનો ઉપાય છે નહિ. વિશેષ કહેશે......

❀ ❀ ❀

**(હવે ટીકાકાર શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ વડે પરિશિષ્ટરૂપે થોડું કહેવામાં આવે છે :)**

**`આ આત્મા કોણ છે (– કેવો છે) અને કઈ રીતે પ્રાપ્ત કરાય છે' એવો પ્રશ્ન કરવામાં આવે તો તેનો ઉત્તર (પૂર્વે) કહેવાઈ ગયો છે અને (અહીં) ફરીને પણ કહેવામાં આવે છે :–**

**પ્રથમ તો, આત્મા ખરેખર ચૈતન્યસામાન્ય વડે વ્યાપ્ત અનંત ધર્મોનું અધિષ્ઠાતા (સ્વામી) એક દ્રવ્ય છે, કારણ કે અનંત ધર્મોમાં વ્યાપનારા જે અનંત નયો તેમાં વ્યાપનારું જે એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ તે પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે (તે આત્મદ્રવ્ય) પ્રમેય થાય છે (– જણાય છે).**

**તે આત્મદ્રવ્ય દ્રવ્યનયે, પરમાત્રની માફક ચિન્માત્ર છે (અર્થાત્ આત્મા દ્રવ્યનયે ચૈતન્યમાત્ર છે, જેમ વસ્ત્ર વસ્ત્રમાત્ર છે તેમ). ૧.**

**પ્રવચન : ૨૩-૧૨-૧૯૭૭**

'પ્રવચનસાર'. અહીંયાંથી અધિકાર છે. છેલ્લો છે ને ! હવે ટીકાકાર 'અમૃતચંદ્રાચાર્યદેવ' પરિશિષ્ટરૂપે થોડું કહે છે.

આ 'પ્રવચનસાર' શાસ્ત્ર છે. ભગવાનની દિવ્યધ્વનિનો સાર છે. પ્ર એટલે વિશેષે વચનો, દિવ્ય વચનો, ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞને વીતરાગ થયા પછી ઇચ્છા વિના વાણી નીકળી, ૐ ધ્વનિ... એનો આ સાર 'પ્રવચનસાર' છે. તે 'પ્રવચનસાર'માં ૨૭૫ ગાથાઓ તો થઈ ગઈ. પણ ટીકાકાર આચાર્ય 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે કે, અમે કંઈક વિશેષ કહીએ છીએ... સ્પષ્ટ કરવાને વિશેષ કહીએ છીએ.

હવે એમાં શિષ્યનો પ્રશ્ન છે. એવો શિષ્યના મુખે પ્રશ્ન લીધો કે આત્મા કોણ છે ? પ્રભુ ! આ આત્મા છે (કોણ ?) ભાષા શું છે કે આ આત્મા કોણ છે ? એવો એણે પ્રશ્ન કર્યો... શ્રોતા પોતાના આત્માની દશા સમજવા માટે, આત્મા કોણ છે ? એમ કહે છે.

આહા...હા ! ભગવાને છ દ્રવ્ય શું કહ્યા એ પ્રશ્ન નથી કર્યો. અંદર આ આત્મા કોણ છે ? અને 'સમયસાર'માં પણ 'કુંદકુંદાચાર્યદેવે' એમ કહ્યું (કે) અમારા ગુરુએ અમને શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો છે. પાંચમી ગાથામાં એમ કહ્યું છે (કે) અરિહંત ભગવાન નિર્મળ વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતા. 'સમયસાર' પાંચમી ગાથામાં છે... સર્વજ્ઞ પરમાત્મા વીતરાગ પરમેશ્વર પ્રભુ, વિજ્ઞાનઘનમાં આત્મા, ચૈતન્યઘન પિંડ એમાં નિમગ્ન –લીન હતા. અને પછી ગણધર, એ પણ વિજ્ઞાનઘનમાં લીન હતા અને ત્યાંથી આવીને અમારા ગુરુ 'કુંદકુંદાચાર્ય' કહે છે કે, અમારા ગુરુ પર્યંત (બધા)એ વિજ્ઞાનઘન ભગવાન આત્મામાં લીન હતા. એ મુનિ અમારા ગુરુ પણ (આત્મામાં લીન હતા). આહા...હા ! એ પાંચમી ગાથામાં આવ્યું છે. વિજ્ઞાન–વિજ્ઞાનનો ઘન–પિંડ પ્રભુ આત્મા એમાં અમારા ગુરુ (લીન હતા). અરિહંતથી માંડીને અમારા ગુરુ પર્યંત સંતો વિજ્ઞાનઘનમાં લીન હતા. આહા...હા !

એનું નામ મુનિ અને સંત કહેવામાં આવે છે.

આહા...હા ! એ અમારા ગુરુ વિજ્ઞાનઘનમાં લીન હતા. એમણે અમારા ઉપર કૃપા કરીને, મહેરબાની કરીને, અમને શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો, એમ 'કુંકકુંદાચાર્ય' કહે છે હોં ! આહા..હા ! અમારા ગુરુ વિજ્ઞાનઘનમાં લીન હતા, પંચ મહાવ્રત પાળતા હતા, નગ્ન હતા, એવું કહ્યું તે તો બાહ્ય ચીજ છે... આહા...હા ! ચૈતન્ય સ્વભાવનો પુંજ પ્રભુ (છે). એમાં ગુરુથી માંડીને અરિહંત પર્યંત એકધારા લીધી છે. આહા...હા ! દિગંબર સંતોની વાત છે. હોં ! સમજાણું કાંઈ ! એ વિજ્ઞાનઘન પ્રભુ, ચૈતન્યપિંડ પ્રભુ આત્મા, ચૈતન્યનો સાગર અંદરમાં ભર્યો છે... આહા...હા ! એમાં લીન હતા. એ ગુરુએ મહેરબાની કરીને શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો. બીજો કોઈ ઉપદેશ ન આપ્યો. બીજો આપ્યો પણ બધી શુદ્ધાત્માની પ્રાપ્તિને માટે વાત છે... આહા...હા ! સમજાણું કાઈ ? પ્રભુ !

અહીંયાં શિષ્યે એ પ્રશ્ન કર્યો (કે) આ આત્મા કોણ છે ? કોણ છે... આ આત્મા ?! તમે આત્મા, આત્મા (જેના) વખાણ કરો છો, પ્રસિદ્ધ કરો છો તે આત્મા કોણ છે ?! અને કેવો છે ? (એ) પ્રશ્નકર્તા એટલી યોગ્યતાવાળો લીધો છે કે જેને આત્મા કોણ છે ? અને કેવો છે ? એ જાણવાની ઇચ્છા છે. એવો શ્રોતા લીધો છે. અહીંયાં... અને બીજી વાત... કેવી રીતે પ્રાપ્ત કરાય છે ? પ્રભુ ! અમને આત્મા કેવો છે તે કહો... અને એ આત્મા કેવી રીતે પ્રાપ્ત થાય છે ? અમારા અનુભવમાં એ આત્મા કેવી રીતે આવે, એ બે વાત કહો... સમજાણું કાંઈ ? એવો પ્રશ્ન કરવામાં આવે તો, (એનો ઉત્તર દઈએ છીએ). આહા...હા ! શું કહે છે ? સંતો દિગંબર મુનિ 'અમૃતચંદ્રાચાર્ય', 'કુંદકુંદાચાર્યદેવ'ના કેડાયત, હજાર વર્ષ પછી થયા. એમના હૃદયની (હૃદયમાં સ્થિત ભાવોની) સ્પષ્ટ ટીકા કરીને શબ્દોનો અને ભાષાનો ખુલાસો કર્યો. એ ટીકાકાર કહે છે કે અમને કોઈ એવો પ્રશ્ન કરે... બીજો નહિ. અમને પુણ્ય કેમ થાય અને વ્યવહાર કેમ થાય ! અમે દયા–દાન કેમ પાળી શકીએ, એ પ્રશ્ન કર્યો જ નથી.

આહા...હા...પ્રભુ ! આ આત્મા કોણ છે અંદર ? કેવી ચીજ છે અંદર ? અને કઈ રીતે પ્રાપ્ત થાય ? અમને અમારા અનુભવમાં કઈ રીતે આવે ? એવો પ્રશ્નકારનો પ્રશ્ન છે, તો કહે છે કે એવો પ્રશ્ન કરવામાં આવે તો એનો ઉત્તર દઈએ છીએ... આહા...હા ! સમજાણું કાંઈ ? સાધારણ વેઠ તરીકે સાંભળવા આવ્યો હોય કે આપણે સાંભળવા જવું. હાલો સાંભળવા, એમ નહીં. અથવા સમાજ સાંભળવા જાય છે, તો આપણે પણ સાંભળો એમ નહીં.

ભગવાનઆત્મા સત્‌ચિદાનંદ પ્રભુ, પૂર્ણાનંદથી, જ્ઞાનાનંદની ભર્યો પડ્યો આત્મા એ છે કોણ ? એનું અસ્તિત્વ કેવું છે ? આહા...હા ! એની મોજૂદગી, ભગવાન આત્માની હયાતિ–મોજૂદગી કેવી છે ? અને કેવી રીતે પ્રાપ્ત થાય ? એવો પ્રશ્ન કરવામાં આવે તો, ...એમ આચાર્ય કહે છે. આહા...હા ! ગજબ વાત છે ને ! એવો પ્રશ્ન કરવામાં આવે તો... એને અમે ઉત્તર આપીએ છીએ. આહા...હા ! સમજાણું કાંઈ ? આ તો અધ્યાત્મ વાણી છે. આ કંઈ કથા નથી, વાર્તા નથી. આ તો ભગવત કથા (અન્ય) કહે છે તે નથી. આ તો સર્વજ્ઞ પરમેશ્વરે જે આત્મા ભગવત્ સ્વરૂપે જોયો, એની આ કથા છે. ફરીથી પણ વિશેષ સ્પષ્ટ કરીએ છીએ.

'પ્રવચનસાર'ની ૨૭૫ ગાથાઓ છે. તે પૂર્ણ થઈ ગઈ. પછી માથે કળશ ચઢાવ્યો... મંદિર

બનાવે છે ને ! પછી કળશ ચઢાવે છે. એમ કળશ ચઢાવ્યો... આહા...હા ! ભગવાન પ્રભુ ! આ આત્મા કોણ છે ? અને અંદર આ ચીજ છે તે અમને પ્રાપ્ત કેવી રીતે થાય ? આહા...હા ! જેને આત્માની પ્રાપ્તિની ધગશ છે, અંતરમાં પ્રાપ્ત કરવાની રુચિ છે. બીજી કાંઈ લપ નથી કે અમારે પુણ્ય બંધાઈ જાય ને પછી સ્વર્ગમાં દેવ થઈએ, કે પછી રાજા થઈએ. એ વાત નથી. પ્રભુ ! અમને આ આત્મા કોણ છે ? અને કેવી રીતે પ્રાપ્ત થાય ? (કે) જેથી અમને નિર્મળ આનંદની પ્રાપ્તિ થવાથી અમારો મોક્ષ થાય. એની કેવી રીતે પ્રાપ્તિ થાય ? એ પ્રશ્ન કર્યો હોય તેને ઉત્તર આપીએ છીએ. આહા...હા !

અરેરે ! મારો પ્રભુ અંદર આ કોણ છે ? મેં મને ઓળખ્યો નહિ. મેં મને પિછાન્યો નહિ... એ ચીજ છે કોણ ? અને કઈ રીતે ઓળખવામાં આવે, એવો પ્રશ્ન જેના હૃદયમાંથી ઊઠ્યો હોય, તેને આચાર્ય મહારાજ, દિગંબર સંત, 'અમૃતચંદ્ર આચાર્યદેવ', કેવળજ્ઞાનીના કેડાયત... આહા...હા ! કેવળ જ્ઞાનની કેડે ચાલનારા એ સંત કહે છે કે એને અમે ઉત્તર આપીએ છીએ.

પ્રથમ તો હવે ઉત્તર કહે છે. અમારે મુખ્ય વાતો એ કહેવી છે કે 'પહેલાં' શબ્દ લીધો ને... 'પહેલાં' ..પ્રથમ એ કહેવું છે કે... વાસ્તવમાં ખરેખર ભગવાનઆત્મા ચૈતન્ય સામાન્યથી વ્યાપ્ત. આહા...હા ! ચૈતન્ય સામાન્યથી એટલી વાત. ચૈતન્ય સ્વરૂપ જે છે એમાં હવે વ્યાપ્ત– ચૈતન્ય સામાન્યથી વ્યાપ્ત, અનંત નયોનો અધિષ્ઠાતા છે. એક દ્રવ્ય છે. આહા...હા ! શું કહે છે ?! કે ભગવાનઆત્મા સામાન્ય રૂપે જે ચીજ છે. એમાં અનંત નયો વ્યાપ્ત (છે). કેમકે એમાં અનંત ધર્મ છે. ધર્મ એટલે મોક્ષનો માર્ગ (એ) ધર્મ, એ વાત અહીં નહિ લેવી... ધર્મ શબ્દે આત્મામાં ધારી રાખેલા ગુણો અને ટકી રહેલી નિર્મળ પર્યાય, અને વિકાર એ બધાને ધર્મ કહે છે. ધર્મ એટલે મોક્ષનો માર્ગ એવો પ્રશ્ન નથી. મોક્ષના માર્ગની પર્યાય એ પણ ભગવાનઆત્માએ ધારી રાખી છે. અનંત ગુણ પણ ધાર્યા છે. અને અલ્પજ્ઞ છે. સાધક છે તો વિકારની પર્યાય પણ છે. એને પણ આત્માએ ધારી રાખી છે. આહા...હા !

આવી વાતો હવે. ઓલું તો સહેલું સટ હતું કે વ્રત પાળવા, ઉપવાસ કરવા, ભક્તિ કરવી, ને જાઓ થઈ ગયો ધર્મ. અરે પ્રભુ ! સાંભળ તો ખરો ભાઈ ! એ આત્મા કોણ છે ? એની પ્રાપ્તિ કર્યા વિના તારું બધું થોથાં છે. સમજાણું કાંઈ ? તો કહે છે કે '**ચૈતન્ય સામાન્યથી વ્યાપ્ત અનંત ધર્મોનો અધિષ્ઠાતા (સ્વામી) એક દ્રવ્ય છે.**' આહા...હા ! અનંત ધર્મ સમજ્યા ? આત્મામાં જ્ઞાન–દર્શન આનંદ આદિ અનંત ગુણ છે, એને પણ ધર્મ કહે છે. ધર્મનો અર્થ, ધર્મી (એવો) જે આત્મા એણે ધર્મ ધારી રાખ્યો છે. એનો અર્થ અહીં ધર્મ લેવો છે. અહીં મોક્ષનો માર્ગ જે સમ્યક્દર્શન–જ્ઞાન–ચારિત્ર એ જ ધર્મ એ વાત નથી લેવી. અહીંયાં તો આત્મા વસ્તુ છે એમાં અનંત... અનંત... આકાશના પ્રદેશોથી (પણ) અનંત સંખ્યા (ગુણની) છે. લોક અને અલોક આકાશનો અનંત–અનંત–અનંત–અનંત – એનો કાંઈ અંત નથી. એવા જે અનંત પ્રદેશ છે, એનાથી પણ અનંતગણા આત્મામાં ગુણ રૂપી ધર્મ છે. આહા...હા ! કઈ જાતની આ વાત ! એને પણ ધારી રાખ્યા છે અને પર્યાયમાં પણ અનંતી પર્યાય નિર્મળ છે અને કેટલીક પર્યાય વિકારી પણ છે, એને પણ આત્માએ ધારી રાખી છે, અને એ એમાં છે. એ કાંઈ પરમાં છે એમ નથી. છે ?

તે અનંત ધર્મોનો સ્વામી છે.

આહા...હા ! ત્યાં ('સમયસાર') ૭૩ ગાથામાં એમ કહ્યું કે, પુણ્ય અને પાપ જે વિકાર છે, એનો સ્વામી કર્મ છે, એમ કહ્યું હતું. કર્તા–કર્મ(અધિકાર)ની ૭૩ ગાથામાં કહે છે ને ? એ દૃષ્ટિપ્રધાનના કથનમાં દૃષ્ટિ નિર્વિકલ્પ સમ્યક્‌દર્શન છે. એનો વિષય પૂર્ણાનંદ અભેદ ચીજ છે. તો દૃષ્ટિપ્રધાન કથનમાં વિકૃત અવસ્થા નથી આવતી. વિકૃત અવસ્થા એમાંથી નીકળી જાય છે. એ કારણે તે કર્મનું કાર્ય છે. કર્મ એનો સ્વામી (છે). આત્મા એનો સ્વામી નહિ. એ દૃષ્ટિપ્રધાન અને દૃષ્ટિનો વિષય બતાવવા માટે વાત કરી. પણ અહીં જ્ઞાનની (પ્રધાનતાની વાત છે). (એમાં) પર્યાય જેટલી વિકૃત છે એ પણ એની છે અને એમાં છે. એ બતાવવા માટે વિકારની અવસ્થાને પણ અહીંયાં ધર્મ કહ્યો (છે). ધર્મ શબ્દે ટકી રહેલી પોતાની પર્યાય પોતામાં છે. એ અપેક્ષાએ એને ધર્મ કહેવામાં આવ્યો છે. આહા..હા ! સમજાણું કાંઈ ?

અનંત ધર્મોનો સ્વામી એક દ્રવ્ય છે. અનંત ધર્મ છે. પણ ધણી–સ્વામી એનો.. એક દ્રવ્ય આત્મા – એક વસ્તુ છે. સમજાણું કાંઈ ? આ વીતરાગ માર્ગ સૂક્ષ્મ છે. પ્રભુ ! અત્યારે તો બહુ ફેરફાર કરી નાખ્યો છે... આહા...હા ! ત્રણ લોકના નાથ વીતરાગ પરમેશ્વર પ્રભુના ભરતક્ષેત્રમાં વિરહ પડ્યા, અને કેવળજ્ઞાનની ઉત્પત્તિનો અભાવ થઈ ગયો. આહા...હા ! એમાં ધર્મની વાત બહુ દુર્લભ થઈ ગઈ.

અહીં પ્રભુ 'અમૃતચંદ્ર આચાર્ય' ઉત્તર આપે છે કે અનંત ગુણ ધર્મી એવો આત્મા એક દ્રવ્ય, એમાં અનંત ધર્મ એટલે અનંત ગુણ અને અનંત પર્યાય, એમાં કેટલીક નિર્મળ એનો સ્વામી એક દ્રવ્ય છે. સમજાણું કાંઈ ? એ ગુણ અને પર્યાય વિકૃત કે અવિકૃત (સાધક જીવની) એનો સ્વામી આત્મા એક દ્રવ્ય છે. આહા...હા ! આ... આવી વ્યાખ્યા હવે (સમજવાની) નવરાશ ન મળે કે આત્મા શું છે ? કેવી રીતે પ્રાપ્ત કરવો ? કાંઈ વખત (મળે) નહિ... ધૂળ–ધાણી જિંદગીની... બહારમાં... અને બહુ તો... આ વ્રત–તપ અને ભક્તિ–પૂજામાં જિંદગી (ખર્ચી) નાખી. એ તો વિકૃતભાવ છે. એકલી વિકૃત અવસ્થા આત્મ–દ્રવ્યે ધારી રાખી એમ તો નથી. અહીંયાં તો... આ..હા..હા !

નિર્મળ અવિકારી અવસ્થા પણ છે અને કેટલીક વિકૃત અવસ્થા પણ છે. અને અંદર ગુણ છે, એ તો પૂર્ણ નિર્મળાનંદ ગુણ છે. બધાને ધર્મ એટલે ધારી રાખવાની અપેક્ષાએ ધર્મ કહ્યો. અને એનો સ્વામી આત્મા કહ્યો છે. છે ? ઝીણી વાત છે પ્રભુ !

અનંત ધર્મોમાં વ્યાપ્ત... શું કહે છે ? (કે) અનંત–અનંત ગુણ પ્રભુમાં છે. આત્મામાં અનંતી પર્યાય છે. એમાં વિકૃત અને અવિકૃત અવસ્થાઓ છે. તે દરેક ગુણને એક એક નય જાણે છે. નય એટલે જ્ઞાનનો એક અંશ. શ્રુતપ્રમાણ જે ભાવશ્રુત છે. (તેનો અંશ) છે તો એક પર્યાય. પણ ભાવશ્રુત પ્રમાણ છે, એ અવયવી અખંડ ચીજ છે. એ ભાવશ્રુત પ્રમાણમાં ભેદ પડે છે – નયના; અનંત નયના ભેદ પડે છે. સમજાણું કાંઈ ? આ તો કાલે વાત થઈ ગઈ છે. આહા..હા !

શું કહ્યું આ...! અનંત ધર્મોમાં વ્યાપવાવાળા અનંત નય છે. આહા...હા ! એ જ્ઞાનના નયો અનંત છે કેમકે આત્મામાં અનંત ગુણ છે. અને અનંતી પર્યાય છે. તો એક ગુણની પર્યાયને જાણવાવાળાને નય કહે છે. તો એવા અનંત નય છે... આહા...હા ! છે કે નહિ ? આહા...હા !

'**(અનંત ધર્મોમાં) વ્યાપનારા જે અનંત નયો તેમાં વ્યાપનારુ એક શ્રુતજ્ઞાન સ્વરૂપ પ્રમાણ છે.**' આહા...હા ! ભાવશ્રુત હોં ! આ વાણી નહિ. દ્રવ્ય(શ્રુત) નહિ. ભાવશ્રુત જે છે એમાં અનંત નય વ્યાપ્ત છે. અનંત નયનો સમૂહ તે પ્રમાણ છે... ભાવશ્રુત (છે) શું કહ્યું ? સમજાણું કાંઈ ?

વસ્તુ તો ત્રિકાળી છે અને એના ગુણ જે ધર્મ–સ્વભાવ છે. તે પણ ત્રિકાળી છે. હવે એની પર્યાયમાં અનંત પર્યાયમાં, એક શ્રુતજ્ઞાનની પ્રમાણની પર્યાય છે. અહીં તો સાધકની વાત લેવી છે ને...? અનંતી પર્યાયમાં એક શ્રુતજ્ઞાન, ભાવશ્રુતજ્ઞાન હોં...! જે ભાવશ્રુતજ્ઞાન નિર્મળ નિર્વિકારી ભાવશ્રુતજ્ઞાન દશા... આહા...હા ! એ પર્યાય છે તો શ્રુતજ્ઞાન પ્રમાણ. એક પર્યાયમાં અનંત નયો વ્યાપે છે. ધીમે ધીમે સમજવું... આ તો અંતરનો મારગ છે. અને સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર સિવાય ક્યાંય આ વાત છે જ નહિ. અરે...! આવી વાત દિગંબર જૈનધર્મ સિવાય બીજે ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ ?

એ વસ્તુનું સ્વરૂપ બતાવે છે. ત્રણલોકના નાથે કહેલો ધર્મ એ આ છે. અંદર વસ્તુ જે ભગવાનઆત્મા (તેમાં) અનંત ગુણ છે અને અનંતી પર્યાય છે. વિકારી ને અવિકારી બેય. સાધક લેવા છે ને ?! તો એ અનંત ગુણને અનંતી પર્યાયને એક (એક) નય, એક એક ગુણને, એક એક પર્યાયને વિષય કરે છે. તો અનંત નયોનો સમૂહ એ શ્રુતજ્ઞાનપ્રમાણ છે. ભાવશ્રુતજ્ઞાન હોં...! વાણી નહિ (શાસ્ત્રના) પાનાં નહિ, અક્ષર નહિ. આવું સમજવા... ક્યાં નવરાશ મળે ? આહા...હા !

અહીં પ્રભુ એમ કહે છે... કે આત્મામાં જે અનંતગુણો છે તે ધર્મ કહેવાય. એને અને એની અનંતી પર્યાયને પણ ધર્મ કહેવાય. ધર્મ એટલે ધારી રાખેલી ચીજ. ટકતી ટકી રહેલી ચીજ એને ધર્મ કહેવાય. માટે ધારી રાખે કોણ ? કે આત્મા... એ અનંત ધર્મોને ધારી રાખેલ આત્મા તે એક દ્રવ્ય છે. હવે એમાં જે અનંત નયો છે, તે વ્યાપ્ત (અર્થાત્) શ્રુતપ્રમાણમાં એ વ્યાપ્ત છે. શ્રુતપ્રમાણ એ અવયવી છે. અને અનંતનયો તેના અવયવ છે. શ્રુતપ્રમાણ તે અંશી છે. અને અનંત નયો તેના અંશ છે. આહા..હા ! કોઈ દિ' બાપદાદાએ સાંભળ્યું ન હોય... એ... તો બહારની કડાકૂટમાં જિંદગી આખી કાઢી નાખી... ભાઈ ! વાતો બાપા ! બહુ ઝીણી છે બાપા...! પ્રભુ...! તારી વાતો બહુ ઝીણી છે....! અરે ! કોઈ...દિ' તેં તારી દરકાર કરી નથી.

હવે કહે છે – આહા...હા ! એ અનંત જ્ઞાનના અંશો જે નય કહેવાય. નિશ્ચય, વ્યવહાર, નૈગમનય, સંગ્રહનય આદિ નયો છે ને ! એ અનંત નયો છે. અને અનંત નયોનો સમુદાય શ્રુતપ્રમાણ છે. શ્રુતપ્રમાણ એ છે તો પર્યાય. પર્યાય એટલે અવસ્થા. અવસ્થા એટલે હાલત, હાલત એટલે દશા. આવા તો અર્થ થાય છે.

સોનું છે ને... સોનું–સુવર્ણ. એને દ્રવ્ય કહીએ. એમાં પીળાશ–ચીકાશ–વજન આદિ (છે). એને ગુણ કહીએ અને એમાં કુંડલ–કડાં–વીંટી આદિ દશા થાય એને અવસ્થા, પર્યાય કહીએ. આહા...હા ! સમજાણું કાંઈ...? એમ ભગવાનઆત્મા દ્રવ્ય–વસ્તુ ત્રિકાળ છે. (જેમ) સોનું છે. સોનામાં જેમ ચીકાશ–વજન (આદિ) ગુણ છે. તેમ આત્મામાં જ્ઞાન–દર્શન (આદિ) અનંત ગુણ છે અને એની બદલતી અવસ્થાઓ, પલટતી અવસ્થાઓ – પર્યાય અનંત છે અને ધ્રુવ તો ધ્રુવ છે. દ્રવ્ય અને ગુણ (ધ્રુવ છે). એ અનંત પર્યાયને અને અનંત ગુણને એક એક નય જાણે છે. એ અનંત

નય શ્રુતપ્રમાણમાં વ્યાપ્ત છે. આહા..હા ! છે ? અંદર જુઓને. એનો તો અર્થ થાય છે... બાપુ !

વીતરાગ ત્રિલોકનાથ પરમેશ્વરના મારગડા બહુ ઝીણા. ભાઈ ! એમણે માર્ગને ઘણો સૂક્ષ્મ કહ્યો છે. એ કહે છે કે અનંત નય વ્યાપ્ત એક શ્રુતજ્ઞાન સ્વરૂપ જોયું ? ઓલા... નય અનંત અને શ્રુતજ્ઞાન એક પ્રમાણજ્ઞાન. શ્રુતજ્ઞાન પ્રમાણ શબ્દ એ છે તો પર્યાય, પ્રમાણ દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણે માટે પ્રમાણ કહેવામાં આવે છે. આહા...હા ! આનો અભ્યાસ કરવો પડશે.

પ્રભુ ! અહીં તો આત્માને ભગવાન તરીકે બોલાવે છે. ભગવાનઆત્મા... એમ ('સમયસાર') ૭૨ ગાથામાં કહ્યું. ભગ...એટલે લક્ષ્મીવાન છે. ભગવાનઆત્મામાં જ્ઞાન–દર્શન-આનંદ આદિ લક્ષ્મી (છે). ભગ એટલે લક્ષ્મી... એ એનો વાન એ લક્ષ્મીવાન આત્મા છે. આહા...હા ! એને અહીં ભગવાન તરીકે બોલાવે છે.

કહે છે... એ આત્મા જે અનંત ગુણ અને અનંતી પર્યાયોનો સ્વામી–ધણી–અધિષ્ઠાતા એક દ્રવ્ય છે. એની પર્યાયમાં શ્રુતજ્ઞાન પ્રમાણ છે. પ્રમાણ જે અનંત નયોના સમુદાયરૂપ એક (પ્રમાણ) છે. નય અનંત છે. જેમ ધર્મો અનંત કહ્યા, પણ તેનો ધરનાર દ્રવ્ય એક છે, એમ નય અનંત છે. પણ એને ધરનાર ને એનો અવયવી ચીજ શ્રુતપ્રમાણ તે એક છે. આહા...હા ! આવો ઉપદેશ.

ભાઈ ! દયા પાળો – વ્રત કરો – અપવાસ કરો. એવું તો અનંતકાળથી કર્યું... હવે સાંભળ ને ! આત્મા શું છે ? એની દૃષ્ટિ થઈ નથી. સમ્યક્દર્શન વિના બધાં થોથાં છે. આહા...હા ! સમજાણું કાંઈ ? એકડા વિનાના મીંડાં... શું કહે છે ? એકડા વિનાના બધાં મીંડાં છે... આહા..હા !

એ... અહીંયાં સમ્યક્દર્શન – સમ્યક્જ્ઞાનનો વિષય શું છે ! તે બતાવે છે. સમ્યક્દર્શનનો વિષય તો અભેદ એક છે. પણ અહીંયાં સમ્યક્જ્ઞાનનો જ વિષય બતાવે છે. સમ્યક્જ્ઞાન શ્રુતપ્રમાણ જ્ઞાન, જે ભાવશ્રુત સાથે જરા આનંદ પણ આવે છે. ભાવશ્રુતજ્ઞાનમાં સાથે અતીન્દ્રિય આનંદ આવે છે. એનું નામ ભાવશ્રુતજ્ઞાન કહેવામાં આવે છે. આહા...હા ! એ ભાવશ્રુતજ્ઞાનમાં અનંત નય વ્યાપ્ત – રહેલા છે. અનંત નય છે એમાં વ્યાપ્ત થવાવાળું એક શ્રુતજ્ઞાન સ્વરૂપ પ્રમાણ છે. એ શ્રુતજ્ઞાન પ્રમાણ છે. આ વાણી નહિ. અંદર શ્રુતજ્ઞાન–ભાવશ્રુતજ્ઞાન એ પ્રમાણ છે. આહા...હા ! પ્રમાણ... પ્ર... એટલે વિશેષથી માપ. આખા દ્રવ્ય–ગુણ–પર્યાયનું માપ જેમાં આવી જાય. એને શ્રુતજ્ઞાન પ્રમાણ કહે છે. સમજાણું કાંઈ ? આવું છે સ્વરૂપ... સાંભળવું ને કરવું... કોને નવરાશ છે ? બહારમાં રોકાઈને... એમને એમ જિંદગી ચાલી જાય છે... પ્રભુ !

આત્મા... ભાવશ્રુતજ્ઞાન પ્રમાણથી પ્રમેય થઈ શકે છે. કેવો છે ? એમ કીધું પહેલું. હવે ભાવશ્રુતજ્ઞાન દ્વારા એ જાણી શકાય છે. કેમ પ્રાપ્ત થાય ? એ (ભાવશ્રુતજ્ઞાન) દ્વારા જાણી શકાય છે. આત્મા કોણ છે ? તો કહ્યું કે અનંત ધર્મોનો અધિષ્ઠાતા – સ્વામી છે. એક વાત. હવે કેમ પમાય ? (તો) કે અનંત નય(ના) સમૂહ રૂપ ભાવશ્રુત પ્રમાણ (તેના દ્વારા જાણી શકાય છે). નિર્વિકલ્પ સમ્યક્જ્ઞાન સાથે આનંદનો અંશ, એની સાથે પ્રતીતિ એવું શ્રુતજ્ઞાન જે છે. એ વડે આત્મા પ્રમેય એટલે જાણી શકાય છે. આહા...હા ! ભાષામાં આવી જાય જરી. એ દેવ–ગુરુથી જણાય નહિ એમ કહે છે. તેમ તે દયા–દાન–વ્રતના વિકલ્પથી જણાય નહિ એમ કહે છે. કેમકે વિકલ્પને જાણનારો નય, અને નયનો સમૂહ તે શ્રુતપ્રમાણ તે શ્રુતપ્રમાણથી જાણવામાં

આવે છે. આહા...હા ! સમજાણું કાંઈ ? આવું સ્વરૂપ છે.

અરે...! પ્રભુ...! આ તો ભગવાનનો મારગ છે... બાપા ! સોનગઢનો નથી. આહા...હા ! ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્માનું આ ફરમાન છે. એ સંતો આડતીયા થઈને જગતને જાહેર કરે છે. માલ તો સર્વજ્ઞ પરમાત્માનો છે. દિગંબર સંતો આડતીયા થઈને માલ વેચે છે. કે પ્રભુ તો આમ કહે છે કે તારો માલ આ છે... આહા...હા ! આત્મામાં તો અનંત ગુણ પડ્યા છે. તારા આત્મામાં... એ આત્મા... અને તેની અનંતી પર્યાયો છે. તે આત્મા... આહા...હા ! દૃષ્ટિના વિષયમાં તો એકલો અભેદ આવે. સમ્યક્‌દર્શનમાં તો ભૂતાર્થ આશ્રિત સમ્યક્‌દર્શન, 'સમયસાર' ૧૧મી ગાથામાં છે. '**भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठि हवदि जीवो**' ત્યાં તો ભૂતાર્થ ત્રિકાળી દ્રવ્ય, આનંદકંદ પ્રભુ ! સત્ય ધ્રુવ. સત્ય એને આશ્રયે સમ્યક્‌દર્શન થાય. એ સમ્યક્‌દર્શનનો વિષય બતાવે છે. અહીં તો જ્ઞાનનું બતાવવું છે. સમ્યક્‌દર્શન સાથે જે જ્ઞાન થાય, ભાવશ્રુત જ્ઞાન થાય, એ શું જાણે ? એ દ્રવ્યને જાણે – ગુણને જાણે – અને વિકૃત ને અવિકૃત પર્યાયને જાણે એ શ્રુતજ્ઞાન પ્રમાણ. આવા અનંતધર્મોનો ધારનારો સ્વામી – આત્મા તે શ્રુતજ્ઞાન પ્રમાણથી પ્રમેય થઈ શકે છે. એ પ્રમાણથી જ્ઞાનમાં જણાઈ જાય છે. આહા...હા ! આવું છે... આકરું પડે ભાઈ... શું થાય ?

આહા...હા ! પરમાત્મા ત્રિલોકનાથનો આ વારસો છે. એ વારસાને લેવાને અધિકારી થવું જોઈએ. આહા...હા ! એ ભાવશ્રુતજ્ઞાન છે તો પર્યાય પણ એ પ્રમાણ છે. પ્રમાણ એટલે પૂરણ દ્રવ્ય, પૂરણ ગુણ અને બધી પર્યાયો... તેને જાણનારુ (જ્ઞાન). એક એક નય, એક એક ધર્મને જાણે... અને અનંત નયોનો સમુદાય (તે) શ્રુતપ્રમાણ. દ્રવ્ય પોતે અનંત ગુણ (અને) એની અનંતી પર્યાય આવો જે આત્મા એને ભાવશ્રુત પ્રમાણ (જાણે). અનંત ધર્મનો અધિષ્ઠાતા તેન પ્રમેય તરીકે શ્રુતજ્ઞાન પ્રમાણ જાણી શકે છે. એક શબ્દ ફેર પડે તો આખું તત્ત્વ ફરી જાય તેવું છે. એવો મારગ પ્રભુનો છે. બાપા ! સમજાણું કાંઈ ? મોંઘો લાગે પ્રભુ ! પણ મારગ તો આ છે. કોઈ દિ'... કર્યો નથી. કોઈ દિ' યથાર્થપણે રુચિથી સાંભળ્યો'ય નથી. આહા...હા !

આવે છે ને...? 'પદ્મનંદિ પંચવિંશતી'માં કે... '**तत्प्रति प्रीतिचित्तेन येन वार्ताऽपि हि श्रुतः**' પ્રભુ ! તેં તારી વાર્તાને પ્રીતિથી રુચિથી સાંભળીય નથી. આહા...હા ! 'પદ્મનંદી આચાર્ય મહારાજ' દિગંબર સંત એમ કહે છે કે પ્રીતિ ચિત્તેને... પ્રેમથી વસ્તુનું સ્વરૂપ તેં રુચિ કરીને (વાત) સાંભળી નથી. પણ જો '**तत्प्रति प्रीतिचित्तेन येन वार्ताऽपि हि श्रुताः भावी निर्वाणभाजनम्**' અલ્પ કાળમાં તું મોક્ષનો અધિકારી છે. આહા...હા ! સમજાય છે કાંઈ ? 'પદ્મનંદિ પંચવિંશતિ'(માં) અધિકાર ૨૬ છે. પણ એનું નામ 'પંચવિંશતિ' બોલાય છે. અધિકાર ૨૬ છે. પદ્મનંદિ શ્રુત શાસ્ત્ર (છે).

અહીં કહે છે. એ પ્રમાણપૂર્વક (જણાય). એમાં એમ કહ્યું કે એ વ્યવહાર રત્નત્રયથી જણાય એવો એ આત્મા નથી. દેવ–ગુરુ–શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતનાં પરિણામ અને શાસ્ત્રનું વિકલ્પાત્મક જ્ઞાન – રાગવાળુ જ્ઞાન એનાથી આત્મા જણાય એવો નથી. આહા...હા ! વર વિનાની જાન... વર આવ્યો નહિ ને જાન જોડી દીધી... એ જાન જ ન કહેવાય... એમ આત્મા વસ્તુ શું છે ? એના જ્ઞાન વિના બધા વ્રત ને નિયમ જોડી દીધા... એ બધું વર વિનાની જાન (છે). જૂઠી છે.

(હવે) કહે છે. **'એ પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે (તે આત્મદ્રવ્ય) પ્રમેય થાય છે, (જણાય છે).'** ભાષા જુઓ ! સ્વઅનુભવથી સ્વ એટલે આત્મા જે અનંત ગુણનો અધિષ્ઠાતા – ધણી પ્રભુ એવો સ્વ પોતાનો અનુભવ.... આહા...હા ! 'અનુભવ રત્નચિંતામણિ, અનુભવ હે રસકૂપ, અનુભવ મારગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ' એ અંતરના અનુભવપૂર્વક શ્રુતજ્ઞાનના પ્રમાણથી અનુભવપૂર્વક જાણવામાં આવી શકે છે. આહા...હા ! આત્મા કેમ પમાય એની આ વાત કરી.

હવે એના નયોનો વિસ્તાર કરશે. ૪૭ નય, છે તો અનંત. પણ આચાર્ય મહારાજ ૪૭ નય કહીને... અનંત નય છે, એમ કહીને સંક્ષેપશે. 'સમયસાર'માં ૪૭ શક્તિનું વર્ણન કર્યું છે. અનંત શક્તિ આત્મામાં (છે). અનંત ગુણ... એક–બે–ત્રણ–ચાર એમ ગણવા જાય તો આત્મામાં અનંત–અનંત–અનંત ગુણ છે. પણ એટલા બધા વાણી દ્વારા કહી શકાય નહિ. આહા...હા ! એક એક ગુણને એક એક સમયથી કહેવા માંગે તોપણ ત્રણ કાળના સમયથી અનંતગુણા ગુણ છે. એક આત્મામાં હોં ! એક જ્ઞાનને, દર્શનને, ચારિત્રને, એમ એક સમયમાં એક એક ગુણને કહેવા માગે તો ત્રણકાળના સમય છે. તેનાથી અનંતાગુણા ગુણ છે. તે ત્રણકાળના સમયમાં કહી શકાય નહિ. આહા...હા ! એટલી તો એનામાં ગુણની સંખ્યા છે. એવા અનંત ગુણના ધરનારા આત્માને અને તેની અનંત પર્યાયને શ્રુતજ્ઞાન પ્રમાણ દ્વારા અંતર્મુખ થઈને, ભાવશ્રુત દ્વારા અંતર્મુખ થઈને, દ્રવ્યને અનુભવે તેને તે દ્રવ્ય જાણવામાં આવે છે. આહા...હા ! હવે આવી વાતું.

(હવે) વ્યવહાર તો વ્યવહારથી થાય તે વાત તો આમાં આવતીયે નથી. વ્યવહાર હોય ખરો. પ્રમાણના વિષયમાં વ્યવહાર જાણે – નિશ્ચય જાણે – પર્યાય નિર્મળ થઈ એને જાણે – હોં પણ એનાથી (વ્યવહારથી) પ્રાપ્ત થાય તેમ નથી. એને જાણનારું જ્ઞાન છે. તે જ્ઞાનથી આત્મા પ્રાપ્ત થાય તેવો છે. આહા...હા ! સમજાણું કાંઈ ? કહો... આવી વાતો છે. લાગે આકરી પણ શું થાય ?

ઓલામાં... નથી આવતું... સમ્મેદશિખર 'એક બાર બંદે જો કોઈ તાહી નરક પશુગતિ નહિ હોય' શું કીધું ? નરક પશુ ન હોય એમાં શું દાળીયા વળ્યા ! એક ગતિમાં શુભભાવ એવો હોય તો નરકગતિ ન થાય પણ મિથ્યાત્વ ટળ્યા વિના અનંત સંસાર માથે ઊભો છે... આહા...હા ! સમજાણું કાંઈ ? કહે છે ને કે સમ્મેદશિખરની જાત્રા કરે તેને અલ્પ ભવમાં મોક્ષ થાય. શ્વેતાંબરમાં એમ કહે છે કે શેત્રુંજયની જાત્રા કરે તેને અલ્પ ભવમાં મોક્ષ થાય. ભગવાન એમ કહે છે કે આત્માની જાત્રા કરે તેને મોક્ષ થાય. અનંત ગુણનો નાથ પ્રભુ એમાં આરૂઢ થાય. શ્રુતજ્ઞાન પ્રમાણ વડે અનંતગુણનો નાથ એમાં આરૂઢ થાય તો તેને મોક્ષ થાય. આહા...હા !

આવું શું હશે ? આ બધું... બાપુ ! મારગડા પ્રભુના ! તારા પંથના નાથ ! નિરાળા રસ્તા છે ! તું ભગવાન સ્વરૂપ છો... ભાઈ ! તને એની મહિમા આવતી નથી... ને... આ દયા–દાન–વ્રતના શુભભાવની મહિમા ! એનાથી આત્મા જણાય એની મહિમા ! પ્રભુ ! પોતાના સ્વભાવથી જણાય એની મહિમા એને આવતી નથી. આહા...હા ! સમજાણું કાંઈ ?

અલિંગગ્રહણમાં ૨૦ બોલમાં આવી ગયું કે ઇન્દ્રિયથી જણાય એવો આત્મા નથી. ઇન્દ્રિય પ્રત્યક્ષનો વિષય આત્મા નથી. આ ૨૦ બોલ છે. બીજાઓ દ્વારા અનુમાનથી જણાય એવો આત્મા

નથી. (અલિંગગ્રહણ) ચાર બોલ થયા. વીસ બોલ છે. અલિંગગ્રહણના છ અક્ષર છે. હમણાં ચૌદ વ્યાખ્યાન થયા. પોતે એકલો અનુમાન કરે એવો આત્મા નથી. હવે આવ્યો છઠ્ઠો બોલ... પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. આ વીસ બોલ 'પ્રવચનસાર'ની ૧૭૨ ગાથા(માં છે). આપણે આ દસમે પૂરું થયું... એ કહ્યું કે આત્મા વસ્તુ છે. એ પોતાના સ્વભાવથી જણાય એવો છે. સ્વભાવ કોણ ? નિર્મળગુણ – નિર્મળ શ્રદ્ધા – નિર્મળજ્ઞાન એ નિર્મળજ્ઞાન દ્વારા એ જણાય એવો છે. અહીં એ કીધું કે શ્રુતજ્ઞાન પ્રમાણથી પ્રમેય થઈ શકે છે. આ તો ત્રણલોકના નાથ વીતરાગ માર્ગની આ વાત છે.

અહીંયાં પ્રમાણપૂર્વક પ્રમેય થઈ શકે છે. એટલું ન લેતાં 'પ્રમાણપૂર્વક સ્વાનુભવથી પ્રમેય થાય છે' આહા...હા ! આ કંઈ વાર્તા નથી કે પૂરી થઈ જાય. આ તો અધ્યાત્મ શૈલી (છે). ત્રણ લીટીમાં કેટલું ભર્યું છે ! દિગંબર સંતોની વાણી તો દેખો... આહા...હા ! સંતો... (કોને કહીએ ?) શાંતિ પમાડે તેને સંત કહીએ. આ શાંતિ પમાડવાનો પંથ છે. પ્રભુ ! એમ કહ્યું કે અનંત ધર્મનો અધિષ્ઠાતા એનો સ્વામી તે એક દ્રવ્ય છે. એક વ્યાખ્યા કરી... હવે કેમ પમાય ? કે અનંતનયોથી વ્યાપ્ત જે અનંત ગુણો અને પર્યાય, અનંત નયોથી વ્યાપ્ત એક શ્રુતપ્રમાણ એ શ્રુતપ્રમાણથી (પમાય છે). ભાવશ્રુત (લેવું) હોં. આ દ્રવ્યશ્રુત શાસ્ત્ર ભણે ને ભણાવે એનાથી પ્રાપ્ત થાય એવો નથી. અગિયાર અંગ અનંતવાર ભણી ગયો... નવ પૂર્વની લબ્ધિ પણ અનંતવાર થઈ ગઈ પણ એણે આત્માને જાણ્યો નહિ.

એક એક આચારાંગના ૧૮ હજાર પદ... એક એક પદમાં ૫૧ કરોડ ઝાઝેરા શ્લોક. આહા...હા ! એવા એવા સ્થાનાંગ બમણા. આચારાંગના ૧૮ હજાર પદ. સૂયગડાંગમાં ૩૬ હજાર, સ્થાનાંગમાં ૭૨ હજાર સમવાયાંગમાં... ૧ લાખ ૪૪ હજાર એમ ડબલ લેવું. એવું અગિયાર અંગનું જ્ઞાન પણ અનંતવાર કર્યું. પણ એ તો પરલક્ષી. જે જ્ઞાનથી આત્મા જણાય તે જ્ઞાન કોઈ દિ' એણે કર્યું નહિ. આહા...હા ! એ અહીં કહ્યું. પ્રમાણપૂર્વક – શ્રુતજ્ઞાનના પ્રમાણ – પૂર્વક, ભાવશ્રુતજ્ઞાન જે આનંદની દશા સાથે (છે). આહા...હા ! એવું જે ભાવશ્રુતજ્ઞાન એનાથી સ્વાનુભવ (છે). સ્વાનુભવથી એ આત્માનો આનંદ છે. તેનો અનુભવ થઈને શ્રુતજ્ઞાનમાં (જણાય). આહા...હા !

'શુદ્ધતા વિચારે, ધ્યાવે, શુદ્ધતામાં કેલી કરે...' આહા...હા ! આવે છે ને ! 'શુદ્ધતા મેં સ્થિર રહે' આહા...હા ! શ્રુતજ્ઞાન.. ભાવશ્રુતજ્ઞાન દ્વારા, હજી તો ભાવશ્રુત (છે). આહા...હા ! શું કહે છે ? એ દ્વારા અનુભવપૂર્વક, અનુભવથી પ્રમેય થાય છે. પ્રમેય એટલે શ્રુતજ્ઞાનમાં તેનું જ્ઞાન, જ્ઞેયનું જ્ઞાન થાય છે. એ વસ્તુ શુદ્ધ જ્ઞાનમાં આવતી નથી. ભાવશ્રુતજ્ઞાનમાં વસ્તુ આવતી નથી. પણ વસ્તુનું જ્ઞાન એમાં આવે છે. આહા...હા ! એક ક્ષણમાં (શું) કહે છે ? (કે) શ્રુતજ્ઞાનની એક ક્ષણ આખા આત્માને અનુભવે છે. એમ કહે છે. આહા...હા ! આવું છે.

આહા...હા ! દ્રવ્ય શ્રુતના પલાખા ! લાખ કરોડ. (પણ તેથી શું ?) આહા...હા ! શિવભૂતિ અણગાર. શિવભૂતિ મુનિ જેને મારુષ ને માતુષ ગુરુએ કહ્યું. એટલે કે કોઈ પ્રત્યે દ્વેષ કરીશ નહિ ને કોઈ પ્રત્યે રાગ કરીશ નહિ. જ્ઞાતા–દૃષ્ટા રહેજે એમ કહ્યું. પણ માતુષ ને મારુષ એ શબ્દો યાદ ન રહ્યા ! પણ ભાવ અંદર યાદ રહ્યો... આહા...હા ! કે આ જે દયા–દાન વિકલ્પ

આદિ ઊઠે છે, તે ફોતરાં... ફોતરાં શું કહેવાય એ ! ફોતરાં અને માલ અંદર પડ્યો છે, એ અંદર કસ છે. આહા...હા ! છોતરાં અને અડદ બન્નેને જૂદું પાડીએ છીએ. એક જ શબ્દ જ્યાં સાંભળ્યો... શિવભૂતિને ભાન તો હતું. ફડાક લઈને ઊતરી ગયા અંદર. છોતરાથી (વિકલ્પથી) ભિન્ન પ્રભુ અંદર બિરાજે છે. આહા...હા ! અંદર ઊતર્યા ને કેવળજ્ઞાન થયું !!!

આહા...હા ! દ્રવ્યશ્રુતમાં તો માતુષ ને મારુષ એ શબ્દો યાદ ન રહ્યા. પણ ભાવશ્રુતજ્ઞાન અંદર રહ્યું (હતું). આહા...હા ! હેં ! અંતરમાં ભાવશ્રુતજ્ઞાન (કે) જેનાથી આત્મા પકડાય એવું જે ભાવશ્રુતપૂર્વક સ્વાનુભવથી (જણાય છે). આહા...હા ! અંતરના આનંદના અનુભવથી તે પ્રમેય એટલે જાણવામાં આવી શકે છે. આહા...હા ! બેયનો ઉત્તર થઈ ગયો.

હવે જે નય છે, એનો વિસ્તાર કરે છે. અનંત નય છે ને ! એ શું છે ? કઈ રીતે એને નય કહીએ ? કોને કહીએ ? આહા...હા ! (આત્મા) પ્રમેય થાય છે. જ્ઞાત થાય છે. હવે આ શરૂ કરીએ... નય. એ અનંત નયનો સમૂહ તે શ્રુતપ્રમાણ અને શ્રુતપ્રમાણથી તે આત્મા અધિષ્ઠાતા જાણવામાં આવે. હવે નય કોને કહીએ ? અને નય કઈ અપેક્ષાએ છે ? એ વાત કરીએ છીએ.. આ આત્મદ્રવ્ય... ત્યાં તો કીધું હતું અધિષ્ઠાતા.. અનંત ધર્મનો અધિષ્ઠાતા તે આત્મદ્રવ્ય. સમજાણું કાંઈ ? આ આત્મદ્રવ્ય. '**આ (ભગવાન) આત્મદ્રવ્ય દ્રવ્યનયે, પટમાત્રની માફક, ચિન્માત્ર છે (અર્થાત્ આત્મા દ્રવ્યનયે ચૈતન્યમાત્ર છે, જેમ વસ્ત્ર વસ્ત્રમાત્ર છે તેમ.)**' વસ્તુ, દ્રવ્ય–નયથી (ચિન્માત્ર છે). દ્રવ્યનય એટલે ત્રિકાળી જે દ્રવ્ય છે, તેને જાણનારું જ્ઞાન તેને દ્રવ્યનય કહીએ. એની મેળે વાંચે તો આ કાંઈ સમજાય–પકડાય એવું નથી. આહા...હા ! વસ્તુ ઝીણી (છે).

પ્રભુ, શું થાય ? લોકો ગમે તે માને – ગમે તે કહે... વસ્તુની આ સ્થિતિ છે. આહા...હા ! માથે કહ્યું હતું ને કે આ આત્મા દ્રવ્ય છે. એમ કહ્યું હતું ને ? અનંત ધર્મોનો અધિષ્ઠાતા એક દ્રવ્ય (છે). દ્રવ્ય એટલે પૈસો નહિ. આતમ દ્રવ્ય વસ્તુ જે છે તે. ત્રિકાળી પદાર્થ પ્રભુ ! આત્મદ્રવ્ય. દ્રવ્યનયથી (અર્થાત્) એ દ્રવ્યને જોનારા જ્ઞાનના અંશથી – એક અંશ છે, એ દ્રવ્યનયથી દ્રવ્ય ચિન્માત્ર છે. એ જ્ઞાનમાત્ર પ્રભુ છે ! આહા...હા !

દ્રવ્યનયથી જોઈએ તો પ્રભુ આત્મા જ્ઞાનમાત્ર છે. છતાં તે એક નય છે. આવા અનંત નયોનો સમૂહ શ્રુતપ્રમાણ ! એ શ્રુતપ્રમાણ દ્વારા અનુભવ થઈ શકે (છે). સમજાણું કાંઈ ? આ એક નય દ્વારા આત્મ અનુભવ ન થઈ શકે એમ કહે છે... આ આવી વ્યાખ્યા... શું થાય પ્રભુ ! જૈનધર્મ અલૌકિક ચીજ છે. બીજે ક્યાંય એ છે નહિ.

ઘણા એવું કહે છે, કે વેદાંતમાંય છે ને વૈશેષિકમાં છે, ફલાણામાં છે. ધૂળમાં ય નથી ક્યાંય. વીતરાગમાર્ગ સિવાય ત્રણકાળમાં ક્યાંય ધર્મ નથી. સમજાણું કાંઈ ? આહા...હા ! શું કહીએ ? આવી વાત શ્વેતાંબરમાં પણ નથી. બાપુ આ તો જૈન ધર્મ અલૌકિક ચીજ છે. શ્વેતાંબર પણ ભગવાન (મહાવીર) પછી (અને) અત્યારે તો બે હજાર વર્ષ પહેલાં નીકળ્યા છે... એ સનાતન ધર્મ તો આ છે. શ્વેતાંબરમાંથી સ્થાનકવાસી ૫૦૦ વર્ષ પહેલાં નાકળ્યા... એમાંથી ૨૦૦ વર્ષ પહેલાં તેરાપંથી નીકળ્યા. આહા...હા ! તેરાપંથી સ્થાનકવાસી તુલસી હોં ! દિગંબર તેરાપંથી નહિ. સનાતન મારગ તો આ છે.

આતમ દ્રવ્ય, દ્રવ્યનયથી એટલે વસ્તુ જે છે એને જોનારા જ્ઞાનના અંશથી જોઈએ તો તે પટ માત્રની માફક (ચિન્માત્ર છે) જેમ આખું વસ્ત્ર છે. એના તાણાવાણાને લક્ષમાં ન લે ત્યાં આખું પટ–વસ્ત્ર એમ, આખી ચીજ છે. જે નયનો અંશ આખી ચીજને લક્ષમાં લે, એ આત્મા ચિન્માત્ર છે. અર્થાત આત્મા દ્રવ્યનયથી ચૈતન્યમાત્ર છે. આહા...હા ! આ એક નય... હોં ! હજી એક નયથી જણાય તેમ નથી. અત્યારે, જેમ ત્યાં નિશ્ચયનયથી આત્મા જણાય, દૃષ્ટિના વિષયમાં એમ અહીં નથી. આ એક નયથી ચિન્માત્ર છે. એથી એક નયથી આખો આત્મા જણાઈ જાય એમ નથી. છતાં વાત તો એ કીધી કે ચિન્માત્ર છે.

સમ્યક્દર્શનનો વિષય પણ ભૂતાર્થ, ત્રિકાળ, જ્ઞાયક, પ્રભુ, જ્ઞાયકભાવ, ભગવાન, એ સમ્યક્દર્શનનો વિષય, પણ એમાં તો અનંત અનંત ગુણો ને બધું આવી ગયું. અહીંયાં જે દ્રવ્ય કહ્યું... એ તો એક નય.. એક અંશ લીધો... એ નયે આત્મા આખો જણાઈ જાય તેમ નથી.... આહા...હા ! હેં !

**'જેમ વસ્ત્ર... વસ્ત્રમાત્ર છે.'** વસ્ત્ર તો વસ્ત્રમાત્ર છે... એમ ભગવાન ચિન્માત્ર – જ્ઞાનમાત્ર (છે). એક દ્રવ્યનયની અપેક્ષાએ જ્ઞાનમાત્ર છે. એવા અનંત નયોથી, અનંત ગુણોને જાણીને, પછી અનંત શ્રુતજ્ઞાન, પ્રમાણ દ્વારા એ આખો આત્મા અનુભવમાં આવી શકે છે. એક નય દ્વારા અનુભવમાં આવી શકે નહિ....

વિશેષ કહેશે......

❋ ❋ ❋

આ વાત સમજવામાં અનંતો પુરુષાર્થ જોઈએ, ઘણી અંદરમાં પાત્રતા જોઈએ, બધેથી સુખબુદ્ધિ ઊડી જવી જોઈએ, એની ઘણી પાત્રતા જોઈએ. એની પર્યાયમાં ઘણી યોગ્યતા જોઈએ છે. શ્રીમદ્ કહે છે કે તું તારા દોષથી દુઃખી થઈ રહ્યો છે, તારો દોષ એટલો કે પરને પોતાનું માનવું ને પોતાને ભૂલી જવું.

❋

વીતરાગતા વધે અને કષાય ઘટે એવું પ્રયોજન જેમાં હોય તે જૈન શાસ્ત્ર છે. આ વાતની જેને પરીક્ષા કરતાં આવડતી નથી તેને ધર્મ થઈ જાય એમ બને નહિ.

જાણનાર...જાણનાર...જાણનાર તે માત્ર વર્તમાન પૂરતું સત્ નથી. જાણનાર તત્ત્વ તે પોતાનું ત્રિકાળી સત્પણું બતાવી રહ્યું છે. જાણનારની પ્રસિદ્ધિ તે વર્તમાન પૂરતી નથી પણ વર્તમાન છે તે ત્રિકાળીને પ્રસિદ્ધ કરી રહ્યું છે. વર્તમાન જાણનાર અસ્તિ તે ત્રિકાળી અસ્તિ–સત્ને બતાવે છે.

**'આ આત્મા કોણ છે (– કેવો છે) અને કઈ રીતે પ્રાપ્ત કરાય છે' એવો પ્રશ્ન કરવામાં આવે તો તેનો ઉત્તર (પૂર્વે) કહેવાઈ ગયો છે અને (અહીં) ફરીને પણ કહેવામાં આવે છે :–**

**પ્રથમ તો, આત્મા ખરેખર ચૈતન્યસામાન્ય વડે વ્યાપ્ત અનંત ધર્મોનું અધિષ્ઠાતા (સ્વામી) એક દ્રવ્ય છે, કારણ કે અનંતધર્મોમાં વ્યાપનારા જે અનંત નયો તેમાં વ્યાપનારું જે એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ તે પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે (તે આત્મદ્રવ્ય) પ્રમેય થાય છે (– જણાય છે).**

**પ્રવચન : ૨૪-૧૨-૧૯૭૭**

'પ્રવચનસાર'. નયનો અધિકાર ચાલે છે. પહેલાં તો એમાં શિષ્યનો એ પ્રશ્ન હતો કે આ આત્મા કેવો છે ? બીજો પ્રશ્ન ન કરતાં આ પ્રશ્ન કર્યો. (જે) શિષ્યને આત્મા સમજવાની જિજ્ઞાસા છે, તે આવો પ્રશ્ન કરે છે.

'સમાધિશતક'માં – આત્મા પૂછવો, આત્મા જાણવો, બહુ બોલ આપ્યા છે. સવારમાં 'પદ્મનંદિ પંચવિંશતિ'માં પણ એ આવે છે. આત્મા જાણવો – આત્મા સાંભળવો – વિચારવો આદિ પૂછવું. આહા...હા ! કે આ આત્મા છે કોણ ? અને છે તો કેવી રીતે પ્રાપ્ત થાય ? આ બે પ્રશ્ન છે – જેને આત્મા જાણવો છે અને કલ્યાણ કરવું છે, એવા શિષ્યની જિજ્ઞાસા એવી છે કે આ આત્મા કોણ છે ? કે જેની મારે પ્રાપ્તિ કરવી જોઈએ. આહા...હા ! તો ભગવાન 'અમૃતચંદ્ર આચાર્ય' ઉત્તર આપે છે કે આવો પ્રશ્ન હોવાથી – તેની આવી જિજ્ઞાસા છે, એને અમે ઉત્તર આપીએ છીએ. એની પણ એ જવાબદારી છે. જેને અંતરથી આત્મા કોણ છે ? અને કેમ પ્રાપ્ત થાય ? એવી અંતરની જિજ્ઞાસા હોય, બીજી કોઈ વાત નહિ. સમજાણું કાંઈ ?

'કુંદકુંદાચાર્યે' કહ્યું ('સમયસાર' – ૫મી ગાથામાં) અમારા ગુરુ પર્યંત, અરિહંતથી (લઈને)... ગુરુ પર્યંત (બધા) સંતો વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતા. આહા...હા ! એ મુનિઓએ – અમારા ગુરુઓએ અમારા ઉપર મહેરબાની કરી, કૃપા કરીને અમને શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો. કારણ કે બધું જાણવામાં – જાણવા પહેલાં આત્મા કેવો છે ? એને જાણ્યા વિના, એમાં એ ચારિત્રમાં સ્થિર થઈ શકે નહિ. પણ હજી આત્મા કોણ છે ? એને જાણ્યા વિના એની ખબર ન હોય ને ચારિત્ર ક્યાંથી આવ્યું ? તો કહે છે કે જેને આવો જિજ્ઞાસાનો પ્રશ્ન છે, તેને અમે ઉત્તર આપીએ છીએ. તો તે ઉત્તર પોતાને યથાર્થ સમજવા માટે કામમાં લેશે.

આહા...હા ! છ દ્રવ્ય કેવા છે, એમ ન પૂછ્યું. છ દ્રવ્યનું જ્ઞાન પણ આત્માની પર્યાયમાં આવી જાય છે. પર્યાયનો સ્વભાવ એ છ દ્રવ્યને જાણે એટલો તો છે. અહીંયાં તો પ્રશ્ન એવો છે કે – 'આત્મા કોણ છે ? અને કેવી રીતે પ્રાપ્ત થાય ?' – તો કહે છે કે 'અનંત ધર્મોનો અધિષ્ઠાતા સ્વામી આત્મા છે.' આહા...હા ! આ શબ્દો... અનંત ધર્મ એટલે અનંત ગુણ છે, અને અનંતી પર્યાય છે. એ બધી પોતે પોતાના આત્મામાં ધારી રાખી છે. તો એ બધા ગુણો–પર્યાયોનો

સ્વામી એક આત્મા છે. સમજાણું કાંઈ ? આહા...હા ! પર દ્રવ્યનો સ્વામી નહિ. શરીર–વાણી–દેશ–પત્ની–પુત્ર–લક્ષ્મી એનો એ સ્વામી નથી. આહા...હા ! એ તો પોતાનામાં જે અનંત ગુણો છે અને અનંતી પર્યાયો છે એનો એ સ્વામી છે.

અહીં તો કહે છે ને કે લક્ષ્મીપતિ, નરપતિ ને પત્નીનો પતિ – એ બધા ભ્રમ છે. અજ્ઞાન છે. સમજાણું કાંઈ ?

ભગવાનઆત્મા, અનંત ધર્મોનો અધિષ્ઠાતા–સ્વામી છે. અહીં તો નયમાં વિકારી પર્યાયોનો પણ સ્વામી કહ્યો છે. જ્યાં દૃષ્ટિનો વિષય ચાલતો હોય, ત્યાં તો દૃષ્ટિ નિર્મળ નિર્વિકલ્પ છે. અને તેનો વિષય અભેદ નિર્વિકલ્પ છે. એમાં વિકાર આવતો નથી. એ અભેદથી દૃષ્ટિનો વિષય જે ધ્રુવ નિત્ય સામાન્ય પ્રભુ એની દૃષ્ટિ કરવાથી નિર્મળ પર્યાય ઉત્પન્ન થાય છે. પણ એ નિર્મળ પર્યાયનો વિષય દ્રવ્ય છે. સમજાણું કાંઈ ?

એ દૃષ્ટિ અને દૃષ્ટિનો વિષય જ્યારે ચાલતો હોય ત્યારે વિકારને ગૌણ કરીને (વિકાર એમાં નથી એમ કહે) શક્તિનું વર્ણન લીધું છે... 'સમયસાર'માં તો 'અમૃતચંદ્રાચાર્યે' લીધું કે આત્મા વસ્તુ છે અને એમાં અનંત ગુણ–શક્તિ છે. અને ક્રમે પ્રવર્તતી નિર્મળ પરિણતિ અને અક્રમે રહેવાવાળા ગુણ એ આત્મા (છે). સમજાણું કાંઈ ? ત્યાં એમ કહ્યું. અને અહીંયાં જ્ઞાનપ્રધાન કથન છે. કેમકે શ્રુતજ્ઞાનમાં અનંત નયોનો સમૂહ તે શ્રુતજ્ઞાન છે. બહુ ઝીણી વાત... પરિચય નહિ ને ! અભ્યાસ ન મળે ને ! આહા...હા ! જે નય છે. તે શ્રુતજ્ઞાનનો ભેદ છે. મતિજ્ઞાન ને અવધિજ્ઞાન ને મનઃપર્યય જ્ઞાનનો ભેદ એ નહિ. આહા...હા ! સમજાણું કાંઈ !

એક એક ધર્મના ગુણને અને પર્યાયને જાણવાવાળા નય–જ્ઞાનનો અંશ એ શ્રુતજ્ઞાનનો ભેદ છે. મતિનો ભેદ નહિ.. અવધિનો ભેદ નહિ, મનઃપર્યયનો ભેદ નહિ, કેવળ(જ્ઞાન)નો તો છે જ નહિ. આહા...હા ! અહીંયાં તો એ પ્રશ્નનો જવાબ આપે છે. શ્રુતજ્ઞાનનો ભેદ જે નય છે. એ નય જ્ઞાનનો એક અંશ છે. અને એક અંશ એક એક ધર્મને જાણે છે, એટલી વાત.. .પણ એમાં આખો આત્મા જોવામાં એમ ન આવ્યો. અનંત ધર્મને ધારવાવાળો (છે). ધર્મ એટલે ગુણ–પર્યાય, ધર્મ એટલે આ મોક્ષનો માર્ગ ને, એવું કાંઈ નહિ. આહા...હા !

ધર્મ કરીએ છીએ તો આ ધર્મ એ પ્રશ્ન અહીંયાં નથી. અહીંયાં ધર્મ એટલે આત્મામાં જેટલા ગુણ છે, એને ધારી રાખ્યા છે તો એને ધર્મ કહ્યો અને નિર્મળ પર્યાય અને વિકારી પર્યાય પણ એમાં રહે છે. એને પણ ધર્મ કહ્યો. તો ધર્મનો અધિષ્ઠાતા – ધરવાવાળો આત્મા... આહા...હા ! એને એક એક નયથી જાણવો એ શ્રુતજ્ઞાનનો ભેદ છે. પણ જેમ ધર્મ અને અનંતી પર્યાયનું એકરૂપ દ્રવ્ય છે, એમ અનંત નયનું એકરૂપ ભાવશ્રુતજ્ઞાન છે. એ ભાવશ્રુતજ્ઞાન દ્વારા – ભાવશ્રુતજ્ઞાનપૂર્વક સ્વાનુભવથી આત્મા પ્રમેય થાય. આહા...હા !

અરેરે... માણસ બહારમાં ક્યાં અટકીને પડ્યો છે. વ્રત કરવા ને તપસ્યા કરવી ને પોસા કરવા ને, અરે પ્રભુ ! સાંભળ તો ખરો... આહા...હા ! અહીંયાં તો ધર્મીને પણ એ વિકલ્પ આવે છે. પણ એ વિકલ્પને જાણવાવાળો છે. વિકલ્પ કરવાવાળો એટલે કર્તૃત્વબુદ્ધિથી વિકલ્પ (આવે એમ) નહિ. પણ પોતાની અસ્થિરતાના કારણે પરિણમન છે. એવો પોતાનો ધર્મ છે. આહા...હા !

પર્યાયમાં પોતાની એ સ્થિતિ ધારી રાખી છે. એ અપેક્ષાએ એને ધર્મ (કહેલ છે). ધર્મ શબ્દ મોક્ષનો માર્ગ એમ અહીંયાં છે જ નહિ. આહા...હા ! યોગ્યતા કહો, પર્યાય કહો, સ્વભાવથી તો યોગ્યતા એ તો વસ્તુસ્થિતિ છે. અને નિર્મળ પર્યાય પણ વસ્તુની સ્થિતિ છે. વિકાર પણ પરિણમન કરે છે ને તે અપેક્ષાએ કર્તા કહેવામાં આવે છે. આવું ઝીણું છે ! આહા...હા !

'સમાધિશતક'માં એક વાત આવી હતી કે અનાદિથી આ ઇન્દ્રિય દ્વારા જ બધું એણે જોયું છે. ઇન્દ્રિય દ્વારા જ આ...આ...આ...આ...આ...આ... એ જોઈને જ ત્યાં અટકી ગયો છે. આ તો ઇન્દ્રિયો તો દ્વાર છે; જાણવાવાળી તો જ્ઞાનની પર્યાય અંદર છે. પણ એ જ્ઞાનની પર્યાય – અવસ્થા ઇન્દ્રિય દ્વારા આ દેખે આ...આ..આ...આ...આ પણ જે જ્ઞાનની પર્યાય છે, એને એ દેખતો નથી. આહા...હા ! ઝીણી વાતો છે ભાઈ ! સવારમાં આવ્યું હતું. 'ઇન્દ્રિય દ્વારા', આ ગજબની વાતું છે. 'સમાધિશતક' અને 'ઇષ્ટોપદેશ' ઘણો ઊંચો સ્વાધ્યાય. આહા...હા ! ભગવાનઆત્મા તો અંદર જ્ઞાનસ્વરૂપી પ્રભુ, અનંત શક્તિ અને અનંત પર્યાય સંપન્ન છે. જે ઇન્દ્રિય દ્વારા કામ લે, એ અનાદિકાળથી જોયું–જાણ્યું–વાંચ્યું–સાંભળ્યું એ બધું વાસ્તવિક તત્ત્વ નહિ. આહા...હા ! સમજાણું કાંઈ ?

ઇન્દ્રિય દ્વારા શ્રવણ કરવામાં આવે ને ભગવાન પણ ઇન્દ્રિય દ્વારા જોવામાં આવે એ વસ્તુ નહિ. અતીન્દ્રિય દ્વારા – શ્રુતજ્ઞાનરૂપી અતીન્દ્રિયજ્ઞાન એ દ્વારા આત્મા દેખવામાં આવે છે, ને અનુભવમાં આવે છે. આહા...હા ! આ વાણિયાને જૈનધર્મ મળ્યો પણ જૈનધર્મની દરકાર (પણ) કરી નહિ. તીર્થંકરો તો બધાય ક્ષત્રિય હતા, વાણિયા તીર્થંકર ન હોય. અંદર જે ક્ષત્રિય હોય એને જ્ઞાન ને વીર્ય ઘણું ઘણું ઊંચું હોય... અને અહીંયાં તીર્થંકર ક્ષત્રિયને કહે છે... પણ અત્યારે તો (જૈનધર્મ) વાણિયાને હાથા આવ્યો.

ભગવાને સંભળાવ્યું છે – વાણિયા આદિ બધાને ધર્મ થઈ શકે છે. હરિજન હોય તોપણ ધર્મ થઈ શકે. ભલે તીર્થંકર એ ન થઈ શકે, હરિજનને મુનિપણું ને કેવળજ્ઞાન ન થઈ શકે અને વાણિયા–વૈશ્ય–બ્રાહ્મણ કેવળી થઈ શકે – મુનિ થઈ શકે... આહા...હા ! સમજાય છે કાંઈ ? શુદ્ર જાતિ છે એ ધર્મ પામી શકે. પણ (એને) મુનિપણું અને કેવળજ્ઞાન ન હોઈ શકે.

અહીં કહે છે કે આ આત્મા, જેમાં અનંતા–અનંતા–અનંતા અનંતગુણા ગુણો તો ગુણાકારનો પાર ન આવે. અનંતા ધર્મ એટલે ગુણ એનામાં ભર્યા છે. અને એટલી જ અનંત–અનંત–અનંત–અનંતનો પાર નહિ એટલી એની એક સમયની પર્યાય છે. આ બધી પર્યાયનો અને ગુણોનો અધિષ્ઠાતા–સ્વામી આત્મા એક દ્રવ્ય છે. હવે જેમ ધર્મ અનંત છે પણ દ્રવ્ય એક. એમ નય અનંત છે પણ શ્રુતજ્ઞાન એક (છે), ઝીણી વાત છે ભાઈ ! આહા...હા ! એ અનંત નયો છે, છતાં એનું એકરૂપ શ્રુત(જ્ઞાન) છે તે એક છે. ઓલામાં આવ્યું હતું ને, એક શ્રુતજ્ઞાન સ્વરૂપ પ્રમાણ છે. આહા...હા ! અને એ શ્રુતજ્ઞાન એટલે આ પાના નહિ; એમ ઇન્દ્રિય દ્વારા સાંભળ્યું તે જ્ઞાન પણ શ્રુતજ્ઞાન નહિ. આહા...હા ! અંદરમાં ભાવશ્રુતજ્ઞાન જે અતીન્દ્રિયજ્ઞાન, જેના ભેદો નય–શ્રુતજ્ઞાનના ભેદો નય હોય છે ને... '**श्रुत विकल्पा नयाः।**' એ શ્રુતજ્ઞાનનો ભાવ જે શુદ્ધ ચૈતન્ય એનું જ્ઞાન જે અનંત નયના સમૂહરૂપ જે શ્રુતપ્રમાણ એ શ્રુતજ્ઞાન પ્રમાણપૂર્વક સ્વાનુભવ

વડે અનંત ગુણનો અધિષ્ઠાતા જે આત્મા એક દ્રવ્ય તેને પ્રમેય કરી શકે છે. પ્રમેય એટલે તેનું જ્ઞાન કરી શકે છે. આહા...હા ! આવી વાતો (છે) બધી. સમજાય છે કાંઈ ?

આ તો ઉપર ટપકે થોડું સાંભળ્યું ને થઈ ગયું અમને જ્ઞાન અને બધું આવડી ગયું. અરે ભાઈ ! સાંભળ બાપા... આહા...હા ! શ્રુતજ્ઞાનમાં તો આત્માને સમાધિ ને શાંતિ આવે. એ જ્ઞાન દ્વારા આત્મા પ્રમેય થઈ શકે છે. આહા...હા ! દ્રવ્યશ્રુત છે એ તો બધો. વિકલ્પાત્મક ભાવ છે. એટલે શું કહ્યું ? કે ઇન્દ્રિય દ્વારા જે સાંભળેલું જ્ઞાન છે, એ તો વિકલ્પાત્મક દુઃખદશા છે. આહા...હા ! પણ જે શ્રુતજ્ઞાન–ભાવશ્રુતજ્ઞાન છે; એમાં સાથે અતીન્દ્રિય આનંદ છે. એવા ભાવશ્રુતજ્ઞાન દ્વારા અનંત ધર્મોનો ધરનાર અધિષ્ઠાતા સ્વામી આત્મા તે શ્રુતજ્ઞાનપૂર્વક અનુભવથી જાણી શકાય છે. આ તો છેલ્લે સાર કહ્યો ને...! (માણસને) નવરાશ ન મળે. પાપને આડે આખો દિ'.

આત્મા અનંત ધર્મ અને પર્યાયનું એકરૂપ દ્રવ્ય છે. એકરૂપ જે શ્રુતજ્ઞાન –અનંત નયનો સમૂહ એવું જે શ્રુતજ્ઞાન, જેમાં અતીન્દ્રિય આનંદનો (સ્વાદ હોય છે). ભાવશ્રુતજ્ઞાનમાં તો આનંદ હોય છે. દ્રવ્યશ્રુત જ્ઞાનમાં – પરલક્ષમાં તો વિકલ્પ હોય છે. આહા...હા ! વિકલ્પ એટલે દુઃખ. આનંદ એટલે આત્માની સુખદશા. જેવા ભગવાન અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છે. એને જાણનારું જ્ઞાન પણ અંદરમાં અતીન્દ્રિય આનંદ સહિત હોય છે. આહા...હા ! આ તો વીતરાગનો માર્ગ છે. બાપા ! ઝીણો છે ભાઈ ! ઝીણો કહેવામાં એની સૂક્ષ્મ બુદ્ધિ થવી જોઈએ. એમ સ્થૂળબુદ્ધિએ પકડાય એવું નથી. એ આહા...હા ! અંદરમાં જે જ્ઞાન સ્થૂળ છે – રાગના લક્ષવાળું, એની જ્ઞાનની પર્યાયને, ઉપયોગને ઘણો સૂક્ષ્મ કરે ત્યારે તેના દ્રવ્યમાં ધ્રુવને અડે... ઇ...

અહીં કહે છે. સાંભળ તો ખરો... પ્રભુ ! એક વાર... અરેરે... ! અનંત ગુણો અને અનંતી પર્યાયોનો સ્વામી દ્રવ્ય એક. તેને જાણવા માટે અનંત નયોનો સમૂહ એવું શ્રુતજ્ઞાન એક. એ શ્રુતજ્ઞાનપૂર્વક, સ્વાનુભવ વડે (જણાય). આ તો એકલું જ્ઞાન આવ્યું પણ એની હારે અનુભવ (છે). અનંત ગુણોનો પિંડ એનો અનુભવ (છે). શ્રુતજ્ઞાન તો એક જ્ઞાનની પર્યાય આવી. સમજાણું કાંઈ ? સમજાય એટલું સમજવું બાપુ ! આ તો અગાધ વિષય છે. આહા...હા ! એને અનંતકાળમાં એ ધ્રુવ ભગવાન અને એની પર્યાયો, એનું એણે પ્રમાણજ્ઞાન કદી કર્યું નથી. આહા...હા ! અને પ્રમાણજ્ઞાન કરે તો એમાં પ્રમેય – જણાઈ જાય. પ્રમેય જણાય એને સમ્યક્‌જ્ઞાન–સમ્યક્‌દર્શન થાય. સમજાણું કાંઈ ? અહીં જ્ઞાનપ્રધાન કથન છે. આપણે અહીં સુધી તો આવી ગયા છીએ અને એક બોલ કાલે ચાલ્યો હતો. હવે નયની વ્યાખ્યા કરે છે.

આત્મામાં જે અનંત ગુણો ને પર્યાયો છે; એના એક એક ગુણને અને એક એક પર્યાયને જાણનારો જ્ઞાનનો એક અંશ તેની વાત કરે છે. જોકે એક અંશથી આખો આત્મા ન જણાય. પણ એ નયોનું વર્ણન કરીને અનંત નયોનો એકરૂપ શ્રુતજ્ઞાન તે પૂર્વક અનુભવ થાય એ પહેલાં બતાવવા નયનો વિષય બતાવે છે. આહા...હા ! સમજાણું કાંઈ ? આવી વાતું ઝીણી બહુ બાપુ...! શું થાય ! આહા...હા ! અરે... કોઈ દિ' (જ્ઞાન) કર્યું નહિ. જે જ્ઞાનસ્વરૂપ પ્રભુ...! એ ઇન્દ્રિયો દ્વારા કામ લે, તો એ બાહ્ય પદાર્થ એમાં જણાય. સ્વ જાણ્યા વિનાનું બાહ્ય પદાર્થનું પણ યથાર્થ

જ્ઞાન તેને ન હોય.

આહા...હા ! સ્વ ચૈતન્યને... આવ્યું હતું ને, કળશટીકામાં નહિ ? સ્વરૂપગ્રાહીજ્ઞાન. શું કીધું એ ? કે આ પાણી ઠંડું છે. અને અગ્નિના નિમિત્તથી પોતાની ઉષ્ણતા પર્યાયમાં આવી છે એ ઉષ્ણતા અને ઠંડીનું જ્ઞાન પણ કોને યથાર્થ થાય ? કે જેને સ્વરૂપનું જ્ઞાન થયું છે, તેને તેનું યથાર્થ જ્ઞાન થાય. સમજાણું કાંઈ ? આહા...હા ! એટલે એનો અર્થ એ કે કરણાનુયોગમાં, ચરણાનુયોગમાં, કથાનુયોગમાં જે બધાં કથનો છે (તે નિમિત્ત પ્રધાન કથનો છે). આહા...હા !

જુઓ... ફરી લઈએ. આ આત્મા કોણ છે ? શિષ્યનો પ્રશ્ન છે. છે ? એવો શિષ્ય લીધો છે કે જેણે આત્માનો પ્રશ્ન કર્યો છે. એ શિષ્ય યથાર્થ શ્રોતા છે, એમ કહે છે – આહા...હા ! જે શિષ્યે છ દ્રવ્ય કેવા છે, એવો પ્રશ્ન નહિ (કરતાં) પણ છ દ્રવ્યોને જાણવાવાળો આત્મા, એ આત્મા કેવો છે ? આહા...હા ! જોયો પ્રશ્ન ? આત્મા કેવો છે ? કોણ છે અંદર આત્મા ? આહા...હા ! એક પ્રશ્ન થયો. અને કેવી રીતે પ્રાપ્ત થાય છે ? આ બીજો પ્રશ્ન તો એનો અનુભવ કેમ થાય ? આત્મા કોણ છે ? અને એની પ્રાપ્તિ કઈ વિધિથી થાય છે ? આહા...હા ! આવો તો શિષ્યના મુખમાંથી પ્રશ્ન લીધો. એમ કહીને. આચાર્યદેવ એમ કહે છે... જે કોઈ શિષ્યને અંતરમાંથી આવો પ્રશ્ન ઊઠે છે. (તેને અમે ઉત્તર આપીએ છીએ). જુઓ ! '**એવો પ્રશ્ન કરવામાં આવે તો...**' એમ શબ્દ છે... જુઓ !

આહા...હા ! 'અમૃતચંદ્રઆચાર્ય મહારાજ'... આનંદનું પ્રચુર સ્વસંવેદન જેમનું લિંગ છે. વસ્ત્રરહિતપણું ને નગ્નપણું એ તો બહારની વાત છે. જેનું ભાવલિંગપણું... આહા...હા ! પ્રચુર સ્વસંવેદન જેનું ભાવલિંગ છે. પ્રચુર કેમ કહ્યું ? સમકિત દૃષ્ટિને પણ વેદન તો આનંદનું હોય છે. પણ થોડું (હોય). મુનિને તો પ્રચુર હોય છે. ઘણું (હોય છે). આહા...હા ! જેમ સમુદ્રમાં ભરતી–બાઢ આવે છે. આહા...હા ! એમ ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદ ને જ્ઞાનનો સમુદ્ર–સાગર છે. એ તરફથી ઝૂકેલી દશા કે પર્યાયમાં પ્રચુર અતીન્દ્રિય આનંદ હોય છે. આહા..હા ! એ સંતને ભાવલિંગી મુનિ કહેવામાં આવે છે. એક વાત (થઈ) એ ભાવલિંગી મુનિ પોતાની વાત કહેવા ઇચ્છે છે. પણ શિષ્ય કેવો હોય છે ? એ પણ સાથે લીધો. સમજાણું કાંઈ ? આહા...હા !

તો એવો પ્રશ્ન નથી કર્યો કે અમને પૈસા કેવી રીતે મળે અને અમને પુણ્ય કેવી રીતે થાય, અમારે વ્યવહાર કેવી રીતે હોવો જોઈએ, એ પ્રશ્ન નથી કર્યો. આ બધી ખબર છે એને એવો શિષ્ય અહીંયાં લીધો છે.

'પદ્મનંદિ'માં આવ્યું છે ને ભાઈ ! બાર–તેર બોલ આવ્યા છે, પદ્મનંદિમાં તેર બોલ (છે). આત્માને પૂછવો–સાંભળવો–વિચારવો–ચિંતવવો – પરિચર્યન કરવું વગેરે તેર બોલ છે. અને 'સમાધિશતક'માં આ જ આવ્યું હતું. બોલવો... એને પૂછવું – આત્મા કોણ ? એ પૂછવું – એનો વિચાર કરવો – એનું પરિચર્યન કરવું – એની ભાવના કરવી. આહા...હા ! અહીંયાં શિષ્યનો પ્રશ્ન છે. એવો પ્રશ્ન કરવામાં આવે તો, એવો પ્રશ્ન છે ને એવો શબ્દ છે. '**એવો પ્રશ્ન કરવામાં આવે તો તેનો ઉત્તર (પૂર્વે) કહેવાઈ ગયો છે...**' ૨૭૫ ગાથામાં, એનો ઉત્તર ટીકા દ્વારા ખૂબ આવ્યો છે... '**...અને (અહીં) ફરીને પણ કહેવામાં આવે છે.**' આહા...હા !

પરિશિષ્ટ છે ને ! આહા...હા ! દરિયો છે પ્રભુ ! એમ કહે છે. અનંત–અનંત–અનંત–અનંત ને અનંતગુણા ગુણીને અનંત આવે તોપણ પાર ન આવે એટલા એમાં ધર્મ છે. ધર્મ એટલે ગુણ... આકાશના પ્રદેશનો જ્યાં અંત નથી, તો જુઓ ત્યાં શું છે ભાઈ...! આકાશ(ના પ્રદેશોને) અનંત–અનંત–અનંત–અનંત–અનંત–અનંત–અનંત ને અનંત વર્ગે ગુણો તોપણ એનો અંત આવે નહિ. એના (પુદ્‌ગલના) એક રજકણને મૂકો તે તેનો પ્રદેશ કહેવાય. તેના અનંતા પ્રદેશો જેનો અંત નથી. આહા...હા ! શું કહે છે... આ ?! ક્ષેત્રની ચમત્કારી દશા, અને કાળની ચમત્કારી દશા. આદિ નહિ–આદિ નહિ–આદિ નહિ–આદિ નહિ.... આહા...હા !

એના (આત્માના) ગુણની અનંત, ભાવની અનંત, ચમત્કૃતિ (છે). ક્ષેત્ર આટલું પણ અનંત–અનંત–અનંત–અનંત–અનંતનો વર્ગ કરતાં એક અનંતને એક વાર ગુણો પછી જે આવે એને બીજીવાર ગુણો. પછી અનંતવાર ગુણો એને વર્ગ કહેવાય છે. તોપણ એની શક્તિના સમૂહમાં ગુણની સંખ્યાનો અંત ન આવે. એના ભાવનો પણ ચમત્કાર, ક્ષેત્રનો ચમત્કાર, કાળની આદિ નહિ–આદિ નહિ... પણ પહેલું–પહેલું શું પણ પહેલું...! પર્યાય પહેલી કઈ ? પહેલી પર્યાય કઈ ? કહો તો... પહેલી પર્યાય કોઈ દિ'... ન હતી. છે તો પર્યાય એક સમયની અવસ્થા. દ્રવ્ય તો પહેલું નહિ ભલે, પણ પર્યાય પહેલી કઈ ? એ ચમત્કારી વસ્તુ છે. પહેલું છે જ નહિ. અનાદિથી વસ્તુ છે. આહા...હા !

એવી જે દ્રવ્યની–ક્ષેત્રની–ભાવની ચમત્કૃતિ – ચમત્કાર એનો જાણનારો ભગવાનઆત્મા એ ક્ષેત્રજ્ઞ, કાળજ્ઞ અને ભાવજ્ઞ. આહા...હા ! એવો આત્મા કોણ હતો ? એવો શિષ્યનો પ્રશ્ન હતો. અને એ કેમ પમાય ? પ્રભુ તે કેમ મળે અમને ? આહા...હા ! આવો પ્રશ્ન કરવામાં આવે તો... ગજબ કામ છે ને ? એનો ઉત્તર કહ્યો છે. ફરીથી કહીએ છીએ.

પહેલાં તો મૂળમાં વાત એ છે કે, પેહલામાં '**तावत्**' શબ્દ છે. સંસ્કૃતમાં '**तावत्**' છે. સમજાણું કાંઈ ? આહા...હા ! છે ને ! શબ્દ '**आत्मा हि तावत्**' બીજી લીટી છે. સંસ્કૃત(માં) શું કહે છે ? અહીં પ્રભુ કહે છે કે – મુદ્દાની રકમની અમે વાત કરીએ છીએ. '**પ્રથમ તો, આત્મા ખરેખર ચૈતન્યસામાન્ય વડે વ્યાપ્ત.**' એ ચૈતન્યસામાન્ય છે. એમાં વ્યાપ્ત છે અનંત ધર્મો... આહા..હા ! ગજબ વાત છે. અહીં ધર્મ શબ્દે દર્શન–જ્ઞાન–ચારિત્ર એમ નહિ. અહીં ધર્મ શબ્દે ધારી રાખેલો, આત્માએ ધારી રાખ્યો એવા ભાવને અહીં ધર્મ કહીએ છીએ. સમજાણું કાંઈ...? આ તો, અધ્યાત્મની વાતું, બાપા ! આ તો ભાઈ ! બહુ ઝીણી (વાત) ભગવાન તારી વાતો ઝીણી છે... આહા...હા !

કહે છે કે – ચૈતન્યસામાન્યથી વ્યાપ્ત શું ? અનંત ધર્મોનો અધિષ્ઠાતા... આહા...હા ! ભગવાનઆત્મા તો અનંત ગુણ એ પણ ધર્મ, એને ધારી રાખ્યો છે. અનંતી નિર્મળ પર્યાય એ પણ એણે ધારી રાખી છે એ પણ ધર્મ અને વિકારી પર્યાય એને ધારી રાખી છે. માટે ધર્મ. એ ધર્મ મોક્ષનો માર્ગ નહિ (પરંતુ) ધારી રાખેલ તે ધર્મ. આત્મા કહેવો છે ને ! આહા...હા ! અનંત ધર્મોનો સ્વામી... આહા...હા ! ('સમયસાર') ૭૩ ગાથામાં એમ કહ્યું. વિકારનો સ્વામી કર્મ છે. એવો કર્તા–કર્મ અધિકારમાં પાઠ છે.

કર્તા–કર્મની ૭૩ ગાથામાં તો દૃષ્ટિ અને દૃષ્ટિના વિષયને સિદ્ધ કરવા માટે, એમાં રહેવાવાળી

ચીજ નથી. એને ત્યાં વિકાર કહીને તે વિકારનો સ્વામી કર્મ છે, (એમ કહ્યું છે). કારણ કે છૂટી જાય છે. એ અપેક્ષા અહીંયાં નથી. અહીંયાં તો પોતાનામાં છે. એ અપેક્ષાથી વિકારનો સ્વામી પણ આત્મા છે. આહા...હા ! ભગવાનઆત્મા... અનંત ધર્મ એટલે ગુણ, અનંતી પર્યાય એટલે ધર્મ, ધર્મ એટલે ધારી રાખેલ. અને કેટલાક વિકારી ગુણની પર્યાય વિકૃત છે. અહીં તો સમકિતીની વાત છે હોં ! એની વિકૃત પર્યાય જે છે એને પણ અહીંયાં ધર્મ કહેવામાં આવ્યો. ધર્મ એટલે ધારી રાકેલું તત્ત્વ. ભગવાનાઆત્માએ ધારી રાખેલ, ટકાવી રાકેલ તત્ત્વ, એને અહીંયાં ધર્મ કહે છે.

અહીંયાં ધર્મ (એટલે) મોક્ષનો માર્ગ – ઉત્તમ ક્ષમા આદિ ધર્મ. એમ અત્યારે એ વાત નથી. આહા...હા ! સમજાણું કાંઈ ? આવી આકરી વાતો... બાપા ! ગુજરાતીમાં ચાલ્યું હતું. હિન્દીમાં ચાલ્યું હતું. અને આ ત્રીજી વાર હાલ્યું. ચોખ્ખું... ચોખ્ખું છે. બાપા (અનંત) ધર્મોનો અધિષ્ઠાતા (છે). જુઓ...! જેમ કોઈ જગતનો અધિષ્ઠાતા ઈશ્વર છે એમ કોઈ કહેતા હોય તો એ વાત ખોટી છે. પોતે પોતાના ગુણ અને પર્યાયનો અધિષ્ઠાતા સ્વામી (છે). પોતે અધિષ્ઠાતા છે. સમજાણું કાંઈ...? આહા...હા !

સર્વજ્ઞ વીતરાગ અને સંતો, દિગંબર મુનિઓ એ સિવાય આવી વાત ક્યાંય છે નહિ. આહા...હા ! પરમ સત્ય – અંદર પરમ સત્યના ભણકારા ભર્યાં છે. આહા...હા ! પ્રભુ તું સત્ સ્વરૂપ છે. એ તો જાણવાની અપેક્ષાએ (કહ્યું) છે તો નાથ પોતાનો જાણે છે ને એ અપેક્ષાએ કીધું અને 'સર્વગત' પણ કહ્યો છે. સર્વને જાણે – જાણે છે ને, એ અપેક્ષાએ 'સર્વગત' કહ્યો. 'પ્રવચનસાર'માં આવી ગયું છે. અને જ્યાં 'પંચાધ્યાયી'એ અધિકાર લીધો ત્યાં 'સર્વગત' માને તો મિથ્યાનય છે. એમ કહ્યું છે. ભાઈ ! કઈ અપેક્ષાએ (છે તે) સમજવું જોઈએ ભાઈ ! ત્યાં 'પંચાધ્યાયી'માં 'સર્વગત' નયાભાસમાં લીધો છે. અને અહીંયાં 'પ્રવચનસાર'માં સર્વગત, (એટલા માટે કહ્યું છે કે) આત્માને કેવળજ્ઞાન થયું છે. એ 'સર્વગત' છે. એમાં લીધું છે. કઈ અપેક્ષાએ ? (કે) બધું જાણે છે એ અપેક્ષાએ. અને એ સર્વગત સર્વમાં વ્યાપક છે, એમ નથી. આહા...હા ! સમજાણું કાંઈ ?

અરે પ્રભુ ! તારા ઘરની વાતું શું છે ? કહે છે કે અનંત ધર્મો એટલે ગુણ અને પર્યાય વિકારી કે અવિકારી એને અહીંયાં ધર્મ કહે છે. એનો અધિષ્ઠાતા–સ્વામી એક દ્રવ્ય છે. જોયું ? છે ? અનંત ગુણો (અને) અનંતી પર્યાયો અને અનંત ધર્મ, પણ વસ્તુ–દ્રવ્ય છે એક છે. આહા...હા ! સમજાણું કાંઈ ? એક વાત, હવે બીજી વાત, કેમ કે અનંત ધર્મોમાં વ્યાપ્ત થવાવાળા અનંત નય છે. આહા...હા ! એક દ્રવ્ય છે એ કેમ ? એક દ્રવ્યમાં જાણવામાં કેવી રીતે આવે છે ? અનંત ધર્મોમાં વ્યાપ્ત થવાવાળા અનંત નય છે. આટલા પ્રશ્નમાં તો (આત્મા) કેવો છે તે કહ્યું.

હવે કેવી રીતે પ્રાપ્ત થાય એ અહીંયાં બીજા પ્રશ્નનો ઉત્તર છે સમજાણું કાંઈ ? અનંત ધર્મોનો અધિષ્ઠાતા છે. એ એક દ્રવ્ય છે. એવો કોણ છે આત્મા ? એનો ઉત્તર છે. હવે કેવી રીતે પ્રાપ્ત થાય ? એ બીજો પ્રશ્ન છે. એની વ્યાખ્યા કરે છે. આહા...હા ! અનંત ધર્મોમાં વ્યાપ્ત, અનંત ધર્મોમાં હોવાવાળા જે અનંત નય, એક એક ધર્મને એક એક નય જાણે છે. (આત્મા)

રાગનો કર્તા છે એ પણ એક નય છે. આત્મા રાગનો કર્તા છે. કઈ અપેક્ષાએ ? કે પરિણમન અપેક્ષાએ. આગળ આવશે. (આત્મા) રાગનો ભોક્તા પણ છે. (એ) એક નય છે, જ્ઞાન છે ને, એ જે રાગ હોય છે, દયા–દાનનો. એ એની પર્યાય પરિણમે છે ને ! તો પરિણમે તે કર્તા. એ અપેક્ષાએ કર્તાનય લીધો છે. ૪૭ નયમાં કર્તાનય લીધો છે. અને એક બાજુ એમ કહે છે કે, રાગ કરવા લાયક છે, એવી કર્તૃત્વબુદ્ધિ જ્ઞાનીને હોતી નથી. કરવા લાયક વ્યવહાર છે પણ વ્યવહારનું (સહજ) પરિણમન છે. આહા...હા ! સમજાણું કાંઈ ? આહા...હા !

અનંત ધર્મોનો (અધિષ્ઠાતા છે). એ લીધું, અને હવે કેમ જણાય ? અનંત ધર્મોમાં વ્યાપ્ત હોવાવાળા અનંત નય છે. અનંત નય કહેશે. ૪૭. એ તો શક્તિ પણ અનંત છે. પણ ૪૭ (કહેલ છે). ઉપાદાન–નિમિત્તના દોહરા, ૪૭ (છે). આઠ કર્મની ચાર ઘાતિ કર્મની પ્રકૃતિ ૪૭ (છે). ત્યાં બધું સાત ને ચાર અગિયાર બધું પૂરું કર્યું. ઉપાદાન–નિમિત્તના દોહરા છે ને ! એ ૪૭ છે. આ નય પણ ૪૭, શક્તિ ૪૭, ચાર ઘાતિ કર્મની પ્રકૃતિ, જ્ઞાનાવરણીયઆદિની ૪૭ પ્રકૃતિ છે. આહા...હા ! અનંત કહી દેશે પછી. આમ તો એક એક આત્મામાં સામાન્ય ગુણ અનંત છે. અને વિશેષ (ગુણ) અનંત છે. સાધારણમાં – સામાન્યમાં છ (ગુણ) કહ્યા. અસ્તિત્વ–વસ્તુત્વ–પ્રમેયત્વ પણ છે સામાન્ય ગુણ અનંત. અને વિશેષમાં જ્ઞાન–દર્શન–આનંદ આદિ આત્મામાં (છે). અને ઓલામાં (પુદ્ગલમાં) વર્ણ–રસ–ગંધ આદિ વિશેષ (ગુણ) કહ્યા છે. પણ વિશેષ (ગુણ) અનંત છે. આહા...હા !

એક પરમાણુ હોં ! એક ક્ષેત્રનો એક પરમાણુ. આકાશના જેટલા ધર્મ–ગુણ છે, એટલા ગુણ એક પરમાણુમાં છે. આહા...હા ! ક્ષેત્ર નાનું મોટું જોવાનું નથી. એનો સ્વભાવ – શક્તિનું સામર્થ્ય – (જોવાનું છે). એ (પણ) એક વસ્તુ છે. એના સ્વભાવવાળી વસ્તુ છે. બસ એટલું (લેવાનું છે). આમ જોવા જશો તો પરમાણુ આટલો નાનો... ને.. આટલો...! 'તત્ત્વાર્થસાર'માં કહ્યું છે. તમે પરમાણુને આમ વસ્તુના સ્વભાવવાળી સ્વભાવવાન ચીજ છે, એમ લેવું. આહા...હા !

અહીંયાં કહે છે કે, '**અનંત નયો તેમાં વ્યાપનારું જે એક શ્રુતજ્ઞાન સ્વરૂપ...**' જોયું...! ઓલામાં અનંત ધર્મનો અધિષ્ઠાતા કહીને એક દ્રવ્ય કીધું હતું અને અહીંયાં અનંતનયોમાં વ્યાપ્ત થવા વાળું એક શ્રુતજ્ઞાન (કહ્યું). આ શ્રુતજ્ઞાન દ્રવ્યશ્રુત નહિ. આ ઇન્દ્રિયો છે. એ ઇન્દ્રિયો દ્વારા જેટલું સાંભળવામાં ને જોવામાં આવે છે. એ બધું પર છે. ભગવાન પણ ઇન્દ્રિયો દ્વારા જોવામાં આવે છે. એ પર છે. અને ઇન્દ્રિયો દ્વારા જે જોયું એટલું જ છે, એમ માનનારા મિથ્યાદૃષ્ટિ છે. કેમકે અતીન્દ્રિય જાણનારો, અતીન્દ્રિયથી જણાય એવું કોઈ દિ' જોયું નહિ એણે. આહા...હા ! સમજાણું કાંઈ ?

દ્રવ્યલિંગી જૈન સાધુ, નવમી ગ્રૈવેયકે ગયો. એને અગિયાર અંગનું બધું જ્ઞાન, પણ ઇન્દ્રિય દ્વારા – મન દ્વારા એમાં પર જાણવામાં આવ્યું, સ્વ (જાણવામાં) ન આવ્યું. સમજાણું કંઈ ? આહા...હા ! એ અહીંયાં કહે છે. અનંત નય છે. એમાં વ્યાપ્ત થવાવાળા – સમૂહરૂપ એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ છે. પર્યાય ભાવશ્રુતજ્ઞાન(ની) છે. પર્યાય ગુણ નથી, પણ એ પર્યાય પ્રમાણ છે. અંશી છે. નય તેનો અંશ છે. નય તેનો અવયવ છે. અને પર્યાય–શ્રુતપ્રમાણની પર્યાય છે તે અંશી –

અવયવી છે. આહા...હા ! તો કહે છે કે શ્રુતજ્ઞાન – એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ – તો આ પ્રમાણ છે. એ પ્રમાણ કોઈ ગુણ નથી, પર્યાય છે. શ્રુતજ્ઞાન સ્વરૂપ પ્રમાણ પણ પર્યાય છે. આહા...હા ! પર્યાયની કેટલી તાકાત કે એમાં અનંતા નય સમૂહ આવી ગયા છે. આ તો બધી ચમત્કારી વાતો છે, બાપા !

કહ્યું નહોતું ? ઘણું કહ્યું હતું. આ લાકડું, અહીં એના આધારે રહ્યું નથી. આ... આ... આને આધારે રહ્યું નથી. આ તે શું હશે ? એની પર્યાયમાં – એનામાં – આધાર નામનો ગુણ છે – શક્તિ છે, એ શક્તિના કારણે પોતે પોતાને આધારે રહ્યું છે, આને આધારે નહિ. આ તે શું છે ? એક ફેર કહ્યું હતું ને, લાકડી ન ભીંતને અડે. ન હાથને અડે. ચાલતાં પગ જમીનને અડતો ય નથી. આ શું ? બાપુ ! પર્યાયની પણ ચમત્કૃતિ સ્વતંત્ર રહે છે. એ ચમત્કાર દુનિયા ન માને, પણ આ ચમત્કાર અલૌકિક છે. હેં ! આહા...હા ! આ ચશ્માં નાકને આધારે રહ્યાં નથી, દાંડીને આધારે રહ્યાં નથી. વાત બહુ ઝીણી... બાપુ ! હોં !

આહા...હા ! ભગવાનના ઘરની વાત, પ્રભુ તારા ઘરની વાત છે હોં ! પણ એણે (ખોઈ દિ') સાંભળી નથી. આહા...હા ! આત્મા જે છે તે કર્મના આધારે રહ્યો નથી. પોતાના – શરીરને આધારે રહ્યો જ નથી. આકાશમાં રહ્યો નથી. આકાશમાં અવગાહન એનો વ્યવહાર છે. પોતાનામાં અવગાહન કરીને રહ્યો છે. એ નિશ્ચય છે. આહા...હા ! બાપુ ! પ્રભુ ! એ દ્રવ્ય પણ કોઈ ચમત્કારિક છે. એ ગુણ પણ ચમત્કારિક છે. અને પર્યાય પણ કોઈ ચમત્કારિક છે. આહા...હા ! અજ્ઞાનીનાં કાળજાં તૂટી જાય એવી વાતો છે. આહા...હા ! અને બીજી રીતે કહીએ તો આ સાંભળતા મિથ્યાત્વના ટુકડા થઈ જાય તેવું છે.

અહીંયાં કહે છે, અનંત નયોમાં વ્યાપ્ત... બાપુ ! ઝીણી વાત છે ! પણ ધ્યાન રાખવું હોં ! ન સમજાય એમ ન લેવું પ્રભુ ! કેવળજ્ઞાન (જે) લઈ શકે, એ ન સમજે એમ કેમ કહેવું ? એને કલંક દેખાય છે. આહા...હા ! એક સમયમાં કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ કરે. આહા...હા ! અને એક સમયની પર્યાય કેવળજ્ઞાન લે. એક ગુણને એક સમયથી કહો તો ત્રણ કાળના સમયમાં એના અનંત ગુણ ન કહી શકાય. આહા...હા ! શું છે આ ! એક સમયમાં એક ગુણ કહો, બીજા સમયમાં બીજો, ત્રીજા સમયમાં ત્રીજો, ત્રણ કાળમાં અનંત ગુણની સંખ્યા, એક સમયે એક ગુણ કહો તો ત્રણ કાળમાં એના ગુણની સંખ્યા કહી શકાય નહિ. આહા...હા ! આવી અદ્‌ભુત વસ્તુ છે ! પ્રભુ ! '**अद्‌भुतात् अद्‌भुतम्**' એ તત્ત્વ છે.

છેલ્લે આવે છે. 'સમયસાર'માં છેલ્લા શ્લોકમાં, પાછળમાં એક શ્લોકમાં અદ્‌ભુત આવે છે ને ! એક શ્લોકમાં '**अद्‌भुतात् अद्‌भुतम्**' (એવા) બે શ્લોક આવે છે. આહા...હા ! કહે છે કે અનંત નયોમાં વ્યાપ્ત એક શ્રુતજ્ઞાન સ્વરૂપ પ્રમાણ. એ બે વાત સિદ્ધ કરી. હવે એ પ્રમાણ વડે જણાય એ સિદ્ધ કરવું છે. પહેલાં કેવો હતો ? કેવો છે ? એ વાત કરી. અને એ કેવી રીતે પ્રાપ્ત થાય ? આહા...હા ! એ પ્રમાણ, તે પ્રમાણપૂર્વક (પ્રાપ્ત થાય એમ) અહીં કહે છે. કેમ પ્રાપ્ત થાય ભગવાનઆત્મા ? અહીં તો ભગવાન જ કહે છે. પ્રભુ ! ભગવાન જિનસ્વરૂપી છે.

આહા...હા ! એ શ્રુતજ્ઞાન સ્વરૂપ પ્રમાણ છે. (એ) સિદ્ધ કર્યું. હવે એક કોર દ્રવ્ય સિદ્ધ કર્યું. અનંત ધર્મોનો અધિષ્ઠાતા અને એક કોર શ્રુતપ્રમાણનો અનંત નયોનો સમૂહ (છે એમ સિદ્ધ કર્યું) હવે એ જાણે શું પ્રમાણપૂર્વક – એ પ્રમાણથી જાણે એમ સીધું ન લેતાં '**પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે (તે આત્મદ્રવ્ય) પ્રમેય થાય છે, (જણાય છે).**' આહા...હા ! છે તો શ્રુત પ્રમાણ – પર્યાય, પણ એ (પ્રમાણ) પૂર્વક સ્વાનુભવથી (પ્રમેય થાય છે). આત્માના અનુભવથી પર્યાયમાં જાણવામાં આવે છે, સમજાણું કાંઈ ?

શ્રુતજ્ઞાન પ્રમાણ છે. એમાં રાગને જાણ્યો. એ નય પણ આવી ગયો. રાગ છે પરિણમનમાં... (આ) સાધકની વાત છે. અહીંયાં તો રાગનો જાણવાવાળો તો નય છે. નયનો સમૂહ શ્રુતપ્રમાણ પણ આવી ગયો. પણ રાગનું જ્ઞાન કરવાવાળો (નય) છે. પણ રાગથી જ્ઞાન થાય છે કે, રાગથી સ્વાભાવનો નિશ્ચય થાય છે. એમ નથી. આહા...હા ! સમજાણું કાંઈ ? આવી વાતો હવે.

વ્યવહાર રત્નત્રયનો રાગ છે, એ પણ એક ધર્મ છે. ધર્મ એટલે પર્યાયે ધારી રાખેલો વસ્તુ ધર્મ, મોક્ષનો માર્ગ એમ નહિ. એને (રાગને) જ્ઞાન એક નયે જાણે છે. અને એ અનંત નયોનો સમૂહ (રૂપ) શ્રુત પ્રમાણમાં એનું જ્ઞાન પણ આવી ગયું. એનું જ્ઞાન આવી ગયું. એમ કહેવું પણ વ્યવહાર છે. આહા...હા ! રાગ સંબંધી પોતાનું જ્ઞાન પોતાથી થયું (છે). એને શ્રુતજ્ઞાન કહે છે. સમજાણું કંઈ ?

એ પ્રમાણપૂર્વક સ્વાનુભવથી અંતરમાં વેદન દ્વારા (પ્રમેય થાય છે). આહા...હા ! સ્વઅનુભવથી – રાગના અનુભવથી નહીં, પરના – અનુભવથી (નહિ). (પરંતુ) શ્રુતજ્ઞાનપૂર્વક (પ્રમેય થાય છે). વાત તો બાપા, આત્માની વાત છે. આહા...હા ! 'પ્રમાણપૂર્વક સ્વાનુભવથી', એકલા પ્રમાણથી જાણે છે – એમ ન કહ્યું. તેમ એકલો સ્વાનુભવથી જાણવામાં આવે છે, એમ ન કહ્યું. પણ એ શ્રુતપ્રમાણપૂર્વક જ્ઞાન લેવું છે ને ! સ્વાનુભવથી ઉત્તર આપ્યો – કેમ પ્રમેય થાય છે ? કેમ જાણવામાં આવે છે પ્રશ્નનો ઉત્તર તો બધો એમાં સમાઈ ગયો. આહા...હા ! સમજાણું કાંઈ ?

શ્રોતા : આનંદના સ્વાદપૂર્વક જાણવામાં આવે છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી : આહા...હા ! ભાવશ્રુતજ્ઞાનમાં સાથે આનંદ છે. દ્રવ્યશ્રુતમાં પરના લક્ષમાં તો વિકલ્પ છે. વિકલ્પ છે એ તો દુઃખ છે. અને આમાં સુખ છે. થોડું હોં ! વખત થવા આવ્યો. આહા...હા ! પ્રમેય થાય છે. સ્વાનુભવથી શ્રુતજ્ઞાન પૂર્વક પ્રમેય એટલે જાણવામાં આવે છે. આ વિધિ અને આ રીત છે. બેયના ઉત્તર આપ્યા. હવે નયની વ્યાખ્યા...

વિશેષ કહેવાશે......

❀ ❀ ❀

**તે આત્મદ્રવ્ય દ્રવ્યનયે, પટમાત્રની માફક, ચિન્માત્ર છે (અર્થાત્ આત્મા દ્રવ્યનયે ચૈતન્યમાત્ર છે, જેમ વસ્ત્ર વસ્ત્રમાત્ર છે તેમ). ૧.**

**આત્મદ્રવ્ય પર્યાયનયે, તંતુમાત્રની માફક, દર્શન જ્ઞાનચારિત્ર છે (અર્થાત્ આત્મા પર્યાયનયે દર્શનજ્ઞાનચારિત્રાદિમાત્ર છે, જેમ વસ્ત્ર તંતુમાત્ર છે તેમ). ૨.**

**આત્મદ્રવ્ય અસ્તિત્વનયે સ્વદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી અસ્તિત્વવાળું છે; – લોહમય, દોરીને કામઠાના અંતરાળમાં રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા અને લક્ષ્યોન્મુખ તીરની માફક. (જેમ કોઈ તીર સ્વદ્રવ્યથી લોહમય છે, સ્વક્ષેત્રથી દોરી ને કામઠાના વચગાળામાં રહેલું છે, સ્વકાળથી સંધાન–દશામાં છે અર્થાત્ ધનુષ્ય પર ચડાવીને ખેંચાયેલી સ્થિતિમાં છે અને સ્વભાવથી લક્ષ્યોન્મુખ છે અર્થાત્ નિશાનની સન્મુખ છે, તેમ આત્મા અસ્તિત્વનયે સ્વચતુષ્ટયથી અસ્તિત્વવાળો છે). ૩**

**પ્રવચન : ૨૫-૧૨-૧૯૭૭**

'પ્રવચનસાર'. નયનો અધિકાર છે ને ? અહીં સુધી આવ્યું છે. 'પ્રમેય થાય છે...' આવ્યું છે ને ? શું કહ્યું ? કે જે આ આત્મા છે, એમાં અનંત ધર્મ છે. ધર્મ એટલે શક્તિ અને પર્યાય બધાને ધર્મ કહે છે. કેમકે આત્મા એને ધારી રાખે છે. અને એ અપેક્ષાએ ધર્મ કહે છે. વિકારી પર્યાયને પણ અહીંયાં તો ધર્મ કહે છે. ધર્મનો અર્થ આત્મા ધારી રાખે છે, એ અપેક્ષાએ ધર્મ કહ્યો. તો અનંત ધર્મમાં વ્યાપક એક ધર્મી આતમદ્રવ્ય (છે). એવો કેવો છે આત્મા ? એમ કહ્યું. પછી કઈ રીતે પ્રાપ્ત થાય ? કે અનંત નયોમાં વ્યાપ્ત જે શ્રુતજ્ઞાન પ્રમાણ (એમાં જણાય છે). જે શ્રુતજ્ઞાન છે, (છે) તો એ પર્યાય પણ પ્રમાણ છે. પ્રમાણનો અર્થ દ્રવ્ય અને પર્યાય બધાને જાણે. એનું નામ પ્રમાણ છે. છે તો પર્યાય પણ જાણે દ્રવ્ય–પર્યાય–અનંત ધર્મ આદિ (બધાને જાણે). એક એક પર્યાયના ધર્મ પણ જાણે.

એમ અનંત નયોથી વ્યાપ્ત શ્રુતજ્ઞાનપ્રમાણ–ભાવશ્રુતજ્ઞાન પ્રમાણ એમાં એ આત્મદ્રવ્ય પ્રમેય હોય છે. આહા...હા ! આવી વાત છે. એનાથી (પ્રમાણથી) જ્ઞાત હોય છે. અહીં દૃષ્ટિનો વિષય એકલો નથી લેવો. દૃષ્ટિનો વિષય એ ઉપરાંત અહીંયાં ગુણનો વિષય, પર્યાયનો વિષય, પ્રમાણ એ બધું લેવું છે. સમજાણું કાંઈ ? આહા...હા ! હવે આપણે નય ઉપાડીએ. આજે નવું લઈએ, એ આતમદ્રવ્ય – જે અનંત ધર્મ વ્યાપક – એનો અધિષ્ઠાતા આત્મદ્રવ્ય સ્વભાવ (એનો) એ સ્વામી (છે). (એ) દ્રવ્યાર્થિક નયે–દ્રવ્યનયથી. છે ને ? દ્રવ્યનયથી કહો કે દ્રવ્યાર્થિક નયથી કહો, એ દ્રવ્યાર્થિકનયે (અર્થાત્) જે નયનું પ્રયોજન દ્રવ્ય છે, '**એ દ્રવ્યાર્થિકનયે....**' સમકિતનો વિષય પણ તે છે. પણ અહીં તો પ્રમાણજ્ઞાનનો વિષય બતાવવો છે.

શું કહ્યું એ ? ભગવાન આત્મ દ્રવ્ય દ્રવ્યનયે, દ્રવ્યાર્થિક નયે તો... દ્રવ્યાર્થિકનય(નો) વિષય

જે છે, એ સમ્યક્દર્શનનો વિષય છે. સમજાણું કાંઈ ? દ્રવ્ય જેનું (જે નયનું) પ્રયોજન છે. એવું દ્રવ્ય... અર્થાત્... દ્રવ્ય જેનું પ્રયોજન છે એવું જે જ્ઞાન – દ્રવ્યાર્થિકનય... દ્રવ્ય જેનું અર્થ એટલે પ્રયોજન (છે) એવો નય શબ્દ પડ્યો છે. દ્રવ્યનય પણ દ્રવ્યાર્થિકનય છે. સમજાણું કાંઈ ?

આહા...હા ! '**ભગવાન આત્મા દ્રવ્યનયે, દ્રવ્યાર્થિક નયે, પટમાત્રની માફક ચિન્માત્ર છે.**' જેમ વસ્ત્ર, વસ્ત્રરૂપે આખું છે. એમ ભગવાન આત્મા દ્રવ્યાર્થિક નયે ચિન્માત્ર છે, જ્ઞાયકભાવ માત્ર છે. જે જ્ઞાયકભાવ કહ્યો, તે ચિન્માત્ર કહ્યો (છે). આહા...હા ! વસ્ત્ર જેમ વસ્ત્રરૂપે છે. તેમાં ભેદ નહિ, તાણાવાણાના ભેદ નહિ. તાણાવાણા સમજો છો ? તંતુ... તંતુ. એ વસ્ત્રમાત્ર જેવું છે. તેમ દ્રવ્યનયે–દ્રવ્યાર્થિકનયે આત્મા ચિન્માત્ર–જ્ઞાયકમાત્ર (છે). પણ એ તો એક નયનો વિષય થયો. સમજાણું કાંઈ ? આખા શ્રુતપ્રમાણનો વિષય એકલો નય નહિ. શું કહે છે ? કે ભૂતાર્થ ૧૧મી ગાથામાં આવ્યું છે ને ! ('સમયસાર'માં)

'**ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ।**
**भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो।।**'

વ્યવહાર–પર્યાયમાત્ર અસત્ય છે. ત્યાં ૧૧મી ગાથામાં '**ववहारोऽअभूदत्थो**' કહ્યું. વ્યવહાર પર્યાયમાત્ર અભૂતાર્થ નામ અસત્ય છે એમ કહ્યું. અને '**भूदत्थो देसिदो दु सुद्धणओ**' ભૂતાર્થ જે જ્ઞાયક શુદ્ધ, ધ્રુવ સ્વભાવ એને શુદ્ધનય કહ્યું. પહેલાં તો એમ લીધું. '**ववहारो अभूदत्थो**' પર્યાયમાત્ર જૂઠી છે. એમ કહ્યું, કેમ ? કે ગૌણ કરીને કહ્યું છે. અભાવ કરી કહ્યું નથી. અને '**भूदत्थो देसिदो दु सुद्धणओ**'... સત્યાર્થ વસ્તુ જે છે, એ શુદ્ધનય, શુદ્ધનયના વિષયને અહીં શુદ્ધનય કહી દીધો છે. સમજાણું કાંઈ ?

મારગ બહુ સૂક્ષ્મ ભાઈ ! એ ભૂતાર્થ એને અહીં શુદ્ધનય કહ્યો (છે). ફરી ત્રીજા પદમાં લીધું. '**भूदत्थमस्सिदो खलु...**' ભૂતાર્થ ત્રિકાળનો આશ્રય કરવાથી સમ્યક્દર્શન થાય છે. એ ભૂતાર્થની અહીંયાં વાત નથી. અહીંયાં જ્ઞાનપ્રધાન કથન છે. તેથી એક નયનો વિષય દૃષ્ટિનો જે છે, એ ન લઈએ, અનંતનયનો સમુદાય એવું. શ્રુતપ્રમાણ (છે). (જે) શ્રુતપ્રમાણના વિષયમાં દ્રવ્યનય એક નય છે. સમજાણું કાંઈ ? ગંભીર વાત ભગવાન ! આહા...હા !

અહીંયાં એક દ્રવ્યનયે તો એક નય લીધો. એક જ નયનો વિષય એમ નહિ. અહીં તો અનંત નયનો સમુદાય શ્રુતપ્રમાણ, તેનો વિષય આખું દ્રવ્ય અને આખી પર્યાય, એ અહીંયાં પ્રમાણનો વિષય લેવો છે. તો પ્રમાણના દ્રવ્યનો વિષય – દ્રવ્યાર્થિકનયનો વિષય ચિન્માત્ર કહ્યો. ચિન્માત્ર કહેતાં એકનય આવ્યો. સમજાણું કાંઈ ?

શ્રુતપ્રમાણના વિષયમાં દ્રવ્યાર્થિકનયે–દ્રવ્યનયથી ચિન્માત્ર એવો એક નય આવ્યો. દ્રવ્યાર્થિકનયનો વિષય સમ્યક્દર્શનમાં એક અભેદ વિષય દ્રવ્ય છે. એ વિષય અહીં બતાવવો છે. પણ એ દ્રવ્યાર્થિક જે સમકિત દર્શનનો વિષય છે, એ તો એક જ સામાન્ય ધ્રુવ, એક ચિન્માત્ર જ છે. પણ અહીંયાં શ્રુતજ્ઞાન પ્રમાણમાં એ દ્રવ્યનયથી ચિન્માત્ર પણ છે. અને પર્યાયનયથી પર્યાયમાત્ર પણ છે. એમ બધા નયના વિષય બતાવવા છે. ગહન વિષય છે... ભાઈ...! સમજાણું કાંઈ...?

દ્રવ્યનયે–દ્રવ્યાર્થિક નયે, પટમાત્રની માફક – વસ્ત્રની માફક. વસ્ત્ર પણ જેમ વસ્ત્રરૂપે

છે, એમ ભગવાન જ્ઞાયકરૂપે છે. જ્ઞાયકરૂપે, એ એક નયનો વિષય છે. એ શ્રુતપ્રમાણનો વિષય ન આવ્યો. એ શ્રુતપ્રમાણનો વિષય તો – બધા નયોના સમુદાય(રૂપ) શ્રુતપ્રમાણ(નો વિષય તો) આખું દ્રવ્ય અને પ્રર્યાય છે. આહા...હા ! અને સમ્યક્દર્શનના વિષયમાં તો એક જ ચિન્માત્ર– જ્ઞાયકભાવનો વિષય આવ્યો. કેમકે સમ્યક્દર્શન છે એ નિર્વિકલ્પ પ્રતીતિ છે, નિર્વિકલ્પ પ્રતીત છે, એમાં સ્વ અને પરને એવા ભેદ ન હોય અને નિર્વિકલ્પ સમ્યક્દર્શન છે, એનો વિષય પણ નિર્વિકલ્પ છે. સમજાણું કાંઈ...? એ અહીંયાં જ્ઞાનપ્રધાનથી શ્રુતપ્રમાણ નયના વિષયમાં, એનો જે વિષય લીધો ચિન્માત્ર જ્ઞાયકભાવ, એને એક નય ગણવામાં આવ્યો છે. આહા...હા ! અહીંયાં તો હજી આવશે, સામાન્ય આવશે, હજી ઘણા પ્રકાર આવેશે. બધા નય આ પર્યાય નયમાં નથી, હજી સામાન્ય આવશે, અભેદ આવશે. આ તો, ગહન વિષય છે, પ્રભુ ! દિગંબર સંતોની ગજબ શૈલી છે.

એ વસ્તુને સમજાવવા, વાત તો (કરી છે). એ વિષય (ગાથા) ૨૭૫માં કહ્યો. પણ જેને એવો નવો પ્રશ્ન ઊઠે કે, અમારે, આત્મા શું છે ? અને કેવી રીતે પ્રાપ્ત થાય ? (એ સમજવું છે). અહીં જ્ઞાનપ્રધાન કથન લેવું છે. તો કહે છે કે – જે દ્રવ્ય છે, એ અનંત ગુણ અને અનંતી પર્યાયરૂપી ધર્મને ધરવાવાળું એક દ્રવ્ય છે. એ દ્રવ્યની વ્યાખ્યા (કરી કે) એ કેવો છે ? એની વ્યાખ્યા કરી. હવે કેમ પ્રાપ્ત થાય ? તો કહે (છે) એક એક ધર્મને અને એક એક ગુણને, અને એક એક પર્યાયને જાણવાવાળો એકેક નય છે, અંશ છે. એ અનંત નયનો અંશ(રૂપ) પ્રમાણ જે અંશી છે, એમાં (એ જાણવામાં) આવી જાય છે.

આહા...હા ! એક કોર પર્યાયને અંશ કહે છે 'પ્રવચનસાર'(માં) દ્રવ્યને અંશી કહે છે. તો અંશી તો એક નયનો વિષય છે. એ અંશી પ્રમાણનો વિષય નહિ. શું કહ્યું ? 'પ્રવચનસાર'માં પર્યાયને અંશ કહ્યો. હવે એ અંશ જે કહ્યો, એ પર્યાયમાં જે એક અંશ છે, એવા અનંત અંશ (છે). એ અપેક્ષાએ દ્રવ્ય તો અંશી છે. પૂરી ચીજ એવી છે. પર્યાય એક સમયની દશા છે. અને તે ચીજ પૂરી છે. પૂરી હોવા છતાં દ્રવ્યાર્થિક નયનો આ વિષય છે. એક નયનો વિષય છે, એ પૂરી ચીજ પ્રમાણનો વિષય નહિ. આહા...હા ! સમજાણું કાંઈ ?

તો ત્યાં આગળ ભૂતાર્થ વસ્તુ–સત્યાર્થ પ્રભુ – જ્ઞાયક – જે ('સમયસાર'ની) છઠ્ઠી ગાથામાં કહ્યું.. '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो...**' ત્યાં પર્યાયનો નિષેધ કરી દીધો. પ્રમત્ત–અપ્રમત્ત પર્યાય જેમાં નથી – એવો જ્ઞાયકભાવ – એકરૂપ એ સમ્યક્દર્શનનો વિષય છે. આહા...હા ! સમજાણું કાંઈ ? પણ આ તો દર્શન નિર્વિકલ્પ ને (એનો) વિષય નિર્વિકલ્પ એ વાત કરી.

હવે જ્ઞાન સવિકલ્પ છે. સવિકલ્પ એટલે રાગવાળું એમ નહિ. સવિકલ્પનો અર્થ રાગવાળું જ્ઞાન એમ નહિ; જ્ઞાન સ્વ–પરને જાણે એ જ્ઞાનને સવિકલ્પ કહે છે. કેવળજ્ઞાનીને પણ સવિકલ્પ કહે છે. આહા...હા ! સ્વ પદાર્થને (અને) પરને – બધાને જાણે એ અપેક્ષાએ એને સવિકલ્પ કહેવામાં આવે છે. પણ અહીંયાં સવિકલ્પ જ્ઞાનનો પ્રમાણનો વિષય શું ? શ્રુતજ્ઞાનપ્રમાણ સવિકલ્પ છે. સવિકલ્પનો અર્થ સ્વ અને પરને જાણે. એ રાગની વાત અહીંયાં નથી. સમજાણું કાંઈ ? આહા...હા ! આટલું બધું એણે વિચારવું જોઈએ, ભાઈ !

મારગ એવો સૂક્ષ્મ છે ને ! આહા...હા ! દર્શનપ્રધાન કથન છે, ત્યારે તો ૪૭ શક્તિઓનું વર્ણન લીધું... ત્યાં આગળ એ શક્તિની પર્યાય નિર્મળ, ગુણ નિર્મળ અને દ્રવ્ય. (નિર્મળ) ત્રણ લીધા છે. ૪૭ શક્તિમાં વિકાર લીધો જ નથી. 'સમયસાર'માં ૪૭ શક્તિનું વર્ણન લીધું છે. ત્યાં આગળ વિકારની વાત લીધી જ નથી, કેમકે ત્યાં તો દ્રવ્યની શક્તિ પવિત્ર છે, ને એ પવિત્રતા(નો) ધરનાર દ્રવ્ય પવિત્ર છે, ને એની પરિણતિ પણ પવિત્ર જ લીધી છે. રાગ, વ્યવહાર અને વિકલ્પ એ ત્યાં શક્તિના (વર્ણનમાં) દ્રવ્ય–ગુણ–પર્યાયમાં લીધા જ નથી. ક્રમે ને અક્રમે પ્રવર્તતો એવો જે આત્મા, ક્રમે પ્રવર્તતી. પણ નિર્મળ પર્યાયની વાત લીધી છે. અક્રમમાં પણ ગુણ (ત્રિકાળી) નિર્મળ તો છે જ; એ તો અક્રમ ગુણ અને ક્રમ નિર્મળ પરિણતિ એનો સમુદાય આત્મા (છે). આહા..હા ! તો ત્યાં વિકારની વાત લીધી જ નથી.

શક્તિનું જ્યાં 'સમયસાર'માં વર્ણન (છે) તે. દ્રવ્યપ્રધાન કથન છે. તો ત્યાં દ્રવ્યની શક્તિ છે ને ! એ શક્તિના વર્ણનમાં એની પરિણતિ શુદ્ધ છે. એ લીધું છે, પણ વિકારી (પર્યાય) લીધી જ નથી. અહીંયાં તો જ્ઞાનપ્રધાન કથન છે. હવે આટલો બધો ફેરફાર. ત્યાં તો, અંશે જેટલો, જ્ઞાનમાં વિકાર હોય છે, તીર્થંકરને પણ જ્યારે છદ્મસ્થ હોય, તો એને વિકાર જેટલો ઉત્પન્ન થાય છે એ પણ નયનો વિષય ગણીને શ્રુતજ્ઞાનનો વિષય છે. આખું દ્રવ્ય–ગુણ અને પર્યાય શ્રુતજ્ઞાનનો વિષય છે. સમજાણું કાંઈ...?

ઝીણું છે... બાપા...! ભાઈ ! મારગ એવો છે, ભાઈ ! આહા...હા ! દ્રવ્યનયે આતમદ્રવ્ય જે અનંત ધર્મોનો અધિષ્ઠાતા, એવું જે આતમદ્રવ્ય, તે દ્રવ્યનયે–દ્રવ્યાર્થિકનયે પટમાત્રની માફક – વસ્ત્રમાત્રની માફક... વસ્ત્ર જેમ એકરૂપ છે. ત્યાં ગુણ–ગુણીનો ભેદ પણ દ્રવ્યાર્થિકનયના વિષયમાં નથી. છતાં દ્રવ્યાર્થિકનયનો વિષય એક નય ગણવામાં આવ્યો છે. આખું દ્રવ્ય જે (પ્રમાણનો) વિષય છે. એમ નથી લીધું. આખું દ્રવ્ય એટલે એના ગુણ ને પર્યાય એ દ્રવ્ય. ત્રિકાળી દ્રવ્ય છે, એ બીજી ચીજ છે. અને આખું દ્રવ્ય એટલે પર્યાય–ગુણ અને દ્રવ્ય, એ આખું દ્રવ્ય અહીંયાં લેવું છે. પ્રમાણનો વિષય (લેવો છે). એમાં એક બોલ છે. આ તો, એક બોલ થયો. સમજાણું કાંઈ...? બાપુ...! ધ્યાન રાખે તો સમજાય તેવું છે. ધીમે ધીમે કહેવાય છે ને ! અંદર વિચાર ચાલવો જોઈએ કે જે વસ્તુ છે, એ દ્રવ્યાર્થિકનયે તો દ્રવ્યસ્વરૂપ–જ્ઞાયકસ્વરૂપ ચિન્માત્ર જ્ઞાયકભાવ (છે) બસ. પણ જ્યાં જ્ઞાનપ્રધાન કથન છે ત્યાં એ ક્યું દ્રવ્ય લીધું કે એ દ્રવ્ય–ગુણ અને વિકાર સહિત એને દ્રવ્ય લીધું છે. બધું... સમજાય છે કાંઈ ?

કેટલી ધીરજ જોઈએ અંદર શાંતિ, શાંતિથી એ સમજવાની ચીજ છે. તો કહે છે, આત્મા દ્રવ્યનયથી ચૈતન્યમાત્ર છે. જોયું...! ચૈતન્યમાત્ર છે – જ્ઞાયકમાત્ર છે... આહા...હા ! છતાં શ્રુતજ્ઞાનના પ્રમાણમાં આ એક નય ગણવામાં આવ્યો છે. ભાઈ ! ઓલામાં ('સમયસાર' ગાથા–૧૧) જે ભૂતાર્થને આશ્રયે સમકિત (કહ્યું) ત્યાં તો આખો એક વિષય ત્રિકાળી લીધો છે. પર્યાય નહિ. અને અહીં દ્રવ્ય એ લીધું છે કે ભાઈ ! એ વિકારી–અવિકારી (પર્યાય) સહિત એ દ્રવ્યમાં લીધું છે. જ્ઞાનનું કથન છે ને ! જ્ઞાન તો સ્વ–પરપ્રકાશક છે ને ! જ્ઞેય શક્તિ ! 'સ્વપર પ્રકાશક શક્તિ હમારી તાતૈ ભેદ ભ્રમ ભારી' અબ 'જ્ઞેય શક્તિ દુવિધા પરકાશી નિજરૂપા–પરરૂપા ભાસી' એ જ્ઞાનપ્રધાન

કથન છે. સમજાણું કાંઈ ? આહા...હા !

એક તો સ્વદ્રવ્ય–ગુણ–પર્યાય એ નિશ્ચયથી લઈએ તો નિશ્ચય છે અને પર દ્રવ્ય છે તે વ્યવહાર થયો. પણ અહીંયાં તો પરદ્રવ્યની અપેક્ષા નથી. પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયમાં અત્યારે હોં ! પછી લેશે, હવે પરમાણુનું દૃષ્ટાંત દઈને વ્યવહારનય પણ છે. એમ બતાવશે.

નિશ્ચયથી પરમાણુ પોતાની ચીકાશ–લુખાશથી એકત્વ(રૂપ) પરિણમે છે, તે નિશ્ચય. વ્યવહારથી બીજો પરમાણુ, બે પરમાણુ ચાર પરમાણુ સાથે પરિણમે છે અને છૂટે છે એ વ્યવહાર (છે). એ આગળ લેશે. તો એ પણ નય છે; આ પણ એના ભાગનો એક નય છે. સમજાણું કાંઈ...? આખું દ્રવ્ય જે ગુણ પર્યાયને ધરવાવાળું દ્રવ્ય કહ્યું એ આખું દ્રવ્ય આ એક નયમાં નથી આવતું. શું કહ્યું ! એ સમજાણું ? અહીં દ્રવ્ય તો, અનંત ગુણ અને અનંત પર્યાયને ધરવાવાળું દ્રવ્ય (છે). તો આ દ્રવ્ય તો દ્રવ્યાર્થિકનયના વિષયમાં એ આખું દ્રવ્ય ન આવ્યું. આખું દ્રવ્ય એટલે દ્રવ્ય–ગુણ–પર્યાય એ; સમજાણું કાંઈ ? શ્રુતજ્ઞાન પ્રમાણ બતાવવું છે.

આહા...હા ! એવી વાતું બહુ ! ઓલા કહે છે ને કે જ્ઞાનીને રાગ હોતો જ નથી, જ્ઞાનીને દુઃખ હોતું જ નથી. એ પ્રશ્ન ઊઠ્યો હતો ને મોટો... એમ નથી ભાઈ ! જ્ઞાનીને પણ દ્રવ્યમાં વિકારી પર્યાય છે. એ દુઃખ છે. દુઃખ છે (તે) એક નયનો વિષય છે. એને એકાંત કહે કે દુઃખ નથી – રાગ નથી, તો એકાંત થઈ જાય છે. સમજાણું કાંઈ ? આહા...હા ! આવી વાતું હવે... અહીં તો વેદે, કર્તા થાય, એ નય આવશે રાગ (છે). રંગરેજની પેઠે. રંગરેજ જેમ રંગ કરે છે એમ જ્ઞાનીને પર્યાયમાં રાગનું પરિણમન છે. એ અપેક્ષાએ કર્તાનય છે, ભોક્તાનય પણ છે.

આહા...હા ! ધર્મીને પણ જેટલો રાગ આવ્યો એટલું વેદન પણ છે. નહિ તો અનંત નયોનો અધિષ્ઠાતા રહેતો નથી... આહા...હા ! અનંત ધર્મોનો અધિષ્ઠાતા. આહા...હા ! આ ભાઈ એવી વાત છે. હળદરના ગાંઠિયે ગાંધી થઈ જવાય.. એવું નથી. આ બાપુ !....

આ તો પ્રભુનો વિશાળ માર્ગ – અનેકાંત માર્ગ. એ અનેકાંત એટલું ય સમજતા નથી. અનેકાંત (એટલે) નિશ્ચયથી પણ થાય અને વ્યવહારથી પણ થાય, એનું નામ અનેકાંત. પણ એમ નહિ. વ્યવહાર છે એનું જ્ઞાન કરનાર એક નય છે. તો રાગને જાણવાવાળો એક નય છે. અને શ્રુતપ્રમાણનો એક ભાગ છે, અંદર. આહા...હા ! પણ રાગથી અહીં જાણવામાં આવે છે, એવી ચીજ નથી.

એ બધા નયનો સમુદાય–શ્રુતપ્રમાણ (છે). એ (આત્મા) શ્રુતપ્રમાણથી પ્રમેય થઈ શકે છે. આહા...હા ! સમજાણું કાંઈ ? હવે આવી વાત બધી, એ માણસને એકાંત લાગે. સોનગઢનું (છે) એમ કહે. એને બેઠું ન હોય ને ! એ શૈલી શું છે, એ એને ન સમજાયું હોય એટલે (અસમાધાન) વેદે છે. પણ બાકી છે કે નહિ ? (કે) છેદાઈ ગયા એક સમયમાં બધા (વિભાવો) ? ચોથે (ગુણસ્થાને) છેદાઈ જાય ત્રણે કષાય ? ત્રણ કષાયનો અભાવ થઈ ગયો ? પાંચમા (ગુણસ્થાનમાં) બે કષાયનો અભાવ થઈ ગયો. બે કષાય બાકી છે, એટલું વેદન છે. અરે ! વેદન તો દસમા ગુણસ્થાન સુધી જેટલો રાગનો અંશ છે. તેટલું વેદન છે. બુદ્ધિપૂર્વક નહિ. આહા...હા ! ઝીણી વાત ભાઈ ! એમ એકાંત ખેંચી જાય એમ ન ચાલે. એ અહીં કહે છે.

ચિન્માત્ર અર્થાત્ આત્મા દ્રવ્યાર્થિકનયથી ચેતનમાત્ર છે. જેમ વસ્ત્ર–વસ્ત્રમાત્ર છે તેમ. એક નય થયો. હવે બીજો નય... હજી દ્રવ્ય જે અનંત નયોનો અધિષ્ઠાતા છે. એમાં એક નયની વાત કરી. આખું દ્રવ્ય જે ગુણ–પર્યાયનો પિંડ છે. એમ નહિ. એ વાત અહીં કરી નથી. સમજાણું કંઈ ? એ દ્રવ્ય એકલું – સામાન્ય, નયનો એક ભાગ છે. બીજો ભાગ પર્યાય(નો) હોય છે.

પ્રશ્ન : આ નયનો વિષય દ્રવ્ય કૂટસ્થ છે ?

ઉત્તર : દ્રવ્ય તો કૂટસ્થ જ છે. ત્રિકાળ દ્રવ્ય–દ્રવ્યાર્થિકનયનો વિષય કહ્યો ને ? પણ એ એક નય છે. એ સમ્યક્દર્શનનો વિષય તો ધ્રુવ, એ એમ નથી અહીંયાં. સમજાણું કાંઈ ? અહીંયાં તો એક નયનો – દ્રવ્યાર્થિક નયનો–વિષય ધ્રુવ છે. અને બીજા નયનો વિષય પર્યાયાર્થિક છે. એ બધું મળીને દ્રવ્ય કહેવામાં આવે છે.

આ તો ભાઈ ! એવો વિષય છે. તેથી અહીંયાં લીધો છે. આ તો અલિંગગ્રહણનું પૂરું થઈ ગયું. પંડિતજી યાદ આવતા હતા એ વખતે કે, પંડિતજી અહીં હોય તો. અલિંગગ્રહણનો વિષય જરી સૂક્ષ્મ હતો. ઘણો (સૂક્ષ્મ હતો). એક એક વાત (સૂક્ષ્મ હતી). (હવે) તો પૂરું થઈ ગયું. હવે નયનો વિષય આવ્યો; ખાસ નયનો વિષય લીધો છે.

**બધા એકઠા કરી (છપાશે.)....** ૩૨૦ ગાથા, ૪૭ શક્તિ, અલિંગગ્રહણ, ૪૭ નય અને અવ્યક્તના છ બોલ આવશે. ૪૯ ગાથાના અવ્યક્ત છે ને ! થોડા એ લેવા છે. હજુ તો બે માસ છે. અહીં કહે છે કે, દ્રવ્યાર્થિક નયનો એક નયનો વિષય થયો. એ નયનો વિષય એક દ્રવ્ય લીધું, એમાં પર્યાય નહિ. અને અહીં તો પર્યાય સહિતનું દ્રવ્ય એ શ્રુતપ્રમાણનો વિષય છે... ભાઈ ! આહા...હા ! શું કહ્યું ? અહીં જે શ્રુતપ્રમાણનો વિષય છે, એ તો વિકારી પર્યાય–અવિકારી પર્યાય સહિતનું દ્રવ્ય – એ એનો વિષય છે. એમાંથી એક નય લીધો. આહા...હા ! હવે બીજો નય.

સમજાય એટલું સમજવું બાપુ...! આ... તો અંદરનો મારગ એવો છે. આહા...હા ! કઈ અપેક્ષાથી સમ્યક્દર્શનના વિષયમાં પૂર્ણ દ્રવ્ય લીધું ? ...એ પૂરણ દ્રવ્ય પર્યાય વિનાનું (લીધું). અને અહીંયાં જે દ્રવ્યનય લીધો, એ પણ પર્યાય વિનાનું (દ્રવ્ય લીધું). પણ આ એક નય-ભાગ છે – પર્યાયને જાણનાર પણ એક બીજો નય છે. ત્યાં ('સમયસાર') તો પર્યાયને અસત્યાર્થ કહી (છે). અસત્યાર્થ એટલે ગૌણ કરી ને –પર્યાયને ગૌણ કરીને – વ્યવહાર કહીને – નથી એમ કહેવામાં આવ્યું અને નિશ્ચયને મુખ્ય કરીને – નિશ્ચયને મુખ્ય કહીને નિશ્ચય એમ નહિ – નિશ્ચયને મુખ્ય કરીને – ભૂતાર્થ કહીને – સત્યાર્થ કહેવામાં આવ્યું છે. આહા...હા ! અત્યારે તો ગડબડ બધી બહુ થઈ ગઈ, એટલે સત્ય જાણ્યા વિના આ ગડબડ નહિ નીકળે. આહા...હા !

તળાવમાં પાણી હોય તો માણસ પીવા આવે ને ! ક્યાંય હવે બહારમાં શરીર કામ કરતું નથી, તો'ય આટલું હાલ્યું, એમ કહો, ને ૬૦ વર્ષથી વ્યાખ્યાન હાલે છે. ૭૪ની સાલથી, ધારાવાહી (ચાલે છે). ગામ અને શહેરમાં હજારો માણસ (સાંભળવા આવે) ૬૦ વર્ષ થયાં. એ પહેલાં પણ ૭૩માં વાંચતા હતા. ૭૨માં વાંચ્યું હતું, અષાડ સુદ પૂનમથી ભાદરવા સુદ પાંચમ રાણપુરમાં ૫૦ દિવસ વાંચન વાંચ્યું હતું. ૭૧માંય વાંચતા હતા. આઠમ–પાખીનો ઉપવાસ હોયને, તો બપોરે એક કલાક વાંચતા હતા. ગુરુ સવારમાં વાંચે, અમે બપોરે (વાંચતા હતા). ૭૨માં તો એક મહિનામાં

ચાર વાર (વાંચેલું) ૭૦માં નહિ વાંચ્યું (હોય) ક્યારેય. ૭૦માં દીક્ષા (લીધી) ૭૧માં વાંચ્યું હતું. ચાર વાર. આઠમથી પાખી અને ૭૨માં અષાડ સુદ પૂનમથી ભાદરવા સુદ પાંચમ અને ૭૩માં તો કોઈક વખત વ્યાખ્યાન ચાલતા હતા.

પહેલા પર્યુષણમાં મારું (વ્યાખ્યાન) ઉપર ચાલતું હતું. ને નીચે ગુરુનું ચાલતું હતું. પછી ૭૪થી મારું (વ્યાખ્યાન) કાયમ ચાલતું હતું. ગુરુ ગુજરી ગયા (પછી) લોકો એકઠા થઈને કહે કે હવે તમારે 'સમયસાર'નું પ્રવચન કરવું પડશે. અમારા બે ગુરુભાઈ બેઠા હતા. પણ બહુ ઉતાવળી પ્રકૃતિના હતા. વાંચતા–વાંચતા તીખા થઈ જાય. એમ કરીને ૭૪થી ચાલે છે. ૬૦ વર્ષ થયા. આહા...હા ! વાત સાચી.

આહા...હા ! પર્યાયમાત્રસે... આતમદ્રવ્ય... એ દ્રવ્ય ક્યું લેવું ? કે બધા ગુણ ને પર્યાયનો અધિષ્ઠાતા તે દ્રવ્ય... ભાઈ ! આતમદ્રવ્ય છે ને ! એમાં પણ આતમદ્રવ્ય લીધું. આતમ દ્રવ્ય... દ્રવ્યનયથી એ આતમદ્રવ્ય કોણ ? કે અનંત ગુણ અને અનંતી પર્યાયનો અધિષ્ઠાતા તે આત્મદ્રવ્ય. સમજાણું કાંઈ ? હવે અહીંયાં પણ આતમદ્રવ્ય એ લેવું પણ એમાં હવે એક નય લેવો છે.

**'આતમદ્રવ્ય પર્યાયનયે (એટલે કે પર્યાયાર્થિકનયથી) તંતુમાત્રની માફક દર્શનજ્ઞાદિત્રમાત્ર છે.'** વસ્ત્રમાં જેમ તંતુ હોય છે એમ આત્મામાં ગુણભેદ અને પર્યાયભેદ છે. પર્યાયભેદ છે એવું જાણવું. પર્યાયનયથી પર્યાય છે એમ જાણવું; જેમ વસ્ત્રમાં તંતુ છે, એમ આત્મામાં પર્યાય છે. સમુચ્ચય વાત અત્યારે વિકારી–અવિકારી બધી (પર્યાય), એ પર્યામાત્રને એક નય જાણે છે. આહા...હા ! પણ એ એક નયમાં આખું દ્રવ્ય ન આવ્યું... આખું દ્રવ્ય એટલે અનંત ગુણ અને અનંત પર્યાયનો અધિષ્ઠાતા આત્મા; એ પર્યાયનયમાં ન આવ્યો. એનો એક અંશ આવ્યો... આહા...હા !

ભાઈ...! આ બધું સમજવું પડશે હોં ! આ બહારના થોથાંમાં કાંઈ ન મળે, પૈસા ખર્ચે તો એમાં રાગ મંદ હોય તો પુણ્ય થાય, સમજાણું કાંઈ ? (પૈસા) ખર્ચી શકે છે, કે દિ' ! ભાવ કરી શકે છે. એ પૈસામાં (દાનમાં) રાગની મંદતા હોય તો પુણ્ય છે, આત્માની વિકૃત અવસ્થા છે... ભાઈ...! અહીં તો એવી વાત છે. પણ એ વિકૃત અવસ્થા (અને) અવિકૃત ગુણ... બધાને ધરવાવાળો દ્રવ્ય, એનો વિષય – શ્રુતપ્રમાણનો વિષય છે. એ તો એમાંથી એક નય – પર્યાયનયથી જાણે છે.

અહીં તો પર્યાયનયમાં બધી લેવી છે. જેટલી દ્રવ્યમાં પર્યાય છે. અનંતી–વિકારી કે અવિકારી (બધી) સમજાણું કાંઈ...? આહા...હા ! ભગવાનના સમવસરણની વાત છે. પ્રભુ...! આ તો... સમજાણું કાંઈ ? પર્યાયમાત્ર... તંતુમાત્રની માફક. એ વસ્ત્રમાં તાણાવાણા, તાણાવાણા એમ નથી કહેતા કે – આ તાણો પાતળો છે, આ તાણો જાડો છે. એમ વસ્ત્ર એવું છે એમ નથી કહેતા... તાણાવાણા. સમજ્યા ? દોરી સૂતર એ પાતળું છે... આ જાડું છે. તો એ તાણાવાણા માત્ર પર્યાયનયનો વિષય છે. એક નય અંદર આવ્યો... સમજાણું કાંઈ ? પર્યાયનયમાં પણ ઘણા ભેદ પડશે. કર્તાનય, ભોક્તાનય, અકર્તાનય, અભોક્તાનય... આહા...હા ! પણ અહીંયાં તો આ પર્યાય બધી સામાન્ય છે. એને પર્યાયનય જાણે. વસ્ત્રને જેમ તંતુમાત્રથી જાણે એમ પર્યાય માત્રથી જાણે. એ નયને પર્યાયનય કહે છે. આહા...હા !

આ તો ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમાત્માની આ દિવ્યધ્વનિ છે. છે ને...! 'પ્રવચનસાર' પ્રવચન.. દિવ્ય વચનોનો સાર... આહા...હા ! એમાં પણ સંત 'અમૃતચંદ્ર આચાર્ય' એક બાજુ ૪૭ શક્તિમાં વિકૃત અવસ્થા લે નહિ.... ને એક બાજુ અહીંયાં વિકૃત અવસ્થા પણ એનો – નયનો વિષય છે એમ લે છે. આહા...હા ! આત્મા કર્તાનયથી કર્તા છે. એ કરવા લાયક છે. એવી બુદ્ધિથી કર્તા નહિ. પણ પરિણમન કરે છે એ કર્તા. એવો નય લીધો છે. આહા...હા ! રાગ કરવા લાયક છે. એમ કર્તૃત્વનય નહિ.... પણ રાગનું પરિણમન છે – એ પરિણમન છે, એનો કર્તા... એ અપેક્ષાએ કર્તાનય એની પર્યાયમાં છે... આહા...હા ! સમજાણું કાંઈ ?

એ કરવા લાયક નથી. એ અપેક્ષાએ કર્તા નથી. પણ પરિણમન (છે). એ અપેક્ષાએ કર્તા છે. અરેરે...! એ તો કર્તા–કર્મમાં લઈ લીધું ને ! ('સમયસાર') ૭૩ગાથામાં એમ લીધું છે કે વિકારનો સ્વામી તો કર્મ છે. એમ લીધું છે... જુઓ ! ૭૩ ગાથામાં છે ને ! અહીં કહ્યું કે વિકારી પર્યાય – અવિકારી પર્યાય – અને અનંત ગુણ... એનો અધિષ્ઠાતા–સ્વામી આત્મા છે. આહા...હા ! એ ત્યાં આગળ દર્શન પ્રધાન કથન છે. પણ સાથે જ્ઞાન થયું... એ જ્ઞાન બધાને યથાર્થ જાણે છે. સમજાણું કાંઈ ? જ્ઞાન તો અંશે અંશેને જાણે છે. જેટલા અંશ વિકૃત છે. – જેટલો અંશ અવિકૃત છે. એને પણ નય પોતાનામાં છે એમ જાણે છે. આહા...હા ! પરને લઈને નહિ.

આહા...હા ! સવારમાં આવ્યું હતું ને ! '**परसंग एव**' નહિ '**पर एव**' નહિ. પોતાની પર્યાય પરનો સંગ કરે છે તો વિકૃત હોય છે. પરથી વિકૃત થાય છે એમ નહિ. અને પરના સંગમાં અવિકૃત દશા હોય છે. એમ નહિ. – આહા...હા ! ભાઈ !... આવું સ્વરૂપ છે. બાપુ ! દરિયો છે ! ભગવાન તો અનંત શક્તિનો દરિયો !... અનંતી પર્યાયનો સાગર !... કારણ કે પર્યાય પણ એક સમયમાં અનંતી, એ કેટલી પર્યાય ? પર્યાયનય કેટલી ? પર્યાય કેટલી ? કે ત્રણ લોક ને ત્રણ કાળના સમય કરતાં અનંતગુણી પર્યાય છે... સમજાણું કાંઈ...? આહા...હા ! તો એ બધી પર્યાયને અત્યારે (આ નયના વિષયમાં) લેવી છે. પછી ભેદ પાડીને લેશે.

ભાઈ...! આહા...હા ! પર્યાયનયથી... આહા...હા ! આ ઓલા પ્રોફેસર મેટ્રીકના કલાક કહી જાય. પછી ઓલો (વિદ્યાર્થી) સમજે કે ન સમજે... એમ અહીંયાં વાત નથી... અહીં તો અંદર એક નય સમજવા લાયક વાત છે. આહા...હા ! '**દર્શન–જ્ઞાનાદિ માત્ર છે.**' જુઓ...! દર્શન–જ્ઞાન ને ચારિત્ર એ પર્યાય છે. એ પર્યાયનો વિષય છે. આહા...હા ! ૧૬મી ગાથામાં કહ્યું છે ને ! '**दंसणणाणचरित्ताणि सेविदव्वाणि साहुणा णिच्चं।**' સાધુએ દર્શન–જ્ઞાન–ચારિત્રને સેવવાં એ પર્યાય નયનો વિષય છે. એમાં નીચે લખ્યું છે... 'જયચંદ પંડિતે'... કે ભાઈ આ કેમ કહ્યું આમ ? કે લોકો પર્યાયનયથી સમજે એ અપેક્ષાએ (વાત) લીધી છે... ('સમયસાર' ગાથા ૧૬...)

'**दंसणणाणचरित्ताणि सेविदव्वाणि साहुणा णिच्चं।**
**ताणि पुण जाण तिण्णि वि अप्पाणं चेव णिच्छयदो।।**'

પણ ત્રણથી આત્મા અભેદ વસ્તુ છે. આહા...હા ! આત્માને સેવવો. પર્યાયને સેવવો કહ્યો છે, એ પર્યાય નયથી સમજે માટે કથન છે. આહા...હા ! સમજાણું કાંઈ ? અહીં તો ૧૬મી

ગાથામાં તો ત્યાં સુધી કળશમાં આવ્યું છે કે દર્શન–જ્ઞાન–ચારિત્રની પર્યાય જે ભેદ છે. તે મેલ છે. એમ લીધું છે. શું કહ્યું ? મેચક... કહ્યું. દર્શન–જ્ઞાન–ચારિત્રની નિર્મળ પર્યાયને મેચક કહ્યું. કેમકે ભેદ છે. અને ભેદના લક્ષથી તો રાગ ઉત્પન્ન થાય છે. આહા...હા ! એ અપેક્ષાએ ત્યાં દર્શન–જ્ઞાન–ચારિત્રની પર્યાયને સેવવી... એ પર્યાય નયથી કહ્યું છે. દ્રવ્યનયથી તો આત્મા ભગવાન એકરૂપ છે... એની સેવના કરવી.

આહા...હા ! દ્રવ્યાર્થિકનયનો વિષય ત્યાં ('સમયસાર'માં) છે ને ! ત્યાં (શ્રદ્ધા) પ્રધાન. (શૈલી છે). અહીંયાં તો પર્યાયમાં જેટલી પર્યાય નિર્મળ કે વિકૃત છે. સમ્યક્‌દૃષ્ટિની એની વાત અહીંયાં છે ને...! ભાવશ્રુતજ્ઞાનનો... પ્રમાણનો વિષય... લેવો છે ને ! અહીં અજ્ઞાનીના વિષયની વાત નથી. અને અજ્ઞાનીને નય નથી અને પ્રમાણ પણ નથી. સમજાણું કાંઈ ? એની વાત અહીંયાં છે જ નહિ. અહીંયાં તો શ્રુતજ્ઞાન પ્રમાણથી આખું દ્રવ્યને પર્યાય... બેય જાણવામાં આવે છે. એવો સમ્યક્‌જ્ઞાનનો વિષય લીધો છે. આહા...હા ! આ તો વખત લેવો જોઈએ. ભાઈ ! થોડી નિવૃત્તિ લેવી જોઈએ. આ વખત ચાલ્યો જાય છે... એ તો સ્થિતિ પૂરી થાય તે સમય થવાની. તેમાં ફેરફાર ત્રણકાળ ત્રણલોકમાં ન થાય. આહા...હા !

(કોઈ માને) કે ધ્યાન રાખીએ તો આમાં આયુષ્ય વિશેષ રહે. ખાવા–પીવાનું ધ્યાન રાખીએ તો આપણી અવસ્થા નીરોગ રહે. એ બધી ભ્રમણા છે... હોં ! આહા...હા ! જે સમયે દેહ છૂટવાનો કાળ છે (તે નિશ્ચિત છે) ખરેખર તો આયુષ્યને લઈને રહ્યા તેમ કહેવું... એ પણ વ્યવહાર છે. પણ આત્મા પોતાની યોગ્યતાથી (રહ્યો). એટલો કાળ એમાં રહેવાની યોગ્યતા હતી. આયુષ્યના કારણે કહેવું તે તો નિમિત્તનું કથન છે. આહા...હા ! સમજાણું કાંઈ ? આયુનો ક્ષય થયો માટે દેહ છૂટી ગયો એ વ્યવહાર કથન છે. એમાં રહેવાનો સમય એટલો જ હતો. એ સમય (થતાં) છૂટી ગયો. બીજા જનમમાં ગયો. આહા...હા !

અહીં કહે છે કે પર્યાયમાત્રથી જુઓ તો તંતુમાત્રની માફક... દર્શન–જ્ઞાનાદિ માત્ર છે. દર્શન–જ્ઞાન આદિ એટલે દર્શન–જ્ઞાન–ચારિત્ર આદિ પર્યાય... અહીં પર્યાય લેવી છે. હોં ! દર્શન–જ્ઞાન–ચારિત્ર ગુણ ત્રિકાળ એ ન લેવા. ત્યાં જે સમ્યક્‌દર્શન–જ્ઞાન–ચારિત્ર, જે મોક્ષનો માર્ગ છે, એ પર્યાય લેવી છે. અહીંયાં મોક્ષનો માર્ગ પર્યાય છે. સિદ્ધ પણ પર્યાય છે. કેવળજ્ઞાન પણ પર્યાય છે. ગુણ નહિ. આહા...હા ! છતાં શાસ્ત્રમાં એવી ભાષા આવે કે ગુણ સમ્યક્‌દર્શન ગુણ એમ કહે, પણ ગુણ નથી. એ તો અવગુણનો પર્યાય નાશ થયો તો ગુણ કહેવામાં આવ્યો. છે તો પર્યાય... ક્ષણિક સમકિત હોં !

કેવળજ્ઞાન પણ એક સમયની પર્યાય, અને એક સમયની પર્યાયને નાશવાન કહી છે. કેવળજ્ઞાનની એક સમયની મુદત છે... નાશવાન છે. ભગવાન આત્મા ત્રિકાળ... પણ ઓલો નાશવાન–પર્યાયનો વિષય છે. સમજાણું કાંઈ ? કેવળજ્ઞાન પણ પર્યાયનો વિષય છે. કોને ? એને (કેવળીને) નહિ... એને તો થઈ ગયું. શ્રુતજ્ઞાની સાધકને માટે વાત છે. કેવળજ્ઞાનીને એક વ્યવહાર નય છે. એમ નથી. જે શ્રુતજ્ઞાની સાધક છે, એને એ કેવળજ્ઞાનની પર્યાય વ્યવહારનયનો વિષય છે. પ્રમાણજ્ઞાનનું (કાર્ય) પૂરું થઈ ગયું આહા...હા ! સમજાણું કાંઈ ?

એમ તો ચૌદમા ગુણસ્થાન સુધી હજી અસિદ્ધભાવ છે. સિદ્ધ પર્યાય થઈ નથી. એટલો અસિદ્ધભાવ છે. ચૌદમા ગુણસ્થાન સુધી... એ પણ પોતાની પર્યાયની યોગ્યતાથી છે. ચાર અનુજીવી કે પ્રતિજીવી ગુણને ઘાતક પોતાની પર્યાય છે એ સમયે – ચાર પ્રતિજીવી ગુણ છે. એનો ઘાત કર્યો છે, એમ નહિ. અઘાતિ કર્મથી પ્રતિજીવી ગુણનો ઘાત થયો એમ નથી. પોતાની પર્યાયની પરિણતિ એવી છે તો ઘાત થયો છે... આહા...હા ! નિમિત્ત શું કરે ? (તે) પરચીજને અડતું નથી. ત્યાં તો ચૌદમા ગુણસ્થાન સુધી અસિદ્ધ કહ્યું. અને અહીં ચોથે–પાંચમે એમ કહેવું કે રાગ ને દુઃખ છે જ નહિ. સમજાણું કાંઈ ?

ચૌદમા ગુણસ્થાન સુખી હજી સિદ્ધ પર્યાય નથી. તો અસિદ્ધભાવ ઉદયભાવમાં લીધો... ઉદયભાવના બોલ આવે છે ને ! એકવીસ.. કેટલા ?... અઢાર કોના ? અઢાર ક્ષયોપશમનાં. ઉદયના કેટલાં ? એકવીસ... હા... એકવીશ ને ક્ષયોપશમના અઢાર. ઉદયભાવના એકવીસમાં – અસિદ્ધભાવ લીધો છે. એ ઉદયભાવ છે. એ તો ચૌદમા સુધી હજી ઉદયભાવ છે. પોતાના કારણે છે. એ પર્યાયનયનો વિષય છે. આહા...હા ! દર્શન–જ્ઞાન–ચારિત્ર... અમૃતની... આનંદની પર્યાય વગેરે પર્યાય છે. એ પર્યાયના જાણવાવાળા નયને પર્યાયનય કહેવામાં આવે છે.

આત્મા પર્યાયનયથી દર્શન–જ્ઞાન–ચારિત્ર આદિ માત્ર છે. જેમ વસ્ત્ર તંતુમાત્ર છે. તેમ. બે નય થયા – બે. હવે ૭ નય લે છે, – જરી સૂક્ષ્મ, અસ્તિ, નાસ્તિ, અસ્તિ–નાસ્તિ, અવક્તવ્ય, અસ્તિ અવકતવ્ય, નાસ્તિ અવકતવ્ય, અસ્તિ નાસ્તિ અવકતવ્ય, પણ એ પણ એક નય છે... સમજાણું કાંઈ ? આત્મદ્રવ્ય અસ્તિત્વ – અસ્તિત્વનયથી છે (આ) નયથી સ્વદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી અસ્તિત્વવાળું છે. એક સિદ્ધાંત પહેલાં લીધો. કે આતમદ્રવ્ય (છે) તો આતમદ્રવ્ય કોણ ? કે અનંત ગુણ અને અનંતી વિકૃત અને અવિકૃત પર્યાયનો સમુદાય તે આત્મા, તેનો અધિષ્ઠાતા–સ્વામી તે આત્મદ્રવ્ય... તે આત્મ દ્રવ્ય.. સ્વદ્રવ્ય પોતાના દ્રવ્યથી છે – પોતાના ક્ષેત્રથી છે – પોતાના કાળથી છે – પોતાના ભાવથી છે... એ અસ્તિત્વવાળા છે. દૃષ્ટાંત આપે છે... લોહમય બાણ–બાણ તીર છે ને ! લોહમય આ બાણ... લોહ અને ક્ષેત્ર (બન્ને) કારણ જુઓ...! લોહમયી, પ્રત્યંચા–દોરી અને ધનુષ્યની મધ્યમાં, આ દોરી, અને ધનુષ્ય અને મધ્ય એટલું ક્ષેત્ર. એના આ એટલું ક્ષેત્ર, બે સંધાન દશામાં રહેલું તે કાળ, એ સમયે એવું રહ્યું. ને એ એનો સ્વ સમય છે. એમ રહ્યું તે સ્વ–સમય એનો કાળ છે. એ કાળે એમ રહ્યું, રહ્યું એટલું હોં ! બસ આખું બાણ લોહમય, ક્ષેત્ર એટલું પહોળું, આ દોરીની વચમાં આખું ક્ષેત્ર. અને કાળ–સમય અને ભાવ નીકળી ગયું પાછું. એ સન્મુખ થયું એ ભાવ. સમજાણું કાંઈ ?

એવી રીતે આત્મા અસ્તિત્વનયથી સ્વચતુષ્ટયથી પોતાના આખા દ્રવ્યથી છે. એ આ દ્રવ્યમાં ગુણને પર્યાય સહિત દ્રવ્ય એ અહીંયાં ન લેવું. દ્રવ્ય લેવું. સ્વદ્રવ્યથી છે. શું કહ્યું એ...? જે અહીંયાં આત્મદ્રવ્ય લીધું છે. એ અનંત ગુણનો સમુદાયનો, નયનો વિષય, શ્રુતજ્ઞાન પ્રમાણનો વિષય એ લીધો છે. અને જે સમ્યક્દર્શનમાં દ્રવ્ય લીધું છે. એ એક અંશ જ ત્રિકાળી છે. ભલે છે એ અંશી... પણ નય છે ને ! તો નયનો વિષય અંશ હોય છે. ભલે નિશ્ચયનય હોં ! પ્રમાણનો વિષય બે છે. પણ નયનો વિષય... દ્રવ્યાર્થિકનયનો વિષય ત્રિકાળી એક છે. પણ એ એક અંશ

છે. સમજાણું કાંઈ ? અંશી પણ નયનો વિષય અંશ જ હોય છે. પ્રમાણનો વિષય અંશી હોય છે. એમ અહીંયાં કહે છે કે પોતાના દ્રવ્યથી એટલે વસ્તુ છે. એવું પોતાનું ક્ષેત્ર જે અસંખ્ય પ્રદેશી છે. એ પોતાના ક્ષેત્રમાં છે. પોતાની એક સમયની પર્યાય છે. તે સ્વકાળમાં છે. અને ત્રિકાળી ગુણ એ સ્વભાવમાં છે... સમજાણું કાંઈ...?

કળશ ટીકામાં તો ૨૫૨ કળશમાં તો એમ લીધું છે કે જે પોતાની પર્યાય છે ને તે પરકાળ છે. અને ત્રિકાળી છે તે સ્વકાળ છે. અહીં તો ફક્ત પરદ્રવ્યથી ભિન્ન બતાવવા માટે એક સમયની પર્યાય છે, એને સ્વકાળ કહી, અને ત્રિકાળી ગુણને સ્વભાવ કહ્યો, અને વસ્તુને દ્રવ્ય કહ્યું. પહોળાઈને ક્ષેત્ર કહ્યું. અને ત્યાં તો પરદ્રવ્યની વાત છોડીને પોતાનો આત્મા ત્રિકાળી જે છે. (તેની અપેક્ષા છે). ૨૫૨ કળશ. કળશટીકામાં છે. સમજાણું કાંઈ ?

કળશ ટીકામાં છે... દ્રવ્ય એને કહીએ કે પૂરણ વસ્તુ અને દ્રવ્યમાં ભેદ કરવો એ પરદ્રવ્ય. ક્ષેત્ર અસંખ્ય પ્રદેશી એકરૂપ એ સ્વક્ષેત્ર... ક્ષેત્રમાં ભેદ કરવો કે... આ પ્રદેશ... ને આ પ્રદેશ. એ પર ક્ષેત્ર... કાળમાં ત્રિકાળી વસ્તુ એ સ્વકાળ અને એક સમયની પર્યાય એ અપેક્ષાએ પરકાળ. અને ભાવની અપેક્ષાએ એકરૂપ ભાવ–ત્રિકાળી ભાવ અને એમાં એક ભાવને લક્ષમાં ભિન્ન કરવો... એ પરભાવ... આહા...હા ! એ અહીંયાં નથી લેવું... ત્યાં લીધું છે. એ તો અભેદનું કથન કરવા માટે લીધું છે. અહીંયાં તો પર્યાયમાં જે સ્વકાળ છે. એક સમયનો એ સ્વકાળ લેવો છે. ત્રિકાળને સ્વકાળ અહીંયાં લેવો નથી... આહા...હા ! આવું ઝીણું છે !

ભાઈ ! ભાવ–ગુણ અહીંયાં લેવા છે. ત્રિકાળી ગુણ પણ લેવો છે, એક ગુણ જુદો... એમ નહિ... બધા ગુણ.. એ સ્વચતુષ્ટયથી છે. અસ્તિપણું એક નય છે... આ પણ અસ્તિપણું. સ્વદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી છે. એ પણ એક નય છે... એ પ્રમાણ નહિ... આહા...હા ! પ્રમાણમાં તો બધા દ્રવ્ય–ગુણ–પર્યાય આદિ બધું આવી જાય છે. એને પ્રમાણ કહે છે. અને શ્રુતપ્રમાણથી જાણવામાં આવે છે. (જે) પ્રમેય એને દ્રવ્ય કહે છે....

વિશેષ કહેશે.......

❀ ❀ ❀

અંતરમાં સ્વરૂપ સન્મુખ થવાનો અભ્યાસ કરતાં કરતાં મિથ્યાત્વનો રસ એકદમ ઘટતો જાય છે. અને એવો અભ્યાસ કરતાં કરતાં સ્વરૂપ સન્મુખ થતાં મિથ્યાત્વનો અભાવ થઈ જાય છે. અહીં ઉદ્યમ કરે ને સામે કર્મનો રસ ન ટળે એમ બને જ નહિ. અહીં સમ્યક્ત્વ થયું ત્યાં સામે મિથ્યાત્વ કર્મનો અભાવ થઈ જાય છે. એવો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે. છતાં કોઈ કોઈનું કરતાં નથી. અંતરમાં સ્વરૂપ સન્મુખ થવાનો ઉદ્યમ કરવો તે સમ્યક્ત્વનું મૂળ કારણ છે.

આત્મદ્રવ્ય અસ્તિત્વનયે સ્વદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી અસ્તિત્વવાળું છે : – લોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા અને લક્ષ્યોન્મુખ તીરની માફક. (જેમ કોઈ તીર સ્વદ્રવ્યથી લોહમય છે, સ્વક્ષેત્રથી દોરી ને કામઠાના વચગાળામાં રહેલું છે, સ્વકાળથી સંધાન–દશામાં છે અર્થાત્ ધનુષ્ય પર ચડાવીને ખેંચાયેલી સ્થિતિમાં છે અને સ્વભાવથી લક્ષ્યોન્મુખ છે અર્થાત્ નિશાનની સન્મુખ છે, તેમ આત્મા અસ્તિત્વનયે સ્વચતુષ્ટયથી અસ્તિત્વવાળો છે). ૩.

આત્મદ્રવ્ય નાસ્તિત્વનયે પરદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી નાસ્તિત્વવાળું છે : – અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક (જેમ પહેલાંનું તીર અન્ય તીરના દ્રવ્યની અપેક્ષાથી અલોહમય છે, અન્ય તીરના ક્ષેત્રની અપેક્ષાથી દોરીને કામઠાના વચગાળામાં નહિ રહેલું છે, અન્ય તીરના કાળની અપેક્ષાથી સંધાયેલી સ્થિતિમાં નહિ રહેલું છે અને અન્ય તીરના ભાવની અપેક્ષાથી અલક્ષ્યોન્મુખ છે, તેમ આત્મા નાસ્તિત્વનયે પર ચતુષ્ટયથી નાસ્તિત્વવાળો છે). ૪.

આત્મદ્રવ્ય અસ્તિત્વનાસ્તિત્વનયે ક્રમશઃ સ્વપર દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી અસ્તિત્વનાસ્તિત્વવાળું છે; – લોહમય તેમજ અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા તેમજ દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમજ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને લક્ષ્યોન્મુખ તેમજ અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક. (જેમ પહેલાંનું તીર ક્રમશઃ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાથી લોહમયાદિ અને અલોહમયાદિ છે, તેમ આત્મા અસ્તિત્વનાસ્તિત્વનયે ક્રમશઃ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાથી અસ્તિત્વવાળો અને નાસ્તિત્વવાળો છે). ૫.

આત્મદ્રવ્ય અવક્તવ્યનયે યુગપદ્ સ્વપરદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી અવકતવ્ય છે; – લોહમય તેમજ અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા તેમજ દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલાં, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમજ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને લક્ષ્યોન્મુખ તેમજ અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક. (જેમ પહેલાંનું તીર યુગપદ્ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાથી યુગપદ્ લોહમયાદિ અને અલોહમયાદિ હોવાથી અવકતવ્ય છે, તેમ આત્મા અવકતવ્યનયે યુગપદ્ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાથી અવકતવ્ય છે). ૬.

આત્મદ્રવ્ય અસ્તિત્વ–અવકતવ્યનયે સ્વદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી તથા યુગપદ્ સ્વપરદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી અસ્તિત્વવાળું – અવક્તવ્ય છે; – (સ્વચતુષ્ટયથી) લોહમય, દોરી ને કામઠાના અતરાળમાં રહેલાં, સંધાયેલી અવસ્થામાં રહેલા અને લક્ષ્યોન્મુખ એવા તથા (યુગપદ્ સ્વપરચતુષ્ટયથી) લોહમય તેમજ અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા તેમજ દોરીને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમજ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને લક્ષ્યોન્મુખ તેમજ અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક. (જેમ પહેલાંનું તીર (૧) સ્વચતુષ્ટયની તથા (૧) એકીસાથે સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) લોહમયાદિ તથા (૨) ન કહી શકાય એવું છે.

તેમ આત્મા અસ્તિત્વ અવક્તવ્યનયે (૧) સ્વચતુષ્ટયની તથા (૨) યુગપદ્ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) અસ્તિત્વવાળો તથા (૨) અવક્તવ્ય છે). ૭.

આત્મદ્રવ્ય નાસ્તિત્વ–અવક્તવ્યનયે પરદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી તથા યુગપદ્ સ્વપરદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી નાસ્તિત્વવાળું અવક્તવ્ય છે; – (પરચતુષ્ટયથી) અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને અલક્ષ્યોન્મુખ એવા તથા (યુગપદ્ સ્વપરચતુષ્ટથી) લોહમય તેમજ અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા તેમજ દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમજ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને લક્ષ્યોન્મુખ તેમજ અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક. (જેમ પ્રથમનું તીર (૧) પરચતુષ્ટયની તથા (૨) એકી સાથે સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) પરચતુષ્ટયની તથા (૨) યુગપદ્ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) નાસ્તિત્વવાળો તથા (૨) અવક્તવ્ય છે). ૮.

આત્મદ્રવ્ય અસ્તિત્વ–નાસ્તિત્વ–અવક્તવ્યનયે સ્વદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી, પરદ્રવ્યક્ષેત્ર–કાળ–ભાવથી તથા યુગપદ્ સ્વપરદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી અસ્તિત્વવાળું–નાસ્તિત્વવાળું–અવક્તવ્ય છે; – (સ્વચતુષ્ટયથી) લોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા અને લક્ષ્યોન્મુખ એવા, (પરચતુષ્ટયથી) અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને અલક્ષ્યોન્મુખ એવા તથા (યુગપદ્ સ્વપરચતુષ્ટયથી) લોહમય તેમજ અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા તેમજ દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમજ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને લક્ષ્યોન્મુખ તેમજ અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક. (જેમ પહેલાંનું તીર (૧) સ્વચતુષ્ટયની, (૨) પરચતુષ્ટયની તથા (૩) યુગપદ્ સ્વપર ચતુષ્ટયની અપેક્ષાથી (૧) લોહમય, (૨) અલોહમય તથા (૩) અવકતવ્ય છે, તેમ આત્મા અસ્તિત્વ–નાસ્તિત્વ–અવક્તવ્યનયે (૧) સ્વચતુષ્ટયની (૨) પરચતુષ્ટયની તથા (૩) યુગપદ્ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) અસ્તિત્વવાળો, (૨) નાસ્તિત્વવાળો તથા (૩) અવક્તવ્ય છે). ૯.

આત્મદ્રવ્ય વિકલ્પનયે, બાળક, કુમાર ને વૃદ્ધ એવા એક પુરુષની માફક, સવિકલ્પ છે (અર્થાત્ આત્મા ભેદનયે ભેદ સહિત છે, જેમ એક પુરુષ બાળક, કુમાર અને વૃદ્ધ એવા ભેદવાળો છે તેમ). ૧૦.

આત્મદ્રવ્ય અવિકલ્પનયે, એક પુરુષમાત્રની માફક, અવિકલ્પ છે (અર્થાત્ અભેદનયે આત્મા અભેદ છે, જેમ એક પુરુષ બાળક–કુમાર–વૃદ્ધ એવા ભેદો વિનાનો એક પુરુષમાત્ર છે તેમ). ૧૧.

આત્મદ્રવ્ય નામનયે, નામવાળાની માફક, શબ્દબ્રહ્મને સ્પર્શનારું છે (અર્થાત્ આત્મા નામનયે શબ્દબ્રહ્મથી કહેવાય છે જેમ નામવાળો પદાર્થ તેના નામરૂપ શબ્દથી કહેવાય છે તેમ). ૧૨.

**પ્રવચન : ૨૬-૧૨-૧૯૭૭**

'પ્રવચનસાર' નય અધિકાર ત્રણ નય ચાલ્યા છે. ત્રીજા નયમાં શું કહ્યું ? દરેક આત્મા જે છે. તે પોતાના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી છે. એને લોહ (બાણ)નું દૃષ્ટાંત આપ્યું. અહીંયાં ટૂંકું કર્યું. આ આત્મા જે છે એ દ્રવ્યથી પોતાથી છે. ક્ષેત્રથી અસંખ્ય પ્રદેશી પોતાથી છે. કાળથી એક સમયની અવસ્થાથી છે. ભાવથી સ્વભાવના ગુણરૂપે ભાવથી એક છે. એ પરદ્રવ્યના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી નથી. એ બીજો બોલ છે. પોતાથી છે એ એક નય છે. અને પરથી નથી. એ પણ એક નય છે.

નય એટલે જ્ઞાનનો એક અંશ એ બધા નયોનો સમૂહ તે શ્રુતજ્ઞાન પ્રમાણ અને શ્રુતજ્ઞાન પ્રમાણથી આત્મદ્રવ્ય અનંત ધર્મોનો અધિષ્ઠાતા જે આત્મા. તે શ્રુતજ્ઞાન પ્રમાણ વડે પ્રમેય એટલે કે જ્ઞાત થઈ શકે છે. બીજો બોલ એ ટૂંકો કરી નાખ્યો. પરદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી આતમા નથી. ત્રીજો બોલ પોતાથી છે. અને પરથી નથી. એવો પણ એક નય સાથે લેવો. પોતાથી છે અને પરથી નથી. છે ને ! ક્રમશઃ ક્રમે કરીને પોતાથી છે અને પરથી નથી. એવો ત્રીજો બોલ છે. ચોથો, આત્મા અવકતવ્યનય છે. કેમકે પોતે દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી છે. અને પરદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી નથી. એવું એક સાથે કહી શકાય નહિ માટે તેને અવક્તવ્ય (કહે છે) કથનમાં આવી શકે નહિ એવો એક અવક્તવ્ય નય છે. ચોથો આત્મદ્રવ્ય... અવક્તવ્ય નય... એ આવી ગયું ને...!

અસ્તિત્વ અવક્તવ્યનયે ભગવાનઆત્મા... પોતાના સ્વરૂપ... દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી છે. અને પરથી નથી એવું એક સાથે કહી શકાતું નથી. તેથી અસ્તિત્વ છે અને અવક્તવ્ય છે. પોતાથી છે અને બેપણે એકસાથે કહી શકાય નહિ. માટે અવક્તવ્ય છે.

અસ્તિત્વ અવક્તવ્ય પછીનો બોલ નાસ્તિત્વ–અવક્તવ્ય પરથી નથી એવું નાસ્તિત્વ છે. અને બેને એક સાથે કહી શકાય નહિ, માટે અવક્તવ્ય છે. નાસ્તિત્વ – અવક્તવ્ય... સાતમો બોલ. અસ્તિ–નાસ્તિ અવક્તવ્ય પોતાથી છે. અને પરથી નથી. અને બેને એકસાથે કહી શકાય નહિ માટે અવક્તવ્ય. એ સાતમો બોલ... લાંબું છે. એટલે ટૂંકું કરી નાખ્યું પાછું... ઝટ સમજાય નહિ. સમજાય છે કાંઈ ? એ સાત બોલ થયા. એટલે નવ નય થયા.

કોઈ એમ કહે કે આ આત્મા વસ્તુ જે છે એ પોતાના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી છે. તો એ આખો એમાં આવી ગયો એમ નથી. એક નય છે. ઝીણી વાત છે ભાઈ ! આત્મા અંદર કોણ છે ! એને જાણવો... અનંતકાળ થયો એને કોઈ દિ' જાણ્યો નહિ... બાકી બધાં જાણપણાં.. ડૉક્ટરનાંને વૈદ્યનાં ને શું કહેવાય તમારાં વકીલાતના બધા ડહાપણ કર્યાં. પણ આ આત્મા અંદર ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર, કોને અંદર આત્મા કહે છે ને એ આત્મા જાણ્યા વિના જન્મ–મરણ મટે એવા નથી... એ આત્મા કહે છે કે ભાઈ ! સ્વથી છે. સ્વદ્રવ્ય એટલે વસ્તુ – સ્વક્ષેત્ર પહોળાઈ – સ્વકાળ વર્તમાન દશા – સ્વભાવ ગુણ... તો એમાં ચારેય આવી ગયું.. આખું તત્ત્વ આવી ગયું, – એમ નથી – એ પણ એક નયનો અંશ છે. એ સ્વથી છે. એમ કીધું. અને

પરથી નથી એ પણ એક નયનો અંશ છે. – આવી વાતું છે બાપુ !

અંતર ધર્મ... બહુ મોંઘો.. લોકોને ક્યાં પડી છે ? આ દુનિયાના કામકાજ આડે નવરાશ ક્યાં છે, – આમાં અનંતકાળમાં ચોર્યાશીના અવતાર કરી કરીને મરી ગયો છે. આ માણસપણું તો અત્યારે અનંતકાળે મળ્યું... એ કીડા–કાગડા–કૂતરા–કંથવા એવા ભવ તો અનંત–અનંત કર્યા છે... ભાઈ ! અનાદિનો આત્મા છે – એ ક્યાં રહ્યો ? પણ અંદર વસ્તુ તો શાશ્વત (સ્વભાવ) અનાદિનો... શાશ્વત આત્મા છે. એ રહ્યો ક્યાં ? તો એ ચારગતિમાં રખડવામાં રહ્યો. આહા...હા !

આ ભવમાં રખડવાનું જેને ટાળવું હોય તો એને આત્મા કેવી ચીજ છે એનો અનુભવ કરવો પડશે... આહા...હા ! બીજા અનુભવ છોડી દઈને એ ભગવાન અતીન્દ્રિયજ્ઞાન અને આનંદના ભાવવાળું એ દ્રવ્ય છે. દ્રવ્ય કીધું ને ! ભાવવાળું દ્રવ્ય છે... અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર છે. અનંત ગુણનો ભાવ છે. અને એક ગુણની વર્તમાન પર્યાય છે તે સ્વકાળ છે. એ પર્યાયમાં વિકારી ને અવિકારી બધી લેવી. સમજાય છે કાંઈ ?

આ દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવમાં પર્યાય જે સ્વકાળ છે. એમાં વિકારી અને અવિકારી બેય પર્યાય લેવી. એ પર્યાય સ્વકાળ પોતાથી છે. પરથી નથી. એનો અર્થ આવી ગયો કે કર્મને લઈને વિકાર નથી. પર પદાર્થને લઈને એમાં વિકાર નથી. વિકાર પોતની પર્યાયના સ્વકાળને લઈને પોતામાં છે. આહા...હા ! અહીંયાં એ સાતને પૂરા કરીને હવે, દસમો બોલ...

પહેલાં બે નય કહ્યા હતા ને ! દ્રવ્ય અને પર્યાય તો... દ્રવ્ય ને પર્યાયમાં આખું દ્રવ્ય ન આવી જાય.. એમ કહે છે. નહિતર તો આમ દ્રવ્ય–વસ્તુ અને પર્યાય – એટલે એક સમયની અવસ્થા... બાકી શું રહ્યું ? પણ એ તો એક નય છે... અંશ છે. સમજાણું કાંઈ ?

એના જેટલા નયના ભેદ છે. એ સમૂહ શક્તિનું શ્રુતજ્ઞાન તે શ્રુતજ્ઞાન વડે ભગવાન અંદર આનંદનો નાથ પ્રભુ... એનું જ્ઞાન થઈ શકે છે. આહા...હા ! આવી વાતું... હવે લોકો બચારા ભગવાનની ભક્તિ કરો... ને નામ સ્મરણ કરો, – એ બધી રાગની ક્રિયા (છે). બાપુ ! એ આત્મા નહિ. આહા...હા ! એની પર્યાયમાં છે પણ ક્યારે ? એનું જ્ઞાન થાય ત્યારે. મારી પર્યાયમાં રાગ છે – એવું એને જ્ઞાન થાય. (ત્યારે) સમજાણું કાંઈ ? એ અહીંયાં હવે દસમો બોલ છે ને !

દસમો બોલ... આત્મદ્રવ્ય... એ ક્યું લેવું દ્રવ્ય ? આત્મા વસ્તુ છે ને ! પદાર્થ છે ને ! તત્ત્વ છે ને ! જેમ આ (શરીર) માટી છે. એ જડ છે ને ! તો છે... એનું જ્ઞાન કરનારું તો ચૈતન્ય તત્ત્વ છે. આને શરીરને કાંઈ ખબર નથી કે હું માટી છું... કે જડ છું... એને જાણનારું જે અંદર તત્ત્વ છે. જેની ભૂમિકામાં – જેની સત્તામાં પર્યાય – શરીર આ – એવું જણાય છે... એવી ચૈતન્ય સત્તા... એને અહીંયાં કહે છે કે સવિકલ્પનયે જો જોઈએ... આહા...હા ! એ આત્મ દ્રવ્યમાં, અનંતગુણને અનંતી પર્યાયનો અધિષ્ઠાતા તે આત્મદ્રવ્ય. પહેલામાં એમ લેવું, સમજાણું કાંઈ ? ભાઈ આ તો અનંતકાળનો અજાણ્યો માર્ગ (છે). એ માર્ગે ગયો નથી. આહા...હા ! દુનિયાના ડહાપણ કર્યાં.

આ આત્મા અંદર... ચીજની કિંમત ન કરે ત્યાં સુધી પર ચીજની મહિમા જશે નહિ અને

પરની કિંમતની મહિમા ન જાય તો આત્માની મહિમા થશે નહિ... આહા...હા ! આવી વાતો અંદર છે... પ્રભુ ! આત્મા. આતમદ્રવ્યની આ વ્યાખ્યા કરી... કે એમાં જે અનંત જ્ઞાન–દર્શન.. વસ્તુ છે ને ! એમાં વસેલા – રહેલા ગુણો છે... એ ગુણનું... એક એક ગુણનું રૂપ છે. જ્ઞાન તો બેહદ અનંત સ્વભાવ – અનંતજ્ઞાન છે. આનંદ તો અનંત છે.... શ્રદ્ધાનો સ્વભાવ પણ અનંત છે. શાંતિ એટલે અકષાય ચારિત્ર દશા... શક્તિ હોં ! ચારિત્ર એટલે અકષાય શક્તિ પણ અનંત છે. આહા...હા ! એવા...એવા... અનંત ગુણો... એનું... એક એક ગુણનું અનંત રૂપ અને સ્વરૂપ છે. એવા અનંત ગુણ અને અનંત પર્યાયોને ધારણ કરનારો એક આત્મદ્રવ્ય છે. પરની હારે અહીં કાંઈ સંબંધ નથી. આમાં તો એ આવ્યું કે કર્મને લઈને વિકાર થાય નહિ. પરની પર્યાયથી પોતાની પર્યાય થાય નહિ. આ એમ આવ્યું કે નહિ ? આહા...હા !

એમ પર દ્રવ્યના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવમાં આ શરીરના રજકણો છે. આ જુઓ ! આ તો એક ચીજ નથી. એના ટુકડા થતાં થતાં – છેલ્લો પોઈન્ટ... જેના બે ભાગ ન થાય તેને પરમાણુ કહે છે. પરમાણુ... છેલ્લામાં છેલ્લો નાનો ભાગ... એવા અનંતા ભેગા થઈને આ આંગળી થઈ છે. એમાં એક એક રજકણ જે છે... એ પોતાના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી છે. પણ આત્માના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી નથી. શું કહ્યું એ... ? આત્માની પર્યાયમાં સ્વકાળે રાગ આવ્યો. જ્ઞાતાની વાત છે. હોં !

રાગને લઈને આંગળી આમ હાલે છે એમ નથી... એ આંગળીની હાલવાની પર્યાય પરમાણુની, પોતાની પોતામાં સ્વકાળમાં થાય છે. આત્માના રાગના સ્વકાળે... અને આની અપેક્ષાએ... પરકાળે.. એ... આ આંગળી હાલતી નથી. આ – આવી વાતો બાપુ... ! એ ચમત્કારિક વસ્તુ છે. અંદર – દરેક પદાર્થ ચમત્કારિક વસ્તુ છે. આહા...હા ! એ અહીંયાં પોતે (સ્વચતુષ્ટય) સ્વના કહ્યા. એમ પરના લઈ લેવાં. પરપદાર્થના પણ દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ એના અસ્તિથી છે. અને બીજાના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી તે પદાર્થ નથી. એવું એને જ્ઞાનમાં બરાબર બેસે ત્યારે એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય. એ દ્રવ્ય ક્યું અત્યારે ? અત્યારે ક્યું એમ ? સમકિતના વિષયનું દ્રવ્ય છે. એ એકરૂપ દ્રવ્ય... આ તો અનંતા ગુણો – શક્તિઓ આવી અને એની એક સમયની અનંતી પર્યાયો... વિકારી કે અવિકારી બધાનો સમુદાયનો સ્વામી આત્મા... તેને અહીં દ્રવ્ય કહેવામાં આવે છે.... આહા...હા ! આવી વ્યાખ્યા... !

આ ધર્મ તે કેવો હશે ? ઓલો (લૌકિક ધર્મ) તો કહે... બીજાની દયા પાળવી અને ભૂખ્યાને આહાર દેવો. તરસ્યાને પાણી દેવું. સમજાય તો ખરું... શું ધૂળ સમજવું એમાં...! એવું તો અનંતવાર માન્યું છે. અને કર્યું છે. પણ એમાં આત્માનું કલ્યાણ થયું નહિ. દાળીયા કાંઈ ન થયા એમાં !

સકરકંદ એ સાકરની મીઠાશનો પિંડ છે. અંદર...ફોતરાં – જે લાલ છાલ છે, – એનાથી ભિન્ન જોતાં એકલો સાકરની મીઠાશનો દળ છે. એમ ભગવાનઆત્મા... એને આ શરીર ન જુઓ, – કર્મ ન જુઓ – પુણ્ય–પાપ–વિકારની છાલ ન જુઓ, – આહા...હા ! તો એ છાલની પાછળ અતીન્દ્રિય આનંદનો કંદ (છે). જેમ શકરકંદ છે. એમ આ અતીન્દ્રિય આનંદનો કંદ છે. કે દિ' આ... સાંભળ્યું હોય ! સમજાણું હોય ! એ અતીન્દ્રિય આનંદનું દળ છે. એ... અંદર ! દળ એ

આત્મા, અહીં એક જ ગુણ ન લેતાં – અનંતા ગુણો... આનંદ છે. એક એનો ગુણ – અને અનંતી એની પર્યાયો, અવસ્થાઓ, હાલત, એ બધાનો સમુદાય તરીકે દ્રવ્ય કહેવામાં આવ્યું છે. એ આત્મદ્રવ્ય (છે) પહેલાં દસમો બોલ... સવિકલ્પ નયે શું કહે છે ?

ભગવાન આત્મા એને ભેદ નયથી જુઓ તો (ભેદરૂપે છે). (જેમ) બાળક–કુમાર અને વૃદ્ધ એની અવસ્થા બાળ–યુવાનને વૃદ્ધ. ત્રણ અવસ્થાઓ થાય છે. શરીરની નહિ. એની પોતાની અવસ્થામાં બાલક–કુમાર અને વૃદ્ધ ત્રણ હોય છે. સમજાણું કાંઈ ? ભેદનયે માણસ જેમ એક છે. પણ એની ત્રણ અવસ્થાથી ત્રણ પ્રકાર કહેવાય. કે આ બાળ–યુવાનને વૃદ્ધ આ માણસ તરીકે ત્રણમાં એક છે. એ માણસ બાળ છે, એ માણસ યુવાન છે – અને એ માણસ વૃદ્ધ છે. એમ આત્મા છે.

વિકલ્પનયે બાળ–યુવાન અને વૃદ્ધની માફક સવિકલ્પ છે. આત્મા ભેદનયે ભેદ સહિત છે. જેમ એક પુરુષ બાળક–યુવાનને વૃદ્ધ (એમ) ભેદવાળો છે. આહા...હા ! બીજી રીતે લઈએ તો આ આત્મા – પોતાનું જ્ઞાન નથી અને અજ્ઞાન છે. રાગનો વિકલ્પ જે ઊઠે છે. રાગ અને શરીર એને પોતાનો માને છે. ત્યાં સુધી બાળ છે. આહા...હા ! અને જ્યારે મારું અંતરસ્વરૂપ શુદ્ધ–ચૈતન્યઘન છે. રાગના – શરીરના ભાગથી મારી ચીજ ભિન્ન છે. એમ અંતર આત્માનું જ્ઞાન કરે ત્યારે યુવાન કહેવામાં આવે છે. આહા...હા ! અને એ આત્મામાં જ્યારે પૂર્ણ આનંદની દશા – કેવળજ્ઞાનદશા પરમાત્મદશા થાય તેને આત્માની વૃદ્ધ – પાકી દશા કહેવામાં આવે છે. આવી વાતો...! કેવી પણ આ...? આની (શરીરની) અવસ્થા તો ઠીક આ જડની (છે) એ બાળક છે, ...એ વૃદ્ધ છે, એ યુવાન છે, એ માંસના હાડકાંની ચીજની દશાઓ છે. પણ અંદર આત્માને જ્યાં ત્રણ પ્રકારે વિચારીએ (તો) અજ્ઞાનપણે બાળ છે, જ્ઞાનપણે યુવાન છે, અને પરિપૂર્ણદશા પ્રાપ્ત થતાં તે વૃદ્ધ છે... એ ભેદનયે ત્રણ પ્રકાર છે. આહા...હા ! સમજાણું કાંઈ ?

આ દુનિયા કેમ કરે છે – એ તો બાપુ જાણીએ છીએ કે નહિ ? જેમ પુરુષ બાળક–યુવાન–વૃદ્ધ એવા ભેદવાળો છે. તેમ આ તો અધ્યાત્મ ઉતાર્યું છે ભાઈ...! અંદર ભગવાન સત્‌ચિદાનંદ પ્રભુ પોતે પોતાના ભાન વિનાનો, રાગ ને પુણ્ય ને શરીર મારાં અને મારી ચીજ છે (પણ) તે હું નહિ... અને આ મારામાં નથી તે મારાં – એવી દશાને બાળ અવસ્થા – અજ્ઞાન અવસ્થા (કહી). આહા...હા ! અને એ અવસ્થા રાગાદિની (મારી) નહિ. હું તો ચૈતન્ય આનંદ સ્વરૂપ છું – એવું આત્માનું અંતર જ્ઞાન થતાં એને યુવાન કહેવામાં આવે છે – એ એની સ્થાયી યુવાની (છે). આ શરીરમાં યુવાની ફાટે છે ને ! ૨૫ વર્ષનો યુવાન ! ને આમ બધી ઇન્દ્રિયો પુષ્ટ ને લઠ્ઠ–પઠ્ઠ ! ને જડ જડ આ બધું ધૂળ ! એમ આત્માની યુવાની તો એને કહીએ... ભાઈ ! બીજી જાત છે, આ દુનિયાથી બધી. દુનિયા કહે છે એ જાણ્યું ને બધું....! આહા...હા !

સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ, જેને એક સેકંડના અસંખ્યમા ભાગમાં ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન હતું. એ સર્વજ્ઞ ભગવાનની વાણીમાં આવ્યું – એ આ વાત છે. આહા...હા ! પરમેશ્વર વીતરાગ પરમાત્મા એમ કહે છે, (તે) સંતો આડતિયા થઈને ભગવાનનો માલ આપે છે કે પ્રભુ તને એક વાર જો ભેદથી જોઈએ તો તારામાં બાળ–યુવાનને વૃદ્ધ એવા ત્રણ પ્રકાર

દેખાય. સમજાય છે ! પર્યાયથી – ભેદથી જોઈએ તો છે. ઓલામાં એકલી પર્યાય આવી હતી. એવો ભેદ ઓલામાં પર્યાય હારે હતી આમ, અને આ ભેદ છે, એ એક પછી એક શું કીધું ? ઓલા દ્રવ્યનય ને પર્યાયનય તો હારે હતા. પર્યાય હારે – અને દ્રવ્ય હારે – અને આ છે, તે હારે નહિ. બાળ વખતે યુવાન નહિ... ને યુવાન વખતે વૃદ્ધ નહિ... ને વૃદ્ધ વખતે યુવાન નહિ... ને બાળ નહિ. એ અપેક્ષાનો નય લીધો છે.

આહા...હા ! ગજબ વાત છે ! એ વિકલ્પનયે એટલે ભેદનયે ભેદ રૂપ છે. એ પણ એક નય છે... જાણવા લાયક એક નયનો અંશ છે. ભેદપણે પણ જાણે એવો એક નય છે. એક નયથી આખું તત્ત્વ નહિ જણાય... કારણ કે આખા તત્ત્વમાં તો અનંતગુણો અને અનંતી પર્યાયો છે. એથી તે બધા નયોનો સમુદાય ભાવશ્રુતજ્ઞાન, જેમાં આનંદની દશા આવે, જે શ્રુતજ્ઞાનથી આત્માને જાણતાં, જેને અંતરમાં અતીન્દ્રિય આનંદ આવે, અતીન્દ્રિય આનંદ જે કીધો ને – સકરકંદ – એમ અતીન્દ્રિય આનંદનો પિંડ છે. એનો શ્રુતજ્ઞાનમાં આનંદ ને શાંતિનો સ્વાદ આવે. શાંતિનો એટલે ચારિત્રનો, આનંદનો એટલે સુખનો. આહા...હા ! આમાં સમજવું કઠણ પડે... બાપુ ! મારગ આવો છે. ભાઈ !

અનંતકાળ રખડી રખડીને મરી ગયો છે. 'અનંતકાળથી આથડ્યો, વિના ભાન ભગવાન, સેવ્યા નહિ ગુરુસંતને મૂક્યા નહિ અભિમાન.' આહા...હા ! શું ચીજ છે ? અને એની દશા શું છે ? અને એમાં વિકાર કેમ થાય છે ? છતાં તે વિકારરહિત સ્વરૂપ છે. એ એણે જાણવાનો પ્રયત્ન કર્યો નથી. એ આ સંસારનાં ડહાપણ બધાં ડહોળ્યાં. પચીસ–પચીસ વર્ષ સુધી ભણતર કરે અને એમ.એ. સુધીનાં પૂંછડાં વળગાડે, ને ડૉક્ટર અને આ વકીલ છે, તે એલ.એલ.બી. (નાં પૂંછડાં) વળગાડે, પણ આત્મજ્ઞાન એણે કદી કર્યું નથી. આહા...હા !

એ આત્મા અંદર ભગવાન સ્વરૂપે પ્રભુ ! એને જો. ભેદનયથી – ત્રણ પ્રકારની અવસ્થાથી. એ આ અવસ્થા ક્રમસર લેવાની છે. ઓલી જે પર્યાય હતી... તે એકસાથે હતી... અને આ ભેદમાં ક્રમ લેવાનો છે. એવા ભેદને જોઈએ તો તે ત્રણ અવસ્થારૂપ છે. એ નવ. દસમો (નય) દસ થયા. આતમદ્રવ્ય એ આ લેવું – અનંત ગુણ અને અનંત શક્તિઓ, અનંતી પર્યાયોના સમુદાયનો અધિષ્ઠાતા ને સ્વામી... તે દ્રવ્ય આહા...હા ! આતમદ્રવ્ય અવિકલ્પનયે–અભેદદૃષ્ટિએ – ભેદ ન પાડતાં. એક પુરુષની માફક (અભેદ છે) બાળપણે પણ પુરુષ, યુવાનપણે પણ પુરુષ, અને વૃદ્ધપણે પણ પુરુષ બસ. પુરુષ – પુરુષ ને પુરુષ એમાં ભેદ ન આવ્યો... બાળ–યુવાન ને વૃદ્ધ એમાં ભેદ આવ્યો. પણ પુરુષ તરીકે એમાં ભેદ ન આવ્યો. પુરુષ એ બાળ પુરુષ એ યુવાન પુરુષ, એ વૃદ્ધ બધે પુરુષ–પુરુષ–પુરુષ જોયો, એમ આત્મામાં. આ તો દૃષ્ટાંત (થયું). પુરુષ માટે અવિકલ્પ છે. અભેદનયે આત્મા અભેદ છે. આહા...હા ! એવા ત્રણ ક્રમથી અવસ્થા વિનાનો અભેદ સ્વરૂપ છે. આહા...હા ! આવી વાતો હવે... સમજાણું કાંઈ ?

ભાઈ ! આતમજ્ઞાનની ઝીણી વાતો છે. એણે અનંતકાળમાં એ કર્યું નથી... આતમદ્રવ્ય અભેદનયે, એ પર્યાયના ક્રમના ભેદથી ન જુઓ, તો બાળ–યુવાન ને વૃદ્ધ પુરુષના ત્રણ પ્રકારથી ન જુઓ, તો પુરુષ–પુરુષ–પુરુષ–પુરુષ અભેદ એક પુરુષ છે. એમ આત્મામાં અજ્ઞાન – સમકિત અને

પૂર્ણ (દશા), એવા ત્રણ ભેદ ન જુઓ તો અભેદ છે. એ એકરૂપ વસ્તુ છે. આહા...હા ! સમજાણું કાંઈ ? અગિયાર(મા નયમાં) આવ્યું ને આતમદ્રવ્ય અવિકલ્પનયે એક પુરુષમાત્રની માફક અવિકલ્પ, અભેદ છે.

આત્મા–આત્મા–આત્મા એવા બાળ–યુવાન ને વૃદ્ધ એ તો ત્રણ ભેદ હતા. પણ આત્મા અજ્ઞાની, આત્મા જ્ઞાની, આત્મા સર્વજ્ઞ, એ તો (ભેદ થયા, છતાં) આત્મા એક અભેદ રૂપ રહ્યો.... સમજાણું કાંઈ ? આ અભેદ (નય) છે, એ પણ જ્ઞાનનો એક અંશ છે. એટલે બાળપણું જાણવામાં આવે, પણ બાળપણું એને હોય નહિ. આ નયથી જોનારને, અવિકલ્પનયથી જોનારને, બાળપણું પર્યાયમાં ન હોય. બાળપણું વીતી ગયું. એવું જ્ઞાન કરે... અજ્ઞાનપણું ગયું એવું જ્ઞાન કરે, પણ અજ્ઞાનપણું છે એ જ્ઞાન પછી આમાં ન આવે. આહા...હા ! સમજાણું કાંઈ ? આહા...હા !

એમ દુનિયામાં નથી કહેવાતું કે – 'પરખ્યાં માણેક મોતીડા – પરખ્યા હેમ–કપૂર પણ એક ના પરખ્યો આતમા – જ્યાં લગી રહ્યો દિઙ્મૂઢ.' હીરા માણેકની પરીક્ષા કરી – પરખ્યા માણેક મોતીડા – પરખ્યા હેમ–કપૂર – પણ એક ના પરખ્યો આતમા... કોણ છે આ ? શું છે આ ! ત્યાં દિઙ્મૂઢ – દિઙમૂઢ એટલે દિશામૂઢ, કઈ દિશાએ જાવું ? કંઈ ખબર ન પડે. આહા...હા ! કોઈ એને શરણ નથી !... શરણ એને આત્મા (છે). અંદર આનંદનો નાથ છે – એની સામે જોવું નથી.

અહીં કહે છે કે એની સામું જોતાં એક નયે તો પ્રભુ અભેદ છે. એમાં સમકિત – મિથ્યાત્વ અને કેવળજ્ઞાન એવા ભેદો વસ્તુમાં નથી. મિથ્યાત્વ ગયું – સમકિત થયું. કેવળજ્ઞાન થશે. એવા ભેદો વસ્તુમાં નથી. આહા...હા ! કેવી વાત છે. એવી વાત કોઈ દિ' સાંભળી નથી.

આહા...હા ! ચૈતન્ય પ્રકાશનો પૂર ! પણ આત્મા ચૈતન્યનો પ્રકાશ ! જેમ આ સૂરજનો પ્રકાશ છે, આ પ્રકાશ તો જડ છે. જડના પ્રકાશને જાણનારો ચૈતન્ય પ્રકાશ છે કે, આ જડ છે ! ને હું જ્ઞાન છું – એવા ચૈતન્ય પ્રકાશના નૂરનું પૂર અંદર ભર્યું છે. આહા...હા ! અરેરે...! અહીંયાં કહે છે કે એવો જે આત્મા અભેદનયથી જોઈએ તો ત્રણ ભેદ એમાં દેખાય નહિ. એક નયે ત્રણ ભેદ છે. ને એક નયે ત્રણ ભેદથી અભેદ છે – એ બધા નયોનો સમુદાય કરીને શ્રુતજ્ઞાન થાય જે આનંદની દશાવાળી શ્રુતજ્ઞાનદશા, એ દ્વારા આત્મા પ્રમેય થઈ શકે છે. એ દ્વારા આત્મા જાણી શકાય છે. આહા...હા ! ભારે ! સમજાણું કાંઈ ?

અભેદનયે આત્મા અભેદ (છે). જેમ એક નયે પુરુષ, બાળક–યુવાન વૃદ્ધ એવા ભેદ વિનાનો, એક પુરુષમાત્ર છે. એમ લ્યો ! અગિયાર (નય) થયા. આ નયોમાં લાંબું હાલે નહિ. ૪૭ શક્તિમાં ૩૩ વ્યાખ્યાન થયાં. ૪૭ શક્તિ તો વસ્તુ છે ને ! અને આ ૨૦ અલિંગગ્રહણમાં ૧૪ વ્યાખ્યાન થયાં. હવે કહે છે કે આત્મા દ્રવ્ય વસ્તુ જે છે. ભગવાન આત્મા તો વસ્તુ છે. એમાં વસેલી– રહેલી શક્તિઓ પણ છે. વસ્તુ એને કહીએ કે – વાસ્તુ એને કહીએ કે – કોઈ મકાન હોય એમાં રહેવું એને વાસ્તુ કહેવાય કે ? કોઈ ઝાડમાં રહેવું એને વાસ્તુ કહેવાય ? વાસ્તુ કે વસ્તુ એમાં રહેવું. એમાં વસવું. એમાં અનંત ગુણો વસેલા છે. ગોમ્મટસારમાં છે. બધા શાસ્ત્રોમાં શબ્દો છે હોં ! વસ્તુ કોને કહેવી કે જેમાં અનંત શક્તિઓ અને ગુણો વસેલા અને રહેલા છે. તેને

વસ્તુ કહીએ. એવું જે આત્મદ્રવ્ય અનંત ગુણ – અનંત શક્તિઓ અને અનંત પર્યાયોનો અધિષ્ઠાતા તે.

નામનયે આતમદ્રવ્ય (શબ્દ બ્રહ્મને સ્પર્શનાર છે) નામનયે... ભાષા જુઓ...! આહા...હા ! કોઈ એમ કહે કે સર્વથા આત્મા કહી શકાય નહિ, એમ નથી. આમાં સમજાણું કાંઈ ? નામનયે ? નામવાળાની માફક નામવાળો, – આ જેમ લક્ષ્મીચંદ છે, હીરાચંદ છે. એ જેમ નામ છે ને. એ નામ નયે શબ્દબ્રહ્મને સ્પર્શનારું છે. ભાષા જુઓ !

શબ્દ જે આ વાણી છે ને વાણી ! આ શબ્દ ઊઠે છે એનાથી કહી શકાય એવું છે. સ્પર્શનારનો અર્થ એનાથી કહી શકાય એવું છે. શબ્દને સ્પર્શી શકે છે. એ પ્રશ્ન અહીં ન લેવો... સમજાય છે કાંઈ ? છે...? નામનયે–નામવાળાની માફક, કહેવાય એમ હીરાચંદ ? કે હા... નામ પાડ્યું છે ને એ. વસ્તુ તો ક્યાં છે ? પણ નામ પાડ્યું છે હીરાચંદ. સપનામાં બોલે તો, એ હીરાચંદ તો હું. હીરાચંદ તો નામ પાડ્યું છે ને ! કે દિ' એ હીરાચંદ હતો. એ તો શરીરનું નામ પાડ્યું છે. છતાં એને હીરાચંદ નામથી જેમ કહી શકાય છે. બીજાથી જુદો પાડવા માટે ઓળખાવી શકાય છે. એમ આત્માને નામનયે – નામવાળાની માફક, શબ્દબ્રહ્મ(થી કહી શકાય એમ છે). ઘણા સારા વ્યાપક શબ્દો (છે) અર્થાત્ આત્મા નામનયે, આત્મા શબ્દબ્રહ્મ નથી, કહેવાય છે. સ્પર્શનારું છે ને ! એનો અર્થ કહેવાય છે એમ લેવું.

શું કીધું એ ? આ શબ્દ છે... જે વાણી એને કંઈ આત્મા સ્પર્શતો નથી. એને અડતો નથી. એક દ્રવ્ય – બીજાને અડતો નથી. એ પહેલી વાત કરી. ત્રીજી ગાથા ('સમયસાર') દરેક વસ્તુ પોતાના ગુણને પર્યાયના ધર્મને ચુંબે છે. પણ અન્ય દ્રવ્યના ધર્મને અને અન્ય દ્રવ્યને ચુંબતો નથી. એ ત્રીજી ગાથા (છે). આહા..હા ! સમજાણું કાંઈ ?

આત્મા ગોળનો સ્વાદ લઈ શકતો નથી એમ કહે છે. ગોળ તો જડ છે. આત્મા અરૂપી છે. એમાં વર્ણ–રસ–ગંધ–સ્પર્શ નથી. પણ એના તરફ લક્ષ કરીને રાગ થાય છે – એને સ્વાદે છે. એમ માને છે કે, ગોળનો સ્વાદ મને આવે છે. એમ અહીંયાં આત્મા શબ્દને સ્પર્શતો નથી. જેમ ગોળને આત્મા અડતો નથી. પણ એના લક્ષથી અંદર રાગ થાય, તેનો સ્વાદ લે છે. એમ નામનયથી શબ્દબ્રહ્મને સ્પર્શનારો નથી; સ્પર્શનારો છે. (એમ) એમાં કહ્યું પણ એનો સ્પર્શનારો નથી, પણ શબ્દ વડે કહી શકાય છે કે 'આ આત્મા'. સાકર છે ને સાકર – એ ત્રણ અક્ષર છે. એ બતાવે છે કોને ? કે... પેલી સાકર વસ્તુને, કે ...આ સાકર છે. એને બતાવે છે. તેમ શબ્દમાં સાકર નથી – તેમ સાકરમાં શબ્દ નથી. સાકર એમાં શબ્દ છે ? શું સાકર છે ? એ તો ગાંગડો છે. બીજો છે – એમ શબ્દમાં આત્મા નથી ને ! શબ્દમાં આત્મા નથી. માટે શબ્દને સ્પર્શતો નથી. એમ કહ્યું પણ શબ્દથી કહેવાય છે. એમ એનો અર્થ છે.

આત્મા એ શબ્દ છે... એનો વાચક છે. આત્મા એ વાચ્ય છે. સાકર શબ્દ છે, સાકર એમ વાચક છે. અને (જે) સાકર છે (તે) તેનું વાચ્ય છે. એ વાચ્યમાં સાકર શબ્દ નથી. સાકર શબ્દમાં વાચ્ય નથી, પણ સાકર શબ્દ દ્વારા સાકર જણાય છે. એમ અહીંયાં શબ્દ દ્વારા આત્મા કહી શકાય છે. આવી વાતો છે. આ કઈ જાતનો ધર્મ આ તે ! આવું ધર્મનું રૂપ કેવું હશે ? બાપુ !

તને ખબર નથી. ભગવાન ! શું કહીએ ? ધર્મનું સ્વરૂપ... આવું છે... કોઈ દિ' સાંભળ્યું ન હોય !... વાડામાં તો બધી વાતું. (એવી કે) દયા પાળો, વ્રત કરો ને અપવાસ કરો – ને જાત્રા કરો – ને ભક્તિ કરો – ને શું કહેવાય ? કર્મદહન (માટે) અંતરાય કર્મની ભક્તિ પૂજા કરો – ને એ તો બધી ક્રિયા જડની છે ને અંદર રાગ કદાચ મંદ હોય તો પુણ્ય છે. એ કોઈ ધર્મ નથી. આહા...હા !

અહીંયાં તો કહે છે પ્રભુ ! આત્મા નામને સ્પર્શનાર – (છે) ભાષા... જુઓ છે. એમાં ! કેટલામી... બારમી (નય છે).

**`नामनयेन तदात्मवत् शब्दब्रह्मामर्शि'** છે ! સંસ્કૃતમાં છે. નામનયે **`तदात्मवत्' शब्दब्रह्मामर्शि', `आमर्शि'** !એટલે સ્પર્શે છે. હવે આમાં તકરાર કરવા જાય છે કે જુઓ શબ્દને સ્પર્શે છે. આમાં શબ્દો તો એવા પડ્યા છે. એક બાજુ એમ કહે છે કે આત્મા પરદ્રવ્યને સ્પર્શી શકે નહિ. શબ્દો જડ છે. મારી ટેપ આ ઊતરે છે ને આમાં આત્મા ઊતરે એમાં ?! આત્મા તો અરૂપી છે. વર્ણ–ગંધ–સ્પર્શ વિનાની અરૂપી ચીજ છે. આમાં ઊતરે...! ધ્વનિ ઊઠે તે જડની છે. એ જડને આત્મા સ્પર્શતો નથી, પણ જડથી આત્મા કહી શકાય છે. એવું નામનિક્ષેપ છે. આહા..હા ! આત્મા કહેતા...ખ્યાલમાં આવે ને ! આત્મા ('સમયસાર') આઠમી ગાથામાં કહ્યું ને... 'સ્વસ્તિ' ત્યારે 'સ્વસ્તિ'માં ન સમજ્યો, ત્યારે કહ્યું કે... સ્વસ્તિ એટલે 'તારું અવિનાશી કલ્યાણ હો'.

સ્વ અસ્તિ... સ્વ તારું સ્વરૂપ છે. એનું અસ્તિપણું (કહ્યું) તેને માનનારો. બ્રાહ્મણ સ્વસ્તિ નથી કહેતા ? આ લોટ માગવા આવે ને ! સ્વસ્તિ – મૂળ એનો અર્થ તો એવો છે. સ્વ અસ્તિ સ્વ એટલે તારું જે સ્વરૂપ છે. તેનું હોવાપણું જે છે. એ તને પ્રગટ થાય. અને તારું અવિનાશી કલ્યાણ થાય, એનો એવો અર્થ છે... આહા..હા ! એમ અહીંયાં સ્વસ્તિ કહેતાં એ સમજ્યો નહિ, ત્યારે એનો અર્થ કર્યો કે... જો ભાઈ તારું અવિનાશી કલ્યાણ હો – એમ એ કહે છે... એમ એને કહ્યું કે આત્મા, – ઓલો સમજ્યો નહિ. – આત્મા કહે છે પણ શું આત્મા ? એ આત્મા અમે એને કહીએ કે જે દર્શન–જ્ઞાન–ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા (એમ) શબ્દ વડે કહ્યું ને ! શું કીધું ? આત્મા એ પોતાનું વિશ્વાસ – દર્શન, પોતાનું જ્ઞાન અને પોતાની રમણતા એ દર્શન–જ્ઞાન–ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા આહા...હા ! ત્યારે એને ભેદથી સમજાવ્યો. ભેદથી સમજાવ્યો ત્યારે ભેદને અનુસરવું નથી. એને શું કીધું એ ? ભેદથી ગુરુએ સમજાવ્યો, – ગુરુને પણ ભેદ અનુસરવો નથી. અને સમજનારને પણ ભેદને અનુસરવું નથી. ('સમયસાર') આઠમી ગાથામાં એમ છે.

છેલ્લો સવાલ એ છે કે એને અમે જે કહીએ છીએ. કે આત્મા વસ્તુ–દર્શન–જ્ઞાન–ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા. એ અમે વ્યવહારથી કહ્યું તને પણ એ વ્યવહાર આદરવા લાયક નથી. આહા...હા ! તારે ને મારે... બેયને... (આદરવા લાયક નથી) એમ આચાર્ય કહે છે. એવો પાઠ છે ત્યાં ફક્ત વ્યવહારના ભેદથી સમજાવ્યા વિના કોઈ ઉપાય નથી. એમ નામનિક્ષેપથી સમજાવ્યા વિના કોઈ ઉપાય નથી. એમ અહીં લેવું. સમજાણું કાંઈ ? આહા...હા !

તેનો વિશ્વાસ કરે છે. તે આત્મા. વિશ્વાસ છે એ તો પર્યાય છે. પણ વિશ્વાસ કરનારો

આત્મા, અહીં જ્ઞાન – જાણનારો આત્મા, અને અંદરમાં ઠરે છે તે આત્મા એવા ભેદથી એને સમજાવ્યું. એ તો પર્યાય નયથી સમજાવ્યું છે. કારણ કે પર્યાયનયથી ભેદ વિના એ સમજી (ન) શકે. માટે તેમ સમજાવ્યું છે પણ અહીં ભેદ અનુસરવા લાયક નથી. એમ નામથી કહી શકાય છે. પણ નામનો અનુસરવા લાયક નથી. સમજાણું કાંઈ ? એવું છે ભાઈ ! વીતરાગ મારગ (એવો છે !)

નામ નિક્ષેપની માફક શબ્દ બ્રહ્મને સ્પર્શનાર અર્થાત્ નામનય એક નય છે. હોં ! એવો એક નયનો અંશ છે. શબ્દ બ્રહ્મથી કહેવાય છે. શબ્દબ્રહ્મ એટલે જે શબ્દબ્રહ્મ સંપૂર્ણને જણાવે છે. તે શબ્દને શબ્દબ્રહ્મ કહીએ. એ ('સમયસાર'ની) છેલ્લી ૪૧૫ ગાથામાં આવી ગયું. કે આ 'સમયસાર' શબ્દને શબ્દબ્રહ્મ કેમ કહ્યો ! શબ્દબ્રહ્મ, જેમ સર્વવ્યાપક – સર્વને જાણનારો – ભગવાન છે, એને જણાવનારા શબ્દો છે માટે તેને શબ્દબ્રહ્મ (કહે છે) બારઅંગ એનું આ અંગ છે. અંશ છે. માટે શબ્દબ્રહ્મ કહીએ છીએ. સમજાણું કાંઈ ? અહીંયાં તો નામ એક છે માટે એને શબ્દબ્રહ્મ કીધો, કારણ કે શબ્દબ્રહ્મ સર્વ વ્યાપક છે. બધા પદાર્થોને કોઈ પણ નામથી જણાવે, એમાં અહીં તો આત્મા(ની) વાત છે. આ આત્મા એવો શબ્દ છે. તેથી તે જાણવાને લાયક છે. માટે તે નામનિક્ષેપથી જણાઈ શકે છે. એવો એક નય છે. આહા...હા !

તદ્દન ન કહી શકાય તો પછી વક્તવ્ય જે છે... એ તો રહેતું નથી. સમજાણું કાંઈ ? નામવાળાની માફક કહી શકાય છે. એમ કહે છે. આહા...હા ! કથંચિત વક્તવ્ય અને કથંચિત અવક્તવ્ય છે. સર્વથા અવક્તવ્ય કહો તો વાણી નિમિત્તપણે કંઈ કહેવાય નહિ, ને એને સમજવામાં એ નિમિત્ત થાય જ નહિ. આહા...હા ! નિમિત્તને સિદ્ધ કરે છે. નિમિત્ત છે ખરું, પણ તે અનુસરવા લાયક નથી. આહા...હા ! સમજાણું કાંઈ ? આવું ઝીણું છે ! લ્યો... કેટલાકે આવું સાંભળ્યું નહિ હોય ! કોઈ દિ' આહા....હા !

એક બાજુ એમ કહે કે આત્મા શબ્દથી જણાય નહિ. વિકલ્પથી જણાય નહિ. આવે છે ? એના નિર્મળ જ્ઞાનની પર્યાય છે... તેનાથી એ જણાય. આહા...હા ! અહીંયાં નામનિક્ષેપ સ્થાપીને નામ શબ્દથી પણ તેને જણાય, એટલું સ્થાપન કરવા યોગ્ય છે. આમ કહે છે કે વિકલ્પથી પણ જણાય નહિ. કારણ વિકલ્પ છે એ રાગ છે. એ રાગથી આત્મા જણાય નહિ. એ તો આનંદ સ્વરૂપ – ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ છે. આહા...હા ! છતાં અહીં કહે છે કે નામવાળાની માફક નામથી આત્માને કહી શકાય છે. સમજાણું કાંઈ ? નહિતર તો એમ કહે છે. '**वोच्छामि समयपाहुडं**' હું કહું છું 'સમયપાહુડ'... એનો અર્થ થયો કે તમે સાંભળો, પહેલી ગાથામાં આવ્યું ને ! '**वंदितु सव्वसिद्धं...**' એક બાજુ કહે કે વાણી આત્મા કરી શકે નહિ. વાણી બોલી શકે નહિ. ત્યાં કહે છે કે '**वोच्छामि**' હું કહીશ. – આહા...હા ! નિમિત્તની વાત છે. નિમિત્ત આવે ત્યારે એમ બોલાય અને ત્યાં એમેય કહેવાય કે સાંભળો ! 'ધવલ'માં એ પાઠ છે. 'જયધવલ'માં – 'સાંભળો !'...

એક શબ્દની વ્યાખ્યા કરતાં કરતાં મોટી વ્યાખ્યા કરી છે. સુણો અમે કહીએ તે સાંભળો ! – અલ્યા પણ એને સાંભળવાથી તને જ્ઞાન થાય નહિ. 'સમાધિશતક'માં એમ આવ્યું કે હું કોને કહું ? દેખાય છે તે જડ છે અને કહેનાર છે તે શબ્દ છે. અંદર સમજાવવાનો વિકલ્પ ઊઠે

તે ઉન્મત્તતા છે. સમાધિશતકમાં એમ કીધું છે. કોની માટે હું બોલું ? ઓલો આત્મા છે તે જુદો છે. આત્મા તો જણાતો નથી. એની હારે શું વાત કરું ? આહા...હા ! સમજાણું કાંઈ ? અને હું સમજાવું એવો જે વિકલ્પ છે... એ પણ ઉન્મત્ત – પાગલપણું છે એમ કહે છે. આહા...હા ! ગજબ વાતો છે.

અહીં કહે છે. નામથી સમજાવી શકાય – ઓળખાવી શકાય છે. વ્યવહારથી વાત કરી છે. એ સમજવી જોઈએ ને !... સમજાણું કાંઈ ? આહા...હા ! 'સમાધિશતક'ને, ત્યાંય લીધું છે – 'મોક્ષપાહુડ પ્રાભૃત'માં. આહા...હા ! ત્યાં એમેય લીધું છે. મારો પ્રભુ – આત્મા (જો) એ જાણતા નથી તો એ વૈરી ને સજ્જન શી રીતે થઈ શકે ? મારા અરિ–મિત્ર શબ્દ છે – 'સમાધિશતક'માં મારા આત્માને જાણતા નથી, તો એ વૈરી ને સજ્જન શી રીતે થઈ શકે મારા ? આહા...હા ! ને જે મારો આત્મા છે. એને જો જાણે તોપણ તે દુશ્મન ને વૈરી શી રીતે થઈ શકે ? આહા...હા !

આચાર્યોની શૈલી તો જુઓ ! ગજબ છે...! હું આત્મા... અંદર જે સત્‌ચિદાનંદ પ્રભુ – શુદ્ધ આનંદઘન, એનોય વિરોધ હમણાં આવ્યો હતો. એ લોકો કહે કે શુદ્ધ છે... શુદ્ધ છે... પણ વસ્તુય શુદ્ધ છે. આમાં આવ્યું છે. એ 'કરુણાદીપ'માં બીજેય વાત લીધી હતી. 'કર્મથી વિકાર થાય નહિ ને કર્મથી વિકાર થાય નહિ' – એમ (વાત) કર્યા કરે છે... એની ટીકા કરી છે. અહીં કહે છે કે કર્મ – પરદ્રવ્યથી આત્માને વિકાર થાય નહિ. સ્વકાળે પોતાના કારણે વિકાર થાય તે સ્વકાળ છે... પરકાળનો ઉદય છે, એ પરકાળ છે, એનાથી વિકાર થાય નહિ. એને આ મૂળ વાતનો ખ્યાલ નહિ, એટલે બે ટીકા મોટી આવી છે. આજ કરુણાદીપમાં, સિદ્ધાંત આમ કહે છે... ને...સોનગઢવાળા આમ કહે છે. કાંઈ નહિ ! ન બેઠું હોય એ એમ કહે... વ્યક્તિ પ્રત્યે – વેર–વિરોધ કરવા જેવો નથી. એ તો બચારા એને જે બેઠું હોય છે તે કહે. અને એ તો આખી જૈનદર્શનની શૈલી અત્યારે (આમ) ચાલે છે. એ તો કર્મથી વિકાર થાય... કર્મથી વિકાર થાય... હેં !

અહીં તો (૧૯૭૧) ૭૧ની સાલથી મેં તો કહ્યું હતું, ઇકોતરની સાલ... કેટલા વર્ષ થયા ? ૬૩--૬૩ વર્ષનો પ્રશ્ન ઊઠ્યો... ૭૧માં લાઠીમાં...કે ભાઈ ! આત્માને સમજાવી શકાય... કર્મથી વિકાર આત્માને થાય કે નહિ ? મિથ્યાત્વ સંશય થાય એ ત્યાં સંશય શબ્દ છે. ભગવતીસૂત્રમાં – શ્વેતાંબરનું કે સંશય છે. તે આઠ કર્મથી ન થાય. એ... સંશય પોતે કરે તો થાય, – અને સંશયને ટાળે તો પોતે ટાળી શકે. કર્મ ટળે તો સંશય ટળે – એમ નહિ. એવી ચર્ચા હાલી હતી. ૭૧માં. ગુરુ હતા બચારા ભદ્રિક. તે સાંભળતા. વ્યાખ્યાન ચાલે તે સાંભળે. આ વળી શું કહે છે ? પણ બીજો શેઠિયો હતો એક. એણે વળી વિરોધ કર્યો. આ વળી આવું ક્યાંથી કાઢ્યું ? અમને તો કોઈ ગુરુ કહેતા નથી, આ તો વગર દોરાની પરાઈ ઊડી ! એ ક્યાં જઈને પડશે !

(ઓગણીસો) એકોતર... ૬૩ વર્ષ પહેલાં... તમારી જિંદગીની પહેલી જિંદગી... ભાઈ ! કર્મથી વિકાર ત્રણ કાળમાં ન થાય... વિકાર પોતાની પર્યાયમાં પોતાના કારણે થાય... એ તો આવી ગયું. સવારમાં આવી ગયું... ઉપાદાન પોતાની વિકારી પર્યાયમાં કારણ પોતે જ છે. કર્મ તો નિમિત્ત છે. નિમિત્ત એટલે કે છે... પણ એનાથી થાય છે. (એમ) બિલકુલ નહિ. આહા...હા !

અહીંયાં નામથી કહી શકાય છે. એનો અર્થ એમ ન લેવો. કે નામ જાણ્યું માટે જણાઈ જાય. આત્મા ફક્ત નામ દ્વારા (કહેવાય). શબ્દ પડ્યો ને ! જો એનું લક્ષ કરી નાખે તો નામ દ્વારા જણાયું. એમ કહેવામાં આવે છે... છે ! (આત્મા) નામનયે શબ્દબ્રહ્મને (સ્પર્શનારો છે) જેમ નામવાળો પદાર્થ તેના નામરૂપ શબ્દથી કહેવાય છે. તેમ લ્યો... આ નામનિક્ષેપ થયો.

વિશેષ કહેવાશે.......

❀ ❀ ❀

પોતાને આત્મા જ્ઞાનપ્રત્યક્ષ થયો હોય, રાગથી ભિન્ન પડી જ્ઞાનસ્વરૂપી ભગવાનનું જ્યાં વેદન થયું હોય, આનંદનું જ્યાં વેદન થયું હોય, અને જ્ઞાનમાં એ આત્મા પરની અપેક્ષા વિના પ્રત્યક્ષ જણાયો હોય, જાણનારને પોતાને આત્મા પ્રત્યક્ષ થયો હોય – વેદનમાં આવ્યો હોય એ પ્રત્યક્ષ સહિત અનુમાનથી બીજાને જાણી શકે. પરંતુ જેને પ્રત્યક્ષ થયો જ નથી. એવા બીજાઓ વડે કેવળ અનુમાનથી જણાવા યોગ્ય આત્મા નથી.

(આત્માને) ચેતનાગુણમય લીધું છે કેમકે જ્ઞાનની પર્યાયનો અંશ પ્રગટ છે. તેથી ચેતનાગુણમય ત્રિકાળ છે એમ લીધું. આનંદનો અંશ તો જ્યારે સ્વભાવનો આશ્રય લે ત્યારે પ્રગટે પણ ચેતનાનો પર્યાય જે છે તે તો અજ્ઞાનીને પણ વિકાસનો અંશ છે તેથી એમ કહ્યું કે, ચેતનાગુણમય આખો ભગવાન આત્મા છે. અંતર નજર કરતાં ચેતના...ચેતના... સ્વભાવ જેનો અનંત અને અપરિમિત સ્વભાવ છે, એ ચેતનાગુણ ઉપર દૃષ્ટિ આપતાં રાગથી ભિન્ન પડે, તે એનું સાધન છે.

**આત્મદ્રવ્ય નામનયે, નામવાળાની માફક, શબ્દબ્રહ્મને સ્પર્શનારું છે. (અર્થાત્ આત્મા નામનયે શબ્દબ્રહ્મથી કહેવાય છે, જેમ નામવાળો પદાર્થ તેના નામરૂપ શબ્દથી કહેવાય છે તેમ). ૧૨.**

**આત્મદ્રવ્ય સ્થાપનાનયે, મૂર્તિપણાની માફક, સર્વ પુદ્‌ગલોને અવલંબનારું છે (અર્થાત્ સ્થાપનાનયે આત્મદ્રવ્યની પૌદ્‌ગલિક સ્થાપના કરી શકાય છે, મૂર્તિની માફક). ૧૩.**

**આત્મદ્રવ્ય દ્રવ્યનયે, બાળક શેઠની માફક અને શ્રમણ રાજાની માફક, અનાગત અને અતીત પર્યાયે પ્રતિભાસે છે (અર્થાત્ આત્મા દ્રવ્યનયે ભાવી અને ભૂત પર્યાયરૂપે ખ્યાલમાં આવે છે, જેમ બાળક શેઠપણાસ્વરૂપ ભાવી પર્યાયરૂપે ખ્યાલમાં આવે છે અને મુનિ રાજાસ્વરૂપ ભૂત પર્યાયરૂપે ખ્યાલમાં આવે છે તેમ). ૧૪.**

**આત્મદ્રવ્ય ભાવનયે, પુરુષ સમાન પ્રવર્તતી સ્ત્રીની માફક, તત્કાળના (વર્તમાન) પર્યાયરૂપે ઉલ્લસે–પ્રકાશે–પ્રતિભાસે છે (અર્થાત્ આત્મા ભાવનયે, વર્તમાન પર્યાયરૂપે પ્રકાશે છે, જેમ પુરુષ સમાન પ્રવર્તતી સ્ત્રી પુરુષત્વરૂપ પર્યાયરૂપે પ્રતિભાસે છે તેમ). ૧૫.**

**પ્રવચન : ૨૭-૧૨-૧૯૭૭**

'પ્રવચનસાર'... નય અધિકાર (ચાલે છે). પહેલા એમ કહ્યું કે આ આત્મા કેવો છે અને કેમ પ્રાપ્ત થાય ? એના ઉત્તરમાં આ છે. એટલે પ્રશ્નકારના હૃદય અંતરમાં આત્માની ધગશ નીતરે છે. બીજી વાત એકકોર મૂકી છે. (આ) જ્ઞાયક આત્મા છે કેવો ! કોણ છે ? અને કેમ પ્રાપ્ત થાય ? આ મુદ્દાની રકમનો પ્રશ્ન છે.

ત્યારે ઉત્તરમાં એમ કહ્યું કે, આત્મા અનંત ગુણ અને અનંતી પર્યાયરૂપી જે ધર્મ એનો એ ધરનાર છે. એવું એક દ્રવ્ય છે. એ કેવો છે ? – એનો ઉત્તર આપ્યો. – એકલું દ્રવ્ય, એકલું એમ નહિ પણ બધા ગુણો અને અનંતી વિકારી કે અવિકારી પર્યાય એને ધરનાર એક દ્રવ્ય છે. એ કેવો છે ? અને કેમ પમાય ? એનો ઉત્તર આપ્યો છે કે, જે અનંત નયો છે. એ જ્ઞાનના અંશો (છે). પ્રમાણજ્ઞાન છે, એ શ્રુત (જ્ઞાન છે). પ્રમાણ છે પર્યાય, પણ પ્રમાણ તે દ્રવ્ય અને ગુણ બધાને વિષય કરે છે. એવું જે શ્રુતજ્ઞાનપ્રમાણ (નયોને) એ અવયવી છે. છે તો પર્યાય, ત્રિકાળ ગુણ–દ્રવ્યની અપેક્ષાએ, એક સમયની પર્યાય તો એનો અવયવ છે. પણ જ્ઞાનના પ્રમાણની અપેક્ષાએ, તે અવયવી છે. તે અવયવીના અનંત નયો તે તેના અંશો – અવયવો છે.

એ અનંત નયોમાં વ્યાપક શ્રુતજ્ઞાન–ભાવશ્રુતજ્ઞાન, એ વડે, આત્મા પ્રમેય એટલે જ્ઞાત–જાણવામાં આવે છે. આહા...હા ! બેયમાં બહુ ટૂંકું કીધું. સમજાણું કાંઈ ? આમ વ્યવહાર કરો તો જાણવામાં આવે ને...! નિમિત્ત–કાંઈ સાંભળો તો જાણવામાં આવે ને ! એ વાત ન કરી. અને તે પ્રમાણ વડે જાણવામાં આવે (છે). એ પ્રમાણના ભંગો અનંત નય છે. એ આ પ્રમાણના

વિશેષો – નય, એનો આ અધિકાર ચાલે છે. અહીં સુધી આપણે આવ્યું છે.

નામ (નય). બારમો બોલ છે ને ? આત્મ દ્રવ્ય એટલે કે જે આત્મદ્રવ્ય પહેલું કીધું તે અનંત ગુણ અને અનંતી પર્યાય, વિકૃત કે અવિકૃત, એનો ધરનારો – જે આધાર – એનો સ્વામી–તે આત્મદ્રવ્ય. એ '**આત્મદ્રવ્ય નામનયે નામવાળાની માફક, શબ્દબ્રહ્મને સ્પર્શનારું છે**' નામનયે ટીકામાં એમ છે '**तदात्मवत्**' '**तदात्म**' એટલે તે તે વસ્તુના નામ હોય છે ને ! તે '**तदात्मवत्**' કહ્યું. તે તે વસ્તુનું નામ. તે તે માણસનું ને ઢોરનું નામ (હોય તેમ). '**तदात्मवत्**' તે નામની માફક. એમ પાઠ તો '**तदात्मवत्**' છે. પણ તે નામવાળાની માફક. સમજાણું કાંઈ ? '**આત્મદ્રવ્ય નામનયે નામવાળાની માફક શબ્દબ્રહ્મને સ્પર્શનારું છે.**' આહા...હા ! બધા શબ્દો જે ભગવાનની વાણી છે એ શબ્દબ્રહ્મ છે. એનાથી કહેવાઈ શકે છે, એવો એ આત્મા છે. સ્પર્શનારનો અર્થ એ કર્યો. શબ્દબ્રહ્મને સ્પર્શે છે. એવો એક નય (છે). સ્પર્શે છે, તો પરને તો અડતો પણ નથી. પણ શબ્દનયથી એટલે શબ્દબ્રહ્મરૂપી ભગવાનની વાણી – અને એમાંથી તે 'સમયસાર' આદિ બધા (શાસ્ત્રો) એ શબ્દબ્રહ્મ છે. એ શબ્દબ્રહ્મથી જાણી શકાય છે; એટલે શબ્દબ્રહ્મથી કહી શકાય છે. સમજાણું કાંઈ ? આહા...હા ! ત્યાં એ શબ્દ એમ વાપર્યો. શબ્દબ્રહ્મ અને સ્પર્શવું એમ વાપર્યો.

અહીં (હવે) તેરમો બોલ – આત્મદ્રવ્ય – એ વસ્તુ. દ્રવ્ય એટલે સામાન્ય એ નહિ, આત્મદ્રવ્ય એટલે સામાન્ય અને વિશેષ આદિ ગુણ–પર્યાયોનો ધરનાર તે આત્મદ્રવ્ય. સમજાય છે ? અહીં સમકિતનો વિષય જે આત્મદ્રવ્ય એ નહિ. અહીં તો જ્ઞાનનો વિષય બતાવવો છે. એથી એ બધા ધર્મો – ગુણ અને પર્યાયનો ધરનાર –સ્વામી તે આત્મદ્રવ્ય (ગુણ–પર્યાયનો) પિંડ. સમજાય છે કાંઈ ? તે 'તત્ત્વાર્થસૂત્ર'માં આવે છે ને ! '**गुणपर्यायवत् द्रव्यम्**' 'તત્ત્વાર્થસૂત્ર'માં આવે છે. ગુણ–પર્યાયવત્ દ્રવ્યમ્ – એ દ્રવ્ય અહીં લીધું.

'**આત્મદ્રવ્ય સ્થાપના નયે, મૂર્તિપણાની માફક સર્વ પુદ્‌ગલોને અવલંબનારું છે**' જેમ મૂર્તિ સ્થપાય છે કે આ ભગવાનની મૂર્તિ – આ બાહુબલીની મૂર્તિ, આ સરસ્વતીની મૂર્તિ, એમ મૂર્તિપણાની માફક. ઓલામાં નામવાળાની માફક હતું. આમાં મૂર્તિપણાની માફક સર્વ પુદ્‌ગલોને (અવલંબનારું છે) ભાષા દેખો ! ઓલામાં શબ્દબ્રહ્મ (કહ્યું). જે વીતરાગની વાણી આદિ જે કહેવાને લાયક છે. એમ અહીં સર્વ પુદ્‌ગલોને અવલંબનારું છે. એટલે બધા પુદ્‌ગલોથી કોઈપણ દ્રવ્યની સ્થાપના કરી શકાય છે.

સર્વ પુદ્‌ગલોને લીધા ને...! બધા પુદ્‌ગલો, ગમે તે પુદ્‌ગલોથી તે જેમ મૂર્તિને સ્થાપે છે, તેમ આત્માને સર્વ પુદ્‌ગલોથી સ્થાપી શકાય છે કે... આ... આત્મા. આત્માનો આકાર કરી આ સિદ્ધનો આકાર, થાય છે ને...! સિદ્ધનો આકાર છે ને ! અહીં તો સર્વ પુદ્‌ગલોથી મૂર્તિમંત સ્થાપના નયે સ્થાપી શકાય છે, બસ એટલું. સમજાણું કાંઈ ? ઓળખવા માટે કે આ બાહુબલીની મૂર્તિ છે. છે તો પુદ્‌ગલની સ્થાપેલી. આ સીમંધર ભગવાનની છે, આ અમૃતચંદ્રઆચાર્યની છે. અહીં તો સર્વ પુદ્‌ગલો લીધા. સર્વ પુદ્‌ગલોથી મૂર્તિવત્ તે આત્માને ઓળખાવી શકાય છે. આ ચિત્રમાં આવે છે ને ! આમ શું કહેવાય ? એ પુસ્તક, બાળપોથી, બાળપોથીમાં આવે છે ને ! આમ આકાર આદિ. કે... આ આત્મા અને આ શરીર, – એમ આવે છે ને ! બાળપોથીમાં આવે

છે. એમ સ્થાપવાથી સ્થાપી શકાય છે એમ કહેવું છે. એ પણ એક નય છે. સમજાણું કાંઈ ? અને તે બધી નય થઈને શ્રુતજ્ઞાન (થાય). (નયોનો) સમુદાય (તે) શ્રુતજ્ઞાન, એનાથી તે આત્મા પ્રમેય એટલે જ્ઞેય એટલે જ્ઞાનમાં જાણવાલાયક થાય છે. બધી નયનો સમૂહ એવું શ્રુતપ્રમાણ. સમજાણું કાંઈ ?

જુઓ ! આહા...હા ! આમાંથી તો એમ નીકળ્યું કે સમ્યક્દૃષ્ટિને પ્રમાણ(જ્ઞાન) હોય છે. અને પ્રમાણનો વિષય ભેદ (છે) – નિશ્ચય–વ્યવહાર, એને ભેદ હોય છે, અને તેને ઓલી સ્થાપના નિક્ષેપ લાગુ પડે છે. સમજાણું કાંઈ ? કાલે કીધું હતું. ઘણાં વર્ષ પહેલાં – એ પ્રશ્ન થયો હતો ને ! એમ કે મિથ્યાદૃષ્ટિને મૂર્તિ ન હોય (સમ્યક્દૃષ્ટિને હોય એમ) સમ્યક્દૃષ્ટિ કહે. મૂર્તિ (સમ્યક્દૃષ્ટિને) હોય છે. એ મિથ્યાદૃષ્ટિને મૂર્તિ હોય... સમ્યક્દૃષ્ટિને મૂર્તિ ન હોય – એમ (કોઈએ) કીધું... ત્યારે. (ચર્ચા ચાલેલી). આ તો ઘણાં વર્ષની વાત છે. ૮૩ સાલની. કેટલાં વર્ષ થયાં ! ૫૧ વર્ષ. તો ત્યાં એમ જ કહ્યું હતું કીધું કે સમ્યક્દૃષ્ટિ થયા પછી તેને અંદર શ્રુતજ્ઞાન–ભાવશ્રુતજ્ઞાન થાય છે. એટલે ભાવશ્રુતજ્ઞાન પ્રમાણનો નય તે નિક્ષેપનો ભેદ છે. એ નિક્ષેપ જ્ઞેયનો ભેદ છે. અને નય પ્રમાણનો ભેદ છે. એટલે પ્રમાણનો ભેદ નય જેને હોય તેને નિક્ષેપનો ભેદ વ્યવહારે હોય છે. મિથ્યાદૃષ્ટિને નય નથી – પ્રમાણ નથી. તેથી એને નિક્ષેપનો ભેદ લાગુ પડતો નથી. શું કીધું સમજાણું કાંઈ ?

સ્થાનકવાસી મૂર્તિને ન માને ને ! એટલે એ પ્રશ્ન એમ એવો કરેલો, – શેઠ હતા. – દામોદર શેઠ. દામનગર(ના). (તે) એમ કહે. 'મિથ્યાદૃષ્ટિ હોય ત્યાં સુધી મૂર્તિની માન્યતાનું અવલંબન હોય.' – (અમે કહ્યું). સમ્યક્દૃષ્ટિ થયા પછી જ શ્રુતપ્રમાણ હોય છે અને તેના ભેદ–નય એને હોય છે અને નયનો વિષય નિક્ષેપ એ જ્ઞેયના ભેદ છે. એ જ્ઞેયના ભેદોનું જ્ઞાન નયના ભેદવાળાને થાય છે. સમ્યક્દૃષ્ટિ (થયા) પછી જ એને સ્થાપના નિક્ષેપનો વ્યવહાર લાગુ પડે છે. કહો, સમજાણું કાંઈ ? આ તો, ખ્યાલ નહતો તે દિ' ન્યાયથી અંદરથી કહ્યું હતું. આ વાંચ્યું હતું પણ સ્થાપનાનયનો ખ્યાલ ન હતો. તે દિ' અંદર જ્ઞાનસ્વરૂપી (ભગવાન) શ્રુતજ્ઞાન દ્વારા જ્યારે એ આત્મા જણાય. તો એ શ્રુતજ્ઞાન છે એ પ્રમાણ એટલે અંશી એટલે અખંડજ્ઞાન છે. કોની અપેક્ષાએ ?! ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ. પર્યાય ખંડ છે – ભેદ છે. પણ નયની અપેક્ષાએ, તે પ્રમાણ છે તે અખંડ એકરૂપ છે. એમ કહ્યું હતું ને ? એક શ્રુતજ્ઞાન, એમ કહ્યું હતું.

પહેલા ઉત્તરના માથે જેમ એક દ્રવ્ય કહ્યું હતું. છે... ને ! એક દ્રવ્ય કહ્યું હતું ને ? કે, **'આત્મા ખરેખર ચૈતન્ય સામાન્ય વડે વ્યાપ્ત અનંતધર્મોનું અધિષ્ઠાતા (સ્વામી) એક દ્રવ્ય છે, કારણ કે અનંત ધર્મોમાં વ્યાપનારા જે અનંત નયો, તેમાં વ્યાપનારું જે એક શ્રુતજ્ઞાન સ્વરૂપ'** (તે વડે જણાય છે). ત્યાં એક શ્રુતજ્ઞાન લીધું છે – પ્રમાણજ્ઞાન '**...એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ તે પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે (તે આત્મદ્રવ્ય) પ્રમેય થાય છે (– જણાય છે).**' આહા...હા ! સંતોની વાણી !... દિગંબર મુનિઓની તો વાણી. (છે કાંઈ !) એક એક અક્ષર અને એક એક ભાવમાં ઘણા ભાવ ભર્યા છે, સમજાણું કાંઈ ?

શ્રીમદ્ કહે છે ને કે, જ્ઞાનીના એક વાક્યમાં અનંત આગમ છે. એવું કહ્યું છે. એક વાક્યમાં

અનંત આગમ (છે). ઘણા પ્રકાર પડે... અસ્તિ–નાસ્તિ ભેદ–અભેદ આદિ ઘણા પ્રકાર પડે.

અહીંયાં કહે છે કે, વિશેષ શું છે ? કે અહીં જગતના સર્વ પુદ્‌ગલો લીધા છે. શુભ પુદ્‌ગલો ગમે તે ટાણે આવ્યા હોય, એ રૂપે તે મૂર્તિને સ્થાપી શકાય છે. એટલે સ્થાપના વડે મૂર્તિ સ્થાપી શકાય છે. આત્માની પણ (સ્થાપી શકાય). આ મૂર્તિ એમ નહિ, મૂર્તિની માફક શબ્દ છે. છે ને ? '**મૂર્તિપણાની માફક**' તો શબ્દ પણ છે. સર્વ પુદ્‌ગલો (વડે) એ આત્માને સ્થાપી શકાય છે કે, આવો આત્મા સિદ્ધનો હોય, અરિહંતનો આવો હોય. સમજાણું કાંઈ ? એથી કરીને એ સ્થાપના છે એ નય છે. અને તે નયોનો સમુદાય (શ્રુતપ્રમાણ છે). એકલા નય દ્વારા આત્મા જાણી શકાય એમ નહિ. સમજાણું કાંઈ ? આહા...હા !

એ બધી નયો એક સમયે હોય છે. કોઈને સ્થાપનાનય અને કોઈને નામનય એમ નહિ. આ તો નયો (છે) એક સમયે અનંત નયો છે. અને અનંતનયનો સમુદાય શ્રુતપ્રમાણ છે. કોઈને નામનયે જાણી શકાય ને, કોઈને પુદ્‌ગલના સ્થાપનાનયે આત્મા જાણી શકાય. એમ ભેદ નથી. એક જ આત્માને અનંતનયો વડે શ્રુતપ્રમાણના ભંગથી જાણી શકાય છે. આહા...હા ! એમ એક આ નય છે. એવી અનંત નયોનો સમુદાય થઈને શ્રુતપ્રમાણ થાય, ત્યારે તે વડે પ્રમેય એટલે આત્મા જાણી શકાય (છે). આહા...હા !

અનંત નયોની તો એને ખબરે ય ન હોય, સાધારણ પ્રાણીને સમ્યક્‌દર્શનમાં પણ (ખબર ન હોય). એ વસ્તુના સ્વરૂપમાં અનંત નયો આવી જાય છે. શ્રુતપ્રમાણ વડે પ્રમેય થતાં પ્રમાણમાં અનંત નયો આવી જાય છે. અનંત નયના ભેદની એને ખબર ન હોય. સમજાણું કાંઈ ? એ સ્થાપના (નય), સર્વ પુદ્‌ગલોને અવલંબનાર. ભાષા પાછી કેવી કરી ! '**આત્મ દ્રવ્ય... સર્વ પુદ્‌ગલોને અવલંબનારું છે.**' ભાષા એમ છે. એમ આવ્યું છે ને ? આહા...હા !

એકદમ શબ્દાર્થ કરવા જાય પણ એનો ભાવ (સમજવો જોઈએ) શબ્દાર્થનો ભાવ શું છે ? એ ન સમજે તો એને પકડને પકડ રહી જાય. ખોટું સમજાય... આહા...હા ! '**આત્મદ્રવ્ય સ્થાપનાનયે, મૂર્તિપણાની માફક–,**' મૂર્તિપણાની માફક કીધું છે. આત્માનું સ્થાપન કરવું છે તો જેમ મૂર્તિ સ્થપાય છે એમ પુદ્‌ગલ દ્વારા (સ્થાપી શકાય છે). – સર્વ પુદ્‌ગલોને અવલંબનારું આત્મદ્રવ્ય છે. '**સર્વ પુદ્‌ગલોને અવલંબનારું....**' આત્મદ્રવ્ય છે ? અરે ! એકેય પરમાણુને અવલંબનારું આત્મદ્રવ્ય નથી, પણ એનો અર્થ પછી કર્યો કે સર્વ પુદ્‌ગલો વડે એ આત્માને સ્થાપન કરીને જાણી શકાય છે. સ્થાપનાનયથી તે જાણી શકાય છે. આહા...હા ! અહીં તો આત્માની વાત છે. મૂર્તિની સ્થાપના તો પુદ્‌ગલની ચીજ છે. આ તો પુદ્‌ગલની સ્થાપના વડે આત્માની સ્થાપના કરી શકાય છે. સમજાણું કાંઈ ? સર્વ પુદ્‌ગલો વડે મૂર્તિની માફક એમ અહીં કીધું છે. મૂર્તિ કરી શકાય એમ અહીં શબ્દ નથી. આ તો મૂર્તિની માફક સર્વ પુદ્‌ગલો વડે આત્માને સ્થાપી શકાય છે. એમ આવ્યું ને ! પંડિતજી ! આત્માને સ્થાપી શકાય છે. મૂર્તિ સ્થાપી શકાય છે. મૂર્તિની માફક – એ તો દૃષ્ટાંત આપ્યું. આહા...હા ! ઝીણી વાત છે બાપુ ! આ તો વીતરાગની વાણીના મુનિએ તો પેટ ખોલ્યાં છે !!

ઓ...હો...હો ! આત્મા જે છે, એ રજકણ અને પુદ્‌ગલો વડે સ્થાપી શકાય છે, એ અહીં

વાત નથી. મૂર્તિની માફક – એ તો દૃષ્ટાંત દીધું કે, મૂર્તિની માફક સર્વ પુદ્ગલો વડે આત્મા સ્થાપી શકાય છે. મૂર્તિ વડે આત્મા જાણી શકાય છે. એમ અહીંયાં કહેવું નથી. ઝીણી વાત આ તો ! જેવી શૈલી છે, તેવી રીતે જાણવું જોઈએ ને ! મૂર્તિ વડે આત્મા જાણી શકાય એમ અહીંયાં કહેવું નથી. અહીં તો કહે છે કે જેમ મૂર્તિ છે એની પેઠે સર્વ પુદ્ગલો વડે તે આત્માને આ આત્માને – સ્થાપી શકાય છે. ઝીણી વાત ! બાપુ ! આ.. તો સિદ્ધાંત છે હોં ! આ આત્મા પુદ્ગલ દ્વારા, આવો આત્મા આમ હોય ને આમ હોય (તેની). મૂર્તિ કરી શકાય છે પુદ્ગલ વડે એ વાત અહીંયાં નથી, અહીં તો સર્વ પુદ્ગલો વડે આત્મા સ્થાપી શકાય છે. એટલે આ આત્માનો આકાર કરી શકાય છે. કે... 'આ આવો છે.' આત્મા આવો છે. આત્મા આવો છે. પાંચસો ધનુષનો આવો છે. ગળા સુધી ગોળ છે. પછી આમ છે, તેમ છે. એમ (કહી શકાય છે).

સમજાણું કાંઈ ? આહા...હા ! આવી વાતો છે. એ એમ કહ્યું ને કે, મૂર્તિપણાની માફક મૂર્તિ કરી શકાય છે. એમ અહીં નથી કે પુદ્ગલોથી મૂર્તિ કરી શકાય છે. એમ નથી. મૂર્તિ જેમ પુદ્ગલથી થાય છે તેની પેઠે પુદ્ગલ વડે આત્મા સ્થાપીને (કહીને) સ્થાપી શકાય છે. આહા...હા ! હવે એની મેળે વાંચે તો (આ) બધું પકડાય તેમ નથી. શેઠ ! (જેમ) પૈસા આડે ત્યાં ધ્યાન રાખે (છે) એમ આ આડે ધ્યાન રાખે તો પકડાય એવું છે. 'બરાબર એને જ્ઞાન દ્વારા ઓળખો.' એ જ્ઞાન છે, એ સ્થાપનાનયથી (અર્થાત્) એકલા નયથી ઓળખાય એમ નથી. એમ કહે છે. સ્થાપનાનયથી જાણી શકાય પણ એ તો એક નય છે. એવા અનંતનયોનો સમુદાય, શ્રુતજ્ઞાન – તેના વડે જાણી શકાય છે. એમ નિર્ણય કરવો. આહા...હા ! અને તે જાણી શકાય છે.

જે દ્રવ્ય, તે દ્રવ્ય કેવું ? સામાન્ય દ્રવ્ય જે સમકિતનો વિષય જે ભૂતાર્થ તે નહિ. અહીં તો એના અનંત ગુણો અને અનંતી પર્યાયોમાં વિકૃત અને અવિકૃત – એનો ધરનારો જે (આત્મા) તે દ્રવ્ય. (તે આત્મા) પુદ્ગલની સ્થાપના વડે કરીને સ્થાપી શકાય છે. આહા...હા ! આવી વાત છે, બાપુ ! આકાર કરી શકાય છે, (કે) આવો આત્મા છે. સ્થાપના એટલે આવો આકાર આત્માનો છે, આવો આત્મા છે. એમ આકાર કરી શકાય છે.

સમજવા (માટે) કહેવાય તો એમ જ ને ! એના માટે જુઓને દાખલો ન આપ્યો ? બાળપોથીમાં આવ્યું છે ને ? આકાર કરીને કે, આ આત્મા (આવો છે). હવે એ તો પુદ્ગલની પર્યાય છે. બાળપોથીમાં આવે છે ને ! સમજાણું કાંઈ ? એટલે તે તે શબ્દો (વડે) ત્યાં, એ પ્રમાણે આત્માનો આકાર એમ બતાવ્યો, પણ અહીં તો કહે છે કે દરેક શબ્દોથી, સર્વ પુદ્ગલોથી, ભિન્ન ભિન્ન કાળે, ભિન્ન ભિન્ન પુદ્ગલોથી, તે આત્માને સ્થાપી શકાય છે. આહા...હા ! આવી વાત છે.

સ્થાપના પણ એ તો એક નય (પૂર્વક) છે. આ તો એક નય છે. એવા અનંત નય વડે પૂજનિક થઈ શકે છે. એ પ્રમાણ વડે પૂજનિક અને પ્રમેય થઈ શકે છે, એક નય વડે, એક અંશ વડે નહિ. – નય (તો) એક અંશ છે તે વડે જાણી શકાય છે ? નહિ. આત્મા શ્રુત પ્રમાણ વડે જાણી શકાય છે. એ શ્રુતપ્રમાણના ભેદોનું વર્ણન કરે છે. પણ એમાં એકેક નયે કરીને આખું (દ્રવ્ય) જાણી શકાય છે; એમ નહિ. કારણ કે એ તો અનંત ગુણ અને અનંત પર્યાયનો ધરનાર

એક દ્રવ્ય છે. આહા...હા ! એને એક નયે કેમ જાણી શકે ? આહા...હા !

આખા દ્રવ્યની અંદર એક પડખું થયું તો બીજાં પડખાં રહી ગયાં, આખું દ્રવ્ય ન (આવ્યું) જણાણું. એક નયે એમ જણાણું કે આ સ્થાપના એટલું, પણ એમાં આખો આત્મા જે અનંત ગુણ અને અનંત પર્યાયવાળું જે એક દ્રવ્ય એ એમાં ન આવ્યું. ઝીણું બહુ બાપુ !

આહા...હા ! દિગંબર સંતોએ ગજબ કામ કર્યાં છે !! ૪૭ શક્તિઓ; ને ૪૭ નય; ને આહા...હા ! એ (વાત) ક્યાંય નથી. શ્વેતાંબર સંપ્રદાયમાં એની ગંધ (પણ) નથી. એક જણ ...શક્તિઓનું વર્ણન કરવા ગયા... પણ ૪૭ની આઠ કરી. પણ એ મેળ વિનાની, શરૂઆત જ જુદી. અહીં તો જીવતર શક્તિથી (વાત) ઉપાડી છે. એણે વળી બીજેથી ઉપાડ્યું છે. વાંચી છે, આવ્યું હતું છાપામાં. આ તો બાપુ ! સમ્યક્દૃષ્ટિ – ભાવલિંગી (સંત) સ્વસંવેદનથી પ્રચુર વેદનની દશામાં રહેલા !! આહા...હા ! એમને વિકલ્પ ઊઠ્યો. (અને) વાણી વાણીથી થઈ. વિકલ્પથી વાણી થઈ નથી, તેમ વિકલ્પનયે કર્તા નથી. કર્તૃત્વબુદ્ધિએ પણ (કર્તા નથી). પરિણમનની અપેક્ષાએ વિકલ્પનો, નયની અપેક્ષાએ પરિણમનનો કર્તા એમાં છે. આહા...હા ! કેટલાં પડખાં પડે એમાં !

અહીં તો એક એક ન્યાયમાં ભિન્ન ભિન્ન વસ્તુ છે. આહા...હા ! એને અહીંયાં પરમાત્મા કહે છે – એ સંતો કહે છે, કે સ્થાપના નયે... આહા...હા ! હજી તો કેટલામો (નય) છે ! ૧૩મો (છે). મૂર્તિપણાની માફક – એ તો દૃષ્ટાંત છે. પુદ્‌ગલવડે મૂર્તિ સ્થાપી શકાય છે એમ અહીંયાં કહેવું નથી કે મૂર્તિ પુદ્‌ગલ વડે સ્થાપી શકાય છે. સમજાણું ? અહીં તો મૂર્તિ જેમ પુદ્‌ગલથી સ્થાપી શકાય છે એમ એની માફક આત્માને પુદ્‌ગલ વડે કરીને સ્થાપી શકાય છે. આત્માને સ્થાપી શકાય છે એમ કહેવું છે. સમજાણું કાંઈ ? એ તેર(મો નય) થયો.

'**(અર્થાત્) સ્થાપના નયે, આત્મદ્રવ્યની પૌદ્‌ગલિક સ્થાપના કરી શકાય છે. મૂર્તિની માફક...**' એ તેર થયું.

(હવે) ૧૪(મો નય) દરેકમાં ઘણો ગંભીર ભાવ છે. હવે ચૌદમાં પણ શું છે ? એક ભવને આશ્રયને (એમ) વાત લેશે. ભાઈ ! શું કહ્યું એ ? બે ભવ (પછી) તીર્થંકર થવાના છે, અને બે ભવ પહેલાં થઈ ગયા. – એ અહીંયાં વાત નથી લેતા. આ તો એક ભવમાં... ધ્યાન રાખો ! '**આત્મદ્રવ્ય, દ્રવ્યનયે...**' છે ? આત્મદ્રવ્ય દ્રવ્યનયે એટલે આત્મદ્રવ્ય જે છે, તેની નયે એમ નહિ, પણ હવે '**આત્મદ્રવ્ય દ્રવ્યનયે...**' એક પહેલાં પણ દ્રવ્યનય આવી ગયો. બીજો દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવમાં એક દ્રવ્યનય આવી ગયો. અસ્તિ–નાસ્તિમાં. આ ત્રીજીવાર દ્રવ્યનય આવ્યું, પણ ત્રણેનો અર્થ ભિન્ન છે.

આહા...હા ! આત્મદ્રવ્ય એ તો એ કે જે અનંતગુણ અને અનંતી પર્યાયનો આ સ્વામી, તે આતમદ્રવ્ય. તે આત્મદ્રવ્ય હવે તેને એક ભાગે, એક નયે (એમ કહે છે). '**આત્મદ્રવ્ય દ્રવ્યનયે બાળક શેઠની માફક...**' જુઓ ! એ તો એનો એ ભવ લીધો. આ બાળક શેઠ છે. એમ કહેવું તે ભવિષ્યકાળની અપેક્ષાએ વર્તમાનભાવ (કહ્યો). પણ એના એ ભવની વાત લીધી છે. ભાઈ ! શું કીધું ? સમજાણું કાંઈ ? એટલું લીધું. બસ. (કે) આ બાળક શેઠ છે, – એમ કહેવું. એ શેઠ ભવિષ્યમાં થવાનો છે, તેને વર્તમાન કહેવું. પણ એના એ ભવની અંદર વાત છે. બે–

ત્રણ ભવે જે થવાની, – એ વાત અહીં નથી લીધી. અહીં તો, આ બાળક શેઠ છે. – એમ કહેવું છે. એ શેઠ થવાનો છે ને ! તેથી તેના એ ભવનો આરોપ કરીને, એને શેઠ કહ્યો. સમજાણું કાંઈ ? આહા...હા !

'**...અને શ્રમણ રાજાની માફક...**' છે ? (આ) સાધુ છે તે આ રાજા હતા. આ સાધુ છે... એ... રાજા હતા. પણ એના એ ભવની વાત છે. સાધુ હોય છે ને ! કે ભાઈ ! આ તો રાજા હતા – એ સાધુ થયા છે. એ ગયા કાળની વાતને વર્તમાનમાં કહેવી. શેઠ (ની) ભવિષ્યના કાળની વાત વર્તમાન બાળકમાં કહેવી, અને ભૂતકાળની રાજાની વાત વર્તમાન શ્રમણમાં કહેવી કે, આ સાધુ રાજા હતા. આ બાળક શેઠ થશે. બાળક શેઠ છે. થશે એમેય નહિ. આ બાળક શેઠ છે. એમ આ સાધુ રાજા છે.

આ તો વીતરાગની વાતો–કથા !... બાપુ ! ઝીણી બહુ ! સાંભળવા મળવી મુશ્કેલ પડે એવી આ વાતો છે. જે અભિપ્રાય અને જે અપેક્ષાએ કહ્યું, તે અપેક્ષાએ જાણવું જોઈએ. આત્મવસ્તુ, એ કઈ વસ્તુ ? દ્રવ્ય એટલે આખી ચીજ એમ નહિ. દ્રવ્ય એટલે ગુણ–પર્યાયનો પિંડ જે દ્રવ્ય–ગુણ–પર્યાયવત્ દ્રવ્યમ્ (અને) એ પર્યાયમાં તો વિકારી અને અવિકારી બધી પર્યાયો આવે. એવી પર્યાય અને ગુણ તેનો ધરનાર એક દ્રવ્ય – તેને અહીંયાં દ્રવ્ય તરીકે કીધું છે.

એવું જે આત્મદ્રવ્ય દ્રવ્યનયે (ભૂત–ભાવી પર્યાયપણે પ્રતિભાસે છે). એટલે કે એ આત્મદ્રવ્ય જે છે એને દ્રવ્યનયે, એની નયે એમ નહીં. પણ આત્મદ્રવ્ય છે, તે દ્રવ્યનયે એમ નહીં. પણ એ આત્મદ્રવ્યને એક દ્રવ્યનયે એટલે બીજો નય એક એ છે કે જે આખા દ્રવ્યને ઓળખવાનો એમ નહિ. પણ એ આત્મદ્રવ્ય છે, એને બાળકને વર્તમાન(માં) શેઠ કહેવો, અને સાધુને રાજા કહેવો, વર્તમાન તીર્થંકર ભગવાન થવાના હોય એને બાળકપણે આ તીર્થંકર જન્મ્યા એમ કહેવું એ ભવિષ્યનો વર્તમાન (ઉપર) આરોપ છે. સમજાણું કાંઈ ? આહા...હા ! અને બાળક જન્મ્યો અને એમ કહેવું કે શેઠ જન્મ્યા. એ ભવિષ્યનો શેઠ થવાનો છે એને અહીં ઓળખાવ્યો છે. એક રીતે, આ તો શેઠનો અવતાર, રાજાનો અવતાર, રાજકુમારનો અવતાર થયો. રાજકુમારનો નહીં રાજાનો અવતાર થયો એમ કહે. સમજાણું કાંઈ ? આહા...હા !

દ્રવ્યનયે એટલે કે ભવિષ્ય અને ભૂતકાળને ઓળખાવનારી નયે – એમ. દ્રવ્યનયે એટલે આ. આતમદ્રવ્ય તે દ્રવ્યની નયે એમ નહિ, પણ આતમદ્રવ્ય ભૂત અને ભળિષ્યકાળને ઓળખાવે એવી દ્રવ્યનયે આહા...હા ! છે ? બાળક શેઠની માફક. બાળક શેઠ છે. ભાઈ ! એ તો ભાઈ શેઠ છે. એ જ ભવમાં એ ભવિષ્યમાં શેઠ થવાનો છે. માટે બાળકને શેઠ કહ્યો. એવી એક દ્રવ્યનય છે. બાળકમાં શેઠ થવાની યોગ્યતા છે તેથી તેને વર્તમાન(માં) જ શેઠ કહેવો એ ભવિષ્યકાળનું વર્તમાનમાં આરોપ કરીને કથન છે. એ પણ એક નય છે. સમજાણું કાંઈ ? એ એક જ નયે આત્મદ્રવ્ય ઓળખાય એમ નહીં. આવી તો અનંત નયોનો સમુદાય (જે) શ્રુતજ્ઞાન પ્રમાણ (તે) વડે પ્રમેય થઈ શકે છે.

આ તો શ્રુતપ્રમાણના ભેદોનું વર્ણન કરે છે. સમજાણું કાંઈ ? જાણી તો શકાય છે શ્રુતપ્રમાણ વડે. ભાવશ્રુત હોં ! દ્રવ્યશ્રુત નહિ. એ ભાવશ્રુત વડે પ્રમેય થઈ શકે, પણ ભાવશ્રુતના ભેદો

(અર્થાત્) નય કેટલા છે ? કે અનંત છે. એનો અહીં પ્રકાર વર્ણવે છે. એટલે આ દ્રવ્યનયે, દ્રવ્યને ઓળખી શકાય છે. દ્રવ્યનયે – તે નયે બાળકને શેઠ કહેવો – એમ. આહા...હા ! સમકિત છે એ એ ભવમાં કેવળજ્ઞાન પામવાના છે. એને આ કેવળજ્ઞાની છે, એમ કહેવું... (એ વર્તમાનમાં) ભવિષ્યનો આરોપ છે. સમજાણું કાંઈ ?

શાસ્ત્રમાં એક આવે છે. જે માણસ દેવ થવાનો હોયને એને ભવિદ્ર દેવ કહેવાય. શું કીધું એ ? એ ભદ્રિક દ્રવ્યથી એ પણ કહેવાય. એ તો ભવિષ્યના ભવ અને આ ભવની અપેક્ષાએ વાત કરી, એ આ અપેક્ષા નથી. અહીં શું કીધું ? એક ભવમાં બીજા ભવનો આરોપ કરીને એને આ ભવિદ્ર દેવ છે (એમ કહેવાય). એટલે કે વર્તમાન પછી દેવ થવાનો છે. માટે ભવિદ્ર દેવ છે. વર્તમાન પછી એ માણસ ઢોર થવાનો છે, તો ભવિદ્ર તિર્યંચ એમ કહેવાય. વર્તમાન પછી નરકમાં જવાનો છે તો એને ભવિદ્ર નારકી કહેવાય. અહીંયાં એ વાત નથી. અહીં તો એક જ ભવની અપેક્ષાની વાત છે. આહા...હા ! શાસ્ત્રમાં ઘણા બધા પ્રકાર આવે છે. બહુ આવે છે. આહા...હા ! 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે. ત્યાં ત્યાં તે સમજવું બાપુ !' આ તો વસ્તુ (છે) વીતરાગ માર્ગની મહા ! મહા વિશાળતા !

(અહીંયાં) એક જ ભવને લાગુ પડે છે. (એની વાત છે) દૃષ્ટાંત તો બાળક અને ઓલાનું (મુનિનું આપ્યું). બાળકને શેઠ કહ્યો, મુનિને રાજા કહ્યો, – એ તો દૃષ્ટાંત છે. એમ આત્માની ભવિષ્યની દશાને વર્તમાન કહેવી (છે) અને વર્તમાન દશાને ભવિષ્યની કહેવી (છે). સમજાણું કાંઈ ? આહા...હા ! આવી વસ્તુ છે બાપુ આ તો ! છે ? આતમદ્રવ્ય એટલે અનંત ગુણ અને અનંતી પર્યાયોનો અધિષ્ઠાતા સ્વામી, – એવું જે આતમદ્રવ્ય. તેને એક દ્રવ્યનયે, એટલે કે એક આતમદ્રવ્યને ઓળખવો એમ નહિ. **'આત્મદ્રવ્ય દ્રવ્યનયે, બાળક શેઠની માફક અને શ્રમણ–રાજાની માફક અનાગત અને અતીત પર્યાયે પ્રતિભાસે છે'** અનાગત ઓલો શેઠ છે, તે અનાગત થવાનો (છે) એને બાળકમાં શેઠ કહેવો છે ને ? અને અતીત પર્યાયે, સાધુ છે તેને રાજા કહેવો, તે અતીત પર્યાયથી વાત છે, અને બાળકને શેઠ કહેવો એ ભવિષ્યની પર્યાયની વાત છે. આહા...હા !

અહીં તો એક ભવ પૂરતી વાત લીધી છે. તીર્થંકર જન્મ્યા, એમ કહેવાય ને ! ખરેખર તો તીર્થંકરની પ્રકૃતિનો ઉદય તો તેરમે (ગુણસ્થાને) આવશે. પહેલાં તીર્થંકર પ્રકૃતિનો ઉદય છે જ નહિ. પણ તીર્થંકરનો જન્મ થયો, જન્મ થતાં લોકોમાં આશ્ચર્ય થયું. નારકીને પણ ક્ષણભર શાતા થઈ. તીર્થંકરનો જન્મ થયો. તીર્થંકર તો તેરમે (ગુણસ્થાને) થશે, પણ તેનું વર્તમાનમાં કહેવું એ પણ નય (છે) (તે) દ્રવ્યનો વિષય છે. સમજાણું કાંઈ ?

**'આત્મા દ્રવ્યનયે...'** જુઓ ! ભાવી છે ને ! ભાવી એટલે અનાગત અને ભૂત એટલે અતીત. અનાગત અને અતીત એવા **'...ભાવી અને ભૂત પર્યાયરૂપે ખ્યાલમાં આવે છે.'** આહા...હા ! બાળક શેઠ તરીકે ખ્યાલમાં આવે, અને સાધુ રાજા તરીકે ખ્યાલમાં આવે. એવો એક નય છે. આહા...હા ! સમજાણું કાંઈ ? બાળકને શેઠ કીધો તે ભાવી, અને સાધુને રાજા કીધો તે ભૂતકાળની અપેક્ષાએ **'આત્મા દ્રવ્યનયે ભાવી અને ભૂત પર્યાય રૂપે ખ્યાલમાં આવે છે. જેમ બાળક શેઠપણાસ્વરૂપ ભાવી પર્યાયરૂપે ખ્યાલમાં આવે છે.'** જોયું ? **'બાળક શેઠપણા સ્વરૂપ ભાવી પર્યાયરૂપે (ખ્યાલમાં આવે**

**છે).**' આ તો રાજા છે, બાપા ! રાજા તો હજી પછી થશે. સમજાણું કાંઈ ? રાજકુમાર નહિ, રાજા જન્મ્યો એમ કહે છે. એ ભવિષ્યની પર્યાયની અપેક્ષાએ નયનું એક કથન છે. નય એક જ્ઞાનનો અંશ છે. આહા...હા ! ભાવિ અને ભૂત, ભાવી એટલે અનાગત, અને ભૂત એટલે અતીત – બે પર્યાયો રૂપે – અનાગત અને અતીતની પર્યાય અપેક્ષાએ ખ્યાલમાં આવે છે '**જેમ બાળક શેઠપણાસ્વરૂપ ભાવી પર્યાયરૂપે ખ્યાલમાં આવે છે. અને મુનિ રાજાસ્વરૂપ ભૂત પર્યાયરૂપે ખ્યાલમાં આવે છે. તેમ**' છે ? લ્યો ! એ ચૌદમો નય થયો. આહા...હા !

હવે ભાવ નય (એ) જરી સૂક્ષ્મ આવશે. ભાવનય એટલે ? ત્રિકાળી ભાવ છે તેને ઓળખનારી નય એમ નહિ. ભાવનયે જે દ્રવ્યનો ભાવ છે, સ્વભાવ જે વર્તમાન પર્યાયમાં પ્રગટ્યો છે એને અહીંયાં ભાવનય કહેવામાં આવે છે. જે દ્રવ્ય છે–વસ્તુ–અનંત શક્તિનો પિંડ પ્રભુ ! એ ઉલ્લસીને નિર્મળ પર્યાયમાં ભાવમાં આવ્યું છે. એને ભાવનય કહેવામાં આવે છે. ત્રિકાળી ગુણને અને દ્રવ્યને (ભાવનય કહે છે) એમ નહિ. સમજાણું કાંઈ ? આતમદ્રવ્ય એ (અનંત) ગુણ અને અનંતી પર્યાયનો અધિષ્ઠાતા તે આતમદ્રવ્ય લેવું. એ પહેલાં શબ્દમાં એ ભાવનયે – વર્તમાન પર્યાયની પ્રગટતાની–વ્યક્તતાની નયે (કહ્યું). આહા...હા ! આવું ક્યાં (મળે) ? ધંધા આડે નવરાશ ન મળે માણસને ! અને વાંચે તો અંદરથી આત્મા સમજે નહિ. આહા...હા !

શ્રીમદ્ કહે છે ને ! જિનવાણીમાં નથી કહેતા ? આહા...હા ! 'મોક્ષમાળા'માં છેલ્લા શબ્દો છે. શું એ વીતરાગની વાણી ? એ શું કીધું ?! શી એની શૈલી !! સફેદ એવી ભાષા છે... સફેદ ફીણની માફક એવી ભગવાનની વાણી છે. 'મોક્ષમાળા'માં છેલ્લે સોળ વર્ષે કીધું છે. બહુ શક્તિ હતી ને ! એમની તો ! ક્ષયોપશમ નાની ઉંમરથી બહુ લઈને આવેલા. આહા...હા !

'**આતમદ્રવ્ય ભાવનયે, પુરુષ સમાન પ્રવર્તતી સ્ત્રીની માફક, તત્કાળના (વર્તમાન) પર્યાયરૂપે ઉલ્લસે–પ્રકાશે–પ્રતિભાસે છે.**' સંતો–મુનિઓ છે, એને કાંઈ (પડી નથી) જેમ પુરુષ છે એ સ્ત્રીને ભોગવે છે, તો એ પુરુષ ઉપર અને સ્ત્રી નીચે (હોય છે) અહીં તો, પુરુષ નીચે અને સ્ત્રી ઉપર. શું કહે છે ? જુઓ ! '**પુરુષ સમાન પ્રવર્તતી સ્ત્રીની માફક...**' આહા...હા ! ભાવ લેવો છે ને દ્રવ્ય જે છે તે આખો ઉલ્લસીને આમ પર્યાય હારે (પરિણમે) છે. એમ પુરુષની માફક સ્ત્રી જ્યારે વિષય દેખે ત્યારે પુરુષ નીચે અને સ્ત્રી ઉપર એવી એક શૈલી છે. સંતોને ક્યાં (રાગ છે) ? એને તો વીતરાગતાથી વાત કરવી છે ને ! સમજાણું કાંઈ ? આહા...હા ! એમ દ્રવ્ય ઉલ્લસીને પર્યાયમાં આવ્યું છે. દ્રવ્ય એટલે ભાવ. આહા...હા ! સમજાણું કાંઈ ?

વીતરાગી સંતો છે ! સમ્યક્જ્ઞાન દીપિકામાં ઓલો બોલ છે ને ! કોઈએ એની ટીકા કરી છે. પંડિતજી ! ત્યાં તો એને દૃષ્ટાંત દીધો છે. અને તે સોનગઢવાળાનું છે. એણે એમ કીધું. અરે પ્રભુ ! ભાઈ તું શું કરે છે ? અહીંથી ભાવનગરથી છપાણું (છે). આ રહ્યા છપાવનારા, શેઠ હીરાલાલ... હીરાલાલથી છપાણું છે. હવે એ કહે છે કે આ સોનગઢવાળાનું છે. સોનગઢનું હેં !

શ્રોતા : હીરાલાલ એટલે સોનગઢ. પૂજ્ય ગુરુદેવશ્રી : હીરાલાલે છપાવ્યું એ સોનગઢે છપાવ્યું એ ભલે કહે, એમાં કાંઈ વાંધો નથી પણ આ સોનગઢે છપાવ્યું માટે આ કથન બધું એનું છે.

ત્યાં... તો એવી રીતે વાત લીધી છે, કે જેમ સ્ત્રીને માથે ભરથાર હોય, અને કોઈ પરપુરુષથી ગર્ભ રહી ગયો હોય તો પણ બહાર ન આવે, એનો દોષ બહાર ન આવે, કારણ કે માથે પતિ છે. એનો આશય કે જેને માથે જ્ઞાયક સ્વરૂપ છે ભગવાન બીરાજે છે એની પર્યાયમાં કોઈ રાગાદિ આવે તો એ દોષ એનો બહાર ન આવે. – એટલું સિદ્ધ કરવું છે. એને ઠેકાણે એ (એમ કહે) આ વ્યભિચારને સ્થાપે છે ! અરે પ્રભુ ! શું કહે છે, તું ભાઈ ! ચાલે... શું થાય ?! એને એ રીતે બેઠું હોય એટલે એ કરે.

એ તો ધર્મદાસ ક્ષુલ્લકનું કથન છે. એક જણાએ કહ્યું છે. વિરોધ ખાતર વિરોધ કરે છે; નથી સમજાણું માટે વિરોધ કરે છે – એમ નહિ. વિરોધ ખાતર વિરોધ કરે છે. એમ લખ્યું છે. અરે પ્રભુ ! શું કરવા ભાઈ ! બાપુ ! આવો સમય મળ્યો હોય એમાં આડીઅવળી બધી આડોડાઈ કરીને (આ) કરવું એમાં મેળ ખાય ? આહા...હા ! એ તો ધર્મદાસ તો એમ કહેવા માગે છે. એ 'સમ્યક્જ્ઞાનદીપિકા' તો ૭૮ની સાલથી વાંચ્યું છે. કેટલાં વર્ષ થયાં ? ૫૬ વર્ષ પહેલાં. બોટાદમાં વ્યાખ્યાન બંધ રાખ્યાં હતાં, સવારે બહાર નદીમાં દિશાએ જઈએ વહેલાં ત્યારે ત્યાં જ વાંચવા બેસી જતા. ૧૦ વાગે આહાર લેવા વખતે ગામમાં આવતા. ૭૮ની સાલમાં 'સમ્યક્જ્ઞાનદીપિકા' નદીમાં વાંચ્યું છે. નદી કોરી હતી, – વેળુ (પાણી વગર હતી).

'સમ્યક્જ્ઞાનદીપિકા' ભારે વસ્તુ ! કીધું કે ભાઈ ! હવે તો સોનગઢના નામે આરોપ કરીને (કહે છે) કે, એ સોનગઢવાળા એમ કહે છે કે, પર સ્ત્રીને ભોગવે તો પણ દોષ નથી. ભાઈ ! એમ નથી બાપુ ! દોષ તો દોષ છે. સ્વસ્ત્રીનો વિષય લે એ દોષ છે. તો પરસ્ત્રીના દોષને તો ત્યાં કહેવું જ શું ? આ તો ત્યાં બીજી અપેક્ષા છે. એ (ગર્ભની) વાત બહાર ન આવે, કારણ કે પતિ માથે છે. એટલે એ પતિનો ગર્ભ છે એમ બહાર આવે. બદનામ ન હોય, એટલી વાત છે ત્યાં, એટલું કહેવું છે. બાકી દોષ નથી, એમ છે ? એમ નાખ્યું છે. હજી બહાર પાડ્યું તોય એ લખે છે. હજી એ લખાલખ કરે છે. એને બેઠું હોય એમ કહે ને !

કેટલાક તો બચારા વિરોધ (કરવા) ખાતર વિરોધ કરે છે. પોતાની અધિકાઈ બતાવવા માટે. પ્રભુ ! એ કાંઈ અધિકાઈ એમ ન રહે ભાઈ !

શ્રોતા : સ્પષ્ટીકરણથી સામાન્ય જનતા ઠીક થઈ જાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : ઠીક છે.

અહીં કહે છે, આહા...હા ! **'આત્મદ્રવ્ય ભાવનયે, પુરુષ સમાન પ્રવર્તતી સ્ત્રી (માફક પ્રતિભાસે છે)'** અહીં તો એણે દૃષ્ટાંત દીધો છે કે, આવી વાતો સંતો કેમ કહે ? કે એવું જ સંસારમાં હોય છે. **'...પુરુષની સમાન પ્રવર્તતી સ્ત્રીની માફક તત્કાળ(ના) (વર્તમાન) પર્યાયરૂપે ઉલ્લસે (છે)'** અહીં સિદ્ધ એ કરવું છે કે, દ્રવ્ય ઉલ્લસીને તત્કાળ વર્તમાન પર્યાયમાં પ્રગટ–પ્રકાશે છે. આહા..હા! સમજાણું કાંઈ ? ભાષા ગમે તે હોય, એમાં રાગનું કામ ક્યાં છે ? વિકથા (નથી) કાંઈ, ભાષાથી વિકથા નથી. એમાં રાગ ભેળવે તો વિકથા કહેવાય. સમજાણું કાંઈ ? નહિતર તો સંતો તો બધી વાત કરે છે. અનેક પ્રકારની વાત કરે પણ એમાં રાગ ભેળવે તો એ કથાને વિકથા કહેવાય. રાગ ન ભેળવે તો ધર્મકથા કહેવાય. આહા...હા ! શબ્દો તો એના એ છે. સમજાણું કાંઈ ?

પુરુષ સમાન પ્રવર્તતી સ્ત્રીની માફક (પ્રતિભાસે છે). સંતો વીતરાગી મુનિ છે. એ તો એક ભાવનય સિદ્ધ કરવું છે. એ ભાવનય એટલે કે દ્રવ્યમાં જે શક્તિ છે તે પર્યાયમાં આમ આવી છે. જેમ પુરુષમાં શક્તિ હેઠે રહેવાની છે. અને સ્ત્રીને... એમ એ સ્ત્રી ઉપર આવે છે. એટલો ભાવ લેવો છે. અહીંયાં... સમજાણું કાંઈ ? સંતોને આખા જગતની–દુનિયાની ખબર છે. આખી દુનિયાના ક્યા પ્રકાર ? અને કઈ વાત ? એ બધું એના જ્ઞાનમાં છે. પંડિતજી ! આહા...હા ! બતાવવું છે એ કે, અંદર દ્રવ્ય જે શક્તિવાળું છે... એ પ્રગટ થઈને ઉલ્લસીને પર્યાયમાં આવ્યું. સમજાણું કાંઈ ? આહા...હા ! એ પર્યાયમાં પરમાત્મા થયો. એ ભાવનય (થયો) શક્તિરૂપે તો પરમાત્મા હતો. સમજાણું કાંઈ ?

એ શક્તિરૂપે હતો – સામાન્યરૂપે હતો – એ વિશેષરૂપમાં આવી ગયો. એમ પુરુષની પેઠે સ્ત્રી ઉપર કરીને જે વિષય આવે. એવો દૃષ્ટાંત એક લીધો છે. સમજાણું કાંઈ ? આહા..હા ! આનંદનો નાથ પરમાત્મા એનું સુખ જેણે અંતરમાં જાણ્યું છે. એને ગમે તે દાખલા હોય તો, ત્યાં પરમાં કોઈ રાગ થઈ જાય, અને સુખબુદ્ધિ થઈ જાય, એવું કંઈ છે નહિ. હા, આહા...હા ! વાણી છે – એને જાણવી એમાં રાગ ક્યાં છે ? એ તો વાણીની રચના છે. જેમ નિંદા સ્તુતિ એ પુદ્ગલ છે, એ કંઈ આત્માને રાગદ્વેષ કરાવતા નથી, એ તો પુદ્ગલની પર્યાય છે. જ્ઞાની એમ જાણે છે. એ તો પુદ્ગલની પર્યાય છે. નિંદા–પ્રશંસા મારી નથી. એ તો પુદ્ગલની પર્યાય છે. જાણવા લાયક છે. આહા...હા ! સમજાણું કાંઈ ? એમ 'તત્કાળનાં' વજન અહીં છે. ભાવનયમાં સિદ્ધ કરવું છે ને ! અને 'પુરુષ સમાન પ્રવર્તતી સ્ત્રી માફક...' એ તો દાખલો છે.

જેમ ઓલામાં (સ્થાપના નયમાં) દાખલો હતો ને ! મૂર્તિનો દાખલો. કે મૂર્તિની માફક હતું ને ? એમ આ એક દાખલો છે... પણ એના અર્થનો ભાવ શું છે ? એ કહેશે '**...તત્કાળના (વર્તમાન) પર્યાયરૂપે ઉલ્લસે–પ્રકાશે – પ્રતિભાસે છે.**' આહા...હા ! ગુલાંટ ખાઈને અંદર દ્રવ્યમાં જે ભાવ પડ્યો છે એ પર્યાય ભાવમાં ઉલ્લસી નીકળ્યો છે. આહા...હા ! સમજાણું કાંઈ ? સમ્યક્દર્શન–જ્ઞાન–ચારિત્ર ને કેવળજ્ઞાન આદિ ભાવપર્યાય ભાવનયે તત્કાળે વર્તમાનમાં ઉલ્લસિત વીર્યથી પ્રગટ દશા થઈ છે. આહા...હા ! પર્યાય ઉપર આવી છે. એમ કહે છે. જેમ ઓલા પુરુષની ઉપર સ્ત્રી આવી છે, એમ અહીંયાં ભગવાનઆત્મા ! દ્રવ્ય સ્વરૂપ ભગવાન અનંત શક્તિનો પિંડ પ્રભુ ! એની પર્યાય બહાર ઉલ્લસીને – બહાર વ્યવહાર પર્યાયમાં આવ્યું છે. ઉપર પર્યાય આવી છે.

ભાષા કેવી છે ? જોયું ! (આત્મદ્રવ્ય) તત્કાળ–વર્તમાન પર્યાયની પેઠે, તત્કાળ વર્તમાન પર્યાયરૂપે ભાવનયે વર્તમાન પર્યાયરૂપે પરિણમેલું છે. આહા...હા ! આવી વાતું છે. (પર્યાયરૂપે) ઉલ્લસે છે, શક્તિરૂપ જે હતું (તે). અનંત આનંદ અને અનંતજ્ઞાન શક્તિરૂપે હતું. હવે એ શ્રદ્ધા–સમ્યક્દર્શનની પર્યાય થઈ, શ્રદ્ધા શક્તિરૂપે હતી તે પર્યાયમાં ઉલ્લસી – ભાવમાં પર્યાય આવી. આહા...હા ! એટલે એને ઉપર આવી એમ કીધું. અંદર હતી તે ઉપર આવી. સમજાણું કાંઈ ?

પ્રાપ્તની પ્રાપ્તિ છે. એમાંથી ઉલ્લસીને પર્યાય આવી. '**...તત્કાળ(ના) (વર્તમાન) પર્યાયરૂપે ઉલ્લસે–પ્રકાશે, પ્રતિભાસે છે.**' ત્રણ શબ્દ વાપર્યા. વર્તમાન પર્યાયરૂપે ઉલ્લસે છે, વર્તમાન પર્યાયરૂપે પ્રકાશે છે, વર્તમાન પર્યાયરૂપે પ્રતિભાસે છે. એ ઉપર કહ્યું. '**અર્થાત્ આત્મા ભાવનયે વર્તમાન**

**પર્યાયરૂપે પ્રકાશે છે. જેમ પુરુષ સમાન પ્રવર્તતી સ્ત્રી, પુરુષત્વરૂપ પર્યાયરૂપે પ્રતિભાસે છે તેમ'** પુરુષનો વેશ પહેરે છે ને સ્ત્રી ! બધું પુરુષ (જેવું) જ લાગે. કંદોરો ન રાખે અને વળી બધું પુરુષના જેવું લાગે અને ઈ... એમ કે સ્ત્રી તરીકે પુરુષને આપે. એમ ભગવાન આત્મા અનંત શક્તિથી ભરેલો ભગવાન ! શક્તિથી વર્તમાન પર્યાયમાં તત્કાળ બહાર આવીને પ્રકાશે છે – ઉલ્લસે છે. ભાવનયનું કથન છે. એ પણ એક નય છે. એક જ નય છે. એક નયે ભાવ જણાય છે એમ નહિ. એ... આ તો ભાવ જણાય છે, એક નયે વસ્તુ છે – ગુણ અને દ્રવ્ય બધાનો એક પિંડ છે. એનો ભાવ એ એક નયે ન જણાય. આ તો વર્તમાન પર્યાય પ્રગટ છે. તે એક નયે જણાય છે તેને માટે આ દાખલો આપ્યો છે.

વિશેષ કહેશે.....

❀ ❀ ❀

આ આત્મા પ્રત્યક્ષ છે. જેમ સામે કોઈ ચીજ પ્રત્યક્ષ હોય છે ને ! તેમ આ આત્મા પ્રત્યક્ષ છે. તેને દેખ ! તેમ આચાર્યદેવ કહે છે. આ શરીર છે, કુટુંબ છે, ધન, મકાન, વૈભવ છે – એમ તું દેખે છો, પણ એ બધાં તો તારાથી અત્યંત ભિન્ન પરદ્રવ્ય છે. તેનાથી ભિન્ન આ આત્મા સ્વસંવેદન પ્રત્યક્ષ છે. તેને દેખ ! તો તારો મોહ તુરત નાશ થઈ જશે.

❀

પ્રશ્ન : આત્મવસ્તુ અવ્યક્ત છે તો કેમ જણાય ?

ઉત્તર : વર્તમાન વર્તતી પર્યાય વ્યક્ત છે – પ્રગટ છે. તે પર્યાય ક્યાંથી આવે છે ? કોઈ વસ્તુ છે તેમાંથી આવે છે કે અદ્ધરથી આવે છે ? તરંગ છે તે પાણીમાંથી આવે છે કે અદ્ધરથી આવે છે ? તેમ પર્યાય છે તે અદ્ધરથી આવતી નથી પણ અંદર વસ્તુ અવ્યક્ત–શક્તિરૂપ છે તેમાંથી આવે છે. વ્યક્ત પર્યાય અવ્યક્ત આત્મશક્તિને પ્રસિદ્ધ કરે છે – બતાવે છે.

**આત્મદ્રવ્ય સામાન્યનયે, હાર–માળા–કંઠીના દોરાની માફક, વ્યાપક છે (અર્થાત્ આત્મા સામાન્યનયે સર્વ પર્યાયોમાં વ્યાપે છે, જેમ મોતીની માળાનો દોરો સર્વ મોતીમાં વ્યાપે છે તેમ). ૧૬.**

**આત્મદ્રવ્ય વિશેષનયે, તેના એક મોતીની માફક, અવ્યાપક છે (અર્થાત્ આત્મા વિશેષનયે અવ્યાપક છે, જેમ પૂર્વોક્ત માળાનું એક મોતી આખી માળામાં અવ્યાપક છે તેમ). ૧૭.**

**આત્મદ્રવ્ય નિત્યનયે, નટની માફક, અવસ્થાયી છે (અર્થાત્ આત્મા નિત્યનયે નિત્ય–ટકનારો છે, જેમ રામ–રાવણરૂપ અનેક અનિત્ય સ્વાંગ ધરતો હોવા છતાં પણ નટ તેનો તે જ નિત્ય છે તેમ). ૧૮.**

**પ્રવચન : ૨૮-૧૨-૧૯૭૭**

પંદર (નય) ચાલ્યા છે. (હવે) ૧૬મો નય છે. જરી સૂક્ષ્મ છે. આ ટીકા શું છે ? શિષ્યનો એમ પ્રશ્ન હતો કે, આ આત્મા છે કોણ ? અને આત્મા કેવો છે ? અને કેમ પ્રાપ્ત થાય ? એવો બે પ્રશ્નો હતા. એના આ ઉત્તર છે. પણ આનાં ઉત્તર પહેલાં સામાન્ય ઉત્તર – મૂળ ઉત્તર આપી ગયા, શું ? કે આ... આત્મા છે. એમાં અનંત ગુણ છે. જ્ઞાન–દર્શન–ચારિત્ર–આનંદ આદિ. અને તેની પર્યાયમાં અનંત ગુણની અવસ્થા છે. એમાં આ પર્યાયમાં કેટલીક વિકૃત છે અને કેટલીક અવિકૃત – નિર્મળ છે. પણ એ પર્યાય અને ગુણનો અધિષ્ઠાતા – આધાર તે આત્મદ્રવ્ય છે.

અહીંયાં જ્ઞાનપ્રધાન કથન છે ને...! સમ્યગ્દર્શનપ્રધાન કથન જ્યાં હોય ત્યાં તો આત્મા ભૂતાર્થ ત્રિકાળી જે ધ્રુવ વસ્તુ, એ સમ્યગ્દર્શનનો વિષય છે. સમ્યગ્દર્શન એ પર્યાય છે. પણ એનો વિષય છે, એ ત્રિકાળી આત્મા ધ્રુવ છે. સમજાણું ? અને ધ્રુવ ત્રિકાળી–નિત્ય–ધ્રુવ આનંદકંદ પ્રભુ–શુદ્ધ ચૈનત્યઘન, એનો આશ્રય લેવાથી સમ્યગ્દર્શન થાય, ધર્મની પહેલી શરૂઆત ત્યાં થાય. આવી વાત છે. એ દર્શનપ્રધાન કથનમાં આવે.

અહીં, જ્ઞાનપ્રધાન કથનમાં એમ આવ્યું કે, દર્શન સાથે જે જ્ઞાન થાય, તે જ્ઞાન શ્રુતજ્ઞાન – શ્રુતજ્ઞાન એટલે અંતરના અનંત ગુણ અને ધર્મો. (બધાને જાણનાર) ધર્મ એટલે ધારી રાખેલી ચીજ. વસ્તુ છે એમાં જ્ઞાન–દર્શન અને આનંદ (આદિ) ધર્મ (છે). ધર્મ એટલે ધારી રાખેલો, ધર્મીએ ધારી રાખેલો, ધર્મીએ ધારી રાખેલો ભાવ. આહા...હા ! ઝીણી વાત છે !

આત્મા વસ્તુ છે – ધર્મી (છે) એણે જ્ઞાન–દર્શન આદિ અનંત ગુણને ધાર્યા છે, માટે એનું નામ ધર્મી કહેવાય. આ મોક્ષ(માર્ગરૂપ) ધર્મ – સમ્યગ્દર્શન–જ્ઞાન એનું નામ ધર્મ (એમ) નથી. એ અંદર વસ્તુનો જે સ્વભાવ ત્રિકાળ છે તેને ધર્મ કહીએ. અને તેની પર્યાયમાં સમ્યગ્દર્શન–જ્ઞાન આદિ નિર્મળ પર્યાય થાય અને એની સાથે જરી રાગદ્વેષની વિકૃત પર્યાય પણ હોય એ

બધી પર્યાયોને, ગુણોને ધરનારો (તેને) ધર્મી (કહીએ) આહા...હા ! આવી વાતો છે.

એ બધી પર્યાયો, અવસ્થાઓ અને ગુણો – શક્તિ એને અહીંયાં ધર્મ કહીએ. ધર્મ એટલે આત્મા (અર્થાત્) ધર્મીએ ધારી રાખેલા ભાવને ધર્મ કહેવામાં આવે છે. ધર્મ જે સમ્યગ્દર્શન–જ્ઞાન ને ચારિત્ર એ ધર્મ નહિ. એ તો એક સમયની પર્યાય છે. આહા...હા !

અને તે સમયે પૂર્ણ વીતરાગ નથી એથી રાગાદિ ભાવ ધર્મીને પણ આવે. પર્યાયમાં તો એ રાગને અને ધર્મની પર્યાયને અને ત્રિકાળી ધર્મને – ગુણને એ ધરે, તે ધારક–ધર્મી એટલે એક દ્રવ્ય તેને કહેવામાં આવે છે. ભાઈ ! વીતરાગનો મારગ બહુ સૂક્ષ્મ છે. એ ધર્મી કેવો ? તેનો ઉત્તર આ દીધો.

આત્મા કોણ છે ? અને કેવો છે ? કે અનંત ગુણ અને અનંત પર્યાયરૂપી ધર્મ એટલે એની અવસ્થા (અને) ગુણ તેને, ધરનારો ધર્મી – એ ધર્મી આવો આત્મા છે. હવે પમાય કેમ ? એ પ્રાપ્ત કેમ થાય ? એના ઉત્તરમાં એમ કહ્યું કે અનંત જે ધર્મો, જે ગુણ છે અને અનંતી પર્યાય છે. નય એટલે જ્ઞાનનો અંશ; એક એક અંશ, એક એક ગુણ અને એક એક પર્યાયને જાણે છે. એવા અનંતા નયો છે. કેમકે અનંત ગુણો છે અને અનંત પર્યાયો છે. એટલે એક એક ગુણને અને એક એક પર્યાયને જાણનાર નય છે. એવા અનંતનયો છે. એવા અનંત નયોનો સમુદાય ભાવશ્રુતજ્ઞાન છે. આવી વાતો છે.

અનંત નયોનો સમુદાય, ભાવશ્રુતજ્ઞાન, આ પાનાં નહિ. અંદરમાં જ્ઞાનની દશા દ્વારા જે જ્ઞાન ભાવજ્ઞાન – શ્રુતજ્ઞાન, એના દ્વારા એ આત્મા એવો જે ધર્મી (અર્થાત્) ધર્મ–ગુણો અને પર્યાયોને ધરનાર એ શ્રુતજ્ઞાન દ્વારા પ્રમેય થાય છે. એ શ્રુતજ્ઞાન દ્વારા પ્રમેય એટલે જ્ઞાત થાય છે. આહા...હા ! સમજાણું કાંઈ ? તે શ્રુતજ્ઞાન જે છે. ભાવ – ભાવશ્રુતજ્ઞાન, હોં ! આ પાનાં નહિ. અંદરમાં એનું જ્ઞાન થાય; મતિજ્ઞાન હોય અંદર, પણ એનો ભેદ નય નથી. અવધિજ્ઞાન હોય, પણ એનો ભેદ નય નથી. મનઃપર્યાયનો ભેદ પણ નય નથી અને કેવળજ્ઞાન તો છે જ નહિ.

એ શ્રુતજ્ઞાન–ભાવશ્રુતજ્ઞાન જે અનંતનયનું સામાન્ય એકરૂપ, એવું જે ભાવશ્રુતજ્ઞાન–નિર્મળ પર્યાય એ દ્વારા આત્મા, – અંદરમાં પ્રમેય નામ પ્રમાણથી પ્રમેય થઈ શકે છે. શ્રુતજ્ઞાનરૂપી પ્રમાણ એ વડે પ્રમેય આખું દ્રવ્ય – એના ગુણો અને એની પર્યાય, એવું એક દ્રવ્ય પ્રમાણજ્ઞાન વડે પ્રમેય એટલે કે જાણવામાં આવે છે. એવી વાતું છે. ઝીણી વાતું છે બાપુ ! આહા...હા !

લોકોમાં તો બહારથી સંપ્રદાયમાં તો આ કડા–કૂટા, વ્રત કરો ને, અપવાસ કરો ને, ભક્તિ કરો ને, જાત્રા કરો. એ બધી તો રાગની ક્રિયા છે. એ રાગની ક્રિયા પણ સમ્યક્જ્ઞાનીને જ્યારે હોય ત્યારે તે રાગ અને રાગનું જ્ઞાન અને રાગને કાળે જે આત્માની સમ્યગ્દર્શન–જ્ઞાનની પર્યાય, બધા ધર્મને જાણનારું શ્રુતજ્ઞાન, એ આખા આત્માને જાણી શકે છે. આહા...હા ! અજ્ઞાનીને જાત્રાના ભાવને જાણનારું શ્રુતજ્ઞાન નથી. સમજાણું કાંઈ ? આહા...હા ! એ રાગ આવે, ધર્મીને (રાગ) આવે, દયા–દાન–ભક્તિ–પૂજા પણ એ વિકારી અવસ્થાને, અને અવિકારી, તે કાળે, ધર્મની અવસ્થાને ધરનારું, તે વસ્તુને જાણનારું ભાવશ્રુતજ્ઞાન–સમ્યક્જ્ઞાન જે સ્વસન્મુખ થઈને જ્ઞાન થયું, તેને

ભાવશ્રુતજ્ઞાન કહેવામાં આવે છે.

લોઝીક (ન્યાય) ઝીણા બહુ, બાપા ! ન્યાય બહુ ઝીણા, સમજાણું કાંઈ ? એ ભાવશ્રુતજ્ઞાન દ્વારા આત્મા જાણી શકાય. એ ભાવશ્રુત પ્રમાણના ભેદોને નય કહે છે. ભાવશ્રુત તે સામાન્ય–અવયવી છે. ત્યારે એક એક ધર્મને જાણનાર નય તેનો અવયવ છે. ભાષા તો સાદી છે. પણ ભાવ તો જે છે એ છે. આહા...હા ! એમ અહીં પંદર (નય) સુધી આવ્યું છે.

આહા...હા ! સોળમું, આતમદ્રવ્ય... આ નયની વ્યાખ્યા છે. આ તો ધીમેથી સમજવાની વાત છે. સર્વજ્ઞ ત્રિલોનાથ તીર્થંકર પરમાત્માને સર્વજ્ઞપણું થયું, તે કેમ થયું ? અહીં તો એમ કહ્યું કે, શ્રુતજ્ઞાન દ્વારા જાણ્યું. પણ આમ બીજી ગાથામાં કહ્યું ને ભાઈ ! 'સમયસાર'માં કે, કેવળ સર્વ પદાર્થને જાણનાર એવું જે કેવળજ્ઞાન, એ ભેદજ્ઞાન જ્યોતિથી ઉત્પન્ન થાય છે. ભાઈ ! બીજી ગાથામાં (કહ્યું) ફરીને, સર્વ પદાર્થને ત્રણકાળ–ત્રણલોકના પદાર્થને જાણનાર, એવું જે કેવળજ્ઞાન – સર્વજ્ઞજ્ઞાન – સર્વનું સર્વજ્ઞનું જ્ઞાન તે, ભેદજ્ઞાન જ્યોતિથી ઉત્પન્ન થાય છે. એટલે એ દયા–દાન–રાગાદિ પુણ્યપાપના વિકલ્પ એનાથી ભિન્ન પાડતાં, એનાથી જુદું પાડતાં જે આખું તત્ત્વ રહે, તેને ભેદજ્ઞાનનો વિષય કહીને, એ ભેદજ્ઞાન દ્વારા કેવળજ્ઞાન થઈ શકે છે. આહા...હા ! એ (કેવળજ્ઞાનને) બોલાવે તેનો અર્થ આ. અહીં તો ફક્ત જાણી શકાય છે. કેવળજ્ઞાન કેમ ? બીજી ગાથામાં છે ને ભાઈ ! 'સમયસાર'(ની) ચોથી ગાથામાં એ છે. ભેદજ્ઞાન એ શબ્દ છે ને ! નિર્મળ ભેદજ્ઞાનરૂપી પ્રકાશથી (આત્મા) સ્પષ્ટ ભિન્ન દેખવામાં આવે છે. આહા...હા !

ફરીને, નિર્મળ ભેદજ્ઞાનરૂપ (પ્રકાશ વડે) એ રાગને, દેહને એનાથી ભિન્ન ભગવાન અંદર, એવા નિર્મળ, ભેદજ્ઞાનરૂપી પ્રકાશ, રાગથી ભિન્ન કરવાનો પ્રકાશ – એનાથી સ્પષ્ટ ભિન્ન–પ્રત્યક્ષ ભિન્ન એવો આત્મા દેખવામાં આવે છે. આહા...હા ! સમજાણું ? એ આત્માનું એકપણું સદા પ્રગટપણે અંતરંગમાં પ્રકાશમાન છે. સવારમાં આવ્યું હતું. 'સ્ફુરતિ' પ્રગટ આત્મા પ્રગટ થાય છે. પ્રગટ છે તો પ્રગટ ત્રિકાળ કહ્યું ને ! અહીંયાં સદા પ્રગટપણે અંતરંગમાં પ્રકાશમાન છે. તોપણ વિરુદ્ધ છે એ પછી વાત. પણ આ રીતે પ્રકાશમાન છે. સમજાણું કાંઈ ? આહા...હા !

કોઈ ક્રિયાકાંડ વડે, દયા–દાન–વ્રત વડે, પ્રકાશમાન નથી. એનાથી જણાય એવો આત્મા નથી, એમ કહે છે. આહા...હા ! એ વિકલ્પો છે, વૃત્તિઓ છે, રાગ છે, દયા–દાન–વ્રત–પૂજા–ભક્તિ આદિ એનાથી (જણાય એવો નથી). નિર્મળ ભેદજ્ઞાનરૂપી પ્રકાશથી સ્પષ્ટ ભિન્ન દેખવામાં આવે છે. આહા...હા ! પ્રત્યક્ષ દેખવામાં આવે છે. એમ કહે છે. આહા...હા ! જેને મન કે રાગની અપેક્ષા નથી, – એવું જે અંદર ભેદજ્ઞાન, મન અને રાગથી ભિન્ન પડેલું, એવું ભેદજ્ઞાન (તેનાથી), અંતરમાં સદા પ્રગટરૂપ આત્મા છે, પ્રકાશમાન છે, આહા...હા ! તે ભેદજ્ઞાન દ્વારા જણાય છે. આ આવી વાત છે.

આ જ વસ્તુ છે અને એ જ કહ્યું છે ને ! પાંચમી (ગાથા)માં પણ, ('સમયસાર'ની) પાંચમી (ગાથા) કે હું કંઈક કહીશ. એને અનુભવ એમ છે ને ! પોતાના અનુભવ પ્રત્યક્ષથી પરીક્ષા પ્રમાણ કરવું. હું કંઈક કહીશ (એમ) 'કુંદકુંદઆચાર્ય' કહે છે. – આત્મા – એ આનંદનો નાથ છે ! સત્ ચિદાનંદ પ્રભુ છે ! સર્વજ્ઞે જોયો એ; બીજાએ કહ્યો એ, એને આત્માની ખબર નથી.

વીતરાગ તીર્થંકરદેવ, ત્રિલોકનાથ, એ સર્વજ્ઞે જે આત્મા જોયો, તે આત્માની પોતાના અનુભવથી અમે તને વાત કરશું, પણ તું પોતે પોતાના અનુભવ પ્રત્યક્ષથી પરીક્ષા કરી પ્રમાણ કરજે. આહા...હા ! અનુભવ છે ? શં કહે છે એ ? કે રાગથી ભિન્ન પડી, ચૈતન્ય સ્વરૂપ જે અંદર છે. એને અનુભવ પ્રમાણથી પરીક્ષા કરીને અંદર પ્રમાણ કરજે – એમ અમે કહીએ છીએ. એમ હા પાડજે. સમજાણું કાંઈ ? આહા...હા ! આવી વાતો છે.

આ તો 'સમયસાર'માં બધું આવી ગયું છે. બે બોલ એમાંથી કાઢ્યાં. પોતાના અનુભવ પ્રમાણથી પરીક્ષા કરી પ્રમાણ કરવું અને એ વાત શબ્દોની શૈલીમાં ક્યાંય ભૂલ દેખાય તો અને કોઈ ભેદ થાય, તો એ તરફ કાંઈ ધ્યાન ન રાખવું. અમે તો આત્મા–આનંદજ્ઞાન સ્વરૂપ છે, તેને પામવાના અનુભવની વાત કરીશું, કારણ કે સ્વસંવેદનરૂપ અર્થ પ્રધાન છે. આમાં તો સ્વસંવેદન – આત્મા જેવો આનંદ અને જ્ઞાનમૂર્તિ છે, તેને સ્વને, વેદવું, એટલે જાણવું ને અનુભવવું, એ અર્થ અહીંયાં મુખ્ય છે. અહીં ભૂતકાળનું વચન છે અને ફલાણાનું અને ઢીકણાનું, એની અહીંયાં વિવક્ષા છે નહિ. આહા...હા ! સમજાણું કાંઈ ?

આવી વાતો છે. છે ? પોતાના અનુભવ પ્રત્યક્ષથી પરીક્ષા કરવી. અહીંયાં એમ કીધું. ચોથામાં એમ કહ્યું, નિર્મળ ભેદજ્ઞાન પ્રકાશથી સ્પષ્ટ ભિન્ન દેખવામાં આવે છે. અને જે સદા પ્રગટપણે અંતરમાં પ્રકાશમાન છે – પ્રગટ છે. જ્ઞાયક જ્યોતિ ચૈતન્યમૂર્તિ ભગવાન જેનો જ્ઞાન સ્વભાવ ત્રિકાળ (છે) એ વસ્તુ પ્રગટ અંદર પડી છે. આહા...હા ! સમજાણું કાંઈ ? એના ઉપર નજર પડતાં, રાગથી ભેદ પાડતાં, તેની અનુભવની પરીક્ષા કરીને પ્રમાણ કરજે. આહા...હા ! આવી વાતો છે. એ અહીંયાં કીધું, હવે.

એક એક નયથી વાત ઉપાડી છે. છે ? અનંત ગુણો ધર્મ, એમાં એક એક નયથી એક એક ધર્મ અહીં સમજાવે છે. પંદર સુધી આવી ગયું છે. (હવે) સોળ(મો નય) આત્મ દ્રવ્ય... છે.. ને...! પહેલો શબ્દ, ભાઈ ! આત્મદ્રવ્ય એટલે શું કે એની વ્યાખ્યા પહેલાં થઈ ગઈ. આત્મદ્રવ્ય – એટલા શબ્દોનો અર્થ એવો છે કે, એમાં જેટલી શક્તિઓ – એટલે ગુણો અનંત છે. અને એની જેટલી અનંતી પર્યાયો છે, સમ્યક્જ્ઞાનના કાળમાં હોં ! મિથ્યાદૃષ્ટિને માટે અહીંયાં વાત નથી. આહા...હા ! જે આત્મા વસ્તુ છે, એ વસ્તુ છે, તો એમાં વસેલા રહેલા ગુણો છે, તો એને વસ્તુ કહીએ. વસ્તુ છે પ્રભુ ! એમાં વસેલા – રહેલા – ટકેલા – કાયમી ભાવ તેને ગુણ અને ધર્મ કહીએ. અને એની વર્તમાન થતી દશા, હાલત – અવસ્થા તેને પર્યાય કહીએ. એ અનંતી પર્યાય એમાં વિકૃત અવસ્થા પણ ભેગી આવી જાય છે, સાધક છે ને ! એટલે થોડી ધર્મની – દયા–દાનની વિકલ્પની પણ વૃત્તિ હોય અને નિર્મળ દશા પણ હોય. બે અને આખા આત્માના અનંત ગુણો છે. તે તદ્દન નિર્મળ હોય એ અનંતા ધર્મો, ગુણ અને અનંતી પર્યાય તેનો અધિષ્ઠાતા–સ્વામી તેને આત્મદ્રવ્ય કહેવામાં આવે છે. એ આત્મદ્રવ્યની વ્યાખ્યા. આત્મદ્રવ્ય જે શબ્દ પડ્યો છે, એની આ વ્યાખ્યા. સમજાણું કાંઈ ?

મારગ ભગવાનનો લોજીકથી છે, ન્યાયથી છે. એમને એમ માની લેવું એ કાંઈ એ માની શકે નહિ. અંદર એના ભાવમાં ભાસ થવો જોઈએ કે, આ ચીજ આ રીતે છે. ભાઈ ! તો કહે

છે કે આત્મદ્રવ્ય, એટલે આ, અનંતગુણો બેહદ ! સંખ્યા વિનાના અનંત, એની જ્ઞાન–દર્શન-આનંદ એવી અનંત શક્તિઓ તે અનંત ગુણો છે. એ અનંત ગુણોને અહીં ધર્મ કહ્યાં છે. એ ધર્મ એટલે આત્માએ ધારી રાખ્યા માટે ધર્મ. ધર્મ એટલે મોક્ષનો મારગ એ અત્યારે નહિ. અનંતગુણોને ધર્મને–સ્વભાવને ધારી રાખ્યો એવો આત્મા તે ધર્મી. એના આ અનંતગુણો તે ધર્મ, એની અનંતી પર્યાયમાં મોક્ષમાર્ગની પર્યાય પણ ધર્મ એટલે આત્માએ ધારી રાખ્યો છે. અને ભેગો રાગાદિ પણ એક ધર્મ, ધર્મ એટલે આત્માએ ધારી રાખ્યો છે. આહા...હા ! ભારે આકરું કામ ! વકીલાતના કાયદા બધા કાઢે. આ કાયદા વીતરાગના ઝીણા બહુ. બાપુ ! આહા...હા !

'આતમદ્રવ્ય', અહીં એની એટલી વ્યાખ્યા કરી કે અનંત ધર્મો એટલે ગુણો એટલે શક્તિ એટલે સત્ આત્મા, એનું જે સત્ત્વ, એનો કસ એટલે અનંતગુણો, અને એની અનંતી પર્યાય, એ બધાનું નામ ધર્મ છે. તેને આત્માએ ધારી રાખ્યા, માટે તેને ધર્મી કહીએ છીએ. આહા...હા ! પણ એની વ્યાખ્યા તો ભેગી હાલી આવે છે. એનામાં ત્રિકાળ શક્તિઓ તે ગુણ, અને વર્તમાન પરિણતિની અવસ્થાઓ તે પર્યાય (છે).

ભાષા તો ભેગી આવે છે. આ તો અલૌકિકમાર્ગ, વીતરાગ સર્વજ્ઞ જેવું ક્યાંય છે નહિ. અરિહંત – તીર્થંકર સિવાય એ માર્ગ ક્યાંય છે નહિ. બધાએ કલ્પિત વાતો કરી છે. આહા...હા ! એ (વાત) આવી જાય છે ને ! ઓલામાં ('સમયસાર'માં) કલ્પિત આગમ અન્યમતિની પેઠે નથી. આ પ્રમાણે છે. આવી જાય છે ને ! આહા...હા ! (ભગવાનની દિવ્યધ્વનિ) સાક્ષાત્ સાંભળનાર, તેમજ પોતે અનુભવ કરનાર એવા શ્રુતકેવળી–ગણધરોએ કહેલું હોવાથી (આ આગમ) પ્રમાણતાને પામ્યું છે. અન્યવાદિઓના આગમની જેમ છદ્મસ્થ–અલ્પજ્ઞાનીની કલ્પના માત્ર નથી. સર્વજ્ઞ ભગવાને કહેલા આગમ સિવાયના આગમ કલ્પિત કહેલા છે, એ આગમ નથી. આહા...હા ! ગજબ વાતો છે !!

બાપુ ! એ કલ્પિત આગમ પ્રમાણ છે નહિ. અહીં તો ગણધરો અને તીર્થંકરોએ કહેલું, સાક્ષાત ગણધરો સાંભળેલું, સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરની હાજરીમાં, દિવ્યધ્વનિ દ્વારા ભગવાને કહ્યું અને સંતો ગણધરો, ગણ એટલે સંતોના ટોળા, તેના ધરનારે, ગણધરોએ સાંભળ્યું. આહા...હા ! છે ! અને સાંભળનાર તેમજ પોતે અનુભવ કરનાર, એકલું સાંભળ્યું એમ નહિ. એ સાંભળનારે અનુભવ કર્યો. આત્મા આનંદ સ્વરૂપ છે. રાગરહિત છે. એવો અનુભવ કર્યો. એવો અનુભવ કરનાર શ્રુત કેવળી–ગણધરદેવોએ કહેલ હોવાથી પ્રમાણતાને પામ્યો છે. આ શાસ્ત્ર તે માટે પ્રમાણતાને પામેલ છે. સમજાણું કાંઈ ? આહા...હા !

એની તો એક એક ગાથા અને એક એક કડી ઘણા ભાવોથી ભરેલી છે. આહા...હા ! આ 'સમયસાર' પ્રમાણતાને કેમ પામ્યું છે ? કે સાક્ષાત્ સર્વજ્ઞ ભગવાનની દિવ્યધ્વનિમાં આવ્યું, અને એને સાક્ષાત્ સાંભળનારા હતા. કો'કે કહ્યું અને બીજાએ સાંભળ્યું એમે ય નહિ ત્યાં સીધું સાક્ષાત્ સાંભળ્યું. સાંભળીને સાક્ષાત અનુભવ કર્યો. રાગથી ભિન્ન આત્માનો અનુભવ કર્યો. એવા ગણધરોથી કહેવામાં આવેલું હોવાથી આ શાસ્ત્ર પ્રમાણતાને પામેલ છે. આહા...હા ! ભાઈ ! આ તો એવી વાતો છે. બાપુ !

આહા...હા ! અન્ય વાદીઓના આગમની જેમ (કલ્પિત નથી). અહીં તો મારે બીજું કહેવું છે. ઓલામાં (શ્વેતાંબરમાં) આગમ બીજા છે, અને એ બધા કલ્પિત આગમ છે, આહા...હા ! ભાઈ ! આ તો (આવી) વાત છે ! તો શાંતિથી (સાંભળવી). શ્વેતાંબરોના આગમ છે એ કલ્પિત છે. એ સર્વજ્ઞના કહેલા નથી. પ્રભુ ! સાંભળવું આકરું લાગે, દુઃખ લાગે, તો શું થાય ? વસ્તુસ્થિતિ આવી છે. એ અહીંયાં કહેવા માગે છે.

આ તો ત્રણલોકના નાથ ! સીમંધર ભગવાન ! સાક્ષાત્ બિરાજે છે, પ્રભુ ! ત્યાં વાણી નીકળે છે. ગણધરો સાંભળે છે, અને સંતો અને ગણધરોએ અનુભવ કર્યો છે – પરમાત્મા કહે છે કે, આનંદમૂર્તિ અને જ્ઞાનમૂર્તિ પ્રભુ ! આત્મા (છે). એ જ્ઞાન ને આનંદનું વેદન થઈને, અનુભવ કરીને જાણ્યું છે. એ તો અહીંથી 'કુંદકુંદાચાર્ય' (ત્યાં) ગયા ને સાંભળ્યું ને ! એમને અનુભવમાં આવ્યું. અનુભવ તો ચારિત્ર હતું, પણ વિશેષ સ્પષ્ટતા આવી. એમણે આવીને અહીંયાં શાસ્ત્ર રચ્યાં. એથી આ શાસ્ત્ર પ્રમાણતાને પામેલ છે. આહા...હા ! સમજાણું કાંઈ ? અન્યવાદીઓની જેમ કલ્પનામાત્ર નથી કે જેથી અપ્રમાણ હોય. આહા...હા ! પહેલી ગાથામાં છેલ્લું છે ને...! '**वंदित्तु सव्वसिद्धे**' હું સમયસારને કહીશ, કેમ કે, તે સમયસાર પ્રમાણતાને પામેલ છે, કેમકે સાક્ષાત્ ભગવાને કીધું છે અને સાક્ષાત્ સંતોએ ત્યાં સાંભળ્યું – ભગવાન આમ કહેતા હતા અને અમે આમ તને સંભળવીએ છીએ.

ભગવાનને સાક્ષાત્ જેણે સમોસરણમાં સાંભળ્યા, આહા...હા ! હેં ! સાચી વાત તો આમ છે પ્રભુ ! શું થાય ? બધી વાતો અત્યારે ફેરફાર થઈ ગઈ છે. એ કલ્પિત આગમોના ઝઘડા (ઊભા થયા), એટલે આવી વાતો છે.

અહીં તો કહે છે કે, બાપુ ! એ ભગવાનની જેમ પ્રતિમા છે એમ આપણે સ્થાપનાનય આવી ગયો છે. આવી ગયો છે ને સ્થાપનાનય ? જુઓ ૧૩મો. ૧૬માના માથે તેરમો (છે). આત્મદ્રવ્ય સ્થાપનાનયે છે ? મૂર્તિપણાની માફક પુદ્ગલોથી સ્થાપી શકાય, જેમ મૂર્તિને સ્થાપી શકાય છે, – એમ આત્મદ્રવ્યને સ્થાપના નય દ્વારા સ્થાપી શકાય છે. જણાવી શકાય છે કે, આત્મા આમ છે ને ! અરૂપી છે, એમ કહેવાય ને ! એટલે '**આત્મદ્રવ્ય સ્થાપનનયે, મૂર્તિપણાની માફક, સર્વ પુદ્ગલોને અવલંબનારું છે. અર્થાત્ (સ્થાપનનયે આત્મદ્રવ્યની પૌદ્ગલિક સ્થાપના કરી શકાય છે, મૂર્તિની માફક).**'

આહા...હા ! અક્ષરોમાં સ્થાપના કરી શકાય છે. સમજાણું કાંઈ ? અને એના દ્વારા જાણી શકાય છે કે, આત્મા આવો છે. બીજી વાત કહીએ તો, પાંચમી ગાથામાં બોલ લીધો ને ! કે આગમની ઉપાસનાથી જેનો જન્મ છે. આહા...હા ! (એવો) મારો વૈભવ હું કહીશ. ભગવાન આમ કહેતા હતા, એમ નહિ આહા...હા ! ભગવાન જે કહેતા હતા – એ મને અનુભવમાં આવ્યું છે. આનંદ સ્વરૂપ ભગવાન(આત્મા) જ્ઞાનાનંદ સ્વરૂપ છે. એવું વેદનમાં આવ્યું છે, એ અનુભવપૂર્વક હું કહીશ. આહા...હા ! સમજાણું કાંઈ ?

હમણાં શું કીધું વચ્ચે ? પરમાગમની ઉપાસના(માં) કહેવું હતું એ (મારા આત્મ–વૈભવને) એવા પરમાગમ જે ભગવાનની વાણી ગણધરોએ રચી. – આહા...હા ! બનારસીદાસમાં એક

શ્લોક આવે છે. નમો કેવલ... નમો કેવલ... ભગવાન કેવળ... કેવળજ્ઞાન કેવળ... નમો કેવળ... નમો કેવળરૂપ ભગવાન.. 'મુખ ઓમ ધ્વનિ સુનિ અર્થ ગણધર વિચારે.' – ભગવાનનના શ્રીમુખેથી નીકળેલી વાણી... 'મુખ ઓમ ધ્વનિ' છૂયે એને (ભગવાનને) આ જે ભાષા (છે, તેવી) ન હોય. આવી ભાષા તો રાગ (પૂર્વક) છે. એટલે ભેદવાળી ભાષા (છે). ભગવાન તો વીતરાગ સર્વજ્ઞ છે. 'મુખ ઓમ ધ્વનિ સુનિ, અર્થ ગણધર વિચારે.' સંત મુનિઓ જે ભાવલિંગી છે. એનો વિચાર કીરને... 'રચિ આગમ, ઉપદેશ ભવિક જીવ સંશય નિવારે.' એની રચના ગણધરો કરે અને ભવ્યજીવ સાંભળીને સંશયને – મિથ્યાત્વને ટાળે. આહા...હા ! સમજાણું ? તો એ નિમિત્તથી ત્યાં કહ્યું છે. એ પરમાગમની ઉપસાનાથી જેનો જન્મ છે. વીતરાગની સર્વજ્ઞની વાણી જે છે એ વાણીની મેં સેવા કરી હતી. એટલે આમાં કહ્યું હતું, એ ભાવ મેં પ્રગટ કર્યો, – એ એની સેવા (થઈ). એમાં કહેવાનો જે ભાવ છે, તે ભાવને મેં પ્રગટ કર્યો, તે વાણીની ઉપાસનાથી મને મારા વૈભવનો – સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રનો, – મારા વૈભવનો જન્મ થયો છે.

આ ધૂળનો વૈભવ નહિ. એ વૈભવ નથી, ધૂળ છે – મસાણની રાખ છે. શું કહેવાય તમારે – ઘરવખરી – ફરનિચર – ધૂળના પાંચ લાખના ફરનિચર છે, મને તો એમ વિચાર આવે કે અરે...! આમાંથી નીકળવું કઠણ પડશે. આ બંગલા ને... હેઠે... આ ને... ઉપર... આ. ચારેકોર અહીં તો ધૂળ અને જડ છે. એ કાંઈ જીવ – આત્માનો વૈભવ નથી. નિજવૈભવ તો અંતર આત્માની શ્રદ્ધા જ્ઞાન ને ચારિત્ર ને આનંદનો અનુભવ, એ આત્માનો નિજવૈભવ છે. એ મારા નિજવૈભવથી હું કહીશ, પણ તે કહીશ એમાં આ પરમાગમની ઉપાસનાથી મારો (વૈભવનો) જન્મ (થયો છે) એમ પણ કહ્યું ત્યાં. સમજાણું કાંઈ ? એ નિમિત્તપણું બતાવ્યું. એ વૈભવમાં – અનુભવમાં પરમાગમનું નિમિત્તપણું છે. પહેલું એમ સિદ્ધ કર્યું. મારાથી અનુભવ થયો છે, પણ એ નિમિત્તથી સેવા એટલે નિમિત્ત સર્વજ્ઞની વાણી હોય. આત્માના અનુભવ માટે સર્વજ્ઞ વીતરાગી વાણી (નિમિત્ત હોય) આહા...હા ! 'કુંદકુંદાચાર્ય' કહે છે એનાથી મારો, જ્ઞાન અને આનંદનો અનુભવ, પ્રગટ અનુભવ – પ્રચુર અનુભવ, એ બધું ઉપાસનાનું ફળ છે.

એમ કહીને, એ પછી યુક્તિથી અન્યમતિના માર્ગને મેં સુયુક્તિથી ટળાવીને મને આ પ્રગટ્યું છે – એ ન્યાય અને યુક્તિથી પ્રગટ કરીને આ મારો વૈભવ પ્રગટ્યો છે – એમ કહીને ઘણા બોલ લીધા છે. અમારા ગુરુગમથી પરંપરા મળેલું છે અને ચોથું, અનુભવથી થયું છે. ચાર બોલ છે. સમજાણું કાંઈ ? એક એક બોલમાં ઘણી ઘણી ગંભીરતા છે. ભગવાનના પરમાગમો, – એની મને ઉપાસના છે. એનાથી મારા વૈભવનો જન્મ થયો એમાં નિમિત્ત છે. એ અજ્ઞાનીઓની વાણી આત્માના અનુભવમાં નિમિત્ત ન હોઈ શકે. આહા...હા ! સમજાણું કાંઈ ?

અન્યમતિઓની કુયુક્તિઓને છેદીને, અને સુયુક્તિથી કરીને મને આ અનુભવ પ્રગટ્યો છે અને ગુરુઓની પરંપરા... જે અરિહંત ભગવાને કહેલું (તે). અમારા ગુરુ સુધી, – એ બધા નિર્મળ વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતા. નિર્મળ વિજ્ઞાનઘન ભગવાન – એમાં નિમગ્ન હતા. એમણે અમને શુદ્ધાત્માનો ઉપદેશ દીધો, મહેરબાની કરીને – અનુગ્રહ કરીને, એમ બે શબ્દ છે ને ! આહા...હા ! અમે પાત્ર હતા માટે (અનુભવ થયો) એમ ન લેતાં, અમારા ઉપર કૃપા કરીને – અનુગ્રહ કરીને

અમને શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો. છ દ્રવ્યની વાત ન કરી કે અમને છ દ્રવ્ય સમજાવો. અમને આ શુદ્ધાત્મા પવિત્ર અનાકુળ આનંદનો સાગર એનો અમને ઉપદેશ આપ્યો. અમારો એમાંથી એ વૈભવ છે. એમ કહે છે. સમજાણું કાંઈ ?

ભાઈ ! આ પૈસા થયા, ઝવેરાતનો વૈભવ આવ્યો છે. એ વૈભવ નથી. એ તો ખીચડો છે. મસાણની રાખું છે. આ વૈભવ અંદરથી (આવ્યો છે). અહીં નયની વ્યાખ્યા કરતાં (કહે છે) કે, એ આત્મા શબ્દોથી પણ સ્થાપીને કહી શકાય કે આત્મા આવો છે ને ! દળ આવું છે ને ! એમ કહીને ઇશારા કરીને, સ્થાપનાથી જણાવી શકાય છે. સમજાણું કાંઈ ? એ પણ એક નય છે.

શ્રુતજ્ઞાનના ભાવનો એક અપેક્ષિત નય છે. એમ એક આ નય. હવે આજનો સોળમો **'આત્મદ્રવ્ય–સામાન્યનયે, હાર–માળા–કંઠી ના દોરાની માફક વ્યાપક છે,'** જુઓ હાર છે ને ! હાર કહો, માળા કહો, કાંઠી કહો, એ હાર–માળાના દોરાની માફક (વ્યાપક છે) દોરો સળંગ છે ને ! (મોતી) બધે એક એક છે – એ જુદું જુદું છે, પણ દોરો બધે – સળંગ છે એમ હારમાળાના, કંઠીના, દોરાની માફક (આત્મદ્રવ્ય) વ્યાપક છે.

આહા...હા ! શું કહે છે ! કે એ અનંત ગુણો અને અનંત પર્યાયમા સામાન્ય એક વ્યાપક આત્મા, બધે વ્યાપક છે. બધી અનંતી પર્યાયો જે નિર્મળ કે વિકૃત અવસ્થા, એમાં આત્મા વ્યાપક છે. એ સામાન્યનયથી એમ કહેવામાં આવે છે. એ પણ એક નય છે અને એ નય પણ શ્રુતજ્ઞાનનો એક ભાગ છે. અને એવા અનંત નયનો સમુદાય તે ભાવશ્રુતજ્ઞાન દ્વારા અંદર અરૂપી આત્મા પ્રમેય થઈ શકે છે. પ્રમેય એટલે પ્ર = વિશેષે, મેય = માપ (થવા યોગ્ય), એ ભાવશ્રુતજ્ઞાન દ્વારા એનું માપ આવી જાય છે. આહા...હા ! સમજાણું કાંઈ ? આકરું બહુ ! ઝીણુ બહુ ! બાપા ! બહુ ફેરફાર આ તો. (અત્યારે થઈ ગયો છે). ?

આહા...હા ! ત્રિલોકનાથ જિનેશ્વરદેવની વાણી પરંપરાએ રહી ગઈ છે. આહા...હા ! એમાં એક નય છે. કહે છે (કે) સામાન્ય નયે, હાર, માળા કે કંઠી, એના દોરાની માફક વ્યાપક (છે). અર્થાત્ આત્મા સામાન્ય નયે સર્વ પર્યાયોમાં વ્યાપે છે. દરેક પર્યાયમાં આત્મા છે. આત્મા કાંઈ જુદો રહેતો નથી. દરેક પર્યાયમાં આત્મા વ્યાપક છે. એ એક એક પર્યાય છે ને ! જેમ આ (માળા), એમાં એક એક પારામાં પણ દોરો વ્યાપક છે. તેમ આત્માની જેટલી પર્યાયો નવી નવી થાય એમાં આત્મા બધે વ્યાપક છે. આત્મા એનાથી કાંઈ જુદો છે નહિ. આહા...હા ! હવે આવું છે, **'અર્થાત્ આત્મા સામાન્યનયે સર્વ પર્યાયોમાં વ્યાપે છે, જેમ મોતીની માળાનો દોરો સર્વ મોતીમાં વ્યાપે છે તેમ.'**

એક નય થયો. એવા તો અનંત નયો, અનંત ધર્મને બતાવનાર (છે). એ અનંત નયો (નો સમુદાય) શ્રુતજ્ઞાન નિર્મળ ભાવશ્રુતજ્ઞાન એ જ્ઞાનદ્વારા આત્મા પ્રમેય એટલે જાણી શકાય છે. નિમિત્તથી જણાય નહિ, રાગથી જણાય નહિ. આહા...હા ! રાગને જાણનારું જ્ઞાન, એ જ્ઞાનમાં અનંત નયો એક પ્રમાણમાં આવે, એ અનંત નયનો સમૂહ ભાવશ્રુતજ્ઞાન તે વડે આત્મા જાણી શકાય છે. તેને – એકેક ગુણ અને એકેક પર્યાયને વિષય કરનારો નય છે. તો તેથી તેને અનંત નયોથી

એકરૂપ શ્રુતજ્ઞાન તેનાથી જણાય. એક નયથી તો એક ધર્મ જણાય, એક અંશ જણાય. એમાં અંશી – ધર્મી દ્રવ્ય, અનંત ગુણ અને અનંત પર્યાયનો – ધર્મનો ધરનાર ધર્મી, તે એક નયથી જણાય નહિ. હવે આવી વાતો !

આ તે શું હશે ? વીતરાગનો મારગ હશે આવો ? ઓલો (શ્વેતાંબર) દેરાવાસી કહે, – દયા કરો, પૂજા કરો, ભક્તિ કરો, આ સ્થાનકવાસીમાં સામાયિક કરો, પોસા કરો, પડિક્રમણા કરો. અરે ! બાપા ! સામાયિક કોને કહેવી ? ભાઈ ! હજી સમ્યગ્દર્શન શું છે ? અને કેમ થાય, તેની ખબરું ન મળે ! સામાયિક (તો) નવમું વ્રત છે. સામાયિક વ્રત તો સમ્યગ્દર્શન હોય એને હોય. સમજાણું કાંઈ ?

સમ્મેદશિખરની યાત્રા કરો, ગિરનારની યાત્રા કરો, ૯૯ પૂરા નવ્વાણું... (યાત્રા) ભગવાન (મોક્ષે) ગયા હતા, માટે કરો. તમારું કલ્યાણ થશે. અહીં કહે છે કે ના. એ જાત્રાનો ભાવ ધર્મીને આવે પણ એ શુભભાવ છે. એ શુભભાવને જાણનારું જ્ઞાન – એ ભાવશ્રુત, તે જ્ઞાન દ્વારા આત્મા જણાય, રાગદ્વારા જણાય એવો નથી. આહા...હા ! સમજાણું કાંઈ ?

આમાં તો પૌદ્ગલિક સ્થાપના કરી શકાય છે. ભાઈ ! એમ છે. આત્માની તો એ વાણી સ્થાપના કરી શકે ને ! એ વાણી સરસ્વતી છે. ઓલી સરસ્વતી અન્યમતિ કહે છે, એ નહિ હોં ! સિંહ ઉપર બેઠી છે ને ! આ તો ભગવાનની વાણી છે એ સરસ્વતી છે. એમાં કહેલા ભાવ – ભગવાનનો કહેલો ભાવ એમાં છે. વાણીમાં કહેવાની – સ્વપર પ્રકાશક કહેવાની શક્તિ છે. સ્વ–પરને કહેવાની શક્તિ છે. ઓલામાં (જ્ઞાનમાં) સ્વપર જાણવાની શક્તિ છે. આત્મામાં સ્વપર જાણવાની શક્તિ છે. વાણીમાં સ્વપર કહેવાની શક્તિ છે. આહા...હા ! એ વાણી તે સરસ્વતી છે. એને સ્થાપના નયે સ્થાપી – આત્માને ઓળખાવ્યો. એ સરસ્વતી દ્વારા આત્મા સ્થાપી શકાય છે.

આહા...હા ! શું થાય ભાઈ ! એવો ફેરફાર થઈ ગયો છે ને...! હવે તેને મૂળમાંથી ફેરવવું – પલટાવું આકરું પડે. વાડામાં બંધાઈ ગયા હોય તેમાંથી નીકળવું (મુશ્કેલ પડે). એ ૧૬મો નય થયો.

સત્તરમો (નય) '**આત્મદ્રવ્ય (વિશેષનયે અવ્યાપક છે.)**' એ આતમદ્રવ્ય એટલે આ અનંત ગુણો અને શક્તિઓ – જ્ઞાન–દર્શન–આનંદ આદિ અનંત સંખ્યા છે, એ અને એની એક એક ગુણની એકએક પર્યાયો, એવી અનંત પર્યાયો છે. એક એક પર્યાયને ધર્મ કહેવામાં આવે છે. અહીં ધર્મ એટલે આત્માએ ધારી રાખેલો (ભાવ) માટે ધર્મ કહેવામાં આવે છે. ધર્મ એટલે મોક્ષનો માર્ગ એ અત્યારે વાત નથી. મોક્ષનો માર્ગ એ પણ એક ધર્મ, રાગ પણ એક ધર્મ, અનંત ગુણો પણ એક ધર્મ. એ બધા ગુણોનો ધરનારો ધર્મી – જે આત્મા, એ આતમ દ્રવ્ય.

'**આતમ દ્રવ્ય, વિશેષ નયે, તેના એક મોતીની માફક, અવ્યાપક છે**' ઓલો સામાન્ય નય હતો. સામાન્યમાં દરેક પર્યાયમાં આત્મા વ્યાપક છે એમ હતું. હવે વિશેષ નયે, એક મોતીની માફક, એક મોતીમાં આખો દોરો વ્યાપક નથી. એક મોતી છે ત્યાં જ (દોરો) એટલામાં છે. એમ આત્માની પર્યાય એક સમયની છે. તે સમયમાં જ છે. એમ આત્મા સર્વ વ્યાપક નથી.

એક એક પર્યાયમાં પર્યાય વ્યાપક છે. એમ વિશેષનયે આખો આત્મા એમાં વ્યાપક નથી. સામાન્યનયે દોરો આખામાં વ્યાપક છે. એમ આત્મા સામાન્યનયે અનંતી પર્યાયમાં વ્યાપક છે. પણ એક એક મોતીમાં સામાન્ય આખો દોરો વ્યાપક નથી. આહા...હા !

અજાણ્યાને એવું લાગે કે આ તે જૈન ધર્મ આવો હશે ? અમે તો જૈન ધર્મ એવો સાંભળીએ છીએ કે દયા પાળવી, વ્રત કરવાં, તપ કરવાં, કર્મદહનની પૂજાઓ કરવી, સિદ્ધચક્રની (પૂજા કરવી). ભગવાન ! જૈન ધર્મ બાપુ...! એ વીતરાગ માર્ગ કોઈ અલૌકિક છે ! બાપા ! આહા...હા !

અહીંયાં કહે છે કે આતમદ્રવ્ય વિશેષ નયે (અવ્યાપક છે). સામાન્યનયે તો દરેક પર્યાયમાં દ્રવ્ય વ્યાપક છે પણ વિશેષનયે એક પર્યાયમાં આખું દ્રવ્ય વ્યાપક નથી. એક મોતીમાં તો (દોરો) એક અંશ જ છે અને અનંતી પર્યાયોમાં એક એક અંશ છે, એ અનંતી પર્યાયોમાં આખું દ્રવ્ય વ્યાપક નથી, પર્યાયમાં પર્યાય વ્યાપક છે.. આવી (વાત). વાણિયાને વખત ન મળે, નવરાશ ન મળે ધંધા આડે, ને સાંભળવાનું આવું મળે તો, નિર્ણય શી રીતે કરવો ? આવો મારગ છે. હોં !

હવે, પ્રચારે લાખો માણસોમાં, ઘણો થયો છે. ભલે વિરોધ કરે, કરનારા (કરે). આ તો સત્ય વસ્તુ છે. બાપુ ! વિશેષ પણ એક નય છે તે દ્વારા એક મોતીની માફક અવ્યાપક છે. મોતી એક ઠેકાણે વ્યાપક છે. બધે વ્યાપક છે ? દોરો બધે વ્યાપક છે. મોતી તો એક ઠેકાણે જ વ્યાપક છે. એમ આત્મા છે. '**(અર્થાત્ આત્મા વિશેષ નયે અવ્યાપક છે, જેમ પૂર્વોક્ત માળાનું એક મોતી આખી માળામાં અવ્યાપક છે તેમ)**' જોયું ? માળાનું એક મોતી આખી માળામાં અવ્યાપક છે. એમ આત્માની એક સમયની પર્યાય આખા દ્રવ્યમાં અવ્યાપક છે.

હવે દ્રવ્ય શું ને પર્યાય શું ? દ્રવ્ય એટલે ત્રિકાળી ગુણ અને પર્યાયનો પિંડ – તેને અત્યારે દ્રવ્ય કહેવામાં આવે છે અને પર્યાય તેની વર્તમાન હાલત–દશા–પરિણતિ, એને અહીંયાં પર્યાય કહેવામાં આવે છે.

આહા...હા ! અવસ્થાને પર્યાય કહેવામાં આવે છે. દ્રવ્ય જે ત્રિકાળ આત્મા, તેની વર્તમાન અવસ્થા તેને પર્યાય કહેવામાં આવે છે. પર્યાય સમસ્ત પ્રકારે આખામાંથી ભિન્ન પડીને અંશમાં છે, તે માટે તેને પર્યાય કહેવામાં આવે છે. સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન એ પર્યાય છે, ગુણ નહિ. ગુણ તો ત્રિકાળ છે. સમ્યગ્દર્શન નવી પર્યાય પ્રગટ થાય છે. મિથ્યાદર્શન પણ એક પર્યાય છે. રાગ પણ પર્યાય છે. વીતરાગદશા પણ એક પર્યાય છે. આહા...હા ! એક દશા આખા દ્રવ્યમાં વ્યાપક નથી. એક દશા એક જ દશામાં વ્યાપક છે. આહા...હા !

આમાં તો મગજને કેવળવું પડે એવું છે. આ એમને એમ માને એ કાંઈ વસ્તુ નથી. કઈ રીતે ચીજ છે ને કેમ છે ? સામાન્ય કેમ ? અને વિશેષ કેમ ? એના જ્ઞાનમાં તે રીતે ભાસ થયે, વાસ્તવિક એનું જ્ઞાન થાય. એમને એમ માની લે કે દ્રવ્ય આમ છે અને ગુણ આમ છે, પણ શું એનો અર્થ ? આહા...હા !

નિવૃત્તિ લે ! માંદો પડે તે કેમ નવરો થઈ જાય ને ? આઠ–નવ–દસ કલાક પડ્યો રહે. એક દિવસ સૂવામાં વળી પાંચ–છ કલાક જાય, – ખાટલામાં પડ્યો રહે, પગ ભાંગી જાય. કચડાઈ જાય, તો ત્યાં પડ્યો રહે છે કે નહિ ? એમ નિવૃત્તિ લે તો બધે ઠેકાણેથી નિવૃત્તિ લઈ શકે

છે. આહા...હા ! અને આત્મા તો નિવૃત્ત તત્ત્વ જ છે. પરદ્રવ્યથી અભાવસ્વભાવ સ્વરૂપ છે. આત્મા સિવાય શરીર–વાણી–મન–બાયડી–કુટુંબ–દેશ એનાથી ભિન્ન છે. એટલે આનાથી નવરો જ છે. માન્યું છે કે હું નવરો નથી. આહા...હા ! એ બધા તો પર દ્રવ્ય છે. પર દ્રવ્ય પણ વસ્તુ છે ને ! તો એની હાલત થાય, વર્તમાન કાર્ય થાય, કાર્ય એટલે હાલત–દશા – એ દ્રવ્યનું કાર્ય છે. બીજો શું કરે એને ?

આંગળી આ હાલે છે, જુઓ ! એ રજકણ છે. એ અસ્તિ, અસ્તિ તત્ત્વ (છે) છેલ્લો પોઈન્ટ. આ તો (એવા) ઘણા પોઈન્ટ ભેગા થઈને આંગળી થઈ છે. ટુકડા કરતાં કરતાં છેલ્લો પોઈન્ટ રહે તેને પરમાણુ કહે છે. પરમ અણુ એ એક વસ્તુ છે ને ! એની અવસ્થા થાય છે. અવસ્થા ધૂળની હતી, પછી ઘઉંની (થઈ). પછી લોટની (થઈ) અત્યારે લોહીની (છે). રજકણ તો રજકણ કાયમ છે, પણ અવસ્થા બદલાય (છે). અત્યારે લોહીની (છે) પછી વળી મસાણમાં રાખ થશે, ત્યારે રાખની અવસ્થા થશે. એ બધી એની અવસ્થાઓ – હાલત કહેવાય. એ હાલત એક સમયની જ હોય, એમાં આખું દ્રવ્ય વ્યાપતું નથી. હવે આવી તો ભાષા છે. પણ બીજું શું થાય ? ૧૭(મો નય) થયો.

હવે ૧૮(મો નય) હવે વખત થવા આવ્યો છે હોં ! **'આતમ દ્રવ્ય નિત્યનયે, નટની માફક, અવસ્થાયી છે.'** નિત્ય કાયમ છે.

નિત્યનયથી જોઈએ તો એ કાયમ છે.... છે. છે. છે. અનાદિ અનંત છે. છે... છે... છે... ભૂતકાળમાં ન હતો એમ છે ? નિત્ય છે. એ તો કાયમ ટકનારું તત્ત્વ (છે) નિત્યનયે તત્ત્વની દૃષ્ટિએ જોઈએ તો, '**(આત્મદ્રવ્ય) નિત્યનયે, નટની માફક, – અવસ્થાયી છે. (અર્થાત્ આત્મા નિત્યનયે નિત્ય ટકનારો છે, કાયમ રહેનારો છે,**' કોની પેઠે...?! '**જેમ રામ–રાવણરૂપ અનેક અનિત્ય સ્વાંગ ધરતો હોવા છતાં પણ નટ તેનો તે જ નિત્ય છે તેમ**)' નટ છે, નટ રામ–રાવણનાં રૂપ ધારણ કરે, તો પણ નટ તરીકે તો એક જ છે, નિત્ય છે. એ ગમે તેટલા સ્વાંગ ધરે પણ નટ તરીકે તો નિત્ય જ છે. તેમ આત્મા ગમે એટલા સ્વાંગ ધરે, પણ નિત્ય વસ્તુ તરીકે તો નિત્ય જ છે. આહા..હા ! સમજાણું કાંઈ ? **'આતમદ્રવ્ય નિત્યનયે નટની માફક અવસ્થાયી છે.'**

અવસ્થાયી – અવસ્થાને ધરનાર. જુઓ ! અહીં શબ્દ આવ્યો અવસ્થા. પર્યાય એટલે અવસ્થા. તેનો ધરનાર ત્રિકાળી અવસ્થાયી એ નિત્ય છે. આત્મા નિત્યનયે નિત્ય ટકનારો છે. રામ–રાવણરૂપ અનેક અનિત્ય સ્વાંગ નટ ધરે છે. છતાં નટ તેનો તે જ નિત્ય છે. નય ફરીને કાંઈ ઢોર થયો છે ? તેમ નથી.

એમ આત્મા ગમે તે પર્યાયો ધારણ કરે, પણ વસ્તુ તો નિત્ય છે. એ પણ એક નયથી જોવાને માટે નિત્ય વસ્તુ રહેનારી છે. એ એક નય છે. હોં ! આ ધ્રુવને જુએ તે સમ્યગ્દર્શન એમ અહીં નથી. અહીં તો નિત્યને જોનારો એક નય છે. એ અનંત નયનો સમુદાય તે શ્રુતજ્ઞાન (છે). શ્રુતજ્ઞાન દ્વારા આત્મા જણાય, – તેને પ્રમેય કહેવામાં આવે છે.

વિશેષ કહેશે....

❀ ❀ ❀

**આત્મદ્રવ્ય નિત્યનયે, નટની માફક, અવસ્થાયી છે (અર્થાત્ આત્મા નિત્યનયે નિત્ય–ટકનારો છે, જેમ રામ–રાવણરૂપ અનેક અનિત્ય સ્વાંગ ધરતો હોવા છતાં પણ નટ તેનો તે જ નિત્ય છે તેમ). ૧૮.**

**આત્મદ્રવ્ય અનિત્યનયે, રામ–રાવણની માફક, અનવસ્થાયી છે (અર્થાત્ આત્મા અનિત્યનયે અનિત્ય છે, જેમ નટે ધારણ કરેલા રામ–રાવણરૂપ સ્વાંગ અનિત્ય છે તેમ). ૧૯.**

**આત્મદ્રવ્ય સર્વગતનયે, ખુલ્લી રાખેલી આંખની માફક, સર્વવર્તી (બધામાં વ્યાપનારું) છે. ૨૦.**

**પ્રવચન : ૨૯-૧૨-૧૯૭૭**

'પ્રવચનસાર'. નય અધિકાર ૧૮ નય થયા છે. પહેલી વાત એ છે કે આ નય જે છે, એ એક એક ધર્મનું અથવા યોગ્યતાનું જ્ઞાન કરાવે છે. આગળ તો આવશે (કે) ક્રિયાનયથી પણ આત્મા જણાય અને જ્ઞાનનયથી પણ આત્મા જણાય એવું આવશે. એનો અર્થ એવો નથી કે ક્રિયા નયથી (અર્થાત્) દયા–દાન–વ્રત–ભક્તિ કરતાં કરતાં જણાય. અને કોઈને જ્ઞાનથી જણાય એમ નથી.

એ તો એક સમયમાં એવી યોગ્યતા રૂપી ધર્મ ગણ્યો. રાગના ભાવથી – ક્રિયાનયથી ગ્રહ્યું અને જ્ઞાન થયું, એવી એક યોગ્યતા એ સમયે એમાં ગણી (છે). અને એ જ સમયે પાછું જ્ઞાનનયે આત્મા જણાય એવો એક ધર્મ ગણ્યો (છે). બેય એક સમયે છે. કોઈને ક્રિયાનયથી થાય, ને કોઈને જ્ઞાનનયથી થાય એમ નથી.

આ તો નય છે. ભિન્ન ભિન્ન ધર્મની યોગ્યતાને જાણવાવાળા નય (છે). ઝીણી વાતો એટલી કે લોકોને એકાંત લાગે... તેથી વ્યવહારથી આવશે. વ્યવહારથી તે બંધ–મોક્ષ છે. અને નિશ્ચયથી બંધ–મોક્ષ છે. એક વ્યવહારથી એટલે કર્મના સંબંધ વાળો બંધ છે. અને સંબંધ વિનાનો મુક્ત છે. એવી નિમિત્તની અપેક્ષા ગણીને એવો એક યોગ્યતા ધર્મ, એટલે એણે ધારી રાખેલી એવી યોગ્યતા ગણી (છે). આહા...હા ! અને નિશ્ચયનયે પોતાનો રાગ ભાવ બંધ છે. એને જાણવું એ એક નય છે. અને રાગનો પોતે જ અભાવ કરે છે. એવો પણ એકનય–જ્ઞાનનો અંશ છે. એ બેય એક સમયે છે. કોઈકને રાગના બંધથી આત્મા જણાય છે અને કોઈને રાગના અબંધથી આત્મા જણાય છે, એમ નથી – આહા...હા !

એ તો એક સમયમાં આવા અનંતા ધર્મો – યોગ્યતાઓ ગણવામાં આવી અને એ અનંતનયનું રૂપ, શ્રુતપ્રમાણ જેમાં રાગ નથી એવું જે ભાવશ્રુતજ્ઞાન, એના પેટાભેદમાં નયોનું વર્ણન કરીને, એનો સમૂહ જે શ્રુતજ્ઞાન – એનાથી આત્મા જણાય એવો છે. સમજાણું કાંઈ ? એક નયથી તો એક ધર્મ જણાય, પણ અનંતનયના સમુદાયથી શ્રુતજ્ઞાન પ્રમાણ–ભાવશ્રુત જે સ્વ તરફ વળેલું

ભાવશ્રુતજ્ઞાન, (તેનાથી આખો આત્મા જણાય) શબ્દ જ્ઞાન એ નહિ, શાસ્ત્ર જ્ઞાને ય નહિ, આહા...હા ! (એ બન્ને જ્ઞાન ભાવશ્રુત નથી).

એક બાજુ તો 'કુંદકુંદ આચાર્યે' એમ કહ્યું કે, પરમાગમની ઉપાસનાથી મારો ધર્મ છે. – મારો નિજવૈભવ (છે) મોક્ષમાર્ગની પર્યાય એ આગમની ઉપાસનાથી થયેલ છે. એમ પણ કહે એ નિમિત્તની (અપેક્ષાએ કહ્યું કે) નિમિત્તપણું કેવું હતું ? કે સર્વજ્ઞની વાણી જ ત્યાં હોય અને એ કહે છે – એવો ભાવ (છે) એ બતાવવા વીતરાગની વાણી જ હોય, બીજા અજ્ઞાનીની વાણી હોય નહિ એમ બતાવવા એની ઉપાસનાથી મને સમ્યક્દર્શન–જ્ઞાન થયું. એમ કહ્યું છે. સમજાણું કાંઈ ?

એક બાજુ એમ કહે કે જેટલું આગમજ્ઞાન ભગવાનની વાણીથી સાંભળો એ કંઈ વાસ્તવિક જ્ઞાન નથી. એમ કહે... એ તો પરલક્ષીજ્ઞાન છે, પણ જ્યારે આત્મા, પરલક્ષીજ્ઞાનને છોડી – અને સ્વ ચૈતન્યમૂર્તિ–પૂર્ણાનંદ પ્રભુ – એને લક્ષે જે જ્ઞાન થાય, તેને વાસ્તવિક જ્ઞાન કહેવામાં આવે છે. આહા...હા !

આવી ઘણી બધી નવી વાતો છે. નયોમાં ન સમજાય એને એકાંત લાગે અને ન સમજે એને એક નયથી પણ લાભ થાય – એમ સમજે. આવી વાતો (છે). ભારે ઝીણું બાપુ ! અહીં હવે આપણે અઢાર નય થયા છે.

એ શું કીધું ? કે જેમ નટ (છે) (તે) રામ–રાવણનો વેશ પહેરે છતાં નટ તો નટ છે. ૧૮મો (નયે) એમ આત્મા ગમે તેટલી પર્યાયો ધારણ કરે – પણ આત્મા તો એકરૂપે જ આત્મા છે. આહા...હા ! એ પણ એક નય છે, એ નયે આખા આત્મા જણાય એમ નહિ.

આહા...હા ! આવી વાતો (છે) ઉપદેશની શૈલી જુદી (છે) એ નિત્યનયે (અવસ્થાયી છે). એક ધર્મ નિત્ય છે, ધ્રુવ છે, તેને જાણે (છે) એક ધર્મને જાણે એટલી વાત (છે) આખા આત્માને જાણે, એ નિત્યનય નહિ – શબ્દ તો એવો પડ્યો છે. બહુ ગૂઢ વાત છે. ભાઈ !

'**(આત્મદ્રવ્ય) નિત્યનયે નટની માફક, અવસ્થાયી છે. (અર્થાત્) આત્મા નિત્યનયે નિત્ય–ટકનારો છે, જેમ રામ–રાવણરૂપે અનેક અનિત્ય સ્વાંગ ધરતો હોવા છતાં પણ નટ તો તેનો તે જ નિત્ય છે.**' એમ આત્મા અનેક જાતની પર્યાયો ધારણ કરવા છતાં નિત્ય ધ્રુવ તો તેનો તે જ છે. આહા...હા ! પણ એનો અર્થ એવો નથી કે નિત્યનયે એક નયે – આખું ધ્રુવ જણાઈ જાય.

આખું તત્ત્વ ક્યું ? ધ્રુવ એના ગુણો અને એની નિર્મળ–મલિન પર્યાય, આ એક નયે જણાઈ જાય એમ નથી. સમજાણું કાંઈ ? બહુ ઝીણુ બાપુ ! આહા...હા !

પણ એ (ધર્મ) એક અંશ છે. એક ધર્મ જણાય છે. અનંત નયોનો સમુદાય શ્રુતજ્ઞાન તેમાં દ્રવ્ય નિત્ય અને અનિત્ય બે ય જણાય. એમ અહીં કહેવા માંગે છે. તે નિત્ય–અનિત્ય બે નય એ નહિ પાછા. આહા...હા ! કાયમ આત્મા નિત્ય છે. એવા એમાં અનંત ગુણો છે. અને એની અનંતી પર્યાય છે. એ બધા ગુણો અને પર્યાયોને અનંત નયથી જોવાનું કહ્યું છે.

હવે અહીં તો એક નિત્ય (નય) છે. એથી એને ધ્રુવ લક્ષમાં આવ્યો અને બીજો (ધર્મ) પર્યાય એને લક્ષમાં આવી નહિ. માટે આખું દ્રવ્ય એને જાણવામાં આવ્યું નહિ. આખું દ્રવ્ય એને

કહીએ કે વસ્તુ પોતે નિત્ય છે અને એના ગુણો નિત્ય છે – અને એની પર્યાયો અનિત્ય (છે). અનંત અનંત પર્યાય અનિત્ય છે. એ બધી પર્યાયો અને ગુણને ધરનારું દ્રવ્ય (તે) આખું દ્રવ્ય– ગુણ અને પર્યાય (જેમાં) જણાય, એને અહીં શ્રુતજ્ઞાન પ્રમાણ કહેવામાં આવે છે. – સમજાણું કાંઈ ? માથું ફરી જાય એવી વાતું છે. આ તો ભાઈ ! ફરી જાય એવું કીધું ને...! ફરી જાય (એટલે) આ ઊંધું હોય એ સવળું (થઈ જાય). આવી વાતું....! બહુ ઝીણી ! આહા...હા ! વીતરાગના કાયદાઓ બહુ સૂક્ષ્મ છે.

અહીં નિત્ય (નય) કીધો. એમાં નિત્ય દ્રવ્ય જણાઈ જાય એ. અહીંયાં નિત્યનું દ્રવ્ય જણાઈ જાય – એ વાત અહીંયાં નથી. અહીં તો નિત્ય અને અનિત્ય બેયનો સમુદાય જે દ્રવ્ય એનો ધરનાર એ અનિત્ય (પર્યાય) પણ અનંત અને નિત્યમાં ગુણો પણ અનંત; એ બધાને એક એક ગુણને જાણે – એક એક નય જાણે – એક... એક પણ અનંત – એ બધા નયના સમુદાયરૂપ શ્રુતજ્ઞાન વડે આત્મા જ્ઞેય થઈ શકે છે. એક નય વડે આખો આત્મા દ્રવ્ય–ગુણને પર્યાય – ત્રણનો વિષય થઈ શકતો નથી. – આવું છે બાપુ ! ને...તેથી લોકો જ્યાં ત્યાં એ.. એકાંત છે... એકાંત છે. (એમ રાડો પાડે). પ્રભુ ! કહો, ગમે તે કહો, ભાઈ ! મારગની સૂક્ષ્મતા એટલી જ છે.

આ નયોના લખાણમાં એકાંત તાણી જાય એવું છે. જુઓ ! નિત્ય કીધું, – તો એક નયે આખો આત્મા નિત્ય ધ્રુવ છે. એ જણાઈ જાય છે. પણ આખો આત્મા કહેતા જ નથી. નિત્ય એમાં અનંત ગુણો, અનિત્ય એમાં અનંતી પર્યાયો. એ બધાના સમુદાયને અહીં દ્રવ્ય કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ ? આવી વાતું છે.

એક પ્રકાર નથી, એમાં અનંત પ્રકાર છે. નિત્ય પણ છે – અનિત્ય પણ છે, ધ્રુવ પણ છે (અને) પરિણતિ પણ છે. એ અનંત પ્રકારે છે. એટલે એના નયો અનંત છે. એક જ નય(થી) આખું દ્રવ્ય, પર્યાય (તથા) ગુણોવાળું અખંડ દ્રવ્ય એક જ નયે જણાય એમ નથી. પકડાય એટલું પકડવું – બાપુ ! આ તો વીતરાગનો મારગ છે. શું થાય ? અત્યારે તો બધો ફેરફાર થઈ ગયો છે. આહા...હા ! એ અઢાર(મો) નય કીધો.

હવે બીજો (૧૯મો) નય. આખો આત્મા નિત્યનયે અને અનિત્ય નયે જણાય એમ નહિ. બીજો પણ નય છે. એ બે નયે પણ આખો આત્મા જણાય. એમ પણ નહિ. નિત્યનય અને અનિત્યનય – એમ બે નયે આખો આત્મા જણાય એમ પણ નહિ. કારણ કે અહીં આખો આત્મા તો, – અનંત પર્યાયો અને ગુણોનો પિંડ – એને અહીંયાં આત્મા કહેવામાં આવ્યો છે.

'ગુણપર્યાયવત્ દ્રવ્યમ્' જે 'તત્ત્વાર્થસૂત્ર'નું સૂત્ર છે. આહા...હા !

પ્રશ્ન : 'સમયસાર'ના હિસાબે તો બે નયથી આખો આત્મા જાણી શકાય છે ? સમાધાન : પણ એ કઈ નયે ? નિશ્ચયનયમાં – અનંત ગુણનું એકરૂપ જણાય છે. (વ્યવહારનયમાં) પર્યાય આવી ગઈ અંદર પાછી – પર્યાય છે, એ વ્યવહારનયથી અનંતી પર્યાય છે. એ વ્યવહારનયથી જણાય છે. અને અનંતગુણનું એકરૂપ તે નિશ્ચયનયથી જણાય છે. અહીં તો એક એક ગુણનો, અને એક એક પર્યાયનો (જાણનાર) એક એક નય ગણીને, અનંત નયના અનંત ધર્મને ધરનારો

ધર્મી આત્મા, શ્રુતજ્ઞાનપ્રમાણથી જણાય એવો છે, આમાં તો એક અક્ષર ફરે તો (બધું) ફરી જાય એવું છે બાપુ ! આહા...હા !

વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમેશ્વર પરમાત્માએ અનંત નયો કીધા છે. સમજાણું કાંઈ ? હવે ૧૯(મો) આત્મદ્રવ્ય – જે શબ્દ પડ્યો છે – એ અનંત ગુણ અને અનંત પર્યાયનો ધરનાર તે આત્મદ્રવ્ય, એમ કહેવામાં આવે છે. આત્મદ્રવ્ય એટલે નિત્યને જ ધરનારો છે – એમ નથી, આહા...હા !

અરે...! સર્વજ્ઞ પરમાત્મા એમનાં નયો ને જ્ઞાન કોઈ અલૌકિક છે. – બાપુ ! એવી વાતો બીજે ક્યાંય નથી. પણ એનામાં (જૈનોને) સમજનારાને સમજવામાં આવ્યું નથી. વાડામાં જન્મ્યા તો ય (શું ?) જિંદગી પચાસ.. સાઠ...સિત્તેર (વર્ષ) હાલ્યા જાય અને અમે ધર્મ પામ્યા છીએ ને સમજીએ છીએ ને (એવા ભ્રમમાં) જિંદગી પૂરી થઈ જાય છે. આહા...હા !

અહીં પરમાત્મા એમ ફરમાવે છે – એ સંતો ફરમાવે છે. આહા...હા ! કે જે આ આત્મદ્રવ્ય છે, એટલે કે, અનંત...અનંત...અનંત ગુણ... અને અનંત...અનંત...અનંત એની એટલી પર્યાયો (છે) એ એક ગુણને અને એક એક પર્યાયને જાણનારો એક નય (છે) એમાં એક અનિત્યનય ગણવામાં આવે છે. અનિત્ય નયમાં અનંત પર્યાયો આવે છે. અનંત પર્યાયો પણ નયમાં એક એક નય માગે છે. આહા...હા !

જ્ઞાનનો અંશ છે, તે એક એક નયે જાણે છે – દર્શનનો અંશ છે – તેને એક નય જાણે. એવી અનંતીપર્યાયો છે. તેના અનંતા નયો છે. એમાં એક અનિત્યનય છે. આહા...હા ! સમજાય એટલું સમજો. બાપુ ! આ તો ત્રણલોકના નાથ ! કેવળી પરમાત્મ (થયા) એનો મારગ સમજવો – અને કહેવો એ અલૌકિક વાત છે. ભાઈ ! આહા...હા !

'**આત્મદ્રવ્ય અનિત્યનયે રામ–રાવણની માફક (અનઅવસ્થાયી છે.)**' એટલે ધ્રુવ આત્મદ્રવ્ય એમ નહિ – અહીં તો પ્રમાણ(નો વિષય) એટલે દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણનો આખો સમુદાય તે દ્રવ્ય, તે '**આત્મદ્રવ્ય અનિત્યનયે, રામ–રાવણની માફક – અનવસ્થાયી છે.**' એકરૂપ નથી. નટ (જે) રામ થાય (તે) ઘડીક રાવણ થાય (અને) ઘડીકમાં હનુમાન થાય, એવા રૂપ ધારણ કરે. એ નટ એકરૂપ ન રહ્યો. ભિન્ન ભિન્ન અવસ્થા ધારણ કરે છે – એમ ભગવાન આત્મા અનેક ભિન્ન ભિન્ન અવસ્થાઓ ધારણ કર છે.

નિત્ય છે, એ નય તો એકબાજુ રહી ગયો – હવે અનિત્યમાં એક આત્મા એનો એ આત્મા ભિન્ન ભિન્ન અવસ્થા ધારણ કરે છે. આહા...હા !

મનુષ્યપણાની યોગ્યતાની પર્યાય, દેવપણાની યોગ્યતાની પર્યાય, સમ્યક્દર્શન–જ્ઞાન; ચારિત્રની પર્યાય – આહા...હા ! એવી જે અનંત પર્યાયો એ પર્યાયમાં સમુદાય તરીકે અનિત્યથી ત્યાં એકરૂપ રહેતું નથી. જુદી જુદી પર્યાયોમાં અવસ્થાયી નથી, અનવસ્થાયી છે. અનવસ્થાયી એટલે એકરૂપ નથી, અનેકરૂપ છે. આહા...હા ! સમજાણું કાંઈ ?

'**અર્થાત્ આત્મા અનિત્યનયે અનિત્ય છે. જેમ નટે ધારણ કરેલા રામ–રાવણરૂપ સ્વાંગ અનિત્ય છે તેમ**' રામ–રાવણ(નું) રૂપ ધારણ કર્યું, એ તો અનિત્ય છે. આહા...હા ! એ એક

નય છે. એક નય બસ અનિત્યનો વિષય કરે છે. બધા નયોનો સમુદાય થઈને શ્રુતપ્રમાણ થાય – એ શ્રુત પ્રમાણ સારા દ્રવ્યને, બધા ગુણોને, વિકારી – અવિકારી પર્યાયોને – બધાને વિષય કરે છે. એને શ્રુતપ્રમાણ કહીએ – આહા...હા ! સમજાણું કાંઈ ? આ ભણતર બીજી જાતનું છે, એ ઓગણીસ (મો નય) થયો.

હવે વીસ (મો નય) '**આત્મદ્રવ્ય (સર્વગત નયે સર્વવર્તી છે.**') દ્રવ્ય તો એ કે જે અનંતગુણરૂપી ધર્મ(ને) ધારી રાખેલ આત્મા અને અનંત પર્યાયરૂપી ધર્મ, ધર્મ એટલે ધારી રાખેલી અનંતી પર્યાયો – વિકારી–અવિકારી અને અનંતાગુણો નિર્વિકારી, એને ધારી રાખેલો આત્મા, તેને આત્મદ્રવ્ય કહીએ. તે આત્મદ્રવ્ય (સર્વગત નયે સર્વવર્તી છે) આ તો અભ્યાસ જોઈએ. ભાઈ ! એક સાધારણ અભ્યાસ કરે, એલ.એલ.બી માટે કેટલાં વર્ષ જોઈએ ? એમ.એ. (અને) ડૉક્ટરના અભ્યાસ માટે કેટલા વર્ષ જોઈએ છે ? તો આ તો અનંતકાળનો કોઈ દિ' અભ્યાસ કર્યો નથી.

આહા...હા ! ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે જે આત્મા કહ્યો, એના અનંતગુણ અને અનંત પર્યાયો સમુદાયરૂપે કહ્યા (તે) એક એક ગુણને કહેવા જાય તો અનંતકાળે તેને કહી શકાય નહિ, તેટલા તો તેનામાં ગુણ છે !!

શું કહ્યું ? એ ફરીને, આ આત્મા જે વસ્તુ છે, એમાં એટલા ગુણો છે, જ્ઞાન–દર્શન–આનંદ આદિ અનંત...અનંત... એક સમયમાં એક ગુણ કહે, બીજા સમયમાં બીજો, ત્રીજા સમયમાં ત્રીજો, તો અનંતકાળના ત્રણ કાળના સમયમાં અનંત ગુણો કહી શકાય નહિ, એટલી સંખ્યાએ અનંતગુણ આત્મામાં છે ભાઈ ! આ લોજીકથી તો વાત આવે (છે) આવી વાત છે. વકીલાતમાં તો માસ્તર કરતાં થોડી (વધારે) બુદ્ધિ જોઈએ.

આ તો નવી નવી વાતો અંદરથી આવે. આ તો અનંતકાળે ન જાણી (હોય) તેવી વાતો છે. આ તો આમાં પંતુનું કામ નથી. આમાં તો પંડિતનું કામ છે. પંડ્યા (પંડિત) એને કહીએ કે આત્મદ્રવ્યને જાણે અને માને તેને પંડિત કહીએ. (એમ) 'સ્વામ કાર્તિકેય'માં આવે છે. સમજાણું કાંઈ ? પણ આવો જે આત્મા છે, તેને અંદર જાણે એને પંડિત કહીએ – બાકી પંડ્યા–પંડ્યા–પંડ્યા ફોતરા ખાંડ્યા. (અર્થાત્) ફોતરા ખાંડીને જાણે અનાજ નીકળશે (પણ) ફોતરાંમાં ક્યાં અનાજ હતું ? અનાજ તો ભિન્ન ચીજ છે એમ બહારનાં કડાકૂટા કરી જાણપણા કર્યાં. અનેક જાતનાં બધાં ફોતરાં (ખાંડ્યાં પણ) માલ અંદર પડ્યો છે. વસ્તુ ભગવાન આત્મા અંદર અતીન્દ્રિય આનંદનો સાગર છે. એ પણ અતીન્દ્રિય આનંદનો એક ગુણ, તે પણ એક નય વિષય કરે. આહા...હા ! અનંત જ્ઞાન અનંદર બેહદ ગુણ છે. એને પણ એક નય વિષય કરે (છે). એક નયથી આખો આત્મા ન જણાય. આહા...હા !

એવા અનંતા ગુણો કે જેને (કહેતા) એક સમય લઈએ 'ક' (બોલાય તેનો) નો અસંખ્યમો ભાગ, એમાં એક ગુણ કહેવાય, બીજે સમયે બીજો, ત્રીજા સમયે ત્રીજો, તો ત્રણકાળના સમયથી પણ એ ગુણો અનંતગુણા છે. 'ક' બોલીયે તેમાં અસંખ્ય સમય જાય. કાળનો નાનામાં નાનો સમય 'ક' બોલે તેમાં અસંખ્ય સમય જાય. એવા ત્રણકાળના સમય એનાથી પણ આત્માના ગુણની સંખ્યા અનંતગુણી છે. જેટલા ગુણો છે એટલી પર્યાયો છે, – અવસ્થાઓ છે.

આહા...હા ! આમાં જરી વધારે છે. **'આત્મદ્રવ્ય સર્વગતનયે (સર્વવર્તી છે.)'** 'પંચાધ્યાયી'માં સર્વગતને નયાભાસ કહ્યો છે. ભાઈ ! એ સર્વગત (એટલે) કોઈ સર્વવ્યાપક માની લે તો એ નયાભાસ છે. અહીં સર્વગતનો અર્થ પોતે પોતામાં આખો વ્યાપક છે, – એમ સર્વગત લેવું – 'પ્રવચનસાર'માં આવે છે ને ! ભાઈ ! ત્રણલોકના ભાવો એમાં જણાઈ જાય છે. એ અપેક્ષાએ સર્વગત કહેવામાં આવે છે.

પહેલી ગાથામાં (વાત) આવી ગઈ છે, ૨૩, ૨૪, ૨૬, ૩૧, ૩૭, ને ૫૦ (ગાથા)માં લખ્યું છે – ૨૩ છે, જોવી છે ? લ્યોને ! જુઓને ! પુસ્તક છે કે નહિ ? આ વકીલો (પણ) કાયદા કાઢીને બતાવતા તો હશે ને ! ૨૩ ગાથા... બે ને ત્રણ... ૨૩ ગાથા. ગાથા ૨૩ કાઢતાં નથી આવડતી ! આવી ગઈ ! '**आदा णाणपमाणं**' મૂળશ્લોક – આત્મા જ્ઞાનપ્રમાણ છે. છે...પાઠ ? મૂળ શ્લોકમાં ઉપર. '**आदा**' એટલે આત્મા, '**णाणपमाणं**' એટલે જ્ઞાનપ્રમાણ (છે) '**णाण**' જ્ઞેય પ્રમાણ (છે) જેટલા જ્ઞેયો છે, તેના પ્રમાણમાં જ્ઞાન છે. શું કહ્યું ? આ ભગવાન આત્મા જ્ઞાનપ્રમાણ છે. આખું જ્ઞાનસ્વરૂપ છે અને જ્ઞાન જ્ઞેય પ્રમાણ છે. જેટલા જ્ઞેયો છે ને ! અનંત... દ્રવ્ય–ગુણ–પર્યાય લોકાલોક એને જાણનારું છે. માટે જ્ઞાન – આત્મા જ્ઞેય પ્રમાણ છે. જ્ઞાન અને જ્ઞેય બેહદ છે. એમ જ્ઞાન બેહદ જ્ઞેય પ્રમાણે છે.

અરે ! આવી વાતો છે, છે ? બે બોલ કહ્યાં. આત્મા જ્ઞાન સ્વરૂપે દર્પણ જેમ (છે). (જેમ) ગોળ ગળપણ સ્વરૂપે (છે), એમ આત્મા જ્ઞાનપ્રમાણ – જેટલો છે એટલો જ્ઞાનપ્રમાણે આખો છે. એ આત્મા જ્ઞાન પ્રમાણે અને (જ્ઞાન) જ્ઞેય પ્રમાણે (છે). જ્ઞાનનો વિષય અનંત દ્રવ્ય–ગુણ–પર્યાય, પોતે એ જ્ઞાન જ્ઞેય પ્રમાણે છે, એટલા પ્રમાણમાં જ્ઞાન છે.

જ્ઞેય કેટલા છે ? એ ત્રીજો બોલ (છે) જ્ઞેય લોકાલોક જ્ઞાનમાં જાણવાલાયક જ્ઞેય–લોકાલોક ચૌદ બ્રહ્માંડ અને અલોક ખાલી ભાગ (છે). એમને એમ (આકાશમાં) ચારે દિશાએ જાઓ તો ક્યાંય અંત (નથી). અંત છે ક્યાંય ? આકાશ–આકાશ–આકાશ–આકાશ હવે નથી. નથી એમ છે ક્યાંય ? શું કહે છે આ ? આહા...હા ! એમ ચૌદ બ્રહ્માંડ, અસંખ્ય યોજનમાં આ લોકમાં છે. પછી આમ ખાલી ભાગ–આકાશ છે. એ આકાશનો ક્યાંય અંત છે ? અંત હોય તો પછી શું ? આહા...હા ! એ બધા જ્ઞેય છે. આત્મા જ્ઞાન પ્રમાણે છે અને જ્ઞાન જ્ઞેય પ્રમાણે છે. (અને જ્ઞેય એટલે લોકાલાક – લોક ચૌદ બ્રહ્માંડ અને અલોક એકલું ખાલી (તે) બધું જ્ઞેય (છે).

આત્મા જ્ઞાનપ્રમાણ ને જ્ઞાન જ્ઞેયપ્રમાણ ને જ્ઞેય લોકાલોક પ્રમાણ (છે) આ બધી વાતો નહિ સાંભળી હોય એવી વાતું છે. આહા...હા ! ત્રણલોકના નાથ તીર્થંકર દેવની શૈલી જુદી (અને) આખી દુનિયાથી જુદી – આહા...હા ! અહીં તો હવે મારે બીજું કહેવું હતું. ચોથો બોલ હવે લેવો (છે).

'**णाणं तु सव्वगयं।**' છે ? એ ચોથો બોલ (છે) ચાર બોલનો વિસ્તાર તો લાંબો છે. આ તો ટૂંકો (અર્થ થયો) ભગવાનઆત્મા શરીરપ્રમાણ નથી, અને જ્ઞાનપ્રમાણ છે. જેટલામાં આત્મા તેટલામાં જ્ઞાન ને જેટલામાં જ્ઞાન તેટલામાં આત્મા (છે). આત્મા જ્ઞાન – જાણવાનો સ્વભાવ, અને જ્ઞાન જ્ઞેય પ્રમાણે છે. જેટલા જ્ઞેયો જ્ઞાનમાં જણાય તેટલા પ્રમાણમાં તે જ્ઞાન છે અને જ્ઞેય

લોકાલોકપ્રમાણ છે અને તેથી '**णाणं तु सव्वगतं...**' એ જ્ઞાન સર્વગત કહેવામાં આવે છે. તેમ જ્ઞાન સર્વને જાણે છે. સર્વને જાણે માટે સર્વગત કહેવામાં આવે છે.

જ્ઞાન સર્વમાં પેસી જાય છે, વ્યાપક (થઈ જાય છે) એમ નહિ. પણ સર્વને જાણે માટે જ્ઞાનને સર્વગત કહેવામાં આવે છે. સર્વગતનો અર્થ જ્ઞાન સર્વમાં વ્યાપી જાય છે, – એમ નહિ. આહા...હા ! આવું છે... છે ને ? તેવીસ (ગાથા) તેવીસ ને પછી ૨૫ (ગાથા) છે ? ૨૬ (ગાથા) લ્યો, ૨૬. '**सव्वगदो**' જુઓ ! લ્યો, ૨૬નો પહેલો બોલ. ?

'**सव्वगदो जिणवसहो सव्वे वि य तग्गया जगदि अट्ठा।**
**णाणमयादो य जिणो विसयादो तस्स ते भणिया।।२६।।**'

આહા...હા ! જ્ઞાનમાં સર્વ પદાર્થો આવી ગયા છે. કહે છે કે આવી ગયા છે. એટલે એનું જ્ઞાન (થયું કે) આ પુસ્તક છે. એનું જ્ઞાન અહીં આવ્યું છે. એટલે (દ્રવ્ય) આવી ગયું છે. એમ કહેવામાં આવે છે વસ્તુ તો અહીં રહી છે. સમજાણું કાંઈ ? છે ? '**सव्वगदो जिणवसहो**' ૨૬ છે ?

પછી (ગાથા) ૩૧ છે. જુઓ ! '**जदि ते ण संति अट्ठा णाणे**' ભાષા જુઓ ! આહા...હા ! ભગવાન જ્ઞાનસ્વભાવમાં લોકાલોક પદાર્થ જો અહીં ન હોય તો '**णाणं ण होदि सव्वगयं।**' જ્ઞાનને સર્વગત ન કહેવામાં આવે. મૂળ શ્લોક છે. (આ) મૂળશ્લોકમાં આ તો ઘણી વાર વંચાઈ ગયેલું છે. આહા...હા !

'**जदि ते ण संति अट्ठा णाणे णाणं ण होदि सव्वगयं।**' જ્ઞાનમાં તેનું જ્ઞાન ન હોય તો તે સર્વગત કેમ કહેવાય ? આહા...હા ! આખા લોકાલોક સંબંધીનું જ્ઞાન અહીં આવી જાય છે. એ પદાર્થ અહીં આવતા નથી.

રાત્રે એ પ્રશ્ન કર્યો હતો ને ! ભાઈ ! પર્યાય દ્રવ્યને જાણે, પણ દ્રવ્ય(માં) પર્યાય આવે નહિ. રાત્રે ભાઈ પ્રશ્ન થયો હતો, ખ્યાલ છે ને ! શું કહ્યું ? કે જે આ જ્ઞાનની વર્તમાન અવસ્થા છે ને ! અવસ્થા વર્તમાન પ્રગટ દશા એને પર્યાય કહીએ. એ પર્યાય આખા દ્રવ્યને જાણે, પણ એ દ્રવ્ય એક સમયની પર્યાયમાં આવે નહિ. જેમ સામે અગ્નિ છે. એને જ્ઞાન જાણે – પણ અગ્નિ કંઈ એ જ્ઞાનમાં આવી ન જાય. સમજાણું કાંઈ ? આહા...હા !

તેથી '**णाणं ण होदि सव्वगयं। सव्वगयं वा णाणं कहं ण णाणिठिया अट्ठा।।**' જ્ઞાનમાં સર્વ પદાર્થ કેમ નથી ? એમ કહે છે – છે એટલે એનું જ્ઞાન છે. એમ કહેવામાં આવે છે. આહા...હા ! વીતરાગના કાયદા બહુ ઝીણા બાપુ ! ૩૬ (ગાથા) પછી – શું કીધું ! ૩૧ થઈને.

આ જુઓ (ગાથા.) ૩૫... '**जो जाणदि सो णाणं ण हवदि णाणेण जाणगो आदा। णाणं परिणमदि सयं अट्ठा णाणट्ठिया सव्वे।।**' બધા પદાર્થો જ્ઞાનમાં છે. એમ અહીં કહેવામાં આવે છે. કઈ રીતે ? બધા પદાર્થોનું જ્ઞાન છે એ અપેક્ષાએ... આહા...હા !

આ જ્ઞાનની પર્યાય છે ને ! પ્રગટ જણાય છે ને ! એ એનું જ્ઞાન અહીંયાં જણાય છે. એ વસ્તુ અહીંયાં આવતી નથી. વસ્તુતો વસ્તુમાં રહે છે પણ વસ્તુ સંબંધી જે શક્તિ છે એનું અહીં જ્ઞાન થાય છે. એ અપેક્ષાએ જ્ઞાનમાં એ પદાર્થ છે. એમ કહેવામાં આવે છે. આહા...હા !

સમજાણું કાંઈ ? વગેરે ઘણી વ્યાખ્યાઓ છે. (ગાથા) ૫૦ કીધી ને ! છેલ્લે ! હું તો ઓલો '**अप्रदेश**' નો (અર્થ) જોતો હતો – ભાઈ ! વધારે સર્વગતની હારે '**अप्रदेश**' ને કીધું હતું ને ! આ '**अप्रदेश**' તો શાસ્ત્રમાં એક પરમાણુને અને કાળાણુને અપ્રદેશ કીધો છે. સમજાણું ?

આત્માને અસંખ્ય પ્રદેશ તરીકે એક કીધો છે. '**अप्रदेश**' નથી કીધો અને એનો (અસ્તિત્વ) ગુણ છે, એ અસંખ્ય પ્રદેશ છે. તે અસંખ્ય પ્રદેશ એનો ગુણ છે. એને અપ્રદેશ કહેવો એમ હોઈ શકે નહિ. એ તો વિદ્યાનંદજીએ લખ્યું છે ને હમણાં ? એ જાણો કે નવો અર્થ કાઢીને આમ મોટપ લઉં અરે પ્રભુ ! આ મારગ બીજા બાપા ! આ વિદ્વત્તાની વાતો નથી. આ.

આહા...હા ! આહા...હા ! નિયત પ્રદેશ આવે છે ને ભાઈ ! એ તો ગુણ છે. અસંખ્ય પ્રદેશ – આખા શરીર પ્રમાણે પ્રદેશ છે. એ પ્રદેશ અસંખ્ય છે. એ નિશ્ચય છે. આહા...હા ! એને સમુચ્ચય કરીને એક પ્રદેશી કહેવાય, પણ એને અપ્રદેશી ન કહેવાય. કાં એક (પ્રદેશી) સમુચ્ચય (પણ) એને કહેવાય – કાં અસંખ્ય કહેવાય. અસંખ્ય તો એનો ગુણ છે.

આહા...હા ! આવો માર્ગ છે ભાઈ ! ઘરના તર્ક ત્યાં કામે ન આવે. પરમાત્માને જે અભિપ્રાય કહેવો છે તે અભિપ્રાય હોવો જોઈએ વગેરે ઘણા બોલ છે.

અહીં શું કહ્યું ? કે '**આત્મદ્રવ્ય સર્વગત નયે ખુલ્લી રાખેલી આંખની માફક સર્વવર્તી (બધામાં વ્યાપનારું છે).**' આંખ આમ ખુલ્લી રાખી છે ને ! જુઓ ! ગિરનાર ઉપર જ્યારે ચાલતા હતા – જતાં જતાં તો નજર આમ હોય, પણ ઊતરતાં નજર આમ હોયને ! ઉપરથી છેટે એટલું દેખાય (કે) પચ્ચીસ–પચ્ચીસ ગાઉ સુધી દેખાય. નાના નાના ગામડાં અને નાના નાના ઘર (દેખાય) તો આંખ તો જડ આટલામાં છે. એ તો જાણતી નથી, પણ ત્યાં રહેલા પ્રદેશો, જ્ઞાનની પર્યાય આટલું બધું જાણે છે. છતાં એ ચીજ અહીં આવતી નથી. તેમ આ પર્યાય ત્યાં જતી નથી. તે છતાં તેનું જ્ઞાન થાય છે.

(ઓગણીસો) ચોરાસીમાં એક પ્રશ્ન થયો હતો. (એક) વેદાંતી હતો. રાણપુરમાં ચોમાસું હતું. ને'૮૪ની વાત છે. એક ભાવસાર વેદાંતી હતો. વ્યાખ્યાનમાં આવે. વ્યાખ્યાનમાં તો આવે ને ! અન્યમતી આવે, વેદાંતી આવે, શ્વેતાંબરના ઘણા માણસો આવે. ત્યાં તેણે કીધું – મહારાજ ! તમે બધાને જાણનારો કહો છો, તો આ પરમાણુ છે. એને આત્મા કેમ જાણે ? કારણ કે અંદર પેસે તો જાણે – પેસ્યા વિના કેમ જાણે ? આવો પ્રશ્ન એણે કર્યો –'૮૪ની વાત છે. કીધું બાપુ ! અગ્નિને જ્ઞાન જાણે છે, તો અગ્નિમાં જ્ઞાન પેસીને જાણે છે ? અગ્નિમાં પેસીને જાણે તો જ્ઞાન નાશ થઈ જાય, છતાં જ્ઞાન જાણે છે કે, આ અગ્નિ છે, આ ઝેર છે, આ સર્પ છે, આ વીંછી છે. જ્ઞાન નથી જાણતું ? પણ જ્ઞાન હારે અંદર ગરી ગયું છે ? વીંછીને અડ્યા વિના વીંછીને જાણે છે. ભાઈ ! મારગડા બહુ ઝીણા છે ! બાપા !

વાત સાચી (છે). ભગવાન આત્મા સર્વગત કેમ કહ્યો ? આ ખુલ્લી આંખે જેમ બધું જણાય (છે). એ ચીજ ખરેખર તો જણાતી નથી. ખરેખર તો એ ચીજ સંબંધીનું જ્ઞાન જણાય છે. સમજાણું કાંઈ ? એ જ્ઞાનની પર્યાયમાં ખુલ્લી આંખે જેમ બધું આમ જણાય, એમ આત્માની ખુલ્લી જ્ઞાનની અવસ્થાએ લોકાલોક જણાય. માટે તેને સર્વગત કહેવામાં આવે છે. પણ સર્વગતનો અર્થ એવો

નથી કે ત્યાં આત્મા ગયો છે. શબ્દ તો ત્યાં આવો છે. સર્વગત (એટલે) સર્વ પદાર્થમાં ગયો છે. પણ એનો અર્થ એવો નથી. સર્વગતનો અર્થ સર્વનું જ્ઞાન કરે છે. આહા...હા ! છે ને ? જ્ઞાન છે. સંસ્કૃતના પ્રોફેસર છે. સમજાણું કાંઈ ? આહા...હા !

જેને 'પંચાધ્યાયીકારે' નયાભાસમાં નાખ્યું છે – કોઈ એકાંત ક્ષણે (તેને) બધામાં – સર્વગત એ અપેક્ષાએ; પણ અહીંયાં તો સર્વગત એટલે જેમ આંખ ખુલ્લી (હોય) તે આમ ખુલ્લું બધું જાણે એમ જ્ઞાનની પર્યાય એટલી વિકસિત થઈ છે કે તે લોકાલોકને જાણે છતાં લોકાલોક એમાં ન આવે અને આ જ્ઞાનની પર્યાય લોકાલોકમાં જાય નહિ. આહા...હા ! ભારે મારગ બાપુ !

આત્મદ્રવ્ય... અહીં દ્રવ્ય કોને કીધું એ... ગુણપર્યાયનો આધાર આખું દ્રવ્ય, તેને અહીંયાં દ્રવ્ય કહીએ – અહીં દ્રવ્ય એટલે સામાન્ય વસ્તુ એકલી અંશ વિના એ કંઈ દ્રવ્ય અહીં નહિ. સમજાણું કાંઈ ? નહીંતર તો સામાન્ય જે ધ્રુવ છે તેને દ્રવ્ય કહીએ. અને અવસ્થાને પર્યાય કહીએ. એ અહીંયાં નહિ.

અહીંયાં તો સામાન્ય દ્રવ્ય – એના અનંતગુણો, સામાન્ય – ત્રિકાળી અને એની અનંતી ભેદરૂપ અવસ્થાઓ, (એ) બધાનો આધાર તેને આતમદ્રવ્ય કહેવામાં આવે છે. આહા...હા ! હવે આ ક્રિયાકાંડના કરનારા – વ્રત–તપને ભક્તિ (કરીને) ત્યાં ક્લેશ કરીને મરી જાય બચારા ! આ વસ્તુ છે, એની ખબર નથી.

હું કોણ છું ? કઈ રીતે છું ? શ્રીમદે ન કહ્યું ! શ્રીમદે તો સોળ વર્ષે 'મોક્ષમાળા'માં કહ્યું. 'હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ? કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરહરું ? એના વિચાર વિવેકપૂર્વક શાંતભાવે જો કર્યા, તો સર્વ આત્મિકજ્ઞાનનાં સિદ્ધાંત તત્ત્વો અનુભવ્યાં.'

સોળમાં વર્ષે કહે કે સંસ્કાર બહુ હતા. ક્ષયોપશમ ઘણો હતો. એ વખતે એના જેવો ક્ષયોપશમ કોઈનો ન હતો. ધર્મમાં હોં ! બીજામાં હોં ભલે ! હોં ! એ તો નાની ઉંમરમાં થયું હતું. સોળ વર્ષ થયા પછી બહારનું પ્રશંસાનું કાર્ય છોડી દીધું, શતાવધાનેય છોડી દીધું, એ તો આત્માનું કાર્ય કરીને ચાલ્યા ગયા. એક ભવ કરીને મોક્ષે જશે. એવી ચીજ છે.

કોણ કરે ક્રિયા ? રાગ કરવા લાયક છે – એ માન્યતા પણ મિથ્યાત્વ છે. અહીં તો રાગનું પરિણમન છે. તેને એક નય જાણે (છે) અને એવા અનંત નયનો સમુદાય તે શ્રુતજ્ઞાન આત્માને જાણે. તે દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણને જાણે. ભાન થયા પછી પણ વ્રત–તપ–ભક્તિનો રાગ આવે, પણ એ જાણવા લાયક છે. હોય છે, કરવો પડે નહિ, આવી જાય છે. ઝીણી વાતો છે ભાઈ ! વચ્ચે નબળાઈ ને કારણે – એવો શુભભાવ આવે ત્યાં સુધી વીતરાગ ન થાય, છતાં એ હેયબુદ્ધિએ આવે. ઉપાદેય બુદ્ધિએ ન આવે.

આહા...હા ! આટલાં બધાં પડખાં ક્યાંના ક્યાં જાણવા ? સંસારના અભ્યાસ આડે નવરાશ ન મળે. આહા...હા !

વીસમો (નય) **'આત્મદ્રવ્ય સર્વગત નયે, ખુલ્લી રાખેલી આંખની માફક.'** ભાષા દેખો ! **'સર્વવર્તી – (બધામાં વ્યાપનારું) છે.'** એટલે કે જ્ઞાન બધાને જાણનારું છે, એને બધામાં વ્યાપનારું

છે; એમ કહેવામાં આવ છે. આહા...હા ! આંખ આમ જાણે છે તે પરમાં આમ વ્યાપી જાય છે ? ગિરનાર ઉપરથી જોયેલું, ઉપરથી ઊતરતા હતા ને ! આમ દેખાય ને ! કીધું – આ ક્યાં સુધી દેખાય છે ? આહા...હા ! તે આ આંખે દેખાય છે ? આ તો જડ છે, માટી છે, આંખ તો આ જે છે. તે માટી છે, ધૂળ છે. અંદરમાં જ્ઞાન આત્માની પર્યાય છે. તે આને જાણે છે. આ તો જડ છે, આને જાણનારું જ્ઞાન છે અને પોતે પણ છે, અને આ ઇન્દ્રિય જડ છે, એની (એને) પણ ખબર નથી આહા...હા ! સમજાણું કાંઈ ?

ખુલ્લી આંખે જેમ વ્યાપક બધું દેખાય છે. તેમ ભાષા જુઓ ! સર્વવર્તી બધામાં વ્યાપનારું છે. એ પોતે પોતાના ગુણ અને પર્યાયમાં વ્યાપનારું છે. એને અહીંયાં (બધામાં) વ્યાપનારું કહેવામાં આવે છે.

(આત્માને) વિભુ કહેવામાં આવે છે. એક વિભુ નામનો આત્મામાં ગુણ છે. ૪૭ નયમાં (શક્તિમાં) આવી ગયું છે. વિભુ નામનો એક ગુણ છે. એ વિભુ એટલે કે પોતાના અનંત ગુણને – અનંતી પર્યાયોમાં વ્યાપક છે. પરપદાર્થમાં વ્યાપક નથી.

આહા...હા ! ખરેખર તો ભગવાન આત્મા શરીર–કર્મ અને પરપદાર્થને તો અડતોય નથી. કોઈ દિ' અડ્યોય નથી. આ આવી (વાત છે). કેમ કે એ પ્રભુ પોતે તો વર્ણ–ગંધ–રસ–સ્પર્શ વિનાની ચીજ છે. આ ચીજો તો બધી – વર્ણ–ગંધ–રસ–સ્પર્શવાળી છે – એ અરૂપી (આત્મા) રૂપીને અડે કેમ ? આહા...હા ! અડે તો – એ બે ભાવ એક થઈ જાય છે. અરૂપી ભાવ થઈ જાય છે. પોતાને (પર) અડે નહિ. આહા...હા ! અડ્યા વિના ભિન્ન રહીને ભિન્નનું પૂર્ણજ્ઞાન કરે, માટે સર્વવર્તી કહેવામાં આવે છે. પણ સર્વવર્તીનો અર્થ એવો નથી કે પોતાના જ્ઞાનની દશા છોડીને પરપદાર્થમાં પેસી જાય અને જાણે છે – એમ નથી. સમજાણું કાંઈ ? બધી નવી વાત લાગે.

ખુલ્લી રાખેલી આંખની માફક 'સર્વવર્તી' પાઠ કેવો છે ? જોયું ? સર્વવર્તી. આહા...હા ! '**सर्वगतनयेन विस्फारिताक्ष**' છે ને ? સર્વવર્તી પાઠ છે. જુઓ ! સંસ્કૃત સંસ્કૃતમાં ! 'સર્વવર્તી' (પાઠ છે). જાણે કે ખુલ્લી આંખ, બધામાં વ્યાપે છે. એટલે કે ખુલ્લી આંખ બધામાં વર્તે છે. એમ કહેવામાં આવે છે. પણ ખરેખર તો વર્તે છે – પોતામાં પણ સર્વને જાણે છે. એટલે સર્વવર્તી કહેવામાં આવે છે. એમ જ્ઞાનનો પર્યાય પરને જાણે છે. એટલે પરમાં વર્તે છે. એમ કહેવામાં આવે, પણ પરમાં વ્યાપે છે માટે પરને જાણે એમ નહિ. પોતામાં રહીને એ પરને પૂર્ણ જાણે છે. સ્વભાવ જ પૂર્ણ જાણવાનો છે. આહા...હા !

ભગવાન – જ્ઞાનની પર્યાયમાં ભલે શ્રુતજ્ઞાનની પર્યાય છે અહીં સાધક છે ને ! અત્યારે તો અહીં એ શ્રુતજ્ઞાનની પર્યાય પણ સર્વને જાણે છે. સર્વજ્ઞનો વિષય લોકાલોક છે. એ વિષય (શ્રુતજ્ઞાનનો) આનો છે. ફક્ત પરોક્ષ અને પ્રત્યક્ષનો ભેદ છે. આહા...હા ! વળી પરોક્ષ...ને પ્રત્યક્ષ !! એ જ્ઞાનની પર્યાય સર્વ લોકાલોકને જાણે છે. પણ પ્રત્યક્ષ એટલે આ અંદરમાં પૂર્ણ એનું રૂપ છે. એવું પ્રત્યક્ષ થયું નથી. પણ પૂર્ણરૂપ છે – એવું એને જ્ઞાન થયું છે. આહા...હા ! જેમ આંધળો સાકર ખાય (ત્યારે) આંધળાને એ સાકરનો સ્વાદ પ્રત્યક્ષ છે. પણ એ સાકર પ્રત્યક્ષ નથી, સાકર

એને દેખાતી નથી. સમજાણું કાંઈ ? છતાં સાકરનું જ્ઞાન–સ્વાદ છે એ પ્રત્યક્ષ છે. એમ લોકાલોકનું જ્ઞાન થાય છે, એ અહીં બરાબર છે. પણ લોકાલોકમાં પેસતું નથી.

આહા...હા ! એ સાકરનો સ્વાદ એને આવ્યો એ સ્વાદ એ સાકરનો નથી. કેમકે સાકર છે – એ તો જડ છે. રૂપી છે. મૂર્ત છે. એનો સ્વાદ અહીં નથી. પણ એ સ્વાદ ઉપર લક્ષ જતાં એને ઠીક છે – એ રાગ આવે છે. એ રાગનો સ્વાદ લે છે. એ સાકર તો જડ છે. આ તો અરૂપી ભગવાન ભિન્ન છે. સમજાણું કાંઈ ?

એમ સ્ત્રીના શરીરનો ભોગ લેતાં (વાસ્તવમાં) સ્ત્રીના શરીરનો જીવ ભોગ લેતો નથી. ફક્ત ત્યાં લક્ષ જતાં મને ઠીક પડે છે એવો રાગ કરે છે અને રાગને અનુભવે છે. આહા...હા ! સમજાણું કાંઈ ? આવી વાતો છે. એક એક ન્યાયમાં સત્ય હોવું જોઈએ ને. કોઈ ન્યાયમાં અસત્ય એક પણ આવે તો એ સત્ય નહીં રહે.

આહા...હા ! પ્રભુનો મારગ તો સત્ય છે – તો કહે છે કે સર્વગત નયમાં સર્વવર્તી કહ્યો. એનો અર્થ એ કે બધાને જાણે છે. પણ બધામાં વર્તે છે, એવો અર્થ એનો લેવો નહિ. મેં આજ સાકર ખાધી ને ગળી લાગી એમ બોલાય પણ એ વાત એમ નથી. ફક્ત ગળ્યાનું અહીં જ્ઞાન કર્યું છે. એથી ગળ્યું મને લાગ્યું – એમ એણે કહ્યું છે. આહા...હા ! ગળી છે. તે તો જડ દશા છે – અજીવની દશા છે. આ ભગવાન તો અરૂપી જીવ છે. એ અરૂપી (તત્ત્વ) જીભ – જડને તો અડતું નથી. એવી બધી વાતો છે. હજી, આ જીભ સાકરને અડતી નથી. કેમ ? કે આ જીભના રજકણો અને સાકરના રજકણો ભિન્ન છે. તો એક પદાર્થમાં બીજા પદાર્થનો અભાવ છે. તો અભાવ બીજા પદાર્થને અડે તો ભાવ થઈ જાય છે. આહા...હા ! ભગવાનના કાયદા જુદા બહુ બાપા !

આહા...હા ! એને અડતુંય નથી ને જ્ઞાન થાય છે. એ તો ઘણીવાર કહ્યું નહોતું ? ઝીંણું તો બહુ છે બાપા ! પગે જે હાલે છે ને, પણ એ ભીંતને પગ અડતો નથી. ભીંત એટલે જમીન, જમીનને પગ અડતો નથી. બાપુ ! એ વાતો કોઈ ચમત્કારિક જડની !! આહા...હા ! જડની પર્યાય પરદ્રવ્યને અડતી નથી. અને હાલે છે, એ ગતિ પોતાની પર્યાયથી ત્યાં (પોતાના) આધારે હાલે છે. જમીનને આધારે પગ હાલતો નથી. આવી વાતો હવે ! પાગલ તો એને પાગલ જ કહેને ! એને ખબર જ કે દિ' છે ? (કે) આ શું છે !!

કેમકે એ પગના રજકણ જે કોઈ છે. એક એક પોઈન્ટ છેલ્લો ટુકડો એમાં પરમાણુમાં અધિકરણ–આધાર નામનો એક ગુણ છે. પરમાણુમાં આધાર નામનો ગુણ ત્યાં રહેલો છે. અહીંયાં જમીનને આધારે પરમાણુ રહ્યો છે ? કે આને આધારે રહ્યો છે ? (તો કહે) આને આધારે આ રહ્યો છે એમ નથી. ગાંડા ગણે એવું છે હોં ! ભગવાનનો મારગ એવો છે. બાપા ! આહા...હા !

જ્યારે એમ કહેવું છે કે અનંત દ્રવ્ય છે. ભગવાને તો અનંત દ્રવ્યો જોયા છે. અનંત આત્માઓ અને અનંત રજકણો – તો એ અનંત દ્રવ્યો છે. એ બીજાને આધારે રહે તો તો સ્વતંત્ર દ્રવ્ય રહેતું નથી. દરેક દ્રવ્ય પોતાને આધારે પોતાને કારણે ત્યાં રહ્યું છે. આહા...હા ! જેમ પરને જાણતાં સર્વમાં વર્તતું નથી. તેમ અહીંયાં, અહીં જોડે આમ રહ્યું છે. છતાં આને આમ અડતું

નથી. આ – આવી વાતો છે.

અનંત દ્રવ્યોને જ્યારે સિદ્ધ કરવા છે, સાબિત કરવા છે ને ! છે...તો છે... એ કઈ રીતે હશે ? પરને આધારે રહે તો પોતાનું દ્રવ્ય પોતાને આધારે છે – એ વાત રહેતી નથી. પરને આધારે રહ્યો, તો પરને બે અંક થઈ ગયા. આહા...હા !

અહીં તો કહે છે કે – એ રાગ કર્યો – થયો, તો એને જાણ્યો કોણે ? કે જ્ઞાને. હવે એ જ્ઞાન ક્યું ? કે સમ્યક્‌જ્ઞાન હોય તો એ જ્ઞાન રાગને જાણે અને એ જ્ઞાન–જ્ઞાનને જાણે. એ જ્ઞાનમાં ભેગા અનંત નયો આવે – એ જ્ઞાન દ્વારા આત્મા જણાય, ત્યારે તેને આત્મજ્ઞાન કહેવામાં આવે છે.

વિશેષ કહેશે.....

❀ ❀ ❀

આત્માને માટે કાંઈક એની પાછળ પડવું જોઈએ. આવું આ રટણ કરવું જોઈએ. જાગતાં, ઊંઘતાં એનો પ્રયત્ન જોઈએ. એની રુચિનો પ્રકાર સરખો થવો જોઈએ. અંદરમાં પરમેશ્વર કેટલો મહાન છે ! એને જોવાનું કુતૂહલ જાગે તેને જોયા વિના ચેન ન પડે.

❀

આ મનુષ્યભવ મળ્યો છે તે ભવના અભાવ માટે મળ્યો છે, પૈસા કમાવા માટે આ ભવ મળ્યો નથી. તેથી મૃત્યુ પહેલા, આત્મકલ્યાણનું આ કાર્ય કરી લે.

❀

અહો ! આ મનુષ્યપણામાં આવા પરમાત્મસ્વરૂપનો માર્ગ સેવવો, આદર કરવો એ જીવનની કોઈ ધન્ય પળ છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાયક જ છે. એ એને ભાવમાં આવે. ગમે તેવા પ્રસંગમાં પણ હું જ્ઞાયક છું... જ્ઞાયક છું એમ ભવમાં આવે. જ્ઞાયકનું લક્ષ રહે તો તે તરફ ઢળ્યા જ કરે.

❀

હે પ્રભુ ! આપે ચૈતન્યના અનંતા ખજાના ખોલી નાખ્યા ! તો હે પ્રભુ ! હવે એવો તે કોણ હોય કે તરણા સમાન ચક્રવર્તીના રાજને છોડીને ચૈતન્યના ખજાનાને ખોલવા ન નીકળી પડે.

**આત્મદ્રવ્ય અસર્વગતનયે, મીંચેલી આંખની માફક, આત્મવર્તી (પોતામાં રહેનારું છે). ૨૧.**
**આત્મદ્રવ્ય શૂન્યનયે, શૂન્ય (ખાલી) ઘરની માફક, એકલું (અમિલિત) ભાસે છે. ૨૨.**

**પ્રવચન : ૩૦-૧૨-૧૯૭૭**

'પ્રવચનસાર', નય અધિકાર (છે). ૨૧મો નય :– શું કહેવામાં માગે છે ? કે આ આત્મદ્રવ્ય જે વસ્તુ છે. એ પરથી ભિન્ન (છે). પણ પોતાના ગુણ અને પર્યાયોથી અભિન્ન (છે). શું કહ્યું એ ? કે આત્મ વસ્તુ જે પદાર્થ છે, એ પર શરીર–વાણી. કર્મ આદિ પર ચીજથી ભિન્ન (છે) પણ પોતાના જે ગુણો છે, જે શક્તિ–સ્વભાવ છે. અને એનામાં જે અસ્તિરૂપે નિર્મળ અને વિકારી પર્યાયનું અસ્તિત્વ છે. એ બધા ધર્મનો સમુદાય (ને). ધારણ કરનારો એ આત્મદ્રવ્ય (અભિન્ન છે). છે ? એ આત્મદ્રવ્ય પહેલો શબ્દ છે ને ? ૨૧(મો નય). '**આત્મદ્રવ્ય (અસર્વગત નયે આત્મવર્તી છે).**' આત્મદ્રવ્ય તો ત્રિકાળી વસ્તુને ય કહેવાય છે. પણ અત્યારે જ્ઞાનપ્રધાન કથનમાં આત્મદ્રવ્ય એટલે કે અનંતગુણ અને અનંતી પર્યાય, એ ધર્મ છે, તેને ધારણ કરનારો દ્રવ્ય તે પ્રમાણનો વિષય છે. તેને અહીંયાં આત્મદ્રવ્ય કહે છે.

પ્રમાણનો વિષય ને નિશ્ચયનો વિષય ને... આ શું ? નિશ્ચયનયનો વિષય, એકલો નિશ્ચયનો વિષય લ્યો; દર્શનની અપેક્ષાએ હોં ! તો ત્રિકાળી જ્ઞાયકભાવ એ દર્શનનો વિષય છે. પણ અહીંયાં તો જ્ઞાનનો વિષય બતાવવો છે. તેમાં નિશ્ચયનયે પણ એક નય આવશે. વ્યવહારનય પણ એક આવશે. અને નિશ્ચય એટલે કે પોતે પોતાથી–રાગથી બંધાય છે, ને (પોતે) રાગથી છૂટે છે. એવો નિશ્ચય (છે) અહીં એ નિશ્ચય(નય) આવશે. સમજાણુંક કાંઈ ?

પોતે – આત્મા જ પોતે રાગમાં બંધાય છે. અને રાગથી છૂટે છે. એવો સ્વયં નિશ્ચય – રાગ પર્યાયથી બંધાવું અને રાગથી છૂટવું એવો નિશ્ચય – એ સ્વની પર્યાયનો નિશ્ચય – એને નિશ્ચયનયરૂપ એક નય ગણવામાં આવ્યો છે. શું કીધું એ... સમજાણું ? અહીંયાં નિશ્ચયનયનો વિષય એટલો લેવાનો છે. આગળ આવશે. જુઓ ! છે ને ? કેટલામું આવ્યું ? ૪૫(મો નય).

એમાં પીસ્તાલીસમા નયમાં નિશ્ચયનય આ ત્યાં પણ આત્મદ્રવ્ય વસ્તુ એ અહીંયાં આત્મદ્રવ્ય લેવું છે કે, અનંત ગુણો અને અનંત પર્યાયનો સમુદાય તે દ્રવ્ય (છે). એ એમાં આવે અને નિશ્ચયને એક વિષય લેવો છે.

'**આત્મદ્રવ્ય... નિશ્ચયનયે બંધ અને મોક્ષને વિષે અદ્વૈતને અનુસરનારું છે, એકલો બંધાતો અને મુકાતો એવો જે બંધમોક્ષોચિત સ્નિગ્ધતારૂક્ષત્વગુણે પરિણત (પરમાણુ માફક). (નિશ્ચયનયે... આત્મા એકલો જ બદ્ધ અને મુક્ત થાય છે, જેમ બંધ અને મોક્ષને ઉચિત એવા સ્નિગ્ધત્વગુણે (કે રૂક્ષત્વગુણે પરિણમતો પરમાણુ એકલો જ બદ્ધ અને મુક્ત થાય છે તેમ.**') પરમાણુનો દાખલો

છે. અહીં નિશ્ચય એટલે કે રાગથી બંધાવું અને રાગથી છૂટવું એ અહીં નિશ્ચય લેવો છે. અને જ્યાં સમ્યક્દર્શનનો વિષય નિશ્ચય (લેવો છે) ત્યાં એકલો જ્ઞાયકભાવ ધ્રુવ – અનંત ગુણનો પિંડ એકરૂપ તેને દર્શનનો વિષય, અને તેને દ્રવ્ય કહે છે. આવી અપેક્ષાઓ છે. ભાઈ ! અહીંયાં ૨૦ નય સુધી આવ્યું (છે). હવે ૨૧(મો).

હવે, '**આત્મદ્રવ્ય (અસર્વગત નયે આત્મવર્તી છે)**' ઉપર પ્રશ્ન ઊઠ્યો કે આ દ્રવ્ય કેવું ? અને અહીં સમ્યક્દર્શનનો વિષય(રૂપ) દ્રવ્ય કેવું ? અને અહીં નિશ્ચયનયના વિષયનું (દ્રવ્ય) કેવું ? હેં ! આ તો ધીરજની વાતું છે, બાપુ ! જે 'સમયસાર'ની અગિયારમી ગાથા(માં) નિશ્ચયનય (છે) એ તો જેટલી પર્યાયો છે, – એનો ત્યાં આગળ જૂઠી કહીને, એટલે કે ગૌણ કરીને, વ્યવહાર કરીને, 'નથી' એમ કીધું. અને ત્રિકાળી વસ્તુ જે જ્ઞાયકભાવ નિત્ય પ્રભુ ! તેને મુખ્ય કરીને, નિશ્ચય કરીને, તેને સમ્યક્દર્શનનો વિષય કીધો.

પડખાં એટલાં પડે ! અને અહીંયાં નિશ્ચય એટલે આત્મા પોતે દ્રવ્ય જે છે એટલે કે અનંતગુણ જે ત્રિકાળી સ્વભાવ સાથે અને તેની અનંતી પર્યાયો – એવા ધર્મને ધરનારું તે આત્મદ્રવ્ય, એમાં નિશ્ચયથી એટલે રાગથી પોતે બંધાય છે. અને રાગથી પોતે છૂટે છે. તે નિશ્ચય (છે). આહા...હા !

અહીં પર્યાયનો નિશ્ચય–સ્વ... સ્વઆત્મા (તે) રાગથી પોતે પોતાથી બંધાય છે. અહીં સમ્યક્જ્ઞાનની અને સમ્યક્જ્ઞાનીની વાત છે હોં ! એને નય પણ બે (વ્યવહાર અને) નિશ્ચય– બંધ અને મોક્ષ(પણે) આવ્યા ને...! આહા...હા ! નિશ્ચય એટલે સ્વઆશ્રિત – એટલી વાત. અહીંયાં સ્વ શબ્દે પોતાની પર્યાય, એ પર્યાય રાગમાં અટકે છે. અને રાગથી છૂટે છે. એ બેમાં સ્વ– પોતે રાગથી બંધાય અને રાગથી છૂટે એવો એક નય લેવો છે. આહા...હા ! આવી વાતો છે.

સમ્યક્દર્શનનો વિષય નિશ્ચય – એકલું ધ્રુવ દ્રવ્ય (છે) અહીં નિશ્ચય–એ એની પર્યાયની સ્વતંત્રતા(રૂપ) પર્યાયનો એક ધર્મ, રાગમાં અટકવું અને રાગથી છૂટવું – એવો અહીં નિશ્ચયનો વિષય, એ એક નય છે. – આ તો, એવો અનંતનયોનો સમુદાય પ્રમાણશ્રુત – ભાવશ્રુત (છે), એ ભાવશ્રુતથી તે વસ્તુ પ્રમેય એટલે જ્ઞાનમાં જાણી શકાય છે. – એ જ્ઞાનમાં જાણી શકાય છે. એ શું ? કે... આત્મદ્રવ્ય. આત્મદ્રવ્ય એટલે શું ? કે અનંતગુણ અને અનંતપર્યાયને ધરનાર એવું દ્રવ્ય, આહા...હા ! શ્રુતપ્રમાણ વડે પ્રમેય થઈ શકે છે. આવી વાતું છે બાપુ !

વીતરાગમાર્ગ બહુ ઝીણો ! આહા...હા ! સમજાણું કાંઈ ? એમાં અહીં ૪૭ નય કહેશે. એમાં નિશ્ચયનય આવશે પણ એ નિશ્ચયનયનો વિષય – ફક્ત વર્તમાન પર્યાય પોતે રાગમાં અટકે છે, ને પોતે રાગથી છૂટે છે. એ જ્ઞાનીની વાત છે. હોં ! ધર્મી જીવને શ્રુતજ્ઞાન પ્રમાણ વડે આત્મદ્રવ્ય પ્રમેય થયું છે. વસ્તુનું દ્રવ્ય–ગુણ–પર્યાયનું જ્ઞાન થયું છે. એમાં નિશ્ચયનયનો એક ધર્મ પણ એનો ખ્યાલમાં આવ્યો છે.

આહા...હા ! હું પોતે જ રાગમાં અટક્યો છું. એ મારી સ્વતંત્રતા છે. અને રાગથી છૂટું છું, એ પણ મારી સ્વતંત્રતા છે. એ સ્વતંત્રતાની સ્વની અપેક્ષાએ તેને નિશ્ચય કહ્યો છે. આવા બધા ભેદ છે. પર્યાયનું સ્વ છે ને સ્વ ? સ્વ તે નિશ્ચય અને પર તે વ્યવહાર, એટલી અપેક્ષા લઈને જ્ઞાનનું કથન અહીંયાં છે ને ! એ જ્ઞાન તો બધાને જાણે – દર્શન છે એ તો નિર્વિકલ્પ

સમ્યક્દર્શન છે. તો એનો વિષય પણ નિર્વિકલ્પ (છે). એનો વિષય ત્રિકાળી છે. પણ દર્શન સાથે થયેલું જ્ઞાન એ જ્ઞાનનો વિષય – અનંતધર્મ–ગુણનું ધરનારું દ્રવ્ય અને અનંતી પર્યાયને ધરનારું દ્રવ્ય, તે અહીંયાં પ્રમાણનો, શ્રુતપ્રમાણ જ્ઞાનનો વિષય છે. એ વિષય ચાલતો હોય ત્યારે એનું પૃથક્કરણ થાય ને ? ન ચાલતો હોય ત્યાં ખેંચીને લાવવો મુશ્કેલ પડે. સમજાણું કાંઈ ? આહા...હા ! હવે ૨૧મો નય.

નય જ્ઞાનનો અંશ છે. અને એવા અનંત નયનો સમુદાય તે ભાવશ્રુત જ્ઞાનની નિર્મળ પર્યાય તે ભાવશ્રુત (જ્ઞાન) છે, એ પર્યાયમાં અનંત નયનું સ્વરૂપ એક શ્રુતપ્રમાણમાં આવી જાય છે. અને એ શ્રુતપ્રમાણ છે, એ પર્યાય છે. છતાં એ પર્યાયનો વિષય શ્રુતજ્ઞાન પ્રમાણનો વિષય અનંતગુણ અને અનંત પર્યાયને ધરનારું દ્રવ્ય, તે શ્રુતજ્ઞાન પર્યાયનો વિષય છે. આહા...હા ! આમાં બહુ મગજ દેવું પડે. શેઠ !

આહા...હા ! સર્વજ્ઞ વીતરાગ એવો આત્માનો સ્વભાવ. આહા...હા ! કહે છે કે અહીં પરની સાથેનો સંબંધ છૂટે – એ તો વ્યવહારનય છે. એ પણ એક વિષય લેશે. કર્મથી નિમિત્તના સંબંધમાં આવ્યો અને નિમિત્તનો સંબંધ છૂટે છે એને એક વ્યવહારનયનો વિષય ગણશે.

પરમાં સંબંધ એટલો રાગ છે. એ વ્યવહાર(માં) કર્મ સાથે નિમિત્તપણું છે. અને નૈમિત્તિક વિકાર છે. એ બેનો સંબંધ એનું નામ વ્યવહાર (છે) અને એ કર્મનું છૂટવું, અને વિકારી પર્યાયનું છૂટવું, એ બેનો સંબંધ એને વ્યવહાર કહેવાય, અને આત્મા એકલો રાગમાં બંધનમાં અટકે અને એકલો આત્મા રાગથી છૂટે તેને પર્યાયનો નિશ્ચય કહીએ.

આહા...હા ! એક અપેક્ષાએ ત્રિકાળી દ્રવ્યને નિશ્ચય કહીએ અને જેટલી પર્યાયો છે, તેનો ભેદ છે, તેને વ્યવહાર કહીએ. ઓલા ત્રિકાળી દ્રવ્યની એકરૂપતાની અપેક્ષાએ પર્યાયના જેટલા ભેદો, તેને વ્યવહાર કહીએ. અહીંયાં જ્ઞાનપ્રધાન કથનમાં બીજી વાત છે. આહા...હા ! પોતાની રાગ પર્યાયમાં ધર્મી પોતે બંધાય છે હોં !

સમકિતી સમ્યક્દૃષ્ટિ પણ, જેને ભાવશ્રુતથી આત્મા પ્રમેય થયો છે. જ્ઞાન થયું છે. એને પણ હજી રાગનું બંધન છે... સાધક છે ને ? આ રાગનું બંધન છે. અને રાગનું છૂટવું પણ છે. ભાવબંધન અને ભાવમુક્તિ... આહા...હા ! એવી પર્યાયની અપેક્ષાએ તેને સ્વમાં છે એને નિશ્ચય કહેવામાં આવે છે. ભાઈ ! અહીંયાં તો ઘણું બધું છે. આ તો બાપુ ! આમાં એક–બેમાં સમજાઈ જાય તેવું નથી. આવો માર્ગ ! આહા...હા !

અહીં કહે છે, ૨૦મીમાં એમ કહ્યું કે આ જ્ઞાનસ્વરૂપ ભગવાન છે. એ સર્વ ગુણ પર્યાયને જાણે છે. જાણે છે માટે સર્વગત – પરમાં વ્યાપ્યો એમ કહેવામાં આવે છે. આહા...હા ! (વિકલ્પ) કરીને... થઈ ગઈ સામાયિક. બાપુ ! મારગડા જુદા ભાઈ ! દર્શનની વ્યાખ્યા શું ? જ્ઞાનની વ્યાખ્યા શું ? દર્શનનો વિષય શું ? જ્ઞાનનો વિષય શું ? આહા...હા ! એ બધાં પડખાંને જાણવાં જોઈએ, નહિતર એ વસ્તુ, ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે જે વસ્તુ કહી, એ વસ્તુ જ્ઞાનમાં નહિ આવે. આ પડખાં જાણે નહિ તો સમજાણું કાંઈ ? તો અહીં ૨૦માં એમ કહ્યું.

૨૧મો (નય) આત્મદ્રવ્ય એટલે કે અનંત ગુણ અને અનંત પર્યાયને ધરનારું – એવું.

**'આત્મદ્રવ્ય. સર્વગત નયે મીંચેલી આંખની માફક (આત્મવર્તી (પોતામાં રહેનાર) છે).'** એ આંખ મીંચેલી છે – એ અંદરમાં છે. એમ આત્મા અસર્વગત (નયે) પરમાં નથી વ્યાપ્યો, પણ પોતાના આત્મામાં જ વ્યાપ્યો છે. આત્મામાં જ વ્યાપ્યો છે. ઓલામાં સર્વવર્તી હતું. (૨૦મા નયમાં) આમાં – આત્મવર્તી (છે). આહા...હા ! સમજાણું કાંઈ ? એને અભ્યાસ માટે કેટલોક વખત જોઈએ. નિવૃત્તિ જોઈએ. ત્યારે આ સમજાય તેવું છે. આહા...હા ! અભ્યાસ (જોઈએ).

આત્મદ્રવ્ય – અસર્વગતનયે મીંચેલી આંખની માફક – અંદર આત્મવર્તી છે. આત્મામાં જ છે. એ – સર્વમાં વ્યાપક છે નહિ. એ એક નય છે. એ આત્મવર્તી છે. આત્મા અંદર (વ્યાપક છે) એ પણ એક નય છે. એ એક નય દ્વારા આખો આત્મા – અનંત ગુણ અને અનંત પર્યાયનું દ્રવ્ય, આખું એક નયે–વિષય નહિ થઈ શકે. આહા...હા ! સમજાણું કાંઈ ? આત્મવર્તી–પોતામાં રહેનારું છે. ઓલું (દ્રવ્ય) રહ્યું છે. તો પોતામાં પણ – આમ બધાને જાણે છે ને – એ અપેક્ષાએ સર્વવર્તી કહેવામાં આવે છે. મારી આંખ ત્યાં ગઈ હતી – એમ નથી કહેતા ? મારી આંખ ત્યાં ગઈ હતી, માટે મેં જાણ્યું છે. આંખ ત્યાં ક્યાં જાય ? એમ કહે છે (કે) આંખ મારી બધે ફરી વળી છે, બધે ફરી (એમાં) બધે ક્યાં ફરે ? છે તો અહીંની અહીં, પણ પરને જાણ્યું એ અપેક્ષાએ ફરી વળી એમ સર્વગત કહેવામાં આવે છે.

દીવો અંદર હોય તો એટલામાં (પ્રકાશ) જાણે. અને આમ ઢાંકણ ખુલ્લું થઈ જાય તો દીવો બધાને પ્રકાશે. – લ્યો એ વાત બધાને દીવો પ્રકાશે છે. એમાં દીવો છે ને ! ઢાંકણું ઢાંકીએ તો એટલામાં જ પ્રકાશે. ઢાંકણું ખુલ્લું મૂક્યું તો બધાને પ્રકાશે. – પણ બધાને પ્રકાશે છે – તો દીવાનો પ્રકાશ ત્યાં ક્યાંય ગયો નથી. સમજાણું કાંઈ ? એ દૃષ્ટાંત આપ્યું છે. એમાં જેમ દીવો છે. એને ઢાંકણું ઢાંક્યું હોય તો એટલામાં પ્રકાશે. ઢાંકણું ખુલ્લું કરે તો આમ બધાને પ્રકાશે. એમ આત્માને રાગનો નાશ થયો, ને કેવળજ્ઞાન થાય તો બધામાં જાય કે નહિ ?

આંખ જેમ ફરી વળે, તેમ જ્ઞાન બધામાં જાય કે નહિ ? (તો કહે) ના. – એનો સ્વભાવ તો ત્યાં જ રહેવાનો છે. એમ આંખ આંખમાં જ રહી છે. ફરી વળી એટલે ક્યાંય ગઈ છે એમ નહિ. એ 'દ્રવ્યસંગ્રહ'માં આવે છે. 'દ્રવ્યસંગ્રહ'માં આવે છે – એ યાદ આવી ગયું. – વળી આહા...હા ! એક બોલ લીધો છે. ત્યાં 'દ્રવ્યસંગ્રહ'માં... કે ભાઈ જ્યારે આત્માને આવરણ ટળી જાય તો પછી જેમ દીવો બધાને પ્રકાશે, એમ વ્યાપક થઈ જાય તો વાંધો શું છે ? આમ લોકાલોકપ્રમાણ થઈ જાય તો વાંધો શું છે ? વેદાંત કહે છે કે, આત્મા સર્વવ્યાપક છે. એમ થઈ જાય તો વાંધો શું છે ? (તો કહે) વાંધો છે. સાંભળ... એ સર્વજ્ઞ દશા થઈ એથી બધું જણાણું પણ એ જ્ઞાન પરમાં વ્યાપી ગયું છે, એમ નથી. પરને જાણવાની અપેક્ષાએ વ્યાપ્યું છે. એમ કહેવામાં આવે પણ પરમાં એ ગયું છે એમ નથી. આહા...હા !

આવાં બધાં પડખાં એમ અસર્વગતનયે મીચેલી આંખની માફક આત્મવર્તી છે. છે તો એ આત્મવર્તી. ઓલામાં પણ એક નયથી પરને જાણે છે, તેથી તે (પર) પદાર્થમાં વ્યાપ્યું છે. એમ એક નયે કહેવામાં આવે છે. એ તો 'પ્રવચનસાર'માં કહ્યું છે. એ કહ્યું હતું ને ? આત્મા જ્ઞાનપ્રમાણ... જ્ઞાન જ્ઞેયપ્રમાણ... અને જ્ઞેય લોકાલોક પ્રમાણ... એટલે પછી જ્ઞાનમાં સર્વ અર્થ તો છે. એમ કેમ

ન કહીએ. એમ કહે છે.

શું કહે છે ? સાંભળો હવે, આ તો અંદરથી આવતું જાય, યાદ આવતું જાય... અંદર તૈયાર કર્યું નથી. સમજાણું ? આત્મા પરને જાણતાં જ્ઞાન કોઈ પરમાં પેસતું નથી, અહીંને અહીં રહે છે. શું કીધું પહેલું ? આત્મા જ્ઞાનસ્વભાવી છે. બસ... એ વાત છે. જ્ઞાનમાં બધા પદાર્થો આવ્યા છે. એમ કહ્યું છે. એમ મારું કહેવું છે. એવો પાઠ છે. અહીં જ્ઞાનમાં જે પદાર્થ સંબંધીનું પોતાથી જ્ઞાન થયું છે. એ પદાર્થને લઈને નહિ. એ અનંત પદાર્થ છે, એનું અહીં જ્ઞાન થયું છે. એ પદાર્થનું જેવું સ્વરૂપ છે. તેવું અહીં જ્ઞાન થયું, (તો) એ પદાર્થને કારણે નહિ. એ પોતાને કારણે થયું. છતાં એમ કહેવામાં આવે કે... એ જ્ઞાનમાં સર્વપદાર્થ (આવ્યા એમ) કેમ ન કહીએ ?

એકલું પદાર્થનું જ્ઞાન આવ્યું, તો પદાર્થ–અર્થ જ્ઞાનમાં કેમ ન આવે ? (તો કહે) આવે, આવે. સમજાણું કાંઈ ? અને જ્યારે આત્મા સર્વને જાણે છે તો જ્ઞાન એમાં વ્યાપે છે. એમ કેમ ન કહીએ ? ગુલાંટ ખાઈને બેય રીતે લીધું. આહા...હા ! આમાં આવે છે. પહેલી શરૂઆતની ગાથાઓમાં આવે છે. મગજમાં ભાવ હોય પણ ગાથા યાદ (ન હોય). ભાવ બધા તો મગજમાં હોય છે. સમજાણું કાંઈ ?

શું કહ્યું ? એક બાજુ એમ કહ્યું. પ્રભુ ! તારો જ્ઞાન સ્વભાવ એવો છે. સ્વપર પ્રકાશક સ્વતઃ સ્વભાવ છે. તેથી તને પરનો પ્રકાશક થયો તો એ જ્ઞાનમાં અર્થ આવ્યા, એમ કેમ ન કહીએ ? એ સંબંધીનું જ્ઞાન આવ્યું તો એ પદાર્થ આવ્યા એમ કેમ (ન કહીએ ?) વ્યવહારે ન કહીએ ? આહા...હા ! અને જ્ઞાન જ્યારે પરને આત્મ જાણે છે, તો જ્ઞાન પરમાં વ્યાપે છે. એમ કેમ ન કહીએ ?

આહા...હા ! ઝીણી વાતું છે. બાપુ ! આ અધિકાર જ એવો છે. આહા...હા ! આ તો, અંદર મગજમાંથી આવતું જાય. – એમ અહીંયાં સર્વગત (તથા) અસર્વગતની વ્યાખ્યા છે. જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા પોતામાં રહીને સર્વને જાણે છે. તો એને સર્વવર્તી કેમ ન કહીએ ? અને એ સર્વમાં જતું નથી અને પોતામાં વર્તે છે, રહે છે. (તો આત્મા આત્મવર્તી છે) એમ પણ કેમ ન કહીએ ? બે નયો થયા. પરમાં વ્યાપે છે તે સર્વગત નય. એક એ પોતામાં જ વ્યાપે છે – એ અસર્વગત નય થયો. એક એક નયનો – એક એક વિષય છે. એવા અનંત નયનો એક શ્રુતપ્રમાણ છે.

છે તો શ્રુતપ્રમાણ પર્યાય. પર્યાય છે પણ એ પ્રમાણ છે. પ્રમાણ એટલે દ્રવ્ય–ગુણ–પર્યાય બધાને જાણે... તેને પ્રમાણ કહીએ. અને એક દ્રવ્ય ત્રિકાળીને જાણે તેને નિશ્ચય કહીએ. એક પર્યાયને જાણે તેને વ્યવહાર કહીએ. બેયને આખું જાણે તેને પ્રમાણ કહીએ. અરે ! આટલું બધું ? આહા...હા !

વીતરાગમાર્ગ બહુ ઝીણો ! બાપા ! સંપ્રદાયમાં તો બધા ગોટા ઊઠ્યા છે. આ ઉપવાસ કરોને, વ્રત કરોને, તપ કરોને, બસ થઈ ગયું. જાઓ. (ધર્મ થઈ ગયો). અરે...! પ્રભુનો મારગ બાપા (કોઈ જુદો છે). એ જ્ઞાનસ્વરૂપી ભગવાન. આહા...હા ! એનું કેટલું સામર્થ્ય છે ?! એની બે અપેક્ષાથી લીધી. પરને જાણે છે, માટે સર્વવર્તી કહ્યું અને પોતામાં જ રહેલું છે, માટે આત્મવર્તી

કહ્યું. આહા...હા ! સમજાય એટલું સમજવું બાપુ ! આ તો વીતરાગનો માર્ગ છે ભાઈ ! આહા...હા ! ૨૧મો નય થયો.

હવે... ૨૨મો (નય) આત્મદ્રવ્ય... આત્મદ્રવ્ય એટલે બધે આ સમજવું. અહીં દ્રવ્ય એટલે સામાન્ય ધ્રુવ એમ નહિ. (પરંતુ) ધ્રુવ એના ગુણો અને એની પર્યાયો (બધું). એના અસ્તિત્વમાં જેટલું છે, એ બધાને આત્મદ્રવ્ય કહીએ. આહા...હા ! લોકમાં કહેવાય છે. હળદરના ગાંઠીએ ગાંધી ન થવાય. કહે છે ને કે, એક હળદરનો ગાંઠીઓ હોય તો ગાંધી થવાય ? ગાંધીને તો સેંકડો હજારો વસ્તુઓ હોય. એમ એક જ આત્માનો બોલ પકડ્યો... એટલે થઈ ગયા અમે જ્ઞાની એમ નથી. ભાઈ... સમજાણું કાંઈ ?

અહીં તો, અનંત નયોનો વિષય અનંતધર્મ. ધર્મ એટલે કે ગુણ અને પર્યાય. એ બધા વિષયને શ્રુતપ્રમાણ જાણી શકે. પ્રમેય કરી શકે એવો એનો સ્વભાવ છે. એ અનંત નયોના સમુદાય (રૂપ) ભાવશ્રુતજ્ઞાન એક સમયનું પ્રમાણ છે. છતાં તે પ્રમાણ સારા પ્રમેયને (અર્થાત્) એ દ્રવ્ય–ગુણ બધાયને (જાણે). પર્યાયમાં રહેલું જ્ઞાન તેની બધી પર્યાયને જાણે. પર પર્યાય થયા વિના એ પર્યાય દ્રવ્ય–ગુણ અને પર્યાયને જાણે... દ્રવ્યમાં ગયા વિના શું કહ્યું એ ? ઝીણુ... ઝીણું... કાંતવું છે ? આ તો ૧૨૦ નંબરનો દોરો... કંતાય છે. આહા...હા ! (આવી) આત્મવસ્તુ છે.

એ અહીંયાં, આત્મદ્રવ્ય એટલે એની અનંતી શક્તિઓ કાયમ રહેનારી અને અનંતી પર્યાયો સમયે સમયે થનારી, એ બેયનો સમુદાય તેને આત્મા કહેવામાં આવે છે. એથી અનંતગુણ ને અનંત પર્યાય (છે) તેથી એક એક ગુણ અને એક એક પર્યાયનો વિષય કરનાર જ્ઞાનનો અંશ એને નય કહીએ. અને એ જ્ઞાનના અંશનું આખું રૂપ તેને શ્રુતજ્ઞાન કહીએ, છે શ્રુતજ્ઞાન પર્યાય આહા...હા ! છતાં એ પર્યાય ત્રિકાળી દ્રવ્યને પણ જાણે, ગુણને જાણે, પોતે પોતાને જાણે, પર્યાય પર્યાયને પણ જાણે અને એ પર્યાય અનંતી પર્યાયે પણ પ્રમેય તરીકે જાણે. આહા...હા !

એ ! તત્ત્વજ્ઞાનનો વિષય જ આખો બધો ફેરફાર થઈ ગયો. આહા...હા ! ભગવાન ત્રિલોકનાથ–તીર્થંકરદેવ – એનું જે જ્ઞાન અને એનો વિષય શું છે ! (એમાં) બધો ફેરફાર થઈ ગયો, જેને જેમ ફાવ્યું તેમ આત્માની વાતો કરી. કલ્પનાથી ધર્મની વાતો કરી બાપુ ! એવો માર્ગ નથી. ભાઈ ! આહા...હા ! આત્મા પરના સંબંધવાળો (છે એમ) એક નય કહેશે પણ એ નય છે. એ જ્ઞાનનો અંશ પોતામાં છે. શું કીધું એ ?!

વળી વ્યવહારનયમાં, કર્મનો સંબંધ અને કર્મનો અસંબંધ છૂટશે. એને વ્યવહાર કહીએ. પણ એ વ્યવહારનય છે. એ તો જ્ઞાનનો પર્યાય પોતામાં છે. એ કંઈ કર્મમાં અને કર્મનો સંબંધ છૂટે એમાં કંઈ નય નથી. સમજાણું કાંઈ ? એ નય છે. એ ભલે. (કર્મના) સંબંધ અને અસંબંધનું લક્ષ કરે છે. માટે તેને વ્યવહાર નય કહીએ પણ છે તો જ્ઞાનનો અંશ પોતાનો – અને એવા અનંતા નયોનો સમુદાય તે શ્રુત પ્રમાણ છે. છે તો એ પર્યાય, પણ પર્યાય છે, એ દ્રવ્યને, ગુણને, વિકારી પર્યાયને, અવિકારી પર્યાયને અને પોતાને બધાને પ્રમેય કરીને જાણે છે.

આહા...હા ! આમાં આવું બધું ભર્યું (છે). બાપુ ! આ તો વીતરાગની વાણી છે. ભાઈ ! આહા...હા ! ગંભીર...ગંભીર...ગંભીર. જ્ઞાનની ગંભીરતા ઘણી છે. ભાઈ ! થોડું ઘણું આવડ્યું ત્યાં

એમ થઈ જાય બસ, હવે આપણે જાણ્યું છે. પણ એ પરલક્ષી જ્ઞાન બાપુ ! એ વસ્તુ જુદી છે. ભાઈ ! આહા...હા ! અહીંયાં તો, સ્વલક્ષીજ્ઞાન થાય એવું જે શ્રુતજ્ઞાન એ શ્રુતજ્ઞાનમાં પણ અનંત ધર્મને જાણનાર, અનંતનય સમાઈ જાય છે. નય અંશ (છે) અને (પ્રમાણનો) પર્યાય છે તે અંશી છે. અંશી એક છે (તથા) નયો છે તે અનંત છે. અને આ શ્રુત (જ્ઞાન) છે. તે પ્રમાણ છે. માટે તેને અંશી કહેવામાં આવે છે. પણ બીજી અપેક્ષાએ ત્રિકાળી દ્રવ્ય છે. તેનો તે શ્રુતપ્રમાણ પર્યાય છે, તેથી તેને અંશ પણ કહેવાય છે. આહા...હા ! સમજાણું કાંઈ ? એને ભગવાન (કહીને) બોલાવે છે. આહા...હા ! આ વસ્તુ પ્રભુ (છે) એમ કહે છે. આહા...હા !

એ (આત્મદ્રવ્ય અસર્વગતનયે) આત્મવર્તી છે. છે ને ? એ પણ એક નય છે. એક ધર્મને વિષય કરે છે. અને અહીંયાં તો અનંતા ગુણોના ધર્મ અને અનંતી પર્યાયોના ધર્મ (શ્રુતજ્ઞાનમાં જણાય છે) ધર્મ એટલે ધારી રાખે એવો જે આત્મા તે શ્રુતજ્ઞાન વડે પ્રમેય થઈ શકે (છે). એક નયથી પ્રમેય (ન થઈ શકે). એક નયથી એક ગુણ અને એક પર્યાયને જાણી શકે. પણ અનંતા ગુણ અને અનંતી પર્યાયનો–ધર્મનો ધરનાર આત્મદ્રવ્ય (એ શ્રુતજ્ઞાન વડે પ્રમેય થઈ શકે છે). પહેલું એ કીધું. (અને ૨૨મા નયમાં એમ કહ્યું). એ '**આત્મદ્રવ્ય શૂન્યનયે, શૂન્ય (ખાલી) ઘરની માફક, એકલું (અમિલિત) ભાસે છે.**' શૂન્યનયે અહીં અપેક્ષા બીજી છે.

એક શૂન્ય–અશૂન્ય 'પંચાસ્તિકાય'માં ય આવે છે. ભાઈ, આવે છે ને ? સપ્તભંગી(માં) આવે છે. આહા...હા ! ત્યાં સ્વપણે અશૂન્ય છે. અને પરથી તે શૂન્ય છે. 'પંચાસ્તિકાય'માં આવે છે. ૧૪મી (ગાથા)માં આવે છે. ભાવ મગજમાં હોય એટલી બધી ગાથાઓ યાદ (રહે) એવો ક્ષયોપશમ ક્યાં છે ? સંતોનો ક્ષયોપશમ તો ગજબનો (હોય છે), મોટા દરિયા ભર્યા હોય છે.

આહા...હા ! એમાં ('પંચાસ્તિકાય સંગ્રહ' – ૧૪ ગાથામાં) એમ લીધું કે, આત્મા પોતાપણે અસ્તિ છે માટે અશૂન્ય છે. અશૂન્ય છે એટલે 'છે' અને પરથી આત્મા નથી. માટે પરની અપેક્ષાએ આત્મા શૂન્ય છે. સમજાણું કાંઈ ?

આ આંગળી છે. એ આંગળી અશૂન્ય છે. અશૂન્ય એટલે 'છે' – નથી એમ નહિ. અશૂન્ય છે. અને આની (બીજી આંગળીની) અપેક્ષાએ શૂન્ય છે. કેમકે આ એમાં નથી; નથી માટે એની અપેક્ષાએ શૂન્ય છે. અને પોતાની અપેક્ષાએ અશૂન્ય છે. ભાઈ ! જ્ઞાનમાં આવાં પડખાં છે બાપા ! વીતરાગમાર્ગ ઘણો પહોળો, ઘણો ગંભીર, ઘણો સત્ય, પરમ પવિત્ર પ્રભુ ! (છે). પણ એના પડખાં જાણ્યા વિના તત્ત્વ જણાય નહિ. આહા...હા ! એ ત્યાં ('પંચાસ્તિકાય'માં) લીધું છે. એ સ્વપણે અશૂન્ય છે. (અને) પરપણે શૂન્ય છે. એ તો ફક્ત બે પ્રકાર લીધાં. અહીં (નયમાં) શૂન્ય અને અશૂન્ય એક એક ધર્મ ગણવો છે. શું કહ્યું ? કે ત્યાં ('પંચાસ્તિકાય'માં) (શૂન્ય–અશૂન્ય) અસ્તિકાયમાં લે છે. આત્મા પરથી શૂન્ય (છે) (અર્થાત્) અનંત–બધા પદાર્થોના અભાવરૂપે ગણીને શૂન્ય (છે) અને પોતે અશૂન્ય (છે) પોતાના બધા દ્રવ્ય–ગુણ–પર્યાયો છે, એથી તેને અશૂન્ય કહ્યો.

અહીં, એક નયનો વિષય શૂન્ય છે.

વીતરાગનો મારગ બાપા (બહુ ઝીણો) ! સવારમાં કહ્યું હતું ને ? બે ને બે ચાર છે. વાત તો એવી છે. આ તો બરાબર એને સમજાય એવું છે. ધ્યાન રાખે તો પકડાય એવું છે. ભાષા

સાદી છે. આમાં કાંઈ સંસ્કૃત ને વ્યાકરણ એવું કાંઈ નથી. આહા...હા ! અહીં કહે છે કે, શૂન્ય શું કહેવું ? '**(આત્મદ્રવ્ય) શૂન્યનયે, શૂન્ય ખાલી ઘરની માફક, એકલું (અમિલિત) ભાસે છે.**' એકલું (ખાલી) ઘર હોય, એમ (આત્મદ્રવ્ય) પરથી રહિત એકલું શૂન્ય – પરથી રહિત શૂન્ય ભાસે છે. પર એમાં નથી. આહા...હા ! શૂન્યનયે ખાલી ઘરની માફક એકલું (છે) પરના અભાવરૂપે શૂન્ય ભાસે છે. આહા...હા ! એવો પણ એક નય છે.

આત્મા સિવાય જેટલા બધા પદાર્થો છે – શરીર, મન, વાણી આદિ એ બધાનો એમાં અભાવ છે. પોતાના ભાવમાં એ બધી ચીજોનો અભાવ છે. તો એ અભાવની અપેક્ષાએ શૂન્ય કહેવામાં આવે છે. એમાં આ બધું નથી. આહા...હા ! સમજાણું કાંઈ ? હેં ! પર અંદર ક્યાંથી આવે ? અત્યારે એ (પર અંદરમાં) નથી. વિકાર તો પોતાનો છે. અહીં તો, સાધક જીવની શ્રુતજ્ઞાન પ્રમાણની પર્યાય લઈને તેનો વિષય બતાવ્યો છે. શ્રુતજ્ઞાનનો વિષય બતાવ્યો છે ને ? કેવળજ્ઞાનને સાધક કેમ કહીએ ? આ શ્રુતજ્ઞાન પ્રમાણનો વિષય બતાવ્યો છે. ભાઈ !

એ પ્રશ્ન કોઈએ કર્યો હતો. એમ કે, આ કેવળજ્ઞાનનો વિષય છે કે સાધકનો ? અહીંયાં તો, શ્રુતજ્ઞાનનો વિષય (છે) (અને) સાધક જીવની વાત છે. કેવળજ્ઞાનીને શ્રુતજ્ઞાન છે ક્યાં ? એને નય પણ ક્યાં છે ? અને પ્રમાણે ક્યાં છે ? એ તો આખી વસ્તુ પૂર્ણાનંદનો નાથ. પૂર્ણજ્ઞાન સ્વરૂપે પરિણમી રહ્યો છે. પણ અહીં તો શ્રુતજ્ઞાન પ્રમાણનો વિષય (તથા) સાધકજીવ માટેની વાત છે. સાધક કેમ કહેવો ? કે અહીં, અનંત નયનો સમૂહ શ્રુતપ્રમાણનો વિષય (છે) માટે અહીં સાધકની વાત છે. સમજાણું કાંઈ ?

મિથ્યાત્વની અહીં વાત નથી લેવી. અહીં તો પરથી શૂન્ય છે. અહીં તો સમકિતની જ વાત છે. ફક્ત સમકિતીને જે જ્ઞાન થયું એ જ્ઞાનમાં પરપદાર્થની શૂન્યતા છે, પરપદાર્થથી રહિત છે, ખાલી ઘર હોય તેમ. પરપદાર્થ(થી) આત્મા ખાલી છે. આહા...હા ! બહુ મારગ ઝીણો બાપુ ! આહા...હા ! અલૌકિક માર્ગ છે. અને એના ફળ પણ (કેવા) ? અનંત ગુણો અને અનંત પર્યાયોનો (પિંડ) એક એક ગુણ અને પર્યાયનો વિષય કરનાર નય, એવા અનંતનયોનો સમુદાય શ્રુતપ્રમાણ, એ શ્રુતપ્રમાણનો વિષય (આખું) દ્રવ્ય–ગુણ પર્યાય (વિકાર) સહિત... હોં !

આહા...હા ! હવે આમાં આવી ગયું. સમકિતીને પણ રાગ છે. કર્તા(નય)માં આવશે એ પછી રાખવું. કર્તા–ભોક્તા(નય)માં (આવશે). અહીંયાં એ આ મોટી તકરાર હતીને ! એમ કે, જ્ઞાનીને રાગ હોય જ નહિ. અને દુઃખ હોય જ નહિ. તો અહીં તો કહે છે કે, જ્ઞાનીને પણ રાગ છે એટલું દુઃખ છે. અને તેને જાણનારો એક નય પણ છે. અને એ નયનો સમુદાય શ્રુતપ્રમાણ એ દુઃખને જાણે. એ વખતે સુખનો પર્યાય (છે) તેને પણ જાણે. ગુણોને જાણે. અને સારા દ્રવ્યને શ્રુતપ્રમાણ જાણે. શ્રુતપ્રમાણ – એમાં દુઃખ નથી એમ ન જાણે. સાધક છે ને ? આહા...હા ! ગજબ વાત છે. ઓહો...હો...! (મિથ્યાત્વને) મારી નાખ્યું છે. બહુ સ્પષ્ટ થાય ત્યારે મિથ્યાત્વના ભુક્કા ઊડી જા છે. આહા...હા !

ચૈતન્ય દીવો જ્યાં અંદરથી જાગ્યો આહા...હા ! એ જાગ્યાની અપેક્ષાની અહીં વાત છે. અજ્ઞાનીની વાત અહીં અત્યારે છે નહિ. આહા...હા ! ભગવાનઆત્મા... ધીમે ધીમે સાંભળવું ભાઈ !

અંદરથી આવતું જાય એ આવે, એ કાંઈ તૈયાર રાખ્યું નહોતું. આહા...હા ! કહે છે, પ્રભુ ! એક વાર સાંભળને, તારી પર્યાયમાં જે રાગ થાય (સાધક–સમકિતીને) અને રાગનું દુઃખ થાય, એ દુઃખનો પણ જાણનારો એક નય છે. અને એ અનંતનયના સમુદાયરૂપે શ્રુતજ્ઞાનમાં પણ એ દ્રવ્ય–ગુણ અને દુઃખ–સુખ એ બધું પ્રમેય થઈ શકે છે. એ શ્રુતપ્રમાણમાં તેનું જ્ઞાન થઈ શકે છે. ભાઈ ! ગજબ વાત છે ને !! આવો મારગ છે !

આ સોગાનીનું વાંચ્યું ? 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'. 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ' જોયું ભાઈ તમે ? એ નહિ જોયું હોય. 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ' ગહન છે. ૧--૨--૩ (ભાગ) નહિ વાંચ્યો હોય. લેતા જજો, અહીંથી જાઓ ને ત્યારે લેતા જજો. ત્રણેય ભાગ આપજો ને. આખું પુસ્તક આપજો.

હવે, અહીં આવ્યા કેટલા વખતે... કંઈક લઈ તો જાશે... ત્યાંથી... હેં ! બેનના 'વચનામૃત' આપ્યું એક... પછી તમારે 'આત્મધર્મ' મંગાવે છે. એને ભેટ તો આવશે... બીજું... આ તો તમે અત્યારથી જ શરૂઆત કરો. વાંચો આવ્યા છો તો બાપુ...! મારગ આવા છે. પ્રભુ...! દુનિયા હારે મેળ ન ખાય તેથી કરીને અસત્ય છે એમ નથી.

આહા...હા ! (કોઈ) એમ માનતા હોય કે દૃષ્ટિની અપેક્ષાએ એવું (અર્થાત્) (ધર્મીને રાગ) છે જ નહિ. પણ દૃષ્ટિની અપેક્ષાએ ક્યાં પ્રશ્ન જ છે ? દૃષ્ટિ સાથે એ બધું જ્ઞાન છે, એ ભેગું લેવું જોઈએ ને ! અને દૃષ્ટિમાં એમ છે, સાંભળો, ચરણાનુયોગસૂચક ચૂલિકામાં 'પ્રવચનસાર'માં પાછળ આવે છે કે, જ્ઞેય અને જ્ઞાયક બેની પ્રતીતિ તેને સમકિત કહીએ. આહા...હા ! ભાઈ ! ૨૪૨ (ગાથા – ૪૫૦ પાનું). આહા...હા ! આ રહ્યું. આ જુઓ ! '**જ્ઞેયતત્વ અને જ્ઞાતૃતત્વની તથા પ્રકાર (જેમ છે તેમ યથાર્થ) (પ્રતીતિ) જેનું લક્ષણ છે. તે સમ્યક્દર્શન (પર્યાય) છે.**' જોયું ? સમ્યક્દર્શન (કોને કહીએ) બાપા ! માર્ગ આ તો, (ઝીણો છે) ! આ તો ત્રણલોકના નાથની વાણી છે. આહા...હા ! છે, પહેલી લીટી ? ૨૪૨ (ગાથામાં) એ જ્ઞેયતત્ત્વ અને જ્ઞાતૃતત્ત્વ જોયું ? બેય લીધા, આહા...હા ! જ્ઞાનપ્રધાન કથન છે ને ?

'જ્ઞેયતત્ત્વ અને જ્ઞાનતત્ત્વની જેમ છે તેમ યથાર્થ પ્રકારે પ્રતીતિ જેનું લક્ષણ છે. તે સમ્યક્દર્શન પર્યાય છે'. આહા...હા ! હેં ! પ્રશ્ન : ધ્યેયની અપેક્ષાએ વાત છે ?! ઉત્તર : એ ધ્યેયની વાત નથી. ધ્યેય પણ જ્ઞેય અને જ્ઞાન આખું થઈને એક આત્મા છે. એવા આત્માની પ્રતીતિ એમ કીધું. અહીં તો, જ્ઞાનપ્રધાન (કથન) છે ને ? આહા...હા ! ઓહો...! ત્રણ લોકના નાથની વાણી કેવી આવતી હશે ? કેવળજ્ઞાની જેમ સભામાં સિંહ અને વાઘ ને નાગ – કાળાનાગ, પચીસ–પચીસ હાથના લાંબા કાળા... જંગલમાંથી (એ વાણી) સાંભળવા ચાલ્યા આવે, આહા...હા ! અને ત્યાં જોડે ઉંદર હોય.

અત્યારે સમવસરણમાં ત્રિલોકનાથ બીરાજે છે. ત્યાં (મહાવિદેહમાં) સીમંધર ભઘવાન બિરાજે છે. પાંચસો ધનુષ્યનો દેહ છે. ક્રોડ પૂર્વનું આયુષ્ય છે. (ભરત ક્ષેત્રના) વીસમા (તીર્થંકર) મુનિસુવ્રત ભગવાનના વખતે દીક્ષા લીધી છે, ત્યારે કેવળજ્ઞાન થયું છે. અને આવતી ચોવીસીના ૧૩મા તીર્થંકર વખતે મોક્ષ પધારશે. અત્યારે એ અરિહંતપદે છે. આવતી ચોવીસીએ અહીં (ભરત ક્ષેત્રમાં) જ્યારે ૧૩મા તીર્થંકર થશે, ત્યારે પ્રભુનો ત્યાંથી દેહ છૂટીને સિદ્ધ થશે. આ બિરાજે છે, અબજો

વર્ષથી બિરાજ છે. ભાઈ !

આહા...હા ! ક્યાં આવ્યું આપણે ? શૂન્યનયે આહા...હા ! '**આત્મદ્રવ્ય શૂન્યનયે ખાલી ઘરની માફક...**' આહા...હા ! પરથી ખાલી (છે) એ અપેક્ષાએ હોં ! '**શૂન્ય ઘરની માફક એકલું (અમિલિત) અવભાસે છે.**' એકલો આનંદ અને જ્ઞાન સ્વરૂપી બસ આહા...હા ! એ પણ એક નય છે. આ...પણ એક નય છે. અને આવા અનંતનયોનો સમુદાય તે શ્રુતજ્ઞાન પ્રમાણ (અને) તે (ગુણ–પર્યાયને ધરનાર) આખું દ્રવ્ય છે.

આહા...હા ! અહીંયાં આખો ધર્મી – દ્રવ્ય–ગુણને પર્યાય ત્રણ થઈને આખો ધર્મી ગણ્યો છે. એક એક ધર્મનો એક (નય) પણ એવા અનંતાનયોનો સમુદાય તે શ્રુત (પ્રમાણ) તે ગુણ–પર્યાયને ધરનારું આખું દ્રવ્ય – તેને અહીંયાં આખું દ્રવ્ય કીધું છે.

પ્રમાણનો વિષય આખું દ્રવ્ય લીધું છે. નિશ્ચયનો (દૃષ્ટિનો) વિષય દ્રવ્ય સામાન્ય આખો અંશ (પર્યાય સિવાયનો) એ જુદી વસ્તુ. છતાંય પણ જ્ઞાનપ્રધાન અધિકારમાં એમ આવ્યું તે. (૨૪૨ ગાથામાં) જ્ઞેયો અને જ્ઞાનની યથાર્થ પ્રતીતિ તેને સમ્યક્દર્શન કહે છે.

દર્શનની અપેક્ષાએ (પર્યાય) ભલે ન હો, પણ સાથે જ્ઞાન થયું, એ જ્ઞાન અંદર રાગ છે, અંદર દુઃખ છે, તેને જ્ઞેય તરીકે જાણે છે. સમજાણું કાંઈ ? આહા...હા ! અંશે અંશને જાણે છે. જેટલા અંશે રાગ છે, દુઃખ છે, એટલા અંશને એ નય જાણે છે. અને આખા અંશી દ્રવ્ય–ગુણ–પર્યાયને શ્રુતપ્રમાણ જાણે છે. તો એ શ્રુતપ્રમાણ સાચું છે, એમ કહેવાય. મારી પર્યાયમાં દુઃખ જ નથી, ને રાગ જ નથી, તો એ શ્રુતપ્રમાણ સાચું નહિ.

એમ આત્મા બીજા દ્રવ્યોની અપેક્ષાએ તો શૂન્ય છે પ્રભુ ! આહા...હા ! એ (પર દ્રવ્યો) આત્મામાં નથી. ભગવાન ત્રિલોકનાથ આત્મામાં નથી. આત્મામાં રાગનો વિષય નથી. (પરંતુ) રાગ છે. આહા...હા ! રાગ છે, એ અશૂન્યમાં જાય છે. દૃષ્ટિની અપેક્ષાએ આત્મા રાગથી શૂન્ય – ખાલી છે. એ બીજ વાત છે. પણ એની સાથે થયેલું શ્રુતજ્ઞાન તે રાગનું અશૂન્યપણું મારામાં છે. એમ જાણે છે. આહા...હા !

ઓહો...હો ! શું પ્રભુને કહેવું છે ? ગજબ વાત છે ! આવો મારગ. થોડું ઘણું સાંભળી(ને) –વાંચીને થઈ જાય કે, બસ, અમે જાણીએ છીએ. એમ નથી. બાપુ ! આ તો ગંભીર છે, ભાઈ ! 'સાગર વર ગંભીરા'. લોગસ્સમાં નથી આવતું ? લોગસ્સમાં આવે છે ને... ભાઈ ! 'લોગસ્સ ઉજ્જોગપરે' 'સાગર વર ગંભીરા' 'સિદ્ધા... સિદ્ધ મય દિસંતુ' લોગસ્સમાં આવે છે.

ભગવાનનો મારગ ઘણો ગંભીર છે, અને ઊંડો છે. ઊંડો, આહા...હા ! (ચંપા)બહેને તો એક (જગ્યાએ) ધ્રુવને તળિયું કહ્યું છે. એમાં આવશે. (ચંપા)બહેનના 'વચનામૃત'માં. આ પર્યાયને તળિયે લઈ જવી. તળિયું એટલે ધ્રુવ. પર્યાય વર્તમાન છે, એ ક્ષણિક દશા છે. ઝીણી વાત છે. આખો આત્મા છે ને ? આ આત્મા છે ને અંદર ? આ...આ... તો બધે ઠેકાણે ઉપર... એની પર્યાય છે. હોં ! આત્માની પર્યાય (છે).

એ પર્યાય બધે ઠેકાણે ઉપર છે અને બધે ઠેકાણે અંદર ધ્રુવ છે, ત્યાં (પર્યાયને લઈ જવી). આહા...હા ! એ બધી પર્યાયને અંદર તળિયે લઈ જવી, એના ધ્રુવ સ્વભાવને તળિયે એને લઈ

જવી. આહા...હા ! છો ને ? એમાં આવશે. પુસ્તકમાં ('બહેનશ્રીના વચનામૃત'માં) '**(આત્મદ્રવ્ય) શૂન્યનયે ખાલી ઘરની માફક (એકલું) (ભાસે છે).**' એવો એક નય છે. લ્યો !

વિશેષ આવશે.....

❀ ❀ ❀

જ્ઞાન અને રાગ વચ્ચે ભેદજ્ઞાન થવાનું એ લક્ષણ છે કે જ્ઞાનમાં રાગ પ્રત્યે તીવ્ર અનાદર ભાવ જાગે છે, તે જ્ઞાન અને રાગ વચ્ચે ભેદજ્ઞાન થવાનું લક્ષણ છે. આત્મામાં રાગની ગંધ નથી. રાગના જેટલા વિકલ્પો ઊઠે છે તેમાં બળું છું તેમ દુઃખ દુઃખ ને દુઃખ છે – ઝેર છે, તેમ પહેલા જ્ઞાનમાં નિર્ણય કરે તો ભેદજ્ઞાન પ્રગટે છે.

❀

વિકલ્પ વિનાની જ્ઞાનની વેદના કેવી છે, તેનું અંતર્લક્ષ કરવું તેનું નામ ભાવશ્રુતનું લક્ષ છે. રાગની અપેક્ષા છોડીને સ્વનું લક્ષ કરતાં ભાવશ્રુત ખીલે છે ને તે ભાવશ્રુતમાં આનંદના ફુવારા છે.

❀

અહો ! મહાન સંત મુનિશ્વરોએ જંગલમાં રહીને આત્મસ્વભાવના અમૃત વહેતાં મૂક્યાં છે. આચાર્યદેવો ધર્મના સ્તંભ છે, જેમણે પવિત્ર ધર્મને ટકાવી રાખ્યો છે. ગજબ કામ કર્યું છે. સાધકદશામાં સ્વરૂપની શાંતિ વેદતાં પરિષહોને જીતીને પરમ સત્ને જીવંત રાખ્યું છે. આચાર્યદેવના કથનમાં કેવળજ્ઞાનના ભણકાર વાગી રહ્યા છે. આવા મહાન શાસ્ત્રોની રચના કરીને ઘણા જીવો ઉપર અમાપ ઉપકાર કર્યો છે. રચના તો જુઓ ! પદે પદે કેટલું ગંભીર રહસ્ય છે ! આ તો સત્યની જાહેરાત છે, આના સંસ્કાર અપૂર્વ ચીજ છે. અને આ સમજણ તો મુક્તિને વરવાના શ્રીફળ છે. સમજે તેનો મોક્ષ જ છે.

**આત્મદ્રવ્ય અશૂન્યનયે, લોકોથી ભરેલા વહાણની માફક, મિલિત ભાસે છે. ૨૩.**

**આત્મદ્રવ્ય જ્ઞાનજ્ઞેય–અદ્વૈતનયે (જ્ઞાન અને જ્ઞેયના અદ્વૈતરૂપ નયે), મોટા ઇંધનસમૂહરૂપે પરિણત અગ્નિની માફક, એક છે. ૨૪.**

**પ્રવચન : ૩૧-૧૨-૧૯૭૭**

('પ્રવચનસાર'). બાવીસ (મો નય) ચાલ્યો હતો. પહેલેથી (લઈએ) શું છે ? કે શિષ્યનો એ પ્રશ્ન છે કે આત્મા કેવો છે ? (એવો) એક પ્રશ્ન (છે) ને (બીજો પ્રશ્ન છે) કઈ રીતે – કઈ વિધિએ પ્રાપ્ત થાય ? કેવો છે ? પૂછવામાં એકલો આત્મા કેવો છે ? એમ નહિ. પણ શિષ્યનો પ્રશ્ન એ છે કે, એ કઈ રીતે પ્રાપ્ત થાય ? એવો પ્રશ્ન છે. કેવો છે આત્મા ? (એમ) કહીને (પૂછનાર) રોકાણો નથી.

આત્મા કોણ છે ? કેવો છે ? એટલી વાત; પણ એની પ્રાપ્તિ કેમ થાય ? પ્રાપ્તિની વાત છે એની (અને) પ્રાપ્તિનું કામ છે. શિષ્યના મુખમાં ગુરુએ આવા પ્રશ્ન મૂક્યા છે. એવા શિષ્યને અને એવા પ્રશ્ન કરે એને અમે ઉત્તર દઈએ છીએ. એમ પહેલું કહ્યું હતું.

શરૂઆતમાં છે – જુઓ છે ? અહીં ફરીને પણ આવ્યું ને ? એવો પ્રશ્ન કરે તેનો ઉત્તર કહેવાઈ ગયો છે. આવો પ્રશ્ન કરવામાં આવે તો છે ? જુઓ આહા...હા ! શૈલી તો જુઓ ! છ દ્રવ્ય કેમ છે ? અને આત્માની પર્યાયો કેવી છે ? અને ગુણ કેવા છે ? એવા પ્રશ્નો કર્યા નથી. પણ આત્મા કેવો છે ? અને તે કઈ રીતે પ્રાપ્ત થાય ? અને અમને એ આત્મા કેમ મળે ? આહા...હા ! આવો જો પ્રશ્ન કરવામાં આવે તો તેને ઉત્તર દેવામાં આવે છે. કે આવી જેને હૃદયમાં જિજ્ઞાસા છે, એવાને આ ઉત્તર દેવામાં આવે છે.

કેટલુંક કહેવાઈ તો ગયું છે. પણ ફરીને પણ આવો પ્રશ્ન ઊઠે તેને ઉત્તર દેવામાં આવે છે. આહા...હા ! સમજાણું કાંઈ ?

આત્મદ્રવ્ય. એ આત્મદ્રવ્ય એટલે કે, અનંતગુણો અને અનંતી પર્યાયો (નો અધિષ્ઠાતા છે). એમાં વિકારી અને અવિકારી સહિત (બધી પર્યાયો આવી ગઈ). અહીં અજ્ઞાનીની વાત નથી; અહીં જ્ઞાનીની વ્યાખ્યા છે. એટલે 'આત્મદ્રવ્ય' એ શબ્દ ઊઠતાં જ, એમાંથી એવું ઊઠ્યું કે, આત્મદ્રવ્ય એમાં અનંત ગુણો અને એની અનંતી પર્યાયો (છે). એ પર્યાયના પણ બે ભાગ – કેટલીક વિકૃત છે અને કેટલીક અવિકૃત છે. એવી અનંત પર્યાય અને અનંતગુણનો અધિષ્ઠાતા–સ્વામી આત્મદ્રવ્ય કહેવામાં આવે છે. આ આત્મદ્રવ્યની વ્યાખ્યા એટલી છે. સમજાણું કાંઈ ?

એ આત્મદ્રવ્ય એવું છે. બેહદ અનંત ગુણો સંખ્યાએ અનંત, અને એની પર્યાયો (પણ) બેહદ– સંખ્યાએ અનંત... એમાં કેટલીક વિકારી છે. અને કેટલીક અવિકારી છે. એ બધા પર્યાયો અને

ગુણોનો ધર્મ. એ ધર્મને ધારી રાખનારો (આત્મા) એમાં રાગ હોય છે, એને પણ અહીં ધર્મ કહ્યો છે. ધર્મ એટલે રાગને, નિર્મળ પર્યાયને, ગુણને ધારી રાખે, એવું જે આત્મદ્રવ્ય. આહા...હા ! સમજાણું કાંઈ ? એને અહીંયાં આત્મદ્રવ્ય શબ્દ વાપર્યો છે.

હવે એનો બીજો પ્રશ્ન એમ છે કે, કેમ પ્રાપ્ત થાય ? એના ઉત્તરમાં સામાન્ય પણે તો આપી ગયા કે, અનંતગુણો અને અનંત પર્યાયો એક એક નયથી એક એક જણાય, એવા અનંત નયો છે. એ અનંતનયોનો સમુદાય શ્રુતજ્ઞાનપ્રમાણ છે. શ્રુતજ્ઞાન એક સમયની પર્યાય છે, પણ એ પ્રમાણ છે. એ અનંતનયોના સમૂહરૂપ શ્રુતપ્રમાણ; એ શ્રુતપ્રમાણ વડે એ અનંતગુણ અને અનંતપર્યાયનો સ્વામી એવું આત્મદ્રવ્ય, પ્રમેય થાય છે. સમજાણું કાંઈ ? આવું ટૂંકુંને એકદમ મીઠું છે.

એટલે કે સમ્યક્‌દૃષ્ટિ જ્ઞાનીને પણ શ્રુતપ્રમાણ વડે પ્રમેય થાય તો એનો અર્થ એ થયો કે એની પર્યાયમાં રાગ છે, દુઃખ છે. એ પણ એક નયનો વિષય છે. એવી અનંતનયોનો સમુદાય તે શ્રુતજ્ઞાનપ્રમાણ છે. એટલે શ્રુતજ્ઞાનપ્રમાણમાં અનંતગુણને ધરનાર–દ્રવ્ય, એ પણ પર્યાયમાં પ્રમેય થયો અને નિર્મળ પર્યાય છે, એ પણ શ્રુતજ્ઞાનપ્રમાણમાં પ્રમેય થઈ અને તેમાં વિકારી અવસ્થા પણ છે, એ પણ શ્રુતજ્ઞાન પ્રમાણમાં (પ્રમેય થઈ). નયના સમુદાયને લઈને એક નય વિકારને પણ જાણે, એવો એક નય છે. આહા...હા ! સમજાણું કાંઈ ?

એટલે કે શ્રુતજ્ઞાન પ્રમાણથી આત્મા જણાય. એમાં પર્યાયમાં વિકાર છે, એ પણ જણાય. સમ્યક્‌દર્શનના વિષયમાં લઈએ તો એકલો જ્ઞાયકભાવ (આવે) એ જ્ઞાયકભાવને ત્યાં દ્રવ્ય કહેવામાં આવે છે. અને અહીંયાં શ્રુતપ્રમાણના વિષયને વિષે આત્મદ્રવ્ય એટલે અનંતગુણ અને અનંત પર્યાય (વિકૃત અને અવિકૃત) એ બધાનો સમુદાય તેને આત્મદ્રવ્ય કહેવામાં આવે છે. આહા...હા ! સમજાણું કાંઈ ? ઝીણી વાતો છે ભાઈ ! આહા...હા ! એટલે કે શ્રુતજ્ઞાન પ્રમાણ આખું થયું છે (એ) છે તો એક સમયની પર્યાય. ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ પર્યાયને વ્યવહાર કહેવામાં આવે છે. એટલો ભેદ છે. પણ અહીં તો, જે વ્યવહાર–જે પર્યાય છે, એ અનંત નયોના સમુદાયરૂપ એક સમયનું પ્રમાણ જ્ઞાન (છે) એ પ્રમાણમાં આખું ગુણ અને અનંતી પર્યાયો રૂપી ધર્મ (પ્રમેય થાય છે) એને ધારી રાખનારો અધિષ્ઠાતા–સ્વામી આત્મા છે.

આહા...હા ! એક બાજુ ૭૩ ગાથામાં એમ કહે કે, વિકારમાં સ્વામી કર્મ છે. અને અહીંયાં કહે કે, વિકારનો સ્વામી આત્મા છે. કઈ અપેક્ષાએ છે ? આ પ્રમાણે છે. દૃષ્ટિની અપક્ષાએ બીજી વાત છે અને જ્ઞાનની અપેક્ષાએ બીજી વાત છે. એના એ 'અમૃતચંદ્રાચાર્યે' ૪૭ શક્તિનું વર્ણન કર્યું ત્યાં આગળ વિકૃત અવસ્થા લીધી જ નથી. કેમકે શક્તિનું વર્ણન છે. શક્તિમાં દ્રવ્યદૃષ્ટિનો વિષય છે. એટલે ૪૭ શક્તિ કહીને અનંતી શક્તિનો સમુદાય દ્રવ્ય એ સમ્યક્‌દર્શનનો વિષય છે. અને તેથી તેની પરિણતિ (પણ શુદ્ધ છે, એમ કહ્યું). શક્તિઓ શુદ્ધ અને પવિત્ર છે, માટે તેની પરિણતિ પણ શુદ્ધ અને પવિત્ર છે. વિકૃત અવસ્થા ક્યાંય લીધી જ નથી. વિકૃત અવસ્થા છે એનું અહીં જ્ઞાન છે – એ જ્ઞાન આમાં લીધું.

શક્તિના વર્ણનમાં – નિર્મળ પરિણતિ ક્રમે વર્તે અને અક્રમે વર્તનારા ગુણો – એનો સમુદાય

તે દ્રવ્ય. ત્યાં તો, એ નિર્મળ પર્યાય અને અનંત ગુણનો ધરનાર એક દ્રવ્ય (છે). એ દ્રવ્યની દૃષ્ટિ કરતાં એની દૃષ્ટિમાં તો દ્રવ્ય અભેદ આવે છે. એના વિષયમાં પર્યાય પણ આવતી નથી. વિકૃત તો નહિ પણ અવિકૃત પર્યાય પણ એના વિષયમાં ન આવે. આહા...હા !

ભાઈ ! ઝીણું બહુ લીધું ! આહા...હા ! અહીંયાં દૃષ્ટિની સાથે થયેલું જ્ઞાન (એ) છે. તો પ્રમાણ(ની) પર્યાય; શ્રુતપ્રમાણ કોઈ ગુણ નથી... પણ એ શ્રુતપ્રમાણની એટલી તાકાત છે કે, અનંત નયોનું એકરૂપ એવું શ્રુતપ્રમાણ તે પ્રમાણવડે કરીને, ભગવાનઆત્માના ગુણો અને એની વિકૃત–અવિકૃત અવસ્થા એના ધર્મને ધરનારું ધર્મી (તેને જાણે). તે શ્રુતપ્રમાણમાં દ્રવ્ય પણ આવે, ગુણ પણ આવે, અવિકૃત અવસ્થા પણ આવે અને વિકૃત અવસ્થા પણ આવે, આવું છે. સમજાણું કાંઈ ?

આવું ઝીણું આવે છે બાપા ! (આત્માને) પરની (સાથે) કાંઈ સંબંધ નહિ. એ જીવની પર્યાયમાં વિકૃત અવસ્થાનું અસ્તિત્વ પોતાના કારણે છે. એમ અહીં સિદ્ધ કર્યું છે. સમજાણું કાંઈ ? અને જ્યાં ('સમયસાર'માં) ૭૫, ૭૬, ૭૭, ૭૮, ગાથા(માં) કર્તા–કર્મ (અધિકાર)માં ત્યાં તો એમ લીધું કે, આત્મા દ્રવ્ય જે શુદ્ધ છે, એનો વિષય કરીને જે સમ્યક્દર્શન થયું, એમાં જેટલો વિકાર બાકી રહ્યો એ વિકારનો વ્યાપક કર્મ છે. અને વિકાર તેનું વ્યાપ્ય છે.

આમાં કેટલું યાદ રાખવું ? મારગ એવો ગંભીર છે. આહા...હા ! એ ત્યાં આગળ તો, વ્યાપક કર્મ છે અને વિકારી પર્યાય તેનું વ્યાપ્ય છે. ત્યાં સ્વભાવમાં (વિકાર) નથી, નીકળી જાય છે. માટે કર્મને વ્યાપક કહીને વિકારને વ્યાપ્ય કહ્યું છે. અરે... ત્યાં તો ત્યાં સુધી લીધું છે ('સમયસાર') ૧૦૯--૧૧૦--૧૧૧–૧૧૨ (ગાથામાં) કે જે આત્મા છે. એમાં જે કર્મ છે, એ ભિન્ન (છે). એ ભિન્ન કર્મ વ્યાપક થઈ પ્રસરીને નવાં કર્મરૂપી બંધનનું વ્યાપ્ય (રૂપી કાર્ય) એ વ્યાપક કહે છે. સમજાણું કાંઈ ?

જૂના કર્મના રજકણોનો ઉદય એ પર્યાય છે, આહા...હા ! એ નવા કર્મને બાંધે છે. એટલે જૂનાં કર્મને વ્યાપક કહી અને નવાં કર્મને વ્યાપ્ય કહી, આત્મામાં (કર્મનું) વ્યાપ્ય–વ્યાપક (પણું) આવતું નથી. આહા...હા ! સમજાણું કાંઈ ? અહીં તો એવી વાત છે... બાપુ ! એક હળદરનો ગાંઠિયો લઈને ગાંધી થવાય એવું નથી. બધાં પડખાં જાણવા જોઈએ. કારણ (કે) બધે પડખેથી ભૂલ્યો છે. એથી ઘણાં પડખાંથી એનું જ્ઞાન કરવું જોઈએ. સમજાણું કાંઈ ?

અહીંયાં આ શ્રુતપ્રમાણનો વિષય એવો છે. શ્રુતપ્રમાણમાં એકલું સામાન્ય દ્રવ્ય ન આવે. (પરંતુ) એના ગુણો આવે, એની વિકારી પર્યાયો આવે. સાધક–સમ્યક્દૃષ્ટિ જીવને શ્રુતજ્ઞાન હોય છે. સમજાણું કાંઈ ? એ શ્રુતજ્ઞાનનો પ્રમાણમાં એના પ્રમેય તરીકે જ્ઞાન થાય. એ વિકારનું જ્ઞાન થાય, અવિકારીનું જ્ઞાન થાય, ગુણનું (જ્ઞાન) થાય. બધા દ્રવ્ય, ગુણ અને પર્યાયરૂપી ધર્મ ધારી રાખ્યો (છે) એવો આત્મા એમાં એ પ્રમેય થાય છે. સમજાણું કાંઈ ? આ તો ઘણીવાર કહેવાણું છે. યાદ ન રહે એને અહીંયાં પહેલું આત્મદ્રવ્ય કીધું... અહીં તો પાછું સિદ્ધ શું કરવું છે ? ધ્યાન રાખો....

અશૂન્યનયે એમાં (બધું) છે. શૂન્યનયે તો પરથી રહિત છે, પરથી ખાલી છે. એમ કહ્યું. હવે અશૂન્યનયે તો અશૂન્યનયમાં વિકૃત (અવસ્થા) પણ આવી જાય છે. એટલે અશૂન્યનયે 'છે'

એવી રીતે, શૂન્યનયે – એટલે એમાં 'નથી'. તે એક નય છે. એક નય એક ગુણને – એક ભાગનો વિષય કહે છે.

હવે, આ બીજો અશૂન્યનય છે. એ પણ એક જ (અંશને) વિષય કરે છે. છતાં કાલે કહ્યું હતું. 'પંચાસ્તિકાય'માં શૂન્ય–અશૂન્યનય લીધો છે. સપ્તભંગી લીધી છે. એમાં સ્વથી અશૂન્ય છે. પરથી શૂન્ય છે. એ સપ્તભંગી માંહેનો એક નય છે. અને આ શૂન્ય છે. એ અનંત માંહેનો એકનય છે. આહા...હા ! ભાઈ ! આવી વાતો છે.

સ્યાત્ અસ્તિ–સ્યાત્ નાસ્તિ. આવે છે ને ? ('પંચાસ્તિકાય'માં) ત્યાં એ સ્વપણે અશૂન્ય છે. અને પરપણે શૂન્ય છે. એમ સપ્તભંગી પહેલી અસ્તિ નાસ્તિ ઉતારીને પછી શૂન્ય–અશૂન્ય પર ઉતાર્યું. પણ એ શૂન્ય છે – એ સાત નયોમાં એક નય છે. અને આ શૂન્યનય છે, એ અનંતનયો માંહેનો એક નય છે. આમાં ('પ્રવચનસાર'માં) ઘણું આવે છે (અને) આમાં ('પંચાસ્તિકાય'માં) એક જ આવે છે. એમાં બધા ગુણો આદિ અને પર્યાય આદિ આવે છે. અને પર્યાય વિકારી છે. એ આમાં આવે છે. આહા...હા ! થોડી ઝીણી વાત છે.

શું કહીએ ?! શૂન્યનયે પરનો અભાવ છે. શૂન્ય વિકારનો અભાવ છે, એમ નહિ. ત્યાંય તે પોતાપણે જે છે, એટલું અશૂન્ય છે. (અને) પરપણે શૂન્ય છે. અહીં તો, એમ લેવું છે. પણ ત્યાં સપ્તભંગી માંહેનો એક નય – આખો અશૂન્યપણું આવે છે. એકનયમાં શૂન્યપણું અને અશૂન્યપણું એક એક નયનો એક એક ધર્મ છે. ઝીણું છે... ભાઈ ! આવો વિષય છે !

બાપુ ! ક્યાંય એવું ન મળે... આહા...હા ! ભાગ્યશાળીને તો કાને પડે એવું છે. એવી ઝીણી વસ્તુ છે. આત્મદ્રવ્ય – એની વ્યાખ્યા કરી. હવે, અશૂન્યનયે એટલે કે એમાં 'છે'. એ '**(આત્મદ્રવ્ય અશૂન્ય નયે) લોકોથી ભરેલા વહાણની માફક, મિલિત ભાસે છે.**' અનંતગુણો અને અનંતીપર્યાય–વિકૃત કે અવિકૃત – સહિત ભાસે છે. અશૂન્યનયે 'છે'. એમ ભાસે છે. વિકૃત કે અવિકૃત (તથા) અનંતગુણો, અશૂન્યનયે બધું છે, એમ ભાસે છે. આ અનંત નયનો સમુદાય તે પ્રમાણ. સમજાણું કાંઈ ?

આ તો હજી એક નય છે. બીજા ઘણા બાકી રહી ગયા. અનંતનયો (છે), આ તો એક નય (થયો). ૪૭ (નય) કહીને બંધ કરી દીધું. શક્તિઓનું વર્ણન ૪૭ કહીને બંધ કરી દીધું. ઉપાદાન–નિમિત્તના ૪૭ દોહા કહીને બંધ કરી દીધું. ઘાતિકર્મની ૪૭ પ્રકૃતિ કહીને બંધ કરી દીધું. આ તો જૈનધર્મ છે, બાપુ ! અને તે (પણ) દિગંબર ધર્મ, તે જ જૈનધર્મ. આહા...હા ! પરમ સત્ય, એને સુણવા (સાંભળવા) માટે વખત જોઈએ. આહા...હા !

ભગવાનઆત્મામાં એક નય એવો છે. એક ગુણને, એટલે એક ધર્મ(ને) જાણનારો, હોં ! અત્યારે નય છે ને ! તે અનંતનય માંહેનો એક નય આવશે. અને ઓલામાં ('પંચાસ્તિકાય'માં) જે શૂન્ય–અશૂન્ય નય છે, તે સપ્તભંગી માંહેનો એક નય છે. અને એક નયે તે અશૂન્ય છે અને સપ્તભંગી માંહેનો એક નય શૂન્ય છે. અહીં અનંતનયો માંહેનો એક શૂન્ય–અશૂન્ય છે. આહા...હા ! સમજાણું કાંઈ ?

જેમ લોકોથી ભરેલું વહાણ હોય, એમ આત્મ(દ્રવ્ય) અનંત ગુણ અને અનંતી પર્યાયોથી

ભરેલું (છે). અશૂન્ય એટલે 'છે'. (અર્થાત્) ભરેલું છે. આહા...હા ! સમજાણું કાંઈ ?

શૂન્ય એટલે ખાલી. એમ શૂન્યનયમાં આવ્યું ને ? '**ખાલી ઘરની માફક...**' પણ પરની અપેક્ષાએ ખાલી ગણીને એને ખાલી કહ્યું. અને અહીં તો, સ્વની અપેક્ષાએ બધું 'છે'. શૈલી તો જુઓ ! બારમી ગાથામાં એમ કહ્યું કે, વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. આહા...હા ! શૈલી તો જુઓ ! ચારેકોર (અવિરોધ વાણી છે). અહીં પણ એ કહ્યું, એક નયે - અશૂન્ય નયે – વિકાર પણ છે, સમજાણું કાંઈ ? આહા...હા !

(સમ્યક્દૃષ્ટિને) પૂરણ વિકાર નથી; પૂરણ વિકાર મિથ્યાદૃષ્ટિને છે. અને પૂર્ણ અવિકાર કેવળજ્ઞાનીને છે. એક અપેક્ષા હજી ૧૪માની બાકી છે; પણ જ્ઞાન અને સુખની અપેક્ષા લઈને (કેવળી પૂર્ણ છે). ૧૪મા (ગુણસ્થાન) સુધી હજી અસિદ્ધભાવ છે. એક અંશ હજી (ત્યાં) મલિન છે પણ એને નય નથી. કેવળીને નય નથી. નય તો શ્રુતજ્ઞાની (ને હોય) હજી (તે) વિકાર કરે (છે) તો (શ્રુતજ્ઞાનીને નય હોય). કેવળજ્ઞાનનો પર્યાય પણ વ્યવહારનયનો વિષય છે અને આ ચૌદમા ગુણસ્થાનની પર્યાય પણ વ્યવહારનયનો વિષય છે. એ તો શ્રુતપ્રમાણવાળાની વાત છે. એને (કેવળીને) ક્યાં (નય છે ?) સમજાણું કાંઈ ?

'**આત્મદ્રવ્ય અશૂન્યનયે લોકોથી ભરેલા વહાણની માફક (મિલિત ભાસે છે).**' આહા...હા ! (લોકોથી) ભરેલું વહાણ આખું પડ્યું છે. એમ આત્મામાં અનંતગુણો અને નિર્મળપર્યાય, વિકારી પર્યાય, એ એક નયથી મિલિત ભાસે છે, એક નય હોં ! આહા...હા ! એટલી એક નય. બસ. એ બધા પર્યાય–ગુણોથી એક ધર્મનો – એક અંશ અશૂન્યપણે –સહિત ભાસે છે. ભગવાન (આત્મા) ગુણો અને વિકારી–અવિકારી પર્યાયથી સહિત ભાસે છે. અશૂન્ય છે. વિકાર પણ અશૂન્ય છે; એટલે છે. નિર્મળ પર્યાય પણ અશૂન્ય છે; એટલે છે. ગુણ પણ નિર્મળ અશૂન્ય છે; એટલે છે. એવા અનંતગુણ અને અનંત પર્યાયરૂપી ધર્મ છે વિકારને પણ અહીં ધર્મ કીધો છે.

ધર્મનો અર્થ ધારી રાખેલી પર્યાય તેને અહીં ધર્મ કહીએ. ભગવાન આત્માએ વિકારને પણ ધારી રાખેલો (છે). માટે તેને ધર્મ કહીએ. સમજાણું કાંઈ ? એક કોર કહે કે, રાગ તે અધર્મ છે. હેં ! કઈ અપેક્ષાએ ? એ રાગ વિકૃત છે. અને ધર્મની વાસ્તવિક નિર્મળ પર્યાય. તે નથી માટે તે અધર્મ છે. અહીંયાં, તો ફક્ત આત્માએ ધારી રાખ્યું છે, માટે તેને ધર્મ કહીએ.

ધર્મ એટલે મોક્ષનો માર્ગ. અને મોક્ષનો માર્ગ પણ એક ધર્મ છે. એને ધારી રાખ્યો છે. રાગ પણ એક ધર્મ છે. અને તેને ધારી રાખ્યો છે. આહા...હા ! સમજાણું કાંઈ ? સમ્યક્દર્શન જ્ઞાન–ચારિત્ર જે નિર્વિકારી મોક્ષનો માર્ગ એ પણ એક ધર્મ. ધર્મ એટલે આત્માએ ધારી રાખેલી એક દશા છે. એ અપૂર્ણ સાધક છે, તેથી તેની વિકૃત અવસ્થા(માં) દયા–દાન-કામ–ક્રોધાદિ થાય (છે). આહા...હા ! જ્ઞાનીને ચોથે–પાંચમે (ગુણસ્થાને) રૌદ્રધ્યાન પણ થાય.

આહા...હા ! એ રૌદ્રધ્યાન પણ અશૂન્ય છે. એટલે કે 'છે'. એમાં આત્મામાં રૌદ્રધ્યાન છે. આહા...હા ! અહીં તો આત્મા એને કીધો છે ને પછી તો આત્મદ્રવ્યની પહેલી વ્યાખ્યા કહી. આહા...હા ! સમજાણું કાંઈ ? આવું બધું તો ક્યાં સાંભળ્યું હોય ? ભાઈ ! તમારે હતું ત્યાં ? મારગ બહુ આકરો પ્રભુ ! આહા...હા !

દર્શનની અપેક્ષાએ તો દર્શન નિર્વિકલ્પ છે. સમ્યક્દર્શન નિર્વિકલ્પ છે. તેથી તેનો વિષય પણ નિર્વિકલ્પ અભેદ છે. અને જ્ઞાન સવિકલ્પ છે. સવિકલ્પ એટલે રાગ સહિત એમ નહિ. જ્ઞાન સવિકલ્પ એટલે સ્વ અને પરને પૃથક્ પૃથક્ જાણે તેથી તેને સવિકલ્પ કહેવામાં આવે છે.

કેવળજ્ઞાન પણ સવિકલ્પ છે. સ્વ અને પર અર્થને જાણવું એનું નામ સવિકલ્પ છે. વિકલ્પ એટલે અહીં રાગ નહિ, એમ શ્રુતજ્ઞાન પ્રમાણ પણ સવિકલ્પ છે. સવિકલ્પ એટલે અનેકપણાને સ્વને, ગુણને, રાગને (જાણે) પણ પરનો અભાવ છે. એમાં, એને જાણે એટલી એની તાકાત છે. આહા...હા !

દર્શનના વિષયમાં એકલો અભેદ (આત્મા આવે). બીજી રીતે દર્શન ઉપયોગમાં એકલું અભેદ (આવે) એમાં આ જીવ છે ને આ અજીવ છે. એવા ભેદ દર્શન ઉપયોગ(માં ને આવે). સમ્યક્દર્શનને એનો વિષય અભેદ એ બીજી ચીજ. દર્શનઉપયોગ એમાં બધી સત્તા (અર્થાત્) દ્રવ્ય–ગુણ–પર્યાય બધું ત્યાં. દર્શન ઉપયોગમાં આવી જાય છે. સમજાણું કાંઈ ?

આહા...હા ! શ્રુતજ્ઞાનપ્રમાણ વખતે પણ દર્શન ઉપયોગ છે. સમજાણું કાંઈ ? દર્શનપૂર્વક જ્ઞાન છે. એમ કીધું ને, ભાઈ ! 'દ્રવ્યસંગ્રહ'માં બધે કીધું છે. દર્શનપૂર્વક (જ્ઞાન છે). છદ્મસ્થને દર્શન જે છે, એ દર્શન ઉપયોગમાં કંઈ ભેદ જ નથી. આ દ્રવ્ય છે ને આ ગુણ છે. ને આ પર્યાય છે. એ તો સામાન્ય છે. 'છે' એવોય ભેદ ત્યાં નથી. સમજાવવામાં આવે કે 'છે' એવો દર્શન ઉપયોગ સત્તામાં છે, એને જાણે છે. એની સાથે રહેલો જ્ઞાનોપયોગ એક એક દ્રવ્યને, એના ગુણને, એની પર્યાયને, એના અવિભાગ પ્રતિચ્છેદને વિકૃત અને અવિકૃત (બધાને જાણે) આહા...હા ! ઉપયોગ ભલે અસંખ્ય સમયે કામ કરે, પણ કામ તો એક સમયમાં–ઉપયોગનું કામ એટલું છે. આહા...હા ! સમજાણું કાંઈ ? '**લોકોથી ભરેલા વહાણની માફક મિલિત ભાસે છે.**' લ્યો આ ૨૩મો (નય) થયો.

હવે ૨૪(મો નય). 'આત્મદ્રવ્ય' પહેલાં કીધું એ આત્મદ્રવ્ય. એટલે સામાન્ય દ્રવ્ય છે, એ નહિ. આત્મદ્રવ્ય (એટલે) વિકારી અવિકારી પર્યાય સહિત છે, એ આત્મદ્રવ્ય સમજાણું કાંઈ ? પહેલાં આવ્યું હતું ને કે, 'આત્મદ્રવ્ય દ્રવ્યનયે' શરૂઆત ત્યાંથી થઈ છે. એ દ્રવ્યનયે એકનય છે. અને આત્મદ્રવ્ય છે એ અનંતગુણોનો સમુદાય તે આત્મદ્રવ્ય છે. એ આત્મદ્રવ્યમાં દ્રવ્યનયે સામાન્યપણે એક જાણનારો એ પણ એક નય છે.

આહા...હા ! એકમાં દ્રવ્ય આવ્યું. અને નામસ્થાપના દ્રવ્ય ભાવ એમાં એક દ્રવ્ય આવ્યું. એ દ્રવ્ય એટલે યોગ્યતા. એ પણ એક નય છે. એ દ્રવ્ય જુદું. વર્તમાન નયે બાળકને શેઠ કહેવો એ અનાગત નયનો વિષય છે. અને સાધુ (છે) તેને રાજા કહેવો. આ સાધુ રાજા હતો. એ અતીત કાળનો વિષય છે. પણ એ એક નય છે. આમ દ્રવ્યનય કીધો. ત્રીજું દ્રવ્ય કીધું સ્વપણે છે ને પરપણે નથી. સ્વપણે–દ્રવ્ય–ક્ષેત્ર. કાળ–ભાવપણે છે. (અને) પરપણે–દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી નથી. ત્યાંય દ્રવ્ય આવ્યું. આહા...હા ! ત્યાં દ્રવ્ય એટલે આખી ચીજ છે. એ દ્રવ્ય લેવું અને ક્ષેત્ર એટલે એની પહોળાઈની વાત કરી. અને કાળ એટલે એક સમયની અવસ્થા લીધી. ભાવ

એટલે ગુણ લીધો.

જે ગુણ અને પર્યાયોનો આખો સમુદાય (તે) દ્રવ્ય. એમ કરીને એક દ્રવ્ય કીધું. અને તે છે. ક્ષેત્રથી છે. કાળથી છે. ભાવથી છે. ત્યાંય દ્રવ્ય આવ્યું, ભાઈ ! આવા ભેદ ! ભગવાન !

ન્યાલભાઈએ તો એમ કીધું કે, જ્ઞાનીને શુભભાવ ભઠ્ઠી છે. આહા...હા ! આ તો જ્ઞાનીની વાત છે ને ? અજ્ઞાનીને ભઠ્ઠીની ખબર ક્યાં છે ? આ તો ખબર છે એને ભઠ્ઠી છે. એમ કહે છે. આહા...હા ! ઓલા... અજ્ઞાનીને તો ભઠ્ઠી છે, એની ખબર નથી. ભાઈ ! ભઠ્ઠી છે. એની ખબર છે એને (જ્ઞાનીને). ભઠ્ઠી છે (અને) શાંતિ છે, એની ખબર છે. અને શુભભાવ જેટલો છે. એટલી ભઠ્ઠી છે. એની ખબર છે. આહા...હા ! અજ્ઞાનીને ભઠ્ઠી છે. એ ભઠ્ઠીની વાત અહીં નથી. પણ ભઠ્ઠીની એને ખબરેય નથી. હજી ભઠ્ઠી શું ? ને આ આત્મા શું ? આહા...હા ! ધર્મીને જેટલો શુભરાગ ઉત્પન્ન થાય તે ભઠ્ઠી છે.

આહા...હા ! અને બેનના (બહેનશ્રીના) શબ્દોમાં તો – વચનામૃતમાં આવ્યું છે કે, શુભરાગમાં જ્ઞાની આવે ત્યારે એને પરદેશમાં આવી પડ્યા છીએ, અમારું વતન અંદર ક્યાં રહી ગયું.

શીશપેન કહેવાય, શું કહેવાય ? બોલપેન. બોલપેનમાં આ લખાણ આવ્યું છે. વાંચ્યું છે. પંડિતજી ? કહેતા હતા વાંચો તો ખરા.

છોકરાઓ છે ને બધા ! આ વિદ્યાર્થીઓ એકેકને બધાને આપવાની છે. એમાં લખ્યું છે. '**જાગતો જીવ ઊભો છે. તે ક્યાં જાય ? જરૂર પ્રાપ્ત થાય જ.**' જુઓ...! એમાં છે. છે ? ઝીણા અક્ષર (છે). હું વાંચી શકું એવા નથી. શીશપેનમાં પણ બેનનું વચન આવી ગયું. શીશપેન નો કહેવાય... (ત્યારે) શું કહેવાય ? બોલપેન.

આ બધા બોર્ડીંગના છોકરાઓને હમણાં વ્યાખ્યાન પછી આપવાનું છે. એમાં લખ્યું છે કે, જાગતો જીવ ઊભો છે ને ! જાણક સ્વભાવી પ્રભુ ઊભો છે ને. ઊભો એટલે ધ્રુવ. જાગતો એટલે જ્ઞાયક–ભાષા સાદી ગુજરાતી જાગતો જ્ઞાયક ધ્રુવ છે ને, ક્યાં જાય ? એ પર્યાયમાં ન આવે તો ક્યાં જાય ? આહા...હા ! તું નજર કરતો ઊભો છે. ધ્રુવ છે (ને) ઊભો છે. ધ્રુવ છે... છે...છે... તે પ્રાપ્ત થાય. આહા...હા ! છે ભાઈ ?

હજી તો બેના (ચંપાબેનના) 'વચનામૃત'માંથી તો કંઈક નીકળશે. એટલું આવ્યું છે. કાલ તો રાત્રે એક પ્રશ્ન કોઈનો આવ્યો છે. વાંચીને એવો ખુશ થયો... એવો ખુશ થયો. અરે...! શું કહ્યું આ ? મરેલાને જીવતા કરે... કેલેન્ડરમાં આને છાપવા જોઈએ. કેલેન્ડરમાં લોકો આખો દિ' દેખે તો ખરા એમ કોકે કીધું. અને ઓલો વળી... ઓલો છે ને કોટાનો એ... તો વાંચીને... આત્મધર્મ વાંચીને હોં... આત્મધર્મ... વાંચીને એવો ખુશી થયો. એવો ખુશી થયો કે 'જ્ઞાનાનંદ સ્વરૂપ પ્રભુ...' આહા...હા ! આ બહુ ખુશી થયો. બહુ લખાણ આવ્યું છે. કાલે આવ્યો છે કાગળ. શું લખ્યું ?

આપણે ગજપંથા જાત્રાએ ગયા હતા ને ? ત્યાં શ્વેતાંબર સાધુ હતા. પછી આપણું અહીંનું વાંચીને ફેરવી નાખ્યું કે, અમે સાધુ નથી. પછી અહીંની બધી વાત કરે. આવ્યા દર્શન કરીને ગયા. પણ રાત્રે દર્શન કરીને ગયા. રાતે કંઈ (વાત) થાય નહિ. અને બપોરે મારે ઊઠી જવું.

બીજે દિવસે કીધું જરી... આનું હૃદય લઈ લઉં કે શું છે આ ? એક કોર બારણાં બંધ

કરીને બેઠા હતા. હું ગયો એટલે તરત બારણાં ખોલી નાખ્યાં. હેઠે ઊતરી ગયા... પગે લાગ્યા. હું પાટ ઉપર બેઠો. અને હેઠે પગે લાગ્યા. (મેં) કીધું 'શાસ્ત્રમાં કાળનય અને અકાળનય ચાલ્યો છે.' કાળે પણ મોક્ષ થાય અને અકાળે પણ મોક્ષ થાય. એમ નથી. પણ એને એમ થયું કે હું કંઈક કહીશ... તો આમાં નહિ હાલે... એટલે મેં વિચાર્યું (નથી એમ કહી દીધું). જે કાળે જે સમયે જે ક્રમબદ્ધમાં મોક્ષ થવાનો હોય તે સમયમાં થાય. તો પછી અકાળનયનો શાસ્ત્રમાં પાઠ છે. એનું શું કરવું ? મેંય વિચારીને કહ્યું. ઠીક છે. કામ તો કાળે જ થાય. પણ અકાળનો અર્થ જ કે, આ સ્વભાવ–પુરુષાર્થ લઈને અકાળ કહેવામાં આવ્યું છે. (પરંતુ) સમય પલટે નહિ. સમજાણું કાંઈ ? આહા...હા ! એ આવશે... આમાં નયોમાં... અહીં કહે છે કે થઈ ગયો... ૨૩ થઈ ગયો.

હવે ૨૪(મો નય) '**આત્મ દ્રવ્ય જ્ઞાનજ્ઞેય અદ્વૈત નયે મોટા ઇન્ધનસમૂહ રૂપે પરિણત અગ્નિની માફક એક છે.**' જુઓ પાછું અદ્વૈત આવ્યું આમાં. અદ્વૈત એટલે બધું થઈને એક –એમ અહીંયાં નથી. અહીં તો, જ્ઞાન એ જ્ઞેયનું એકપણું અંદર થઈ ગયું. જ્ઞેયને જાણ્યું છે અને જ્ઞાનને જાણ્યું છે. બધું એક જ્ઞાનરૂપ છે. '**આત્મદ્રવ્ય જ્ઞાનજ્ઞેય અદ્વૈતનયે (જ્ઞાન અને જ્ઞેયના અદ્વૈતરૂપ નયે). મોટા ઇંધનસમૂહરૂપે પરિણત અગ્નિની માફક (એક છે).**' શું કીધું ?

લાખો લાકડાં હોય. પણ અગ્નિ પરિણત તો એ (બધું) અગ્નિરૂપે જ છે. છાણાં–અડાયાં–લાકડાં–પાનડાં બધું સળગ્યું – બધું અગ્નિ રૂપ છે. એમાં કોઈ લાકડું–છાણું એવું કાંઈ છે નહિ. એમ જ્ઞાને આખા અનંત જ્ઞેયોને જાણ્યા. એ જ્ઞાન અને જ્ઞેય એકરૂપે જ વસ્તુ છે. જ્ઞેયને જાણ્યું અને જ્ઞાને જાણ્યું, એ અદ્વૈત છે. શક્તિનો અધિકાર તો દ્રવ્યદૃષ્ટિનો હતો એટલે જરી સહેલો લાગે.

અહીં તો વારંવાર આવે છે. આ અધિકાર સૂક્ષ્મ–ગહન છે. આત્મદ્રવ્ય. એ દ્રવ્ય એટલે આ અનંતા ગુણના અને પર્યાયના ધર્મો, ધરનારું તે દ્રવ્ય; તેને દ્રવ્ય કહીએ. દ્રવ્યાધિકનયે, દ્રવ્ય પણ પહેલાં આવી ગયું, પણ એ દ્રવ્ય એક નયનો વિષય છે. પહેલાં આવ્યું હતું. દ્રવ્યનયે કહો કે દ્રવ્યાર્થિકનયે કહો. એ પહેલો નય છે. પર્યાયનય કહો કે પર્યાયાર્થિક નય કહો. એ પહેલાં આવી ગયું. પહેલો અને બીજો બોલ. સમજાણું કાંઈ ? ઘણું લાંબું આમાં આ બાપુ મારગ એવો ઝીણો છે ને... આહા...હા ! સૂક્ષ્મ ઉપયોગથી પકડાય એવો છે. વિકલ્પથી પકડાય એવો નહિ પણ શુભવિકલ્પથી પણ પકડાય નહિ. એવો છે. સમજાણું કાંઈ ?

આત્મદ્રવ્ય... જ્ઞાન–જ્ઞેય અદ્વૈત, જ્ઞાન અને જ્ઞેયનું અદ્વૈતરૂપનય. એ જ્ઞેય જુદું ને જ્ઞાન જુદું એમ નહિ... અંદર જ્ઞેય અને જ્ઞાનનું એકરૂપ થઈ જાય. આહા...હા ! એક જ રૂપ છે. બીજી રીતે કહીએ તો, આ તો એક નય છે. એટલે શું ? કે એક જ્ઞાનની એક પર્યાય એ દ્રવ્ય–ગુણને જાણે અને એ પર્યાય બધા દ્રવ્યોને જાણે તો એ પર્યાય તો અદ્વૈત છે. શું કીધું ? એક જ્ઞાનની એક પર્યાય હોં !

એક પર્યાય બીજી અનંતી પર્યાયને જાણે. એ પોતાના દ્રવ્ય–ગુણને જાણે, અને અનંત દ્રવ્ય–ગુણો જ્ઞેય છે, તેને જાણે એક જ પર્યાય અદ્વૈત છે. એ પોતે જ જ્ઞાનાકાર અને પોતે જ જ્ઞેય. એમ નથી આવ્યું કે, પોતે પોતાના જ્ઞાનને જ જાણે છે. કળશ પાછળ આવ્યો હતો ને ? આ

જ્ઞેયને જાણે એમ નહિ. જ્ઞાતા પોતે, જ્ઞાન પોતે ને જ્ઞેય પણ પોતે. આચાર્યે તો ગજબ કામ કર્યા છે. ચારેકોર (બધી) બાજુએથી એકસરખું સત્ય ઊભું થાય છે.

અહીં કહે છે, અદ્વૈતનયે, જ્ઞાનનો જે પર્યાય છે. તે પર્યાય પોતાના દ્રવ્ય–ગુણને જાણે છે અને અનંતને જાણે છે. એ જ્ઞાન પોતે જ જ્ઞેય થયું ને પોતે જ જ્ઞાન થયું. એવો અદ્વૈતનયે બસ એક જ પર્યાય છે. આહા...હા ! એક નય છે ને ? આ અદ્વૈતનય એક નય છે. એક પર્યાય આવ્યો. પરજ્ઞેય અને પોતાના દ્રવ્ય–ગુણ અને પર્યાય બધું એક પર્યાયમાં આવી ગયું. અદ્વૈત છે. (સ્વ અને પર) 'સ્વપર પ્રકાશક શક્તિ હમારી, તાતેં વચન ભેદ ભ્રમ ભારી, જ્ઞેયશક્તિ દુવિધા પરકાસી, સ્વરૂપા પરરૂપા ભાસી' એ સ્વ એનું એ છે.

આહા...હા ! પોતે પર્યાય, પોતે જ્ઞાન ને પોતે જ્ઞેય. અહીં તો, એક નય લેવો છે ને ? એ પર્યાય પોતે જ – આખું જ્ઞેયનું જ્ઞાન અને દ્રવ્ય–ગુણનું જ્ઞાન અને પોતાનું જ્ઞાન એ પર્યાય આખી અદ્વૈતનયથી થઈ છે. આહા...હા ! અનંતનયો માંહેલો એક અદ્વૈત નય છે. અને એવા અનંતનયોનો સમુદાય તે શ્રુતપ્રમાણ છે. આહા...હા ! સમજાય એટલું સમજવું બાપુ ! આ તો વીતરાગ ત્રણલોકના નાથ જિનેન્દ્રદેવની અલૌકિક વાતો છે.

આહા..હા ! 'આત્મદ્રવ્ય જ્ઞાન–જ્ઞેય–અદ્વૈતનયે....' પણ ઓલું આત્મદ્રવ્ય હોં ! ત્રિકાળી ત્રિકાળી, એટલે ગુણ અને પર્યાયનો ધરનાર. એ દ્રવ્ય–જ્ઞાન–જ્ઞેય અદ્વૈતનયે... ભલે એ જ્ઞાનમાં જ્ઞાનની પર્યાય દ્રવ્ય અને ગુણને જાણે. એવા અનંત પર્યાયવાળું અનંત ગુણવાળું જે દ્રવ્ય છે. એમાં આ એક ધર્મ છે. આ એક નય છે. આ અને એવા તો અનંત નયોનો સમુદાય થઈને શ્રુતપ્રમાણ છે. અને એ શ્રુતપ્રમાણનો વિષય અનંત ગુણને અને અનંતી પર્યાય પ્રમેય થાય એ શ્રુતપ્રમાણનો વિષય છે. આહા...હા ! સમજાણું કાંઈ ?

આ તો એક નય છે ને ? એટલે પર્યાયની વાત મગજમાં આવી. આવતાં, આવતાં અંદરથી આવે તે ખરું. એક પર્યાય છે અને એ પર્યાય અદ્વૈત છે. એક જ છે બસ. બીજું છે જ નહિ. સ્વ–પરનો ભેદ (નહિ). સ્વ અને પરને જાણવાની પર્યાય સ્વ એક જ છે. અને તે પણ પર્યાય પોતે–પોતે જ જ્ઞેય અને પોતામાં જ્ઞાન. એક જ પર્યાયમાં (બન્ને છે). ત્રણ લોકના અનંતા ગુણ–પર્યાયો તે જ્ઞેયરૂપ થાય. અને પોતે પણ તે જ્ઞેયરૂપે થાય અનેપોતે જ્ઞાન.... આહા...હા !

ભલે આત્મદ્રવ્યનો જ એક વિષય છે આ. આત્મદ્રવ્યનો એક વિષય એટલે એક નયનો – એક ધર્મનો આ વિષય છે. સમજાણું કાંઈ ? આહા...હા ! સંતોએ ગજબ કામ કર્યાં છે ને ! દિગંબર સંતોએ જંગલમાં વસીને (ગજબ કામ કર્યાં છે !) આહા....હા ! અંદર ક્ષયોપશમના ફાટ ફાટ પ્યાલા ફાટી ગયા છે. આહા...હા ! અને એ જ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે. એ આવે છે ને ? 'ધવલ'માં આવે છે.

મતિજ્ઞાન પૂર્વક શ્રુત (જ્ઞાન) છે ને ? એ મતિજ્ઞાન–શ્રુત(જ્ઞાન) કેવળજ્ઞાનને બોલાવે છે. એટલે કે નજીકમાં આવી જાઓ. કેવળજ્ઞાન (વિના) હાલે જ નહિ. બીજ ઊગી એ પૂનમ થયા વગર રહે જ નહિ. જેને આવું શ્રુતજ્ઞાન થયું એને કેવળજ્ઞાન થયા વગર રહે જ નહિ. અહીં તો, એની સાથે શ્રુતજ્ઞાન પડી જશે. એ વાત જ નથી. આહા...હા !

જેમ સમ્યક્‌દર્શનને અપ્રતિહત કહ્યું. અમને સમ્યક્ થયું છે એ પડશે નહિ. ભલે અમે ચારિત્રવંત છીએ. અને સ્વર્ગમાં જતાં ચારિત્ર નહિ રહે, પણ હવે સમ્યક્‌દર્શનની પર્યાય નહિ જાય. આહા...હા ! એમ આ શ્રુતજ્ઞાનની પર્યાય જે છે એ પાછી જાય એવી નથી. અહીંથી કેવળજ્ઞાન લીધે જ છૂટકો છે.

આહા...હા ! ખરેખર ? તો એ પર્યાયમાં કેવળજ્ઞાન પણ, એ જ્ઞેયરૂપે જણાઈ ગયું છે. આહા...હા ! ત્રણકાળ ને ત્રણલોકના જ્ઞેયો જેને જ્ઞાનમાં – જ્ઞાનની પર્યાયમાં જણાયા – એવડી તો પર્યાયની તાકાત છે. આહા...હા ! સમજાણું કાંઈ ? અને તેથી તો ઓલામાં લીધું ને ? અલિંગગ્રહણના ૨૦મા બોલમાં કે, આત્મદ્રવ્ય–સામાન્ય પોતાને સ્પર્શતું નથી. એવો શુદ્ધપર્યાય છે. અમને તો વેદનમાં આવ્યો તે આત્મા. આહા...હા ! ધ્રુવ તો વેદનમાં આવતો નથી. શું કહ્યું ? સમજાણું ?

વીસમો બોલ આપણે ચાલી ગયો. અલિંગગ્રહણ ચાલી ગયું છે. ૩૨૦ ગાથા, ૪૭ શક્તિ, ૨૦ અલિંગગ્રહણ (ના બોલ), એ ચાલી ગયું છે. આ (૪૭ નય) ચાલે છે, **'એ બધું ભેગું કરીને પુસ્તક થવાનું છે. એક પુસ્તક. ભલે બે (પુસ્તક) થશે. એમ લાગે છે.'** કારણકે શક્તિના ૩૩ વ્યાખ્યાન થયા છે. ૩૨૦ ગાથાના ૮ થયા છે. ૪૧ (થયા) અલિંગગ્રહણના ૧૪ થયા છે. (એટલે) ૫૫. (થયા) અને આના હવે થાય એટલા ખરા. એટલે પોણસો ઉપર વ્યાખ્યાન થશે. તો એમાં એક પુસ્તકે નહિ આવે. ભાઈ આવ્યા ને અત્યારે (કહેતા હતા) એક વ્યાખ્યાનમાં ૧૫ પાનાં આવે છે. આહા...હા ! કદાચ પુસ્તક તો બેય થાય અને એક એક પુસ્તકની ૨૦--૨૦ રૂપિયા કિંમત થાય. આહા...હા ! ઘણા પૈસા આવ્યા છે. બેનના નામે – 'વચનામૃત'ના નામે ઘણા પૈસા આવે છે. આહા...હા ! એ તો થવાનું હોય તે થાય. આહા...હા !

અહીં તો કહે છે, (જ્ઞાન) અદ્વૈતપણે છે. આહા...હા ! કઈ રીતે અદ્વૈત છે ? જ્ઞેયોમાં જ્ઞાન વ્યાપી ગયું છે. એ અપેક્ષાએ અદ્વૈત નહિ. 'પ્રવચનસાર'માં પહેલું આવી ગયું છે. આત્મા જ્ઞાન પ્રમાણ છે. જ્ઞેય લોકાલોક પ્રમાણ છે.

એક ગાથા આવી ગઈ છે. આહા...હા ! માટે સર્વગત છે. અહીં સર્વગતમાં નય લીધો છે. ત્યાંય સર્વગત નય લીધો છે. 'પંચાધ્યાયી'માં સર્વગતને નયાભાસ લીધો છે. એકાંત અપેક્ષા માનીને ત્યાં 'પંચાધ્યાયી'માં સર્વગત (ને નયાભાસ લીધો છે). આહા...હા ! અહીં તો યથાર્થપણાની અપેક્ષાએ પરમાં વ્યાપે છે. એકાંત એવો સર્વગતનય મિથ્યા છે. પણ સર્વગત એટલે જ્ઞાનમાં જ્ઞેયો-અર્થો આવી જાય છે. એ પાઠમાં આવ્યું છે. જ્ઞાનમાં, અર્થ એટલે જ્ઞેય આવી જાય છે. આવી જાય (અર્થાત્) તે સંબંધીનું જ્ઞાન આવી જાય છે. પછી જ્ઞાનમાં જ્ઞેય–પર નથી, એમ કેમ કહેવું ? એમાં એમ આવે છે. આહા...હા ! સમજાણું કાંઈ ?

**'અદ્વૈતનયે (જ્ઞાન–જ્ઞેયના અદ્વૈતરૂપ નયે) મોટા ઇંધનસમૂહ રૂપ'** લાકડાના ઢગલા મોટા હોય છતાં (અગ્નિ) અનેકપણે નહિ ગણાય. અગ્નિપણે બધું સળગ્યું (એટલે) એક અગ્નિ છે. એમ અનંતગુણોને જાણતું જ્ઞાન એક છે. કહો... સમજાણું કાંઈ ?

**'ઇન્ધનસમૂહરૂપે પરિણત અગ્નિની માફક, એક છે.'** આખા કરોડ મણ લાકડા હોય પણ અગ્નિપણે તો અગ્નિ એક જ છે ને ! એમ અનંત જ્ઞેયો છે. પણ જ્ઞાનપર્યાય અનંતને એકપણે

જાણે છે. એટલે એક રૂપે છે. એ એની અપેક્ષાએ અદ્વૈતનય કહેવામાં આવે છે. એ એક નય છે... હોં !

એક ધર્મનો (જાણનાર) એક નય છે. એવા અનંતા નયનો સમૂહ (શ્રુતપ્રમાણમાં) દ્રવ્ય-ગુણ–પ્રર્યાયનો વિષય થાય છે. તે રીતે સત્ય છે. એમ વિશેષ કહેશે....

❀ ❀ ❀

પરમાત્મા ફરમાવે છે કે પ્રભુ ! તારા જ્ઞાનની પર્યાયમાં સદાય સ્વયં આત્મા પોતે જ અનુભવમાં આવે છે. જ્ઞાનની પ્રગટ દશામાં સર્વને ભગવાન આત્મા અનુભવમાં આવે છે.

અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા અનુભવમાં આવવા છતાં પણ તું તેને દેખતો નથી. કેમ ? – કે પર્યાયબુદ્ધિને વશ થઈ જવાથી પરદ્રવ્યોની સાથે એકતાબુદ્ધિથી સ્વદ્રવ્યને દેખી શકતો નથી.

આ કાળે બુદ્ધિ થોડી, આયુ થોડું, સત્ સમાગમ દુર્લભ, તેમાં હે જીવ ! તારે એ જ શીખવા યોગ્ય છે કે જેનાથી તારું હિત થાય તે જન્મ–મરણ મટે.

આત્માને માટે કાંઈક એની પાછળ પડવું જોઈએ. આનું આ રટણ કરવું જોઈએ. જાગતાં, ઊંઘતા એનો પ્રયત્ન જોઈએ. એની રુચિનો પ્રકાર સરખો થવો જોઈએ. અંદરમાં પરમેશ્વર કેટલો મહાન છે ! એને જોવાનું કુતૂહલ જાગે તેને જોયા વિના ચેન ન પડે.

ચૈતન્યના અનુભવની ખુમારી ધર્મીના ચિત્તને બીજે ક્યાંય લાગવા દેતી નથી. સ્વાનુભવના શાંતરસથી તે તૃપ્ત–તૃપ્ત છે. ચૈતન્યના આનંદની મસ્તીમાં તે એવા મસ્ત છે કે હવે બીજું કાંઈ કરવાનું રહ્યું નથી.

**આત્મદ્રવ્ય જ્ઞાનજ્ઞેયદ્વૈતનયે, પરનાં પ્રતિબિંબોથી સંપૃક્ત દર્પણની માફક, અનેક છે (અર્થાત્ આત્મા જ્ઞાન અને જ્ઞેયના દ્વૈતરૂપ નયે અનેક છે, જેમ પર–પ્રતિબિંબોના સંગવાળો અરીસો અનેકરૂપ છે તેમ). ૨૫.**

**આત્મદ્રવ્ય નિયતિનયે નિયત સ્વભાવે ભાસે છે, જેને ઉષ્ણતા નિયમિત (નિયત) હોય છે એવા અગ્નિની માફક. (આત્મા નિયતિનયે નિયતસ્વભાવવાળો ભાસે છે, જેમ અગ્નિને ઉષ્ણતાનો નિયમ હોવાથી અગ્નિ નિયત સ્વભાવાળો ભાસે છે તેમ). ૨૬.**

**આત્મદ્રવ્ય અનિયતિનયે અનિયત સ્વભાવે ભાસે છે, જેને ઉષ્ણતા નિયતિથી (– નિયમ વડે) નિયમિત નથી એવા પાણીની માફક. (આત્મા અનિયતિનયે અનિયત સ્વભાવવાળો ભાસે છે. જેમ પાણીને (અગ્નિના નિમિત્તે થતી) ઉષ્ણતા અનિયત હોવાથી પાણી અનિયતસ્વભાવવાળું ભાસે છે તેમ). ૨૭.**

**પ્રવચન : ૧-૧-૧૯૭૮**

'પ્રવચનસાર' નય અધિકાર (ચાલે છે). શું કહે છે ? જે આ આત્મા છે ને ! (તે) દેહથી ભિન્ન છે. આ દેહ તો જડ છે. જે ચૈતન્ય દ્રવ્ય–વસ્તુ અંદર જાણનાર છે; એ વસ્તુમાં અનંત શક્તિ વસેલી છે. શક્તિ એટલે ગુણ અને વર્તમાનમાં એની – ગુણની પર્યાયો અવસ્થાઓ થાય છે. એટલે ત્રણ થયા.

વસ્તુ ત્રિકાળી દ્રવ્ય, એમાં અનંતા ગુણો અને એની અનંતી પર્યાયો એ ધર્મને, ગુણને, પર્યાયના ભાવને એટલે ધર્મનો ધરનાર આત્મદ્રવ્ય એ વસ્તુ છે. આત્મા એ ગુણ અને પર્યાયના ભાવને એટલે ધર્મને ધરનાર એ આત્મદ્રવ્ય. એ વસ્તુ છે. આત્મા એ ગુણ અને પર્યાયનો ધરનાર છે. એ ધર્મનો ધરનાર (છે). ધર્મ એટલે એનો સ્વભાવ અને એની પર્યાય પછી પર્યાયમાં – અવસ્થામાં વિકાર હો કે અવિકાર હો. અહીં સમ્યક્જ્ઞાનની વાત છે. સમ્યગ્દૃષ્ટિ થયો છે, એની અહીં વાત છે.

એ આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ પોતાની ચીજને જેણે અનુભવી છે. (એ સમ્યગ્દૃષ્ટિ છે). અનંતકાળથી એણે (મિથ્યાદૃષ્ટિએ) રાગ અને દ્વેષ, શુભ અને અશુભ ભાવનો અભ્યાસ કરીને એની ટેવ પડી ગઈ છે. એ જાણે હું અને એ જ મારું આચરણ, એમ મિથ્યાદૃષ્ટિમાં એને વિકારનું આચરણ જ (પોતાપણે) ભાસે છે. અનંતકાળમાં જેને રખડવું છે.. અને અનંતકાળથી જે રખડતો આવ્યો છે એને (થયું) એ વિકારની દશા તે હું... આહા...હા ! એવું એને ભાસ્યું છે. એથી તે વિકારમાં પોતાપણું માની અને વિકારને અનુભવે છે. એ ઝેરને અનુભવે છે. તે સંસારમાં રખડવાનાં બીજડાં છે. આહા...હા ! આવું છે.

અહીંયાં કહે છે કે, એ અનંત ગુણો – જે શક્તિરૂપે પવિત્ર (છે). (તે) સંખ્યાએ અનંત (પરંતુ) વસ્તુએ એક (છે). પણ એ સંખ્યાએ અનંત ગુણ અને એની અનંતી પર્યાય – નિર્મળ અને મલિન. એ બધા ધર્મને ધારી રાખનારું આત્મદ્રવ્ય છે. એને અત્યારે આત્મદ્રવ્ય કહેવામાં આવે છે. જે આત્મદ્રવ્ય (૨૫મો બોલ છે ને !) એ આત્મદ્રવ્ય, આ... આત્મદ્રવ્ય એટલે ત્રિકાળી ધ્રુવ એમ નહિ.

અહીંયાં તો આત્મદ્રવ્ય (અર્થાત્) એની શક્તિ – ગુણો અને એની પર્યાયો – નિર્મળ અને મલિન (તેનો ધરનાર છે); એકલી મલિન નહિ. સમજાણું કાંઈ ? એકલી મલિન પર્યાય એની અહીં વાત છે નહિ. ધર્મ (અર્થાત્) સમ્યગ્દર્શન – જ્ઞાન આદિ સ્વભાવની સ્થિરતા (થઈ છે), દૃષ્ટિ, જ્ઞાન નિર્મળ થયું છે અને કંઈક હજી મલિનતા પણ છે. એ મલિનતા અને નિર્મળદશા અને અનંત ગુણ એવો જે આ ધર્મ, ધર્મ એટલે ધારી રાખેલા ભાવો, તેનો ધરનાર તે આત્મદ્રવ્ય છે. આવું (વેપારના) ચોપડામાં ક્યાંય આવે નહિ. સાંભળવામાં ય આવે નહિ. આવી વાત છે.

એ આત્મદ્રવ્ય(માં જ્ઞાન) ગુણ છે. એ એક એક જ્ઞાનનો ભાગ – જ્ઞાનનો ભાગ એટલે નય. અંદર ભાવશ્રુતજ્ઞાન છે. એ ભાવશ્રુતજ્ઞાન પ્રમાણજ્ઞાન છે. પ્રમાણ એટલે કે જેમાં દ્રવ્ય–ગુણ ને પર્યાય પ્રમેય – જાણવામાં આવે છે. એને અહીંયાં પ્રમાણ કહે છે.

જે દ્રવ્ય–ગુણ ને પર્યાય – નિર્મળ ને વિકૃત એ જે જ્ઞાનમાં જાણવામાં આવે, તે જ્ઞાનને અહીં પ્રમાણ કહે છે. અને પ્રમાણનો તે વિષય–દ્રવ્ય–ગુણ ને પર્યાય – વિકારી અવસ્થા, એ શ્રુતપ્રમાણનું પ્રમેય છે. શ્રુતપ્રમાણમાં તેનું જ્ઞાન થાય છે. અરે... આવી વાતો !

હવે, એમાં એકેક ગુણને અને એકેક પર્યાયને જાણનારા જ્ઞાનનો એક ભાગ, એના એક ભાગને નય કહે છે. એ અનંત નયનો સમુદાય તેને ભાવશ્રુત કહે છે. અને ભાવશ્રુતપ્રમાણ તેનો વિષય દ્રવ્ય–ગુણ ને પર્યાય, વિકારી–અવિકારી તે તેનો વિષય–પ્રમેય (થાય) છે. આવો ધર્મ ! એમાં એક અદ્વૈત નય પહેલાં આવી ગયો.

(હવે ૨૫મો નય). **'આત્મદ્રવ્ય જ્ઞાન–જ્ઞેય દ્વૈતનયે (પરના પ્રતિબિંબોથી સંપૃક્ત દર્પણની માફક અનેક છે.**' (અર્થાત્) જ્ઞાન અને જ્ઞેય – જે જાણવાલાયક જ્ઞેય પોતે (સ્વના) દ્રવ્ય–ગુણ–પર્યાય અને પરનાં દ્રવ્ય–ગુણ–પર્યાય એ જ્ઞેય અને તેને જાણનારું જ્ઞાન. એ જ્ઞાન અને જ્ઞેય બે ભેદ પાડ્યાં.

પહેલાં અદ્વૈત આ અપેક્ષાએ હતું. અદ્વૈત એટલે જ્ઞાનની એક પર્યાયમાં અનંત ગુણો. અને દ્રવ્ય (તથા) અનંતી પર્યાયો જેનું જ્ઞેય હતું. અને જ્ઞાનની પર્યાય તેનું પ્રમાણ (અર્થાત્) તે જ્ઞેયનું માપ કરનારું પ્રમાણ હતું. એ પ્રમાણમાં એક જ્ઞાનસ્વરૂપ જ (છે) એમાં જ્ઞેય પણ જ્ઞાનમાં આવી ગયું. એમ એકલું જ્ઞાન ગણીને અદ્વૈત કહેવામાં આવ્યું. અહીંયાં એક નય છે. એ અને ત્યાં એક જ્ઞાન અને જ્ઞેય – એક ગણીને અદ્વૈત કહેવામાં આવ્યું. આવી વાતું.

**'આત્મદ્રવ્ય જ્ઞાન–જ્ઞેયદ્વૈતનયે પરના પ્રતિબિંબોથી સંપૃક્ત દર્પણની માફક...'** દર્પણ છે ને ? એમાં પરવસ્તુ જણાય છે. એમ કહેવાય છે. છે તો એક દર્પણની અવસ્થા. દર્પણમાં જેમ સામે ચીજ હોય એ જણાય (પરંતુ) એ ચીજ ત્યાં નથી. પણ એ ચીજ સંબંધીનું જ્ઞાન અરીસાની સ્વચ્છતા

(ને લીધે થાય છે). એમ આત્માના જ્ઞાનમાં અનંત જ્ઞેયો જે છે તેનું પ્રતિબિંબ થાય છે – તે જણાય છે. એવા જ્ઞાનની પર્યાયમાં અનંત જ્ઞેયો જણાય; તે જ્ઞેયો અને જ્ઞાન એમ બે (થયા) તેને દ્વૈત કહીએ. તો દ્વૈતનયે (અનેક) વસ્તુ છે. એ પણ – દ્વૈતનય પણ જ્ઞાનનો એક ભાગ છે.

આહા...હા ! પ્રતિબિંબોથી સંપૃક્ત દર્પણની માફક. દર્પણમાં સામે જે ચીજ છે, એનું ત્યાં પ્રતિબિંબ પડે છે એટલે કે એ ચીજ (ત્યાં) નથી પણ એ ચીજ સંબંધી સ્વચ્છતા (આકૃતિ) અરીસામાં જણાય છે. એ દર્પણમાં જાણે, એ જણાયેલી ચીજ આવી ગઈ હોય, એમ દ્વૈત કહેવાય છે. એમ અનેક છે. દર્પણ અને પ્રતિબિંબ થઈને અનેક કહેવામાં આવે છે. એમ આત્મા – જ્ઞાન અને જ્ઞેયના દ્વૈતરૂપ નયે અનેક છે. આહા...હા ! પોતે એક છે અને પોતે જ અનેક છે.

૪૭ શક્તિઓમાં જે એક–અનેક આવ્યું છે. એ આ નહિ. ત્યાં તો એક પણ ગુણ છે અને અનેક પણ ગુણ છે. એની પર્યાય છે. એ બીજી વાત છે. આત્મામાં 'એક' (નામનો) એવો એક ગુણ છે. એક ગુણ અને અનેક ગુણ પણ છે. એક ગુણની પણ પર્યાય હોય છે અને અનેક ગુણની પણ પર્યાય હોય છે. આ એ નહિ.

આ તો એક અનેક એવા અનંતગુણ અને એની પર્યાય – વર્તમાન દશા, એ બધાનો ધરનાર આત્મા એ શ્રુતજ્ઞાન પ્રમાણ વડે જણાય. અને શ્રુતજ્ઞાનપ્રમાણમાં ભેદરૂપી નય (અર્થાત્) એક એક ગુણ અને એક એક પર્યાયને જાણે તેનું નામ નય. આવું છે.

ભગવાન આત્મા અનંત અનંત ગુણની રાશિ–ઢગલો (છે). અને જેટલા એના ગુણ છે, તેટલી તેની પર્યાયો (છે). પર્યાય એટલે હાલત, હાલત એટલે દશા, દશા એટલે અવસ્થા, એ અવસ્થામાં કેટલીક વિકૃત છે, કેટલીક અવિકૃત છે. એક એક ગુણ અને એક એક પર્યાયને વિષય કરનાર નય (તે) જ્ઞાનનો એક અંશ છે. એ બધા અંશનો સમુદાય થઈને ભાવશ્રુતજ્ઞાન છે. ભાવશ્રુત છે તો પર્યાય પણ તેમાં અનંત નયો ભેગા થયા છે. તેથી તેને પ્રમાણ કહે છે. અને એ પ્રમાણનો વિષય દ્રવ્ય–ગુણ અને વિકારી–અવિકારી પર્યાય, તે પ્રમાણનો વિષય છે. આવું છે. આહા...હા !

અહીંયાં કહે છે કે, પ્રભુ ! એક વાર સાંભળ ભાઈ ! તારું જ્ઞાનસ્વરૂપ અને તેમાં જણાવા લાયક જ્ઞેયો. એ જ્ઞેયોમાં તો દ્રવ્ય–ગુણ ને પર્યાય બધા દ્રવ્યો જ્ઞેયમાં આવ્યા. પણ જ્ઞાન અને જ્ઞેય એમ બે કહીએ, ત્યારે અનેક છે. એ પણ એક નય છે. આહા...હા ! નય(નો) અધિકાર ઝીણો બહુ. હેં ! ક્યું સાચું ? બે ય સાચાં છે એક પડખાનો ભાગ જોવો તે નય છે. અને બધા – આખા પડખાંને જોવો તેનું નામ પ્રમાણ છે.

આહા...હા ! અત્યારે આ બધી વાત(માં) ફેરફાર (થઈ ગયો). લોકો બહારથી એમાં ધર્મ માની બેઠા. યાત્રા કરવા ગયાને, ભક્તિ કરીને, પૂજા કરીને, થઈ ગયો ધર્મ. ધૂળમાંય નથી ધર્મ ત્યાં, ધર્મ ત્યાં ક્યાં છે ? એ તો રાગની ક્રિયા છે. આહા...હા ! એ પણ રાગની ક્રિયાનું જ્ઞાન પણ યથાર્થ કોને હોય ? જેને દ્રવ્ય–ગુણ ને પર્યાય શ્રુતજ્ઞાનમાં પ્રમેય થયાં હોય તેને રાગનું યથાર્થ જ્ઞાન હોય. સમજાણું કાંઈ ?

આહા...હા ! '**આત્મદ્રવ્ય જ્ઞાનજ્ઞેયદ્વૈતનયે, પરનાં પ્રતિબિંબોથી સંપૃક્ત દર્પણની માફક, અનેક છે. (અર્થાત્) આત્મા જ્ઞાન અને જ્ઞેયના દ્વૈતરૂપ નયે અનેક છે, જેમ પર–પ્રતિબિંબોના સંગવાળો**

**અરીસો અનેકરૂપે છે. તેમ.**' જોયું ? એ અરીસામાં જેમ સર્પ હોય, વીંછી હોય, કોલસા હોય, બરફ હોય, અગ્નિ હોય, એ (દેખાય), પણ છે તો એ અરીસાની અવસ્થા. પણ એને જ્ઞેય અને જ્ઞાનના દ્વૈત તરીકે કહીએ તો અનેક છે. એ ૨૫(મો નય) થયો.

**હવે આ ૨૬મો (નય)** ચર્ચવા જેવો વિષય છે. '**આત્મદ્રવ્ય નિયતિનયે (નિયત સ્વભાવે ભાસે છે)**' આનો અર્થ કેટલાક એવો કરે છે. (નિયતિ અને અનિયતિનો) કે નિયતિ એટલે જેમ થવાનું છે તેમ થાય છે. એ (નિયતિ) અને અનિયતિ એટલે ફેરફાર થાય તે, એમ નથી. એવો આનો અર્થ જ નથી. અહીંયાં તો નિયતિનયે આત્મદ્રવ્ય જે વસ્તુ અનંત ગુણ અને અનંતી પર્યાયોનો ધરનારો એવો ધર્મીદ્રવ્ય. એવું '**આત્મદ્રવ્ય નિયતિનયે નિયત સ્વભાવે ભાસે છે.**' એટલે કે એનો સ્વભાવ છે તે રૂપે ભાસે છે.

'**જેને ઉષ્ણતા નિયમિત (નિયત હોય) છે (એવા) અગ્નિની માફક.**' અગ્નિનો ઉષ્ણ સ્વભાવ નિશ્ચય છે. અગ્નિનો ઉષ્ણસ્વભાવ નિયત છે – નિશ્ચય છે. અહીં નિયત એટલે જે સમયે જે થાય એ અહીં પ્રશ્ન નથી. સમજાણું કાંઈ ? એ પણ એક નિયતિ નય છે.

નિયત, સ્વભાવ, કાળ, પુરુષાર્થ એવા પાંચ બોલ, એ અહીં નથી. આનો (નિયતિનયનો) અર્થ એવો કરે છે. જ્યારે તમે એમ કહો છો કે, નિયત જે પ્રમાણે થવાનું હોય તેમ થાય. તો આમાં નિયત અને અનિયત બેય (નય) છે. અને એનો આધાર 'પંચાસ્તિકાય' ૧૫૫. ગાથાનો આપે છે. 'પંચાસ્તિકાય'માં ૧૫૫મી ગાથા (છે). ત્યાં નિયત–અનિયત આવા બે શબ્દો છે. ત્યાં નિયત એટલે આત્મા, જ્ઞાન અને આનંદસ્વરૂપ છે. તેમાં નિશ્ચય ઠરે, તે નિશ્ચય એટલે યથાર્થ ચારિત્ર છે. ત્યાં એ અર્થ છે.

ત્યાં નિયત એટલે બનવાનું હોય તે બને, એવો અર્થ ત્યાં છે જ નહિ. આહા...હા ! ભગવાનઆત્મા પોતાના જ્ઞાન અને અતીન્દ્રિય આનંદમાં – સ્વસમયમાં સ્થિર થાય, એને ત્યાં નિયત કહે છે. એનો સ્વભાવ જે છે એમાં ઠરે. એનું નામ નિયત ચારિત્ર કહે છે. નિશ્ચય ચારિત્ર ('પંચાસ્તિકાય' ૧૫૫મી (ગાથા)માં છે. (ત્યાં) મોક્ષમાર્ગ, મોક્ષના માર્ગનું વર્ણન છે, નિયત મોક્ષમાર્ગ. નિયત એટલે કે આત્મા જ્ઞાયક સ્વરૂપ અનંત ગુણનો પિંડ છે. એની દૃષ્ટિ કરીને એમાં ઠરવું, એવું વીતરાગી ચારિત્ર થવું, એને ત્યાં નિયત ચારિત્ર કહે છે. અને તેને રાગદ્વેષમાં ઠરવું. અને તેને વિભાવમાં ઠરવું, તેને અનિયત ચારિત્ર (કહે છે) એટલે કે (વિભાવમાં ઠરવું એનો સ્વભાવ નથી. અનિયત એટલે જેનો સ્વભાવ નથી એમાં ઠરવું. એને અનિયત કહે છે. અરે.. આટલાં બધાં પડખાં ?

પત્રમાં આવ્યું હતું. નિયત અને અનિયતનય બે છે. આમાં સોનગઢવાળા નિયતને લઈને ક્રમબદ્ધ થાય એમ માને છે. પણ અનિયતનયમાં આડું અવળું થાય એમ છે... ૧૫૫મી ગાથા 'પંચાસ્તિકાય' એમ આ નયનો અર્થ પણ એવો કરે છે. (પરંતુ) એમ નથી. ત્યાંય એમ નથી. ને અહીંયાં, પણ એમ નથી. ત્યાં તો ('પંચાસ્તિકાય'માં) ભગવાન આત્મા અંદર ચિદાનંદ જિનસ્વરૂપી, વીતરાગમૂર્તિ, અંદર દ્રવ્યસ્વભાવ, એમાં નિયત ચારિત્ર એટલે સ્વભાવમાં લીન થવું. સમ્યક્દર્શન–જ્ઞાનપૂર્વક સ્વભાવમાં લીન થવું, તે નિયત ચારિત્ર છે. અને તે મોક્ષનો માર્ગ છે. અને અનિયત

એટલે સ્વભાવમાં ન ઠરતાં વિભાવમાં ઠરવું એટલું તે અનિયત ચારિત્ર એટલે પરસમય વિભાગ છે. સમજાણું કાંઈ

આવો મારગ ! તેથી કંઈક પંડિતો કંઈક વિરોધ કરે, એનો વિરોધ કરે, હોં ! વસ્તુની સ્થિતિ શું છે ? એને (લક્ષમાં) ન લેતાં (વિરોધ કરે) જુઓ...! આ નિયત–અનિયત કહ્યું. આ નિયત–અનિયત 'પંચાસ્તિકાય'માં કહ્યું છે. બીજે ઠેકાણે કહે છે. 'ધવલ'માં આવે છે. ક્રમ–અક્રમ એમાં એમ કહ્યું. પણ એ ક્રમ–અક્રમ શું છે ! એ તો... બીજી વાત છે. ક્રમ ગુણ અને અક્રમ પર્યાય એમ (છે) પર્યાય ક્રમને અક્રમ (થાય) એમ બે નહિ.

આહા...હા ! આ શરીર તો માટી. જડ–ધૂળ છે. આ કંઈ આત્મા નથી. એનું હાલવું–ચાલવું થાય, એ બધી ક્રિયા જડ છે. એ કાંઈ આત્મા નથી. આહા...હા ! એમાં રાગ થાય એ એનો ત્રિકાળી સ્વભાવ નથી, (પરંતુ) વિભાવ છે. હવે, જેને ત્રિકાળી–શુદ્ધ જ્ઞાનાનંદ–શુદ્ધ ચિદાનંદ, પ્રભુ ! એવા સ્વભાવમાં નિયત નામ સ્વભાવમાં ઠરે, એને અહીં નિયતનય કહે છે. નિશ્ચય સ્વભાવમાં ઠરે તેને નિશ્ચય કહે છે. સમજાણું કાંઈ !

**'આત્મદ્રવ્ય નિયતિનયે નિયત સ્વભાવે ભાસે છે. જેને ઉષ્ણતા નિયમિત (નિયત) હોય છે એવા અગ્નિની માફક.'** અગ્નિનો ઉષ્ણ સ્વભાવ નિયત છે. અગ્નિનો ઊનો સ્વભાવ નિશ્ચય છે. એક કોર વિપરીત છે અને પરથી થયો છે, એવું નથી. અગ્નિનો ઉષ્ણ સ્વભાવ નિયત છે. એમ ભગવાન આત્માનો સ્વભાવ. શુદ્ધ ચૈતન્ય છે. એમાં નિયત નામ ઠરે. તેને અહીં નિયતનય કહેવામાં આવે છે. એ પણ એક નય છે.

અહીં શાસ્ત્રને... (ઊંધા અર્થ કરીને) શસ્ત્ર કરી નાખવા. બહુ મુશ્કલે છે, બાપા ! જે શાસ્ત્રનો અભિપ્રાય છે, તે રીતે તેને સમજવું જોઈએ. ત્યાં એમ કહે છે, ને ? જુઓ ! નિયતિનય છે. પણ એનો અર્થ શું ? કે, જેનો – અગ્નિનો સ્વભાવ ઉષ્ણ (છે) તે નિયત છે. અને પાણીનો ઊનો સ્વભાવ તે અનિયત છે.

સમજાણું કાંઈ ? એમ ભગવાન આત્માનો સ્વભાવ, શુદ્ધ ચૈતન્યમાં એકાગ્રતા તે નિયત સ્વભાવમાં (એકાગ્રતા કરવી તે છે). સ્વભાવ નિયત છે અને જેમ પાણી ઊનું છે. એ નિયત નહિ. અગ્નિ ઊની છે. એ નિયત છે. અગ્નિનો ઉષ્ણ સ્વભાવ તે નિયત–નિશ્ચય છે. એમ પાણીનો ઊનો સ્વભાવ તે નિયત–નિશ્ચય નથી. પાણીનો ઊનો સ્વભાવ તે વિભાવ છે. એમ ભગવાન આત્મામાં... આહા...હા ! જ્ઞાનાનંદ પ્રભુ ! આત્મામાં – સ્વભાવમાં ઠરવું તે નિયત છે. અને વિભાવમાં ઠરવું તે અનિયત છે. નિયત એટલે ક્રમબદ્ધ થાય તે નિયત અને અનિયત એટલે ક્રમબદ્ધ ન થાય, અક્રમ પણ થાય – એવો અહીં અર્થ નથી.

આહા...હા ! ઘણો મોટો ગોટો ઊઠ્યો છે. વર્ણીજીને ક્રમબદ્ધ માન્ય ન હતું. એક પછી એક પર્યાય થાય એમ નહિ. જે થવાની હોય એ થાય. પછી એમ નહિ કે એક પછી એક થાય. પણ જે સમયે થવાની હોય એ જ થાય એમ નહિ. એમ કહેતા.

સમજાણું કાંઈ ? ('પંચાસ્તિકાય સંગ્રહ') ૧૫૩મી ગાથામાં છે. છે ને આ રહ્યું. **'મોક્ષમાર્ગના અવયવરૂપ સમ્યક્‌દર્શન તથા સમ્યક્‌જ્ઞાનના વિષયભૂત નવ પદાર્થનું વ્યાખ્યાન પણ સમાપ્ત થયું.'**

**'હવે મોક્ષમાર્ગ પ્રપંચસૂચક ચૂલિકા છે.'** મોક્ષમાર્ગના વિસ્તારનું સત્‌સૂચન – અહીં એ વાત છે. સૂચન ('પંચાસ્તિકાય સંગ્રહ)' ૧૫૪મી (ગાથા) **'એ મોક્ષમાર્ગના સ્વરૂપનું કથન છે.'** એમાં છે **'જીવસ્વભાવમાં નિયત ચારિત્ર તે મોક્ષમાર્ગ છે.'** આ નિયત એટલે બનવાનુ હોય એ બને. એની પર્યાય એ વાત અહીં નથી.

નિયત એટલે જીવસ્વભાવમાં નિયત ચારિત્ર – જીવનો દર્શન અને જ્ઞાન સ્વભાવ (છે) એ દેખવું ને જાણવું સ્વભાવ (છે) એમાં ઠરવું, એનું નામ ચારિત્ર છે. આહા...હા ! દયા–દાન–વ્રત–ભક્તિના પરિણામ એ કોઈ ચારિત્ર નથી. રાગ છે, વિકાર છે. એ અનિયત ચારિત્ર છે. સમજાણું કાંઈ ? કારણ કે જીવસ્વભાવ ખરેખર જ્ઞાનદર્શન છે. જીવનો સ્વભાવ તો જાણવું, અને જ્ઞાતા દ્રષ્ટા છે. જીવ સ્વભાવમાં ઠરે તે નિયત ચારિત્ર છે. એનું નામ સાચું ચારિત્ર છે. આહા...હા ! અહીં તો થોડાં વ્રત પાળે અને ભક્તિ–પૂજા ને વ્રત કર્યાં... તો થઈ ગયું... ચારિત્ર. પર સમય – અનિયતભાવ – વિભાવભાવને અજ્ઞાની ચારિત્ર માને છે. સમજાણું કાંઈ ! એ જીવથી અનન્યમય છે. કોણ ? જ્ઞાન અને દર્શન. ભગવાન આત્માનું જાણવું અને દેખવું એ આત્માથી અનન્યમય છે. એકમેક છે. એનો સ્વભાવ એકમેક છે. છે ને ?

**'જ્ઞાનદર્શનનું (જીવથી) અનન્યમયપણું હોવાનું કારણ એ છે કે વિશેષચૈતન્ય અને સામાન્યચૈતન્ય...'** જ્ઞાન અને દર્શન... વિશેષ ચૈતન્ય એટલે જ્ઞાન અને સામાન્ય ચૈતન્ય તે દર્શન છે. **'જેનો સ્વભાવ છે એવા જીવથી તેઓ નિષ્પન્ન છે. (અર્થાત્ જીવથી જ્ઞાન દર્શન રચાયેલાં છે),'** ભગવાનથી જ્ઞાનદર્શન રહેલાં છે, રચાયેલાં છે. એટલે 'છે'. **'હવે જીવના સ્વરૂપભૂત એવાં તે જ્ઞાનદર્શનમાં નિયત અવસ્થિત...'** જોયું ? નિયત એટલે અવસ્થિત. નીચે (અર્થ) છે. (અવસ્થિત, સ્થિત, સ્થિર, દૃઢપણે રહેલું) **'એવું જે ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યરૂપ વૃત્તિમય અસ્તિત્વ –'** નિર્મળ પરિણતિની ઉત્પત્તિ, પૂર્વની નિર્મળ પરિણતિનો વ્યય અને નિર્મળ ગુણ ધ્રૌવ્ય. એ ત્રણેય થઈને નિર્મળ ચારિત્ર છે. સ્વભાવનું નિયત ચારિત્ર ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય. નિયત ચારિત્ર છે. આહા...હા ! છે ? પછી ('પંચાસ્તિકાય સંગ્રહ') ૧૫૫. (ગાથા) **'સ્વસમયના ગ્રહણ અને પરસમયના ત્યાગ પૂર્વક કર્મક્ષય થાય છે.'** ત્યાં આ કહેવું છે. ત્યાં ઓલા નિયત એટલે જેમ બનવાનું હોય એમ બને. અનિયત એટલે ફેરફાર કરી નખાય. કહો હવે, આનું શું કરવું ? શાસ્ત્રનાં પાનાં બોલે નહિ. એનો અર્થ કેમ કરવો એ પાનાં તો બોલે નહિ. આહા...હા !

સ્વસમયનું ગ્રહણ–શુદ્ધ ચૈતન્ય સ્વભાવનું ગ્રહણ – પરિણમવું. અને પરસમયનો ત્યાગ – રાગભાવનો ત્યાગ એ પૂર્વક કર્મક્ષય થાય છે. **'એવા પ્રતિપાદન દ્વારા અહીં 'જીવ સ્વભાવમાં નિયત ચારિત્ર તે મોક્ષમાર્ગ છે.' એમ દર્શાવ્યું છે.'** ૧૫૫માં ('પંચાસ્તિકાય સંગ્રહ'માં) આ જે અહીં ('પ્રવચનસાર'માં) છે તે ત્યાં કહ્યું છે. અહીં છે એ એક નયનો વિષય બતાવ્યો. નિયત – એટલે કે અગ્નિનો ઉષ્ણ સ્વભાવ – એમ ભગવાન આત્માનો જ્ઞાનદર્શન સ્વભાવ, એ પ્રમાણે પરિણમવું એ નિયત. સમજાણું કાંઈ ?

જુઓ ! અહીં **'સંસારી જીવ, (દ્રવ્ય અપેક્ષાએ) જ્ઞાનદર્શનમાં અવસ્થિત હોવાને લીધે સ્વભાવમાં નિયત (નિશ્ચયપણે રહેલો) હોવા છતાં, (જ્યારે) અનાદિ મોહનીયના ઉદયને અનુસરીને...'** જોયું ?

મોહનીય કર્મથી નહિ. મોહનીય કર્મના ઉદયને અનુસરીને વિભાવરૂપે પરિણમે તે અનિયત ચારિત્ર–વિભાવ છે. એ સાચું ચારિત્ર નહિ. એ મહાવ્રત આદિના પરિણામ એ અનિયત ચારિત્ર છે. આહા...હા ! મોહ કર્મના નિમિત્તથી એમ નથી કહ્યું. છે ? '**મોહનીયના ઉદયને અનુસરીને પરિણતિ કરવાને લીધે...**' જોયું ? આહા...હા !

મોહ કર્મનો ઉદય આવે ત્યારે વિકાર કરવો જ પડે. હોં ! અરે ! પણ એ પ્રશ્ન જ જૂઠો છે. એનો પરિણતિનો કાળ છે. એ કર્મના નિમિત્તને અનુસરે છે; અનુસરે છે માટે વિકાર થાય છે. આહા...હા ! અરે આમાં ક્યાં ! ઝવેરાતના પાસામાં પરીક્ષા કરે છે. ભાઈ ! સંસારના વેપારના ધંધામાં વાણિયા તો એક પાઈ... પાઈનો હિસાબ કાઢે. એક પાઈ ઓછી કેમ થઈ ? કોઈ લઈ ગયું ? કે ઘટી ગઈ ? છોકરો લઈ ગયો ? મેળ કરવો જોઈએ ને ? એમ આમાં કંઈ મેળ હોય કે નહિ ?

અહીંયાં તો એમ કહે છે. આહા...હા ! 'મોહનીયને અનુસરીને' 'પરિણતિ કરવાને લીધે' એવો પાઠ છે. આહા...હા ! એ અનિયત ચારિત્ર છે. શું કીધું ? મોહકર્મના ઉદયને અનુસરીને વિકારરૂપે થવું, તે અનિયત ચારિત્ર છે. એ સ્વભાવ નથી. માટે વિભાવરૂપ ચારિત્ર એ કાંઈ સાચું ચારિત્ર નથી. આહા...હા ! છે ? '**તેને અનિયત ગુણ–પર્યાયપણું હોય છે ! તે પરસમય (અર્થાત્) પર ચારિત્ર છે.**' જોયું ?

'**તે જ (જીવ)...**' તે જ જીવ... આહા...હા ! મોહકર્મના ઉદયને અનુસરીને વિકાર કરતો હતો. તે પરસમય એટલે વિકાર–વિભાવભાવ છે, તે ચારિત્ર નહિ. '**તેજ (જીવ)...**' એનો એ જીવ જ્યારે સવળો પડે છે ત્યારે આહા...હા ! '**(જ્યારે) અનાદિ મોહનીયના ઉદયને અનુસરતી પરિણતિ કરવી છોડીને. અત્યંત શુદ્ધ ઉપયોગવાળો હોય છે.**' એ કર્મને અનુસરીને થાય, એ તો અશુદ્ધ ઉપયોગ છે. પુણ્ય ને પાપનો ભાવ તે મેલો ઉપયોગ છે. પણ પોતાના સ્વભાવને અનુસરીને થાય; કર્મને અનુસરવાનું છોડી દઈને તે શુદ્ધ ઉપયોગવાળો હોય છે. તે શુદ્ધ ઉપયોગ તે ચારિત્ર છે. આહા...હા ! સમજાણું કાંઈ ?

સ્વને અનુસરીને થવું તે નિયત ચારિત્ર, પરને અનુસરીને થવું તે અનિયતભાવ. ટૂંકી ટચ વાત છે. શેઠ ! અનિયત છે. આહા...હા ! પહેલાં નિર્ણય તો કરે. અહીં તો પંચમહાવ્રતના પરિણામ અને વ્રતાદિના ભાવ દયા–દાન–વ્રત–ભક્તિ, એ બધાં કર્મને અનુસરીને થતા વિભાવભાવ છે. આહા...હા !

અને એક કોર ભગવાન આત્મા ! જ્ઞાતા દ્રષ્ટા – જ્ઞાન–દર્શન સ્વભાવવાળો એને અનુસરીને થતું નિયત ચારિત્ર છે, તે નિશ્ચય ચારિત્ર છે. કહો... ભાઈ ! આવું છે. આવી સ્પષ્ટ બે ને બે ચાર જેવી વાત છે.

આહા...હા ! અહીં પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ એમ ફરમાવે (છે). એ 'કુંદકુંદઆચાર્ય' એમ કહે (છે). અને 'અમૃતચંદ્ર આચાર્ય' એનું સ્પષ્ટીકરણ–ટીકા કરે છે. આહા...હા ! મોહનીયના ઉદયને અનુસરીને થતી પરિણતિ છોડી શુદ્ધ ઉપયોગવાળો હોય છે. '**ત્યારે (પોતે) ભાવનું એકરૂપપણું ગ્રહ્યું હોવાને લીધે...**' જોયું ? કર્મના ઉદયને અનુસરે તો અનેક પ્રકારે વિભાવ થાય છે. અને

સ્વભાવને અનુસરે તો એક પ્રકારનું ચારિત્ર–સ્થિર થાય છે. આહા...હા ! જુઓ ! અહીં એ કહ્યું છે. એક–અનેક ૪૭ શક્તિમાં કહ્યું છે. એ જુદું, એ તો એક ગુણ છે. ત્રિકાળીને અનેક ગુણ છે.

અહીં તો, પર્યાયમાં સ્વભાવને અનુસરીને થવું. તે એકપણું છે. અને નિમિત્તને અનુસરીને થવું તે દ્વૈત થઈ ગયું. માટે તે અનેક છે. પર્યાયમાં ને પર્યાયમાં આહા...હા ! સમજાણું કાંઈ ? ભાષા તો સાદી છે. આહા...હા ! થોડો એને વિચાર તો કરવો જોઈએ ને ! આહા...હા ! શાક લેવા જાય છે તે કેટલું તપાસે છે ! દૂધીનો ટુકડો કડવો નથી ને ! કાણું નથી ને ! ક્યાંય સડો નથી ને ! એવું શાક તપાસે. અને અહીં ધર્મમાં ક્યાંય તપાસ ન મળે. જય નારાયણ. ઓલામાં તો પૈસા દેવા પડે છે. આમાં કાળ નકામો દેવો પડે છે. એ નહિ (ગણે). આહા...હા ! શું કહ્યું ?

આવ્યું ને ? **'એક રૂપપણું ગ્રહ્યું હોવાને લીધે.'** શું કહે છે ? આત્માનો જ્ઞાન–દર્શન સ્વરૂપ ત્રિકાળ સ્વભાવ છે. એકને અનુસરીને ગ્રહ્યું હોવાથી તેને એકરૂપ ચારિત્ર કહેવામાં આવે છે. ત્યાં સુધી આવ્યું ને ? ('પંચાસ્તિકાય સંગ્રહ') ૧૫૫ (ટીકા) એકપણું ગ્રહ્યું હોવાને લીધે... **'પોતે ભાવનું એકરૂપપણું ગ્રહ્યું હોવાને લીધે તેને જે નિયત ગુણપર્યાયપણું હોય છે...'** જોયું !?

'નિયત ગુણપર્યાય.' સ્વભાવ અને એની બધી પર્યાય નિયત સ્વભાવ છે. એ સ્વ સમય ને સ્વચારિત્ર છે. આહા...હા ! પછી કહ્યું ('પંચાસ્તિકાય સંગ્રહ' – ગાથા–૧૫૬–ટીકા) **'પરચારિત્રમાં પ્રવર્તનારા સ્વરૂપનું કથન છે.' 'જે (જીવ) ખરેખર મોહનીયના ઉદયને અનુસરતી પરિણતિવશાત્...'** જોયું ? વશાત્ **(અર્થાત્ મોહનીયના ઉદયને અનુસરીને પરિણમવાને લીધે). રંજિત ઉપયોગવાળો !** મેલો ઉપયોગ – પુણ્ય–પાપ મેલ છે. એ ઉપયોગવાળો તે ચારિત્ર તે અનિયત ચારિત્ર (છે), સ્વાભાવિક ચારિત્ર નથી.

આહા...હા ! આ 'પંચાસ્તિકાય', અસ્તિ સિદ્ધ કરે છે. એનામાં એનું થાય, તે અસ્તિ પરથી થાય છે. તે અસ્તિ પણ વિભાવની અસ્તિ છે. તે અસ્તિમાં જાય છે. એનામાં થાય છે (માટે) સમજાણું કાંઈ ? આ ઘણા વખતે આવ્યા ને ! ભાઈ...! ઘણા વખતે આવ્યા. રખડતા, રખડતા બહાર પરદેશમાં રખડે છે. હોંશિયાર વધારે હોય તે બહાર ફરવા જાય બહુ. અહીં કહે છે કે, વિભાવમાં ફરવા જાય એ અનિયત ચારિત્ર છે. સ્વભાવમાં ફરવા જાય (તે નિયત ચારિત્ર છે).

હજી તો ચારિત્રના વાંધા (છે). સ્વભાવને અનુસરીને જે ચારિત્ર થાય એ નહિ. આ તો પંચ મહાવ્રત પાળવાં ને વ્યવહારસમિતિ ગુપ્તિ પાળવી તે આમ નિર્દોષ આહાર લેવા (એ ચારિત્ર એમ લોકો કહે છે). અત્યારે તો નિર્દોષ આહાર પણ ક્યાં લે છે ? પણ આ તો નિર્દોષ આહાર લે, તો પણ એ પ્રવૃત્તિ વિભાવની છે. આહા...હા ! એ કાંઈ ચારિત્ર નથી. આ તો અનિયત સ્વભાવ છે. આહા...હા ! એ પરસમય ભાવ છે. આવી વાતો સ્પષ્ટ છે અને ચોખ્ખી વાત છે.

લોકો પોતાની દૃષ્ટિ રાખીને શાસ્ત્રનો સ્વાધ્યાય કરે છે. પણ શાસ્ત્રને સત્ય શું કહેવું છે ? એની દૃષ્ટિ કરીને વાંચે તો એને સત્ય બેસે એટલે તેથી કહ્યું ને ? એની દૃષ્ટિ હોય તે પ્રમાણે માણસ વાંચે છે.

આ તો અહીં ચોખ્ખી સ્પષ્ટ વાત કરે છે. આહા...હા ! કરે છે. **'આત્મદ્રવ્ય નિયતિનયે નિયત સ્વભાવે ભાસે છે, જેને ઉષ્ણતા નિયમિત (નિયત) હોય છે એવા અગ્નિની માફક.'** નિશ્ચયથી અગ્નિનો સ્વભાવ (ઉષ્ણ છે) એમ નિયત સ્વભાવવાળા ભાસે છે. કહો ! સ્વરૂપમાં એકાગ્ર થાય છે, શુદ્ધતા થાય, તેને નિયત સ્વભાવ કહેવામાં આવે છે; નિયતિ નહિ. અહીં નિયતિ જે છે, એ બીજી વસ્તુ છે. અને નિયત છે, એ બીજી વસ્તુ છે.

એક લીટીમાં મોટો ફેર છે. હોં ! આહા...હા ! નિયતિનયનો અર્થ નિશ્ચય છે. નિયતિ(નો) અર્થ નિશ્ચય છે. અને ઓલી નિયતિનો અર્થ જે ટાણે બનવાનું હોય તે બને; એનો અર્થ એ છે. આનો અર્થ ઘણા એવો કરે છે. 'નિયતિનયે નિયત સ્વભાવવાળો ભાસે છે.' ૨૬ (મો નય) થયો.

હવે ૨૭ (મો નય) આત્મદ્રવ્ય... હવે આત્મદ્રવ્ય એટલે કે અનંત ગુણ અને અનંત પર્યાયમાં, નિર્મળ અને વિકૃત (પર્યાય) સહિતના આત્મદ્રવ્યને કીધું છે. એકલા વિકારી પર્યાયવાળું અને ગુણવાળું દ્રવ્ય એમ નહિ. શું કીધું ? અનાદિની એકલી વિકૃત અવસ્થા છે. અને ગુણ નિર્મળ છે. અને પર્યાયમાં કંઈ સમ્યક્દર્શન–જ્ઞાનની પરિણતિ નથી. એવું અહીં નથી લેવું. અહીંયાં તો સ્વભાવને અવલંબીને જેની જ્ઞાનની પર્યાયમાં નિર્મળતા થઈ છે. અને કેટલીક હજી પરના અવલંબે રાગને અનુસરીને થાય છે. એવા જ્ઞાનીના નયની વાતું થાય છે. એને નય (હોય). બીજાને શું (હોય) ? નય કોને હોય ? આહા...હા ! સમજાણું કાંઈ ?

હવે અનિયતિનય. અનિયતિનયે એટલે આડીઅવળી પર્યાય થાય એમ નહિ. અનિયત (એટલે) કોઈ નિર્ણય–નિશ્ચય નહિ કે આ થાય કે આ થાય ? ગમે તે પર્યાય થાય એનો કોઈ નિશ્ચય નહિ એમ નહિ. ત્યારે આત્મદ્રવ્ય એ કીધું કે ગુણપર્યાયનો ધરનારો. **'આત્મદ્રવ્ય અનિયતિનયે અનિયત સ્વભાવે ભાસે છે.'** અનિયત પર્યાયે આડીઅવળી ભાસે છે. એમ નહિ.

શશીભાઈ ! અનિયતનયે આડીઅવળી ગમે તે પર્યાય થાય એમ નહિ; પણ 'અનિયતનયે અનિયત સ્વભાવે ભાસે છે.' જોયું ! જેનો સ્વભાવ નિયત છે, એમ ન ભાસતાં અનિયત સ્વભાવે (ભાસે છે). આત્મામાં વિકાર થાય અને ભાસે, તે અનિયત સ્વભાવ છે. પાણીમાં ઉષ્ણતા ભાસે છે (તે) અનિયત સ્વભાવ છે. અગ્નિમાં ઉષ્ણતા ભાસે છે તે નિયત સ્વભાવ છે. સમજાણું કાંઈ ? આહા...હા !

**'આત્મદ્રવ્ય અનિયતિનયે અનિયત સ્વભાવે ભાસે છે.'** જોયું ! **'જેને ઉષ્ણતા નિયતિથી (નિયમ વડે) નિયમિત નથી...'** પાણીમાં ઉષ્ણતા નિશ્ચયથી નથી. કારણ કે એનો સ્વભાવ નથી. પાણીની ઉષ્ણતા એનો નિશ્ચયથી સ્વભાવ નથી. માટે તેને અનિયત કહેવામાં આવે છે. પાણીની ઉષ્ણતા અનિત છે; વિભાવ રૂપે છે માટે... અગ્નિની ઉષ્ણતા નિયત છે; સ્વભાવ છે માટે એમ આત્મા... આહા...હા ! એનો આનંદગુણ પ્રભુનો ! એ આનંદગુણમાં લીનતા તે નિયત છે. તે ચારિત્ર સાચું છે. એ આનંદગુણને છોડીને કર્મના નિમિત્તને અનુસરીને વિભાવરૂપે થવું તે અનિયત છે. એ વિભાવરૂપે થવું એ જ અનિયત છે. આડુંઅવળું થવું તે અનિયત છે, એમ નથી. સમજાણું કાંઈ ? આહા...હા ! આમાં કેટલું યાદ રાખવું ? ભાઈ ! આવો નિર્ણય કરવો પડશે. બાપુ ! આવો

કાળ આવ્યો છે.

આહા...હા ! આવો મનુષ્યનો દેહ, વીતરાગના સંપ્રદાયમાં જન્મ, એમાં (આવી) વીતરાગની વાણી આવે. (એણે) એનો નિર્ણય કરવો પડશે. આહા...હા ! અનિયતનયે અનિયત સ્વભાવે (ભાસે છે) ભાષા – આ છે. જોયું ? અનિયત (એટલે) આડીઅવળી થાય એમ નહિ. પાઠ તો આવો છે. આહા...હા ! અનિયતથી થાય. આડુંઅવળું થાય (તે) અક્રમ છે. પર્યાયમાં ક્રમ અને અક્રમ બેય છે. આહા...હા ! એ આપણે આવી ગયું છે ને ? ક્રમ અને અક્રમ એ ક્રમ–અક્રમ શું ?

પહેલાં આવ્યું છે. નારકી ગતિ છે, પછી મનુષ્ય થાય એવું કાંઈ નથી. એનું એક પછી એક થવું. અને પર્યાયમાં જે છે, તે પર્યાય બીજી એવી જ થાય તે ક્રમ છે. વિભાવની પર્યાય એવી જ બીજી થાય, એવું કાંઈ નથી, માટે તે અક્રમ છે (એ) અક્રમનો અર્થ પર્યાય તો એ જ થવાની છે. પણ પર્યાયમાં એવી જ થાય એમ નથી. માટે તેને અક્રમ કહે છે. પર્યાયને અક્રમ કહે છે ! આહા...હા !

કીધું હતું ને !? નારકી અને મનુષ્ય (ગતિમાં) ક્રમ છે. અને આ જોગ ને લેશ્યા, કષાય એ એક સાથે અક્રમ છે. સમજાણું કાંઈ ? એક સાથે છે. જોગ (છે) લેશ્યા છે, કષાય છે, જ્ઞાન છે, (બધું) એક સાથે છે. ગતિ એક સાથે ક્યારેય બે ન હોય. એક ગતિ પછી બીજી ગતિ એમ ક્રમ હોય, ક્રમમાં ગતિ છે, અક્રમમાં એના ગુણ અને પર્યાયને એક સાથે રહેવાની અક્રમ છે. શું કીધું એ ? સમજાણું ?

માર્ગણામાં ગતિ, મતિ, લેશ્યા, કષાય એક સમયે હોય છે. એક સમયે હોય છે, તે અક્રમ છે. અને ગતિ એક પછી હોય તે ક્રમ છે. પણ ત્યાં અક્રમ છે, એટલે આડીઅવળી પર્યાય થાય એવો અક્રમનો અર્થ ત્યા છે ય નહિ. આહા...હા ! કેટલાં શાસ્ત્ર આમાં જોવાં ?

જેમ (પાણીને) ઉષ્ણતા નિયતિથી નિયમ વડે નિયમિત નથી, એવા પાણીની માફક. પાણીની ઉષ્ણતા કંઈ નિયતિ નથી. અગ્નિની ઉષ્ણતાકારણે થાય છે, પણ એ વિભાવ છે, એમ કહેવું છે. અગ્નિનું તો નિમિત્ત છે. ઉષ્ણતા એ વિભાવરૂપે છે. અને શીતળતા સ્વભાવરૂપે છે. એમ ભગવાન આત્મામાં આનંદ ને જ્ઞાનરૂપે થવું. એ સ્વભાવરૂપ છે. અને વિકારરૂપે થવું એ વિભાવરૂપ છે. આનંદ ને જ્ઞાનની પરિણતિરૂપે થવુ એ નિયત છે – નિયતસ્વભાવ છે. અને રાગ ને પુણ્ય–પાપ–દયા–દાનના પરિણામ થવા એ અનિયત છે. અનિયત એ વિભાવભાવ છે. સમજાણું કાંઈ ? આહા...હા ! એક કલાકમાં કેટલા બોલ યાદ રાખવા ? સંસારમાં તો ઘણું બધું યાદ રાખે છે, કેમ ?

આ નયનો અધિકાર તો ભારે ભાઈ ! એકાંતપણે છોડાય નહીં, અનેકાંતપણે સિદ્ધ કરે છે. આહા...હા ! અહીંયાં તો એમ સિદ્ધ કરવું છે કે, આત્મા પોતાના સ્વભાવપણે ન પરિણમે અને મહાવ્રત આદિના વિકલ્પપણે પરિણમે એ એનો અનિયત સ્વભાવ કહેવામાં આવે છે. કારણ કે એ કાયમ નહિ રહે. સમજાણું કાંઈ ?

આત્મામાં પુણ્ય ને પાપપણે થવું તે અનિયત સ્વભાવ છે. એ કાયમ રહેનારો નથી. વિભાવ છે. અને જ્ઞાન–દર્શન અને આનંદપણે થવું એ નિયત સ્વભાવ છે. કારણ કે એ સ્વભાવ કાયમ

રહેશે, કાયમ રહે છે, કાયમ રહેલો છે. અને એને અનુસરીને થશે. (એ ભાવ) એ કાયમ રહેશે. અને ચીજ સામે, નિમિત્ત એને અનુસરીને થતો વિકાર કાયમ નહિ રહે તે અનિયત છે. એટલે એ ચારિત્ર નથી. એમ કહે છે.

અત્યારે તો પંચ મહાવ્રત, સમિતિ ને ગુપ્તિ એને ચારિત્ર મનાવવું છે. એને લઈને નિશ્ચય ચારિત્ર થશે. એમ મનાવવું છે. આહા...હા ! ભગવાન ! બાપુ ! આ તો આત્માના હિત અને અહિતની વાતો છે. આ કોઈ પક્ષની વાત નથી કે કોઈને દુઃખ લાગે. આ તો વસ્તુનું સ્વરૂપ જ આવું છે. આહા...હા ! જેને આત્મા – દ્રવ્યને અનુસરીને સમ્યક્દર્શન જ્ઞાન–ચારિત્ર નથી અને પરને અનુસરીને પંચમહાવ્રત આદિના પરિણામ છે એ અચારિત્ર છે. એ અનિયત વિભાવ છે. એ કાયમ રહેવાનો એનો સ્વભાવ નથી. માટે એ ચારિત્ર છે જ નહિ. એમ કહે છે. આહા...હા ! ઘણી વાત ઝીણી કરી છે.

કહો ? આ પંચમહાવ્રત પાળીએ છીએ. સ્ત્રી, કુટુંબ છોડ્યાં છે. નગ્નપણું ધારણ કર્યું છે. વસ્ત્ર છોડ્યાં છે. માટે અમને વ્રતનાં પરિણામ તો છે ને ? પણ કહે છે કે, એ વ્રતનાં પરિણામ છે એ ચારિત્ર નથી. આહા...હા ! આવું આકરું પડે. શું થાય ?

આત્મા અનિયતિનયે અનિયત સ્વભાવવાળો ભાસે છે. જોયું ? અનિયત નયે વિભાવવાળો ભાસે છે. અહીં તો, જ્ઞાનીની અપેક્ષાએ વાત છે. હોં ! એકલો જ્ઞાન(દશા) વિનાનો વિભાવ છે, એને જ્ઞાન ભાસે છે એવું તો ત્યાં છે નહિ. આહા...હા ! આત્માના સ્વભાવનો આશ્રય લઈને સમ્યક્દર્શન–જ્ઞાન હોય છે. ત્યાં આગળ જેટલો વિભાવ ભાવ છે, તે અનિયતભાવ છે. સ્વભાવભાવ નથી.

અનિયતનયે જાણે છે. એક નયે છે ને ? અને એ અનંતનયોનો સમુદાય ભાવશ્રુત છે. અને એ ભાવશ્રુત દ્રવ્ય–ગુણ અને મલિન પર્યાય, નિર્મળ પર્યાય, તેનો વિષય છે – તેને જાણે છે. અજ્ઞાનીને અનિયત નય જ નથી. આહા...હા !

'**ઉષ્ણતા અનિયત હોવાથી...**' અગ્નિના નિમિત્તે થતી ઉષ્ણતા અનિયત હોવાથી '**પાણી અનિયત સ્વભાવવાળું ભાસે છે તેમ.**' પાણી અનિયત સ્વભાવે (ભાસે છે). અગ્નિના નિમિત્તે થતી ઉષ્ણતા ભાસે છે. તેમ આત્મામાં નિમિત્તને અનુસરીને થતો વિકાર અનિયત ચારિત્ર છે, વિભાવ છે. એ વાસ્તવિક ચારિત્ર નથી.

વિશેષ કહેશે......

❀ ❀ ❀

> જિજ્ઞાસુને પહેલા એવો નિર્ણય હોય કે હું મોક્ષ પામવાને લાયક જ છું. શંકાને સ્થાન ન હોય. મોળી–પાતળી વાત આત્માને માટે ન કરવી. અનંત ગુણોથી બંધાયેલો પોતે છે તેન જો, તું જ દેવાધિદેવ છો તેમ લેવું જોઈએ.

**આત્મદ્રવ્ય સ્વભાવનયે સંસ્કારને નિરર્થક કરનારું છે (અર્થાત્ આત્માને સ્વભાવનયે સંસ્કાર નિરૂપયોગી છે), જેમ કોઈથી અણી કાઢવામાં આવતી નથી. (પણ જે સ્વભાવથી જ અણીવાળો હોય છે) એવા તીક્ષ્ણ કાંટાની માફક. ૨૮.**

**આત્મદ્રવ્ય અસ્વભાવનયે સંસ્કારને સાર્થક કરનારું છે (અર્થાત્ આત્માને અસ્વભાવનયે સંસ્કાર ઉપયોગી છે), જેને (સ્વભાવથી અણી હોતી નથી પણ સંસ્કાર કરીને) લુહાર વડે અણી કાઢવામાં આવી હોય છે એવા તીક્ષ્ણ તીરની માફક. ૨૯.**

**આત્મદ્રવ્ય કાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખે છે એવું છે, ઉનાળાના દિવસ અનુસાર પાકતા આમ્રફળની માફક. (કાળનયે આત્મદ્રવ્યની સિદ્ધિ સમય પર આધાર રાખે છે, ઉનાળાના દિવસ અનુસાર પાકતી કેરીની માફક). ૩૦.**

**પ્રવચન : ૨-૧-૧૯૭૮**

('કુંદકુંદ)'આચાર્યની તિથીનો આજ દિવસ છે. આચાર્ય પદવી આજે મળી હતી. એનું નામ પણ એમાં આવ્યું છે ને ! **'मंगलं भगवान वीरो, मंगलं गौतमोगणी। मंगलं कुंदकुंदार्यो;'** એમ નાખ્યું છે. તો એને ત્રીજે નંબરે નાખ્યા છે. ભગવાન, ગણધર અને આ કુંદકુંઆચાર્ય. આજે 'કુંદકુંદઆચાર્ય'ની સ્થિતિનું વર્ણન ઘણું સ્પષ્ટ, ચોખ્ખું (હતું) અને ભગવાનની સમીપે ગયા હતા તેથી ઘણું જ ચોખ્ખું થોડા શબ્દોમાં કર્યું છે.

એમની આચાર્યની (પદવીનો) આરોહણ (દિવસ છે). આજ(ના) દિવસે એ આચાર્યને લાયક હતા. લોકોએ આચર્યપદે આરોહણ કર્યાં. એમના એક એક શાસ્ત્ર જુઓ તો (ગજબ કામ કર્યાં છે). કોઈ એમ કહે છે કે – 'કુંદકુંદઆચાર્ય'ને તમે માન્ય રાખ્યા અને બીજા આચર્યોને (માન્ય નથી રાખ્યા) તો એમાં (બધાં) આવી ગયા. મુખ્યપણે 'કુંદકુંદઆચાર્ય' છે. એમાં આવ્યું કે નહિ ? '**मंगलं**' માં ? શ્વેતાંબરમાં ત્રીજા નંબરે સ્થૂલીભદ્ર આવે છે.

આ તો 'કુંદકુંદઆચાર્ય' (જેમણે) સર્વજ્ઞની પરંપરાએ જે ધર્મ હતો (તે પ્રવર્તાવ્યો). ભગવાન પાસે ગયા હતા, આઠ દિ' સાંભળ્યું અને આવીને પછી આ શાસ્ત્ર(ની રચના કરી). અનાદિ સનાતન સત્ય સમ્યક્દર્શન–જ્ઞાન–ચારિત્રનું સ્વરૂપ જેવું હતું એવું તેમણે કહ્યું. અને એમાં એ વખતે આચાર્યપદને (લાયક) અગ્રેસરપણે આચાર્ય હતા. કોઈ મુનિરાજ તો એમ પણ કહે છે કે, 'ન હુએ... ન હોયેંગે...' 'કુંદકુંદાઆચાર્ય' થયા એવા થાશે નહિ અને છે નહિ. આથી કરીને બીજાનો અનાદર છે, એવું નથી.

પણ પોતે 'કુંદકુંદઆચાર્ય' સાક્ષાત્ ભગવાન પાસે ગયા હતા. આઠ દિન રહ્યા હતા. તેમની વિશેષતાને લઈને ત્રીજું નામ એમને અપાણું છે. અને એમાં આવે છે ને ? 'કુંદકુંદઆચાર્યો...'

અથવા કુંદકુંદાદિ, એમાં બધું આવી જાય છે. બીજા મુનિઓ આવે છે. છે ને ? એમણે પોતે '(સમયસાર)' પાંચમી ગાથામાં કહ્યું ને કે, આ અમને શુદ્ધાત્માનો ઉપદેશ જે અરિહંત ભગવાન ત્યાંથી માંડીને અમારા ગુરુ પર્યંત (કે જે) વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતા. (તેમના અનુગ્રહથી પ્રાપ્ત થયો છે). આહા...હા ! ત્યાંથી ઠેઠ પરંપરા આવી તે ત્યાં વાત કરી છે.

અરિહંત ભગવાન જેમ વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતા. એમ ગણધર પણ વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતા. એમની પરંપરામાં આ ગુરુ આવ્યા એ પણ વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતા. આટલી તો સાક્ષી આપી છે. એ પરંપરા ઠેઠ વીતરાગથી ચાલી આવી છે. એ ઉપદેશ અમને અમારા ગુરુએ મહેરબાની કરીને, અનુગ્રહપૂર્વક કર્યો. અને એ અમને બેઠું, સમજાણું અને અનુભવ્યું. એ અમારા નિજવૈભવથી 'સમયસાર' કહેશુ. એમ આવ્યું છે ને ?

આહા...હા ! 'કુંદકુંદાચાર્ય'ની પદવી, ગૌતમ પછી એમને જ મળી છે. આચાર્યપદે વચમાં તો ઘણા થયા પણ આમાં નામ આવ્યું આ. ('કુંદકુંદાચાર્ય'નું). એમની ખાસ વિશેષતા છે. એમનો ક્ષયોપશમ, એમની શૈલીની રચના, એમના થોડા શબ્દોમાં મોટી ગંભીરતા, એવી છે. શબ્દે શબ્દે અને વાક્યે વાક્યે ગંભીરતા (છે). એને લઈને એ ગણધર પછી કુંદકુંદ આચાર્યનું નામ કહેવાણું છે. આહા...હા ! એ આજ તિથિ છે. આચર્યની આજ આરોહણ તિથિ છે, માગશર વદ ૮, પોષ વદ ૮ સિદ્ધાંતની પોષવદ ૮ એમાં આ નયનો અધિકાર ચાલે છે. એમણે કહેલો છે. એ 'અમૃતચંદ્ર આચર્યે' એમાંથી ખોલ્યો છે.

આહા...હા ! એક એક સંતો ! – દિગંબર મુનિઓ ! અલૌકિક (છે). લંડનથી કાગળ આવ્યો છે. છે કોક... બહુ ખુશી બતાવી છે. આહા...હા ! ત્યાં બધા બહેનો–ભાઈઓ વાંચે છે. ઘણાં નામ લખ્યાં છે. તેઓ બધા ભાઈ–બહેનો વતી તથા પોતાના વતી નમસ્કાર કહે છે. લંડનમાં–વિલાયતમાં લોકો અહીંનું 'આત્મધર્મ' વાંચી બહુ ખુશી બતાવે છે. જૈન શાસનને પ્રસિદ્ધ કર્યું હોય તો એમ કે, આ શ્રીમદ્‌નું નામ આપે છે. શ્રીમદ્‌નું અધૂરું હતું તે (હવે આપે) પૂરું કર્યું. એમની (શ્રીમદ્‌ની) નાની જિંદગી હતી. એમ કહીને ત્યાં લખ્યું છે. આ તો ભગવાનનો મારગ છે. આહા...હા ! અનંત તીર્થંકરો, અનંત જિનેશ્વરો એટલે કેવળીઓ, અનંત સંતોએ જે જૈનદર્શન કહ્યું એ આ વસ્તુ છે. આહા...હા ! એવી ચીજ બીજે ક્યાંય છે નહિ.

આપણે અહીં નય અધિકાર (ચાલે છે). ૨૭ આવ્યો છે ને ? ૨૭ નય ચાલ્યા છે. થોડો ઝીણો અધિકાર છે. પણ એને સમજવો તો પડશે ને ! અહીંયાં 'આત્મદ્રવ્ય' એ શબ્દ પહેલો આવ્યો ને ? **૨૮(મો નય)** આત્મ દ્રવ્ય ? આ વસ્તુ છે. એટલે એમાં શક્તિ–સ્વભાવ રૂપ અનંતગુણો છે. અને અનંતી પર્યાયો છે. એ બધી પર્યાયો અને ગુણોના ધર્મોના ધરનારને આતમદ્રવ્ય કહેવામાં આવે છે. 'આત્મદ્રવ્ય' જે આ પહેલો શબ્દ પડ્યો છે ને, એમાં આટલો અર્થ સમાણો છે. એ પહેલાં કહી ગયા છીએ. આહા...હા !

ભગવાન – આત્મદ્રવ્ય–વસ્તુ – એમાં દર્શન–જ્ઞાન–આનંદ આદિ અનંત ગુણ (છે). એને અહીંયાં ધર્મ કીધો છે. ગુણ રૂપી ધર્મને ધારી રાખ્યો છે અને તેની પર્યાયો જે અનંતી છે. એમાં કેટલીક વિકારી પણ છે. અહીં સાધક છે ને ? શ્રુતજ્ઞાન પ્રમાણથી જાણનારું આ દ્રવ્ય છે ને ?

એટલે એને (સાધકને) શ્રુતજ્ઞાન છે, એથી એને કેવળજ્ઞાન નથી. એથી કેટલીક પર્યાયમાં વિકૃત અવસ્થા છે. અને કેટલીક અનંતી પર્યાયો નિર્મળ છે. એ બધી પર્યાયો વિકૃત અને અવિકૃત અને ગુણ એ બધા ધર્મને ધારી રાખનારું આત્મદ્રવ્ય છે.

આહા...હા ! તેથી એકેક ગુણને અને એકેક પર્યાયને વિષય કરનાર નય છે. (નય) જ્ઞાનનો એક અંશ છે. એથી એના અનંત નયો પડે છે. અનંત ગુણ અને અનંત પર્યાયો (છે). માટે એને એકેકને જાણનારી અનંતનય થાય છે. એ અનંત નયનું એકરૂપ શ્રુતપ્રમાણ છે. આહા...હા ! ભાવશ્રુત હોં ! અનંત નયનો સમુદાય ભાવશ્રુત જ્ઞાન (છે). આહા...હા ! એ ભાવશ્રુતજ્ઞાન દ્વારા, અનંત ગુણ અને અનંત પર્યાયને ધરનારું દ્રવ્ય, તે એમાં પ્રમેય થાય છે. પ્રમાણમાં પ્રમેય થાય છે. એના માપમાં તે બધી ચીજ આવી જાય છે. આહા...હા ! સમજાણું કાંઈ ? આવી વાતું છે.

બહારની પ્રવૃત્તિ આડે અને ક્રિયા આડે એને આત્મા શું ચીજ છે ? એને જોવાની દરકારે કરી નથી. દયા–દાન–વ્રત–ભક્તિ ને પૂજા કરી, એ બધો ક્રિયાકાંડ છે. એ તો રાગ છે. એ એના સ્વરૂપમાં નથી. એટલે એનું (મૂળ) સ્વરૂપ જાણે ત્યારે એની પર્યાયમાં વિકૃત અને અવિકૃત છે, એનું જ્ઞાન સાચું થાય. સમજાણું કાંઈ ? એથી અહીં આપણે ૪૭ નય ચાલ્યા છે.

'**આત્મદ્રવ્ય સ્વભાવનયે સંસ્કારને નિરર્થક કરનારું છે.**' એમાં એકભાવ એવો છે. એક નયનો વિષય–એકભાવ એવો છે કે, એને સ્વભાવનયે જોઈએ તો સંસ્કારને નિરર્થક કરનારું છે. કોઈમાં સંસ્કાર પડે ને આત્મા સુધરે, એવું એમાં નથી. (એમ) કહે છે. એ પરના સંસ્કાર નિરર્થક કરનારું એવો એક ધર્મ – એક નયનો એક વિષય છે. એક નયનો હોં ! આહા...હા ! ઝીણું છે ભાઈ ! સંસ્કારને નિરર્થક કરનારું છે. છે ને ? એક યોગ્યતા. આત્મામાં એવો એક ધર્મ ગણ્યો છે કે, જે પરના કારણે અંદર સંસ્કાર પડે અને તેથી તેને લાભ થાય, એ નિરર્થક કરનારું છે.

પરના સંસ્કારથી એમાં લાભ થાય. એ વાતને નિરર્થક કરનારું, એવો એક ધર્મ છે. આહા...હા ! એવી એક પર્યાયમાં યોગ્યતા છે. પર્યાયની વાત છે ને આ ? એની પર્યાય અવસ્થામાં એક યોગ્યતા એવી છે કે, પરને લઈને સંસ્કાર પડે એ નતી; સંસ્કારને નિરર્થક કરનારું છે. આહા...હા ! એ સંસ્કાર ક્યા ? એ તો પોતાની ચીજ છે. આ તો પરના નિમિત્તથી અંદર સંસ્કાર પડે, એ નિરર્થક કરનારું છે. એ પોતાના આત્માના સ્વભાવને આશ્રયે તેની દશા પ્રગટ થાય છે એક નયે એને પરના સંસ્કારથી દશા પ્રગટ થાય છે. એવું એનું સ્વરૂપ નથી. સામે બીજી નય કહેશે.

આહા...હા ! (પૂર્વના) સંસ્કાર નિરર્થક (કરે) એ (વાત) નહિ. એ તો વર્તમાન વર્તતી વાત છે. પૂર્વની અહીં વાત નથી. વર્તમાનમાં એની એવી એક યોગ્યતા રૂપી ધર્મ નામ લાયકાત કહેવામાં આવી છે કે પરને કારણે એમાં સંસ્કાર પડે એવો એમાં ધર્મ નથી. વર્તમાનની વાત છે. આહા...હા ! કેમકે અનંત નયમાં અનંત ધર્મો એટલે વિષયો (છે). એનો સમુદાય શ્રુતપ્રમાણ અને શ્રુતપ્રમાણ વર્તમાનમાં વિષય કરે છે. વર્તમાન દ્રવ્ય અને ગુણને વર્તમાનમાં વિષય કરે છે. પૂર્વના સંસ્કારની વાત અહીં છે જ નહિ. આહા...હા ! સમજાણું કાંઈ ? આ પણ એક નય છે અને એ નય એકપણાના ધર્મને વિષય કરે છે અને એવા અનંતા નયોનો એકરૂપ ભાવશ્રુત પ્રમાણ (છે), જેનાથી અંતરમાં આનંદ આવ્યો હોય અને જ્યાં અંતરમાં આત્માના આશ્રયે જે જ્ઞાન પ્રગટ્યું હોય એવું

જે ભાવશ્રુત, એ ભાવશ્રુત દ્વારા, એ આત્મા અને એના ગુણો અને એની પર્યાયોનો વિષય થઈ શકે છે – પ્રમેય થઈ શકે છે. આવી વાતો છે. આહા...હા ! છે !

**'અર્થાત્ આત્માને સ્વભાવનયે સંસ્કાર નિરુપયોગી છે.'** પરને લઈને ગુરુને લઈને, દેવને લઈને, શાસ્ત્રને લઈને અંદર સંસ્કાર પડવા (તે) નિરર્થક કરનારું છે. (એમ) કહે છે. ઝીણી વાત છે. એનો પર્યાય સ્વતંત્ર તે કાળે પોતાના આત્માના અવલંબને, જે ધર્મદશા સમ્યક્દર્શન જ્ઞાન થયું, એમાં કોઈ પરના સંસ્કારની જરૂર નથી. એવો એક નયનો ધર્મ છે. આહા...હા ! શું કીધું ? જરૂર નથી એટલે છે જ નહિ. આત્માના સ્વભાવની અપેક્ષાએ, પરના સંસ્કારની બિલકુલ અંદર જરૂર નથી. એવો એક નય છે. બીજો નય સંસ્કારનો આવશે.

સંસ્કારનો (નય) બીજો. પણ સંસ્કાર નથી અને સંસ્કાર છે. એ કોઈ જીવને સંસ્કાર છે. એને નહિ. એ જીવને કોઈ વખતે સંસ્કાર આવે, ને કોઈ વખતે અસંસ્કાર અપાય એમેય નહિ. શું કીધું એ ? કોઈને સંસ્કારનયે ધર્મ પ્રગટે અને કોઈને અસંસ્કાર નિરર્થક કરીને પ્રગટે એમ નથી. તેમ એક જ જીવને માટે કોઈ વખતે સંસ્કારથી હોય, અને કોઈ વખતે અસંસ્કારથી હોય. એમેય નથી. એક જ સમયમાં સંસ્કારનય અને અસંસ્કારનય એમ બે લાગુ પડે છે. આવી વાતું છે. સમજાણું કાંઈ ?

સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા જિનેન્દ્રદેવે કહેલો આત્મા, એ તો અનંતગુણ ને અનંતી પર્યાયોનો સમુદાય તે આત્મા છે. અહીં નિશ્ચય સમ્યક્દર્શન છે. એનો વિષય ત્રિકાળી દ્રવ્ય છે. એ વાત તો અંદર હોય છે. એવા જ્ઞાનપ્રધાન કથનમાં એ ત્રિકાળી દ્રવ્યને પણ નય વિષય કરે છે. અને અનંતાગુણને પણ વિષય કરે છે. અને એક નય, પર્યાયને પણ વિષય કરે છે. એ બધા નયોનો સમુદાય કહીને, આત્મદ્રવ્યને સિદ્ધ કરવું છે.

એ તો પહેલાં દ્રવ્યનય આવી ગયો છે. દ્રવ્યનયે, દ્રવ્યનિક્ષેપે દ્રવ્ય. ક્ષેત્ર–કાળ–ભાવથી અસ્તિ. (છે). આહા...હા ! નયનો અધિકાર ઝીણો બહુ...! બાપા ! વાસ્તવિક જ્ઞાન સમજવા માટે એને ઘણો પુરુષાર્થ જોઈએ. વસ્તુસ્થિતિ શું છે એ ? રાગ હો અંદર, પણ રાગને જાણવા કાળે, એને (સાધકને) નિર્મળ દશા પણ પ્રગટી છે. એને રાગ હોય તેને જાણવાને નય કહેવામાં આવે છે.

જેને ધર્મ (એટલે) આત્માના આનંદના સ્વરૂપનું ભાન જ થયું નથી. જેને ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ છે. એનો પર્યાયમાં અતીન્દ્રિય આનંદનો લાભ થયો નથી, એને રાગને જાણનારું જ્ઞાન જ થયું નથી. સમજાય એટલું સમજો બાપુ ! આ તો સર્વજ્ઞ પરમાત્મા(નો માર્ગ છે). આહા...હા ! અને તે પણ જૈન ધર્મ (છે). એટલે કે દિગંબર જૈનધર્મ આહા...હા ! બાપુ ! એ બહુ ઝીણી વસ્તુ છે.

આહા...હા ! અનાદિ અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ, અનંત સંતો જે રીતે કહી ગયા છે. તે રીતે કહેવાય છે. આહા...હા ! શું કહ્યું એ ? આ આત્મદ્રવ્ય વસ્તુ. જે અનંતગુણ અને અનંત પર્યાયને ધરનારું, તેના એક એક ગુણને અને એક એક પર્યાયને વિષય કરનારો નય, જ્ઞાનનો અંશ, એ અનંતનયોનો સમુદાય, એ ભાવશ્રુત જ્ઞાન કે જે ભાવશ્રુતજ્ઞાન દ્રવ્યને અવલંબીને થયું છે. ત્રિકાળી દ્રવ્યને અવલંબને થયું છે. એકલા ગુણભેદને અવલંબને નહિ. પર્યાયના અવલંબને

નહિ. આહા...હા ! સમજાણું કાંઈ ? સવારે એક સઝ્ઝાયમાં આવ્યું હતું. સપ્રદેશ આવ્યું હતું. જીવ સપ્રદેશી છે. એમ (આવ્યું હતું). આમાં આવ્યું હતું ('અષ્ટપાહુડ'માં કે 'નિયમસાર'માં) અપ્રદેશી નથી કહ્યું જોયું ? સપ્રદેશ કીધું છે. (કોઈ) ભલે એક પ્રદેશી કહે. 'પંચાસ્તિકાય'માં અસંખ્ય પ્રદેશીની અપેક્ષાએ, અસંખ્ય પ્રદેશી જ છે. પણ એને અભેદ ગણીને અસંખ્ય પ્રદેશી કહે. પણ એક પ્રદેશી ન કહે. અપ્રદેશી તો પરમાણુને અને કળાણુને કહેવામાં આવે.

આહા...હા ! અહીંયાં આત્મામાં અસંખ્ય પ્રદેશ છે. એને પણ એક એવો ગુણ છે. નિયતપ્રદેશત્વ નામનો તેનામાં એક ગુણ છે. નિયતપ્રદેશત્વ – અસંખ્યપ્રદેશ, તે નિશ્ચયથી છે. એવો એનો એક ગુણ છે. એકપ્રદેશી છે, એવો એનો ગુણ નથી. તેમ અપ્રદેશી છે, એવો એનો ગુણ નથી. ભાઈ ! ઝીણી વાત છે.

થોડા ફેરે, બહુ ફેર પડી જાય (તેમ) છે. એ અસંખ્ય પ્રદેશ છે, એવો એક નિયત પ્રદેશત્વ ગુણ છે. એવો એક ગુણ છે એવા ગુણને પણ વિષય કરનાર એક નય છે. એ અસંખ્ય પ્રદેશી વસ્તુ છે. એવો એક નિયત પ્રદેશી ગુણ છે. ૩૬મો છે ને ? સમજાણું કાંઈ ? ૪૭ શક્તિ છે ને ! (એમાં આવે છે).

અહીં એમ કહેવું છે કે, એક ગુણ અને એને વિષય કરનાર એક નય છે. એક નય, એ અસંખ્ય પ્રદેશી (વસ્તુ) છે. (તેને વિષય કરે છે). એવો એક નય છે. અને બધા નયનો સમુદાય (તે શ્રુતજ્ઞાન પ્રમાણ) જ્ઞાન છે, દર્શન છે, આનંદ છે, એ દરેક ગુણને પર્યાય છે. અને પર્યાયને વિષય કરનાર એક નય છે. અને એ અનંત નયનો સમુદાય, શ્રુતપ્રમાણ તે આખા દ્રવ્યને એટલે દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણને વિષય કરે છે. તો શ્રુતજ્ઞાનપ્રમાણમાં અસંખ્ય પ્રદેશી (છે) એ પણ વિષય આવી ગયો. ભાઈ ! સમજાણું કાંઈ ?

એમાં અપ્રદેશી આવ્યું નહિ. પ્રદેશની અપેક્ષાએ ત્યાં અખંડપણું ન આવ્યું, મારું એમ કહેવું છે. સમજાણું ? શું કહ્યું એ ? અસંખ્ય પ્રદેશ છે. એમાં અનંત ગુણ છે. અને અસંખ્ય પ્રદેશ છે એવો એનો એક ગુણ છે. તો એક ગુણ અસંખ્ય પ્રદેશી છે એવું આવ્યું. પણ એમાં અખંડ પ્રદેશી છે. એવો કોઈ ગુણ નથી. એને અપેક્ષિત એક પ્રદેશી છે, એમ કહેવાય. આખાને ગણીને એક પ્રદેશી કહેવાય, પણ અપ્રદેશી છે. એવો કોઈ ગુણ (પણ) નથી ને એવી કોઈ પર્યાય (પણ) નથી. સમજાણું કાંઈ ? પરમાણુને, કાળાણુને પ્રદેશ છે. એક પણ પ્રદેશ છે ને ? એમ અહીં અસંખ્ય (પ્રદેશ) છે. ઓલો એક (પ્રદેશ છે. પ્રદેશ નથી જ એવું કોઈ દ્રવ્ય નથી. પણ અખંડ પ્રદેશી છે, માટે અસંખ્ય પ્રદેશી કોઈ ગુણ નથી એમ નથી લેવું. આ તો ન્યાયનો વિષય છે. ભાઈ ! સમજાણું કાંઈ ?

એક પ્રદેશી કહે. અસંખ્ય પ્રદેશી કહે. પ્રદેશ વિનાનું કોઈ દ્રવ્ય નથી, એમ કહે. કેમકે પ્રદેશ વિનાનું કોઈ દ્રવ્ય (જ) નથી. કાળાણુ પણ એક પ્રદેશી છે. પરમાણુ પણ એક પ્રદેશી છે. અને આ તો અસંખ્ય પ્રદેશી છે. અસંખ્ય પ્રદેશી એ તો એનો ગુણ છે. ગુણ છે એને મુખ્ય કરી એ અસંખ્ય પ્રદેશી જ છે. એ પછી એને એક અપેક્ષા ગણીને, બધું એક કરીને ગણાય. ત્યારે એને એક પ્રદેશી (છે. એમ) 'પંચાસ્તિકાય'માં લીધું છે. છે અસંખ્ય પ્રદેશી પણ એને એક

પ્રદેશી (અપેક્ષાએ કહેવાય). એક પ્રદેશી પણ અખંડ પ્રદેશી એમ નથી લીધું. વાતમાં ફેર છે. મોટો જરી... ન કહેવાય. આહા...હા ! પ્રદેશ છે. અસંખ્ય પ્રદેશ છે. વસ્તુ એમ છે.

આહા...હા ! ૭૯માં એક મોટો પ્રશ્ન થયો હતો. ૭૯માં. આ પ્રદેશ અસંખ્ય અને અનંત કીધા છે ને ? એ કલ્પના છે. વસ્તુમાં એ વાત છે નહિ. ૭૯ની સાલની વાત છે. કીધું કે નહિ. પ્રદેશ છે, એ વસ્તુ છે. આકાશના પ્રદેશ અનંત છે. જીવના પ્રદેશ અસંખ્ય છે. અસંખ્ય છે. એ કલ્પના માત્ર છે, એમ નહિ.

તેથી અહીં ૪૭ શક્તિમાં તો એમ લીધું કે, નિયત પ્રદેશત્વ તેની શક્તિ છે. અસંખ્ય પ્રદેશ છે, એવો એનો એક ગુણ છે. આહા...હા ! એ ગુણને પણ વિષય કરનાર એક નય છે. અને એવા અનંત ગુણો, અને અનંત પર્યાયને ધરનારું આત્મદ્રવ્ય છે. એ આખા દ્રવ્યને શ્રુતપ્રમાણ–અનંતનયોનો સમુદાય જે શ્રુતપ્રમાણ – તે તેને પ્રમેય કરે છે. આહા...હા ! આવું આકરું છે. ભાઈ...! કોઈ દિ' બાપદાદાએ સાંભળ્યું ન હોય !

મારગ એવો વીતરાગનો છે. ભાઈ ! ત્રણલોકના નાથ સર્વજ્ઞ, જિનેન્દ્ર દેવ, પૂર્ણાનંદના નાથ આહા...હા ! એમની દિવ્યધ્વનિમાં આવેલી ચીજ અલૌકિક છે. અહીંયાં એમ કહેવું છે કે, બીજા નયમાં સંસ્કાર આવશે ને ? એથી મગજમાં એમ આવી ગયું. અસંખ્ય પ્રદેશી છે, તો એને અપ્રદેશી પણ કહેવાય કે નહિ ? એમ નહિ. સમજાણું કાંઈ ? અહીં સંસ્કાર છે, એની સામે અસંસ્કાર કહેશે. પણ અસંખ્ય પ્રદેશી છે, એની સામે અપ્રદેશી નહિ કહેવાય. આહા...હા ! સમજાય છે કાંઈ ? મોટો ફેર પડે છે એમાં ! લોકાકાશ અસંખ્ય પ્રદેશી છે. ધર્માસ્તિકાય અસંખ્ય પ્રદેશી છે. અધર્માસ્તિકાય અસંખ્ય પ્રદેશી છે. કાળાણુ અસંખ્ય પ્રદેશી – પણ ભિન્ન ભિન્ન છે. અને પરમાણુ એક પ્રદેશી છે. નિશ્ચય પરમાણુ–પુદ્ગલ એ તો એક પરમાણુ છે. ઝાઝા પ્રદેશના પરમાણુઓને સ્કંધ કહેવાય, એ વ્યવહાર છે. આહા...હા ! નિશ્ચયથી એક પરમાણુ છે, એને પુદ્ગલ કહે છે.

પુદ્ગલ પરમાણુને નિશ્ચય કહે છે. આવે છે ને ભાઈ ! નિશ્ચય પુદ્ગલ પરમાણુને કહે છે. અને બેથી માંડીને અનંત પરમાણુઓના સ્કંધને વ્યવહાર પુદ્ગલ કહે છે. આ તો વીતરાગ મારગ બહુ સૂક્ષ્મ ભાઈ ! એણે (વીતરાગે) કહેલો આત્મા, એવો બીજે ક્યાંય છે નહિ. અને એના કહેલાને, જૈનમાં જન્મ્યા એને (પણ) ખબર ન મળે.

તેથી અહીં આમાં અનંત નયો પાડ્યા (છે). કે '**આત્માને સ્વભાવનયે સંસ્કાર નિરૂપયોગી છે.**' છે ને ? આહા...હા ! એ તો અંદરથી પ્રગટ થાય છે, એને સંસ્કારનયે કહીએ છીએ.

'**જેને કોઈથી અણી કાઢવામાં આવતી નથી...**' છે ને ? '**જેને કોઈથી અણી કાઢવામાં આવતી નથી (પણ જે સ્વભાવથી જ અણીવાળો હોય છે એવા તીક્ષ્ણ કાંટાની માફક).**' તીખો કાંટો હોય છે ને. તીખો કાંટો, (કાંટો) હોય ઝીણો, પણ બહુ કઠણ હોય સોયનું કામ કરે. એવા તીક્ષ્ણ કાંટાની માફક. આહા...હા !

સ્વભાવથી જ તીખો સોયના જેવો ગુણવાળો હોય, એમ ભગવાન આત્માનો સ્વભાવ, કોઈના સંસ્કારથી નિરૂપયોગી છે. અંદર સ્વભાવ એનો નિર્મળ પ્રગટ થાય છે. આત્માના લક્ષે આત્મામાં જે અનંત અનંત ગુણ અને સ્વભાવ પડ્યા છે. એ સ્વભાવ પર્યાયમાં સહજપણે પરિણમીને આવે

છે. કોઈ પરના સંસ્કારની એમાં જરૂર નથી. આહા...હા ! એક બોલ થયો... તીક્ષ્ણ કાંટાની માફક.

**(હવે) ૨૯ (મો નય)** એનાથી વિરુદ્ધ 'આત્મદ્રવ્ય'. આત્મદ્રવ્ય એટલે અનંત ગુણ અને અનંત પર્યાયનો સમુદાય તે આત્મા. અનંતા ગુણો અને અનંતી પર્યાયનો આધાર, અધિષ્ઠાતા–સ્વામી આત્મા.

તે '**(આત્મદ્રવ્ય) અસ્વભાવનયે સંસ્કારને સાર્થક કરનારું છે.**' પણ તેને તે સમયે હોં ! કોઈ વખતે સંસ્કારને સાર્થક કરનારું છે. અને કોઈ વખતે (નહિ), એમ અહીં નથી.

એ અનંત નયો શ્રુતજ્ઞાન પ્રમાણ સમુદાયમાં આવી ગયા. અને શ્રુતજ્ઞાનપ્રમાણમાં બધા ગુણો અને પર્યાયોને એક સાથે પ્રમેય કરે છે. આહા..હા ! દિગંબર શાસ્ત્રો બહુ ઝીણાં (અને) સૂક્ષ્મ છે. ભાઈ ! આહા...હા ! એ કોઈ સાધારણ માણસનું કામ નથી. જેની આત્માની શોધક દૃષ્ટિ હોય છે, એને આ રીતે બેસે છે. શોધક દૃષ્ટિ. આહા...હા !

(અહીં) કહે છે, '**આત્મદ્રવ્ય અસ્વભાવનયે સંસ્કારને સાર્થક કરનારું છે.**' પહેલાં સંસ્કારને સાર્થક કરનારું નથી, એમ કહ્યું હતું. અહીં સાર્થક કરનારું છે, એવી પણ એક યોગ્યતા ગણવામાં આવી છે. એવો પર્યાયમાં એક ધર્મ ગણવામાં આવ્યો છે કે જે સામે દેવ–ગુરુ–શાસ્ત્ર કહે, તેના સંસ્કાર પડે, એવી એક યોગ્યતા ગણવામાં આવી છે. પણ તે યોગ્યતાને કાળે નિરર્થક કરે તે સાપેક્ષધર્મ છે. શું કીધું ? સમજાણું ? સંસ્કાર કરનારું છે, એ જ કાળે અસંસ્કાર કરનાર ધર્મ પણ છે. એમ નહિ કે કોઈ વખતે સંસ્કાર છે, ને કોઈ વખતે અસંસ્કાર છે. જુદા જુદા નય લાગુ પડે એમ નથી.

આહા...હા ! આવી વાતો છે. નયનો અધિકાર (ઝીણો બહુ) ! 'અમૃતચંદ્ર આચાર્ય', 'કુંદકુંદઆચાર્ય' પછી હજાર વર્ષે થયા. ગજબ કામ કર્યું છે. આહા...હા ! આવો અધિકાર આ 'પ્રવચનસાર' સિવાય બીજે ક્યાંય, કોઈ શાસ્ત્રમાં નથી. આહા...હા ! પણ આ તો શાંતિથી, ધીરજથી સાંભળવું પડે, ભાઈ !

'**અર્થાત્ આત્માને અસ્વભાવનયે સંસ્કાર ઉપયોગી છે.**' જોયું ? ઓલું નિરુપયોગી કહ્યું હતું, અને આ ઉપયોગી (કહ્યું). એક ધર્મની યોગ્યતા પર્યાયમાં ગણવામાં આવી છે. પર્યાયમાં ગણવામાં આવી છે. પર્યાયમાં હોં ! આ સમજાણું કાંઈ ? ઓલો સંસ્કારનય એ પણ પર્યાયમાં છે. ભાઈ ! સંસ્કાર નિરુપયોગી છે, એ પણ પર્યાયમાં છે. અને સંસ્કાર ઉપયોગી છે, એ પણ પર્યાયમાં છે. હોં ! ગુણ તો ત્રિકાળ છે. આહા...હા ! ગંભીર વાત છે. પ્રભુ !

આત્મા અંદર ગુણનો દરિયો (ને) પર્યાયનો દરિયો ભર્યો છે. આહા...હા ! અપાર... અપાર... શક્તિ (ભરી પડી છે) એ શક્તિનો સમુદાય, એની પછી અનંતી જે પર્યાય, એમાં એક પર્યાય એવી છે કે, જે સંસ્કારને નિરુપયોગી કરે છે. તે જ સમયે એક પર્યાય એવી છે કે જે સંસ્કારને સાર્થક કરે છે. એ બે નય એક સમયે છે. બે નય ભિન્ન ભિન્ન પુરુષને આશ્રયે તો નહિ, પણ એક પુરુષને ભિન્ન કાળે પણ નહિ. સમજાણું કાંઈ ?

અનંત ધર્મ એક પર્યાયમાં છે. એમાં આ એક ધર્મ છે. આહા...હા ! એની એ પર્યાયને એક અપેક્ષાએ નિરુપયોગી કહી. ગજબ વાત છે ! બાપુ ! સમજાય એટલું સમજવું. આ તો

નયનો વિષય લીધો છે ને !? આજે નયનો તેરમો દિ' હાલે છે. ૪૭ નય છે. આહા...હા ! છે ?

**'આત્માને અસ્વભાવનયે સંસ્કાર ઉપયોગી છે. જેને (સ્વભાવથી અણી હોતી નથી. પણ સંસ્કાર કરીને) લુહાર વડે અણી કાઢવામાં આવી છે.'** એ રીતે પણ એક યોગ્યતા પર્યાયમાં એ ધર્મની છે. આહા...હા ! **'લુહાર વડે અણી કાઢવામાં આવી હોય છે. આવા તીક્ષ્ણ તીરની માફક.'** તીક્ષ્ણ તીર. તીરને ઝીણી અણી કરે છે ને ? એ રીતે પણ પર્યાયમાં એવો એક યોગ્યતાનો ધર્મ ગણવામાં આવ્યો છે. ધર્મ એટલે એ પર્યાયને ધારી રાખી છે, એ અપેક્ષાએ ધર્મ. ધર્મ એટલે મોક્ષનો માર્ગ કહીએ એ નહિ. એવી એક પર્યાય છે કે, જેને આત્માએ ધારી રાખી છે. આહા...હા ! એક પર્યાયમાં પણ સ્પતભંગી ઊઠે છે. આહા...હા !

એક પર્યાય, પર્યાયપણે છે. બીજી પર્યાયપણે નથી. બીજાની અનંત પર્યાયપણે નથી. આહા...હા ! એમ એક જ પર્યાયમાં સંસ્કાર પણ કહી શકાય. (અને અસંસ્કાર પણ કહી શકાય). અસંસ્કાર પણ હોય, સંસ્કાર પણ હોય, એવી એક યોગ્યતા ગણવામાં આવી છે. આહા...હા ! શું કહ્યું એ ? એમ કે એક પર્યાય છે એ સંસ્કાર નિરર્થક કરે છે. અને બીજી એક પર્યાય સાર્થક કરે છે, એમ નહિ. શું કહ્યું ? આ તો ઝીણામાં ઝીણું હાલ્યું ભાઈ ! સંસ્કાર અને અસંસ્કાર. ભિન્ન પુરુષની અપેક્ષાએ નહિ, ભિન્ન કાળની અપેક્ષાએ નહિ, એક જ સમયે બે (યોગ્યતા) છે. સંસ્કાર અને અસંસ્કારની બે યોગ્યતા ગણવામાં આવી છે. કારણ કે નયોનો સમુદાય શ્રુતપ્રમાણ તે એક સમયમાં છે. અને એક સમયમાં શ્રુતપ્રમાણ તે બધાનો વિષય કરે છે.

એ બેય યોગ્યતા કહેવામાં આવી છે. ખરેખર સંસ્કાર નથી. એ નિશ્ચયમાં–યથાર્થમાં જાય છે, અને સંસ્કાર પડે છે, એ વ્યવહારમાં જાય છે. એટલું. આહા...હા ! પણ એક જ પર્યાયમાં છે. ઝીણું બહુ બાપુ ! આવો મારગ વીતરાગનો (છે). આહા...હા !

દેશનાલબ્ધિ છે. યોગ્યતા પડે છે ને અંદર ? લક્ષ પડે છે ને ? શ્રીમદ્‌માં આવે છે ને...? 'લક્ષ થવાને તેહનો કહ્યો શાસ્ત્ર સુખદાય' લક્ષ થવાને આવે છે ને ? એટલું નિમિત્ત છે અને એ પણ લક્ષ થવાની યોગ્યતા પોતામાં છે. એવી યોગ્યતા ગણવામાં આવી છે. આજે તો બહુ ઝીણું હાલ્યું ! એવું છે. વિશાળ મારગ છે.

એનો અર્થ એવો નથી કે વ્યવહારથી પણ નિશ્ચય થાય અને નિશ્ચયથી પણ નિશ્ચય થાય. એવો આ ધર્મ નથી. અહીં તો વ્યવહાર–રાગ છે, એ એક નયનો વિષય છે. નિશ્ચય છે, એ એક નયનો વિષય છે. બધા નયનો સમુદાય થઈને શ્રુતપ્રમાણ છે. નિશ્ચય અને વ્યવહાર અને ગુણોને એક સાથે પ્રમેય કરી શકે છે. આહા...હા ! આ વાત મોટા શહેરોમાં તો હાલે નહિ. લ્યો !

એ 'સમાધિશતક'માં આવ્યું હતું કે, ભાઈ ! સમજ્યો છે, જ્ઞાન થયું છે. પણ કોઈ પૂર્વના સંસ્કાર વડે ભ્રાંતિ થઈ જાય. ભાઈ ! 'સમાધિશતક'માં આવ્યું હતું (કે) પૂર્વના સંસ્કાર એના પોતાના એમ કે સમ્યક્‌દર્શન થયું, આત્માના આનંદનું ભાન થયું, પણ તેને કોઈ પૂર્વના સંસ્કારે વળી ભ્રાંતિ પણ થઈ, એવું આવ્યું હતું.

એક શ્લોક એમાં આવ્યો હતો. એ તો પૂર્વના પોતાના સંસ્કારની વાત છે. એ પણ અપેક્ષિત છે. આ તો કોકના નાખેલા સંસ્કારની વાત છે. નિમિત્તથી થયેલા સંસ્કાર એની વાત છે. સમજાણું કાંઈ ? આજ તો બહુ ઝીણું ગયું. આહા...હા ! ક્યાંનું ક્યાં જાય. મારગ વીતરાગનો બહુ (કઠણ) !

અનેકાંત માર્ગ છે. એ અનંત ધર્મને બતાવે છે. અનેકાંત માર્ગ એમ નથી કહેતું કે સ્વથી પણ છે અને પરથી પણ છે. તો એ અનેકાંત છે, એમ નહિ. વ્યવહારથી પણ ધર્મ થાય અને નિશ્ચયથી પણ થાય, એ અનેકાંત એમ નહિ. પણ વ્યવહાર, વ્યવહાર કાળે છે, નિશ્ચયવાળાને જેને આત્મજ્ઞાન થયું છે, આત્મદર્શન થયું છે, ત્રિકાળી દ્રવ્યના આશ્રયે સમ્યક્જ્ઞાન થયું છે. તેને વ્યવહાર પણ હોય છે. એ વ્યવહારને જાણે છે, નિશ્ચયને જાણે છે. એવા અનંતનયનો સમુદાય શ્રુતપ્રમાણ, એ બધા દ્રવ્ય–ગુણ–પર્યાયનો વિષય કરે છે. આહા...હા ! સમજાણું કાંઈ ? એવું છે. ૨૯ (નય) થયાને ?

**હવે ૩૦ (મો નય). 'આત્મ દ્રવ્ય કાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખે છે. (એવું છે).'** શું કહે છે ? આત્મદ્રવ્યમાં એવા એક ધર્મની યોગ્યતા છે, કે જે કાળનયે જે સમયે મુક્તિ થવાની તે સમયે થાય. જે સમયે સમ્યક્દર્શન થવાનું હોય તે સમયે થા. (એ) એનો કાળ છે. સમજાણું કાંઈ ?

**'કાળનયે જેની સિદ્ધિ,'** જોયું ? મુક્તિ સમય પર આધાર રાખે છે એવું છે. એમાં પુરુષાર્થ ઊડી ગયો છે, એમ નથી. જે સમયે તેની મુક્તિ કે ધર્મ થવાનો છે. તે સમયે થાય, પણ એનો પુરુષાર્થ દ્રવ્ય ઉપર હોય છે. એના પુરુષાર્થનું વલણ દ્રવ્ય ઉપર હોય છે. એમાં આ કાળે થાય એવું એનું જ્ઞાન કહે છે. આહા...હા !

આ મોટી તકરાર કાળની ચાલે છે. 'તત્ત્વાર્થ રાજવાર્તિક'માં આવે છે, એની મોટી તકરાર કરે છે. કોઈ કહે કાળે પણ થાય અને કોઈ કહે અકાળે આઘાપાછા પણ થાય. એમ અહીં નથી. કોઈને અનંતકાળે મોક્ષ થતો હોય તો થાય અને કોઈને અનંતકાળ કરતાં વહેલો, કાળ ફેરવીને મોક્ષ થઈ જાય, એમ નથી. છે તો કાળનય તેને જાણનારની દૃષ્ટિ પણ દ્રવ્ય ઉપર છે. અને શ્રુતપ્રમાણ વડે કરીને દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણે અને કાળનયનો અંશ શ્રુતપ્રમાણમાં ભળે છે. એવા અનંતા નયનો સમુદાય અને શ્રુતપ્રમાણ, એ કાળનયને પણ જાણે છે. અને ગુણને પણ જાણે છે. અને બધાને જાણે છે.

આ વાણિયાને વખત મળે ઓછો અને આવી ઝીણી વાતો ભાઈ ! બાપુ ! મારગ એવો ઝીણો છે. આહા...હા ! વીતરાગ, સર્વજ્ઞ જિનેન્દ્રનો એ માર્ગ બીજે ક્યાંય છે નહિ.

જિનેશ્વર ! પરમેશ્વરની ! (વાત) શું કહીએ ! બીજાને દુઃખ થાય. બાકી તો આ વાત શ્વેતાંબરમાં (પણ) નથી. ને સ્થાનકવાસી કોઈમાં આ વાત નથી. આ સ્વરૂપની સ્થિતિનું વર્ણન કોઈ સ્થાનમાં છે નહિ. વેદાંત–ફેદાંતમાં તો નથી (તેમ) ગીતા–ફીતામાં (પણ) નથી.

આહા...હા ! શું કરે ? પણ અંદર જિંદગીની કોને પડી છે ? આહા...હા ! હમણાં એ સાંભળ્યું. કોઈક કહેતું હતું (કે) ૨૧૩ માણસનું પ્લેન પડ્યું (થોડું) હાલ્યું ત્યાં પડ્યું. બધું સાફ થઈ ગયું. આહા...હા ! પણ કાળે થવાનું હતું, તે સમયે તે જ (થવાનું) છે. એ સમયનો અકસ્માત

થયો છે, એમ છે જ નહિ. આહા...હા !

અહીંયાં મુક્તિની વાત છે. એ તો એ સમયે, બરાબર એ જ સમયે અને એ જ ક્ષેત્રે અને એ જ સંયોગે દેહ છૂટવાનો હતો. એમાં ત્રણકાળમાં ફેરફાર ક્યાંય થાય નહિ. કે ધ્યાન રાખ્યું હોત તો આમ થાત. ને ફલાણું રાખ્યું હતો તો આમ થાત. એ બધી વ્યવહારની વાતો. અભૂતાર્થનયની. ભૂતાર્થનય તો આ છે.

હવે, આપણે તો કાળ–અકાળમાં બેયને મેળવવા છે. મુક્તિને માટે મેળવવા છે. એ તો દેહ છૂટવામાં કાળનયે, જેની સિદ્ધિ એટલે મુક્તિ સમય પર આધાર રાખે છે. જે સમયે મુક્તિ થવાની એ સમયે આધાર રાખે છે. તે જ સમયે મુક્તિ થાય. આઘીપાછી, બીજે સમયે મુક્તિ થાય જ નહિ. આહા...હા !

એમ તો સમ્યક્દર્શન પણ જે સમયે થવાનું તેજ કાળે થાય. આઘુંપાછું નહિ. ચારિત્ર પણ જે સમયે થવાનું તે જ કાળે થાય. આઘુંપાછું નહિ. (દરેક દ્રવ્યમાં એમ છે). છતાં તેની દૃષ્ટિમાં પુરુષાર્થ છે. સ્વભાવ તરફની દૃષ્ટિ છે. અને આ રીતે તે કાળે થવાનું છે, તે થાય છે. દૃષ્ટિ એની સ્વભાવ ઉપર છે. દૃષ્ટિ એની પર્યાય ઉપર નથી. આહા...હા ! આવી વાત છે.

દૃષ્ટિમાં પુરુષાર્થ ચાલે છે. ધ્યેય(માં) દ્રવ્ય લીધું છે. સમજાણું કાંઈ ? અને કાળ પણ તે સમયે છે. અને ભવિતવ્યતા, તે જ ભાવ, તે જ સમયે છે. અને કર્મનો અભાવ પણ તે સમયે તે જ છે. પાંચે સમવાય એક (સાથે) છે. આહા...હા !

અમારે ૭૨ની સાલમાં સંપ્રદાયમાં મોટો વાંધો ઊઠ્યો હતો ને ? કે આપણો પુરુષાર્થ શું કામ આવે ? કેવળજ્ઞાનીએ દીઠું હશે તેમ થશે. કેવળજ્ઞાનીએ દીઠું તે સમયે થશે. આપણે શું પુરુષાર્થ કરીએ ? એમ બોલ્યા કરે. બે વરસ તો (આ) સાંભળ્યું. ૭૦માં દીક્ષા (લીધી) ને ૭૨(માં વાંધો ઊઠ્યો) બાસઠ વર્ષ પહેલાં, બે વર્ષ પછી વળી બહાર કાઢ્યું. હવે કીધું. અરે ! આ શું કહે છે લોકો ?

સંપ્રદાયના ગુરુ હીરાજી મહારાજ હતા. નરમ હતા. કષાય મંદ હતો. શાંત–ગંભીર બહુ (હતા). વસ્તુ તો ત્યાં ક્યાં હતી ? દૃષ્ટિ તો વિપરીત. એમાં આ વાત કીધી, કે આ શું તમે વારંવાર કહો છો કે, જે કાળે થશે તે કાળે થશે. અને એમાં પુરુષાર્થ શું કહીએ ? આમાં ભગવાને દીઠું (હશે) એમ થાશે. તો ભગવાન છે, એમ માન્યું તમે ? આ તો ૭૨ની ફાગણ સુદ તેરસ–ચૌદસની વાત છે.

સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ, એક સમયમાં ત્રણકાળ–ત્રણલોક જાણે. અને તે પણ તેનો પર્યાયનો સ્વભાવ જ ત્રણકાળ ત્રણલોકને જાણવાનો (છે). એવી પર્યાયની સત્તાનો તને સ્વીકાર છે પહેલાં ? પછી એમણે દીઠું હોય તે થાય, એ વાત પછી. બરાબર છે ભાઈ ? આ તો અંદરથી આવ્યું હતું.... તે દિ'. ત્યાં હજી વાંચ્યું નહતું. તે દિ', 'સમયસાર' વાંચ્યું ન હતું. 'પ્રવચનસારેય' વાંચ્યું ન હતું. પણ એ વાત. '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहि।**' એમાંથી એ આવ્યું. આહા...હા !

ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર જેના એક ગુણની એક પર્યાય, ત્રણકાળ, ત્રણલોકને ભગવાન જાણે એવી પર્યાયની સત્તાના સામર્થ્યની પ્રતીતિ છે એને ? પછી દીઠું એ થાય, એ વાત પછી

હેં ! આહા...હા ! તેથી એમ આવ્યું ને આમાં. '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहि**' (જે દ્રવ્ય–ગુણ) પર્યાયને જાણે, એ આત્મા તરફ વળ્યા વિના રહે નહિ. અને એને મિથ્યાત્વનો નાશ થયા વિના રહે નહિ. આહા...હા !

પછી એ વખતે તો એમને એમ રહી ગયું. પણ ૭૨ની વાત છે. બાસઠ વર્ષ પહેલાંની વાત છે. પછી બીજે દિવસે સંપ્રદાયના અમારા ગુરુ હતા, તેમને જરી ખટક્યું. મારી વાત તેમને સાચી લાગી. પણ એની વાત ખોટી લાગી.

એ કહે કે કાનજી કહે છે, તે ઠીક કહે છે. અને હેં ! તું કહે છે એમ હોય તો પાંચ સમયવાય સિદ્ધ થઈ જાય. એને પાંચ સમવાયની શ્રદ્ધા નહિ એ લોકોમાં પાંચ સમવાય ચાલે નહિ. એ પાછા ત્યાં મૂંઝાણા. આ બધા એના ભક્તો હતા (અમને) ખબર છે ને.

એક સમયે કોને કહે ? પ્રભુ ! ક... બોલીએ એમાં અસંખ્ય સમય જાય. એમાં એક સમયમાં ત્રણકાલ ત્રણલોક જાણે. (એક) સમયની પર્યાય આવડી હોય. એ જગતમાં છે, એમ માન્યું છે ? પહેલું ?

જેણે એક સમયમાં આટલું છે, એમ માન્યું. એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે. તે દિ' દ્રવ્ય ઉપર જાય છે, એમ શબ્દ નહતો પણ જ્ઞાનમાં જાય છે. એમ કહ્યું હતું. તે દિ' દ્રવ્ય(ની) તો ક્યાં (ખબર હતી) જેને પર્યાયની આટલી સત્તા થઈ એને જ્ઞાન ઉપર દૃષ્ટિ જાય છે. જ્ઞાનમાં ઘૂસી જાય છે. એને ભવ હોય નહિ. ભગવાને એના ભાવ દીઠા જ ન હોય. ભવ હોય નહિ, જાઓ !

(પછી) મોટી તકરાર થઈ હતી. છોડી દીધો. સંપ્રદાય જ છોડી દીધો. ચોવીસ કલાકમાં છોડી દીધું. બહાર વહ્યો ગયો. (ચાલ્યો ગયો). આ જોઈએ નહિ મારે, ન્યાય સમજાય એ જોઈએ. એ ગુરુ ન જોઈએ. એ સંપ્રદાય ન જોઈએ. નીકળી ગયો બહાર, બે અઢી ગાઉ (દૂર)... પછી મોટા શેઠિયાઓ બધા આવ્યા. કોઈ દિ' આપણે બોલીએ નહિ. એમ મળવા આવ્યા જરી. કહે – શું થયું ? ભાઈ ! બે વરસથી સાંભળતા અને બેઠું નહોતું. અને આ વાત કરી.

બધા મોટા શેઠીયા રાત્રે આવ્યા, (કહે) 'મહારાજ !' તે દિ' ૨૫ વરસની ઉંમર હતી. ૬૪ વર્ષ પહેલાં (આ) કીધું (હતું). આપણે તો સવારે ગયા. પણ મારગ તો આ છે ભાઈ ! મારી પાસે. આ ફેરવવાની વાત નથી. બે વરસે હીરાજી મહારાજ ગુજરી ગયા. આહા...હા ! જેને કેવળજ્ઞાનની પર્યાય (બેઠી) આહા...હા ! એ જ કાળે કેવળજ્ઞાન થશે. અને એ કેવળજ્ઞાનની પર્યાયનું સામર્થ્ય, જેણે ત્રણકાળ, ત્રણલોક જાણ્યા. પણ એથી અનંત ગણું કાળ અને ક્ષેત્ર હોય ! એ તો નહોતું તે દિ', પણ એટલું ત્રણકાળ અને ત્રણલોકને એક સમયમાં જાણ્યા, એ પર્યાયનું સામર્થ્ય કેટલું પ્રભુ ?! એ સામર્થ્ય જેને બેસે પછી એને (કેવળીએ) દીઠું એમ થાય. 'એ સામર્થ્ય જેને બેસે એને ભવ હોય જ નહિ.' કીધું એ પર્યાય જ્ઞાનમાં ઘૂસી જાય છે. સમજાણું કાંઈ ! આહા...હા !

એમાં કાળનયે છે. ખરી વાત. પણ કાળનયે તે કાળે થાય. તે નયે પણ પુરુષાર્થ સ્વભાવ ઉપર છે. તે સમયે એની કાળ ઉપર નજર નથી. પર્યાય એનો કાળ આવશે ત્યારે થશે. સમજાણું

કાંઈ ?

'**આત્મદ્રવ્ય કાળનયે. જેની સિદ્ધિ સમય ઉપર આધાર રાખે છે. (એવું છે) ઉનાળાના દિવસ અનુસાર પાકતા આમ્રફળની માફક.**' આમ્રફળ કેરી. આમ્રફળની માફક '**કાળનયે આત્મદ્રવ્યની સિદ્ધિ સમય પર આધાર રાખે છે, ઉનાળાના દિવસ અનુસાર પાકતી કેરીની માફક.**' આંબા ઉપર કેરી ઉનાળામાં તરત પાકી જાય છે. (તેમ) એવો પણ એક ધર્મ એટલે યોગ્યતા આત્મામાં ગણવામાં આવી છે. તેથી કરીને પુરુષાર્થ ઊડી જાય છે, એમ નથી, કેમકે, અહીં તો પુરુષાર્થથી જેને સમ્યક્જ્ઞાન થયું છે. તે જ્ઞાનમાં આ નયો ભેગા છે. તેથી શ્રુતજ્ઞાન આ બધાને જાણે છે.

વિશેષ કહેશે.......

❀ ❀ ❀

નરકના નારકીને સ્વર્ગના સુખની ગંધ નહિ, સ્વર્ગના દેવને નરકના દુઃખની ગંધ નહિ, રાગમાં ધર્મની ગંધ નહિ, પરમાણુમાં પીડાની ગંધ નહિ, સૂર્યમાં અંધકારની ગંધ નહિ અને સુખ સ્વભાવમાં સંસાર દુઃખની ગંધ નહિ.

❀

જયધવલમાં આવે છે કે, થાંભલાની એક હાંસ–પહેલ ખ્યાલમાં આવતાં આખો થાંભલો ખ્યાલમાં આવી જાય છે તેમ મતિજ્ઞાન કેવળજ્ઞાનનો અવયવ છે. તેથી તે એક અંશનું જ્ઞાન થતાં કેવળજ્ઞાનની પ્રતીત આવી જાય છે.

❀

'આત્મા જ્ઞાનમાત્ર છે' તેમ કહેતાં આત્મા શરીરરૂપ નથી, વાણીરૂપ નથી, પુણ્ય–પાપરૂપ નથી ને એક સમયની પર્યાયમાત્ર પણ નથી. 'આત્મા જ્ઞાનમાત્ર' છે તેમ કહેતાં જ્ઞાન દર્શન, અકાર્યકારણ, ભાવ આદિ અનંત શક્તિમય આત્મ છે. પ્રભુ ! તારા ઘરની શી વાત ! તારામાં અનંત શક્તિઓ ભરી પડી છે ને ! એક–એક શક્તિ અનંત સામર્થ્યવાન છે, એક–એક શક્તિ અનંત ગુણોમાં વ્યાપક છે, એક–એક શક્તિમાં બીજી અનંત શક્તિઓનું રૂપ છે, એક–એક શક્તિ બીજી અનંત શક્તિમાં નિમિત્ત છે. એવી એક–એક શક્તિમાં અનંતી પર્યાય છે, તે પર્યાય ક્રમે ક્રમે થતી હોવાથી તે ક્રમવર્તી છે. તથા અનંતી શક્તિઓ એકસાથે રહેતી હોવાથી તે અક્રમવર્તી છે. એ અક્રમવર્તી ને ક્રમવર્તી ગુણ–પર્યાયનો પિંડ તે આત્મદ્રવ્ય છે. દ્રવ્ય શુદ્ધ છે, ગુણ પણ શુદ્ધ છે તેથી તેની દૃષ્ટિ કરતાં પરિણમન પણ શુદ્ધ જ હોય.

**આત્મદ્રવ્ય અકાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખતી નથી એવું છે, કૃત્રિમ ગરમીથી પકવવામાં આવતા આમ્રફળની માફક. ૩૧.**

**આત્મદ્રવ્ય પુરુષકારનયે જેની સિદ્ધિ યત્નસાધ્ય છે એવું છે, જેને પુરુષકારથી લીંબુનું ઝાડ પ્રાપ્ત થાય છે (– ઊગે છે) એવા પુરુષકાર વાદીની માફક, (પુરુષાર્થનયે આત્માની સિદ્ધિ પ્રયત્નથી થાય છે, જેમ કોઈ પુરુષાર્થવાદી મનુષ્યને પુરુષાર્થથી લીંબુંનું ઝાડ પ્રાપ્ત થાય છે તેમ). ૩૨.**

**આત્મદ્રવ્ય દૈવનયે જેની સિદ્ધિ અયત્નસાધ્ય છે (– યત્ન વિના થાય છે) એવું છે, પુરુષકારવાદીએ દીધેલા લીંબુના ઝાડની અંદરથી જેને (યત્ન વિના, દૈવથી) માણેક પ્રાપ્ત થાય છે એવા દૈવવાદીની માફક. ૩૩.**

**પ્રવચન : ૩-૧-૧૯૭૮**

'પ્રવચનસાર'. નય(નો) અધિકાર (ચાલે છે). શિષ્યનો આ પ્રશ્ન છે. એનો આ ઉત્તર છે. એનો અર્થ એ છે કે, જેના હૃદયમાં–અંતરમાં આત્મા કોણ છે ? અને કેમ પ્રાપ્ત થાય ? એવી જેને અંતરમાં ધગશ અને જિજ્ઞાસા છે. એને આ ઉત્તર દેવામાં આવે છે.

પહેલાં સત્યને સાંભળનારો શ્રોતા આવો હોય કે આ આત્મા કોણ છે ? આ (આત્મા) શું છે? આ (આત્મા) કેવો છે ? અને કેમ પ્રાપ્ત થાય ? એમ પૂછ્યું છે. અમને કેમ સ્વર્ગ મળે, અને કેમ અમે તીર્થંકર ગોત્ર બાંધીએ, એ કાંઈ પૂછ્યું નથી. અમને તો આત્મા કોણ છે ? અને કેમ પ્રાપ્ત થાય ? એ જેણે પૂછ્યું હોય, તેને આ ઉત્તર દેવામાં આવે છે.

એમાં ૩૦ નય તો ચાલ્યા. પહેલાં તો એ સમુચ્ચય કહ્યું કે આત્મા કોણ છે ? કે એ આત્મા અનંત ગુણ અને અનંતી પર્યાયનો અધિષ્ઠાતા સ્વામી છે, અનંત ગુણ અને અનંતી પર્યાય, એમાં નિર્મળ અને વિકારી બેય લેવી. નય અધિકાર છે ને ? એટલે કે અનંત નયો જે છે, એમાં અનંતી પર્યાયો છે. કેટલીક નિર્મળ અને કેટલીક મલિન, અને અનંત ગુણ નિર્મળ, એ ગુણ અને પર્યાયોનો અધિષ્ઠાતા સ્વામી (તે) આત્મદ્રવ્ય.

આત્મા કેવો છે ? એ એમાં કહ્યું. હવે કેમ પમાય ? કે આત્મામાં અનંત ગુણ છે. અનંતી પર્યાય છે. એ એક એક ગુણ અને પર્યાયને જાણનાર એક નય–જ્ઞાનનો એક અંશ, એવા અનંત નયોનો સમુદાય ભાવશ્રુતજ્ઞાન (છે). જે સ્વના આશ્રયે સમ્યક્‌જ્ઞાન પ્રગટ્યું, જેમાં આનંદનો સ્વાદ સાથે છે, એવું જે શ્રુતજ્ઞાન, (તેના દ્વારા પમાય) તેનો અર્થ એ કે, દ્રવ્ય–ગુણ અને પર્યાય પ્રમેય નામ જ્ઞેય તરીકે જણાય છે. કહો સમજાણું કાંઈ ?

એના પછી આ નય છે. શ્રુતપ્રમાણમાં અનંત નય એ નયની વ્યાખ્યા ચાલે છે. કાળનય આવ્યો. કાળનયે એમ કીધું કે જેની સિદ્ધિ જે કાળે થવાની છે, તે કાળે થશે. એક એવો નય

છે. આહા...હા ! છે ? **'આત્મદ્રવ્ય કાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખે છે એવું છે.'** જે સમયે જેને સિદ્ધપદ થવાનું છે, તે સમયે થશે, એવો એક કાળ નય છે. ત્યાં સુધી તો આવી ગયું છે.

**હવે (૩૧મો નય). 'આત્મદ્રવ્ય અકાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખતી નથી, એવું છે. કૃત્રિમ ગરમીથી પકવવામાં આવતા આમ્રફળની માફક.'** એટલે કે સમય તો તે જ છે. એકલા કાળને આધારે નથી. સ્વભાવ–પુરુષાર્થ ભેગો છે. આ ઝીણી વાત છે. જે સમયે મુક્તિ થવાની છે, તે સમયે થશે. પણ એકલો કાળ નહિ. સાથે સ્વભાવ, પુરુષાર્થ, નિમિત્ત, કર્મના નિમિત્તનો અભાવ, એ બધું એક સાથે હોય છે. એટલે એને અકાળે સિદ્ધિ થાય એમ કહેવામાં આવે છે.

**'અકાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખતી નથી.'** સિદ્ધિ છે તે એકલા કાળ ઉપર આધાર રાખતી નથી, એમ કહ્યુ. સમય છે ને ? અકાળનયે જેની સિદ્ધિ, સમય પર, કાળ પર આધાર રાખતી નથી. 'પ્રવચનસાર'માં શાસ્ત્રમાં નથી આવ્યું ? જે કોઈ તત્ત્વને સમજે નહિ અને ઊંધી શ્રદ્ધા આદિ (છે) એ અનંત સંસારી થાય છે. એનો અર્થ મિથ્યાદૃષ્ટિ થાય છે. મિથ્યાત્વમાં અનંત સંસાર કરવાની તાકાત છે. એથી એને અનંત સંસારી થાય છે એમ કહેવામાં આવે છે. એને સંસાર અનંત રખડવાનો નહોતો, અને અનંત થયો એમ નથી. આહા...હા ! છે ને આમાં...? ૨૬૬ ગાથા.

**'गुणदोधिगस्स विणयं पडिच्छगो जो थि होमि समणो ति।**
**होज्जं गुणाधरो जदि सो होदि अणंतसंसारी।।२६६।।'**

પોતે હીનગુણવાળો હોવા છતાં, હું પણ શ્રમણ છું એમ મદ કરે. 'ઇચ્છે વિનય ગુણ અધિક પાસ,' (એટલે) પોતા કરતાં વિશેષ ગુણવાળા પાસે વિનય ઇચ્છે (એ) અનંત સંસારી બને, ત્યારે એને અનંત સંસાર ન હતો અને થયો ! ૨૬૬ (ગાથા) સમજાણું કાંઈ ? એનો અર્થ કે, (એ) મિથ્યાદૃષ્ટિ થયો (એના) મિથ્યાત્વમાં અનંત સંસાર કરવાની તાકાત છે. આવો અર્થ છે એનો.

અને '**परितसंसार**' એ આવ્યું છે ને ? 'અષ્ટપાહુડ'(માં) ગૃહસ્થાશ્રમમાં '**परितसंसार**' – સંસાર કાપી નાખ્યો. એટલે સંસાર ઘણો હતો ને ઓછો કર્યો, એમ નહિ. પણ સંસારનું મૂળ કારણ જે મિથ્યાત્વ એને ટાળ્યું છે. તેથી સમકિત થયું. એટલે પરિત સંસાર કર્યો, એમ કહેવામાં આવ્યું. આકરી વાત છે. બીજી રીતે, આયુષ્યનો ક્ષય થાય છે. એમ આવ્યું છે ને ? 'અષ્ટપાહુડ'માં. આયુષ્યનો ક્ષય થાય છે, શ્વાસ રોકવાથી વગેરે, વગેરે. એ પણ આયુષ્યનો ક્ષય થવાના કાળે થાય છે. પણ એના નિમિત્તો કોણ હતા ? એમ બતાવીને આયુષ્યનો ક્ષય થાય, એમ બતાવ્યું.

પછી અકાળમૃત્યુ (આવે છે). અહીં તો આયુષ્યનો ક્ષય થાય છે. એટલું ત્યાં 'અષ્ટપાહુડ'માં અને 'ભગવતી આરાધના'માં અકાળ મૃત્યુ કહ્યું છે. ત્યાં એ અકાળ મૃત્યુનો અર્થ (એમ છે કે) સમય તો તે જ છે. એની પ્રકૃતિ અને સ્થિતિ લાંબી હતી, એ સમયે એને તોડી. અને તોડવાને લાયક જ એ હતી. હવે બાંધતી વખતે જ એની સ્થિતિ એવી હતી. બાકી સમય આઘોપાછો કરે, અકાળે (મૃત્યુ થાય) એમ છે જ નહિ.

'પદ્મનંદિ પંચવિંશતી'ના અધિકારમાં તો એવું લખ્યું છે, ચોખ્ખું (કે) જે સમયે, જે કાળે,

જે ક્ષેત્રે, જે સંયોગે, જે દેહ છૂટવાનો તે છૂટ્યે છૂટકો. એમાં લાખ ડૉક્ટર આવે (પણ કાંઈ હાલે નહિ) કહો, સમજાણું કાંઈ ? આયુષ્યક્ષયને માટે પણ તેમ. આયુષ્ય તો જે સમયે પૂરું થવાનું તે જ સમયે પૂરું થવાનું. પણ વ્યવહારથી એને કહેવાય કે, આણે શ્વાસ લીધો, આમ કર્યું, (શ્વાસ રોકાઈ ગયો) માટે ક્ષય થયો. એમ વ્યવહારથી કહેવાય. એમ અકાળે મૃત્યુ છે, એ પણ ભગવતી આરાધનામાં કહ્યું છે. એ પણ આમ લેવું.

એ સમયે પ્રકૃતિ ને સ્થિતિ લાંબી હતી. એને ઘટવાનો કાળ જ હતો. એને એમ કહ્યું કે, એને અકાળ મૃત્યુ થયું. પણ એને સમય તો એ જ હતો. આમાં આ મોટી તકરાર છે. 'ભગવતી આરાધના'માં, 'ભગવતી સૂત્ર'નો પ્રશ્ન મૂક્યો. 'તત્ત્વાર્થ રાજવાર્તિક' (કહે) આત્માને સંસાર વધે અને કાળ ઘટાડી દે. કાળ ઘટાડે એવો પાઠ છે. આકરી વાત ભાઈ !

એ સમયે થવાનું હતું, પણ કાળ લાંબો. કર્મની સ્થિતિ હતી તે તૂટી ગઈ એટલે કાળ છોડીને થયો એમ કહેવામાં આવે છે. બાકી જે સમયે દેહ છૂટવાનો તે જ સમયે અને તે જ ક્ષેત્રે છૂટે. આહા...હા ! સમજાણું કાંઈ ? એટલે આયુષ્ય માટે પણ એમ (છે) જે કાળે દેહ છૂટવાનો તે જ કાળે છૂટે. ભલે એને અકાળ આદિ બોલવામાં આવે. એમ વ્યવહારે મોક્ષની સિદ્ધિ પણ જે સમયે થવાની હોય તે પ્રમાણે થાય, છતાં એને અકાળે થઈ એમ પણ કહેવામાં આવે. સમજાણું કાંઈ ? એકલો કાળ જ છે. એમ નહિ. સ્વભાવ, પુરુષાર્થ, ભવિતવ્યતા અને કાળલબ્ધિ બધું સાથે જ છે. સમજાણું કાંઈ !

આહા...હા ! આવું છે. આટલાં ૩૫--૪૦ વરસ થયાં પણ કોઈ પડિમાધારી થયો ? હેં ! એમ કહે છે. દિગંબર અને શ્વેતાંબરનો (અભિપ્રાય) તો પોતાના પ્રમાણમાં વ્રત–તપ કરવાં તે ધર્મ છે.

વ્રત ને તપ કોને હોય ? ભાઈ ! તને ખબર (છે) ? જેને પ્રથમ સમ્યક્દર્શન (હોય) આત્માના અનંતગુણનો સ્વાદ આવે. એને અનંત ગુણ–આનંદ અને પૂર્ણ ગુણ (શુદ્ધ)રૂપે છે, એવા અનંતગુણનો વ્યક્ત અંશે સ્વાદ આવે, ત્યારે એમાં પ્રતીતિ આવે કે, આ તો જે અંશ છે, એ અનંત ગુણનો પિંડ છે. ત્યારે તેને તો સમ્યક્દર્શન કહેવાય. અને પછી જ્યારે શાંતિમાં આગળ વધે. (ત્યારે પંચમ ગુણસ્થાનને યોગ્ય પડિમા આવે). 'સમાધિશતક'માં એમ કહ્યું છે. લ્યો (કે) વ્રતી છે તે સ્વર્ગમાં જાય અને અવ્રતી નરકમાં જાય. માટે અવ્રત કરતાં વ્રત સારા છે. એમ કહ્યું છે.

એક તો સમ્યક્દર્શન જેને થયું હોય, અને એ ઉપરાંત જેને શાંતિની વૃદ્ધિ થઈ હોય, એને વ્રતનો વિકલ્પ પાંચમાવાળાને (આવે). છઠ્ઠા (ગુણસ્થાનમાં) ભલે એને મહાવ્રતનો (વિકલ્પ હોય) (પરંતુ) અણુવ્રત હોય અને ગુણસ્થાન ચોથું હોય, એમ બની શકે નહિ. ઝીણી વાતો બહુ ભાઈ ! મારગમાં એટલો બધો ફેરફાર કરી નાખ્યો.

અકાળમાં આ બધું નાખ્યું. પરિત સંસાર કીધો, અનંત સંસાર કીધો, અકાળે ક્ષય કીધો, અને જે સમયે જે છૂટવાનું તે સમયે તે છૂટે, એમ પણ કહ્યું. આહા...હા ! મુંબઈ(માં) ૩૦૦ માણસનું પ્લેન (તૂટી પડ્યુ દરિયામાં). જે સમયે, જે ક્ષેત્રે, જે પ્રકારે બનવાનું હતું ભાઈ ! (તે તેમ જ થાય). આહા...હા ! આયુષ્ય પણ એટલું જ હતું. અને સ્થિતિ, દેહમાં રહેવાની યોગ્યતા

પણ એટલી જ હતી. આયુષ્ય પણ તેટલું જ હતું. હેં ! દેહમાં રહેવાની યોગ્યતા પણ એટલી જ હતી અને ભગવાનના જ્ઞાનમાં પણ આ રીતે હતું. તે રીતે થાશે. સમજાણું કાંઈ ? આવી વાત છે.

અહીં કહે છે કે, અકાળનયે જેની સિદ્ધિ–મુક્તિ સમય પર આધાર રાખતી નથી. કાળ પર આધાર રાખતી નથી. સ્વભાવ, પુરુષાર્થ, ભવિતવ્યતા અને નિમિત્ત એ જાતના કર્મનો અભાવ એ નિમિત્ત અને કાળલબ્ધિ તો ભેગી છે. સમજાય છે ? એને અકાળ કહેવામાં આવે છે.

હવે બાપુ ! આ નિર્ણય તો કર. પ્રભુ ! આહા...હા ! જે સમયે જે થવાનું હોય તે થાય. એ વળી આડુંઅવળું થાય, બીજે સમયે (થાય) એ વાતનો વિરોધ થઈ ગયો. વીતરાગની વાણી પૂર્વાપર વિરુદ્ધ હોય કે અવિરુદ્ધવાળી હોય ? આહા...હા ! પણ (લોકોને) એમાં દરકાર ન મળે. આહા...હા !

'**કૃત્રિમ ગરમીથી પકવવામાં આવતા આમ્રફળની માફક.**' ઠીક આંબાની કેરી હોય, પછી ઘાસમાં પકવે ત્યારે પાકી જાય છે ને ! કૃત્રિમ ગરમીથી કેરી પાકે તેમ, પકવવામાં આવતા આમ્રફળની માફક; એ વ્યવહારથી વાત કરી. બાકી પાકવાનો કાળ તો તે કાળે જ હતો. નિમિત્તની મુખ્યતા કરીને એ આનાથી પાકી એમ કહેવામાં આવ્યું. આહા...હા ! એમકે, કેરીનો પાકવાનો પર્યાય એનો નિમિત્તકાળ છે.

'પ્રવચનસાર'. ૧૦૨ ગાથા. જન્મક્ષણ છે એ જ પ્રકારે પાકવાની તેની સ્થિતિનો કાળ છે, તે જ પ્રકારે પાકી છે. એ ગરમીથી, કૃત્રિમ ગરમીથી, ઘાસમાં નાખવાથી પાકી છે, એમ છે નહિ. કહો, સમજાણું આમાં ! પડખાં બધાં જાણવા જોઈએ ભાઈ ! આગ્રહ થઈ જાય એકાંતનો તો આખી વિપરીત દૃષ્ટિ થશે એની.

કહે છે, આ એકાંત છે. એ જ સમયે થાય અને બીજે (સમયે) નહિ. એ એકાંત છે. અહીં તો આમ છે ભાઈ ! સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમાત્માએ તો આમ કહ્યું. ઓલામાં નથી આવતું ? 'જો જો દેખી વીતરાગને, તે તે હોસી વીરા રે.' જે જે દેખી વીતરાગને, તે તે સમયે તે વસ્તુ છે. આહા...હા ! 'કાહે હોત અધીરા.' હેં ! કાહે હોત અધીરા ? જે જે સમયે જે બનવાનું છે, તે બનવાનું છે. અહીં 'ચિદ્‌વિલાસ'માં એ લીધું છે.

નિશ્ચય ધર્મ અધિકાર લીધો છે (ને કે) જે સમયે જે પર્યાય જ્યારે થવાની તે નિશ્ચય છે. 'ચિદ્‌વિલાસ'માં 'દીપચંદજી'એ લીધું છે. જે પડખાં છે એટલાં છે એને ન જાણે એને એક કોર તાણે એ ન હાલે ભાઈ ! ત્યારે ઓલા વળી એમ કહે છે, 'તત્ત્વાર્થ રાજવાર્તિક'માં આવ્યું છે, વૈદ્યોથી કે દવાથી રોગ મટે, આવો પાઠ છે. એ બધી વ્યવહારની વાતો કરી છે. સમજાણું કાંઈ ?

એક કોર એમ કહેવામાં આવે કે તૂટી એની બૂટી નહિ કહે છે ને ! તૂટી એને લાગુ ન પડે. જડીબુટ્ટી આયુષ્ય પૂરું થવાનું ત્યાં જડીબુટ્ટી ન લાગુ પડે. જડીબુટ્ટી ઊંચી હોય. એમ તૂટી એની બુટ્ટી નહિ. આ હોં. આવી વાત છે. ભાઈ ! અહીં કહ્યું 'કૃત્રિમ ગરમીથી પકવવામાં આવતા આમ્રફળની માફક.' આ લોકો આમ ગજપંથામાં (એક જણે) આ પૂછ્યું. અકાળેય મોક્ષ થાય છે ને ! ગજપંથા (ગયે) કેટલાં વરસ થયાં ? ૨૧ વર્ષ થયાં. પહેલાં જાત્રાએ ગયા હતા

ત્યારે. આહા...હા ! બાપુ ! કાળે કહો, અકાળે કહો, અપેક્ષાએ વાત છે. અકાળ એટલે એને કાળ ફરી જાય આઘોપાછો કાળ થાય, મુક્તિનો કે દેહ છૂટવાનો – ત્રણકાળમાં એમ નથી. આહા...હા ! સમજાણું કાંઈ ? પણ કહેવામાં તો એમ જ આવે, કે જેને આત્મજ્ઞાન થયું, એણે પરિત સંસાર કર્યો. જેણે મિથ્યાત્વ છોડ્યું એણે અનંત સંસાર છોડ્યો. આહા...હા ! સમજાણું કાંઈ ? આ બધાં પડખાં છે. એકકોર પડખે સાંભળે અને એક કોર મૂકે તો એમ ન ચાલે, બાપુ ! આહા...હા ! શ્રોતા : કર્મની સ્થિતિ બહારમાં ઘટી તો એ નિમિત્તનું કથન છે ? પૂજ્ય ગુરુદેવશ્રી : એ નિમિત્તથી કથન છે. એ કર્મની સ્થિતિ તે કાળે કર્મમાં ઘટવાની જ હતી. કર્મમાં પણ ક્રમબદ્ધ છે. બંસીધરજીએ 'તત્ત્વાર્થસાર'માં નાખ્યું છે. જે સમયે થવાનું તે જ થાય છે. આડુંઅવળું થાય તેમ છે નહીં. ઇંદોરમાં બંસીધરજી પગે લાગ્યા. હું અભિનંદન દેવા આવ્યો છું. વ્યાખ્યાન સાંભળીને, ઘણું માણસ હતું તે દિ' ગયા ત્યારે દસ પંદર હજાર (માણસ હતાં) હું અભિનંદન દેવા આવ્યો છું. આ અલૌકિક વાત. આહા...હા ! આવી વાત તો સાંભળવા મળતી નથી.

'તત્ત્વાર્થસાર'નો અર્થ કર્યો છે. જે સમયે જે થવાનું છે, તે થશે જ. એમાં બીજું કોઈ મંતવ્ય નથી. ભગવાન આત્મા સ્વભાવ સન્મુખ થયો અને સંસારનો કાળ બાકી હોય એમ બને નહિ. આહા...હા ! સ્વભાવની પ્રાપ્તિ (થઈ એટલે) એક બે ભવે (મુક્તિ) એને થવાની જ. આહા...હા ! એ અકાળ નયનો આટલો બધો લાંબો અર્થ છે.

કૃત્રિમ ગરમીથી કેરીને પકવવામાં આવતાં, ઝટ પાકી જાય (છે). એમ આત્માની મુક્તિ અકાળે ઝટ થઈ જાય. એમ અંદર છે કે નહિ ? એ શૈલી આ છે. વ્યવહાર અને નિશ્ચય બેની શૈલીનો, આ પ્રકારની એક યોગ્યતા ગણીને એને ધર્મ ગણ્યો. આવી જાતની યોગ્યતા, ગણીને આવો એક ભાવ છે, એમ ગણ્યું. એવી અનંત યોગ્યતા અને અનંત ગુણોનો આધાર, સ્વામી તે આત્મદ્રવ્ય છે.

આહા...હા ! 'તત્ત્વાર્થવાર્તિક'માં મોટી તકરાર છે. એમ કે બધાને એક સરખી નિર્જરા ન હોય.

મોટી તકરાર (છે). બહુ ખુલાસો કર્યો છે. જે સમયે જે કર્મની નિર્જરા, કર્મ ખરવાનું હોય તે જ ખરે. કારણ કે કર્મમાં (તેવી જ યોગ્યતા છે) 'તત્ત્વાર્થ રાજવાર્તિક'માં પણ એમ કહ્યું છે. કર્મ પણ ક્રમબદ્ધની જ પર્યાય છે. જે સમયે તેનો છૂટવાનો કાળ (છે) તે જ સમયે છૂટે. અને તે જ સમયે પરમાણુમાં જે સમયે પર્યાય થવાની હોય તે થાય. એ ક્રમસર પરમાણુમાં પણ પર્યાય છે. છયે દ્રવ્યમાં ક્રમબદ્ધ છે.

હવે આને નામે તકરાર (ચાલે છે) ક્રમબદ્ધ કહેતાં એમાં પુરુષાર્થ કાંઈ રહેતો નથી. માટે નિયતિનય થઈ જાય છે. આ નિયતિ નહિ. ઓલો (એકાંત) નિયતિનય. શું થાય ? ભાઈ ! એ ક્રમબદ્ધ કર્મમાં પણ છે. વસ્તુનો પોતાના સ્વભાવ (સ્વ) તરફ ઢળ્યો, એથી કર્મ ખર્યા, એ આ બાજુ ઢળ્યો માટે કર્મ ખર્યા, એ તો નિમિત્તનું કથન છે.

આ તો કર્મને તે કાળે અકર્મ થવાની યોગ્યતા હતી તે કાળે ખર્યા એટલે અકર્મરૂપે થયો. આહા...હા ! આમાં કેટલું યાદ રાખવું ? આખો દિ' આને આ હાલે છે. ઠીક કહે છે. વેપારીને

એનો એ ધંધો આખો દિ' હાલે. નવું કંઈ (ખરું) ? વકીલોને તો નવા તર્ક કરવા પડે. આહા...હા !

પ્રભુનો મારગ શૂરાનો છે. એ કાયરના કામ નહિ. એ પૂર્વાપર વિરોધ રહિત વીતરાગનો મારગ છે. આહા...હા ! ક્યાંય વિરોધને સ્થાન નથી. આ તો કાળ અને અકાળનયનો વિરોધ થઈ ગયો. હેં ! આયુષ્યકર્મ તૂટી ગયું નહિતર આયુષ રહેત, એમ છે નહિ. આહા...હા ! ૩૧ નય થયો.

**(હવે) ૩૨મો. 'આત્મદ્રવ્ય પુરુષકારનયે, જેની સિદ્ધિ યત્નસાધ્ય છે (એવું છે)'** કહ્યું એ આત્મદ્રવ્ય (=) અનંત ધર્મનો ધરનાર એવું આત્મદ્રવ્ય. અનંત ધર્મ એટલે અનંત ગુણો અને અનંતી પર્યાય. નિર્મળ અને વિકારી, એ બધાને ધરનાર એવું જે આત્મદ્રવ્ય, જે પ્રમાણનો વિષય (છે), એ આત્મદ્રવ્ય જે છે તે પ્રમાણનો વિષય, (છે) આત્મદ્રવ્ય જે કીધું એ નયનો વિષય નહિ. સમજાણું કાંઈ ? આહા...હા !

આત્મદ્રવ્ય દ્રવ્યાર્થિકનયે, ભૂતાર્થનયે જેનો આશ્રય કરતાં સમકિત થાય, એ પ્રમાણનો વિષય નહિ. એ દ્રવ્ય એટલે ધ્રુવ–સામાન્ય–ત્રિકાળ તે દ્રવ્ય. અને આ આત્મદ્રવ્ય છે તે પ્રમાણનો વિષય છે. દ્રવ્ય અને પર્યાય બેયનો વિષય કરે, એવું આ દ્રવ્ય છે. સમજામું કાંઈ ? આહા...હા !

**'આત્મદ્રવ્ય, પુરુષકારનયે, જેની સિદ્ધિ યત્નસાધ્ય છે એવું છે.'** આહા...હા ! જેને પુરુષકારથી–પુરુષાર્થ નયે છે ને ! **'જેને પુરુષકારથી લીંબુંનું ઝાડ પ્રાપ્ત થાય છે. (ઊગે છે) એવા પુરુષકારવાદીની માફક (પુરુષાર્થનયે આત્માની સિદ્ધિ પ્રયત્નથી થાય છે. જેમ કોઈ પુરુષાર્થવાદી મનુષ્યને પુરુષાર્થથી લીંબુંનું ઝાડ પ્રાપ્ત થાય છે, તેમ'** પુરુષાર્થથી લીંબું(નું ઝાડ પ્રાપ્ત થાય છે) લીંબુંની વાત કરે છે. નીચે અર્થ કર્યો છે. '**मधुकुक्कुटी**' નો અર્થ લીંબુંનું ઝાડ કર્યો છે. શ્રી પાંડે હેમરાજજીએ હિન્દી 'પ્રવચનસાર'માં તેનો અર્થ ' **मधुछत्ता**' (અર્થાત્ મધપૂડો) કર્યો છે. પુરુષાર્થથી, એમ કે, લીંબુંનું ઝાડ પ્રાપ્ત થાય છે. એમ આત્માનો મોક્ષ પુરુષાર્થથી થાય છે. આહા...હા !

પુરુષાર્થનયે આત્માની સિદ્ધિ પ્રયત્નથી થાય છે. યત્નસાધ્ય છે. લ્યો. પહેલાં કળશટીકામાં એક ઠેકાણે કહ્યું ને ? યત્નસાધ્ય નથી. સહજ સાધ્ય છે. એ ત્યાં કાળ નયને વિશેષ સિદ્ધ કરવા કહ્યું છે. સમજાણું કાંઈ ? બાકી કાળની સાથે સ્વભાવ પુરુષાર્થ સાથે જ છે. યત્નથી સાધ્ય થાય છે. પુરુષાર્થ સ્વભાવ તરફ વળે છે. એ પુરુષાર્થથી થાય છે.

જે પુરુષાર્થ રાગ તરફ હતો. તેને સ્વરૂપ તરફ ઢાળ્યો, વાળ્યો, એ પુરુષાર્થથી તેને સમકિત દર્શન થાય છે. સમ્યક્દર્શન પણ પુરુષાર્થથી થાય, સમ્યક્ચારિત્ર પણ પુરુષાર્થથી થાય, કેવળજ્ઞાન પણ પુરુષાર્થથી થાય. આહા...હા ! સમજાણું કાંઈ ?

એ પુરુષાર્થથી એટલે કોઈ વ્રત ને તપ, આમાં પુરુષાર્થ એ નહિ. સ્વભાવ સન્મુખનો જે પુરુષાર્થ તેને અહીં પુરુષાર્થ કહે છે. આહા...હા ! પૂરણ જ્ઞાનાનંદ સ્વભાવ, ચૈતન્યમૂર્તિ પ્રભુ ! ધ્રુવને ધ્યેય બનાવે તે પુરુષાર્થ, એ પુરુષાર્થથી જેની મુક્તિ છે. અનંતા જીવો પુરુષાર્થ કરીને સિદ્ધિને પામ્યા. એવો એક નય છે. એવી એક એની યોગ્યતા છે.

આહા...હા ! છે ? પુરુષકારવાદી નયની માફક. પુરુષાર્થનયે આત્માની સિદ્ધિ પ્રયત્નસાધ્ય છે. કીધું ને તે દિ' ૭૨માં આ પ્રશ્ન હાલ્યો. કેવળજ્ઞાનીએ દીઠું હોય એ થાય, એમાં આપણો

પુરુષાર્થ શું કામ આવે ? એમ વાત ચાલી હતી. કહેવાતા બેરીસ્ટર જૈન મૂલચંદજી હતા, ન્યાયાધીશ. આને (પૂછ્યું) ધર્માસ્તિકાયના કેટલા ગુણ ? તો કહે બે. આ બેરીસ્ટરે પ્રશ્ન કર્યો હતો. આ તો અમારે ઘણું ચાલ્યું હતું ને ? એટલે ધર્માસ્તિકાય દ્રવ્ય છે, તો એના ગુણ કેટલા ?

અહીં તો '૭૨માં વાંચ્યું હતું. દેવચંદજીનું આગમસાર. શ્વેતાંબર, છે ને ? એ વાંચ્યું હતું. એમ અમે એ વાંચ્યું હતું તે દિ'. પુરુષાર્થથી વાત એમ કરી છે. તો એણે આ કહ્યું કે, કેવળજ્ઞાનીએ દીઠું તે દિ' પુરુષાર્થ કરી શકીશું, તે વિના અત્યારે પુરુષાર્થ નહિ થાય. મેં કહ્યું કે કેવળજ્ઞાન જગતમાં છે એવી પ્રતીતિવાળાને માટે વાત છે. એની પ્રતીતિ નથી એને માટે વાત (નથી).

આ તો ૭૨ની વાત છે. ૭૨નો ફાગણ મહિનો. આ તમારી માંગણી છે. સર્વજ્ઞ જગતમાં છે. ત્રણકાળ ત્રણલોક જાણે એ પર્યાય જગતમાં છે. જગતમાં એ પર્યાય છે. એ પર્યાયનું હોવાપણું જગતમાં છે. એવું જેને પ્રતીતમાં આવે, એ એમ કહે કે દીઠું (હશે) એમ થાશે. ત્યાં તો પુરુષાર્થ તો સ્વભાવ પર આવી ગયો.

'પ્રવચનસાર', ૮૦ ગાથામાં તો કહ્યું ને '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्त - पज्जयत्ते- हिं।**' એના દ્રવ્ય–ગુણ–પર્યાય જાણે, ને પુરુષાર્થથી આત્મજ્ઞાન કરે, ને એના મોહનો નાશ જ થાય, એનો અર્થ કે ભગવાનની કેવળજ્ઞાન પર્યાય છે ને મારી પર્યાયમાં અલ્પજ્ઞતા છે. તો એમને પણ એ પર્યાય દ્રવ્યમાંથી આવી છે. તો મારું દ્રવ્ય કેવડું છે, કેટલું છે. એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય છે. ત્યારે તેને પુરુષાર્થથી જ્ઞાન થાય છે. તેને પુરુષાર્થથી સંસાર ઘટે છે. અને પુરુષાર્થથી તેને ચારિત્રનો ધર્મ થાય છે. સમજાણું કાંઈ ?

ત્યારે એકે વળી એમ કહ્યું 'શાસ્ત્રમાં તો વળી એમ કહ્યું છે કે **समयं गोयम मा पमायए**' કેવળી પુરુષાર્થ કરી શકે એમ કહ્યું. એમણે કેવળી ભગવાને તો જોયું છે કે આ સમયે બધું થાશે. પુરુષાર્થ કરવાનું કહેશે.' એમ કે આ પ્રશ્ન ચાલ્યો હતો. સર્વજ્ઞ ભગવાને તો બધું દેખ્યું છે. પછી પુરુષાર્થ કર, એને કરવાનો કાળ હોય તો કરશે. પણ કર એમ ક્યાંથી આવ્યું ? કે આ પ્રશ્ન ચાલ્યો ત્યારે કહ્યું મેં કે '**समयं गोयमा पमायए**' ભગવાને કહ્યું ને ! શ્વેતાંબરમાં પણ આવે છે ને ! એ વખતે તો એ હતું ને... '**समयं गोयम मा पमायए**' કહ્યું છે એ. ભગવાને એ કીધું છે.

એ વખતે તો એમ હતું ને ? એ ભગવાનનાં શાસ્ત્ર છે. એક સમય માત્રનો પ્રમાદ કરીશ નહિ. આ શું કહ્યું ? એક વાત બીજી કરી. '**आणाए गए सव्व ठाणा, आणाए गए निरो ठाणा ते तम्माहो**' મારી આજ્ઞા બહારનો પુરુષાર્થ ન હશો. આચારાંગમાં એમ કહ્યું છે. આચારાંગમાં એ શબ્દ છે. તે દિ' બધું મોઢે હતું ને કંઠસ્થ હતું '**आणाए गए सव्व ठाणा, आवाए गए निरोठाणा**' આજ્ઞામાં પુરુષાર્થ અને આજ્ઞા બહારમાં પુરુષાર્થનો અભાવ, એ કોઈને ન હશો. આજ્ઞા બહારનો પુરુષાર્થ, આજ્ઞામાં પ્રમાદ એમ કોઈને ન હશો. '**समयं गोयम मा पमायए**' માં એમ કહ્યું છે. ત્યાં એમ કીધું કે હે ગૌત્તમ... ભાષા, શૈલી એ શ્વેતાંબર લોકોની એવી છે ને ! ઓમધ્વનિની વાત નથી. સમય માત્રનો પ્રમાદ કરીશ નહિ. આહા...હા ! આ પુરુષાર્થ કરવાનું કીધું કે શું કીધું આ ? બોલે નહિ ને, વિરુદ્ધ વિરુદ્ધ. ભગવાન કેવળી થયા, એમણે તો બધાને જાણ્યું છે

કે આ સમયે પુરુષાર્થ કરશે. તો કરશે એને પુરુષાર્થ કર એમ કેમ કહે. એ...ઘણી જાતના પ્રશ્ન ઊઠેલા... બાપુ ! પુરુષાર્થ અંદર વસ્તુ સ્વભાવ છે. એમાં અનંત વીર્ય છે. ભગવાન આત્મામાં અનંત વીર્ય છે. આહા...હા !

અને જેને કેવળજ્ઞાનની પર્યાયની પ્રતીતિ થાય, તેને દ્રવ્યની પ્રતીતિ થાય. અને દ્રવ્યની પ્રતીતિ થાય એમાં અનંત વીર્ય છે, એની પ્રતીતિ થાય. એની પ્રતીતિ થતાં અનંતવીર્ય, અનંત શુદ્ધ ગુણની રચનાનું કામ કરે. વીતેલા સંપ્રદાયમાં તો આવું મોંઘું છે. આહા...હા ! ઘણી ચર્ચાઓ હાલતી. બાપુ એમ નથી કીધું. અહીં તો જેને સર્વજ્ઞ પર્યાય બેસે, તેને જ્ઞાન આખું બેઠું. ત્રિકાળી અને ત્રિકાળી જ્ઞાન એમાં બેઠું. વીર્ય પુરુષાર્થનું કામ કરે.

અનંતી નિર્મળ પર્યાયને રચે એટલી બધી વાત તે દિ' પણ ન હતી. જેને કેવળજ્ઞાનની પર્યાયનો નિર્ણય થાય, એનો પુરુષાર્થ જ્ઞાનમાં જાય. ત્રિકાળી જ્ઞાનમાં જાય. એ પુરુષાર્થથી તેની પરિણતિ થાય છે. એના ભવ ભગવાને દીઠા જ નથી. (એમ) કીધું. એને ભવ હોય નહિ એમ ભગવાને દીઠું છે. આવું ઘણું હાલેલું. (ચાલેલું).

અહીં કહે છે કે, પુરુષકારનયે આહા...હા ! યત્નસાધ્ય છે. ઓલામાં કળશટીકામાં કીધું કે યત્નસાધ્ય નથી. એ એક અપેક્ષાએ કહ્યું છે. કાળને મુખ્ય રાખીને, ત્યાં વાત કરી છે. છતાં પણ પુરુષાર્થ યત્નસાધ્ય જ છે. આહા...હા !

જે પુરુષાર્થ આમ પર ઉપર વળી ગયો છે. રાગ ઉપર, વિકાર ઉપર, એ પુરુષાર્થને સ્વભાવ તરફ વાળવો. એ જ યત્નસાધ્ય છે. સમજાણું કાંઈ ? આવી હવે...ઝીણી વાતો. વાણિયાને વેપાર આડે નવરાશ ન મળે. ડૉક્ટરને દવાખાના આડે નવરાશ ન મળે (આમ) નિર્ણય (ક્યારે) કરવો કે સત્ય શું છે ?

'સૂત્રપાહુડ'માં આવે છે ને કે, શાસ્ત્રમાંથી શોધવું ભાઈ. 'અષ્ટપાહુડમાં સૂત્રપાહુડ' છે ને ? (એમાં) એમ આવે છે. સૂત્રનું શોધન કરવું. સત્યુ શું છે ! તેને શોધવું. આહા...હા ! સમજાણું ? છે એમાં ? (સૂત્ર પાહુડ–૧લી ગાથા).

**'अरहंभासियत्थं गणहरदेवेहिं गंथियं सम्मं।**
**सुत्तत्थमागणत्थं सवणा साहंति परमत्थं।।१।।'**

છે ? અર્થ. જો ગણધર દેવોને સમ્યક્પ્રકાર પૂર્વાપરવિરોધ રહિત ગૂંથા (રચના કી) વહ સૂત્ર કૈસા હૈ ? સૂત્રકા જો કુછ અર્થ હૈ ઉસકો માર્ગણ અર્થાત્ ઢૂંઢને જાનનેકા જિસમેં પ્રયોજન હૈ ઔર ઐસે હી સૂત્રકે દ્વારા શ્રમણ (મુનિ) પરમાર્થ અર્થાત્ ઉત્કૃષ્ટ અર્થ પ્રયોજન જો અવિનાશી મોક્ષકો સાધતે હૈ। જોયું ? સૂત્ર કેવાં છે ? કે જેમાંથી માર્ગનું શોધન કરવું છે કે આ માર્ગ શું ? દર્શન શું ? કે જ્ઞાન શું ? કે ચારિત્ર શું ? આહા...હા !

સૂત્રના અર્થને જાણવાનું જેમાં પ્રયોજન છે. એવા સૂત્રને (ગ્રહીને) આહા...હા ! મુનિ પરમાર્થરૂપ મોક્ષને સાધે છે. એ પછી કલ્પિત છે. એમ નહિ. કલ્પિત સૂત્ર છે. એનું શોધન ન કરવું. ભગવાને કહેલાં, ગણધરોએ કહેલાં એ સૂત્રનું શોધન કરીને સત્ય ગોતવું. આહા...હા ! સમજાણું કાંઈ ?

**'પુરુષાર્થનયે આત્માની સિદ્ધિ પ્રયત્નથી થાય છે, જેમ કોઈ પુરુષાર્થવાદી મનુષ્યને પુરુષાર્થથી**

**લીંબુનું ઝાડ પ્રાપ્ત થાય છે, તેમ.**' આહા...હા !

હવે ૩૩ (**મો નય**) આત્મદ્રવ્ય. '**દૈવનયે જેની સિદ્ધિ અયત્નસાધ્ય છે. (યત્ન વિના થાય છે એવું છે.**' ઠીક... એક યોગ્યતા એવી ગણી. એ યોગ્યતા કોઈને યત્નસાધ્ય છે. ને કોઈને અયત્નસાધ્ય છે. એમ નહિ. શું કહ્યું ? કોઈ જીવને પુરુષાર્થથી મુક્તિ થાય છે ને કોઈ જીવને અયત્નસાધ્ય. બેયથી મુક્તિ થાય એમ નહિ.

એ જ જીવને પણ અયત્નથી સમકિત થાય, અને અયત્નથી સમકિત ન થાય. એમ નહિ. સમજાણું કાંઈ ? અહીં તો એક જ સમયે એવી યોગ્યતાના ધર્મ ગણવામાં આવ્યા છે. સમજાય છે કાંઈ...? આહા...હા ! કોઈ જીવને કોઈ નયે કાળનયથી મોક્ષ થાય અને કોઈને અકાળનયથી એમ નથી. તેજ જીવને સ્વભાવ અને પુરુષાર્થની અપેક્ષાથી કાળનયે મોક્ષ થાય છે એમ કહેવામાં આવે છે. સમય તો તે, અને તે આત્મા. આહા...હા !

સમજાણું કાંઈ ? ઘણું ગંભીર પણ આવું છે.

એમ એ જ જીવને પુરુષાર્થથી મુક્તિ છે. અને તે જ જીવને દૈવયોગથી મુક્તિ છે. એ એક સમયે બે યોગ્યતા ગણવામાં આવી છે. ભાઈએ, પંડિતજીએ પ્રશ્ન કર્યો હતો ને કે આ બેમાં શું ? સ્વભાવના સંસ્કારમાં સ્વભાવ અને અસ્વભાવનય અહીં તો લીધો છે. ધર્મ એક સમયે છે. એ જાણવાલાયક છે. બસ સમજાણું કાંઈ ?

મુખ્ય તો પુરુષાર્થ જ છે. મુખ્ય તો સ્વભાવના સંસ્કાર જ છે. સમજાય છે કાંઈ ? મુખ્ય તો કાળનય જ છે. પણ એને મુખ્ય ગૌણ ન કરતાં એક સમયે આવી યોગ્યતાનો ધર્મ એટલે ધારી રાખેલો ભાવ છે. એમ એને જાણવું. ભારે ફેરફાર ! સાધારણ બુદ્ધિવાળાને આમાં શું કરવું ? એમાં એક તો ધંધા આડે નવરાશ ન મળે. હેં ! આહા...હા ! આના માટે ભાઈ, નિવૃત્તિ જોઈએ. આ તો પરમ સત્ય છે. એને પ્રાપ્ત કરવા માટે, નિવૃત્ત સ્વરૂપ વસ્તુ છે, તો બાહ્યથી પણ એને નિવૃત્તિ તો હોવી જોઈએ. જ્યાં અંદર નિવૃત્ત સ્વરૂપ છે. આહા...હા ! સમજાણું કાંઈ ?

અહીં તો એ કહે છે, દૈવનયે – દૈવ એટલે કર્મના યોગે કર્મનો અભાવ થવાના નયે જેની સિદ્ધિ અયત્નસાધ્ય છે. એમ છે. એવી એક યોગ્યતા ગણી છે હોં ! કર્મના અભાવની એક યોગ્યતા ગણી છે. કર્મનો અભાવ તો એને કારણે થાય છે. પણ અહીંયાં કર્મના અભાવ સ્વભાવરૂપ આમાં અભાવ ગુણ છે.

આત્મામાં શક્તિરૂપે એક અભાવ ગુણ છે. એને અહીં ન લેતાં, કર્મના અભાવની અપેક્ષા લઈને અભાવગુણ ગણ્યો એમ. નહિતર તો અભાવ એનો ગુણ છે. પણ અહીં પર્યાયથી વાત લીધી. કર્મના અભાવરૂપી પર્યાય. આહા...હા ! એવી એક યોગ્યતા ગણવામાં આવી. અયત્નસાધ્ય છે. ત્યાં એકલો પુરુષાર્થ કામ કરતો નથી, એમ સમજાણું કાંઈ ?

બધા ભાવ ભેગા છે. બુદ્ધિપૂર્વક પુરુષાર્થ છે, પણ અંદરથી એને અયત્નથી નહિ, પણ કર્મના અભાવથી થાય એવી એક અપેક્ષા, એક યોગ્યતાનો એક ધર્મ ગણ્યો. કર્મનો અભાવ એ ક્યાં કરી શકે છે ? એ તો કર્મનો અભાવ તો એને કારણે થાય છે. પણ અહીંયાં એને નિમિત્ત તરીકે ગણીને કર્મનો અભાવ કરવો એ યત્નસાધ્ય નથી. પુરુષાર્થથી તો કંઈ કર્મનો અભાવ થતો

નથી. પુરુષાર્થથી તો પોતામાં અશુદ્ધતાનો નાશ થાય છે. આહા...હા ! પણ ત્યાં કર્મના અભાવનો કાળ ગણીને અયત્નસાધ્ય ગણીને અયત્નસાધ્ય મુક્તિ છે. એમ કહેવામાં આવ્યું છે.

આહા...હા ! સમજાણું કાંઈ ? ખૂબી તો એ છે કે પુરુષકારવાદીએ દીધેલા લીંબુના ઝાડની અંદરથી કોઈએ પુરુષાર્થથી લીંબુનું ઝાડ વાવ્યું, ઊગ્યું અને એક જણને લીંબુનું ઝાડ આપ્યું. ખૂબી શું છે ? હવે અંદરથી જેને યત્ન વિના, દૈવથી માણેક પ્રાપ્ત થાય છે. એ લીંબુમાં માણેક પ્રાપ્ત થાય છે. બીજે ઠેકાણે (લીંબુમાં) માણેક (થાય).

વીરજીભાઈ કહેતા કે એક વખતે હું કલકત્તા ગયો હતો. લીંબુમાં માણેક હતું તેની વાત ચાલતી હતી. વીરજીભાઈ કહેતા લીંબુ છે ને એમાં દાણો પાકે ને, એને ઠેકાણે માણેક પાકે. આહા...હા ! માણેક પાકે એણે ક્યાં પુરુષાર્થ કર્યો છે. એમાં લીંબુને ઠેકાણે આ પાક્યું. એમ કર્મના અભાવના નિમિત્તમાં આત્મા પાકી ગયો. મોક્ષ થયો. એમ નિમિત્તથી કથન છે. આહા...હા ! સાચી વાત છે હોં ! આ લીંબુના ઝાડની, (વાત) વીરજીભાઈ વકીલ હતાને કહેતા. કર્મ ખપવાના કાળની સ્થિતિ પૂરી થઈ અને એનાથી એની મુક્તિ થઈ, એને એક અપેક્ષાએ કહેવાય એવો યોગ્યતાનો ધર્મ ગણવામાં આવ્યો છે.

ધર્મ એટલે ભાવ. એવો એક ભાવ ગણવામાં આવ્યો છે. આમાંથી કાંઈ આડુંઅવળું થાય તો મોટો ફેરફાર થાય એવો છે. હેં ! આહા...હા ! પુરુષકારવાદીએ દીધેલા લીંબુના ઝાડની અંદરથી, જેને યત્ન વિના દૈવથી માણેક પ્રાપ્ત થાય છે. આહા...હા !

આમ જંગલમાં જાય ને ક્યાંય અજાણ્યા નીકળ્યો હોય ખેતરમાં અને પેશાબ કરે ત્યાં ચરું દેખાય. આમ ચરુની ધાર દેખાય ત્યાં હીરા નીકળે. દૈવયોગે એવું થઈ જાય છે. એમ અહીંયાં પણ કર્મને પોતાનો ખરવાનો યોગ્ય કાળ છે. એમ અહીંયાં આત્મા પ્રાપ્ત થાય છે. એવો એક યોગ્યતાનો એક ધર્મ ભાવ ગણવામાં આવ્યો. એ બધા ભાવનો સમુદાયનો આધાર તો પાછું દ્રવ્ય છે. આહા...હા !

શું કીધું એ ? દૈવયોગે એટલે અયત્ન. એ બધા ભાવનો સ્વામી તો આત્મા છે. આનો આધાર પર સ્વામી કર્મ આદિ નથી. આહા...હા ! ત્યાં પાછું દૈવ લીધું. આહા...હા ! ભલે દૈવ કીધો, અયત્નસાધ્ય કીધો, અકાળ કીધો, સંસ્કારથી કીધો, અસંસ્કારથી કીધો, પણ એ બધા પર્યાયોનો આધાર અને સ્વામી તો આત્મા છે. એનો સ્વામી આ કોઈ પરદ્રવ્ય નથી. આહા...હા !

વિશેષ કહેશે.....

❀ ❀ ❀

**આત્મદ્રવ્ય ઈશ્વરનયે પરતંત્રતા ભોગવનાર છે, ધાવની દુકાને ધવડાવવામાં આવતા મુસાફરના બાળકની માફક. ૩૪.**

**આત્મદ્રવ્ય અનીશ્વરનયે સ્વતંત્રતા ભોગવનાર છે, હરણને સ્વચ્છંદે (સ્વતંત્રપણે, પોતાની મરજી અનુસાર) ફાડી ખાતા સિંહની માફક. ૩૫.**

**આત્મદ્રવ્ય ગુણીનયે ગુણગ્રાહી છે, શિક્ષક વડે જેને કેળવણી આપવામાં આવે છે એવા કુમારની માફક. ૩૬.**

**પ્રવચન : ૪-૧-૧૯૭૮**

'પ્રવચનસાર'. નય અધિકાર ચાલે છે. ૩૩ નય ચાલ્યા (છે). શું અધિકાર ચાલે છે ? ગુરુ પ્રત્યે શિષ્યનો પ્રશ્ન છે. સંતમુનિ–આત્મજ્ઞાની અનુભવી અંતરમાં આનંદનું સ્વસંવેદન, પ્રચુર આનંદનું વેદન કરવાવાળા મુનિ, એને શિષ્ય પ્રશ્ન કરે છે કે પ્રભુ ! આ આત્મા કેવો છે ? બીજા બધા પ્રશ્નો છોડીને એક આત્માનો પ્રશ્ન કર્યો.

આ આત્મા કેવો છે ? કોણ છે ? અને કઈ વિધીથી એની પ્રાપ્તિ થાય છે ? આત્માના દર્શન–જ્ઞાન ને ચારિત્રની પ્રાપ્તિ કઈ રીતે થાય છે ? એવો પ્રશ્ન છે. એના ઉત્તરમાં તો એમ કહ્યું કે, આ આત્મદ્રવ્ય જે વસ્તુ છે. એ શરીર છે એનાથી તો ભિન્ન છે. કર્મ છે (એ) જડ છે. એનાથી તો અંદર આત્મા ભિન્ન છે. પુણ્ય–પાપના પરિણામ એની પર્યાયમાં થાય છે (એનાથી પણ ભિન્ન છે).

અહીંયાં સાધક જીવ લેવો છે ને ? (પુણ્ય–પાપના ભાવ) એ પણ એક વિકાર છે. અને એ અવિકારી દશા અને અવિકારી ગુણો એને ધરવાવાળો આત્મદ્રવ્ય ધર્મી છે. ધર્મ સૂક્ષ્મ છે. ભાઈ ! ધર્મ એવી ચીજ નથી કે બહારથી મળી જાય. આહા...હા ! આત્મદ્રવ્ય એવી સૂક્ષ્મ ચીજ છે. આમ તો અનંતકાળમાં કર્યું નથી. 'મુનિવ્રત ધાર અનંતવાર ગ્રૈવેયક ઉપજાયો, પણ આત્મજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' (છ ઢાળા).

પાંચ મહાવ્રત પાળ્યાં, ૨૮ મૂળગુણ પાળ્યા, સ્ત્રી–કુટુંબ છોડી દીધાં, એવા શુભરાગની ક્રિયા અનંતવાર કરી. પણ આત્મજ્ઞાન વિના સુખ પ્રાપ્ત ન થયું. રાગાદિ ક્રિયા છે. એમાં સુખ નથી. એવા ધર્મીને પણ આત્મા અનંત ગુણ સંપન્ન પ્રભુ અને એની અનંતી પર્યાય નિર્મળ અને કેટલીક મલિન પર્યાય એ બધાને ધરવાવાળો આત્મા એ શ્રુતજ્ઞાન વડે કરીને પ્રમેય થાય છે. ઝીણી વાત છે. ભાઈ !

અનંતકાળમાં ભાવશ્રુતજ્ઞાન કર્યું નથી, શાસ્ત્ર (જ્ઞાનની વાત) નથી. અને જે ભાવશ્રુતજ્ઞાનમાં આનંદની પર્યાયનું વેદન આવે એવા ભાવશ્રુતજ્ઞાન દ્વારા આત્મા પ્રમેય એટલે જ્ઞાનમાં જ્ઞેય થાય છે. શ્રુતજ્ઞાનમાં તે જ્ઞેય એટલે આત્મા જાણવામાં આવે છે. એ શ્રુતજ્ઞાન કેવું છે ? કે અનંતનયોનો

સમુદાય તે શ્રુતજ્ઞાન છે. શ્રુતજ્ઞાન છે તે પ્રમાણ છે. પર્યાય પણ પ્રમાણ છે. અને એમાં અનંતનયનો સમુદાય તે શ્રુતપ્રમાણ છે. એ શ્રુતપ્રમાણથી આત્મા, દ્રવ્ય–ગુણ ને પર્યાયથી પ્રમેય એટલે જ્ઞાનમાં જ્ઞેય તરીકે આવે છે. આહા...હા ! વસ્તુ તો આવી છે. પણ અનંત કાળમાં ખ્યાલ કર્યો નથી. આહા...હા ! તો એ પ્રશ્નના ઉત્તરમાં ૪૭ નય વર્ણવ્યા છે. એમાં ૩૩ નય તો ચાલ્યા.

**(હવે) ૩૪મો ચાલે છે.** સૂક્ષ્મ વાત છે. અપૂર્વ વાત છે. અનંતકાળમાં કર્યું નથી. અનંત મનુષ્યના ભવ કીધા, અનંત તિર્યંચના કીધા, અનંત નરકના કીધા, અને અનંત નિગોદના કીધા. અને સ્વર્ગના અનંત અનંત ભવ કીધા. નરક કરતાં પણ સ્વર્ગની ગતિના ભવ અસંખ્ય ગુણ અનંતા કર્યાં છે. અને પુણ્યની ક્રિયા કરી હોય તો એનાથી સ્વર્ગ મળ્યું. પણ જન્મ–મરણ મટ્યા નહિ. જન્મ મરણ મટવાની ચીજ શું છે ? તે કહીએ છીએ.

એનો ઉત્તર ૩૪મા (નયમાં) આપે છે. 'આત્મદ્રવ્ય' આત્મદ્રવ્ય જે કહ્યું એ જે અનંતગુણ છે. એમાં જ્ઞાન–દર્શન–આનંદ આદિ અનંત ગુણ છે. અને એ ગુણની અનંતી પર્યાય, પર્યાયમાં કેટલીક વિકૃત છે. અને કેટલીક નિર્મળ છે. એની વાત અહીંયાં છે. એ આત્મદ્રવ્ય અનંતગુણ જે કાયમ રહેવાવાળા અને પર્યાય જે પલટવાની અવસ્થાવાળી એ પર્યાય અને ગુણને ધરવાવાળું આત્મદ્રવ્ય છે. મારગ બહુ ઝીણો છે, ભાઈ !

લોકો બહારથી માને છે કે, આમ મળી જાય. એમ કોઈ દિવસ (કદી) છે નહિ. સમ્યક્દર્શન અનંતકાળમાં કર્યું નથી. અને એના વિના વ્રત–તપ આદિ અનંતવાર કર્યાં. એનાથી સ્વર્ગાદિ મળે. પણ પાછું ત્યાંથી નરક–નિગોદ આદિમાં ચાલ્યો જશે. આહા...હા !

અહીંયાં તો શિષ્યનો પ્રશ્ન એ છે કે પ્રભુ ! આત્મા કેવી રીતે પ્રાપ્ત થાય ? આનંદનો નાથ, સત્‌ચિદાનંદ પ્રભુ અમને અમારી પર્યાયમાં – અવસ્થામાં એનું ભાન કેવી રીતે થાય ? એના ઉત્તરમાં આ છે. ૩૩ (નય) તો ચાલ્યા છે.

**૩૪(મો નય) 'આત્મદ્રવ્ય ઈશ્વરનયે પરતંત્રતા ભોગવનાર છે.'** આત્મામાં એક એવો ઈશ્વરનય (છે) એટલે આ પર્યાયમાં એવી એક યોગ્યતા છે. પર્યાયમાં (હો) દ્રવ્યમાં ગુણ તો ત્રિકાળી નિર્મળ ધ્રુવ છે. પણ એની પર્યાયમાં એવી એક યોગ્યતા છે કે **'આત્મદ્રવ્ય ઈશ્વરનયે પરતંત્રતા ભોગવનાર છે.'** આહા...હા ! જ્યાં સુધી વીતરાગ ન હો પરમાત્મદશા પ્રાપ્ત ન હો, ત્યાં સુધી ધર્મીને પણ (રાગ હોય છે). આત્મનો અનુભવ છે, આત્માનું આનંદ સ્વરૂપ, શુદ્ધ ચૈતન્ય એનો આસ્વાદ છે, એને પણ એની પર્યાયમાં કર્મના નિમિત્તને આધીન થવું (બને છે) કર્મ આધીન કરતા નથી. સમજાણું કાંઈ ?

કર્મ આધીન કરતા નથી. કર્મ તો જડ–પરદ્રવ્ય છે. પણ પોતાની પર્યાયમાં કમજોરીથી નિમિત્ત આધીન થઈને પરાધીનતા ઉત્પન્ન કરે છે. અહીંયાં ધર્મની ચીજ ચાલે છે. જેને ધર્મ, આત્માનો અનુભવ થયો, શુદ્ધ ચૈતન્ય આનંદકંદ પ્રભુ છે, અતીન્દ્રિય આનંદનો દળ આત્મા છે, એનો સમ્યક્દર્શનમાં અનુભવ થયો. અને અતીન્દ્રિય આનંદ ભર્યો છે, એનો સ્વાદ પણ ધર્મીને આવ્યો – તો એ ધર્મીને પણ એક પર્યાય એવી યોગ્યતાવાળી હજી છે કે, નિમિત્તને આધીન થઈને પરાધીન (પણે) રાગાદિ (થાય) છે. તો એ રાગને બાંધવાવાળો છે. આહા...હા ! સમજાણું કાંઈ ?

માર્ગ તો આવો (છે). માર્ગને સરળ કરો, સરળ કરો પણ અંદર હોય એટલો સરળ કરવો કે ન હોય એવો સરળ કરવો ? વ્રત પાળો. દયા કરો, ભક્તિ ને પૂજા કરો, એતો બધી રાગની ક્રિયા છે. એ આવે છે, ધર્મીને પણ કર્મને વશ થઈને એવો રાગ આવે છે. પણ એની સાથે પોતાનું આનંદ સ્વરૂપ છે. એનો અનુભવ પણ સાથે છે. આહા...હા ! સમજાણું કાંઈ ?

એ અહીંયાં કહે છે. ઈશ્વરનયે, અંતરમાં શ્રુતજ્ઞાન–ભાવશ્રુતજ્ઞાન–આનંદની અવસ્થા સાથે ભાવશ્રુતજ્ઞાન થાય છે. એથી આત્મા પ્રમેય (એટલે) જ્ઞાનમાં જાણવામાં આવે છે. એવા ધર્મીને એક નય એવો પણ છે કે નિમિત્ત આધીન, પરાધીન થઈને (રાગ થાય છે) હેં ! (એ) ઈશ્વરનયે પરતંત્રતા ભોગવનાર છે.

આહા...હા ! એ પર્યાયમાં હજી પૂર્ણદશા થઈ નથી. તોપણ ધર્મીને, સમ્યગ્દૃષ્ટિને આત્માના આનંદનો અનુભવ છે. સમ્યક્દૃષ્ટિને આનંદનું વેદન હોય છે. એ વિના સમ્યક્દૃષ્ટિ હોતો નથી. સમજાણું કાંઈ ? તો સમ્યક્દૃષ્ટિને આનંદના વેદનમાં, પૂર્ણ આનંદનો અભાવ છે. તો થોડી પર્યાયમાં યોગ્યતા પણ એવી છે કે નિમિત્તાધીન રાગ કરે છે. એવી એક યોગ્યતા છે. કર્મ (રાગ) કરાવતા નથી.

આહા...હા ! 'કર્મ બિચારે કૌન ? ભૂલ મેરી અધિકાઈ' કર્મ તો જડ છે. એ શું કરે ? પોતાને અડતા પણ નથી. જડ કર્મ પોતાને અડતા નથી. અને જડ કર્મ આત્માને અડતા નથી. પણ ધર્મીને પણ અંતર આનંદના સ્વરૂપનો અનુભવ છે. સમ્યક્દૃષ્ટિને અનંત અનંત ગુણની શક્તિની વ્યક્તતા અંશે પ્રગટ છે. એની સાથે આ પણ એક ભાવ છે. નિમિત્ત આધીન થઈને રાગ કરે છે. એવો એક ઈશ્વરનય છે. આવી વાત છે. ભાઈ...! બીજું શું થાય ?

વસ્તુની ખબર ન મળે અને ધર્મ થઈ જાય. અનંતવાર આવી ભક્તિ, પૂજા (કરી). ભગવાન સાક્ષાત્ ત્રિલોકનાથ તીર્થંકરના સમવસરણમાં અનંતવાર ગયો. મહાવિદેહમાં ભગવાન કાયમ બિરાજે છે. ત્યાં અનંતવાર ઊપજ્યો અને અનંતવાર સમવસરણમાં ગયો. પણ સમ્યક્દર્શન શું ચીજ છે, એને પામ્યો નહિ. આહા...હા !

શુભરાગ થયો – પુણ્ય (થયું) અને એને માની લીધો કે અમે ધર્મ કરીએ છીએ. અહીં કહે છે કે, પરમાત્મા સંતો તો વચ્ચે આડતિયા થઈને વાત કરે છે. પણ સર્વજ્ઞ પરમાત્મા દિવ્યધ્વનિના દાતાર, એમણે આ કહ્યું છે. આહા...હા ! આત્મામાં અનંત નયમાં એક નય એવો પણ છે કે, શ્રુતને જાણે છે. એક જ્ઞાનનો અંશ એવો છે કે, કર્તા અંદર શક્તિરૂપે જાણે છે. એક નય એવો છે કે પર્યાયને જાણે છે એક નય એવો છે કે દ્રવ્યને જાણે છે. એવા અનંત નયના સમુદાય(રૂપ) જે ભાવશ્રુત, અંદરમાં અરૂપી ભાવશ્રુત (જ્ઞાન) વિકૃત અવસ્થા રહિત એ આનંદની પર્યાયની સાથે જે ભાવશ્રુતજ્ઞાન છે; એ ભાવશ્રુત જ્ઞાન દ્વારા, આત્મા જાણવામાં આવે છે. એવા જીવને એક નય એવો છે. આહા...હા ! શું થાય ?

અનંત, અનંત, કાળ થયો. રખડી રખડીને અનંત ભવ કર્યાં. કીડા, કાગડા, કૂતરાં, કંથવા, સૂવર, હાથી અનંત અનંત ભવ અંત નહિ એટલા, અનંત ભવ કર્યાં. પણ સમ્યક્દર્શન શું ચીજ છે ? અને કેમ પ્રાપ્ત થાય ? એની દરકાર કરી નહિ. આહા...હા ! એને અહીં ઉત્તર આપે

છે કે, જેને આત્મા સમ્યક્જ્ઞાન દ્વારા અનુભવમાં આવ્યો છે. એને પણ એક નય એવો છે કે કર્મને આધીન–પરાધીન થઈને રાગ કરે છે. સમજાણું કાંઈ ? હેં... ઈશ્વરનયે કહ્યું ને. ઈશ્વરનયે. આહા...હા !

'અમૃતચંદ્ર આચાર્ય', દિગંબર સંત, હજાર વર્ષ પહેલાં થયા. એમનો આ નય અધિકાર છે. 'કુંદકુંદ આચાર્ય', બે હજાર વર્ષ પહેલાં સંવત ૪૯માં થયા. એના મૂળ શ્લોક છે. અને એની ટીકા 'અમૃતચંદ્ર આચાર્યે' કરીને, એમાં આ નયનો અધિકાર કહ્યો છે.

ભગવાન 'અમૃતચંદ્ર આચર્ય' સંત મુનિ છે. દિગંબર મુનિ છે. અંદર અતીન્દ્રિય આનંદનું પ્રચુર વેદન છે. મુનિનું ભાવલિંગ એ છે કે અતીન્દ્રિય આનંદનું પ્રચુર સ્વસંવેદન–વેદન હોય છે. એ મુનિનું અંદર ભાવલિંગ છે. આહા...હા ! દ્રવ્યલિંગમાં પંચમહાવ્રતપણું અને નગ્નપણું એ દ્રવ્યલિંગ છે. એ ભાવલિંગી સંત એમ કહે છે. આહા...હા !

તો એક નય–જ્ઞાનનો અંશ એવો છે કે, (જીવ) કર્મને નિમિત્તને આધીન થઈને, પરાધીન થઈને રાગ કરે છે. આહા...હા ! હેં ! એ અત્યારે પ્રશ્ન નથી.

અહીં તો નિમિત્ત આધીન થઈને પોતે વિકાર કરે છે બસ એટલી વાત છે. ધર્મી જીવને પણ આત્મજ્ઞાન થયું હોય એને પણ આત્માના આનંદનો અતીન્દ્રિય અનુભવ સમકિતને હોય છે. મિથ્યાદૃષ્ટિને આત્માના આનંદનો અનુભવ હોતો નથી. આહા...હા ! કેમકે એની દૃષ્ટિ રાગ ને વિકાર ને પર ઉપરની દૃષ્ટિ છે. આહા...હા !

ધર્મી સમ્યક્દૃષ્ટિની દૃષ્ટિ તો દ્રવ્ય–ધ્રુવ ઉપર છે. પણ એની સાથે જે જ્ઞાન થાય છે. એ જ્ઞાન અનંત નય સંપન્ન છે. અને એ જ્ઞાન દ્વારા આખું દ્રવ્ય–ગુણ–પર્યાય (સહિત) જાણવામાં આવે છે. એમાં એક નય એવો છે કે પરાધીન થઈને ભોગવે છે. પરાધીન થાય છે. એટલી વાત છે.

જુઓ, '**આત્મદ્રવ્ય ઈશ્વરનયે પરતંત્રતા ભોગવનાર છે.**' પરતંત્રતા ભોગવનાર (છે) કોની પેઠે છે ? '**ધાવની દુકાને ધવડાવવામાં આવતા મુસાફરના બાળકની માફક.**' આ ધાવમાતા હોય છે ને ? ધાવ(માતા) ધવડાવે. ધાવની દુકાને ધવડાવવામાં આવે છે ને ! મુસાફર નીકળ્યો હોય, અને બાળકને દૂધ પિવડાવવું હોય તો જેમ ધાવમાતાની દુકાન પર (દૂધ) પિવડાવે છે. એ પરાધીન મુસાફર(ની) જેમ ભગવાન આત્મા આહા...હા ! પોતાના આનંદાદિ ગુણનું ભાન થઈને બહાર નીકળે છે. પણ એમાં રાગ (થાય છે) નિમિત્ત આધીન થઈને, વિકાર પરાધીન થાય છે. એવો પણ એકનય છે.

સમજાણું કાંઈ ? સૂક્ષ્મ વાત છે ભાઈ !

અનંતકાળમાં સમજ્યો નથી. એમ તો આખી જિંદગી ધંધાપાણી ને વેપાર, ઘર અને ધંધાના પાપ (આડે) આખી જિંદગી (કાઢી નાખે) ૨૪ કલાકમાં ૨૦--૨૦ કલાક તો પાપમાં જાય. વેપારમાં જાય અને એકાદ બે કલાક સાંભળવા જાય તો વળી એવી વાત મળે એને કે, આમ તમે ઉપવાસ કરો ને વ્રત કરો. એ કરતાં કરતાં ધર્મ થશે. એવી વાત મળે ને જિંદગી નિષ્ફળ જાય.

અહીંયાં પરમાત્મા દિવ્યધ્વનિ(માં) એમ કહે છે, ત્રિલોકનાથ, જિનેન્દ્રદેવ, સીમંધર ભગવાન

મહાવિદેહમાં બિરાજે છે. ત્યાં 'કુંદકુંદાચાર્ય' ગયા હતા. આઠ દિન ત્યાં રહ્યા હતા. આઠ દિન (ભગવાનની વાણી) સાંભળીને, આવીને આ શાસ્ત્રો બનાવ્યાં. ભગવાનનો આ સંદેશ છે. એનો વિસ્તાર 'અમૃતચંદ્રાચાર્ય' કરે છે.

આત્મામાં – પર્યાયમાં એક યોગ્યતા (એક) એવો નયનો વિષય છે કે તે પરાધીન થઈને ભોગવે છે. આહા...હા ! સ્વાધીન હોય તો નિર્મળ દશા થાય છે. પણ નિમિત્તને આધિન થાય છે, તો રાગ થાય છે. ધર્મીને પણ એટલો રાગ નિમિત્ત આધીન હોય છે. પણ સાથે આનંદ પણ છે, સાથે જ્ઞાન છે અને સમ્યક્દર્શન પણ છે. ચારિત્રનો અંશ પણ છે. સમ્યક્ચારિત્રનો અંશ પણ એમાં છે એક નયે નિમિત્તને આધીન થાય તો રાગ થાય છે. આહા...હા ! સમજાણું કાંઈ ?

ગમે તેટલી ભાષા સરળ કરે પણ ભાવ તો (જે) હોય એ જ હોય ને ! એમાં ગરબડ કરે કાંઈ (તો) ફરી જાય ? 'જાઓ ! તમે દયા પાળો, વ્રત કરો, જાત્રા કરો ને ધર્મ થઈ જશે.' – એ સવળું હશે ? એ તો ઊંધું છે. સમજાણું કાંઈ ? માર્ગ સૂક્ષ્મ છે ભાઈ ! અનંતકાળમાં એણે સાંભળ્યો પણ નથી. યથાર્થપણે શું ચીજ છે ? ત્રિલોકનાથની દિવ્યધ્વનિનો આ સાર છે.

ઈશ્વરનયે... આવ્યું ને ? પરતંત્રતા ભોગવનાર છે. આહા...હા ! ધાવની દુકાન પર દૂધ પિવડાવનાર મુસાફરના બાળકની જેમ. મુસાફરને જેમ બાળક હતું. સ્ત્રી છે પણ એને દૂધ નથી આવતું. તો ધાવમાતા છે, તેની પાસે બાળકને ધવરાવે છે. એટલો પરાધિન છે ને ! એમ ભગવાનઆત્મા ! આહા...હા ! પોતાની પર્યાયમાં પૂર્ણ નિર્મળતા થઈ નથી, વીતરાગતા–સર્વજ્ઞતા પૂર્ણ થઈ નથી, ત્યાં સુધી ધર્મી જીવ સાધકને પણ રાગની પરતંત્રતા ભોગવવામાં આવે છે. આહા...હા !

એ ભક્તિનો ભાવ, પૂજાનો ભાવ, વ્રતનો ભાવ તે બધો રાગ છે – આસ્રવ છે, એ આસ્રવ ભોગવવામાં આવે છે. પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી પરતંત્રતા ભોગવે છે. આહા...હા ! સમજાણું કાંઈ ? એક નય છે. ધાવની દુકાને ધવડાવવામાં આવતા મુસાફરના બાળકની જેમ. આહા...હા ! અહીં તો એ સિદ્ધ કરવું છે કે, ધર્મીને (જેને) આત્માનો અનુભવ હોય તે સમ્યક્દૃષ્ટિ છે. એને પણ રાગ–દ્વેષ આદિ ભાવ આવે છે. એ ભાવ પરને આધીન થઈને આવે છે; પરાધીન થઈને આવે છે, એટલી વાત છે.

સમજાણું કાંઈ ? એ ધર્મ નથી. પણ આવે છે. જ્યાં સુધી (પૂર્ણ) વીતરાગતા ન હોય ત્યાં સુધી સમ્યક્દૃષ્ટિને પણ આનંદ અને વીતરાગની પર્યાય હોવા છતાં પણ અપૂર્ણ વીતરાગતા છે. તે રાગદ્વેષને કારણે નિમિત્તને આધીન–પરાધીન હોય છે. આહા...હા ! સમજાણું કાંઈ ? એ ૩૪મો (નય) થયો !

**હવે ૩૫(મો નય) 'આત્મદ્રવ્ય અનીશ્વરનયે સ્વતંત્રતા ભોગવનાર છે.'** આહા...હા ! એ પરાધીન છે અને સ્વતંત્રતા પણ ભોગવવાવાળો છે. પોતાના આનંદ અને રાગને ભોગવે છે. પણ સ્વતંત્રપણે ભોગવે છે. ઓલી પરાધીનતાની વાત થઈ ને આ સ્વતંત્રતાની (વાત) છે. આહા...હા ! રાગમાં પણ આ લાગુ પડે છે.

ભગવાન આત્મા ! શુદ્ધ ચૈતન્ય આનંદ અનંતગુણનો પિંડ પ્રભુ ! એનો સમ્યક્દર્શનમાં અનુભવ

થયો, આનંદનો સ્વાદ આવ્યો. તોપણ પરાધીનપણે ભોગવે છે. અને સ્વતંત્રપણે પણ ભોગવે છે. નિમિત્તને આધીન નહિ. પણ નિમિત્તાધીન સ્વતંત્રપણાની નિર્મળ પર્યાયને અને રાગને સ્વતંત્રપણે ભોગવે છે. આહા...હા ! આવી વાત હવે !

દિગંબર સંતોએ અંતરના માલને ખોલી દીધો છે. અંદર ખજાનો ખોલી દીધો છે. આહા...હા ! પ્રભુ ! પૂર્ણ અનંત આનંદ છે ને નાથ તારામાં ! અતીન્દ્રિયજ્ઞાન ભર્યું છે ને ! અને અતીન્દ્રિય શાંતિ ભરી છે ને ! આહા...હા ! એવી શાંતિ અને આનંદનો અનુભવ હોવા છતાં પણ તારી પર્યાયમાં એ પરતંત્રતા પણ છે. અને એક સ્વતંત્રતા પણ છે. આહા...હા !

એના એ રાગને આધીન થઈને કહેવું એ પરતંત્રતા છે. અને પોતાની સ્વતંત્રતાથી કરે છે એનું નામ સ્વતંત્ર છે. આહા...હા ! સમજાણું કાંઈ ?! બે અપેક્ષાઆએ નય (છે). પર્યાયમાં બે અપેક્ષાઓ છે. જેટલો રાગ છે એટલી પરાધીનતા પણ છે. અને જેટલો રાગ છે. તેટલી સ્વતંત્રતા પણ છે અને અંતરમાં આનંદને ભોગવવો એ પણ સ્વતંત્ર છે.

આહા...હા ! સમ્યક્‌દૃષ્ટિ જીવ–ધર્મની પહેલી સીડી, મોક્ષ મહેલીની પહેલી સીડી–છઢાળામાં આવે છે. મોક્ષમહેલની પહેલી સીડી સમ્યક્‌દર્શન (છે). એમાં અતીન્દ્રિય આનંદને સ્વતંત્રપણે ભોગવવાવાળો છે. અને રાગ પણ સ્વતંત્રપણે ભોગવવાવાળો છે. આવી વાતો છે. ધર્મી જીવ પોતાનું જ્ઞાન–સ્વરૂપનું વેદન (અર્થાત્) સ્વસંવેદન પોતાના સ્વ પ્રત્યેના આનંદ આદિનું વેદન સ્વતંત્રપણે કરે છે. કોઈ પરની અપેક્ષા નથી. સમજાણું કાંઈ ?

રાગને પણ એક નયે પરતંત્રતાપણે કહ્યો, એ રાગને સ્વતંત્રપણે ભોગવે એવો એક નય છે. આહા..હા ! આખું સ્વરૂપ જ એવું છે. શિષ્યનો પ્રશ્ન છે, એનો આ ઉત્તર છે. કેવી રીતે આત્મા પ્રાપ્ત થાય ? તો આમ પ્રાપ્ત થાય છે કે, જે અનંતનય ગુણ અને પર્યાયને એક એકને જાણે (એ) નય. એ અનંતનયનો સમુદાય જે ભાવશ્રુત જ્ઞાન, નિર્વિકલ્પ રાગ વિનાનું ભાવજ્ઞાન, એ ભાવજ્ઞાન દ્વારા દ્રવ્ય ગુણ અને વિકારી, અવિકારી પર્યાય પ્રમેય એટલે જ્ઞાન થાય છે. એ ભાવજ્ઞાનમાં જ્ઞેયનું જ્ઞાન થાય છે. આહા...હા !

ભારે આકરું શું થાય ? ભાઈ ! પરિભ્રમણ કરતાં કરતાં અનંતકાળ થયો. અનંતા પુદ્‌ગલ પરાવર્તન (કર્યાં). સ્વર્ગના અનંત પુદ્‌ગલ પરાવર્તન કર્યાં. (અધો) લોકમાં નારકી (છે) એમાં અનંતા પુદ્‌ગલ પરાવર્તન કર્યાં. એનાથી અસંખ્યગુણા અનંત પુદ્‌ગલ પરાવર્તન સ્વર્ગના કર્યાં. તો પાપ કરતાં પુણ્ય ઘણી વાર અનંત કર્યાં. (એમ) કહે છે. સમજાણું કાંઈ ? નરકમાં પહેલી નરક, સાતમી નરક, એમાં એક એક નરકમાં અનંતવાર ઊપજ્યો. અને અસંખ્યાતા પુદ્‌ગલ પરાવર્તન થયાં. અનંતા પુદ્‌ગલ પરાવર્તન એક એક સમય કરતાં થયાં. એ અનંતા પુદ્‌ગલ પરાવર્તન એક સ્વર્ગમાં નહિ. નરકમાં (પણ). અસંખ્યાતા અનંત પુદ્‌ગલ પરાવર્તન સ્વર્ગમાં થયાં. ભગવાન કહે છે કે, સૌથી થોડા ભવ મનુષ્યના થયા છે.

મનુષ્યભવ છે અનંત પણ સૌથી થોડા અને તેનાથી અસંખ્યગુણા અનંતા નારકીના ભવ કર્યાં. અને એનાથી અસંખ્યગુણા અનંત સ્વર્ગના કર્યાં. અને તેનાથી અસંખ્યગુણા અનંત નિગોદના કર્યાં. આહા...હા ! અનંતકાળ ચાલ્યો છે બાપુ ! એને કંઈ ખબર નથી. પોતાની દયાની ખબર

નથી. પોતાની દયા શું ચીજ છે ? (પોતે વસ્તુ) જેવી છે તેવી પ્રતીત કરવી એ પોતાની દયા છે. એનાથી વિરુદ્ધ પ્રતીત કરવી તે હિંસા છે. સમજાણું કાંઈ ?

મારગ તો આ છે. વિપરીત કહેશો તો આ મારગ નહિ રહે. આહા...હા ! '**(આત્મદ્રવ્ય) અનીશ્વરનયે સ્વતંત્રતા ભોગવનાર છે, હરણને સ્વછંદે (સ્વતંત્રપણે, પોતાની મરજી અનુસાર ફાડી ખાતા સિંહની માફક.**' જેમ સિંહ હરણને સ્વતંત્રપણે ફાડીને ખાય. ખાવાવાળો સિંહ છે ને ? એમ ભગવાન આત્મા સ્વતંત્રપણે પોતાનો આનંદ અને અનંત ગુણો અને પર્યાયને ભોગવવાવાળો છે. રાગને પણ સ્વતંત્રપણે ભોગવવાવાળો છે. આહા...હા ! ધર્મની વાત ચાલે છે, હોં !

જેને આત્મજ્ઞાન નથી. અને ધર્મની ખબર નથી. સમ્યક્‌દર્શન નથી. એ તો પુણ્યમાં ધર્મ માને, એ તો મિથ્યાદૃષ્ટિ છે. એની તો અહીંયાં વાત છે જે નહિ. નય અને નયનો વિષય પ્રમાણ અને પ્રમાણનો વિષય આખું દ્રવ્ય – દ્રવ્ય–ગુણ–પર્યાય છે. એના વિષયની વાત છે હોં ! આ તો 'પ્રવચનસાર'. પ્ર = વિશેષ વચન – દિવ્યધ્વનિ. ભગવાન જિનેન્દ્રદેવની મુખધ્વનિ. 'મુખ ઓમકાર ધ્વનિ સુનિ ગણધર અર્થ વિચારે.' ભગવાનની ઓમ મુખ ધ્વનિ સુનિ ગણધર અર્થ વિચારે, 'રચિ આગમ ઉપદેશ ભવિક જીવ સંશય નિવારે.' ભવિક જીવ હોય તે સંશયને નિવારે. આહા...હા ! (એ) આ વાણી છે. આહા...હા !

અનીશ્વરનયે સ્વતંત્રતા ભોગવવાવાળો છે. બેય સ્વતંત્ર હોં. નિર્મળ પર્યાયને પણ ભોગવવાવાળો સ્વતંત્ર અને મલિનતા પણ સ્વતંત્ર ભોગવવાવાળો છે. આહા...હા ! ઓલા નિમિત્ત આધીન થઈને ભોગવે છે. એ એક નય છે. અને એક સ્વતંત્ર ભોગવે છે. એ એક નય છે. નય એટલે જ્ઞાનનો અંશ. એ એક એક (દ્રવ્યનો) અંશ એક એક નયનો વિષય, એવા અનંત નયનો સમુદાય ભાવશ્રુતજ્ઞાન. ભાવશ્રુતનો વિષય દ્રવ્ય–ગુણ ને પર્યાય, એમાં વિકારી પર્યાય પણ ભાવશ્રુત પ્રમાણમાં આવે છે. અવિકારી પણ આવે છે. નિર્વિકારી ગુણ પણ આવે છે. અને આખું દ્રવ્ય પણ આવે છે. આહા...હા !

આવો મારગ છે. સાંભળવા મળે નહિ. એ કે દિ' કરે, ને શું કરે ? જિંદગી એમ ને એમ... (ચાલી જાય). દુનિયામાં રળવું, ખાવું, ભોગવવું, ભોગ ને વિષય, આબરૂ ને કીર્તિ, દુકાનને થડે બેસીને, પાંચ–પચીસ લાખ મળ્યા. ધૂળ... બસ મશગૂલ થઈ જાય એમાં. બે પાંચ કરોડ થાય એટલે તો જાણે અમે સુખી થઈ ગયા. ધૂળેય (સુખ) નથી. સાંભળને. દુઃખમાં દુઃખના ડુંગરે માથા ફોડે છે.

પૈસાવાળા સુખી છે. ધૂળેય નથી. કહો શેઠ. આ પૈસાવાળા છે. લ્યો શેઠ કરોડપતિ છે. ધૂળમાંય સુખ નથી. ત્યાં ક્યાં પૈસામાં સુખ હતું. સુખ તો આત્મામાં (છે). અતીન્દ્રિય આનંદ આત્મામાં છે. સત્‌ચિદાનંદ પ્રભુ ! આત્મા છે. એની ખબર ક્યાં છે ? આહા...હા ! એનો મહિમા ને એની મોટપની એને ખબર ક્યાં છે ? અતીન્દ્રિય આનંદથી તો ભર્યો પડ્યો આત્મા છે. જેમ મૃગની નાભિમાં કસ્તૂરી છે. (પણ) મૃગને કિંમત નથી. મૃગની નાભિમાં કસ્તૂરી મૃગને–હરણને ખબર નથી – કિંમત નથી.

એમ ભગવાન આત્મામાં અંદર અતીન્દ્રિય આનંદરૂપી કસ્તૂરી ભરી છે. આહા...હા ! પણ મૃગની જેમ આત્મા પોતાનામાં સુખ છે એવું છોડીને, સ્ત્રીમાં સુખ છે. પૈસામાં સુખ છે. આબરૂમાં

સુખ છે. ને ધૂળમાં સુખ છે. મોટી આબરૂ થઈ ગઈ અમારી. ધૂળમાંય સુખ નથી ક્યાંય ? આહા...હા ! કહો ભાઈ ! આવું સાચું હશે ? આ તમારા પૈસાવાળાને સુખી કહે છે ને ! પોતે શેઠ છે. છે કે નહિ ? સુખી છે પૈસાથી ? ધૂળેય નથી. સાંભળતો ખરો !

પૈસા ઉપર લક્ષ જવું એ રાગ છે, એ દુઃખ છે. આહા...હા ! આત્મા ઉપર લક્ષ જવું એ આનંદ છે. અતીન્દ્રિય આનંદનો નાથ અંદર બિરાજે છે. એ જિન અને જિનવરમાં અંદરમાં કાંઈ ફેર નથી. આહા...હા ! જિન સ્વરૂપ (છે). એ તો ઘણી વાર કહ્યું હતું ને ! 'બનારસીદાસ'(માં આવે છે). 'ઘટ ઘટ અંતર જિન વસે, ને ઘટ ઘટ અંતર જૈન. પણ મતમદિરા કે પાનસોં, મતવાલા સમજે ન.' મતવાળા પાગલ થઈ ગયા છે. ઘટ ઘટ અંતર જિન વસે. દરેક દેહમાં ભગવાન જિન સ્વરૂપી બિરાજમાન છે. આહા...હા !

'ઘટ ઘટ અંતર જિન વસે, ને ઘટ ઘટ અંતર જૈન.' જૈન કાંઈ બહારના ક્રિયાકાંડમાં જૈન નથી. જૈન તો રાગથી ભિન્ન થઈને પોતાના જિનસ્વરૂપની પ્રતીતિ અને અનુભવ કરે. એને જૈન કહે છે. એ જૈનપણું એ અંદરમાં – ઘટમાં જૈનપણું છે. બહારમાં નથી કાંઈ કે આ ક્રિયાકાંડ કર્યા માટે આ જૈન છે. સમજાણું કાંઈ ? આહા...હા ! એની સાથે રાગ હોય છે. સમકિતીને પણ રાગ હોય છે. પણ (એ) દુઃખ છે. પરાધીન છે. ને સ્વતંત્રપણે કરે તે રાગ છે. અને નિમિત્તને આધીન થઈને કરે. એ પરતંત્રતા પણ એક નય છે. આહા...હા ! આવી વાતું ભાઈ ! આ તો આચાર્ય મહારાજ, દિગંબર સંતો (સિવાય) એવી વાત ક્યાંય છે નહિ, બીજે ક્યાંય છે નહિ.

એનામાં પડ્યા છે. એનેય ખબર નથી. આહા...હા ! આવી વાણી. (મહાવિદેહમાં ત્રિલોકનાથ પરમાત્મા બિરાજે છે. મહાવિદેહમાંથી તો આવ્યું છે બધું. આહા...હા !

અનીશ્વરનયે પોતાના દ્રવ્યસ્વરૂપમાં આશ્રય લઈને પોતાની નિર્મળ આનંદની દશાને સ્વતંત્રપણે ભોગવે છે. ભગવાનઆત્મા પદાર્થ, વસ્તુ છે, એમાં અનંત ગુણ છે. એમાં અનંત શક્તિ વસેલી છે, રહેલી છે. 'ગોમ્મટસાર'માં છે. આત્મા વસ્તુ છે. એમાં વાસ કરવો. કારણ કે ત્યાં અનંત શક્તિ–ગુણ છે. (એમાં) વાસ્તુ કરવું. (વસવું) આહા...હા ! એ રાગ અને નિમિત્તમાં ઘર કરીને બેઠો છે. એ મૂઢ મિથ્યાદૃષ્ટિ દુઃખી છે. પોતાના ઘરમાં અનંત આનંદ આદિ શક્તિ છે. એમાં વાસ કરવો, એ આનંદ છે. આહા...હા !

બહુ ફેર પડે. આ તો, મારગ એવો છે, બાપુ ! એને બીજી રીતે આડોઅવળો કરવા જાય તો આખું ઊંધું પડશે. બાપુ ! કાલે સવારમાં પણ આવ્યું હતું. આત્માના શુદ્ધ સ્વરૂપનો અનુભવ તે શુદ્ધ પરિણતિ છે, એ ધર્મ છે. સવારમાં આવ્યું હતું ને ? આત્મા ચૈતન્ય વસ્તુ–પરમાત્મા સ્વરૂપી છે. શક્તિએ સ્વભાવે પરમાત્મા છે. જિનસ્વરૂપી કહો કે, પરમાત્મા કહો. આહા...હા ! પરમાત્મા પર્યાયમાં પ્રગટ થયો.

અહીંયાં, આત્મા સ્વભાવે શક્તિએ પરમાત્મા છે. આહા...હા ! એ પરમાત્માની અંતરદૃષ્ટિ કરવાથી અનંતી નિર્મળ પર્યાય ઉત્પન્ન થાય છે. અને કોઈ પર્યાયમાં થોડી વિકૃત પણ છે, સાધક છે તેને; પણ એ બધી પર્યાયને સ્વતંત્રપણે પરની અપેક્ષા રાખ્યા વિના આનંદને પણ ભોગવે છે. અને રાગને પણ ભોગવે છે. આહા...હા !

સમજાણું કાંઈ ? આ દેહ તો માટી ધૂળ છે. પૈસા ધૂળ છે. માટી છે. જેમ માટી–ધૂળ પુદ્‌ગલ છે. અંદર કર્મ છે. તે પુદ્‌ગલ ધૂળ છે. ધૂળ. ધૂળ. આહા...હા ! અંદર પુણ્ય અને પાપના ભાવ થાય છે. એ વિકાર છે. વિકારથી રહિત ભગવાન અંદર અનાકુળ આનંદ અને પવિત્ર છે. પણ અહીંયાં કહે છે કે, એ પવિત્રતાનું ભાન હોવા છતાં પણ પર્યાયમાં આનંદ આદિ સ્વતંત્ર(પણે) ભોગવે છે. અને થોડો રાગ છે. એ પણ સ્વતંત્રપણે ભોગવે છે. આહા...હા ! ભોગવે છે ને.. એક એક સમયે છે ત્યાં સુધી ભૂલ તો કેટલી કરે છે ! છે ત્યારે તો ભોગવે છે ને ? અહીંયાં છે. એની વાત છે ને ! સમજાણું કાંઈ ? હજી આગળ આવશે.

પરનો ભોક્તા આગળ આવશે. આ તો હજી ઈશ્વરઅનીશ્વરનય ચાલે છે. સ્વતંત્ર અને પરતંત્ર એટલે ચાલે છે. પછી આગળ આવશે. આત્માનું જ્ઞાન થયું – સમ્યક્‌દર્શન થયું, આનંદનો અનુભવ થયો, એને પણ હજી રાગ આવે છે. એ રાગનો કર્તા પણ છે. અને રાગનો ભોક્તા પણ છે. અહીંયાં તો હજી પરાધીનતા અને સ્વતંત્રતા અને પરતંત્રતાની વાત ચાલે છે. આહા...હા ! અરે ! એના ઘરની વાત ક્યારેય સાંભળી નથી. અને સાંભળી છે. તો દૃષ્ટિમાં લીધી નથી. એમ ને એમ કાઢી. (નાખી) એ નિશ્ચયની વાત છે. નિશ્ચયની (વાત) છે એમ કરીને કાઢી નાખી. ભાઈ ! આહા...હા ! નિશ્ચયની એટલે સત્યની વાત. એમ. નિશ્ચય એટલે સત્ય. સત્યની વાત આ છે. વ્યવહારની વાત એ ઉપચારની અસત્યની વાત છે. સમજાણું કાંઈ ?

ભૂતાર્થનય જે છે એ સત્યની વાત છે. 'એ નહીં ! નહીં ! આપણે ક્યાં અત્યારે... (નિશ્ચયની વાત સમજાય ?) આપણે ગૃહસ્થી છીએ; આપણે એવા નિશ્ચયમાં ક્યાંથી પહોંચી શકીએ ?' (એમ માનનાર). મિથ્યાત્વમાં રહો, રાગમાં ધર્મ માનો, (એ) મિથ્યાત્વ છે. એ ગૃહસ્થાશ્રમમાં પણ અધર્મી છે.

આહા...હા ! અહીંયાં તો પરમાત્મા જિનેન્દ્રદેવને 'કુંદકુંદઆચાર્ય' સાંભળવા ગયા (હતા). આઠ દિન રહ્યા, સાંભળ્યું અને શ્રુતકેવળી પાસે ચર્ચા પણ કરી. પછી અહીં આવીને 'સમયસાર', 'પ્રવચનસાર', 'નિયમસાર' આદિ (શાસ્ત્રો) બનાવ્યાં. એમાંથી, 'અમૃતચંદ્ર આચાર્ય' એક હજાર વર્ષ પછી થયા, દિગંબર સંત. આ એમણે 'પ્રવચનસાર'ની ટીકા બનાવી. એમાં એમણે નયનો અધિકાર બનાવ્યો. સમજાણું કાંઈ ?

'**(આત્મદ્રવ્ય) અનીશ્વરનયે સ્વતંત્રતા ભોગવનાર છે.**' આહા...હા ! 'કર્મ બિચારે કૌન ?' એક સ્તુતિમાં આવે છે. ચંદ્રપ્રભુ ભગવાનની સ્તુતિમાં આવે છે. 'કર્મ બિચારે કૌન ? ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહે ઘનઘાત લોહ કી સંગતિ પાઈ.' હું એકલો શુદ્ધ ચૈતન્ય રહું તો મને (દુઃખ ન થાય). અગ્નિ એકલી હોય તો એમાં ઘણ નથી પડતા. અગ્નિ લોઢામાં પેસે તો ઘણ પડે છે.

હું એકલો રાગથી રહિત રહું તો દુઃખ નથી. રાગમાં આવું છું તો દુઃખ છે. સમજાણું કાંઈ ? અગ્નિ લોઢાનો સંગ કરે, અગ્નિ એમાં પૈસે તો ઘણ પડે. એમ આત્મા જ્ઞાનસ્વરૂપ, પર્યાયમાં રાગમાં પેસે તો દુઃખને ભોગવવું પડશે. સમકિતી હો તો પણ રાગમાં પેસે એટલું દુઃખ છે. આહા...હા ! સમ્યક્‌દૃષ્ટિને પૂર્ણ સુખ નથી. એ તો સાચા મુનિ છે, એમને પણ પૂર્ણ આનંદ નથી. સ્વસંવેદન – આનંદનું વેદન તો છે. પણ પૂર્ણ આનંદ નથી. જેટલો રાગ છે એટલું દુઃખનું

વેદન પણ છે. સ્વતંત્રપણે છે. પરની અપેક્ષા વિના છે. આહા...હા ! ૩૫ મો (નય) થયો ને. કોની પેઠે ? હરણને સ્વછંદે સ્વતંત્રપણે સ્વેચ્છાપૂર્વક મારે છે (તેમ).

આહા...હા ! એમ ભગવાન આત્મા સ્વતંત્રપણે આનંદ અને જ્ઞાનની પર્યાયને વેદે અને સ્વતંત્રપણે અધૂરી પર્યાય રાગની છે. તો એને પણ વેદે. આહા...હા ! નય અધિકાર ઝીણો બહુ. 'સમયસાર' માં ૪૭ શક્તિનું વર્ણન. 'પ્રવચનસાર'માં ૪૭ નયનું વર્ણન. આહા...હા ! અલૌકિક વર્ણન છે. આવું બીજા કોઈ શાસ્ત્રમાં (નથી) જૈન ધર્મ, – દિગંબર ધર્મ સિવાય ક્યાંય આવી વાત છે નહિ. સમજાણું કાંઈ ? આહા...હા ! (વાડામાં છે) એને પણ ખબર નથી કે શું છે ? અહીંયાં તો, સમ્યક્દૃષ્ટિને જરા રાગ પણ છે, આર્તધ્યાન પણ થાય છે. એટલી નિમિત્તને આધીન પરતંત્રતા ભોગવે છે. એ નિમિત્તને આધીન પરતંત્રતા (કરે છે) અને અહીંયાં પોતાના અશુદ્ધ ઉપાદાનથી કરે છે. એ સ્વતંત્રતા. આહા...હા ! મુનિને પણ હોય છે કે નહિ ? આહા...હા ! ભરત ચક્રવર્તી લ્યો. સમકિતી, ક્ષાયિક સમકિતી, એ ભવમાં મોક્ષ જવા વાળા. ભગવાન જ્યાં મોક્ષ પધાર્યા અષ્ટાપદ પર્વત પર ગયા. આમ જ્યાં મોક્ષ પધાર્યા, ભગવાનનો મોક્ષ થઈ ગયો. દેહ છૂટી ગયો. ઉપરથી ઇન્દ્રો આવ્યા. ભરત ચક્રવર્તી રડે છે. અરે ! ભરતક્ષેત્રનો સૂર્ય – કેવળજ્ઞાન આજે અસ્ત થઈ ગયો. ઇન્દ્ર કહે છે કે અરે ભરત ! તમને તો આ દેહ છેલ્લો છે. ને આ દેહે તો તમારે મુક્ત થવાનું છે. અને અમે તો ઇન્દ્ર છીએ ને અમારે તો એક ભવ મનુષ્યનો કરીને મોક્ષે જવાનું છે... .(ત્યારે ભરત કહે છે) ખબર છે ઇન્દ્ર ! અમને ખબર છે. એ બધી ખબર છે. પણ અમને ભગવાન પ્રત્યેનો પ્રેમનો રાગ આવ્યા વિના રહે નહિ. અમે જાણીએ છીએ કે રાગ મારી ચીજ નથી. પણ નબળાઈ – કમજોરીથી આંખો ભરાઈ આવે છે. ઇન્દ્ર દેખે છે. ઇન્દ્રો ના પાડે છે. પણ આંસુઓની ધારા (ચાલી જાય છે) એટલો રાગ છે. કે નિમિત્તની અપેક્ષાએ ઈશ્વરનયે પરાધીન છે. અને અનીશ્વરનયે સ્વાધીનતા ભોગવવાવાળો છે. આહા...હા ! આવું સ્વરૂપ છે.

પણ હજી તો સમજવામાંય કઠણ પડે. સાંભળવામાંય બેસે નહિ. એને સમજે કે દિ'. આહા...હા ! ચોરાસીના અવતાર કરી કરીને મરી ગયો છે. આહા..હા ! જુઓ ને ! ઓલા ૨૧૩ માણસ પડીને મરી ગયા. પ્લેનમાં ૨૧૩ માણસો બેઠા હતા. મુંબઈથી થોડુંક હાલ્યું ને ખાડીમાં પડી ગયું. ૨૧૩ (માણસ) ખલાસ – મરી ગયા. આહા...હા ! કેવી આશાએ જતા હશે ?!

આહા...હા ! બાપુ ! ભગવાન ! તેં પણ એવા અનંત અવતાર કર્યાં છે. તેં અનંતકાળમાં એવા અવતાર કર્યાં છે. એણે કર્યાં, એમ નથી. આહા...હા ! ભગવંત ! તેં તારી ચીજને જાણ્યા વિના આવા અનંત અનંત અવતાર કર્યાં છે. તું તો પ્રભુ ભગવંત સ્વરૂપ છે ને ! એ જિનસ્વરૂપ ભગવંત તારી તને ખબર નથી. રાગ ને પુણ્ય–પાપના ભાવ મારા માનીને, મિથ્યાત્વ સેવીને (મરી ગયો). મિથ્યાત્વ એ અનંત સંસારનું બીજ છે. આહા...હા ! સમજાણું કાંઈ ?

મિથ્યાત્વમાં અનંત ભવ પડ્યા છે. અને સમ્યક્દર્શન પછી થોડા રાગ છે. એટલું દુઃખ પણ છે. અને એકાદ બે ભવ કરવા પડે તો પણ જ્ઞાનમાં જાણે છે કે, મારી એટલી પરાધીનતા છે. આહા...હા ! સમજાણું કાંઈ ?

અનીશ્વરનયે (સ્વતંત્રતા ભોગવનાર છે) હરણને સ્વચ્છંદતાપૂર્વક ફાડી ખાતા સિંહની માફક. આહા...હા ! એ ૩૫ (મો નય) થયો.

**હવે ૩૬(મો નય) 'આત્મદ્રવ્ય ગુણીનયે ગુણગ્રાહી છે...'** (પરમાં) ગુણ જે હોય તે જાણે છે. ગુણગ્રાહી = પરમાં જેટલા ગુણ છે. એટલું જાણે છે – ગુણ ગ્રહણ કરે છે. એવો એક નય છે. આતમદ્રવ્ય, ગુણીનયથી ગુણગ્રાહી છે. કોની પેઠે ? '**...શિક્ષક વડે જેને કેળવણી આપવામાં આવે છે એવા કુમારની માફક.**' રાજકુમાર હોય છે. એ પણ નિશાળમાં જાય છે. નિશાળને ? શું કહેવાય ? સ્કૂલ. આવો રાજકુમાર હોય અને એક બ્રાહ્મણ આદિ શિક્ષક હોય, તોપણ એની પાસે શીખે. એમ નહીં કે અમે મોટા રાજા – રાજકુમાર છીએ. અને આ બ્રાહ્મણ અમને શીખવે ?

અમે ચક્રવર્તીના પુત્ર છીએ. અને આ બ્રાહ્મણ સાધારણ. (એમ) નહિ. એ રાજકુમાર હોય તોપણ એની પાસે નરમાશથી શીખે છે. આહા...હા ! છે ને ? રાજકોટમાં છે. રાજકુમારની કૉલેજ છે. પહેલાં મોટા રાજાઓ (જતા હતા) એમ આત્મા ગુણગ્રાહી (છે). જેમાં જેટલા ગુણ છે. તેને જાણવાવાળો – ગ્રહણ કરવાવાળો (છે). ગુણને જાણવાવાળો ગુણી છે. એને ગ્રહણ કરે (છે). છે ? **'આત્મદ્રવ્ય ગુણીનયે ગુણગ્રાહી છે શિક્ષક વડે, જેને કેળવણી આપવામાં આવે છે. એવા કુમારની માફક.'**

એમ ધર્માત્મા, ધર્મી એવો છે કે જેમાં જેટલા ગુણ છે, એનો ગુણગ્રાહી હોય છે. આહા...હા ! અવગુણ હોય તેને જાણે છે. પણ ગુણ હોય તેને ગ્રહણ કરે છે. સમજાણું કાંઈ ? આહા...હા ! કારણ કે બીજાને અવગુણ હોય, એમાં આપણને શું નુકસાન છે ? એ નુકસાન તો એને છે. એના ગુણ છે, એનો ગુણગ્રાહી થાય છે. કુમાર–રાજકુમારની માફક. શિક્ષક શીખવે અને જેમ શીખે, નરમથી શીખે (તેમ).

રાજકુમાર હોય ને ચક્રવર્તીનો પુત્ર હોય. અને શીખવનાર ગમે તે બ્રાહ્મણ હોય કે ગમે તે માસ્તર (હોય) નરમથી શીખે. એમ નહિ કે, આ મારી પ્રજા છે, અમે રાજા છીએ. માટે પ્રજાનો અમારે કેમ વિનય કરવો ? આહા...હા ! ત્યાં રાજકુમાર પણ વિનય કરે (છે). એમ ધર્મી જીવ(ને) એક નય એવો છે કે જેમાં જેટલા ગુણ યથાર્થ હોય, એકલા જાણે. ગુણ તો છે. સમજાણું કાંઈ ? આહા...હા ! અવગુણ હોય તે છોડી દે. એનું આપણે શું કામ છે ? એવો એક નય છે. એવો એનો ધર્મ છે. એક નય એવો છે. આહા...હા !

ગુણી વિશેષ હોય એની પાસેથી ગ્રહણ કરે. એમ નહીં કે, હું મોટો આચાર્ય છું. અને શિષ્ય આટલો વધી ગયો. આચાર્યને ૧૧ અંગનું જ્ઞાન હોય ને શિષ્યને ચૌદ પૂર્વનું જ્ઞાન થઈ જાય. સમજાણું કાંઈ ? એમાં શું છે ? (જ્ઞાન) હા ! વાહ ! ગુરુ કરતાં શિષ્ય (વહેલો) કેવળજ્ઞાન પામી જાય. 'ગુરુ રહ્યા છદ્મસ્થ ને (વિનય કરે ભગવાન)' શિષ્ય કેવળજ્ઞાન પામે એ કેવળજ્ઞાની ગુરુનો (બાહ્ય) વિનય કરે એમ નહિ. સમજાણું કાંઈ ? પણ એને ગુણ (પ્રગટ્યો) કે ઓહો...હો !!! (આવો ગુણ ! એમ જાણે) કાલનો કઠિયારો હોય, લાકડાં વીણતો હોય અને એ આજનો કેવળી થઈ જાય બીજે દિ'. આહા...હા ! ભગવાનઆત્મામાં અંદર કેવળજ્ઞાન ભરચક ભર્યું છે. આહા...હા ! કાલ તો કઠિયારો હોય, લાકડાં વેચતો હોય, આજ એકદમ અંદરમાં... વૈરાગ્ય... વૈરાગ્ય... વૈરાગ્ય...

(ઊપડ્યો અને) અંતર આનંદની ખાણમાં.... ઊતરી ગયા. અંદરમાં. આહા...હા ! એકદમ મુનિપણું આવ્યું, ને અંદર આનંદનું વેદન અને ઉગ્ર આનંદ થઈને કેવળજ્ઞાન થઈ ગયું. કાલે તો લાકડાં લીધાં હતાં એની પાસેથી અને આજ કેવળજ્ઞાન ? (વાહ...વાહ !) એમ અહીં કહે છે.

આહા...હા ! સમજાણું કાંઈ ? જેમાં જેટલા ગુણ છે. એટલા ગુણને જાણે. આ તો છદ્મસ્થની વાત છે ને ! આ કાંઈ કેવળીની વાત નથી. કેવળીને કાંઈ ગુણ ગ્રહણ કરવાનું છે નહિ. હેં ! આ તો સાધકની વાત છે. શ્રુતજ્ઞાનથી આત્માને જાણનાર, એની વાત છે.

સર્વજ્ઞ પરમાત્મા તો પૂર્ણ જ્ઞાની છે. એને કોનો વિનય શું કરવો ?! ગુણ ગ્રહણ એમને તો કંઈ છે નહિ. અહીં તો છદ્મસ્થ છે, અલ્પજ્ઞાની છે, સાધક છે, સમ્યક્જ્ઞાની છે, સમ્યક્દૃષ્ટિ છે. (એની વાત છે). એને અનુભવમાં આત્મા ઉપર દૃષ્ટિ છે. એ પરમાં કોઈ ગુણ હોય તો ગ્રહણ કરે.

અરે ભાઈ ! આ તો બાળક છે ને ! કાલનો (તો) કે, ભલે હો આજે કેવળજ્ઞાન પામ્યો છે. આજે ચાર જ્ઞાન થઈ ગયા. મારી પાસે એવું નથી. મારી પાસે મતિ અને શ્રુત બેય છે. એને ચાર થઈ ગયા. સમજાણું કાંઈ ? (આ) તો ગુણ-ગ્રાહીપણે પણ (એકનય) છે. કેટલામો (નય) થયો ? ૩૬મો થયો. રાજકુમારની માફક એ વિનયથી એટલે નરમાશથી ગુણ ગ્રહણ કરે... આહા...હા !

વિશેષ કહેશે.......

❋ ❋ ❋

જાણન–દેખન સ્વભાવ માત્રની દૃષ્ટિ કરતાં નવતત્ત્વરૂપ પરિણમન અભેદમાં તો છે જ નહિ, ચેતના સ્વભાવમાત્ર વસ્તુમાં ભેદ તો છે નહિ તેથી તેને જૂઠા કહી દીધા. પર્યાય પર્યાય તરીકે સત્ય છે, પણ લક્ષ કરવા માટે જૂઠી છે. દયા–દાન આદિ તો રાગ છે, તે લક્ષ કરવા લાયક નથી. પણ સંવર–નિર્જરા તે પણ લક્ષ કરવા લાયક નથી. જાણવા લાયક છે.

❋

પોતાના સ્વરૂપને જાણતા નથી એવા અજ્ઞાની જીવો રાગ સાથે એકતા બુદ્ધિ કરીને 'રાગ મારું કર્તવ્ય છે' – એવી અજ્ઞાનપણે કર્તાકર્મની પ્રવૃત્તિ કરી રહ્યા છે. રાગ સાથે એકત્વપણું માન્યું છે પણ જ્ઞાયક પ્રભુ એકરૂપ થયો નથી. રાગની એકતાબુદ્ધિ એ અજ્ઞાનનો અભ્યાસ છે ને રાગથી ભિન્ન પડીને જ્ઞાયકનો અભ્યાસ તે ધર્મનો અભ્યાસ છે – જ્ઞાનનો અભ્યાસ છે.

**આત્મદ્રવ્ય અગુણીનયે કેવળ સાક્ષી જ છે (– ગુણગ્રાહી નથી). શિક્ષક વડે જેને કેળવણી આપવામાં આવે છે એવો જે કુમાર તેને જોનાર પુરુષની (–પ્રેક્ષકની) માફક. ૩૭.**

**આત્મદ્રવ્ય કર્તૃનયે, રંગરેજની માફક, રાગાદિપરિણામનું કરનાર છે (અર્થાત્ આત્મા કર્તાનયે રાગાદિ પરિણામોનો કર્તા છે, જેમ રંગારો રંગકામનો કરનાર છે તેમ). ૩૮.**

**આત્મદ્રવ્ય અકર્તૃનયે કેવળ સાક્ષી જ છે (– કર્તા નથી). પોતાના કાર્યમાં પ્રવૃત્ત રંગરંજને જોનાર પુરુષની (– પ્રેક્ષકની) માફક. ૩૯.**

**પ્રવચન : ૫-૧-૧૯૭૮**

'પ્રવચનસાર'. નય અધિકાર ૩૬ (નય) ચાલ્યા છે. **હવે ૩૭મો (નય)** આત્મદ્રવ્ય. એ આતમદ્રવ્ય એટલે ગુણ અને પર્યાયનો ધરનાર તે આતમદ્રવ્ય. સાધકની વાત છે ને ! કેટલીક નિર્મળ પર્યાય પણ છે, કેટલીક મલિન પર્યાય પણ છે. એ પર્યાય અને અનંત ગુણનો ધરનાર (આત્મદ્રવ્ય). ગુણ અને પર્યાયને ધર્મ કીધો. અને ધર્મને ધરનાર આત્મદ્રવ્ય ધર્મી એમાં એવો એક નય છે, કે '**આત્મદ્રવ્ય અગુણીનયે કેવળ સાક્ષી જ છે.... ગુણગ્રાહી નથી.**' પેલાથી વિરુદ્ધ ૩૬મા (નયમાં) ગુણગ્રાહી હતું. પરનો ગુણ હોય તેને ગ્રહણ કરે. અને અહીંયાં સાક્ષી. પરમાં ગુણ હોય તેને સાક્ષીપણે જાણે. એવો પણ એક નય (અર્થાત્) એક ધર્મ એનામાં છે.

એની પર્યાયમાં એક ગુણગ્રાહી નય છે. અને એક સાક્ષી રૂપ ધર્મ બેય સાથે છે. બેય એક સાથે છે. ગુણગ્રાહી (અર્થાત્) એક આત્મા ગુણગ્રાહી છે. અને બીજો સાક્ષી છે. એમેય નહિ. તેમ એ જીવ કોઈ વખતે ગુણગ્રાહી છે. અને કોઈ વખતે સાક્ષી છે, એમ નહિ. એ જ ક્ષણમાં – જે સમયે તે ગુણગ્રાહી છે, તે જ સમયે તે સાક્ષી પણ છે, એવો એક યોગ્યતાનો ધર્મ છે.

'**(આત્મદ્રવ્ય) અગુણીનયે કેવળ સાક્ષી જ છે.... (ગુણગ્રાહી નથી).**' ભાષા જોઈ ! કેવળ જ્ઞાતા–સાક્ષી છે. આહા...હા ! કેવળજ્ઞાન હો કે સામે ચાર જ્ઞાન હો કે વીતરાગતા હો. તો પણ તેનો આ આત્મા સાક્ષી છે. જાણનાર–દેખનાર આત્મા સાક્ષી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ...? કેવળ સાક્ષી છે. કોની પેઠે ! '**...શિક્ષક વડે જેને કેવળણી આપવામાં આવે છે, એવો જે કુમાર તેને જોનાર પુરુષની (પ્રેક્ષકની) માફક.**' તેને દેખનારો હોય એની માફક ગણવામાં આવે.

કુમારને કોઈ શિક્ષક શિખામણ આપતો હોય (ને) તટસ્થ માણસ જાણે દેખતો હોય; એમ, એક નય આત્મામાં એવો (છે) કે ગમે તેટલા ગુણ સામે હોય, તો પણ સાક્ષી તરીકે જાણનાર રહે છે. એવો પરમાર્થે એક નય છે. છે ને ? શિક્ષક વડે જેને કેળવણી આપવામાં આવે એ કુમાર (કે) બાળકોને, કે રાજકુમારને, શિક્ષક કોઈ શિખામણ આપતો હોય પણ એ તટસ્થ માણસ સાક્ષી તરીકે તેને જાણે. ૩૭મો (નય) થયો.

**હવે ૩૮મો (નય).** વધારે સમજવા જેવો છે. એવી એક એની પર્યાયની યોગ્યતા છે કે, **'આત્મદ્રવ્ય કર્તૃનયે રંગરેજની માફક રાગાદિ પરિણામનું કરનાર છે.'** રંગરેજ જેમ કપડું રંગે છે. અને રંગ કપડાંને ચઢે છે એમ. આ ધર્મી જીવની વાત છે. હોં ! સમકિતી જીવ જેને અંતર આત્માને આશ્રયે સમ્યક્દર્શન – જ્ઞાન આદિ પ્રગટ્યા છે. તેને એક ગુણ આવો છે કે, રાગને એ કરે છે. પરિણમે છે, ખરોને (માટે) જુઓ ! બીજે ઠેકાણે સમ્યક્દૃષ્ટિને એમ કહ્યું હતું કે, રાગ કરતા નથી. કર્તા–કર્મ અધિકારમાં એમ આવ્યું. ધર્મી રાગનો કર્તા નથી, વિકારનો કર્તા નથી. એટલે કે દુઃખનો કર્તા નથી. એ દૃષ્ટિના વિષયને અવલંબીને વાત હતી. દૃષ્ટિ નિર્વિકલ્પ છે. સમ્યક્દર્શનનો વિષય પણ અભેદ છે. એની પ્રધાનતાથી કથન હતું.

એની પર્યાયમાં રાગ છે. અને એ રાગને ગૌણ કરીને રાગના એ પરિણમન(નો) કરનાર નથી; એમ ત્યાં કહેવામાં આવ્યું હતું. આહા...હા ! એ દૃષ્ટિના વિષયને લક્ષે (કહ્યું). અહીંયાં દૃષ્ટિ સાથે જે જ્ઞાન થયું, સમ્યક્દર્શનની સાથે સમ્યક્જ્ઞાન થયું. એ સમયે સમયે જે રાગનું પરિણમન (થાય છે); દયા–દાન–વ્રત–ભક્તિ આદિના પરિણામ રૂપે પરિણમે છે (તેનો કર્તા છે). આહા...હા ! અહીં પરિણમે તે કર્તા. એમ ગણીને કર્તૃનય લીધો છે. કરવા લાયક છે. એવી દૃષ્ટિએ આ કર્તૃનય નથી. સમજાણું કાંઈ ? આવી વાતો હવે. તેથી આ વાંધા ઊઠ્યા ને ! કે સમ્યગ્દૃષ્ટિને રાગ હોય જ નહિ. દુઃખ હોય જ નહિ. એકાંત એમ ઊઠ્યું. એમ ચાલ્યું ને કે જ્ઞાનને દુઃખ હોય જ નહિ.

અહીં કહે છે કે જ્ઞાનીને દુઃખ હોય. હેં ! દર્શન અપેક્ષાએ ઓલો રાગ છે. એને ગૌણ કરીને... (કહ્યું) કેમ કે દૃષ્ટિ અને દૃષ્ટિના વિષયમાં ભેદ નથી. એના વિષયમાં પર્યાયે પણ નથી. તેથી એમ ગણીને ત્યાં રાગ અને દુઃખ, રાગ એટલે દુઃખ ચાહે તો દયા–દાન–વ્રતનો વિકલ્પ ઊઠે તે પણ દુઃખ છે... તો ત્યાં એને દુઃખ નથી. એમ કહ્યું હતું. નહિતર સમ્યક્દર્શન (થયું) જ્ઞાનીને–ચોથે (ગુણસ્થાને) ત્રણ કષાયનો રાગભાવ છે. હજી ત્રણ કષાયના રાગનું પરિણમન છે. પાંચમે (ગુણસ્થાને) બે કષાયના રાગનું પરિણમન છે. છઠ્ઠે ગુણસ્થાને સંજ્વલનના ભાવનું પરિણમન છે. એ અહીં જ્ઞાનના પરિણમનમાં એને ગણવામાં આવે છે.

જ્ઞાન જાણે છે કે મારામાં રાગનું પરિણમન છે. અને બિલકુલ રાગ અને દુઃખ નથી. એમ જ્ઞાન જાણતું નથી. મોટી ચર્ચા ચાલી હતી. એ અહીં ના પાડે છે. કે વાત ખોટી છે. આહા...હા ! આવી વાત છે.

એ તો જ્યારે સમ્યક્દર્શનની મુખ્યતાથી વાત ચાલતી હોય ત્યારે તેમાં પર્યાય તરફનું લક્ષ નથી. તેથી તેને રાગ નથી, એમ કહેવામાં આવ્યું છે. પણ છતાં સમ્યક્દર્શનના કાળમાં સમ્યક્જ્ઞાન–શ્રુતજ્ઞાન થયું. એ શ્રુતજ્ઞાનમાં એક નય એવો પણ આવ્યો કે મારું પરિણમન રાગનું થાય છે. જેટલે અંશે હું રાગરૂપે પરિણમું છું. એટલે અંશે હું કર્તા છું. સમજાણું કાંઈ ?

આવી વાતો, એટલે માણસને કઠણ પડે. કર્તૃત્વનય છે. અને એ નય શ્રુતજ્ઞાનના પ્રમાણનો અંશ છે. અને એ શ્રુતજ્ઞાન પ્રમાણ દ્રવ્યને જાણે, ગુણને જાણે, નિર્મળ પર્યાયને જાણે અને કર્તૃનયને જાણે. મારામાં એટલું રાગનું પરિણમન (છે), દયાનો, વ્રતનો કે વિનયનો જે રાગ આવ્યો. એ

મારું પરિણમન મારામાં છે. (એ) મારું પરિણમન છે. એમ ગણીને કર્તા કીધો છે. આવી વાતો છે. હવે સમજાણું કાંઈ ? કરવા લાયક છે એ દૃષ્ટિએ કર્તાપણાનો આમાં નિષેધ કર્યો. જ્યાં આત્મામાં એમ કહ્યુ કે ધર્મી સમકિતદૃષ્ટિ જીવ(ને) કોઈપણ દયા, દાન કે વિકલ્પનો કર્તા થાય એટલે કરવા લાયક છે. એવી બુદ્ધિ એને રહેતી નથી. એ અપેક્ષાએ એને કર્તા નથી. એમ કીધું છે.

પણ અહીંયાં રાગનું પરિણમન છે. ત્યાં સુધી રાગના પરિણમનનું કર્તાપણાનું પરિણમન મારું છે. એ કર્મને લઈને રાગ થાય છે એમ નહિ. આહા...હા ! ભારે ઝીણું ! કર્તૃત્વનયે ધર્મી જીવને અરે ! તીર્થંકર જ્યારે છદ્મસ્થ મુનિ હોય, એને પણ જેટલો પંચમહાવ્રતનો વિકલ્પ આદિ જે રાગ ઊઠ્યો એનો કર્તા એ પોતે પર્યાય છે. એમ અહીં સિદ્ધ કર્યું છે. આહા...હા !

અને ખરેખર તો પર્યાય પર્યાયની કર્તા છે. એ પર્યાય(માં) રાગ છે તેનો કર્તા દ્રવ્ય નથી. એ રાગ છે તેનો કર્તા ગુણ નથી રાગ છે તેનો કર્તા રાગ છે. એવો એક નયનો વિષય છે. ઝીણી વાતો છે. નયમાં બહુ કઠણ પડે. સમજાણું કાંઈ ?

સવારમાં તો આવ્યું હતું ને ! પર્યાયની વાત ઘણી આવી હતી. પર્યાયનું કર્તાપણું જ્ઞાનીને નથી. પર્યાયનું ક્ષેત્ર જુદું છે. એમ કહ્યું. ત્યાં તો એમ કહ્યું કે, જે રાગની પર્યાય થાય. એના કર્તાપણાનો નય છે. જ્ઞાનની અપેક્ષાએ પણ જે રાગ છે એનું ક્ષેત્ર જુદું છે. અને ગુણનું ક્ષેત્ર જુદું છે. અરે ! એ તો ઠીક પણ સમ્યક્‌દર્શનની દૃષ્ટિએ પર્યાય નિર્મળ થઈ સમ્યક્‌દર્શનની કે સ્વરૂપમાં સ્થિરતાની ચારિત્રની દશા થઈ. તે પર્યાય, પર્યાયની કર્તા થઈ. તે પર્યાયનો કર્તા ગુણ (કે) દ્રવ્ય નથી. આટલું લાંબું... ક્યાં યાદ રાખવું આમાં અને જે નિર્મળ પર્યાય છે તે શુદ્ધ ઉપયોગ, એ પર્યાય છે. અને એ નિર્મળ પર્યાય છે. એનું ક્ષેત્ર પણ દ્રવ્ય–ગુણથી ભિન્ન છે. આહા...હા ! કેમ કે પર્યાય જેટલા ક્ષેત્રમાંથી ઊઠે છે. એનું પર્યાયનું ક્ષેત્ર પર્યાય છે એ પર્યાયનું ક્ષેત્ર (જુદું છે). એ ગુણનું ક્ષેત્ર (છે) એ પર્યાયનું ક્ષેત્ર નથી. આવી વાતો હવે. સમજાણું કાંઈ ?

આત્મા અનંત ગુણનો પિંડ (છે) એની અનંતી પર્યાય (છે). એમાં સમ્યક્‌દર્શન થતાં દ્રવ્યને અનુરૂપ દૃષ્ટિ થઈ, તેથી તેની પરિણતિ પણ નિર્મળ થઈ. નિર્મળ દશા થઈ અને મલિન દશા થોડી રહી. એને સમ્યક્‌દર્શનની અપેક્ષા(એ) ન ગણતાં, મલિનતા એને છે નહિ, એને ગૌણ કરીને કાઢી નાખી. જેમ ('સમયસાર') અગિયારમી ગાથામાં કહ્યું કે, પર્યાય તે વ્યવહાર છે. તે જૂઠો છે. પાઠ એવો છે. '**व्यवहारो अभूयत्थो**' પર્યાયમાત્ર નિર્મળ કે મલિન તે અભૂતાર્થ છે. જૂઠી છે. એમ કીધું... આહા...હા !

ત્યાં (૧૧મી ગાથામાં) જૂઠો છે. એમ કહેવાનો આશય એ (છે કે) પર્યાયને ગૌણ કરીને, વ્યવહાર કહીને જૂઠી કીધી. અભાવ કરીને જૂઠી કીધી નથી. સમજાણું કાંઈ ? કેમ કે પ્રયોજન (ભૂત) વસ્તુ જે ત્રિકાળી છે. તે મુખ્ય છે. તેને નિશ્ચય કહી. અને તે સત્ય છે. તે સાચું છે. એમ કીધું. ભૂતાર્થ જે ત્રિકાળી જ્ઞાયક સ્વભાવ–સત્યાર્થ સ્વભાવ જેમાં ગુણભેદ પણ નહિ ને પર્યાયભેદ પણ નહિ. એવો જે ત્રિકાળી સ્વભાવ તે સાચો છે. અને પર્યાય તે જૂઠી છે. એમ કીધું.

પર્યાય જૂઠી હોય તો વેદાંત થઈ જાય. પર્યાય જૂઠી છે.. હેં ! વાત તો એમ છે કે વ્યવહાર

અભૂતાર્થ છે. પર્યાયમાત્ર જૂઠી છે, અભૂતાર્થ (છે) અને અસત્યાર્થ છે. પાઠ તો એવો છે. શબ્દાર્થ કરીને સીધો અર્થ કરે તો પર્યાય નથી એમ થાય. પર્યાય નથી તો એવો નિર્ણય કરનાર કોણ છે ? સમજાણું કાંઈ ? આહા...હા ! પર્યાય જૂઠી છે એમ કહો. અને દ્રવ્ય–ગુણ સાચા છે. એવો નિર્ણય કોણે કર્યો ? સમજાણું કાંઈ ? મારગ બહુ ગંભીર છે, પ્રભુ ! આહા...હા ! બહારની કડાકૂટમાં રોકાઈને આત્મ તત્ત્વની દૃષ્ટિને ભૂલી ગયો. વ્રતને, તપને, પૂજાને (એની) કડાકૂટમાં (પડી ગયો). આહા...હા ! ભગવાન આત્મા જે પૂર્ણ દ્રવ્ય છે તે સાચું છે. અને પર્યાય તે જૂઠી છે. એમ કીધું. પર્યાય એમ (વ્યય) થઈ જાય છે. એટલે ગૌણ કરીને પ્રયોજન સિદ્ધ કરવા, મૂળ ચીજને મુખ્ય કરીને – નિશ્ચય કહીને તેને આશ્રયે સમ્યક્દર્શન થાય છે. એવું પ્રયોજન જાણીને, ત્રિકાળીને સત્ય કીધું. અને પર્યાયને અસત્ય કીધી. બહુ લાંબી વાત છે. શેઠ ! આહા...હા !

એના એ આચાર્ય એમ કહે છે. ('સમયસાર'ની) બીજી ગાથાથી શરૂ કર્યું છે. '**जीवो चरितदंसणणाणठिदो**' (સ્વસમય)એ પર્યાય છે. બીજી ગાથા(થી) ઉપાડીને એમ કહ્યું કે, હું 'સમયસાર' કહીશ. ('સમયસાર' પમી ગાથા) હું મારા (નિજ) વૈભવથી કહીશ. વૈભવ છે તે પર્યાય છે. હેં ! શું કીધું ? મારા વૈભવથી એટલે મારી પર્યાયમાં આનંદ આદિ ગુણની ઉત્પત્તિ થઈ છે. એ મારો વૈભવ છે. ગુણ અને દ્રવ્યની વાત નથી. આહા...હા ! ગુણ અને દ્રવ્ય તો પર્યાયમાં જણાયા છે. અને વૈભવ જે પ્રગટ્યો છે, એ તો પર્યાય છે.

આહા...હા ! મારા વૈભવથી કહીશ. અરે ! પહેલી જ ગાથામાં લીધું છે કે, '**वंदित्तु सव्वसिद्धे**' સિદ્ધ તો પર્યાય છે. હેં ! પર્યાયને નમસ્કાર કર્યો છે. અને પર્યાયને પોતાના હૃદયમાં અને શ્રોતાના હૃદયમાં સ્થાપીને વાત કરું છું. એમ કહ્યું છે. માર્ગ ભારે ! અલૌકિક વાત (છે) પરમ સત્ય છે.

હું સિદ્ધને મારા હૃદયમાં સ્થાપીને અને શ્રોતાના હૃદયમાં સ્થાપીને (કહીશ). સિદ્ધ તો પર્યાય છે. તમે વળી અગિયારમી ગાથામાં (પર્યાય અભૂતાર્થ છે) એમ કહો. અને બીજીમાં એમ કહો કે, જીવ પોતાના દર્શન, જ્ઞાન, ચારિત્રમાં (સ્થિત થાય તે સ્વસમય). જેમ અનાદિથી વિકારમાં સ્થિત છે. એ પોતાની નિર્મળ પર્યાયમાં સ્થિત થાય, તેને સ્વસમય કહીએ.

હવે પર્યાય લીધી. કે ગુણમાં–દ્રવ્યમાં સ્થિત છે. (એ સ્વસમય છે). એમ. આહા...હા ! જે ભગવાનઆત્મા, અનંત ગુણનો પિંડ પ્રભુ, એ પોતાના આશ્રયથી થયેલી સમ્યક્દર્શન–જ્ઞાન–ચારિત્ર જે આનંદની દશા, જે સ્વના જ્ઞાનની દશા, સ્વની પ્રતીતિની દશા, સ્વ એટલે પોતાના આનંદની દશા; જીવ તેમાં સ્થિર થાય તેને આત્મા કહીએ. લ્યો. અહીં તો પર્યાયમાં સ્થિર થાય તેને આત્મા કહીએ. (તેને) સ્વસમય કહ્યો.

આ બધું મેળવવું પડશે. ઉપરથી ક્યાંય હાથ આવે એવું નથી. એમ કે થોડુંક સાંભળ્યું, ને જાઓ હવે છોકરાંને સંભાળવા. આ તો મારગડા જુદા બહુ ભાઈ ! બહુ ફેરફાર થઈ ગયો છે. એટલે નહિતર તો આહા...હા ! ત્રણ લોકના નાથના વખતે તો ઇન્દ્રો અને ચક્રવર્તીઓ, વાસુદેવ, બળદેવો એમની દેશના સાંભળતા, એટલી પ્રવૃત્તિવાળા હતા એ પણ નિવૃત્તિમાં ભગવાનની વાણી સાંભળવા આવતા. હેં ! અને અંદરમાં એ સમ્યક્દૃષ્ટિ હતા. અંદર નિવૃત્તિમય હતા.

અહીંયાં એક કોર એમ કહે છે કે, પર્યાય બધી જૂઠી છે. એક કોર એમ કહે કે નિર્મળ પર્યાયમાં સ્થિત રહ્યો છે એને આત્મા કહેવાય. બીજી ગાથામાં આવ્યું ને ('સમયસાર'). પહેલી ગાથામાં એમ કહ્યું કે, હું સિદ્ધને નમસ્કાર કરું છું. તમારા આત્મામાં ને મારા આત્મામાં સિદ્ધ સ્થાપું છું. '**वोच्छामि समयसार**' હવે હું સમયપ્રાભૃત કહીશ. આહા...હા !

'**वंदित्तु**'નો અર્થ જ એવો કર્યો. '**वंदित्तु सव्वसिद्धे**' એટલે સિદ્ધને નમસ્કાર કરું છું. એમ ન લીધું '**वंदित्तु सव्विसिद्धे**' એટલે અનંત સિદ્ધ છે. તેને તમારી (અને) મારી પર્યાયમાં સ્થાપું છું. એનું નામ વંદન અને આદર કહેવામાં આવે છે. આહા...હા ! કેટલું સમાડ્યું છે ! ઓહોહો !!! 'સમયસાર' તો શબ્દબ્રહ્મનો અંશ છે. મારા આનંદનો જ એ અંશ છે. આહા...હા !

એની ગંભીરતા, એની ઊંડાઈ અલૌકિક છે. અહીં મારા વૈભવથી કહીશ. ત્યાં પર્યાય આવી અને શરૂ કર્યું. હવે પર્યાય લીધી કે ગુણમાં દ્રવ્યમાં સ્થિત છે. એમ... આહા...હા ! જે ભવવાન આત્મા અનંત ગુણનો પિંડ પ્રભુ છે. '**जीवो चरितदंसणणाणठिदो**' એ પર્યાય આવી. '**एयत्तणिच्छयगदो**' (સમયસાર ૩જી ગાથા) એ જુઓ તો એ પર્યાય આવી. વિભાવથી ભિન્ન અને સ્વભાવમાં એકત્વ એ પર્યાય છે. '**एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुन्दरो लोगे**' સમય (આત્મા) સર્વત્ર સુંદર છે. કોને ? જેને '**एयत्तणिच्छयगदो**' દ્રવ્ય સ્વભાવ તરફ દૃષ્ટિ થઈ છે. એ રીતે આત્મા ત્રિકાળ દ્રવ્ય છે, એ સુંદર છે. એમ કહ્યું. આહા...હા !

આમાં ને આમાં હજી આનાથી વિરુદ્ધ પાછો બીજો નય આવશે. ('સમયસાર') અગિયારમી (ગાથા)માં એમ કહ્યું કે, પર્યાય તો જૂઠી છે. સમ્યક્દર્શનના વિષયમાં કહ્યું કે, સમ્યક્દૃષ્ટિને રાગ નથી, દુઃખ નથી એમ કહ્યું. અહીં શ્રુતજ્ઞાનના પ્રમાણમાં એમ કહ્યું કે, એ જેટલે અંશે રાગને પરિણમ્યો છે, તેટલે અંશે તે રાગનો કર્તા છે. આહા...હા ! સમજાણું કાંઈ ? એટલે કર્તૃનય ગંભીર છે. આહા...હા ! સર્વજ્ઞની વાણી છે, બાપુ !

આહા...હા ! જેને એક સમયમાં કેવળજ્ઞાન થયું. એના અસ્તિત્વની મહિમા શું ? આહા...હા ! કેવળજ્ઞાન પર્યાય છે. પર્યાય જેટલો જ હોય તો (ભૂતાર્થનયે) કેવળજ્ઞાન નથી એમ થાય. વ્યવહારનયે તો કેવળજ્ઞાન(ની) પર્યાયને જૂઠી કહે છે. સમકિતીને કેવળજ્ઞાન પર્યાયનો પણ આશ્રય ન કરવો. એ માટે મુખ્યતા (કરવા) ત્રિકાળીને મુખ્ય કરીને તેને સત્ય કહ્યું. આહા...હા ! સિદ્ધની પર્યાયને પણ ત્યાં ગૌણ કરી નાખી, અભાવ નહિ. આહા...હા ! એમ સમ્યક્દૃષ્ટિનો વિષય ચાલે ત્યાં કહે. ભગવાન આત્મા આનંદ સ્વરૂપ પ્રભુ ! એનો અનુભવ જ્યાં સમ્યક્દર્શનમાં (થયો), આનંદ ગુણના અંશની વ્યક્તતાનું વેદન થયું. આહા...હા ! એ સમ્યક્દૃષ્ટિ જીવ રાગનો કર્તા નથી. કેમ કે એ રાગનો સ્વામી નથી. ભાઈ ! એ રાગનો ધણી નથી. એ રાગનો સ્વામી કર્મ છે. ત્યાં એમ કહ્યું. અહીં કહ્યું કે, કર્તાનયે રાગનું પરિણમન તારામાં છે. ધર્મીને એમ કહે છે. સમજાણું કાંઈ ?

આવો મારગ ! ઓલો સહેલો સટ હતો ત્યાં એકેન્દ્રિયા... બેઇન્દ્રિયા... કરી લીધા ને સામાયિક થઈ ગઈ. હો ! જાત્રા–બાત્રા એકાદ સમ્મેદશિખરની કરે, ગિરનારની, શેત્રુંજયની કરે. (ત્યાં ધર્મ થઈ ગયો). 'સમ્મેદશિખર એક વાર વંદે જો કોઈ તાકી નરક પશુ ગતિ નહિ હોઈ' નરક

અને પશુ ગતિ ન થાય એમાં શું દાળીયા વળ્યા...! એવો એક શુભભાવ આવે તેમાં ભવ ક્યાં ઘટ્યા...! આહા...હા !

આ મહાવીર કીર્તિ જે આવ્યા છે ને ? કાલે આહાર કરીને ફરતા હતા. ત્યાં ઓરડી હતી ને ? એક રૂપ હતી ને ? તેમાં ઊતર્યા હતા. તે દિ' (તે) કહે છે કે, જે સમ્મેદશિખરની જાત્રા કરે તેને ઓગણપચાસ ભવ રહે. ભવ ઘટી જાય. એવો અમારી પાસે સમ્મેદશિખરની મહિમાનો લેખ છે. જેમ શ્વેતાંબરમાં શેત્રુંજયની મહિમાનો લેખ છે કે શેત્રુંજયની જાત્રા કરે, અને ત્યાં સાધુ હોય તેને આહાર વહોરાવે તો મહાલાભ થાય. પરિત સંસાર થઈ જાય. ધૂળેય ન થાય, સાંભળને !

એમ આ કહે છે કે, સમ્મેદશિખરની મહિમાનું અમારી પાસે સાધન (છે). એમાં લખ્યું છે કે, ઓગણપચાસ ભવ રહે. એ શાસ્ત્ર ભગવાનનું નહિ. સમ્મેદશિખરની જાત્રાથી ભવ ઘટે એ લખાણ – શાસ્ત્ર ભગવાનનું નહિ. આ ત્રણલોકનો નાથ અંદર બિરાજે છે. એના આશ્રયે જાય તો ભવ ઘટે. કેમકે એનામાં ભવ અને ભવનો ભાવ એમાં નથી. એમાં આરૂઢ થાય તો ભવ ઘટે. બાકી શેત્રુંજય ને સમ્મેદશિખર ને ગિરનાર... લાખવાર ને ક્રોડવાર જાય, શુભભાવ હોય, અશુભથી બચવા, પણ ભવ ઘટી જાય એમ નથી. અહીં તો ભવ ઘટી ગયેલા જીવની વાત ચાલે છે. સમજાણું કાંઈ ? આહા...હા ! જેને એક બે ભવે મોક્ષ જવું છે. એવો લાયક જીવ છે. આહા...હા ! એવો નિશ્ચય થઈ ગયો છે, કે અલ્પકાળમાં મારે તો કેવળજ્ઞાન છે. આહા...હા !

એ જીવ પણ સાધક પણ જ્યાં સુધી ચોથે–પાંચમે–છઠ્ઠે છે. ત્યાં સુધી એને રાગના પરિણમનની અપેક્ષાએ રાગનો કર્તા ઠરાવ્યો છે. આહા...હા ! કેટલું યાદ રાખવું આમાં ? બાપુ ! મારગડા જુદા નાથ ! આહા...હા ! ભવના અભાવની વાતો (છે) બળ્યું !

સમ્યક્‌દર્શન છે એ ભવનું છેદક છે. ભવછેદ આવ્યું છે ને ? ભાઈ ! 'અષ્ટપાહુડ'(માં). આહા...હા ! ભવછેદ કરેલા જીવને પણ કેવળજ્ઞાન નથી, વીતરાગતા નથી, ત્યાં સુધી રાગના ભાવનું કર્તાપણું પણ એને છે. કરવાલાયક (છે) એ અપેક્ષાએ નહિ. પણ પરિણમે તે કર્તા, એ કર્તૃનય એક જ્ઞાનનો અંશ છે.

કર્તાપણાનો એ અંશ આત્મામાં (છે) રાગદ્વેષ જેટલે અંશે થાય, (તેનો કર્તા છે). આહા...હા ! આચાર્યે તો ત્યાં સુધી કહ્યું કે, અમે છદ્મસ્થ છીએ. તો સત્યને સ્થાપતાં પણ રાગ આવે છે. અને આ જૂઠું છે, એમ સ્થાપતાં જરી દ્વેષનો અંશ આવે છે. આહા...હ ા!

આ છદ્મસ્થ છે ને ? કેવળજ્ઞાન કંઈ રાગ નથી. એટલે ગમે તે રીતે રાગ આવે. આ આમ છે ને આમ નથી. આમ છે ત્યાં પણ હજી એક વિકલ્પનો રાગનો ભાવ ઊઠ્યો. આમ નથી ત્યાં જરી દ્વેષનો અંશ છે. પ્રશસ્ત (છે), બેય પ્રશસ્ત છે. (પરંતુ) રાગ છે. આહા...હા ! આચાર્ય કહે છે કે એ રાગનું પરિણમન અમને પણ છે. અમે જાણીએ છીએ કે અમારામાં કર્તાપણાનો નય છે. આહા...હા !

કીધું ને ? વાત તો પહેલી થઈ ગઈ છે : અમે મુનિ છીએ. છતાં કલ્માષિત જે રાગ ઉત્પન્ન થાય છે. છતાં રાગ નવો નથી. અનાદિનો છે. ભલેને મુનિ છીએ. છઠ્ઠે–સાતમે ગુણસ્થાને છીએ. પણ રાગ છે. તે અનાદિનો છે. કાંઈ નવો નથી. અનાદિનો રાગ ઘટતાં ઘટતાં જે રાગ

રહી ગયો છે. એ અનાદિનો છે. આહા...હા ! '**कल्माषितायाः**' ('સમયસાર શ્લોક –૩) આહા...હા ! પહેલી વાત થઈ ગઈ છે; આ ફરીથી લઈએ. મોહથી પર્યાયમાં રાગ થાય છે. મોહથી એટલે (અહીંયાં) અસાવધાની(થી), મિથ્યાત્વથી નહિ. પર તરફનું જે લક્ષ જાય છે, ત્યાં રાગ થાય છે. એટલે અમારી પર્યાય કલ્માષિત છે, મેલી છે. આહા...હા ! આ ટીકા કરતાં મલિનતા ટળી જાઓ.

ટીકા કરતાં મલિનતા ટળી જાઓ. એનો અર્થ આટલો છે. એનો અર્થ કે ટીકાના કાળમાં અમારું લક્ષ ત્યાં (ધ્રુવ ઉપર) વર્તે છે. અને એના કાળમાં એ મલિનતા ટળી જાય. એમ શબ્દ છે ને ?! પાઠમાં એવો (શબ્દ) છે. આનાથી જ, ટીકાથી જ અમારી મલિનતા નાશ થાઓ. અરે ! ટીકા કરવાનો તો વિકલ્પ છે. આહા...હા !

એનો અર્થ (એ છે) કે અમારું ઘોલન ધ્રુવ–ધ્રુવ ઉપર લક્ષ, (અને) જોર છે. એ જોરમાં અમારે વિકલ્પ આવ્યો છે. અને લખ્યું છે. જોર પ્રમાણે વિકલ્પ ટળી જાઓ. આહા...હા ! કેટલાક કહે સમકિતીને રાગ નાથ થતો જાય છે ને ! માટે નાશ થતો જાય છે એટલે બિલકુલ નાશ થઈ જાય છે.. પહલે સમયે ?

આહા...હા ! ઋષભદેવ ભગવાન ૯૩ લાખ પૂર્વ સુધી સંસારમાં રહ્યા. ચારિત્ર ન આવ્યું, લ્યો ! સમ્યક્‌દૃષ્ટિ હતા. ત્રણ જ્ઞાન લઈને આવ્યા હતા. એટલે કોઈ એમ કહે કે, સમ્યક્‌દૃષ્ટિ થયો, એને વ્રતને તપને લેવા પડે તો એ સમ્યક્‌દૃષ્ટિ કહેવાય એમ કહે છે. અત્યારે ઘણા લખાણ આવે છે. વ્રત–તપ કરે છે. એ બધા ધર્મી (છે) અને વ્રત–તપ જરી યે કરતા નથી (તે ધર્મી નથી). અને અમે ધર્મી છીએ ને દિગંબર છીએ. (તો) કે નહિ. જાઓ ! ભગવાને પણ વ્રત ને તપ ૯૩ લાખ પૂર્વ સુધી નહોતા કર્યા. ૯૩ લાખ પૂર્વ હોં !

એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ ને ૫૬ હજાર કરોડ વર્ષ જાય. ભગવાનને એટલા વરસ સુધી ચારિત્ર નહોતું. બાપુ ! ચારિત્ર (નથી), એ તો રાગ છે. આ તો અંતર આનંદમાં રમણતારૂપ ઘોલન દશા, પ્રચુર સ્વસંવેદન. આહા...હા ! એ સંતોનું ભાવલિંગ–વેશ ચિહ્ન (છે). આહા...હા ! પ્રચુર સ્વસંવેદન એ એનું ભાવલિંગ છે. એવી દશા હોવા છતાં વીતરાગ નથી. તેથી દેવ–ગુરુ–શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ રહે છે. દેવ–ગુરુ–શાસ્ત્રના વિનય પ્રત્યેનો રાગ રહે છે. એ રાગનું પરિણમન અમને છે. તેથી કર્તૃત્વનયે અમે તો કર્તા છીએ. એમ અમે જાણીએ છીએ. આહા...હા ! કહો ! ઘણી ગંભીરદશા !!

'**આત્મદ્રવ્ય કર્તૃત્વનયે, રંગરેજની માફક રાગાદિ પરિણામનો કરનાર છે...**' રાગાદિ... આદિ શબ્દ છે ને ? દ્વેષ–ક્રોધ જરી આવે... આહા...હા ! સમ્યક્‌દૃષ્ટિ બેય છે. લડાઈમાં ઊતર્યા. બાહુબલિ ને ભરત. બન્ને સમ્યક્‌દૃષ્ટિ હતા. કોઈએ વળી કહ્યું. જુઓ ! સોનગઢવાળા એને મિથ્યાદૃષ્ટિ કહે છે. કોઈ કહેતો હશે. એમાં અહીં લગાડી દીધું. છાપામાં આવ્યું હતું. બાપુ ! સમ્યક્‌દર્શન હોય છતાં રાગની આવી દશા હોય (છે).

જુઓ ! સીતાજીને જ્યારે રાવણ લઈ ગયો છતાં ફર્યા નહિ. મારા પતિ જ્યાં સુધી ન આવે, ત્યાં સુધી મારે અનશન છે. મારા રામ, મારા પતિ, એ સિવાય મારે બીજો વિકલ્પ છે

નહિ; નહિતર હું સતી છું. રાવણ દૂર ચાલ્યો ગયો. કહો ! સમજાણું કાંઈ ? એટલો રાગ આવ્યો. સમકિતી છે ને ! આહા...હા ! રામ અને લક્ષ્મણ સમકિતી છે. રામ પણ એને ગોતવા નીકળ્યા. એટલે પરિણમન (અર્થાત્) રાગનું કર્તૃત્વ છે. હેં !

આહા...હા ! અરે ! ત્યાં સુધી કે, જ્યાં સીતાજીને રાવણ લઈ ગયો. એના વિમાનમાંથી (સીતાજી) ઘરેણા નાખતાં ગયાં. એમ (સીતાજીને) શોધવા ગયેલા (રામ કહે છે) અરે ! સીતાજી, અહીં ગયા લાગે છે. કોણ લઈ ગયું ? આહા...હા ! લક્ષ્મણને પૂછે છે, ભાઈ ! આ નેકલેસ સીતાજીનું છે ? (ત્યારે લક્ષ્મણ કહે છે) બંધુ ! મારી એક વાર નજર (ગઈ હતી), મારી માતા તરીકે. સીતાજી, ભાભી (હતા) (પરંતુ) માતા તરીકે મારી નજર એક ફેર ગઈ હતી. બાકી મેં એનું કાંઈ શરીર–બરીર જોયું નથી. આહા...હા !

બહારમાં જંગલમાં ત્રણ જણા ભેગાં (રહ્યાં હતાં). આહા...હા ! (લક્ષ્મણ) ભલે વાસુદેવ હતા. નરકે ગયા. પણ એની નીતિ–એની લાઈન તો આવી હતી. પ્રભુ ! આમ નીચે સીતાજીના પગમાં હું એક વખત દર્શન કરતો હતો, અને ત્યારે મેં જોયું હતું એ આ ઝાંઝર સીતાજીનું છે. આ રસ્તે સીતાજીને કોઈક લઈ ગયું છે. અહીં તો ભાવની ખબર છે. બીજી કાંઈ ખબર નથી. આહા...હા !

તે બધો રાગ છે કે શું છે ? રામચંદ્રજી સમકિતી છે. ને આમ ગોતે છે. ઝાડને પૂછે છે. અરે સીતા ! (ક્યાં છે), અહીંથી સીતાજી નીકળ્યા હતા ? એમ પૂછે છે. એ રાગનું કર્તૃત્વનયે પરિણમન, સમકિતીને પણ હોય છે. કોઈ એકાંત કરી લે કે કર્તાનય માને એ મિથ્યાદૃષ્ટિ છે. એને વસ્તુની ખબર નથી. સમજાણું કાંઈ ?

અમે સમ્યક્દૃષ્ટિ છીએ. એટલે દુઃખ જરીય નથી. તો એનો અર્થ એવો થયો કે, પૂર્ણ આનંદ છે. (પરંતુ) પૂર્ણ આનંદ નથી. અને અપૂર્ણ આનંદ માને ત્યારે અધૂરો આનંદ અને દુઃખ પણ સાથે છે. પૂર્ણ આનંદ તો કેવળ પરમાત્મા થાય ત્યારે થાય. આહા...હા ! સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા થાય તેને પૂર્ણ આનંદ છે. સમજાણું કાંઈ ? આહા...હા !

નીચલી દશામાં પૂર્ણ અતીન્દ્રિય આનંદમાં લીન પરિણમન જ્યાં નથી ત્યાં આગળ અપૂર્ણ છે. માટે દુઃખ પણ છે. જેટલો રાગ થાય છે, એટલું દુઃખ છે. આહા...હા ! મુનિ છઠ્ઠે ગુણસ્થાને આત્માના ત્રણ કષાયના આનંદના અભાવમાં છે. છતાં જેટલો સંજ્વલનનો કષાય મહાવ્રતનો રાગ, દેવ–ગુરુનો, વિનય એ વિકલ્પ આવે છે, એનું દુઃખ વેદાય છે.

આહા...હા ! હવે મહાવ્રત આદિના પરિણામ જે દુઃખ છે. એનાથી આત્માને સમકિત થાય, એનાથી આનંદ થાય, સમકિત એટલે આનંદ થાય. (એમ માનવું એ મિથ્યાત્વ છે) શું કરવું પ્રભુ ?! આહા...હા ! '**આત્મદ્રવ્ય કર્તૃત્વનયે....**' આહા...હા ! '**રંગરેજની માફક...રાગાદિ પરિણામ. (નો કર્તા છે)**' રાગ આદિ છે ને ?! દ્વેષ હો, જરી ક્રોધ પણ હો, જરી માન પણ હો. સમજાય છે ? એનું પરિણમન છે.

નેમનાથ ભગવાન ત્રણ જ્ઞાનના ધણી, ક્ષાયિક સમકિતી આહા...હા ! સભા ભરાણી, ચર્ચા ચાલી. ચર્ચા કરતાં કરતાં બળ કોનું (વધારે) ? તો કાંઈ કહે કે ભીમનું, કોઈ કહે અર્જુનનું કોઈ કહે કોઈકનું. કો'ક બોલ્યું. પણ આ પ્રભુ બેઠાને, એમનું બળ બહુ છે. ગૃહસ્થાશ્રમમાં (છે)

આહા...હા ! નેમનાથ ભગવાનનું ભીમ અને અર્જુન કરતાં બહુ જબ્બર બળ છે. એની તુલના ન થાય. ભગવાને આમ પગ હેઠે મૂક્યો. 'ઉપાડો મારો પગ તમે,' કૃષ્ણને કહે છે કે, 'ઉપાડો મારો આ પગ.' લટકી રહ્યા પણ ઉપાડી શકે નહિ. એટલું તો બળ શરીરનું છે. આત્માનું બળ જુદું છે. હેઠે પગ મૂકીને કહે ઉપાડો (હવે) આહા...હા !

એટલો અંશ રાગનો આવ્યો. વીતરાગ પૂર્ણ ન થયા હોય, (ત્યાં સુધી હોય છે). એ તીર્થંકર છે. એ જ ભવે મોક્ષગામી છે. પરિણામોથી બ્રહ્મચારી છે. આહા...હા ! એવી કોઈ વાત. (ચાલી) પોતે સભામાં બેઠા હતા. પોતે ન બોલ્યા. પણ કોઈ બોલ્યું કે, આ ભગવાન છે. ભીમ અને અર્જુન તો ઠીક. પણ એમનું (ભગવાનનું) બળ તો જુઓ. એના કૃષ્ણ (વાસુદેવ) ભાઈ છે છતાં એમનું બળ તો જુઓ ! આહા...હા ! એ છતાં પણ ત્યાં રાગનો જરી અંશ આવ્યો, એ કર્તૃત્વનય છે, છતાં મિથ્યાદૃષ્ટિ નથી. આહા...હા ! સમજાણું કાંઈ ?

ભૂમિકા હોય એ પ્રમાણે રાગાદિ આવે; તેથી કરીને રાગ આવ્યો માટે મિથ્યાદૃષ્ટિ છે. (એમ નથી) એ ચારિત્રનો દોષ છે. સમજાય છે કાંઈ ? ક્ષાયિક સમકિતી તીર્થંકર જેવા, બળદેવ જેવા બાહુબલી અને આહા...હા ! પેલા (ભરત ચક્રવર્તી) પાણીમાં પડે છે. બાહુબળી ઊંચા છે. અને આના કરતાં (ભરત કરતાં). ભારે હિલોળા મારીને પાણી માથા પર ચડે છે એમાં હારી જાય છે. બાથ ભરે છે. બાથં–બાથ એમાં (ભરત) હારી જાય છે, એટલે ચક્ર લે છે.

જુઓ (તો) ખરા ! અંતે ચક્ર છોડ્યું. (બંને) સગાભાઈ, (ક્ષાયિક) સમકિતી, એ ભવે મોક્ષ જનારા આહા...હા ! એને ખબર છે બાહુબલીનો આ છેલ્લો દેહ (છે) (ભરત) ચક્ર આમ ફેરવે છે, ચક્ર પણ મિથ્યા ઠર્યું. છતાં પણ મિથ્યાત્વ નથી હોં ! આહા...હા ! એ મોટા પુરુષોની મોટી વાતો. જગતને સહન કરવી રહી, બાપુ !

આહા...હા ! અને બાહુબલીજી એમ કહે છે. ચક્ર મને મારી ન શકે. એક કુળમાં છે. ચરમશરીરી છે. તારું ગાંધર્વ ચક્ર મને નહિ મારે. મુનિરાજ કહે છે. આહા...હા ! જુઓ ! આ બધી સમકિતીની રાગની રમતો એને હોય છે. એ નય અહીં સિદ્ધ કરવો છે. છતાં તેનો પરમાર્થે સ્વામી નથી. પરમાર્થે હોં ! અહીં તો, આ એનો સ્વામી છે. આહા...હા !

એ રાગનો સ્વામી છે. એ તો આવી ગયું પહેલાં. આ રાગનો સ્વામી હું છું. રાગનો સ્વામી કોઈ પર છે, અને બીજાના કારણે મને રાગ થયો એમ જ્ઞાની માનતા નથી. આહા...હા ! હેં ! એ સમકિતીદૃષ્ટિની અપેક્ષાએ રાગનો સ્વામી નથી. કેમ કે મારા સ્વરૂપમાં નથી. પણ જ્ઞાનની અપેક્ષાએ પર્યાયમાં – મારા સ્વરૂપમાં છે, માટે સ્વામી છે. આવી વાતો છે.

બાપુ ! મારગડા જુદા છે. ભાઈ ! આહા...હા ! છે ? કેટલામો થયો. ૩૮. '**આત્મદ્રવ્ય કર્તૃત્વનયે રંગરેજની માફક રાગાદિ પરિણામનો કરનાર છે.**' રાગ આદિ હોં ! રાગ હોય, દ્વેષ હોય, વિષય વાસના હોય, આહા...હા ! (છતાં) સમ્યક્દૃષ્ટિ છે. ક્ષાયિક સમકિત છે. ૯૬ હજાર સ્ત્રી પણ ચક્રવર્તીને છે. એના વિષયની વાસના પણ એને હોય. એ વાસનાનો કર્તૃત્વનય પણ એને હોય. આહા...હા ! છતાં એ ચારિત્ર દોષ છે. છતાંય એ દોષનો સ્વામી પોતે છે. આહા...હા !

બસ મારા કર્મને લઈને (દોષ) થઈ ગયો એમ નહીં. કર્મનો ઉદય હતો. તો આ વાસના

જરી મને આવી, કર્મનું જોર હતું તો મને આ ક્રોધ થયો. એમ જ્ઞાની માનતા નથી. આહા...હા ! સમજાણું કાંઈ ?

**'અર્થાત્ આત્મા કર્તાનયે રાગાદિ પરિણામોનો કર્તા છે. જેમ રંગારો રંગકામનો કરનાર છે તેમ.'** રંગારો રંગકામનો કરનાર છે. લૂગડાં બોળે છે કે નહિ ! ઊંચા–નીચાં કરે છે કે નહિ ? લાલ ઉના કરીને. અમે એક વાર મુંબઈમાં જોયું છે. એ રંગનો કરનાર છે. એમ સમકિતી પણ રાગને દ્વેષને, પુણ્ય–પાપના વિકલ્પ આવે તે પરિણામોનો કર્તા છે. આહા...હા ! એ અંદર રાગ છે ને !

આ તો દૃષ્ટાંત આપ્યું રંગરેજ – રંગારો, રંગ કામનો કરનાર છે એ તો દૃષ્ટાંત છે. રંગકામને કરી શકે છે કે નહિ. એ અત્યારે પ્રશ્ન નથી. રંગકામનો કરનાર થયો. એનો ભાવ છે કે નહિ ? એમ ધર્મીને પણ રાગદ્વેષ, વિષય વાસના, એ પ્રકારે કર્તાનય છે. જુઓ ! આ કર્તાનય આવ્યો. ઘણો બધો ફેરફાર છે ને ! એટલે આમાં લાંબું હાલ્યું આ. આહા...હા !

એમ જ માની લે કે બસ સમકિતીને રાગ છે નહિ. સમકિતીને રાગ નથી તો વીતરાગ હોવો જોઈએ. સમકિતીને દુઃખ નથી તો પછી પૂર્ણ સુખ હોવું જોઈએ. આ માર્ગમાં એમ ન હાલે. સમજાણું કાંઈ ? આહા...હા ! અત્યારે રંગરેજનો દાખલો આપ્યો છે ને ! રંગરેજને રંગારાની પેઠે. ૩૮મો (નય) થયો.

એના સામે હવે '**આત્મદ્રવ્ય અકર્તૃનયે કેવળ સાક્ષી જ છે (– કર્તા નથી)**' એક નય એવો પણ છે કે, રાગ થાય છે. તેનો સાક્ષી.... (અર્થાત્) જાણનારો જ છે. બસ. નિશ્ચયથી જ્ઞાતા છે. રાગ છે એનું કર્તૃત્વ પણ છે. અને રાગ છે એનો સાક્ષી પણ છે. એક સાથે હોં ! આહા...હા ! આ બધા નયો એક સાથે છે. કર્તા વખતે અકર્તાપણું સાથે જ છે. રાગનું કરવાપણા(રૂપ) પરિણમનની હારે જ અકર્તાપણાનું જ્ઞાન (પણ) હારે જ છે. આહા...હા !

આવો નયનો મારગ માણસને ઝીણો પડે. '**અકર્તાનયે કેવળ સાક્ષી (જ છે)**' ભાષા જોઈ ?! આહા...હા ! કેવળ સાક્ષી જ છે. બિલકુલ રાગનો કર્તા નથી. આહા...હા ! એકકોર કર્તા કહેવું. ને એક કોર કેવળ સાક્ષી કહેવો. એ પણ એક નય છે. એ બદા નયોનો સમુદાય તે શ્રુતપ્રમાણ છે. અને એ શ્રુતપ્રમાણથી દ્રવ્ય–ગુણનું પ્રમેય એટલે જ્ઞાન થાય છે. એ વિના સાચું જ્ઞાન તેને થાય નહિ.

વિશેષ કહેશે.....

❀ ❀ ❀

**આત્મદ્રવ્ય ભોક્તૃનયે સુખદુઃખાદિનું ભોગવનાર છે, હિતકારી–અહિતકારી અન્નને ખાનાર રોગીની માફક. (આત્મા ભોક્તાનયે સુખદુઃખાદિને ભોગવે છે, જેમ હિતકારી કે અહિતકારી અન્નને ખાનાર રોગી સુખ કે દુઃખને ભોગવે છે તેમ). ૪૦.**

**આત્મદ્રવ્ય અભોક્તૃનયે કેવળ સાક્ષી જ છે, હિતકારી–અહિતકારી અન્નને ખાનાર રોગીને જોનાર વૈદ્યની માફક. (આત્મા અભોક્તાનયે કેવળ સાક્ષી જ છે – ભોક્તા નથી, જેમ સુખદુઃખને ભોગવનાર રોગીને જોનાર જે વૈદ્ય તે તો કેવળ સાક્ષી જ છે તેમ). ૪૧.**

**પ્રવચન : ૬-૧-૧૯૭૮**

'પ્રવચનસાર'. નય અધિકાર. અકર્તૃત્વનય ચાલી ગયો છે. ફરીથી થોડો (લઈએ). આ આત્મા છે. આત્મા એને કહીએ કે અનંત ગુણો, અને અનંતી પર્યાય, વિકારી પર્યાય હો કે અવિકારી બધાનો ધરનાર, ધર્મનો ધરનાર ધર્મી આત્મદ્રવ્ય. એને અહીં આત્મદ્રવ્ય કહીએ.

એ '**આત્મદ્રવ્ય અકર્તૃનયે કેવળ સાક્ષી જ છે (– કર્તા નથી)**' કર્તૃત્વનયે એમ આવ્યું કે, રંગરેજ જેમ રંગને કરે છે, એમ આ રાગને પરિણમે છે – એટલે કરે છે. એમ કહીને એ ધર્મ એક નયે જાણે, એક નય એને જાણે – એ ધર્મને એક નય જાણે. પણ બધા નયનો સમુદાય શ્રુતપ્રમાણ એ આખા દ્રવ્યને, ગુણને, અને બધી પર્યાયનું જ્ઞાન કરે. બધાનું જ્ઞાન કરે. પ્રમેય કરે તેનું નામ સમ્યક્જ્ઞાન. એનું નામ સમ્યક્ શ્રુતપ્રમાણ. એનું નામ સાધક જીવ(નું જ્ઞાન). સાધક જીવની વાત છે. આહા...હા !

એ કર્તાપણે છું. એવી એક ધર્મ પર્યાય છે. ધર્મ એટલે વિકારી. એમ અકર્તૃત્વનય પણ સાથે જ છે. રાગને એક નયે પરિણમે છે, એ અપેક્ષાએ કર્તાનય કીધો. અને એક અપેક્ષાએ અકર્તા કીધો. કેમકે એનો કર્તા નથી. એનો જાણનારો જ છે. આહા...હા ! બે નય આ રીતે એક સાથે હોય છે. એ અકર્તૃત્વ (નયમાં) અંદર દાખલો કહ્યો ને કે, '**પોતાના કાર્યમાં પ્રવૃત્ત રંગરેજને જોનાર પુરુષની (– પ્રેક્ષકની) માફક**' કાર્યમાં પ્રવર્તે છે, એ તો રંગરેજ પ્રવર્તે છે. કપડાંને રંગનારને કાર્યમાં પ્રવૃત્તિ; પણ જોનાર પુરુષની માફક. જોનાર પુરુષ હોય એમ 'આ રંગ કરે છે'. જોનાર પુરુષની માફક, રાગનું પરિણમન છે, એનો આત્મા જોનાર છે. જાણનાર છે. આહા...હા ! એક સમયે બે છે. (એમ) એક સમયે અનંત છે.

હવે **૪૦મો (નય)** આત્મદ્રવ્ય.... એ આત્મદ્રવ્ય એ કે અનંતગુણ અને અનંત પર્યાયોનો સમુદાય તે આત્મદ્રવ્ય. અનંતગુણ અને અનંત પર્યાયો (એમાં) વિકૃત અને અવિકૃતનો સમુદાય આખું દ્રવ્ય. એને વિષય, કરનાર અનંતનયથી અનંત ગુણપર્યાયને જાણે, એવો અનંત નયનો સમુદાય તે શ્રુતપ્રમાણ. અનંત ધર્મનો સમુદાય તે આત્મદ્રવ્ય.

અનંતનયનો સમુદાય તે શ્રુતપ્રમાણ. એ શ્રુતપ્રમાણ વડે કરીને અનંત ધર્મનો ધરનાર દ્રવ્ય–ગુણ અને પર્યાય તેને જાણવામાં આવે છે. આહા...હા ! આવી વાતો છે.

'**આત્મદ્રવ્ય ભોક્તૃનયે સુખદુઃખાદિનું ભોગવનાર છે.**' એમ કહે છે. સુખદુઃખ આદિનો ભોગવનાર છે. આહા..હા !

પર્યાયમાં જરી શુભરાગ થાય, એ દુઃખરૂપ છે. છતાં અહીં વ્યવહારે સુખરૂપે છે. એને જાણે, ભોગવે અસુખને, પણ ભોગવે. આહા...હા ! એકકોર એમ કહેવું કે સમ્યક્દૃષ્ટિ સુખદુઃખનો ભોક્તા નથી. અહીં કહેવું કે, સુખદુઃખનો ભોક્તા છે. એક નય છે. આત્મા પોતાના આનંદનો જ ભોગવનાર છે. નિશ્ચયદૃષ્ટિના વિષયની અપેક્ષાએ એને આત્મા કહીએ. પણ તે દૃષ્ટિની સાથે જે શ્રુતજ્ઞાન થયું. એ એમ જાણે છે કે, આ સુખદુઃખ પર્યાયનો ભોગવટો (મારામાં) છે. એનો હું ભોક્તા સ્વામી છું. એનો ધણી છું. એ ભોક્તાનો હું અધિષ્ઠાતા છું. આહા...હા !

અધિષ્ઠાતા છે. માટે આદરણીય થઈ જાય એમ નથી. ફક્ત એને જાણે છે કે, મારામાં સુખ–દુઃખની વિકૃત પર્યાય (છે) એનું ભોગવવું (થાય) છે. આહા...હા ! એમ એક નય જાણે. અને અનંત નયનો સમુદાય શ્રુતપ્રમાણ એ દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેને જાણે. આવું બધું છે.

ભોક્તૃનયે સુખદુઃખ આદિ, આદિ એટલે રતિ થાય, અરતિ થાય, વિષયવાસનાનો ભોક્તા થાય. આહા...હા ! કોઈ આર્તધ્યાન થાય, તેનો ભોક્તા થાય. ચોથે–પાંચમે તો વળી રૌદ્રધ્યાન થાય, એનોય ભોક્તા થાય. કેમ કે એની પર્યાયમાં એ છે ને ! પરને લઈને કાંઈ છે નહિ. પરનો સંબંધ એ તો નિમિત્ત છે. એ આને કાંઈ અડતું નથી. પોતે જ પોતાના આનંદને વેદતો સાધક જીવ – ધર્મી જીવ, પોતાના આનંદને વેદતો, સાથે સુખદુઃખની કલ્પનાને પણ વેદે છે. આહા...હા ! એકલો આનંદને જ વેદે છે. એમ નહિ. અપૂર્ણ આનંદ છે. એથી ધર્મીને પણ વિષય વાસના આદિ રાગ (થાય) તેને વેદે છે. આહા...હા ! એ પણ એક નય છે.

કોની પેઠે ? '**હિતકારી–અહિતકારી અન્નને ખાનાર રોગીની માફક.**' રોગી પથ્ય આહારને ખાય. અને કોઈ અપથ્યને પણ ખાય છે ને ! હિતકારી–અહિતકારી અન્ન. અનુકૂળ અન્ન હોય તે પણ ખાય અને પ્રતિકૂળ કોઈ અન્ન એ પણ ખાય. એવા અન્નને ખાનારની પેઠે. ખાનાર રોગીની માફક. રોગી છે એટલે દવા એવી હોય તે પણ પીવે. આહા...હા !

આ કમળા ઉપર એક દવા એવી આવે છે કે, કૂતરાની વિષ્ટાથી પણ (વધારે) ગંધ મારે; એવી ગંધાતી દવા પણ એ કમળાવાળો પીવે. કમળા ઉપર દવા છે. કમળો–પીળીયો થાય છે ને ? એમાં એક દવા એવી આવે છે. ઘણી ગંધ, ઘણી ગંધ, તે ગંધ કૂતરાની વિષ્ટા જેમ તાજી હોય. તેના કરતાં ય ગંધ ઘણી પણ એ પીવે, ભોગવે. અને અહિતકારી લાડવો કે ચૂરમું એ પણ ખાય. ખાય એટલે એના રાગને ભોગવે ને એના દ્વેષને ય ભોગવે. આહા...હા !

સુખદુઃખની પર્યાયને વેદે એવો પણ એક ભોક્તાનય છે. એમાંથી એમ જ કાઢી નાખે કે જ્ઞાનીને દુઃખનું વેદન નથી જ. એ એકાંત છે. સમજાણું કાંઈ ? દૃષ્ટિની અપેક્ષાએ એમ કહેવામાં આવે. કેમકે દૃષ્ટિ નિર્વિકલ્પ છે. અને એનો વિષય તે ગુણ–પર્યાય નથી. એના વિષય તો ધ્રુવ... ધ્રવુ છે. સમ્યક્દર્શનનો વિષય ધ્રુવ છે. એમાં એને સંસારના સુખદુઃખનું વેદન (છે) એને ગણવામાં

આવતું નથી. ગૌણ કરીને નથી ભોગવતો એમ કહે. અહીં ગૌણમુખ્યતા નહી કરતાં આનંદને એને દુઃખને એક સાથે ભોગવે છે.

આહા...હા ! જેટલો આત્માનો આશ્રય લઈને અતીન્દ્રિય આનંદ પ્રગટ્યો છે. એને ભોગવે છે. અને ઇન્દ્રિય દ્વારા જેટલી સુખદુઃખની કલ્પના થાય એને પણ ભોગવે છે. આહા...હા ! આમાં કેટલું યાદ રાખવું ? અમારા એક ભાઈ કહેતા કે, સવારે કંઈક આવે, બપોરે કંઈક આવે. અમારે નિર્ણય શું કરવો ? બાપુ ! બેય વસ્તુ છે. કઈ અપેક્ષા છે ? એ જાણવું જોઈશે.

ભોક્તાનયે હિતકારી અને અહિતકારી અન્નને ખાનાર રોગીની માફક. વળી એકકોર એમ કહે કે, આત્મા અન્ન ખાઈ શકે નહિ. પણ અહીં તો દૃષ્ટાંત દેવો છે. અહીં પછી એમ સિદ્ધ કરવા જાય કે, જો રોગી અન્નને ખાય છે. તો આત્મા દવાને કે હિતકારી–અહિતકારી અનાજને ખાઈ શકે છે એમ અહીંયાં સિદ્ધ નથી કરવું. ફક્ત એને જે હિતકારી–અહિતકારી અનાજ એને ખાવાનો ભાવ છે. અને આવે છે. એટલો સિદ્ધાંત લઈને હિતકારી–અહિતકારી રોગી ખાય એની પેઠે જ્ઞાની પણ સુખદુઃખની કલ્પના, હરખશોકની કલ્પના. એને એ વેદે છે. એવો જે વ્યવહાર છે. એને વેદનનો વ્યવહાર છે.

એટલે એ તો નિર્મળ આનંદની અપેક્ષાએ વ્યવહાર છે. પણ આનંદની સાથે જે રાગદ્વેષ છે, સુખદુઃખ છે, એ નિશ્ચય છે. આનંદે પણ વેદે છે. અને સુખદુઃખ પણ વેદે છે. એ નિશ્ચય છે. સમજાણું કાંઈ ? આત્મા ભોક્તાનયે સુખદુઃખ આદિ, રતિ થાય, હરખ થઈ જાય, હાસ્ય આવે, કુતૂહલતાનો ભાવ જરી આવે, એને ભોગવે છે. એ જેમ હિતકારી કે અહિતકારી અન્નને ખાનાર રોગી સુખ કે દુઃખને ભોગવે છે. આનો મોટો વાંધો આમાં જ ઊઠ્યો હતો ને ? કે સમકિતી આત્મા દુઃખ વેદે જ નહિ. જ્ઞાનીને દુઃખ હોય જ નહિ.

સોગાનીએ 'દ્રવ્યદૃષ્ટિ'માં એમ લખ્યું કે, 'ધર્મીને શુભભાવ એ ભઠ્ઠી સમાન છે. ભઠ્ઠી.. અગ્નિ (લાગે છે).' આહા...હા ! ધર્મી જીવને પણ અશુભભાવ તો ભઠ્ઠી સમાન છે જ, પણ શુભભાવ છે, દયા–દાન–ભક્તિ આદિનો જે કષાય છે, તે ભઠ્ઠી છે. આહા...હા !

ભઠ્ઠી સમાન અગ્નિને ભોગવે છે. કષાય અગ્નિ છે. આહા...હા ! એ વાત ન બેઠી. (જ્ઞાનીને) ભઠ્ઠી નહિ. જ્ઞાનીને ભઠ્ઠી હોય નહિ. જ્ઞાનીને તો આનંદ જ હોય. એમ નથી. દુઃખ પણ છે. જેટલો દ્રવ્યનો આશ્રય છે એટલો આનંદ છે. અને જેટલો હજી ઇન્દ્રિયોના આશ્રય તરફ જે ભાવ જાય છે. તેટલું દુઃખ પણ છે. આ વાત તો... મારગ બાપા ! એવો મારગ છે. એક એક અંશને વેદન કરે. રાગાંશનું પણ અને આનંદનું વેદન કરે તે પણ આત્મા (કરે) જ્ઞાની હોં ! મિથ્યાદૃષ્ટિને એકલું દુઃખનું વેદન છે. એકલા દુઃખનો ભોક્તા છે. કેવળી એકલા અતીન્દ્રિય આનંદનો ભોક્તા છે. સાધકજીવ અતીન્દ્રિય આનંદ અને રાગદ્વેષના દુઃખનો ભોક્તા છે. આહા...હા ! ક્યાં આમાં વિચાર કરવો ? નવરાશ નહિ ને.

આહા...હા ! બાપુ આ તો વીતરાગ માર્ગ છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથની આ એ વાણી છે. એ વાણીને આચાર્ય મહારાજ સ્પષ્ટ કરે છે. આહા...હા ! એ જુદી વસ્તુ છે. પણ બેય દુઃખ છે, અશુભ ભાવ એ દુઃખ છે. અને શુભ ભાવ બેય દુઃખ છે. ભઠ્ઠી–અગ્નિ છે. આહા...હા !

ઓલામાં આવ્યું નથી.... છઢાળામાં ? 'રાગ આગ દાહ દહૈ સદા, તાતેં સમામૃત સેઈએ ?' આહા...હા ! આવે છે. 'રાગ આગ દાહ દહૈ સદા...' મુનિને પણ જેટલો રાગ આવે છે. એ દાહ (છે). આહા...હા !

રાગ આગ છે. એ અશુભરાગ જ આગ છે ! અહીં તો રાગ માત્ર – શુભ હો કે અશુભ હો, (બધો આગ સમાન છે). ભગવાન આત્માનો રસ શાંત અને અકષાય રસ છે. એની સામે શુભરાગ પણ આગ છે. આહા...હા ! ભઠ્ઠી છે. એ (કેટલાકને) નહોતું ગોઠ્યું.

'અરે ! આ સોનગઢવાળા શુભભાવ(ને) ભઠ્ઠી (કહે છે). છે. એમ શીખો નવું. કોની પાસેથી તો કહે આ સોગાની પાસેથી'. એમ લખાણ આવ્યું હતું. અરે ભગવાન ! એ નવું કાંઈ નથી. સમજાણું ? પ્રભુ આનંદ સ્વરૂપ, અતીન્દ્રિય મૂર્તિ આત્મા, એનો જેટલો આશ્રય અને અવલંબન થયું, તેટલો તો અતીન્દ્રિય આનંદ છે. પણ પૂર્ણ આશ્રય નથી, તેથી ઇન્દ્રિયના આશ્રય તરફ લક્ષ જાય છે. એ આશય છે. એ અભિપ્રાય સુખદુઃખનો (કહેવાનો) છે. આહા...હા !

એ જ્ઞાની રાગમાં સુખ માનતો નથી. આનંદ–સુખ બુદ્ધિ ઊડી ગઈ છે. ધર્મીને વિષયવાસનાનો રાગ આવે પણ એમાંથી સુખબુદ્ધિ ઊડી ગઈ છે. પણ આસક્તિ રહી ગઈ છે. આહા...હા ! આવું બહુ ઝીણું !! આહા...હા ! ધર્મીને તો પરમાત્માની ભક્તિના ભાવમાંથી પણ સુખબુદ્ધિ તો ઊડી ગઈ છે. સુખરૂપ એ નથી. પણ છતાં પરિણામમાં એ રાગ આવ્યા વગર રહેતો નથી. એ અહીંયાં કહેશે.

તેથી આ કેટલાક લોકો કહે છે કે – તેથી તો રાગ–શુભનય ઉપયોગી છે. એ ઉપયોગી છે. એમ કહે છે. કેમ કે રાગ આવે છે ને ! અને સરાગી સમકિતી પણ છે ને ! સરાગ સમકિતમાં સરાગપણું પણ પરંપરા મોક્ષનું કારણ છે, એમ કહે છે.

આજે ય છાપામાં આવ્યું છે. સરાગ સમકિત પરંપરા કારણ છે. પણ કઈ અપેક્ષાએ ? ભાઈ, બાપુ ! એનો પરંપરા અભાવ કરીને. એટલે વર્તમાનમાં ધર્મીને શુભરાગ આવે છે. એમાં અશુભરાગ ટળે છે. એટલો ત્યાં આગળ લાભ છે. પણ શુભરાગ પછી ટળશે. અને શુદ્ધ ઉપયોગ પૂર્ણ પ્રગટ કરશે. ત્યારે તેને આનંદ થશે. ને મુક્તિ થશે. પણ એ શુભરાગથી મુક્તિ પરંપરા થશે, એ રાગથી પરંપરા (મુક્તિ) થશે એમ નહિ. આહા...હા ! એ વ્યવહારનયનું કથન છે. એટલે કે વર્તમાનમાં શુદ્ધ ઉપર દૃષ્ટિ છે. અને શુદ્ધનું પરિણમન પણ છે. પણ જ્યાં અશુભથી બચવા શુભરાગ આવે છે તેથી શુભરાગને પરંપરા મોક્ષનું કારણ કહે છે. પણ એનો અર્થ એ કે, અહીંયાં અશુભ ટળ્યું છે. અને પછી શુભ ટળશે. આહા...હા !

આજે જ મોટો લેખ છે. આહા...હા ! વ્યવહારનય ઉપયોગી છે. પણ ઉપયોગી છે, એનો અર્થ શું ? એ હેય છે. એને ઉપયોગી કહેવો ? એ તો જાણવા માટે ઉપયોગી છે. સમજાણું કાંઈ...? ૧૨મી ગાથામાં એમ કહ્યું. પણ એનો અર્થ બધાએ આ પકડ્યો. **'सुद्धो सुद्धादेसो णादव्वो परमभावदरिसीहिं।'** વળી ત્યાં સુધી આ એક અર્થ આમાં કર્યો છે. 'જયસેન આચાર્ય'માં આવે છે ને. ભાઈ ! ચૌદ ગુણસ્થાન. પહેલે, બીજે, ત્રીજે અશુભ છે. ને ચોથાથી સાતમા સુધી શુભ છે. અને આઠમાથી શુદ્ધ એટલે પહેલેથી શુદ્ધ ઉપયોગ છે જ નહિ. એમ કહે છે.

એ તો ત્યાં (વ્યવહારની) મુખ્યતાથી કથન કર્યું છે ભાઈ ! આહા...હા ! એમ કહે કે,

સાતમા સુધી તો શુભ યોગ જ છે. અરે ! ભગવાન સમ્યક્દર્શનમાં પણ શુભયોગથી જ સમ્યક્દર્શન થાય છે. એમ નથી. એ શુદ્ધ ઉપયોગ જ્યારે થાય છે ત્યારે તેમાં સમ્યક્દર્શન થાય છે. આહા...હા ! ભાઈ ! ભારે આકરું પડે એવું કામ છે.

બુદ્ધિપૂર્વક રાગ છૂટી જાય છે. ત્યારે અબુદ્ધિપૂર્વક રાગ કહે છે. છતાં તેને ત્યાં શુદ્ધ ઉપયોગ કહેવામાં આવે છે. કેમકે શુદ્ધ ચૈતન્ય ધ્રુવ ભગવાન, એમાં ઢળેલો વ્યાપાર તેને અહીંયાં શુદ્ધ (ઉપયોગ) કહે છે. એટલે શુદ્ધ સાતમા પછી જ આવે, અને પહેલાં ન હોય એમ નથી. પણ બીજે ઠેકાણે એમ કહ્યું કે, ગૃહસ્થને હિતાહિતનું જ્ઞાન છે. 'યોગસાર'માં નથી આવતું ? 'ગૃહકામ કરતાં કરતાં હેયાહેયનું જ્ઞાન'. ઉપયોગ અંદર જાય છે. 'પ્રવચનસાર'ની 'જ્યસેન આચાર્ય'ની ટીકામાં આવે છે કે ગૃહસ્થને પણ સામાયિક વખતે શુદ્ધ ઉપયોગ હોય છે. આહા...હા !

એ તો પાંચમે ગુણસ્થાને છે. આમ પકડી રાખે. આહા...હા ! ભગવાન નિત્યાનંદ પ્રભુ એના અવલંબનમાં તો શુદ્ધ ઉપયોગ જ હોય છે. આહા...હા ! અને ઉપયોગ કદાચિત્ રાગમાં જાય તોપણ એને સ્વઅવલંબે પ્રગટેલી શુદ્ધ દશા તો શુદ્ધ પરિણતિ જ હોય છે. સમજાણું કાંઈ...? એ શુદ્ધ ઉપયોગ છે. એ (વખતે) જ્ઞાતા જ્ઞાન– અને જ્ઞેય છૂટી જાય અને રાગના ઉપયોગમાં જાય છતાં જેટલી દ્રવ્યના આશ્રયે પર્યાય પરિણતિ પ્રગટી છે – એ તો શુદ્ધ જ વર્તે છે. એ વખતે રાગ જાય. આહા...હા !

આમાં નથી કહ્યું ? રહસ્યપૂર્ણ ચિઠ્ઠી. રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં આવ્યું છે ને ! જ્ઞાનીને વિષયકષાયમાં આવે ત્યારે (કષાય) છે. સમજાણું કાંઈ ? છે કે નહિ ? 'મોક્ષમાર્ગપ્રકાશક' છે. અહીંયાં ? ધર્મીને પણ જ્યારે વિષયકષાયમાં વર્તે ત્યારે કષાય છે. આવે છે ? નથી 'મોક્ષમાર્ગપ્રકાશક' કાંઈ પાસે ? નહિ હોય. અહીં રાખીએ છીએ. અહીં રાખતા હતા ને ?

અહીંયાં તો કહે છે કે, જ્યારે આત્મા પોતે શુદ્ધ ઉપયોગમાં જ્ઞાતા–જ્ઞેય ને જ્ઞાન ત્રણનો ભેદ છૂટી જાય છે. ને તે અંદર ઉપયોગમાં હોય તો શુદ્ધ ઉપયોગ છે. પછી જ્યારે એ ઉપયોગ છૂટી જાય ત્યારે (પણ) શુદ્ધ પરિણતિ તો છે. રાગમાં વિષયકષાયમાં જાય છે, ત્યારે કષાય છે. આહા...હા ! છે ને ? 'મોક્ષમાર્ગપ્રકાશક'માં આ પાને છે. આહા...હા ! સમ્યક્દૃષ્ટિ–ક્ષાયિક સમકિતી હોય, ૯૬ હજાર સ્ત્રી છે. જુઓ ! ભરત (ચક્રવર્તી) તો દરરોજ સેંકડો સ્ત્રી પરણે, એ અશુભભાવ છે. એ અશુભભાવનું દુઃખનું વેદન છે. આહા...હા ! કેમ એમ કરે ? આવો આત્મા જાણ્યો છે ને ? પણ પ્રભુ ! પર્યાયમાં કમજોરીને લઈને... આહા...હા ! પુરુષાર્થની હીનતાને લઈને એ અશુભભાવ આવ્યા વિના રહે નહિ.

આહા...હા ! જે જ્ઞાન મતિ–શ્રુત રૂપ પ્રવર્તે છે. તે જ્ઞાન વધતું વધતું કેવળજ્ઞાન રૂપ થાય છે. તેથી સમ્યક્જ્ઞાનની અપેક્ષાએ તો જાતિ એક છે. વળી સમ્યક્દર્શનમાં એ પરિણામ સવિકલ્પ ને નિર્વિકલ્પ થઈ, બે પ્રકારે પ્રવર્તે છે. ત્યાં સમ્યક્જ્ઞાનીને વિષય કષાય રૂપ (પરિણામ છે) એ અશુભ અને પૂજા–દાન–શાસ્ત્ર આદિ રૂપ એ શુભ પ્રવર્તે છે, તે સવિકલ્પ જાણવું.

રહસ્યપૂર્ણ ચિઠ્ઠી છે. આ બાજુ છે. જોયું ? ૩૦૪ પાનું છે. બેય લીધું છે. સમ્યક્જ્ઞાનીનો ઉપયોગ વિષયકષાયરૂપ અને પૂજા–દાન–શાસ્ત્ર આદિ રૂપ પ્રવર્તે છે. એ સવિકલ્પરૂપ જાણવો.

તે રાગરૂપ જ જાણવું. આહા...હા ! ટોડરમલે પણ ઘણું સ્પષ્ટ કર્યું છે. પણ એ ગૃહસ્થ હતા, એમ કહીને ઉડાડી દે છે. ગૃહસ્થ હતા, પણ દૃષ્ટિમાં ક્યાં ફેર હતો ? આહા...હા ! એ તો સ્થિરતા અને અસ્થિરતામાં ફેર હતો.

મુનિને પૂર્ણ સ્થિરતા હોય છે. એવી સ્થિરતા અહીંયાં (ચોથે ગુણસ્થાને) ન હોય. આહા...હા ! ભગવાનને સ્થિરતા યથાખ્યાતની હોય, એવી છટ્ઠે ગુણસ્થાને ન હોય. મુનિને પણ એવો શુભરાગ તો આવે છે. એમાં આવે છે ને કે, અશુભથી બચવા, અથવા ધર્મના લોલુપી આવે ત્યારે ધર્મનો ઉપદેશ કરે છે. એમ આવે છે ને ? આહા...હા ! આચાર્ય ધર્મને સમજવા કામી, ધર્મના લોલુપી એવા આવે ત્યારે, ઉપદેશ પણ, રાગ આવે (છે) તેથી, કહે છે. આહા...હા !

એ ઉપદેશમાં વિકલ્પ છે – રાગ છે. ભલે શુભ છે. આહા...હા ! હેં ! (શુભ–અશુભ) બેય ભઠ્ઠી (છે) – કષાય, તે અગ્નિ જ છે. વ્રત ને અવ્રતની અહીંયાં વાત નથી. એ તો વ્રત કીધું છે. ત્યાં તો શાંતિ વધી છે. પાંચમે (ગુણસ્થાને) શાંતિ વધી છે. એથી અપેક્ષાએ ત્યાં શુભરાગને છાંયો કીધો છે. પણ એ શાંતિ વધી છે. સમજાણું કાંઈ ? અને અશુભથી બચે છે. એ અપેક્ષાએ (કહ્યું). પણ શુભ રાગ પોતે છે – કષાય, આગ (છે). કીધું ને ? ‘રાગ, દાહ, દહૈ સદા’. એમ કહ્યું છે ને ? ત્યાં અશુભ રાગની વાત નથી કરી.

આહા...હા ! ઝીણી વાતો, ભાઈ ! કહ્યું ને વિષયકષાયમાં જ્ઞાની પ્રવર્તે છે. અને પૂજા–દાન–શાસ્ત્રના અભ્યાસમાં પ્રવર્તે છે. એ સવિકલ્પ એટલે કષાય સહિત ઉપયોગ છે. આહા...હા ! સમજાણું કાંઈ ? આ તો શાંતિનો મારગ છે. પ્રભુ ! નિરાગ્રહી વસ્તુનું સ્વરૂપ જે રીતે છે. એ રીતે એને જાણવું જોઈએ. અને પોતે (આગ્રહ) ન છોડી શકે માટે બચાવ કરવો ? એમ કે શુભ નથી છોડી શકતો માટે શુભ પણ ધર્મનું કારણ છે. પરંપરા કારણ છે. એમ નથી. પરંપરા કારણ તો એનો અભાવ કરશે એ અપેક્ષાએ કહ્યું છે. આહા...હા ! સીધું કારણ તો શુદ્ધ ઉપયોગ છે. અને (શુભ) રાગ થયો છે. ત્યાં (પહેલાં) અશુભ ટળે છે. અને પછી શુભ ટળશે એટલે એની મુક્તિ થશે. શુભ રાગ એનો ભોક્તા (છે) એ ભોક્તાથી આગળ (શુદ્ધતામાં જઈને) વધશે. શુભ રાગના કર્તાપણાથી આગળ વધશે. શુભ રાગના ભોક્તાપણાથી. આગળ (શુદ્ધ થઈને) વધશે. આવું છે ભાઈ ! શું થાય ? કૌંસમાં કહેશે. ‘કેવળી સાક્ષી છે’.

કોઈપણ શુદ્ધ ઉપયોગ (અને) જેને શુદ્ધ દૃષ્ટિ થઈ છે. એને માટે આ વાત છે. એને પણ શુભરાગ છે તે કષાય છે – અગ્નિ છે. આહા...હા ! ભગવાન (આત્મા) શાંત. શાંત. શાંત. શાંત. શાંતિનો – અકષાયનો સાગર છે. અકષાયનો સાગર (છે) શાંત ‘ઉપશમ રસ વરસે રે, પ્રભુ તારા નયનમાં...’ આહા...હા ! ઉપશમ (પૂર્ણ પ્રગટ થયો છે). રસ જામી ગયો છે. ભગવાનને તો... અકષાય ભાવ... ‘ઉપશમરસ વરસે રે, પ્રભુ તારા નયનમાં’.

આહા...હા ! (હે) ભગવાન ! આપને તો ઉપશમ રસ પૂરણ પ્રગટ થયો છે. તો આપની આંખમાં ને શરીરમાં જાણે ઉપશમ રસ ઢળ્યો હોય ઉપશમ રસ ઢળી ગયો હોય, એમ શાંત. શાંત. (સ્વરૂપી છો). આહા...હા ! કોઈ ચેષ્ટા અને કુતૂહલ વિનાનું... શાંત શરીર લાગે. આહા...હા ! શરીર ને મુદ્રા જાણે ગંભીર... ગંભીર. આહા...હા ! જે પરમાત્માને ઉપશમ રસ પૂરણ પ્રગટ્યો

છે.

નીચે(ના ગુણસ્થાને) પણ જેટલો ઉપશમ રસ પ્રગટ્યો છે. તેટલો મોક્ષનો મારગ છે. અને જેટલો શુભ ભાવ અંદર આવે છે. તેટલો બંધ માર્ગ છે. વ્યવહાર હોય છે. તે જાણેલો પ્રયોજનવાન છે. જાણેલો પ્રયોજનવાન છે, કરેલો પ્રયોજનવાન છે, એમ નહિ. ભોગવેલો પ્રયોજનવાન છે. એમ નહિ. ભોક્તાનય આવે છે ને !

ભોક્તાનયે રાગને ભોગવે છે – તે પ્રયોજનવાન છે, એમ નહિ. જાણેલો પ્રયોજનવાન છે. જાણે બરોબર કે આ રાગ છે. પણ ઓલી ગાથા (૧૨) એનો અર્થ એવો છે ને ! '**व्यवहारदेसिदा पुण जे दु अपरमे द्विदा भावे।।**' (પક્ષવાળાને એમ થાય કે) જુઓ આમાં આ આવ્યું છે....

જે અપરભાવ – નિર્વિકલ્પ ઉપયોગમાં, વીતરાગ ભાવમાં નથી એને વ્યવહારનો ઉપદેશ કરવો. એ એમ કહે છે, કે આમાં ઉપદેશ છે ને ? ભાઈ ! ઉપદેશ કરવો એવો એનો અર્થ નથી. એની ટીકામાં તો જુઓ કે તે કાળે જાણેલો પ્રયોજનવાન છે. એ '**व्यवहारदेसिदा**'નો અર્થ આ ટીકાકારે કર્યો છે. પણ શું થાય ? તે તે કાળે રાગ આવે અને તે કાળે જાણેલો પ્રયોજનવાન છે.

એમ કેમ ? કે પહેલે સમયે જે રાગ આવ્યો અને બીજે સમયે વળી કોઈ મંદ રાગ આવ્યો તો તે સમયે તેટલો જાણેલો પ્રયોજનવાન છે. પહેલાં જરી રાગ તીવ્ર હોય તો તે પ્રકારે જાણેલો પ્રયોજનવાન છે. તે તે પ્રકારે તે સમયે શુદ્ધિ ને અશુદ્ધિ તે સમયે તે જાણેલો પ્રયોજનવાન છે. આહા...હા ! આવો મારગ !

અહીંયાં ભોક્તાનયમાં આવે છે ('**આત્મા ભોક્તાનયે સુખદુઃખાદિને ભોગવે છે. જેમ હિતકારી કે અહિતકારી અન્નને ખાનાર રોગી સુખદુઃખને ભોગવે છે. તેમ**') હવે ૪૧ અભોક્તાનયે. એને ને એને અભોક્તાનય (છે). આહા...હા ! '**उभयनयविरोधध्वंसिनि**' કહ્યું ને ! ('સમયસાર' – શ્લોક–૪) નિશ્ચય અને વ્યવહાર (બંનેને) વિરોધ છે. એમ આ આ ભોક્તા ને અભોક્તા ને વિરોધ છે. છતાં એક સમયમાં બે હોઈ શકે છે. આહા...હા ! અપેક્ષા જાણવી જોઈએ. ટાણે વસ્તુની સ્થિતિ જેમ હોય તેમ જાણવી જોઈએ.

'**આત્મદ્રવ્ય અભોક્તૃનયે કેવળ સાક્ષી જ છે,...**' એમ, જોયું ! કેવળ રાગનો કર્તૃત્વનો (તથા) રાગનો ભોક્તા છે. તે સમયે તેનો સાક્ષી છે. તે જ સમયે હોં ! આવું ત્યાં શું હશે ?! આહા...હા !

આ મારગ પ્રભુનો બહુ ઝીણો બાપા ! સૂક્ષ્મ છે. આહા...હા ! એક એક સમયનો કર્તા છે અને ભોક્તા અને વેદનની દશા એ પણ એનામાં છે. તેને જાણે છે. આહા...હા ! સમય સમયનું માપ અહીં તો લીધું છે. પ્રમાણ છે ને ! શ્રુતજ્ઞાન પ્રમાણ છે ને ! તો પ્રમાણમાં માપ આવ્યું છે. પ્રમાણ (જ્ઞાન)માં આવું થાય, તેમ માપ આવ્યું છે. આહા...હા !

પ્રમાણમાં દ્રવ્યનું પણ માપ આવ્યું. ગુણનું પણ એમાં માપ આવ્યું, અવિકારી પર્યાયનું પણ માપ આવ્યું, વિકારી પર્યાયનું પણ માપ આવ્યું. એમ પ્રમાણમાં પ્રમેયનું માપ આવી ગયું છે. આહા...હા ! આવી વાતો. અભોક્તાનયે પાછું કેવળ સાક્ષી જ. હેં આહા...હા ! વળી ભોક્તા છે અને વળી સાક્ષી છે. બેય વાત સાચી છે. પાછો 'જ' મૂક્યો છે. કેવળ સાક્ષી છે. આહા...હા !

છે ને ? '**अभोक्तृनयेन हिताहितान्न...**' છે એ ? ટીકામાં કેવળ સાક્ષી લેવું છે.

'**केवलमेव साक्षि**' એ લેવું છે. સંસ્કૃત(માં છે). કેવળ સાક્ષી (છે). એક કોર વિષયને વેદે છે. અને એક કોર કેવળ સાક્ષી છે. આહા...હા ! પાછું કહ્યું છે, 'નિયમસાર'માં કે હે નાથ ! તારા નય તો ઇન્દ્રજાળ જેવા છે. છે ને ? 'નિયમસાર'માં છે. ઇન્દ્રજાળમાં જેમ રૂપને ધારણ કરે, લાખો કરોડોનાં રૂપ અને ઘડીકમાં સંકેલી લ્યે. આહા...હા !

હે નાથ ! તારા નયનું વર્ણન ઇન્દ્રજાળીયા જેવું છે. આહા...હા ! એને પણ જ્ઞાની જાણે છે. આહા...હા ! એ રાગનું વેદન છે. અને કર્તાપણું પણ એને છે (એ) કર્તાનયથી જાણે છે. અને રાગનું અકર્તાપણું એ અભોક્તાપણું – કેવળ એનો સાક્ષી જ છે. આહા...હા ! સાક્ષીપણે પણ રહેવું. અને કર્તા અને ભોક્તાપણે પણ થવું. આહા...હા ! છે ! આવો મારગ છે, ભાઈ !

જૈન શાસન... બાપા ! વીતરાગ. વીતરાગ. વીતરાગ. ત્રણકાળમાં ક્યાંય ન મળે. એવો મારગ આ છે. જૈન પરમેશ્વર સિવાય (ક્યાંય નથી). એને સમય સમયનું માપ લીધું છે. આહા...હા ! ત્રિકાળનું – દ્રવ્યનું માપ તો લીધું; ગુણનું માપ પણ લીધું. પ્રમાણ એટલે માપ. પણ સમય સમયની પર્યાય રાગ કરે અને ન કરે, ભોગવે અને ન ભોગવે. આહા...હા !

ઝીણું પડે ને... પછી કહે. વ્રત કરો ને તપસ્યા કરો. આહા...હા ! અરે ! પ્રભુ ! અમે ઉપવાસ કર્યાં છે ને ! અમે આઠ (ઉપવાસ) કર્યાં છે ને ! આણે મહિનાના કર્યાં છે. આ બાઈ જુવાન અવસ્થાએ... ને નવ વર્ષની છોડીએ અઠ્ઠાઈ કરી. એવું લખાણમાં બહુ આવે. શ્વેતાંબરમાં આવું આવે. ઉપધાનનું આવે. પાંચસો માણસ ઉપધાનમાં બેઠા હતા. પાંચ લાખનો અર્થ થયો હતો. જાત્રા નીકળી હતી. થઈ રહ્યું.

એમાં (જાત્રામાં) પંદર પંદર હજાર માણસ હતું. બે હાથી આવ્યા હતા. એક કૂતરો હારે હતો. અને કૂતરો પણ હારે હારે ચાલતો હતો. એમ કે પૂર્વના સંસ્કાર (હતા). અરે મૂઢ ! અરે પ્રભુ !... શું કરે ? ભાઈ ! જેના આગળ વસ્તુ સ્વભાવ (નથી). ત્રિકાળીની જ્યાં દૃષ્ટિ થઈ નથી. તેને વ્યવહાર, રાગા આદિની મંદતાને, વ્યવહાર પણ કહેવાતો નથી આહા...હા !

જેને નિશ્ચય પ્રજ્ઞા બ્રહ્મસ્વરૂપ ભગવાન અનુભવમાં આવ્યો છે. એની સાધક દશામાં શુભાશુભ ભાવ આવે, એ શુભને વ્યવહાર તરીકે ગણ્યો છે. એ આદરણીય નથી. પણ જાણવામાં આવશે. આહા...હા ! છે ? એમ જાણવાલાયક છે. નિમિત્ત જેમ છે તેમ. આહા...હા !

આ અહીં રહ્યું. છે ? એ (પરમાણુ) એના આધારે નથી. આહા...હા ! ત્યાં પરમાણુ પરમાણુમાં (છે), ભગવાન ! અધિકરણ એ એનો સ્વભાવ છે, એ પરમાણુ પોતાને આધારે રહ્યા છે. એમાં એ નિમિત્ત છે. પણ નિમિત્તનો આધાર છે. એમ નહિ. આહા...હા ! આકરાં કામ ! ચશ્માં અહીં નાકની દાંડીને લઈને રહ્યા છે ? (તો કહે) ના. (ચશ્માં) અડ્યા ય નથી. ચશ્માં નાકને અડ્યાય નથી.

આહા...હા ! પ્રભુ ! તારે શું કહેવું છે ? દરેક દ્રવ્યની પર્યાય તે સમયે ષટ્કારકરૂપે પોતાથી પરિણમે છે. આહા...હા ! તે પર્યાયની કર્તા પર્યાય. પર્યાયનું કરણ સાધન પર્યાય, પર્યાયનું કાર્ય પર્યાય, પર્યાયનું સંપ્રદાન પર્યાય, પોતે રાખે પોતાથી, પર્યાયથી પર્યાય થાય. અને પર્યાયના આધારે

પર્યાય રહે. આહા...હા !

સમવસરણ સ્તુતિમાં નથી કહ્યું ? ભાઈ ! જેમ નિરાવલંબન આત્મદ્રવ્ય. આહા...હા ! એમ ભગવાન એ રાગ અને કર્મને આધારે રહ્યા જ નથી. જેવું નિરાલંબન આત્મદ્રવ્ય, તેવો નિરાવબંધન ભગવાનનો દેહ. (આમ) અંતરિક્ષ છે. આમ એ હોય. સિંહાસન, અને એમાં હોય કમળ, પણ રહે અધ્ધર, કમળને અડે નહિ. ત્યારે સિંહાસન ને કમળ શું કામના ? ભગવાન (તો) અંતરિક્ષ(માં) છે.

આ અંતરિક્ષ તીર્થ છે ને ? ખરેખર તો દિગંબરનું તીર્થક્ષેત્ર જ છે. તકરાર કરે લોકો, શું કરે ? અરે ! કોઈ દેવ ન મળે. કોઈ એવા પુણ્ય ન મળે કે કોઈ દેવ આવી ને (રક્ષા કરે).

(ભગવાન) ઋષભદેવ વખતે તો એવા દેવ આવતા. ચાર હજાર રાજાઓએ દીક્ષા લીધેલી, અને પછી પાળી શક્યા નહિ. ભગવાન તો છ છ મહિના સુધી આહાર વિના રહ્યા. (રાજાઓએ) હારે હારે દીક્ષા તો લઈ લીધી, પણ પાળી શકાઈ નહિ. પછી લીલાં પાંદડાં ખાવા માંડ્યા, ફળ–ફૂલ ખાવા માંડ્યા. જંગલમાં દેવ આવીને કહે છે (કે), આ વેશે આવું કાંઈ ન કરાય. (અમે) દંડ આપીશું. તમે આ નગ્ન મુનિના વેશમાં આ જમરૂખ કે ફળ ખાઓ એ ન ચાલે. વેશ પલ્ટી નાખો. આહા...હા ! હેં ! કેવો કાળ હતો. જુઓ ને ? આહા...હા ! અત્યારે શું અંધાધૂંધ ચાલે છે. કોઈ દેવ ન મળે. કોઈ પુણ્ય ન થાય. પોતાનો દેવ છે. આત્મા પોતે જ પોતાનો દેવ છે. આહા...હા ! એને પરદેવની કોઈ જરૂર નથી. આહા...હા !

દુનિયા ગમે તે રીતે કરે. કૈલાશચંદ્રજીએ લખ્યું છે. તમે આ લોકોને દિગંબરથી બહાર કરશો, તો એ દિગંબરોના મંદિરો શ્વેતાંબર થશે ! એમણે દિગંબર મંદિરો કરાવ્યા છે. એ શ્વેતાંબર થશે. એની (ભગવાનની) આંખમાં કંઈ નથી. તો આંખ નાખશે. શું કરશો તમે એને ? શું કરવા ? આહા...હા ! એ તો એને લાયક હોય એ કરે, એમાં શું છે ? આહા...હા ! સનાતન દિગંબર આ છે. એને કાંઈ આંચ લાગે એવું નથી. આહા...હા !

**'આત્મદ્રવ્ય અભોક્તૃનયે... કેવળ સાક્ષી જ છે.'** હિતકારી જ પણ એકાંત ન હોય ને ! ભગવાનના મારગમાં જ ન હોય, એમ આવે છે. ક્ષુલ્લકમાં આવે છે. ક્ષુલ્લકનો પત્ર આવ્યો છે. પણ એ તો કઈ અપેક્ષાએ ? કે આત્મા નિત્ય જ છે. કે આત્મા અનિત્ય જ છે. આત્મા દ્રવ્યે શુદ્ધ છે. એમ અનાદિથી પર્યાયથી પણ શુદ્ધ જ છે. એમ એકાંત નથી. આ તો એકાંત છે. આહા...હા ! પણ ભોક્તાનયને હારે રાખીને વળી અભોક્તા છે. આહા...હા ! એમાં ભોક્તામાં 'જ' નહોતો નાખ્યો.

**'આત્મદ્રવ્ય અભોક્તૃનયે કેવળ સાક્ષી જ છે.'** એમ આવ્યું ત્યાં 'જ' વાપર્યો છે. આહા...હા ! '**...હિતકારી–અહિતકારી અન્નને ખાનાર રોગીને જોનાર વૈદ્યની માફક**' રોગીને જોનાર (છે). પેલો ખાનાર રોગી હતો. એની પેઠે ભોક્તા હતો અને આ તો રોગીને જોનાર વૈદ્યની માફક. આહા...હા ! વૈદ્ય તો રોગીને જોવે. આમ થાય છે ને આમ થાય છે.

વૈદ્ય ભેગો દવા પીએ ? એ તો સાક્ષી છે. શું 'અમૃતચંદ્ર આચાર્ય' !!! અમૃતના વેણલાં

લાવ્યા છે. આહા...હા ! છદ્મસ્થ (હતા), હજાર વર્ષ પહેલાં (થયા) પ્રભુના વિરહના પંદરસો વર્ષ પછી આહા...હા ! ભગવાન પરમાત્માના વિરહ પડ્યા પછી ૧૫૦૦ વર્ષે 'અમૃતચંદ્ર આચાર્ય' (થયા). આહા...હા ! ભગવાન 'કુંદકુંદાચાર્ય' તો બે હજાર વર્ષ પહેલાં (થયા). એણે પણ એમના (ભગવાનના) હૃદયને કળ્યું. આહા...હા ! ભગવાનનું જે કેવળજ્ઞાન, એને કળી લીધું, કે આમ ભગવાન કહેવા માગે છે. ભાઈ !

એક આ નય છે. અને એ નયોનો સમુદાય. શ્રુતપ્રમાણ અને શ્રુતપ્રમાણમાં કર્તા અને અકર્તા, ભોક્તા અને અભોક્તા બેયનું જ્ઞાન છે, તેમાં શ્રુતપ્રમાણમાં બધા નયનું જ્ઞાન છે. આહા...હા ! છે ને ?

**'આત્મદ્રવ્ય અભોક્તૃનયે કેવળ સાક્ષી જ છે.'** ભોક્તા નથી. જેમ સુખદુઃખનો ભોગવનાર રોગીને જોનાર જે વૈદ્ય, તે તો કેવળ સાક્ષી જ છે. એમ. આહા...હા ! એકકોર ભોક્તા છે. અને એકકોર સાક્ષી છે. એ ને એ જીવ અને એના એ સમયે આહા...હા ! આવું એનું સ્વરૂપ ઝીણું છે.

વિશેષ કહેશે.

❋ ❋ ❋

પરમાત્મદશા એ પણ દ્રવ્યમાં નથી, એનાથી રહિત છે. આહા...હા ! દ્રવ્ય ઉપર લક્ષ ગયા વિના એને પ્રતીતિમાં જોર આવી શકતું નથી, જોર આવતું જ નથી. પર્યાયનું લક્ષ છોડીને હું તો આ જ વર્તમાનમાં છું – એમ દ્રવ્યમાં ભળી જાય છે ત્યારે જ પ્રતીતિમાં જોર આવી શકે છે.

ધર્મીનું ચિત્ત આત્મા સિવાય બીજે ક્યાંય ચોંટતું નથી. સંસારમાં બધે ઉપર ઉપરથી નજર કરે છે, પણ ચિત્ત ક્યાંય ચોંટતું નથી. માખીને સાકરના સ્વાદમાં ચિત્ત ચોંટ્યું છે. તેથી પાંખને ભીંસ આવે પણ ત્યાંથી ખસતી નથી, તેમ ધર્મીનું ચિત્ત આત્મામાં ચોંટ્યું છે. પ્રતિકૂળતા આવે, બહારની ભીંસ આવે પણ આત્મામાંથી ચિત્ત ખસતું નથી. દુનિયાને ભલે ધર્મી ગાંડા જેવો લાગે, પાગલ લાગે.

**આત્મદ્રવ્ય ક્રિયાનયે અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ સધાય એવું છે. થાંભલા વડે માથું ભેદાતાં દૃષ્ટિ ઉત્પન્ન થઈને જેને નિધાન મળે છે એવા અંધની માફક (ક્રિયાનયે આત્મા અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ થાય એવો છે, જેમ કોઈ અંધ પુરુષને પથ્થરના થાંભલા સાથે માથું ફોડવાથી માથામાંના લોહીનો વિકાર દૂર થવાને લીધે આંખો ખૂલી જાય અને નિધાન પ્રાપ્ત થાય તેમ). ૪૨.**

**આત્મદ્રવ્ય જ્ઞાનનયે વિવેકની પ્રધાનતાથી સિદ્ધિ સધાય એવું છે, ચણાની મુઠ્ઠી દઈને ચિંતામણિ ખરીદનાર એવો જે ઘરના ખૂણામાં રહેલો વેપારી તેની માફક. (જ્ઞાનનયે આત્માને વિવેકની પ્રધાનતાથી સિદ્ધિ થાય છે, જેમ ઘરના ખૂણામાં બેઠેલા વેપારી ચણાની મુઠ્ઠી દઈને ચિંતામણિ ખરીદી લે તેમ). ૪૩.**

**પ્રવચન : ૭-૧-૧૯૭૮**

'પ્રવનસાર'. નય અધિકાર. પહેલાં કહેવામાં આવી ગયું કે આત્મદ્રવ્ય અનંત ધર્મોનો આધાર– સ્વામી તે આત્મદ્રવ્ય છે. આ અધિકાર આત્મા કેવો છે, તેનો ચાલે છે. કેમ પ્રાપ્ત થાય એ તો પછી આવશે. ટૂંકમાં કીધું છે. શું કહ્યું એ ? કે શિષ્યનો પ્રશ્ન હતો કે આત્મા કેવો છે ? ને કેમ પ્રાપ્ત થાય ? ટૂંકમાં કહ્યું હતું કે, આત્મા અનંત ગુણ અને પર્યાયનો અધિષ્ઠાતા સ્વામી છે. અને તે અનંત નયોનો એક સમૂહ રૂપ શ્રુતજ્ઞાનપ્રમાણ એનાથી પ્રમેય થાય છે.

અહીં તો હજી શ્રુતપ્રમાણના નયોના ભેદનું વર્ણન છે. પછી કેમ પ્રાપ્ત થાય, એની વાત પછી આવશે. એના પછી કહેશે. અહીં તો હજી નયનું વર્ણન કરે છે. ૪૨મો (નય) આવ્યો છે. (કેમ પ્રાપ્ત થાય એ વાત) પાછળ છે. આ અધિકાર થયો ને ! છે ? અંદર પાછળના પાને છે. ૫૦૨. '**આ રીતે આત્મદ્રવ્ય કહેવામાં આવ્યું. હવે તેની પ્રાપ્તિનો પ્રકાર (રીત) કહેવામાં આવે છે.**' એ પછી આવશે.

અહીંયાં તો હજી નયનું સ્વરૂપ કહીને એક એક નયથી એક એક ધર્મને જાણે એટલી વાત કરીને, પછી આખા શ્રુતપ્રમાણ વડે કરીને આત્માને જાણે એમ કહેશે. પણ આવો આત્મા એક એક નયથી જાણે, એવો અનંત ધર્મવાળો છે. એમ અહીં સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ એમાં ?

અહીંયાં તો હજી આત્મા વસ્તુ છે. એ કેવી છે ? એનું હજી વર્ણન ચાલે છે. એ કેવો છે ? એનું વર્ણન ચાલે છે. એમાં અનંત ધર્મ છે. ગુણ અને પર્યાય (છે). એનો એ સ્વામી છે. તો એ ગુણ પર્યાય(ને) અનંત નય (જાણે છે). નય શું છે ? તો એની વ્યાખ્યા ચાલે છે. સમજાણું કાંઈ ? પછી એનું પૂરું કરીને વાંચવું પડશે. ૪૭ નય પૂરા કરીને (એમ ને એમ વાંચવું પડશે) નહિ હાલે. પાછળ એની સાથે થોડો સંબંધ છે એટલે અહીંયાં તો ફક્ત આત્મદ્રવ્યમાં એક સમયમાં આવા ધર્મની એવી યોગ્યતા છે. એટલે એનું વર્ણન કરે છે. સમજાણું કાંઈ ? ભાઈ એ વર્ણન

છે. (કેવી રીતે પ્રાપ્ત થાય એ રીત) પાછળ આવે છે.

આત્મદ્રવ્ય એવું છે કે, એમાં એક એક નયથી એક એક ધર્મ, એટલે ધર્મ શબ્દે ગુણ અને નિર્વિકારી પર્યાય અને અવિકારી પર્યાય. એક એક નયથી જાણી શકાય છે. અને એવા અનંતધર્મો આત્મદ્રવ્યમાં છે. એટલી અહીં યોગ્યતા બતાવે છે. આ કારણ છે. આત્મદ્રવ્ય એટલે કે અનંતનયોનો વિષય એવા જે ધર્મો, તેનો ધર્મનો ધરનાર તે આત્મદ્રવ્ય. આહા...હા ! એમાં એક નય (ક્રિયાનય) એવો છે. એક નય (છે). એ પણ બધા નયો એક સાથે છે. એટલે કોઈ એમાં ભડકી જાય કે આમાં જુઓ ! ક્રિયાનયથી પણ ધર્મ છે કે, કોઈને ક્રિયાથી પણ ધર્મ થાય, એમ અહીંયાં નથી કહેવું.

એ ક્રિયા (નય)માં એને એક યોગ્યતા ગણી રાગની મંદતાની ભાવની ક્રિયા (જે છે) એવો એક આત્મામાં યોગ્યતાનો ધર્મ ગણ્યો. તે જ સમયે પાછો જ્ઞાનનય પણ છે. એ તો પહેલાં આવી ગયું ને ? કે જે કાળે મુક્તિ થાય, તે કાળે જ મુક્તિ છે. પણ તે ને તે કાળે પણ અકાળે મુક્તિ છે. એમ પણ અકાળે સિદ્ધિ છે, તે પણ તે જ સમયે છે. એવો એને મુખ્ય ધર્મ છે. પણ એ જ સમયે અકાળ એટલે સ્વભાવ – પુરુષાર્થ – ભવિતવ્યતા અને કાળલબ્ધિ એ બધું એક સમયે જ છે. એવું સાથે જ છે. કાળે મોક્ષ જાય ને પાછો અકાળે આડેઅવળે જાય એમ ત્યાં સિદ્ધ નથી કરવું. સમજાણું કાંઈ ? આવી બધી વાતો કરી છે.

એથી અહીંયાં કહે છે કે, '**આત્મદ્રવ્ય ક્રિયાનયે...**' ક્રિયાનય એટલે રાગની મંદતાના વ્યવહાર ધર્મ વડે '**અનુષ્ઠાનની પ્રધાનતાથી...**'(સિદ્ધિ સધાય તેવું છે). અનુષ્ઠાન–આચરણ એની મુખ્યતાથી. જ્ઞાનનયની મુખ્યતાથી પછી કહેશે. એ ય મુખ્યતા છે ને આય મુખ્યતા છે. પણ તે (એક) સમયે છે. આહા...હા !

'**આત્મદ્રવ્ય ક્રિયાનયે અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ સધાય એવું છે.**' એવી એક યોગ્યતા ગણી છે. તે પણ તે સમયે. જ્ઞાનનયથી – વિવેકથી પણ તે સમયે મુક્તિ છે (મુક્તિ) સધાય છે. અને એ સમયે જ આ છે. એ છેલ્લે આવશે. કર્મકાંડથી જ્ઞાનકાંડ થાય છે. પછી એમાં છેલ્લે પાછળ આવશે. એનો અર્થ જ (કે) કર્મકાંડ રાગની મંદતા છે. ત્યાંય એક યોગ્યતા ગણી. અને તે જ સમયે પણ જ્ઞાનનયે જ મુક્તિ છે. એ પણ તે જ સમયે છે. આહા...હા !

કોઈને ક્રિયાનયના અનુષ્ઠાનથી મુક્તિ થાય અને કોઈને જ્ઞાનનયની પ્રધાનતાથી મુક્તિ થાય. એમ જીવદ્રવ્ય(માં) ભેદ પણ નથી. અને એ (જ) જીવને પણ કોઈ વખતે ક્રિયાનયથી મુક્તિ થાય ને, કોઈ વખતે જ્ઞાનનયથી પણ (મુક્તિ થાય) એમેય નથી. આહા...હા ! સમજાણું કાંઈ ? આવો માર્ગ ઝીણો બહુ ! આહા...હા ! ક્રિયાનયે અનુષ્ઠાનની પ્રધાનતાથી, આચરણની પ્રધાનતાથી સિદ્ધિ સધાય તેવું છે.

દૃષ્ટાંત આપે છે. '**થાંભલા વડે માથું ભેદાતાં દૃષ્ટિ ઉત્પન્ન થઈને જેને નિધાન મળે છે એવા અંધની માફક**' દૃષ્ટિમાં જે અહીં કાંઈક આવરણ હતું, એમાં માથું થાંભલા સાથે ભટકાણું. (અને) વિકાર અંદરથી નીકળી ગયો. આંખ ઊઘડી ગઈ. એ દૃષ્ટાંત આપ્યો છે. '**થાંભલા વડે માથું ભેદાતાં, દૃષ્ટિ ઉત્પન્ન થઈને જેને નિધાન મળે છે એવા અંધની માફક**' આહા...હા ! આંખે દેખતો ન

હતો, પણ એમ ને એમ કરતાં માથું ફૂટ્યું. અને આંખ ઊઘડી ત્યાં નીચે નિધાન દેખ્યું. આ તો દૃષ્ટાંત દીધો છે હોં ! એવા અંધની માફક. (માણસ) આંધળો છે, આંખમાં લોહીનો વિકાર હતો. તેથી દેખતો ન હતો. પણ એમાં માથું થાંભલા હારે ભટકાણું તો વિકાર નીકળી ગયો. આંખો ખૂલી (ત્યાં) નીચે નિધાન જોયું.

આમાં માણસ અટકે. પણ આ તો એક એની યોગ્યતા ગણી છે. એનાથી થાય, એવી એક યોગ્યતા અને જ્ઞાનનયથી આગળ કહેશે.

મુઠ્ઠી ચણા આપી રતન લઈ જાય, હીરો (લઈ જાય) એ પછી કહેશે. પછી જ્ઞાનનય છે ને ? વેપારી એવા હોય. એમ જ્ઞાનનયે એમ કહેશે કે, અંતર વિવેક વડે કરીને રાગથી ભિન્ન પાડી એકલા જ્ઞાનનયે મુક્તિ થશે. એમ જ્ઞાનનેય અંદર એક ક્ષણમાં રાગથી ભિન્ન કરીને ક્ષણમાં મુક્તિ કરી નાખે. એવો પણ એનો એક યોગ્યતાનો ધર્મ છે. સમજાણું કાંઈ ? પણ એની હારે એક આવો પણ યોગ્યતાનો ધર્મ છે. એની હારે છે.

(કોઈને) ક્રિયાનયથી મુક્તિ થાય અને કોઈને જ્ઞાનનયથી થાય. અથવા એને કોઈવાર જ્ઞાનથી મુક્તિ થાય ને કોઈ વાર ક્રિયાથી (મુક્તિ થાય) એમ નથી. આહા...હા ! આવી એક યોગ્યતા ગણી કે ક્રિયાનયે, અનુષ્ઠાન એટલે આચરણની મુખ્યતાથી તેની સિદ્ધિ સધાય એવું છે. કોણ ? આત્મદ્રવ્ય. આહા...હા !

**'થાંભલા વડે માથું ભેદાતાં દૃષ્ટિ ઉત્પન્ન થઈને જેને નિધાન મળે છે. એવા અંધની માફક.'** આંધળાને નિધાન મળી ગયું. આહા...હા ! એમ ક્રિયાનયે મુક્તિ મળી ગઈ. શું થયું અત્યાર સુધી ? કે ના પાડી. વ્યવહારથી નિશ્ચય થાય નહિ... આ એ જ. (વાત છે) વાત તો એની એ જ છે. પણ એની એક યોગ્યતા ગણીને એક નય ગણ્યો પણ એક નયે. આ તો અનંત નયે કહે છે. આવે છે ને ? પાછળ આવે છે.

જુઓ ! '**...આત્મા પ્રચંડ કર્મકાંડ વડે અખંડ જ્ઞાનકાંડને પ્રચંડ કરવાથી અનાદિ–પૌદ્‌ગલિક...**' છે ? ચોથી લીટી છે. '**...પરંતુ હવે જ્યારે આજ આત્મા પ્રચંડ કર્મકાંડ વડે...**' જોયું ?! કર્મકાંડ નામે આ ક્રિયા. રાગની મંદતાની આચરણની ક્રિયા, એને કર્મકાંડ કહ્યું છે. '**...કર્મકાંડ વડે અખંડ જ્ઞાનકાંડને પ્રચંડ કરવાથી...**' આહા...હા ! જુઓ ! જ્ઞાનપ્રધાન કથન છે ને ! સમજાણું કાંઈ ?

એ શબ્દ 'ધર્મદાસ ક્ષુલ્લકે' 'સમ્યક્જ્ઞાનદીપિકા'માં નથી રાખ્યો, ભાઈ ! આ નયોનું વર્ણન કર્યું છે. પણ આ નથી મૂક્યું. એમાં બીજા બધા શબ્દો મૂક્યા છે. કારણ કે કોઈ ભ્રમણામાં પડી જાય નહિ. એ માટે (નથી મૂક્યું). એક રાગ એની હારે જરી હોય છે એટલે 'ધર્મદાસ ક્ષુલ્લકજી' છે ને ! કર્મકાંડ વડે અખંડ જ્ઞાનકાંડ (એ શબ્દ) કાઢી નાખ્યો છે. ('સમ્યક્જ્ઞાનદીપિકા'માં) કોઈ ભ્રમણામાં ન પડી જાય (માટે). આ તો અપેક્ષાથી કથન છે.

ક્રિયાના અનુષ્ઠાનથી (અર્થાત્) એક નયથી એમ પણ કહી શકાય છે કે વ્યવહારથી નિશ્ચય થયો. 'જયસેન આચાર્ય'ની ટીકામાં જુઓ તો બધું બાહ્ય. એ આવે છે. ખબર છે ને બધી. પણ ત્યાં આ નયની અપેક્ષાએ (વાત) છે 'જયસેન આચાર્ય'ની ટીકામાં વ્યવહારથી નિશ્ચય થાય, વ્યવહારથી (નિશ્ચય) ઉત્પન્ન થાય, એવો પાઠ આવે છે. એ આ અપેક્ષાએ, એક નયનો ભાગ

ગણીને કહ્યું છે. આખું સ્વરૂપ એનાથી પ્રાપ્ત થાય એમ નહિ. આહા...હા !

શાસ્ત્રના અર્થ કરવામાં વાંધા આવે. એમાં વાંધા શું કરવા કરે ? આહા...હા ! તારી ચીજ છે. એ પવિત્ર શુદ્ધ ભગવાન અંદર છે. અલિંગગ્રહણના છટ્ઠા બોલમાં તો એમ કહ્યું કે, આત્મા સ્વભાવથી પ્રાપ્ત થાય, એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. આ શબ્દ, આત્મા, પોતાનો આનંદ અને જ્ઞાન ને શાંતિ સ્વભાવ એની પરિણતિથી પ્રાપ્ત થાય. રાગની પરિણતિથી, અનુષ્ઠાનથી તે પ્રાપ્ત ન થાય. આહા...હા ! અહીં કહે પ્રાપ્ત થાય. કઈ અપેક્ષાએ ? બધું ધ્યાન રાખવું જોઈએ ને ? કે ચારે બાજુનાં પડખાં શું છે ? ત્યાં અલિંગગ્રહણ(માં) તો એમ કહ્યું છે. લ્યો ! ભગવાનઆત્મા ઇન્દ્રિયથી જણાય નહિ. ઇન્દ્રિયથી જાણે નહિ. ઇન્દ્રિયના પ્રત્યક્ષનો વિષય નહિ.

પ્રભુ ! આહા...હા ! બીજાઓ દ્વારા અનુમાનથી જણાય નહિ. તેમ પોતે એકલો અનુમાનથી જાણનાર નહિ. આમ કહીને પછી છટ્ઠા બોલે લીધું. આત્મા કેમ જણાય ? કે સ્વભાવ. પોતાનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય, રાગાદિ નહિ, શુદ્ધ ચૈતન્ય સ્વભાવ વડે, પ્રત્યક્ષ જ્ઞાતા છે. આહા...હા ! એક ઠેકાણે કઈ અપેક્ષા ? બીજે ઠેકાણે કઈ અપેક્ષા ? સમજે નહિ તો આ ઝઘડા ઊભા થયા છે. આહા...હા ! એ જ 'અમૃતચંદ્ર આચાર્ય'ની ટીકા છે. ૧૭૨ ગાથાની ટીકા છે. એમાં આવી ગયું છે. જુઓ !

'પ્રવચનસાર'. જુઓ ! છે ? '**લિંગ દ્વારા નહિ. પણ સ્વભાવ વડે...**' છટ્ઠો બોલ છે. છે ? '**લિંગ દ્વારા નહિં પણ સ્વભાવ વડે જેને ગ્રહણ થાય છે. તે અલિંગગ્રહણ છે. આ રીતે આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે.**' છે ? આપણે હમણાં અલિંગગ્રહણમાં આવી ગયું છે. એ પોતે સ્વભાવ વડે પ્રાપ્ત થાય છે. 'અમૃતચંદ્ર આચાર્ય' કહે છે (કે) ભગવાન ચૈતન્ય સ્વરૂપ શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ...શુદ્ધ.. એ શુદ્ધની ધારા – પરિણતિ દ્વારા પ્રાપ્ત થાય છે. હવે અહીંયાં આમ કહે છે. સમજાણું કાંઈ ?

અહીંયાં પછી બીજા નયમાં એમ કહેશે. એ તો જ્ઞાન નયે પ્રાપ્ત થાય છે એવી યોગ્યતા કહેવામાં આવી છે. અને તે એક સમયાં બધી (યોગ્યતા) ગણવામાં આવી છે. આહા...હા ! સમજાણું કાંઈ ?

'**થાંભલા વડે. માથું ભેદતાં દૃષ્ટિ ઉત્પન્ન થઈને. જેને નિધાન મળે એવા અંધની માફક.**' ક્રિયાનયે આત્મા અનુષ્ઠાનની મુખ્યતાથી સિદ્ધ થાય એવો છે. એવી એક યોગ્યતા છે જેમ કોઈ અંધ પુરુષને પથ્થરના થાંભલા સાથે, માથું ફોડવાથી માથામાંથી લોહીનો વિકાર દૂર થવાને લીધે, આંખો ખૂલી જાય અને નિધાન પ્રાપ્ત થાય તેમ. એવો એક ધર્મ ગણ્યો છે. ધર્મ એનાથી થાય એમ નહિ. એવો એક ધારેલો ભાવ આત્મામાં છે. આવા એક ભાવનો ધરનાર આત્મા છે. આહા...હા ! હવે આવી વાતો છે.

હવે અહીં જુઓને વાંધા કરે છે ને ? કહે છે કે શુભજોગ તે મોક્ષનો માર્ગ છે. ત્યારે (બીજા) કહે છે કે એને જે ઉપાદેય માને, તે મિથ્યાદૃષ્ટિ (છે). (શુભરાગને) હેય કીધો છે. 'કુંદકુંદઆચાર્યે' તો હેય કહ્યો છે. તો એ મિથ્યાદૃષ્ટિ છે ? આવી વાતું ઊઠી. સોનગઢનું આવું હાલ્યું. પછી બધું હાલ્યું. આ નહિતર બધું પડ્યું હતું. બીજા ઘણાય એમ કહે છે. અમે તો પંડિતો કહે એમ માનીએ છીએ. બીજું શું કરીએ ? ભાઈ ! માર્ગ પૂર્વાપર વિરોધરહિત હોય. ક્યાંય

પણ વિરોધ આવે એ વીતરાગનો માર્ગ નહિ.

અહીયાં સરાગ સંયમને હેય કહે છે. અને અનુષ્ઠાને એને મુક્તિ કહે. ન્યાયથી જાણવું જોઈએ ને ?! આ તો આમાં એક યોગ્યતા ગણી. બસ ! તે સમયે જ જ્ઞાન અને તે જ કાળે, વીતરાગભાવથી મુક્તિ થાય. છતાં તેને આ એક અનુષ્ઠાન ભાવની યોગ્યતાનો એક ધર્મ એ જાતનો ગણ્યો. ધર્મ એટલે ભાવ. એવી યોગ્યતાનો ભાવ ગણ્યો. આહા...હા ! સમજાણું કાંઈ ?

છેલ્લે કર્મકાંડ વડે જ્ઞાનકાંડ લીધો. અહીં શુભભાવ હેય છે. એમ કહ્યું. અહીં અનુષ્ઠાનથી મુક્તિ થાય, એમ કહ્યું. આહા...હા ! એણે જાણવું જોઈએ ને ? બાપુ ! આહા...હા ! આ તો ખ્યાલમાં આવે માટે બધો આધાર આગળ પાછળ (નો દઈએ છીએ). આ તો બધું એકબીજાનું (બધા શાસ્ત્રોનું) જોયેલું છે ને ! ચારે પડખાં જોયા વિના કંઈ (એમ ને એમ) નથી માન્યું. આહા...હા !

એક કોર એમ કહે કે, જે શુભરાગ અનુષ્ઠાન છે. એ ઝેરનો ઘડો છે. 'સમયસાર'નો મોક્ષ અધિકાર છે. વિષકુંભ (તેમાં કહ્યો છે). આહા...હા ! કેમકે રાગ છે. ભગવાનઆત્મા તો અમૃતસ્વરૂપ છે. અતીન્દ્રિય આનંદના અમૃતસ્વરૂપનો પુંજ પ્રભુ છે. એની પર્યાયમાં જે રાગ થાય છે એ અમૃતસ્વરૂપથી વિરુદ્ધ ઝેર છે. આહા...હા !

વળી બીજે ઠેકાણે કહે છે કે, ઝેરથી મુક્તિ થાય. એ તો એની (યોગ્યતા ગણી). આ બધા બોલો આવી ગયા છે. અહીં તો નવું કાંઈ (નથી). અહીં તો ઘણા વરસ ગયા છે. ઘણા વખતથી કેટલીવાર બધું ચારેકોરથી મેળવ્યું છે. ધંધો જ અહીં બીજો ક્યાં છે ! હેં ! (પ્રશ્ન :) અમારા માટે નવું છે) નવું. હા ! સાચી વાત (છે). આહા...હા ! ત્યાં હેય કહ્યું, ત્યાં ઝેર કહ્યું, ત્યાં કર્મકાંડથી જ્ઞાનકાંડ કહ્યું. અહીં અનુષ્ઠાનથી મુક્તિ કહી. બધો ખ્યાલ તો (છે).

એનો એ અર્થ કે, એક યોગ્યતાનો ધર્મ ગણીને અનંત ધર્મમાં એક યોગ્યતા ગણી. આવી (વાત) !! આહા...હા ! કહો સમજાય છે કે નહિ આમાં ? (વાણિયાને) હિસાબમાં તો ઝટ સમજાય. ઘણા વર્ષથી નિવૃત્તિ, નિવૃત્તિમાં બધાયે ઘણું સાંભળ્યું હોય. આહા...હા ! અહીં કહે છે કે એવી એક યોગ્યતા ગણી. એ, ૪૨ નય થયો.

**(હવે) ૪૩. જે સમયે આ** (ક્રિયા) નય છે. તે જ સમયે આ (જ્ઞાન) નય છે. એટલે પાછો કો'કને અનુષ્ઠાનથી મુક્તિ થાય ને કો'કને વિવેકથી મુક્તિ થાય એમ બે પ્રકારની ભિન્ન ભિન્ન નથી. એક જ સમયમાં બે (ધર્મ) નય (છે). વિવેક અને અનુષ્ઠાન એવી એક સમયે બેની યોગ્યતા ગણવામાં આવી છે. આહા...હા ! અહીં તો એક સાથે અનંતનયનો સમુદાય શ્રુતપ્રમાણ(માં) છે. આહા...હા ! અને શ્રુતપ્રમાણથી આખું દ્રવ્ય પ્રમેય થાય છે. આખું દ્રવ્ય એટલે દ્રવ્ય–ગુણને પર્યાય, આનાથી પ્રમેય થાય છે. એકલા નયથી તો એક જ ધર્મની યોગ્યતા પ્રમેય (થાય) છે. આહા...હા !

અરે ! ઝઘડા... ઝઘડા... ઝઘડા... માંડ વખત મળ્યો. નાની નાની ઉંમરના જુઓને (ચાલ્યા જાય છે). સાંભળીયે છીએ. આહા...હા ! આમ ઘડીકમાં ચાલ્યા જાય છે. દુખાવો થયોને આમ ઊપડ્યા. અરેરે !! એને મનુષ્યપણું ક્યારે મળે ? અને એવા સાધારણ માણસ હોય તો બિચારા મમતામાં મરીને ઢોર થાય. ધર્મ તો હોય નહિ. પુણ્ય પણ એવા હોય નહિ કે ભાઈ, બે–ચાર કલાક દરરોજ સંતસમાગમ કરવો. સત્ શાસ્ત્ર સાંભળવાં, વાંચવાં, તો પુણ્ય હોય તો મનુષ્ય

અને દેવ પણ થાય. પણ એ તો હજી ઊગીને ઊભા થતા હોય, ત્યાં બચારાને કાંઈ ન હોય. આહા...હા !

એ વીસ વીસ વર્ષના, પચીસ પચીસ વર્ષના, બાઈયું અને આદમીઓ, અકસ્માત મરે. આહા...હા ! અરેરે...! શું થાય ? ઘણા એવા જીવો તો પશુની યોનિમાં અવતરે. આહા...હા ! માણસના અવતાર મળે, ત્યારે પાછા આવું સમજવાની દરકાર કરે નહિ.

આહા...હા ! શાસ્ત્ર તો એમ કહે કે તત્ત્વનો, વાસ્તવિક તત્ત્વનો વિરાધક થાય તો, નિગોદમાં જાય. આહા...હા ! એમ કહ્યું ને ? જુઓને ! સાધુ. વસ્ત્રનો એક તૃણના ફોતરા જેટલું કપડું રાખે, અને સાધુ માને, તો નિગોદમાં જાય. આહા...હા ! કેમ કે એણે નવે તત્ત્વની વિરાધના કરી. મિથ્યાદૃષ્ટિ નવે તત્ત્વની વિરાધના કરી કેમકે જ્યાં વસ્ત્રનો ટુકડો (છે ત્યાં મુનિપણું નથી).

અહીં તો પછી આવ્યું છે, અત્યારના સાધુઓ, હારે મોટરો રાખે, માલ રાખે, બહુ (બહાર) આવ્યું છે. (સાચા મુનિ) વસ્ત્રનો ટુકડો ન રાખે, ને આ (તો) બધું હારે રાખે, પુસ્તકો માટે બધાના પૈસા લે, એને સાચવવા ને કરવા, ને લખવા.

પહેલાંના બધા મુનિઓ તો જંગલમાં હતા ને ? ત્યાં તાડપત્રો મળી જતાં. અંકલેશ્વર પાસે બહુ તાડપત્ર અત્યારે (પણ) છે. એમાં જંગલમાં રહેતા. (અને) તાડપત્ર) ત્યાં મળી રહેતા અને એવી લાકડાની સાધારણ કલમો ત્યાં મળી જાય. બોરડના કાંટા બહુ ઝીણા હોય. કાણાં પાડે. રૂશનાઈ (શાહી) ક્યાં હતી ત્યાં ? સંતોની દશા તો જુઓ !! એમને વિકલ્પ આવ્યો કે શાસ્ત્ર રચું. મારું મન તો ત્યાંનું ત્યાં રહ્યા કરે છે. એમ લખ્યું છે ને ! 'પદ્મપ્રભુમલધારીદેવ', 'નિયમસાર'માં (કહે છે)... મારું મન હમણાં શાસ્ત્રની સ્પષ્ટતા કરવામાં વારંવાર વહ્યું જાય છે – ઢોળાય છે. માટે કરું છું. એમ કહે છે. આહા...હા ! એ તાડપત્રમાં કાણાં પાડી અને પછી ૨૫--૫૦ પત્ર લખાય ત્યાં મૂકી દે. મૂકીને (ચાલ્યા) જાય. પાછાં પોતે હારે તો નો રાખે. આહા...હા !

ગૃહસ્થોને ખબર હોય કે સંતોએ આ લખવાનું શરૂ કર્યું છે. તો ત્યાં જઈને લઈ આવે. અને પછી ભેગાં કરીને શાસ્ત્ર બનાવે. આહા...હા ! જેણે લખ્યા (એને) પત્રની પણ દરકાર નથી. આહા...હા ! એવી જેની દશા આનંદમાં વર્તે છે. આહા...હા ! બહારમાં એને વિકલ્પ આવે છે, તો દુઃખ લાગે છે. અરે ! અમે અમારી (આનંદની) દશામાંથી ક્યાં (બહાર) નીકળ્યા ? આહા...હા !

'નિયમસાર'માં તો એમ કહ્યું છે, અરે ! અમારો વિષય, મુનિનો વિષય તો આનંદનો અનુભવ કરવો એ છે. આહા...હા ! લખવું કરવું એ અમારો વિષય નથી. આહા...હા !

આમાં પણ કહેશે. હે જીવો ! મેં આ ટીકા કરી એમ ન માનશો, ભાઈ ! (આ તો) શબ્દની રચના છે, ભાઈ ! આહા...હા ! છે ? પાછળ જુઓ ! છેલ્લે ૫૦૪ પાને. '**ખરેખર પુદ્‌ગલો જ સ્વયં શબ્દરૂપે પરિણમે છે. આત્મા તેમને પરિણમાવી શકતો નથી.**' આહા...હા ! એ શબ્દોને આત્મા કરી શકતો નથી. આહા...હા ! '**...તેમજ ખરેખર સર્વ પદાર્થો જ સ્વયં જ્ઞેયપણે–પ્રમેયપણે પરિણમે છે.**' આહા...હા !

કહે છે કે, જે જે જીવો છે, એ જ્ઞેયપણે પરિણમે છે. એ કાંઈ શબ્દો એને જ્ઞેયપણે પરિણમાવે છે, એમ નથી. આહા...હા ! '**...શબ્દો તેમને જ્ઞેય બનાવી સમજાવી શકતા નથી.**' આહા...હા !

શબ્દો શબ્દથી પરિણમે છે. આત્માથી નહિ. અને શબ્દોથી તેને જ્ઞાન થાય છે. એમ નહિ. આહા...હા ! છે ? '**....શબ્દો તેમને જ્ઞેય બનાવી–સમજાવી શકતા નથી. માટે આત્મા સહિત વિશ્વ, તે વ્યાખ્યેય, (સમજાવવા યોગ્ય) છે, વાણીની ગૂંથણી તે વ્યાખ્યા (સમજૂતી) છે અને અમૃતચંદ્રસૂરિ તે વ્યાખ્યાતા. (વ્યાખ્યા કરનાર, સમજાવનાર) છે, એમ મોહથી ન નાચો.**' આહા...હા ! ગજબ વાતો છે ને !

સંતો એમ કહે છે ને કે, હે જીવો ! આ શબ્દો અમે કરીએ છીએ, એમ ન માનો. એ શબ્દનું પરિણમન સ્વતંત્ર જડથી થાય છે અને શબ્દો તમને જ્ઞાન કરાવે છે, એમ ન માનો. તમારી તે વખતની પર્યાય જ્ઞાનરૂપે સ્વતંત્ર પરિણમે છે. શબ્દોથી નહિ. અને હું આ શબ્દોની ટીકાની વ્યાખ્યા કરનારો છું. એમ, હે જીવો ! મિથ્યાત્વમાં ન પરિણમો. આહા...હા !

આવી વાત છે. છે ને ? હે જીવો ! '**એમ મોહથી ન નાચો. (– ન ફુલાઓ) (પરંતુ) સ્યાદ્‌વાદવિદ્યાના બળથી વિશુદ્ધ જ્ઞાનની કળા વડે આ એક આખા શાશ્વત સ્વ તત્ત્વને પ્રાપ્ત કરીને (આહા...હા ! ભગવાન આખા સ્વતત્ત્વને પ્રાપ્ત કરીને,) આજે જ અવ્યાકુળપણે નાચો. (હે જીવો ! આજે જ) (– પરમાનંદ પરિણામે) પરિણમો.**' આહા...હા ! અમે શબ્દના કરનાર છીએ. એમ ન માનો. શબ્દથી તમને જ્ઞાન થાય છે, એમ ન માનો.

આહા...હા ! '**સ્યાદવાદ વિદ્યાના બળથી...**' છે ને ? આહા...હા ! વિશ્વ તે વ્યાખ્યેય છે. એમ વાણીની ગૂંથણી અમે કરી, અને શબ્દો અમે ગોઠવ્યા, એમ ન માનો. આહા...હા ! ભગવાનઆત્મા એ શાસ્ત્રની વ્યાખ્યા શી રીતે કરે ! આહા...હા ! આવું સ્વરૂપ છે.

ત્રિલોકનાથ તીર્થંકર દેવ જિનેન્દ્રદેવ એમ ફરમાવે છે કે, શબ્દો અમે પરિણમાવતા નથી. અમારા શબ્દોથી તને જ્ઞાન થતું નથી. આહા...હા ! અને આત્મા અને વિશ્વ તેની વ્યાખ્યા અમે કરી છે, એમ નથી. આહા...હા ! આવી વસ્તુ છે. અને અહીં તો ઠેકાણે – ઠેકાણે, જ્યાં–ત્યાં અમે કરીએ, અમે કરીએ, અમે કરીએ. આહા...હા !

'**...આખા શાશ્વત સ્વતત્ત્વને પ્રાપ્ત કરીને, આજે જ...**' આહા...હા ! એનો ક્ષણનો વિલંબ ન કરો, પ્રભુ ! એમ કહે છે. આહા...હા ! તારી નિધિ. અંતરમાં આનંદથી ભરેલી છે ને ! આહા...હા ! અતીન્દ્રિય આનંદના નિધાન છે ને ! ભગવાન આજ તું એને પરિણમાવી દે. એમ કહે છે. આહા...હા ! '**...અવ્યાકુળપણે (નાચો)...**' છે ને ? અવ્યાકુળપણે એટલે આનંદપણે. આહા...હા ! જુઓ તો, સંતની બલિહારી !

ભગવાન અતીન્દ્રિય આનંદનું તારું સ્વરૂપ અંદર છે ને ! વર્તમાન પ્રગટ છે ને. પ્રગટને પામીને આનંદપણે પરિણમી જા. આહા...હા ! આ (વાત) ક્યાં છે ? આવી વાત છે ક્યાં ?! ભગવંત તારું સ્વરૂપ તો અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છે ને પ્રભુ ! બીજી વાત મૂકી દે. ઓલા અનુષ્ઠાનથી થાશે, એ વાત પણ મૂકી દે.

અહીં તો... આહા...હા ! તને રુચે તેના વાયદા હોય ? એમ કહે છે. આવો આત્મા ! પ્રભુ ! અનાદિ અનંત, અનાદિ નિધાન, આનંદ (મૂર્તિ) સત્‌ ચિદાનંદ પ્રભુ ! એ, તને રુચે એના વાયદા હોય ? રુચે તે ઘડીએ જ આનંદ રૂપે પરિણમ પ્રભુ ! આહા...હા ! જુઓ ! આ સંતોની વાણી !! દિગંબર સંતો !! આહા...હા ! એને વાયદો ન કરાય. રુચે એને વાયદા ન હોય. વાયદા

કરે એ વાફળ આહા...હા ! જ્યાં અતીન્દ્રિય આનંદ પડ્યો છે, ત્યાં જાને. તું રાગમાં ક્યાં રોકાણો ? પ્રભુ ! આહા...હા !

ટીકા કરે છે એ વખતે પણ આમ કહે છે. આહા...હા ! ટીકા વખતે વિકલ્પ છે. છતાં કહે છે. તું અહીં જાને. તું અહીં અનુભવ કર ને, બાપુ ! આહા...હા ! અને તે વખતે પણ અતીન્દ્રિય આનંદનો અનુભવ વર્તે જ છે. એક બાજુ આમ કહે છે ને, એક બાજુ આમ અનુષ્ઠાનની વાત કરે. પણ અહીં એની સાથે '**આત્મદ્રવ્ય જ્ઞાનનયે વિવેકની પ્રધાનતાથી સિદ્ધિ સધાય એવું છે**' આ તો વિવેક જોઈએ, બાપુ ! ભેદજ્ઞાન જોઈએ. એમ કહે છે. આહા...હા !

રાગથી પણ ભિન્ન પડે એવો વિવેક જોઈએ. આહા...હા ! આવે છે ને ? ધર્મ કાંટે ન વેચાય. શું આવે છે ? 'ધર્મ વિવેકે નીપજે, જો કરીયે તો થાય. ધર્મ વાડીએ ન નીપજે. ધર્મ હાટે ન વેચાય.' આહા...હા ! ધર્મ વિવેકે થાય. કરીએ તો થાય. આહા...હા ! બોલે છે એમાં. પાછાં પડખાં સેવે આડાંઅવળાં ! જુઓ ! આમાં આમ કહ્યું છે, ને આમાં આમ કહ્યું છે. બાપુ ! કહ્યું છે, એની અપેક્ષા સમજ ભાઈ !

આહા...હા ! આ તો વીજળીના ઝબકારે મોતી પરોવી લો–સોઈ પરોવી લો. વીજળીનો ઝબકારો આવ્યો છે, બાપા ! આવું મનુષ્યપણું મળ્યું. આવો સાંભળવાનો યોગ મળ્યો, જૈનદર્શનમાં જન્મ થયો. આહા...હા ! ત્યાં એક વીજળીના ઝબકારે સોયમાં દોરો પોરવી લે. ઝબકારો કાયમ નહિ રહે. આહા...હા !

અહીં એમ કહે છે. '**આત્મદ્રવ્ય જ્ઞાનનયે વિવેકની પ્રધાનતાથી સિદ્ધિ સધાય એવું છે.**' રાગથી ભિન્ન પડીને વિવેકથી તે આત્મા સધાય છે. ઓલામાં અનુષ્ઠાનથી કીધું. આમાં રાગથી ભિન્ન પડીને. આહા...હા ! દુનિયા ગમે તે માનો, કહો, એની સાથે મારે શું સંબંધ ? આહા...હા ! દુનિયા ગમે તે કહે. એની સાથે સંબંધ શું છે ? પ્રભુ તો પોતે અંદર નીરાળો બિરાજે છે. આહા...હા ! એને ક્યાં આંચ છે ? એ તો વિવેકથી કામ લેનારો છે ને ! એમ કહે છે. આહા...હા !

જ્ઞાનનય. વિવેકની પ્રધાનતા, મુખ્યતા પ્રધાનતા, તો ઓલામાંય (ક્રિયાનયમાં) હતી. હેં ! બેયની મુખ્યતા થઈ ? એ તો જાણવાની અપેક્ષાએ. આ નય આવો છે. અને આ નય આવો છે. એમ કહે છે. બંને ક્રિયાનયની અને જ્ઞાનનયની પ્રધાનતા. બેની મુખ્યતા ક્યાંથી આવે ? પણ બેની પ્રધાનતા કીધી. એ નયનું જ્ઞાન કરાવવા કીધું. અને આની (વિવેકની) પ્રધાનતા કીધી પણ એક ક્રિયાનયનું જ્ઞાન કરાવવા કીધું. આહા...હા ! બેની મુખ્યતા થાય ? પણ મુખ્યતાથી નયનું જ્ઞાન કરવું છે. એટલે આમાં પ્રધાનતા શબ્દ વાપર્યો છે. સમજાણું કાંઈ ?

જ્ઞાનનયે વિવેકની પ્રધાનતાથી, ભિન્નતાની પ્રધાનતાથી, સિદ્ધિ સધાય છે. (જેમ) '**ચણાની મુઠ્ઠી દઈને ચિંતામણિ ખરીદનાર એવો જે ઘરના ખૂણામાં રહેલો વેપારી તેની માફક.**' આહા...હા ! એક માણસને ચિંતામણિ રત્ન મળ્યું. એને કંઈ કિંમત નહિ. એ અહીં (વેપારી પાસે) આવ્યો. ભાઈ, મને કંઈક આપશો ? (વેપારીએ) ચણાની મુઠ્ઠી આપી. કારણ કે ચણા ખવાય. ચિંતામણિ કાંઈ ખવાય ? ઓલામાં દાખલો આવે છે ને ? એક નાનો છોકરો હતો. આપણે 'સમ્યગ્જ્ઞાનદીપિકા'માં આવે છે એમ કે... છોકરાને હાર પહેરાવેલો, દસ–વીસ હજારનો હાર. રમતો હતો. એક માણસ

નીકળ્યો ને પેંડો આપ્યો. પેંડો ખાધો ને ઓલો સ્વાદ આવ્યો. એટલે ઓલાએ લાભ લઈ લીધો. આમાં એને કાંઈ સ્વાદ આવતો હતો. પેંડાના સ્વાદમાં રોકાણો ઓલો. હારને ખવાય છે કાંઈ ? માણસે હાર લઈ લીધો.

આહા...હા ! અહીં કહે છે. આત્માના જ્ઞાનના સ્વાદ આગળ બધું ભૂલી જાય છે. કોઈની કિંમત એને રહેતી નથી. સમજાણું કાંઈ ? આ તો શાંતિના કામ છે, બાપા ! આ કાંઈ વાદ–વિવાદ ને પંડિતોના ઝઘડા આમાં. (કામ ન આવે). પંડિતાઈનું કામ નથી. આ તો આત્માના સ્વભાવની દૃષ્ટિ અને રુચિનું કામ છે.

શબ્દોનું જ્ઞાને ય ન હોય. વાંચતાં ય ન આવડે. એનું કાંઈ નહિ. આહા...હા ! '**ચણાની મુઠ્ઠી દઈને ચિંતામણિ ખરીદનાર, એવો જે ઘરના ખૂણામાં રહેલો વેપારી તેની માફક.**' ભાષા કેવી ?! વેપારી, દુકાન નહોતી માંડી. ઘરના ખૂલે બેઠો હતો. એમાં ઓલો જઈને (એમ કહે) ચણાની મુઠ્ઠી મને આપોને. આહા...હા ! (ઘરના) ખૂણામાં રહેલો વેપારી, તેની માફક.

ભરૂચમાં એક વેપારી હતો. એ દુકાને નહોતો બેસતો. બાપ–દીકરો (હતા). ઘરમાં માલ રાખતા. ક્યાંય આમ છેટે. નર્મદા નદીના કાંઠે, છેટે ક્યાંય. પણ ગરજ હોય એ બધા ત્યાં જતા. અમે પણ ત્યાં માલ લેવા જતા. અને માલ સરસ આપે. (પણ) દુકાન નહિ. ઘરમાં બેઠા (માલ વેચે), ઘરમાં માલ પડ્યો હોય, જેને ગરજ હોય એ ત્યાં લેવા આવે. આ તો બધી ૬૫--૬૬ની (સાલની) વાત છે. આહા...હા !

અહીં કહે છે. ઘરે ખૂણામાં ઝવેરી બેઠો હોય. ત્યાં જઈને ઓલું ચિંતામણિ આપે. શેઠ કંઈક આ લઈને આપો. આહા...હા ! એમ વિવેકથી (કહે). કાંઈ ક્લેશ–કષ્ટ કાંઈ નહિ. એમ કહે છે. ફક્ત અંદર રાગથી ભિન્ન પડીને જ્ઞાનનો આનંદ જ્યાં લીધો, ત્યાં એની મુક્તિ થાય છે. આહા...હા ! સમજાણું કાંઈ ?

એવા ખૂણામાં રહેલા વેપારીની માફક. '**જ્ઞાનનયે આત્માને વિવેકની પ્રધાનતાથી સિદ્ધિ થાય છે, જેમ ઘરના ખૂણામાં બેઠેલો વેપારી ચણાની મુઠ્ઠી દઈને ચિંતામણિ ખરીદી લે તેમ.**' એમ અંતર્મુહૂર્તમાં આત્મા આનંદના ધામમાં જાય. રાગનો વિવેક કરીને, ભિન્ન પડીને, અંદરમાં જાય ને ક્ષણમાં કેવળજ્ઞાન થઈ જાય, એવો પણ આત્માનો એક સ્વભાવ છે.

વિશેષ કહેશે....

❀ ❀ ❀

લાકડાના, લોઢાના, અગ્નિના, જળના, વીજળીના સ્વભાવનો જીવ ભરોસો કરે છે. દવાની ગોળીનો ભરોસો કરે છે, જેનાથી પરમાં કાંઈ થતું નથી છતાં તેનો ભરોસો જીવ કરે છે, તો જેનામાં આશ્ચર્યકારી એક જ્ઞાનશક્તિ છે, એવી એવી અનંતી શક્તિઓમાં વ્યાપક ભગવાન આત્મા અચિંત્ય શક્તિ સામર્થ્યવાન છે એનો ભરોસો કરે તો ભવભ્રમણ છૂટી જાય.

**આત્મદ્રવ્ય વ્યવહારનયે બંધ અને મોક્ષને વિષે દ્વૈતને અનુસરનારું છે, બંધક (બંધ કરનાર) અને મોચક (મુક્ત કરનાર) એવા અન્ય પરમાણુ સાથે સંયુક્ત થતા અને તેનાથી વિરક્ત થતા એવા પરમાણુની માફક. (વ્યવહારનયે આત્મા બંધ અને મોક્ષમાં (પુદ્‌ગલ સાથે) દ્વૈતને પામે છે, જેમ પરમાણુના બંધને વિષે તે પરમાણુ અન્ય પરમાણુ સાથે સંયોગ પામવા રૂપ દ્વૈતને પામે છે અને પરમાણુના મોક્ષને વિષે ને પરમાણુ અન્ય પરમાણુથી છૂટો થવા રૂપ દ્વૈતને પામે છે તેમ. ૪૪.**

**આત્મદ્રવ્ય નિશ્ચયનયે બંધ અને મોક્ષને વિષે અદ્વૈતને અનુસરનારું છે, એકલો બંધાતો અને મુકાતો એવો જે બંધમોક્ષોચિત સ્નિગ્ધરૂક્ષત્વગુણે પરિણત પરમાણુ તેની માફક. (નિશ્ચયનયે આત્મા એકલો જ બદ્ધ અને મુક્ત થાય છે, જેમ બંધ અને મોક્ષને ઉચિત એવા સ્નિગ્ધત્વગુણે કે રૂક્ષત્વગુણે પરિણમતો પરમાણુ એકલો જ બદ્ધ અને મુક્ત થાય છે તેમ). ૪૫.**

**પ્રવચન : ૮-૧-૧૯૭૮**

'પ્રવચનસાર'. નય અધિકાર. ૪૩ નય ચાલ્યા છે ને ! નય એટલે દ્રવ્ય અને પર્યાય બંનેને વિષય કરનાર, એવું જે શ્રુતપ્રમાણ જ્ઞાન, તેનો ભેદ (અંશ) તે નય. ભાવશ્રુતજ્ઞાન એ દ્રવ્ય–ગુણ ને પર્યાય ત્રણને વિષય કરે, તેથી તેને પ્રમાણજ્ઞાન કહે અને પ્રમાણના ભેદને–નયને પ્રમાણનો અંશ (કહે) છે. પ્રમાણ અવયવી છે. અને નય અવયવ છે.

એક એક નયનો વિષય બતાવી પછી અનંત નયનો સમુદાય (એવું જે) શ્રુતજ્ઞાન એ વડે આત્માનો અનુભવ કરે, તો તેને દ્રવ્ય–ગુણ–પર્યાયનું ત્રણેયનું સાચું જ્ઞાન થાય. એ માટે નય વર્ણવ્યા છે.

હવે અહીં આપણે ક્રિયાનય અને જ્ઞાનનય આવ્યો (હતો). એ ક્રિયાનયમાં વ્યવહારના દયા–દાન–વ્રત–ભક્તિના પરિણામ (અર્થાત્) અનુષ્ઠાન એને અહીં ક્રિયાનય કીધો છે. અને આ (૪૪ નયમાં) જે વ્યવહાર આવશે એમાં એ નહિ. શું કીધું એ ? ક્રિયાનયમાં અનુષ્ઠાન (એટલે શું ?) આત્મામાં, રાગની મંદતામાં પરિણામનું અનુષ્ઠાન–આચરણ એને ત્યાં ક્રિયાનય કીધો છે.

(એવી) એક નયની યોગ્યતા છે; ત્યાં દયા–દાન–ભક્તિ એ વ્યવહારનય છે. અને તેનાથી રહિત નિશ્ચય–એ (અપેક્ષા) અહીં નહિ.

**અહીં તો જુઓ ૪૪ (મો નય)** આત્મદ્રવ્ય. (અર્થાત્) ભગવાનઆત્મા ! વસ્તુ–દ્રવ્ય એટલે કે એના ગુણ અને વિકારી અવિકારી પર્યાયોનો ધરનાર જે આત્મદ્રવ્ય, એને અહીંયાં આત્મદ્રવ્ય કીધું છે.

એ '**આત્મદ્રવ્ય વ્યવહારનયે...**' આ વ્યવહારનય એટલે કે અનુષ્ઠાનનો વ્યવહાર એ નહિ.

અહીંયાં '**આત્મદ્રવ્ય વ્યવહારનયે બંધ અને મોક્ષને વિષે દ્વૈતને અનુસરનાર છે.**' આ વ્યવહાર. વસ્તુ એક આત્મા. એ કર્મના નિમિત્તને અનુસરે તો દ્વૈત થાય છે. અને એને અનુસરવાનો અભાવ થાય તોપણ દ્વૈત થાય છે. એ અપેક્ષાએ અહીંયાં વ્યવહારનય કીધો છે. સમજાણું કાંઈ ?

ફરીને, બે–ત્રણવાર કહીએ ત્યારે માંડ હાલે (સમજાય) એવું છે. આતમદ્રવ્ય વસ્તુ છે. એને વ્યવહારનયે બંધ અને મોક્ષને વિષે દ્વૈત (છે). દ્વૈત એટલે બેપણું. વ્યવહારનયે આત્માના બંધને વિષે કર્મ સાથેના સંયોગની અપેક્ષા આવતી હોવાથી દ્વૈત છે. આ રીતે દ્વૈત છે. વ્યવહારથી નિશ્ચય થાય, એ આ વ્યવહાર(ની અપેક્ષા) અત્યારે નથી. સમજાણું કાંઈ ?

વ્યવહારથી નિશ્ચય થાય, એ ક્રિયાનયમાં ગયું. એક નયની અપેક્ષા (છે). અહીંયાં તો, આત્મા વસ્તુ એક છે. એને કર્મના નિમિત્તનો સંબંધ ગ્રહણ કરવો, એ દ્વૈત છે. અને એનો વિયોગ થવો, એ પણ દ્વૈત થયું. દ્વૈત અપેક્ષા આવીને ! એટલે એને આત્માના મોક્ષને વિષે કર્મના વિયોગની અપેક્ષા છે ને !

બંધને વિષે કર્મના સંયોગની અપેક્ષા, મોક્ષને વિષે કર્મના વિયોગની અપેક્ષા આવતી હોવાથી ત્યાં પણ દ્વૈત છે. આહા...હા ! દ્વૈત એટલે આત્મા અને પર્યાય બે દ્વૈત એ નહિ. અને દ્વૈત એટલે વ્યવહારથી થાય અને નિશ્ચયથી થાય એ પણ દ્વૈત નહિ. અહીં દ્વૈતની વ્યાખ્યા એટલી કે, ભગવાન આત્મા વસ્તુ છે – અનંતગુણ અને અનંતી પર્યાયનો સમુદાય એને કર્મના સંબંધની અપેક્ષાથી કહીએ તો દ્વૈતપણું આવે છે. અને સંબંધના વિયોગની અપેક્ષાએ કહીએ તોપણ દ્વૈતપણું આવે છે. આવું છે. સમજાણું કાંઈ ?

નયનું જ્ઞાન સૂક્ષ્મ છે. આત્મા વસ્તુ છે. ચૈતન્ય–ભગવાનઆત્મા ! એમાં તો અનંત ગુણ છે અને એમાં અનંતી વિકારી–અવિકારી પર્યાય પણ છે. હવે, એ બધી પર્યાય (તથા) દ્રવ્ય–ગુણનો વિષય કરે, એ તો ભાવશ્રુત છે. ભાવશ્રુત છે તો પર્યાય પણ એ પર્યાય આખા દ્રવ્યને વિષય કરે છે. પ્રમેય કરે, જ્ઞેય બનાવે, તેને પ્રમાણ (કહે છે). આખા દ્રવ્યને – આખા દ્રવ્યનું જ્ઞાન કરે માટે તેને પ્રમાણ કહ્યું છે અને તેના ભેદને એકનયને જાણે તેને નય કહ્યો છે. એક નય એવો પણ છે. આહા...હા ! સમજાય એવું છે. આત્મા પોતે એક વસ્તુ છે. અને કર્મ બીજી ચીજ છે. એના સંબંધની અપેક્ષા લેવી એ દ્વૈત કહેવાય અને કર્મના સંબંધના વિયોગની અપેક્ષા એ પણ દ્વૈત કહેવાય. આહા...હા ! આત્મા દ્વૈત છે. એટલે કે આત્મા અનેકરૂપે છે. સમજાણું કાંઈ ?

આત્મા વસ્તુ જે છે – અનંત ગુણ અને અનંત પર્યાયનો સમુદાય, એમાં એક નયની અપેક્ષા એવી આવી કે કર્મનો સંબંધ આમ ગણવો. એકનો બીજા હારે સંબંધ (ગણવો) એ દ્વૈત – એ વ્યવહારનય (છે). સમજાણું કાંઈ ? અને એ સંબંધનો વિયોગ, એ પણ એક સ્વરૂપનો (તથા) પરનો વિયોગ એને પણ અહીં વ્યવહાર કહેવામાં આવ્યો છે.

એકને નિશ્ચય કહેશે અને તેની સાથે સંબંધવાળાના ભાવની અપેક્ષાએ (વ્યવહાર) અને એના (પોતાના) ભાવની અપેક્ષાએ અદ્વૈત કહેશે. આહા...હા ! આવું ઝીણું છે. અહીંયાં તો પરમાત્મા પોતે, ચૈતન્યદ્રવ્ય જે પરમાત્મ સ્વરૂપ છે. પરમ આત્મ એટલે પરમ સ્વરૂપ છે. એમાં દ્રવ્ય–

ગુણ–પર્યાય ત્રણ થઈને પરમ સ્વરૂપ છે. સમજાણું કાંઈ ? પરની હારે સંબંધ કહેવો એ વ્યવહાર છે. તો '**આત્મદ્રવ્ય વ્યવહારનયે બંધ અને મોક્ષને વિષે, દ્વૈતને અનુસરનારું છે.**' ભગવાન એક બીજી ચીજ જે કર્મ, એને અનુસરીને જે કહેવું તે વ્યવહારનય છે. સમજાણું કાંઈ ?

કોની પેઠે ? '**બંધક (બંધ કરનાર) અને મોચક (મુક્ત કરનાર.) એવા અન્ય પરમાણુ સાથે સંયુક્ત થતા અને તેનાથી વિરક્ત થતા એવા પરમાણુની માફક.**' એક પરમાણુ છે – રજકણ (એને) બીજા રજકણના સંબંધે, પરમાણુને સંબંધ કહેવો એ બંધ છે. અને એક પરમાણુને બીજા પરમાણુનો વિયોગ કહેવો, એ મુક્તિ છે. એમ બે થયા ને ? બે–એક પરમાણુને બીજા પરમાણુની સાથે બંધ કહેવો એ વ્યવહાર છે. અને એક પરમાણુ બીજા પરમાણુથી છૂટો પડ્યો, એમ કહેવું એ પણ વ્યવહાર છે. સમજાણું કાંઈ ?

બંધ કરનાર અને મોચક (અર્થાત્) મુક્ત કરનાર, એવા અન્ય પરમાણુની સાથે સંબંધ થતાં અને તેનાથી વિમુક્ત થતાં, એવા પરમાણુની માફક વ્યવહારનયે આત્મા બંધ અને મોક્ષમાં આત્મા પુદ્ગલ સાથે દ્વૈતને પામે છે. એકના બે થાય છે. એમ નહિ. પણ એનો સંબંધ છે એવા દ્વૈતને પામે છે. એમ કહે છે. આહા...હા !

એક છે – એ બે આત્મા થઈ જાય છે, એમ નહિ. પણ એક આત્મા છે. અને કર્મનો સંબંધ આવ્યો, એ અપેક્ષાએ દ્વૈત કહેવામાં આવે છે. આહા...હા ! એ વ્યવહારનયે આત્મા બંધ અને મોક્ષમાં, પુદ્ગલ સાથે દ્વૈતને પામે છે. જેમ પરમાણુના બંધને વિષે તે પરમાણુ અન્ય પરમાણુ સાથે, સંયોગ પામવા રૂપ, એક (છે તે) બેપણે થાય, તે રૂપ દ્વૈત નહિ. એક–બેપણે થાય એ દ્વૈત નહિ. (પરંતુ) સંયોગ પામવા રૂપ દ્વૈત. આહા...હા ! આ તો શબ્દ (છે), શબ્દની વ્યાખ્યા અલૌકિક છે.

આહા...હા ! આત્માને જેમ છે તેમ યથાર્થપણે જાણવો. અલૌકિક વાતો છે !! જેના પ્રમાણથી જાણતાં એને અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય. આહા...હા ! નયથી જાણતાં તો ભેદ પડે (છે) પણ બધા નયના સમુદાયથી – શ્રુતજ્ઞાનથી (અર્થાત્) ભાવશ્રુતજ્ઞાન જે નિર્મળ જ્ઞાનનો અંશ – પ્રમાણ એનાથી (આનંદનો અનુભવ થાય છે). છે તો એ અંશ; શ્રુતજ્ઞાન છે તો અંશ, એ પણ જ્ઞાનનો એક અંશ છે. ગુણ અને પર્યાયને પ્રમેય–જ્ઞેય કરે છે. તેને કર્મની અપેક્ષાએ – સંબંધની અપેક્ષાએ બંધ કહેવાય છે. અને કર્મના વિયોગની અપેક્ષાએ મુક્ત કહેવાય છે.

એ તો ઠીક. હવે અહીં નિશ્ચયનયની વાત છે. એક બાજુ એમ આવે કે, આત્માને બંધ અને મોક્ષ, એ બે પર્યાયવાળો ગણવો, એ વ્યવહાર છે. શું કહ્યું ? આત્મા વસ્તુ છે. એને ભાવબંધ અને ભાવમુક્તિ, એવી બે પર્યાયવાળો કહેવો. એ વ્યવહાર છે. અને એ વ્યવહારનો આશ્રય લેતાં એને વિકલ્પ થાય છે. આવે છે ને ! બંધ અને મુક્ત – એક જ દ્રવ્યમાં બંધ અને મુક્ત એમ બે ભાગ પાડવા એ વ્યવહાર છે. અને એને લઈને વિકલ્પ ઊઠે છે. માટે બંધ અને મોક્ષના બે ભેદની પર્યાયના લક્ષને છોડી, અખંડ અભેદ દ્રવ્યની દૃષ્ટિ કરવી, ત્યારે નિર્વિકલ્પ સમ્યક્દર્શન થાય છે. અહીં બીજું કહેશે...

આહા...હા ! '**આત્મદ્રવ્ય નિશ્ચયનયે બંધ અને મોક્ષને વિષે અદ્વૈતને અનુસરનારું છે...**' જોયું ?

નિશ્ચય એને કહ્યો. પર્યાયમાં પોતાથી ભાવબંધપણે છે, અને ભાવબંધપણે પર્યાયથી છૂટે છે. એને અહીંયાં નિશ્ચયનય કહ્યો. **સ્વપર્યાય છે.** એ રાગમાં આવ્યો – બંધાણો, અને રાગથી છૂટ્યો, એવી સ્વપર્યાય છે. એમાં પરના સંબંધની અપેક્ષા નથી. એને અહીંયાં નિશ્ચય કહેવામાં આવે છે. આવી વાતો ઝીણી છે, બાપુ ! એક કોર એમ નિશ્ચય કહે કે (બીજી અપેક્ષાએ) આત્માને પોતાના ભાવમાં રાગનો બંધ છે. અને રાગથી મુક્તિ છે. એમ કહેવું અને એમ જાણવું તે વ્યવહાર છે. કારણ કે બે દ્વૈત થઈ ગયું. સમજાણું કાંઈ ? ત્યાં દ્રવ્યદૃષ્ટિ કરાવવા એ વાત કરી હતી.

આહા...હા ! ભાઈ ! બધાં પડખાં સાચાં (છે). આત્મા(ને) બંધ (છે). ભાવબંધ, હોં ! કર્મબંધને એકકોર રાખ્યો. આત્મા રાગમાં અટકેલો છે. (એ) ભાવબંધ (છે) અને રાગથી છૂટ્યો છે એ મોક્ષ (છે). પર્યાયની અપેક્ષા જ થઈ એથી એ વ્યવહાર થયો. અને એવા બે પક્ષના વિચારમાં તો વિકલ્પ ઊઠશે, રાગ ઊઠશે, નિર્વિકલ્પ સમ્યક્‌દર્શન નહિ થાય. આહા...હા !

અહીંયાં એમ કહે છે. આનાથી આખો આત્મા જણાય એમ અહીં નથી. ઓલામાં તો બંધ અને મોક્ષ (વિષે દ્વૈત છે). (અહીંથી) ભાવબંધ રાગમાં અટક્યો પોતે, કર્મ એકકોર રાખ્યા. ભગવાન પોતે શુદ્ધ ચૈતન્ય વસ્તુ, એ રાગમાં, સંસારમાં, ઉદયભાવમાં અટક્યો, એ વ્યવહાર. અને એ છૂટયો, એ પણ વ્યવહાર. કારણ કે પર્યાયના બે ભાગ પડી ગયા. અને બે ભાગને આશ્રયે તો રાગ જ થાય. ત્યાં સમ્યક્‌દર્શન–નિર્વિકલ્પદર્શન ન થાય. માટે તેને તેની જ બે પર્યાય ગણીને, ભેદવાળી ગણીને, તેને વ્યવહાર કહ્યો.

અહીંયાં એની પર્યાયને બંધમાં અટક્યો, અને બંધથી છૂટ્યો. એ નિશ્ચય કહ્યો. પણ આ નિશ્ચય છે, એ એક નય છે. સમજાણું કાંઈ ? આહા...હા ! કેટલાં પડખાં જાણવાનાં ! વેપારીને નવરાશ ન મળે ને ! આહા...હા ! અહીંયાં તો ભગવાન સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ ! તે દ્રવ્યના અનંત પડખાંના પર્યાયો જે છે. એનું એક એક નયનું જ્ઞાન કરાવીને અને આખા શ્રુતપ્રમાણ દ્વારા જીવને જાણવો, એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

ભાવબંધ છે – રાગનો અંશ, ઉદયનો અંશ, એ પણ નિશ્ચય છે; પર્યાય છે એ અપેક્ષાએ. અને એ રાગથી છૂટીને વીતરાગ થયો – કેવળ થયું, એ પણ એક નિશ્ચય છે. એની પર્યાયની સ્વતઃની અપેક્ષાએ નિશ્ચય ગણીને એક નય ગણવામાં આવ્યો છે. બેયને એક નય ગણી, એક નયને આશ્રયે સમ્યક્‌દર્શન થાય એમ નથી. સમજાણું કાંઈ ? નિશ્ચય છે ને !? આહા...હા ! શું પ્રભુનો મારગ !! આહા...હા !

અહીંયાં તો એમ કહે કે, એ એક નય છે. આખા પ્રમાણનો વિષય એ આ નય નથી. સમજાય છે કાંઈ ? અને જે નિશ્ચયનય, શુદ્ધ નિશ્ચયનય જે છે, એનો વિષય તો એકલો ત્રિકાળી દ્રવ્ય છે. એના વિષયમાં કર્મના સંબંધનું નિમિત્ત અને વિયોગની તો વાત નહિ; પણ પોતે રાગમાં અટક્યો છે અને રાગથી મુક્તિ થઈ, એ બે પણ પર્યાયના વ્યવહારનયનો વિષય છે. માટે તેનું લક્ષ છોડીને, ત્રિકાળી જ્ઞાયક ઉપર દૃષ્ટિ કરતાં, તેને સત્યદર્શન – સાચું દર્શન (કહ્યું) છે. જેવું સત્યસ્વરૂપ છે. તેવું તેને ભાન થઈને પ્રતીત થાય છે. આહા...હા ! સમજાણું કાંઈ ?

આવી બધી અપેક્ષાઓથી ઇન્દ્રજાળિયા કીધી. ભગવાન ! હે નાથ !! તારી વાત – નયો

ઇન્દ્રજાળિયા જેવી છે. ઇન્દ્રજાળ (છે). આમ કહીને સંકેલી લે. એક એક અંશ પણ જાણવાના નય છે. જેમ એક એક અંશ, જેમ બંધ અને મોક્ષ. એક એક અંશ થયો ને. તો એને જાણવામાં પણ જ્ઞાનનો એક અંશ છે. આખું જ્ઞાન નહિ. સમજાણું કાંઈ ? આહા...હા ! એ '**(આત્મદ્રવ્ય) નિશ્ચયનયે બંધ અને મોક્ષને વિષે અદ્વૈતને અનુસરનારું છે. એકલો બંધાતો અને મુકાતો. એવો જે બંધમોક્ષોચિત સ્નિગ્ધત્વરૂક્ષત્વગુણે પરિણત પરમાણુ તેની માફક**' ચિકાશના બે અંશવાળો, એકલો પરમાણુ, એ પોતે જ મુકાય છે. અને એ ચિકાશમાં વધે છે. તો તે પોતે બંધાય છે. એ પરમાણુ સ્વતંત્ર પોતાની પર્યાયમાં બે ચીકાશવાળો મુક્ત છે. અને ચાર ચીકાશવાળો એ બંધમાં છે. પોતાના ભાવબંધમાં હોં ! ઝીણી વાતો લેવી, ધીમેથી લેવી, ભાઈ !

એક કીધું ને ! જુઓ ! બંધક નામ બંધક છે ને ! બંધક એટલે બંધ કરનાર અને મોચક (એટલે) મુક્ત કરનાર. એમ બે શબ્દ છે ને ! આહા...હા ! બંધ નહિ. બંધક (અર્થાત્) બંધનો કરનાર પરમાણુ બે ગુણની ચીકાશવાળો પોતે બંધને કરવાની યોગ્યતાવાળો છે. અને મોક્ષ મુક્ત કરનાર, એ જ બે (ગુણની ચિકાશ વાળો) ચારપણે થાય તો, બંધનને કરવાને યોગ્ય છે. અને બેપણે રહે તો મુક્તિને યોગ્ય છે.

પોતાની પર્યાયમાં પરના સંબંધ વિના, શું કહ્યું એ ? શાસ્ત્રમાં એવું આવે છે. એક પરમાણુ, બીજા પરમાણુમાં ચાર અંશ હોય, ચાર અંશ ચીકાશના કે લૂખાશના એની હારે બે અંશના પરમાણુનો બંધ થાય. પણ એ તો કહે છે. પરની હારે બંધની અપેક્ષા છે. એ તો વ્યવહાર થઈ ગયો. પણ પોતે જ બે (અંશવાળા) પરમાણુનો, ચાર (અંશવાળા) પરમાણુ (ભળતા) બે અંશનો ચાર થાય, તે બંધને યોગ્ય થયો. અને ચારનો પાછો બે થાય. મુક્તિને યોગ્ય થયો. પોતે જ પોતાની પર્યાયમાં યોગ્ય થયો. એને અહીંયાં નિશ્ચય કહેવામાં આવે છે. આહા...હા !

સ્વ પરમાણુ પોતે જ બે ગુણ ચીકાશવાળો રહે. ત્યારે મોચક છે – મુક્ત કરનારો છે – જુદો રહે છે અને ચાર અંશવાળો થાય ત્યારે બંધને યોગ્ય થાય છે. પોતામાં ને પોતામાં પરની અપેક્ષા આમાં નહિ. આહા...હા ! આવું બધું સાંભળવું. તેથી લોકોને બિચારાને એકદમ ચઢાવી દીધા વ્રતને તપને ઓલામાં (રૂઢિમાં) પણ ક્યાંથી (હિત થાય) બાપા ! હજી આ વસ્તુ (પોતે) જ્ઞાનમૂર્તિ છે, ચૈતન્યના સ્વભાવનો સાગર છે, એવી અભેદ દૃષ્ટિના અનુભવ વિના એની ભૂમિકા જ ઉત્પન્ન થતી નથી. ધર્મની ભૂમિકા જ ઉત્પન્ન થતી નથી. ભૂમિકા વિના આગળ ધર્મ ને ચારિત્ર એ આવે ક્યાંથી ? આહા...હા ! સમજાણું કાંઈ ?

અહીંયાં બંધમાં, આત્મા પોતે રાગમાં બંધાયેલો છે. તે નિશ્ચય છે (અને) પોતે રાગથી છૂટે છે એ નિશ્ચય છે. પર્યાયના બે અંશમાં રાગનો સંયોગ અને રાગનો વિયોગ, પોતાની અપેક્ષાએ એ નિશ્ચય છે. અને કર્મના સંયોગનો વિયોગ, એ વ્યવહારનયની અપેક્ષામાં જાય છે, દ્વૈતપણું થયું માટે. અને આ અદ્વૈત છે. અદ્વૈત એટલે એક જ પરમાણુ પોતાથી બંધને યોગ્ય અને બંધને અયોગ્ય થાય છે. એમ આત્મા(ને) કર્મના સંબંધથી કહેવું. એ દ્વૈત નામ બંધ છે. દ્વૈત બંધ છે. અને એનો વિયોગ થાય એ દ્વૈતરૂપી મુક્તિ કહેવાય છે. એમાં સંબંધ (અર્થાત્) પરની અપેક્ષા આવીને. પણ પોતે જ આત્મા પોતાથી રાગમાં અટક્યો છે. તે નિશ્ચય છે. એમાં અદ્વૈતપણું આવ્યું.

રાગથી મુક્તિ થઈ. એ પણ અદ્વૈતપણું – એકપણું આવ્યું. એમાં કર્મથી છૂટ્યો એવી અપેક્ષા આવી નહિ. સમજાણું કાંઈ ?

આહા...હા ! આ 'પ્રવચનસાર' વાંચે તોય શું ? ગોખલામાં પુસ્તક પડ્યા રહે. અહીં તો આત્માના સ્વભાવની પર્યાયમાં કર્મના સંબંધ રૂપે જાણવું, એને દ્વૈત થઈ ગયું. એમ કહે છે. અને એ સંબંધ છૂટ્યો. તેને દ્વૈત કહેવામાં આવે છે. અને આત્મા પોતાના રાગમાં બંધાણો એને અદ્વૈત કહેવામાં આવે છે. નિશ્ચયથી આત્મા અને રાગ તો દ્વૈત થઈ જાય છે. એ દ્રવ્યની અપેક્ષાએ દ્વૈત થઈ જાય છે. પર્યાયની અપેક્ષાએ રાગમાં અટક્યો છે. એ નિશ્ચય થઈ જાય છે. આહા...હા ! સમજાણું કાંઈ ?

એ મેટ્રિક ને એલ.એલ.બી. ને વાતો સાંભળીને વિચાર અંદર ખૂબ કરે. એમ.એ.ની અને તમારા ડૉક્ટરની... (વાતોના વિચાર કરે) આહા...હા ! આ માર્ગ પ્રભુ ! ઝીણો બહુ ! આ કૉલેજ જુદી છે. ભાઈ ! આ ભગવાનની કૉલેજ છે. પહેલાં જે ક્રિયાનય અને જ્ઞાનનય કીધો હતો. તેમાં તો વ્યવહાર–રાગની મંદતાનો વ્યવહાર આવ્યો હતો; એનાથી પામે છે એવો એક નય છે. એવી એક યોગ્યતા છે. અને જ્ઞાનનયમાં એકલા વિવેકથી રાગ અને સ્વભાવની ભિન્નતાના વિવેકથી જ આત્મા પમાય છે. એવો પણ એક નય છે.

અહીંયાં બીજી અપેક્ષા કીધી. એ ક્રિયાનયનો વ્યવહાર, અને આ વ્યવહારનયનો વ્યવહાર, એ ભિન્ન જાતનો છે. સમજાણું કાંઈ ? એમાં તો અનુષ્ઠાનને વ્યવહાર કહી. અને તેનાથી પામે એટલે એવી એક સમયની યોગ્યતા ગણી અને તે જ સમયે પાછું બીજા જ્ઞાનથી પામે, એવી યોગ્યતા તે જ સમયે છે. કાંઈ બીજા સમયે નથી. અને બીજા પુરુષને માટે નથી. આ વ્યવહાર તો એક જ જીવને કર્મના નિમિત્તથી એને કહેવું તો દ્વૈતપણું થાય છે. અને નિમિત્તના વિયોગથી કહેવું એ (પણ) દ્વૈતપણું થાય છે.

એટલી વાત જ્ઞાનમાં આવે અને નિશ્ચયથી આત્મા એકલો, જેને નિમિત્તની અપેક્ષા જ નથી. કારણ કે ચાર ગુણપણે ચીકાશનું થવું એ પરમાણુ પોતે જ બંધને યોગ્ય થયો. અને (બે) ગુણ ચીકાશ રહી એ (પરમાણુ) પોતે જ મુક્તિને યોગ્ય થયો... એમાં થરની અપેક્ષા આવી નહિ. એમ ભગવાન આત્મામાં, આવ્યા એક ચીજ છે એને કર્મના સંબંધના અને વિયોગની અપેક્ષા લેતાં દ્વૈતપણું (અર્થાત્) 'આ' અને 'એ' એમ દ્વૈતપણું આવે છે. 'આ' અને 'એ' 'આત્મા' અને 'કર્મ' એમ દ્વૈતપણું આવે છે. આમાં આ દ્વૈતપણું આવે છે ખરું પણ એ નિશ્ચયનું દ્વૈતપણું છે. આહા...હા !

પોતે જ રાગથી બંધાયેલો છે. અને એ (પોતે જ) રાગથી છૂટે છે. સંસારની પર્યાયમાં પોતે છે. એ સંસારની પર્યાયનો (થી છૂટીને) મોક્ષ થાય છે; એ સ્વપર્યાયની અપેક્ષાએ – પરની અપેક્ષા વિના નિશ્ચય કહેવામાં આવે છે. આહા...હા ! કહો ! સમજાય છે કે નહિ ? ભાઈ (કહે છે) માંડ માંડ સમજાય છે, એમ કહે છે. ભાષા તો સાદી આવે છે. ભાઈ ! આહા...હા ! એ મારગ તરફ એણે જાવું જોઈએ, ભાઈ !

કઈ અપેક્ષાના નયો કહેવામાં આવે છે અને કઈ અપેક્ષાએ સ્વભાવનો આશ્રય કહેવામાં આવે છે એને જાણવું જોઈએ. જે વ્યવહારનયથી ભાવબંધ અને નિશ્ચયથી ભાવબંધરહિત, એ

તો પર્યાયની અપેક્ષાએ બે પ્રકાર કહ્યા. પણ દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ તે બેપણું વ્યવહાર છે. જ્યાં એને નિશ્ચય કહ્યો. આત્મા રાગના સંબંધે બંધરૂપે સ્વ છે. અને બંધના અભાવ રૂપે સ્વ છે. તેથી તેને પર્યાયની અપેક્ષાએ નિશ્ચય કહ્યો. પણ દ્રવ્યની અપેક્ષાનો નિશ્ચય જુદો. ભાઈ ! આહા...હા !

દ્રવ્યની – ત્રિકાળી(ની) દૃષ્ટિની અપેક્ષાએ બંધ અને મોક્ષ બેય વ્યવહાર અને વિકલ્પનું કારણ છે. આવે છે ને ? શ્લોકમાં નથી આવતું ? ક્યાં શ્લોકમાં ? ઉપાદાન–નિમિત્તમાં નહિ – બીજામાં આવે છે. બંધ અને મોક્ષને એ ગણે છે, એ બંધાય છે. બંધ અને મોક્ષને ગણે એ બંધાય છે. આવે છે. શેમાં આવે છે ? ભૂલી જવાય છે. એ ભાવ યાદ રહે. હા... 'યોગસાર'માં આવે છે. 'યોગસાર'ના દોહરામાં આવે છે. જુઓ...! 'યોગસાર'ના દોહરા...

બંધ અને મોક્ષના પોતાની પર્યાયમાં બે પ્રકારના વિચાર કરતાં એને વિકલ્પ આવે છે. (તેથી) બંધાય છે. એ ત્યાં એમ કહે છે. શું કીધું ? બંધ અને મોક્ષ એવા પોતાના બે પ્રકારથી (વિકલ્પ થતાં) તે બંધાય છે. આહા...હા ! અને બન્નેનો અભાવ કરીને એકરૂપ લેતાં તે મુક્ત થાય છે. સમજાણું કાંઈ ? કેટલાં પડખાં કરવાં ?

એકનો એક એનો સાળો હોય, એનો બનેવી થાય. ત્યાં એ સમજે કે મારી બહેન એને આપી છે. એની બહેન મેં લીધી છે. ત્યાં સમજે. શેઠ બેન આપી છે ને ! પોતાની બેન આપી હોય અને એની બહેન લીધી હોય. સાળા–બનેવી થાય છે. થાય છે ઘણા સંસારમાં. આહા...હા ! ત્યાં અપેક્ષા સમજે કે આ અપેક્ષાથી મારે સાળો થાય છે. અમારા ઘરનાં બૈરાં એને બેન થાય છે. મારી બેન એને આપી છે. એ અપેક્ષાએ બનેવી થાય છે. ત્યાં સમજી લે છે. (પણ) અહીં જોતો નથી. આહા...હા ! છે ને, (અપેક્ષાઓ) બધે ઠેકાણે છે.

'યોગસાર'માં એમ કહ્યું કે, બંધ અને મોક્ષના વિચારમાં રોકાશે એ પર્યાયબુદ્ધિવાળો રાગ કરશે. આમાં જરીક આવ્યું છે – ઓલામાં... એમ કે પર્યાયબુદ્ધિ ન રાખવી. પણ એ તો પર્યાય છે, એને જાણવી. એમ બરાબર છે. પાછું પર્યાયમાં રાગ છે, એ પુસ્તક આવ્યું હતું ને એમાં એ શબ્દ છે. વંચાઈ ગયું હતું (કે) પર્યાયબુદ્ધિ ન હોય. પણ અહીં તો રાગ પર્યાયમાં છે, એને નયથી જાણવું જોઈએ. સમજાણું કાંઈ ?

પર્યાયમાં મોક્ષ છે, એમ એણે જાણવું જોઈએ. આહા...હા ! એ રાગ કર્મમાં છે અને કર્મથી છૂટ્યો એટલે કર્મનો મોક્ષ થયો એમ નથી. પોતાની દશાનો મોક્ષ અને પોતાની દશાનો બંધ. એવી પર્યાયબુદ્ધિનું જ્ઞાન–નયનું (જ્ઞાન) કરવા જેવું છે. એ અહીં બતાવે છે. એમાં છે, ક્યાંક મોઢા આગળ. પોતે લેખ લખ્યાં છે ને... શશીભાઈએ. એમાં જરી એક શબ્દ છે. પર્યાયબુદ્ધિ કાઢી નાખવી. પર્યાયબુદ્ધિ કાઢી નાખવી, પણ એ પર્યાયબુદ્ધિ કઈ અપેક્ષાએ ! સમજાણું ? આકરું કામ છે. બાપા ! આહા...હા ! આ તો કોયડો કળે એને સમજાઈ જાય એવું છે.

અહીંયાં ક્રિયાનય કીધો. (અને) એક જ્ઞાનનય કીધો. એ પણ એક નય છે. પછી એક જ નયને લઈને (પક્ષપાતી) વળગી પડે. પહેલાં ક્રિયાનય કીધો એની સાથે જ્ઞાનનય છે. અહીંયાં યોગ્યતા ગણવામાં આવી પણ બંધના–કર્મનો સંબંધ ગણવામાં આવ્યો. સંબંધ તો નિમિત્તની હારે છે. કાંઈ એકરૂપે સંબંધ નથી. પણ નિમિત્તના બંધની અપેક્ષાએ જીવનું દ્વૈત કહેવામાં આવ્યું. એ

પર્યાયની વાત થઈ. એ પણ એકનય છે. એ આખી ચીજ જોવામાં નથી (આવતી), એ આખી ચીજને જોતી નથી. એ તો એક અંશને જુએ છે. અને બધા નયનો સમુદાય–શ્રુતપ્રમાણ (તે) આખા દ્રવ્ય–ગુણ (અને) બધી પર્યાયને જાણે છે, ત્યારે તેને પ્રમાણમાં પ્રમેય જાણવામાં આવ્યું કહેવાય. આહા...હા ! આવો માર્ગ !!

એક આત્મા એ આતમદ્રવ્ય કોણ ? જે નિશ્ચયનયનું આતમદ્રવ્ય – (૧૧મી ગાથાનું) એ નહિ. જે ૧૧મી ગાથાનું ભૂતાર્થ. (તેની વાત નથી). ભૂતાર્થ આશ્રિત સમ્યક્દર્શન થાય છે એ દ્રવ્ય તો ત્રિકાળી સત્ ધ્રુવ તેને દ્રવ્ય કહીને તેને આશ્રયે સમ્યક્દર્શન થાય છે. આ એ નહિ.

આ આત્મદ્રવ્ય (તે જુદું). આ બધી પર્યાયોનો વિષય કરનારો એક એક નય અને એ બધા નયોના વિષયને ધારનારું (દ્રવ્ય). બધા નય એક એક (ધર્મ)ને વિષય કરનાર (છે) એક નયનો જે વિષય છે. એવા બધા વિષયને ધારનાર આખું દ્રવ્ય સમજાણું કાંઈ ? નયને ધારનાર નહિ. નયનો વિષય જે છે. એ બધા વિષયને ધારનાર આતમદ્રવ્ય. એટલે કે વ્યવહાર નયના (વિષયને) પણ ધારનાર આતમદ્રવ્ય, ક્રિયાનયના અનુષ્ઠાન ધરનારું આત્મદ્રવ્ય, જ્ઞાનનયને ધરનારું આતમદ્રવ્ય. આખા નયના સમુદાયના પ્રમાણરૂપ શ્રુતજ્ઞાન દ્રવ્ય–ગુણ અને પર્યાય ત્રણનો વિષય કરે છે. એવા પ્રમાણના ભેદના અંશને નય કહેવામાં આવે છે. આહા...હા !

સામાયિક કરે ને બેસે લ્યો. થઈ ગઈ સામાયિક એને. ધૂળમાંય સામાયિક નથી. આહા...હા ! અહીંયાં આ નિશ્ચયનયે આત્મદ્રવ્ય – એ અનંતાનયના વિષયવાળા ગુણ અને પર્યાય એને ધરનાર જે આત્મદ્રવ્ય, તેમાં નિશ્ચયનયનો એક અંશ છે. '**આત્મદ્રવ્ય નિશ્ચય નયે બંધ અને મોક્ષને વિષે અદ્વૈતને અનુસરનારું છે....**' એ બંધમાં પણ સ્વને અનુસરે છે. અને મુક્તિમાં પણ સ્વને અનુસરે છે. પરને નહિ, નિમિત્તને નહિ. હવે આવી (વાતો) પહેલાં એમ કહ્યું કે બંધમાં નિમિત્તને અનુસરે છે. તે દ્વૈતને વ્યવહાર કહેવો. નિમિત્તનો અભાવ કરનાર એવો ભાવ એ દ્વૈતને અનુસરે માટે વ્યવહાર કહેવો.

અહીં કહે છે કે પરના નિમિત્તને અનુસરતું નથી. પણ પોતાને કારણે જ બંદમાં રોકાય છે. એવો એને અદ્વૈત કહેવો. એમાં બીજાના સંબંધનો અભાવ આવે છે. આહા...હા ! કહો સમજાય છે કે નહિ આમાં ? ધ્યાન રાખે તો સમજાય એવું છે. ભાષા તો ઘણી સાદી આવે છે. ભાવ તો ભાઈ જે છે એ છે. પણ શું થાય ! અને તે પણ એક નિશ્ચયનયે રાગથી બંધાયેલો છે. એમ જાણતાં એને અનુભવ થાય એમ નથી. તેમ પોતાની મુક્તિ થાય એવી પર્યાયને આશ્રયે કાંઈ એને ધર્મ થતો નથી.

આહા...હા ! એને ધર્મ તો જ્યારે ત્રિકાળી દ્રવ્યનો આશ્રય કરે છે. ત્યારે ધર્મ થાય છે. અહીંયાં દૃષ્ટિની અપેક્ષાએ પદાર્થ લેવો. અને પ્રમાણની અપેક્ષાએ આ બધા નયોના વિષયનો સમુદાય, આખું દ્રવ્ય ગુણ અને પર્યાય તેને વિષય કરે તેને ધર્મ થાય છે. સમજાણું કાંઈ ? જેને ન સમજાય એણે પૂછવું રાતે. (ચર્ચામાં) આવા બધા ભેદ ઘણા પ્રકારે છે.

એમ અહીંયાં પર્યાયના ભાવે કઈ વાત ચાલે છે ? દ્રવ્યના ભાવે કઈ વાત ચાલે છે ? એ વખતે પર્યાયની વાત કરીએ તો કર્મના સંબંધથી તેને દ્વૈત કહેવો. કર્મના સંબંધનો વિયોગ

થાય તેને દ્વૈત કહેવો. પોતાની પર્યાયમાં પોતાથી એકલો કહેવો. તેને અદ્વૈત કહેવો – એને નિશ્ચય કહેવો. રાગમાં પોતે પોતાથી અટકે તેને નિશ્ચય કહેવો. અને રાગથી છૂટી મુક્ત થાય એને નિશ્ચય કહેવો. બીજી રીતે કહે તો, પર્યાયને બે ભેદ પડે. માટે વ્યવહાર છે. માટે એને નિશ્ચય ન કહેવો.

પંડિતજી ! આ તો વિષય સામો આવ્યો છે. ત્યારે એને... થોડું ઘણું સાંભળીને થઈ (જાય) કે બસ ! આપણે સમજ્યા. અને એ પણ અનુભવ વિનાની વાતો... બાપા ! આકરી થઈ જાય. અહંકાર થઈ જાય, અહંકાર ! ઘણા જાણપણાના ભાગમાં ચડે ને ? જાણે કે આપણે જાણીએ છીએ, જાણીએ છીએ. જાણ્યું તો એને કહેવું કે પર્યાયમાં પરના સંબંધની અપેક્ષા દ્વૈતનું જ્ઞાન કરવું. બંધ અને મુક્તિમાં (એ પ્રકારે જ્ઞાન કરવું). અને સ્વની અપેક્ષાએ અદ્વૈતનું (અર્થાત્) પોતે જ બંધાયેલો છું (એમ) નક્કી કરવું અને છતાં તેમાં ન અટકતાં આખા દ્રવ્ય અને ગુણને સાથે લઈને, પર્યાયનું જ્ઞાન કરવું. અહીં તો પ્રમાણ છે ને ! દર્શનના વિષયમાં તો એકરૂપ દ્રવ્ય આવે પણ અહીં જ્ઞાનના વિષયમાં (અનેકરૂપ આવે). દર્શન છે – એ નિર્વિકલ્પ અભેદ છે, એથી એના વિષયમાં ભેદ ન આવે આ સામાન્ય છે અને હું વિષય કરું છું, એવો ભેદ પણ એમાં નથી. પણ ફક્ત એને સામાન્ય દ્રવ્યનો આશ્રય કેમ કીધો કે લક્ષમાં આમ પર્યાય જતી હતી એને આમ વાળી. એટલે એ દ્રવ્યનું ધ્યેય થયું. માટે આ દ્રવ્ય છે અને હું દૃષ્ટિ કરું છું, એવા ભેદ પણ ત્યાં ક્યાં છે ? એ ભેદ તો જ્ઞાનનો વિષય થઈ જાય છે. સમજાણું કાંઈ ?

અહીં જ્ઞાનના વિષયમાં તો આટલા બધા ભેદ પડ્યા કે રાગમાં પોતે જાતે અટકેલો છે, એને નિશ્ચય કહેવો. અને રાગથી મુક્ત થાય, કેવળજ્ઞાન થાય, સિદ્ધ થાય, તેને પર્યાયની મુક્તિ પોતાની છે. માટે તેને નિશ્ચય કહેવો. આમ શ્રુત જ્ઞાનમાં બે ભેદ પાડે છે. (કે) જીવના બે ભેદ – સંસારી અને સિદ્ધ એ વ્યવહાર થઈ ગયો. શ્રુતજ્ઞાનમાં બે ભેદ પાડે, સંસારી અને સિદ્ધ તો એ બે ભેદ થઈ ગયા – વ્યવહાર થઈ ગયો.

એકરૂપ ત્રિકાળ જ્ઞાયકભાવ છે, તે નિશ્ચય છે. એ દૃષ્ટિના વિષયનો ભૂતાર્થ છે. આ જ્ઞાનના વિષયમાં ભૂતાર્થ, ગુણ અને વિકારી પર્યાય (બધા) વિષય શ્રુતજ્ઞાનમાં આવે છે. એક પણ પર્યાય વિકારી છે (તે) આમાં નથી એમ કાઢી નાખે તો શ્રુતપ્રમાણ સાચું નહિ થાય. સમજાણું કાંઈ ? નવા માણસને તો એવું લાગે કે આ શું માંડી છે. આ ક્યાંનો માર્ગ હશે !!

આહા...હા ! (લોકો) સામાયિક અને પચ્ચખાણ. (કરે) (લ્યો !), થઈ ગઈ સામાયિક. કાંઈ ભાન ન મળે ! શબ્દો જડ એના તરફનું લક્ષ રાખે એ રાગ અને રાગમાં મને સામાયિક થાય, એ તો મિથ્યાત્વ છે. આહા...હા ! એ સામાયિક – સામાયિક ન કહેવાય. એને વિષમભાવ કહેવાય. વિષમભાવ. સમભાવ તો એને કહેવાય કે દૃષ્ટિ દ્રવ્ય પર જતાં, વીતરાગતા પ્રગટ થાય. કાં શ્રુતપ્રમાણથી ત્રણેયને જોતાં વીતરાગતા થાય એને ધર્મ કહેવાય છે. એને અહીંયાં ભૂતાર્થ. (કહેવાય). લ્યો ઠીક, એ ભૂતાર્થ છે.

દૃષ્ટિના વિષયમાં એકલો દ્રવ્ય ભૂતાર્થ હતો (અને) પર્યાય અભૂતાર્થ હતી. અને આ શ્રુતપ્રમાણના વિષયમાં ત્રણેય છે. દ્રવ્ય છે. ગુણ છે (અને) વિકારી કે અવિકારી પર્યાય છે. છે ?

આહા...હા ! ત્રણેય ભૂતાર્થ થઈ ગયા કારણ કે એ (ત્રણે) વસ્તુ છે ને ! એની વસ્તુ છે ને !

('સમયસાર') ૭મી ગાથામાં કહ્યું નહિ ?! કે ગુણ અને પર્યાય(ના) ભેદ તો એના છે. એને તમે વ્યવહાર કેમ કહો છો ? એનામાં છે અને તમે વ્યવહાર કેમ કહો છો ? એનામાં છે અને રાગી પ્રાણી છે. એટલે ભેદ ઉપર લક્ષ થશે તો રાગ થાશે. રાગી છે. માટે ભેદ ઉપર લક્ષ જશે તો રાગ થશે એમ નહિ, પણ રાગી છે એટલે ભેદ ઉપર લક્ષ જાતાં રાગ થશે, એટલે કહીએ છીએ કે ભેદ ઉપરનું લક્ષ છોડી દે ! જે મોક્ષ(ને) અહીંયાં નિશ્ચય કહ્યો અને જે બંધ(ને) અહીંયાં નિશ્ચય કહ્યો, એનું લક્ષણ પણ છોડી દે.

આહા...હા ! આવી વાતો છે ! સમજાય એટલું સમજવું બાપુ ! વીતરાગ માર્ગ આવો છે ! આહા...હા ! બહુ ઝીણો ! બહુ સૂક્ષ્મ ! બહુ અપૂર્વ ! અને એનો લાભ પણ મહાઅપૂર્વ !!

'**એકલો બંધાતો અને એકલો મુકાતો એવો જે બંધમોક્ષોચિત સ્નિગ્ધત્વ–રૂપક્ષત્વગુણે પરિણત પરમાણુ તેની માફક**' જોયું ?! બંધ ને મોક્ષને લાયક બે પરમાણુ છે. બે ચિકાશ છે તે મોક્ષને લાયક છે. અને ચાર ચિકાશ છે, તે બંધને લાયક છે. પોતાથી હોં ! બંધ મોક્ષને ઉચિત. છે ને ઉચિત ?

સ્નિગ્ધત્વ – રૂક્ષત્વ બે ગુણ સ્નિગ્ધત્વ અને બે ગુણ રૂક્ષત્વ એમ ચાર ગુણ પોતે મોક્ષને યોગ્ય છે. અને ચાર ગુણ સ્નિગ્ધત્વ અને ચાર ગુણ રૂક્ષત્વ એ બંધને યોગ્ય છે. એ પોતાને કારણે બંધ–મોક્ષ(ને) ઉચિત પરિણત પરમાણુ તેની માફક. નિશ્ચયનયે આત્મા એકલો જ બંધ અને મુક્ત થાય છે.

આહા...હા ! આ પર્યાયની અપેક્ષાએ નિશ્ચય છે હોં ! સ્વની પર્યાય છે ને ! માટે નિશ્ચય છે. '**નિશ્ચયનયે આત્મા એકલો જ બંધ અને મુક્ત થાય છે, જેમ બંધ અને મોક્ષને ઉચિત એવા સ્નિગ્ધત્વગુણે કે રૂક્ષત્વગુણે પરિણમતો પરમાણુ એકલો જ બદ્ધ અને મુક્ત થાય છે. તેમ.**' આહા...હા ! આ બે નય થઈ.

બંધ અને મોક્ષ જીવને પકડાય નહિ. વેપારીને ધંધા આડે નવરાશ ન મળે ને એમાં આવું બધું આવે. હેં ! (આમાં) પરિચય માગે છે. ઘણો પરિચય જોઈએ બાપુ !... માંડ માંડ થોડો વખત લે. આખો માર્ગ બહુ ફેર થઈ ગયો છે. શું ફેર થઈ ગયો છે ? ભાઈ !... આ સમજવા જેવું છે.

વિશેષ કહેવાશે....

❀ ❀ ❀

**આત્મદ્રવ્ય અશુદ્ધનયે, ઘટ અને રામપાત્રથી વિશિષ્ટ માટીમાત્રની માફક, સોપાધિ સ્વભાવવાળું છે. ૪૬.**

**આત્મદ્રવ્ય શુદ્ધનયે, કેવળ માટી માત્રની માફક, નિરૂપાધિસ્વભાવવાળું છે. ૪૭.**

**પ્રવચન : ૯-૧-૧૯૭૮**

'પ્રવચનસાર'. નય અધિકાર છે. બે નય (બાકી) છે. બાકી છે ને ? ૪૫ થયા છે. નય એટલે કે જ્ઞાનનો એક અંશ. એનાથી આત્મામાં અનંત ગુણો અને અનંતી પર્યાય એને એકેકને વિષય કરે અને જાણે એને નય કહે છે. એટલા બધા નયોથી એક હારે જાણી શકે નહિ. પણ એનો અર્થ જ એ થાય કે અનંત ધર્મ છે, ગુણ અને પર્યાય (છે), એની સન્મુખ જોતાં... સરવાળો તો એ છે. જે આત્મદ્રવ્ય છે, એને અંતરમુક જોતાં, એ નયનો વિષય અને પ્રમાણનો વિષય બધો તેમાં જણાય છે. સરવાળો તો આ છે ને.

બધું જાણે, વાંચે, ગમે (તે કરે) પણ વાત એ કે અંતર્મુખ તત્ત્વ છે. એ અંતર્મુખ (તત્ત્વને) સન્મુખ થઈને, અંતર્મુખને જોવો, એટલે કે અનુભવવો એ એનો બધાનો સાર છે.

પ્રશ્ન : અનુભવવો એટલે ?

ઉત્તર : આનંદનું વેદન કરવું.

અનંત ગુણો અને અનંતી પર્યાયોના અનંત નય લીધા. અને અનંત નયો(ના) વિષયો અનંત ધર્મ છે. પણ એનો સમુદાય જે શ્રુતપ્રમાણ છે, એ તો અંતર્મુખ (થઈને) બધાને જુએ છે. એટલે એનો અર્થ કે દ્રવ્ય સન્મુખ થાય છે એટલે એ દ્રવ્યને અનુભવે છે. ગુણ અને પર્યાયનું જ્ઞાન પણ એમાં આવી જાય છે. વાત એમ છે કે પર્યાય વર્તમાન છે, એ બહાર જોવાને ભટક્યા કરે છે. એ બહિરાત્મ બુદ્ધિ. બાહ્ય(માં) રખડવાની બુદ્ધિ થઈ. અંતર્મુખ ભગવાન અંદર એક સમયની પર્યાયમાં, અંતરમાં આખો આત્મા જણાય, એવો એનો સ્વભાવ છે.

એથી આ બધું જાણે, સાંભળે, પણ કરવાનું તો એને અંતર્મુખ જોવાનું છે. આહા...હા ! એટલે કે અંતર્મુખ થઈને અનુભવ કરવા જેવો છે. વાત આ છે.

પછી આ બધી તકરાર આવી કે, વ્યવહાર કરો ને વ્યવહાર કરો. એ વ્યવહાર તો જ્યારે સ્વરૂપની અંતર્મખ દૃષ્ટિ થઈ, અનુભવ થયો, અને જ્યારે અનુભવમાં વિશેષ પ્રચુર આનંદનું વેદન થાય, એ કાળે એને એ જાતના વ્રતના અને તપના વિકલ્પો હોય, એને વ્યવહાર કહેવામાં આવે. છતાં એ પણ બંધનું કારણ છે. ફક્ત ભગવાન જેટલો અંતર્મુખ થઈને અનુભવે એટલો મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ ? તેથી ૪૭ નય કહ્યા. પણ એવા અનંત નય છે.

**(હવે) ૪૬(મો) નય. આત્મદ્રવ્ય.** એ આત્મદ્રવ્ય એટલે અનંત ગુણ–પર્યાયનો પિંડ... આહા...હા !

અશુદ્ધનયે આ પણ એક નય છે. એટલે કે '**આત્મદ્રવ્ય અશુદ્ધ નયે, ઘટ અને રામપાત્રથી વિશિષ્ટ માટી માત્રની માફક, સોપાધિ સ્વભાવવાળું છે**' વજન અહીં છે. અશુદ્ધતામાં વજન વિશિષ્ટ ઉપર છે. એટલે શું ? કે (માટીમાંથી) ઘટ અને રામપાત્ર (થાય) માટીમાં અનેક પ્રકારની પર્યાયો થાય, એ ખાસ – એને વિશિષ્ટ કીધું. માટીમાંથી રામપાત્ર આદિ થાય, ઘડો (થાય) વગેરે. રામપાત્રથી ખાસ (વિશિષ્ટ) માટી માત્રની માફક. માટીમાં એટલા ભેદ પડે છે – એ અશુદ્ધનયનો વિષય આ તો દૃષ્ટાંત કીધો.

આહા...હા ! માટીમાંથી ઘડો–રામપાત્ર–શકોરું વગેરે (થાય) એ વિશિષ્ટ માટીના ભેદો છે. અને એ ભેદ છે તે અશુદ્ધનયને બતાવતા દૃષ્ટાંત દીધું છે. સમજાણું કાંઈ ? આહા...હા ! '(**આત્મદ્રવ્ય**) **અશુદ્ધનયે ઘટ અને રામપાત્રથી વિશિષ્ટ...**' ખાસ–વિશિષ્ટ, માટીની માફક. વિશિષ્ટ એટલે વિશેષ. '**...માટી માત્રની માફક, સોપાધિસ્વભાવવાળું છે.**' આહા...હા !

એ આત્મદ્રવ્યની અનેક પર્યાયો – ભેદો એ બધી ઉપાધિ છે. અહીં તો એમ કહે છે. છેલ્લા બે નય (છે). જેમ એક જ માટી છે. એના વિશેષો ઘડો અને રામપાત્ર વગેરે. અહીં શું લીધું ? રામપાત્ર. એમ આત્મા વસ્તુ એક છે. એના પર્યાયના ભેદો એ પણ એક નય છે. આહા...હા ! પર્યાયના ભેદો ખાસ, એકના પર્યાયના વિશેષો ખાસ. એ અશુદ્ધનયનો વિષય છે.

આહા...હા ! શું કહ્યું એ ? માટી એકરૂપ છે. એની અનેક પર્યાયો–ભેદ–વિશેષ થાય. એકમાં અનેકતાની વિશેષતાઓ તે ઉપાધિ (છે). આહા...હા ! છેલ્લા નયો બહુ સરસ લીધા છે. એમ ભગવાનઆત્મા એકરૂપ છે. એમાં પર્યાયના ખાસ, – વિશેષ પ્રકારો એ બધી ઉપાધિ છે. ભેદ છે તે (ઉપાધિ છે).

('સમયસાર') સોળમી ગાથામાં કહ્યું હતું, 'મેચક છે'. બધા ભેદો પડે છે – એ મેચક; એને લક્ષે તો મલિનતા ઊભી થાય છે. અહીં તો પર્યાયભેદની ચર્ચા, ગુણભેદની ચર્ચા (બધી) આવી ગઈ. એકને વિશેષ પ્રકારે – ખાસ જોવા, એને અશુદ્ધનય કહે છે. આહા...હા ! છેલ્લી બે નયો અલૌકિક કહી – મૂકી છે. એ પણ એક નય છે હોં ! ૪૬ અને ૪૭ નય એમ બે નય થઈને આખું દ્રવ્ય છે, એમેય નહિ. એવા તો અનંત નયો થઈને આખું આત્મદ્રવ્ય છે. શું કહ્યું એ ? આહા...હા !

મૂળ ભગવાન આત્મા એકરૂપે છે. જેમ માટી એક રૂપે છે. એના વિશેષ–ભેદો, પાત્રો થવા, એ એકમાં અનેકતા થવી, એ ઉપાધિ ગણવામાં આવી છે. આહા...હા ! આ એકમાં શરીર, વાણી, કર્મ, બાયડી (અને) છોકરાં – (એ) અનેક, એ વાત અહીં નથી. એક આત્મામાં બીજા અનેક દ્રવ્યોને ગણવા, એ અશુદ્ધ નયની અહીં વાત નથી. ભગવાનઆત્મા (ને) પરદ્રવ્યની હારે શું સંબંધ છે ? સમજાણું કાંઈ ? આહા...હા !

અહીંયાં નયનો અધિકાર છે. છતાં શુદ્ધનય અને અશુદ્ધનય બે થઈને આખું દ્રવ્ય છે. એમેય નહિ. આહા...હા ! આ તો એક અંશ – એક નય ગણ્યો. એ નય છે – એ જાણવાલાયક છે. અને એ નય શ્રુતજ્ઞાનપ્રમાણમાં સમૂહમાં તે નય આવી જાય છે. પણ આવતાં છતાં, શ્રુતપ્રમાણ દ્વારા તો આત્માનો અનુભવ કરવો. એના જ્ઞાનમાં એ બધું આવે, છતાં અનુભવ આત્માનો કરવો.

જ્ઞાનમાં એ બધી વાત ખ્યાલમાં રહે. શ્રુતપ્રમાણમાં આ અનેક નયોના પ્રકાર, ખ્યાલમાં હોય છતાં એ શ્રુતપ્રમાણમાં આખું દ્રવ્ય પ્રમેય થાય. દ્રવ્ય–ગુણને પર્યાય ત્રણેય, એનાથી ત્રણેનું એકપણું અંદર લક્ષમાં આવવું. એને અહીંયાં પ્રમાણનું પ્રમેય કહે છે.

પ્રમાણ (અર્થાત્) શ્રુતપ્રમાણ અને તેનો વિષય, અનંતનયના અનંત ધર્મો અને પર્યાયો, એ બધું શ્રુતજ્ઞાનના પ્રમાણમાં એનો વિષય થાય છે. પણ એ આત્માનો અનુભવ કરતાં એ વિષય જ્ઞાનમાં હોય છે. એટલું જણાય છે. આહા...હા ! ભારે માર્ગ આવો !! પહેલી માર્ગની શરૂઆત જ અલૌકિક થાય છે!

ત્યાં કહ્યું ને ? (અહીંથી કોઈકે) કંઈક ભાષણ–વ્યાખ્યાન આપ્યું છે, ત્યારે બીજું ભાષણ ઓલાએ આપ્યું કે, તમે નિશ્ચાયાભાસી છો. અને અમે વ્યવહારાભાસી છીએ, (એમ) અમને જ્યારે કહો તો... એટલે કે તમે વ્રતને તપ તો કરતા નથી. એમ. પણ વ્રતને તપનો અહીં સમ્યક્દર્શન હારે સંબંધ ક્યાં છે ? એ વ્રત–તપના વિકલ્પો તો આગળ ગુણસ્થાનની વિશેષ સ્થિરતા થાય, ત્યારે એ વ્યવહાર હોય. પણ ચોથે (ગુણસ્થાને) એ વ્રત–તપના વ્યવહાર ન હોય. માટે સમ્યક્દર્શનમાં નિશ્ચાયાભાસ છે, એમ નથી.

સમજાણું કાંઈ આમાં ? આવું વસ્તુનું સ્વરૂપ છે. તારા આત્માના હિતને માટે તો આ છે, પ્રભુ ! તને એ દોષ લાગે (તું ભલે) એકાંત કહે. એમ કે અમે સમ્યક્દર્શન વિના વ્રત ને તપ કરીએ છીએ તો અમને વ્યવહારાભાસ કહો (છો). તો તમે સમ્યક્દર્શનની વાત કરો (છો), તો તમારી પાસે પણ વ્રત ને તપ તો કંઈ છે નહિ. એ માટે તમે નિશ્ચાયાભાસી છો. ભગવાન ! એમ એની વ્યાખ્યા ન હોય. સમ્યક્દર્શનની ભૂમિકામાં વ્રત–તપ એ ન હોય.

વ્રત–તપ ન હોય માટે દ્રવ્યનો અનુભવ કર્યો, અને નિશ્ચય થયો, માટે એ નિશ્ચાયાભાસ છે, એમ છે નહિ. આહા...હા ! અરેરે ! શું થાય ! એમ કહે – કાયક્લેશ, – આમ વ્રત કરીએ ને તપ કરીએ, ઉઘાડા પગે ચાલીએ ને માથે લોચ કરીએ, એવી વ્યવહાર ક્રિયા તો અમારી પાસે છે. તમારી પાસે ક્યાં એવો વ્યવહાર છે ? માટે તમે નિશ્ચાયભાસી (છો).

બાપુ ! એ વ્યવહાર ક્યાં હોય ? પહેલાં આત્મા(નો) અંતર સ્વભાવ સ્પર્શ થાય, અનુભવ થાય અને પછી એમાં સ્થિરતાના અંશો વધે, એટલે કે દ્રવ્યનો આશ્રય વિશેષ લે. એ સ્થાનમાં એવા વિકલ્પો (અર્થાત્) પાંચમા (ગુણસ્થાન)ને ઠેકાણે એને યોગ્ય, અને છઠ્ઠા (ગુણસ્થાન)ને ઠેકાણે એને યોગ્ય. એવા વિકલ્પો હોય. પણ એ વ્યવહાર ચોથે (ગુણસ્થાને) નથી. માટે નિશ્ચાયાભાસ છે. (એમ નથી). આહા...હા ! સમજાણું કાંઈ ?

આ હિતનો માર્ગ તો બહેન – માતા આમ છે. મેં તો દિલ્હીમાં કહ્યું હતું. (ઓલા) વાતો કરતા હતા. (મેં કહ્યું) માતા ! સમ્યક્દર્શન જે જોઈએ એ જુદી ચીજ છે. (ત્યારે) ઓલા બહારની વાતું કરવા મંડ્યા. શું કહેવાય ? ત્રિલોકસારપ્રજ્ઞપ્તિની એવી વાતો કરવા મંડ્યા. એ વાતોમાં કાંઈ ન મળે. બે સાધુ બેઠેલા અને ત્રણ અર્જિકા... પાંચ. બાકી બીજું કોઈ માણસ બેઠેલું નહોતું. અમે ગયા પછી આ બધી વાતો કરે કે, આમ છે ને આ તેમ છે. મેં તો (કહ્યું) માતાજી ! સમ્યક્દર્શન બીજી ચીજ છે હોં...! એમ કહ્યું હતું.

અહીંયાં એમ કહે છે કે શ્રુતજ્ઞાન પ્રમાણ છે. એ દ્રવ્યને જાણે ગુણને જાણે, પર્યાયને જાણે. તેમાં એને નિર્વિકલ્પતા પણ થાય, અને તેમાં આનંદનો અનુભવ પણ થાય. અને તેમાં તેને બધા નયોનો વિષય જ્ઞાનમાં જણાય પણ ખરો. સમજાણું કાંઈ ? પણ વ્રત અને તપનો વ્યવહાર એને હોય, એ એની વાત અહીં નથી. આહા...હા ! સમજાણું ?

અને મુનિ છઠ્ઠે ગુણસ્થાને હોય, એને અંતરમાં – આત્મામાં સાતમામાં ન જાય ત્યાં સુધી એનો વ્યવહાર (તે ભૂમિકાના) વિકલ્પનો હોય છે. સમજાણું કાંઈ ? જો એ વ્યવહાર ન હોય તો, એ પણ નિશ્ચયાભાસ થઈ જાય છે. આહા...હા ! પણ ચોથે ગુણસ્થાનમાં – જે છઠ્ઠે અને પાંચમાના વ્રત–તપના ભાવની વાત કરે, અને ન હોય તો એ નિશ્ચયાભાસ છે, (તો) એમ નથી પ્રભુ ! વસ્તુનું સ્વરૂપ એમ નથી. સમજાણું કાંઈ ? આહા...હા !

અરે ! જાણી જોઈને બધું કરી કરીને કરવાનું તો પ્રભુ ! અંતર વસ્તુ છે, ત્યાં જાવાનું છે. સમજાણું છે. એ ! પહેલી ભૂમિકા ત્યાં છે પછી... ભૂમિકામાં આગળ વધતાં અંદરમાં સ્થિર ન થઈ શકે ત્યારે એવા વ્રત – તપ ને સમિતિ, ગુપ્તિ, વ્યવહારનો વિનય ને વૈયાવૃત્ત ને ભક્તિ એ બધો ભાવ હોય છે. એને વ્યવહાર કહે છે. પણ સમ્યક્દર્શનમાં એ વ્યવહાર જોવા જાય (તો) ત્યાં એ વ્યવહાર નથી. માટે નિશ્ચયાભાસ છે, એમ નથી. સમજાણું કાંઈ ? આવું છે.

અહીં પર્યાયમાં વિશેષ ભેદ લીધા, આત્મામાં પણ પર્યાયના ભેદ પડ્યા, એ પણ અશુદ્ધ છે. એમ કહે છે. માટીમાં જેમ રામપાત્ર અને ઘટાદિ પર્યાયો–ભેદો અશુદ્ધ કીધા. એમ ભગવાનઆત્મામાં પર્યાયની વિશેષતાઓ... આહા...હા ! એને અશુદ્ધનયનો એક વિષય કહ્યો. સમજાણું કાંઈ ? આહા...હા ! પર્યાયના ભેદને અશુદ્ધનયનો વિષય કહ્યો. (પરંતુ) છે એની પર્યાયમાં. આહા...હા ! તેથી એમ લીધું ને કે '**આત્મદ્રવ્ય અશુદ્ધનયે ઘટ અને રામપાત્રથી વિશિષ્ટ માટી...**' જુઓ ! ત્યાં છે. રામપાત્રથી, ઘટથી ખાસ વિશિષ્ટ માટી એટલે વિશેષ માટી, વિશેષ માટીની માફક સોપાધિ સ્વભાવવાળો આત્મા છે.

પર્યાયને પર્યાયમાત્રને ઉપાધિ કીધી. કારણ કે એ છે ખરી. પર્યાય છે. નયનો વિષય છે. આશ્રય કરવા લાયક છે કે નહિ એ પ્રશ્ન અહીં નથી. અહીં તો આવો એક નયનો વિષય છે. એમાં એ શ્રુતપ્રમાણમાં બધા નયોનો સમૂહ ભેગો થઈને (પ્રમાણ થાય છે). પ્રમાણ દ્રવ્ય–ગુણ–પર્યાય (અને) અશુદ્ધતા આદિને પણ જાણે છે.

પ્રશ્ન : શ્રુતપર્યાય પણ આમાં આવી જાય ને ? ભેદમાત્રને (જાણે) આહા...હા ! એ પર્યાય છે. એ બધો ભેદ છે. કારણ કે ઓલું તો વ્યવહારનયમાં આવી ગયું છે.

ક્રિયાનયમાં એ આવી ગયું છે. વ્યવહારનયમાં નિમિત્તનો સંબંધ આવી ગયો છે. ક્રિયાનયમાં અનુષ્ઠાનનું આવી ગયું છે. ભાઈ ! ક્રિયાનયમાં અશુદ્ધ અનુષ્ઠાનનું આવી ગયું છે. અને વ્યવહારનયમાં કર્મના નિમિત્તના સંબંધની અપેક્ષા આવી ગઈ છે. ભાઈ !... હવે અહીં તો પોતાના દ્રવ્યમાં પર્યાયનો ભેદ પડે તો આહા...હા ! એને આ અશુદ્ધતાનો વિષય કહ્યો છે.

ઝીણી વાત છે, બાપુ ! આ અનંતકાળથી એણે વાસ્તવિક તત્ત્વને જોયું નથી, જાણ્યું નથી.

અનંતકાળથી રખડી મર્યો છે. આહા...હા ! માંડ માંડ ટાણાં આવ્યાં ત્યારે કંઈકનું કાંઈક અવળું કરે. આહા...હા ! હેં ! સમજાણું કાંઈ ? '**(આત્મદ્રવ્ય) માટી માત્રની માફક, સોપાધિસ્વભાવવાળું છે.**' આહા...હા !

નયમાં પણ આ નાખ્યું. અનુષ્ઠાનનો એક નય લીધો, એક કર્મના નિમિત્તના સંયોગ અને વિયોગનો નય લીધો અને એક આ માટીના ભેદની–પર્યાયનો, એમ દ્રવ્યની પર્યાયના ભેદનો એક વિષય પણ લીધો. આહા...હા !

શુદ્ધનયનો વિષય લેશે. એકલો આત્મા (એમાં) પર્યાય ભેદ નહિ. આહા...હા ! આમાં ક્યાં માણસને નવરાશ (મળે) ? આવો વિષય ઝીણો....! એટલે લોકો એકાંત કરીને પછી ગોટાળા કરે ! વિકારી પર્યાય એ પહેલા નયમાં ગઈ. અહીં તો એનો ભેદ (અર્થાત્) પર્યાય. શુદ્ધ પર્યાય(નો) ભેદ (પણ) સોપાધિ છે. રામપાત્રની માફક. કીધું ને ! એક નય એ પણ લીધો. આહા...હા ! એ ૪૬ થયો.

**(હવે) ૪૭. 'આત્મદ્રવ્ય શુદ્ધનયે, કેવળ માટીમાત્રની માફક, નિરુપાધિ સ્વભાવવાળું છે.'** ઓલામાં 'વિશેષ' શબ્દ હતો – ખાસ –આમાં 'કેવળ' શબ્દ છે. બેમાં આ ફેર છે. ઓલામાં વિશિષ્ટ માટીની માફક હતું. અહીં કેવળ માટીમાત્રની માફક; એકલી માટી જેમાં ભેદ નહિ. આહા...હા ! કેવળ માટીમાત્રની માફક. આહા...હા ! નિરુપાધિ સ્વભાવવાળું છે. એટલે એકલું દ્રવ્ય જ બસ. આ એક નય છે. આ જે આતમદ્રવ્ય છે, એમાં અનંત નય, અને આ નયનું પ્રમાણ અને એનો વિષય તે આતમદ્રવ્ય છે. અને આ છે તે એક નયનો વિષય છે ભાઈ !

પહેલું જે આતમદ્રવ્ય કીધું ત્યાં તો બધા નયો અને ગુણોને અને ધર્મને ધરનારું આત્મદ્રવ્ય છે. એ આતમદ્રવ્ય અહીંયાં નહિ. અહીં તો એક અભેદ આત્મદ્રવ્ય. એક ભાગ પર્યાયના ભેદ વિનાનો એકલો ભાગ, શુદ્ધ, એકલો. એ પણ એક ભાગ–નય લીધો છે. આહા...હા ! આખું શુદ્ધ એકરૂપ દ્રવ્ય જે છે, જે સમ્યક્દર્શનનો વિષય જે શુદ્ધ છે, એ અહીં નથી લેવો.

આત્મદ્રવ્યમાં તો બધા નયોનો સમૂહ એમાં બધું છે. આહા...હા ! સમજાય એટલું સમજવું બન્યું ! આ તો પ્રભુના માર્ગ ગંભીર ! ગંભીર માર્ગ છે ! ભાઈ !

અનંત અનંત કાળથી રઝળી મર્યો છે. આહા...હા ! સવારમાં નહોતું આવ્યું ? એક શ્વાસમાં નિગોદના અઢાર ભવ ! આહા...હા ! કોણ જુએ એને ? કોણ માને એને ? એ આત્મા છે, એવું કોણ માને નિગોદમાં ? આહા...હા ! એ પણ ભગવાન છે ! નિગોદમાં અનંત આત્માઓ, એક અંગુલના અસંખ્યાતમા ભાગમાં પડ્યા છે. છતાં એનું સ્વરૂપ છે, એ તો ભગવાન સ્વરૂપ છે. દ્રવ્ય તરીકે હોં ! એ દ્રવ્ય તરીકે ની અહીં વાત નથી. અહીં તો એક દ્રવ્યનો એક અંશ લેવો છે. એક પર્યાય વિનાના, ભેદ વિનાનો અભેદ એક અંશ લેવો છે. આ એક નયમાં આખું શુદ્ધ દ્રવ્ય આવી જાય છે. એમ નહિ. શું કીધું, સમજાણું ?

એક નયનો એક અંશ આવે છે. પ્રમાણમાં એ બધું થઈને પાછું આખું દ્રવ્ય (છે). આહા...હા ! અહીં એ લેવું નથી. એ તો આખું દ્રવ્ય છે. અનંતગુણના પિંડનું એક દ્રવ્ય, અને એ આખો એક સમ્યક્દર્શનનો વિષય. અહીં તો એક શુદ્ધનો એક અંશ લેવો છે. અભેદ–પર્યાયના ભેદ

નહિ. એવો જે દ્રવ્ય, એવો એક નયનો એ વિષય (છે). આહા...હા !

અરેરે...! નયનો વિષય બહુ ગંભીર છે. આચાર્ય મહારાજે હૃદય ખોલીને વાતો કરી છે. આહા...હા ! પહેલા નયમાં (પણ) એક જ નય છે. એ પણ આખું દ્રવ્ય નથી. પણ એ તો દ્રવ્ય અને પર્યાય એમ બે નય લીધા છે. અહીં તો શુદ્ધ અને અશુદ્ધ લીધા છે. પહેલો નય આવ્યો છે ને !

દ્રવ્ય અને પર્યાયનય. એમ તો દ્રવ્યના ત્રણ પ્રકાર આવી ગયા છે (એ) વાત થઈ ગઈ છે. દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવનું દ્રવ્ય, દ્રવ્ય–પર્યાયનું દ્રવ્ય, અને ત્રીજું આવ્યું હતું. – નામ –સ્થાપના–દ્રવ્યભાવ. એમાં પણ દ્રવ્ય. (એમ) ત્રણ પ્રકારે દ્રવ્ય આવી ગયું છે. આહા...હા ! એ પણ એક નયનો વિષય ગણીને, એમ નામ–સ્થાપના–દ્રવ્ય ગણ્યું. ઝીણી વાત છે ! ભાઈ ! આ તો શાંતિની વાત છે. આહા...હા !

આત્મદ્રવ્ય... એ આત્મદ્રવ્ય. એટલે સમ્યક્દર્શનનો વિષય છે, એ આ નહિ. ગુણ અને પર્યાયનો સમુદાય એવું દ્રવ્ય એમ. એમાંના એક નયનો વિષય. એક નયનો એક વિષય (છે). '**કેવળ માટીમાત્રની માફક...**' અહીં 'કેવળ' ઉપર વજન છે. એક માટી છે. એમ એક રૂપ છે. બસ ! આખા શ્રુતનો એ પણ એક નય (છે) જે સમ્યક્દર્શનનો વિષય એ નહિ. આહા...હા !

આતમદ્રવ્ય શુદ્ધનયે. એક નયે. (નિરુપાધિસ્વભાવવાળું છે). શુદ્ધનય તો ત્યાંય ('સમયસાર') ૧૧મી ગાથામાં કીધો. '**भूदत्थो देसिदो दु सुद्धणओ।**' ત્યાં ભૂતાર્થને, ત્રિકાળને, શુદ્ધનય કીધો. નય જ એને કહ્યો. એ નહિ. આ તો એક અંશ અભેદનો લેવો છે. આહા...હા ! વીતરાગ માર્ગ બહુ ગંભીર છે. એ ઉપર ટપકે હાથ આવી જાય એવો નથી. એમાં ઊંડું ઊતરવું પડશે. ઊંડું જાવું પડશે. આહા...હા ! તે પોતાના હિતને માટે છે ને, બાપુ !

ચોર્યાશીના અવતારો કરી કરીને મરી ગયો છે, બાપુ ! એનાં દુઃખ, એવાં એવાં દુઃખ વેદ્યાં છે એને એના દુઃખને દેખનારને રડવું આવ્યું. એવા દુઃખ વેદ્યાં ભાઈ ! ભૂલી ગયો એ.

જરીક માણસપણું મળ્યું ને પાંચ–પચીસ લાખ, પૈસા મળ્યા, અને જુવાની ફાટી, બાયડી–છોકરાં કંઈક મળ્યાં, અને ધંધો ઠીક હાલ્યો–સારો, ભૂલી ગયો. (બધું) ભૂલી ગયો. આહા...હા ! અહીં તો શ્રુતપ્રમાણ એનો એક ભાગ નય એને અહીં શુદ્ધનયમાં ગણ્યો છે, ભાઈ !

અગીયારમી ગાથામાં કહ્યું કે, '**ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ।**' એ નહિ. ત્યાં તો ત્રિકાળી વસ્તુ ધ્રુવ છે એને શુદ્ધનય (કહ્યું) વિષય અને વિષયનો કરનાર એમ ભેદ ન પાડતાં, પછી વળી કહ્યું કે '**भूयत्यमस्सिदो खलु**' ત્રિકાળી ભૂત સ્વરૂપ–એકરૂપ, એનો આશ્રય કરવાથી સમ્યક્દર્શન થાય.

અહીં જ્ઞાનપ્રધાન કથન છે. આહા...હા ! તેથી અહીં શુદ્ધનયે, અભેદપણાનો એક અંશ છે. ત્રિકાળી ભૂતાર્થ છે. એ આ નહિ. એક અંશ જે અંદર અભેદ છે ભેદ નહિ એવો એક લેવો. આહા...હા ! ઝીણું છે ભાઈ !

આહા...હા ! અરે ! પ્રભુ ! સત્ય મારગ અને આવો મારગ બહાર આવ્યો (એ) એને ન રુચે, (ન) ગોઠે તો શું કરે ? ભાઈ ! હિતનો મારગ છે. બાપુ ! જન્મ–મરણ, જન્મ–મરણ કરી

કરીને થોથાં નીકળી ગયાં. આહા...હા ! એક એક શ્વાસમાં અઢાર ભવ નિગોદનાં. એવા એક વાર નહિ. અનંત–અનંતવાર !! આહા...હા !

માતાના પેટમાં નવ–નવ મહિના, ઊંધે માથે, સંકોચ કરીને, શ્વાસ ન આવે. શું હશે ! બાર વરસ ચોવીસ વરસ (રહે). માતાના પેટમાં, બાર વરસ રહે. વળી મરીને ફરી જાય તો બાર વરસ રહે. આહા...હા ! એવા ચોવીસ, ચોવીસ વરસ માતાના પેટમાં ઊંધે માથે. શ્વાસ લેવાય નહિ. સંકોચમાં, અનંતકાળ ગાળ્યા. એવા ચોવીસ વરસ અનંતવાર કર્યાં. એક વાર, બે વાર નહિ. આહા...હા ! એ બધાને ટાળવાનો ઉપાય બાપુ આ છે. આહા...હા !

મહાન ચમત્કારિક ચીજ છે. આગળ કહેશે. શું કહીએ ? જીવના ગમે તેટલા અમે વખાણ કર્યાં આવો... ને આવો.... (પરંતુ) એમાં સમાય નહિ. એમાં – એક શ્લોકમાં હમણાં કહેશે. 'પ્રવચનસાર'માં ગમે એટલું અમે ભગવાન આત્માને વખાણ્યો. અનંત દિવ્ય–ચિંતામણિ ચેતનસ્વરૂપ ને આનંદમય ને રતનમય ને આ ને આ પણ એ બધા કથનો, અગ્નિમાં જેમ ચીજ સમાઈ જાય, એમ એમાં હોમ થઈ જાય છે. એનો પાર ન આવે એવી ચીજ છે. આહા...હા !

દુનિયા ગમે તે બોલે, (ગમે તે) માનો, મારગ તો આ છે. **'આત્મદ્રવ્ય શુદ્ધનયે, કેવળ માટીમાત્રની માફક, નિરુપાધિ–સ્વભાવવાળું છે.'** એ છેલ્લો ૪૭ કીધો. અનંતવાર તો કહી શકાય નહિ. એ વાત કરીને પછી સંકેલે છે. વળી **'તેથી કહ્યું છે કે –'** ?"?

**'जावदिया वयणवहा तावदिया चेव होंति णयवादा।**
**जावदिया णयवादा तावदिया चेव होंति परसमया।।**
**परसमयाणं वयणं मिच्छं खलु होदि सव्वहा वयणा।**
**जइणाणं पुण वयणं सम्मं खु कहंचि वयणादो।।'**

**'જેટલા (વચન) પંથ છે'** – વચનના પ્રકાર છે. ભાષામાં વચનના અનેક પ્રકાર કહેવામાં આવે (છે). **'તેટલા ખરેખર નયવાદ છે.'** વચનનના અનંત પ્રકાર છે. આહા...હા ! જીવને જડ કહેવાય. કઈ અપેક્ષાએ એને જડ કહેવાય, એ જોવું જોઈએ ને. પરંતુ ઇન્દ્રિયજ્ઞાન નથી. એને જડે ય કહેવાય. આહા...હા ! કથનના ઘણા પ્રકાર આવે, ભાઈ !

ભગવાન એ આતમ રતન, અનંત ગુણનો સાગર છે. અનંત અનંત ગુણનો સાગર (છે). ક્ષેત્ર નાનું એમ ન જુઓ ! એના ભાવની પરિમિતતા ન જુઓ ! એના ભાવમાં અપરિમિતતા છે. ક્ષેત્રથી પરિમિતતા લાગે, માટે એમ ન જુઓ ! આહા...હા ! (આત્મા) અસંખ્ય પ્રદેશમાં જ છે ને, આટલામાં જ છે ને, એમ પરિમિત ન જુઓ ! એના અંતરમાં સ્વભાવના સામર્થ્યની અપરિમિતતા, અલૌકિકતા છે. એની શું વાતો કરીએ !! કહે છે કે, જેટલું કહેશું એટલું સ્વાહા થઈ જશે. એટલાથી એ પાર નહિ પડે... પ્રભુ !! આહા...હા !

તું અંતરમાં જોવા જા અને અનુભવ કર ત્યારે પાર પડે એવું છે. આહા...હા ! છે ? જેટલા વચનના મારગ એટલા ખરેખર નયવાદ છે. અનંત થયા, અનંત ! **'અને જેટલા નયવાદ છે તેટલા જ પરસમય (પરમત) છે.'** એકાંત એક જ નયને માને અને બીજા નયને ન માને તો એ પરમત છે. અનંત નયોને તે તે અપેક્ષાથી જે છે તે રીતે એ જાણે તો એ નયવાદ સાચો

છે. સમજાણું કાંઈ ? આહા...હા !

અહીં તો હજી ચોથા ગુણસ્થાનની વાત હાલે છે. હેં ! એને નય હોય અને એને પ્રમાણ હોય. અહીં તો બીજું કહેવું છે. એને ઓલાં વ્રત–તપ ન હોય. માટે તેનો નયવાદ જૂઠો છે. એમ નથી. ભાઈ !... આહા...હા ! (સમ્યગ્દૃષ્ટિને) સ્વરૂપાચરણ ચારિત્રનો અંશ હોય, પણ આ બહારનાં વ્રતને, પંચમહાવ્રતને, જોઈને હાલવું એવી સમિતિને ગુપ્તિ ને એ ન હોય, આહા...હા ! અને બંધ અધિકારમાં નથી કહ્યું ? મુનિનો દાખલો કેમ આપ્યો ? કે જેને સમિતિ છે. માટે આપ્યો. ભાઈ ! બંધ અધિકારમાં કહ્યું ને ! બાકી તો મુનિ સમકિતી પણ અબંધ પરિણામી જ છે. આહા...હા ! એમ કહ્યું ને ?

બંધ અધિકારમાં આવ્યું હતું. એમ કે, જોઈને ચાલે. અને એમાં હિંસા થાય તો હિંસા એને લાગતી નથી. સમિતિથી (ચાલે) છે ને. હિંસા થાય માટે – હિંસા થાય છે એમ નથી. ત્યારે કહ્યું. પણ આ દાખલો કેમ આપ્યો ? કે સમિતિ જેને સમ્યક્દર્શન–જ્ઞાન–ચારિત્ર છે. અને વ્યવહાર સમિતિ જેને છે, એનો દાખલો આપ્યો. સમિતિને સમિતિ નથી પણ સિદ્ધાંત તરીકે તો એ પણ અબંધ પરિણામી છે. આહા...હા !

હવે એને એમ લગાવી દે કે તમારે વ્રત ને તપ નથી માટે એકાંત છે. ભાઈ ! વ્રત–તપનો વ્યવહાર એ તો આગળ પાંચમી–છઠ્ઠી ભૂમિકામાં હોય છે. સમજાણું કાંઈ ? એ વ્યવહાર નથી માટે તે નયાભાસ છે એમ નથી. આહા...હા ! આવી વાતું છે. પચાવવું જોઈએ, બાપુ ! આ તો વાત એવી છે. આહા...હા ! જેટલા નયવાદ છે એટલો પરમત છે. અહીં તો એમ જ કહી દીધું.

મિથ્યામતીઓનું વચન સર્વથા પરસમય છે. પછી એનો ખુલાસો કર્યો. '**सव्वहा वयणा**' નહિતર જેટલા નયવાદ છે એટલા મિથ્યાવાદ (છે). તો બધા નયવાદ તો જ્ઞાનીને છે. પણ સર્વથા એક નયને માને અને બીજા નયને ન માને એને પરસમય કહ્યો છે. '**પરસમયોનું (મિથ્યામતીઓનું) વચન સર્વથા (અર્થાત્ અપેક્ષા વિના) કહેવામાં (આવતું હોવાથી ખરેખર મિથ્યા છે).**' સર્વથા અપેક્ષા રાખ્યા વિના કહેવામાં આવે છે.

અરે ભગવાન ! આહા...હા ! વ્યવહાર છઠ્ઠે ગુણસ્થાને હોય છે. ચોથા ગુણસ્થાને એ જાતનો વ્યવહાર હોતો નથી. એથી તેને આમાં એકાંત નય (છે) એમ કહેવું ઠીક નથી. આહા...હા ! અને સમ્યક્દર્શન વિના વ્યવહાર તપ–વ્રત આદિ કરે, તો એ પણ એક નયમાં છે, એમેય નથી. શું કીધું ? સમજાણું કાંઈ ? સમ્યક્દર્શન વિના વ્યવહાર અને વ્રત–તપ આદિ (કરીને) નવમી ગ્રૈવેયકે ગયો, અનંતવાર ગયો, એને નય લાગુ પડતો નથી. આહા...હા ! જ્યાં વસ્તુ (પ્રત્યક્ષ) નથી, ત્યાં એને વળી નય કેવી ?

છતાં ભાષા બોલાય એમ. બંધ અધિકારમાં આવે છે ને વ્યવહાર કરે છે. ભગવાને કહેલો વ્યવહાર અભવિ પણ કરે (છે). એ તો એક વાત સમજવા (માટે છે). આવે છે, ખ્યાલ છે, બધી વાતો જાણીએ છીએ. જ્યાં જ્યાં જે છે એ (જાણીએ છીએ). આહા...હા ! બહુ ગંભીરમાર્ગ ભાઈ ! આહા...હા ! ઊંડો ઊંડો માર્ગ... પાતાળમાં પડ્યો છે, ભગવાન ! આહા...હા ! જેમાં

અનંતા ચૈતન્ય રત્નાકર (છે એવો) ભગવાન છે.

અનંત... અનંત... અનંત... અનંત... જેના અનંતનો અંત નહિ. આહા...હા ! ક્ષેત્રનો જેમ અંત નહિ. એમ (આ) ભાવની – શક્તિની સંખ્યાનો અંત નહીં. શું છે આ ! એવું એ ભગવાન ! રતન, નિર્મળાનંદ પ્રભુ ! ચૈતન્ય એમાં પર્યાય સહિતના અનેક નયો લાગુ પડે. પણ ચોથે ગુણસ્થાને એને વ્યવહાર વ્રત અને એ (બધું) નથી. માટે નયાભાસ છે, એમ નથી. અને સમ્યક્દર્શન વિના વ્રત–તપ કરે, માટે એ વ્યવહાર નય છે, એ એમેય નથી. સમજાણું કાંઈ ?

આહા...હા ! ગજબ વાત છે. ઓલામાં આવ્યું હતું ને આપણે સવારે છઢાળામાં. 'મોક્ષ મહલકી પરથમ સીઢી'. યે બિન જ્ઞાન ચરિતા' એમ આવ્યું હતું ને ? સમ્યક્દર્શન વિના બધાં જ્ઞાન–ચારિત્ર જૂઠાં છે. અને મોક્ષ મહેલની પહેલી સીઢી ત્યાં આવી સમજાણું ? બીજું એક એ યાદ આવ્યું. આહા...હા ! અને સમ્યક્દૃષ્ટિ, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર (સહિત) સમ્યક્દૃષ્ટિને શિવ મારગમાં કહ્યો. છઢાળામાં શિવ મગચારી કહ્યો. સમજાણું ? બે (વાત). ત્રીજું યાદ (આવ્યું) જરા કે લાખ વાતની વાત. એની મુદ્દાની રકમ છે. 'લાખ વાતની વાત, નિશ્ચય ઉર આણો, છોડી જગ દ્વંદ ફંદ, નિજ આતમ ઉર ધ્યાઓ'. આહા...હા ! ત્યાં વ્રત–તપ કરો, એમ નથી કહ્યું. એ તો અસ્થિરતાને લઈને વચ્ચે આવે છે. આગળ ભૂમિકાને લઈને આવી જાય છે. આહા...હા !

આ તકરારનો વિષય ન હોય, ભાઈ ! આ તો શાંતિનો વિષય છે. એટલે એક જ નયને, ખેંચે, કે સમ્યક્દૃષ્ટિ હોય તો એને ચારિત્ર હોવું જ જોઈએ. વ્રત–નિયમ એને હોવા જ જોઈએ (તો એમ નથી).

ૠષભદેવ ભગવાનને ૮૩ લાખ પૂર્વ સુધી ચારિત્ર નહોતું. ક્ષાયિક સમકિતી હતા. (મિથ્યાદૃષ્ટિ) નવમી ગ્રૈવેયકે ગયો. એને (ચારિત્ર) કરોડો, પૂર્વ, આટ વર્ષથી પહેલાં હોય. આઠ વર્ષથી મુનિ થયો અને કરોડ પૂર્વ વ્રત–નિયમ પાળ્યા. તોય મિથ્યાદૃષ્ટિ રહ્યો અને આ (ૠષભદેવ ભગવાનને) ૮૩ લાખ પૂર્વ (સુધી) ચારિત્ર નહિ. અને છતાંય ક્ષાયિક સમકિતી રહ્યા. આહા...હા ! સમજાણું કાંઈ ?

ઘણાં પડખાં પડે છે. માર્ગ ગંભીર (છે). જૈનદર્શન એટલે તો (અલૌકિક છે). આહા...હા ! જૈન શાસન (છે) એમાંથી મોક્ષના મહેલ પાકે. આહા...હા ! મોક્ષ કીધો ને ? મોક્ષનો મહેલ. મોક્ષમહેલની પહેલી સીઢી. આહા...હા !

અહીં કહે છે કે, એકાંત નય છે, એ સર્વથા એકાંત કહે, તો એ મિથ્યાનય છે. એમાં એમ ન લેવું કે, ચોથા ગુણસ્થાને પણ વ્રત–તપ ન હોય, તો તે એકાંતનય છે. એમ ન લેવું. અને સમ્યક્દર્શન વિનાના જીવને વ્રત–તપ છે માટે એને નય છે. એમેય ન લેવું. આહા...હા ! આવાં બધાં બહુ ભંગ છે. આહા...હા ! આવો મારગ છે. ભગવાન !

**'પરસમયોનું (મિથ્યામતીઓનું) વચન સર્વથા (અર્થાત્ અપેક્ષા વિના) કહેવામાં આવતું હોવાથી ખરેખર મિથ્યા છે.'** આહા...હા ! **'અને જૈનોનું વચન...'** જૈનોનું છે ને ! **'जइणाणं पुण' 'કથંચિત્ (અર્થાત્ અપેક્ષા સહિત) કહેવામાં આવતું હોવાથી ખરેખર સમ્યક્ છે.'** જૈન દર્શનનું વચન તો સમ્યક્ (હોય છે). બીજા નયની અપેક્ષા રાખીને, જે જે ભૂમિકાએ, જે જે હોય, તેની અપેક્ષા

રાખીને નયનું વચન હોય છે. જે જે ભૂમિકાને યોગ્ય જે જે હોય, તેની અપેક્ષા રાખીને હોય છે. પણ એને સમ્યક્દર્શનમાં ચારિત્ર અને વ્રત નથી તો એ નયાભાસ છે. એમ કહે કે આ તો એકાંત મિથ્યાદૃષ્ટિ છે. (તો તે બરાબર નથી).

અને સમ્યક્દૃષ્ટિ વિના વ્રત અને તપને ધારણ કરે, કેમકે આ તો અમારો વ્યવહાર છે. એ પણ મિથ્યાદૃષ્ટિ એકાંત છે. આવું આકરું કામ છે. **'અને જૈનોનું વચન કથંચિત્ (અર્થાત્) અપેક્ષા (સહિત) કહેવામાં આવતું હોવાથી ખરેખર સમ્યક્ છે.'**

**'એ રીતે (ઉપરોક્ત) સૂચન પ્રમાણે (અર્થાત્ ૪૭ નયોમાં સમજાવ્યું તે વિધિથી) એક એક ધર્મમાં એક એક નય એમ અનંત ધર્મોમાં વ્યાપક અનંત નયો વડે...'** લ્યો છે. '**...અનંત નયો વડે નિરુપણ કરવામાં આવે તો...**' જોયું ! ઓલો શુદ્ધનય કહ્યો એ પણ એક નય છે. શુદ્ધનય એટલે આ દ્રવ્યને, નિત્યને વિષય કરે છે. એ અહીંયાં નથી લેવું. એ દ્રવ્યને અદ્વૈત જાણે છે, એવો એક નય લેવો છે. આહા...હા !

ખરેખર '**(અનંત) નયો વડે નિરૂપણ કરવામાં આવે તો સમુદ્રની અંદર મળતા, શ્વેત–નીલ– ગંગા–યમુનાના જળસમૂહની માફક...**' શું કીધું ? ગંગાનું પાણી ધોળું છે અને યમુનાનું (પાણી) લીલું હોય છે. બે ભેગું ભળે (છે) '**(અનંત નયો વડે) નિરૂપણ કરવામાં આવે તો, સમુદ્રની અંદર મળતા શ્વેત–નીલ ગંગા–યમુનાના જળસમૂહની માફક, અનંત ધર્મોને પરસ્પર અતદ્‌ભાવમાત્ર વડે જુદા પાડવા અશક્ય હોવાથી...**'

જેમ ઓલું પાણી પણ દરિયામાં ભેગું છે ને. ગંગાનું પાણી અને યમુનાનું પાણી, બે રંગફેર (છે), પણ ભેગું છે. એમ નય છે, એનો વિષય ભેદ છે, પણ છે ભેગું. પ્રમાણમાં બધા ભેગા છે. આહા...હા ! તેમ તે વિધિથી '**...એક એક ધર્મમાં એક એક નય વ્યાપે. એમ અનંત ધર્મોમાં વ્યાપક અનંત નયો વડે, નિરૂપણ કરવામાં આવે તો, સમુદ્રની અંદર મળતા, શ્વેત–નીલ ગંગા–યમુનાના જળસમૂહની માફક અનંત ધર્મોને પરસ્પર, અતદ્‌ભાવ (માત્ર) વડે જુદા...**' (એક ધર્મ બીજા ધર્મ રૂપે હોતો નથી. અતદ્‌ભાવ પર્યાય છે. પર્યાય (– પર્યાય) વચ્ચે, ગુણ–ગુણ વચ્ચે, પણ અતદ્‌ભાવ છે).

'**...પાડવા અશક્ય હોવાથી, આત્મદ્રવ્ય અમેચકસ્વભાવવાળું...**' છે. અભેદ વિવિધતા રહિત એક (છે). '**અમેચકસ્વભાવવાળું છે, એક ધર્મમાં વ્યાપનારું, એક ધર્મી હોવાને લીધે, યથોક્ત એકાંતાત્મક (એક ધર્મ – સ્વરૂપ) છે.**' અને એક એક ધર્મને જોનારો, એક એક નય જુઓ તો એકાંતાત્મક છે. સમુચ્ચય જુઓ તો અનેકાંત છે. અને એક એકને જુઓ તો એક છે. પરંતુ ઝીણું છે જરી !

વિશેષ લેવાશે......

❀ ❀ ❀

## પ્રવચન : ૧૦-૧-૧૯૭૮

('પ્રવચનસાર') ફરીને એ લેશું. આ રીતે છે ને ? **'એ રીતે આ (ઉપરોક્ત) સૂચન પ્રમાણે (અર્થાત્ ૪૭ નયોમાં સમજાવ્યું તે (વિધિથી) એક એક ધર્મમાં એક એક નય (વ્યાપે).'** ઝીણી વાત છે. જરી ધ્યાન રાખો. એક નયથી એક જ ધર્મ જણાય. **'એમ અનંત ધર્મોમાં વ્યાપક અનંત નયો...'** છે ? આહા...હા ! અનંત ધર્મ આત્મામાં છે. અનંત ગુણ અને અનંત પર્યાય એ અનંત એણે ધારી રાખેલું છે (માટે) ધર્મ કહેવાય.

**'અનંત ધર્મોમાં વ્યાપક અનંત નયો વડે નિરૂપણ કરવામાં આવે તો, સમુદ્રની અંદર મળતા શ્વેત–નીલ ગંગા–યમુનાના જળસમૂહની માફક...'** ગંગાનું પાણી ધોળું છે. અને યમુનાનું પાણી લીલું છે – વાદળિયું છે. વાદળી રંગના **'જળસમૂહની માફક, અનંત ધર્મોને પરસ્પર અતદ્ભાવમાત્ર...'** માંહે માંહે અતદ્ભાવ છે. કાંઈ એક નથી.

અતદ્ભાવ એટલે ? એક ધર્મ બીજા ધર્મ રૂપે નથી. અતદ્ભાવ રૂપે છે. દરેક ભિન્ન ભિન્ન છે. **'અતદ્ભાવ (માત્ર) વડે જુદા પાડવા અશક્ય હોવાથી આત્મદ્રવ્ય અમેચકસ્વભાવ વાળું...'** છે, અભેદ છે. એક નયથી જુએ તોપણ આમ જુદા પાડવા અશક્ય હોવાથી અભેદ છે, એમ કહે છે.

**'એક ધર્મમાં વ્યાપનારું...'** છે ? આખું દ્રવ્ય એક નયે જોતાં, એક ધર્મમાં વ્યાપનારું છે. **'એક ધર્મી હોવાને લીધે યથોક્ત એકાંતાત્મક (એકધર્મસ્વરૂપ) છે.'** એક નયથી જુઓ તો એક ધર્મ સ્વરૂપ છે. સમજાણું કાંઈ ? ઝીણું છે જરી. **'પરંતુ યુગપદ્ અનંત ધર્મોમાં વ્યાપક એવા અનંત નયોમાં વ્યાપનારા એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ વડે, નિરૂપણ કરવામાં આવે તો, બધી નદીઓના જળસમૂહના સમવાયાત્મક (સમુદાયસ્વરૂપ) એક સમુદ્રની માફક,'** ઓલો અતદ્ભાવ હતો. (અભેદ) તે તે ભાવ રૂપે અભેદ તે ન હતો.

અહીં **'એક સમુદ્રની માફક, અનંત ધર્મોને વસ્તુપણે જુદા પાડવા અશક્ય હોવાથી આત્મદ્રવ્ય મેચક સ્વભાવવાળું,'** ભેદવાળું હોવા છતાં **'અનંત ધર્મોમાં વ્યાપનારું, એક ધર્મી હોવાને લીધે, યથોક્ત અનેકાન્તાત્મક અનેક ધર્મ સ્વરૂપ)'** છે ? એક એક નયથી અનેકાત્મક છે. અને અનંત નયથી જુઓ તો અનેકાન્તાત્મક છે.

દૃષ્ટાંત સમુદ્રનું દેશે. સમુદ્રમાં જેમ એક નદી અને બીજી નદીમાં જુદાં રંગ છે ને એકનો ધોળો અને ઓલો... (વાદળી). એક એકથી જુઓ તો, દરિયો આખો (એક એક રૂપ) દેખાય અને બધાથી દેખો તો બધા સમૂહરૂપ દેખાય. એકથી દેખો તો એકાત્મક અને અનેકથી દેખો તો અનેકાત્મક. આવી બધી ભાષા હોય.

એક નયથી જુએ તોપણ આત્માને જુદો પાડી શકાય નહિ. અતદ્ભાવ છે. એક ભાગ છતાં

આખું દેખાય. અને અનંત નયથી દેખો તો ય આખું દેખાય. તે આખો એનો સરવાળો આગળ લેશે. શુદ્ધ ચૈતન્યમાત્ર દેખે છે. દેખવાનો આ સરવાળો છે. પછીનો શ્લોક આ આવશે. એક નયથી દેખો તોપણ આત્મદ્રવ્ય શુદ્ધ ચૈતન્યમાત્ર દેખાય. અનંત નયથી દેખો તોપણ આત્મા આખો શુદ્ધ (ચૈતન્ય) માત્ર દેખાય છે.

અનંત ધર્મોમાં વ્યાપનારું એક ધર્મી (અર્થાત્) વસ્તુ એક હોવાથી યથોક્ત અનેક સ્વરૂપ છે. અનેકાન્તાત્મક છે. '**જેમ એક વખતે એક કાળે, એક નદીના જળને જાણનારા.**' છે ? '**એક નદીના જળને જાણનારા જ્ઞાનાંશ વડે જોવામાં આવે તો સમુદ્ર એક નદીના જળસ્વરૂપે જણાય છે.**' છે ? એક જળ સ્વરૂપ આખો સમુદ્ર જણાય છે. આહા...હા ! '**તેમ એક વખતે એક ધર્મને જાણનારા એક નયથી જોવામાં આવે તો આત્મા એક ધર્મ સ્વરૂપ જણાય છે.**' એક નયથી જુએ તો આત્મા એકરૂપ એકાંત દેખાય છે. અનંતથી દેખે તો, આત્મા અનેકાંતમય દેખાય છે પણ દેખાય છે આત્મા. આહા...હા !

'**પરંતુ જેમ એકીસાથે સર્વ નદીઓનાં જળને જાણનારા જ્ઞાન વડે જોવામાં આવે તો સમુદ્ર સર્વ નદીઓનાં જળસ્વરૂપે જણાય છે, તેમ એકી સાથે સર્વ ધર્મોને જાણનારા પ્રમાણ વડે જોવામાં આવે તો આત્મા અનેક ધર્મસ્વરૂપ જણાય છે. આ રીતે એક નયથી જોતાં, આત્મા એકાંતાત્મક (છે).**' આ એનો સરવાળો. એખ નયથી જોતાં તો ય એ આત્મા જણાય છે અને અનેક નયથી જુઓ તોપણ આત્મા જણાય છે.

કેમ કે એક નયથી જુઓ તોપણ બધા ધર્મોને તદ્દભાવ ભિન્ન હોવા છતાં એક રૂપ છે, આત્મદ્રવ્યમાં એકરૂપ છે. આ રીતે એક નયે જુએ તોપણ આતમદ્રવ્ય જણાય છે. અને અનંતનયથી જુઓ તોપણ આત્મા જણાય છે. એક જળના એક પ્રકારથી જુઓ તો સમુદ્ર જણાય છે. જળના અનેક પ્રકારથી જુઓ તોપણ સમુદ્ર જણાય છે. સમજાણું કાંઈ ?

'**આ રીતે એક નયથી જોતાં આત્મા એકાંતાત્મક (છે)**' પણ આત્મા હો ! એક નયથી જોતાં એક જ ધર્મ એમ નહિ. એક નયથી જોતાં આત્મા એકાંતાત્મક છે – એક નય સ્વરૂપ છે. '**અને પ્રમાણથી જોતાં અનેકાન્તાત્મક છે.**' આહા...હા ! ઝીણું પડે !

દરિયો છે ને દરિયો, અને ગંગાના ને યમુનાનાં પાણીમાં રંગભેદ છે. તો એક રંગથી જુઓ તોપણ આખો દરિયો દરિયો એકરૂપ દેખાય, અને બે રૂપે, બધી નદીઓના રંગથી દેખો તોપણ દરિયો અનેકરૂપે દેખાય છે; તો આત્માની જેમ દરિયો એકરૂપે દેખાય, એમ અનેકરૂપે દેખાય. એમ આત્મા એક ધર્મથી પણ આખો દેખાય અને અનેક ધર્મથી પણ આખો દેખાય. આહા...હા ! એકરૂપ દેખાય. એક રૂપથી એક રૂપ દેખાય એમ નહિ.

એક નયથી જુઓ તોપણ આત્મા આખો દેખાય છે. કારણ કે બીજા ધર્મોને જુદા પાડવા અશક્ય હોવાથી એમ કહ્યું. અને સમુદ્રમાં ગંગા નદીનું પાણી ધોળું, યમુનાનું પાણી વાદળી (છે) પણ એક જળથી જુઓ તો એમાં ઓલું જુદું પાડી શકાતું નથી. માટે એક જળથી જુઓ તોપણ દરિયો એમ દેખાય છે અને બધા પાણીને ભેગા દેખો તો (પણ) દરિયો એકરૂપ દેખાય છે – જુદા નથી, ત્યાં જુદા નથી. માટે એક નયથી જુઓ તો આત્મા આખો દેખાય અને અનેક નયથી

દેખો તો આત્મા આખો દેખાય. એમ કહે છે. ભાઈ ! સમજાય છે કાંઈ ?

કોઈ દિ' આવું સાંભળ્યું ન હોય ને આત્મા આવો છે. એ તો અનંત ધર્મ રૂપ છે. અનંત ધર્મ એટલે અનંત ભાવ. અનંત ભાવ એટલે અનંત ગુણ અને અનંતી પર્યાય. આ આત્મદ્રવ્ય જે છે, એ અનંત ધર્મ સ્વરૂપ છે. ધર્મ સ્વરૂપ એટલે કે અનંતભાવ સ્વરૂપ છે. અનંત ભાવ સ્વરૂપ છે એટલે અનંત ગુણ અને અનંત પર્યાય સ્વરૂપ છે. થયું, હવે એને એક નયથી જુઓ.

દરિયો... જેમ દરિયાને ગંગાના અને યમુનાના વિધવિધ પાણીથી એક હારે જુઓ તોપણ દરિયો છે. અને એક એક પાણીથી જુઓ તોપણ આખો દરિયો દેખાય છે. એમ આત્મામાં અનંત ભાવ (અર્થાત્) ગુણ અને પર્યાય એને એક નયથી જુઓ તોપણ બીજા ગુણો જુદા પાડી શકાતા નથી. માટે એક નયથી જુઓ તો આત્મા છે. અનેક નયથી જુઓ તો અનેકાંતાત્મક આત્મા છે. એક નયથી જુઓ તો એકાંતાત્મક આત્મા છે. અનેક નયથી જુઓ તો અનેકાંતાત્મક આત્મા છે. આવું ઝીણું છે.

સવારે ઝીણું. પાછું અત્યારે ઝીણું. વાણિયાને વખત મળે નહિ. આહા...હા ! અંદર, એક દેખે તો દેખવું ત્યાં જ છે ને ! એક ધર્મ જુઓ તોપણ આખો (આત્મા) દેખાય છે. એમ કહે છે. આહા...હા ! અનેકથી દેખે તોપણ આખો આત્મા છે. એક નયથી એક જ અંશને જોવો નથી. એમ કહે છે. આહા...હા !

એક જળના પાણીને દેખતાં એક જ જળના પાણીવાળો દરિયો એમ નહિ. પણ એક જળનું પાણી દેખતાં આખો દરિયો અને બેય પ્રકારના વાદળી અને ધોળા રંગથી દેખો તોપણ (આખો) દરિયો. સમજાણું કાંઈ ? વિચાર કરે તો વિચારવાનો વખત પણ હારે રહે છે. હવે એની ટીકા – ગાથાર્થ કરે છે. ગાથા છે ને !

**'स्यात्कारश्रीवासवश्यैर्नयौधैः पश्यन्तीत्थंचेत् प्रमाणेन चापि।**
**पश्यन्त्येव प्रस्फुटानन्तधर्म- स्वात्मद्रव्यः शुद्धचिन्मात्रमन्तः।।'**

**'આ રીતે સ્યાત્કારશ્રીના –** (સ્યાત્કારરૂપી લક્ષ્મીના)**.**' એટલે કે કથંચિત પ્રકારની લક્ષ્મી દ્વારા, સ્યાત્કાર–સ્યાત્–કદાચિત્ છે ને ? સ્યાદ્વાદ. '**વસવાટને વશ વર્તતા નયસમૂહો વડે (જીવો) જુએ તોપણ અને પ્રમાણ વડે જુએ તોપણ સ્પષ્ટ અનંત ધર્મોવાળા નિજ આત્મદ્રવ્યને**' આહા...હા ! '**અંદરમાં નિજ શુદ્ધ ચૈતન્યમાત્ર દેખે છે જ.**' આમ દેખો તો પર્યાયમાં રાગ છે. એ પણ એક નય હતો. રાગ છે એ પણ એક નયનો ધર્મ હતો. છતાં તેને જાણીને પણ જાણવું છે. (આત્મદ્રવ્ય) આ શું કીધું એ ? આહા...હા !

એમ તો કહ્યું હતું કે એક નય રાગવાળો છે, એક નય કર્તાવાળો છે, ભોક્તાવાળો છે. છે ને ? એક નય અનુષ્ઠાનવાળો છે. એ નયનો ધર્મ ભલે હો ! એને જાણીને પણ વળવું છે ક્યાં ? આત્મદ્રવ્ય તરફ... આહા...હા ! છે ? '**આ રીતે સ્યાત્કારશ્રીના વસવાટને વશ વર્તતા નય સમૂહો વડે જુએ તોપણ અને પ્રમાણ વડે જુએ તો પણ...**' નયસમૂહ વડે જુએ તોપણ, (સ્પષ્ટ અનંતધર્મોવાળા નિજ) '**આત્મદ્રવ્યને અંદરમાં શુદ્ધચૈતન્ય માત્ર દેખે છે જ.**' એમ લેવું. શું કીધું ?

નય સમૂહ વડે જુએ તોપણ નિજ આત્મદ્રવ્યમાં શુદ્ધ ચૈતન્યમાત્ર દેખે છે જ. પ્રમાણ વડે

જુએ તોપણ સ્પષ્ટ અનંત ધર્મોવાળા નિજ આત્મદ્રવ્યને અંદરમાં શુદ્ધચૈતન્યમાત્ર દેખે છે જ. હેં (આવો) આત્મા અંદરમાં (છે). બહાર પર્યાયમાં રાગ છે, ને નિર્મળતા (નો ભેદ) છે – એમ ન જોતાં, અંદરમાં (આમ) જોવું, એમ કહે છે.

દ્રવ્યમાં જોવું. દ્રવ્ય ! દ્રવ્ય ! એ દ્રવ્ય કેવું ? કે છે તો અનંત ધર્માત્મક. આનું જ્ઞાન કરીને પણ જાવું છે, અંદરમાં જોવા. આત્મદ્રવ્ય જે વસ્તુ છે તેને જોવું. આહા...હા ! આતમદ્રવ્ય અંદરમાં શુદ્ધ ચૈતન્યમાત્ર દેખે છે જ. આહા...હા ! ત્યાં ઓલું–પહેલું જે આત્મદ્રવ્ય લીધું હતું. એ અનંત ગુણ અને અનંત પર્યાય વિકારી અને અવિકારીનો સમૂહ લીધો હતો. પણ એ બધા સમૂહ વડે જુએ તો અંદરમાં જવું છે. અંદર ઊંડે આત્મા જે શુદ્ધ ચૈતન્યઘન છે. એને જોવો છે, એમ કહે છે. આહા...હા ! અનંત પર્યાયોમાં અનંત નયો હોવા છતાં અને અનંત પર્યાયમાં વિકાર હોવા છતાં, અને એ વિકારને જાણનાર નય હોવા છતાં (એ બધું) જોઈને જોવાનું છે અંદર દ્રવ્ય તરફ. શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય તરફ (જોવાનું છે). આહા...હા ! સમજાણું કાંઈ ?

આવું બેસવું કઠણ પડે. (લોકોને) ઓલું વ્રત ને તપ ને (કરવું) અનુકૂળ (પડે). આહા...હા ! આત્મદ્રવ્ય જે ૪૭ નયમાં પહેલાં આવતું એ આત્મદ્રવ્ય અનંત ગુણ અને અનંતી વિકારી–અવિકારી પર્યાયને ધરનારું આત્મદ્રવ્ય.

હવે કહે છે કે, એક એક ગુણ અને એક એક નયને તોપણ જોવાનું તો ત્યાં આત્મામાં છે. આત્મા શુદ્ધ ચૈતન્ય માત્ર છે તેને જોવો છે અને આખો પ્રમાણ વડે જુઓ તોપણ આત્મા શુદ્ધ ચૈતન્ય માત્ર છે તેને જોવો છે. એ પ્રમાણ વડે કરીને જોવું છે એ આ દ્રવ્ય. પ્રમાણમાં જ્ઞાન કર્યું. વિકારી અવિકારીનું જ્ઞાન કર્યું. એ પ્રમાણમાં આવ્યું. આવવા છતાં પણ એ જોવાનું છે અંદરમાં આહા...હા ! સમજાણું કાંઈ ?

પ્રમાણમાં (બધાનું) જ્ઞાન કર્યું. ત્રિકાળી દ્રવ્યનું કર્યું, ગુણનું કર્યું, પર્યાયનું કર્યું, પણ એ બધું કરીને જોવા ક્યાં જવું છે ? આત્મદ્રવ્ય ત્રિકાળી શુદ્ધ છે, ત્યાં જવું છે. જુઓ ! છે ? આત્મદ્રવ્ય નિજ આત્મદ્રવ્યને – પોતાના આત્મદ્રવ્યને; ભગવાનને નહિ. આહા...હા ! આવી વાતું છે ઝીણી ! અંદરમાં શુદ્ધ ચૈતન્ય માત્ર, શુદ્ધ ચૈતન્ય માત્ર (જ) દેખે છે, એમ લીધું. પ્રમાણમાં ઓલું પર્યાયમાં વિકાર છે છતાં એ ખ્યાલમાં રહે. છતાં વળવું આમ (અંતરમાં) આહા...હા ! સમજાણું કાંઈ ?

આવો માર્ગ છે ભાઈ ! કેમકે એ દ્રવ્ય–આતમદ્રવ્ય જે ૪૭(નય)માં કહ્યું હતું, એ તો અનંત ગુણો અને અનંત પર્યાયો વિકારી–અવિકારી એને ધરનારું આતમદ્રવ્ય. એટલી વ્યાખ્યા કરી પછી એમાંથી એક એક નયે તેને સમજાવ્યું પછી પ્રમાણથી સમજાવ્યું. પણ અહીં તો કહે છે કે, ભલે એક નયથી – એક ધર્મથી સમજાવ્યું પણ નજરું ક્યાં પાછી નાખવાની છે ? એ વિકારને જોવાનું પ્રમાણમાં જ્ઞાન થયું. પણ એ જ્ઞાન ત્યાં રાખવાનું નથી. સમજાણું કાંઈ ? આહા...હા ! ભાષા તો જુઓ ને શું છે ! એ રીતે '**આત્મદ્રવ્યને અંદરમાં શુદ્ધચૈતન્યમાત્ર દેખે છે જ.**' આહા...હા ! હેં ! પ્રયોજન આ છે. એને કહેવાનું ફળ આ છે.

ભલે અનંત ગુણોનો, એક – એક ગુણનો એક–એક નય કહીએ અને અનંતી પર્યાયમાં નિર્મળ પર્યાયને એક–એક નય કહીએ અને વિકારી પર્યાયને પણ એક–એક નય કહીએ. અને

એ નયનું જ્ઞાન પણ શ્રુતપ્રમાણમાં આવે. પણ આવતાં છતાં ઢળવું છે શુદ્ધ ચૈતન્ય ઉપર. આહા...હા ! આમાં સમજાણું કાંઈ ? આમાં સમજાણું ? કીધું એમાં ?

ફરીને આ આત્મદ્રવ્ય જે છે. એ પરથી ભિન્ન, પરની હારે કાંઈ (સંબંધ નહિ) અને પોતાથી અભિન્ન. પોતાથી એટલે પોતાના ગુણ જે કાયમી અને પર્યાય જે પલટતી વિકારી કે અવિકારી એ બધી પર્યાય (અને) ગુણનો ધરનાર આત્મદ્રવ્યધર્મી, એવું એક નયથી જુઓ તોપણ એ શુદ્ધ ચૈતન્યને જોવું છે (એમ) કહે છે. જ્ઞાન (બધાનું) ભલે હોં ! સમજાણું કાંઈ ?

વિકારનું જ્ઞાન હોય, અવિકાર પર્યાયનું જ્ઞાન હોય, છતાં એને જોવાનું છે અંદર – શુદ્ધ ચૈતન્યમૂર્તિ ઉપર નજર કરવાની છે. આહા...હા ! ભગવાનઆત્મા ત્રિકાળ પરથી ભિન્ન જ છે. અને તે અહીંયાં સાધકભાવની અપેક્ષાનું વર્ણન છે. એક વાત. શું એક વાત થઈ ? કે પર કર્મ, શરીર વાણી–મનને એનાથી તો ભિન્ન છે. એક વાત અને એ પરથી ભિન્ન છે. એ પોતે અનંતગુણ અને અનંત પર્યાયનો સમુદાય (છે). સાધકપણાની અપેક્ષાએ વાત છે. અહીં બાધકપણાની અપેક્ષાએ વાત નથી. સમજાણું કાંઈ ? બાધકપણું એટલે ? હેં ! જેને અજ્ઞાનીની ફક્ત રાગમાં જ દૃષ્ટિ પડી છે, એની અહીંયાં વાત નથી. જેના જ્ઞાનમાં રાગનું જ્ઞાન છે, નિર્મળ પર્યાયનું જ્ઞાન છે, ગુણોનું જ્ઞાન છે, એ આખા સમુદાયરૂપ દ્રવ્યનું જ્ઞાન છે, એક–એક નયનું એક–એક ધર્મનું જ્ઞાન છે, એવા સાધક જીવને માટેની આ વાત છે. આહા...હા !

હવે આ સાધક વચમાં નાખ્યું. હવે જ્યારે સાધક છે. તો દર્શનની અપેક્ષાએ એની દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર જ છે. પણ જ્ઞાનની અપેક્ષાએ, અનંત ગુણને જાણવા છતાં, અનંતી પર્યાયને – વિકારી, અવિકારી(ને) જાણવા છતાં – એક નયથી જુઓ તોપણ આખા શુદ્ધ ચૈતન્ય ઉપર એને નજર કરવાની છે અને અનંત નયના સમૂહ પ્રમાણ વડે જુઓ તોપણ એને શુદ્ધ ચૈતન્ય ઉપર દૃષ્ટિ કરવાની છે.

કહો ! સમજાય છે કાંઈ ? ભાઈ ! આ તો દરિયો છે – સમુદ્ર (છે). આહા...હા ! સાંજે ઓલા (વેપારી) આખો દિ' નામાં લખે છે, ખાતાવહીમાં ખતવે છે નહિ ! સાંજે જુદાંજુદાં નામાં લખે, પછી સાંજે ખાતાવહીમાં આખું ખતવે. આ ખાતાવહીમાં ખતવી નાખ્યું હવે. આહા...હા !

દરિયાનો દૃષ્ટાંત જોયો નહિ ! કે દરિયામાં ગંગા અને યમુનાનાં પાણી રંગભેદ(વાળાં) છે છતાં તે રંગભેદના એક એક જળથી જુઓ તો ય, દરિયો જોવો છે. કેમ કે દરિયાની પેઠે એનાં પાણીનો રંગ ધોળો અને લીલો જુદો પાડી શકાતો નથી. તેથી એને એકથી જોવો (હોય) તોય દરિયો જોવો છે. અને આ બેય રંગથી જોવો હોય તોય દરિયો જોવો છે. એમ ભગવાનઆત્મામાં એક એક ગુણ અને એક એક પર્યાયના એક એક ધર્મના નયથી જુઓ તોપણ તેને આત્મદ્રવ્ય શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય છે તે જ જાણવું છે અને અનંત નયના સમૂહરૂપ પ્રમાણ (જ્ઞાન) વડે જુઓ તો પર્યાય ભલે તેના જ્ઞાનમાં આવે ખરી પણ એની દૃષ્ટિનું જોર ત્યાં શુદ્ધ દ્રવ્ય ઉપર છે. સમજાણું કાંઈ ?

પોતે આત્મા પરથી ભિન્ન હોવા છતાં, એમાં અનંત ગુણ છે અને અનંત પર્યાય છે, અને તે પણ અહીંયાં નિર્મળ પર્યાય(વાળા) સાધક જીવની વાત લેવી છે. નયની વાત લેવી છે ને !

અજ્ઞાનીને નય કેવા ? અને પ્રમાણ કેવા ? આહા...હા ! જેને એક નયના એક ધર્મથી સાધક જોવે, તોપણ તે ધર્મ, વસ્તુ ધર્મી જે શુદ્ધ ચૈતન્ય (તેને જ) અનુભવે છે અને અનેક ધર્મના અનેક સમૂહથી પ્રમાણથી જોવે તોપણ તે શુદ્ધ ચૈતન્યને દેખે છે. આહા...હા ! સમજાણું કાંઈ ?

કહો ! બફમ લાગે છે હજી બધું. આકરું લાગે છે. હા પાડતાં પછી જવાબ શું દેવો ? એ કેટલીવાર તો ફેરવી ફેરવીને વાત થાય છે. આહા...હા ! અંતરમાં એનું ધ્રુવપણું છે એમાં અનંત ગુણ છે, એની પલટતી દશામાં અનંત પર્યાયો છે. હવે જ્યારે એને આખાને જોવું છે; તો કહે છે કે આખો પ્રમાણ વડે એ જોવાય અને એક ધર્મ અને બીજા ધર્મો જુદા પાડી શકાય નહીં, માટે એક ધર્મથી પણ ત્યાં આત્માને શુદ્ધ જ જોવો છે. આહા...હા ! અને અનંત નયને અનંત ધર્મ વડે જુઓ તો, તોપણ બધા ભાવ ભિન્ન ભિન્ન છે, છતાં ત્યાં એકરૂપે દેખાય છે. શુદ્ધ ચૈતન્યરૂપે અનેકાંતાત્મક આત્મા અનેક ધર્મો (એમાં) દેખાતા હોવા છતાં, વસ્તુ તરીકે શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય દેખાય છે. છે ને એ ?

આ તો આચાર્યદેવે ગજબ કામ કર્યાં છે ! આવી વાત ક્યાંય ન મળે. આહા...હા ! '**આ રીતે (સ્યાત્કારશ્રીના)...**' સ્યાત્ એટલે અપેક્ષા. અપેક્ષાની લક્ષ્મીથી જુઓ તો '**વસવાટ (ને વશ)**' અનેક પ્રકારની લક્ષ્મીને વશ થઈ '**વર્તતા નયસમૂહો વડે જુએ તો પણ;**' નય સમૂહ વડે જુએ તો – એમ કહ્યું ને પહેલાં ? ભલે એક એક નયને જોતાં પણ આવા અનંત નયો ભેગા આવે છે અને ત્યાં બધા અંદર કાંઈ જુદાં પડતા નથી. '**અને પ્રમાણ વડે જુએ તોપણ સ્પષ્ટ**' – પ્રત્યક્ષ, સ્પષ્ટ પ્રત્યક્ષ, '**અનંત ધર્મોવાળા નિજ આત્મદ્રવ્યને અંદરમાં શુદ્ધ ચૈતન્યમાત્ર દેખે છે જ.**'

આહા...હા ! ગજબ કામ કર્યું છે ને !? ત્રણ લીટીમાં તો બાર અંગનો સાર ભરી દીધો છે. આહા...હા ! એક એક વાક્યમાં શ્રીમદ્ કહે છે કે જ્ઞાનીના એક એક વાક્યમાં અનંત આગમ ભર્યાં છે. આહા...હા !

કેટલી અપેક્ષાથી તેમાં તેટલાં કથન ભર્યાં હોય છે. એમાં હોય કે ન હોય એની વાત નથી. ભગવાન (આત્મા) તો અનંત અનંત ધર્મનો દરિયો – સમુદ્ર છે. કેટલા અનંત ? કે આકાશના પ્રદેશનો જ્યાં અંત નથી. આહા...હા !

એ આવ્યું હતું. સવારમાં નહોતું આવ્યું ? અનંતતઃ... અસંખ્ય પ્રદેશી એમ આવ્યું હતું. અસંખ્ય પ્રદેશી સ્થિર શાશ્વત ! આવ્યું હતું ને ? પછી લસત ભાવ, પ્રત્યક્ષ વિશદ, વિશદ રહી ગયું. લસત તો ચોથો બોલ છે. 'અંતઃ સ્થિર વિશદ લસત' આહા...હા ! અંતરમાં અસંખ્ય પ્રદેશી છે. એ થયું. પછી સર્વકાળ શાશ્વત થયું. પછી એનું સ્વરૂપ શુદ્ધ થયું પછી એનું સ્વરૂપ પ્રત્યક્ષ થયું આહા...હા ! ચારેયમાં આત્માને આખો સમાવી દીધો. અહીં અનંત (ધર્માત્મક) આત્માને પ્રમાણમાં સમાવી દીધો. આહા...હા !

'અમૃતચંદ્ર આચાર્ય'ની ટીકા ભરતક્ષેત્રમાં (અજોડ છે) ! દિગંબરમાંય બધી ટીકાઓ છે પણ આવી ટીકા ! આ (તો) અલૌકિક છે !! ભાઈ ! અહીં તો કહે છે કે, ભલે અમે અનંતથી વાત કરી, પણ એક એક નયથી એક ધર્મ ત્યાં કાંઈ જુદો નથી. એક નયથી જુએ તો અનંત ધર્મ ભેગા છે. અને આખા પ્રમાણથી જુઓ તો, પર્યાયોનું જ્ઞાન ભલે એમાં હો ! પ્રમાણમાં પ્રમાણ

છે ને ! એ કાંઈ નય નથી. એટલે પ્રમાણમાં અને વિકારમાં પણ નયમાં એક વિકાર નય છે કે નહીં ? નયમાં પણ એક વિકાર નય છે કે નહિ ? પણ વિકાર નય હોવા છતાં, એના જ્ઞાનમાં આમ અંદર વળતાં અનંત નયના સમૂહરૂપ આત્માને શુદ્ધ જોવો છે. આહા...હા ! અને અનંત ધર્મના અનંત નયના સમૂહરૂપ પ્રમાણથી જુઓ તોપણ તેને અંતરમાં શુદ્ધ ચૈતન્ય સ્વરૂપને અનુભવવું છે. આહા...હા ! સમજાણું આમાં ? હેં ! આહા...હા !

આ લોકોને બહારથી દયા પાળવી ને વ્રત પાળવા એ એકાંત એક અંત થઈ ગયો. બીજા અનંતા ધર્મો છે. અને અનંતી નિર્મળ પર્યાયો છે; એ તો રહી ગઈ. તો એ તો બાધકમાં જાય છે – મિથ્યાદૃષ્ટિમાં જાય છે. શું કહ્યું એ ?

વ્યવહાર, ભક્તિ, પૂજા, દાન, દયાનો ભાવ એ વિકૃત છે. એ વિકૃત જ એક નયનો વિષય છે. અને તેની સાથે નિર્મળ પર્યાય પણ ભેગી છે. એ તો આવી નહિ. અને એની સાથે એ પર્યાયનો ધરનાર ધર્મ, કોણ છે ? એ તો આવ્યો નહિ. અને એ ગુણનો ધરનાર દ્રવ્ય એ તો આવ્યો નહિ. આહા...હા ! ભાઈ ! આહા...હા ! શું થાય પ્રભુ ! મારગ તો એવો છે. બધા એવું કહે છે.

જગતમાં મધ્યસ્થ થઈ યથાર્થ સ્વરૂપ શું છે ? હું કોણ છું ? અને કેમ હશે ? એ એને જાણ્યા વિના બધું ભેગું ખતવી નાખે. એ બધી વાત વિપરીત થઈ જાય છે. આહા...હા !

'અમૃતચંદ્ર આચાર્ય મહારાજ !' આહા...હા ! એ (હાલતા) ચાલતા સિદ્ધ !! અને એક હજાર વર્ષ પહેલાં, પંચમ આરો કેટલો ગયો ? આહા...હા ! છતાં ત્યાં કાળ ક્યાં લાગુ પડે છે, એને ?! આહા...હા ! એને કાળ ક્યાં નડે છે ? આહા...હા ! પોતે કહે છે અહીં, સુખ છે, દેખે છે !! આહા...હા !

વર્તમાનકાળ, પંચમકાળ હોવા છતાં, અમારો જન્મ પાંચમા (આરા)માં હોવા છતાં, આહા...હા ! અમે અમારા એક ગુણને એક નયને જોતાં બધા નયોનો સમૂહ (દેખાય છે). ગુણ છે. એ જુદા પાડી શકાતા નથી. માટે તે પણ એક સાથે શુદ્ધ દ્રવ્ય જ જણાય છે. અને પ્રમાણ વડે... ઓલું એકાંતાત્મક કીધું. અને આમ બધા નયોના સમૂહ વડે, પ્રમાણ વડે કીધું. અને આમ બધા નયોના સમૂહ વડે, પ્રમાણ વડે જોઈએ તોપણ તે શુદ્ધ દ્રવ્ય દેખે છે જ. એમ કહ્યું. જોઈએ તો પણ તે શુદ્ધ દ્રવ્ય દેખે છે જ. એમ કહ્યું. જોઈએ તો પણ તે શુદ્ધ દ્રવ્ય દેખે છે જ. એમ કહ્યું. આહા...હા ! તોપણ નિજ આત્મદ્રવ્યને અંદરમાં, (આમ જુએ છે) એટલે બહાર પર્યાયનું લક્ષ ન રહ્યું. પર્યાયનું જ્ઞાન ભલે થયું. સમજાણું કાંઈ ? આહા...હા ! પર્યાયનું જ્ઞાન ભલે હો. રાગ છે, નિર્મળ (પર્યાય) છે, છતાં એનો સરવાળો ક્યાં લઈ જવો છે ? (તો) કહે છે, એને નિજ આત્મદ્રવ્ય ભગવાન અંદરમાં શુદ્ધ ચૈતન્ય માત્ર જોયું ! અંદરમાં લીધું છે ને ? પછી ઓલી પર્યાયો બધી આવી એનું જ્ઞાન ભલે રહ્યું આહા...હા !

અંદરમાં શુદ્ધ ચૈતન્યમાત્ર !! ત્યાં પાછું એમ ન કહ્યું કે ત્યાં વિકાર પણ ભેગો જણાય છે. આહા...હા ! જુઓ તો શૈલી !! આહા...હા ! જુઓ તો શૈલી !! પ્રમાણમાં જ્ઞાન તો ભલે આવ્યું... પણ પ્રમાણ જ્ઞાન વળ્યું છે ક્યાં ?! આહા...હા ! એ તો શુદ્ધ ચૈતન્યમાત્ર !! ચૈતન્ય

માત્રમાં કોઈ રાગેય ન આવ્યો. અને ખરેખર તો પર્યાય ન આવી. આહા...હા ! દેખે છે એ પર્યાય આવી. નિર્મળ... નિર્મળ... આહા...હા ! ભાઈ ! આહા...હા ! ભગવાન આ સમજાય એવી વાત છે, પ્રભુ !

આત્માને એમ ન માનવો કે, અમે સ્ત્રી છીએ, અમે બાળક છીએ, અમે અજાણ છીએ, અમે સજાણ છીએ, એમ ભગવાન ! એમ ન માનવું, એ કાઢી નાખવું. આહા...હા ! અમને સંસ્કાર નથી, અમે અજાણ્યા છીએ, અમે બાળક છીએ; એ કોઈ પણ વસ્તુ તારી વસ્તુમાં નથી આ તો છે; એની વાત ચાલે છે.

બાળકપણું ને વૃદ્ધપણું ને યુવાનપણું, એ શરીરનું સુંદર અને અસુંદર(પણું), સ્ત્રી–પુરુષ અને નપુંસકપણું, પ્રભુ ! એ તો તારામાં છે જ નહિ. એની તો અહીં વાત કરતા જ નથી. આહા...હા ! પ્રભુ !! તું એવો નાનો તો નથી. વૃદ્ધ નથી અને બાળક પણ નથી; નથી એની વાત નથી કરતાં. હવે તારામાં શું છે ? એની વાત કરીએ છીએ.

કહે છે કે, તારામાં પ્રભુ ! અનંત ગુણ અને અનંતી પર્યાય, નિર્મળ ને વિકારી, એ બધું તારામાં છે. આહા...હા ! પ્રભુ ! તું નાનો નહિ અને બાળક નહિ. એ હરિજન નહિ, એ વાણિયો નહિ, ખોજો નહિ, કણબી નહિ. આહા...હા ! એ નહિ ની વાત તો કરી જ નથી. એ તો નથી... નથી... નથી... આહા...હા !

હવે અસ્તિ તરીકે શું છે ? નય તરીકે ની વાત મૂકી દીધી. મને પચાસ વર્ષ થયા છે, મને સાઠ વર્ષ થયાં છે, મને સિત્તેર થયાં છે. ને બાપુ એ વાત તો છે જ નહિ. એ વાત તો તારામાં છે જ નહિ. આહા...હા ! ભગવંત ! તારામાં છે, એની વાત અમે કરીએ છીએ. તે પણ છે, એવું જ્ઞાન છે, અને અમે કરીએ છીએ. પર નથી અને હું છું એવું જેને જ્ઞાન છે. હું છું, પર નથી – એવું જેને જ્ઞાન છે એને અમે કહીએ છીએ.

આહા...હા ! છે ? એમાં શું છે ! તારું છે, એમાં શું છે ? કહે છે – એમાં અનંતા ગુણો છે, એમાં અનંતી પર્યાય પણ નિર્મળ છે, અને એમાં મલિન પર્યાય પણ છે. એવા આત્માની અમે વાત કરીએ છીએ. આહા...હા ! અને એ આત્મા... આહા...હા ! પોતાના એક ધર્મને એટલે કે એક નયને જોવા જાય તોપણ બીજા ધર્મો પણ એનાથી જુદા પડતા નથી. એક ધર્મને એટલે કે એક નયને જોવા જાય તો અંદરથી શુદ્ધ ચૈતન્યને જ દેખે છે. આહા...હા !

અને અનંત નયોના સમૂહ વડે, એટલે કે એમાં વિકારી પર્યાયોનો સમૂહ આવી ગયો. પણ એ તો જ્ઞાનમાં રહી ગયો. હવે એને અંદરમાં ક્યાં જોવું છે ? આહા...હા ! '**શુદ્ધચૈતન્યમાત્ર અંદરમાં દેખે છે જ.**' આહા...હા ! ગજબ કામ કર્યું છે ને ! હેં ! 'છે' ના ત્રણ પ્રકાર, 'નથી'નો એકેય પ્રકાર તારામાં નહિ. 'છે'. તો દ્રવ્ય–ગુણ અને પર્યાય. એના ય (પર્યાયના) બે ભેદ. વિકાર એને અવિકાર. એવા જીવને જ અહીં લીધો છે. આહા...હા ! સમજાણું કાંઈ ?

બહુ સમાવ્યું છે ! બહુ સમાવ્યું છે ! આહા...હા ! એની (જેટલી) ગંભીરતા ભાસે એટલી વાણી(માં) ન આવે. આહા...હા ! મોટો દરિયો (છે). એ તો અનંત ગુણનો નિર્મળ દરિયો છે. દરિયો નિર્મળ અને ગુણે ય નિર્મળ. પર્યાયમાં સાંભળનારા સાધક જીવો સાંભળવા આવ્યા છે.

અને એને ખ્યાલમાં છે.

કેટલીક નિર્મળ પર્યાય થઈ અને ગુણ નિર્મળ છે, એમ ખ્યાલ છે. ભેગી વિકારી પર્યાયનું જ્ઞાન કરાવીને. આહા...હા ! ભલે તું વિકારને – એક નયને જો પણ તેને આમ જોવું છે ને ! એને પાછું ક્યાં જોવું છે ? કે આમા જોવું છે. આ વિકાર છે. એનો નય જ્ઞાનનો અંશ છે. તો જ્ઞાનનો અંશ આમ વાળવાનો છે. આહા...હા !

આવું માણસને આકરું પડે છે. પછી સોનગઢ(ની વાત) એકાંત છે, એકાંત છે. અરે ! પ્રભુ ! બાપુ સાંભળને ! તું ભગવાન છે ! હોં ! તુંય ભગવાન છો ! બાપા ! તું ગમે તે વિરોધ કર પણ તારું ભગવાનપણું મટે એવું નથી. આહા...હા ! પર્યાયમાં ગમે તે ગોટાળા હોય. આહા...હા !

શી 'અમૃતચંદ્ર આચાર્યદેવ'ની દશા !! શું એમનો ક્ષયોપશમ ! શું એમની કથની ! અહો ! એમનું જ્ઞાન !! અહો ! એમનું દ્રવ્ય !! અહો ! એમની પર્યાય ! અહો ! એમની કહેવાની શૈલી – કથની ! અહો !! અહો !! છે ? આહા...હા ! બીજું બધું ભૂલીને તારામાં છે, એને જાણ. આહા...હા ! અને તારામાં છે તેને જાણનારને જાણવાની વાત કરે છે. સમજાણું કાંઈ ? આહા...હા !

'**સ્યાત્કારશ્રીના...**' એની અંતર ગંભીરતાના પાર આવતા નથી – એવી ત્રણ લીટી છે, એવી ત્રણ લીટી ! અપેક્ષાથી વસ્તુનું જે સ્વરૂપ લખ્યું છે એને '(**સ્યાત્કારશ્રીના**) **વસવાટને વશ વર્તતા નયસમૂહો વડે...**' જોયું ! અને પ્રમાણના વશે વર્તતા નયો – એકાંતપણે વર્તતા નયો નહિ. આહા...હા ! '**સ્યાત્કારશ્રીના વસવાટને વશ વર્તતા નયસમૂહો વડે (જીવો) જુએ તોપણ... નિજ આત્મદ્રવ્યને અંદરમાં શુદ્ધચૈતન્યમાત્ર દેખે છે જ.**' એમ લેવું. આહા...હા ! અને પ્રમાણ વડે જુએ. (તોપણ શુદ્ધચૈતન્યમાત્ર દેખે છે જ).

ઓલામાં એક જ નય કેમ ન લીધો ? નયસમૂહ એમાં લીધા છે કે એક નય વડે જોતાં, અનંત નયો સાથે જ હોય છે. એટલે ધર્મને જોતાં બધા અનંત ધર્મ સાથે હોય જ છે. આહા...હા ! એક ધર્મને જોતાં અનંત ધર્મ સાથે છે. એક નયને જોતાં અનંતા નયો સાથે છે. આહા...હા ! સમજાણું કાંઈ...? અને પ્રમાણવડે ભેગા કરીને જુએ તો (પણ ચૈતન્યમાત્ર દેખે છે). આહા...હા !

આમાં કાંઈ પંડિતાઈનું કામ નથી, બાપા ! આમાં બહુ ભણતર હોય, વ્યાકરણ અને સંસ્કૃત હોય તેને આ સમજાય, એવી આ ચીજ નથી. આહા...હા ! ભાઈએ કહ્યું છે ને ? 'ટોડરમલજી'એ –વ્યાકરણ અને સંસ્કૃત અને એ બધી પંડિતાઈ છે. એમે ય કહ્યું છે. અને વ્યાકરણ અને સંસ્કૃત આદિ ન જાણે, તો મોટા મોટા શાસ્ત્રોના સૂક્ષ્મ અર્થ જણાય નહિ, એમ પણ કહ્યું છે. આહા...હા ! પણ એને બહુ જાણતાં જાણતાં આખી જિંદગી વહી જાય, અને કર્તવ્ય ન થાય એવું કરીશ નહિ. એમ કહ્યું છે ને ? આહા...હા ! કરવાનું (આ છે).

આ ભગવાનઆત્મા ! અસ્તિ–સત્તા–હોવાપણે–અનંતગુણના હોવાપણે, અનંત પર્યાયના હોવાપણે (છે). એ પર્યાયમાં વિકાર પણ હોવાપણે (છે). આહા..હા ! એને એ બધું એક વિકારનયથી જુઓ તોપણ બધા નયોનો સમૂહ હારે રહે છે. એમાં કંઈ જુદું પડતું નથી.

એને એકાંતાત્મક ભલે કહ્યું. પણ બધા નયના સમૂહ વડે જુએ તોપણ નિજ આત્મદ્રવ્યને અંદરમાં શુદ્ધ ચૈતન્યમાત્ર દેખે જ છે. આહા...હા ! કહો. આટલો અર્થ થયો, ભગવાન ! આ

રીતે આત્મદ્રવ્ય કહેવામાં આવ્યું. આત્મા કેવો છે ? કોણ છે ? એ પ્રશ્ન કર્યો હતો. અને કેમ પ્રાપ્તિ થાય ? એમ પ્રશ્ન કર્યો હતો. આહા...હા ! તો આત્મા આવો છે. એ એક વાતનો ઉત્તર આપણો. આહા...હા ! આ કહેવામાં આવ્યું.

હવે તેની પ્રાપ્તિનો પ્રકાર કહેવામાં આવે છે. બીજો પ્રશ્ન હતો ને ? આમાં આવી તો ગયું છે. પણ વિસ્તારથી બીજી રીતે પાછું કહેશે. આ તો કેવો છે ? (તો) કે, આવો છે અને આમ પમાય. એ ભેગું તો આવી ગયું છે. પણ એ કેવો છે ? એ એમાં આવ્યું છે. આહા...હા ! **'એ રીતે આત્મદ્રવ્ય કહેવામાં આવ્યું. હવે તેની પ્રાપ્તિનો પ્રકાર (રીત) કહેવામાં આવે છેઃ'**

શરૂઆત તો કરીએ... પાંચ મિનિટ (બાકી) છે ને ? પ્રથમ તો '**तावदात्मनो**' છે ને ? '**तावदात्मनो**' – 'પ્રથમ તો અનાદિ પૌદ્‌ગલિક કર્મ જેનું નિમિત્ત છે...' શું કહે છે ? ભગવાનઆત્મામાં મોહનો જે ભાવ છે. મોહનો જે અનુભવ છે. આહા...હા ! મોહ એટલે મિથ્યાત્વ, રાગ–દ્વેષ, એનો જે પર્યાયમાં અનુભવ છે. એમાં મોહ કર્મનું નિમિત્ત છે, (માત્ર) નિમિત્ત છે. નિમિત્તથી મોહકર્મનો અનુભવ છે, એમ નહિ. કર્મ જેનું નિમિત્ત છે. એટલે વજન પાછું અહીં આપી દે.

મોહ કર્મ જેનું નિમિત્ત છે. એટલે નિમિત્તને લઈને થયું છે, એમ વજન આપી દે તો, એમ નથી. ફક્ત થવામાં નિમિત્ત છે. મિથ્યાત્વની અને રાગદ્વેષની પર્યાય થાય છે. પોતાની પોતાથી. પર્યાયમાં પોતાથી પોતા વડે ષટ્‌કારક રૂપે (પરિણમે છે). ષટ્‌કારક રૂપે ! આહા...હા ! એમાં પર કારકની અપેક્ષા નથી. એ વાત રાખીને અહીં નિમિત્ત કીધું છે.

આહા...હા ! અહીં વજન જાય છે કે, જુઓ ! અહીં નિમિત્તથી થાય છે. (પરંતુ) થાય છે એમ નથી કહેવું. પ્રભુ ! ફક્ત એનું સ્વલક્ષ નથી તેથી એ વિકાર પરલક્ષે છે. એટલે નિમિત્તને ત્યાં લક્ષ બનાવ્યું, પણ કર્યું છે લક્ષ પોતે, અને પોતાથી વિકાર થયો છે. સમજાણું કાંઈ ? આહા...હા ! '**तावत्**' પ્રથમ વાત તો એ છે કે... એમ કહે છે.

પ્રથમ વાત વિકારમાં પણ એ છે કે... એમ. વિકારમાં પણ મુદ્દાની રકમ એ છે કે... '**तावत्**' શબ્દ છે. '**અનાદિ પૌદ્‌ગલિક કર્મ જેનું નિમિત્ત છે...**' અનાદિથી છે ને ? એટલે. '**એવી મોહભાવના (મોહના અનુભવના)**' પર પ્રત્યેનો અનુભવ, રાગદ્વેષમોહ મિથ્યાત્વનો, એના '**પ્રભાવ વડે...**' મોહના પ્રભાવ વડે '**આત્મ પરિણતિ સદાય ઘૂમરી ખાતી હોવાથી...**' ઘૂમરી ખાય છે. આહા...હા ! ઠેઠ ફેર ફૂંદડીની જેમ ફરે, ફર, ફર, ફર, ફર, વિકાર કર્યા કરે છે.

આહા...હા ! ભગવાનઆત્મા એકરૂપે–દ્રવ્ય અને ગુણરૂપે હોવા છતાં, પર્યાયમાં મોહના નિમિત્ત વડે – '**મોહના અનુભવના પ્રભાવ વડે...**' આત્માની પર્યાય... પર્યાય હોં ! દ્રવ્ય–ગુણ તો છે, એ છે. '**આત્મપરિણતિ સદાય ઘૂમરી ખાતી (હોવાથી)**' પાછી એમ નહિ કે વિરહ નથી પડ્યો. અનાદિથી સદાય વિકારની ઘૂમરી ખાય છે. આહા...હા !

'**(આ) આત્મા સમુદ્રની માફક પોતામાં જ ક્ષુબ્ધ થતો થકો...**' ભાષા દેખો. જોયું ? નિમિત્ત ભલે કર્મ હો. પણ ક્ષુબ્ધ પોતામાં થાય છે. મિથ્યાત્વ ને અજ્ઞાનથી ક્ષુબ્ધ (થાય છે) આકુળતા–અસ્થિરતા (થાય છે). '**પોતામાં ક્ષુબ્ધ થતો થકો, ક્રમે પ્રવર્તતી અનંત જ્ઞપ્તિવ્યક્તિઓ વડે પરિવર્તન પામે છે.**' આહા...હા ! એ વિશેષ કહેશે.....

❀ ❀ ❀

**પ્રવચન : ૧૧-૧-૧૯૭૮**

('પ્રવચનસાર'), નય અધિકાર ચાલે છે). '**હવે તેની પ્રાપ્તિનો પ્રકાર (રીત) કહેવામાં આવે છે**' ત્યાં સુધી લેવાણું છે. (હવે) શું કહે છે ? જુઓ ! '**એ રીતે આત્મદ્રવ્ય કહેવામાં આવ્યું.**' આત્મદ્રવ્ય કેવું છે ? એ કહ્યું. હવે એની પ્રાપ્તિનો પ્રકાર કહેવામાં આવે છે. આત્મદ્રવ્ય અનુભવમાં પ્રાપ્ત કેમ થાય ? એ વાત ચાલે છે.

પ્રથમ તો એ વાત છે કે, થોડી સૂક્ષ્મ વાત છે. '**(પ્રથમ તો) અનાદિ પૌદ્‌ગલિક કર્મ જેનું નિમિત્ત છે એવા મોહભાવનાના (મોહના અનુભવના) પ્રભાવ વડે...**' શું કહે છે ? આત્મા પર તરફનું લક્ષ કરીને મોહભાવ ઉત્પન્ન કરે છે. મિથ્યાત્વભાવ અને રાગદ્વેષ ભાવ (થાય છે) એમાં મોહકર્મ નિમિત્ત છે. નિમિત્તથી થતું નથી, નિમિત્ત છે. એવા અનાદિ મોહકર્મના પ્રભાવથી – '**મોહભાવનાના પ્રભાવ (વડે).**' મોહ તો નિમિત્ત પણ તેના પ્રત્યેની '**ભાવનાના પ્રભાવ (વડે) આત્મ પરિણતિ સદાય ઘૂમરી (ખાતી હોવાથી)...**' આત્માની પર્યાય જે છે એ ચક્કર–ઘૂમરી ખાય છે, ફર્યા કરે છે, ફર્યા કરે છે, ફર્યા કરે છે, એકરૂપ નથી રહેતી.

સૂક્ષ્મ વાત છે. આત્મા તો દ્રવ્ય અને ગુણે શુદ્ધ ધ્રુવ (છે), પણ એની પર્યાયની જે પ્રગટતા છે; એમાં મોહકર્મ નિમિત્ત હોવાથી પોતાનામાં મોહભાવની પરિણતિની ઉત્પત્તિ થાય છે. મિથ્યાત્વ ભાવથી દશા ઉત્પન્ન થાય છે. એ મોહભાવના પ્રભાવથી (અર્થાત્) રાગ અને દ્વેષ અને મિથ્યાત્વના પ્રભાવથી–કર્મથી નહિ, કર્મ તો નિમિત્ત છે.

પોતામાં પોતાના સ્વભાવને ન જાણીને પોતાનો શુદ્ધ ચૈતન્ય આનંદકંદ એવો, અનુભવ અથવા લક્ષ ન કરીને, કર્મનાં નિમિત્ત તરફ મોહ–મિથ્યાત્વની ભાવનાથી પરિણમે છે. આહા...હા ! ઘૂમરી ખાય છે. એકરૂપ પરિણતિ રહેતી નથી. પર્યાય વિકાર ને મિથ્યાત્વ પરિણામમાં ઘૂમરી ખાય છે. ધ્રવ્ય ગુણ તો છે તે છે. સમજાણું કાંઈ ?

એટલા માટે '**આ આત્મા સમુદ્રની માફક પોતામાં (જ) ક્ષુબ્ધ થતો થકો...**' નોકર્મ તો નિમિત્ત માત્ર છે. પણ પોતાની પર્યાયમાં ક્ષુબ્ધ (થાય છે). મિથ્યાત્વ–ભ્રાંતિને લઈને ક્ષુબ્ધ થાય છે. સ્થિર ન થઈને ક્ષુબ્ધ થાય છે. આહા...હા ! '**ક્રમે પ્રવર્તતી....**' ક્રમે ક્રમે થનારી અવસ્થાઓ – પર્યાયો અનંત છે ! '**...અનંત જ્ઞપ્તિવ્યક્તિઓ વડે પરિવર્તન પામે છે.**' મિથ્યાત્વ... મિથ્યાત્વ... મિથ્યાત્વ... મિથ્યાત્વ... મિથ્યાત્વ એમાં બદલાય છે. સૂક્ષ્મ વાત છે ભાઈ ! છેવટની વાત છે ને !

દ્રવ્ય અને ગુણ તો શુદ્ધ છે જ. અનાદિથી પર્યાયમાં મોહકર્મનું નિમિત્ત અને પોતાની પર્યાય અનંત જે પ્રગટ છે, એમાં મોહભાવના કારણે એકરૂપ પરિવર્તન રહેતું નથી. વારંવાર પર્યાયમાં ફેર બદલી થાય છે. આહા...હા ! ભ્રમણા... ભ્રમણા... ભ્રમણા... ભ્રમણા... છે. (એ પ્રકારે) પ્રવર્તનાર અનંતી જ્ઞપ્તિવ્યક્તિઓ વડે (અર્થાત્) જાણવાવાળી પ્રગટતા, જ્ઞપ્તિ એટલે જાણવાવાળી પર્યાયની

પ્રગટતા, જ્ઞપ્તિવ્યક્તિઓ એનો અર્થ જાણવાવાળી પર્યાયની પ્રગટતા, (તે) પરિવર્તનને પ્રાપ્ત થાય છે. વારંવાર ચક્કર–ઘૂમરી ખાય છે. મિથ્યાત્વને કારણે ભ્રમણા... ભ્રમણા... ભ્રમણા... એટલા માટે '**જ્ઞપ્તિવ્યક્તિઓનાં નિમિત્તભૂત હોવાથી**' એ જાણવાની પર્યાયમાં જે પ્રગટતા છે, એમાં '**નિમિત્ત(રૂપ)**' હોવાથી (જે) જ્ઞેયભૂત (છે) – પર પદાર્થ, પોતાની જ્ઞપ્તિ ક્રિયામાં – પરિવર્તનમાં, નિમિત્ત છે. બે વાક કરી.

એક તો પોતાની પર્યાયમાં મોહભાવથી પરિણતિ પરિવર્તન કરે છે – એમાં મોહકર્મનું નિમિત્ત છે. બીજી વાત પોતાની જ્ઞાનની વ્યક્ત પર્યાયમાં બાહ્ય પદાર્થ નિમિત્ત હોવાથી એનું જ્ઞપ્તિ પરિવર્તન અને નિમિત્તમાં પ્રેમ વર્તે છે. સમજાણું કાંઈ ? અંતરનું લક્ષ નથી, એટલે જાણવાની પર્યાય પ્રગટ જે છે, એમાં બાહ્ય પદાર્થ નિમિત્ત છે. એમાં એનો પ્રેમ વર્તે છે. આહા...હા !

જુઓ ! બે પ્રકારના નિમિત્ત કીધા, ક્યા ? એક તો (અંદરમાં) પોતાને મોહભાવ જે ઉત્પન્ન કરે છે, મિથ્યાત્વ–ભ્રાંતિ, પરમાં સુખ છે, પુણ્યમાં ધર્મ છે, પાપમાં મીઠાશ–ઠીક છે, એવી મિથ્યાત્વ પ્રકૃતિના (ઉદયમાં) પર્યાયની પ્રગટ અવસ્થા, જે પર્યાયમાં થાય છે, એમાં મોહકર્મ નિમિત્ત છે. અને પ્રગટ અવસ્થાઓ જે છે એમાં બાહ્ય પદાર્થ નિમિત્ત છે. કેમ ? કે તેનું લક્ષ બાહ્ય પદાર્થ ઉપર જાય છે તો જાણવાની પર્યાયની પ્રગટતામાં બાહ્ય પદાર્થ નિમિત્ત છે એમાં એને પ્રેમ વર્તે છે. સમજાણું કાંઈ ?

સૂક્ષ્મ વિષય છે, ભાઈ ! આ રીતે થાય છે. હવે એને સવળું (અર્થાત્) આત્માની પ્રાપ્તિ કેમ થાય ? એ વાત બતાવે છે. '**જ્ઞપ્તિવ્યક્તિઓનાં નિમિત્તરૂપ હોવાથી...**' આત્માની જ્ઞાન પર્યાયમાં અથવા અનંત પર્યાયોમાં જાણવા લાયક જે પદાર્થ છે એમાં નિમિત્ત છે. તો જાણવાની પર્યાયમાં નિમિત્તમાં (જીવન) પ્રેમ વર્તે છે. આ બાજુ પ્રેમ નથી તો આ બાજુ પ્રેમ વર્તે છે. સમજાણું કાંઈ ? ભાવ તો ભાઈ ! સૂક્ષ્મ છે. ગમે તે ભાષા બનાવો. હિન્દી બનાવો તોપણ ભાવ તો જે છે, તે છે. આહા...હા !

એ '**જ્ઞપ્તિવ્યક્તિઓનાં નિમિત્તરૂપ હોવાથી જે જ્ઞેયભૂત છે એવી બાહ્યપદાર્થ–વ્યક્તિઓ પ્રત્યે તેને મૈત્રી પ્રવર્તે છે.**' જાણવાની પર્યાયમાં બાહ્ય પદાર્થ નિમિત્ત છે તો તેમાં પ્રેમ વર્તે છે. સ્ત્રી–કુટુંબ, શરીર, પરિવાર, મન, વાણી, દેહ, દેવ–ગુરુ–શાસ્ત્ર આદિ બધા પદાર્થ. (તેમાં પ્રેમ વર્તે છે) ! આહા...હા !

સમુદ્ર જેમ પોતાનામાં ક્ષુબ્ધ થાય છે – સમુદ્ર પોતાનામાં ક્ષુબ્ધ થાય છે, એમ અંતરમાં આત્મા પોતાની પર્યાયમાં મોહભાવ – મિથ્યાત્વભાવ પ્રગટ કરે છે. એ મિથ્યાત્વભાવમાં પૂર્વનું મોહકર્મ નિમિત્ત છે અને વર્તમાન ભ્રાંતિની પર્યાયમાં – પરિવર્તનમાં બાહ્ય પદાર્થ નિમિત્ત હોવાથી એ પર્યાયમાં નિમિત્ત પ્રત્યે પ્રેમ વર્તે છે. સમજાણું કાંઈ ?

અહીં પ્રેમ એટલે રાગ (અર્થાત્) અનુકૂળ લાગે એટલે પ્રેમ વર્તે છે. એટલી વાત થઈ. કારણ કે એનું પર લક્ષ જાય છે ને ! એટલે પ્રેમ વર્તે છે. આ નિમિત્ત છે ને તો મારી પર્યાય ઉત્પન્ન થાય છે. એવો પ્રેમ (વર્તે છે). આહા...હા ! પહેલાં તો મારામાં વિકાર હોય છે, મોહ(પ્રકૃતિના ઉદય) છે તો વિકાર ઉત્પન્ન થાય છે, એવો ભ્રમ છે. બીજું પોતાનામાં (જ્ઞાનમાં) નિમિત્ત જે પરવસ્તુ

છે એનો પ્રેમ છે તો એનાથી મને રાગ ઉત્પન્ન થાય છે. એવા કારણથી નિમિત્ત ઉપર દૃષ્ટિ જાય છે તો નિમિત્તમાં પ્રેમ વર્તે છે. કારણ કે મારી જ્ઞાનની પર્યાયમાં એ જાણવામાં આવે છે.

જાણવામાં આવ્યું તો એના કારણથી એ જાણવામાં આવ્યું. એ માટે પરમાં પ્રેમ વર્તે છે. (એમ નથી). આહા...હા ! સૂક્ષ્મ વિષય છે ભાઈ ! છે ? જે જ્ઞપ્તિવ્યક્તિઓની જાણવાની અનંત પર્યાય પ્રગટ છે – વિશેષ જે છે, એમાં જ્ઞેયભૂત પરપદાર્થ નિમિત્ત છે. છે ને ? '**નિમિત્ત રૂપ હોવાથી જે જ્ઞેયભૂત છે.**' પોતાની જ્ઞાન પર્યાયમાં જે ફક્ત જાણવા લાયક ચીજ છે. પરચીજ ચાહે તો સ્ત્રી–કુટુંબ–દેશ, દેવ–ગુરુ–શાસ્ત્ર ગમે તે પરચીજ (તે) જ્ઞેયભૂત છે, છતાં તેના પ્રત્યે તેને પ્રેમ વર્તે છે કે, આ છે તો મને જ્ઞાન થાય છે. સમજાણું કાંઈ ?

'**જ્ઞપ્તિવ્યક્તિઓનાં નિમિત્તરૂપ હોવાથી (જે) જ્ઞેયભૂત છે.**' પોતાની જ્ઞાનની પર્યાયમાં છે તો જાણવા લાયક ચીજ, પરવસ્તુ અનંત છે એ છે તો જ્ઞેયભૂત – જ્ઞાનમાં (માત્ર) જાણવા લાયક (છે). એમ ન કરીને પરમાં પ્રેમ કરે છે. સમજાણું કાંઈ ? છે ને ? શાસ્ત્રની અંદર છે કે નહિ ? આહા...હા ! એટલા માટે '**(તેથી) આત્મવિવેક શિથિલ થયો...**'

કેમકે પોતાની જ્ઞાન પર્યાય, જે અનંત પ્રગટ અવસ્થા, એમાં બાહ્ય પદાર્થ નિમિત્ત છે. તો એમાં પ્રેમ વર્તે છે. તો આત્મવિવેક શિથિલ થઈ ગયો. જે આત્મામાં જવાનું છે, તેમાં ન જઈને, પરના પ્રેમમાં વર્તે છે. અનાદિથી પરના પ્રેમમાં જ વર્તે છે. આહા...હા ! શિથિલની વ્યાખ્યા (અર્થ) અહીં વિપરીત છે. '**આત્મવિવેક શિથિલ થયો...**' શિથિલ થયાનો અર્થ વિપરીત થયો.

અહીંયાં જે આત્મા આનંદકંદ પ્રભુ છે ! એમાં પ્રેમ કરવો જોઈએ. એનો પ્રેમ ન કરીને, જ્ઞપ્તિ ક્રિયા એટલે વર્તમાન જાણવાની પ્રગટ પર્યાયમાં જે બાહ્ય પદાર્થ જ્ઞેયભૂત છે એમાં પ્રેમ કરે છે; તો એમાં પ્રેમ કરવાની પોતાની પર્યાયમાં આત્માનો વિવેક (અર્થાત્) પરથી ભિન્ન કરવું, એ વિપરીત થઈ ગયો. સમજાણું કાંઈ ? આ તો ધ્યાન રાખે તો પકડાય એવું છે બાપુ ! આહા...હા !

આ ભગવાનઆત્મા ! વસ્તુ તરીકે તો અનાદિ અનંત દ્રવ્ય અને ગુણ(નો પિંડ) છે. ગુણ એટલે શક્તિ. શક્તિ અને શક્તિવાન તો અનાદિ અનંત એકરૂપ છે. એની પર્યાય – અવસ્થામાં પરિવર્તન, બદલી...બદલી...બદલી.... પરિવર્તન થાય છે. તો એ પરિવર્તનમાં મોહભાવનાથી – એમાં મોહ કર્મ નિમિત્ત (છે). પરમાં સાવધાનીને કારણે – મોહભાવનાનો અર્થ એ (છે). પરની સાવધાનીને કારણે મોહકર્મ નિમિત્ત (છે). એ કારણે જાણવાની પર્યાય જે છે તે ચક્કર ખાય છે – ઘૂમરી ખાય છે, ફરે છે. મિથ્યાત્વ... મિથ્યાત્વ... મિથ્યાત્વ... અને એ ચક્કર ખાય છે એમાં જ્ઞપ્તિ પર્યાય વિશેષ છે બાહ્ય પદાર્થ (એમાં) નિમિત્ત છે, તો એમાં એને પ્રેમ વર્તે છે. આહા...હા ! સમજાણું કાંઈ ? આ એની મેળે વાંચે તો કંઈ ઝટ પકડાય એવું નથી. આહા...હા ! '**એવી બાહ્યપદાર્થવ્યક્તિઓ પ્રત્યે તેને મૈત્રી પ્રવર્તે છે.**' એમ છે ને ? એ નિમિત્ત છે – તે મારો મિત્ર છે. કેમકે એ નિમિત્ત છે તો મને જ્ઞાન થાય છે, શાસ્ત્ર છે તો મને જ્ઞાન થાય છે, તો આ નિમિત્ત પ્રત્યે મૈત્રી વર્તે છે. જ્ઞાન મારાથી મારામાં થાય છે. એમ ન માનીને નિમિત્તથી જ્ઞાન થાય છે, માટે નિમિત્તમાં એને મૈત્રી વર્તે છે. આહા...હા ! આ તો ઘણીવાર વંચાઈ ગયું છે. આ કંઈ પહેલીવાર નથી.

અહીંયાં તો એમ કહ્યું કે, આ આત્મદ્રવ્ય છે – એ કેવું છે ? કે એના અનંત ગુણ અને અનંત પર્યાય – સાધકની વાત છે ને ? પર્યાયમાં કેટલીક નિર્મળતા અને કેટલીક વિકૃતતા પણ (છે) બધાનો આધાર એ આત્મદ્રવ્ય છે. એ આત્મદ્રવ્યનું ભાન હોવાથી એને સમ્યક્દર્શન અને સમ્યક્જ્ઞાન અને અનુભવ હોય છે. હવે એ તો આત્મદ્રવ્યની વાત થઈ.

હવે એની પ્રાપ્તિ કેમ થાય ? તો અપ્રાપ્તિ કેમ છે ? એ પહેલાં બતાવે છે. આત્મા આનંદ સ્વરૂપ ભગવાન. અતીન્દ્રિય આનંદ સ્વરૂપ હોવા છતાં પણ એમાં દુઃખ કેમ વર્તે છે ? આનંદ...આનંદ... સ્વરૂપ હોવા છતાં પણ એની પ્રગટ દશામાં મોહ રાગ–દ્વેષ ને દુઃખ કેમ છે ? કે એ મોહમાં (અર્થાત્) ભાવકર્મમાં, મોહ(દ્રવ્ય) કર્મ નિમિત્ત છે. અને અહીં ભાવકર્મમાં, – જ્ઞપ્તિક્રિયામાં બાહ્ય પદાર્થ નિમિત્ત છે; તો બાહ્ય પદાર્થ નિમિત્ત છે – તો એ બાહ્ય પદાર્થમાં મૈત્રી વર્તે છે. એ જાણે કે, મારી ચીજ છે અને મને એનાથી લાભ થશે. આહા...હા !

અહીંયાં તો ત્યાં સુધી લીધું છે (કે) સ્ત્રી, કુટુંબ, જોઈને એ સમજે કે (આ) મારી સ્ત્રી છે, મારો પુત્ર છે. (એ) મારો છે, એ સંબંધી અહીં જ્ઞાન થાય છે તો નિમિત્ત પ્રત્યે એને મૈત્રી વર્તે છે. એમ દેવ–ગુરુ–શાસ્ત્ર પ્રત્યે પણ જ્ઞાનમાં મૈત્રી વર્તે છે. (બીજા કરતાં) પૃથક્ છે અને પ્રશસ્ત છે – પણ પરપદાર્થ છે. જ્ઞેયભૂત કહ્યું ને ? શું કહ્યું ! એ તો જ્ઞેયભૂત છે. જ્ઞેયભૂતમાં મૈત્રી કેવી ?

પોતાના જ્ઞાયક સ્વભાવમાં પ્રેમ હોવો જોઈએ, એને બદલે જ્ઞપ્તિક્રિયામાં જ્ઞેયભૂત વસ્તુ છે એ પોતામાં નિમિત્ત છે. તો જ્ઞેયભૂતમાં મૈત્રી પ્રવર્તે છે, (અને) ત્યાં રોકાઈ ગયો. સમજાણું કાંઈ ? આવો મારગ છે. જાણવાની પર્યાયમાં બાહ્ય પદાર્થ નિમિત્ત હોવાથી બાહ્ય પદાર્થ પ્રત્યે મૈત્રી વર્તે છે. માટે આત્મા વિવેક (અર્થાત્) રાગથી (અને) નિમિત્તથી ભિન્ન પોતાની ચીજ છે – એ વિવેક વિપરીત થઈ ગયો. આહા...હા ! સમજાણું કાંઈ ?

આજે તો હિન્દી ચાલે છે. પણ ભાવ તો જે હોય તે હોય. આહા...હા ! ભગવાનઆત્મા !! એ બાહ્ય પદાર્થ (અર્થાત્) નિમિત્તથી પણ રહિત છે અને મોહકર્મના નિમિત્તથી પણ રહિત છે. અને મોહકર્મના નિમિત્તથી પોતાનામાં જે ક્ષુબ્ધ મોહકર્મ ઉત્પન્ન થાય છે. એનાથી પણ રહિત છે. તો એવા રહિતપણાની વિવેકમાં વિપરીતતા થઈ ગઈ. બાહ્ય જ્ઞેયભૂત પદાર્થમાં મૈત્રીની કારણે વિવેક શિથિલ થઈ ગયો. શિથિલ એટલે વિપરીત થઈ ગયો. શિથિલનો અર્થ વિપરીત છે. સમજાણું કાંઈ ? આહા...હા ! ઝીણી વાત છે, ભાઈ !

અહીંયાં આત્માની પ્રાપ્તિ કેમ થાય ? એ બતાવવામાં પહેલાં પ્રાપ્તિ કેમ નથી ? એ બતાવે છે. સમજાણું કાંઈ ? સૂક્ષ્મ વાત છે. અનાદિ કાળથી સમજ્યો નહિ. સમજવાની ચીજ કઈ છે ? એની દરકાર પણ કહી નહિ. એમ બહારમાં ને બહારમાં, આ કર્યું ને આ કર્યું. પૂજા કરીને, વ્રત કરીને, જાત્રા કરીને, એ તો બધી રાગની ક્રિયા છે. અને એમાં પ્રેમ વર્તે છે.

આત્મા પ્રત્યે પ્રેમ એટલે રાગથી ભિન્ન છે, એવો વિવેક શિથિલ થઈ ગયો. વિપરીત થઈ ગયો. સમજાણું કાંઈ ? ઝીણી વાત છે, ભાઈ ! અનંતકાળ ગયો ત્યાં...! આહા...હા ! અને તેને પણ અનંત ગુણ છે ને ? તો અનંત ગુણની પર્યાય પણ અનંત છે. જે જ્ઞપ્તિવ્યક્તિ કીધી ને ?

અનંત અનંતગુણ છે. તો પર્યાય પણ અનંત... અનંત... છે. તો અનંત અનંત પદાર્થ જ્ઞેયભૂત છે. તો એમાં એને મૈત્રી વર્તે છે. આહા...હા !

કારણ કે નિમિત્ત છે – એ તો જ્ઞાન થયું. આ શાસ્ત્ર છે. તો આ જ્ઞાન થયું. એમ અહીંયાં જ્ઞાનની પર્યાયમાં વ્યક્ત પ્રગટ નિમિત્ત છે. તો એનાથી મને જ્ઞાન થયું. એમ કરીને એનાથી મૈત્રી વર્તે છે. પોતાના આત્મા પ્રત્યે એને દ્વેષ વર્તે છે. આહા...હા ! ઝીણું બહુ ભાઈ ! આવું છે.

અનંતકાળ થયા એને સત્ય શું છે, એ ચીજ મળી નહિ. આહા...હા ! રાગ તો આસ્ત્રવ તત્ત્વ છે. નવ તત્ત્વમાં એ (પોતે) આત્મતત્ત્વ છે. શરીર–વાણી–મન અજીવ તત્ત્વ છે. બાહ્ય પરપદાર્થ છે – એ બાહ્ય તત્ત્વ છે. પુણ્ય પરિણામ એ આસ્ત્રવ તત્ત્વ છે, પાપ પરિણામ એ આસ્ત્રવ તત્ત્વ છે. ભગવાનઆત્મા એ જ્ઞાયક તત્ત્વ છે. આહા...હા ! તો એક તત્ત્વને બીજા તત્ત્વમાં મેળવવું એ મિથ્યાત્વ ભાવ છે. પુણ્ય ભાવ દયા–દાન–ભક્તિ આદિ છે. તો (એ) પુણ્ય ભાવ અને પુણ્યભાવથી મને કલ્યાણ થશે. એ આત્માનો વિવેક વિપરીત થઈ ગયો. આહા...હા ! સમજાણું કાંઈ ? આત્મ વિવેક વિપરીત થયો. અહીંયાં શિથિલનો અર્થ વિપરીત થયો, હોં !

શ્રીમદ્‌માં (એક) શબ્દ આવે છએ ને ? '**શ્વેતાંબરની શિથિલતાને લઈને...**' આવે છે. આહા...હા ! શ્વેતાંબરની મોળાશને લઈને રસ ઠંડાતો ગયો. એવો શ્રીમદ્‌માં શબ્દ છે. પણ એનો અર્થ આ છે. વિપરીત હોવાથી – '**અત્યંત બહિર્મખ...**' (છે) જોયું ? બાહ્ય નિમિત્તો ઉપર જેનો પ્રેમ છે, તે અત્યંત બહિર્મુખ (છે).

હવે બસ અંતર ભગવાન આનંદકંદ પ્રભુ ! છે. સત્ ચિદાનંદ સ્વરૂપ આત્મા ! નિરંજન–નિરાકાર–અખંડાનંદ પ્રભુ ! જ્ઞાનલક્ષણથી લક્ષ થવાવાળી ચીજ – એને ભૂલીને જ્ઞાનની પર્યાયમાં અનંતી વ્યક્તતા જે બહિર્મુખ અનંતી પર્યાયો છે. એમાં નિમિત્ત ચીજ છે – એ જ્ઞેયભૂત છે. જ્ઞેયભૂત હોવા છતાં પણ મૈત્રી વર્તે છે. જાણવા લાયક છે – એમ ન માનીને પ્રેમ – મૈત્રી કરે છે. આહા...હા ! સમજાણું કાંઈ ?

આત્મામાં (અર્થાત્) આત્માની પર્યાયમાં – અવસ્થામાં અનંત વ્યક્ત પર્યાયો–વિશેષ વ્યક્ત–પ્રગટ છે. બાહ્ય પદાર્થ નિમિત્ત છે – તો નિમિત્ત પ્રત્યે મૈત્રી વર્તે છે. નિમિત્ત પ્રત્યે મૈત્રી વર્તે છે, એને સ્વભાવ પ્રત્યે વિપરીતતા થઈ ગઈ. આહા...હા ! આવી વાતો છે. આ 'પ્રવચનસાર' અત્યારું છે કે પહેલાંનું છે ? ભગવાનની વાણી છે. આ તો 'કુંદકુંદઆચાર્ય'ની વાણી અને 'અમૃતચંદ્ર આચાર્ય'ની ટીકા છે ? કે (પછી) સોનગઢની છે ?

આ વાંચવું નહિ, અંદર વિચારવું નહિ, વખત મળે નહિ, ચીજ અંદર શું છે ? અને કેવી રીતે હું પર્યાયમાં કામ લઉં છું ? એનો કંઈ પણ વિવેક નહિ. એ જ અજ્ઞાન અને મિથ્યાત્વભાવ, પરિભ્રમણનું કારણ છે.

'**(અત્યંત) બહિર્મુખ એવો તે ફરીને પૌદ્‌ગલિક કર્મને રચનારા રાગદ્વેષ દ્વૈતરૂપે પરિણમે છે.**' એકરૂપ જ્ઞાતાદષ્ટાપણે પરિણમન હોવું જોઈએ. હું તો એકરૂપ જ્ઞાતાદષ્ટા છું – એવું પરિણમન હોવું જોઈએ, એને ઠેકાણે રાગદ્વેષદ્વૈતરૂપ પરિણમન થાય છે. આહા...હા ! સમજાણું કાંઈ ?

હવે આવ્યો દ્વેષ. મૈત્રીમાં આવ્યો દ્વેષ. અનુકૂળ નિમિત્ત દેખે તો ત્યાં પ્રેમ છે અને પ્રતિકૂળ દેખે, ત્યાં દ્વેષ થાય છે. આહા...હા ! છે તો જ્ઞેયરૂપ (અર્થાત્) જ્ઞાનમાં જાણવાલાયક ચીજ છે. અહીં તો સ્ત્રી–કુટુંબ–પરિવાર–દેશ–વાણી–મન અને દેવ–ગુરુ–શાસ્ત્ર છે તો જ્ઞાનમાં પરજ્ઞેયભૂત. સ્વજ્ઞેય તો આત્મા (છે) (તે બધાં) પરજ્ઞેયભૂત હોવા છતાં પણ તેમાં મૈત્રી વર્તે છે.

એ કારણથી તેનો આત્મા પરથી ભિન્ન છે. એ વિવેક વિપરીત થઈ ગયો. અને કરુણા આવે એ તો રાગ છે, એ પણ ભિન્ન ચીજ છે. કરુણા(નો) રાગ આવે છે. કહ્યું હતું ને ? રાગ છે, એ હિંસા છે ઝીણી વાત છે. 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં કહ્યું છે કે આત્મા પરની દયા તો પાળી શકતો નથી, કેમ કે પરજ્ઞેયભૂત વસ્તુ છે. પણ પરની દયાનો ભાવ થાય છે, એ રાગ છે – તે હિંસા છે. આહા...હા ! આવો આત્મા છે !

ભારે આકરું પડે એવું છે હોં ! વસ્તુ તો એ છે. પ્રભુ ! આહા...હા ! 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં દયાના ભાવને હિંસા કહી છે. પરની દયાના (ભાવને) હિંસા કહી છે. (અને) સ્વની દયા તે અહિંસા છે. 'અહિંસા પરમો ધર્મઃ'. એ રાગની અનુત્પત્તિ થવી, અને સ્વના આશ્રયે વીતરાગ પર્યાય થવી, એ 'સ્વ અહિંસા પરમો ધર્મ' છે. આહા...હા !

શું થાય ? વ્યવહાર એવો વચ્ચે આવે છે. પણ એ છે, બંધનું કારણ. સમજાણું કાંઈ ? ભાવ આવે છે... સમ્યક્દૃષ્ટિને પણ વચ્ચે દયાનો ભાવ આવે છે. પણ તે હેય છે. આહા...હા ! એને ઠેકાણે એનાથી, વ્યવહારથી લાભ થશે, (એમ માને) એ મિથ્યાદૃષ્ટિ છે. આહા...હા ! આવી વાત છે. જુઓ ! પછી '**રાગદ્વેષ દ્વૈતરૂપે પરિણમે છે.**'

એટલે શું કહે છે ? આત્મા તો આનંદ અને જ્ઞાન સ્વરૂપ જ્ઞાતા–દૃષ્ટા છે. તો એને જ્ઞાતા–દૃષ્ટાની એકરૂપ જાણવાની પરિણતિ હોવી જોઈએ. એમ એકરૂપ ન હોઈને બાહ્ય પદાર્થમાં, નિમિત્તના પ્રેમથી અનુકૂળતામાં (રાગ) અને પ્રતિકૂળતામાં દ્વેષ (થતાં) બે દ્વૈત થઈ ગયું. આહા...હા !

દ્વૈતરૂપ પરિણમન થાય છે પર્યાયમાં રાગ અને દ્વેષરૂપે અવસ્થા કરે છે. અને એટલા માટે '**(તેથી) તેને આત્મપ્રાપ્તિ દૂર જ છે.**' જુઓ ! આ કારણે આત્માની પ્રાપ્તિ એને દૂર થઈ ગઈ છે. આ કારણ આપ્યું. આહા...હા ! અંદર ભગવાન આત્મા જ્ઞાન લક્ષણથી. આ આત્મા અનંત... અનંત... અનંત... અનંત... જ્ઞાનાનંદ સ્વરૂપ, (છે) એ તરફ દૃષ્ટિ જવી જોઈએ – એ તરફ લક્ષ – ધ્યેય હોવું જોઈએ, એમ ન થતાં જ્ઞપ્તિ (અર્થાત્) વર્તમાન – વ્યક્ત – પ્રગટ અવસ્થાઓમાં બાહ્ય જ્ઞેયભૂતમાં મૈત્રી વર્તતી હોવાથી, રાગ અને દ્વેષ (રૂપે) દ્વૈતપણાની મૈત્રી હોય છે. આહા...હા ! સમજાણું કાંઈ ?

બે વાત કરી. આત્મા જે છે એ દ્રવ્યને ગુણે તો શુદ્ધ છે. પર્યાયમાં મોહનો (અર્થાત્) પર તરફની સાવધાની(નો ભાવ છે) (પર) પદાર્થ છે. તો એ પ્રગટ પર્યાયોમાં બાહ્ય પદાર્થ નિમિત્ત હોવાથી બાહ્ય પદાર્થ પ્રત્યે એને મૈત્રી વર્તે છે. આહા...હા ! અનુકૂળતા, પ્રતિકૂળતા જ્ઞેયભૂતમાં તો છે જ નહિ. છે તો જ્ઞેયભૂત જ્ઞાનમાં, દેવ–ગુરુ–શાસ્ત્ર, સ્ત્રી–કુટુંબ–પરિવાર, આ દેશ આદિ (બધું) જ્ઞેયભૂત છે. જાણવા લાયક (છે) એમ નહિ માનીને મોહભાવના કારણે અનુકૂળતામાં રાગ અને પ્રતિકૂળતામાં દ્વેષ (કરે છે). એકરૂપ દશામાં દ્વૈત ઉત્પન્ન કરે છે. જ્ઞાતાદૃષ્ટાની પર્યાયમાં

ન આવવું, એ દ્વૈત ઉત્પન્ન કરે છે. એ અનાદિ પરંપરા રખડવાની ચીજ છે. આહા...હા ! સમજાણું કાંઈ ?

છે ? '**રાગદ્વેષ દ્વૈતરૂપે પરિણમે છે. અને તેથી તેને આત્મપ્રાપ્તિ દૂર જ છે.**' એ અનાદિકાળથી આત્મા કેમ પ્રાપ્ત ન થયો, એ વાત કરી. આહા...હા ! વાત રહી ભાષાની. ભાષા તો ભાઈ ! (થવા યોગ્ય થાય) સિદ્ધાંત તો જે છે તે છે. આહા...હા !

જ્ઞપ્તિ–વ્યક્તિ એટલે સમજાણું ? જાણવાની જે પર્યાય અનંત (છે), અનંત ગુણની જે અનંત પર્યાય છે, એને અહીંયાં જ્ઞપ્તિવ્યક્તિ કહે છે. અનંતી પર્યાયની વિશેષતા પ્રગટ છે. એ જ્ઞપ્તિવ્યક્તિ (છે) એમાં બાહ્ય પદાર્થ જ્ઞેયભૂત છે. એમ નહીં માનીને, બાહ્ય પદાર્થ પ્રત્યે, (લક્ષ છે). સ્વભાવ તરફનું લક્ષ નથી, માટે પરપદાર્થ તરફ મૈત્રી વર્તે છે. મૈત્રીને કારણે રાગદ્વેષ ઉત્પન્ન થાય છે. આહા...હા ! એ કારણે આત્મપ્રાપ્તિ દૂર જ છે.

પહેલાં એ વાત કરી. પહેલાં તો એ વાત કરી હતી. શિષ્યનો પ્રશ્ન હતો કે, ભગવંત આત્મા કોણ છે ? કેવો છે ? અને કેવી રીતે પ્રાપ્ત થાય ? ટીકામાં શિષ્યના એ બે પ્રશ્ન હતા. આત્મા કેવો છે ? અને કેમ પ્રાપ્ત થાય ? તો પહેલાં એ ઉત્તર આપ્યો કે આત્મા... પહેલાં આવી ગયું ને ? પહેલાં આવી ગયું છે. નય (શરૂ કરતાં) પહેલાં આવી ગયું છે.

નયની શરૂઆત થઈને.... જુઓ ! આ આત્મા કોણ છે ?! એ હિન્દીમાં ૪૦૨ પાનું છે. આત્મા કોણ છે ? અને કેવી રીતે પ્રાપ્ત થાય ? એમ બે પ્રશ્ન છે. આ બધી એની વાત ચાલે છે. સમજાણું કાંઈ ? આત્મા કોણ છે ? કેવો છે ? અને કેમ પ્રાપ્ત થાય ? એવો પ્રશ્ન કરવામાં આવે તો... પાછું. ગુરુ એમ કહે છે કે, આવો પ્રશ્ન કરવામાં આવે તો... (એને અમે કહીએ છીએ). બીજાને અમે કહેતા નથી. વેઠ તરીકે સાંભળે છે, એને માટે આ નથી.

જેને અંતરમાંથી એવો પ્રશ્ન ઊઠે છે, કે આત્મા છે કોણ ? અને કેમ પ્રાપ્ત થાય ? એવો પ્રશ્ન થાય છે. તો એને ઉત્તર આપીએ છીએ. આહા...હા ! તો પહેલાં તો એ કહ્યું કે, આત્મા અનંત ગુણ રૂપી એના ધર્મ, ધર્મ એટલે ધારી રાખવું, અને અનંતી પર્યાયોરૂપી ધર્મ ધારી રાખે (તેવો ધર્મી પદાર્થ છે) પર્યાયમાં પણ વિકાર અને અવિકારી બેય લેવાં. અહીં સાધક લેવા. સાધકની વાત છે તો ગુણ પણ અનંત નિર્વિકાર લેવા. એ ધર્મ લેવા. ધર્મ એટલે આત્માએ ધારી રાખ્યા છે. અનંત ધર્મ એ, અને પર્યાયમાં પણ બે લેવું. નિર્મળ પર્યાય અને વિકારી પર્યાય. એ બધાને ધારણ કરવાવાળો આત્મા ધર્મી છે. બધાને ધારણ કરવાવાળો (ધર્મી) આત્મા ધર્મી છે. આટલો એવો પ્રશ્ન કર્યો. આહા...હા !

પછી કહ્યું. ધર્મી કેવો છે ? તો એમાં નય ચાલ્યા. ૪૭ નય. તો એક એક નય, એક એક ગુણને, એક એક પર્યાયને, વિષય કરે છે. અને બધા નયનો સમૂહ શ્રુતપ્રમાણ, આખા દ્રવ્ય–ગુણ–પર્યાયને પ્રમેય કરે છે. એકલા દ્રવ્યને નહિ. સમજાણું ? જ્ઞાનપ્રધાન કથન છે ને ! તો અનંતનયોનો સમુદાય–નય એટલે જ્ઞાનનો એક અંશ. નય(જ્ઞાન) ના એક અંશ, એક ધર્મ એટલે એક પર્યાયના ગુણને જાણે છે.

એક જ્ઞાનનો એક અંશ એક પર્યાયને એક ગુણને જાણે છે. એવા અનંત નય, અનંતા ગુણ

અને અનંતી પર્યાયને, પ્રત્યેક નય, એક એક નય, એક એક ગુણને અને પર્યાયને જાણે છે. પણ અનંત નયો(નો) સમૂહ શ્રુતજ્ઞાન પ્રમાણ છે. તો શ્રુતપ્રમાણ જ્ઞાન છે. તો પર્યાય પણ પ્રમાણ કેમ કહ્યું ? કે એ દ્રવ્યને, ગુણ (પર્યાય) ત્રણેયને પ્રમાણ જાણે છે. સમ્યક્દૃષ્ટિમાં દ્રવ્ય, એ દ્રવ્ય અહીંયાં નહિ. સમજાણું કાંઈ ? સમ્યક્દર્શન(નો) વિષય જે દ્રવ્ય છે. અહીંયાં એ નહિ.

અહીંયાં આત્મદ્રવ્ય એને કહ્યું કે અનંતગુણ અને અનંતી પર્યાય, વિકારી ને અવિકારી બધાને આત્મદ્રવ્ય કહેવામાં આવ્યું છે. આહા...હા ! સમજાણું કાંઈ ? તો પછી કહ્યું. એ આત્માને એક નયથી જુઓ તોપણ આખો શુદ્ધ ચૈતન્ય પદાર્થ દેખવામાં આવે છે. અને અનંતનયનો સમૂહ શ્રુતપ્રમાણથી જુઓ તોપણ શુદ્ધ ચૈતન્ય પદાર્થ દેખવામાં આવે છે. ત્યારે એ પૂરું થયા પછી પ્રશ્ન થયો કે આ તો આત્મા શું ? એ કહ્યું. હવે પ્રાપ્ત કેમ થાય ? એ વાત ચાલે છે, તો પ્રાપ્ત કેમ થાય એ પ્રશ્ન પહેલાં કેમ ન થયો. એ વાત પહેલાં કરી. આહા...હા !

પ્રાપ્ત કેમ ન થયો ? તો અપ્રાપ્ત કેમ થયો ? કે પોતાની પર્યાયમાં જે પર તરફનો મોહભાવ છે, એમાં મોહકર્મનું નિમિત્ત છે. અને મોહભાવમાં અનંતી પર્યાય વ્યક્ત–પ્રગટ છે. એમાં પર પદાર્થ નિમિત્ત છે. તો પરપદાર્થ પ્રત્યે (મૈત્રી છે). વ્યક્ત પર્યાય અનંતી છે, એને બાહ્ય પદાર્થ પ્રત્યે મૈત્રી વર્તે છે. આહા...હા !

આટલા બધા ભંગ ને ભેદ છે. એ બાહ્ય જ્ઞેયભૂત છે. ચાહે તો અરિહંત ત્રણલોકના નાથ વીતરાગ તીર્થંકર હો, કે શાસ્ત્ર હો, કે વાણી (હો) જ્ઞેયભૂત હોવા છતાં પણ જ્ઞપ્તિ ક્રિયામાં જે વ્યક્ત પર્યાયમાં છે, એ બાહ્ય પદાર્થ નિમિત્ત જોઈને, એમાં મૈત્રી વર્તે છે કે એનાથી મને જ્ઞાન થયું. એનાથી મને જ્ઞાન થયું... એનાથી મને જ્ઞાન થયું એમ મૈત્રી વર્તે છે. એ કારણથી આત્માનો વિવેક વિપરીત થઈ ગયો. સમજાણું કાંઈ ? શિથિલ થઈ ગયો. પણ શિથિલ એનો અર્થ વિપરીત થઈ ગયો. આત્માનો વિવેક વિપરીત થઈ ગયો. પરમાં પ્રેમ ગયો – પોતાનો પ્રેમ છોડીને પરમાં પ્રેમ ગયો, એ કારણે રાગ ને દ્વેષ, દ્વૈત ઉત્પન્ન થયું, એમ કહ્યું.

જ્ઞાતા દૃષ્ટાની એક પર્યાય ઉત્પન્ન થવી જોઈએ. એના કારણે – આત્માની અપ્રાપ્તિના કારણે, રાગને દ્વેષ બે પ્રવૃત્તિ થઈ. આહા...હા ! એ કારણે '**અત્યંત બહિર્મુખ એવો તે (ફરીને) પૌદ્‌ગલિક કર્મને રચનારા,...**' નવાં કર્મના કારણભૂત–નિમિત્તરૂપ '**...રાગદ્વેષ દ્વૈતરૂપે પરિણમે છે અને (તેથી) તેને આત્મપ્રાપ્તિ દૂર જ છે.**' આહા...હા ! આટલું કહ્યું. પરંતુ હવે સવળી વાત લે છે. આહા...હા !

'**પરંતુ હવે જ્યારે આજ આત્મા પ્રચંડ કર્મકાંડ (વડે)**' (જ્ઞાન) પ્રધાન કથન છે ને ! વ્યવહારનય દ્વારા, તેથી એક શબ્દ લીધો છે. પ્રચંડ કર્મકાંડ એટલે રાગની મંદતાની ઉગ્રતા વિશેષ હોવાથી એને અભાવ કરીને જ્ઞાનકાંડ હોય છે, પણ પ્રચંડ જ્ઞાનકાંડથી જ્ઞાનકાંડ થાય છે. એવું અહીંયાં કહ્યું સમજાણું કાંઈ ?

એ 'સમ્યગ્જ્ઞાનદીપિકા' છે ને, 'ધર્મદાસ ક્ષુલ્લકે' એમાં જ્ઞાનકાંડથી કર્મકાંડ એવું નિર્મળ લીધું છે. લોકોમાં ગરબડ થઈ જાય. આ તો ફક્ત નિમિત્ત હતું, ત્યાં રાગની મંદતા હો, સાચા દેવ–ગુરુ–શાસ્ત્ર એની શ્રદ્ધા (અર્થાત્) રાગ, એ કર્મકાંડ છે. દેવ–ગુરુ–શાસ્ત્રની વ્યવહાર શ્રદ્ધા એ પણ કર્મકાંડ છે. આહા...હા !

'**કર્મકાંડ (વડે) અખંડ જ્ઞાનકાંડને પ્રચંડ કરવાથી...**' આહા...હા ! આમાં ગરબડ ઉત્પન્ન કરે. આ તો જ્ઞાનપ્રધાન કથન છે ને ! આમાં ગરબડ ઉત્પન્ન કરે. આ તો જ્ઞાનપ્રધાન કથન છે ને ! જેમ જ્ઞપ્તિક્રિયામાં બાહ્ય પદાર્થ નિમિત્ત હતા, તો મૈત્રી હતી. તો ત્યાં આ બાજુ લીધું તો આ બાજુમાં પણ ત્યાં રાગની મંદતા, નિમિત્તરૂપ છે, (એમ લીધું). સમજાણું કાંઈ ?

રાગની મંદતાને વ્યવહાર કહીને, એને નિમિત્તમાં લઈને એનો અભાવ કરીને થાય છે. પણ એને થયું... એ વ્યવહારનયનું કથન છે. આહા...હા ! આ તો નવી ચીજ નથી. આ તો ઘણી વાર થઈ ગયું છે. 'સમ્યગ્જ્ઞાનદીપિકા'માં એવું લીધું છે. કર્મકાંડને કાઢી નાખ્યું. લોકો ભ્રમણામાં પડી જાય.

ફક્ત અહીંયાં એટલું બતાવવું છે કે, જ્યારે સમ્યક્દર્શન થાય છે, ત્યારે એને દેવ–ગુરુ–શાસ્ત્રની શ્રદ્ધા હોય છે. ભાઈમાં આવ્યું છે ને. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં ચાર લક્ષણ આવ્યાં છે ને ? દેવ–ગુરુ–ધર્મની શ્રદ્ધા, ભેદજ્ઞાન, સ્વપરની શ્રદ્ધા, સ્વની શ્રદ્ધા. એ બોલ આવ્યા છે. સમજાણું કાંઈ ?

તો એમાં દેવ–ગુરુની શ્રદ્ધા પહેલાં હોય છે. સાચા દેવ – સાચા ગુરુ અને સાચાં શાસ્ત્ર. એની શ્રદ્ધાનો વિકલ્પ પહેલાં હોય છે. તો એ વિકલ્પથી નિર્વિકલ્પ થાય છે. એવું વ્યવહારથી કથન કરવામાં આવ્યું છે. 'સમયસાર' 'જયસેન આચાર્ય'ની ટીકામાં પણ એવા બોલ ઘણા આવે છે. વ્યવહારથી નિશ્ચય હોય છે, વ્યવહારથી નિશ્ચય હોય, (એમાં) ખૂબ આવે છે.

'જયસેન આચાર્ય'ની ટીકામાં જ્ઞાનપ્રધાન કથનમાં, નિમિત્ત બતાવવું છે. પણ એનાથી થાય છે. એમ કહેવું એ તો એક અભૂતાર્થનયનું કથન છે. આહા...હા ! અભાવ કરે છે. એના તરફનું લક્ષ છોડે છે. પણ લક્ષ ક્યા તરફથી છોડ્યું. એની વાત પહેલાં નાખી. કોના તરફથી લક્ષ છોડ્યું ! આહા...હા !

'**પરંતુ હવે જ્યારે આજ આત્મા...**' આ જ આત્મા એમ જે ઊંધો પડ્યો હતો અને અપ્રાપ્ત હતો, એ જ આત્મા. એમ લ્યે ને. '**એ જ આત્મા પ્રચંડ કર્મકાંડ...**' એટલે સુદેવ, સુગુરુ, સુશાસ્ત્ર, એની શ્રદ્ધા, જોરદાર શ્રદ્ધા. એ શ્રદ્ધાના રાગને પ્રચંડ કર્મકાંડ કહે છે. આહા...હા !

'**...અખંડ જ્ઞાનકાંડને...**' આમાં ભાષા કેવી લીધી છે ? '**પ્રચંડ કર્મકાંડ વડે અખંડ જ્ઞાનકાંડ(ને)**' ભગવાન આત્મા, અખંડ જ્ઞાયક સ્વરૂપ પૂર્ણ શુદ્ધ છે. એવો અનુભવ થવો. એ વાસ્તવિક ચીજ છે. પણ એમાં એ દેવ–ગુરુ–શાસ્ત્રના નિમિત્તથી વાત કરવી છે ને ! નિમિત્ત આજ હોય, એ સિવાય બીજું નિમિત્ત હોતું નથી. એ બતાવવા માટે એનાથી થયું એમ કહેવામાં આવ્યું છે. કારણ કે દેવ–ગુરુ–શાસ્ત્ર એ બતાવે છે (કે) અખંડ પરિપૂર્ણ પ્રભુ તું છે.

વર્તમાનમાં જ્ઞાન લક્ષણથી લક્ષ કરવામાં એનું લક્ષ કર્યું તો એ ચેતન છે. તો એમાં રાગ છે, એ ચેતન નથી. એ અચેતન છે. કર્મકાંડ એ અચેતન છે. આહા...હા ! સમજાણું કાંઈ ? પણ એ અચેતનપણું જે સાચા દેવ–ગુરુ–શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ થાય છે. એમ ગણીને એને પ્રચંડ કર્મકાંડ (અર્થાત્) પ્રચંડ દેવ–ગુરુ–શાસ્ત્રની ઘણી શ્રદ્ધાનું જોર થયું. એનાથી જ્ઞાનકાંડ પ્રગટ થયું. એમ કહેવામાં આવ્યું છે. કથન છે. એ શૈલીમાં કથન એવું છે. સમજાણું કાંઈ ?

એનો અર્થ એ છોડીને થાય છે – એનું લક્ષ છોડીને થાય છે. તો એનાથી થયું એમ કહેવામાં આવે છે. એમ વ્યવહારનયનું કથન છે. અહીંયાં તો જરી સાચાં દેવ–શાસ્ત્ર–ગુરુનું નિમિત્ત બતાવવું છે. સાચા દેવ કેવળજ્ઞાની પરમાત્મા, સાચા ગુરુ નિર્ગ્રંથમુનિ, સાચાં શાસ્ત્ર ભગવાને પરમાગમ કહ્યાં છે (તે) એની મુખ્યતા બતાવવી છે. આહા...હા !

શ્રીમદ્‌માં આવે છે ને, 'ત્યાગ વિરાગ ન ચિત્તમાં થાય ન તેને જ્ઞાન'. એનો અર્થ આ છે. દેવ–ગુરુ–શાસ્ત્રની શ્રદ્ધા એમાં કુદેવ–કુગુરની શ્રદ્ધા છૂટવી જોઈએ. ત્યાગ હોવો જોઈએ અને પરથી વૈરાગ્ય હોવો જોઈએ. સમજાણું કાંઈ ? એટલે નિમિત્ત કહ્યું છે, પ્રચંડ કર્મકાંડ લીધો છે. ત્યાં એકલું કર્મકાંડ નહિ.

પ્રચંડનો અર્થ જ સાચાં – સત્ય દેવ–ગુરુ બતાવવાવાળા ભગવાન સર્વજ્ઞ ને વાણી (અને) ગુરુ, એની શ્રદ્ધાનો વિકલ્પ આવે છે. એને છોડીને, અહીં આવે છે. તો એને ઠેકાણે કહ્યું કે, એને જ્ઞાનકાંડ અખંડ થયું છે. એમ કહ્યું આમ છે. ભાઈ ! આહા...હા ! '**અખંડા જ્ઞાનકાંડને પ્રચંડ કરવાથી...**' જોયું ? ત્યાંય પાછું અખંડ જ્ઞાનકાંડને પ્રચંડ કરવાથી ભગવાન અખંડ અભેદ જેમાં ગુણગુણીનો પણ ભેદ નથી, એવા અખંડ જ્ઞાયક પ્રત્યે, પ્રચંડ !! આહા...હા ! જ્ઞાનના સમૂહને પ્રચંડ કરવાથી !! આહા...હા ! એકદમ જ્ઞાનની પર્યાયને દ્રવ્યમાં વાળવાથી. ઝીણી વાત છે, ભાઈ ! શું થાય ?

એમ તો અનંતવાર કર્યું. પણ જેને થયું તેની વાત છે. આમ તો અનંતવાર નવમી ગ્રૈવેયક (ગયો), પંચમહાવ્રત ધારણ કર્યા. 'મુનિવ્રત ધાર અનંતબેર ગ્રૈવેયક ઉપજાયો...' તોપણ કંઈ થયું નહિ. પણ જેને થયું, ત્યાં આવું હોય. નિમિત્તથી બતાવવા આમ કહે છે. આહા...હા ! સમજાણું કાંઈ ?

કોને ? એ કહ્યું ને ? પણ વિકલ્પ છે ને. પણ એ વિકલ્પ છે દેવ–ગુરુ–શાસ્ત્રનો, ગુણ–ગુણીના ભેદનો પણ વિકલ્પ છે ને. વિકલ્પથી નિર્વિકલ્પ થાય છે એમ કહેવું છે ને અહીં ? છેલ્લામાં છેલ્લે, આ ગુણ–ગુણીનો ભેદ એવો જે વિકલ્પ છે. એ કર્મકાંડ છે. અહીં જ્ઞાનપ્રધાન કથન છે ને ! નિમિત્તનું જ્ઞાન સાથે કરાવે છે.

પહેલું કહ્યું ને, કે શ્રુતજ્ઞાન પ્રમાણમાં દ્રવ્ય જે સમ્યક્‌દર્શનનું દ્રવ્ય છે, એ (નહિ). અહીં શ્રુત પ્રમાણ છે તો એ પ્રમાણ પર્યાય પણ પ્રમેયને વિષય કરે (છે). તો પ્રમેય કોણ ? કે દ્રવ્ય–ગુણ ને પર્યાય. પર્યાય કોણ ? કે વિકારી ને અવિકારી બેય. આહા...હા ! આવું છે. સમ્યક્‌દર્શનમાં તો એકલું ભૂતાર્થ દ્રવ્ય લીધું. અહીં આત્મદ્રવ્ય એટલે અનંતગુણ અને અનંત પર્યાય અને એમાં વિકૃત પર્યાય પણ સાથે લેવી છે. છે ને ?

અહીંયાં એ સાધક પર્યાયની વિકૃત અને અવિકૃત એનો ધરનાર જે આત્મદ્રવ્ય એ પ્રમાણનો વિષય છે. શ્રુતપ્રમાણનો આવો વિષય (અર્થાત્) ધ્યેય છે. આહા...હા ! સમ્યક્‌દર્શનનું ધ્યેય, અને શ્રુતપ્રમાણનું ધ્યેય, બેમાં ફેર છે. કારણ કે સમ્યક્‌દર્શન નિર્વિકલ્પ છે. તો તેનો વિષય પણ નિર્વિકલ્પ લેવો છે. અને જ્ઞાન સવિકલ્પ છે. સવિકલ્પ એટલે રાગ એમ નહિ. સ્વ અને પરને જાણવાનો સ્વભાવ, માટે સવિકલ્પ છે – તો એને પર્યાય વિકૃત છે એ પણ પ્રમાણમાં – એક નયનો

વિષય પણ આવી જાય છે. આહા...હા ! (પ્રમાણ જ્ઞાનના) એ ત્રણેય ધ્યેય થયા. પ્રમેય કહો કે ધ્યેય કહો. ત્રણેય પ્રમેય થયા. શ્રુતપ્રમાણના ત્રણ પ્રમેય છે. એક દ્રવ્ય એકલું નહિ. આહા...હા !

દ્રવ્ય પણ જ્ઞેય છે. ગુણ પણ પ્રમેય એટલે જ્ઞેય, દ્રવ્ય પણ (જ્ઞેય) છે અને ગુણ પણ જ્ઞેય છે, વિકારી પર્યાય પણ જ્ઞેય છે અને અવિકારી પર્યાય પણ જ્ઞેય છે. આહા...હા ! આવી વાત છે. ભાઈ...! સમજાણું કાંઈ ?

'**(જ્ઞાનકાંડને) પ્રચંડ કરવાથી અનાદિ–પૌદ્‌ગલિક–(કર્મરચિત) મોહને...**' આહા...હા ! અનાદિકાળનો જે મોહ હતો. કેવો છે મોહ ? '**વધ્યઘાતક...**' આત્મા વધ્ય (છે). આત્મા વધ્યનો અર્થ ? આત્માની પર્યાય વધ્ય. આત્મા તો દ્રવ્ય એટલે ત્રિકાળ પણ આત્મા વધ્ય (અર્થાત્) પર્યાય વધ્ય, અને મોહ ઘાતક એવા, '**વધ્યઘાતકના વિભાગજ્ઞાનપૂર્વક....**' બેનો વિભાગ કરી નાખ્યો. હવે મોહ અને સ્વભાવ બેનો વિભાગ કર્યો. આહા...હા ! એનાથી '**વિભક્ત (જુદો) કરવાને લીધે (પોતે) કેવળપ્રાપ્ત આતમભાવનાના (આત્માના અનુભવના) પ્રભાવ વડે પરિણતિ નિશ્ચળ કરી હોવાથી...**' એ વિશેષ થશે.... વખત થઈ ગયો.....

* * *

અરે ભાઈ ! તું ક્યાં રોકાઈ ગયો ? બહારમાં ને બહારમાં રોકાઈ ગયો ત્યાં આત્મપ્રાપ્તિ ક્યાંથી થાય ? જેમ ઘરમાં આનંદનો પ્રસંગ હોય ને કોઈ માણસ સાંજ સુધી ઘરે ન આવે તો વડીલો કહે કે અરે ભાઈ ! તું આખો દિવસ ક્યાં રોકાઈ ગયો ? તેમ શ્રીગુરુ કહે છે કે અરે ભાઈ ! આ પરમાનંદના ધામરૂપ આત્મામાં તું આવ્યો નહીં ને બહાર ને બહારમાં ક્યાં રોકાઈ ગયો ? કેટલાક તો સંસારના પાપના કામોમાં રોકાઈ રહે છે ને ત્યાંથી નીકળે તો શુભરાગના કામમાં બહારમાં ને બહારમાં રોકાઈને પોતાના ભગવાનને ભૂલી જાય છે. પોતાની અંદર પરમાત્મા બિરાજે છે ત્યાં આવતો નથી તેને શ્રીગુરુ ઓલંભો આપી કરુણાથી અંદર બોલાવે છે.

**પ્રવચન : ૧૨-૧-૧૯૭૮**

'પ્રવચનસાર'. છેલ્લો અધિકાર છે ને ! '**હવે જ્યારે...**' છે ને વચમાં ? અનાદિકાળથી રખડ્યો. એ વાત પહેલાં કીધી. હવે છૂટે કેમ ? એની વાત કરે છે. આ ગાથામાં પોતે આત્મવિવેકથી શિથિલ એટલે વિપરીત હતો. રાગના ભાવથી આત્માના સ્વભાવની એકતા માનતો હતો ત્યારે આત્મામાં રાગથી અભિન્નતા કરીને વિવેકમાં વિપરીત હતો. શું કહ્યું ? કોઈપણ રાગ–શુભરાગ કે અશુભરાગ, આત્મા જ્ઞાનાનંદ સ્વભાવ એને ભૂલીને અનાદિથી એ શુભરાગ આદિ રાગ–વિકાર–દુઃખ (છે) એમાં એકત્વબુદ્ધિ કરીને મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાનથી નવાં કર્મ બાંધતો અને રઝળતો (હતો) હવે એ રઝળવું કેમ છૂટે એની વાત છે. પહેલી વાત એ મૂકેલી. સમજાય છે કાંઈ ? '**હવે જ્યારે આજ આત્મા પ્રચંડ કર્મકાંડ વડે...**' એટલે કે રાગની મંદતા, સાચા દેવ–ગુરુ–શાસ્ત્ર, એની શ્રદ્ધા, એવો જે મંદરાગ હોય છે. એ વડે, – એમ કહેવામાં આવ્યું છે. પણ વાત તો એને છોડીને કહેવી છે. એ વાત કાલે આવી ગઈ છે.

પ્રચંડ કર્મકાંડ વડે (અર્થાત્) રાગની મંદતા વડે. જેમાં સત્ય દેવ–ગુરુ–શાસ્ત્ર, સર્વજ્ઞ પરમત્મા, જિનેન્દ્રદેવની શ્રદ્ધાનો રાગ, એ દેવ–ગુરુ–શાસ્ત્રનું જ્ઞાન તે પણ એક વિકલ્પને રાગ છે. એવી રાગની મંદતા એને પ્રથમ હોય છે. એને છોડીને એને ઠેકાણે 'કર્મકાંડ વડે જ્ઞાનકાંડ' – એમ એક નિમિત્તનું કથન છે. કારણ કે રાગ વડે કરીને આત્મા જિન સ્વરૂપી છે. (એ જણાતો નથી).

આત્મા તો 'ઘટ ઘટ અંતર જિન વસે'. જિન સ્વરૂપી ભગવાન એનો સ્વભાવ, જિન વીતરાગ સ્વરૂપી પ્રભુ !! આત્મા તો છે. એને પામવા માટે અહીંયાં તો રાગની મંદતા પહેલી હોય છે. એથી એને નિમિત્તને સિદ્ધ કરીને, એ વડે અંદર જ્ઞાનકાંડમાં જાય છે (એમ કહ્યું).

જ્ઞાન એટલે આત્મા. આનંદ સ્વરૂપ – જ્ઞાનાનંદ અમૃત સ્વરૂપ ! જ્ઞાન આનંદ અમૃત સ્વરૂપ એની પરિણતિની ક્રિયામાં આવે છે, ત્યારે તે પ્રચંડ જ્ઞાનકાંડને પ્રગટ કરવાથી આહા...હા ! અખંડ જ્ઞાનકાંડ એટલે ? જ્ઞાન શબ્દે આત્મા છે. અહીંયાં એ જ્ઞાનસ્વરૂપી સર્વજ્ઞ સ્વરૂપી છે. એ સર્વજ્ઞ સ્વભાવ એનો ત્રિકાળ છે. તેથી તે સર્વજ્ઞ સ્વભાવી જે આત્મા, તેને જ્ઞાનકાંડ વડે એટલે જ્ઞાનની એકાગ્રતા વડે. ઝીણી વાત છે ભગવાન ! બહુ કાળે પકડી નથી એવી વાત તો ઝીણી છે ને !

આહા...હા ! એ જ્ઞાનકાંડ એટલે જ્ઞાનની પરિણતિ વડે. એટલે કે શુદ્ધ આત્માની પરિણતિ એટલે વીતરાગી દશા વડે, પ્રચંડ–અખંડ છે. આહા...હા ! '**અખંડ જ્ઞાનકાંડને પ્રચંડ કરવાથી...**' આહા...હા ! પર તરફથી ખસીને કર્મ ને, શરીર ને, વાણી ને, એ તો પર ચીજ છે. એમાંથી તો ખસેલો જ છે. પણ પર તરફના પ્રેમમાં તેને રાગદ્વેષનો ભાવ, જે પુણ્ય–પાપનો (ભાવ) થાય છે. તેનાથી ખસીને આહા...હા !

ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ ! એના જ્ઞાનને આનંદની પરિણતિને, પ્રચંડ કરીને, ઝળહળ

જ્યોતિ જેમ થાય, એમ આત્માના આનંદને જ્ઞાનની પરિણતિને પ્રચંડ ઉગ્ર કરીને. આહા...હા ! આવી વાતો છે. પ્રભુ ! '**(અખંડ જ્ઞાનકાંડને) પ્રચંડ કરવાથી અનાદિ –** પૌદ્‌ગલિક – કર્મ રચિત મોહને' જે અનાદિથી કર્મના નિમિત્તથી મોહ–મિથ્યાત્વભાવ જે એને ભ્રમણા હતી કે 'પુણ્યના પરિણામ – રાગ તે હું છું'.

પોતાનું અખંડ જ્ઞાનાનંદ સ્વરૂપ અસ્તિપણે. તેનું મોજૂદગીનું જ્ઞાન નહિ હોવાથી એને રાગમાં મોજૂદગી જણાણી કે રાગ તે હું છું. આહા...હા ! બીજી ભાષાએ કહીએ તો, પર્યાયબુદ્ધિમાં એને રાગ જે (પોતાપણે) સૂઝે છે. હૈં ! કારણ કે દ્રવ્યબુદ્ધિ (નથી). વસ્તુ છે – સત્ ચિદાનંદ પ્રભુ ! અનંત આનંદનો નાથ, જિનસ્વરૂપી પ્રભુ ભગવાન આત્મા છે, એનું ભાન નહિ હોવાથી એની મોજૂદગીના – અસ્તિત્વને નહિ અનુભવવાથી, એના અસ્તિત્વથી વિરુદ્ધ જે રાગ – ચાહે તો દયા–દાન–વ્રત–ભક્તિનો રાગ હો – પણ એ રાગને અનુભવતાં, એકતા બુદ્ધિનો મોહ છે; તે કેવો છે ?

વધ્ય – ઘાતક (ભાવે) આત્માની નિર્મળ પર્યાય હણાવા લાયક છે. ભાષા એવી છે કે આત્મા વધ્ય (છે). આત્મા વધ્યનો અર્થ કંઈ આત્મા દ્રવ્યસ્વરૂપ છે, એ કોઈ દિ' હણાતો નથી, આહા...હા ! ભગવાનઆત્મા દ્રવ્ય સ્વરૂપ જે સ્વભાવ એ તો ગમે તે એકેન્દ્રિય નિગોદની પર્યાયમાં હો, કે સર્વાર્થસિદ્ધિની પર્યાયમાં હો, કે કેવળજ્ઞાનની પર્યાયમાં હો. દ્રવ્ય તો શુદ્ધ ત્રિકાળી નિર્મળાનંદ પ્રભુ છે. આહા...હા ! એવા આત્માની ઘાતક નહિ. પણ એના આત્માની પર્યાય વર્તમાન જે નિર્મળ થવી જોઈએ.

કર્તા–કર્મમાં ૬૯–૭૦ ગાથા(માં) આવે છે ને ? કે નિર્મળ પર્યાયને પ્રગટ ન કરતાં, પ્રગટ ન કરતા (અર્થાત્) તે છે, એમ નહિ. જે ઉદાસીન દશા છે, તેને નહિ કરતાં રાગને કરે છે. ઝીણી વાત છે, પ્રભુ ! ભગવાન આત્મા જ્ઞાનને આનંદ સ્વરૂપ એન દશાની પરિણતિ અને અવસ્થા તેને મોહ ઘાતે છે. અને એ પર્યાય હણાવા યોગ્ય થાય છે. પર્યાય હોં ! દ્રવ્ય તો છે એ છે. પણ ભાષા એમ કહેવાય.

આત્મા ઘાતક છે. હણાવા યોગ્ય છે. અને મોહ ઘાતક છે. પણ એનો અર્થ એવો ન લેવાય કે આત્મા દ્રવ્ય છે, તે ઘાતક છે. દ્રવ્ય છે, એ તો ત્રિકાળી શુદ્ધ ચિદાનંદ, અખંડાનંદ, પ્રભુ છે. આહા...હા ! ગમે તે અવસ્થામાં હો. નિગોદની અવસ્થામાં અક્ષરના અનંતમા ભાગની વિકાસની પર્યાયમાં હો, તોપણ દ્રવ્ય તો પરિપૂર્ણ શુદ્ધ, આનંદકંદ જ છે.

એ ચૈતન્ય હીરો, પૂર્ણાનંદનો નાથ પ્રભુ ! તો પૂર્ણ આનંદથી ભરેલો જ છે. પણ એની વર્તમાન પર્યાય અવસ્થા વધ્ય હણાવા યોગ્ય અને મોહ ઘાતક (એમ) એના વિભાગ જ્ઞાનપૂર્વક, એની વહેંચણીના વિવેકપૂર્વક એ મોહરાગ છે, તે ભિન્ન છે. અને હું આત્મા આનંદ સ્વરૂપ તે ભિન્ન છે. એમ બેના વિભાગ પૂર્વક – બેના વિવેક પૂર્વક – બેની વહેંચણી પૂર્વક – બે ને બે રીતે (જુદા) કરવા પૂર્વક. આહા...હા ! અને એ રાગ અને ભગવાનઆત્મા વચ્ચે સંધિ છે – સંધિ છે. રાગ ચાહે તો દયા–દાન–વ્રત–ભક્તિ–તપનો હો, પણ એ વિકલ્પને રાગને, રાગ છે તે દુઃખ રૂપ છે અને (આત્મા) ભગવાન સ્વરૂપ, આનંદ સ્વરૂપ છે. તે આનંદ, અતીન્દ્રિય આનંદ

અને દુઃખની વચ્ચે સંધિ છે. સંધિ છે. એ નિઃસંધિ કોઈ દિ' થયા નથી.

પણ અહીંયાં સંધિને ભિન્ન ન પાડતાં, વધ્ય–ઘાતકપણું જે ઊભું કરે છે, તે રાગ ઘાતક છે અને આત્માની પર્યાય જે ભિન્ન છે, તે હણાવા યોગ્ય થઈ. એવો જે ભાવ (તે) અનાદિનો હતો. આહા...હા ! ઝીણો માર્ગ પ્રભુનો ! બહુ ઝીણો ભાઈ !

વર્તમાનમાં તો બાહ્યમાં બધું રોકાણ (થયું છે). રાગ કરીને રોકાઈ ગયા છે. કાં તો ભક્તિ કરીને, કાં તો અપવાસ કરો ને, વ્રત કરો ને, જાત્રા કરો ને, અરે ! ભગવાન ! એ બધી તો વિકલ્પ અને રાગની ક્રિયાઓ છે. આહા...હા ! એ રાગને અને આત્માને, વિભાગ પૂર્વક છે ને ? છે ? '**વધ્ય–ઘાતકના વિભાગ જ્ઞાનપૂર્વક...**' એના જુદા જ્ઞાનપૂર્વક, આહા...હા !

અર્થાત્ જે રાગમાં એકત્વ બુદ્ધિ કરી હતી, તેને જ્ઞાનની પર્યાયને અંતરમાં વાળતાં, એ રાગ અને આત્મા વચ્ચે, વિભાગપૂર્વક જ્ઞાન થયું, અરેરે ! આવી વાતો હવે. એ '**વિભાગ (જ્ઞાન) પૂર્વક વિભક્ત (જુદો) કરવાને લીધે**' છે ને ? જુદો કરવાને લીધે, આ તો ભાષા છે. આ તો વાચક છે. વાચ્ય તો અંદર છે. વિકલ્પ જે પરસન્મુખની દિશા, પર તરફની દિશા, એ રાગ છે પર તરફની દિશા એ રાગ છે. અને સ્વ તરફની દશા, એ સ્વ તરફની દશાની દિશા, એ વીતરાગતા છે. એવો '**વિભાગ જ્ઞાન પૂર્વક.**' – આવું છે. સાધારણ માણસને તો પકડાય નહિ. બિચારા... એમને એમ વ્રત કરો ને, ઉપવાસ કરો ને, ભગવાનની ભક્તિ કરો ને, શેત્રુંજય ને ગિરનારની જાત્રા કરો.. આહા...હા ! એ તો બાપુ ! પર પ્રત્યેનો પ્રેમ છે. એ તો રાગ છે; એ કાંઈ ધર્મ નથી. આહા...હા !

એ રાગને મોહ જે ઘાતક છે અને પર્યાય ઘાત કરવાને લાયક હતી. તેને વિભાગ પૂર્વક જ્ઞાન કરીને આહા...હા ! (અર્થાત્) એને અંતર મુખ થઈને; રાગ બહિર્મુખ છે, એવા વિભાગ પૂર્વક જ્ઞાન કરીને... આ આવી વાતો છે. ભાઈ ! '**કેવળ આત્મ ભાવનાના (આત્માના અનુભવના) પ્રભાવ વડે...**' છે ? કેવળ આત્મ ભાવના. એટલે ? ભાવના – એટલે આત્માનો અનુભવ. આહા...હા !

જે અનાદિકાળથી જિન સ્વરૂપ પ્રભુ આત્માનું સ્વરૂપ છે. એનાથી વિરુદ્ધ વિકલ્પ, ચાહે તો શુભ – દયા–દાન–વ્રત–ભક્તિનો હોય, અરે ! ગુણ–ગુણીના ભેદનો વિકલ્પ હો, પણ એ રાગ એનો જે અનુભવ એ ઝેરનો અનુભવ છે. એ રાગ છે, ઝેર છે, વિષકુંભ કહ્યો છે ને ! મોક્ષ અધિકારમાં. ઝીણી વાત પ્રભુ ! એ રાગ છે. તે અમૃત સ્વરૂપ ભગવાન અતીન્દ્રિય આનંદનો રસકંદ, એનાથી ઊલટો એ રાગ – એ વિષ એટલે ઝેરનો ઘડો છે. આહા...હા !

એનાથી '**વિભાગજ્ઞાનપૂર્વક વિભક્ત (જુદો) કરવાને લીધે (પોતે) કેવળ આત્મ ભાવનાના...**' એટલે આત્માના અનુભવને લઈને. આહા...હા ! 'આતમ ભાવના ભાવતાં' – શ્રીમદ્‌માં આવે છે. પણ એ ભાવનાનો અર્થ અનુભવ છે. સમજાણું કાંઈ ? એમ આતમ ભાવના (એટલે) આતમા... આત્મા... આત્મા... એમ કહીને આત્મા આવો છે એ તો બધા વિકલ્પ છે. આહા...હા !

'**આતમભાવનાના (આત્માના અનુભવના) પ્રભાવ વડે...**' ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ ! પરમેશ્વર ! છે ? એ પરમેશ્વરની અનુભવદશા વડે. આહા...હા ! પોતે પરમેશ્વર છે. ભગવાન તીર્થંકર આદિ તો પર ભગવાન છે. એ કાંઈ આત્માના ભગવાન નથી. આ તો પોતે જ ભગવાન

સ્વરૂપ, પરમેશ્વર સ્વરૂપ, પોતે જ અંદર (છે). એની ભાવના એટલે અનુભવ વડે – એના અનુભવના પ્રભાવ વડે છે ? '**..પ્રભાવ વડે...**' છે ને ? આહા...હા !

'**...પ્રભાવ વડે પરિણતિ નિશ્ચળ કરી હોવાથી...**' છે ને ? ભાઈ ! આ તો અધ્યાત્મની વાત છે. પ્રભુ ! બહુ ઝીણી વાત છે બાપુ ! અનંતકાળ ચોર્યાશીના અવતારમાં રખડે છે ને ! એનાથી ભિન્ન પડવું અલૌકિક વાતો છે. એ શબ્દે પાર પડે એવું નથી. અને શબ્દનું આ બધું જ્ઞાન થાય, તેથી અંદરમાં જુદો પડે, એવો ય નથી. આહા...હા !

એ રાગના વિકલ્પથી જુદો પડી, આતમભાવના એટલે આત્માના અનુભવના પ્રભાવ વડે, પરિણતિ નિશ્ચળ કરી (અર્થાત્) પોતાની વીતરાગ દશા નિશ્ચળ કરી. આહા...હા ! બહુ ટૂંકામાં અને ઘણા મર્મ ભરેલી આ વીતરાગ વાણી છે. જિનેશ્વરની – ત્રિલોકનાથ પરમાત્મા જિનેન્દ્રની વાણી, સંતો આડતિયા થઈને જગતને માલ આપે છે. આહા...હા !

ભગવાન આત્માનો આ માલ છે કે એ રાગથી ભિન્ન પડી, એટલે કે તેનું લક્ષ છોડી, આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ, તેના લક્ષના ધ્યેયમાં આવી અને એ '**આત્માના અનુભવના પ્રભાવ વડે (પરિણતિ) નિશ્ચળ કરી...**' આહા...હા !

'**(પરિણતિ) નિશ્ચળ કરી હોવાથી સમુદ્રની માફક પોતામાં જ અતિ નિષ્કંપ રહેતો થકો...**' સમુદ્ર જેમ પોતામાં નિષ્કંપ રહે છે. એમ ભગવાનઆત્મા રાગ રહિત પોતાની વીતરાગ પરિણતિ પ્રગટ કરી નિષ્કંપ રીતે પોતાની પરિણતિમાં રહે છે. આહા...હા ! એને મોક્ષનો મારગ કહે છે. '**...સમુદ્રની માફક પોતામાં જ અતિનિષ્કંપ રહેતો થકો એકીસાથે જ...**' શું કહે છે ? હવે... અજ્ઞાનમાં અનંત ગુણની વ્યક્ત પર્યાયો જે હતી, એ વ્યક્ત પર્યાયમાં જ્ઞેયભૂત વસ્તુ છે – તે નિમિત્ત હતી અને એનાથી મને આ જાણવાની જ્ઞપ્તિ ક્રિયાઓ થાય છે, એવા પરના પ્રેમને લીધે, અંતરમાં આવી શકતો નહતો.

આહા...હા ! ચાહે તો દેવ–ગુરુ–શાસ્ત્ર હોય, પણ એના પ્રત્યેનો પ્રેમ પણ બહિર્મુખ છે.

શશીભાઈ ! વાત આવી પ્રભુ !! મારગ તો આવો છે. લોકોને એકાંત લાગે છે. પણ સમ્યક્ એકાંત તો આ છે. એ વિના એનો આરો આવે એવો નથી. પ્રભુ !! આહા...હા ! સમજાણું કાંઈ ?

'**એકસાથે જ અનંત જ્ઞપ્તિવ્યક્તિઓમાં વ્યાપીને...**' જોયું ! શું કહે છે ? જે પહેલાં અનંત ગુણની અનંત વ્યક્ત પર્યાયમાં બાહ્ય પદાર્થ નિમિત્ત હોવાથી, નિમિત્તમાં તેની મૈત્રી વર્તતી હતી. એ છોડીને પોતાની જાણવાની અનંત પર્યાયમાં વ્યાપીને, પરથી છૂટીને, પોતાની અનંતી નિર્મળ પર્યાયમાં વ્યાપીને. આહા...હા !

'**અનંત જ્ઞપ્તિવ્યક્તિ**' (અર્થાત્) જાણવાની અનંત પ્રગટ દશાઓ, '**એમાં વ્યાપીને**' – રહીને. '**અવકાશના અભાવને લીધે...**' હવે પર તરફના '**અવકાશના અભાવને લીધે બિલકુલ વિવર્તન (પરિવર્તન) પામતો નથી.**' આહા...હા !

પોતાની, રાગથી ભિન્ન આત્મ–અનુભવની પરિણતિ કરીને, અંદર નિષ્કંપપણે રહેતો. બિલકુલ પરિવર્તન એટલે રાગમાં અને પર પરિણતિમાં આવતો નથી. એ શુદ્ધ પરિણતિમાં નિષ્કંપપણે રહેવું. આહા...હા ! એનું નામ મોક્ષનો માર્ગ છે. '**...અવકાશના અભાવને લીધે, બિલકુલ વિવર્તન**

**(પરિવર્તન) (પામતો નથી).**' એટલે રાગ બિલકુલ નથી. એટલે રાગનું પરિવર્તન નથી. એમ કહે છે. પોતાની તરફ પરિણતિ એકલી છે. આહા...હા !

પ્રભુ ! આ તો ધીમેથી સમજવાની વાત છે. આ કાંઈ પંડિતાઈની ચીજ નથી. આહા...હા ! કે બહુ ભણ્યો હોય ને, મોટા ભાષણ આપે, લાખો માણસને રંજન કરે ને, એ કાંઈ જ્ઞાની છે કે સમકિતી છે ! એ કોઈ ચીજ જ નથી. આ બીજી ચીજ છે.

આહા...હા ! હૈ ? આ ચોથેથી પહેલા શરૂ કરવાની, (રાગથી) ભિન્ન કરીને પૂરું કરવાની છેલ્લી ગાથાઓ છે ને ! પહેલું (રાગથી) ભિન્ન કરીને પરિણતિ... પૂરણ કરવાની આહા...હા ! '**બિલકુલ વિવર્તન (પરિવર્તન) પામતો નથી, (ત્યારે) જ્ઞપ્તિવ્યક્તિ એનાં નિમિત્તરૂપ હોવાથી...**' જ્ઞપ્તિ – વ્યક્તિ (અર્થાત્) જાણવાની દશાઓમાં પરપદાર્થ નિમિત્તરૂપ હોવાથી, જે પરપદાર્થ નિમિત્તરૂપ છે. ફક્ત જાણવામાં '**(જે) જ્ઞેયભૂત છે એવી બાહ્યપદાર્થવ્યક્તિઓ પ્રત્યે તેને ખરેખર મૈત્રી પ્રવર્તતી નથી.**'

આહા...હા ! પહેલાં એ (આત્મ) વસ્તુની દૃષ્ટિ ન હતી. રાગથી ભિન્ન વિવેક ન હતો. ત્યારે તેની અનંતી પર્યાયોમાં બાહ્ય પદાર્થ નિમિત્ત હોવાથી નિમિત્તની મૈત્રી હતી. એને ત્યાંથી ખસવું નહોતું. આ નિમિત્તથી જાણે મારામાં આ બધી પર્યાયો થાય છે એમ કરીને એની મૈત્રી (હતી). નિમિત્તમાં (હતી). ચાહે તો દેવ–ગુરુ–શાસ્ત્ર હો, સ્ત્રી–કુટુંબ પરિવાર એ બધા બાહ્ય પદાર્થ જ્ઞેયભૂત છે. આહા...હા ! સમજાણું કાંઈ ?

'**જે જ્ઞેયભૂત છે એવી બાહ્ય પદાર્થ વ્યક્તિઓ પ્રત્યે.**' બાહ્ય પદાર્થની પ્રગટતા પ્રત્યે, '**તેને ખરેખર મૈત્રી પ્રવર્તતી નથી.**' આહા...હા ! એની મૈત્રી ભગવાનઆત્મા પ્રત્યે ગઈ. સૂક્ષ્મ છે ! મારગ તો આ છે, પ્રભુ ! કોઈ બીજો એને હળવો કરીને વિપરીત કરે, તેથી કંઈ મારગ બીજો નહિ થઈ જાય. આહા...હા !

ભગવાન (આત્મા) પરમાનંદ પ્રભુ છે, ઈશ્વર છે પોતે. એમાં વસ્તુમાં નબળાઈ નથી. આહા...હા ! એવી પ્રભુતાનો પકડતાં, એની જ્ઞપ્તિ પર્યાયમાં, બાહ્ય પદાર્થો નિમિત્ત હોવા છતાં તેના પ્રત્યે તેની મૈત્રી નથી. આહા...હા '**ખરેખર મૈત્રી પ્રવર્તતી નથી.**' થોડામાં બહુ કહ્યું ! બહુ કહ્યું !

આવો ઉપદેશ લોકોને (કઠણ પડે). સાધારણ માણસને એવું લાગે કે આમાં શું કરવું. એમાં કાંઈ આવતું નથી. આ રાગથી ભિન્ન કરવું એ નથી આવતું ? આહા...હા ! રાગથી એકત્વ કરવું આવે છે કે નહિ ? હેં ! તો પછી જ્ઞાનથી ભિન્ન કરવું (એ) કરવું નથી આવડતું ? આહા...હા ! આ તો બાહ્યથી કાંઈ આ કરું ને આ કરું, આ મંદિરો બનાવવા ને રથયાત્રા કાઢવી, ધામધૂમ કરવાં, ભજનો કરવાં ને બાપુ ! એ બધી ક્રિયાઓ જડની અને એના તરફ લક્ષ રાખે તો રાગની ક્રિયા છે. આહા...હા ! સમજાણું કાંઈ ?

એકી સાથે કીધું ને ? એક હારે જાણવાની ક્રિયામાં એક સાથે બધું જાણવું છે. ઓલામાં બાહ્યમાં એક સાથે મૈત્રી પ્રવર્તતી હતી. નિમિત્તની મૈત્રીને લઈને... અહીં નિમિત્તની મૈત્રી નથી. જ્ઞપ્તિ ક્રિયા અનંતી શુદ્ધ પરિણતિ એક સમયમાં એક સાથે પ્રવર્તે છે. આહા...હા !

પકડાય એટલું પકડવું... આહા...હા ! પ્રભુ ! ભગવાન છો. પ્રભુ ! તું ભગવાન છો !

આહા...હા ! પર્યાયમાં તેં પામરતા કલ્પી છે. કલ્પી છે – એ પામરતા તારામાં નથી. આહા...હા ! એને પર તરફથી પાછો વાળી અને અનંતી જ્ઞપ્તિ ક્રિયાઓમાં, નિષ્કંપપણે પરિણમતો તેમાં બાહ્ય પદાર્થો નિમિત્ત હોવા છતાં, તેમાં તેનો પ્રેમ અને મૈત્રી રહેતી નથી. આહા...હા !

'**(મૈત્રી) પ્રવર્તતી નથી.**' છે ? '**ખરેખર મૈત્રી પ્રવર્તતી નથી. અને (તેથી) આત્મવિવેક સુપ્રતિષ્ઠત (સુસ્થિત) થયો હોવાને લીધે...**' આહા...હા ! આત્મવિવેક પહેલાં શિથિલ હતો ઓલામાં... આ રીત તો પહેલાં શીખે. આહા...હા ! ભગવાન આત્મા રાગથી ભિન્ન પડીને, વિવેકથી જે અંતર એકાગ્ર થયો. ત્યાં આત્મવિવેક સુપ્રતિષ્ઠિત થયો. રાગથી ભિન્ન પડીને, પર્યાયમાં સુપ્રતિષ્ઠિત બરાબર સ્થિત થયો. આહા...હા !

ઓલો આત્મવિવેક શિથિલ હતો. રાગમાં એકતાને લઈને અને પરમાં મૈત્રીને લઈને પર્યાયમાં શિથિલ હતો. અનાદિનો શિથિલ એટલે વિપરીત હતો. આહા...હા ! એને પોતાના આત્મામાં વાળીને આહા...હા ! મૈત્રી નથી. તેથી આત્મવિવેક સુપ્રતિષ્ઠિત (થયો) જ્ઞાન સ્વભાવમાં સુપ્રતિષ્ઠિત (થયો). ભલે એ વિકલ્પ હો ! છતાં એનું અહીં જ્ઞાન કરીને આત્મામાં સુપ્રતિષ્ઠિત છે. એમ કહે છે. આહા...હા ! કેમ કે ત્યાંથી ભેદ પડ્યો છે.

આહા...હા ! સવારની ય વાત ઝીણી ને અત્યારનીય વાત ઝીણી છે. છેલ્લા અધિકાર બહુ ઝીણા છે. હેં ! આત્મા જ એવો છે ને. અમારે જીવરાજ તો (વ્યાખ્યાન) સાંભળીને. કાલે સવારમાં... આહા...હા ! પછી શ્વાસ ઊપડ્યો હતો. નબળાઈનો... ઓલો નહિ. બાર સાડાબારે તો દેહ છૂટયો...

એ તો (આયુષ્ય) પૂરું થાય તો ત્યાં ને ત્યાં થાય. અંદર... આહા...હા ! સ્થિતિ પૂરી થાય એ સમયે દેહ છૂટી જાય ફડાક દઈને. એ ક્યાં દેહ અને આત્મા એક છે ? અત્યારે ય ક્યાં એક છે ? એ તો આકાશના ક્ષેત્રે એક છે. પોતાના અને રાગના ક્ષેત્રે એક નથી. અરે ! અત્યારે પણ રાગના ક્ષેત્ર અને આત્માના ક્ષેત્ર એક નથી. એ શું કહ્યું ?

રાગ છે ને ? દયા–દાન–વ્રત–ભક્તિ–પૂજા–કામ–ક્રોધનો રાગ. એ રાગનું ક્ષેત્ર ને વીતરાગ સ્વરૂપ આત્માનું ક્ષેત્ર, બે ભિન્ન છે. આહા...હા ! એના અસંખ્ય પ્રદેશમાં એક અંશ જેમાંથી વિકૃતિ ઉત્પન્ન થાય. એ દ્રવ્ય–ક્ષેત્ર ભિન્ન છે. આહા...હા ! ભાવ ભિન્ન છે તેમ ક્ષેત્ર પણ ભિન્ન છે. આહા...હા ! આવું... હવે સમજવું.

અરે ! બાપુ ! ભગવાન, એ વ્રત ને તપ તો અનંતવાર કર્યાં. બાપા ! ભાઈ ! આહા...હા ! અહીં કહે છે. ભાવનગરવાળા ય આવ્યા છે. આહા...હા ! આ ભાવ...નગર આત્મા છે. પોતાના અનંત આનંદ જ્ઞાન સ્વભાવી અનંત ગુણોનું નગર છે. નગર એટલે જેમાં કર નથી. નકર...નગર. નકર રાગનો કર એમાં નથી. એવી એ ચીજ છે. આહા...હા ! આહા...હા ! એવા રાગના ભાગથી ભિન્ન પાડીને પોતાના સ્વભાવના અનુભવ દ્વારા, '**સુપ્રતિષ્ઠિત (સુસ્થિત) થયો હોવાને લીધે અત્યંત અંતર્મુખ થયેલો એવો.**' આહા...હા !

'**અત્યંત અંતર્મુખ થયેલો...**' જે રાગમાં બહિર્મુખ હતો... આહા...હા ! ચાહે તો દેવ–ગુરુ–શાસ્ત્રની ભક્તિનો પણ રાગ છે. પ્રભુ ! એનાથી આત્માને કલ્યાણ થાય તેમ નથી. નિમિત્તનું

જ્ઞાન કરાવવું, એવું કર્મકાંડ કહ્યું છે. સમજાણું કાંઈ ? '**અત્યંત અંતર્મુખ થયેલો...**' આહા...હા ! જ્ઞાનની વર્તમાન પર્યાય એને દ્રવ્ય તરફ અંતર્મુખ થયેલો હોવાથી; એવો આત્મા – અત્યંત અંતર્મુખ થયેલો એવો આ આત્મા. આહા...હા ! આ આત્મા એમ કરીને પ્રત્યક્ષ બતાવે છે. 'આ આત્મા.' માણસ કહે છે ને આ આવ્યો.

આ આત્મા આહા...હા ! ભગવાન સ્વરૂપ ! પ્રભુ સ્વરૂપ ! પ્રભુ ! પરિણતિમાં '**અત્યંત અંતર્મુખ થયેલો એવો આ આત્મા પૌદ્‌ગલિક કર્મ ને રચનારા રાગદ્વેષદ્વૈતરૂપ પરિણતિથી દૂર થયો થકો...**' આહા...હા ! નવાં કર્મ બાંધવાનાં જે રાગદ્વેષ દ્વૈત હતું. એ તો દૂર થયું. શુદ્ધ પરિણતિનું અદ્વૈતપણું – એકપણું રહ્યું. આહા...હા ! સમજાય છે કાંઈ ?

ભાષા તો સાદી છે. ભાવ તો બાપા જે છે તે છે. પ્રભુ ! આહા...હા ! એને વર્તમાન પર્યાય પ્રગટ છે. તેમાં અનાદિથી એની રમતું છે. એક સમયની ભલે અનંતી અનંત ગુણની અનંત પર્યાય છે. પણ એક સમય પૂરતી છે ને ? અને એના (પહેલાં) સાધુ થયો, મુનિ થયો, ભાઈ ! આહા...હા ! પંચમહાવ્રત ધારણ કર્યાં, હજારો રાણીઓ છોડી પણ એની પર્યાય બુદ્ધિમાં રુચિ રહી ગઈ છે.

કારણ કે પર્યાયમાં રાગની મંદતા કરી, એટલે એને એમ થઈ ગયું કે જાણે મેં બહુ કર્યું. પણ એ પર્યાયની પાછળ આખું તત્ત્વ, ભગવાન પૂર્ણાનંદ ધ્રુવ સ્વરૂપ છે. તેના સન્મુખ થયા વિના એને આનંદનો અનુભવ આવે નહિ. એ પંચમહાવ્રતના પરિણામમાં પણ દુઃખનો અનુભવ છે. આહા...હા ! એ પંચમહાવ્રત છે, એ રાગ છે, આસ્રવ છે, દુઃખનો અનુભવ છે. પર્યાય બુદ્ધિ હોવાથી તેને દુઃખનો અનુભવ છે. આહા...હા ! અને તેનાથી છૂટીને, ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ ! તેની સન્મુખ જવાથી તેને આનંદની પર્યાયનું વેદન આવે. આતમજ્ઞાન થતાં એને અહીંયાં પૂર્ણ મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. એને સાચું દર્શન છે, જ્ઞાન પણ છે. અને સુપ્રતિષ્ઠિત કીધું ને ? ચારિત્ર પણ (છે), સ્થિર છે. પૂર્ણ વાત લીધી છે ને ! સમજાણું કાંઈ ?

આત્મા પૌદ્‌ગલિક કર્મને રચનારો, રાગદ્વેષ પુણ્યને અને પાપનો ભાવ દ્વૈતરૂપ હતો, જે પુદ્‌ગલને રચવામાં નિમિત્ત હતો. એ પરિણતિથી દૂર થયો. આહા...હા ! એ રાગદ્વેષની દશાથી દૂર થયો. અને ભગવાન આનંદના સ્વરૂપની નજીક થયો. આહા...હા ! ભાષા તો બહુ ટૂંકી (છે) પણ ભાવ બાપા...! બહુ મુશ્કેલ. આહા...હા ! એમાં અનંત પુરુષાર્થ માગે છે.

'**રાગદ્વેષદ્વૈતરૂપ પરિણતિથી**' પરિણતિ એટલે પર્યાય એનાથી '**દૂર થયો થકો પૂર્વે નહિ અનુભવેલા...**' આહા...હા ! અનંતકાળમાં તો રાગને જ અનુભવ્યો હતો. 'મુનિવ્રત ધાર અનંતબેર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો'. આહા...હા !

'**પૂર્વે નહિ અનુભવેલા અપૂર્વ જ્ઞાનાનંદ–સ્વભાવી ભગવાન...**' જુઓ, ભગવાન આવ્યું અહીંયાં. ભગવાન ભગ એટલે જ્ઞાનની લક્ષ્મી, અને આનંદની લક્ષ્મીવાળો ભગ + વાન જેનું રૂપ (અર્થાત્) વાન, જ્ઞાન અને આનંદ જેનું રૂપ અને વાન છે. આહા...હા ! આવો જે જ્ઞાનાનંદ સ્વભાવી, એનો સ્વભાવ જ આ છે. આહા...હા ! માણસને આકરું લાગે નિશ્ચય, નિશ્ચય, એકાંત લાગે.

રામજીભાઈ પાસે ઘણાય આવ્યા હતાં. એક જણ એમ કહેતો હતો. આ નિશ્ચય છે ! ભગવાન !

નિશ્ચય એટલે સત્ય. આ સત્ય હોય ત્યાં રાગાદિ આવે એને વ્યવહાર કહેવામાં આવે. પણ જ્યાં નિશ્ચયનું સ્વરૂપ સમ્યક્ નથી. એના રાગની ક્રિયાને વ્યવહાર પણ કહેવામાં આવતો નથી.

આહા...હા ! શું થાય ? આખો મારગ ઊથલપાથલ કરી નાખ્યો. આહા...હા ! કોઈએ વ્રત–તપમાં ધર્મ મનાવ્યો, કોઈએ ભગવાન અને ગુરુની ભક્તિમાં ધર્મ મનાવ્યો, કોઈ શાસ્ત્રનું વાંચન–શ્રુત કરીને ઉપદેશ દેવો, એમાં ધર્મ મનાવ્યો. અહીં કહે છે, '**પૂર્વે નહિ અનુભવેલા અપૂર્વ જ્ઞાનાનંદ સ્વભાવી ભગવાન આત્માને...**' આહા...હા ! જ્ઞાન ને આનંદ જેનો સ્વભાવ છે. ભગવાન સ્વભાવી છે.

આત્મા ભગવાન સ્વભાવી છે. અને (અતીન્દ્રિય) જ્ઞાન (અને) અતીન્દ્રિય આનંદ જેનો સ્વભાવ છે. આહા...હા ! એ વ્યવહાર રત્નત્રયને, દયા–દાન ને દેવ–ગુરુ–શાસ્ત્રની શ્રદ્ધા ને શાસ્ત્રનું જ્ઞાન કે નવ તત્ત્વની શ્રદ્ધા અને ભેદની શ્રદ્ધા, પંચમહાવ્રતનું આચરણ એ બધો રાગ છે. આહા...હા ! એ એનો આત્માનો સ્વભાવ નથી. એ તો વિભાવ છે. આહા...હા ! વાતે વાતે ફેર, 'આનંદ કહે પરમાનંદા માણસે માણસે ફેર. એક લાખે તો ન મળે, એક તાંબિયાના તેર'. ભગવાન કહે છે કે પ્રભુ ! તેં શ્રદ્ધા અનાદિ કાળમાં (જે) માની છે, એ તારી શ્રદ્ધા (અને) વસ્તુની શ્રદ્ધામાં વાતે વાતે ફેર છે. આહા...હા ! કેવો છે ભગવાન ?

જ્ઞાનાનંદ સ્વભાવી ભગવાન. જે રાગનો કર્તા અને રાગ એનું સ્વરૂપ એ સ્વરૂપમાં છે જ નહિ... વ્યવહાર – રત્નત્રય જેને કહેવાય – એ એનું સ્વરૂપ નથી, એનો એ કર્તા નથી, એના સ્વભાવમાં એ છે નહિ. આહા...હા ! સમજાણું કાંઈ ? છતાં પૂર્ણ સ્વભાવ પ્રગટ ન થાય ત્યાં સુધી જ્ઞાનાનંદ સ્વભાવની દૃષ્ટિ – અનુભવ હોવા છતાં રાગની એવી ભક્તિ–પૂજાના ભાવ આવે પણ તે હેય બુદ્ધિએ આવે. આહા...હા ! ઉપાદેય બુદ્ધિએ નો આવે. આદરણીય બુદ્ધિએ નો આવે – છોડવાની બુદ્ધિએ આવે તો એને વ્યવહાર કહેવાય. પણ એને આનંદનો અનુભવ હોય એમ જાણે.

અજ્ઞાની રાગને ઉપાદેય તરીકે જાણીને એનાથી લાભ થાય એમ માને તો મિથ્યાત્વ છે. આહા...હા ! '**જ્ઞાનાનંદ સ્વભાવી !! નહિ અનુભવેલા અપૂર્વ જ્ઞાનાનંદ સ્વભાવી.**' એવા અપૂર્વ એટલે પૂર્વે નહિ અનુભવેલા એવા '**જ્ઞાનાનંદ સ્વભાવી ભગવાન આત્માને અત્યંતપણે જ પ્રાપ્ત કરે છે.**'

અત્યંતપણે જ પ્રાપ્ત કરે છે. આહા...હા ! એ તો એક વસ્તુની સ્થિતિ કીધી. હવે કહે છે કે, હે જગતના પ્રાણી ! આહા...હા ! સાગમટે નોતરું છે. એ આત્માને અત્યંતપણે જ પ્રાપ્ત કરે છે. બિલકુલ રાગ અપૂર્ણતા રહેતી નથી. આહા...હા ! '**જગત...**' જગત એટલે જગતમાં રહેલા જીવો, આહા...હા ! હે જીવો ! આહા...હા ! '**જગત પણ જ્ઞાનાનંદાત્મક પરમાત્માને પ્રાપ્ત કરો જ.**' કરો જ ! આહા...હા ! હે પ્રભુ ! તું જ્ઞાનાનંદ આત્મા (છો), જગતના જીવો બધા જીવો... આહા...હા ! અત્યંત આ વિધિએ પ્રાપ્ત કરે છે. એ આ વિધિ બતાવી અને અત્યંત પ્રાપ્ત થાય છે – એ વસ્તુસ્થિતિ બતાવી. તો જગત પણ (પ્રાપ્ત કરો જ) આહા...હા !

'અમૃતચંદ્ર આચાર્ય' મુનિ દિગંબર સંત, જેના આનંદના સ્વસંવેદનમાં ભાવલિંગ પ્રગટ્યું છે – મુનિનું ભાવલિંગ. નગ્નપણું અને પંચમહાવ્રત એ એનું મુનિનું ભાવલિંગ નહિ. એ તો દ્રવ્યલિંગ છે. એનું દ્રવ્યલિંગ હો તો આવું હો... પણ ભાવલિંગ તો અતીન્દ્રિય આનંદ – સ્વસંવેદન પ્રચુર

સ્વસંવેદન(રૂપ) આનંદ, સાચા સંતનું એ ભાવચિહ્ન અને લિંગ છે. આહા...હા ! સમજાણું કાંઈ ? સાગમટે નોતરું છે. આખા જગતને હોં ! આહા...હા !

ઓલા કંદોરાબંધ કહે છે ને ? કંદોરબંધ એટલે આદમીઓનું જમણ. (અને) ગોયણી એટલે કન્યાને જમણ. કહે છે. સાગમટે એટલે બધાને. કોઈ માંદો હોય, એ ન આવી શકે, પણ બધાને જમણ આહા...હા ! આવો ભગવાનઆત્મા, જ્ઞાનાનંદ સ્વભાવી (છે).

એમ જગતના જીવો પણ (પ્રાપ્ત કરો !) આહા..હા ! અમે તો પ્રાપ્ત કર્યો છે. (એમ) કહે છે. આહા...હા ! જુઓ ! આ દિગંબર સંતો, આહા...હા ! અમે તો (સ્વભાવ) પ્રાપ્ત કર્યો છે. પણ હે ! જગતના જીવો ! '**જગત પણ...**' એમ પણ લીધું ને ! પોતે (પ્રાપ્ત) કર્યો છે અને આ પણ (જગતના જીવો પણ પ્રાપ્ત કરો) આહા...હા !

અમે માંગલિક કર્યું છે. જ્ઞાનાનંદાત્મક, જ્ઞાનાનંદ આત્મક, એટલે સ્વરૂપ જ્ઞાનાનંદ આત્મક (છે) એટલે જ્ઞાનને આનંદ જેનું સ્વરૂપ એવો જે પરમાત્મા પોતે. આહા...હા ! જ્ઞાનાનંદાત્મક આત્મક છે ને ! જ્ઞાનાનંદ આત્મા એમ નહિ. જ્ઞાનાનંદ આત્મક એટલે સ્વરૂપ, જ્ઞાનાનંદ સ્વરૂપ પરમાત્માને એટલે એના આત્માનું સ્વરૂપ જ જ્ઞાનાનંદ છે.

બીજા અનંત ગુણો ભલે એની સાથે હો. પણ મુખ્ય જ્ઞાન અને આનંદ. આહા...હા ! એવા જ્ઞાનાનંદ સ્વરૂપ પરમાત્માને પ્રાપ્ત કરો એમ નહિ. '**પ્રાપ્ત કરો જ.**' અહીંયાં અભવ્યને પણ (લઈ લીધા). અહીં અત્યારે એ (વાત) નથી. બધા જ્ઞાનાનંદ સ્વભાવી છે ને ! જ્ઞાનાનંદ સ્વભાવ પ્રાપ્ત કરો. કોઈ માંદો હોય અને સાગમટે ન આવે. એ જુદી વાત.

એક તો ઉપદેશ સાંભળવા મળવો કઠણ. સમજવો કઠણ. આહા...હા ! સાંભળવા છતાં કઈ પદ્ધતિ છે એ સમજવી કઠણ અને પદ્ધતિ સમજ્યા પછી અંતરમાં ભિન્ન પાડવું કઠણ. આહા...હા ! ભિન્ન પાડીને આત્માના અનુભવમાં રહેવું એ કઠણ. આહા...હા ! મારગ તો આ છે. ચાહે તો આજ કરો, કે (પછી કરો).

અહીં તો કહે છે. આગળ કહેશે. હોં ! આજે જ કરો, એમ કહેશે. પછીના શ્લોકમાં છે. પછીનો શ્લોક છે ને ? આજે જ '**जनाः**' છેલ્લો શબ્દ છે. છે ? હાહા...! બેય ઠેકાણે કહેશે છે ? '**આજે (જનો) અવ્યાકુળપણે નાચો.**' એક વાત. બીજા શ્લોકમાં બીજી લીટી. નીચેથી. '**આત્મા આજે અત્યંત અનુભવો.**' આહા...હા ! જેને જેનું પોષાણ છે. તેને વાયદા શા ? આહા...હા ! જેને જે વાતનું પોષાણ છે. તેને વાયદા શા ? વાયદા વાફળ કરે... આહા...હા !

આ સંતોની વાણી તો (અમૃત છે). જુઓ ! દિગંબર મુનિઓની વાણી બીજે ક્યાંય નથી. આહા...હા ! ક્યાંય નહિ (હોં). (અત્યારે) કાળ–ક્ષેત્ર બધું ફરી ગયું (છે). આહા...હા ! બે ગાથામાં કહેશે. અહીં છે ને ? જગત (આખું) આત્માને પ્રાપ્ત કરો જ. એમ કીધું ને ? હૈં ! '**પ્રાપ્ત કરો (જ).**' પછીના શ્લોકમાં '**આજે**' બે વાર નાખ્યું.

આહા...હા ! ભાઈ, તને રુચે તો એના વાયદા શા ? તને ગોઠે (છે ને) આ વાત ? ગોઠેને પછી કરશું... પછી કરશું. તો પછી કરશું (એ) રહી જશે. એ '**આજે**' શબ્દ બેયમાં (છે). '**આજે**' શબ્દ છે. આહા...હા ! એ શ્લોક પૂરો થયો. વિશેષ..... (પછી) !

❀ ❀ ❀

**પ્રવચન : ૧૩-૧-૧૯૭૮**

**'आनंन्दामृतपूरनिर्भरवहत्कैवल्यकल्लोलिनी-**
**निर्मग्नं जमदीक्षणक्षममहासंवेदनश्रीमुखम्।**
**स्यात्काराङ्कजिनेशशासनवशादासादयन्तूल्लसत्**
**स्वं तत्त्वं वृतजात्यरत्नकिरणप्रस्पष्टमिष्टं जनाः।। २० ।।'**

આહા...હા ! છેલ્લા કળશ છે ને ? ૨૦--૨૧--૨૨ ત્રણ કળશ છે. કહે છે કે આ ભગવાન આત્મા જ્યાં પૂર્ણ આનંદ પ્રગટ થાય છે. જ્ઞાનાનંદ સ્વરૂપ એવું આત્માનું સ્વરૂપ છે. એનું પ્રથમ ભાન થયે, અનુભવ થયે, એની પૂર્ણ જ્ઞાનાનંદ દશા જ્યાં પ્રગટ થાય છે. છેલ્લી સ્થિતિ છે ને ? આહા...હા !

એનો આનંદ કોઈ બાહ્ય ચીજમાં નથી. પોતાના કરતાં કોઈ બાહ્ય ચીજની વિશેષતા ભાસે તો એનો અર્થ એ થયો કે એ અધિક છે ને હું હીણો છું. પણ બાહ્ય કોઈ પણ ચીજમાં વિશેષતા, અધિકતા, ઉલ્લસિત વીર્ય રોકાય એ ચીજ જ નથી. આહા...હા !

અહીંયાં તો જ્ઞાનામૃત પ્રભુ જ્ઞાનનો અમૃત સુખ, '**આનંદામૃતના પૂરથી ભરચક વહેતી કૈવલ્યસરિતામાં, (મુક્તિરૂપી સરિતામાં)**' છેલ્લી વાત છે ને ! મુક્ત દશા કોને કહીયે ? કે જ્ઞાનામૃતના પૂરથી ભરચક વહેતી કૈવલ્યસરિતા–નદી–મુક્તિરૂપી સરિતા–મુક્તિરૂપી નદી. આહા...હા ! જેનો પૂર્ણ સ્વભાવ પ્રગટ થતાં જ્ઞાનામૃતથી ભરેલો ભગવાન એના આશ્રયે–અવલંબને પર્યાયમાં પૂર્ણ આનંદની દશા, જ્ઞાનામૃત(થી) પૂર્ણ વહેતી સરિતા (પ્રગટ થઈ). જેમ નદીના પ્રવાહ વહે... એમ આત્માની પર્યાયમાં અનંત જ્ઞાનને અમૃત રૂપી મુક્તિ વહે છે. આહા...હા ! છે ? '**આનંદામૃતનું પૂર !**' પૂર્ણ દશા જ્યાં પ્રગટ થાય છે – એમ (એનાથી) ભરેલું તો છે જ – આનંદામૃતથી ભરેલું તો છે જ. પણ હવે વહેતી સરિતા (ની જેમ જ્ઞાનસરિતા વહે છે). આહા...હા ! તેથી કેવળજ્ઞાન અને કેવળ આનંદ એ સ્વરૂપે પ્રભુ છે. પણ એનો અનુભવ થઈને કૈવલ્ય સરિતા એ પૂરથી ભરચક વહેતી જ્ઞાન ને આનંદના પૂરથી ભરચક વહેતી નદી (ની જેમ વહે છે). આહા...હા ! આ મુક્તિ (છે), આત્માની મોક્ષ દશા (છે). આહા...હા !

એ જ્ઞાનામૃતના પૂરથી ભરચક !! એ પૂરું પૂર છે. જ્ઞાન અને આનંદની પર્યાયમાં પૂરું પૂર છે. જે અંતર પૂર હતું – ચૈતન્ય પૂર ! એ પર્યાયમાં ચૈતન્ય પૂરથી ભરચક વહેતી કૈવલ્યસરિતા – કેવલરૂપી નદી – આહા...હા ! આવી મુક્તિમાં '**જે ડૂબેલું છે.**' એટલે આ દશામાં આખું તત્ત્વ રહેલું છે. આહા...હા ! અત્યારે પર્યાયની વાત છે.

જ્ઞાનામૃતના સ્વભાવથી – અતીન્દ્રિય આનંદના ભાવથી ભરચક ભરેલું તત્ત્વ તો છે. પણ અહીંયાં તો ભરચક વહેતી (સરિતા) પર્યાયમાં – અવસ્થા પ્રગટી. કૈવલ્ય સરિતા એમાં એ ચૈતન્ય

ડૂબેલું છે. એમાં એ રહેલું છે. આહા...હા ! આવી ભાષા છે. જ્ઞાન જેનો સ્વભાવ પરિપૂર્ણ છે. આનંદ જેનો પ્રભુનો સ્વભાવ પરિપૂર્ણ છે.

જેનો આત્માનો (સ્વભાવ) (પરિપૂર્ણ) છે, એની દશામાં રમણતા કરતાં કૈવલ્ય સરિતામાં કેવલ – એકલું જ્ઞાનની નદીમાં, પ્રવાહમાં, એ આત્મા અંદર વહે છે. આનું નામ મુક્તિ. કેમકે મુક્તિ એક પર્યાય છે. એ કોઈ દ્રવ્ય–ગુણ નથી. દ્રવ્ય–ગુણ તો ત્રિકાળી છે. ત્રિકાળી શક્તિરૂપે જે પૂર હતું, અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત વીર્ય, અનંત પ્રભુતા, એવું જે ચૈતન્યપૂર, ધ્રુવમાં પડ્યું હતું, એનો સ્યાત્કાર (અર્થાત્) જૈન શાસનની શૈલીથી સ્વપણે છે અને પરપણે નથી. એવી શૈલીથી, એને અનુભવતાં જેની દશામાં આનંદની જ્ઞાનની સરિતા ભરચક વહે છે. જેમાં આત્મા ડૂબી ગયેલો – રહેલો છે.

'**सिद्धा सिद्धिं मम दिसंतु**' કહે છે ને ! લોગસ્સમાં આવે છે ને ? એ સિદ્ધિ આ (છે). આહા...હા ! એના શબ્દો (આ) પણ વાચ્ય–ભાવ ઘણા સૂક્ષ્મ ! જેને પોતાના જ્ઞાન અને આનંદનું ભરચક પૂર વહે છે. આહા...હા ! આ મોક્ષતત્ત્વ ! નવ તત્ત્વમાં મોક્ષ તત્ત્વની શ્રદ્ધા કહે છે ને ?

મોક્ષ તત્ત્વ – કેવળ (આને) કહે છે. સંવર–નિર્જરાની શ્રદ્ધા એ તો સાધક જીવની (છે) પણ એને સાધક જીવને પણ મોક્ષ કેવો છે ? એની શ્રદ્ધા છે ને કે મોક્ષ કેવો છે ? કે આવો છે. સમજાણું કાંઈ ? આહા...હા ! મોક્ષમાં જે નિર્મળ પર્યાય છે. મુક્તિ કીધી છે ને ? દુઃખથી મુક્ત થઈ ગયો છે. અપૂર્ણતાથી મુક્ત થઈ ગયો છે. સુખના ભરચક પૂરથી આનંદ ને જ્ઞાનની પર્યાયમાં વહે છે. આહા...હા ! એમાં આત્મા ડૂબી ગયો છે. એમાં રહેલો છે. એમ કહે છે. આહા...હા !

મોક્ષ તત્ત્વ એટલે શું ! અજ્ઞાની મોક્ષતત્ત્વને અનેક પ્રકારે વર્ણવે છે. એનાથી આ જુદી ચીજ છે. આહા...હા ! એ '**મુક્તિરૂપી સરિતામાં જે ડૂબેલું છે, જગતને જોવાને સમર્થ એવી**' જ્ઞાન લક્ષ્મી જે પ્રગટી છે. એ કેવી છે ? આહા...હા ! '**જગતને જોવાને સમર્થ એવી મહાસંવેદનરૂપી, શ્રી (મહાજ્ઞાનરૂપી લક્ષ્મી.) જેમાં મુખ્ય છે.**'

આહા...હા ! એકલી જ્ઞાનની પરિપૂર્ણ પર્યાયમાં એ મુખ્ય છે. આહા...હા ! આહા...હા ! જગતને જોવાને એટલે ત્રણકાળ ત્રણ લોકને, જેની કૈવલ્ય દશામાં, '**જગતને જોવાને સમર્થ એવી મહાસંવેદનરૂપી શ્રી –** (મહાજ્ઞાનરૂપી લક્ષ્મી), જેમાં મુખ્ય છે, ઉત્તમ રત્નના કિરણ જેવું જે સ્પષ્ટ છે.' આહા...હા ! ઉત્તમ રત્નના જેમ નિર્મળ કિરણ જે હોય, એવા ઉત્તમ રત્નના કિરણ જેવું, જે આત્મતત્ત્વ, પર્યાયમાં મોક્ષદશામાં સ્પષ્ટ છે. આહા...હા ! '**અને જે ઇષ્ટ છે.**' પ્રત્યક્ષ છે અને આનંદ છે, પ્રિય છે. આહા...હા ! જ્ઞાન સ્પષ્ટ છે અને જે ઇષ્ટ છે. એમાં આનંદ છે (એ) ઇષ્ટ છે, પ્રિયકર છે જ્ઞાનની પૂર્ણ લક્ષ્મી પ્રગટી તે પ્રિયકર–આનંદકર છે. આહા...હા ! એ જ્ઞાનાનંદ બેને આ રીતે નાખ્યું. સમજાણું કાંઈ ? આહા...હા ! આવું છે. બહુ ટૂંકું – પણ '**(જે) ઇષ્ટ (છે) એવા ઉલ્લસતા (પ્રકાશમાન, આનંદમય)...**' એમ બેય જ્ઞાન, અને આનંદ બેય જેની પર્યાયમાં પૂર્ણ પ્રકાશમાન દશા થઈ.

આહા..હા ! તેનો ઉપાય તો કહ્યો. સવારમાં કહ્યું હતું ને ! સમ્યક્દર્શન – આત્માને અનુભવવો એ સમ્યક્દર્શન પછી એની પૂર્ણ દશા પ્રગટ થવી તે મોક્ષ. પણ એ પૂર્ણ દશા, પૂર્ણ વસ્તુ જે પરિપૂર્ણશક્તિનું સત્ત્વ જે છે, એને આશ્રયે વ્યક્તતા, પરિપૂર્ણતા, પ્રગટ થાય છે. શક્તિ જે પરિપૂર્ણ આનંદ ને જ્ઞાન, ઈશ્વરતા અને પ્રભુતા, સ્વચ્છતા, અનંત ગુણની જે શક્તિરૂપ, સામર્થ્યરૂપ તત્ત્વ, એને ક્ષેત્રની મોટપની જરૂર નથી. એનો સ્વભાવના સામર્થ્યને મોટપની જરૂર છે. આહા...હા ! (અનંત મહિમાવંત સ્વભાવ છે).

આઠ વર્ષના દેહમાં પણ કેવળજ્ઞાન થાય છે. સમજાણું કાંઈ ? એ કેવળજ્ઞાન દેહને કારણે નથી. અંદર જ્ઞાનાનંદમાં લીનતા થતાં થતાં અંદર તેની આનંદની પર્યાયમાં જ્યાં જમાવટ જામી. જ્ઞાન જ જેનું મુખ્ય સંવેદન (છે). ત્રણ કાળ અને ત્રણલોકને (જાણે છે). અહીં તો જગત શબ્દ વાપર્યો છે. પણ ત્રણકાળ ત્રણલોકને બધાને જાણવાને જે સમર્થ છે અને જે સ્પષ્ટ છે. ઉત્તમ રતનના કિરણ જેવું પ્રત્યક્ષ છે. આહા...હા ! અને જે ઇષ્ટ એટલે ઇષ્ટ એવા ઉલ્લસતા જ્ઞાન અને આનંદમય જે ઇષ્ટ એવું તત્ત્વનું ઉલ્લસવું, પર્યાયમાં ઉલ્લસવું – પ્રગટ થતું. આહા...હા ! '**સ્વતત્ત્વને જનો...**' હે જીવો ! આવા '**સ્વતત્ત્વને (જનો) સ્યાત્કારલક્ષણ...**' અપેક્ષાથી જે કથન છે.

નિત્ય–અનિત્ય–સ્વથી–અસ્તિપણે પરથી નાસ્તિ–એવું જે સ્યાત્કાર અંગ જેનું લક્ષણ છે. પાઠમાં '**अङ्क**' શબ્દ છે ને ! આહા...હા ! કથંચિત્ સ્વપણે છે – કથંચિત્ પરપણે નથી... આહા...હા ! છે એ એક અપેક્ષા, એમ જે નહિ (એ પણ એક અપેક્ષા) એમ કહે છે. પરની અપેક્ષાથી નથી પણ ખરું સ્વની અપેક્ષાથી છે ખરું.

એવું જે જૈનશાસનનું સ્યાત્કારનું લક્ષણ... આહા...હા ! એ વાત જૈનશાસન સિવાય બીજે હોતી નથી. આહા...હા ! એ અહીં કહે છે કે હે જનો ! સ્વતત્ત્વને... હે જનો ! સ્વતત્ત્વને – સ્વભાવને... હે જનો !! '**સ્યાત્કારલક્ષણ જિનશાસનના વશે (પામો)...**' વીતરાગ સર્વજ્ઞે કહેલી ભાવના થશે. આહા...! પામો (પામો પામો) !!

આહા..હા ! સવારેય આવ્યું હતું. જગત પામો... અનુભવ કરો.... એમ આવ્યું હતું. આહા...હા ! પરથી સર્વથા ઉદાસીન થઈ, અને સ્વની પરિપૂર્ણતાના અસ્તિત્વને હે જનો ! જૈન શાસનના લક્ષણ વશે એ સિવાય, આ પમાય એવું નથી, એમ કહે છે.

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે જે આત્મા જોયો, કહ્યો, અને જે રીતે પામવાની રીત કહી, એને થશે એટલે કે આત્મા વીતરાગભાવને તાબે થઈને... આહા...હા ! આહા...હા ! પામો (પામો. પામો) !!

આહા...હા ! આચાર્ય મહારાજ તો કહે છે કે હે જનો ! જે મીઠાસ તને વહાલી હોય, એ મીઠાશ બીજાને બતાવે. ઘરમાં પણ મીઠાશ એ કરે. પોતાને વહાલું હોય, દૂધપાક–મૈસૂબ વગેરે તો માણસ મહેમાનને માટે પણ એ બનાવે. એમ આ વહાલું છે.

તો જગતને પણ એ કહે છે કે તમે પામો... ભાઈ ! આહા...હા ! દુનિયાને ભૂલી જાઓ ! અને ભગવાનને પરિપૂર્ણપણે પરિણમાવો, એમ કહે છે. આવું છે. સ્યાત્કાર જેનુ લક્ષણ છે. ચિહ્ન છે ને ! એવા જિન ભગવાનના શાસનનો આશ્રય કરીને એ પામો. એ સિવાય એ પમાય એવુ

નથી. આહા...હા !

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે જે એક એક આત્મા પરિપૂર્ણ સ્વભાવથી ભરેલો (જોયો છે) આહા...હા ! નિગોદના જીવ, અંગુલના અસંખ્યમા ભાગમાં અનંત જીવ છે. એ એક–(એક) જીવ પરિપૂર્ણ આનંદ આદિ ગુણથી ભરેલો દ્રવ્ય સ્વભાવ છે. એનું ક્ષેત્ર અંગુલના અસંખ્યમાં ભાગનું છે એ ન જો. આહા...હા !

આખો લોક અનંત નિગોદના જીવથી ભરેલો (છે) એ દ્રવ્યસ્વભાવ ભગવાન પૂર–પૂર (છે). આનંદ અને જ્ઞાન આદિ ગુણોના પૂરથી ભરેલો એ (પદાર્થ) દ્રવ્ય છે. પર્યાય ભલે અક્ષરના અનંતમા ભાગે નિગોદની રહી ગઈ. આહા...હા ! પણ એનું જે શક્તિનું સામર્થ્ય છે. એ ભલે ક્ષેત્ર (એનું) અંગુલના અસંખ્યમા ભાગમાં (હો) ! અનંત અનંત આત્માઓ અસંખ્ય આકાશના પ્રદેશમાં રહેલા છે. અને એના પ્રદેશ પણ – એક એક જીવના પ્રદેશ, આકાશના અસંખ્યમા પ્રદેશમાં એક જીવનો પ્રદેશ છે.

અસંખ્ય એવા અસંખ્ય, અંગુલના અસંખ્યમાં ભાગમાં. આહા...હા ! શું કહ્યું એ ? અંગુલના અસંખ્ય ભાગમાં અસંખ્ય આકાશના પ્રદેશ છે. એમાં એક એક જીવ, અસંખ્ય પ્રદેશ રહેલો છે. એવા અસંખ્ય પ્રદેશમાં અનંતા રહેલા છે. ક્ષેત્ર જુઓ તો અંગુલના અસંખ્યમા ભાગ. પણ એનુ દ્રવ્ય જુઓ તો – વસ્તુ જુઓ તો, ભગવાન સ્વરૂપ પરમાત્મા પોતે જિનસ્વરૂપ છે.

આહા...હા ! એવા પરમેશ્વરને જિનશાસનની આજ્ઞા પ્રમાણે તમે ધ્યાન કરીને પામો. એમ કહે છે. આવું એકદમ ટૂંકામાં (કહ્યું). શક્તિ એની અનંત છે. ક્ષેત્ર ભલે નાનું હો. પણ એની શક્તિ જે સ્વભાવ અનંત જ્ઞાનાનંદ પૂરથી ભરેલું જે ચૈતન્ય પૂર છે. એ પૂરને પર્યાયમાં પ્રગટ કર. આ કરવાનું છે. આવું ક્યાંય સાંભળવા મળે તેમ નથી. અને એ વિશ્વાસ બેસવો (કઠણ છે).

આટલા ક્ષેત્રમાં આટલા જીવો. અનંત.. અનંત... અનંત... અનંત... અનંત... અનંત... ગુણનો અમાપ દરિયો (છે). એ ક્ષેત્ર ભલે એટલું એના શરીર પ્રમાણ હો. પણ એ અનંત... અનંત... અનંત... અનંત... ને અનંત. અનંતગુણા કરીને વર્ગ કરો તોપણ એ અનંતાનો અંત ન આવે એટલા તો એમાં ગુણ ભર્યાં છે. એ ગુણોનો પિંડ છે. આહા...હા ! એને વીતરાગની આજ્ઞાએ જાણવો. આહા...હા ! તેને માનવો અને તેને માણવો. અનુભવ કરો ! એમ સમજાય છે કાંઈ ? આહા...હા !

આ કોઈ મોટી વિદ્વત્તાનું કામ છે, એમ નથી. એ તો બહુ જાણ્યું. ભગવાન પોતે પરિપૂર્ણ છે. એવો અંતરમાં જેને વિશ્વાસ – પ્રતીતિ (આવી) જ્ઞાનની પર્યાયમાં તે દ્રવ્ય આવ્યું નહિ, પણ પર્યાયમાં દ્રવ્યનું સામર્થ્ય જેટલું છે, એટલું પર્યાયમાં પ્રતીતિમાં આવી ગયું છે.

આહા...હા ! એ વસ્તુ પ્રતીતિ (ની) પર્યાયમાં આવી નથી. પણ પ્રતીતિમાં અનંત આનંદ બેહદ સ્વભાવવાળું સામર્થ્ય–તત્ત્વ, જેના આકાશના પ્રદેશથી પણ અનંતગુણા ગુણો એમાં ભરચકભર્યાં છે. એમ જૈનશાસનની આજ્ઞા પ્રમાણે માની, આહા...હા ! આજ્ઞા તો એ કે અંદરમાં જઈને એને અનુભવો. આહા...હા ! આવો મારગ છે.

એમાં બહારના વ્યવહારના ઝઘડા ઊભા કર્યાં. અહીં તો કહે છે કે એ વસ્તુ છે. તેમાં લીનતા કર. અને છે એને પાપ નથી તેને પામવો એમ નથી.

અહીં બેનનું ('પૂજ્ય બહેનશ્રી'નું) વચન છે, એમાં જુઓ ! **'જાગતો જીવ ઊભો છે ને !'** એટલે શું ? જ્ઞાયકભાવ ધ્રુવ છે ને. ભાષા સાદી ગુજરાતી (છે). એ ક્યાં જાય ? એ વસ્તુ જાય ક્યાં ? ધ્રુવ ઊભો છે, તે જાય ક્યાં ? આહા...હા ! ક્યાં જાય ? એટલે છે ત્યાં જ રહે છે. એ અહીં પર્યાયમાં પણ આવતો નથી. પણ પર્યાયમાં એની પ્રતીતિ આવે છે. એ વસ્તુ પર્યાયમાં આવતી નથી. આહા...હા ! પણ એની પ્રતીતિ નિર્વિકલ્પ આનંદના વેદનની સાથે (આવે છે). આહા...હા ! પ્રતીતિમાં એ જ્ઞાનનું સ્વરૂપ પૂર્ણ છે. એવું એને આખા દ્રવ્યનું સામર્થ્ય છે – એટલું પ્રતીતિ અને જ્ઞાનમાં આવી જાય છે.

વસ્તુ ભલે એમાં ન આવે. આહા...હા ! એમ પ્રગટ કરીને વસ્તુ કાંઈ પર્યાયમાં આવતી નથી. સરિતા વહે છે એ પણ પૂરણ પર્યાય પ્રગટ થાય છે, તે વહે છે. એ દ્રવ્ય કાંઈ એમાં આવતું નથી. દ્રવ્ય તો દ્રવ્યમાં જ છે. આહા...હા ! પૂરણ પર્યાય–દશા થઈ, છતાં દ્રવ્યમાં કમી છે, અને અલ્પજ્ઞ દશા હતી ત્યારે દ્રવ્યમાં વિશેષતા છે – એમ કાંઈ નથી એવી જ કોઈ ચૈતન્ય ચમત્કારી વસ્તુ છે. આહા...હા !

એ જૈનશાસનથી સમજાય એવું છે. બીજે ક્યાંય છે નહિ. આહા...હા ! સમજાણું કાંઈ ? પહેલું તો કીધું ને એ (કે) ચેતના ત્રિકાળ છે. એક કહીને એને વ્યાપક કીધી. આત્મા વ્યાપ્ય કીધો. એનો અર્થ એ થયો, નહિતર ત્રિકાળ બેય થઈ જાય. આહા..હા ! પણ જે આત્મા એ ચેતના અને સાથે અનંતગુણ ભેગા છે, એ ચેતનાની સાથે છે. (ચેતનાની) પ્રધાનતાથી જીવને જુદો પાડી શકે છે – એથી ચેતનામાત્રથી વાત કરી. પણ ચેતના જ્ઞાનદર્શન બે જ છે. એમ નથી.

અહીં તો જ્ઞાન અને આનંદ બેથી વાત કરી છે. પણ બે જ છે, એમ નથી. એમ જ્ઞાન છે.... છે... એનું અસ્તિત્વ પણ પર્યાયમાં આવ્યું છે. એ તો કહ્યું નહિ ? અનંત ગુણ જે છે. દરેક ગુણમાં અનંત ગુણનું રૂપ છે. એટલે ? જ્ઞાન છે. એમાં અસ્તિત્વ ગુણ પણ છે. જુદો એ અસ્તિત્વ ગુણ છે – એ જ્ઞાનમાં ન આવે પણ અસ્તિત્વનું રૂપ આવે – કે જ્ઞાન છે. એ પોતાથી છે. એવું અસ્તિત્વ જ્ઞાનમાં આવે. આહા...હા !

આહા...હા ! એ ઝીણું પડે છે. એટલું કે એ આનંદ અસ્તિત્વનો, એ આનંદ જ્ઞાનનો આનંદ, સત્તા–અસ્તિત્વનો આનંદ. કારણ કે આનંદમાં અસ્તિત્વનું રૂપ, અન અસ્તિત્વમાં આનંદનું રૂપ, અનંત ગુણનું એક ગુણમાં રૂપ, એમાં સૂક્ષ્મતા આમ પડે છે, અંદર કે આ અસ્તિત્વ ગુણ છે એમાં આનંદ ગુણ નથી આવતો, પણ આનંદ ગુણનું રૂપ આવે છે. એ કોઈ અલૌકિક ચમત્કારિક વાત છે. સમજાણું કાંઈ ?

પ્રમેય ગુણ છે એમાં, આનંદ ગુણનું રૂપ છે. એક ગુણમાં બીજો ગુણ ન હોય, ગુણ દ્રવ્યને આશ્રયે હોય, ગુણ ગુણના આશ્રયે ન હોય. છતાં એક ગુણમાં બીજા ગુણનું રૂપ, એક ગુણમાં અનંત ગુણનું રૂપ, એવા અનંત ગુણમાં અનંત ગુણનું રૂપ (હોય). આહા...હા ! ગજબ વાત છે !

એનું ચૈતન્ય પૂર છે. એ જૈનદર્શન વીતરાગ પરમાત્માએ કહ્યું છે. તેને જાણીને, માનીને, તેનો અનુભવ કરીને, કેવળજ્ઞાન પ્રગટ કરો. જેથી ભવ રહે નહિ. આહા...હા ! ભ્રમણતા પછી રહે નહિ. આહા...હા ! આકરું લાગે. દુર્લભ લાગે પણ આ રીતે છે. સમજાણું કાંઈ ? આહા...હા !

એમ આ ભગવાનની ચેષ્ટા ક્યાંય બહારમાં દેખાતી નથી. પ્રભુ ! જ્યાં છે, ત્યાં છે. એ બહારમાં જોવા જાય તો આંખે દેખાય એવો છે ? એ તો જ્ઞાનાનંદ પ્રભુ ! ભગવાન પરિપૂર્ણ એની સન્મુખ થઈને, એનો આશ્રય લે તો દેખાય એવો છે. એ પર્યાય હોવા છતાં ત્રિકાળને સ્વીકારે એટલી તાકાત છે. આહા...હા !

જ્ઞાનની પર્યાયમાં એ ત્રિકાળી જ્ઞેયપણે જ્ઞાન– (સ્વભાવ) જણાય છતાં એ પર્યાયમાં જ્ઞેય આવ્યું નથી. આહા...હા ! છતાં એની પર્યાયમાં આખું જેવું (અને) જેટલું પરિપૂર્ણ છે. એટલું જ એની જ્ઞાનની પર્યાયમાં જાણવામાં આવ્યું છે. એની સાથે પ્રતીતમાં આવ્યું છે. એની પ્રતીતિ કેટલી ! અને એમાં સ્થિરતા કેટલી ?!

આહા...હા ! અનંત. અનંત. અનંત ગુણોમાં સ્થિરતા આત્માની અનંત સ્થિરતા એ ચારિત્રદશાની સ્થિરતા કેટલી ? આહા...હા ! 'અષ્ટપાહુડ'માં ચારિત્ર પાહુડનો અધિકાર છે. ત્યાં આમ લીધું છે કે એ ચારિત્ર છે, એ અક્ષય; અમેય છે. આહા...હા ! પર્યાય હોં ! સ્થિર પર્યાય જે પ્રગટી છે, એ અનંત...અનંત... ગુણમાં સ્થિર થઈ છે. એ સ્થિરતામાં પણ કેટલો પુરુષાર્થ છે !!

એ સ્થિરતા અક્ષય છે, અમેય છે, મર્યાદા નથી. આહા...હા ! ચારિત્રને માટે અક્ષય અને અમેય કહ્યું, એમ વસ્તુ જે ત્રિકાળી ભગવાન અનંત ગુણનો નાથ, એનું જ્ઞાન કર્યું, એ પર્યાય પણ અક્ષય અને અમેય છે. અને એની પ્રતીતિ કરી તે પણ અક્ષય અને અમેય છે. આહા...હા ! અહીંયાં પડી જાય એ વાત લેવાની છે જ નહિ. સમજાય છે કાંઈ ? આહા...હા !

એ તો જે પર્યાયમાં ત્રિકાળીનું જ્ઞાન થયું અને શ્રદ્ધા થઈ એ અક્ષય; હવે એમને એમ રહેવાની. કેવળ લેવાના.

એ સ્થિરતા ચારિત્રની થઈ, એમાં પડશે. કેમકે પંચમ આરાના સાધુ છે ને, સ્વર્ગ જવું છે. ચારિત્ર અક્ષય અને અમેય કીધું. એની હદ કીધી. પણ એ રહે એઠલી સ્થિતિ જાવજીવ સુધીની છે. અહીંથી સ્વર્ગમાં જવાનું છે. પણ કેવળ તો છે નહિ. છતાં પણ એને અક્ષય અને અમેય કહીને, પ્રતીત અને જ્ઞાનમાં જળવાઈ રહી છે. આ ચીજ આવડી હોય, એ ચીજ એ સ્વર્ગમાં જઈ (મનુષ્ય થઈ) કેવળ પામી, મોક્ષ જવાના. આહા...હા ! સંતોની વાણી એવી છે. દિગંબર સંતોની વાણી એવી છે. આહા...હા ! અપ્રતિહત ભાવની વાણી છે. 'પ્રવચનસાર'માં ૯૨મી ગાથામાં કહ્યું અમને આનંદકુશળ આત્માના અનુભવની જે પ્રતીત થઈ છે, એ પ્રતીત હવે પડવાની નથી.

પ્રભુ ! તમે પંચમ આરાના સાધુ, ભગવાનના વિરહ પડ્યા પંચમ આરામાં, એને તમે પૂછ્યા વિના આ નક્કી કરો ? પણ મારો ભગવાન એમ બોલે છે. આહા...હા ! મારો ભગવાન એમ બોલે છે કે, આ સમ્યક્ થયું એ હવે પડવાનું નથી. ક્ષાયિક લેવાના છીએ. આહા...હા ! સમજાણું કાંઈ ? આ સરિતાની વાત ચાલે છે. સરિતા પ્રગટવાની છે. આહા...હા !

બેનના ('પૂજ્ય બહેનશ્રી'ના) જાતિસ્મરણમાં પણ એ વાત આવી છે ને ? એક ક્ષાયિક

સીધું છે. અને એક ક્ષાયિક જોડણી છે. આહા...હા ! આ ચીજની – આની (સમ્યક્) પ્રતીત ને જ્ઞાનની (સમ્યક્) પર્યાય જાગી એ ભલે ક્ષયોપશમ રૂપ હો ! પણ ક્ષયોપશમમાંથી ક્ષાયિક થવાની જ છે. આહા...હા ! જુઓ ! સંતોની વાણી !!

પંચમ આરાના પંદરસો વરસ થયા પછી. 'અમૃતચંદ્ર આચાર્ય' એ પોકાર કરે છે. ભલે એ ભગવાન (વિદેહમાં) રહ્યા. પણ અમારો ભગવાન તો અમારી પાસે છે ને ! અમારો ભગવાન પોકાર કરે છે કે, આ સમ્યક્દર્શન એ ક્ષાયિકને લેવાનું છે. પડવાની વાત નથી. દ્રવ્યનો નાશ થાય તો પર્યાયનો નાશ થાય, એ રીતે પ્રગટેલું છે. (એમ) કહે છે. આહા...હા ! એ અહીં જોર કરે છે તમે કેવળજ્ઞાન પામો જ એમ કહે છે. આહા...હા !

હે જનો ! જૈન શાસનને આશ્રયે જે વિધિ કીધી. તે વસ્તુના સ્વરૂપમાં છે. આહા...હા ! એને આશ્રયે તમે કૈવલ્ય સરિતાને પામો. કે જેને ત્રણકાળ ને ત્રણલોક ક્ષણમાં જણાય. આહા..હા ! અને ઇષ્ટ જે જ્ઞાનને આનંદ ઉલ્લાસિત થયું છે. જેમાં, એવી ચીજને પામો. આહા...હા ! સ્વરૂપ લક્ષ એ જ જિન આજ્ઞા છે. આહા..હા ! અહીં પૂર્ણાનંદના નાથને પર્યાયમાં પામો ! આવી વાત છે.

અહીંયાં પંચમ આરાના જીવ છે માટે એને કેવળસરિતા અત્યારે નથી. એમ અહીં કહેવું નથી. અત્યારે તો કેવળજ્ઞાન નથી. કેવળી પ્રભુના વિરહ પડ્યા, બાપુ ! તારા ભગવાનનો વિરહ તને ક્યાં છે ? આહા...હા ! તેની પ્રતીતિ ને જ્ઞાનમાં રહેતાં આવી પર્યાય પ્રગટ થશે જ. એમાં તું ડૂબી જા. એમાં તું રહે.

પાંચમો આરો છે. માટે આ નહિ થાય, એ વાત અહીં યાદ કરી નથી. આહા...હા ! આ તો સિદ્ધાંત કહેવાય. એમાં અનંત અનંત મર્મ ભર્યા છે. એક એક વાક્યમાં (મર્મ છે).

શ્રીમદ્ કહે છે ને ? જ્ઞાનીના એક વાક્યમાં અનંત આગમ ભર્યા છે. આહા...હા ! યથાર્થ છે. તેથી એમણે કહ્યું ને ? અશેષ કર્મનો ભોગ છે ભોગવવો અવશેષ રે... પણ તેથી દેહ એક ધારીને, જાશું સ્વરૂપ સ્વદેશ રે. એ મનુષ્યનો દેહ હોં. મનુષ્યમાંથી મરીને મનુષ્યમાં ન જવાય. દેહમાં મનુષ્ય દેહ ધારીને (સ્વદેશ જાશું). આચાર્ય મહારાજ જગતને. એ અહીં કહે છે, આહા...હા !

મહાકલ્યાણના દિવસ છે હોં. મહા પંચકલ્યાકમાં કેવળકલ્યાણક છે ને ? આહા...હા ! તો તમે કેવળકલ્યાણકને પામો. આહા...હા ! સંદેહ ન કરો, શંકા ન કરો, પ્રભુ ! પૂર્ણાનંદનો નાથ અંદર પડ્યો છે. એનો વિશ્વાસ અને અનુભવ આવ્યો. હવે એની પૂર્ણદશા પ્રગટ થવાની. આહા...હા ! એને પામો. જિન શાસનના વંશે પામો. આહા...હા ! એટલું તો પાંચ લીટીમાં સમાણું છે. એમાં પાર નથી એટલો ભાવ છે.

દિગંબર સંતોની વાણી. ગંભીર ગંભીર સર્વજ્ઞને અનુસારિણી, કેવળજ્ઞાનના કેડાયતો. આહા...હા ! કેવળજ્ઞાનના કેડાયતો !! એ કેડે ચાલનારા, એના કેવળજ્ઞાનના અંત આવવાના. પોતે પોતાને માટે તો કહ્યું, પણ તમે પામો. પ્રભુ ! તમે છો અને એવા છે, તેને પામવું છે. ન હોય તેને પામવું મુશ્કેલ છે. આહા...હા !

'હવે **'અમૃતચંદ્રસૂરિ આ ટીકાના રચનાર છે (એમ માનવું યોગ્ય નથી)**' આવી માહાત્મ્યવાળી

ટીકા કરી, માટે અમે એના રચનાર છીએ એમ ન માનશો. આહા...હા ! '**એમ માનવું યોગ્ય નથી એવા અર્થના કાવ્ય દ્વારા, યથાર્થ વસ્તુ સ્વરૂપને દર્શાવી સ્વતત્ત્વ પ્રાપ્તિની પ્રેરણા કરવામાં આવે છે.**' શ્લોક – ૨૧.

'व्याख्येयं किल विश्वमात्मसहितं व्याख्या तु गुम्फो गिरां
व्याख्यातामृतचन्द्रसूरिरिति मा मोहाज्जनो वल्गतु।
वलात्वद्य विशुद्धबोधकलया स्याद्वादविद्यावलात्
लब्ध्वैकं सकलात्मशाश्वतमिदं स्वं तत्त्वमव्याकुलः।। २१।।'

આહા...હા ! આવી ટીકા કરનારા ! અને અહીં (અજ્ઞાન દશામાં) થોડુંક જ્યાં આવડે, ત્યાં અમને કોઈ લોકો દેખે, અમને કંઈ ગણે, બાપુ ! તારે અંતરમાં ગણાવું છે (કે) બહારમાં ગણાવું છે ? આહા...હા ! આવી ટીકા અત્યારે ભરતક્ષેત્રમાં દિગંબર શાસ્ત્રમાં બીજે ઠેકાણે ક્યાંય નથી. બીજે ક્યાંય હોય જ શેની ? આહા...હા ! એ કહે છે કે, પ્રભુ ! અમે વ્યાખ્યા – ટીકા કરી છે, એમ (તમે) ન માનો. આહા...હા !

'**ખરેખર પુદ્‌ગલો જ, સ્વયં શબ્દ રૂપે પરિણમે છે**' એ ટીકાના શબ્દો – પરમાણુ પોતે જ પરિણમે છે. મેં ટીકા કરી નથી. આહા...હા ! અરે ! વળી એક ઠેકાણે એમ કે, પોતાની નિર્માનતા બતાવે છે. ટીકા કરી શકાતી નથી, એમ કહે છે. શબ્દની રચનાનો અનંત પરમાણુનો એક અક્ષર કોણ રચે ? ભાઈ ! આહા...હા !

એક 'ક્' અનંત સ્કંધનો બનેલો (છે). અનંત પરમાણુ – એક એક પરમાણુ(નો) સ્વતંત્રપણે તે સમયે ઉત્પત્તિનો કાળ છે, એ નિજ ક્ષણ છે. તેથી તે પરમાણુ શબ્દરૂપે બહાર આવ્યા. અમે એના કોઈ કર્તા નથી. આહા...હા ! સમજાણું કાંઈ ? '**પુદ્‌ગલો જ**' છે ને ! એકાંત ? કથંચિત્ આત્મા પરિણમાવે અને કથંચિત્ પુદ્‌ગલો પરિણમાવે. એમ નહિ. આહા...હા !

'**ખરેખર પુદ્‌ગલો સ્વયં...**' સ્વયં. મારા નિમિત્તની અપેક્ષા રાખ્યા વિના... આહા...હા ! મારું સૂક્ષ્મ જ્ઞાન છે. એમાં એ નિમિત્ત છે. પણ છતાં એ સૂક્ષ્મ જ્ઞાનની પણ અપેક્ષા રાખ્યા વિના આહા...હા ! '**સ્વયં શબ્દરૂપે પરિણમે છે.**' શબ્દરૂપે સ્વયં પુદ્‌ગલો પરિણમે છે. આહા...હા ! એ પહેલાં કેમ આવી ટીકા નહોતી ત્યારે ? માટે 'અમૃતચંદ્ર આચાર્ય' કર્તા કહેવાય...! ના... ના... ભાઈ એ કારણ રહેવા દે. એ કાળે શબ્દ એ રીતે પરિણમ્યા છે. આહા...હા ! છે ?

'**આત્મા તેમને પરિણમાવી શકતો નથી.**' એ શબ્દને આત્મા કરી શકતો નથી. આહા...હા ! ભગવાન જ્ઞાન સ્વરૂપ (છે). શબ્દમાં... શબ્દ તો જ્ઞેય છે. એ શબ્દ–એ જ્ઞેયને જ્ઞાન કેમ રચે ? આહા...હા ! '**તેમજ ખરેખર સર્વ પદાર્થો જ સ્વયં જ્ઞેયપણે** - પ્રમેયપણે પરિણમે છે.' એ શું કહે છે ? કે જીવ જાણનારો છે. એ શબ્દ છે. માટે જ્ઞાનપણે પરિણમે છે. એમ નહિ. શબ્દ તો શબ્દરૂપે પરિણમે, એમ કહ્યું.

હવે જાણનારને આ શબ્દ નિમિત્ત થાય છે અને જ્ઞાન થાય છે, એમ નહિ. છે ? '**સર્વ પદાર્થો સ્વયં જ્ઞેયપણે–પ્રમેયપણે પરિણમે છે; શબ્દો તેમને જ્ઞેય બનાવી – સમજાવી શકતા નથી. માટે**' આહા...હા ! ગજબ છે ને !

એ શબ્દો સ્વયં પરિણમે છે. અને શબ્દોનું નિમિત્ત છે માટે ત્યાં સામાને જ્ઞાન થાય છે. એમેય નથી. શબ્દો એને જ્ઞાન કરાવે છે, એમ નથી. આહા...હા ! તે તો શ્રોતાની તે તે સમયની પર્યાય પોતાને કારણે શબ્દ અને નિમિત્તની અપેક્ષા વિના તે જ્ઞેયપણે – જ્ઞાનનું પરિણમન થાય છે.

આહા...હા ! છે ? '**સ્વયં જ્ઞેયપણે –** પ્રમેયપણે પરિણમે છે' શબ્દો તેમને જ્ઞેય બનાવી – સમજાવી શકતા નથી.... આહા...હા ! શું ? એ વ્યાખ્યા આવશે.

વિશેષ કહેવાશે......

❀ ❀ ❀

જેને આતમાની ખરેખર રુચિ જાગે તેને ચોવીસે કલાક એનું એ ચિંતન, ઘોલન ને ખટક રહ્યા કરે, ઊંઘમાં પણ એનું એ રટણ ચાલ્યા કરે. અરે ! નરકમાં પડેલો નારકી ભીષણ વેદનામાં પડ્યો હોય અને પૂર્વે સત્ સાંભળ્યું હોય તેનું સ્મરણ કરી ફડાક દઈને અંદરમાં ઊતરી જાય છે. એને પ્રતિકૂળતા નડતી જ નથી. ને ! અને સ્વર્ગની અનુકૂળતામાં પડ્યો હોય તોપણ અનુકૂળતાનું લક્ષ છોડી અંદરમાં ઉતરી જાય છે, અને અહીં જરાક પ્રતિકૂળતા હોય તો અરે મારે આમ છે ને તેમ છે – તેમ કરી કરીને અનંતકાળ ગુમાવ્યો ! હવે એનું લક્ષ છોડીને અંદરમાં ઊતરી જા ને ! ભાઈ ! આના વિના બીજો કોઈ સુખનો માર્ગ નથી.

❀

આહા...હા ! ક્ષણમાં અનેક પ્રકારના વિચિત્ર રોગો થઈ જાય એવું શરીર છે. ક્યાં શરીર ને ક્યાં આત્મા ! એને શેઢે કે સીમાડે મેળ નથી. આહા...! આવો દુર્લભ મનુષ્યદેહ મળ્યો છે ને આવો વીતરાગનો માર્ગ મહાભાગ્યે મળ્યો છે તેને મનનો ઘણો ઘણો બોજો ઘટાડીને ઓળખવા પ્રયત્ન કરવો જોઈએ. પાંચ ઇન્દ્રિયના વલણવાળો બોજો ઘટાડીને આત્માને ઓળખવાના વિચારમાં રોકાવું જોઈએ. અંદર અનંત આનંદ આદિ સ્વભાવો ભર્યા છે એવા સ્વભાવનો મહિમા આવે (ઓળખાણ થતાં) એને અંદર પુરુષાર્થ ઊપડ્યા વિના રહે જ નહિ.